ચોથી શ્રેણી

પુસ્તક ૪૦

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૧૫, ૧૯૩૮ શાકે
થી
૯મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૧૮, ૧૯૩૮ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક ૪૦)** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭ ફાલ્ગુન ૧૫, ૧૯૩૮ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 12 |
| અતારાંકિત પ્રશ્નો | 13 | 95 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | 96 | 97 |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | 98 | 99 |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૭ | 100 | 103 |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | 104 | 124 |
| **તા. ૭મી માર્ચ, ૨૦૧૭ ફાલ્ગુન ૧૬, ૧૯૩૮ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 125 | 137 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 138 | 204 |
| શોકદર્શક ઉલ્લેખ | 205 | 208 |
| પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 209 | 231 |
| **તા. ૮મી માર્ચ, ૨૦૧૭ ફાલ્ગુન ૧૭, ૧૯૩૮ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 232 | 241 |
| અતારાંકિત પ્રશ્નો | 242 | 321 |
| વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છા | 322 | 325 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | 326 | 327 |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | 328 | 346 |
| **તા. ૯મી માર્ચ, ૨૦૧૭ ફાલ્ગુન ૧૮, ૧૯૩૮ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 347 | 350 |
| અતારાંકિત પ્રશ્નો | 351 | 420 |
| શોકદર્શક ઉલ્લેખ | 421 | 423 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 424 | 436 |
| સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | 437 | 438 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 439 | 440 |
| ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૧૬. | 441 | 444 |
| ગુજરાત સાગર ખેડુનો વિકાસ વિધેયક, ૨૦૧૬ | 445 | 450 |
| હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) વિધેયક, ૨૦૧૬. | 451 | 458 |

ફાલ્ગુન ૧૫, ૧૯૩૮ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

સોમવાર, ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

ફાલ્ગુન ૧૫, ૧૯૩૮ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષ સ્થાને

તારાંકિત પ્રશ્નો

જામનગર જિલ્લામાં અધિક મદદનીશ ઈજનેરની ખાલી જગ્યાઓ

* ૨૭૪૯૬ શ્રીમતી વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં અધિક મદદનીશ ઈજનેરની કેટલી જગ્યાઓ તાલુકાવાર ખાલી છે, અને

(૨) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | જામનગર | ૨ |
| ૨ | કાલાવડ | ૧ |
| ૩ | ધ્રોલ | ૧ |
| ૪ | જોડીયા | ૨ |
| ૫ | લાલપુર | ૧ |
| ૬ | જામજોધપુર | ૨ |
| | કુલ | ૯ |

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ

પ્રો વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાનું વિભાજન થતાં બે જિલ્લા થયા દ્વારકા અને જામનગર. માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, વિભાજન થતાં આ જિલ્લામાં કેટલું મહેકમ અગાઉ હતું અને, વિભાજન થયા પછી કેટલું મહેકમ છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, જામનગર જિલ્લામાં અધિક મદદનીશ ઇજનેરની ૯ જગ્યાઓ ખાલી છે, આ ખાલી જગ્યા ભરવા માટે રાજય સરકાર દ્વારા કયા પ્રકારનું આયોજન થયું છે અને, કેવી રીતે આ જગ્યાઓ ભરાશે?

શ્રી જયંતિભાઈ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો છે એ જામનગર અને દેવભૂમિ દ્વારકા એ બંને જિલ્લા જ્યારે સંયુક્ત હતા ત્યારે અ.મ.ઈ.નું સેટઅપ કેટલું હતું એ જણાવું તો ત્યારે ૩૧નું મહેકમ હતું, વિભાજન થતાં જામનગરની અંદર ૨૦ અને દેવભૂમિ દ્વારકામાં ૧૧નું સેટઅપ અલગ થયું છે. સભ્યશ્રીનો જે પ્રશ્ન છે એ જામનગર જિલ્લા પૂરતો છે. જામનગર જિલ્લામાં ૨૦ના સેટઅપમાં ૧૧ જગ્યાઓ ભરાયેલી છે, ૯ જગ્યાઓ ખાલી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સન્માનનીય ગૃહને જણાવતા આનંદ અનુભવું છું કે, જે ૯ જગ્યાઓ ખાલી છે એમાં અ.મ.ઈ.ની ભરતી ૨૦૧૭માં જે રીતે પરીક્ષા લેવાઈ ગઈ છે, મેરિટ લિસ્ટ બહાર પડી ગયું છે, ઓર્ડર આપવાના બાકી છે એટલે આ ૯ માંથી ૮ જગ્યા ભરાઈ જશે એટલે ૨૦ માંથી ૧૯ જગ્યા ભરાઈ જશે.

શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, જામનગર જિલ્લામાં અ.મ.ઈ.ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે અને, કઈ કઈ કચેરીમાં છે?

શ્રી જયંતિભાઈ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં જે ૨૦ અ.મ.ઈ.નું સેટઅપ છે એમાં જામનગર જિલ્લામાં ડિવિઝનમાં ર જગ્યા છે, જામનગર તાલુકામાં ર જગ્યા છે અને જામનગર તાલુકામાં સબ ડિવિઝનમાં ર જગ્યા છે. કાલાવાડ તાલુકામાં ૧ જગ્યા છે અને કાલાવાડ સબ ડિવિઝનમાં ર જગ્યા છે, ધ્રોળ તાલુકામાં ર જગ્યા છે, સબ ડિવિઝનમાં ર જગ્યા છે, જોડીયા તાલુકામાં ર જગ્યા છે અને લાલપુર તાલુકામાં ર જગ્યા છે અને જામજોધપુર તાલુકામાં ર જગ્યા છે અને સબ ડિવિઝનમાં ૧ જગ્યા છે આમ, ટોટલ ૨૦ જગ્યા છે.

શ્રી મેઘજીભાઈ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં અ.મ.ઈ.ની કેટલી ભરતી કરવામાં આવી?

શ્રી જયંતિભાઈ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪–૧૫માં જે ભરતી થઈ છે એમાં ૨૦૧૪માં ૧ જગ્યા ભરવામાં આવી હતી અને ૨૦૧૫માં ૬ જગ્યા ભરવામાં આવી હતી. જેમ મેં મારા જવાબમાં હમણાં જ કહ્યું કે, ૨૦૧૬માં ૮ જગ્યા ભરાશે. એટલે પહેલા ૭ જગ્યા ભરાઈ ગયેલ છે અને હવે ૮ જગ્યા ભરાશે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન બહુ મહત્વનો છે એટલા માટે કે, જિલ્લા પંચાયત હસ્તક જે વિકાસના અને બીજા કામો થાય એનું ટોટલ મોનિટરીંગ અને અમલીકરણ આ અ.મ.ઈ. દ્વારા થતું હોય છે. હવે આમાં બે

પ્રકાર છે એક સિંચાઇ અને બીજો માર્ગ મકાન. પહેલા મારે એ જાણવું છે કે, આમાં સિંચાઇના અ.મ.ઇ.ની જગ્યા કેટલી ખાલી છે અને, માર્ગ મકાનની અ.મ.ઇ.ની જગ્યા કેટલી ખાલી છે? અને બીજો પ્રશ્ન એ છે કે, ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલા અ.મ.ઇ. નિવૃત્ત થયા? એટલા માટે કે અત્યારે ખાલી જગ્યા હોવાના કારણે તાલુકા આયોજન મંડળનું કામ પણ આ લોકો જ કરે છે. જિલ્લા પંચાયતના કામો પણ આ લોકો કરે છે. જિલ્લા આયોજન મંડળ અને એ.ટી.વી.ટી. ના તમામ કામો આ લોકો કરતા હોવાના કારણે વર્કલોડ એમના ઉપર વધુ છે જેના પરિણામે વિકાસના કામો મંજૂર થયેલા હોય એ સમયમર્યાદામાં થતા નથી એટલા માટે આ સિંચાઇ અને માર્ગ મકાનની જગ્યાઓ ક્યારે પૂરવા માગો છો? શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો માનનીય સભ્યશ્રીને જણાવું કે જે પ્રશ્ન પૂછાયો છે એ માર્ગ અને મકાનના અ.મ.ઇ.નો પ્રશ્ન છે હું સ્પષ્ટતા કરું છું કે આ જે મહેકમ છે એ માર્ગ અને મકાનનું છે એમણે પુછ્યું છે કે એમાં કેટલા નિવૃત્ત થઇ રહ્યા છે તો એના જવાબમાં જણાવું કે એક વ્યક્તિએ રાજીનામું આપેલ હોવાના કારણે જગ્યા ખાલી છે, ૨૦ જગ્યાઓ છે અને કામગીરીમાં અસર પડે છે તેમ તેઓ જણાવે છે આ રાજ્ય સરકાર કામગીરીમાં અસર પડે એવું ક્યારેય થવા નહિ દે મારે એટલું કહેવું છે કે જે નવ જગ્યા ભરાયેલી છે એમાં નવમાંથી ત્રણ પાસે સિંગલ ચાર્જ છે પોતાની જ જગ્યાનો અને બીજી આઠ લોકોમાંથી સાત લોકો પાસે ડબલ ચાર્જ છે ધારોકે ધ્રોળના અ.મ.ઇ. હોય તો જોડિયા તાલુકાનો પણ એની પાસે ચાર્જ હોય તો પણ એમની કામગીરીમાં કોઇ અસર પડતી નથી જેથી કરીને સભ્યશ્રી પુછી રહ્યા છે તેવી કામગીરીમાં કોઇ જાતની અસર પડશે નહિ.

સર્વશિક્ષા અભિયાન હેઠળ શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિઓને સેન્ટ્રલ ફંડીંગ

* ૨૭૩૯૯: ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): તા. ૨૬–૨–૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૦૬૫૪ (અગ્રતાક્રમ નં. ૨૧) ના અનુસંધાને માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વશિક્ષા અભિયાન શરૂ થયા પહેલા(૨૦૦૧) રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિઓને સેન્ટ્રલ ફંડીંગ માટે પાત્ર ગણવા બાબતે જેમાં રાજ્ય સરકાર દ્વારા ૧ લાખથી વધુ પ્રાથમિક શિક્ષકોની નિમણૂંક તેમજ ધો.૧ થી ૭ને ફ્રી ટેક્સ્ટબૂક આપવામાં આવેલ છે એ બંને યોજનાઓને કેન્દ્રીય સહાય મળવા બાબતની રજૂઆત કે દરખાસ્ત તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયની વિચારણાને આધિન હતી તો તે મંજૂર થાય તે માટે રાજ્ય H-1072-1 વર્ષમાં ક્યારે શાં પ્રયાસો કર્યા, અને | (૧) પ્રશ્નમાં દર્શાવેલ બન્ને યોજનાઓ માટે કેન્દ્રીય સહાય મેળવવા રાજ્ય સરકાર દ્વારા તા.૧૪–૦૯–૨૦૧૬ના પત્રથી નીચે મુજબની રજૂઆત કરેલ છે.<br>– કેન્દ્ર સરકાર દ્વારા સર્વશિક્ષા અભિયાન શરૂ થયા પહેલા અર્થાત (૨૦૦૧)માં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિઓને સેન્ટ્રલ ફંડીંગ માટે પાત્ર ગણવા વિનંતી કરી જેમાં :<br>૧) રાજ્ય સરકાર દ્વારા ૧ લાખથી વધુ પ્રાથમિક શિક્ષકોની નિમણૂંક કરવામાં આવેલ તેઓનો પગાર ચુકવવા રજુઆત<br>૨) ધો.૧ થી ૭ના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો આપવામાં આવેલ હતા જેના નાણાં મેળવવા પણ રજુઆત કરેલ હતી. |
| (૨) ઉક્ત કરવામાં આવેલ પ્રયાસો અન્વયે ભારત સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા ? | (૨) કોઈ પ્રતિભાવ મળેલ નથી. |

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન અતિશય ગંભીર છે, શિક્ષણને લગતો છે, શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે, બંધારણની કલમ–૮૬ પ્રમાણે ચાર વર્ષથી સોળ વર્ષના બાળકને પાયાની સુવિધા મળવી જોઇએ એટલે કે શિક્ષણ મળવું જોઇએ અને પ્રાથમિક શિક્ષણ, ગુણવત્તાસભર શિક્ષણ મળવું, મફત શિક્ષણ મળવું એ ખૂબ જ જરૂરી છે એના માટે થઇને મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પુછવું છે કે જ્યારે કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે તમે વારંવાર એવું કહેતા હતા કે ગુજરાતની સરકારને કેન્દ્રની સરકાર અન્યાય કરે છે અને થપ્પડની જાહેરાતો આપતા હતા, એ વખતે ગુજરાતના જે ૧૦૯ પડતર પ્રશ્નો હતા એ યાદીમાં આ પ્રશ્ન હતો એમાં તમે જ્યારે જવાબ આપ્યો છે કે એનું સોલ્યુશન હજી આવ્યું નથી છતાંય એ પ્રશ્ન આજે પડતર પ્રશ્નની યાદીમાંથી નીકળી ગયો છે તો એના કારણો શા છે? અને મારો બીજો પ્રશ્ન એ છે કે, રાજ્યમાં એક લાખથી વધુ પ્રાથમિક શિક્ષકોની નિમણૂંક અને ધોરણ ૧ થી ૭માં ફ્રી પાઠ્ય પુસ્તક આપવાની યોજનામાં કેન્દ્રીય સહાય મળે તે માટે અગાઉ માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ તા.૨૬–૧૨–૧૪ના રોજ પત્ર લખેલો, એ પછી પોણા બે વરસે તા.૧૪–૯–૧૬ના રોજ બીજો પત્ર લખેલો તેમ છતાં કેન્દ્ર સરકારે કોઇ પ્રતિભાવ આજદિન સુધી આપ્યો નથી. તો મારે માનનીય મંત્રીશ્રીને પુછવું છે કે તમે એચ.આર.ડી. મિનિસ્ટરને મળ્યા હતા? તમે વડાપ્રધાનશ્રી જે ગુજરાતમાંથી ગયા છે એમને મળ્યા હતા? તમે આ અન્યાય અત્યારે રાજ્ય સરકારને થઇ રહ્યો છે તે બાબતે રાજ્ય સરકાર શું કરવા માગે છે? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે પ્રાથમિક શિક્ષક સંઘે શિક્ષકોને બઢતી બાબતે જે આવેદન પત્ર આપ્યું અમારા વિરોધપક્ષના નેતાશ્રી, ધારાસભ્યશ્રી, શિક્ષણમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને કે ૨૦૦૬ પછીના..

અધ્યક્ષશ્રી : બેન, આ પ્રશ્ન આમાં લાગુ પડતો નથી.

## તારાંકિત પ્રશ્નો

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : તો આટલા પ્રશ્નોનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે અને કાલે વડાપ્રધાનશ્રી અહીંયા આવવાના છે તો તમે રજૂઆત કરવાના છો કે નહિ?

અધ્યક્ષશ્રી : માનનીય શિક્ષણમંત્રીશ્રી જવાબ આપે એ પહેલાં થોડીક વિગતો તમારા ધ્યાન પર મૂકી દઉં. ગુજરાતની અંદર કેન્દ્ર સરકાર તરફથી ક્યારેય ધોરણ ૧ થી ૭ ના પાઠ્યપુસ્તકોની ગ્રાન્ટ આપવામાં આવી નથી એનો ઉત્તર એવો હતો કે રાજ્ય સરકાર ઓલરેડી મફત પાઠ્ય પુસ્તકો આપે છે અને તમે આપો છો એટલે અમે ગ્રાન્ટ નહિ આપીએ એમ કરીને ક્યારેય ગ્રાન્ટ આપણને આપી નથી. વધારાની કોઇ માહિતી આપવી હોય તો મિનિસ્ટર આપી શકે છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર અને કેન્દ્ર સરકાર એ બન્ને વચ્ચેના જે સંબંધો છે તે અંતર્ગત રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને વિવિધ માગણીઓ કરવી તે એક નિરંતર પ્રક્રિયા છે તે પ્રક્રિયાના ભાગરૂપે ગુજરાત સરકાર પણ શિક્ષણ વિભાગની વિવિધ માગણીઓ કેન્દ્ર સરકાર સમક્ષ કરે છે. માનનીય સભ્યશ્રીએ જે પત્રનો ઉલ્લેખ કર્યો ૨૬-૧૨-૧૪નો તેમાં જે વિવિધ માગણીઓ હતી તે પૈકીની એક માગણી હતી કે આર.ટી.ઇ. મુજબ ખાનગી શાળામાં જે બાળકો પ્રવેશ લે છે તે બાળકોની ફી રાજય સરકાર ભરે. રાજય સરકારે માગણી કરી કે આ ફી પણ ભારત સરકાર ભરે તો ભારત સરકારે આ માગણી મંજૂર કરી છે એટલે અન્યાય કરવાનો કોઇ સવાલ નથી.

બીજી વાત એ છે કે, ગુજરાત સરકારને જે અન્યાય તો મારે આ સન્માનનીય સભાગૃહને જણાવવું છે કે ગુજરાત વસતિની દ્રષ્ટિએ દેશનું દશમા ક્રમનું રાજય છે. આ દશમા ક્રમે હોવા છતાંય એસ.એસ.એ.ની જે ગ્રાન્ટ મળે છે તે નવમા ક્રમે મળે છે એટલે વસતિના પ્રમાણમાં ગ્રાન્ટ આપણને વધારે મળે છે. ૨૦૦૮-૦૯માં આ ગ્રાન્ટમાં આપણે ૯ની જગ્યાએ ૧૫મા ક્રમે રાજય હતું, ૨૦૦૯-૧૦માં ૧૫મા ક્રમે હતું, ૨૦૧૦-૧૧માં ૧૪મા ક્રમે છે, ૨૦૧૦-૧૧-૧૨માં ૧૨મા ક્રમે હતું તે ૧૨માં ક્રમમાંથી અત્યારે ૯મા ક્રમમાં આવ્યું છે ત્યારે કેન્દ્ર સરકાર તરફથી કોઇ જાતનો અન્યાય થતો હોય એ વાત સાથે હું સંમત નથી. (અંતરાય) મારો પ્રશ્ન પૂરો થઇ જવા દો તમે જયારે આટલો લાંબો પ્રશ્ન પૂછયો ત્યારે હું જવાબ આપવા માટે વચ્ચે ઉભો નહોતો થયો તો કમસે કમ તમે મારો જવાબ પૂરો થઇ જવા દો.

માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન એવો હતો કે, કેન્દ્ર સરકારની આગળ વિવિધ માગણીઓ કરી છે કે કેમ ? મારે આ સન્માનનીય સભાગૃહને જણાવવું છે કે, કેન્દ્ર સરકાર માત્ર ગુજરાતને જ નહીં પણ દેશના તમામ રાજયોને સપ્રમાણ ન્યાય થાય તે માટેના પ્રયત્નો કરે છે અને તેને વધારે સ્વાયત્તતા મળે તે માટે જે આપણું સંઘી માળખું છે તેને વધારે મજબૂત કરવા માટે પહેલાં આયોજન પંચની વિવિધ યોજનાકીય સહાય જે ૩૨ ટકા હતી તે ૩૨ ટકાની ૪૨ ટકા કરી એટલે ઇન્ડાયરેકટ રીતે રાજય સરકારને ખૂબ મોટો લાભ આનાથી થયો છે એટલે કેન્દ્ર સરકાર તરફથી કોઇ અન્યાય થતો હોય એવું નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે પડતર પ્રશ્નોની યાદી છે તેમાંથી જે દશ વર્ષનો આંકડો એનો એ જ રહ્યો અઢી વર્ષમાં ૬૦ ટકાથી વધારે એ બધા જ પ્રશ્નોના ઉકેલ આ રાજય સરકારે કેન્દ્ર સરકાર સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉકેલ્યા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીએ જે જવાબ આપ્યો અને બહેનના પ્રશ્નનો જે હાર્દ હતો કોઇ પણ માણસ આ પ્રશ્ન જુએ તો સ્પષ્ટપણે લાગે કે કેન્દ્ર આપણને અન્યાય કરી રહ્યું છે. એ એમણે જ લખ્યું છે અને માનનીય ભૂપેન્દ્રસિંહજી સાહેબ જે કહેતા હતાં કે પડતર પ્રશ્નમાંથી આપણે કાઢવાનું કારણ શું ? ઘણાં બધા કાઢી શકયા હોત પણ પર્સનલી આ એક કાઢયો તેનું એક કારણ અને બીજું આપણે બે-બે વખત કાગળો લખ્યાં અને જયારે આપણે એમ કહેતાં હોઇએ કે ગુજરાતનું આ વિકાસ મોડેલ છે અને ૧૭ દિવસમાં આપણે નર્મદાના દરવાજાની વાત કરતાં હોઇએ ત્યારે આટલા મોટા જે શિક્ષકોના પગાર છે હમણાં મંત્રી સાહેબે કહ્યું ચોપડીમાં તો એવું સ્પષ્ટપણે લખ્યું છે કે રજૂઆત કરી છે. તો આ બાબતે મારે માત્ર મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે કદાચ આપને અન્યાય થતો હોય તો અમારા વિપક્ષના નેતા અને અમે બધા સાથે આવીને તમે આ પ્રશ્નને ઉકેલવા માગો છો કે કેમ ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા કેબિનેટ કક્ષાના શિક્ષણ મંત્રી એટલા સક્ષમ છે કે કોઇના સહારાની જરૂર તેમને પડવાની નથી. અવાર-નવાર રાજયના શિક્ષણના કોઇને કોઇ પ્રશ્નો માટે ભારત સરકારના મંત્રીશ્રીઓને, અધિકારીશ્રીઓને અને પ્રધાન મંત્રીશ્રીઓને પણ સતત મળતાં રહે છે એટલે કોઇની અમારે જરૂરિયાત ઉભી થાય એવુ અત્યારે તો લાગતું નથી. અને ભારત સરકાર તરફથી કોઇ અન્યાય નથી થતો એ મેં મારા પહેલાંના જવાબમાં આંકડામાં આપી દીધો છે.

### અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં સહાય

* ૨૯૦૧૪ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

જવાબ

(૧) અને (૨) અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અગાઉની પડતર સહિત મળેલ અરજીઓ, જિલ્લા ઉદ્યોગ કેંદ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ અને બેંક કક્ષાએ મંજુર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ કુલ અરજીઓ | જિલ્લા ઉદ્યોગ કેંદ્ર કક્ષાએ બેંકોને ભલામણ કરેલ અરજીઓ | બેંક કક્ષાએ મંજુર કરેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ સીટી | ૧૫૦૪૮ | ૧૦૬૭૫ | ૬૪૬૮ |
| ૨ | દસ્ક્રોઈ | ૧૭૩૦ | ૧૨૭૨ | ૫૯૩ |
| ૩ | દેત્રોજ | ૪૮૯ | ૩૩૬ | ૧૯૩ |
| ૪ | ધંધુકા | ૫૭૫ | ૪૧૬ | ૨૬૧ |
| ૫ | ધોળકા | ૧૦૪૦ | ૯૦૧ | ૪૨૬ |
| ૬ | ધોલેરા | ૧૯ | ૧૬ | ૦૫ |
| ૭ | બાવળા | ૫૮૨ | ૪૮૦ | ૨૫૨ |
| ૮ | માંડલ | ૧૩૩ | ૧૧૫ | ૬૫ |
| ૯ | વિરમગામ | ૮૫૩ | ૫૪૮ | ૨૪૯ |
| ૧૦ | સાણંદ | ૬૦૦ | ૪૭૦ | ૨૯૧ |
| | કુલ | ૨૧૦૬૯ | ૧૫૨૨૯ | ૮૮૦૩ |

(૩) તે અન્વયે કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

(૩) તે અન્વયે કુલ ` ૧૬૫૯.૧૫ સહાય મંજુર કરવામાં આવી.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, અમદાવાદ જિલ્લામાં વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કુલ કેટલા લાભાર્થીઓને સબસિડી ચૂકવવામાં આવી અને કેટલા રૂપિયાની ચૂકવવામાં આવી?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં વાજપાયી બેંકેબલ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬માં કુલ ૬૧૯૧ લાભાર્થીઓને ૧૬૫૯.૧૫ લાખ રૂપિયાની સબસિડી ચૂકવવામાં આવી.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ સહાય મેળવવા માટે શું લાયકાત છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ સહાય મેળવવા માટે ઓછામાં ઓછા ધોરણ પાસ હોવું જરૂરી છે અથવા વ્યવસાયને અનુરૂપ ખાનગી સંસ્થામાંથી ઓછામાં ઓછા ત્રણ માસની તાલીમ અથવા સરકાર માન્ય સંસ્થામાંથી ઓછામાં ઓછા એક માસની તાલીમ લેવી જરૂરી છે અથવા ધંધાને લગતો એક વર્ષનો અનુભવ હોવો જોઇએ અથવા કારીગર વારસાગત હોવો જોઇએ અને તેની ઉંમર ૧૮ થી ૬૫ વર્ષની વચ્ચે હોવી જોઇએ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમદાવાદ ખાતે વાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૦૦ની સ્થિતિએ કુલ અરજીઓ ૨૧૦૬૯ હતી. એની સામે ૧૫૨૨૯ ઉદ્યોગ કેન્દ્રોની અરજીઓ જ મંજૂર કરી અને એની સામે આ બેંકે ૮૮૦૩ અરજીઓ મંજૂર કરી. જ્યારે કોઇ લાભાર્થી લોન મેળવવા માટે અરજી કરતો હોય છે ત્યારે એની ખૂબ જ ખર્ચો થઇ જતો હોય છે ત્યારે ૨૧૦૬૯ અરજીઓ આવી એની સામે ૧૫૨૨૯ અરજીઓની જ ભલામણ કરી. તો કેમ ૮૮૦૩ અરજીઓ જ મંજૂર કરવામાં આવી. એની સામે જે અરજીઓ મંજૂર કરવામાં આવી એમાં ઓ.બી.સી., એસ.સી. અને એસ.ટી. ના કેટલા લાભાર્થીઓ હતા અને એ બધાની કેટલી સબસિડી ચૂકવવામાં આવી?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૧૦૬૯ અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળી હતી. એમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ ૧૫,૨૨૯ અરજીઓની ભલામણ કરેલ અને બેંકે ૮૮૦૩ મંજૂર કરેલ છે. જે અરજીઓ નામંજૂર થઇ એમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે જે અરજીઓ આવેલ હોય એની ચકાસણી કરીને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર નામંજૂર કરી હોય એમાં ઉંમર નિયત મર્યાદામાં ન હોય, અરજદાર અન્ય ધંધા વ્યવસાયમાં સંકળાયેલા હોય, જરૂરી માહિતી સાથે બોલવવા છતાં હાજર રહી શકેલ ન હોય, અરજદારનો અભ્યાસ ચાલુ હોય, અગાઉ અરજદારે સબસિડીનો લાભ લીધેલ હોય, અરજદાર હાલ લોન લેવા માગતા ન હોય. આ કારણોસર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ બેંકને ભલામણ ન કરી. બેંકને ભલામણ કર્યા પછી બેંક કક્ષાએ એની ચકાસણી થાય એમાં અરજદારના કુટુંબીઓ બેંકના કરજદાર હોય, બેંકને વ્યવસાય આર્થિક રીતે અસક્ષમ લાગતો હોય, બેંકને જરૂરી ડૉક્યુમેન્ટ આધાર–પુરાવા પૂરા પાડેલ ન હોય. અન્ય ધંધામાં રોકાયેલા હોવાથી, અરજદાર લોન લેવા ઇચ્છતો ન હોય, અરજદારને માત્ર

સબસિડીમાં જ રસ હોય અને અરજદારના ધંધાનું સ્થળ બેંકને યોગ્ય ન લાગતું હોય અને અરજદારને પૂરતો અનુભવ ન હોય આવા અનેક કારણો કે જે બેંકને યોગ્ય લાગ્યા હોય એ કારણસર બેંક દ્વારા એની અરજીઓ નામંજૂર કરી છે. જે અરજીઓ મંજૂર થઇ એમાં કઇ કક્ષાએ કઇ કેટેગરીની અરજીઓ છે એની વિગતો મારી પાસે નથી પણ હું મેળવીને ટેબલ પર મૂકાવી દઇશ.

અમદાવાદ જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડી

* ૨૯૦૬૧ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં અમદાવાદ જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૧) ૯૯ |
| (૨) તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ. ૨૮.૭૬ લાખ |

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વર્ષ –૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં બળતણ બચાવવા સારૂ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિનામૂલ્યે પૂરી પાડવા અંગે તાલુકાવાર કેટલી અરજીઓ મળી તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી અરજીઓ મંજૂર કરવાની બાકી છે? બીજું, મંજૂર કરેલ અરજીઓને અનુલક્ષીને તાલુકાવાર કેટલી સ્મશાન સગડીઓ બેસાડેલ છે અને તે અંગે શું ખર્ચ થયેલ છે? વધુમાં, અગાઉના વર્ષોમાં આવી કોઇ અરજીઓ પડતર હોય તો તે અંગે શું કાર્યવાહી કરી છે ?

શ્રી શબ્દશરણ ભા.તડવી : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં બળતણ બચાવવા માટે ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી છે એમાં તાલુકાવાર જોઇએ તો, દસક્રોઇ તાલુકામાં ૨૦ અરજી મળી છે અને મંજૂર કરેલ અરજીની સંખ્યા પણ ૨૦ છે. સાણંદ તાલુકામાં ૩ અરજી સામે ૩ મંજૂર કરી છે. ધોળકા તાલુકામાં ૧૮ અરજી સામે ૧૮ મંજૂર કરી છે. બાળવા તાલુકામાં ૧૩ અરજી સામે ૧૩ મંજૂર કરી છે. ધંધુકા તાલુકામાં ૪ અરજી સામે ૪ મંજૂર કરી છે. ધોલેરા તાલુકામાં ૧ અરજી સામે ૧ મંજૂર કરી છે. દેત્રોજ તાલુકામાં ૧૬ અરજી સામે ૧૬ મંજૂર કરી છે. માંડલ તાલુકામાં ૩ અરજી સામે ૩ મંજૂર કરી છે. વિરમગામ તાલુકામાં ૪ અરજી સામે ૪ મંજૂર કરી છે. આમ, ૧૫–૧૬ની સાલમાં ૮૨ અરજીઓ મળેલી એમાં ૮૨ અરજીઓ મંજૂર કરવામાં આવેલી છે. વર્ષ ૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિ અંગેનો માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે તો દસક્રોઇ તાલુકામાં ૩ અરજી સામે ૩ મંજૂર કરી છે. સાણંદ તાલુકામાં ૧ અરજી સામે ૧ મંજૂર કરી છે. ધોળકા તાલુકામાં ૧ અરજી સામે ૧ મંજૂર કરી છે. બાળવા તાલુકામાં ૩ અરજી સામે ૩ મંજૂર કરી છે. ધંધુકા તાલુકામાં ૧ અરજી સામે ૧ મંજૂર કરી છે. ધોલેરા તાલુકામાં ૧ અરજી સામે ૧ મંજૂર કરી છે. દેત્રોજ તાલુકામાં ૩ અરજી સામે ૩ મંજૂર કરી છે. માંડલ તાલુકામાં ૨ અરજી સામે ૨ મંજૂર કરી છે અને વિરમગામ તાલુકામાં ૨ અરજી સામે ૨ મંજૂર કરી છે. આમ, ૧૬–૧૭ની સાલમાં તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ૧૭ અરજી મળી હતી એમાં સત્તરે સત્તર અરજીઓ મંજૂર કરી છે. બીજું, એ મંજૂર કર્યા પછી જે સગડીઓ બેસાડવામાં કેટલી આવી એવો એમનો પ્રશ્ન છે તો દસક્રોઇ તાલુકામાં ૨૦ સગડી બધી જ બેસાડી દીધેલ છે એમાં ૬ લાખ ૧૨ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે, સાણંદ તાલુકામાં ત્રણે ત્રણ બેસાડી છે એમાં ૯૨ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. ધોળકા તાલુકામાં વીસ સગડી બેસાડી છે એમાં ૬.૧૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. બાવળા તાલુકામાં એકવીસ સગડી બેસાડી છે એમાં ૬.૪૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. ધંધુકા તાલુકામાં ચાર બેસાડી છે એમાં ૧.૨૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. ધોલેરા તાલુકામાં એક સગડી બેસાડી છે એમાં ૩૦ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. દેત્રોજ તાલુકામાં સોળે સોળ સગડી બેસાડી છે એમાં ૪.૯૦ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. માંડલ તાલુકામાં પાંચ બેસાડી છે એમાં ૧.૫૩ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે.વિરમગામમાં ચાર સામે ૧.૨૨ હજાર, અને ૧૬–૧૭માં તા.૩૧–૧૨ની સ્થિતિએ દસક્રોઇમાં ૩, સાણંદમાં ૧, ધોળકામાં ૧, બાવળામાં ૩, ધંધુકામાં ૧, ધોલેરામાં ૧, દેત્રોજમાં ૩, માંડલમાં ૨, વિરમગામમાં ૨ એમ કરીને ૧૭ સગડી બેસાડવાની કામગીરી હાલમાં ચાલુ છે અને એજન્સી પાસે ઉપલબ્ધ થયેથી આ બધી જ સગડીઓમાં બેસાડવામાં આવેલ છે. સને ૧૬–૧૭ અને ૧૫–૧૬ની અંદર બધી જ તમામે તમામ અરજીઓ અરજીઓ મંજૂર કરવામાં આવેલી છે અને એવી કોઇ અરજી મંજૂર કર્યા સિવાયની પડતર નથી.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સ્મશાન સગડી આપવાનાં ધોરણો શું છે? બીજો મારો પ્રશ્ન એ છે કે, સુધારેલા સ્મશાન સગડી કઇ રીતે ફાયદાકારક ગણાય છે?

શ્રી શબ્દશરણ ભા.તડવી : માનનીય અધ્યક્ષશ્રી, સ્મશાન સગડી ખાસ કરીને સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ આ સ્મશાન સગડી માટે ગ્રામ પંચાયત દ્વારા ઇ સર્વિસ પોર્ટલ પર ઓન લાઇન તેમજ જે તે જિલ્લામાં નાયબ વન સંરક્ષકને ઓફ લાઇન સીધી અરજી કરવાની થાય છે અને તેમાં જે ગ્રામ પંચાયત માગણી વહેલા કરે એને પહેલા એટલે કે અગ્રતાક્રમ પ્રમાણે

ફાળવવામાં આવે છે. ખાસ અંગભૂત અંતર્ગત જે ગ્રામ પંચાયતો અનુસૂચિત જાતિના લોકોની વસતિ અઢીસો કે તેથી વધુ હોય તેવી ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી આપવામાં અગ્રતા આપવામાં આવે છે અને પરંપરાગત રીતે માનવ શબના અંતિમ સંસ્કાર કરવામાં આવે ત્યારે ૪૦૦ કિલોગ્રામ જેટલા જલાઉ લાકડાંનો વપરાશ થાય છે જ્યારે તેની સામે સુધારેલ સ્મશાન સગડી વાપરવામાં આવે તો લાકડાનો વપરાશ લગભગ ૨૫૦ કિલોગ્રામ જેટલો ઓછો થાય છે. જેથી સુધારેલ સ્મશાન સગડી વાપરવાથી ૧૫૦ કિલોગ્રામ જેટલા જલાઉ લાકડાની બચત થાય છે. એટલે ૩૫થી ૪૦ ટકા ઓછા જલાઉ લાકડાનો વપરાશ થાય છે. આમ, લાકડાની બચત થાય છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી જવાબ બહુ લાંબો થાય છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કઇ ગ્રામ પંચાયતોમાં આ સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની બાકી છે?

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, જેટલી પણ અરજીઓ આવી એ તમામે તમામ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી પૂરી પાડેલી છે.

બનાસકાંઠામાં જિલ્લા પંચાયતમાં આરોગ્ય કેડરની ખાલી જગ્યાઓ

* ૨૭૦૪૫ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ જિલ્લા પંચાયત બનાસકાંઠામાં આરોગ્ય ખાતામાં કઈ કેડરની કેટલી ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શા પગલા લીધા?

જવાબ

(૧)

| અ. નં. | સંવર્ગ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૦ થી ૧ વર્ષ | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષથી ઉપર ની |
| ૧ | ૧ | ૩ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ |
| ૨ | ૨ | ૧૪૪ | ૧૧૦ | ૩૪ | ૧૦ | ૫ | ૧૯ |
| ૩ | ૩ | ૨૨૪૦ | ૧૧૮૬ | ૧૦૫૪ | ૨ | ૮૪૪ | ૨૦૮ |
| ૪ | ૪ | ૪૨૮ | ૪૨૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨૮૧૫ | ૧૭૨૫ | ૧૦૯૦ | ૧૨ | ૮૫૦ | ૨૨૮ |

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરતીની પ્રક્રિયા પ્રગતિમાં છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ ખાલી જગ્યાનો જવાબ આપ્યો છે. ૨૮૧૫ જગ્યાઓ છે તેમાંથી ૧૫૧૮ જગ્યાઓ ખાલી છે. એકથી ત્રણ વર્ષ ૮૫૦ અને ત્રણ વર્ષથી ઉપર ૬૫૬ જગ્યા. આપના માધ્યમથી કહેવા માગું છું કે બજેટ હોય, યોજનાઓ હોય, એ બધું જિલ્લા અને તાલુકા કક્ષાએ જવાનું. વહીવટના હાથપગ અધિકારી−કર્મચારી છે. આટલી જગ્યાઓ ખાલી હોય તો આપણો વહીવટ કઇ રીતે ચાલશે? એ યોજનાઓનું અમલીકરણ કેવી રીતે થશે? બે પાંચ ટકા જગ્યા ખાલી હોય. આ ૬૫ ટકા જગ્યા ખાલી છે. હેલ્થની વાત છે તો હેલ્થમાં મેડિકલ ઓફિસર નહીં, આયુર્વેદિક ઓફિસર નહીં, મેલેરિયા અધિકારી નહીં, ખેતીવાડી અધિકારી નહીં. વહીવટમાં જે મેઇન માણસો છે એ એક પણ જગ્યા ભરેલી નથી. તલાટી અને કારકૂનની જગ્યાનો તો પાર જ નથી પણ મેઇન જે વહીવટ કરવાવાળા છે એ બધું ચાર્જ પર ચાલે છે. તાલુકા વિકાસ અધિકારી ૧૩માંથી ૬ જગ્યા ખાલી છે. કેવી રીતે વહીવટ ચલાવવો અને આના લીધે લોકોને કઇ યોજનાનો લાભ અપાવવો? જો ઇન્ચાર્જથી જ ચાલતું હોય તો આ જગ્યાઓ રદ કરી નાખો. આટલા સમયથી આ જગ્યાઓ ખાલી અને અમારા જિલ્લાનું બજેટ નથી વપરાતું, તમામ યોજનાઓનો અમલ નથી થતો એની જવાબદારી સરકારની છે કે સરકાર ઇરાદાપૂર્વક જગ્યાઓ નથી ભરતા. તો એમનું કાર્ય ન થાય. એમની યોજનાઓનો અમલ ન થાય એ કિન્નાખોરીથી મારા જિલ્લાની જગ્યાઓ નથી ભરતા એમ કહું તો ખોટું નથી. કારણ કે ૧૫૧૮ જગ્યા ખાલી. કેવી રીતે જિલ્લો ચાલતો હશે? તો આ ક્યારે ભરવામાં આવશે અને દર વખતે લખવામાં આવે છે કે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ. તો આ કેલેન્ડર મને આપો તો હું લોકોને કહું કે આ કેલેન્ડર છે અને ક્યારે જગ્યાઓ ભરાશે. મંત્રીશ્રી મને કેલેન્ડર આપે તો હું લોકોને કહું કે આ સરકારનું કેલેન્ડર છે. આ જગ્યાઓ ક્યારે ભરશો?

અધ્યક્ષશ્રી : ગોવાભાઇ, સાડાચાર મિનિટ પ્રશ્ન પૂછવામાં કરી. મંત્રીશ્રી, તમને નવ મિનિટ જવાબ આપવાની છૂટ છે

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગોવાભાઇએ જે રીતે પ્રશ્ન પૂછ્યો છે તેમાં કૃષિનો પૂછ્યો છે. ટી.ડી.ઓ.નો પૂછ્યો છે. આ પ્રશ્ન માત્રને માત્ર આરોગ્ય વિભાગનો છે. (અંતરાય) માનનીય ગોવાભાઇએ કહ્યું કે ૨૮૧૫ જગ્યા ખાલી છે. બનાસકાંઠામાં આરોગ્ય વિભાગનું ૨૮૧૫નું મહેકમ છે. મારે ગોવાભાઇને એ કહેવું છે કે તેમાં ૫૮૨ કરાર આધારિત ભરાયેલી જગ્યાઓ છે. ૪૨૮ જગ્યા આઉટ સોર્સીંગથી ભરાયેલી જગ્યા છે. ૨૮૦૦માંથી ૨૩૫૧ જગ્યા ભરાયેલી છે. માનનીય ગોવાભાઇને હું જુદો આંકડો આપવા માગું છું. છેલ્લા બે વર્ષમાં તમારા જિલ્લામાં ૩૨૩ સબસેન્ટર મંજૂર થયા. તેનું મંજૂર મહેકમ એક સબસેન્ટરમાં ૨ લોકો હોય છે. (અંતરાય) ગોવાભાઇ, મારો જવાબ તમે સાંભળો. છેલ્લા બે વર્ષમાં આરોગ્યનું મહેકમ ૩૨૩

સબસેન્ટરમાં ૬૪૬ થાય. છેલ્લા બે વર્ષમાં ૨૬ પી.એચ.સી. સેન્ટર થયેલા. એક પી.એચ.સી. સેન્ટરમાં આદિવાસી વિસ્તારમાં ૧૪નું મહેકમ છે અને સામાન્ય વિભાગમાં હોય તો ૧૧નું મહેકમ છે. આમાં બે વર્ષમાં ૮૦૭ જગ્યા વધી.

બીજું, આજે શ્રી ગોવાભાઇને કહવા માગું છું અને અહીં બેઠેલા સન્માનનીય સભાગૃહના તમામ સભ્યશ્રીઓને કહેવા માગું છું કે પંચાયતી રાજની સ્થાપના થયા પછી એક સાથે ૧૨૦૦૦ની ભરતી કરીને આ સરકારે ઇતિહાસ રચ્યો છે. શ્રી ગોવાભાઇને એ પણ કહેવા માગું છું કે આરોગ્યની ૫૬૮ જગ્યાઓ માટે પરીક્ષા લેવાઇ ગઇ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી ટાઇમ આપે એટલે આ નવા ૫૬૮ કર્મચારીઓની ભરતી માટેના ઓર્ડરો આપવાના છે.

### મોરબી જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૭૫૨૬ શ્રી કાંતીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મોરબી જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧)

| વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧૨ | ૧૮ | ૧૨૪ | ૧૬ | ૧૭૦ |

(૨)

| વર્ગ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
|---|---|---|---|---|---|
| ભરાયેલ | ૭ | ૭ | ૧૩ | ૪ | ૩૧ |
| ખાલી | ૫ | ૧૧ | ૧૧૧ | ૧૨ | ૧૩૯ |

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારને અભિનંદન આપવા પડે. હાલના વડાપ્રધાન અને ત્યારના મુખ્યમંત્રીશ્રી હતા તેમણે ગુજરાતમાં સાત નવા જિલ્લા આપ્યા . એમાં રાજકોટમાંથી મોરબી જિલ્લો મને આપ્યો. ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે તેમને અભિનંદન આપું છું. શ્રી શંકરસિંહ વાઘેલાએ અમને તાલુકો આપ્યો હતો. મેં એમની પાસે જિલ્લાની માગણી કરી હતી. (અંતરાય) ત્યારે એમણે કહ્યું હતું કે મારી સાથે આવી જાય તો જિલ્લો આપી દઉં. એના માટે મિટિંગ પણ થઇ હતી. એમની સાથે ન ગયો એટલે ન આપ્યો. મને કહેતા આનંદ થાય છે કે સરકારે નવો જિલ્લો આપ્યો એના માટે અભિનંદન આપું છું. એમાં કામ પણ શરૂ થયું છે એના માટે એમને અભિનંદન આપું છું. મારા જિલ્લામાં વર્ગ–૩ની ૧૨૪ જગ્યાઓ છે અને એમાંથી ૧૧૧ ખાલી છે. એ ભરવા માટે મંત્રીશ્રી શું કરવા માગે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન જિલ્લાના મહેકમનો પૂછેલો છે. એમાં વર્ગ–૩નું તાલુકાનું મહેકમ પણ હોય છે. મારે સભ્યશ્રીને કહેવું છે કે રાજકોટ જિલ્લાના વિભાજનમાંથી મોરબી જિલ્લો હમણાં નવો બન્યો છે અને એમાં એક તાલુકો સુરેન્દ્રનગરમાંથી આવ્યો છે. સભ્યશ્રીને મારે જણાવવું છે કે હમણાં મે જવાબ આપ્યો કે ૧૨૦૦૦ જગ્યો અમે એક સાથે ભરવાના છીએ. જે અક ઇતિહાસ છે. શ્રી કાંતિભાઇની લાગણી છે એ પ્રમાણે આ બધી જ જગ્યાઓ ભરાશે અને જિલ્લો કાર્યરત થશે. મારે શ્રી શંકરસિંહ બાપુના ધ્યાને મૂકવું છે કે ૧૯૯૭માં તમે તાલુકા વિભાજન કર્યું હતું એ વખતે તાલુકાનું કેટલું મહેકમ મંજૂર કર્યું હતું? આઠ કર્મચારીઓનું જ મહેકમ હતું. આજે આ વિધાનસભાગૃહમાં જણાવું છું કે આઠ નહીં પણ અમે ૧૬ જેટલી જગ્યાઓ ભરવાના છીએ. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે કે બધા તાલુકાઓને સરખા રાખવા જોઇએ. આજે સ્પેશિયલ મંજૂરી લઇને હું બજેટમાં બીજી આઠ જગ્યાઓ ભરવા માટે દરખાસ્ત લઇને આવ્યો છું. એટલે બધા તાલુકાઓને સરખો હિસ્સો આપવા માટે કરી રહ્યા છીએ.

શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારને હું અભિનંદન આપું છું. ૧૭૦ જેટલી જગ્યાઓ મંજૂર થઇ છે એમાંથી માત્ર ૩૧ જ ભરાયેલ છે અને ૧૩૯ ખાલી છે. આ ખાલી જગ્યાઓમાં આઉટ સોર્સીંગથી કેટલી ભરવામાં આવી છે અને કાયમી કેટલી જગ્યાઓ ભરાયેલ છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે ૧૩૯ જગ્યાઓ ખાલી છે એમાં જિલ્લાનું વિભાજન થયું એમાં જુના જિલ્લામાં જેટલા લોકોને મોકલવાની જરૂર હોય એટલા લોકો જવા માટે તૈયાર નહોતા. એને આપણે પ્રતિનિયુકિતમાં નવા જિલ્લામાં મૂકયા. નવા જિલ્લામાં પ્રતિનિયુકિતમાં મૂકાયેલો કર્મચારી એ જિલ્લાનો ગણાતો નથી. અત્યારે જે અમે ભરતી કરી એ એ પ્રકારની ભરતી કરી કે જે પ્રતિનિયુકિત ઉપર જિલ્લો હોય એ જિલ્લો એની ખાલી જગ્યા ભરી અને માગણાપત્ર આપે અને મૂળ જિલ્લો જે છે એ એના પ્રતિનિયુકિત ઉપર મૂકેલા કર્મચારીને ભરેલું માગણાપત્ર આપે પહેલી વખત આ નિર્ણય લીધો છે. માનનીય સભ્યશ્રીને હું કહી રહ્યો છું. આઉટ સોર્સીંગના ૩૦ લોકો કામ કરે છે અને ઘણી વખત આપ એક વિષય મૂકતા હોવ છો કે આઉટ સોર્સીંગ અને કરાર આધારીત કર્મચારી છે પણ હું તો એમ કહુ છું મને અનુભવ છે કે કરાર આધારીત કર્મચારી અને આઉટ સોર્સનો કર્મચારી ખરેખર સારું કામ કરે છે, એને ચિંતા છે કે મારે સેટ થવું છે. મારે કામગીરી કરવી છે એના આધારે એ સેટ થવા માટે સારી કામગીરી કરે છે.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭
## તારાંકિત પ્રશ્નો

મોરબી જિલ્લામાં પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતો

* ૨૮૯૯૯ શ્રી બાવનજી મેતલીયા (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત મોરબી જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલી ગ્રામ પંચાયતો છે, અને

**જવાબ**

(૧) મોરબી જિલ્લાના તાલુકાવાર ગ્રામ પંચાયતોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોરબી | ૧૦૨ |
| ૨ | માળીયા મી. | ૪૧ |
| ૩ | ટંકારા | ૪૫ |
| ૪ | વાંકાનેર | ૯૦ |
| ૫ | હળવદ | ૭૧ |
| | કુલ : | ૩૪૯ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે ?

(૨) ૧૫–(પંદર) ગ્રામ પંચાયતો ગ્રામ પંચાયત ઘર વિહોણી છે.

| ક્રમ | તાલુકો | પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોરબી | ૦૬ |
| ૨ | માળીયા મી. | ૦૫ |
| ૩ | ટંકારા | ૦૦ |
| ૪ | વાંકાનેર | ૦૨ |
| ૫ | હળવદ | ૦૨ |
| | કુલ :: | ૧૫ |

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આ રાજય સરકારને અભિનંદન આપવા માગુ છું કે મારા મોરબી જિલ્લામાં કુલ જે ગામો છે એમાંથી હાલ ૧૫ ગામો પંચાયતઘર ના હોય એવા ગામ છે અને બાકીના દરેક ગામે અત્યારે આદર્શ પંચાયતઘરો છે તો આ ૧૫ ગામમાં ગ્રામ પંચાયતો કયાં બેસે છે એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન છે કે ૧૫ ગામ છે એ પંચાયત વિહોણા છે. સભ્યશ્રીને જણાવતા મને આનંદ થાય છે કે આ પંદરે પંદર ગામના પંચાયત ભવનના અમે ટેન્ડર ડીકલેર કરી દીધા છે જેની કામગીરી ચાલુ થશે. આજે જે પંચાયત ભવન બીજે બેસી રહ્યા છે એમાંથી એક દવાખાનામાં બેસે છે, બે શાળાઓમાં બેસે છે અને એક ગામનું સંયુકત મકાન છે જે ચોરાની બાજુમાં રૂમ છે એ રૂમની અંદર બેસે છે અને ત્રણ ગામ એવા છે એમાં ભડીયાદ છે ત્યાં ભાડાનું મકાન રૂ. ૨૦૦૦માં રાખ્યું છે એમાં બેસે છે, બે ગામ એવા છે કે જયાં ગામના લોકોએ પોતાની ઇચ્છાથી એમ કીધું છે કે અમારા મકાનમાં બેસો. અમારે ભાડું નથી લેવું, ત્યાં બેસે છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે નવી પંચાયતો આપી દીધી પણ ૩૩૯ પંચાયત મોરબી જિલ્લાની છે એમાં ઘણી બધી પંચાયતો વર્ષો પહેલાં બની છે. રીપેર કરવાની હોય, કોઇ પાડવાની મંજૂરી હોય અને પાડયા પછી નવી કરવાની હોય અને રીપેર કરવાની હોય એના માટે સરકારે શું આયોજન કર્યું છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકું છું કે પંચાયત વિભાગમાં ઇતિહાસમાં પહેલી વખત પંચાયત રીપેર કરવા માટેનું ૫૦ કરોડનું બજેટ મૂકાયેલું છે. કોઇ પંચાયત નબળી હોય તો એનું રીપેરીંગ કરીએ તો ઘણા વર્ષો ખેંચી શકાય પણ નવા મકાનના સો કરોડ રૂપિયા બજેટ જોગવાઇ કરી છે અને એ મકાનની અંદર આ સન્માનનીય ગૃહના સભ્યના ધ્યાને મૂકું છું કે ૫ હજારથી નીચેની વસતિ હોય એને ચૌદ લાખ રૂપિયા અને એમાં રાજય સરકારે ત્રણ પ્લાન બનાવ્યા છે એ ત્રણ પ્લાનમાંથી જ મકાન બનાવવાનું રહેશે. ૫ હજારથી ૧૦ હજાર સુધીમાં ૧૮ લાખ રૂપિયા, ૧૦ હજારથી વધારે વસતીનું ગામ હોય એને ૨૨ લાખ રૂપિયા. આ સન્માનનીય ગૃહનું ફરીથી ધ્યાન દોરું છું કે અત્યાર સુધીમાં જો સંયુકત પંચાયત હોય ૩૦૦–૪૦૦ પરાનું ગામ જુદું હોય એ ગામની અંદર સરપંચ અથવા તલાટીને જવું હોય તો એને બેસવાની જગ્યા મળતી નથી. આ ગામની અંદર મીની પંચાયતની પહેલી વખત અમે યોજના લઇને આવ્યા છીએ. ત્યાં સાડા છ લાખના ખર્ચે મીની પંચાયત ભવન બનશે. માનનીય સભ્યશ્રી કાંતિભાઇએ જે પૂછયું છે તમામ

પંચાયતોમાંથી ૬૪ પંચાયતો જર્જરીત હતી. આખા જિલ્લામાંથી કુલ ૬૪ જર્જરિત મકાનોની યાદી આવી એ ૬૪માંથી ૧૯ મકાનો માટે આર.એન્ડ બી.ના અધિકારીઓએ નક્કી કર્યું કે ૧૯ રિપેરીંગ થઇ શકશે. આવી ૧૯ પંચાયતોને અમે ૯૫ લાખ આપી દીધા. એના એસ્ટિમેટ બનાવવાનું ચાલુ છે અને રિપેરીંગ થશે. બાકીની ૪૫ પંચાયતો જે છે એના મકાનો બનાવવા પડશે. એમાંથી ૨૧ મકાનોને મંજૂર કરીને ઓર્ડર આપી દીધા છે. ૨૪ મકાનો નવા વર્ષમાં બનાવવા માટેનું આયોજન છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : કોંગ્રેસે પણ સરકારને અભિનંદન આપવા પડે. મારી રજૂઆત એ છે કે કોઇપણ પંચાયત હોય એને પૈસા આપ્યા હોય અને ડિઝાઇન નક્કી કરી હોય પણ કોઇ પંચાયત પાસે સ્વ–ભંડોળ પડ્યું હોય એ એમાં ઉમેરે અને બીજી ડિઝાઇનની પંચાયત કરવા માગતા હોય તો એને મંજૂરી આપવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય સભ્યશ્રીની રજૂઆત લેખિતમાં પણ આવી છે. એના માટે સંયુક્ત પ્લાન બનાવવાનો રહે. માનો કે અમે ૧૪ લાખ આપીએ છીએ અને બીજા ૨૦ લાખ નાખવાના હોય તો ૩૪ લાખનો પ્લાન બનાવી અમારા ડી.ડી.ઓ.ની મંજૂરી લેવી પડશે. સ્વ–ભંડોળમાંથી વાપરવાના હોય તો એના માટેની અમે મંજૂરી આપીશું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંઓમાં ગ્રામ પંચાયતોનું મકાન બનાવવા માટે મોરબી તાલુકામાં સરકારે સારું કામ કર્યું છે અને હું એને અભિનંદન આપું છું. પણ આમાં પ્રશ્ન એ થાય છે કે જ્યાં સત્તાધારી પાર્ટીના સભ્ય હોય એના વિસ્તારમાં મંજૂર કરી દે અને જ્યાં વિપક્ષના સભ્ય હોય ત્યાં મંજૂર કરતા નથી. મારા જામનગર તાલુકામાં અસંખ્ય પંચાયતોના મકાનો જર્જરિત છે. અસંખ્ય ગામડાંમાં પંચાયતોના મકાનો નથી તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સમાન ધોરણથી જ્યાં જે પ્રમાણે મકાન ન હોય કે રિપેરીંગ કરવાનું હોય તો રાજ્ય આખામાં સમાન ધોરણથી જરૂરિયાત મુજબ આ પ્રવૃત્તિ કરવા માગે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આ સરકાર માનવતાથી કામ કરી રહી છે. આમાં અમારો એવો કોઇ આશય નથી. મારે એમને રેકર્ડ પર કહેવું છે કે, તમે પંચાયત વિભાગનું રેકર્ડ પણ જોઇ શકો છો. તમામ ડી.ડી.ઓને પત્ર લખેલ છે અને એમાં લખ્યું છે કે તમારા જિલ્લામાં...(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, રાઘવજીભાઇનું કામ અટકે નહીં એ જોજો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : મારે જવાબ આપવો પડે. ૩૫૯ ગ્રામ પંચાયતો આખા રાજ્યમાંથી પંચાયત વિહોણી હતી એવી તમામને અમે તરત જ મંજૂર કરી છે. અમે જોયું નથી કે કયા પક્ષના સભ્ય છે. મેં કહ્યું કે માનવતાથી ઉપર ઉઠીને અમે કામ કરીએ છીએ. એમના બીજા પ્રશ્નનો જવાબ છે કે આખા રાજ્યમાં ૨૦ વર્ષ પહેલા મકાન બનેલું હોય એની યાદી અમે ડી.ડી.ઓ. પાસેથી મગાવી અને એમાંથી અમે ક્યાંય નથી જોયું કે કયા પક્ષનો સભ્ય છે. એક હજાર મકાનો અમે મંજૂર કર્યા. કુલ ૧૭૨૦ મકાનો છે.

### વલસાડ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

* ૨૯૮૫૭ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૧૭ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૧૭ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી, (રકમ રૂપિયા લાખમાં)

| તાલુકાનું નામ | વર્ષ | | |
|---|---|---|---|
| | તા.૦૧–૦૨–૧૫ થી તા.૩૧–૦૧–૧૬ | તા.૦૧–૦૨–૧૬ થી તા.૩૧–૦૧–૧૭ | કુલ રકમ રૂ. |
| ધરમપુર | ૬૧૩.૫૯ | ૬૫૨.૮૮ | ૧૨૬૬.૪૭ |
| કપરાડા | ૧૫૭.૮૧ | ૬૧૩.૦૮ | ૭૭૦.૮૯ |
| પારડી | ૪૫.૬૭ | ૯૯.૯૮ | ૧૪૫.૬૫ |
| ઉમરગામ | ૯૧.૬૬ | ૧૫૬.૨૭ | ૨૪૭.૯૩ |
| વલસાડ | ૧૩૫.૧૮ | ૨૧૧.૩૬ | ૩૪૬.૫૪ |
| વાપી | ૨.૩૮ | ૩૧.૮૫ | ૩૪.૨૩ |
| કુલ... | ૧૦૪૬.૨૯ | ૧૭૬૫.૪૨ | ૨૮૧૧.૭૧ |

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ માનવદિન રોજગારી આપવામાં આવી,

| તાલુકાનું નામ | વર્ષ | | |
|---|---|---|---|
| | તા.૦૧–૦૨–૧૫ થી તા.૩૧– | તા.૦૧–૦૨–૧૬ થી | કુલ માનવદિન. |

| | | | |
|---|---|---|---|
| | ૦૧–૧૬ | તા.૩૧–૦૧–૧૭ | |
| ધરમપુર | ૨.૭૫ | ૨.૪૧ | ૫.૧૬ |
| કપરાડા | ૧.૦૯ | ૧.૯૦ | ૨.૯૯ |
| પારડી | ૦.૧૯ | ૦.૨૯ | ૦.૪૮ |
| ઉમરગામ | ૦.૩૩ | ૦.૫૬ | ૦.૮૯ |
| વલસાડ | ૦.૮૧ | ૦.૭૭ | ૧.૫૮ |
| વાપી | ૦.૦૪ | ૦.૧૨ | ૦.૧૬ |
| કુલ... | ૫.૨૧ | ૬.૦૫ | ૧૧.૨૬ |

(૩) તે અન્વયે ઉક્ત તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે ઉક્ત તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો. (રકમ રૂપિયા લાખમાં)

| તાલુકાનું નામ | વર્ષ | | |
|---|---|---|---|
| | તા.૦૧–૦૨–૧૫ થી તા.૩૧–૦૧–૧૬ | તા.૦૧–૦૨–૧૬ થી તા.૩૧–૦૧–૧૭ | કુલ ખર્ચ રૂ. |
| ધરમપુર | ૬૧૩.૫૯ | ૬૫૨.૮૮ | ૧૨૬૬.૪૭ |
| કપરાડા | ૧૫૭.૮૧ | ૬૧૩.૦૮ | ૭૭૦.૮૯ |
| પારડી | ૪૫.૬૭ | ૯૯.૯૮ | ૧૪૫.૬૫ |
| ઉમરગામ | ૯૧.૬૬ | ૧૫૬.૨૭ | ૨૪૭.૯૩ |
| વલસાડ | ૧૩૫.૧૮ | ૨૧૧.૩૬ | ૩૪૬.૫૪ |
| વાપી | ૨.૩૮ | ૩૧.૮૫ | ૩૪.૨૩ |
| કુલ... | ૧૦૪૬.૨૯ | ૧૭૬૫.૪૨ | ૨૮૧૧.૭૧ |

(૪) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા કામો આ યોજના અંતર્ગત કરવામાં આવ્યા?

(૪) ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબના કામો આ યોજના અંતર્ગત કરવામાં આવ્યા. (કામોની સંખ્યા)

| તાલુકાનું નામ | વર્ષ | | |
|---|---|---|---|
| | તા.૦૧–૦૨–૧૫ થી તા.૩૧–૦૧–૧૬ | તા.૦૧–૦૨–૧૬ થી તા.૩૧–૦૧–૧૭ | કુલ કામો રૂ. |
| ધરમપુર | ૪૪૮ | ૩૨૩ | ૭૭૧ |
| કપરાડા | ૧૫૫ | ૩૨૮ | ૪૮૩ |
| પારડી | ૧૦૦ | ૯૯ | ૧૯૯ |
| ઉમરગામ | ૨૦૦ | ૨૬૦ | ૪૬૦ |
| વલસાડ | ૧૦૭ | ૪૮૩ | ૫૯૦ |
| વાપી | ૨૬ | ૧૬ | ૪૨ |
| કુલ... | ૧૦૩૬ | ૧૫૦૯ | ૨૫૪૫ |

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મનરેગા યોજનામાં ધરમપુર તાલુકામાં ૪૧૯૯૧ જોબકાર્ડ, કપરાડા તાલુકામાં ૫૧૭૭૪, પારડી તાલુકામાં ૨૧૨૪૭, ઉમરગામ તાલુકામાં ૨૬૭૦૬, વલસાડ તાલુકામાં ૩૬૫૭૫, વાપી તાલકુામાં ૬૭૯૪ એમ કુલ ૧ કરોડ ૮૫ લાખ ૯૮૭ જોબ કાર્ડ એક વર્ષમાં આપવામાં આવ્યા. ૨૦૧૬–૧૭માં ૧૧ કરોડ ૬૪ લાખ ૪૨ હજારનો ખર્ચ થયો છે. હું કપરાડા તાલુકાનો દાખલો આપું તો ૭૫ ટકા લોકો કામ કરી શકે છે એમાં ફક્ત ૪ કરોડ ૩ લાખ ૫૧ હજારનો ખર્ચ થયો છે. મીનીમમ ૫૧૭૭૪ જેટલા જોબકાર્ડ છે એમાંથી એક્ટિવ જોબકાર્ડ ધારકો કેટલા? અને મીનીમમ એક વર્ષમાં એક જોબકાર્ડ ધારકને કેટલી રોજગારી મળે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે એની અંદર ફરજિયાત નિયમ છે કે કોઇને પણ રોજગારીનું કામ કરવું હોય એ જોબકાર્ડ લેવા જ્યારે આવે ત્યારે અમે આપવા બંધાયેલા છીએ. એક વ્યક્તિને ૧૮૮ રૂપિયા મજૂરી કામના એ નિયમ છે પણ સભ્યશ્રીએ પૂછ્યું છે કે ૧૭ નો ખર્ચો થયો છે. હું તમને સ્પષ્ટ કહી રહ્યો છું કે તમને કોઇ એવી ફરિયાદ મળે કે આ વ્યક્તિને કામ કરવું છે અને આને જોબકાર્ડ નથી આપતા એવો એક દાખલો ગુજરાતની અંદર નહીં મળે. અમે એમ કહીએ છીએ કે જેને કામ કરવું હોય એને જોબકાર્ડ તરત આપી દઇએ છીએ. આજે કેન્દ્રમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ આવ્યા પછી જોબકાર્ડનો ક્રાઇટ રેશિયો વધાર્યો છે એ માહિતી તમે ગ્રામ પંચાયતના સભ્ય પાસે પણ માગી શકો છો, અનેક સુધારા કર્યા છે. આ દેશની અંદર વડાપ્રધાન નરેન્દ્રભાઇના આવ્યા પછી ખરેખર ગામડાંના હિત માટેના નરેગાની અંદર સુધારાઓ થયા છે એ ઐતિહાસિક છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવા માગુ છું કે કપરાડાની અંદર ૫૧૭૭૫ જોબકાર્ડ ધારકો છે તો એમાંથી એક્ટિવ જોબકાર્ડ ધારકો કેટલા?, એમાંથી કેટલાને રોજગારી આપી અને કેટલા માનવ દિનની રોજગારી આપી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, કપરાડા તાલુકામાં ૨૦૧૫-૧૬ની અંદર ૯૯૪૨૩ છે અને ૨૦૧૬-૧૭ માં ૧૫૩૨૯૫ છે. (અંતરાય)

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ તમારો જ રિપોર્ટ છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : રોજગારી આપેલા ઓફિસનો રિપોર્ટ જ બોલી રહ્યો છું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : આપે આપેલો રિપોર્ટ છે, (અંતરાય) ઓફિસે આપેલો રિપોર્ટ છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : કપરાડા તાલુકાની અંદર ૧૫૩૨૯૫ લોકોને ૨૦૧૬-૧૭ માં રોજગારી આપી છે. પછી ૨૦૧૫-૧૬માં જઇએ તો ૯૯૪૨૩ લોકોને કપરાડા તાલુકાની અંદર રોજગારી આપી છે.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે મનરેગા યોજના છેવાડાના માણસને લાભ મળે એના માટેની આ યોજના ચાલે છે ત્યારે એટલું જ જાણવું છે કે આ યોજના ક્યારથી ચાલુ કરવામાં આવી? અને આમાં ખર્ચ છે એ ૧૮૮ રૂપિયા એક દિવસની રોજગારી આપો છો. આ જોબકાર્ડ કપરાડા તાલુકામાં ૧૫૩૨૯૫ ને આપ્યા હોય તો ૧૮૮ પ્રમાણે કેટલા પૈસા થાય છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સ્પષ્ટ નિયમ છે, સભ્યને કહી રહ્યો છું કે ૧૮૮ ની રોજગારી છે એની અંદર ૧.૫ ઘન મિટર ઉંચાઇનું કામ દરેકને, એમાં જો ઓછું કામ કર્યું હોય તો ઓછી રોજગારી મળે અને એની અંદર ત્રણ ભાગ છે. હાર્ડ મોરમમાં કોઇ શ્રમિક કામ કરતો હોય તો હાર્ડ મોરમમાં એનો ભાવ પણ જુદો છે. સ્પષ્ટ છે કે જે કામ કરે એટલું જ માપણી કરીને આપવામાં આવે છે.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ વસ્તુ જાણવી છે કે ૧૫૩૦૦૦ જોબકાર્ડ છે અને તમે કહો છો કે ૧૫૩૦૦૦ ને રોજગારી આપી છે તો એક દિવસના ૧૮૮ પડે છે કે નથી પડતા?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૫૩૨૯૫ પાછળ ૪ કરોડ ૮૯ લાખ રૂપિયા ચૂકવ્યા છે એ સ્પષ્ટ છે.

### સુરત જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ

* ૨૭૫૧૬ શ્રી મુકેશ પટેલ (ઓલપાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ સુરત જિલ્લા પંચાયતમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) ૪૫૩. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ભરાયેલ જગ્યાઓ ૩૭૧ અને ખાલી જગ્યાઓ ૮૨ છે. |
| (૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ ભરવા શું આયોજન છે ? | (૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ |

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માંગુ છું કે, સુરત જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે અને તે પૈકી કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી ખાલી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયત એટલે ૪૫૩ જગ્યા છે.
૩૩૪ની જગ્યા છે અને એની અંદર ૩૫ સેજા એવા છે કે, જે બે તલાટી એક ગામમાં હોય એટલે ટોટલ જગ્યાઓ ભરાયેલી ૩૭૧ છે.

શ્રી કિશોરભાઇ શિ. કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરત જિલ્લાની અંદર ૨૦૧૪ની અંદર તલાટી કમ મંત્રીની જે જગ્યાઓ મંજૂર થઇ હતી, એ જગ્યાઓ તે સમયે મંજૂર થયા પછી ખાલી જે પડી હતી એની ટકાવારી કેટલી હતી અને ૨૦૧૭ની જે ભરતી થઇ છે એ પ્રક્રિયા પૂર્ણ થયા પછી એની ખાલીની ટકાવારી કેટલી રહે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં મારે, અહીંયા ઘણી વખત આ ગોવાભાઇ અને બધા વાતો કરતા હોય છે મહેકમની ત્યારે હું વાત કરવા માગુ છું કે, ૨૦૧૪ની અંદર સુરત જિલ્લામાં ૫૩ ટકા તલાટી કમ મંત્રીના મહેકમમાં ઘટ હતી, ૨૦૧૪માં ભરતી થઇ એટલે ૩૮ ટકાએ રહ્યું, ૨૦૧૫માં ભરતી થયા એટલે ૧૬ ટકા રહ્યું અને આજે હું તમને કહું છું કે નિર્ણય થઇ ગયો અને ઓર્ડર જ આપવાના છે, આ ભરતી કરીશું એટલે સુરત જિલ્લાની અંદર ત્રણ ટકા જ મંત્રીના મહેકમમાં ઘટ છે. આ પહેલી વખત આ દેશનો ઇતિહાસ છે, સો ટકા તલાટી મંત્રી ભરવાનો, આ રાજ્ય સરકારે, આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લીધો છે.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરત જિલ્લાના તલાટી કમ મંત્રીની જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શું શું આયોજન કરેલ છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં કહ્યું કે, અત્યારે અમારી જે તલાટીઓની જગ્યાઓ છે એ ૮૨ જગ્યાઓ ઘટે છે પણ એક મહિનાની અંદર એ ૭૦ ભરવાનો નિર્ણય થઇ ગયો છે, ઇન્ટર્વ્યૂ લેવાઇ ગયા છે, મેરિટ લિસ્ટ બહાર પડી ગયું છે.

ગાંધીનગરમાં નીલગાય–ભૂંડ દ્વારા ખેડૂતોના ઉભા પાકને નુકશાન

* ૨૭૮૦૫ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર નીલગાય–ભૂંડ દ્વારા ખેડૂતોના ઉભા પાકને થતા નુકશાન અટકાવવા છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને તારની ફેન્સીંગ વાડ બનાવવા કેટલી રકમની સહાય ચુકવી ?

જવાબ

| તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા | સહાયની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ગાંધીનગર | ૪૪૫ | ૧૩૯.૯૬ |
| દહેગામ | ૭૮ | ૩૧.૪૩ |
| કલોલ | ૪૯ | ૧૩.૮૭ |
| માણસા | ૫૨ | ૧૮.૮૧ |

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આપણું ગુજરાત એ કૃષિ પ્રધાન ગુજરાત છે, જેમાં ખેડૂતો શિયાળુ, ઊનાળુ અને ચોમાસું પાક લેતા હોય છે. ગામડાંમાં ખેડૂત વિરોધી સરકાર પાણી નથી આપતી તો આકાશી ખેતી ઉપર ખેડૂતો નભતા હોય છે. તો જ્યારે આવા પાકો તૈયાર થતા હોય છે ત્યારે નીલગાય–ભૂંડ અને રોઝ દ્વારા થતું નુકસાન અટકાવવા માટે તારની વાડ બનાવવા માટેની અરજીઓ કરવામાં આવે છે. તો હું આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે,ગાંધીનગર જિલ્લાની કુલ કેટલી અરજીઓ આવી, કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

મારો બીજો પ્રશ્ન એ છે કે, ખેડૂતોને સહાય માટે ક્લસ્ટર બનાવવાનું હોય છે. ખેડૂતોની અંદર નાના નાના, એક–એક ટૂકડા માટે જ્યારે ઝઘડાઓ થતા હોય છે ત્યારે સરકારશ્રીએ બજેટની અંદર ૨૦ હેકટરની જોગવાઇ કરી છે. તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ખેડૂતો જે એક હેકટરમાં તારની ફેન્સીંગની વાડ બનાવવા માગતા હોય તો આવા ખેડૂતોને સહાય આપવા માગો છો કે કેમ અને એક ખેડૂતને એક વિઘા દીઠ કેટલી સહાય આપવા માગો છો?

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર નીલગાય–ભૂંડ દ્વારા ખેડૂતોના ઊભા પાકને થતા નુકસાન અટકાવવા માટે, છેલ્લા બે વર્ષમાં આખા જિલ્લામાં લગભગ ૧૦૮ જેટલા ખેડૂતોને ૨૦૧૫ની સાલમાં સહાય મંજૂર કરવામાં આવેલી છે અને લગભગ ૪૦.૬૨ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલી છે. ૨૦૧૬ની સ્થિતિએ લગભગ ૫૧૬ જેટલી અરજીઓ અને એની સામે લગભગ ૧૬૩.૪૫ લાખની, એમ કુલ ૬૨૪ ખેડૂતોની સામે લગભગ ૨૦૪.૭ લાખ રૂપિયા જેટલી સહાય ચૂકવવામાં આવેલી છે. વન્ય પ્રાણીઓ દ્વારા જયારે ખેડૂતોના પાકને નુકસાન થાય છે અને આ યોજનામાં સહાય ચૂકવવાનું ધોરણ તારની વાડના પર મીટર ઉપર ચૂકવવામાં આવે છે એટલે એના હેકટરના વિસ્તારને ધ્યાનમાં રાખવામાં આવતો નથી.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, કામીની બહેનના પ્રશ્નનો જવાબ હું આપું છું. આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીના માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું કે પહેલા તો ગુજરાતમાં ૧૯૯૯ સુધી આ પ્રકારની કોઇ યોજના જ નહોતી. આપણને સૌને ખ્યાલ છે કે ગુજરાતના ખેડૂતોને રોઝ અને ભૂંડનો ત્રાસ હતો જ. એનો આપણે સ્વીકાર કરીએ જ છીએ પણ ભૂતકાળમાં, સાહેબ હું માત્ર ત્રણ વર્ષના બજેટના આંકડા આપું છું. ૨૦૧૪–૧૫માં માત્ર સાત કરોડનું આયોજન હતું. ૨૦૧૫–૧૬માં માત્ર આઠ કરોડનું આયોજન થયું. ૨૦૧૬–૧૭માં ૨૭ કરોડનું થયું. મને કહેતા આનંદ થાય છે કે ધારાસભ્યશ્રીએ મુખ્યમંત્રી સાહેબને રજૂઆત કરી અને ખેડૂતોના હિતમાં ખેડૂતોની સરકારે ત્રણ વર્ષ માટે સાડા સાતસો કરોડ રૂપિયાનું આયોજન કર્યું અને આ વર્ષમાં લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે અને કલસ્ટરમાં આ યોજનાનો અમલ કરવા માટે ૭૦૦૦ ખેડૂતોની અરજીઓ પણ આવી ચૂકી છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલા ગામડાંમાં રહેતો હતો ત્યારે અહીં ગાંધીનગરમાં કોંગ્રેસની બોલબાલા હતી ત્યારે ભૂંડોની બોલબાલા બહુ હતી. જયાં ત્યાં દેખાતા હતા. ગામમાં નીકળીએ તો ભૂંડોના ટોળેટોળા હોય, અત્યારે ભૂંડોની સંખ્યા ખૂબ ઓછી થઇ ગઇ છે. છતાં પણ ખેડૂતો માટે અને ખેડૂતોને કેમ કરીને સહાય અપાય, ખેડૂતોને કેમ કરીને મદદરૂપ થવાય અને ખેડૂતો માટે કામ કરતી આ સરકાર જે તારની વાડ કરવા માટે ખેડૂતોને સહાય આપવા જઇ રહી છે તો ગાંધીનગર જિલ્લામાં આવી કોઇ પેન્ડીંગ અરજીઓ છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગાંધીનગર જિલ્લાનો પ્રશ્ન છે અને માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો ત્યારે બધા જ ધારાસભ્યો માટે આનંદની વાત એ છે કે અત્યાર સુધી આ યોજનાનો અમલ વન વિભાગ દ્વારા થતો હતો પણ પ્રજાની લાગણી હતી, ધારાસભ્યની માગણી હતી કે આની અમલવારી હવે કૃષિ વિભાગ કરવાનો છે. આ ૨૦૦ કરોડ

રૂપિયાનો. ગૃહના સભ્યશ્રીઓને હું માહિતી આપું છું. ગાંધીનગર જિલ્લાની વાત કરું તો ૨૦૧૪માં ૪૧૨ અરજી પડતર હતી, ૨૦૧૫માં નવી અરજીઓ ૨૦૮ આવી એમાં કુલ અરજી બંને મળીને ૬૨૦ થઇ અને ૨૦૧૫માં મંજૂર કરી ૫૩૮ એટલે ૨૦૧૫માં માત્ર પડતર અરજી રહી ૮૨ ત્યારબાદ ૨૦૧૬ની અંદર ૮૨૫ અરજી આવી, ઉપરાંત જુની પડતર અરજી ૮૨ હતી આ મળીને મંજૂર કરી ૯૦૭ અરજી ત્યારે કુલ અરજીઓ ૭૫૫ જેટલી ૨૦૧૬માં મંજૂર કરી, ૧૫૨ જે પડતર અરજી રહી છે એ હવે આ ખેડૂતોએ કલસ્ટરમાં અરજી કરવાની રહેશે.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન હતો કે એક ખેડૂતને એક વીઘાદીઠ કેટલી સહાય આપવા માગો છો?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, રનીંગ મીટર ઉપર સહાય કરીએ છીએ પહેલા ૨૧૯ રૂપિયા આપતા હતા હવે રાજય સરકારે વધારો કરીને ૩૦૦ રૂપિયા કર્યા છે.

વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા અને પારડી તાલુકામાં વ્યક્તિગત શૌચાલય

* ૨૭૪૮૯ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા અને પારડી તાલુકામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે પ્રમાણે શૌચાલય બનાવવામાં આવ્યા.

(સંખ્યામાં)

| અ. નં. | તાલુકાનું નામ | તા.૦૧/૦૧/૨૦૧૫ થી ૩૧/૧૨/૨૦૧૫ દરમ્યાન બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયની સંખ્યા | | તા.૦૧/૦૧/૨૦૧૬ થી ૩૧/૧૨/૨૦૧૬ દરમ્યાન બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો |
| ૧ | ધરમપુર | ૫૪૨ | ૨૭૫૯ | ૬૭૦ | ૬૦૯૮ |
| ૨ | કપરાડા | ૫૨૩ | ૧૦૭૩ | ૪૭૮૧ | ૧૮૪૫ |
| ૩ | પારડી | ૫૬ | ૭૩૬૨ | ૧૫૬ | ૫૫૯૨ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) તે પૈકી તાલુકાવાર નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(રુ.લાખમાં)

| અ. નં. | તાલુકાનું નામ | તા.૦૧/૦૧/૨૦૧૫ થી ૩૧/૧૨/૨૦૧૫ દરમ્યાન બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયની પાછળ થયેલ ખર્ચ | | તા.૦૧/૦૧/૨૦૧૬ થી ૩૧/૧૨/૨૦૧૬ દરમ્યાન બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયની પાછળ થયેલ ખર્ચ | |
|---|---|---|---|---|---|
| | | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો |
| ૧ | ધરમપુર | ૬૬.૧૨ | ૩૧૫.૬૧ | ૭૬.૯૨ | ૫૨૬.૯૨ |
| ૨ | કપરાડા | ૬૧.૬૫ | ૬૭.૮૦ | ૫૩૫.૧૨ | ૧૬૪.૪૪ |
| ૩ | પારડી | ૬.૭૨ | ૪૩૯.૫૨ | ૧૮.૭૨ | ૬૭૧.૦૪ |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

ગાંધીનગર જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતરમાં દાખલ કરવાના હુકમો

* ૨૭૮૫૦ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

જવાબ

(૧) તાલુકાવાર/ગામવાર માહિતી નીચે મુજબ છે.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામની કેટલી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

૧) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ –૧૮૭૯ હેઠળ ૧ કેસમાં

| અ.નં. | ગામ | તાલુકો | સર્વે/બ્લોક નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|---|
| ૧ | લોદરા | માણસા | ૧૨૬૦ પૈકી | ૧૦૦૧૬ |
| | | | કૂલ | ૧૦૦૧૬ |

૨) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ – ૧૯૪૮ હેઠળ–૧૦ કેસમાં

| અ.નં. | ગામ | તાલુકો | સર્વે/બ્લોક નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|---|
| ૧ | ચિલોડા (ન) | ગાંધીનગર | ૧૮૬/૫ | ૧૦૪૧૭ |
| ૨ | સાદરા | | ૨૧ | ૨૨૨૬ |
| ૩ | કરાઈ | | ૯૨ પૈકી | ૨૦૬૭૪ |
| ૪ | છાલા | | ૧૯૪–૧ | ૮૬૦૦ |
| ૫ | રાંચરડા | કલોલ | ૯૧૦ | ૯૫૧૩ |
| ૬ | હાજીપુર | | ૧૧૬૧ | ૨૭૮૨૬ |
| ૭ | હાજીપુર | | ૧૧૬૨ | ૪૯૯૪ |
| ૮ | લાકરોડા | માણસા | ૬૦૮–૨ | ૫૦૫૯ |
| ૯ | માણેકપુર | | ૫૦૦ | ૧૧૬૯૦ |
| ૧૦ | માણસા | | ૧૫૦૮–૨ | ૧૬૧૯ |

(૨) તે અન્વયે સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી ક્યા ગામની કેટલી જમીનના કબજા સરકાર દ્વારા લેવામાં આવ્યા, અને

(૨) જેની ગામવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | ગામ | સર્વે/બ્લોક નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | ચિલોડા (ન) | ૧૮૬/૫ | ૧૦૪૧૭ |
| ૨ | સાદરા | ૨૧ | ૨૨૨૬ |
| ૩ | કરાઈ | ૯૨ પૈકી | ૨૦૬૭૪ |
| ૪ | છાલા | ૧૯૪–૧ | ૮૬૦૦ |
| ૫ | રાંચરડા | ૯૧૦ | ૯૫૧૩ |
| ૬ | હાજીપુર | ૧૧૬૧ | ૨૭૮૨૬ |
| ૭ | હાજીપુર | ૧૧૬૨ | ૪૯૯૪ |
| ૮ | લાકરોડા | ૬૦૮–૨ | ૫૦૫૯ |
| ૯ | માણેકપુર | ૫૦૦ | ૧૧૬૯૦ |
| ૧૦ | માણસા | ૧૫૦૮–૨ | ૧૬૧૯ |
| | | કુલ | ૧૦૨૬૧૮ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનના કબજા લેવા બાકી છે અને બાકી રહેવાના કારણો શાં છે ?

(૩) ૧ (એક) કેસમાં કબજો લેવાનો બાકી છે મોજેઃ લોદરા તા.માણસાના સર્વે નંબર.૧૨૬૦ પૈકીની એ. ૨–૧૯ ગું. જમીનનો કબજો લેવાનો બાકીમાં છે. કલેક્ટરશ્રીના તા.૨૧–૦૮–૨૦૧૫ના હુકમ સામે સચિવશ્રી (વિવાદ) મહેસૂલ વિભાગ, અમદાવાદના તા.૨૮–૧૦–૨૦૧૬ના હુકમથી મનાઈ હુકમ આપવામાં આવેલ છે.

---------

### સુરત અને તાપી જિલ્લામાં ગામોમાં ગ્રામ પંચાયતોને ફાળવેલ કોમ્પ્યુટર

* ૨૭૪૭૮ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે તથા કેટલા ગામોમાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવાના બાકી છે, અને

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ એક કોમ્પ્યુટરની કિંમત કેટલી છે?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાની ૫૪ અને તાપી જિલ્લાની ૧૬ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે. જેથી એક પણ ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ફાળવવાના બાકી નથી.

(૨) રૂ. ૪૦,૮૯૭.૫૦/–

---------

### ગોંડલ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૯૦૫૨ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૯૩૩ હેક્ટર |
| (૨) તે પૈકી ગોંડલ તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૪૦ હેક્ટર |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ.૧૩.૦૬ લાખ |

---------

### ખેડા અને આણંદ જિલ્લામાં ગુણોત્સવ દરમ્યાન નબળી જણાયેલ પ્રાથમિક શાળાઓ

* ૨૬૯૫૫ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ગુણોત્સવવાર ખેડા અને આણંદ જીલ્લામાં જીલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓ નબળી અને અત્યંત નબળી જણાઇ, અને

(૨) ઉક્ત શાળાઓનું શિક્ષણ સુધારવા ઉક્ત સમયગાળા દરમ્યાન રાજ્ય સરકારે શાં પગલાં લીધાં?

જવાબ

(૧)

| જીલ્લો | વર્ષ ૨૦૧૪-૧૫ | | વર્ષ ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|
| | નબળી શાળાઓ (સી-ગ્રેડ) | અત્યંત નબળી શાળાઓ (ડી-ગ્રેડ) | નબળી શાળાઓ (સી-ગ્રેડ) | અત્યંત નબળી શાળાઓ (ડી-ગ્રેડ) |
| ખેડા | ૬૮ | ૫૨ | ૧૧ | ૨૦ |
| આણંદ | ૭૮ | ૩૪ | ૧૦ | ૭ |

(૨) સરકારે લીધેલાં પગલાં :

(૧) વાંચન, લેખન અને ગણનમાં પ્રાથમિક શાળામાં ૦ થી ૪ ગુણ ધરાવતા દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવામાં આવેલ છે.

(૨) ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે.

(૩) શાળાઓમાં ભૌતિક સુવિધાઓની ઘટનો તાત્કાલિક નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

(૪) શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરી તેમની જરૂરીઆત અનુરૂપ પરામર્શ કરી જરૂરી સહયોગ આપવામાં આવે છે.

(૫) દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવે તેના પર ભાર મુકવામાં આવ્યો છે.

(૬) વાંચન, લેખન અને ગણન જેવી પ્રવૃત્તિઓ કરતી વખતે બાળકોને સતત પ્રોત્સાહન આપી જાહેરમાં તેમને બિરદાવીને શિક્ષણમાં સારા પરિણામ માટે પ્રયત્નો કરવામાં આવે છે.

---------

### દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારીના વર્ગો

* ૨૯૭૫૫ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન દ્વારા છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારી માટેના કેટલા વર્ગો યોજાયા, | (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન દ્વારા છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારીના કુલ-૨૮૬ વર્ગો યોજાયા. |
| (૨) તે અન્વયે કેટલા આદીવાસી લાભાર્થીઓને સ્વરોજગારી તાલીમ આપવામાં આવી, અને | (૨) તે અન્વયે કુલ-૧૦૨૬૯ આદીવાસી લાભાર્થીઓને સ્વરોજગારીની તાલીમ આપવામાં આવી. |
| (૩) ઉક્ત તાલીમ પામેલા લાભાર્થીઓ પૈકી કેટલાએ સ્વરોજગાર શરૂ કર્યા ? | (૩) ઉક્ત તાલીમ પામેલા લાભાર્થીઓ પૈકી કુલ ૬૫૦ એ સ્વરોજગાર શરૂ કર્યા. |

---------

### તાપી અને વલસાડ જિલ્લામાં ઘરથાળનો પ્લોટ

* ૨૬૯૬૪ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને વલસાડ જીલ્લામાં જીલ્લાવાર ૧૦૦ ચોરસ વારના ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી, અને | (૧) ઘરથાળના પ્લોટ માટે તાપી જીલ્લામાં ૭૦ અને વલસાડ જીલ્લામાં ૧૯૬ અરજીઓ મળેલ છે. |

(૨) તે પૈકી જીલ્લાવાર કેટલા લાભાર્થીઓને ૧૦૦ ચોરસ વારના પ્લોટ આપવામાં આવ્યા અને કેટલા બાકી છે?

(૨) તાપી જીલ્લામાં ૪૦ લાભાર્થીઓને પ્લોટ આપવામાં આવ્યા અને ૩૦ લાભાર્થીઓ બાકી છે, જ્યારે વલસાડ જીલ્લામાં ૧૯૬ લાભાર્થીઓને પ્લોટ આપવાના બાકી છે.

---------

બુનિયાદી આશ્રમશાળાઓના ક્લાર્ક-પટાવાળાને મકાન-ભાડુ મળવાપાત્ર બાબત

* ૨૭૪૪૭ શ્રી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ આદિજાતી વિકાસ વિભાગ સચિવાલયના પત્ર ક્રમાંક: અમર/ ૧૫૧૩/૯૯૩ તા.૨૮-૧૦-૧૩ મુજબ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના ક્લાર્ક-પટાવાળાને મકાન ભાડુ મળવાપાત્ર થાય છે તે હકિકત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા તો હજુ સુધી મકાન ભાડાની રકમ આ કર્મચારીઓને અપાઇ નથી તેના કારણો શા છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં ધો. ૧ થી ૮ની બાળાઓને ઘઉં આપવા બાબત

* ૨૮૫૨૪ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતી બાળાઓને દરવર્ષે પુરવઠા વિભાગ દ્વારા ૬૦ કિ.ગ્રા. ઘઉં આપવામાં આવે છે તે વાત સાચી છે,

(૧) હાજી શિક્ષણ વિભાગના તા.૨૬/૦૯/૨૦૧૬ના ઠરાવથી "અન્ન ત્રિવેણી યોજના" તરીકે અંશતઃ ફેરફાર કરેલ છે.

(૨) જો હા, તો ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલી બાળાઓને ૬૦ કિ.ગ્રા. ઘઉં આપવામાં આવ્યા, અને કેટલી બાળાઓને ઘઉં આપવાના બાકી છે, અને

(૨) તાલુકાવાર બાળાઓને ૬૦ કિ.ગ્રા. ઘઉં આપવામાં આવ્યા તેની વિગત

છોટાઉદેપુરના લાભાર્થી

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૨૮૧૮૮ | ૨૮૮૨૦ |
| ૨ | ક્વાંટ | ૨૫૯૮૪ | ૨૫૬૧૦ |
| ૩ | જેતપુરપાવી | ૨૬૩૦૭ | ૨૧૪૩૧ |
| ૪ | નસવાડી | ૧૪૪૭૬ | ૧૪૭૫૦ |
| ૫ | સંખેડા | ૭૭૧૫ | ૫૦૭૪ |
| ૬ | બોડેલી | ૯૭૭૮ | ૯૯૩૨ |
| | કુલ | ૧૧૨૪૪૮ | ૧૦૫૬૧૭ |

દાહોદના લાભાર્થી

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૬૦૩૦૪ | ૬૧૨૪૮ |
| ૨ | ઝાલોદ | ૬૩૫૬૮ | ૬૩૭૬૭ |
| ૩ | સંજેલી | ૧૨૦૫૪ | ૧૧૯૫૯ |
| ૪ | ફતેપુરા | ૩૪૯૨૬ | ૩૪૭૪૦ |
| ૫ | લીમખેડા | ૩૮૫૧૧ | ૩૯૪૮૦ |
| ૬ | દે.બારીયા | ૮૩૮૪ | ૮૨૨૬ |
| ૭ | ધાનપુર | ૧૮૩૨૪ | ૧૮૩૦૮ |
| ૮ | ગરબાડા | ૨૭૦૯૫ | ૨૬૪૩૪ |
| | કુલ | ૨૬૩૧૬૬ | ૨૬૪૧૪૩ |

વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રથમ સત્રમાં અન્ન ત્રિવેણી યોજના હેઠળ અનાજ આપવાનું બાકી છે.

(૩) ઉક્ત ઘઉં આપવાના બાકી હોય તો તેના કારણો શું, અને તે ક્યારે આપવામાં આવશે?

(૩) અન્ન ત્રિવેણી યોજના હેઠળ આદિજાતી કન્યાઓના વાલીઓને કન્યા દીઠ સત્ર દીઠ ૩૦ કિ.ગ્રા. અનાજમાં ૧૦ કિ.ગ્રા. ઘઉં, ૧૦ કિ.ગ્રા. ચોખા અને ૧૦ કિ.ગ્રા. મકાઈની યોજના અમલમાં છે. જથ્થો ઉપલબ્ધ કરવા નિગમને તા.૧૭-૧૨-૨૦૧૬થી ઈન્ડેટ આપવામાં આવેલ છે. જથ્થો નિગમ તરફથી પૂરો પાડવામાં આવ્યેથી પૂરો પાડવામાં આવશે.

---------

## અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ગ્રામ સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

* ૨૭૪૮૨ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૧૬ની સ્થિતિએ સ્વચ્છ ગ્રામ સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ–પંચાયતોને સફાઇ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકિકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના તાલુકાવાર કેટલા ગામોને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામોની સંખ્યા | ફાળવેલ રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|---|
| ૧ | દસક્રોઇ | ૧૬ | ૮૪.૫૦ |
| ૨ | સાણંદ | ૧૯ | ૬.૮૮ |
| ૩ | બરવાળા | ૧૭ | ૨.૦૪ |
| ૪ | વિરમગામ | ૧૭ | ૪.૫૦ |
| ૫ | દેત્રોજ | ૦૪ | ૦.૮૯ |
| ૬ | માંડલ | ૦૮ | ૨.૧૦ |
| ૭ | ધંધુકા | ૪૦ | ૧૯.૧૧ |
| ૮ | બાવળા | ૨૫ | ૧૩.૮૫ |
| ૯ | ધોળકા | ૦૯ | ૦.૫૩ |
| ૧૦ | રાણપુર | ૧૮ | ૬.૬૦ |
| ૧૧ | ધોલેરા | ૦૦ | ૦.૦૦ |
| | કુલ : | ૧૭૩ | ૧૪૧.૦૦ |

---------

સુરત જિલ્લામાં દરિયાકિનારે ચેરનું વાવેતર

* ૨૯૦૬૦ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં ચેરનું કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | શૂન્ય |
| ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૩૭૦ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | શૂન્ય |
| ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૭.૬૦ |

---------

વલસાડ જિલ્લામાં મુખ્ય સેવિકાની ખાલી જગ્યાઓ

* ૨૭૪૯૧ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં મુખ્ય સેવિકાની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) ૨૩

(૨) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

(૨) વહીવટી અનુકૂળતાએ

---------

બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાદીપ વિમા યોજના

* ૨૮૫૭૯ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં વિદ્યાદીપ વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧) ૩૮

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરી કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, અને

(૨) ૨૦

(૩) કેટલી અરજીઓમાં સહાય ચુકવવાની બાકી છે, તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

(૩) ૧૬

– ૧૬ દરખાસ્તોમાં પૂરતી વિગતો/આધારના અભાવે સહાય ચૂકવવાની બાકી છે. આ કેસોમાં પૂરતી વિગતો/આધાર મળ્યેથી વીમા

નિયામકશ્રીની કચેરી દ્વારા ચુકવણીની કાર્યવાહી કરવામાં આવશે.
– ૨ અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે.

---------

અમદાવાદ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા

* ૨૭૫૧૭ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬ દરમ્યાન પ્રાંતવાર કેટલાં ગરીબ કલ્યાણ મેળા યોજાયા, અને | (૧) ૪ (ચાર)<br>ધોળકા પ્રાંત –૧<br>ધંધુકા પ્રાંત –૧<br>વિરમગામ પ્રાંત–૧<br>દશક્રોઈ પ્રાંત–૧ |
| (૨) તેમાં કેટલાં લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવાઈ ? | (૨) કુલ લાભાર્થીઓ : ૮૫,૭૯૦<br>કુલ ચૂકવેલ સહાય :રૂા. ૩૦૯.૮૦ કરોડ |

---------

પંચમહાલ જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વજનમાં ગેરરીતિ બાબતે કાર્યવાહી

* ૨૯૦૩૬ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવાહડફ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઓછું વજન આપતા કેટલા વ્યાપારી એકમો સામે તપાસ કરવામાં આવી, | (૧) ૧૩૨૧ |
| (૨) વ્યાપારી એકમોમાં કેટલા કેસમાં ઉક્ત ગેરરીતિ જોવા મળેલ છે, અને | (૨) ૧૧ |
| (૩) ઉક્ત ગેરરીતિ અન્વયે શું દંડ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૧૬૫૦/– (અંકે એક હજાર છસો પચાસ પુરા) માંડવાળ ફી વસુલ કરવામાં આવેલ છે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ની જોગવાઈ

* ૨૮૯૭૩ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં નોન–ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ની જોગવાઈ મુજબ ઠરાવેલ લાયકાત ન ધરાવતા શિક્ષકોને તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દૂર કરવાના થાય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઠરાવેલ લાયકાત વગરના કેટલા શિક્ષકો ઉક્ત સ્થિતિએ ફરજો બજાવે છે, અને | (૨) ૩૮. |
| (૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શા પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) આર.ટી.ઈ. એક્ટ અને રૂલ્સની જોગવાઈ મુજબ જે શાળાઓમાં આવા શિક્ષકો કાર્યરત છે તે શાળાઓને નોટિસ આપી નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી રહી છે. |

---------

સિધ્ધપુર અને સરસ્વતી તાલુકાના ગામોમાં ગૌચર અને ગામતળ બાબત

* ૨૮૧૭૫ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સિધ્ધપુર અને સરસ્વતી તાલુકાના કેટલા કેટલા અને કયા ગામોમાં બિલકુલ ગૌચર અને ગામતળ આવેલ નથી, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સિધ્ધપુર અને સરસ્વતી તાલુકામાં નીચેના ગામોમાં બિલકુલ ગૌચર નથી.

| તાલુકો | ગૌચર વિનાના ગામો |
|---|---|
| સિધ્ધપુર | શૂન્ય |
| સરસ્વતી | (૧) હૈદરપુરા<br>(૨) ખલીપુર<br>(૩) લક્ષ્મીપુરા |

(૨) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સિધ્ધપુર અને સરસ્વતી તાલુકામાં નીચેના ગામોમાં બિલકુલ ગામતળ નથી.

| તાલુકો | ગૌચર વિનાના ગામો |
|---|---|
| સિધ્ધપુર | (૧) પચકવાડા<br>(૨) કાલેડા<br>(૩) વાઘણા<br>(૪) ચાટાવાડા<br>(૫) બિલીયા |

| | |
|---|---|
| | (૬) ગણેશપુરા |
| સરસ્વતી | (૧) વઘાસર<br>(૨) ખલીપુર |

(૨) ઉક્ત સ્થિતિએ જો આ ગૌચર અને ગામતળ ના હોય તો તે વધારવા માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલા લીધા ?

(૨) (૧) સરસ્વતી તાલુકાના ૩ ગામોમાં સરકારી પડતર જમીન ઉપલબ્ધ ન હોવાથી ગૌચર વધારવા માટે પગલાં લઈ શકાય તેમ નથી.
(૨) સિધ્ધપુર તાલુકાના ૬ ગામો પૈકી ૩ ગામોની દરખાસ્ત મેળવી ૨ દરખાસ્તોમાં પ્રાંત અધિકારીશ્રીએ નિયમાનુસાર નિર્ણય કરેલ છે. જ્યારે ૧ ગામની દરખાસ્ત નિયમાનુસાર ચકાસણી કરી પ્રાંત અધિકારીશ્રી નિર્ણય કરનાર છે. તેમજ બાકી ૩ ગામોની દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવી નિયમાનુસાર નિકાલ કરવા પ્રાંત અધિકારીશ્રીએ કાર્યવાહી હાથ ધરેલ છે તેમજ સરસ્વતી તાલુકાના ૨ ગામોની ગામતળ નીમ કરવાની દરખાસ્ત પ્રાંત અધિકારી પાટણએ મેળવી કાર્યવાહી હાથ ધરેલ છે.

---------

અમદાવાદ જિલ્લામાં ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૨૯૦૩૨ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહત દરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહત દરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે.

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૨૪૯૪.૬૦ |
| આયોડીનયુક્ત મીઠું | ૧૧૪૨.૫૫ |

---------

વડોદરા જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તોલમાપના સાધનોની ખરાઈ

* ૨૯૦૩૯ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીઆ (સયાજીગંજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમયમર્યાદામાં ખરાઈ ન કરાવવા બાબતોમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) તેમાં કેટલો દંડ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ૭૪૭

(૨) રૂ. ૧,૫૬,૨૦૦/– (અંકે રૂપિયા એક લાખ છપ્પન હજાર બસો પુરા) માંડવાળ ફી વસુલ કરવામાં આવી.

---------

કચ્છ જિલ્લામાં પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતો

* ૨૯૦૦૧ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત કચ્છ જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલી ગ્રામ પંચાયતો છે, અને

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે ?

જવાબ

(૧) કચ્છ જિલ્લાના તાલુકાવાર ગ્રામ પંચાયતોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | લખપત | ૩૩ |
| ૨ | અંજાર | ૫૬ |
| ૩ | ભુજ | ૧૧૨ |
| ૪ | મુંદ્રા | ૪૪ |
| ૫ | નખત્રાણા | ૭૭ |
| ૬ | રાપર | ૮૨ |
| ૭ | માંડવી | ૭૫ |
| ૮ | ગાંધીધામ | ૦૭ |
| ૯ | અબડાસા | ૮૫ |
| ૧૦ | ભચાઉ | ૫૯ |
| | કુલ : | ૬૩૦ |

(૨) ૪૯–ગ્રામ પંચાયતો ગ્રામ પંચાયત ઘર વિહોણી છે.

| ક્રમ | તાલુકાનું નામ | પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | લખપત | ૦૦ |
| ૨ | અંજાર | ૦૫ |
| ૩ | ભુજ | ૧૦ |
| ૪ | મુંદરા | ૦૨ |
| ૫ | નખત્રાણા | ૦૧ |
| ૬ | રાપર | ૦૬ |
| ૭ | માંડવી | ૧૨ |
| ૮ | ગાંધીધામ | ૦૦ |
| ૯ | અબડાસા | ૧૧ |
| ૧૦ | ભચાઉ | ૦૨ |
| | કુલ : | ૪૯ |

---------

જુનાગઢ જિલ્લામાં લાયકાત વગરના શિક્ષકોને દૂર કરવા બાબત

* ૨૮૯૮૨ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાં નોન-ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ની જોગવાઈ મુજબ ઠરાયેલ લાયકાત ન ધરાવતા શિક્ષકોને તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દૂર કરવાના થાય છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ઠરાવેલી લાયકાત વગરના કેટલા શિક્ષકો ઉકત સ્થિતિએ ફરજો બજાવે છે, અને

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શા પગલાં લેવામાં આવ્યા છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ૯૮૮

(૩) આર.ટી.ઈ. એકટ અને રૂલ્સની જોગવાઈ મુજબ જે શાળાઓમાં આવા શિક્ષકો કાર્યરત છે તે શાળાઓને નોટિસ આપી નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી રહી છે.

---------

વડોદરા જિલ્લામાં જર્જરીત પંચાયત ઘરો

* ૨૭૫૦૩ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘર જર્જરીત છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં જર્જરીત ગ્રામ પંચાયત.

| ક્રમ | તાલુકાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૨૩ |
| ૨ | પાદરા | ૦૮ |
| ૩ | કરજણ | ૬૦ |
| ૪ | ડભોઈ | ૫૬ |
| ૫ | શિનોર | ૩૧ |
| ૬ | વાઘોડીયા | ૨૩ |
| ૭ | સાવલી | ૨૦ |
| ૮ | ડેસર | ૦૭ |
| | કુલ | ૨૨૮ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતનાં પંચાયત ઘરની મરામત માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) વર્ષ ૨૦૧૬-૧૭ ના મરામત પંચાયત ઘરનાં લક્ષાંક ૪૩- સામે નીચે પ્રમાણેના પંચાયતઘરને મંજૂરી આપેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મરામત માટે મંજુરીની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦૦ |
| ૨ | પાદરા | ૦૦ |
| ૩ | કરજણ | ૦૦ |
| ૪ | ડભોઈ | ૦૦ |
| ૫ | શિનોર | ૦૦ |
| ૬ | વાઘોડીયા | ૧૩ |
| ૭ | સાવલી | ૧૧ |
| ૮ | ડેસર | ૦૩ |
| | કુલ | ૨૭ |

(૩) તે માટે સરકાર કેટલું અનુદાન આપશે ?

(૩) યુનિટ દિઠ મહતમ રૂ.૫.૦૦ લાખ.

## અતારાંકિત પ્રશ્નો

---------

### જૂનાગઢ જિલ્લામાં વારસાઈ એન્ટ્રીની મળેલ અરજીઓ બાબત

* ૨૮૧૯૨ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વારસાઈ એન્ટ્રીઓ પાડવા માટેની અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓ ઉકત સ્થિતિએ પડતર છે, અને

(૩) તે અરજીઓ પડતર રહેવાના કારણો શું, અને તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ |
|---|---|---|
| | વારસાઈ માટે મળેલ અરજીઓ | વારસાઈ માટે મળેલ અરજીઓ |
| જુનાગઢ (ગ્રામ્ય) | ૪૧૨ | ૩૨૨ |
| જુનાગઢ (શહેર) | ૨૩૧ | ૧૦૧ |
| વંથલી | ૪૩૩ | ૨૫૨ |
| માણાવદર | ૪૧૧ | ૩૪૯ |
| વિસાવદર | ૩૪૧ | ૪૦૬ |
| ભેંસાણ | ૨૯૩ | ૨૩૪ |
| માંગરોળ | ૭૨૬ | ૬૨૮ |
| કેશોદ | ૬૩૯ | ૫૩૩ |
| માળીયા હાટીના | ૬૮૫ | ૫૬૪ |
| મેંદરડા | ૨૩૨ | ૨૧૬ |

(૨)

| તાલુકાનું નામ | નિકાલ કરવામાં આવેલ અરજીઓ | તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ પડતર અરજીઓ |
|---|---|---|
| જુનાગઢ (ગ્રામ્ય) | ૭૧૮ | ૧૬ |
| જુનાગઢ (શહેર) | ૨૯૬ | ૩૬ |
| વંથલી | ૬૬૮ | ૧૭ |
| માણાવદર | ૭૬૦ | – |
| વિસાવદર | ૭૦૧ | ૪૬ |
| ભેંસાણ | ૫૨૪ | ૩ |
| માંગરોળ | ૧૩૪૯ | ૫ |
| કેશોદ | ૧૧૩૨ | ૪૦ |
| માળીયા હાટીના | ૧૨૩૯ | ૧૦ |
| મેંદરડા | ૪૩૭ | ૧૧ |
| કુલ | ૭૮૨૪ | ૧૮૪ |

(૩) મુદત ઉપર બાકી હોવાથી તથા તકરારી હોવાથી તેનો નિકાલ નિયમોનુસાર કરવામાં આવશે.

---------

### ટાટા કેમિકલ્સ લી. મીઠાપુરને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લીઝથી આપેલ જમીન બાબત

* ૨૮૪૭૩ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ટાટા કેમિકલ્સ લી. મીઠાપુરને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ કેટલી જમીન લીઝથી તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ છે,

(૨) ઉકત ફાળવવામાં આવેલ જમીન લીઝોની મુદત ક્યારે પૂર્ણ થાય છે,

(૩) ઉકત લીઝો જે શરતોને આધીન આપવામાં આવી હોય

જવાબ

(૧) હેકટર ૭૩૧૬–૪૫–૯૭ આરે.

(૨)

| ક્રમ | જમીન (હે.આરે.ચો.મી.) | લીઝની મુદત પુરી થતી તારીખ |
|---|---|---|
| ૧ | ૧૭–૯૮–૬૨ | સને ૧૯૯૩ |
| ૨ | ૧–૪૩–૩૫ | તા.૨૯–૬–૨૦૧૮ |
| ૩ | ૬૫૩૬–૯૪–૦૦ | તા.૧૬–૧૧–૨૦૧૪ |
| ૪ | ૪૭૮–૨૦–૦૦ | તા.૨૮–૧૦–૨૦૦૪ |
| ૫ | ૧૬૦–૦૫–૦૦ | તા.૨૭–૧૦–૨૦૦૪ |
| ૬ | ૧૪–૧૬–૦૦ | તા.૨૯–૦૮–૧૯૯૩ |
| ૭ | ૧૦૭–૬૯–૦૦ | તા.૨૩–૧૨–૨૦૦૩ |

(૩) ના

તે શરતોને ઉક્ત સ્થિતિએ ભંગ થયેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૪) જો શરતો ભંગ થયેલ હોય કે પાલન ન થતું હોય તો સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લીધા ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ જિલ્લામાં જર્જરીત પંચાયત ઘરો

* ૨૭૫૦૮ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકા દીઠ કેટલી ગ્રામ પંચાયતના ઘર જર્જરીત છે,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતના ઘરની મરામત માટે મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે માટે સરકાર કેટલું અનુદાન આપશે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં જર્જરીત ગ્રામ પંચાયત

| ક્રમ | તાલુકો | જર્જરીત ગ્રામ પંચાયત |
|---|---|---|
| ૧ | વલસાડ | ૩૪ |
| ૨ | પારડી | ૧૬ |
| ૩ | ધરમપુર | ૩૬ |
| ૪ | ઉમરગામ | ૩૦ |
| ૫ | કપરાડા | ૨૯ |
| ૬ | વાપી | ૦૭ |
| | કુલ | ૧૫૨ |

(૨) તાલુકાવાર નીચે મુજબ ૨૭ ગ્રામ પંચાયતને મંજુરી આપેલ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર થયેલ જર્જરીત પરંતુ મરામતપાત્ર ગ્રામ પંચાયત |
|---|---|---|
| ૧ | વલસાડ | ૦૮ |
| ૨ | ધરમપુર | ૦૮ |
| ૩ | ઉમરગામ | ૦૮ |
| ૪ | કપરાડા | ૦૨ |
| ૫ | વાપી | ૦૧ |
| | કુલ | ૨૭ |

(૩) યુનિટ દીઠ મહત્તમ રૂ.૫.૦૦ લાખ.

---------

સુરત જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

* ૨૭૫૦૧ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઊધના) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં ડીસેમ્બર-૨૦૧૬ માં યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પહેલી, બીજી, ત્રીજી અને ચોથીવાર સમરસ થઈ, અને

(૩) ઉક્ત સમરસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાન્ટ પેટે કેટલી રકમ ચુકવવામાં આવે છે ?

જવાબ

(૧) ૯૬ (છન્નું)

(૨) પ્રથમવાર-૩૪
બીજીવાર-૧૬
ત્રીજીવાર-૧૪
ચોથીવાર-૩૨

(૩) સામાન્ય સમરસ ગ્રામ પંચાયતના કિસ્સામાં

| વસ્તી | પ્રથમ વખત રૂ. | સતત બીજી વખત રૂ. | સતત ત્રીજી વખત રૂ. | સતત ચોથી વખત રૂ. |
|---|---|---|---|---|
| ૫૦૦૦ સુધી | ૨,૦૦,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | ૬,૧૨,૫૦૦ | ૬,૫૦,૦૦૦ |
| ૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૭,૬૮,૭૫૦ | ૮,૦૦,૦૦૦ |

મહિલા સમરસ ગ્રામ પંચાયતના કિસ્સામાં

| વસ્તી | પ્રથમ વખત રૂ. | સતત બીજી વખત રૂ. | સતત ત્રીજી વખત રૂ. | સતત ચોથી વખત રૂ. |
|---|---|---|---|---|
| ૫૦૦૦ સુધી | ૩,૦૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૭,૬૮,૭૫૦ | ૮,૦૦,૦૦૦ |
| ૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૫,૦૦,૦૦૦ | ૮,૨૫,૦૦૦ | ૧૦,૮૧,૨૫૦ | ૧૧,૦૦,૦૦૦ |

---------

બનાસકાંઠા જિલ્લામાં પુરથી નુકશાન થયેલ શાળાઓની મરામતની કામગીરી

* ૨૭૧૫૩ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પુરથી નુકશાન થયેલ કેટલી શાળાઓની મરામત કામગીરી પુર્ણ થઈ, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી શાળાઓની મરામત કામગીરી બાકી છે અને તે કેટલા સમયમાં પુર્ણ થશે ?

**જવાબ**

(૧) ૩૦૯.

(૨) બાકી ૭ શાળાઓમાં મરામતની કામગીરી ૩૧ માર્ચ-૨૦૧૭ સુધીમાં પૂર્ણ થશે.

---------

### સાગબારા તાલુકામાં સ્વચ્છ ગુજરાત અભિયાન અંતર્ગત શૌચાલયોની મંજુરી

* ૨૯૧૩૨ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ઉભાટીયા ગામે સ્વચ્છ ગુજરાત અભિયાન અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલય મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉપરોક્ત સ્થિતિએ કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા,

(૩) તે પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૪) બાકીના શૌચાલય ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ઉભાટીયા ગામે સ્વચ્છ ગુજરાત અભિયાન અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૩૬ શૌચાલય મંજૂર કરવામાં આવ્યા.

(૨) કુલ ૨૩૨ શૌચાલય બનાવવામાં આવ્યા.

(૩) રૂ.૧૩,૦૪,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવ્યો.

(૪) સત્વરે.

---------

### રાજકોટ જિલ્લામાં ગુણોત્સવવાર નબળી જણાયેલ શાળાઓ

* ૨૯૭૦૫ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ (રાજકોટ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ગુણોત્સવવાર રાજકોટ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ નબળી અને અત્યંત નબળી જણાઈ, અને

(૨) ઉક્ત શાળાઓનું શિક્ષણ સુધારવા ઉક્ત સમયગાળામાં રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧)

| ગુણોત્સવ | નબળી શાળાઓ (સી-ગ્રેડ) | અત્યંત નબળી શાળાઓ (ડી-ગ્રેડ) |
|---|---|---|
| ગુણોત્સવ-૫ વર્ષ ૨૦૧૪-૧૫ | ૨૪૦ | ૩૪ |
| ગુણોત્સવ-૬ વર્ષ ૨૦૧૫-૧૬ | ૩૧ | ૨૫ |

(૨) સરકારે લીધેલાં પગલાં

| | |
|---|---|
| (૧) | ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય કરવામાં આવે છે અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે. |
| (૨) | જિલ્લાની દરેક પ્રાથમિક શાળામાં ૦ થી ૪ ગુણ ધરાવતા દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) | ધોરણ ૬ થી ૮ માં કઠીન મુદ્દાઓનું સરળીકરણ સી.આર.સી. બેઠકમાં કરવામાં આવે છે. |
| (૪) | દરેક શાળામાં અઠવાડિયામાં એકવાર રમતગમત/યોગ/વ્યાયામનું આયોજન કરવામાં આવે છે. |
| (૫) | શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરવામાં આવી છે. |
| (૬) | દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે. |
| (૭) | ગુણોત્સવ ગ્રેડ સુધારવા બાબતે જિલ્લાના તમામ સી.આર.સી. કો-ઓર્ડીનેટરોને સઘન તાલીમ આપવામાં આવી છે. |
| (૮) | દરેક શિક્ષકો વિષયવાર પ્રોજેક્ટસ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવે તેવું સઘન આયોજન કરવામાં આવ્યું છે. |
| (૯) | જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વાલીઓ સુધી પહોંચે તેવું આયોજન કરવામાં આવ્યું છે. |
| (૧૦) | ગુણવત્તા સુધારણા અંગે વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરાવવામાં આવે છે. |
| (૧૧) | આ બાબતોનું મોનીટરીંગ/હેન્ડ હોલ્ડીંગ પોતાના તાબાની શાળાઓમાં કરવા સી.આર.સી./ બી.આર.સી. કો-ઓર્ડીનેટરો તેમજ બીટ કેળવણી નિરીક્ષકોને જણાવવામાં આવેલ છે. |

---------

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

ભરૂચ જિલ્લામાં વિસ્તરણ અધિકારીની ખાલી જગ્યાઓ

* ૨૭૪૯૪ શ્રી દુષ્યંત પટેલ (ભરૂચ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં વિસ્તરણ અધિકારી (સહકાર) ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૬ જગ્યાઓ. |
| (૨) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ. |

---------

વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતને તાકીદનો ખર્ચ કરવા ફાળવેલ ગ્રાન્ટ

* ૨૭૫૨૦ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન કેટલી ગ્રામ પંચાયતોને તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાકીદનો ખર્ચ કરવા માટે કેટલા રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી ? | કુલ–૫૪૦ ગ્રામ પંચાયતોને કુલ રૂ. ૨૭,૦૦,૦૦૦/– (રૂપિયા સત્યાવીસ લાખ પૂરા)ની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી. |

---------

અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો પાસે શિક્ષણ ઉપરાંત અન્ય કામગીરી

* ૨૯૭૧૪ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં આવેલ પ્રાથમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો પાસેથી શિક્ષણ ઉપરાંત સરકાર દ્વારા શું શું અન્ય કામગીરી કરાવવામાં આવે છે ? | (૧) ચૂંટણીલક્ષી કામગીરી<br>(૨) વસ્તી ગણતરી અંગેની કામગીરી<br>(૩) બ્લોક લેવલ ઓફિસરની કામગીરી |

---------

મહિસાગર અને દાહોદ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા

* ૨૭૧૪૫ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને દાહોદ જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગના તાબાની કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) મહીસાગર જિલ્લામાં ૧ (એક)<br>દાહોદ જિલ્લામાં ૪ (ચાર) |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં ઉક્ત જિલ્લાવાર કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, | (૨) મહીસાગર જિલ્લામાં ૧૭૪ વિદ્યાર્થીઓ<br>દાહોદ જિલ્લામાં ૭૨૩ વિદ્યાર્થીઓ |
| (૩) ઉક્ત આદર્શ નિવાસી શાળાઓમાં ઉક્ત સ્થિતિએ ફીઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, મેથ્સ અને અંગ્રેજીના વિષયવાર શિક્ષકોની જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) |

| વિષય | મહીસાગર જિલ્લામાં | | દાહોદ જિલ્લામાં | |
|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ફિઝીક્સ | ૧ | ૦ | ૩ | ૧ |
| કેમેસ્ટ્રી | ૦ | ૧ | ૧ | ૩ |
| બાયોલોજી | ૦ | ૧ | ૨ | ૨ |
| મેથ્સ | ૦ | ૧ | ૦ | ૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) ઉક્ત ખાલી જગ્યાઓ અન્વયે હાલ તાસ પધ્ધતિથી અને પ્રવાસી શિક્ષકો દ્વારા શૈક્ષણિક કામગીરી લેવામાં આવે છે તથા દસ વર્ષિય ભરતી કેલેન્ડર અનુસાર જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |

---------

વલસાડ જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૨૭૩૮૮ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જીલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકની ઘટ છે, અને | (૧) |

| | | |
|---|---|---|
| વલસાડ | પ્રાથમિક | ૨ |
| | માધ્યમિક | ૧૩ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૩૪ |
| પારડી | પ્રાથમિક | ૧ |
| | માધ્યમિક | ૫ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૨૫ |
| વાપી | પ્રાથમિક | ૦ |
| | માધ્યમિક | ૨ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૨૭ |

| | | |
|---|---|---|
| ધરમપુર | પ્રાથમિક | ૮ |
| | માધ્યમિક | ૧૬ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૧૮ |
| ઉમરગામ | પ્રાથમિક | ૩૩ |
| | માધ્યમિક | ૧૫ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૩૪ |
| કપરાડા | પ્રાથમિક | ૯૭ |
| | માધ્યમિક | ૩૩ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૪૫ |

(૨) ઉક્ત ઘટ સત્વરે ભરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

(૨) પ્રાથમિક શિક્ષકો માટે વર્ષ ૨૦૧૫-૧૬માં ૬૫ જગાઓ સીધી ભરતીથી અને ૪૮ જગાઓ જીલ્લા ફેરબદલીથી ભરવામાં આવી છે. સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની કુલ-૧૩૩૫ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની કુલ-૪૨૦ ખાલી જગ્યાઓની જાહેરાત આપી છે. હાલ ભરતીની કાર્યવાહી ચાલુ છે.

---------

### પાટણ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ

* ૨૭૫૧૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) ૩૪૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) ભરાયેલ જગ્યાઓ ૨૫૦ અને ખાલી જગ્યાઓ ૯૭ છે. |
| (૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ ભરવા શું આયોજન છે ? | (૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ |

---------

### રાજકોટ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ

* ૨૭૫૧૪ શ્રી પ્રવિણભાઈ માંકડિયા (ધોરાજી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) ૫૭૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) ભરાયેલ જગ્યાઓ ૩૬૦ અને ખાલી જગ્યાઓ ૨૧૪ છે. |
| (૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ ભરવા શું આયોજન છે ? | (૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |

---------

### મહીસાગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં વર્ગ ખંડોની ઘટ

* ૨૭૦૧૬ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ છે અને કેટલા પ્રાથમિક ઓરડાઓ જર્જરીત છે, અને

જવાબ

(૧)

| તાલુકો | ખુટતા ઓરડાવાળી શાળાની સંખ્યા | ખુટતા ઓરડાની સંખ્યા | જર્જરીત ઓરડાવાળી શાળાની સંખ્યા | જર્જરીત ઓરડાની સંખ્યા |
|---|---|---|---|---|
| બાલાશીનોર | ૧૭ | ૪૦ | ૧૨ | ૪૩ |
| કડાણા | ૩૬ | ૬૧ | ૨૪ | ૬૩ |
| ખાનપુર | ૩૬ | ૬૭ | ૨૦ | ૪૯ |
| લુણાવાડા | ૪૬ | ૯૪ | ૩૬ | ૧૦૦ |
| સંતરામપુર | ૪૭ | ૭૭ | ૩૧ | ૮૬ |
| વિરપુર | ૧૨ | ૩૦ | ૨૫ | ૭૭ |

(૨) ઉક્ત ઓરડાઓની ઘટ પુરી કરવા તેમજ ઓરડાની મરામત કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા ?

(૨) વર્ષ ૨૦૧૫-૧૬માં

- ઘટ પુરી કરવા ૧૪૪ નવા ઓરડા બનાવવામાં આવ્યા.
- ૮૨ ઓરડાની મરામત કરવામાં આવી.

વર્ષ ૨૦૧૬-૧૭માં

- ઘટ પુરી કરવા ૧૪૮ નવા ઓરડાનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે.

- ૧૫૭ ઓરડાની મરામત કરવાનું કામ હાથ ધરવામાં આવેલ છે.

---------

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજનાને ફાળવેલ રકમ

* ૨૯૧૯૨ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૦-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને બનાસકાંઠા જીલ્લામાં મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી,

જવાબ

(૧) તા. ૩૦-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને બનાસકાંઠા જીલ્લામાં મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ ફાળવવામાં આવી.

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | સાબરકાંઠા જીલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ | બનાસકાંઠા જીલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ | કુલ મળેલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૧૫થી ૩૧-૧૨-૧૫ | ૩૬૩.૧૨ | ૧૫૭૩.૩૩ | ૧૯૩૬.૪૫ |
| ૨ | ૦૧-૦૧-૧૬થી ૩૧-૧૨-૧૬ | ૧૨૦૧.૪૩ | ૪૭૬૯.૬૪ | ૫૯૭૧.૦૭ |
| | કુલ | ૧૫૬૪.૫૫ | ૬૩૪૨.૯૭ | ૭૯૦૭.૫૨ |

(૨) તે અન્વયે ઉક્ત જીલ્લાવાર વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) જીલ્લાવાર વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | સાબરકાંઠા જીલ્લામાં થયેલ ખર્ચ | બનાસકાંઠા જીલ્લામાં થયેલ ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૧૫થી ૩૧-૧૨-૧૫ | ૩૬૩.૧૨ | ૧૫૭૩.૩૩ | ૧૯૩૬.૪૫ |
| ૨ | ૦૧-૦૧-૧૬થી ૩૧-૧૨-૧૬ | ૧૨૦૧.૪૩ | ૪૭૬૯.૬૪ | ૫૯૭૧.૦૭ |
| | કુલ | ૧૫૬૪.૫૫ | ૬૩૪૨.૯૭ | ૭૯૦૭.૫૨ |

(૩) તે અન્વયે ઉક્ત જીલ્લાવાર વર્ષવાર કેટલા માનવદિન રોજગારી મળી ?

(૩) જીલ્લાવાર વર્ષવાર નીચે મુજબ માનવદિન રોજગારી મળેલ છે.

(સંખ્યા લાખમાં)

| ક્રમ | વર્ષ | સાબરકાંઠા જીલ્લામાં થયેલ માનવદિન | બનાસકાંઠા જીલ્લામાં થયેલ માનવદિન | કુલ થયેલ માનવદિન |
|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૧૫થી ૩૧-૧૨-૧૫ | ૨.૦૬ | ૭.૯૩ | ૯.૯૯ |
| ૨ | ૦૧-૦૧-૧૬થી ૩૧-૧૨-૧૬ | ૬.૮૨ | ૧૬.૫૧ | ૨૩.૩૩ |
| | કુલ | ૮.૮૮ | ૨૪.૪૪ | ૩૩.૩૨ |

---------

વડોદરા જિલ્લામાં મુખ્ય સેવિકાની ખાલી જગ્યાઓ

* ૨૭૪૯૨ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં મુખ્ય સેવિકાની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૨૨ |
| (૨) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૨) શક્ય એટલી વહેલી |

---------

અમરેલી જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમ

* ૨૮૯૩૧ શ્રી પરેશભાઈ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૦૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ ક્યારે યોજવામાં આવેલ, અને | (૧) |

| | |
|---|---|
| ૨૦૧૫-૧૬ | તા. ૦૭-૦૧-૨૦૧૬<br>તા. ૦૮-૦૧-૨૦૧૬<br>તા. ૦૯-૦૧-૨૦૧૬ |
| ૨૦૧૬-૧૭ | તા. ૧૬-૦૧-૨૦૧૭<br>તા. ૧૭-૦૧-૨૦૧૭<br>તા. ૧૮-૦૧-૨૦૧૭ |

(૨) ઉપરોક્ત વર્ષવાર ઉક્ત ગુણોત્સવ કાર્યક્રમમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓ નબળી, અત્યંત નબળી (સી કે ડી ગ્રેડ) જણાઈ આવેલ ?

(૨)

| તાલુકાનું નામ | ૨૦૧૫-૧૬ | | ૨૦૧૬-૧૭ | |
|---|---|---|---|---|
| | સી ગ્રેડ | સી ગ્રેડ | સી ગ્રેડ | ડી ગ્રેડ |
| અમરેલી | ૦૦ | ૦૨ | તા. ૧૬, ૧૭ અને ૧૮-૦૧-૨૦૧૭ દરમ્યાન યોજાયેલ ગુણોત્સવનું પરિણામ પ્રસિધ્ધ કરવામાં આવેલ ન હોવાથી હાલ વિગતો ઉપલબ્ધ નથી. | |
| લાઠી | ૦૦ | ૦૦ | | |
| લીલીયા | ૦૧ | ૦૧ | | |
| બાબરા | ૦૨ | ૦૧ | | |
| કુંકાવાવ | ૦૧ | ૦૧ | | |
| બગસરા | ૦૦ | ૦૦ | | |
| ધારી | ૦૫ | ૦૮ | | |
| ખાંભા | ૦૫ | ૦૫ | | |
| રાજુલા | ૦૩ | ૦૦ | | |
| જાફરાબાદ | ૦૫ | ૦૩ | | |

---------

આણંદ જિલ્લામાં ગ્રામસેવકોનું મહેકમ

* ૨૮૦૮૮ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ગ્રામસેવકોનું કેટલું મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૪૧ | ૩૨ |
| ૨ | બોરસદ | ૪૬ | ૩૧ |
| ૩ | આંકલાવ | ૧૮ | ૧૨ |
| ૪ | ઉમરેઠ | ૧૬ | ૧૧ |
| ૫ | ખંભાત | ૨૭ | ૧૫ |
| ૬ | તારાપુર | ૧૫ | ૫ |
| ૭ | સોજીત્રા | ૧૫ | ૧૦ |
| ૮ | પેટલાદ | ૩૦ | ૨૩ |
| | કુલ | ૨૦૮ | ૧૩૯ |

(૨) ઉકત તમામ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

નવસારી જિલ્લામાં ચેકડેમ અને વનતલાવડી

* ૨૯૦૫૩ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) નવસારી જિલ્લામાં વન વિભાગ દ્ધારા વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કેટલા ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૧) ચેકડેમ-૧૦
વન તલાવડી-શુન્ય.

(૨) આ ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) કુલ રૂ.૪૮.૮૪ લાખ.

---------

માંડવી અને માંગરોળ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૨૯૦૫૭ શ્રી હર્ષ સંઘવી (મજૂરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) સુરત જિલ્લાના માંડવી અને માંગરોળ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) ૨૬૦૮ હેકટર.

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૧૦૯૩.૧૯ લાખ.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના

* ૨૭૫૨૯ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના ક્યા વર્ષથી અમલમાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને ઉકત યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવી ?

જવાબ

(૧) સને ૨૦૧૪–૧૫ થી અમલમાં આવેલ છે.

(૨) કુલ–૨૩૯ (બસો ઓગણચાલીસ) છેલ્લા એક વર્ષમાં નીચેના ગામોને આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાલીયા | ૮૬ |
| ૨ | ભાણવડ | ૫૨ |
| ૩ | કલ્યાણપુર | ૬૨ |
| ૪ | દ્વારકા | ૩૯ |
| | કુલ | ૨૩૯ |

---------

અમદાવાદ જિલ્લામાં મિટીંગો માટે થનાર સરભરા ખર્ચ

* ૨૭૪૮૮ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતનાં સંકલિત વિકાસ પ્રવૃત્તિ અને ગામની વિકાસ માટે મળનાર તલાટી તથા નિવૃત્ત કર્મચારી/અધિકારીની મિટીંગો માટે થનાર સરભરા ખર્ચ માટે તાલુકાવાર કેટલી રકમ ચુકવવામાં આવી, અને

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ રકમ ચુકવવામાં આવી.

| તાલુકાનું | ફાળવેલ ગ્રાન્ટ | | કુલ ફાળવેલ |
|---|---|---|---|
| નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ગ્રાન્ટ |
| માંડલ | ૫૪૦૦૦ | ૧૦૮૦૦૦ | ૧૬૨૦૦૦ |
| દેત્રોજ | ૬૯૦૦૦ | ૧૩૮૦૦૦ | ૨૦૭૦૦૦ |
| વિરમગામ | ૧૦૦૫૦૦ | ૨૦૧૦૦૦ | ૩૦૧૫૦૦ |
| સાણંદ | ૧૦૨૦૦૦ | ૨૦૪૦૦૦ | ૩૦૬૦૦૦ |
| દસ્ક્રોઈ | ૯૧૫૦૦ | ૧૮૩૦૦૦ | ૨૭૪૫૦૦ |
| ધોળકા | ૯૭૫૦૦ | ૧૯૫૦૦૦ | ૨૯૨૫૦૦ |
| બાવળા | ૭૦૫૦૦ | ૧૪૧૦૦૦ | ૨૧૧૫૦૦ |
| ધંધુકા | ૬૧૫૦૦ | ૧૨૩૦૦૦ | ૧૮૪૫૦૦ |
| ધોલેરા | ૪૬૫૦૦ | ૯૩૦૦૦ | ૧૩૯૫૦૦ |
| બરવાળા | ૩૭૫૦૦ | ૦ | ૩૭૫૦૦ |
| રાણપુર | ૪૬૫૦૦ | ૦ | ૪૬૫૦૦ |

(૨) આ યોજના હેઠળ તાલુકાવાર કેટલી મિટીંગ યોજવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ મિટીંગ યોજવામાં આવી.

| તાલુકાનું | થયેલ મિટીંગ | | કુલ |
|---|---|---|---|
| નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | |
| માંડલ | ૧૦૮ | ૧૦૮ | ૨૧૬ |
| દેત્રોજ | ૧૩૮ | ૧૩૮ | ૨૭૬ |
| વિરમગામ | ૨૦૧ | ૨૦૧ | ૪૦૨ |
| સાણંદ | ૨૦૪ | ૨૦૪ | ૪૦૮ |
| દસ્ક્રોઈ | ૧૮૩ | ૧૮૩ | ૩૬૬ |
| ધોળકા | ૧૯૫ | ૧૯૫ | ૩૯૦ |
| બાવળા | ૧૪૧ | ૧૪૧ | ૨૮૨ |
| ધંધુકા | ૧૨૩ | ૧૨૩ | ૨૪૬ |
| ધોલેરા | ૯૩ | ૯૩ | ૧૮૬ |
| બરવાળા | ૭૫ | ૦ | ૭૫ |
| રાણપુર | ૯૩ | ૦ | ૯૩ |

---------

સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદનો ખર્ચ કરવા ફાળવેલ ગ્રાન્ટ

* ૨૭૫૧૯ શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા (કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન કેટલી ગ્રામ પંચાયતોને તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાકીદનો ખર્ચ કરવા માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી ?

જવાબ

કુલ–૫૬૫ ગ્રામ પંચાયતોને કુલ રૂ.૨૮,૨૫,૦૦૦/– (રૂપિયા અઠ્ઠાવીસ લાખ પચ્ચીસ હજાર) ની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી.

---------

# અતારાંકિત પ્રશ્નો

## બોટાદ જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો

* ૨૭૫૦૨ ડૉ. ટી.ડી.માણીયા (બોટાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૬ની અંતિત બોટાદ જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલી ગ્રામ પંચાયતો છે, અને

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોટાદ | ૫૦ |
| ૨ | ગઢડા | ૭૪ |
| ૩ | રાણપુર | ૩૪ |
| ૪ | બરવાળા | ૨૨ |
| | કુલ | ૧૮૦ |

(૨) તે પૈકી ૮ ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોટાદ | ૦૦ |
| ૨ | ગઢડા | ૦૭ |
| ૩ | રાણપુર | ૦૧ |
| ૪ | બરવાળા | ૦૦ |
| | કુલ | ૦૮ |

---------

## અમદાવાદ જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપમાં આચરવામાં આવતી ગેરરીતિ

* ૨૯૦૪૭ શ્રી ભુષણ ભટ્ટ (ખાડીયા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પેટ્રોલ/ ડીઝલ પંપની તપાસણી કરવામાં આવેલ છે,

(૨) ઉકત તપાસણી દરમિયાન કેટલા પંપોમાં ક્યા પ્રકારની ગેરરીતિ ધ્યાનમાં આવેલ, અને

(૩) તે અન્વયે શાં પગલાં લીધેલ છે ?

જવાબ

(૧) ૫૧૨

(૨) (૧) જથ્થો ઓછો આપવા બાબત–૪
(૨) પંપ ફેર ચકાસણી/મુદ્રાંકન ન કરાવવા બાબત–૨
(૩) કોનીકલ માપ ન વસાવવા બાબત–૨

(૩) ૭ (સાત) પેટ્રોલ/ડીઝલ પંપ સામે ધી લીગલ મેટ્રોલોજી એકટ–૨૦૦૯ તથા ધી ગુજરાત લીગલ મેટ્રોલોજી (અમલીકરણ) નિયમ–૨૦૧૧ ના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુન્હા માંડવાળ ફી પેટે કુલ રૂ.૭૮૫૦૦/– (અંકે રૂપિયા ઈઠયોતેર હજાર પાંચસો પુરા) વસુલ કરવામાં આવેલ છે. જ્યારે ૧ પંપ દ્વારા ત્રણ વર્ષમાં બીજો ગુનો હોઈ નામ. કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.

---------

## ''મા અન્નપુર્ણા યોજના'' હેઠળ પંચમહાલ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

* ૨૯૦૧૮ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ પંચમહાલ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) નો અમલ રાજ્યમાં તા.૧–૪–૧૬ થી કરવામાં આવેલ છે.

તેથી પંચમહાલ જિલ્લામાં તા.૧–૪–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૧૬ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજના જથ્થાનું વિતરણ નીચે મુજબ કરવામાં આવેલ છે.

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | યોજના | ઘઉં | ચોખા | કુલ વિતરણ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય અન્ન યોજના (AAY) | ૭૧૨૯ | ૧૬૬૮ | ૮૭૯૭ |
| ૨ | અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | ૪૦૮૮૭ | ૧૦૨૪૬ | ૫૧૧૩૩ |
| | કુલ | ૪૮૦૧૬ | ૧૧૯૧૪ | ૫૯૯૩૦ |

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા અને પ્રમાણ ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

- એપ્રિલ–૧૬ થી સપ્ટેમ્બર–૧૬ સુધીઃ–

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | |
| | | વિતરણ પ્રમાણ કાર્ડદીઠ (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) | વિતરણ પ્રમાણ વ્યક્તિદીઠ (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) |
| ૧ | ઘઉં | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૪.૨૫૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૫.૦૦૦ | ૩.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

- ઓકટોબર–૧૬ થી ડિસેમ્બર–૧૬ સુધીઃ–

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | |
| | | વિતરણ પ્રમાણ કાર્ડદીઠ (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) | વિતરણ પ્રમાણ વ્યક્તિદીઠ (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) |
| ૧ | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૩.૫૦૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

---------

## સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૮૯૮૯ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછા રોડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, | (૧) ૯ (નવ). |
| (૨) ઉકત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ છે, અને | (૨) ૧૦૯૯ વિદ્યાર્થીઓ. |
| (૩) તેમને ક્યા લાભ આપવામાં આવે છે ? | (૩) રહેવા, જમવા તથા અભ્યાસની વિના મુલ્યે સુવિધા. |

---------

## ડાંગ જિલ્લામાં સિઝનલ હોસ્ટેલો અને તેમાં બાળકોની સંખ્યા

* ૨૭૯૯૨ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર સીઝનલ હોસ્ટેલો કેટલી છે, અને

(૧)

| તાલુકા | સિઝનલ હોસ્ટેલોની સંખ્યા |
|---|---|
| આહવા | ૫૫ |
| સુબીર | ૭૯ |
| વઘઈ | ૩૯ |
| કુલ | ૧૭૩ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચાલતી આ સીઝનલ હોસ્ટેલ દીઠ બાળકોની સંખ્યા કેટલી છે ?

(૨) *પત્રક મુજબ

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## સાબરકાંઠા જિલ્લાની ગ્રામ પંચાયતમાં સરપંચશ્રીને તાકીદનાં અને લોકોના અગત્યના કામો માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૭૪૮૫ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓને તાકીદનાં અને લોકો ઉપયોગ અગત્યનાં કામો માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવી ? | (૨) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ રકમ ફાળવવામાં આવી. |

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | |
|---|---|---|---|
| | | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ |
| ૧ | ઈડર | ૯૬૦૦૦૦ | ૪૮૦૦૦૦ |
| ૨ | હિંમતનગર | ૯૭૦૦૦૦ | ૪૮૫૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | વિજયનગર | ૩૧૦૦૦૦ | ૧૫૫૦૦૦ |
| ૪ | તલોદ | ૬૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૫ | ખેડબ્રહ્મા | ૩૨૦૦૦૦ | ૧૬૦૦૦૦ |
| ૬ | વડાલી | ૪૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| ૭ | પ્રાંતિજ | ૫૮૦૦૦૦ | ૨૯૦૦૦૦ |
| ૮ | પોશીના | ૧૭૦૦૦૦ | ૮૫૦૦૦ |
| | કુલ | ૪૩,૧૦,૦૦૦ | ૨૧,૫૫,૦૦૦ |

---------

બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ માટેની અરજીઓ

* ૨૯૪૧૩ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બી.પી.એલ. કાર્ડ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના કારણો શાં છે ?

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બી.પી.એલ. કાર્ડ માટે છેલ્લા બે વર્ષમાં કુલ-૭૯૨૯ અરજીઓ મળી હતી.

(૨) મળેલ અરજીઓ પૈકી ૭૭૮૦ અરજીઓ મંજુર કરવામાં આવી.

(૩) ૧૪૯ અરજીઓ નામંજુર કરવામાં આવી.

અરજીઓ નામંજુર કરવાના કારણો નીચે મુજબ છે.

(૧) બીપીએલ યાદીમાં ૦ થી ૧૬ના સ્કોર સિવાયની અરજીઓ હોવાથી.

(૨) અરજીમાં અધુરી વિગત હોવાથી.

(૩) આધારપુરાવા રજુ ન કરવાથી.

(૪) જોગવાઈ અનુસાર પાત્રતા ધરાવતા ન હોવાથી.

---------

ભાવનગર જિલ્લામાં મિટીંગો માટે થનાર સરભરા ખર્ચ

* ૨૭૪૮૭ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જીલ્લામાં ગ્રામ પંચાયતના સંકલિત વિકાસ અને ગામની વિકાસ પ્રવૃત્તિ માટે મળનાર તલાટી તથા નિવૃત્ત કર્મચારી/અધિકારીની મિટીંગો માટે થનાર સરભરા ખર્ચ માટે તાલુકાવાર કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૨) આ યોજના હેઠળ તાલુકાવાર કેટલી મિટીંગો યોજવામાં આવી ?

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ રકમ ચૂકવવામાં આવી.

| તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | |
| ભાવનગર | ૮૪૦૦૦ | ૧૫૩૦૦૦ | ૨૩૭૦૦૦ |
| ઘોઘા | ૫૪૦૦૦ | ૧૦૮૦૦૦ | ૧૬૨૦૦૦ |
| તળાજા | ૧૭૨૫૦૦ | ૩૪૫૦૦૦ | ૫૧૭૫૦૦ |
| મહુવા | ૧૯૬૫૦૦ | ૩૪૨૦૦૦ | ૫૩૮૫૦૦ |
| શિહોર | ૧૧૭૦૦૦ | ૨૩૪૦૦૦ | ૩૫૧૦૦૦ |
| ગારીયાધાર | ૭૫૦૦૦ | ૧૪૪૦૦૦ | ૨૧૯૦૦૦ |
| પાલીતાણા | ૧૩૩૫૦૦ | ૨૩૪૦૦૦ | ૩૬૭૫૦૦ |
| ગઢડા | ૧૧૧૦૦૦ | ૦ | ૧૧૧૦૦૦ |
| બોટાદ | ૭૫૦૦૦ | ૦ | ૭૫૦૦૦ |
| વલ્લભીપુર | ૭૯૫૦૦ | ૧૫૯૦૦૦ | ૨૩૮૫૦૦ |
| ઉમરાળા | ૬૪૫૦૦ | ૧૨૯૦૦૦ | ૧૯૩૫૦૦ |
| જેસર | ૦ | ૧૨૦૦૦૦ | ૧૨૦૦૦૦ |

(૨) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ મિટીંગો યોજવામાં આવી.

| તાલુકાનું નામ | થયેલ મિટીંગ | | કુલ |
|---|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | |
| ભાવનગર | ૧૬૮ | ૧૫૩ | ૩૨૧ |
| ઘોઘા | ૧૦૮ | ૧૦૮ | ૨૧૬ |
| તળાજા | ૩૪૫ | ૩૪૫ | ૬૯૦ |
| મહુવા | ૩૯૩ | ૩૪૨ | ૭૩૫ |
| શિહોર | ૨૩૪ | ૨૩૪ | ૪૬૮ |
| ગારીયાધાર | ૧૫૦ | ૧૪૪ | ૨૯૪ |
| પાલીતાણા | ૨૬૭ | ૨૩૪ | ૫૦૧ |
| ગઢડા | ૨૨૨ | ૦ | ૨૨૨ |
| બોટાદ | ૧૫૦ | ૦ | ૧૫૦ |
| વલ્લભીપુર | ૧૫૯ | ૧૫૯ | ૩૧૮ |

| | | | |
|---|---|---|---|
| ઉમરાળા | ૧૨૯ | ૧૨૯ | ૨૫૮ |
| જેસર | ૦ | ૧૨૦ | ૧૨૦ |
| કુલ | ૨૩૨૫ | ૧૯૬૮ | ૪૨૯૩ |

---------

ભાવનગર શહેરમાં નિવૃત્ત સૈનિકોને આપેલ રહેણાંકની જમીનને નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા બાબત

* ૨૮૫૪૯ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૧૫-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર શહેરમાં નિવૃત્ત સૈનિકોને માટે રહેણાંકની જમીન આપવામાં આવી છે તે મિલેટ્રી સોસાયટીની જમીનને નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપવા ક્યારે પરિપત્ર કરેલ છે, અને

(૨) આ પરિપત્ર મુજબ કેટલા અરજદારોને ઉક્ત સ્થિતિ સુધીમાં તેમની જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપવામાં આવશે ?

જવાબ

(૧) આવો કોઈ પરિપત્ર કરવામાં આવેલ નથી પરંતુ તા. ૨-૦૧-૧૯૯૮ના રોજ યાદી કરેલ છે.

(૨) બાબત સરકારની વિચારણા હેઠળ છે.

---------

સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજનામાં ટુલકીટ

* ૨૯૦૧૦ શ્રી રણજીત ગીલીટવાલા (સુરત-પૂર્વ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કયા પ્રકારની ટુલકીટ મંજુર કરવામાં આવી ?

જવાબ

(૧) અને (૨) : સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ અને તે પૈકી મંજુર થયેલ અરજીઓ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓ | મંજુર થયેલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સુરત સીટી | ૮૯૭ | ૮૩૨ |
| ૨ | ચોર્યાસી | ૧૦૩ | ૯૨ |
| ૩ | પલસાણા | ૨૨૨ | ૧૮૦ |
| ૪ | કામરેજ | ૨૦૦ | ૧૯૮ |
| ૫ | ઓલપાડ | ૭૪૨ | ૭૧૫ |
| ૬ | બારડોલી | ૯૫૪ | ૮૮૬ |
| ૭ | મહુવા | ૨૪૭ | ૧૮૮ |
| ૮ | માંડવી | ૬૦૯ | ૫૯૩ |
| ૯ | માંગરોલ | ૬૯૪ | ૬૫૭ |
| ૧૦ | ઉમરપાડા | ૧૧૧૦ | ૧૦૫૯ |
| | કુલ | ૫૭૭૮ | ૫૪૦૦ |

(૩) વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૬ અન્વયે *જોડાણ-૧ અને *જોડાણ-૨ મુજબની ટુલકીટ મંજુર કરવામાં આવી.

(*જોડાણો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ

* ૨૮૭૯૨ શ્રી મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ક્યારથી અમલમાં છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જીલ્લામાં જીલ્લાવાર કેટલાં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૨ થી.

(૨)

| જિલ્લો | આપેલ પ્રવેશ | |
|---|---|---|
| | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| દાહોદ | ૨૬૬ | ૨૮૪ |

---------

મહેસાણા જિલ્લામાં ઘરથાળના પ્લોટ

* ૨૯૮૪૫ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ઘરથાળના પ્લોટ માટે મળેલ |
|---|---|---|

| | | અરજીઓ |
|---|---|---|
| ૧ | વિજાપુર | ૭૩ |
| ૨ | મહેસાણા | ૧૮૩ |
| ૩ | વિસનગર | ૬૭ |
| ૪ | બેચરાજી | ૮૩ |
| ૫ | જોટાણા | ૧૬ |
| ૬ | ખેરાલુ | ૩૦ |
| ૭ | ઉંઝા | ૫ |
| ૮ | કડી | ૨૭૬ |
| ૯ | વડનગર | ૧૯ |
| ૧૦ | સતલાસણા | ૫૦૧ |
| | કુલ | ૧૨૫૩ |

(૨) ઉક્ત અરજીઓ પૈકી વર્ષવાર કેટલા અરજદારોને ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવ્યા અને કેટલા અરજદારોને ફાળવવાના બાકી છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ પૈકી મંજૂર થયેલ અરજીઓ અન્વયે ઘરથાળના ફાળવેલ અને ફાળવવાના બાકી પ્લોટની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ-૨૦૧૫ | | વર્ષ-૨૦૧૬ | |
|---|---|---|---|---|---|
| | | લાભાર્થીને ફાળવેલ પ્લોટ | ફાળવવાના બાકી પ્લોટ | લાભાર્થીને ફાળવેલ પ્લોટ | ફાળવવાના બાકી પ્લોટ |
| ૧ | વિજાપુર | ૫૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | મહેસાણા | ૩૯ | ૦ | ૩૫ | ૦ |
| ૩ | વિસનગર | ૩૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | બેચરાજી | ૪૪ | ૦ | ૩૨ | ૦ |
| ૫ | જોટાણા | ૨ | ૦ | ૦ | ૦ |
| ૬ | ખેરાલુ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ઉંઝા | ૪ | ૦ | ૦ | ૦ |
| ૮ | કડી | ૧૬૧ | ૦ | ૨૫ | ૦ |
| ૯ | વડનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | સતલાસણા | ૩૭ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૩૬૭ | ૦ | ૯૨ | ૦ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતાં અરજદારોને સરકાર કેટલા સમયમાં ઘરથાળના પ્લોટ ફાળવવા માંગે છે ?

(૩) બાકી રહેતા અરજદારોને હવે મળનાર લેન્ડ કમીટીની બેઠકમાં પાત્રતાની ચકાસણી બાદ પ્લોટ ફાળવણી અંગે નિર્ણય લેવામાં આવશે.

---------

મહુવા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૯૦૫૧ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૧) ૭૦૨.૩૦ હેક્ટર.

(૨) તે પૈકી મહુવા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) ૬૦ હેક્ટર.

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ. ૫૪.૭૫ લાખ.

---------

છોટા ઉદેપુર જિલ્લામાં રી-સર્વેની કામગીરી બાબત

* ૨૭૦૪૮ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૧૫-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં જમીનની રી-સર્વેની કામગીરી તાલુકાવાર કયા તબક્કામાં છે,

(૧) તા. ૧૫-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર જમીનની રી-સર્વેની કામગીરી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | માપણી કરેલ ગામ | આખરી રેકર્ડ તૈયાર કરેલ ગામ | પ્રમોલગેશન ગામ |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૪૧ | ૫૭ | ૦૩ |
| ૨ | પાવી જેતપુર | ૧૨૧ | ૦૯ | ૦૩ |
| ૩ | બોડેલી | ૧૫૨ | ૦૧ | ૦૦ |
| ૪ | સંખેડા | ૧૧૮ | ૦૦ | ૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | નસવાડી | ૨૧૮ | ૦૦ | ૦૦ |
| ૬ | ક્વાંટ | ૧૩૧ | ૦૦ | ૦૦ |
| કુલ | | ૮૮૧ | ૬૭ | ૦૬ |

(૨) ઉક્ત રી–સર્વે અન્વયેની ૭/૧૨ ની નકલો કેટલા ખેડૂતોને આપવાની બાકી છે, અને

(૨) છોટા ઉદેપુર જિલ્લામાં કુલ ૮૮૧ ગામો પૈકી ૫૧૮ ગામોમાં ખેડુત ખાતેદારને લેન્ડ પાર્સલ મેપ (ખેતરના નકશા સાથે) ની વહેંચણી કરેલ છે. રેકર્ડ પ્રમોલગેશન દરમ્યાન કુલ ૬ ગામોમાં ગામ નમુના નંબર–૦૭ પ્રસિધ્ધ કરેલ છે.

(૩) ઉક્ત રી–સર્વેની કામગીરીમાં ભૂલ કે ક્ષતિ બાબતે ઉક્ત સ્થિતિ સુધીમાં તાલુકાવાર કેટલા વાંધા આવેલ છે અને તે પૈકી કેટલા વાંધાનો નિકાલ કરેલ છે ?

(૩) ઉક્ત રીસર્વેનીકામગીરીમાં ભૂલ કે ક્ષતિ બાબતે ઉક્ત સ્થિતિ સુધીમાં તાલુકાવાર આવેલ વાંધા અને તે પૈકી નિકાલ કરેલ વાંધાની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | આવેલ રજુઆત/ વાંધાની સંખ્યા | નિકાલ કરેલ રજુઆત/વાંધાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬૮૬૧ | ૬૮૬૧ |
| ૨ | પાવી જેતપુર | ૧૩૫૮૩ | ૮૨૯૯ |
| ૩ | બોડેલી | ૪૬૭૫ | ૧૪૪૯ |
| ૪ | સંખેડા | ૧૩૭૭ | ૦૦ |
| ૫ | નસવાડી | ૨૫૪૬ | ૫૪૨ |
(૧) મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા. (સંખ્યામાં)

| ક્રમ | તાલુકો | તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ સુધી બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયની સંખ્યા | તા. ૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ સુધી બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | હળવદ | ૧૦૨૦ | ૬૨૮૦ | ૭૩૦૦ |
| ૨ | માળીયા | ૬૦૧ | ૧૬૩૩ | ૨૨૩૪ |
| ૩ | મોરબી | ૧૫૭૩ | ૫૨૦૮ | ૬૭૮૧ |
| ૪ | ટંકારા | ૧૪૬૪ | ૬૪૬૦ | ૭૯૨૪ |
| ૫ | વાંકાનેર | ૧૮૩૪ | ૩૬૬૭ | ૫૫૦૧ |
| | કુલ | ૬૪૯૨ | ૨૩૨૪૮ | ૨૯૭૪૦ |

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો. (રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકો | તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ ખર્ચ | તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ ખર્ચ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | હળવદ | ૭૭.૮૬ | ૧૮૭.૩૨ | ૨૬૫.૧૮ |
| ૨ | માળીયા | ૪૮.૫૪ | ૯૭.૪૪ | ૧૪૫.૯૮ |
| ૩ | મોરબી | ૯૧.૪૪ | ૪૬૩.૨૦ | ૫૫૪.૬૪ |
| ૪ | ટંકારા | ૮૯.૮૯ | ૨૩૦.૩૪ | ૩૨૦.૨૩ |
| ૫ | વાંકાનેર | ૧૪૯.૨૦ | ૫૪૧.૧૯ | ૬૯૦.૩૯ |
| | કુલ | ૪૫૬.૯૩ | ૧૫૧૯.૪૯ | ૧૯૭૬.૪૨ |

---------

### વલસાડ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની સરકારી, સેલ્ફ ફાયનાન્સ ગ્રાન્ટેડ કોલેજો

* ૨૯૮૫૮ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કેટલી સરકારી, સેલ્ફ ફાયનાન્સ કે ગ્રાન્ટેડ કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ વિજ્ઞાન પ્રવાહની કોલેજ કાર્યરત ન હોય તેવા તાલુકાઓ કેટલા છે, અને

(૩)ઉક્ત તાલુકાઓમાં સરકાર ક્યાં સુધીમાં કોલેજ અંગે મંજૂરી આપવા માંગે છે?

જવાબ

(૧) પત્રક-૧ મુજબ

(૨) (૦૧) એક

(૩) ગ્રાન્ટેડ કે સેલ્ફ ફાયનાન્સ કોલેજ ન હોય ત્યાં બજેટની મર્યાદામાં સ્થાનિક જરૂરિયાત અને ભૌગોલિક સ્થિતિ ધ્યાને લઇ જરૂર જણાશે તો વિચારણા કરાશે.

પત્રક-૧

| ક્રમ | તાલુકાનું નામ | આર્ટસ પ્રવાહ | | | કોમર્સ પ્રવાહ | | | વિજ્ઞાન પ્રવાહ | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી | ગ્રાન્ટ ઇન એઇડ | સ્વનિર્ભર | સરકારી | ગ્રાન્ટ ઇન એઇડ | સ્વનિર્ભર | સરકારી | ગ્રાન્ટ ઇન એઇડ | સ્વનિર્ભર | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) |
| ૧ | વલસાડ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૨ | વાપી | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ | ૦ | ૦ | ૩ | ૮ |
| ૩ | કપરાડા | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૪ | ઉમરગામ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૩ |
| ૫ | પારડી | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૩ |
| ૬ | ધરમપુર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ |
| | કુલ | ૨ | ૫ | ૦ | ૧ | ૪ | ૪ | ૨ | ૧ | ૫ | ૨૪ |

---------

### સુરત જિલ્લામાં તોલમાપ તંત્ર દ્રારા વધારે કિંમત લેનાર વ્યાપારી એકમો સામે પગલાં

* ૨૯૦૪૩ શ્રી મુકેશભાઇ પટેલ (ઓલપાડ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) સુરત જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસુલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમોની તપાસણી કરવામાં આવેલ

(૧) ૯૮૩

(૨) તે તપાસણી દરમ્યાન ઉક્ત ગેરરીતિ ધ્યાનમાં આવેલ છે કે કેમ, અને

(૨) હા જી. ૩૫ એકમો વધુ ભાવ લેતાં જણાયા.

(૩) ઉક્ત ગેરરીતિ નિવારવા માટે શાં પગલાં લીધેલ છે?

(૩) ઉક્ત ૩૫ એકમો સામે છાપેલ કિંમત કરતાં વધુ ભાવ લેવા અંગે પ્રોસીક્યુશન કેસ કરવામાં આવેલ છે, અને કુલ રૂ.૭૦,૦૦૦/- (અંકે રૂપિયા સિત્તેર હજાર પુરા)ગુના માંડવાળ ફી પેટે વસુલ કરવામાં આવેલ છે.
જીલ્લામાં વિભાગીય નિરીક્ષકો દ્વારા ઓચિંતી મુલાકાતો, સઘન ઝુંબેશો યોજી આવી ગેરરીતિ નિવારવાના પ્રયત્નો કરવામાં આવે છે.

---------

ગાંધીનગર જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં ચૂકવેલ સબસીડી

* ૨૭૮૦૬ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ ધિરાણો મેળવેલા કેટલા લાભાર્થીઓને સબસીડી ચૂકવવામાં આવી છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ ધિરાણો મેળવેલા નીચે મુજબ લાભાર્થીઓને સબસીડી ચૂકવવામાં આવી છે.

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૯૫ |
| ૨ | કલોલ | ૪૮૪ |
| ૩ | માણસા | ૪૦૬ |
| ૪ | દહેગામ | ૩૪૪ |
| કુલ | | ૧૬૨૯ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા લાભાર્થીઓને સબસીડીની રકમ ચૂકવાઈ નથી તથા તેમને કેટલા સમયમાં સબસીડીની રકમ ચૂકવાશે?

(૨) (અ)ઉક્ત સ્થિતિએ કુલ ૭૪૪ લાભાર્થીઓને સબસીડી ની રકમ ચૂકવવાની બાકી છે.

(બ) સબસીડીની રકમ નિયમોનુસાર ૧૫ ટકા યુનિટ વેરીફિકેશન (એકમ ચકાસણી) કરી અગ્રતાના ધોરણે ચુકવવામાં આવે છે.

---------

વલસાડ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં સહાય

* ૨૯૦૧૩ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) વલસાડ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૧) અને (૨)વલસાડ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અગાઉની પડતર સહિત નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ મળેલ અરજીઓ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ભલામણ કરેલ અરજીઓ | બેંક કક્ષાએ મંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૬૩૨ | ૨૨૮૭ | ૧૩૪૪ |
| ૨ | પારડી | ૧૫૧૮ | ૧૩૨૧ | ૬૯૩ |
| ૩ | વાપી | ૫૯૩ | ૪૭૯ | ૧૯૬ |
| ૪ | ઉમરગામ | ૧૪૬૫ | ૧૨૪૪ | ૮૮૫ |
| ૫ | ધરમપુર | ૧૬૧૬ | ૧૩૬૭ | ૪૫૯ |
| ૬ | કપરાડા | ૧૧૫૫ | ૧૦૨૩ | ૪૩૨ |
| કુલ | | ૮૯૭૯ | ૭૭૨૧ | ૪૦૦૯ |

(૩) તે અન્વયે કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

(૩) કુલ ` ૯૭૬.૬૨ લાખની સહાય મંજૂર કરવામાં આવી.

---------

સુરત શહેર અને સુરત જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ બાળકોને પ્રવેશ

* ૨૭૪૭૭ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ ક્યારથી અમલમાં છે, અને

(૧)વર્ષ ૨૦૧૨થી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સુરત શહેર અને સુરત જિલ્લામાં કેટલાં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો?

(૨)

| જિલ્લો | આપેલ પ્રવેશ | |
|---|---|---|
| | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| સુરત શહેર | ૧૦૨૦ | ૨૪૦૨ |
| સુરત ગ્રામ્ય | ૫૯૪ | ૭૦૧ |

---------

### ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર ગૌચરની જમીનમાં થયેલ ગેરકાયદે દબાણ

* ૨૬૯૫૬ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ

| ક્રમ | જિલ્લાનું નામ | ગૌચર દબાણની વિગત |
|---|---|---|
| ૧ | ખેડા | ખેડા જિલ્લામાં ગૌચરની કુલ ૨૨-૩૧-૪૭ હે.આરે.પ્ર. જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે. |
| ૨ | આણંદ | આણંદ જિલ્લામાં ગૌચરની કુલ ૧૪૭-૬૦-૨૬ હે.આરે.પ્ર. જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે. |

(૨) સરકારે ઉક્ત દબાણો દૂર કરવા છેલ્લાં બે વર્ષમાં શા પગલા લીધાં અને

(૨) ખેડા -
ખેડા જિલ્લામાં કોર્ટ કેસ સિવાયના દબાણો દૂર કરાવવા ગ્રામ પંચાયત દ્વારા દબાણદારોને નોટિસ આપવામાં આવેલ છે.
આણંદ-
આણંદ જિલ્લામાં કોર્ટ કેસ સિવાયના દબાણો દૂર કરાવવા ગ્રામ પંચાયત દ્વારા દબાણદારોને નોટિસ આપવામાં આવેલ છે.

(૩) તે અન્વયે કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી?

(૩) ખેડા -
ખેડા જિલ્લામાં ૬.૬૦.૦૦ હે.આરે.પ્ર. જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.
આણંદ-
આણંદ જિલ્લામાં કુલ ૪૦.૧૫.૧૭ હે.આરે.પ્ર. જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.

---------

### વલસાડ અને તાપી જિલ્લામાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના

* ૨૬૯૬૫ શ્રી પુનાભાઇ ગામીત (વ્યારા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા લોકોને રોજગારી પુરી પાડવામાં આવી.

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર નીચેની વિગતે રોજગારી આપવામાં આવી.

| ક્રમ | જિલ્લાનું નામ | રોજગારી આપવામાં આવેલ કુટુંબોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ |
| ૧ | તાપી | ૭૫૯૯૪ | ૧૭૨૨૯૬ |
| ૨ | વલસાડ | ૨૯૩૬૦ | ૪૪૦૦૭ |
| કુલ | | ૧૦૫૩૫૪ | ૨૧૬૩૦૩ |

(૨) ઉક્ત રોજગારી આપવા પાછળ ઉક્ત વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત રોજગારી આપવા પાછળ ઉક્ત વર્ષવાર કરાયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ |
| ૧ | તાપી | ૧૩૩૮.૯૫ | ૪૬૬૮.૨૩ |
| ૨ | વલસાડ | ૫૪૯.૭૨ | ૧૨૯૭.૧૫ |
| કુલ | | ૧૮૮૮.૬૭ | ૫૯૬૫.૩૮ |

(૩) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ પૈકી કેન્દ્ર સરકારે કેટલી

(૩) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ પૈકી કેન્દ્ર સરકારે નીચેની રકમ

રકમ ફાળવેલ ?

ફાળવેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ |
| ૧ | તાપી | ૧૩૩૮.૯૫ | ૪૬૬૮.૨૩ |
| ૨ | વલસાડ | ૫૪૯.૭૨ | ૧૨૯૭.૧૫ |
| કુલ | | ૧૮૮૮.૬૭ | ૫૯૬૫.૩૮ |

---------

ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધો. ૯ થી ૧૨ના પાઠ્યપુસ્તકો આપવાની યોજના અંતર્ગત

* ૨૭૪૪૮ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધો. ૯ થી ૧૨ના પાઠ્યપુસ્તકો આપવાની યોજના અંતર્ગત છેલ્લાં બે વર્ષથી પશુ પાલન ડેરી વિજ્ઞાન-કૃષિ વિદ્યા-શારીરિક શિક્ષણ તથા ધો.૧૧-૧૨માં સામાજિક વિજ્ઞાન અને રાજ્ય શાસ્ત્રના પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે અને આ પાઠ્યપુસ્તકો નિયમીત સમયસર મળે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી?

જવાબ

(૧) હાલમાં જુના પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ છે અને તેનો ઉપયોગ કરવામાં આવે છે.

(૨) આગામી શૈક્ષણિક સત્રથી ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતા આશ્રમશાળાના વિદ્યાર્થીઓને તમામ વિષયના નવા પાઠ્યપુસ્તકો મળે, તેવું આયોજન કરવામાં આવેલ છે.

---------

છોટાઉદેપુર અને દાહોદ જિલ્લાની ગ્રામ વિકાસ એજન્સીના મંજૂર થયેલ મહેકમ

* ૨૮૫૨૫ શ્રી ધીરૂભાઇ ભીલ (સંખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર અને દાહોદ જિલ્લાની ગ્રામ વિકાસ એજન્સી કચેરીઓનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર/સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર અને દાહોદ જિલ્લાની ગ્રામ વિકાસ એજન્સીઓનું મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| જિલ્લા કક્ષાઃ છોટાઉદેપુર | | | | |
|---|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| ૧ | ૪ | ૨૩ | ૩ | ૩૧ |
| દાહોદઃ | | | | |
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| ૧ | ૪ | ૨૬ | ૩ | ૩૪ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર/સંવર્ગવાર નીચેની વિગતે જગ્યાઓ ભરાયેલી છે.

| જિલ્લા કક્ષાઃ છોટાઉદેપુર | | | | |
|---|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| ૧ | ૩ | ૧૯ | ૧ | ૨૪ |
| દાહોદઃ | | | | |
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| ૧ | ૩ | ૨૩ | ૩ | ૩૦ |

ઉક્ત સ્થિતિ ઉક્ત જિલ્લાવાર/સંવર્ગવાર નીચેની વિગતે જગ્યાઓ ખાલી રહેલ છે.

| જિલ્લા કક્ષાઃ છોટાઉદેપુર | | | | |
|---|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| ૦ | ૧ | ૪ | ૨ | ૭ |
| દાહોદઃ | | | | |
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| ૦ | ૧ | ૩ | ૦ | ૪ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

(૩) ખાલી જગ્યાઓ ટૂંક સમયમાં પ્રતિનિયુક્ત તેમજ ૧૧ માસના કરારના ધોરણે સત્વરે ભરવામાં આવશે.

---------

અમદાવાદ જિલ્લામાં ઇ-ધરા કેન્દ્રોમાં વારસાઇ હક્કની અરજીઓ

* ૨૯૦૬૬ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનુ નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ઘાટલોડીયા | ૪૯૫ |
| ૨ | દસક્રોઇ | ૨૫૨૮ |
| ૩ | વેજલપુર | ૧૯૮૫ |
| ૪ | સાબરમતી | ૩૬૭ |
| ૫ | માંડલ | ૬૬૩ |
| ૬ | બાવળા | ૯૫૪ |
| ૭ | ધંધુકા | ૬૫૦ |
| ૮ | સાણંદ | ૧૪૯૬ |
| ૯ | અસારવા | ૧૮૮ |
| ૧૦ | વટવા | ૩૮૪ |
| ૧૧ | મણીનગર | ૩૨૨ |
| ૧૨ | વિરમગામ | ૧૦૩૬ |
| ૧૩ | દેત્રોજ | ૬૫૦ |
| ૧૪ | ધોળકા | ૧૪૬૪ |
| ૧૫ | ધોલેરા | ૫૨૭ |
| | કુલ | ૧૩૭૦૯ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી તથા કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકાનુ નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| ૧ | ઘાટલોડીયા | ૪૯૫ | ૪૪૦ |
| ૨ | દસક્રોઇ | ૨૫૨૮ | ૨૩૧૧ |
| ૩ | વેજલપુર | ૧૯૮૫ | ૧૫૭૧ |
| ૪ | સાબરમતી | ૩૬૭ | ૩૧૭ |
| ૫ | માંડલ | ૬૬૩ | ૫૮૦ |
| ૬ | બાવળા | ૯૫૪ | ૯૦૬ |
| ૭ | ધંધુકા | ૬૫૦ | ૬૦૪ |
| ૮ | સાણંદ | ૧૪૯૬ | ૧૪૫૫ |
| ૯ | અસારવા | ૧૮૮ | ૧૬૫ |
| ૧૦ | વટવા | ૩૮૪ | ૩૩૧ |
| ૧૧ | મણીનગર | ૩૨૨ | ૨૭૧ |
| ૧૨ | વિરમગામ | ૧૦૩૬ | ૯૯૨ |
| ૧૩ | દેત્રોજ | ૬૫૦ | ૬૧૩ |
| ૧૪ | ધોળકા | ૧૪૬૪ | ૧૩૪૬ |
| ૧૫ | ધોલેરા | ૫૨૭ | ૪૬૨ |
| | કુલ | ૧૩૭૦૯ | ૧૨૩૬૪ |

(૩) કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને તેના કારણો શા છે?

(૩)

| ક્રમ | તાલુકાનુ નામ | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૧ | ઘાટલોડીયા | ૪૨ |
| ૨ | દસક્રોઇ | ૧૮૧ |
| ૩ | વેજલપુર | ૪૦૫ |
| ૪ | સાબરમતી | ૩૩ |
| ૫ | માંડલ | ૬૫ |
| ૬ | બાવળા | ૨૯ |
| ૭ | ધંધુકા | ૩૩ |
| ૮ | સાણંદ | ૩૦ |

| | | |
|---|---|---|
| ૯ | અસારવા | ૧૮ |
| ૧૦ | વટવા | ૪૭ |
| ૧૧ | મણીનગર | ૩૮ |
| ૧૨ | વિરમગામ | ૩૬ |
| ૧૩ | દેત્રોજ | ૧૯ |
| ૧૪ | ધોળકા | ૮૩ |
| ૧૫ | ધોલેરા | ૬૪ |
| | કુલ | ૧૧૨૩ |

નિયમોનુસાર ન હોવાથી.

---------

સુરત જિલ્લાની ગ્રામ પંચાયતમાં સરપંચશ્રીને તાકીદનાં અને લોકોના અગત્યના કામો માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૭૪૮૬ શ્રી જનકભાઇ કાછડીયા (કરંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓને તાકીદનાં અને લોકો ઉપયોગ અગત્યનાં કામો માટે કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવી?

જવાબ

(૧) હા, જી.

(૨) છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ રકમ ફાળવવામાં આવી.

| તાલુકાનુ નામ | ફાળવેલ ગ્રાન્ટ | | કુલ |
|---|---|---|---|
| | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | |
| ઓલપાડ | ૯,૬૦,૦૦૦ | ૪,૮૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ |
| ચોર્યાસી | ૪,૧૦,૦૦૦ | ૨,૦૫,૦૦૦ | ૬,૧૫,૦૦૦ |
| બારડોલી | ૭,૬૦,૦૦૦ | ૩,૮૦,૦૦૦ | ૧૧,૪૦,૦૦૦ |
| કામરેજ | ૫,૯૦,૦૦૦ | ૨,૯૫,૦૦૦ | ૮,૮૫,૦૦૦ |
| પલસાણા | ૪,૪૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ | ૬,૬૦,૦૦૦ |
| માંડવી | ૮,૬૦,૦૦૦ | ૪,૩૦,૦૦૦ | ૧૨,૯૦,૦૦૦ |
| મહુવા | ૬,૨૦,૦૦૦ | ૩,૧૦,૦૦૦ | ૯,૩૦,૦૦૦ |
| માંગરોળ | ૬,૮૦,૦૦૦ | ૩,૪૦,૦૦૦ | ૧૦,૨૦,૦૦૦ |
| ઉમરપાડા | ૩,૩૦,૦૦૦ | ૧,૬૫,૦૦૦ | ૪,૯૫,૦૦૦ |

---------

કપરાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૨૯૦૫૮ શ્રી ભરતભાઇ પટેલ (વલસાડ) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) ૨૬૩૯ હેક્ટર.

(૨) રૂ.૬૮૪.૭૫ લાખ.

---------

બનાસકાઠાં જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની જરૂરિયાત

* ૨૮૫૮૧ શ્રી કાંતિભાઇ ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાઠાં જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા વર્ગખંડોની ઘટ છે,

જવાબ

(૧)

| તાલુકો | ઓરડાઓની ઘટ |
|---|---|
| અમીરગઢ | ૫૪ |
| ભાભર | ૨૬ |
| દાંતા | ૯૮ |
| દાંતીવાડા | ૩૬ |
| ડીસા | ૨૦૯ |
| દીયોદર | ૫૬ |
| ધાનેરા | ૭૩ |
| કાંકરેજ | ૨૧૫ |

| | |
|---|---|
| લાખાણી | ૪૧ |
| પાલનપુર | ૩૨ |
| સુઇગામ | ૩ |
| થરાદ | ૪૬ |
| વડગામ | ૮૦ |
| વાવ | ૧૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ઉક્ત તાલુકાવાર કેટલા નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા, અને

(૨) પત્રક સામેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઘટતા ઓરડાઓ કેટલા સમયમાં બનાવવામાં આવશે?

(૩) ભારત સરકાર તરફથી બજેટ મંજૂર થતાં આરટીઇ એક્ટની જોગવાઇ મુજબ જરૂરી વર્ગખંડો આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

પત્રક

| તાલુકો | વર્ષ ૨૦૧૫ | | | વર્ષ ૨૦૧૬ | | |
|---|---|---|---|---|---|---|
| | મજૂંર થયેલ ઓરડા | પૂર્ણ | પ્રગતિમાં | મજૂંર થયેલ ઓરડા | પૂર્ણ | પ્રગતિમાં |
| અમીરગઢ | ૧૫ | ૧૫ | | ૮ | ૮ | ૦ |
| ભાભર | ૩૦ | ૩૦ | | ૬૮ | ૬૦ | ૮ |
| દાંતા | ૩૭ | ૩૭ | | ૧૩ | ૧૩ | ૦ |
| દાંતીવાડા | ૫ | ૫ | | ૩ | ૩ | ૦ |
| ડીસા | ૪૫ | ૪૪ | ૧ | ૯૧ | ૬૫ | ૨૬ |
| દીયોદર | ૧૨ | ૧૨ | | ૫૦ | ૩૪ | ૧૬ |
| ધાનેરા | ૧૪ | ૧૪ | | ૧૧૩ | ૭૫ | ૩૮ |
| કાંકરેજ | ૧૬ | ૧૫ | ૧ | ૬૯ | ૨૦ | ૪૯ |
| લાખણી | ૨૦ | ૨૦ | | ૧૩૫ | ૯૦ | ૪૫ |
| પાલનપુર | ૮ | ૮ | | ૭ | ૫ | ૨ |
| સુઇગામ | ૧૬ | ૧૬ | | ૪૬ | ૪૦ | ૬ |
| થરાદ | ૩૨ | ૩૨ | | ૧૯૮ | ૧૬૨ | ૩૬ |
| વડગામ | ૮ | ૮ | | ૯ | ૭ | ૨ |
| વાવ | ૫ | ૫ | | ૧૩૭ | ૯૩ | ૪૪ |
| કુલ | ૨૬૩ | ૨૬૧ | ૨ | ૯૪૭ | ૬૭૫ | ૨૭૨ |

---------

પંચમહાલ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ

* ૨૭૫૧૧ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા-હડફ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લા પંચાયત તલાટી કમ મંત્રીનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧) ૩૪૬.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને,

(૨) ભરાયેલ જગ્યાઓ ૨૭૨ અને ખાલી જગ્યાઓ ૭૪ છે.

(૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ ભરવા શું આયોજન છે?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

ગુણોત્સવવાર પાટણ જિલ્લામાં નબળી અને અત્યંત નબળી પ્રાથમિક શાળાઓ

* ૨૮૧૭૭ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ગુણોત્સવવાર પાટણ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ નબળી અને અત્યંત નબળી જણાઈ, અને

(૧)

| ગુણોત્સવ | નબળી શાળાઓ (સી-ગ્રેડ) | અત્યંત નબળી શાળાઓ (ડી-ગ્રેડ) |
|---|---|---|
| ગુણોત્સવ-૫ વર્ષ ૨૦૧૪-૧૫ | ૮૫ | ૨૦ |
| ગુણોત્સવ-૬ વર્ષ ૨૦૧૫-૧૬ | ૧૩ | ૫ |

(૨) ઉકત શાળાઓનું શિક્ષણ સુધારવા ઉકત સમયગાળામાં રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

(૨) સરકારે લીધેલાં પગલાં

| | |
|---|---|
| (૧) | ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય કરવામાં આવે છે અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે. |

| | |
|---|---|
| (૨) | જિલ્લાની દરેક પ્રાથમિક શાળામાં ૦ થી ૪ ગુણ ધરાવતા દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) | ધોરણ ૬ થી ૮ માં કઠીન મુદ્દાઓનું સરળીકરણ સી.આર.સી. બેઠકમાં કરવામાં આવે છે. |
| (૪) | દરેક શાળામાં અઠવાડિયામાં એકવાર રમતગમત/ યોગ/વ્યાયામનું આયોજન કરવામાં આવે છે. |
| (૫) | શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરવામાં આવી છે. |
| (૬) | દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે. |
| (૭) | ગુણોત્સવ ગ્રેડ સુધારવા બાબતે જિલ્લાના તમામ સી.આર.સી. કો–ઓર્ડીનેટરોને સઘન તાલીમ આપવામાં આવી છે. |
| (૮) | દરેક શિક્ષકો વિષયવાર પ્રોજેક્ટસ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવે તેવું સઘન આયોજન કરવામાં આવ્યું છે. |
| (૯) | જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વાલીઓ સુધી પહોંચે તેવું આયોજન કરવામાં આવ્યું છે. |
| (૧૦) | ગુણવત્તા સુધારણા અંગે વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરાવવામાં આવે છે. |
| (૧૧) | આ બાબતોનું મોનીટરીંગ/હેન્ડ હોલ્ડીંગ પોતાના તાબાની શાળાઓમાં કરવા સી.આર.સી./ બી.આર.સી. કો–ઓર્ડીનેટરો તેમજ બીટ કેળવણી નિરીક્ષકોને જણાવવામાં આવેલ છે. |

---------

‘માં અન્નપુર્ણા યોજના’ હેઠળ વડોદરા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

* ૨૯૦૧૭ શ્રી જીતેન્દ્રભાઇ સુખડીઆ (સયાજીગંજ) : માનનીય અન્ન, નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો,૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) હેઠળ વડોદરા જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યુ, અને

(૨) ક્યા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યુ?

જવાબ

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો,૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) નો અમલ રાજ્યમાં તાલુકા. ૧/૪/૧૬ થી કરવામાં આવેલ છે.
તેથી વડોદરા જિલ્લામાં તા.૧/૪/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૧૬ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો,૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) હેઠળ અનાજના જથ્થાનું વિતરણ નીચે મુજબ કરવામાં આવેલ છેઃ–

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | યોજના | ઘઉં | ચોખા | કુલ વિતરણ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય અન્ન યોજના (AAY) | ૭૬૯૪ | ૧૮૪૮ | ૯૫૪૨ |
| ૨ | અગ્રતા ધરાવતા કુંટુબ (PHH) | ૪૨૪૨૫ | ૧૦૮૭૧ | ૫૩૨૯૬ |
| | કુલ | ૫૦૧૧૯ | ૧૨૭૧૯ | ૬૨૮૩૮ |

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો,૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) હેઠળ નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા અને પ્રમાણ–ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

- એપ્રિલ–૧૬ થી સપ્ટેમ્બર–૧૬ સુધીઃ–

| ક્રમ | જન્સી | ઘઉં | | ચોખા | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુંટુબ (PHH) | |
| | | વિતરણ–પ્રમાણ કાર્ડ દીઠ(કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા.(રૂ.–પૈસા) | વિતરણ–પ્રમાણ વ્યક્તિ દીઠ(કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા (રૂ.પૈસા) |
| ૧ | ઘઉં | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૪.૨૫૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૫.૦૦૦ | ૩.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

ઓક્ટોબર–૧૬ થી ડિસેમ્બર–૧૬ સુધીઃ–

| ક્રમ | જન્સી | યોજના |
|---|---|---|

| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુંટુબ (PHH) | |
|---|---|---|---|---|---|
| | | વિતરણ–પ્રમાણ કાર્ડ દીઠ(કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા.(રૂ.–પૈસા) | વિતરણ–પ્રમાણ વ્યક્તિ કાર્ડ દીઠ(કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા.(રૂ.–પૈસા) |
| ૧ | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૩.૫૦૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

---------

રાપર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૯૦૫૦ શ્રી પંકજભાઇ મહેતા (રાપર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૮૨૩ હેકટર |
| (૨)તે પૈકી રાપર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૮૭ હેકટર |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૩૭.૫૮ લાખ |

---------

વડોદરા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તોલમાપના સાધનોની ખરાઇ

* ૨૯૦૪૦ શ્રી કેતન ઇનામદાર (સાવલી) : માનનીય અન્ન, નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમયમર્યાદામાં ખરાઇ ન કરાવવા બાબતોમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) ૭૪૭ |
| (૨) તેમા કેટલો દંડ કરવામાં આવ્યો? | (૨) રૂ. ૧,૫૬,૨૦૦/– (અંકે રૂપિયા એક લાખ છપ્પન હજાર બસો પુરા) માંડવાળ ફી વસુલ કરવામાં આવી |

---------

જુનાગઢ જિલ્લામાં કુટીર ઉદ્યોગ અંતર્ગત લોનની અરજી

* ૨૮૧૯૩ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર ક્યા કુટીર ઉદ્યોગ માટે લોન મેળવવા કેટલી અરજીઓ મળેલ છે, | (૧) *જોડાણ ૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે અને કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) *જોડાણ ૨ સામેલ છે. |
| (૩) અરજીઓ નામંજુરીના મુખ્યત્વે કારણો શા છે? | (૩) *જોડાણ ૩ સામેલ છે. |

(* જોડાણ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

જામનગર શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં ઓરડાઓની જરૂરિયાત

* ૨૮૪૭૫ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ જામનગર શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને | (૧) જામનગર શહેર –૧૫૨ જામનગર જિલ્લા – ૪૮૪ |
| (૨) ઉક્ત ઘટતા ઓરડાઓ કેટલા સમયમાં બનાવવામાં આવશે? | (૨) ભારત સરકાર તરફથી બજેટ મંજૂર થતાં આરટીઇ એક્ટની જોગવાઇ મુજબ જરૂરી વર્ગખંડો આગમી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે. |

---------

વલસાડ જિલ્લામાં દુધાળા પશુઓ આપવાની યોજના બાબત

* ૨૮૯૯૦ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય આદીજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) દુધાળા પશુઓ આપવાની ડેરી વિકાસની યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલા આદિવાસી લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૧)

| અ.નં. | વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૫-૧૬ | ૧૪૫૩ |
| ૨ | ૨૦૧૬-૧૭માં (તા. ૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ) | ૩૦૮ |
| કુલ | | ૧૭૬૧ |

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવે છે?

(૨) રૂ. ૫૦૫.૦૦ લાખ

---------

સુરત જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૮૯૮૭ શ્રી નરોત્તમભાઇ પટેલ (ઉધના) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૧) ૯ (નવ)

(૨) ઉક્ત છાત્રાલયોમાં ક્યા લાભ આપવામાં આવે છે?

(૨) રહેવા, જમવા તથા અભ્યાસની વિના મુલ્યે સુવિધા

---------

બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ

* ૨૭૧૫૨ શ્રી જોઇતાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શિક્ષકોની ઘટ છે, અને

(૧)

| તાલુકો | પ્રાથમિક શિક્ષકોની ઘટ |
|---|---|
| અમીરગઢ | ૧૫ |
| ભાભર | ૧૦૧ |
| દાંતા | ૪૫ |
| દાંતિવાડા | ૨૨ |
| ડીસા | ૨૭ |
| ધાનેરા | ૨૧૯ |
| દિયોદર | ૧૧૦ |
| કાંકરેજ | ૪૬ |
| લાખણી | ૧૨૯ |
| પાલનપુર | ૦૦ |
| સુઇગામ | ૧૧૨ |
| થરાદ | ૨૯૭ |
| વડગામ | ૦૦ |
| વાવ | ૨૪૦ |

(૨) ઉક્ત ઘટ પુરી કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા?

(૨) છેલ્લા બે વર્ષમાં ૧૨૦ જગાઓ સીધી ભરતીથી અને ૧૯૧ જગાઓ જિલ્લા ફેરબદલીથી ભરવામાં આવી છે.

રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની ૬૦૦૦ જગ્યાઓ ભરવા માટે અને મુખ્ય શિક્ષકોની ૧૦૦૦ જગ્યાઓ ભરવા માટે તા ૨૨/૦૧/૨૦૧૭ ના રોજ જાહેરાત આપવામાં આવી છે. જેની ભરતી પ્રક્રીયા ચાલુ છે આ ભરતી પ્રક્રીયા પુર્ણ થયેથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં જિલ્લાવાર પ્રમાણસર જગ્યાઓ ભરવાનું આયોજન છે.

---------

નર્મદા જિલ્લાની ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી

* ૨૯૦૬૨ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

(૧) નાણાકિય વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં નર્મદા જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજુર કરી, અને

(૧) ૮ (આઠ)

(૨) તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) રૂ. ૧.૭૬ લાખ

---------

રાજકોટ અને જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને ફાળવેલ કોમ્પ્યુટરો

* ૨૯૭૦૬ શ્રી ઇન્દ્રનીલભાઇ રાજ્યગુરૂ (રાજકોટ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે અને કેટલા ગામોમાં કોમ્પ્યુટર ફાળવવાના બાકી છે, અને

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ કોમ્પ્યુટરની સરેરાશ કિંમત કેટલી છે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાની ૭૭ અને જામનગર જિલ્લાની ૨૬૧ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે, અને જામનગર જિલ્લાની ૨ (બે) ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવાના બાકી છે.

(૨) રૂા. ૪૦,૮૯૭.૫૦/-

---------

ભરૂચ જિલ્લામાં ઇ-ધરા કેન્દ્રોમાં હક્ક પત્રકની નોંધોનો નિકાલ

* ૨૯૦૬૩ શ્રી દુષ્યંત પટેલ (ભરૂચ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ભરૂચ જિલ્લામાં ઇ-ધરા કેન્દ્રોમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને

(૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

જવાબ

(૧) ૨૬૪૬

(૨) સત્વરે

---------

વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેકેબલ યોજનામાં સહાય

* ૨૯૦૧૧ શ્રી સતીષભાઇ પટેલ (કરજણ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

જવાબ

(૧) અને (૨)

વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અગાઉની પડતર સહિત મળેલ અરજીઓ, જિલ્લા ઉદ્યોગ કેંદ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ અને બેંક કક્ષાએ મંજૂર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.ન | તાલુકાનું નામ | મળેલ કુલ અરજીઓ | જિલ્લા ઉદ્યોગ કેંદ્ર કક્ષાએ બેંકોને ભલામણ કરેલ અરજીઓ | બેંક કક્ષાએ મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૩૭૬૮ | ૨૩૫૬ | ૧૫૫૬ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૧૩૨૦ | ૮૪૧ | ૩૯૭ |
| ૩ | પાદરા | ૧૨૨૮ | ૭૨૨ | ૫૭૦ |
| ૪ | ડભોઇ | ૭૪૭ | ૫૦૨ | ૪૧૨ |
| ૫ | શિનોર | ૨૭૨ | ૧૮૭ | ૧૪૨ |
| ૬ | કરજણ | ૬૬૬ | ૫૧૯ | ૨૫૫ |
| ૭ | સાવલી | ૫૦૭ | ૩૪૫ | ૧૭૨ |
| ૮ | વાઘાડીયા | ૨૭૧ | ૧૬૯ | ૭૫ |
| ૯ | ડેસર | ૧૪૭ | ૮૮ | ૦૪ |
| | કુલ | ૮૯૨૬ | ૫૭૨૯ | ૩૫૮૩ |

(૩) તે અન્વયે કુલ ` ૭૭૧.૫૫ લાખની સહાય મંજુર કરવામાં આવી.

---------

અરવલ્લી જિલ્લાના બાયડ ગામે ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનું સેન્ટર

* ૨૯૭૧૫ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આવેલ બાયડ ગામે ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનું સેન્ટર વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ છે કે કેમ,

(૨) જો ના તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષથી ધો-૧૨

જવાબ

(૧) નાજી

(૨) બાયડ સેન્ટર ફાળવવા માટે બોર્ડને કોઇ દરખાસ્ત મળેલ

સાયન્સની પરીક્ષાનું સેન્ટર બાયડ ગામે ન ફાળવવાનું કારણ શું છે, અને

(૩) તે અન્વયે સરકાર દ્વારા બાયડ ગામમાં ધોરણ-૧૨ સાયન્સનું સેન્ટર ક્યારે ફાળવવામાં આવશે?

નથી.

(૩) દરખાસ્ત મળેથી વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

---------

ઇન્દિરાગાંધી નેશનલ ટ્રાયબલ યુનિવર્સિટીનું પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવા બાબત

* ૨૭૧૪૬ શ્રી ગેંદાલભાઇ ડામોર (સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઇન્દિરાગાંધી નેશનલ ટ્રાયબલ યુનિવર્સિટીનું પ્રાદેશિક કેન્દ્ર રાજ્યમાં શરૂ થાય તે માટે રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યારે શી કાર્યવાહી કરી, અને

(૨) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા?

જવાબ

(૧) કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયે નિતી વિષયક નિર્ણય લઇ, મધ્યપ્રદેશના અમરકંટક ખાતેના મુખ્ય કેન્દ્રને પ્રથમ સુદ્રઢ કર્યા બાદ આનુષાંગિક કાર્યવાહી કરવાનું તા.૦૬-૦૩-૨૦૧૩ના પત્રથી જણાવ્યું હતું. આ અંગે ભારત સરકાર તરફથી જણાવવામાં આવે ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવી શક્ય બને.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ જિલ્લામાં ગુણોત્સવ પાછળ થયેલ ખર્ચ

* ૨૭૩૮૯ શ્રી ઇશ્વરભાઇ પટેલ (ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ગુણોત્સવ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમમાં મુખ્યત્વે કઇ ખામીઓ જણાઇ?

જવાબ

(૧)

| વર્ષ | કરવામાં આવેલ ખર્ચ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ. ૯૭,૪૪૮ /- |
| ૨૦૧૫-૧૬ | રૂ. ૯૨,૬૭૫ /- |

(૨)

(૧) કેટલીક શાળામાં વિદ્યાર્થીઓ વાંચન અને ગણનમાં નબળા જણાયા.

(૨) સ્થાનિક બોલીનો બાળકોમાં વધુ ઉપયોગ થતો હોઇ શુધ્ધ ભાષા સમજવામાં મુશ્કેલી જણાઇ.

(૩) બાળકોની હાજરી અનિયમિત જણાઇ.

---------

પાટણ જિલ્લામાં ઇ-ધરા કેન્દ્રોમાં વારસાઇ હક્કની અરજી

* ૨૯૦૭૧ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી તથા કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનુ નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | પાટણ | ૧૨૬૬ |
| ૨ | સરસ્વતી | ૧૦૨૩ |
| ૩ | સિધ્ધપુર | ૧૦૮૨ |
| ૪ | ચાણસ્મા | ૧૨૪૯ |
| ૫ | હારીજ | ૫૬૨ |
| ૬ | સમી | ૬૫૭ |
| ૭ | રાધનપુર | ૫૩૩ |
| ૮ | શંખેશ્વર | ૪૪૫ |
| ૯ | સાંતલપુર | ૮૯૦ |
| | કુલ | ૭૭૦૭ |

(૨)

| ક્રમ | તાલુકાનુ નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૧૨૬૬ | ૧૧૫૧ |
| ૨ | સરસ્વતી | ૧૦૨૩ | ૯૨૭ |
| ૩ | સિધ્ધપુર | ૧૦૮૨ | ૯૭૩ |
| ૪ | ચાણસ્મા | ૧૨૪૯ | ૧૧૮૫ |
| ૫ | હારીજ | ૫૬૨ | ૫૨૯ |
| ૬ | સમી | ૬૫૭ | ૬૪૭ |
| ૭ | રાધનપુર | ૫૩૩ | ૫૧૪ |
| ૮ | શંખેશ્વર | ૪૪૫ | ૪૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૯ | સાંતલપુર | ૮૯૦ | ૮૫૧ |
| | કુલ | ૭૭૦૭ | ૭૨૦૩ |

(૩) કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને તેના કારણો શા છે?

(૩)

| ક્રમ | તાલુકાનુ નામ | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૧ | પાટણ | ૮૨ |
| ૨ | સરસ્વતી | ૮૧ |
| ૩ | સિધ્ધપુર | ૬૧ |
| ૪ | ચાણસ્મા | ૩૪ |
| ૫ | હારીજ | ૧૬ |
| ૬ | સમી | ૧૦ |
| ૭ | રાધનપુર | ૧૮ |
| ૮ | શંખેશ્વર | ૧૧ |
| ૯ | સાંતલપુર | ૩૨ |
| | કુલ | ૩૪૫ |

નિયમોનુસાર ન હોવાથી

---------

મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ

* ૨૭૦૧૫ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળામાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૧)

| તાલુકો | પ્રાથમિક શિક્ષકોની ઘટ |
|---|---|
| બાલાશીનોર | ૨૫ |
| વિરપુર | ૨૨ |
| લુણાવાડા | ૪૦ |
| ખાનપુર | ૧૦ |
| કડાણા | ૪૩ |
| સંતરામપુર | ૫૩ |

(૨) ઉક્ત ઘટ પુરી કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા?

(૨) છેલ્લા બે વર્ષમાં ૨૭ જગાઓ સીધી ભરતીથી અને ૩૦ જગાઓ જિલ્લા ફેરબદલીથી ભરવામાં આવી છે.

રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની ૬૦૦૦ હજાર જગ્યાઓ ભરવા માટે અને મુખ્ય શિક્ષકોની ૧૦૦૦ જગ્યાઓ ભરવા માટે તા.૨૨/૦૧/૨૦૧૭ ના રોજ જાહેરાત આપવામાં આવી છે. જેની ભરતી પ્રક્રીયા ચાલુ છે આ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી રાજ્યની પ્રાથમિક શાળામાં જિલ્લાવાર પ્રમાણસર જગ્યાઓ ભરવાનું આયોજન છે.

---------

બનાસકાઠાં અને સાબરકાઠાં જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં પરિવારોની સંખ્યા બાબત

* ૨૯૧૯૩ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાતિજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ બનાસકાઠાં અને સાબરકાઠાં જિલ્લામાં બી.પી.એલ. પરિવારોની સંખ્યા કેટલી છે?

તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ બનાસકાઠાં જિલ્લામાં બી.પી.એલ. પરિવારોની સંખ્યા ૨,૩૬,૪૯૯ અને સાબરકાઠાં જિલ્લામાં બી.પી.એલ. પરિવારોની સંખ્યા ૯૬,૮૮૨ છે.

---------

અમરેલી અને ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાઓની ઘટ

* ૨૮૯૩૩ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૦/૦૧/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ખૂબ જ ઘટ છે તે હકીકત સાચી છે,

(૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ છે તે હકીકત સાચી છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં કેટલા ઓરડાઓની ક્યારથી ઘટ છે,

(૨)
- અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૫ માં ૪૧૪ ઓરડાની ઘટ અને વર્ષ ૨૦૧૬ માં ૨૮૭ ઓરડાની ઘટ હતી.
- ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૫ માં ૯૭૦ ઓરડાની ઘટ અને વર્ષ ૨૦૧૬ માં ૬૨૪ ઓરડાની ઘટ હતી.

(૩) ઉક્ત ઘટ નાં શાં કારણો છે, અને

(૩)

- આર.ટી.ઇ એક્ટની અમલવારી કરવાથી.
- પ્રાથમિક શાળામાં ધોરણ–૮ ના વર્ગો શરૂ કરવાને કારણે.
- વિદ્યાર્થી શિક્ષકોના માપદંડ બદલાવાને કારણે શિક્ષકોની સંખ્યા વધી.
- શિક્ષકોની સંખ્યા વધવાથી ઓરડાઓની ઘટ થયેલ છે.
- જુના ઓરડાઓ જર્જરિત થવાથી.

(૪) ઉક્ત ઘટ પુરી કરવા સરકારે શું આયોજન કરેલ છે?

(૪) વર્ષ ૨૦૧૫ માં અમરેલી જિલ્લામાં ૧૭૨ (૧૭૦ પૂર્ણ અને ૨ પ્રગતિમાં) અને ભાવનગર જિલ્લામાં ૨૦૪ (પૂર્ણ) ઓરડાઓનું બાંધકામ કરવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૧૬–૧૭ માં અમરેલી જિલ્લામાં ૩૨૦ અને ભાવનગર જિલ્લામાં ૨૩૦ ઓરડાનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે.
- ભારત સરકાર તરફથી બજેટ મંજૂર થતાં આરટીઇ એક્ટની જોગવાઇ મુજબ જરૂરી વર્ગખંડો આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

---------

આણંદ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ

* ૨૯૮૬૫ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧/૧/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ રકમ ફાળવવામાં આવી,

(રકમ રૂપીયા લાખમાં)

| તાલુકાનું નામ | વર્ષ | | |
|---|---|---|---|
| | તા.૦૧–૦૨–૧૫થી ૩૧–૦૧–૧૬ | તા.૦૧–૦૨–૧૬થી ૩૧–૦૧–૧૭ | કુલ રકમ રૂ. |
| આણંદ | ૧૨૨.૨૦ | ૨૭૭.૮૩ | ૪૦૦.૦૩ |
| આંકલાવ | ૧૩૫.૧૫ | ૪૭૪.૭૭ | ૬૦૯.૯૨ |
| બોરસદ | ૧૦૧.૮૧ | ૫૯૭.૮૧ | ૬૯૯.૬૨ |
| ખંભાત | ૧૧૭.૫૮ | ૪૦૩.૬૦ | ૫૨૧.૧૮ |
| પેટલાદ | ૧૧૭.૦૬ | ૪૫૬.૧૫ | ૫૭૩.૨૧ |
| સોજીત્રા | ૨૨૦.૮૭ | ૪૯૮.૨૪ | ૭૧૯.૧૧ |
| તારાપુર | ૨૫૯.૬૪ | ૨૭૪.૪૧ | ૫૩૪.૦૫ |
| ઉમરેઠ | ૧૪૦.૫૨ | ૩૭૪.૧૬ | ૫૧૪.૬૮ |
| કુલ | ૧૨૧૪.૮૩ | ૩૩૫૬.૯૭ | ૪૫૭૧.૮૦ |

(૨) તે અન્વયે વર્ષવાર ક્યા કામો પાછળ કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણ વપરાયેલ રહી?

(૨) તે અન્વયે કામોની વિગત–*પત્રક–૧ મુજબ છે અને કામો પાછળ થયેલ ખર્ચ અને વણવપરાયેલી રકમ નીચે મુજબ છે.

(રકમ રૂપીયા લાખમાં)

| તાલુકાનું નામ | તા.૦૧–૦૨–૧૫થી ૩૧–૦૧–૧૬ | | | તા.૦૧–૦૨–૧૬થી ૩૧–૦૧–૧૭ | | |
|---|---|---|---|---|---|---|
| | થયેલ કામોની સંખ્યા | થયેલ ખર્ચ | વણ વપરાયેલી રકમ | થયેલ કામોની સંખ્યા | થયેલ ખર્ચ | વણ વપરાયેલી રકમ |
| આણંદ | ૧૨૧ | ૯૮.૦૬ | ૦ | ૫૮૯૬ | ૨૭૯.૭૭ | ૨૨.૨૦ |
| આંકલાવ | ૯૭ | ૧૩૫.૧૧ | ૦ | ૫૪૯૭ | ૪૬૬.૦૦ | ૮.૮૧ |
| બોરસદ | ૨૦૦ | ૮૫.૨૫ | ૦ | ૮૬૧૮ | ૫૭૬.૧૨ | ૩૮.૨૫ |
| ખંભાત | ૬૩ | ૯૩.૨૯ | ૦ | ૫૫૩૫ | ૪૧૧.૦૯ | ૧૬.૮૦ |
| પેટલાદ | ૨૧૪ | ૯૮.૫૯ | ૦ | ૬૩૩૮ | ૪૬૩.૫૩ | ૧૧.૦૮ |
| સોજીત્રા | ૧૧૬ | ૨૧૧.૬૪ | ૦ | ૩૯૭૪ | ૪૯૪.૯૨ | ૧૨.૫૬ |
| તારાપુર | ૧૨૧ | ૨૨૨.૯૪ | ૦ | ૧૯૭૦ | ૨૮૬.૫૯ | ૨૪.૫૨ |
| ઉમરેઠ | ૧૪૦ | ૧૨૪.૦૩ | ૦ | ૭૫૬૪ | ૩૬૯.૨૧ | ૨૧.૪૫ |
| કુલ | ૧૦૭૨ | ૧૦૬૮.૯૧ | ૦ | ૪૫૩૯૨ | ૩૩૪૭.૨૩ | ૧૫૫.૬૭ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

નવસારી જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય

*૨૭૪૯૦ શ્રી મંગુભાઇ પટેલ (ગણદેવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

# તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) નવસારી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) નવસારી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

(સંખ્યા)

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો માટે બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયની સંખ્યા | એ.પી.એલ. કુટુંબો માટે બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયની સંખ્યા |
|---|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ | ૦૦ | ૧૩૬૦૩ |
| તા.૦૧-૦૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ | ૦૦ | ૨૨૮૭૬ |
| કુલ | ૦૦ | ૩૬૪૭૯ |

(૨) તે પૈકી નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો

(રૂા. લાખમાં)

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો માટેનો ખર્ચ | એ.પી.એલ. કુટુંબો માટેનો ખર્ચ |
|---|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ | ૦.૦૦ | ૧૩૨૯.૯૬ |
| તા.૦૧-૦૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ | ૦.૦૦ | ૨૦૩૮.૯૪ |
| કુલ | ૦.૦૦ | ૩૩૬૮.૯૦ |

---------

### તાપી જિલ્લામાં રાહતદરે તુવેરદાળના જથ્થાનું વિતરણ

* ૨૯૦૨૭ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧)તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે તુવેરદાળના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) કયા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કયા ભાવથી કરવામાં આવ્યું?

જવાબ

(૧) ૯૯.૨૬ મેટ્રિક ટન

(૨) અંત્યોદય અને બીપીએલ કાર્ડધારક કુટુંબોને વિતરણ કરવામાં આવેલ છે.

(૩) તુવેરદાળનું પ્રતિ કુટુંબ દીઠ ૧ કિ.ગ્રા.ના પ્રમાણથી પ્રતિ ૧ કિ.ગ્રા. રૂ.૬૦/-ના રાહતભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

---------

### પંચમહાલ જિલ્લાનાં અવસાન પામેલા શિક્ષકોના વારસદારોને ઉચ્ચક સહાય

* ૨૮૯૯૩ શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અવસાન પામેલા પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોના વારસદારોને ઉચ્ચક સહાય આપવામાં આવે છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો પંચમહાલ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને

(૩) તે પૈકી કેટલા અરજદારોને કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ચાલુ નોકરીએ અવસાન પામેલા પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોના વારસદારોને ઉચ્ચક સહાય આપવામાં આવે છે

(૨) ૧૬

(૩) ૧૦ અરજદારોને રૂ. ૫૯.૦૦ લાખ

---------

### અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઇ બેં કેબલ યોજનામાં સહાય

* ૨૯૦૧૫ શ્રી જગદીશભાઇ પંચાલ (નિકોલ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેં કેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

જવાબ

(૧) અને (૨) અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અગાઉની પડતર સહિત મળેલ અરજીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ અને બેંક કક્ષાએ મંજુર કરેલ અરજીઓની વિગત

નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ કુલ અરજીઓ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ બેંકોને ભલામણ કરેલ અરજીઓ | બેંક કક્ષાએ મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ સીટી | ૧૫૦૪૮ | ૧૦૬૭૫ | ૬૪૬૮ |
| ૨ | દસ્ક્રોઇ | ૧૭૩૦ | ૧૨૭૨ | ૫૯૩ |
| ૩ | દેત્રોજ | ૪૮૯ | ૩૩૬ | ૧૯૩ |
| ૪ | ધંધુકા | ૫૭૫ | ૪૧૬ | ૨૬૧ |
| ૫ | ધોળકા | ૧૦૪૦ | ૯૦૧ | ૪૨૬ |
| ૬ | ધોલેરા | ૧૯ | ૧૬ | ૦૫ |
| ૭ | બાવળા | ૫૮૨ | ૪૮૦ | ૨૫૨ |
| ૮ | માંડલ | ૧૩૩ | ૧૧૫ | ૬૫ |
| ૯ | વિરમગામ | ૮૫૩ | ૫૪૮ | ૨૪૯ |
| ૧૦ | સાણંદ | ૬૦૦ | ૪૭૦ | ૨૯૧ |
| કુલ | | ૨૧૦૬૯ | ૧૫૨૨૯ | ૮૮૦૩ |

(૩)તે અન્વયે કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

(૩) તે અન્વયે કુલ `૧૬૫૯.૧૫ લાખની સહાય મંજુર કરવામાં આવી.

---------

ભાવનગર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ઉપલબ્ધ રોજગારી

* ૨૮૯૯૮ ડો. ટી.ડી.માણીયા (બોટાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં મહાત્મા ગાંધી મનરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ, | (૧) ૪,૨૩,૧૭૧ |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને | (૨) ૬,૫૮,૪૮૨ |
| (૩) તે પૈકી મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલા છે? | (૩) ૩,૩૪,૧૯૮ |

---------

ખેડા જિલ્લામાં અનાજના સંગ્રહ માટેના ગોડાઉન અને તેની સંગ્રહ શકિત

* ૨૯૦૨૯ શ્રી ભુષણ ભટ્ટ (ખાડીયા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનાજના સંગ્રહ માટે કુલ ૧૬ ગોડાઉનો આવેલા છે, |
| (૨) ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨)ખંડ-૧ વિગતે ગોડાઉનોની કુલ સંગ્રહ શકિત ૯૧૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે? | (૩) વેરહાઉસિંગ ઇન્ફ્રાસ્ટ્રકટર ફંડ પ્રોજેકટ -૨ તથા વેરહાઉસિંગ ઇન્ફ્રાસ્ટ્રકટર ફંડ પ્રોજેકટ-૩ હેઠળ કપડવંજ, મહેમદાવાદ, મહુધા તથા ગલતેશ્વર તાલુકામાં દરેક સ્થળે ૨૦૦૦ મે.ટન મુજબ ૮૦૦૦ મે.ટન સંગ્રહશકિત તા.૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં ઉભી કરવાનું આયોજન છે. |

---------

લુણાવાડા અને શહેરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૨૯૦૫૯ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને શહેરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) કુલ ૧૫૩૨.૩૭ હેક્ટર |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે.? | (૨) રૂ.૫૫૫.૭૯ લાખ |

---------

સુરત જિલ્લામાં વાજબી ભાવની દુકાનો અને આપેલ પરમીટ મુજબનો જથ્થો

* ૨૯૦૨૩ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછા રોડ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી વાજબી ભાવની દુકાનો છે, | (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કુલ ૧૦૬૧ વાજબી ભાવની દુકાનો આવેલી છે |
| (૨) ઉક્ત સ્થિતિએ પરમીટ મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે? | (૨) કાર્ડધારકોને દર માસે ૧ લી તારીખથી વાજબી ભાવની દુકાનેથી જથ્થો મળી રહે તે હેતુથી વ્યાજબી ભાવની દુકાનના પરવાનેદારોને તેઓની દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકોને વિતરણ કરવાના જથ્થાની મામલતદાર કચેરીમાંથી જે તે માસના જથ્થા માટે તે અગાઉના માસની ૧૬ મી તારીખથી ઓનલાઇન પરમીટ ઇસ્યુ થાય છે. જે મુજબ ઇસ્યુ થયેલ ઓનલાઇન પરમીટના બેંકમાં નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપરથી કોમ્પ્યુટરરાઇઝડ ડીલીવરી ચલનના આધરે જિલ્લા કક્ષાએ અપાયેલ ડોરસ્ટેપ ડીલીવરીના નિયક્ત કરાયેલ પરિવહન ઇજારદાર મારફતે દરમાસે વાજબી ભાવની દુકાન સુધી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની ડોરસ્ટેપ ડીલીવરી મારફત, ડીલીવરી અંગેના રૂટ બનાવી, પરમીટ મુજબ જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડીને વાજબી ભાવની દુકાને પહોંચાડવામાં આવે છે.<br>ગોડાઉન પરથી જથ્થો ઉપાડી દુકાને પહોંચ્યા અંગે રજીસ્ટર્ડ કરાવેલ સંબધિતોને મોબાઇલ દ્વારા SMS થી જાણકારી આપવામાં આવે છે તદઉપરાંત દુકાનના સ્થળે ડોરસ્ટેપ ડીલીવરીથી જથ્થો પહોંચે ત્યારે જથ્થો મળ્યા બદલ વિજીલન્સ કમીટીના સભ્યો પૈકી બે સભ્યોની સહી મેળવવાનું ફરજિયાત કરેલ છે. |

---------

ડાંગ જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યાઓ

* ૨૯૭૩૮ શ્રી મંગળભાઇ ગાવિત (ડાંગ) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, તથા તેની સામે કેટલી જગ્યાઓ ખાલી છે,અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | આહવા | ૩ | ૧ |
| ૨ | વઘઇ | ૨ | ૦ |
| ૩ | સુબીર | ૧ | ૦ |
| | કુલ | ૬ | ૧ |

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરતીની પ્રક્રિયા પ્રગતિમાં છે

---------

સાબરકાંઠા જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં વારસાઈ હક્કની અરજી

* ૨૯૦૬૯ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનુ નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ઈડર | ૧૫૦૭ |
| ૨ | વડાલી | ૧૬૯૩ |
| ૩ | તલોદ | ૧૧૬૮ |
| ૪ | પ્રાંતિજ | ૨૨૫૫ |
| ૫ | ખેડબ્રહ્મા | ૫૫૬ |
| ૬ | હિંમતનગર | ૧૫૮૭ |
| ૭ | પોશીના | ૧૪૮૭ |
| ૮ | વિજયનગર | ૬૯૪ |
| | કુલ | ૧૦૯૪૭ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી તથા કેટલી

(૨)

નોંધો મંજુર કરવામાં આવી, અને

| ક્રમ | તાલુકાનુ નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| ૧ | ઈડર | ૧૫૦૭ | ૧૪૨૩ |
| ૨ | વડાલી | ૧૬૯૩ | ૧૩૯૦ |
| ૩ | તલોદ | ૧૧૬૮ | ૧૧૦૧ |
| ૪ | પ્રાંતિજ | ૨૨૫૫ | ૨૦૮૩ |
| ૫ | ખેડબ્રહ્મા | ૫૫૬ | ૫૨૭ |
| ૬ | હિંમતનગર | ૧૫૮૭ | ૧૪૧૯ |
| ૭ | પોશીના | ૧૪૮૭ | ૮૨૪ |
| ૮ | વિજયનગર | ૬૯૪ | ૬૩૯ |
| | કુલ | ૧૦૯૪૭ | ૯૪૦૬ |

(૩) કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને તેના કારણો શા છે?

(૩)

| ક્રમ | તાલુકાનુ નામ | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૧ | ઈડર | ૭૭ |
| ૨ | વડાલી | ૩૦૩ |
| ૩ | તલોદ | ૬૨ |
| ૪ | પ્રાંતિજ | ૧૦૦ |
| ૫ | ખેડબ્રહ્મા | ૨૯ |
| ૬ | હિંમતનગર | ૬૮ |
| ૭ | પોશીના | ૬૪૨ |
| ૮ | વિજયનગર | ૪૪ |
| | કુલ | ૧૩૨૫ |

નિયમોનુસાર ન હોવાથી

---------

બનાસકાંઠામાં જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ

* ૨૯૪૧૬ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ક્યા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ખાલી છે.

(૨) ઉક્ત જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ નીચે જણાવ્યા મુજબના તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ખાલી છે.

| અ.નં. | તાલુકાનું નામ |
|---|---|
| ૧ | અમીરગઢ |
| ૨ | દાંતીવાડા |
| ૩ | ધાનેરા |
| ૪ | દિયોદર |
| ૫ | વાવ |
| ૬ | થરાદ |

(૨) ઉક્ત જગ્યાઓ નીચે જણાવેલ સમયથી ખાલી છે.

| અ.નં. | તાલુકાનું નામ | કયારથી ખાલી છે. |
|---|---|---|
| ૧ | અમીરગઢ | તા.૩૦-૧૧-૨૦૧૬થી |
| ૨ | દાંતીવાડા | તા.૧૭-૬-૨૦૧૬થી |
| ૩ | ધાનેરા | તા.૧૪-૩-૨૦૧૬થી |
| ૪ | દિયોદર | તા.૩૧-૮-૨૦૧૬થી |
| ૫ | વાવ | તા.૧૩-૩-૨૦૧૬થી |
| ૬ | થરાદ | તા.૩૦-૬-૨૦૧૬થી |

(૩) વહીવટી અનુકૂળતાએ.

---------

ભાવનગર જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપમાં આચરવામાં આવતી ગેરરીતિ

* ૨૯૦૪૬ શ્રી શિવાભાઇ ગોહિલ (તળાજા) : માનનીય અન્ન નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

# તા. ૯મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા પેટ્રોલ/ડીઝલ પંપની તપાસણી કરવામાં આવેલ છે, | (૧) ૩૨૯ |
| (૨) ઉક્ત તપાસણી દરમિયાન કેટલા પંપોમાં ગેરરીતિ ધ્યાનમાં આવેલ, અને | (૨) ૮ પંપોમાં |
| (૩) તે અન્વયે શાં પગલાં લીધેલ છે? | (૩) ૮ (આઠ) પેટ્રોલ/ડીઝલ પંપ સામે ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ તથા ધી ગુજરાત લીગલ મેટ્રોલોજી (અમલીકરણ) નિયમ-૨૦૧૧ ના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુન્હા માંડવાળ ફી પેટે કુલ રૂ. ૨૮૦૦૦/- (અંકે રૂપિયા અઠ્ઠાવીસ હજાર પુરા) વસુલ કરવામાં આવેલ છે. |

---------

### કચ્છમાં ઘોરાડ અભ્યારણ્યમાં પક્ષીની સતત ઘટતી સંખ્યા

* ૨૮૫૫૦ શ્રી શકિતસિંહ ગોહિલ (અબડાસા) : માનનીય મંત્રીશ્રી (વન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં અબડાસા તાલુકામાં ઘોરાડ અભ્યારણ્યમાં તા.૧૫-૦૧-૧૭ની સ્થિતિએ ક્યા પ્રકારના કુલ કેટલા પક્ષી છે, અને | (૧) કચ્છ જિલ્લામાં અબડાસા તાલુકામાં ઘોરાડ અભ્યારણ્ય તથા તેના ઇકોલોજીકલ પ્રસરણ ઝોનમાં નવેમ્બર ૨૦૧૬માં કરાયેલ સર્વેક્ષણ મુજબ ૨૫ ઘોરાડ તથા ૨૨ હુબારા બસ્ટાર્ડ પ્રજાતિના પક્ષીઓ છે. |
| (૨) તે અન્વયે પક્ષીની સતત ઘટતી સંખ્યા અંગેના મુખ્યત્વે કારણો શું છે? | (૨) (ક) નબળી જનિનીક વિવિધતા<br>(ખ)ભૂ-ઉપયોગનો બદલાવ<br>(ગ) માદા માત્ર એક જ ઇંડુ મુકતી હોય છે.<br>(ઘ) રક્ષિત વિસ્તાર સિવાયના તેના રહેણાંક વિસ્તારોમાં માનવસર્જિત પરિબળો |

---------

### સુરત જિલ્લામાં ખાંડ તેમજ આયોડીન યુક્ત મીઠાનું વિતરણ

* ૨૯૦૩૧ શ્રી રણજીત ગીલીટવાલા (સુરત-પુર્વ) : માનનીય અન્ન નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહત દરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું? | સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહત દરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું |

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો(મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૩૫૦૦.૭૨ |
| આયોડીનયુક્ત મીઠું | ૧૬૧૬.૬૦ |

---------

### દાહોદા અને પંચમહાલ જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદે દબાણ

* ૨૮૭૯૩ શ્રી મિતેશભાઇ ગરાસીયા (ઝાલોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ દાહોદા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ |

| ક્રમ | જિલ્લાનું નામ | ગૌચર દબાણની વિગત |
|---|---|---|
| ૧ | દાહોદા | દાહોદા જિલ્લામાં કુલ ૮-૯૪-૧૯ હે.આરે.પ્ર જેટલી ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે |
| ૨ | પંચમહાલ | પંચમહાલ જિલ્લામાં ગૌચરની જમીનમાં કોઇ ગેરકાયદેસર દબાણો નોધાયેલ નથી. |

(૨) સરકારે આ દબાણો દુર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા અને કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી ?

(૨) દાહોદા જિલ્લો

દાહોદા જિલ્લાના બે તાલુકા ઝાલોદ તથા દાહોદના દબાણોની બાબત સબજ્યુડીશ છે તથા ધાનપુર તાલુકાના દબાણ બાબતે સચિવશ્રી, મહેસૂલ વિભાગ (વિવાદ) સમક્ષ કેસ ચાલુ છે.

અન્ય તાલુકાના દબાણો દૂર કરવા દબાણદારોને તાલુકા વિકાસ અધિકારી તથા ગ્રામ પંચાયત દ્વારા પંચાયત ધારાની કલમ-૧૦૫ હેઠળ નૅોટિસો પાઠવેલ છે. દબાણ ખુલ્લુ કરવાની વિગત શૂન્ય છે.

પંચમહાલ જિલ્લો

પંચમહાલ જિલ્લામાં ગૌચરની જમીનમાં કોઇ ગેરકાયદેસર દબાણ નોંધાયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહેસાણા જિલ્લામાં તોલમાપ ખાતા દ્વારા દરોડા

* ૨૯૮૪૬ શ્રી રમેશભાઇ ચાવડા (કડી) : માનનીય અન્ન નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર તોલમાપ ખાતા દ્વારા કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૧)

| તાલુકાના નામ | તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬ સુધી કરવામાં આવેલ નિરીક્ષણની સંખ્યા | તા.૧-૨-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ સુધી કરવામાં આવેલ નિરીક્ષણની સંખ્યા | કુલ |
|---|---|---|---|
| મહેસાણા | ૪૨૪૬ | ૧૭૫૫ | ૬૦૦૧ |
| વિસનગર | ૨૧૧૯ | ૧૫૮૬ | ૩૭૦૫ |
| ઊંઝા | ૧૫૦૪ | ૭૧૫ | ૨૨૧૯ |
| વિજાપુર | ૧૦૯૨ | ૧૫૩૪ | ૨૬૨૬ |
| કડી | ૨૧૭૬ | ૧૫૪૭ | ૩૭૨૩ |
| વડનગર | ૨૭૪ | ૪૫૫ | ૭૨૯ |
| સતલાસણા | ૩૮૪ | ૯૧ | ૪૭૫ |
| જોટાણા | ૨૪૦ | ૩ | ૨૪૩ |
| ખેરાલુ | ૩૦૯ | ૧૯૫ | ૫૦૪ |
| બેચરાજી | ૭૬૮ | ૧૨૨૨ | ૧૯૯૦ |
| કુલ | ૧૩૧૧૨ | ૯૧૦૩ | ૨૨૨૧૫ |

(૨) તે પૈકી કેટલા ઇસમો સામે શાં શિક્ષાત્મક પગલાં ભરવામાં આવ્યા, અને

(૨) તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૭ સુધી કુલ ૧૫૨૨ એકમો સામે ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ તથા ધી ગુજરાત લીગલ મેટ્રોલોજી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૧૧ના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુન્હા માંડવાળ ફી પેટે કુલ રૂ. ૧૦,૮૬,૬૦૦/- (અકે રૂપિયા દસ લાખ છ્યાસી હજાર છસો પૂરા)વસુલ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમયગાળામાં તોલમાપથી ચોરી અટકાવવા ઉક્ત જિલ્લામાં સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા?

(૩) વિભાગીય નિરીક્ષકો દ્વારા તેઓના કાર્યક્ષેત્રમાં દર માસે ઓચિંતી મુલાકાતો લેવામાં આવે છે તથા જિલ્લા કક્ષાએથી દર માસે મોબાઇલ કામગીરી દ્વારા કાયદા/ નિયમોના ભંગ કરતાં વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહિ કરી ગેરરીતિ નિવારવાના પ્રયત્નો કરવામાં આવે છે.

---------

ભાવનગર જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા

* ૨૭૫૧૮ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૬ દરમ્યાન પ્રાંતવાર કેટલા ગરીબ કલ્યાણ મેળા યોજાયા, અને

(૧) ૪ (ચાર)
ભાવનગર પ્રાંત-૧
મહુવા પ્રાંત-૧
પાલીતાણા પ્રાંત-૧
વલ્લભીપુર પ્રાંત-૧

(૨) તેમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવાઇ?

(૨)

| |
|---|
| કુલ લાભાર્થીઓઃ ૬૮,૩૮૮ |
| કુલ ચૂકવેલ સહાયઃ રૂા. ૨૫૪.૨૫ કરોડ |

---------

આશ્રમશાળા અને છાત્રાલયોમાં ફૂડબિલની રકમ બાબત

* ૨૭૦૪૯ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૧૫/૦૧/૨૦૧૭ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત આશ્રમશાળાના છાત્રાલયોમાં તેમજ ડેવલોપમેન્ટ સપોટ એજન્સી સંચાલીત નિવાસી શાળા મોર્ડન સ્કુલોમાં ૧ વિદ્યાર્થી દીઠ ફૂડ બિલની કેટલી રકમ અપાય છે,

(૧) આશ્રમશાળા અને છાત્રાલયોમાં નિભાવ ગ્રાન્ટ અનુદાન પેટે આપવામાં આવે છે.
ફૂડબિલ પેટે અલગ રકમની જોગવાઇ નથી. ફૂડબિલ માટેની યોજના કોલેજ સંલગ્ન હોસ્ટેલો માટે છે. જેસાં વિદ્યાર્થી દીઠ માસિક રૂ. ૧૨૦૦/– આપવામાં આવે છે. ડેવલોપમેન્ટ સપોટ એજન્સી (DSAG) દ્વારા કોઇ નિવાસી શાળા કે મોડેલ સ્કુલો ચલાવવામાં આવતી નથી.

(૨) તે અન્વયે વિદ્યાર્થીદીઠ ફૂડબિલની રકમમાં વિસંગતતા ક્યા કારણે છે, અને

| ૩૩ | વલસાડ | ૧૩૧.૪૫૭ | ૮૬.૧૧૨ |
| | કુલ | ૫૬૦૫.૫૧૮ | ૮૭૮૩.૩૦૪ |

---------

## રાજ્યમાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલનું આયોજન

* ૨૭૧૨૪ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે સને ૨૦૧૬–૧૭ના વર્ષમાં બજેટમાં રાજ્યમાં ઈન્ટરનેશનલ ફીલ્મ ફેસ્ટીવલના આયોજન માટે કેટલી રકમ ફાળવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે સને ૨૦૧૬–૧૭ના વર્ષમાં રાજ્ય ઈન્ટરનેશનલ ફીલ્મ ફેસ્ટીવલના આયોજન માટે રૂપિયા ૧૦/– કરોડની રકમની નાણાંકીય જોગવાઈ

(૨) તે અન્વયે ઉક્ત ઈન્ટરનેશનલ ફીલ્મ ફેસ્ટીવલ ક્યારે યોજવામાં આવ્યો અને જો ન યોજવામાં આવેલ હોય તો તેના કારણો શાં છે ?

બજેટમાં મંજૂર કરવામાં આવી.

(૨) ઉક્ત ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ના આયોજનને ધ્યાને લઈને મુલતવી રાખવામાં આવેલ.

---------

ખેડા જિલ્લામાં નવા રેશનકાર્ડ આપવા બાબત

* ૨૮૮૧૫ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ઈસમોને નવા રેશનકાર્ડ કાઢી આપવામાં આવ્યા ?

જવાબ

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર ૫૭૧૮ નવા રેશનકાર્ડ કાઢી આપવામાં આવ્યા. જે નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | આપવામાં આવેલ નવા રેશનકાર્ડ |
|---|---|---|
| ૧ | કઠલાલ | ૩૯૪ |
| ૨ | કપડવંજ | ૬૮૧ |
| ૩ | ખેડા | ૨૪૯ |
| ૪ | ગલતેશ્વર | ૨૪૩ |
| ૫ | ઠાસરા | ૪૩૬ |
| ૬ | નડીઆદ | ૯૮૭ |
| ૭ | નડીઆદ સીટી | ૧૩૨૬ |
| ૮ | મહુધા | ૧૧૧ |
| ૯ | મહેમદાવાદ | ૬૧૭ |
| ૧૦ | માતર | ૨૯૬ |
| ૧૧ | વસો | ૩૭૮ |
| | કુલ... | ૫૭૧૮ |

---------

રાજકોટ અને મોરબી જિલ્લામાં સીમ શાળાઓમાં કોમ્પ્યુટરોની ફાળવણી

* ૨૭૮૮૩ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જીલ્લામાં તાલુકા દીઠ કુલ કેટલી સીમ શાળાઓ આવેલી છે,

જવાબ

(૧)

| જીલ્લો | તાલુકો | સીમ શાળાઓ |
|---|---|---|
| રાજકોટ | ધોરાજી | ૦ |
| | ગોંડલ | ૧૫ |
| | જામ કંડોરણા | ૦ |
| | જસદણ | ૨૧ |
| | જેતપુર | ૦ |
| | કોટડા સાંગાણી | ૧ |
| | લોધીકા | ૦ |
| | પડધરી | ૦ |
| | રાજકોટ | ૪ |
| | ઉપલેટા | ૧૧ |
| | વિર્છીયા | ૨૭ |
| મોરબી | મોરબી | ૦ |
| | માળીયા | ૦ |
| | હળવદ | ૪ |
| | ટંકારા | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ સીમ શાળામાં સરકાર દ્વારા ફાળવેલ કોમ્પ્યુટર વિજળીના લો વોલ્ટેજને કારણે વિદ્યાર્થીઓ ઉપયોગ કરી શકતા નથી તે હકીકત ખરી છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો સરકાર સીમ શાળાઓમાં જ્યોતિગ્રામ યોજનામાં વીજ જોડાણ આપવા શું આયોજન છે ?

(૩) સીમ શાળાઓ વીજ જોડાણ ધરાવે છે. જરૂર જણાયે આ શાળાઓને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવા વિચારણા કરવામાં આવશે.

---------

શામળાજી ખાતે આવેલ એકલવ્ય મૉડેલ રેસિડેન્સીયલ સ્કૂલમાં શિક્ષકોની ભરતી બાબત

* ૨૮૭૮૨ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે આવેલ એકલવ્ય મૉડેલ રેસિડેન્સીયલ સ્કૂલમાં કેટલા કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં મંજુર મહેકમ કેટલા શિક્ષકોનું છે ?

જવાબ

(૧) હાલ કરાર આધારીત શિક્ષકોની ભરતી કરવામાં આવેલ છે. કાયમી શિક્ષકોની ભરતી થયેલ નથી.

(૨) ૨૬ શિક્ષકોનું

---------

## અતારાંકિત પ્રશ્નો

### સાણંદ અને બાવળા તાલુકામાં જમીનની રી–સર્વેની રેકર્ડનું પ્રમોલગેશન

* ૨૬૯૯૮ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં જમીનની રી–સર્વેની રેકર્ડનું પ્રમોલગેશન કામગીરી કયા તબક્કે છે?

જવાબ

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં જમીનની રી–સર્વેની રેકર્ડનું પ્રમોલગેશન કામગીરીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | સાણંદ તાલુકો | બાવળા તાલુકો |
|---|---|---|---|
| ૧ | કુલ ગામ | ૬૭ | ૪૮ |
| ૨ | રી સર્વેની રેકર્ડનું પ્રમોલગેશન થયેલ ગામ | ૨૫ | ૩૪ |
| ૩ | પ્રમોલગેશન બાકી ગામ | ૪૨ | ૧૪ |
| ૪ | બાકીના ગામોની જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૫ હેઠળની નોટિસ પ્રસિધ્ધ | ૧૧ | ૧૨ |
| ૫ | રેકર્ડ ચકાસણીની કામગીરી | ૩૧ | ૨ |

---------

### અમદાવાદ શહેર અને જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

* ૨૭૩૪૫ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં બેસાડવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ શહેર અને જીલ્લામાં કુલ કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ નિવારણ નવા ઓરડાઓ બાંધવા સરકારે શું આયોજન કરેલ છે?

જવાબ

(૧) અમદાવાદ શહેરમાં – ના
અમદાવાદ જિલ્લામાં – હા

(૨) ૫૬૭ અમદાવાદ જિલ્લામાં.

(૩) ઘટ નિવારણ માટે વર્ષ ૨૦૧૭–૧૮માં ભારત સરકારને અમદાવાદ જીલ્લા માટે ૨૯૭ ઓરડા મંજૂર કરવાની દરખાસ્ત કરેલ છે. બાકી રહેતી ઘટ ભારત સરકાર તરફથી બજેટ મંજૂર થતાં આરટીઈ એક્ટની જોગવાઈ મુજબ જરૂરી વર્ગખંડો આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

### ખેડા જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તોલમાપના સાધનોની ખરાઈ

* ૨૯૦૪૧ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખેડા જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમયમર્યાદામાં ખરાઈ ન કરાવવા બાબતોમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) તેમાં કેટલો દંડ કરવામાં આવ્યો?

જવાબ

(૧) ૪૧૭

(૨) રૂ. ૧,૧૩,૮૦૦/– (અંકે રૂપિયા એક લાખ તેર હજાર આઠસો પુરા) માંડવાળ ફી વસુલ કરવામાં આવી

---------

### મહીસાગર અને પંચમહાલ જીલ્લામાં પોતાના મકાનો વગરની ગ્રામ પંચાયત

* ૨૭૪૦૮ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જીલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતોના પોતાના મકાનો નથી, અને

(૨) કેટલી ગ્રામ પંચાયતોના મકાનો જર્જરીત તથા બીન ઉપયોગી છે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગ્રામ પંચાયતના પોતાના મકાન નથી તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જીલ્લાનું નામ | પોતાના મકાન નથી તેવી ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહીસાગર | ૩૧ |
| ૨ | પંચમહાલ | ૨૩ |
| કુલ | | ૫૪ |

(૨) મકાનો જર્જરીત અને બીન ઉપયોગી ગ્રામ પંચાયતની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જીલ્લાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયતના મકાનોની સંખ્યા | બીન ઉપયોગી ગ્રામ પંચાયતના મકાનોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મહીસાગર | ૭૮ | ૪૦ |
| ૨ | પંચમહાલ | ૧૨૦ | ૩૮ |
| કુલ | | ૧૯૮ | ૭૮ |

-------

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

### તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

દલિત સરપંચની હત્યા થતા દલિત સમાજમાં વ્યાપેલ ભય અને રોષ દૂર કરવા અંગે

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) :માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં અમરેલી તાલુકાના વરસડા ગામના દલિત સરપંચની જાહેરમાં હત્યા અજાણ્યા શખ્શો દ્વારા કરવામાં આવતા, દલિત સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે, ત્યારે આવા ઇસમોને પકડીને સખ્તાઇભર્યાં પગલાં લેવાં અને દલિત સમાજમાં વ્યાપેલ ભય અને રોષની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં ''

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં અમરેલી તાલુકાના વરસડા ગામના દલિત સરપંચની હત્યાનો જે બનાવ નોંધાયેલ છે તે અંગે નીચે મુજબ પગલાં લેવાયેલાં છે.

ફરિયાદી અરવિંદભાઇ કાનજીભાઇ માઘડ ( મરણ જનારના મોટા ભાઇ) અનુસૂચિત જાતિ ઉ.વ. ૩૫ રહે. વરસડાની ફરિયાદ આધારે અમરેલી તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૪/૨૦૧૭, આઇ.પી.સી. કલમ–૩૦૨, ૩૪ અને જી.પી.એકટ કલમ–૧૩૫ તથા એટ્રોસિટી એકટ કલમ૩(૨)(૫) હેઠળ તા. ૨૮–૨–૨૦૧૭ ના કલાક ૨૨–૩૦ વાગ્યે ગુનો નોંધાયેલ છે.

આ બનાવની એફ.આઇ.આર. મુજબ, મરણ જનાર જયસુખભાઇ ડિસેમ્બર–૨૦૧૬ માં યોજાયેલ વરસડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદે ચૂંટાઇ આવેલ હોઇ, આ કામે આરોપીઓને સારું નહિ લાગતા, ચૂંટણી બાબતે મનદુઃખ રાખી આ કામના મરણ જનારને પોતાના ઘર પાસે બોલાવી દીપભાઇ આપાભાઇ ધાધલે, યુવીભાઇ આપાભાઇ ધાધલ અને મધુભાઇ હાથીભાઇએ તા. ૨૮–૨–૨૦૧૭ ના રોજ સાંજના ૧૮–૦૦ કલાકે ઘાતક હથિયારો વડે હુમલો કરી હત્યા કરેલ.

આ બનાવ અનુસંધાને અમરેલી અને અન્ય જિલ્લાઓમાંથી અનુસૂચિત જાતિના આગેવાનો, વિવિધ સંગઠન સાથે સંકળાયેલ લોકો અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ભેગા થયેલ અને તેઓની લાગણી હતી કે મરણ જનારના મોત સંદર્ભે તમામ આરોપીઓની અટક થયા બાદ જ મરણ જનારની લાશ સંભાળીશું.

બનાવની સંવેદનશીલતા ધ્યાને લઇ પોલીસ અધિક્ષક, અમરેલી તાત્કાલિક સિવિલ હોસ્પિટલ, અમરેલી ખાતે પહોંચેલ હતા. ત્યારબાદ તુરત જ બનાવના સ્થળની મુલાકાત લીધી હતી. સિવિલ હોસ્પિટલ, અમરેલી ખાતે માન. કેન્દ્રીય મંત્રીશ્રી પુરુષોત્તમભાઇ રૂપાલા, સ્થાનિક આગેવાનો, જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અધિક કલેકટરશ્રી પહોંચીને સમજાવટ કરવામાં આવેલ તેમજ મરણ જનારના મોત અંગે તમામ પ્રકારની કાનૂની કાર્યવાહી અને સહાય આપવામાં આવશે તેવી બાહેંધરી કલેકટરશ્રી તરફથી આપવામાં આવેલ હતી. આ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવામાં આવેલ છે અને આ ઘટના બાદ કોઇ અનિચ્છનીય બનાવ બનેલ નથી. હાલ વરસડા ગામમાં પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલ છે.

મરણજનારના વિધવાને સમાજ કલ્યાણ ખાતા તરફથી તા. ૨–૩–૨૦૧૭ ના રોજ પ્રથમ તબક્કાની રકમ રૂપિયા ૪,૧૨,૫૦૦/– તેમજ વીરમેઘમાયા ખાસ કન્ટીજન્સી પ્લાન હેઠળ રૂપિયા ૧૮,૦૦૦/– ની એમ કુલ મળી રૂપિયા ૪,૩૦,૫૦૦/– ની સહાય ચુકવવામાં આવેલ છે.

આ ગુનાની તપાસ નાયબ પોલીસ અધિક્ષક, સાવરકુંડલા કરી રહ્યા છે. તપાસ દરમ્યાન ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓ દીપભાઇ આપાભાઇ ધાધલને તા. ૧–૩–૨૦૧૭ ના રોજ ૧૭–૦૦ કલાકે, યુવી આપાભાઇ ધાધલ તથા મધુભાઇ હાથીભાઇને તા. ૩–૩–૨૦૧૭ ના રોજ ૧૯.૪૫ કલાકે અટકાયત કરેલ છે.

આમ, આ બનાવ પરત્વે સરકાર દ્વારા ત્વરિત સંવેદનશીલતાપૂર્વક અસરકારક પગલાં લેવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં આવા બનાવો અટકાવવા માટે નીચે મુજબનાં પગલાઓ લેવામાં આવેલ છે.

રાજ્ય કક્ષાએ ડીજીપી કચેરી ખાતે અધિક પોલીસ મહાનિર્દેશકશ્રીના વડપણ હેઠળ એસ.સી./એસ.ટી. સેલ કાર્યરત છે.

રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ, ૪ પોલીસ કમિશનરેટ વિસ્તાર, ગાંધીધામ અને પ.રેલ્વે (વડોદરા) મળીને કુલ ૩૯ જિલ્લા/શહેરમાં એસ.સી./એસ.ટી. સેલની રચના કરવામાં આવેલ છે.

એટ્રીસિટી એક્ટ હેઠળ દાખલ થતા તમામ ગુનાની તપાસ નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીશ્રી દ્વારા કરવામાં આવે છે. એટ્રોસિટી એકટ સુધારા અધિનિયમ–૨૦૧૫નું ચુસ્તપણે અમલીકરણ કરવામાં આવે છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર અટકાવ) સુધારો નિયમો–૨૦૧૬ મુજબ ફરિયાદ દાખલ થવાના તબક્કે, ચાર્જશીટ કર્યાના તબક્કે તેમજ બાકીની સહાય કેસ સાબિત થયે ચુકવવામાં આવે છે. એટ્રોસિટી એક્ટ હેઠળ દાખલ થતા તમામ ગુનાઓમાં સહાય ચુકવવામાં આવે છે.

રાજ્યમાં એટ્રોસિટી એકટ હેઠળના કેસો ચલાવવા માટે રાજ્યના ૩૩ જિલ્લાઓ પૈકી ૧૬ જિલ્લાની કોર્ટોને 'એક્સકલુઝિવ સ્પેશિયલ કોર્ટસ' તરીકે જાહેર કરવામાં આવેલ છે, જ્યારે બાકીના ૧૭ જિલ્લાની સેશન્સ કોર્ટોને 'સ્પેશિયલ કોર્ટસ' તરીકે નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. આ ૧૬ જિલ્લાની 'એક્સકલુઝિવ સ્પેશિયલ કોર્ટસ' માં પબ્લિક પ્રોસિક્યુટર્સને 'એક્સકલુઝિવ સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર્સ' તરીકે અને બાકીના ૧૭ જિલ્લાની 'સ્પેશિયલ કોર્ટસ' માં 'એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર્સ'ને સ્પેશિયલ 'પબ્લિક પ્રોસિક્યુટર્સ' તરીકે નિર્દિષ્ટ કરીને નિમણૂક કરવામાં આવેલ છે.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

એટ્રોસિટીના કેસોમાં સાબિત ગુનાઓનું પ્રમાણ વધે અને કેસ નામ.કોર્ટમાં બોર્ડ પર આવે ત્યારથી નિકાલ સુધી ફરિયાદી તેમજ સાક્ષીઓને યોગ્ય માર્ગદર્શન માટે પોલીસ સ્ટેશન વાઇઝ કેસ ઓફિસરની નિમણૂક કરવામાં આવેલ છે. અધિક પોલીસ મહાનિર્દેશકશ્રીના વડપણ હેઠળ સમયાંતરે તમામ શહેર/જિલ્લા ના એસ.સી./એસ.ટી. સેલના નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ સાથે મીટિંગ યોજી રાજ્યના તમામ એટ્રોસિટીના ગુનાઓ/કેસોની સમીક્ષા કરવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ કલેક્ટરશ્રીના વડપણ હેઠળ તકેદારી સમિતિની મીટિંગ ત્રિમાસિક ધોરણે યોજવામાં આવે છે. રાજ્યકક્ષાએ અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના હડપણ હેઠળ ત્રિમાસિક મીટિંગ યોજવામાં આવે છે. તેમજ સરકારશ્રી કક્ષાએ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને ઉચ્ચસ્તરીય તકેદારી અને મોનીટરિંગ સમિતિની રચના કરવામાં આવી છે.

(૩) અનુસૂચિત જાતિના ખૂનના ગુનાઓ વર્ષ ૨૦૧૪માં રાજયમાં ૨૫ નોંધાયેલા હતા. જે વર્ષ-૨૦૧૫ માં ઘટીને ૧૭ થયેલા છે. જે ૩૨ ટકા નો ઘટાડો સુચવે છે. વર્ષ-૨૦૧૫ માં સમગ્ર ભારતમાં આવા ગુના ૭૦૭ અને ગુજરાત રાજયમાં ૧૭ નોંધાયેલ છે. જે કુલ ગુનાના માત્ર ૨.૪૦ ટકા છે.

(૪) સમગ્ર ભારતમાં વર્ષ ૨૦૧૫ માં અનુસૂચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ અનુસૂચિત જાતિને લગત ૪૫૦૦૩ ગુનાઓ નોંધાયેલા છે, તે સામે ગુજરાતમાં ૧૦૪૬ ગુનાઓ નોંધાયેલ છે, જે કુલ ગુનાના માત્ર ૨.૩૨ ટકા ગુનાઓ નોંધાયેલ છે.

આ ઘટના ચૂંટણીની અદાવતમાં બનેલ છે, જે પરત્વે ત્વરિત પગલાં લઇ, આરોપીની ધરપકડ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે. આમ, સ્પષ્ટ થાય છે કે દલિતોની સલામતી અને આત્મસન્માન જળવાય તેવાં પગલાં લેવાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો ગયા શુક્રવારે જ પાટણ જિલ્લાના એક ગામમાં ૧૪ દલિત પરિવારોએ હિજરત કરી હતી અને ૧૧૬ દાખલ કરી હતી. અને આજે બરાબર ૩ દિવસ પછી પાછી ૧૧૬ દલિત સમાજની હત્યા થઇ એના માટે દાખલ થઇ. મારે છેલ્લા એક વર્ષમાં ખાસ કરીને ૬-૮ મહિનામાં ઉના કાંડ થયા પછી રાજ્યની અંદર દલિતોની પરિસ્થિતિ કફોડી થતી જાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ આપ આવ્યા પછી દલિતોની હત્યાનું પ્રમાણ, બળાત્કારનું પ્રમાણ હોય કે અપહરણનું પ્રમાણ હોય એમાં વધારો થયો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : હું પ્રશ્ન ઉપર આવું છું. એટલા માટે આ હત્યા થયેલ છે. મારો પ્રશ્ન એ છે કે જે રીતે હત્યા થઇ. સુરેન્દ્રનગરમાં બંધારણને પાલખીમાં લઇને ફરવું. બાબાસાહેબને ભારત રત્ન એવોર્ડ આપવો એનો જશ ભારતીય જનતા પાર્ટી લે છે. મારે ભારતીય જનતા પાર્ટીને પૂછવું છે કે બંધારણના અમલના ભાગરૂપે અમરેલી તાલુકાના એ વરસડા ગામમાં અનામતની સીટ આવી હતી. એ અનામતની સીટના લીધે ભારત રત્નનો એ રત્ન ચૂંટણી લડ્યો હતો. આ ચૂંટણી લડ્યા પછી આ સરપંચની ખુલ્લેઆમ હત્યા કરવામાં આવી. મંત્રીશ્રીને મારે બે ટૂંકા પ્રશ્ન પૂછવા છે કે આજે દલિતની હત્યા થઇ, એ હત્યા બંધારણના ભાગ રૂપે એ ગામમાં સરપંચની સીટ અનામત આવી હતી, એટલે એ વ્યક્તિ ચૂંટણી લડ્યા. આ હત્યા થઇ એના કારણો શાં? પહેલું અને બીજું આ હત્યા કોઇ રાજકીય હત્યા થયેલ છે? અને રાજકીય હત્યાના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટીના આગેવાન સામેલ છે કે નહીં આ પ્રશ્ન મંત્રીશ્રીને પૂછવો છે? આ સરકારે સહાય આપી છે તે ચાર, સવા ચાર લાખ રૂપિયાની સહાય આપીને એ દલિત વિધવા એના પરિવારનું ઘર નહિ ચલાવી શકે. સરપંચની હત્યા થઇ હોય ત્યારે મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે એના પરિવારમાંથી કોઇ દલિતને નોકરી આપે. એ બે પ્રશ્ન પૂછવા માગું છું?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય શૈલેષભાઇની ૧૧૬ ની નોટિસના સંદર્ભમાં મારે એટલું કહેવું છે કે એમણે ઉલ્લેખ કરેલ છે કે પાટણ જિલ્લામાં ત્યાંના પર ગામના દલિતોના પ્રશ્ન અંગે. આ પ્રશ્નના મૂળમાં જ્યારે આત્મારામભાઇ જવાબ આપતા હતા ત્યારે મેં જોયો. આ પ્રશ્ન કોંગ્રેસના કાર્યકર્તાના ત્રાસના કારણે ઊભો થયો હતો. ત્યાં જે સ્થિતિ ઊભી થઇ, તેના કારણે દલિતોની આ સ્થિતિ થઇ છે. અમરેલીની અંદર વાત કરે છે. આ કોઇ રાજકીય હત્યા નથી. આ સરપંચના જે સમાચાર મળ્યા તાત્કાલિક અમારા ભારતીય જનતા પાર્ટીના વરીષ્ઠ આગેવાનો ત્યાં સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ રૂમમાં પહોંચ્યા હતા. અમારા કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા ત્યાં હાજર રહ્યા હતા. આ વિજયભાઇ રૂપાણીની સરકારમાં દલિતો ઉપર અત્યાચાર કે દલિતોના સંદર્ભમાં શૈલેષભાઇ વાત કરી રહ્યા છે તે સદંતર અયોગ્ય વાત છે. આ માત્રને માત્ર આશય એટલો છે અને દરેકે દરેક બાબતમાં રાજકારણ ન લાવવું જોઇએ. નરેન્દ્રભાઇ મોદી જયારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સમરસ પંચાયતની કલ્પના કરી હતી. સમરસ પંચાયતની કલ્પનાની પાછળનો આશય એ હતો કે ગામની અંદર સાથે રહેવું. વાતાવરણ ન બગડે પરંતુ આ પ્રમાણેની ઘટનામાં સરકારે સખ્તાઇથી પૂરા પગલાં લીધા છે. આ સરકાર દ્વારા આ ઘટના સાથે સંકળાયેલા ત્રણેય ત્રણને તાત્કાલિક અસરથી જેલના હવાલે કરવામાં આવ્યા છે. તેમને મળવાપાત્ર સહાય હતી તે સહાય પણ સંપૂર્ણરીતે ચુકવવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ. માનનીય રમેશભાઇ ચાવડા.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલીના વરસડા ગામે સરપંચશ્રીની થયેલ હત્યા બાબતે માનનીય શૈલેષભાઇ પરમાર ૧૧૬ની જે નોટીસ લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

અધ્યક્ષશ્રી : માનનીય રમેશભાઇ આપ પ્રશ્ન પૂછો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, દલિતો ઉપર છાસવારે આ બનાવો બનતા જાય છે તે ખૂબ જ દુઃખની બાબત છે. શાંતિથી આપણે વિચારીએ તો ખૂબ જ ભયંકર બાબત છે. એક ગામમાં બને છે તે અટકતું નથી અને બીજા ગામમાં બને છે. મને લાગે છે કે ગામે ગામ વારા કાઢી દીધા છે કે દલિતો પર અત્યાચાર કરો, તેમને મારો. તેવો એક એજન્ડા લઇને નીકળ્યા હોય તેવું લાગે છે. મારે બીજી ચર્ચા નથી કરવી પણ હું આ સન્માનનીય ગૃહમાં એક વાત કરવા માગુ છું અને જેમ મંત્રીશ્રીએ કહ્યું કે તેમને સહાય આપી છે. તો સહાય આપ કેટલા લોકોને આપશો? જે કેસ બોર્ડ ઉપર આવતા હોય તેને સહાય આપીએ છીએ. જે લોકો ચર્ચામાં જ નથી આવતા અને સહન કરે છે તે લોકોને ક્યાં સહાય આપવા જઇશું. આ સમાજની ખૂબ જ દયનીય પરિસ્થિતિ છે, દયાજનક પરિસ્થિતિમાં આ સમાજ મૂકાયો છે ત્યારે પ્રશ્ન આ સમાજને રક્ષણ આપવા માટે છે. અત્યારે કાયદો અને વ્યવસ્થા જળવાતી નથી. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા જાઉં છું કે પાટણમાં જે બનાવ બન્યો તેમાં ૨૨ આરોપીઓ હતા. ૨૨ આરોપીમાંથી ૨ આરોપી પકડેલા.

અધ્યક્ષશ્રી : માનનીય રમેશભાઇ તે ચર્ચા પૂરી થઇ ગઇ છે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તેની ભૂમિકા છે.

અધ્યક્ષશ્રી : અત્યારે આપ પ્રશ્ન પર આવી જાઓ. આ ૧૧૬ની નોટીસ છે. આપણે બધા સભ્યશ્રીઓ એટલું ધ્યાન રાખીને ચાલીએ, બનાવો બનતા જાય છે તેની આપણે વાત કરીએ પણ જે ઉદારતાથી પ્રશ્નો એન્ટર થાય છે અને સરકાર તેને રીસ્પોન્સ આપે છે તે વાત પણ આપણા ધ્યાન પર રહેવી જોઇએ.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બે આરોપી પકડ્યા. વીસ આરોપી પકડ્યા નહીં. હું ૧લી તારીખે પાટણ ગયો અને ડી.એસ.પી. તથા કલેકટરશ્રીને રજૂઆત કરી ત્યારે બાકીના ૨૦ માણસ એક જ દિવસમાં પકડાઇ ગયા. (અંતરાય) અરે ભાઇ, આપણા પૂનમભાઇ મકવાણાએ રજૂઆત કરી અને પકડાઇ ગયા. ચાલો તમારી રજૂઆતથી પકડાઇ ગયા. પૂનમભાઇની રજૂઆતથી પકડાઇ ગયા. હું એ કહેવા જાઉં છું કે આટલા લાંબા ગાળા સુધી આરોપીઓ પકડાયા નહીં. એટલે મારો કહેવાનો મતલબ કે કાયદો અને વ્યવસ્થામાં ક્યાંક ચૂક છે, ઢીલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય રમેશભાઇ આપ બે પ્રશ્નોને મીકસ ન કરો. આના માટે ૧૧૬ની નોટીસમાં વિગતવાર ચર્ચા ભૂતકાળમાં કરી ચૂકયા છીએ. આ અમરેલીનો શૈલેષભાઇનો પ્રશ્ન છે તેના ઉપર આવી જાઓ. તેના ઉપર કંઇ પૂછવાનું હોય તો પૂછો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો પ્રશ્ન છે કે આ દલિત સમાજ માટે આપણે આ ગૃહમાં એવો કોઇ કાયદો બનાવવા માગીએ છીએ? આ દલિત સમાજ ઉપર કોઇ અત્યાચાર કરે તો ચીલાચાલુ કાયદાઓ સિવાય આપણે તેના માટે કોઇ સ્પેશ્યલ કાયદો આ ગૃહમાં લાવવા માગીએ છીએ કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં ભૂતકાળમાં કયારેય ન હતો તેવો કડકમાં કડક કાયદો આ દેશની સંસદમાં નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા બાદ એટ્રોસિટી એકટ, ૨૦૧૫ અને તેમાં એમેન્ડમેન્ટ સાથે કાયદો બન્યો છે. ભૂતકાળમાં આવો કાયદો કયારેય ન હતો. તે કાયદાના નિયમોનું અમલીકરણ ૧૪ એપ્રિલ ૨૦૧૬થી રાજયની અંદર કરવાની શરૂઆત થઇ છે. રાજય સરકારે ૧૪ એપ્રિલ, ૨૦૧૬થી રાજયની અંદર એના અમલીકરણની શરૂઆત કરી દીધી છે એટલે કેન્દ્રના આ કાયદાને રાજય સરકારે સંપૂર્ણપણે સ્વીકારીને એ દિશામાં અમલીકરણ કરવાની શરૂઆત કરી છે. એટલે ગુજરાતમાં સમરસ વાતાવરણ છે, સરકાર સૌનો સાથ, સૌના વિકાસના મંત્રના આધાર ઉપર ચાલે છે પરંતુ ક્યાંક ક્યાંક રાજકીય મતમતાન્તર કારણે આ એક સરપંચની ચૂંટણીના કારણે થયેલી હત્યા છે આમાં સામાજીક સમરસતાને નુકસાન થાય એવું આ સભાગૃહમાં આપણે કોઇ ઉદગાર ન કરવા જોઇએ, આપણે બધા આ સભાગૃહના માધ્યમથી એક મેસેજ આપવો જોઇએ. સમાજના ભાગલા પડાવીને એમાંથી આપણે રાજકારણ કરીને જો કરીશું તો કદાચ ચૂંટણીમાં થોડા નાના મોટા મતથી આપણી જીતી જઇશું પરંતુ એ સમાજના જે ભાગલા પડશે એ ગુજરાત જેવા રાજયને ક્યારેય નહીં પોસાય. આપણને ખબર છે કે, ૧૯૮૫માં જે તોફાનો થયા હતા એમાંથી કળ વળતા વળતા આપણને લાંબો સમય ગયો હતો. આટલું ઉચ્ચ પ્રકારનું વાતાવરણ જ્યારે ગુજરાતમાં છે, ગુજરાતમાં ગુનાઓનું પ્રમાણ કેટલું છે એના મારી પાસે એન.સી.આર.બી.ના આંકડા પણ છે એ પ્રમાણે ગુનાઓના પ્રમાણમાં ક્રમશઃ મોટો ઘટાડો થયો છે. એક સમરસ વાતાવરણ છે તો આ સભાગૃહ મહેરબાની કરીને આ પ્રકારની ઘટનામાંથી રાજકારણ ન કરે એવી આપના માધ્યમથી હું સૌને વિનંતી કરું છું.

### સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી ગણપતસિંહ વે.વસાવા ( દેવસ્થાન અને યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ફાલ્ગુન ૧૫, ૧૯૩૮ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨-૧૩નો વાર્ષિક અહેવાલ

શ્રી આત્મારામ મ.પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨-૧૩નો વાર્ષક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા ( રા.ક.ના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભસાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (રા. ક.ના ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( રા. ક.ના ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન મંડળનો વાર્ષિક અહેવાલ

શ્રી દિલિપકુમાર વી. ઠાકોર(આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી હું ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી શંકરભાઇ લ. ચૌધરી (માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

આણંદ કૃષિ યુનિવર્સિટીનો અહેવાલ

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયાઃ (માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૧-૧૨નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન, વાર્ષિક હિસાબો તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ, વાર્ષિક હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સરદાર કૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના અહેવાલો

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયાઃ (માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર કૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૧૧-૧૨ અને સન ૨૦૧૨-૧૩ના ઓડિટ અહેવાલો તેના ઉપર લેવાયેલ પગલાંના નિવેદનો,વાર્ષિક હિસાબો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ, વાર્ષિક હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (માનનીય રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેની તા. ૧૦-૨-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃજીએચયુ-૨૦૧૭-(૧૧)-જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક (પાર્ટફાઇલ) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭
## ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૭
### વિધેયક (સરકારી)

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૭

સન ૨૦૧૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

શ્રી નીતિનભાઇ ર. પટેલ (માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી) : : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્ર*માં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૧૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૧૭ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : આજે પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા હાથ ધરવાની છે, આ ચર્ચામાં ભાગ લેવા માટે કુલ પાંચ સભ્યશ્રીઓએ મુદ્દા આપેલા છે. આજે ગૃહની બેઠકનો સમય બપોરના ૧૨ વાગ્યાથી સાંજના ૫-૧૫ વાગ્યા સુધીનો છે, આથી વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે એક કલાક પહેલાં એટલે કે સાંજના ૪-૧૫ કલાકે પૂરક વિનિયોગ વિધેયક પરની સમગ્ર ચર્ચાને સમાપ્ત કરી બધી બાબતો સભાગૃહના મત ઉપર મૂકવાની થાય, પરંતુ આજરોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૧૭-૧૮ના વર્ષના અંદાજપત્ર પરની બીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ મને મળેલી સત્તાની રૂએ નિયમ - ૨૩૮(૩)માં છૂટછાટ મૂકી પૂરક વિનિયોગ વિધેયક માટેની ચર્ચા અને મતદાન માટે ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવે છે. પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા જે પાંચ સભ્યશ્રીઓએ મુદ્દા આપ્યા છે તે દરેક સભ્યને ચર્ચા માટે ત્રણ મિનિટનો સમય હું ઠરાવું છું. તદઅનુસાર આ મુદ્દા ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૬-૧૭ની અંદર અને ભૂતકાળમાં રાજયની અંદર ૬ જે વાયબ્રન્ટ સમીટ થઇ ગયા તે વાયબ્રન્ટ સમીટની અંદર જે રોજગારી ઉભી થવી જોઇએ તે ખરેખર રોજગારી ઉભી થઇ નથી અને જે ગરીબને મધ્યમ વર્ગના લોકોને જે ફાયદો થવો જોઇએ તે થયો નથી. અને તેનો જે ખર્ચો કરવામાં આવ્યો છે તે ખર્ચો એટલો બધો થયો છે કે જેને કારણે આવનારા દિવસોમાં બજેટમાં તે વસ્તુ જો લેવામાં આવે તો તેનો ઘણો ખર્ચો થાય તો તેને કારણે બજેટની વિસંગતતા ઉભી થાય તેમ છે. સાથે સાથે જે ઉદ્યોગો લાવવામાં આવ્યા છે તે ઉદ્યોગો પર્યાવરણની અંદર નુકસાન કરી રહ્યાં છે જેમ કે અમેરિકાની અંદર એવું છે કે અમુક ઉદ્યોગોને પરમિશન આપવામાં આવતી નથી કારણ કે માનવ જીવનના આરોગ્ય સાથે ચેડાં કરે તેવા ઉદ્યોગોને ત્યાં કોઇ પણ જાતની પરવાનગી આપવામાં આવતી નથી અને એ વસ્તુની બીજી જગ્યાએથી આયાત કરવામાં આવે છે. એવી રીતે ઉદ્યોગ માટે જે દોટ મૂકી છે તેની અંદર ન કરે નારાયણ અને આવનારા દિવસોની અંદર માનવ જીવન સાથે પર્યાવરણને જે સાંકળવાની આપણી જવાબદારી છે તેમાંથી આપણે ઉણાં ઉતર્યા એવુ સાબિત ના થાય. માટે જે પણ ઉદ્યોગો આવે તે પર્યાવરણને નુકસાન ન કરે અને એને કારણે આવનાર પેઢીને આપણે બધા મુકત રાખીએ તો ઘણું સારું છે. કારણ કે જે ઉદ્યોગો આવે છે તેમનું જે કેમિકલ્સવાળું પાણી છે તે નદીઓમાં નાંખે છે, કૂવા ખોદીને અંદર જવા દે છે જેને કારણે પીવાના પાણીની અંદર પણ કેમિકલ્સની ભેળસેળ થવા માંડી છે તેની પણ ઘણી બધી રજૂઆતો પ્રજામાંથી આપણી પાસે આવે છે. પણ જે કુદરતી વસ્તુને રોકવા માટે આપણે બધાએ ખરેખરાં પ્રયત્નો કરવા જોઇએ તે પ્રયત્નો આપણે કરતાં નથી અને તેને કારણે અત્યારે જે સારું લાગે છે, જે ઉત્તમ લાગે છે, જે મહત્તમ લાગે છે તેને કારણે આવનાર દિવસોમાં બહુ મોટું નુકસાન સમાજને ના થાય તેનું પણ ધ્યાન રાખવા જેવું છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો માટે સિંચાઇનું પાણી તે ખૂબ અગત્યનો પ્રશ્ન છે. આજે રાજયના ખેડૂતોને સિંચાઇનું સમયસર પાણી મળતું નથી અને ભૂગર્ભ તળ દિન-પ્રતિદિન ઘટતાં જાય છે ત્યારે આ સમગ્ર રાજયના ખેડૂતોને જો બચાવવા હોય તો રાજય સરકારે નાના નાના ચેકડેમો અને નાના નાના ચેકડેમોના માધ્યમથી પાણી રિચાર્જ કરી અને આ યોજનાઓ અમલમાં મૂકવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી મારે ખૂબ દુ:ખ સાથે કહેવું છે કે, રાજય સરકારે ૧૩મા નાણાપંચમાંથી ૨૦૧૨ની સાલમાં મારા વિસ્તારના સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાની લૂણીનદી ઉપર જે ચેકડેમો મંજૂર કર્યા છેલ્લાં ચાર વર્ષથી સતત મેં આ બાબતે રજૂઆતો કરી પણ આ ચેકડેમોના કામ ચાલુ થયા નહીં અને ૧૩મા નાણાપંચ પછી ૧૪મું નાણાપંચ આવ્યું અને તેના કારણે

---

* વિધેયક તારીખ ૨જી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ ગ્રાન્ટ અન્ય જગ્યાએ વાપરી નાંખવામાં આવી અને તેના કારણે આ વિસ્તારના તમામ ખેડૂતો આજે પણ પાણીની હાલાકી ભોગવી રહ્યાં છે. ઉનાળામાં આ વિસ્તારમાં પશુઓને પીવાનું પાણી મળતું નથી. ઉનાળાનો સમય હોય ત્યારે આ વિસ્તારમાં માનવને પણ પીવાનું પાણી મળે નહીં એવી પરિસ્થિતિમાં મેં આપના માધ્યમથી આ એક જે પૂરક વિનિયોગ વિધિયેક પર મુદ્દો રજૂ કરી અને સરકારનું ધ્યાન દોરવા માંગ્યુ છે કે આ જે ચેકડેમો જે ૧૩મા નાણાપંચમાં મંજૂર થયેલાં તે અધિકારીઓની ગંભીર બેદરકારીને કારણે થઇ શક્યા નથી. આ ચેકડેમો થાય તો સુજલામ્ સુફલામનું તમામ પાણી તે લૂણીનદીમાંથી વહેવડાવી શકીએ અને લૂણીનદીમાંથી વહેવડાવી અને આ પાણી અહીંયા ભરી શકાય તેમ છે. માનનીય નીતિનભાઇ સાહેબ હાલ દસ કિલોમીટરનો એરિયા છે આ દસ કિલોમીટરની અંદર પાણી છેક દહેગામ સુધી પણ જઇ શકે એવી પરિસ્થિતિ છે પણ અધિકારીઓ આ ધ્યાન રાખ્યું નહીં અને તેના કારણે નાણાં લેપ્સ ગયા અને તેના કારણે આ વિસ્તારને ખૂબ અન્યાય થયો છે એટલે મારે આ પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં આપના માધ્યમથી વિનંતી કરવી છે કે, આ ચેકડેમો પુનઃ બનાવવા માટે સરકારે તાત્કાલિક આયોજન કરવું જોઇએ. ૧૩મા નાણાપંચની ગ્રાન્ટ રદ થઇ તો ૧૪મા નાણાપંચમાં તેનો ઉલ્લેખ કરી કાં તો રાજય સરકારના બજેટ હેડેથી પણ જોગવાઇ કરી અને મારા વિસ્તારના આ ચેકડેમો પુનઃ બને તો આ વિસ્તારના ખેડૂતો જીવંત રહી શકે અને તેમની હજારો હેકટર જમીન અત્યારે બિન પીયત પડી છે અત્યારે આ શિયાળાનો ઘઉંનો પાક બગડી ગયો તો ચેકડેમો હોત તો તે પાણી અમે લઇ જતાં અને ચેકડેમોમાં પાણી ભરી અને મશીનરીથી તે વિસ્તારમાં અમે ખેતી કરી શકતા પણ ખેડૂતો આજે બાપડા, બિચારાં બનીને બેઠાં છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં જે વાઇબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત એમ.ઓ.યુ. થાય છે એ બધું બરાબર છે પરંતુ વિદેશમાં જે ઉદ્યોગો પર પ્રતિબંધ છે એવા ઉદ્યોગો વિદેશના લોકો અહીં આવીને કરે છે અને એની અસર માનવજાત પર પડે છે. જેની સાથે સાથે યુવાનોને રોજી મળશે એવા હેતુથી તમે ઉદ્યોગોને મંજૂરી આપતા હોવ છો પરંતુ તેમાં ૭૦ ટકા ઉદ્યોગો બહારના હોય છે અને એના કારણે ૧૦ થી ૧૫ ટકા લોકોને જ રોજગારી મળતી હશે. આપણે ત્યાં પણ ઘણા ઉદ્યોગો છે. જો આપણે ત્યાં હીરા ઉદ્યોગને આપણે પ્રોત્સાહન આપીશું તો એક પણ બેકાર નહિ રહે. લોકોને રોજગારી આપી શકે એવો આ ધંધો છે. દુબઇની અંદર પણ ઉદ્યોગો માટે એમ.ઓ.યુ. થાય છે પરંતુ ત્યાં એક સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. અહીં તમારા ઉદ્યોગ માટે એક પ્લોટ નક્કી થાય, ટેક્ષ નક્કી થાય અને એક ફોર્મ આપવામાં આવે છે. ત્યારબાદ ૩૦ દિવસની અંદર ઉદ્યોગ માટેની તમામ સુવિધાઓ એના પ્લોટ પર ઉપલબ્ધ થાય છે અને ઉદ્યોગ શરૂ થાય છે. આપણે ત્યાં જે એમ.ઓ.યુ. થાય છે એમાં ઉદ્યોગ શરૂ કરવા માટે અરજદાર ઓફિસે ધક્કા ખાઇને થાકીને પડતો મૂકી દે છે. આપણે ત્યાં લાખો, કરોડોના એમ.ઓ.યુ. થાય છે પરંતુ બેકારો ત્યાંના ત્યાં જ રહે છે. કોમ્પ્યુટર એન્જીનીયર અને મીકેનીકલ એન્જીનીયર આશા રાખે છે કે, વાઇબ્રન્ટ આવશે અને અમને રોજગારી મળશે પણ આ કાર્યક્રમ બેકારો માટે તદ્દન નિષ્ફળ સાબિત થઇ રહ્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ખાસ કરીને ૨૦૦૩થી અત્યાર સુધી ૬ વાઇબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો આપણે ત્યાં કરવામાં આવ્યા. એમાં સૌથી મોટી જાહેરાત એ હતી કે ગુજરાતમાં વાઇબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ કરવા પાછળનો સૌથી મોટો હેતુ એમ.ઓ.યુ. થયા પછી સરકાર એને સુવિધા પૂરી પાડે અને ઉદ્યોગ ચાલુ થાય એ હતો. સરકારના જ આંકડા બતાવે છે કે ૪૭ ટકા લોકો ઉદ્યોગોને પડતા મૂકી દે છે. એનું સૌથી મોટું કારણ એ છે કે, એમ.ઓ.યુ. થાય અને ઉદ્યોગ શરૂ કરવાની કામગીરી પૂરી કરે ત્યાં સુધીમાં ઘણી બધી મુશ્કેલીઓ પડતી હોય છે. આ બધા કારણોસર ગુજરાતમાં ઘણા બધા નાના – નાના ઉદ્યોગો બંધ થઇ ગયા છે. આપણે એ લોકોને શા માટે ફાયદો આપીએ છીએ. એક દિવસ એવો આવશે કે, ૨૫–૫૦ મોટા ઉદ્યોગો જ રહી જશે અને બીજા બધા એમને ત્યાં જોબવર્ક કરતાં હશે. આથી સરકારે બહુ ગંભીરતાથી વિચારવું જોઇએ કે, જે ઉદ્યોગોને આપણે બહારથી લાવીએ છીએ એના કારણે આપણા લોકોને ફાયદો થાય છે કે કેમ? સોતનપુરાની અંદર એમ.ઓ.યુ. કરીને જે ઉદ્યોગ ચાલુ કર્યો એમાં ૧૫ રૂપિયાના ભાવે વીજળી લીધી. ખરેખર પાંચ સાત રૂપિયે આજે વીજળી પડે. દર વર્ષ એક હજાર કરોડ રૂપિયાનું આપણે નુકસાન કરી રહ્યા છીએ. ખરેખર જો આ જ વસ્તુ સરકારે વિચારીને કરી હોત તો આ જે ત્રીસ વર્ષનું એગ્રીમેન્ટ કર્યું છે તે કેટલાય વર્ષ સુધી નુકસાન જવાનું છે. તો એ તો જે પેપર વર્ક કરે એને જ ખ્યાલ આવે. કેટલીકવાર એમ.ઓ.યુ.માં કરારો આપણે એવા કરી દઇએ છીએ કે, કે જેના કારણે ૪૦૦–૪૦૦ અને ૫૦૦–૫૦૦ કરોડ રૂપિયા એ કશું ના કરે તો પણ સરકારને આપવાના થાય એવું પણ સરકાર કબૂલતી હોય છે. ખરેખર આ વાયબ્રન્ટની અંદર જે ખર્ચા થાય છે, •(×××) પણ ગુજરાતના બેકારોને જે ખરેખર ફાયદો થવો જોઇએ, ગુજરાતની જનતાને ફાયદો થવો જોઇએ, જે લાભ થવા જોઇએ એ લાભ આજે પણ થતા નથી. આ સિવાય, બીજાં બધાં રાજયો આપણે જોઇએ તો મહારાષ્ટ્ર હોય કે બીજાં એ આવું કશું જ નથી કરતા હોતા તોયે આપણા કરતાં નંબર વન રહેતાં હોય છે. એ આપણાથી આગળ રહેતાં હોય છે તો આપણે એમાંથી ખરેખર શીખવું જોઇએ કે, એ એવું કયા પ્રકારનું આયોજન કરે છે અને આવો કશો જ ખર્ચો નહીં કરવા છતાંય એ લોકો આજે કેવી રીતે આગળ જઇ રહ્યા છે એ આપણા માટે ચિંતાનો વિષય છે અને આના નામે ઉદ્યોગ આવે તો એનું સૌથી મોટું કોઇ ઉદાહરણ દેશ માટે હોય તો એ નેનો છે આજે એ નેનો આવી ત્યારે સમગ્ર ગુજરાતને સારૂ લાગતું હતું અને કેટલાય કરોડ રૂપિયા આપ્યા છતાં એ નેનોની આજે સ્થિતિ શું છે? એ આજે બંધ હાલતમાં છે. આજના પેપરમાં આપણે જોઇએ તો હાલોલમાં આટલા બધા વર્ષો જૂની ફેક્ટરી આજે બંધ હાલતમાં છે એટલે જે નાના નાના ઉદ્યોગો છે એના માટે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ચિંતા કરવી જોઇએ કે એ બંધ કેમ થાય છે? મોટો ઉદ્યોગોના જે એમ.ઓ.યુ. થતા હોય એમાં સરકાર એક સિસ્ટમથી કરે છે એનો અર્થ એટલો જ છે કે જમીન એન.એ. કરી અને..

પ્રો હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં સારી વ્યવસ્થા જળવાઇ રહે, શાંતિ–સલામતી જોખમાય નહીં, એટલા માટે જે રીઢા ગુનેગારો હોય એવા લોકોને જેલમાં પૂરવામાં આવે છે. એ સિવાય કાચા કામના કેદીઓ હોય એ લોકોને પણ જેલમાં રાખવામાં આવે છે. નાના મોટા ગુનેગારો હોય એ લોકોને પણ જેલમાં રાખવામાં આવે છે, પણ આજની સ્થિતિએ રાજયમાં જેલોની જે સ્થિતિ છે એ જોવા જઇએ તો છેલ્લા પાંચ વર્ષની અંદર જેલોમાં પાંચસો છસો જેટલા મોબાઇલ ફોન અને ત્રણસો જેટલા સીમ કાર્ડ પકડાયા છે. દારૂ પણ પકડાયેલ છે. રીઢા આરોપીઓ જે છે એ અંદર બેઠાં બેઠાં ખંડણીનું કામ કરે છે. વર્ષોથી જેલમાં ચાલતી ગાંધી વૈદ્યનું સહિયારૂ જેવી ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ પર અંકુશ મૂકવો એ તાતી જરૂરિયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, જે જેલ કર્મીઓ ફૂટેલા હોય છે એમના માટે કેદીઓ જાણે ઉપલી આવકની કમાણીનું સાધન બની જાય છે, દુઝણી ગાય જેવા હોય છે. એટલે એ લોકો એ કામ કર્યા જ કરતા હોય છે. બીજી વાત કહું તો આ સમગ્ર ગુજરાતમાં સાબરમતી જેલની અંદર જે સુરંગકાંડ બન્યો ત્યાર પછી બેરેકો તોડી પડાઇ, કોઇ જગ્યાએ સી.સી. વર્ક કરવામાં આવ્યું, તો કોઇ જગ્યાએ સી.સી.ટી.વી. મૂકવામાં આવ્યા અને અત્યારે લગભગ આવી વ્યવસ્થા મોટા ભાગની જગ્યાએ છે. તો એનાથી થોડોક સર્વેલન્સમાં સુધારો થશે પણ જેલની અંદર ખંડણી અને પૈસાથી સુવિધા મેળવવાનું વર્ષોથી ચાલતું જે નેટવર્ક છે એ જયાં સુધી ન તૂટે ત્યાં સુધી કોઇ મતલબ નથી. એનો એક દાખલો આપું તો, હમણાં વડોદરાની અંદર એક કેદી જેલમાંથી છૂટીને ભાગ્યો અને તે જ સમયે એક કોઇ બીજા આરોપી પાસેથી ખંડણી વસૂલવાની વાત આવી, ત્યારે આ બધી બાબતો રાજય માટે સારી નથી. જેલની અંદર જે કેદીઓની સંખ્યા છે એના કરતાં વ્યવસ્થાનો અભાવ છે. એ ઉપરાંત જરૂરિયાત પ્રમાણે સીસીટીવી કેમેરાની જે સુવિધાઓ હોવી જોઇએ એ પણ નથી. જેલોની અંદર રેકર્ડ રૂમ પણ સારા નથી અને એ પૂરતા પ્રમાણમાં નથી. બીજી એક વાત કહું તો માનવ અધિકારોની વાતો વચ્ચે પાયાની સુવિધાઓ જેલમાં નથી. કેટલીક વખત કેદીઓની બૂરી આદતો હોય છે એ આદતો પોષવા માટે પણ એમણે નાણાં ખર્ચવા પડે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે પૂરક વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચામાં પાંચ માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહજી તો દંડકશ્રી પણ છે અને અમારા ઉત્તર ગુજરાતના સૌથી મોટા ઉદ્યોગપતિ છે. ઇન્કમટેક્સ અને સેલ્સ ટેક્સ ભરવામાં તેમનો નંબર આવે છે એ પ્રકારના મોટા ઉદ્યોગપતિ છે. બીજા શ્રી ગોવાભાઇ રબારી. અટક રબારી છે. (અંતરાય) મને આનંદ છે. અમે તો સહયોગ કરીએ છીએ રાઉલજી. તમારા પંચમહાલની જેમ કાપાકાપી નથી અમારે. બહાર કોઇને એમ લાગે કે આ રબારી છે. એટલે ગોપાલક હશે અને ખેતી કરતા હશે, પણ આ સભાગૃહને મારે કહેવું છે કે મોટામાં મોટા હીરાના વેપારી છે. બેલ્જીયમ, ફ્રેન્કફર્ટ અને દુનિયાભરમાં ફરેલા છે. તેમની ક્યાંય ક્યાંય પેઢીઓ પણ ચાલતી હશે. એવા મોટા ઉદ્યોગપતિ છે. બન્ને સભ્યશ્રીઓએ વાઇબ્રન્ટ ગુજરાત વિષે મુદ્દાની વાત કરી. વાઇબ્રન્ટ ગુજરાત અંગે લાગણી વ્યક્ત કરી તેમાં બન્નેની વાતોમાં ઘણો મોટો વિરોધાભાસ છે. નિરંજનભાઇએ પણ વાઇબ્રન્ટ ગુજરાતની વાત કરી કે ગુજરાતમાં જે ઉદ્યોગો આવે છે એ દુનિયામાં બીજાં લોકો નથી કરતા એવા પ્રકારના ઉદ્યોગો આવે છે. આપણે સાવચેતી રાખીને ઉદ્યોગોને સ્વીકારવા જોઇએ. બલવંતસિંહજીએ વાત કરી કે સ્થાનિક ઉદ્યોગોને અસર ન થાય, નુકસાન ન થાય એ પ્રકારના ઉદ્યોગ આવવા જોઇએ. ગોવાભાઇ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે એટલે હીરા ઉપર જ તેમની નજર હોય. અગાઉ પણ બે વખત બોલેલા છે કે બધું બંધ કરી દો, હીરા ઉદ્યોગ જ કરો. એટલે ત્રણે માનનીય સભ્યશ્રીઓ એ તો સ્વીકારે છે કે વાઇબ્રન્ટ ગુજરાત ખૂબ સફળતાપૂર્વક ચાલે છે અને દેશ અને વિદેશમાંથી મોટા પ્રમાણમાં મૂડી રોકાણ ગુજરાતમાં આવે છે અને તેના કારણે ગુજરાતના લાખો યુવક–યુવતીઓને વાઇબ્રન્ટ ગુજરાત સમિટ શરૂ કર્યા ત્યારથી મળીને આજ સુધી જે અબજો રૂપિયાના રોકાણથી ફેક્ટરીઓ–ધંધા, સર્વીસ, હોટલ, હોસ્પિટલ એ બધું જે બન્યું એનો રોજગારીમાં લાભ મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કદાચ કેટલાક લોકોના મનમાં એવી ધારણા છે કે વાઇબ્રન્ટ એટલે ઉદ્યોગ. વાઇબ્રન્ટ ગુજરાતમાં ઉદ્યોગની સાથે સાથે સર્વીસ ક્ષેત્ર, સેવાકીય ક્ષેત્ર પણ આપણે આવરી લઇએ છીએ. શિક્ષણ ક્ષેત્ર પણ આપણે આવરી લઇએ છીએ. ગુજરાતમાં મોટી–મોટી સંસ્થાઓ આવે, હોસ્પિટલો આવે. હોસ્પિટલો દ્વારા દર્દીઓને સારવાર મળે, સેવા મળે. સાથે સાથે એક હોસ્પિટલ હોય એટલે ૫૦૦–૫૦૦ લોકોને તેમાં નોકરી મળતી હોય છે. રોજગારી મળતી હોય છે. હોસ્પિટલ એટલે ડોક્ટર અને દર્દી એટલું નથી. તેનો નર્સિંગ સ્ટાફ હોય, તેનો ટેક્નિકલ સ્ટાફ હોય, સફાઇ કામદાર હોય, વોર્ડબોય હોય, રસોડાના રસોઇયા હોય, એમ્બ્યુલન્સ ચાલતી હોય તો તેના ડ્રાઇવર હોય. આમ, હોસ્પિટલ એટલે ફેક્ટરી ટાઇપનું કામ ત્યાં હોય છે અને તેમાં પણ રોજગારી મળતી હોય છે. આઇ.ટી. સેક્ટર છે તેમાં પણ મોટા પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત થતી હોય છે. આ પ્રમાણે ગુજરાતમાં જયારે આપણે રોજગારી પ્રાપ્ત કરી રહ્યા છીએ ત્યારે ચોક્કસ આપના અમુક પ્રશ્નો સાચા છે કે આપણાં સ્થાનિક ઉદ્યોગને નુકસાન ન થાય તેની સરકારે કાળજી રાખવી જોઇએ. પર્યાવરણને નુકસાન ન થાય તેની સરકારે કાળજી રાખવી જોઇએ તો આપણો વન અને પર્યાવરણ વિભાગ, આપણું પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ આ બધી જ કામગીરી કર્યા પછી ઉદ્યોગોને મજૂરી આપતા હોય છે. તેની સલામતીને ધ્યાનમાં રાખીને મંજૂરી આપતા હોઇએ છીએ. એટલે જ કદાચ તમે કહ્યું છે એ પણ સાચું જ કહ્યું છે કે આવ્યા હોય, એમ.ઓ.યુ. કર્યા હોય પણ પછી તેમને મંજૂરી ન મળે. તો પર્યાવરણને

નુકસાન થાય એવા હોય, કોઇએ કેમિકલવાળું ભયજનક નુકસાનકારક પ્રવાહી છોડવાની માગણી કરી હોય, કોઇ ધૂમાડો છોડવાની માગણી કરતા હોય તો એ નામંજૂર કરીએ છીએ. એમ.ઓ.યુ. કર્યું એટલે થઇ જશે અને આવનાર એમ સમજે કે મેં એમ.ઓ.યુ. કર્યું એટલે ગમે તે કરવાની છૂટ, કોઇ નીતિ–નિયમ લાગુ નહીં પડે એ પણ સાચું નથી. એટલે જે એમ.ઓ.યુ. થયા હોય એમાં છાંટી છાંટી જેટલા વાજબી હોય, સ્વીકારવા પાત્ર હોય, યોગ્ય હોય એટલાનું જ ઇમ્પ્લીમેન્ટેશન આપણા રાજ્યની અંદર કરી છીએ. એટલે એમાં બહુ મોટી ચિંતાનો પ્રશ્ન નથી. નેનોની વાત અહીંયાં વારે વારે કરવામાં આવે છે. ગુજરાત સરકારનું કામ છે ઉદ્યોગને લાવવાનું, એને મદદ કરવાનું. એમાં હજારો લોકોને રોજગારી મળે, સીધી અને આડકતરી રોજગારી મળે અને સબસિડીનો પિરિયડ પૂરો થાય પછી રાજ્ય સરકારને ટેક્સની આવક મળે. આ બધુ આપણે જાણીએ છીએ. માનનીય સ્વ.ચીમનભાઇ પટેલ મુખ્યમંત્રી હતા એ વખતે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ આપણે જામનગરમાં શરૂ કરેલી. એ વખતે ગુજરાત સરકારે એમને એ વખતના નિયમ પ્રમાણે સબસિડી વગેરેમાં માફી આપેલી. એ વખતની કિંમત પ્રમાણે લગભગ આંકડો એકઝેટ નહીં કહું પરંતુ અંદાજે મારી જાણકારી પ્રમાણે રૂ. ૨૫૦૦૦/– કરોડ આપણે એમને જુદા જુદા પ્રકારની સહાય આપેલી. રૂ.૨૫૦૦૦/–કરોડ દેખાયા. પરંતુ એ સબસિડીનો ગાળો પૂરો થઇ ગયો. એ પછી આજે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ વિશે માનનીય શંકરસિંહજીએ પણ કહેલું કે આજે ગુજરાતમાંથી જે નિકાસ થાય છે એમાં રિલાયન્સનો મોટો હિસ્સો છે. રોજગારી આપવામાં પણ એમનો મોટો હિસ્સો છે. આ હાઉસમાં મારે સન્માનનીય સભ્યશ્રીઓની જાણકારી માટે કહેવું છે કે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં આજે જામનગરમાં નવો પ્રોજેક્ટ બનાવવા માટે કામ ચાલી રહ્યું છે એમાં બાંધકામ ચાલે છે, મશીનો ફિટ કરવાનું ચાલે છે. કોઇને કહીશ તો આ આંકડો સાંભળીને નવાઇ લાગશે. ૭૫૦૦૦થી ૧,૦૦,૦૦૦ કામદારો, કારીગરો આજે ત્યાં સાઇટ ઉપર કામ કરે છે. આવા એક લાખ લોકો – એમનું રહેવાનું, ખાવા–પીવાનું, એમની ખરીદી, એમનો બીજો ખર્ચો, એ બજારોમાં પૈસા આવવાના કે નહીં આવવાના? રિલાયન્સનો સબસિડીનો ગાળો પૂરો થઇ ગયો. આજે દર વર્ષે સેંકડો કરોડ રૂપિયાની ગુજરાત સરકારને વેટની આવક રિલાયન્સમાંથી મળે છે. ભારત સરકારને એક્સાઇઝની આવક મળે છે. ભારત સરકારને બીજી આવકો મળે છે. તો એક તંદૂરસ્ત યુનિટ ઉભું થાય તો રાજ્યને આવનાર સમયમાં ફાયદો થતો હોય છે. નેનો એક કાર છે, એ મોટરકાર બનાવવાનું કારખાનું છે. નેનો એક તેની પ્રોડક્ટ છે. નેનો ટેક્નોલોજીના આધારે એમની ધારણા પ્રમાણે સસ્તી કાર બજારમાં આપી. પણ લોકોને, ગ્રાહકોને, અનુકૂળ ન આવ્યું, એટલે એમને ઉત્પાદનમાં અનુકૂળ ન આવ્યું. કોઇનું મોડલ ફેઇલ જાય એમાં રાજ્ય સરકારની કોઇ જવાબદારી નથી. સરકાર તો ખેડૂતોને બિયારણ આપે છે, ખાતર આપે છે, વીજળી આપે છે અને નર્મદાનું પાણી આપે છે. તો એક ખેડૂત મહેનતુ હોય, સારો હોય તો એ વિઘે ૫૦ મણનું ઉત્પાદન કરે અને બાજુમાં એનો જ ભાઇ હોય, થોડી ઓછી ખબર રાખતો હોય તો વિઘે ૩૦ મણ થાય. કોઇને ૫૦ મણ થયું અને કોઇને ૩૦ મણ થયું એના માટે રાજ્ય સરકારને જવાબદાર આપણે ઠેરવવી જોઇએ નહીં. કારણ કે પાણી, વીજળી, બિયારણ બધુ બે ભાઇઓને, આખા ગામને અને આખા ગુજરાતને સરખું આપ્યું છે. એટલે આ રીતે વાઇબ્રન્ટ ગુજરાતને જોઇએ તો તમને ખ્યાલ આવશે કે કેટલો મોટો લાભ ગુજરાતની પ્રજાને એના કારણે મળ્યો છે. સરકારની આવકમાં વધારો થયો છે, રોજગારીમાં વધારો થયો છે. મારા મહેસાણા જિલ્લામાં બહુચરાજીમાં અને અમદાવાદ જિલ્લાના ભાગોમાં દા.ત. હિરો હોન્ડા આવી, બીજી મારૂતિ કંપની આવી. એક કારખાના પાછળ ૫૦ થી ૧૦૦ નાના નાના કારખાના એને જોઇએ છે. એક કંપની બધુ બનાવતી નથી. એ અમુક મટિરિયલ્સ બહારથી બનાવડાવે છે. એ જે પૂરક કંપનીઓ હોય એ આપણા ગુજરાતીઓની હોય, ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ વધે, ઉદ્યોગ ધંધા વધે, પેટ્રોલ–ડિઝલનું વેચાણ વધે. આ બધુ જ્યારે થાય છે ત્યારે રાજ્યનો વિકાસ, રાજ્યની સલામતી, એની જાળવણી, રોજગારી અને ભવિષ્યની આવક એ બધુ જોઇને અમે કામ કરીએ છીએ. શ્રી મહેન્દ્રસિંહે જે વાત કરી એમાં મારે જણાવવું છે કે એ ચેકડેમ પૂરો પણ થઇ ગયો છે અને પાણી રોકાવાનું અને ભરાવાનું ચાલુ થઇ ગયું છે. અહીંયાં જે રેકર્ડ ઉપર છે એની વાત કરું છું. એમણે જે ચેકડેમની વાત કરી એ બહુ સાચી વાત કરી. આપણું પાણી નકામું જતું હતું. આ ભારતીય જનતા પક્ષની સરકાર આવી, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અમે અમલમાં મૂકી, લાખો ચેકડેમ બનાવ્યા. એ પહેલા પણ વરસાદ થતો હતો, એ પહેલા પણ પાણી દરીયામાં અને રણમાં નકામું જતું રહેતું હતું. કોઇ સરકારને ભૂતકાળમાં કદી ખ્યાલ નહોતો આવ્યો કે આ પાણીને રોકવું જોઇએ. આ ચેકડેમ બનાવવા જોઇએ, આ તળાવો ઉંડા કરવા જોઇએ. કોઇને કલ્પના નહોતી આવી. આ ભા.જ.પ.ની સરકારે અમારા નરેન્દ્રભાઇએ શરૂઆત કરી અને અત્યારે અમે વિવિધ વિભાગો દ્વારા આ કામ કરી રહ્યા છીએ. જેલોની વાત કરી, તો જેલોમાં સલામતિ થાય, સી.સી.ટી.વી. કેમેરા, સંરક્ષણની વ્યવસ્થા બધું અમે કરીએ છીએ એટલે બધી જ રીતે જોતા ગુજરાતની અમારી વિજયભાઇ રૂપાણીની ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય, સવા છ કરોડ ગુજરાતીઓ જે આપણા છે એ તમામને સારામાં સારો લાભ આ સરકારની બધી યોજનાઓમાંથી મળે એ પ્રમાણેનું બજેટ અમે મૂકયું છે એટલે અગાઉના ખર્ચનું આ વિનિયોગ વિધેયક છે એને મંજૂરી આપવા સૌને વિનંતી.

પોઇન્ટ ઓફ કલેરીફીકેશન

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી,પોઇન્ટ ઓફ કલેરીફીકેશન જ છે સાહેબ. માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી અગાઉ વાત કરી કે આ ચેકડેમ બની ગયો છે, પણ આજથી છ મહિના પહેલા માનનીય પ્રભારી મંત્રીશ્રી બચુભાઇ ખાબડ આવ્યા હતા એમની હાજરીમાં જ લોકસેવા સંવાદ સેતુમાં આ પ્રશ્ન ઉભો થયો હતો. અધિકારીઓએ પણ સ્વીકાર્યુ કે આ ચેકડેમ બન્યો નથી. માનનીય પ્રભારી મંત્રીશ્રી બચુભાઇ ખાબડ સાહેબે પણ એમને ખખડાવ્યા હતા કે આટલા પૈસા ફાળવ્યા પછી પણ ચેકડેમ કેમ ન બન્યો? અને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપી દીધો કે ચેકડેમ બની ગયો. ભવિષ્યમાં જો આ

ચેકડેમ બને નહીં તો મોટી તકલીફ આ વિસ્તારને થાય એમ છે એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે સાહેબ તમે ચેક કરાવી લો, અધિકારીઓએ ખોટો જવાબ આપ્યો છે. લોકસંવાદ સેતુનો મારી પાસે ઓફીસીયલ જવાબ છે એ પણ હું આપને મોકલી આપું

અધ્યક્ષશ્રી : પ્રભારી મંત્રીશ્રીએ કહ્યું છે તો એ સહેજ ચેક કરાવી લો.

શ્રી નીતિનભાઇ પટેલ : જી,સ્વીકારીએ છીએ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૩–સન–૨૦૧૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩ અનુસૂચિ કલમ–૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૩–સન–૨૦૧૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૩–સન–૨૦૧૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્ય મુખ્યમંત્રીશ્રી, નીતિનભાઇ પટેલ વર્ષ ૨૦૧૭–૧૮નું જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરુ છું. છેલ્લા ઘણા વખતથી કોઇપણ ચર્ચાનો વિષય આવે ત્યારે ૧૯૯૫–૯૬ અથવા ૧૯૯૬–૯૭, ૧૯૯૮ની સરકારની અહીંયા અચૂક વાત કરવામાં આવે છે અને ખાસ કરીને આંકડાકીય માહિતીના આધારે આ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવે છે. એક પિકચરનું ગીત છે કે, 'સચ્ચાઇ કભી છૂપ નહીં શકતી બનાવટ કે ઉસૂલો સે, ખૂશ્બુ આ નહીં શકતી કાગજ કે ફુલો સે.' આ એટલા માટે કહું છું કે ૧૯૯૫–૯૬ સુધીની છબીલદાસ મહેતાની સરકારમાં ૧૩ હજાર કરોડનું આ રાજ્ય સરકાર ઉપર દેવું હતું. ૧૯૯૭–૯૮માં બાપુની સરકારમાં ૧૭,૯૦૦ કરોડનું દેવું હતું એ જ દેવું આજે વધતું વધતું ૧ લાખ ૮૨ હજાર ૩૭૫ કરોડ રૂપિયા ઉપર પહોંચી ગયું છે. દેવામાં દિન–પ્રતિદિન વધારો થતો ગયો છે. ભૂતકાળમાં પણ નાણામંત્રીશ્રીઓએ કહ્યું છે અને હમણાં સૌરભભાઇ પોતાના પ્રવચનમાં કહેતા હતા. ત્રણ દિવસની રજામાં હું ચૂંટણી પંચની વેબસાઇટ ખોલી અને જોતો હતો કે કયા કયા મંત્રીશ્રી અને કયા કયા ધારાસભ્ય ઉપર કેટલું દેવું છે? સરકારશ્રીના ઘણા બધા મંત્રીઓ ઉપર કોઇ દેવું જ નથી તો આ સરકાર ઉપર દેવું કેમ એ મારે એમને પૂછવું છે. ૨૦૧૫–૧૬ના દેવાની દ્રષ્ટિએ ૨૦૧૪–૧૫ કરતાં ૧૮,૯૨૪નો વધારો થયો અને એ વધારાના ભાગરૂપે જોઇએ તો છેલ્લે દરરોજનું ૫૧.૮૪ કરોડ રૂપિયાનું દેવું આ રાજ્ય સરકાર વધારતી ગઇ છે. તેવી જ રીતે જે મુદ્દલ ચૂકવાયું છે એ મુદ્દલ ૬૨૦૫ કરોડ રૂપિયા ચૂકવાયું. લોનની સામે ચૂકવાયેલ મુદ્દલ ગણીએ તો રોજના ૧૭ કરોડ રૂપિયા મુદ્દલ પેટે ચૂકવાયા છે. એવી જ રીતે લોન લીધી હતી અને લોન પેટે જે વ્યાજની ચૂકવણી કરી છે એ વ્યાજ જોવા જઇએ તો ૩૯.૭૧ કરોડ રૂપિયા દરરોજના આ રાજ્ય સરકાર વ્યાજ પેટે ચૂકવતી ગઇ છે. સૌનો સાથ, સૌનો વિકાસ, ગતિશીલ ગુજરાત અને પછી આવ્યું પ્રગતિશીલ ગુજરાત. આના ઉપરથી કહેવાનું મન થાય કે, પ્રગતિશીલ ભારતીય જનતા પાર્ટીની સરકારનું ગતિશીલ દેવું. કારણ કે રાજ્ય સરકાર એક તરફ લોકોની સમસ્યાઓ દૂર કરવાની વાત કરતી હોય ત્યારે બીજીબાજુ આ વેટની વાત હોય, વીજળી વેરાની વાત હોય, સ્ટેમ્પ ડ્યૂટીની વાત હોય, ખેડૂતોના જમીન મહેસૂલની વાત હોય કે વાહન ઉપરના કરની વાત હોય, છેલ્લા ચાર વર્ષમાં ૧ લાખ ૯૦ હજાર ૭૬૦ કરોડ રૂપિયા જેટલી આવકો આ રાજ્ય સરકારે ગુજરાતની આમપ્રજાના ખિસ્સામાંથી લીધેલી છે. એક બાજુ રાજ્ય સરકાર એમ કહે છે કે અમે વિકાસ કર્યો છે. સૌનો સાથ લઇને ગતિશીલ ગુજરાતને પ્રગતિશીલ ગુજરાત તરફ લઇ ગયા છીએ. પણ દુઃખ સાથે કહેવું પડે છે કે જે રીતે વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના ૧૨મી પંચવર્ષીય યોજનાના આંકડા જોઇએ તો આ સરકારને મારે પૂછવું છે કે ભૂપેન્દ્રસિંહ બાપુ આપને પૂછવું હતું, આપ કહેતા હતા કે કોંગ્રેસ સરકારે કરેલ વિકાસ માટેની ફૂટપટ્ટી બહુ નાની પડશે એવું કહેતા હતા તો એ સાચું છે કે ખૂબ નાની પડી, મેજરમેન્ટ માટે રસ્સી લાવવી પડે અને ચેક કરવું પડ્યું કે કઇ રીતે થયેલ છે. કારણ કે, ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં એક બાજુ રાજ્ય સરકાર બજેટ લઇને આવે છે, નાણા ફાળવે છે પણ નાણાનો ઉપયોગ કરી શકતી નથી. ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ની આંકડાકીય માહિતી આપીશ કે કૃષિમાં ૧ લાખ ૪૪ હજાર ૮૪૨ લાખ રૂપિયા સરકારે વાપર્યા નથી. ગ્રામીણ વિકાસમાં ૨ લાખ ૯ હજાર ૮૮૮ લાખ કરોડ રૂપિયા સરકારે વાપર્યા નથી અને સિંચાઇની અંદર ૮ લાખ ૨૮ હજાર ૬૦ કરોડ રૂપિયા રાજ્ય સરકારે વાપર્યા નથી. આ ત્રણેય વિભાગો એ ગ્રામ્ય પ્રજાને લગતા વિભાગો છે. એવી જ રીતે સામાજિક સેવાઓ કે જેમાં શિક્ષણ આવે, આરોગ્ય આવે, પાણી પુરવઠા આવે, આવાસન આવે, શહેરી વિકાસ આવે, લઘુમતિ આવે, એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.ના કલ્યાણની અને પોષણની વાત આવે. સરકાર દાવો કરતી હોય તો સરકારને કહેવું છે કે ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં ૨૪,૪૨,૬૬૭ લાખ કરોડ રૂપિયા આ સરકારે બજેટ ફાળવ્યું હોવા છતા આ સરકાર વાપરી શકતી નથી અને

## ફાલ્ગુન ૧૫, ૧૯૩૮ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ની વાત હોય, શહેરીજનની વાત હોય કે આરોગ્યની વાત હોય કે શિક્ષણની વાત હોય સરકારે ઉપયોગ ના કરવાના કારણે પ્રજાને એનું નુકસાન થયું છે. ૨૦૧૫ માં કેગે રજૂ કરેલો રિપોર્ટ કહે છે કે સામાજિક ક્ષેત્રે ખર્ચ કરેલ કુલ ખર્ચના ૭૦% રકમ એ વર્ષ ૨૦૧૨-૧૩માં ઘટીને ૨૦૧૪-૧૫ની અંદર ૫૮% થઇ રહી છે. તેનો મતલબ જે આંકડાકીય માહિતી મેં આપી એ આંકડાનો આધાર પણ સરકારના આધારે અને કેગે પણ સ્વીકાર કર્યો છે. સરકાર દ્વારા ઘરના ઘરની વાત આવે ત્યારે કોંગ્રેસે ફોર્મ બહાર પાડ્યા હતા અને ઘરના ઘરની વાત કરી હતી. કોંગ્રેસ ફોર્મ બહાર પાડશે નીતિનભાઇ, આવનારા દિવસોમાં સરકાર અમારી આવશેને ત્યારે અમે ઘર આપીને બતાવીશું કે આને ઘર આપ્યું કહેવાય. આ એટલા માટે કહું છું કે કોંગ્રેસે ઘરનું ઘર ફોર્મ બહાર પાડ્યું અને આ રાજ્ય સરકારે ઉતાવળે ૫૦ લાખ મકાનો બનાવીશું એ પોતાના ચૂંટણી ઢંઢેરામાં ડીકલેર કર્યા હતા. હું કેટલીક માહિતી આપું છું અને આ માહિતી કેગના રિપોર્ટના આધારે આપું છું. ઘરવિહોણા કુટુંબોની સંખ્યા ૨ લાખ ૨૧ હજાર કરતા પણ વધારે છે. કાચા આવાસોમાં રહેતા કુટુંબોની સંખ્યા ૧૭ લાખ ૧૩ હજાર કરતા પણ વધારે છે. ઝૂંપડાના મકાનોમાં રહેતા લોકોની સંખ્યા ૧૪ લાખ ૧૭ હજાર કરતા પણ વધારે છે અને મહાનગરપાલિકામાં ઝૂંપડામાં રહેતા ૩ લાખ ૨૮ હજાર કરતા પણ વધારે સંખ્યા છે. સરકાર ૨૦૦૭ થી ૨૦૧૨ હોય, ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭ માં અલગ અલગ યોજનાઓ લઇને આવી. ૨૦૦૭ થી ૨૦૧૨ માં પાંચ વર્ષમાં શહેરી ગરીબ સમૃદ્ધ યોજના લઇને આવી. એમાં ૧૩૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી. ૨૦૧૨-૧૩થી ૨૦૧૬-૧૭ની અંદર પાંચ વર્ષ માટે સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેર વિકાસ યોજના લઇને આવી. એમાં ૧૬૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી. ૨૦૧૨-૧૩માં કહેવાયું કે મધ્યમવર્ગના માનવીનું સ્વપ્નું હોય કે તેને ઘરનું ઘર મળી રહે તે માટે રાજ્ય સરકાર ૨૦૦૦ કરોડની જોગવાઇ કરે છે અને તેવી જ રીતે મધ્યમવર્ગના માનવીને પોષાય તેવા લાખો મકાનોનું નિર્માણ આ યોજના થકી કરીશું. સરકાર પોતાની વાતમાં કહે છે કે ૨૦૧૨-૧૩માં આપે કરેલી જોગવાઇના ભાગરૂપે કેટલા લોકોને મકાનો મળેલા છે? ૨૦૧૨-૧૩ની અંદર ગરીબના ઘરની વાત થઇ અને ગરીબના ઘરના આધારે ગરીબી રેખા નીચે જીવતા ૧૭ થી ૨૦ના આંકના લોકોને ૫૦૦ કરોડ રૂપિયાની યોજના કરીને મકાનો આપવાની વાત કરવામાં આવી અને એવી જ રીતે ૩૦,૦૦૦ શહેરી ગરીબ કુટુંબોને આવાસ આપવા માટે ૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી. આ જોગવાઇને આધીન આજે પણ લોકો પોતાના મકાનો માટે તરસી રહ્યાં છે. ૨૦૧૩-૧૪ની અંદર સરકાર યોજના લઇને આવી મુખ્યમંત્રી આવાસ સમૃદ્ધ યોજના અને આ યોજના વખતે માનનીય નાણામંત્રી તરીકે માનનીય નીતિનભાઇ આપ પોતે જ હતા અને એમાં કહેવામાં આવ્યું હતું કે શહેરી ગરીબોને ઝૂંપડપટ્ટીથી અમે મુક્ત કરવા માગીએ છીએ. મધ્યમવર્ગને પોતાના ઘરના સ્વપ્ન અમે સાકાર કરવા માગીએ છીએ. ગ્રામીણ ગુજરાતને કાચા આવાસમાંથી અમે મુક્ત કરવા માગીએ છીએ અને આના પેટે ૨૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી. ૨૦૧૪-૧૫ના બજેટમાં સરકાર પાછી બીજી એક નવી યોજના લઇને આવી ઝૂંપડપટીનું પૂન:વસન યોજના જ્યાં ઝૂપડું ત્યાં મકાન. આજે કહેવું પડે કે આ રાજ્યની અંદર ૧૪ લાખ ૧૭ હજાર કરતા પણ વધારે ઝૂંપડાઓ છે અને ૧૭ હજાર મકાનો પણ આ સરકાર છેલ્લા પાંચ વર્ષમાં એના વાયદા મુજબ આપી શકી નથી. એ સરકારે ખૂબ લંબાણપૂર્વક વિચારવું પડશે. ૨૦૧૪-૧૫ની અંદર આ જ રીતે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના આપી. યોજનાના નામ બદલાતા રહે છે. કોઇ યોજના ચાલતી હોય એ પાંચ વર્ષ માટે યોજના હોય. મકાનની ફાળવણી થઇ જાય પછી એ યોજના બંધ થવી જોઇએ. ૨૦૧૪-૧૫ના વર્ષમાં નાણા મંત્રીશ્રી ફરી પાછી એક નવી યોજના લઇને આવ્યા. જેને નામ આપવામાં આવ્યું, "મુખ્યમંત્રી ગૃહ યોજના" અને એમાં કહેવામાં આવ્યું કે, ગરીબ-મધ્યમવર્ગના શહેરી અને ગ્રામ્ય પરિવારો પૈકી એક લાખ કરતાં ઓછી આવક ધરાવતા પરિવારોને તેમજ એક લાખથી અઢી લાખની આવક ધરાવતા પરિવારોને પોષાય તેવા કિંમતી અને પાકા મકાનો માટે "મુખ્યમંત્રી ગૃહ યોજના" લઇને અમે આવી રહ્યા છીએ. અમે ત્રણ લાખથી વધુ આવાસો ઉપલબ્ધ કરવા માટે અગિયાર સો ત્રેપન કરોડ રૂપિયાની જોગવાઇ કરીશું. જે ૨૦૦૭-૦૮માં યોજના શરૂ થયેલી ૨૦૧૨-૧૩ સુધી ચાલી, એમાં બાવીસ લાખ જે મકાનો બનાવવાની વાત હતી એ સરકાર આપી શકી નથી. ત્યાર બાદ સરકારે ૨૦૧૨-૧૩માં ચૂંટણી ઢંઢેરામાં પચાસ લાખ મકાનો આપવાની વાત કરી. આ સત્તરમું વર્ષ પુરું થાય છે, આ ડિસેમ્બરમાં ચૂંટણી આવશે પણ દુ:ખ સાથે કહેવું પડે છે કે, આ સરકારે ચાર થી પાંચ લાખ જ મકાનો અલગ અલગ માધ્યમોથી આપેલા છે. પાછી નવી યોજના આવી, ૨૦૧૬-૧૭ "શહેરી ગરીબ આવાસ યોજના" જેમાં સાત સો પચાસ કરોડ રૂપિયાની ફાળવણી થઇ, એમાં પાછી નવી સ્કીમ આવી. નવી સ્કીમ મુજબ, નવી સ્લમ રિહાબિલિટેશન પોલીસી મુજબ પી.પી. ધોરણે ગુજરાત હાઉસીંગ સહિતના વીસ વર્ષ સહિતના જુના જર્જરીત મકાનોનું પુન:નિર્માણ કરવામાં આવશે. અલગ અલગ યોજનાઓને આધિન, અલગ અલગ યોજનાઓ આવી અને પરિસ્થિતિ એવી છે કે, આ યોજનાને આધીન આજે પણ આ ભારતીય જનતા પાર્ટીની આ સરકારે પાંચ વર્ષ પુરા થવા આવ્યા પણ પાંચ વર્ષ પુરા કર્યા પછી હું અપેક્ષા રાખું મંત્રીશ્રી પાસે કે, આપે આપના ચૂંટણી ઢંઢેરામાં કહ્યું હતું કે, અમે રાજ્ય દ્વારા ગુજરાતમાં પચાસ લાખ મકાનો બનાવવાના છીએ, એનો સાચો આંકડો આ સભાગૃહ સમક્ષ મૂકે જેથી કરીને દૂધનું દૂધ અને પાણીનું પાણી થાય. આ એટલા માટે કહું છું કે, આક્ષેપો કરવા અને સાચી વાત કરવી એમાં ફરક હોય છે. ગઇ કાલે બાપુ એક સામાજિક પ્રસંગમાં જવાનું થયું અને સામાજિક પ્રસંગમાં એક ભજન આવ્યું, નીતિનભાઇ સાંભળવા જેવું છે કે, "તું શાને રહે છે આટલો ગુમાનમાં, તું રહે છે ભાડાના મકાનમાં". આ સાંભળ્યું ત્યારે રાત્રે મને ઘણા બધા વિચારો આવ્યા કે, અમારું-અમારું ના કરો, ભાડાનું આ મકાન છે, ગમે ત્યારે ખાલી કરવાનો વારો આવશે. આ એટલા માટે કહું છું કે, પાછું ૨૦૧૬-૧૭ની અંદર "મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના" આવી એમાં દસ હજાર કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી (સમયસૂચક ઘંટડી) અને આ યોજના ત્રણ વર્ષ માટે

રહેશે, કારણ કે ચૂંટણી આવે છે. ચૂંટણી આવે છે એટલે યોજના આવે છે અને ત્રણ વર્ષ માટે આ યોજના રહેશે. પાછું રહી જતું હતું તો "સ્માર્ટ વિલેજ યોજના" લાવ્યા. મેં જે આંકડાકીય વાત કરી એ વાતને કેગના રિપોર્ટે પણ સ્વીકાર્યું છે કે, બાવીસ હજાર કરોડના ખર્ચની સામે ઓગસ્ટ,૨૦૧૫ સુધી માત્ર રાજ્ય સરકાર ૧૩,૬૧૮ કરોડ રૂપિયા એટલે કે, ફક્ત ૬૫ ટકા રકમ જ આ રાજ્ય સરકાર ખર્ચી શકી છે. રાજ્ય સરકારે કહ્યું હતું કે, અમે આદર્શ નગરપાલિકા બનાવીશું . કેગે કહ્યું છે, રાજ્ય સરકાર પાંચ વર્ષનો સમયગાળો વિત્યા પછી પણ ઓગસ્ટ, ૨૦૧૫ સુધી એક પણ નગરપાલિકા, આદર્શ નગરપાલિકા તરીકે વિકસાવી નથી એ કેગના રિપોર્ટમાં પણ છે. ૩૯ ડબલ્યુ એસ પ્રોજેક્ટો જમીન ન મળવાના કારણે અધૂરા રહેલા છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ હું રાજયના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી તથા આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપવા માગુ છું કે, આરોગ્યની ચિંતા કરીને એમણે વર્ષ ૨૦૧૭-૧૮ માટે આરોગ્ય માટે ૮,૮૦૦ કરોડની જોગવાઇ કરી છે. આપણે જોઇએ છીએ કે, દેશની અંદર ઘણા રાજ્યો છે કે જે રાજ્યોનું સમગ્ર બજેટ ૮,૮૦૦ કરોડ નહીં હોય. ૨૦૦૭-૦૮ની અંદર આરોગ્ય વિભાગનું બજેટ ૧,૬૫૦ કરોડ હતું એ વધીને અત્યારે આગામી વર્ષમાં ૮,૮૦૦ કરોડ થનાર છે. રાજયની અંદર આરોગ્ય વિભાગ મારફતે વર્ષની અંદર ૨૪૩,૦૦,૦૦૦ લોકો આરોગ્યની સેવાઓનો લાભ લેતા હોય છે અને ૨૦ લાખથી પણ વધારે લોકો ઇન્ડોર પેશન્ટ તરીકે હોસ્પિટલની અંદર દાખલ થઇને સેવાનો લાભ લેતા હોય છે. જયારથી નરેન્દ્રભાઇ મોદી ભારતના વડાપ્રધાન બન્યા ત્યારથી વિકાસની આખી ડેફીનેશન બદલાઇ ગઇ છે અને કોઇ પણ ક્ષેત્ર હોય તે દરેક ક્ષેત્રમાં હરણફાળ વિકાસ થયો છે એમાં મેડિકલ કોલેજોની વાત કરીએ તો ૨૦૦૧માં રાજયમાં ફક્ત ૯ કોલેજો હતી, આજે ૨૨ કોલેજો છે. ૨૦૦૧માં ૧૧૧૫ બેઠકો હતી, આજે ૩૫૩૦ બેઠકો મેડિકલ કોલેજમાં છે. ડેન્ટલની અંદર ૨૦૦૧માં ફક્ત ૪ કોલેજ હતી, આજે ૧૩ કોલેજ છે. ૨૦૦૧માં ૨૮૦ સીટો હતી આજે ૧૨૪૦ સીટો છે. ફીઝીયોથેરાપીમાં ૨૦૦૧માં ફક્ત ૬ કોલેજો હતી. મને કહેતા આનંદ થાય છે કે આજે ૭૭ ફીઝીયોથેરાપીની કોલેજો ગુજરાતની અંદર કાર્યરત છે અને અગાઉ ૧૭૦ બેઠકો હતી એ બેઠકો વધીને ૪૧૩૦ બેઠકો થયેલી છે. રાજય સરકારે આરોગ્ય નીતિ ૨૦૧૬ જાહેર કરી અને ગુજરાતના જે પછાત જિલ્લાઓ છે ખાસ કરીને તાપી, બનાસકાંઠા, અમરેલી, ભરૂચ, દાહોદ, પંચમહાલ એના માટે ખાસ પ્રોત્સાહનો આપવાની જોગવાઇ કરી અને આવતા વર્ષના બજેટની અંદર ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આ હાઉસની અંદર ઘણાબધા ધારાસભ્યશ્રીઓ ખાલી જગ્યાઓની વાત કરતા હોય છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની અંદર ૧૩૮૧ પી.એચ.સી.માંથી ૧૨૪૩ પી.એચ.સી.માં ડોકટરની ૯૦ ટકા જગ્યા ભરાઇ ગઇ છે. ૩૫૫ સી.એચ.સી.માં ૮૫ ટકા જગ્યાઓ ભરવામાં આવી છે અને હું આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે પ્રથમ વખત તાલુકા કક્ષાએ ફીઝીયોથેરાપીસ્ટ અને ડેન્ટીસ્ટની ભરતી પણ કરવામાં આવી છે. અત્યારે ૨૪૭ જેટલા ફીઝીયોથેરાપીસ્ટ અને ૧૬૦ જેટલા ડેન્ટીસ્ટ સેવાઓ આપી રહ્યા છે. મારા મત વિસ્તારની અંદર અત્યાર સુધી આપણે કહેતા હતા કે દેશની અને એશિયાની સૌથી મોટી હોસ્પિટલ પણ હવે હું કહી શકું કે દુનિયાની સૌથી મોટી હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલના આધુનિકરણ માટે રાજય સરકારે ૧૦૦૦ કરોડનો માસ્ટર પ્લાન બનાવ્યો. આજે સિવિલ હોસ્પિટલની અંદર ૧૨૦૦ પથારી હતી તેમાં ૨૦૦૦ પથારીનો વધારો થઇને ૩૨૦૦ પથારીઓ થશે. કીડની હોસ્પિટલની અંદર ૪૫૦ પથારીમાં ૮૦૦ નો વધારો કરીને ૧૨૫૦ પથારી, આંખની હોસ્પિટલમાં ૨૫૦ જેટલી પથારીઓ, હૃદય માટે ૪૫૦ હતી તેમાં ૬૫૦ પથારીઓ વધારીને ૧૧૦૦ પથારીઓ અને કેન્સરની અંદર ૬૫૦ ની અંદર ૩૫૦ વધારીને ૧૦૦૦ જેટલી પથારીઓ ઉપલબ્ધ કરવામાં આવશે. આ રાજય સરકાર ગરીબો માટે કામ કરતી સરકાર છે અને મા વાત્સલ્ય અને મા અમૃતમની અંદર ૪૩.૮૯ લાખ લોકોની નોંધણી થઇ છે અને ૬૨૭ કરોડની સહાય ૪૫૭૨૮૧ લાભાર્થીને આપવામાં આવી છે. આજે સિવિલ હોસ્પિટલની અંદર જે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, તેમાં મંત્રીશ્રીને વિનંતી છે કે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં રેનબસેરાની વ્યવસ્થા કરવાનો નિર્ણય લીધો છે. તેમાં ખાનગી ધોરણે ચાલે કે સરકારી ધોરણે ચાલે તે અંગેનો કોઇ નીતિવિષયક નિર્ણય લઇને રેનબસેરાની વ્યવસ્થા કરવા માટેની વિનંતી છે. આ વર્ષ દીનદયાલ ઉપાધ્યાયનું જન્મ શતાબ્દિનું વર્ષ છે અને રાજ્ય સરકારે ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે. જે ગરીબ દર્દીઓ છે તેમને વિનામૂલ્યે દવા મળી શકે તે માટે રૂપિયા ૪૬૬ કરોડની જોગવાઇ ૨૦૧૭-૧૮ ના બજેટમાં કરવામાં આવી છે. હાલમાં ૫૨ સ્ટોર પર જેનરિક દવા ઉપલબ્ધ થશે, તો એના માટે ૫૦૦ સ્ટોર થાય એ માટેની વ્યવસ્થા કરી છે. જે કોઇ કાર્યક્રમો ચાલે છે. ૧૦૮ ઇમર્જન્સી, એર એમ્બ્યુલન્સ, ખિલખિલાટ, સંસ્થાગત પ્રસૂતિ, શાળા આરોગ્ય વગેરે કાર્યક્રમોની અંદર રાજ્ય સરકારે જે કોઇ પગલાં લીધાં છે તે માટે હું રાજ્ય સરકારને અભિનંદન આપું છું. અને આરોગ્ય ક્ષેત્રમાં સુંદર કામગીરી કરવા માટે માનનીય મંત્રીશ્રી આરોગ્યને અભિનંદન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી વર્ષ ૨૦૧૭-૧૮ નું બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

છેલ્લાં ૪ વર્ષમાં આ રાજ્યમાં ત્રણ મુખ્યમંત્રી અને બે નાણામંત્રી બદલાયા અને કદાચ ૧૧મી તારીખ પછી નવા મુખ્યમંત્રી દિલ્હીથી આવે તો નવાઇ નહિ. ૩ મુખ્યમંત્રીએ *(×××) સૌનો સાથ, સૌનો વિકાસ, ગતિશીલ ગુજરાત..(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેન્દ્રસિંહ પોતે વકીલ છે તેવું કહે છે. તો વકીલ તરીકે સમજી

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિચારીને બોલે. તમારા શબ્દો વારંવાર રદ કરવા પડે છે.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : ગતિશીલ ગુજરાત, પ્રગતિશીલ ગુજરાત. પણ મારે આ સરકારને પૂછવું છે કે આ રાજ્યમાં કોનો વિકાસ થયો? શું ખેડૂતોનો વિકાસ થયો? શું ગરીબોનો વિકાસ થયો? યુવાનોનો વિકાસ થયો? ના. આ રાજ્યમાં જે કોઇનો વિકાસ થયો હોય તો તે મૂડીવાડી ઉદ્યોગપતિઓનો વિકાસ થયો. આ સરકારે તેમને કિંમતી જમીનો ભાડે આપી દીધી, સસ્તા ભાવે આપી દીધી. એના ઉપર લોન આપી અને એમના કુટુંબોને તારી દીધા. આજે ખેડૂતો કાળી મજૂરી કરે અને ખેતીનું ઉત્પાદન કરી ખેતીનો પાક પકવે. જ્યારે એ ખેડૂત પોતાના પાકને બજારમાં વેચવા જાય ત્યારે એમને પડતર કિંમત હોય તેટલો પણ ભાવ મળતો નથી. અને ખેડૂતો આજે અમારા વિસ્તારમાં બટેટા, કોબી ફલાવર રોડ ઉપર નાખી દે છે. કેમ? તો ખેડૂતોને ભાવ મળતો નથી. આ સરકાર ખેડૂત વિરોધી સરકાર છે. નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પાટીદાર સમાજના આગેવાન છે. ખેડૂતલક્ષી સરસ આયોજન કરવું જોઇએ. એમના માટે ફંડ ઊભું કરવું જોઇએ. ખેડૂતોને ખેતીની ઉપજનો ભાવ ન મળે તો એમને મદદરૂપ થવું જોઇએ. આજે લાખો શિક્ષિત બેરોજગાર યુવાનો નોકરી માટે બેઠો છે. પરીક્ષા આપે, પણ ભ્રષ્ટાચારી ચંપાવત સ્કીમના કારણે આવા યુવાનોને નોકરી મળતી નથી. જે યુવાનોને તેમનાં માતા–પિતા પેટે પાટાં બાંધીને લાખો રૂપિયાની ફી ભરી યુવાનોને એન્જિનિયર, એમ.બી.એ., એમ.ફાર્મ, ઉચ્ચ શિક્ષણ અપાવડાવે છે. આવા યુવાનોને નોકરી મળતી નથી, તેથી હાર્દિક પટેલ જેવા યુવાનને આગળ થઇને નીકળવું પડે છે. આવા યુવાનોને સરકાર ગોળીએ દે છે. આ રાજયમાં દેશી દારૂની રેલમછેલ છે. દેશી દારૂ મળે, વિદેશી દારૂ મળે. રાજયમાં છેલ્લા વીસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલ્યું. ભારતીય જનતા પાર્ટીના સંપૂર્ણ બેદરકારીભર્યા વહીવટને કારણે રાજયમાં દારૂની છૂટ મળી. આજે રાજયમાં હજારો એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ની બહેનો વિધવા થઇ છે. આજે આ વિધવા થવાના કારણે અલ્પેશ ઠાકોર જેવા યુવાને રોડ ઉપર ઉતરવું પડયું છે. આ ગંભીર વાત છે. આજે આ દેશના વડાપ્રધાન દિવ્યાંગોની વાતો કરે છે. સારી વાત છે કે દિવ્યાંગોને મદદ કરવી પડે. આજે દિવ્યાંગોને શિક્ષણ આપતા કર્મચારીઓને કેટલો પગાર મળે છે? માત્ર ૩૮૦૦ રૂપિયા માસિક પગાર આપવામાં આવે છે. આપણા ઘેર દિવ્યાંગ બાળક હોય તો હોસ્ટેલ કે છાત્રાલયમાં મૂકવા જઇએ છીએ. આવા દિવ્યાંગ બાળકને જે શિક્ષણ આપે છે તેવા કર્મચારીને ૩૮૦૦ રૂપિયા માસિક પગાર આપવામાં આવે છે. મારે એક ઘટના આ ગૃહ સમક્ષ મૂકવી છે. સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના કાલાસર ગામનો અંધ યુવાન તેની ત્રણ દીકરીઓ લઇ આજે રતનપુર બોર્ડર પહોંચ્યો છે અને તે કહે છે કે મારે ગુજરાત છોડવું છે, મારે ભારત છોડવું છે. ત્યારે આ યુવાન ઘણી જગ્યાએ રજૂઆતો કરીને થાકયો છે. સરકારે તેના રોટી, કપડાં, મકાનની કોઇ વ્યવસ્થા ન કરી. આ યુવાન બે દિવસ પહેલાં જ પ્રાંતીજ થઇને નીકળ્યો હતો. પ્રેસમાં પણ આજે આવ્યું છે. આપણા દેશના વડાપ્રધાન દિવ્યાંગની વાત કરતા હોય અને તે દિવ્યાંગ ભારત અને ગુજરાત છોડવા માટેની વાત કરે તો તેનાથી કોઇ શરમજનક ઘટના આપણા માટે નથી. મારે માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. હું પહેલીવાર વિધાનસભામાં ચૂંટાયો છું. મારા મત વિસ્તારમાં તલોદ તાલુકા અને પ્રાંતીજ તાલુકા સિંચાઇની ખૂબ તકલીફ છે. ખેડૂતો સિંચાઇ અને પીવાના પાણી માટે ખૂબ વલખાં મારે છે. ત્યારે જલુન્દ્રાથી માધવગઢ આધારિત એક સુજલામ્ સુફલામની પાઇપલાઇન અત્યારે હાલ ચાલુ સુજલામ્ સુફલામમાં છોડી દેવામાં આવી છે. માનનીય સૌરભભાઇ નાણામંત્રી હતા ત્યારે મેં લેખીત રજૂઆતો કરી હતી. માનનીય નીતિનભાઇને પણ રજૂઆતો કરી. આ ગૃહમાં મેં વારંવાર રજૂઆતો કરી છે પણ હજી સુધી આ નાણાંકીય બજેટમાં તેની જોગવાઇ કરવામાં આવી નથી. માનનીય નીતિનભાઇ તો અમારા પાડોશી છે. મહેસાણા અને સાબરકાંઠા તો નજીક નજીક છે. આપ એ વિસ્તારની મુલાકાત લેજો. આખો વિસ્તાર ડ્રાય એરીયા છે. તેનું કેન્દ્ર સરકારે સેટેલાઇટ સરવે કરાવ્યું અને જોયું તો ત્યાં તે વિસ્તારમાં ભૂગર્ભ જળ નથી. જે વિસ્તારના ડેવલપમેન્ટ માટે જયારથી કોંગ્રેસની સરકાર હતી ત્યારથી તે યોજના ચાલુ હતી અને હજુ પણ ચાલુ છે. અહીં જળસ્ત્રાવ સ્કીમ યોજના હેઠળ પાણીનો સ્ટોર કરવા માટેની એક યોજના બનાવવામાં આવી હતી. આ વિસ્તારમાં સિંચાઇનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે અને પાઇપ લાઇન ચાલુ કરવામાં આવે તો ૩૦૦૦ હજાર હેકટર જમીનને ફાયદો થાય તેવો છે. આ આખી યોજના વાયેબલ છે. અમારા રાજેન્દ્રસિંહ ચાવડાના વિસ્તારમાં થઇને આ યોજના નીકળે છે. સરકારે આ વખતના બજેટમાં આ યોજના લીધી હોત તો હું માનનીય નીતિનભાઇ સાહેબને ખૂબ અભિનંદન આપત. નીતિનભાઇ સાહેબ છેલ્લે તેમનું પ્રવચન કરે અને મને આશ્વાસન આપે તો તેમનો હું ખૂબ આભાર માનીશ. માનનીય અધ્યક્ષશ્રી, મારે પશુપાલકો વિશે વાત કરવી છે. પશુપાલકોને ત્યાં આજે તબેલાના જે શેડ હોય તેમાં કોમર્શિયલ રેટથી વીજ પ્રવાહ આપવામાં આવે છે. માનનીય ચીમનભાઇ સાપરીયા સાહેબ તો ખેડૂત છે. તેમને મેં વાત કરી હતી કે આ પશુપાલકોના તબેલામાં આપણે કોમર્શિયલ વીજ પ્રવાહ કઇ રીતે આપીએ છીએ. જો તેને ઉદ્યોગ ગણીએ તો તેને ઉદ્યોગ કેટેગરી તરીકેનો લાભ આપો. તેને પશુપાલન માટે લોન આપો, તબેલા માટે લોન આપો. આપ લોન નથી આપતા તો તેનો પણ વિચાર કરજો તેવી મારી વિનંતી છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલ ૨૦૧૭–૧૮નું બજેટ લઇને આવ્યા છે તે બજેટને હું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું. કેન્દ્ર સરકાર કે રાજય સરકાર જયારે વર્ષમાં ફેબ્રુઆરી કે માર્ચની અંદર તેનું અંદાજપત્ર લઇને પ્રજા સમક્ષ આવતી હોય છે ત્યારે સમગ્ર દેશની અને રાજયની જનતા તેના પર મીટ માંડીને બેઠી હોય છે કે આ વર્ષની અંદર આ બજેટમાં આપણને શું લાભ થશે?

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત ગૃહ સમક્ષ કરતા આનંદ અનુભવું છું કે, ૨૦૧૭-૧૮નું કેન્દ્ર સરકારનું બજેટ અને ગુજરાત સરકારનું નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે એને જાગૃત મિડિયાએ પણ બીજે દિવસ સંપૂર્ણ ટેકો આપી અને એવું કહ્યું હતું કે કીડીને કણ અને હાથીને મણ. આ મિડિયા ન્યુટ્રલ છે એમને જે લાગ્યું એ એમણે બીજે દિવસે છાપ્યું. પ્રજામાંથી પણ એક અવાજ વિરોધી સૂરમાં નથી આવ્યો. માત્રને માત્ર વિરોધ પક્ષમાંથી જ નાની મોટી બૂમો એ પણ એમની ભૂમિકાને લઇને થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે વન અને પર્યાવરણ વિભાગની વાત કરીશ. ૧૨૨૬ કરોડ રૂપિયા વન અને પર્યાવરણ વિભાગને આ સરકારે આ બજેટમાં આપ્યા છે. સાહેબ, એક વાત હું આપને કહું કે મારી ઉપર વિપક્ષો દ્વારા કંઇકને કંઇક ટિપણી થશે એ સ્વભાવિક છે દરેક પર થાય છે એમાંથી મને કંઇકને કંઇક શીખવા એમની પાસેથી મળશે, પણ મારે આજે મારી પાસે બેઠેલાને એવું પૂછવું છે કે, ઘૂડખર, વ્હેલ અને શાર્ક જેવા દરિયાઇ પ્રાણીઓના રક્ષણ માટે પણ ગુજરાતની આ સરકારે ૧૧૮ કરોડ રૂપિયા આપેલા છે. સાહેબ, હમણા જ યુ.પી.ની ચૂંટણીમાં ગુજરાતના ગધેડાનો પણ પ્રચાર થાય છે એવું ત્યાંના મુખ્ય મંત્રી બોલે છે ત્યારે મારે ખાલી એક જ વસ્તુ કહેવી છે કે, ગુજરાતની જ્યારે વાત આવતી હોય ત્યારે શાસક પક્ષ અને વિરોધ પક્ષ એ બંને એક હોવા જોઇએ. ઘૂડખરનો પ્રચાર જ નહીં પણ કોઇ પણ સારી વસ્તુ ગુજરાતમાં બનતી હોય કે કોઇ પણ સારી વસ્તુ વખણાયેલી હોય એનો પ્રચાર સંયુક્ત જ થવો જોઇએ અને એનો વિરોધ પણ સંયુક્ત જ થવો જોઇએ એમાં રાજકીય વાત ન આવે, રાજકીય વાત ગુજરાતના વિકાસ માટે આવે. બીજી એક વાત કહું કે હમણા શૈલેષભાઇ કહેતા હતા કે, " ના રહે તુ ગુમાન પર તારે રહેવું ભાડાના મકાનમાં" સાહેબ, અત્યારે વિરોધ પક્ષ ભજન પણ ૨૦૧૭ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ સાંભળે છે. આ ભજનમાં એવું છે કે, આપણે જે જીવીએ છીએ એ આપણું જીવન ક્યારે પૂરું થાય એની કોઇ ખાતરી નથી. આપણે ભાડાના મકાનમાં રહીએ છીએ માટે આપણે એવા કામ કરીએ કે જેનાથી આપણું જીવન વખણાય, પણ આ તો ૨૦૧૭ની ચૂંટણીમાં, (અંતરાય) અરે, મારી ચૂંટણીની ચિંતા ન કરશો. હું તમને એક વાત કહું આજની તારીખમાં આજ ટિપ્પણીઓ અને આજ વાત તમારે પણ ટીકીટો માટે જ થાય છે. તમે સાચી વસ્તુ જાણવા છતાં ખોટી વાત બોલો છો કેમ કે તમારે પણ ટીકીટ લેવાની છે અને તમે પણ જાણો છો કે ગુજરાતની પ્રગતિશીલ સરકારે ખૂબ વિકાસ કર્યો છે એ સારી વાત હોવા છતાં તમે એની ટીકા કરો છો. જો અમારી સામે આંગળી થતી હોય તો તમારી તરફ ચાર આંગળીઓ થાય, તમારે તો આમ પણ જે આવે એ ચાલે એવું છે. હું આજે પણ કહું છું અને વિરોધ પક્ષ પણ જાણે છે કે, ૨૦૧૭ની ચૂંટણીમાં અમારે ફિક્સ છે એવું કેમ બોલે છે ખબર છે? કેમ કે, એમની પાસે બીજા કોઇ ઉમેદવારો છે જ નહીં. અહીં તો અસંખ્ય લોકો છે કેમ કે, પ્રજા ભારતીય જનતા પાર્ટીની સાથે છે અને ૨૦૧૭ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થવાનો છે એવું બધાને ખબર છે. હું નહીં હોઉં કે હોઉં એ તો આવનારો સમય જ બતાવશે પણ હું તમને આજે છાતી ઠોકીને એટલું તો ચોક્કસ કહીશ કે, ગુજરાતની આ ૬.૫૦ કરોડની જનતા જે અંદાજ પત્ર માનનીય નીતિનભાઇ પટેલ લઇને આવ્યા છે એનાથી સર્વ વર્ગ ખુશ છે, બધા લોકો ખુશ છે. તમે ખેડૂતોની ચિંતાની વાત કરો છો ત્યારે કહેવું છે કે, ખેડૂતોની ચિંતાની વાત કરતા હોવ તો આના પહેલા જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારના કરતા હાલની ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ગુજરાતનો ખેડૂત સો ટકા ખુશ છે અને એ પણ જાણે છે કે આ સરકાર આપણી લાગણીમાં છે અને આપણી દરેક વાતને એ ધ્યાનમાં રાખે છે. અને બીજી એક વાત હમણાંજ શૈલેષભાઇ કહેતા હતા, બે ચાર ડિપાર્ટમેન્ટની વાત કરતા હતા કે અંદાજપત્રની અંદર જે રકમ ફાળવી છે એ રકમ સરકાર વાપરી શકતી નથી, કોંગ્રેસ જોડે ભા.જ.પ. એ શીખવું જોઇએ કે વધેલા પૈસાની બચત ન થાય એનો •(×××) આ સરકાર જેટલું વપરાય છે, જેટલું પ્રજા માટે જાય છે એટલું જ આપે છે અને બચેલું પ્રજા માટે સરકાર પાછું મૂકે છે. આ વાત ખોટી નથી સાચી વાત છે. તમે જો કહેતા હો તો વસ્તુના બે અર્થ નીકળે.

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો દૂર કરવા અંગે

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ કેતનભાઇને હું ડિસ્ટર્બ કરવા નથી માગતો, સ્વાભાવિક છે કે એમને ટિકિટ લેવાની છે એટલે વખાણ કરવા પડે, એ જે વાત કરી રહ્યા છે, મેં જે આંકડા રજૂ કર્યા છે તે આધાર સાથે રજૂ કર્યા છે. *(×××)વાત કરતા હોય તો હું કેતનભાઇ તમને પણ કહુ છું અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને પણ કહુ છું કે તમે બજેટ સેશન દરમિયાનની ચર્ચા જોઇ જજો, ભૂતકાળના બજેટોમાં *(×××) અને એની આંકડાકીય માહિતી હોય તો આ ટેબલ પર મૂકે અને નહિતર આ શબ્દો દૂર કરવા જોઇએ એવું હું કહેવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામનો ઉલ્લેખ કર્યો છે એટલા માટે હું માનનીય શૈલેષભાઇને જવાબ આપું કે શૈલેષભાઇ આ ભ્રષ્ટાચાર બાબતમાં તમારે બિલકુલ બોલવું જ નહિ, *(×××) એટલે કદી બોલવું નહિ, છાનામાના ચૂપ રહો, તમે ચૂપ રહો તેમાં જ તમને ફાયદો છે, તમારે બોલવું જ નહિ, છાનામાના સાંભળી જ લેવું. આજે નહિ અને કદી પણ કોંગ્રેસને બોલવાની જગ્યા જ નથી. *(×××) અને એમણે બોલવું નહિ, શાંતિથી સાંભળવું, મૂંગા મોંએ બેસી રહેવું એ જ તમારા માટે સારું રહેશે.

---

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : બેસી જાઓ ભાઇ બધા બેસી જાઓ. શૈલેષભાઇ બેસી જાઓ એ શબ્દો દૂર કરીએ છીએ. કેતનભાઇ ચાલુ રાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કેતનભાઇના શબ્દો દૂર કર્યા, માનનીય અધ્યક્ષશ્રી, એમના *(×××) તો રેકર્ડ ઉપર છે, સાહેબ *(×××), કોર્ટોમાં કેસો ચાલે છે, તમારા નેતાઓ જેલમાં જઇ આવ્યા, તમારા લોકોને રાજીનામા આપવા પડ્યા, બધું રેકર્ડ ઉપર છે, આખા દેશની પ્રજા જાણે છે એમાં કંઇ ખાનગી નથી. બધું જાહેર છે. આખેઆખો દેશ જાણે છે. આખો દેશ જાણે છે અને તમારે આંકડા જોઇતા હોય તો આપણે એક સ્પેશ્યલ સીટીંગ રાખીએ એના માટે*(×××) આંકડા આપવા માટે એક બેઠક આપણે રાખીએ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બેસો ભાઇ બેસો બધા, કેતનભાઇને સાંભળો.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) આજદિવસ સુધી મને એવું લાગતું હતું કે કોંગ્રેસના મિત્રો, આજે નિષ્પક્ષ રીતે વાત કરીએ આટલો બધો અવાજ શેના માટે, મને સાંભળો તો ખરા, મને બોલવા દો.

ઉપાધ્યક્ષશ્રી : બેસી જાઓ ભાઇ બેસી જાઓ, કેતનભાઇને સાંભળો. (અંતરાય)

(વિરામ ૨-૩૦ થી ૩-૧૫)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭-૧૮નું જે બજેટ આવ્યું છે તે બજેટ વિશેના કેટલાંક વિચારો પંચાયત વિભાગના હું રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે પંચાયત માટે સરદાર આવાસ યોજનાથી શરૂ કરી ઇ-ગ્રામ , વિશ્વ ગ્રામ,ગરીબ કલ્યાણ મેળા, રૂર્બન માળખીય સુવિધાઓ, સ્માર્ટ વિલેજ, સ્વચ્છ ગ્રામ સ્વસ્થ ગ્રામ, સમરસ ગ્રામ પંચાયત, તીર્થ ગ્રામ, પાવન ગ્રામ આમ પંચવર્ષીય યોજનાઓ આમ અનેકવિધ યોજનાઓથી સભર આ રાજય સરકારે ગ્રામ પંચાયતોને સદ્ધર અને સ્વચ્છ કરવાનો એક પ્રયાસ કર્યો છે. આપણે જોઇએ તો સરદાર આવાસ યોજના-૨, સરદાર આવાસ યોજના હતી પણ સરદાર આવાસ યોજના આ રાજય સરકારે બનાવીને ગામડાંની અંદર જે લોકો રહે છે, જેની પાસે પાકું મકાન નથી અને કાચા મકાનની છત નીચે રહે છે, ગારવાળું મકાન છે, ઉપર નળિયાં કે છાપરું વ્યવસ્થિત નથી આવા મકાનો માટે સ્પેશ્યલ યોજના બનાવીને રાજય સરકારે તમામ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત મારફતે તેની વિગતો મંગાવી અને વિગતોની સાથે લગભગ ૪૦ હજાર જેટલી અરજીઓ આવી છે. રાજયમાં ડિસેમ્બર-૨૦૧૬ સુધીનો ૧ લાખ રૂપિયાનો ખર્ચ હોય તો ૪૦ હજારનો ખર્ચ રાજય સરકાર તેમાં ભોગવે છે ટોટલી ૩ લાખ ૨૭ હજાર ૨૩૩ અરજીઓ આવી તેમાંથી આજે મને કહેતાં આનંદ છે કે, ૨ લાખ ૭ હજાર ૩૮૦ આવા મકાનો પૂર્ણ થયા છે અને ૮૪૬૬.૭૬ લાખનો ખર્ચ આની પાછળ કરવામાં આવ્યો છે. એટલે ગ્રામ વિસ્તારની અંદર જે કાચા મકાનો હતા તેને પાકી છત સાથેના મકાનો બનાવાનો એક શ્રેય આ રાજય સરકારને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇ-ગ્રામ, વિશ્વ ગ્રામ આજે આપણે સમગ્ર દેશ અને વિશ્વમાં જયારે ચર્ચા કરીએ છીએ ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે આજે સમગ્ર દેશમાં જે વિચારણા ચાલી રહી છે કે તાલુકા મથકોને કનેક્ટીવિટી સાથે જોડવાં પણ આપણે ગુજરાતની અંદર જોઇએ તો ૧૪ હજાર અને ૧૭ ગ્રામ પંચાયતોને ઇ-કનેકટીવિટીથી જોડીને કોમ્પ્યુટર, બ્રોડબેન્ડ,વિશેટ અને ઇન્ટરનેટ સાથે જોડાણ કરીને કાર્યાન્વિત કર્યા છે. આપણે જોઇએ તો આ મોટાભાગની ગ્રામ પંચાયતોમાં આજે તાલુકા મથકે જઇને જે વસ્તુ કરાવવાની હતી જન્મ મરણનાં દાખલા હોય, ૭/૧૨ના પાના હોય, ગ્રામ પંચાયતને લગતું કોઇ કાર્ય હોય તો આ તમામ પ્રકારની કાર્યરીતિ આજે ઘર બેઠાં ગ્રામ પંચાયતના મકાનમાં બેઠાં આજે આપણે ગુજરાતમાં કરી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ કલ્યાણ મેળા અત્યાર સુધીમાં પૂર્વ મુખ્યમંત્રી અને અત્યારના કેન્દ્રના માનનીય પ્રધાનમંત્રીશ્રી કે જેમણે આ યોજના મૂકીને ગુજરાતમાં ગરીબનું કલ્યાણ કરવાની એક યોજના શરૂ કરી હતી અને ૧૪૫૩ ગરીબ કલ્યાણ મેળા આજ સુધીમાં કર્યા છે તેમાં ૧ કરોડ ૧૮ લાખ ૭૯ હજાર અને ૭૧ લાભાર્થીઓને મળીને કુલ સહાય ૨૦,૨૫૬.૨૩ કરોડની આજદિન સુધીમાં આપવામાં આવી છે. રાજ્ય સરકારનો આશય છે કે, કોઇપણ વ્યક્તિ કામ કરવા માગતો હોય તો એને કામ મળે અને ગરીબી રેખામાંથી ઉપર આવે. એ ધ્યેય સાથે રાજ્ય સરકારે જે કામ કર્યુ છે એમાં આપના લોકોને લાભ આપ્યો છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં જે પ્રકારનો તફાવત છે, શહેર જે રીતે વિકસિત થાય છે એમ ગ્રામ્ય વિસ્તારની અંદર રહેતા માણસોને પણ સગવડતા જોઇએ છે. ૧૯૯૫માં માનનીય કેશુભાઇ પટેલની સરકાર આવી અને એ સરકારે સૌથી પહેલા ગોકુળ ગ્રામ યોજના આપીને ૧૦ લાખ રૂપિયા સુધીની રકમ આપીને એ ગ્રામ પંચાયતને સુવ્યવસ્થિત કરવાનું કાર્ય શરૂ થયું અને આજે મને કહેતા આનંદ થાય છે કે, આના એક રર્બન યોજના નીચે સાંકળીને ગામડાંમાં પણ શહેરની સુવિધાઓ મળે એ પ્રકારની એક વ્યવસ્થા સાથે શહેરની સુવિધાઓ મળે અને ગામડું ભાંગતું અટકે, ગામડાંમાં રહેતો માણસ ગામમાં રહીને રોજગારી મેળવી શકે એ ધ્યેય સાથે જે યોજના કરી હતી એ આજે સાર્થક સ્વરૂપમાં જઇ રહી છે. એ જ રીતે તીર્થગ્રામ યોજના અને પાવન ગ્રામ યોજના અમલમાં મૂકી. જે ગામની અંદર ત્રણ વર્ષ સુધી કોઇપણ પ્રકારનો કેસ ન થયો હોય, કોર્ટ કેસ ન થયો હોય, ફરિયાદ ન થઇ હોય આવા ગામમાં એક સંપથી, કુટુંબના ભાવથી રહેતા હોય એવા ગામને ૧ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે અને તીર્થગ્રામ એટલે કે પાંચ વર્ષ સુધી આ ગામમાં કોઇપણ પ્રકારના કજિયા, કંકાસ ન થયા હોય તો એને ૨ લાખ સુધીની સહાય આપીને એક સુલેહ અને સંપનું વાતાવરણ ગ્રામ્ય વિસ્તારમાં વધે એવો પ્રયાસ આ

પંચાયત વિભાગે કર્યો છે. જ્યારે ગ્રામ પંચાયતની ચૂંટણીની અંદર જે પ્રકારના ઝઘડા થાય છે. એના કારણે જે આંતરિક કલેહ વધે છે એ ન થાય એટલા માટે સમરસ ગામની યોજના સરકાર લાવી છે. આ યોજના નીચે ડિસેમ્બર, ૨૦૧૬ સુધીમાં ૧૩૮૪ જેટલા ગામો સમરસ બન્યા છે. જે પૈકી ૧૮૭ મહિલા સરપંચો સમરસ ગ્રામ પંચાયતમાં ચૂંટાઇ છે. એ જ રીતે જે ૫,૦૦૦ સુધીની વસતિનું ગામ હોય અને સમરસ હોય તો પહેલાં વર્ષે ૨ લાખ, બીજા વર્ષે ૨.૫ લાખ અને ત્રીજી વાર સમરસ થાય તો ૩,૧૨,૫૦૦ અને ચોથા વર્ષે ચાર લાખ રૂપિયાની સહાયતા આપવાના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકો પણ આ સહાયતાના ધોરણે ગામનો વિકાસ થાય એ હેતુથી સમરસ ગામ કરવાનો પ્રયાસ કરે છે.

ડો. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલ ૨૦૧૭-૧૮નું જે બજેટ લઇને આવ્યા છે તેની સામાન્ય ચર્ચા અનુસંધાને મારા વિચારો વ્યક્ત કરું છું. કોઇપણ સરકારનું બજેટ તેની નિયતિ, નીતિ અને નિયતનું પ્રતિબિંબ પાડતું હોય છે. નાણામંત્રીશ્રી ૨૦૧૭-૧૮નું ૧,૭૨,૦૦૦ કરોડનું બીગ બજેટ લઇને આવ્યા છે. સાથે સાથે સદરવાર ફાળવણી બેલેન્સ હોવાથી આ બજેટ બેલેન્સ બજેટ પણ છે. એગ્રીકલ્ચર સેક્ટર, ઇન્ડસ્ટ્રીયલ સેક્ટર અને સર્વીસ સેક્ટરને ધ્યાનમાં રાખીને બજેટની ફાળવણી કરી છે. એટલે નાણામંત્રીશ્રી બિગ, બેલેન્સ અને બેસ્ટ બજેટ લઇને આવ્યા છે એના માટે સરકારને અભિનંદન આપું છું. ખાણ અને ખનીજ વિભાગમાં બજેટ બાબતમાં જે ચર્ચા છે એની વાત કરું તો ૩૮૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કુદરતી સંપત્તિ એટલે કે, ખનીજનો વિવેકપૂર્ણ ઉપયોગ કરી ખનીજ આધારિત ઉદ્યોગને પૂરતા પ્રમાણમાં રૉ મટીરીયલ મળી રહે એ આધારે ઉદ્યોગોને પ્રોત્સાહન મળે એ પ્રમાણે કેન્દ્ર અને રાજ્ય સરકારે આયોજન કરેલ છે. ખાણ અને ખનીજ વિભાગમાં મુખ્ય કામગીરી જોઇએ તો ખાણ કામ પ્રભાવિત વિસ્તારના વિકાસ માટે માઇન્સ એન્ડ મીનરલ્સ એમેડમેન્ટ એક્ટ -૨૦૧૫ હેઠળ ખનીજ સભર ૩૨ જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ મીનરલ ફંડ એટલે કે, ડી.એમ.એફ. ફંડની રચના કરવામાં આવી છે. જેમાં કેન્દ્ર સરકારની પ્રધાન મંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના એટલે કે PMKKY હેઠળ ખાણ કામ પ્રભાવિત વિસ્તારો અને વ્યક્તિઓ માટે કલ્યાણકારી તેમજ માળખાકીય કામગીરી કરવામાં આવનાર છે. ચાલુ વર્ષમાં મુખ્ય તથા ગૌણ ખનિજોમાં નવેમ્બર અંતિત રોયલ્ટી ઉપરાંત કુલ રૂપિયા ૧૦૩ કરોડ DMF ટ્રસ્ટમાં જમા કરાવેલ છે. ખાણ વિસ્તારોમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવાં કે રસ્તાઓ વગેરે ઉભા કરવા માટે વર્ષ ૨૦૧૬-૧૭ દરિમયાન લગભગ ૧૩ કરોડ રૂપિયાની ગ્રાન્ટ જુદા જુદા જિલ્લાઓમાં ફાળવવામાં આવી છે. ખાતા દ્વારા રાયસણ ખાતે ખનિજ પૃથ્થકરણ માટે અદ્યતન પેટ્રોગ્રાફી અને મિનરલ કેમિસ્ટ્રી પ્રયોગશાળા બનાવેલ છે અને એનું લાકાર્પણ પણ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયના જાહેરનામાઓથી ગૌણ ખનિજોમાં એન્વાયરમેન્ટ ક્લિયરન્સ મેળવવા બાબતે જોગવાઇ કરેલ છે. તે મુજબ હવે જિલ્લા કક્ષાએ અમુક મર્યાદિત વિસ્તાર સુધી એન્વાયરમેન્ટ ક્લિયરન્સ આપવા માટે કમિટી અને ઓથોરિટીની રચના પણ કરવામાં આવી છે. રાજયમાં જાન્યુઆરી, ૧૬ થી નવેમ્બર, ૧૬ સુધીમાં અંદાજિત રૂપિયા ૮૭૧ કરોડની આવક થયેલ છે અને રાજયમાં બિન અધિકૃત ખનીજ વહનને અંકુશમાં લાવવા માટે ખનીજ ભરેલા વાહનોના ચેકિંગ માટે રાજયમાં સાત નવી ચેકપોસ્ટો શરૂ કરવામાં આવી છે. જાન્યુઆરી, ૧૬થી નવેમ્બર, ૧૬ સુધીમાં ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ બાબતના ૮૫૮૫ કેસો થયેલ છે અને એમાં ૪૩૫૩ લાખ રૂપિયાની વસુલાત કરવામાં આવેલ છે. રાજયમાં કચ્છ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુખ્ય ખનિજ લાઇમ સ્ટોનના કુલ આઠ બ્લોકનું ટૂંક સમયમાં ઇ-ઓક્શન કરવામાં આવનાર છે. ડીઝીટલ ઇન્ડીયા અને ડીઝીટલ ગુજરાત હેઠળ જે ટેકનોલોજીનો ઉપયોગ આ ખાતામાં ખાસ કરવામાં આવ્યો છે ત્યારે એટલે કે ભૂતકાળમાં થયેલા અબજો રૂપિયાના કૌભાંડો એ આના કારણે અટકશે અને પારદર્શિકતા આવશે. ખનીજોનું ઓવરલોડિંગ રોકવા માટે આર.ટી.ઓ.નો ડેટાબેઝ અને સાથે સાથે ખાતાનો ડેટાબેઝ બન્ને સંકલિત કરી ILMS એટલે કે ઇન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે અને જે વાહનની ક્ષમતા મુજબ ખનીજ જથ્થો અને વજન ચેક કરી વાહનને ટ્રાન્સપોર્ટેશન માટે અધિકૃત કરે છે. ખાતા દ્વારા GEOMI MI મોબાઇલ બેઝ્ડ એપ્લીકેશન પણ વિકસાવવામાં આવી છે જેના ઉપયોગથી લીઝ, પરમીટ, સ્ટોક ઇન્સ્પેક્શન કરી શકાય છે તેમજ ખનીજ વાહનોનું ચેકિંગ કરી સ્થળ પર જ રોયલ્ટી પાસની ખરાઇ કરી શકાય છે. બોગસ રોયલ્ટી પાસ અટકાવવા ખાતા દ્વારા ખાતાના હોલોગ્રામ સાથેના સ્પેશિયલ રોયલ્ટી પેપર પર રોયલ્ટી પાસ ઇસ્યુ કરવાની પધ્ધતિ પણ કરવામાં આવી છે. નાગરિકોને ગેરકાયદેસર ખનીજને લગતી ફરિયાદ કે રજૂઆત માટે GUJMINE નામની મોબાઇલ એપ્લીકેશન પણ વિકસાવેલ છે જેનાથી ફરિયાદ નોંધણી અને ફરિયાદ સંદર્ભે થયેલ કાર્યવાહીની વિગતો પણ મેળવી શકાય છે. આ નિગમ અને નિગમના ગ્રામ્ય ટ્રસ્ટ દ્વારા CSR એટલે કે કોર્પોરેટ સોશીયલ રિસ્પોન્સીબિલીટીની દિશામાં આ નિગમે ઘણી બધી કામગીરી કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની ખાસ વાત કરું તો, બોટાદ, ગઢડા, વલ્લભીપુર, ઉમરાળામાં આ ચાર તાલુકાઓમાં નિગમ દ્વારા ડ્રીપ ઈરીગેશન માટે દસ ટકા સબસિડી વધારાની આપવામાં આવેલી, ૨૦૧૨માં માનનીય સૌરભભાઇ પાસે આ ખાતુ હતું અને એમના પ્રયત્નોથી આ ચાર તાલુકાઓમાં ડ્રીપ ઈરીગેશનમાં દસ ટકા વધારાની સરકાર સિવાયની સહાય મળી અને એના કારણે બોટાદમાં કપાસ વિભાગમાં કપાસના ડ્રીપમાં ગુજરાતમાં નંબર વન છે અને ગુજરાતમાં ઓવરઓલ નંબર બે છે ડ્રીપ ઈરીગેશનમાં, આનો યશ જીએમડીસીને પણ જાય છે અને માનનીય સૌરભભાઇને પણ જાય છે. સમાજકલ્યાણ માટે પણ ૧૨ કરોડ રૂપિયા વાપરવામાં આવેલ છે.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરૂં છું.

## ફાલ્ગુન ૧૫, ૧૯૩૮ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ એવું હોવું જોઇએ કે, જેની અંદર મહિલાઓ, ખેડૂતો, શિક્ષિત યુવાનો, શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓ અને નાના મોટા વેપારીઓને ફાયદો કરાવનારું બજેટ હોવું જોઇએ, પણ માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટને જોતાં લાગે છે કે, આ બજેટ એક મૃગજળ જેવું છે, એમાં શબ્દો સારા સારા મૂકાયા છે પણ કોઇ નક્કર વાત આ બજેટમાં કરવામાં આવી નથી એટલે આ બજેટ એ માત્ર જાહેરાતો અને પ્રજાને ગુમરાહ કરનારું બજેટ છે એમ હું કહી શકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે ગુજરાત રાજય સમગ્ર દેશમાં આર્થિક વિકાસમાં અવ્વલ નંબર હતું, બીજાં રાજયોને જયારે આર્થિક મુશ્કેલીઓ આવે ત્યારે મદદ કરનારું રાજય હતું. તેના બદલે આ ગુજરાત રાજય દેવાળુ રાજય બની ગયું. ગુજરાતમાં જન્મતાની સાથે જ બાળક ૩૫ હજાર રૂપિયાના દેવા સાથે જન્મે છે. ગુજરાતમાં થતી આવકો પૈકી લગભગ ૩૦ ટકા આવક દેવું ભરપાઇ કરવામાં જાય છે.

અધ્યક્ષશ્રી : કોઇના ઘેર દેવાની નોટિસ આવે તો નીતિનભાઇનું ધ્યાન દોરજો.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : ચોક્કસ. સાહેબ, હું લગભગ શબ્દ વાપરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આપે કહ્યું તેમાં હું તો એમ કહીશ કે કોઇને નોટિસો આવે તો આપજો, હું ભરી આપીશ.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : આને તમે કઇ રીતે વિકસિત રાજય તરીકે કહીને ગુજરાત નં.૧ કરીને ઢંઢેરો પીટો છો? માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં ખેડૂતોની દુર્દશા થઇ રહી છે. ખેડૂતોના આત્મહત્યાના કિસ્સા વધી રહ્યા છે. ક્યાંક ખેડૂતોને પાણી નથી મળતું તો કયાંક ખેડૂતોને બટાકાના ટેકાના ભાવ નથી મળતા. યુવાનો બેકાર છે. નાના વેપારીઓ, નાના-મોટા ઉદ્યોગો બંધ છે. મોદી સરકારની નોટબંધી પછી તો જી.આઇ.ડી.સી.ઓ બંધ થઇ ગઇ. સુરતના હીરા ઉદ્યોગની વાત કરું કે મોરબીના સિરામિક ઉદ્યોગની વાત કરું. આ ઉદ્યોગો પડી ભાંગ્યા છે. આ સરકારમાં લોકોને રોજગારી નથી મળતી. ગાંધીજી અને સરદાર પટેલના ગુજરાતની વાત કરું તો આ ગુજરાતમાં બળાત્કારના બનાવો વધી રહ્યા છે. •(×××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો રદ કરવામાં આવે છે, પ્લીઝ.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : આ લાજવાને બદલે ગાજી રહ્યા છો. માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં મહિલા સુરક્ષાની વાતો કરી મહિલાઓનું શોષણ કરી રહ્યા છો. તમને કુદરત માફ નહીં કરે. આ મહિલાઓની હાય ૨૦૧૭માં ભ્રષ્ટાચારી ભ્રષ્ટ સરકારને ભરખી જશે તેમાં કોઇ શંકાને સ્થાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટને જોતાં ઘણી બધી ચર્ચા થઇ શકે છે પણ હું ફક્ત શિક્ષણની ચર્ચા કરીશ. રાજયનું બજેટ વધતું જાય છે તેમ તેમ શિક્ષણના બજેટની ટકાવારીમાં ઘટાડો જોવા મળે છે. હું આ ગૃહના તમામ સભ્યોનું ધ્યાન દોરવા માગું છું કે ગુજરાતમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે શિક્ષણ ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે આવતું હતું. તમારા હાથમાં શાસન આવ્યા પછી અત્યારે ગુજરાત ૧૬મા ક્રમાંકે ધકેલાયું છે. તમારો વિકાસ અને નં.૧ સરકાર કહો છો? જયાં સુધી ગુજરાતમાં કોંગ્રેસનું શાસન હતું ત્યાં સુધી કન્યા કેળવણી મફત હતી. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પણ મફત હતું. મેડિકલ, ડેન્ટલ, એન્જિનિયરીંગ અને ફાર્મસી જેવા ઉચ્ચ અભ્યાસક્રમમાં પણ મામૂલી ફીમાં દીકરો અને દીકરી ભણી શકતા હતા અને તમારા હાથમાં સત્તા આવ્યા પછી શું? ઠેકઠેકાણે વેપારની હાટડીઓ શરૂ કરી દીધી. પ્રાઇવેટ સ્કૂલોને છૂટો દોર આપ્યો. વાર્ષિક ૫૦,૦૦૦ની ફી પ્રાઇવેટ સ્કૂલોવાળા ઉઘરાવે છે. શહેરી વિસ્તારોમાં જૂનિયર કે.જી. કે સિનિયર કે.જી. માં પ્રવેશ લેવો હોય તો બાળકોને લગભગ એક લાખ રૂપિયા ડોનેશન આપવું પડે. ફાર્મસીમાં દોઢથી બે લાખ રૂપિયા બોલાય. એન્જિનિયરીંગ અને મેડિકલમાં પ્રવેશ મેળવવો હોય તો દોઢથી બે કરોડ રૂપિયા બોલાય. પી.ટી.સી.માં પ્રવેશ મેળવવો હોય તો દોઢથી બે લાખ બોલાય. એમ.એસ. અને એમ.ડી.માં બે કરોડનો ભાવ બોલાય છે. પ્રાઇવેટ મેડિકલમાં દાખલ થયા પછી પાસ થવા માટે પણ ૨૦-૨૦ લાખ રુપિયા જેવું ડોનેશન આપવું પડતું હોય છે. પરંતુ આ વાત આપણાં મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયા સાહેબને નહીં સમજાય. કેમ કે તે મિનિસ્ટર છે. આવી પરિસ્થિતિ શિક્ષણની કરી છે તમારી આ નં.૧ સરકારે.

શ્રી જગદીશભાઇ ઈ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ અર્થે ભારતના બંધારણના અનુચ્છેદ-૪૬માં નબળા વર્ગના વિકાસ માટે જે પગલાં લેવાની જોગવાઇ કરેલ છે તે અંતર્ગત આ ભારતીય જનતા પાર્ટીની સરકાર નબળા વર્ગો માટે ખાસ કરીને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિકાસ માટે કટિબદ્ધ છે ત્યારે મને પણ આનંદ થાય છે કે આ સરકારનો હું સભ્ય છું. આ ભારતીય જનતા પાર્ટીનો હું સભ્ય છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારનું નેતૃત્વ દિલ્હીના લોકનાયક, વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી કરી રહ્યા છે તે રીતે ગુજરાતમાં પારદર્શક સરકાર, સંવેદનશીલ સરકાર, નિર્ણાયક સરકાર, પ્રગતિશીલ સરકારનું નેતૃત્વ માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી એમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા રાત-દિવસ મહેનત કરી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના લોકોના સર્વાંગી વિકાસ માટે જે પગલાં લીધા છે એના માટે લાખ લાખ અભિનંદન આપું છું. મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે સામાજીક, શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને વિકસતી જાતીના વિકાસ માટે ૨૦૧૭-૧૮ના વર્ષ માટે રૂ.૧૧૧૯/- કરોડની જે જોગવાઇ કરવામાં આવી છે. એના માટે ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. તેઓ નાનામાં નાના માણસની અને પિડિત સમાજની વેદના સમજે છે એ બદલ એમનો લાખ લાખ આભાર માનું છું. રાજ્ય સરકાર દ્વારા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિકાસ માટે ખૂબ જ પગલાં લીધાં છે. એમના વિકાસ માટે જે ગુરૂ ચાવી એટલે કે શૈક્ષણિક વિકાસ. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર નાનામાં નાના સમાજ અને વંચિત સમાજની, વિખરાયેલા સમાજની ચિંતા કરી રહી છે એમાં એમણે ઘણી બધી યોજનાઓ કરી છે. આ સમાજના દીકરા–દીકરીઓ સારો અને ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે રાજ્યમાં ૭૪૦ સહાયક અનુદાનથી ચાલતા છાત્રાલયો ચાલે છે. તેનો ૩૯૦૦૦ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓ દર વર્ષે લાભ લે છે. વિદ્યાર્થીઓ કોલેજનો ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે ૬૩ છાત્રાલયો પણ બનાવાયા છે. એવી જ રીતે નાના અને અંતરિયાળ ગામડાંના વિદ્યાર્થીઓને શહેરમાં ભણવા માટે ૧૭૧ જેટલી આશ્રમશાળાઓ છે. ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે આ છાત્રાલયો બનાવવામાં આવ્યા છે અને વર્ષે લગભગ ૨૧૪૬૫ જેટલા બાળકોને આનો લાભ મળે છે. પછાત વર્ગના બાળકો અભ્યાસથી વંચિત ન રહી જાય એના માટે સતત અમારી સરકાર ચિંતા કરતી હોય છે. એવી જ રીતે ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૩૩ નિવાસી શાળઓ પણ આવેલી છે. મને જણાવતા આ હાઉસના મિત્રોને અને સામે વિપક્ષના મિત્રોને આનંદ થાય છે કે, અમદાવાદ જ્યારે મેટ્રો સીટી બન્યું છે ત્યારે અમદાવાદમાં ભણવા આવવાની છેવાડાના માનવીની ચિંતા છે, એમના પરિવારને એવું છે કે મારો દીકરો અમદાવાદમાં ભણે, આપશ્રી જ્યારે આ વિભાગના મંત્રીશ્રી હતા ત્યારે પંડિત દિન દયાળ ઉપાધ્યાયની એકાત્મ માનવ વાદની વિચારધારા વાળી આ સરકારે ગામડાંના વિદ્યાર્થીઓને સારું ઉચ્ચ શિક્ષણ મળે એના માટેનો વિચાર કર્યો. આવા ગામડાંના છેવાડાના બાળકોને શહેરમાં ભણવા આવવું હોય ત્યારે તેમને ત્યાં એક મોટો પ્રશ્ન થતો હોય છે અને આના માટે કુમાર અને કન્યા અમદાવાદ ખાતે નવી સમરસ હોસ્ટેલ બનાવવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે રૂ.૧૦૧/– કરોડના ખર્ચે આ સમરસ હોસ્ટેલ બનાવવામાં આવી છે અને એમાં ૧૦૦૦ વિદ્યાર્થીની કેપેસીટી છે અને વર્ષે હજારો રૂપિયા, લાખો રૂપિયાનો ખર્ચ આ વિદ્યાર્થીઓને ભણાવવા માટે થઇ રહ્યો છે. તમારા મત વિસ્તારના છેવાડાના બાળકો હોય એ આ સમરસ હોસ્ટેલમાં ભણી શકે એના માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વ્યવસ્થા કરી છે. ધો.૧થી ૧૦ના ૩૯ લાખ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓ આ દસેક વર્ષમાં શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય અત્યાર સુધીમાં મેળવી ચૂક્યા છે. આપ પણ આ વિભાગના મંત્રી રહ્યા છો અને આપે પણ ખૂબ સહાય કરી છે એટલે આપને પણ લાખ લાખ અભિનંદન આપું છું. ઉચ્ચ કક્ષાના અભ્યાસ માટે રૂ.૧૦/– લાખની લોનની મર્યાદા વધારીને રૂ.૧૫/– લાખ કરવામાં આવી છે. એવી જ રીતે અમદાવાદના ૧૪૮ જેટલા વિદ્યાર્થીઓએ એનો લાભ લીધો છે. શ્રી મણીભાઇ, એવી જ રીતે કોમર્શિયલ પાઇલોટ કોઇને બનવું હોય તો પહેલા સુખી ઘરના છોકરા જ બની શકતા હતા. પહેલા બનાસકાંઠાના હોય, વડગામના હોય, ગમે તે તાલુકાના હોય છેવાડાનો માનવી પણ એના દીકરાને પાયલોટ થવું હોય તો સપના જેવું લાગે. આજે આ સરકારે એવી પરિસ્થિતિ પેદા કરી છે કે ગામડાંનો છેવાડાનો માનવીનો દીકરો પણ પાઇલોટ બની શકે છે. એના માટે પહેલા રૂ.૨૦/– લાખની જોગવાઇ હતી એમાં વધારો કરીને હવે રૂ.૨૫/– લાખની જોગવાઇ કરી છે. એટલા આ આપણા છેવાડાના બાળકો આજે વિમાનમાં ઉડતા થયા છે અને આપણને પણ વિમાનમાં ઉડતા કર્યા છે અને એ બાળકો આપણને સેઇફ મુસાફરી આપી રહ્યા છે. આપણા બધા માટે આ ગર્વની લાગણી કહેવાય કે આ સરકાર આપણને લાખો રૂપિયાની સહાય આપી રહી છે. મારા મત વિસ્તારની એક દલિત પરિવારની દીકરી છે એણે પણ આવી રીતે સરકારની લોન લઇને અભ્યાસ કર્યો છે અને અત્યારે જેટ એર વેઝમાં નોકરી કરે છે અને એર હોસ્ટેસ બની છે. એ આપણા માટે ગર્વની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇના મામેરાની વાત કરું. દરેક સમાજ માટે કોઇપણ દીકરી જેમની એક લાખ રૂપિયાની આવક હોય એમને પહેલા રૂ.૧૦૦૦૦/– સહાય આપવામાં આવતી હતી. આજે અમારી સરકારે કોઇપણ પરિવારની દીકરી હોય એને રૂ.૧૨૦૦૦/–ની સહાય આપવામાં આવે છે. વ્યક્તિગત આમંત્રણ પત્રિકા આપવામાં આવે તો તેઓ દ્વારા સો–બસો કે ત્રણસો રૂપિયાનો ચાંલ્લો કરવામાં આવે. પરંતુ તેઓ દ્વારા જો અમારી સરકારને એટલે કે સમાજ કલ્યાણ વિભાગને આમંત્રણ પત્રિકા આપવામાં આવે તો તો ૧૨ હજાર રૂપિયાનો લગ્નનો ચાંદલો અમારી સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. એ જ અંતર્ગત ભારતીય જનતા પક્ષની સરકાર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોનો સર્વાંગી વિકાસ થાય એ માટે સરસ્વતી સાધના યોજના હેઠળ નવમા ધોરણની બાળાઓને લગભગ ૪૮ કરોડ રૂપિયાની સહાય એમાં અત્યાર સુધીમાં કુલ ૩૪૩૭૪ કન્યાઓને સાઇકલ સહાય આપવામાં આવી છે ત્યારે મને જણાવતા આનંદ થાય છે કે આ સરકારમાં બાળાઓનું પણ કેટલું ધ્યાન રાખવામાં આવે છે. જો આ પેઢીની દીકરીઓ ભણશે તો આવનારી પેઢી ચોકકસ તારવાની છે. નાનામાં નાની બાબતની અમારી સરકાર જયારે ચિંતા કરી રહી છે ત્યારે આ વર્ષ જે પંડિત દિનદયાળજી ઉપાધ્યાય જન્મ શતાબ્દી વર્ષ હોઇ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વર્ષને ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઉજવવાનું નકકી કર્યુ છે ત્યારે પંડિત દિનદયાળજી ઉપાધ્યાયજીનું ''ચલો જલાયે દીપ જહાં અભી ભી અંધેરા હૈ'' આ સૂત્ર આપ્યું હતું અને આ યુગપુરૂષ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ મુત્સદ્દી રાજયનેતા તરીકે પ્રસ્થાપિત થયા છે ત્યારે અમને બધાને આનંદ થાય અને અમને ગર્વ થાય કે અમે એ પાર્ટીના સભ્ય છીએ જે પાર્ટીની સ્થાપના ''ચલો જલાયે દીપ જહાં અભી ભી અંધેરા હૈ'' આ સૂત્રને સાક્ષાત કરવા માટે માનનીય વિજયભાઇની સરકાર, માનનીય નીતિનભાઇની સરકાર અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ પણ એ સૂત્રને આગળ વધારી રહ્યા છે. ભારત માતાકી જય, વંદે માતરમ.

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા(લીમખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલને સૌપ્રથમ તો હું અભિનંદન પાઠવું છું કે આ ગૃહની અંદર અમારા રૂપાણી સાહેબ એટલે રૂપાણી

## ફાલ્ગુન ૧૫, ૧૯૩૮ શાકે
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

સરકાર અને નીતિનભાઇ એટલે નીતિવાદી સરકારના માધ્યમથી હું મારા આદિજાતિ વિભાગ ઉપર આ ગૃહની અંદર પ્રકાશ પાડુ છું. આ ગૃહ સમક્ષ કહેતા મને આનંદ થાય છે કે રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ વિસ્તાર અને આદિજાતિ સમૂદાયના વિકાસ માટે વિશેષ પ્રયત્ન કરાઇ રહેલ છે. ૨૦૦૭માં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે વનબંધુ કલ્યાણ યોજનાની સૌ પ્રથમ વખત જાહેરાત કરી અને એ ૫ વર્ષ માટે ૧૫હજાર કરોડનું પેકેજ મંજૂર કર્યું અને આના માટે આ રાજયની સરકારે ૧૭.૨૪૬ કરોડ ખર્ચ કરેલ છે. વિકાસદરને અનુલક્ષીને આ રાજય સરકારે બારમાસી યોજનાઓને ખૂબ ધ્યાનમાં રાખી અને ૪૦ કરોડની ૫ વર્ષની યોજના કરી હતી તેની સામે રુ. ૪૨.૭૧૨ કરોડની જોગવાઇ કરેલ છે અને તેના અનેક મહત્વના કાર્યક્રમો હાથ ધરેલ છે. આ વનબંધુ વિકાસના કાર્યક્રમો માટે ગતિશીલ ગુજરાત અને ગતિશીલ સરકારના નેતૃત્વની અંદર આ રાજય સરકારે વિકાસની સાચી દિશા પૂરી પાડી છે. વનબંધુ કલ્યાણ યોજનામાં એટલી બધી સફળતા મળી છે કે ભારત સરકારે વનબંધુ કલ્યાણ યોજના વર્ષ ૨૦૧૪-૧૫ના સમગ્ર દેશ માટે લાગુ પાડી છે અને વનબંધુ કલ્યાણ યોજનાના અભ્યાસ માટે અત્યાર સુધીમાં કેન્દ્ર સરકારના વિવિધ અધિકારીઓ તથા ગોવા, મહારાષ્ટ્ર ઝારખંડ, ઓરીસ્સા, રાજસ્થાન એવા અનેક રાજયોની ટીમ ગુજરાતમાં અભ્યાસ કરવા માટે આવી હતી. ગુજરાતના આદિવાસીઓના શિક્ષણ માટે મારે વાત કરવી છે. અગાઉની સરકારોમાં આદિવાસી વિસ્તારમાં ૧૯૯૫ પહેલા ગામની અંદર એક જ ગુજરાતી શાળા હોય અને એ ગામના પટેલના એકાદ ઘરમાં ચાલતી હોય અને ત્યાં આખી શાળામાં એક શિક્ષક હોય અને એ શિક્ષક ૧ થી ૪ ધોરણ ભણાવે. આજુબાજુના ગામના બાળકોને શાળામાં ભણવા જવા-આવવા માટેના રસ્તા ન હોય અને ૪ ધોરણ ભણ્યા પછી એ બાળક ગામમાં જ રહી જાય એટલે જે તે વખતે ચાલતી સરકારોએ આદિવાસીઓના શિક્ષણ માટે ખૂબ શોષણ કર્યું છે. આદિવાસીઓને પાછળ રાખવાનું કામ કર્યું છે. મારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને અભિનંદન પાઠવવા છે કે આ વખતે નવા બજેટમાં અનેક પ્રકારે શિક્ષણમાં આદિવાસીઓના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને લાભ મળે એના માટે ખૂબ સારું બજેટ પાસ કર્યું છે. હમણાં જ કોઇ બહેન કહેતા હતા કે જે તે સમયમાં કોંગ્રેસની સરકારમાં એક પણ રૂપિયાનું બજેટ આપવામાં આવતું ન હતું અને બાળકો ત્યાં ને ત્યાં રહી જતા હતા. અમારા આદિવાસીઓના વિસ્તારને પાછળ રાખવાનું કૃત્ય કોંગ્રેસે કર્યું છે. અમારા આદિજાતિ વિસ્તારમાં જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે પૂર કે વાવાઝોડું આવતું હતું ત્યારે કેટલાય પશુઓ અને ઢોર મરી જતા હતા અને અમારા વિસ્તારમાં મકાઇ અને ડાંગરના પાકો સડી જતા હતા પણ એક પણ રૂપિયો તે વખતની સરકારે સહાય આપી નથી. હાલ આપણી ગતિશીલ ગુજરાતની સરકારે અને ચાર પાયા ઉપર ચાલતી સરકારે કોઇપણ વિપરીત પરિસ્થિતિ આવે તો એને પહોંચી વળવા માટે સહાયના પેકેજ જાહેર કરીને લાભાર્થીઓને સમરસ સહાય આપી છે. જેમ વનબંધુ કલ્યાણની યોજના આવી એ રીતે આરોગ્ય વિભાગમાં વાત કરું તો જ્યારે આદિવાસીના ઘરમાં પ્રસૂતાઓ તરફડીને મરતી હતી અને એને દવાખાને પહોંચાડવાની વ્યવસ્થા ન હતી ત્યારે દેશના વડાપ્રધાન ૧૦૮ની સેવાઓ આપીને ગયા અને એ દરેક ગરીબની સેવા માટે તત્પર હોય છે. જ્યારે સુવાવડ વખતે બહેનોને ખૂબ તકલીફ થતી હતી અને મરવા પડતી હતી, ગરીબ હોવાથી એના ઘરમાં પૈસા ન હોય એવા સમયમાં દેશના વડાપ્રધાન મોદી સાહેબ ૧૦૮ મૂકીને ગયા છે. એટલું જ નહીં પરંતુ ફરી પાછું દવાખાનાથી ઘેર આવવા માટે ખિલખિલાટ વાન બાળકને લઇને ઘેર આવે છે. આવી ગતિશીલ ગુજરાત સરકાર ચાલે છે. આ સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭-૧૮નું બજેટ નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી લઇને આવેલા છે ત્યારે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) હું તો સાચુ બોલીશ પણ તમે સાચુ બોલતા શીખો. ૨૦૧૭-૧૮ના બજેટમાં તમામ પ્રકારે જોગવાઇઓ કરવામાં આવેલ છે. પરંતુ જે જોગવાઇઓ કરેલ છે તેમાં ખેડૂતો અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે જે બજેટ જોગવાઇઓ કરવામાં આવે છે એ પૂરેપૂરી વપરાતી નથી અને બચત રહે છે. ખરેખર બજેટ ખેડૂત માટે હોય, આદિવાસીઓ માટે હોય કે અન્ય આમ પ્રજા માટે હોય એ પૂરેપૂરું વાપરવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, હું હવે ખાસ કહેવા માગું છું કે અત્યારે વાત કરી કે પહેલા શિક્ષણ આવું હતું. અરે, પહેલા એક શિક્ષક હોય તો પણ બધા વિદ્યાર્થીઓને ભણાવતા અને એ વખતના વિદ્યાર્થીઓને અગિયારા-બારના ઘડિયા, પાયા, દોઢા બોલતા હતા. આજની તારીખના બારમા ધોરણના વિદ્યાર્થીઓને પૂછો તો એને પૂરેપૂરું વાંચતા આવડતું નથી. આ તમારા શિક્ષણનું સ્તર વધાર્યું કે ઘટાડ્યું?

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મૂળ મુદ્દા ઉપર વાત કરું તો ખરેખર હમણાં ૧૪મી તારીખે જે બનાવ ખેડૂતોનો બન્યો. એ ખેડૂતો માટે હું છેલ્લા ચાર વર્ષથી, વિધાનસભામાં આવ્યો ત્યારથી ૩૧ ગામના ખેડૂતોને પાણી નથી નર્મદા કેનાલનું મળતું કે નથી ફતેહવાડીનું મળતું. એ ખેડૂતોને ફક્ત ઉપર આકાશ અને નીચે ધરતી અને એમણે વરસાદ ઉપર આધાર રાખવો પડે છે. એ ખેડૂતોને વરસાદ આવે તો કોઇપણ પાક પાકે નહિતર એમને બહાર મજૂરીએ જ જવાનું અને બેડું કરવાનું. એમનું પશુધન પણ હેરાન થાય. આવી રીતે એમણે રજૂઆત કરી અને મેં પણ રજૂઆત કરી તેમ છતાં આ સરકાર હજું કાંઇ જ પગલા ભરતી નથી તો ખરેખર આ સરકારને મારી ખાસ વિનંતી છે કે એ ૩૧ ગામના ખેડૂતોને સિંચાઇના પાણી માટે યોજનાની જોગવાઇ કરીને પાણી આપવા મારી ખાસ વિનંતી છે. બીજું, એ પાણી અહીંયા નથી આપતા. મારા સાણંદ તાલુકામાં નેનો અને ફોર્ડ કંપનીને સરકારના ખર્ચે પાણી આપવામાં આવે છે તો આવી રીતે ખરેખર ખેડૂતોને આપવું જોઇએ. ખેડૂત જે જગતનો તાત છે અને ખેડૂત જો ખેતીનો પાક વધારશે તો એમાંથી તમે રોટલા કે દાળ-ભાત, શાક ખાઇ શકશો. બાકી નહીં ખાઇ શકો. એટલે ખેડૂતોને હંમેશા સાથે રાખી અને ખડૂતોને વિચાર કરીને ખરેખર ખેડૂતોના હિત માટે કામ કરવું જોઇએ.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

સાહેબ, બીજી વાત કરે કે આ કોંગ્રેસ ભ્રષ્ટાચાર કરે છે. ભ્રષ્ટાચાર તમારા મૂળમાં છે. હું તમને વાત કરું કે, વેજલપુર તાલુકો, સિટીના શહેરી જમીન ટોચ મર્યાદામાં ફાજલ પડેલ જમીનના સરવે નંબરવાર હું કહું છું કે ૬૭, ૭૫, ૭૦, ૫૭૦, ૬૮૨, ૬૮૯ આ જમીનમાં ભાજપના મોટા માથાઓએ ૨૦ વર્ષથી કબજો કરીને સોસાયટીઓ બનાવેલ છે તેમ છતાં કોઇ જ કાર્યવાહી કરવામાં નથી આવતી. (અંતરાય) સાંભળો. સાહેબ, અમદાવાદમાં જીવરાજ પાર્ક સર્કલ પાસે ચોકની ઉપર ૩૦૦૦ ચોરસ મીટર જમીન ભાજપના મોટા ગજાના આગેવાનોએ આજની તારીખમાં કબજો કરેલ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કરમશીભાઇ, એક મિનિટ છે. ૩૦૦૦ ચોરસ મીટર જમીન લઇ લીધી અને તમને પૂછ્યું પણ નહિ?

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : સાહેબ, મને પૂછવાની જરૂર નથી પણ એ ભ્રષ્ટાચારની વાતો કરે છે ત્યાં આગળ એક ચોરસ મીટર જમીનની કિંમત એક લાખ રૂપિયા છે. ૩૦૦૦ ચોરસ મીટર જમીનનો કબજો કરેલ છે તેમ છતાં આજ દિન સુધી કોઇ જ કાર્યવાહી કરવામાં નથી આવી. બીજું, એ કહે છે કે ભાજપ, ભાજપ પણ તમારા ભાજપના મહેસાણામાં તમારા પ્રમુખે કલેક્ટરને કાગળ લખ્યો કે આવો ભ્રષ્ટાચાર થાય છે. તમારા ભાજપના પ્રમુખ રોહિતભાઇ પટેલે ૨૦૧૫માં, અને કહે છે કે આવો ભ્રષ્ટાચાર છે તો પાછી વાતો કરે કે ભ્રષ્ટાચાર કોંગ્રેસ કરે છે પણ તમારા પગમાં વાગતું હોય અને બીજાના પગમાં પહેરાવવાનું રહેવા દો.

અધ્યક્ષશ્રી : ભૂષણભાઇ...

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું વર્ષ ૨૦૧૭-૧૮નું આ અંદાજપત્ર માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ લઇને આવ્યા છે. મારે કહેવું છે કે, ગુજરાતનું આ અંદાજપત્ર લવેબલ અને લીવેબલ અંદાજપત્ર છે. આજે આ અંદાજપત્રની જ્યારે ચર્ચા થઇ રહી છે ત્યારે આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને આ સરકાર, દુ:ખ વેઠીને પણ સેવાનું સુખ આપવાનું કામ કરી રહી છે. જે વિષયની વાત કરી એ વિષય ઉપર વાત કરું તો ગુજરાત રાજ્યની સ્થાપના ૧૯૬૦માં થઇ અને ૧૯૬૦માં સ્થાપના થઇ હોય એ પહેલાંથી આ ગુજરાતની અંદર અનેક પ્રકારના પ્રવાસન સ્થળો આવેલા હતા અને છે.

(ઉપાધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને)

શ્રી ભૂષણ અ. ભટ્ટ : ગુજરાતની અંદર અનેક શાસનકર્તાઓ આવી ગયા, દેશની અંદર અનેક શાસનકર્તાઓ આવી ગયા પણ પ્રવાસન ક્ષેત્ર પાછળ કોઇની દ્રષ્ટિ નહતી, કોઇ વિચાર નહતો, કોઇનું વિઝન નહતું. મારે આનંદ સાથે કહેવું પડે, વિઝન સાથે કહવું પડે કે, તે વખતના વિઝનરી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા, ૨૦૦૦ની સાલની અંદર કચ્છનું રણ લઇને તો નહતા આવ્યા, એ નહતા ત્યારે પણ કચ્છનું રણ હતું અને વ્હાઇટ ડેઝર્ટ એ આજે પ્રવાસન સ્થળ તરીકે માત્ર ગુજરાત નહીં, માત્ર દેશ નહીં  પણ દુનિયાની અંદર મોખરાનું સ્થાન મેળવ્યું છે. કચ્છના રણની અંદર એક નાનકડો વિઝનરી મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસ કર્યો અને આજે દેશ અને દુનિયામાંથી દર નવેમ્બર મહિનો આવે ત્યારે લાખ્ખો લોકો એની મુલાકાત લેતા થયા, એનું જો કોઇ કારણ હોય, એની દેન હોય તો આ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર છે. એ કચ્છનું રણ હોય, ધોળાવિરા હોય, સાપુતારાનો મોન્સુન ઉત્સવ હોય, મોઢેરા હોય, અંબાજી હોય, ડાકોર હોય, શામળાજી હોય, પાલીતાણા હોય કે એ વડનગર હોય આવા અનેક પ્રકારના સ્થળો આ ગુજરાતની અંદર આવેલા છે પણ કોઇનું એની તરફ લક્ષ્ય નહતું. મને કહેતા આનંદ થાય છે કે, અગાઉ કહ્યું એ પ્રમાણે આ સરકાર આવ્યા પછી પ્રવાસન સેકટરનો વિકાસ થયો અને એ વિકાસ થવાના કારણે આજે આ પ્રવાસન સ્થળોની મુલાકાત દેશ અને દુનિયામાંથી પ્રવાસીઓ લે છે અને તેમની સંખ્યા વધી છે. પહેલાં બજેટની અંદર પ્રવાસન અંગે કોઇ જોગવાઇ કરવામાં નહતી આવતી. પણ મારે કહેવું પડે કે, પ્રવાસનમાં એકધારો વધારો થતાં સંયુક્ત રાષ્ટ્રના ૨૦૧૭ના ઇન્ટરનેશનલ ઇયર ઓફ સસ્ટેઇનેબલ ટુરીઝમ ફોર ડેવલપમેન્ટ તરીકે જાહેર કરેલ છે ત્યારે ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા વધતાં, માળખાકીય સુવિધાઓની અંદર વધારો કરવા માટે ઇન્ટિગ્રેટેડ ટુરિસ્ટ ડેસ્ટીનેશન ડેવલપમેન્ટની સ્કીમ હેઠળ આ વર્ષે ૨૯૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આટલેથી અટકીને નહીં, આના કરતાં પણ વધારે કે, ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય બુદ્ધિષ્ટ સરકીટ, અનેક પ્રકારનું હેરીટેજ ટુરિઝમ જે ટ્રાયબલ ટુરીઝમ, મને હમણા જાણવા મળ્યું કે જેમ સૌરાષ્ટ્રની અંદર ગીર દર્શન દેશ અને દુનિયામાં  પ્રખ્યાત છે એ જ રીતે આવનારા વર્ષોની અંદર ડાંગની અંદર ટાઇગર પ્રાંતની પણ શરૂઆત થઇ રહી છે ત્યારે હું જે વિસ્તારની અંદરથી આવું છું એ વિસ્તારની અંદર વાત કરું તો જમાલપુર-ખાડીયા જે જમ્મુ કાશ્મીર તરીકે ઓળખાતો હોય એ વિસ્તારની અંદર સાબરમતી રીવર ફ્રન્ટ એ પણ રાજય સરકારે જમીન આપી અને જમીન આપ્યા પછી એનું જે ડેવલપમેન્ટ થયું એ ડેવલપમેન્ટને કારણે લાખોની સંખ્યામાં પ્રવાસી આવતા થયા અને ચીનની દિવાલની જેમ શાહપુર બ્રીઝથી પાલડી બ્રીઝ સુધી પૂર્વ ભાગની અંદર જેમ ચીનની દિવાલ છે એવી હેરીટેજ દિવાલનું કામ પણ શરૂ થયું. સાબરમતી આશ્રમની વાત કરીએ, ગાંધીજીના નામે જે લોકોએ મત લીધા, સો-સો, સવાસો વર્ષ સુધી આ દેશની જનતાની પાસેથી મત લીધા પછી શતાબ્દી ઉજવવાનું વર્ષ આવે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે નાણામંત્રી તરીકે સન ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર રજૂ કર્યું છે જેમાં મારા હૃદયનો રાજીપો વ્યકત કરવા અને અંદાજપત્રને આવકારવા હું મારા વિચારો વ્યકત કરું છું. અમે જુનીયર છીએ, કંઇ અસંસદીય શબ્દનો ઉપયોગ થાય કે સત્યથી વેગળી વાત થાય તો આપ ચોકકસ રેકર્ડ ઉપરથી એ દૂર કરી દેજો. આપણે સૌ જાણીએ છીએ કે જયારે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

આપણો દેશ આઝાદ થયો હતો ત્યારે પૂજ્ય બાપુએ કહ્યું હતું આઝાદી મિલ ગઈ હૈ, અભી કોંગ્રેસ કો દફન કર દેના. •(×××) ત્યારે અહીં ૨૦૧૭ ના સ્વપ્ના જુઓ છો અને જે કંઇ બનાવ બને એના પર વિપક્ષો આ સરકાર પર ખોટા છાંટા ઉડાડે છે ત્યારે અને ખાસ કરીને અહીં સી.કે. રાઉલજીએ કહ્યું હતું કે આ ૧૩ મી વિધાનસભા છે. અપશુકનીયાળ આંકડો છે. આપને હું જણાવવા માગું છું માનનીય અટલ બિહારીજી બાજપાઇએ સૌ પ્રથમ ૧૩ દિવસનું રાજ કરેલું, ત્યારપછી ૧૩ મહિનાનું રાજ કરેલું. ત્યારપછી પાંચ વર્ષ પૂર્ણ કરેલા અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ભૂતકાળમાં આજના વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ૧૩ વર્ષથી પણ વધુ સમય પસાર કરેલો છે ત્યારે કેન્દ્રમાં પણ વડાપ્રધાન તરીકે ૧૩ થી વધુ વર્ષ સત્તા સંભાળશે એવા આ દેશની જનતા ભારતીય જનતા પાર્ટીને ચોકકસ આશીર્વાદ આપશે. અહીં એવી વાત થઇ કે બજેટમાં જોગવાઇ કરતા ખર્ચ ઓછો થયો છે જો ખરેખર અહીં ગૃહમાં આવતા હોય અને અભ્યાસ કરતા હોય તો આપણને સૌને ખબર છે કે પહેલાના વખતમાં ટેન્ડરો નીચા ન આવતા અત્યારે ટેન્ડરોના તમામ પેકેજો બનાવવામાં આવે અને એ પેકેજમાં જે તે એજન્સીને પરવડે એટલા માટે ૫–૭–૧૦ ટેન્ડરોની સાથે ટેન્ડરીંગ પ્રક્રિયા કરવામાં આવે અને એમાં ૧૦ ટકા, ૧૫ ટકા, ૨૫ ટકા જેટલા એ ટેન્ડરો નીચા આવે છે અને અહીં મંત્રીશ્રીએ જવાબ પણ આપ્યો છે કે નીચા આવવાને કારણે આ રકમો જમા રહેતી હોય છે. અહીં શૈલેષભાઇએ એવું કહ્યું કે તું શાને ફરે છે, તો તું શાને ફરે છે એવું કોઇ ભજન જ નથી, જીવ શાને ફરે છે ગુમાનમાં, તારે રહેવું ભાડાના મકાનમાં . આ એક જીવ છે જે આપણા શરીરમાં ભાડે રહે છે. આમાં તું શબ્દ કોઇ ભજનમાં આવતો નથી. આ ૨૧ મી સદી ભારતની સદી છે, ભા.જ.પ.ની સદી છે. અને ભારતીય જનતા પાર્ટીની સદી છે. આ ભારતીય જનતા પાર્ટીની આગેવાનીમાં ગુજરાતની સરકાર હોય કે ભારતની સરકાર હોય સંપૂર્ણ પ્રમાણિકતાથી, ભાઇચારાથી વહીવટ કરે છે, ત્યારે આવનારી ચૂંટણીઓમાં પણ આ રાજ્યની ચૂંટણી હોય કે રાષ્ટ્રની ચૂંટણી હોય આ તમામ પ્રજા ભાજપની પડખે રહેવાની છે. આજથી ૨૦૧૪ થી ૩૦ વર્ષ અગાઉ ૧૯૮૪ માં ચૂંટણીઓ થયેલી. કોંગ્રેસની ૪૧૫ બેઠકો હતી. આજે ૪૪ બેઠકો છે અને આવનાર ૨૦૧૭ ની ચૂંટણીમાં કેન્દ્રમાં ૪૪ બેઠકો છે એનાથી પણ અહીયા બેઠકો ઘટશે છે એ પણ આવનારા દિવસોમાં ચોક્કસ જોઇશું. હું બજેટની વાત કરું તો અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનાની શૈક્ષણિક યોજનાની વાત કરું તો ફ્રી–શીપ શિષ્યવૃત્તિ ભારત સરકારની પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ, સેલ્ફ ફાઇનાન્સ ફ્રી–શીપ કાર્ડ યોજના, પર્સન્ટાઇલ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આર્થિક સહાય, ગણવેશ સહાય એવા અનેક પ્રકારની સરકાર જ્યારે અનુસૂચિત જાતિ કલ્યાણ માટેના બજેટની જોગવાઇ લઇને આવી છે, ત્યારે હું ખરેખર સરકારને અને આપણા માનનીય નાણા મંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન સાથે વંદન પણ કરું છું. આ જે મારા વિચારો રજૂ કર્યા છે અને ઘણી વાર એવું પણ સાંભળીએ છીએ કે કેટલાક લોકોએ નવી કુર્તા, નવા પાયજામા, નવી બંડીઓ સીવડાવી લીધી છે. હમણા અખાત્રીજ આવવાની છે. લગ્નની સિઝન શરૂ થવાની છે. બીજા સ્વપ્ન જોશો નહીં. લગ્ન સિઝનમાં નવા કપડા સીવડાવીને જૂના કરી દેશો. દિવસે દિવસે આ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર અનુસૂચિત જાતિ હોય, અનુસૂચિત જન જાતિ હોય તમામનો વિકાસ થાય, તમામ આગળ આવે એ લાગણીથી જ્યારે કામ કરી રહી છે, ત્યારે હું આ બજેટ લાવ્યા છે તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ભાગલા પાડો અને રાજ કરો જે વાત કરવામાં આવે છે, ત્યારે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., જનરલ કેટેગરી વાળા કોંગ્રેસે કર્યા છે એમાંથી બહાર આવે અને સર્વે જ્ઞાતિ, સર્વે સમૂહ અને સર્વે જાતિને સાથે લઇને ચાલનારી ભારતીય જનતા પાર્ટીને આવનારા દિવસોમાં ખૂબ સારી સફળતા પ્રાપ્ત થવાની છે, એવો આજના દિવસે વિશ્વાસ વ્યક્ત કરું છું. કેટલા ય આપણા ગૃહના સભ્યોએ બાબા સાહેબ આંબેડકરની વાત કરી...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી જે ૨૦૧૭–૧૮ નું જે બજેટ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું.

અનુક્રમે ૨૦૦૭ અને ૨૦૧૨ માં ૧૫,૦૦૦ કરોડ અને ૪૦,૦૦૦ કરોડની જે વનબંધુના નામે જાહેરાતો થઇ અને છેલ્લાં ૨૦ વર્ષથી ચાલતી સરકાર છે, એને આજે આદિવાસી ગૌરવ યાત્રાનન નામે આદિવાસી વિસ્તારમાં એને પ્રચાર કરવાની જરૂર કેમ પડી? આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાની શી જરૂર પડી? અને એને શેનું ગૌરવ? *(×××) કયાં ગૌરવ છે આદિવાસીઓનું? અમને તો ગૌરવ બાબા સાહેબ આંબેડકરે અને માર્કસ અને ગાંધીના વિચારોએ ૧૯૫૦ માં જ્યારે બંધારણ ઘડ્યું ત્યારે આદિવાસીઓને સાચું, સન્માન અને સાચું ગૌરવ આપી દીધું હતું.

શ્રી ગણપતસિંહ વે.વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ એડવાઇઝરી કમિટિ બોલાવતા નથી તેવો માનનીય સભ્યશ્રીનો આક્ષેપ છે. આપણે દર વર્ષે રેગ્યુલર આ કમિટિ બોલાવાય છે. એટલે ખોટી બાબત રેકર્ડ પર ન રહે એટલે દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : આ બાબત આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી ગૌરવયાત્રાના રૂપાળા સાધુવેશમાં ભાજપ સાધુના વેશમાં આદિવાસી વિસ્તારમાં મતરૂપી સીતાનું હરણ કરવા પૂર્વ પટ્ટીમાં ઘૂમી રહ્યો છે પણ આદિવાસી પ્રજા અને આદિવાસી ભાઇઓ તે લક્ષ્મણ રેખા ઓળખી ગયા છે. કયારેય તે ઓળંગવાના નથી. ૯મીએ મારા મત વિસ્તારમાં ગૌરવયાત્રા આવી.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એકબાજુ પેસાની જાહેરાતો થાય, થર્મલ પાવર સ્ટેશન ઉકાઇ કે જયાંથી ચાર કિલોમિટરના અંતરે સોનગઢ ખાતે હજુ તો યાત્રા જાય છે ત્યાં જ થર્મલ પાવર સ્ટેશનના એક્સપાન્સન માટે ગોરડા, દુમદા જેવા ગામો એકવાર વિસ્થાપિત થયા છે તેમને ફરી વિસ્થાપિત કરવા માટે સી.આઇ.એસ.એફ.ના જવાનો સાથે સરકારી તંત્ર જાય છે અને જમીન સંપાદન માટેના પ્રયત્નો કરે છે. તેમની સાથે ઘર્ષણ થાય છે. પેસાની જાહેરાત કર્યા પછી તમે પેસાને કઇ દિશામાં લઇ જવા માગો છો. એકબાજુ વાતો થાય છે કે ગ્રામસભા જયાં સુધી ઠરાવ લખીને નહીં આપે ત્યાં સુધી કોઇપણ સરકાર કે કલેકટર જમીન સંપાદન કરવાના નથી. એકબાજુ સરકાર આદિવાસીઓને ભગાડવાની પ્રવૃત્તિ ચાલુ રાખે છે. તેવી જ રીતે આદિવાસીઓની સંવેદનાની વાત થાય છે. આપણે બે દિવસ પહેલાં પણ જોયું કે નર્મદા વિસ્થાપિતોના આદિવાસી ભાઇઓ, તેમાં કયાંક કોઇક ખોટા પણ હશે અને બહારથી પણ આવેલા હશે. પરંતુ જ્યારે આદિવાસી પોતાના ઝૂંપડા માટે, પોતાની જગ્યા માટે, પોતાની સિંચાઇની વ્યવસ્થા માટે માનનીય મુખ્યમંત્રી પાસે સમય માગે છે. તેમને સમય પણ આપણે ન આપી શકીએ તેવી સંવેદના આપણે આદિવાસીઓ માટે રાખીએ છીએ. તે આદિવાસી ભાઇઓ વિસ્થાપિત થાય છે તે આખા ગુજરાતમાં માથા પર ટોપલાં અને કમરમાં બે-બે છોકરાં લઇ શહેરોમાં ફરે છે તેમની દયા અને સંવેદના સરકારને હોય તો તેને પણ આશરો આપવો જોઇએ. ૧૯૩૫થી ઉચ્છલમાં પરચૂલી અને જામકી ગામે ૫૦ આદિવાસી પરિવારો જમીન ખેડે છે. દસ-બાર વર્ષથી તેમનું જમીન મહેસૂલ લે છે. તે લોકો અત્યાર સુધી જમીન મહેસૂલ ભરતા આવ્યા છે. ત્યાં નવા સબ સ્ટેશનો અને શિક્ષણના સંકુલો સ્થાપવા માટે તે લોકો વિસ્થાપિત કરવાના પ્રયત્નો થયા છે. આજે પણ સાગબારાના ખોપી ગામના ૩૪ આદિવાસી ભાઇઓની જંગલની જમીનના અધિકાર માટેની અરજીઓ કાઢી નાંખી છે તેના માટે તેઓએ ફરી અરજી કરી છે. આપણી પાસે ૧ લાખ ૯૦ હજાર દાવા હતા તેમાંથી માત્ર ૮૦ થી ૮૫ હજાર દાવાઓ આપણે મંજૂર કરી શક્યા છીએ. નાની નાની ક્વેરી કાઢીને તેના અધિકારોથી વંચિત રાખવાના પ્રયત્નો થાય છે. મારા મુરબ્બી વડીલ વિંછીયાભાઇ કહેતા હતા કે શિક્ષણનું સ્તર ઉંચુ આવ્યું છે. માનનીય મુખ્યમંત્રી અમારા બારડોલીમાં ઇસરોલી આવ્યા હતા. છઠ્ઠા ધોરણના છોકરાને વાંચતા આવડતું નથી. કોંગ્રેસની સરકારમાં માનનીય મંત્રીશ્રી ગણપતભાઇના ગામમાં આઇ.એ.એસ., આઇ.પી.એસ કેટલા બન્યા છે તે આ કોંગ્રેસની દેન છે. આજે સચિવાલયમાં જઇએ તો આદિવાસી ભાઇઓ અને આદિવાસી અધિકારીઓની નેઇમ પ્લેટ ઉતરી ગઇ છે. બધા નિવૃત્ત થઇ ગયા છે. એકપણ આદિવાસી સચિવાલયમાં રહેવાના નથી. આ સરકાર ઓરમાયુ વર્તન રાખીને આદિવાસીઓને અન્યાય કરવાના પ્રયત્ન કરી રહી છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વિકાસશીલ અને પ્રગતિશીલ ભારતની અંદર કૂદકે અને ભૂસકે શહેરીકરણ વધી રહ્યું છે. તે શહેરીકરણ વધવાના કારણે ઝૂંપડપટ્ટી અને જે લોકો મકાનોથી વંચિત છે તેમની મકાનની બાબત લઇને હું આ બજેટના સંદર્ભમાં વાત કરવા માટે ઉપસ્થિત થયો છું. આપણા આ પ્રગતિશીલ અને વિકાસશીલ ગુજરાત રાજયની અંદર ભારતભરમાં સૌથી વધુ શહેરીકરણ થયું છે. તે લોકોને મકાનો આપવા માટે અને તેને પહોંચી વળવા માટે સરકાર કટિબદ્ધ છે. મને ગૌરવ છે મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇના કાર્યથી કે, આ બજેટમાં એમણે સરકારી આવાસોનું જે પ્રાઉધાન કર્યું છે એ ગરીબો માટે, શોષિતો માટે, પીડિતો માટે, વંચિતો માટે સરકાર જે કરી શકે એ દિશામાં ખૂબ જ શ્રેષ્ઠ કદમ આગળ વધાર્યું છે. ભૂતકાળની સરકારમાં ફકત ગરીબો માટે મકાનોના ફોર્મ વહેંચાતા હતા જ્યારે આ સરકારમાં તો મકાનો આપવામાં આવી રહ્યા છે એનું મને ગૌરવ છે. માનનીય અધ્યક્ષશ્રી, બજેટના સંદર્ભે હું થોડા આંકડાઓ આપવા માગુ છું. ગુજરાત સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત જે મકાનો બનાવવામાં આવી રહ્યા છે તેમાં ૩.૮૨ લાખ જેટલા આવાસોનું આયોજન છે જે પૈકી ૧.૫૭ લાખ આવાસો પૂર્ણ કરી લાભાર્થીઓને ફાળવી દેવામાં આવ્યા છે, બાકીના ૨.૨૫ લાખ મકાનો એ પ્રગતિ હેઠળ છે. આ મકાનોની જે વાત છે એમાં EWS-1 અને EWS-2 માં EWS-1ની અંદર ૩૦ ચો.મી. સુધીના મકાનોનું પ્રાવધાન છે જ્યારે EWS-2 માં ૩૧ થી ૪૦ ચો.મી. સુધીના મકાનો આપવાનું પ્રાવધાન કરવામાં આવેલું છે. જુદી જુદી યોજનાઓ હેઠળ JNRUM યોજના હેઠળ ૧,૨૮,૫૧૫ મંજૂર આવાસો સાથે ગુજરાત ભારતભરમાં બીજા સ્થાને છે, પ્રધાન મંત્રી આવાસ યોજના PMAYહેઠળ ૧,૦૨,૮૫૩ મંજૂર આવાસો સાથે અમલીકરણમાં ગુજરાત રાજય પ્રથમ સ્થાને છે, પ્રધાન મંત્રી આવાસ યોજના CLSS કેન્દ્રીય ઘટકમાં ૮,૭૪૭ લાભાર્થીઓને સાંકળીને ગુજરાત રાજય દેશભરમાં પ્રથમ સ્થાને છે. અમદાવાદ શહેરની જ હું વાત કરું તો જે વિસ્તારમાંથી હું આવું છું ત્યાં અમદાવાદ શહેરમાં પણ ગરીબો માટે મકાનો બનાવવાનું જે પ્રાઉધાન કરવામાં આવ્યું છે તેમાં ૬૩,૮૨૬ મકાનોનું કુલ આયોજન કરવામાં આવ્યું છે એ પૈકી ૨૭,૯૮૦ આવાસો પૂર્ણ થયા છે અને ૨૬,૯૫૫ મકાનો પ્રગતિ હેઠળ છે. મારા પોતાના મત વિસ્તારની હું વાત કરું તો વેજલપુર વિસ્તારમાં સરકાર દ્વારા જે મકાનો બનાવવામાં આવ્યા છે જેમાં ઔડા દ્વારા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે મકાનો બનાવવામાં આવ્યા છે એની જો વાત કરું તો ESEWS પ્રકારના ૧૫૬ કરોડના ખર્ચે ૨૭૫૪ મકાનો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મારા મત વિસ્તારમાં બનાવવામાં આવ્યા છે. LIG પ્રકારના મકાનો ૧૧૦ કરોડના ખર્ચે ૯૬૨ મકાનો મારા મત વિસ્તારમાં બનાવવામાં આવ્યા છે. ઝૂંપડપટ્ટીના સ્થાને નવી યોજનામાં ૭૨૮ની કામગીરી ચાલુ છે. એજ પ્રમાણે ભૂતકાળમાં ઔડા દ્વારા મારા મત વિસ્તારમાં કૃષ્ણધામ-૧માં ૧૯૮૪ યુનિટ, કૃષ્ણધામ-૨ની અંદર ૧૭૨૮ યુનિટ, વ્રજનગરીમાં ૧૧૮૪ યુનિટ, વ્રજવિહારમાં ૩૫૨ યુનિટ, ગોપાલ આવાસ-૧માં ૪૧૬ યુનિટ, ગોપાલ આવાસ-૨માં ૪૦૮ યુનિટ, ગોકુલ આવાસ ૬૬૦ યુનિટ આ પ્રમાણે જોવા જઇએ તો મારા પોતાના મત વિસ્તારમાં અમદાવાદ શહેરમાં સૌથી મોટું જે શહેરીકરણ થયું છે એમાં સૌથી વધુ આવાસ અમદાવાદ શહેરમાં મારા મત વિસ્તારમાં બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત સરકારની જે એફોર્ડેબલ હાઉસીંગ યોજનાઓ છે એની કામગીરી પણ મોટા પાયે મારા મત વિસ્તારમાં અત્યારે

ચાલી રહી છે. એફોર્ડેબલ હાઉસીંગમાં જે લોકોની જરૂરિયાત છે એને પૂર્ણ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ખૂબ જ સારા પ્રયાસો થઇ રહ્યા છે અને એ પ્રયાસોના ભાગરૂપે એફોર્ડેબલ હાઉસીંગની પણ ખૂબ સારી કામગીરી આગળ વધી રહી છે. આ સિવાય શહેરી વિકાસમાં જે શહેરોમાં આવાસની જરૂરિયાત છે ત્યાં એફોર્ડેબલ હાઉસની જરૂરિયાત છે એને પરિપૂર્ણ કરવા માટે પ્રધાન મંત્રી આવાસ યોજના પણ કાર્યરત છે. જેની અંદર આપણે જોવા જઇએ તો આ આવાસ યોજનાની અંદર એક લાખ રૂપિયાની મર્યાદા પહેલાં હતી તે વધારીને ત્રણ લાખ રૂપિયા કરવામાં આવી છે અને ઇ.ડબલ્યુ.એસ. ટાઇપના મકાનો છે એની અંદર ૭.૫૦ લાખ રૂપિયાની પહેલાં માગણી હતી એની જગ્યાએ પાંચ લાખ રૂપિયા કરવામાં આવી છે અને વધારેમાં વધારે ગરીબો, મધ્યમવર્ગના પછાત લોકોને આ આવાસોના લાભ પ્રાપ્ત થઇ શકે એના માટે સરકાર કટિબદ્ધ છે. ફરીથી એકવાર મારા મત વિસ્તારની અંદર સરકાર દ્વારા જે કામ કરવામાં આવ્યું છે એ બદલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલને પણ હું ખૂબ ખૂબ અભિનંદન આપીશ. મારા મત વિસ્તારની પ્રજા વતી પણ હું ખૂબ આભાર વ્યક્ત કરું છું. જય હિન્દ, જયભારત.

શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહમાં સૌથી વધારે શિક્ષણ ઉપર વાત ચાલે છે, હું માનું છું કે અહીં બેઠેલા બધા લોકો ભા.જ.પ.ની સરકાર હતી એ પહેલાં સ્નાતક થયા હશે, એલએલ.બી. કર્યું હશે કે જે કંઇ કર્યું હશે તે, પણ એ બધા જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે ભણેલા છે. આજે પરિસ્થિતિ એ છે કે પ્રાથમિક શાળામાં એક ધોરણથી સાતમા ધોરણ સુધી તો પરીક્ષા જ લેવાતી નથી. એસ.સી. એસ.ટી. અને ઓ.બી.સી.નું બાળક જ્યારે દસમા ધોરણમાં આવે ત્યારે એને વાંચતા પણ બરાબર આવડતું ના હોય, એની સામે સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલમાં ભણતું બાળક હોય એની અને આ બાળકની રેસ હોય તો પેલો દસમા ધોરણની અંદર ફેઇલ થઇ જાય અને સામે પેલો સેલ્ફ ફાઇનાન્સ વાળો આગળ ચાલી જાય એટલે દલિત, આદિવાસી અને ઓ.બી.સી. આ ત્રણ જાતિના બાળકો તો પટાવાળા થવાને લાયક પણ ન રહે એવી પરિસ્થિતિ આ ભા.જ.પ.ની સરકારમાં ઉભી થઇ છે. હું મારા વિસ્તારની વાત કરું છું, મારા વિસ્તારમાં અત્યારે મારે આભાર માનવો પડે નીતિનભાઇનો કે એમણે અમારા વિસ્તારમાં ખૂબ જ કામ આપ્યા રોડ રસ્તાના, પરંતુ સાથે સાથે મારે કહેવું પડશે કે સૌથી વધારે ભ્રષ્ટાચાર કોઇ બાબતમાં ચાલ્યો હોય તો માનનીય નીતિનભાઇ સાહેબને જણાવું કે આપના વિભાગમાં ચાલ્યો છે, હું અહીંયા હાઉસમાં કહુ છું કે આપને જો ફુરસદ હોય તો આપણે બન્ને સાથે આપણા મત વિસ્તારમાં ફરીએ અને આપણે ત્યાં રોડ રસ્તાની જે કામગીરી થયેલ છે

શ્રી આત્મારામ મ.પરમાર : આ રીતે આક્ષેપ કરવો તે બરાબર નથી અને આ હાઉસના રેકર્ડ પર જાય તે ખોટું છે માટે આ શબ્દો રેકર્ડ પરથી દૂર થાય તે જરૂરી છે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : કયા આક્ષેપો કર્યા છે બોલોને? આક્ષેપ નથી કર્યો, બેસી જાઓ, ટાઇમ ના બગાડો, અરે હું એમને કહુ છું કે મારી સાથે ફરો તમે, હું એમને સાથે લઇ જવાનું કહુ છું. હું હાઉસના ફલોર ઉપરથી કહુ છું કે એમને ટાઇમ હોય તો મારી સાથે આવે અને હું એમને કામ બતાવું. મેં સંકલન સમિતિમાં વારંવાર પ્રશ્નો પુછેલા છે નીતિનભાઇ, આપના એન્જિનિયરોએ ખોટા ખોટા જવાબો આપેલા છે લેખિતમાં. હું બીજી વાત મૂકું છું મારા મત વિસ્તારની. અમારે ત્યાંની નગરપાલિકાએ એક બગીચો બનાવી દીધો છે. સરકારી મિલકતમાં નહિ, કોઇની પ્રાઇવેટ મિલકતમાં બગીચો બનાવી દીધો છે નીતિનભાઇ સાહેબ, આપના ધ્યાન પર મૂકું. સિનિયર સીટીઝન બગીચો, નગરપાલિકાએ બગીચો બનાવ્યો છે. એમાં જે ગ્રાન્ટ વપરાઇ છે એ અમારી ગરીબ, દલિત લોકોની જે ગ્રાન્ટ છે એ દલિત વિસ્તારમાં નથી વાપરતા ત્યાં ૧૦૦ ટકા ગ્રાન્ટ મારે મારી આપવી પડે અને તે રીતે દલિતોની ગ્રાન્ટ બગીચામાં વાપરી નાંખી છે. હું અમારા નીતિનભાઇના ધ્યાન પર આ વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ જયાં અધ્યક્ષ હતા તે નગરપાલિકાની વાત કરું છું અને તે નગરપાલિકાનો વહીવટ પણ સાવ ખાડે ગયો છે. અમારે ત્યાં જી.આઇ.ડી.સી. છે હું આપના ધ્યાન ઉપર મૂકું કે જી.આઇ.ડી.સી. ફેકટરીમાં જે કર્મચારીઓ છે કે જેઓ દસ-દસ વર્ષથી નોકરી કરતાં હોય અને તેઓ બે દિવસ, કે ત્રણ દિવસ ઘરે રજા મૂકયા વિના રહે કે બિમાર પડી જાય તો તેને ફેકટરીમાંથી તરત જ સસ્પેન્ડ કરી દેવામાં આવે છે અને તેને ફરીથી નોકરી ઉપર લેતાં નથી. ત્યાં આગળ સુપરવાઇઝરોમાં અને તેમાં અધર સ્ટેટના લોકોને લેવામાં આવે છે મજૂર તરીકે જ ત્યાં સ્થાનિક લોકોને લેતાં હોય છે અને સહેજ પણ વાંકમાં આવે એટલે તેને સીધો ઘરે કાઢી મૂકવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : રમેશભાઇ આપની પાસે એક મિનિટ છે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હવે હું આ જિલ્લા પંચાયતોની વાત કરું છું. અત્યારે જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો કોંગ્રેસની બની છે એ આ ભાજપની સરકારના ખરાબ વહીવટના કારણે આજે કોંગ્રેસને મતદારોએ ખૂબજ બહુમતિ આપીને જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોમાં મત આપીને સત્તામાં બેસાડયા છે. આજે અહીંયા સરકારમાંથી આ પંચાયતોને અગાઉ જે ફંડ, ભંડોળ અને ગ્રાન્ટ આપવામાં આવતી તે બધી ગ્રાન્ટોમાં મોટાભાગે કાપ મૂકી દેવામાં આવ્યો છે અને તેમની જે સત્તાઓ હતી તેની ઉપર પણ કાપ મૂકી દેવામાં આવ્યો છે એટલે આ એક ખરેખર સરકાર માટે ખૂબજ ખોટી બાબત છે. વાસ્તવમાં એ થયુ છે કે હવે ૨૦૧૭માં કદાચ આપણે નથી આવવવાના એટલે આ સત્તાઓ ધીરે ધીરે આપણે આ લોકો પાસેથી લઇ લઇએ.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ જે બજેટ લઇને આવ્યાં છે તેમાં મારું સમર્થન આપવા માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની પ્રજા ધાર્મિક શ્રદ્ધાનું મહત્વ ધરાવે છે ત્યારે અમારા કચ્છની અંદર દાદા મેકણ છે. તે પણ એક મોટી જાગીર છે અને તેણે કહ્યું છે કે, "જીયો તો ઝેર મથ્થો, થીયો સકર જા શેણ, મરી પા રેંદાસી તો રોંદા ભલે જા વેણ " સારું કામ કરીને, સારો વિચાર કરીને આ દેશની અંદર, આ રાજયની અંદર આપણે વિકાસ કરીએ તેવું દાદા મેકણે કહ્યું છે. આપણે કોઇ પણ મંદિરમાં જયારે દર્શન કરવા જઇએ છીએ કોઇ પ્રસંગ હોય, ચૂંટણી હોય ત્યારે આપણે કંઇક શ્રદ્ધા રાખીએ છીએ કે હે દેવી, હે ભગવાન, હે શિવજી હું તારી પાસે આવ્યો છું અને મને આ ચૂંટણીમાં આ મારી માનતા છે, આ શ્રદ્ધા છે જે તું પૂરી કરજે. આ કોંગ્રેસના લોકોએ શું કર્યુ ? કોઇ પણ દેવી દેવસ્થાન ઉપર ગયા એના ઉપર શ્રદ્ધાના આશીર્વાદ માંગ્યા પણ તેને કંઇ આપ્યું નહીં એટલે વીસ વર્ષથી કહે છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કારણ કે દેવસ્થાન અને યાત્રાધામની અંદર આ ભારતીય જનતા પાર્ટીએ કેટલો વિકાસ કર્યો છે કરોડો રૂપિયાનો વિકાસ કર્યો છે અને કરોડોની ગ્રાન્ટ આપીને આ મંદિરો અને દેવસ્થાનોનો વિકાસ કર્યો છે એટલે વીસ વર્ષથી, આ આશીર્વાદથી આ ભારતીય જનતા પાર્ટી રાજયમાં રાજ કરી રહી છે. આપણાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ અંબાજી ઉપર તેની શ્રદ્ધા કે આ રાજયના વિકાસ માટે નવ નવ દિવસ નકોરડા ઉપવાસ કરે અને ચૂંટણી હોય, કે કોઇ સભા હોય તો પણ તે ચાલુ જ રાખે, મહેનત મજૂરી કરે આ માતાજીની ઉપર શ્રદ્ધા રાખીને તે ચાલ્યા અને તેઓ આજે માતાજીના આશીર્વાદથી આ દેશના વડાપ્રધાન બન્યાં છે. આ રાજય સરકારમાં શ્રવણતીર્થ દર્શન યોજના રાજય સરકારે હમણાં આ જ બજેટમાં મૂકી છે કે વૃદ્ધ હોય, અશકત હોય, ગરીબ હોય તેને જો કદાચ ચારધામ યાત્રાનો પ્રવાસ કરવો હોય, તેના દર્શન કરવા હોય તો કેવી રીતે જાય ? તો રાજય સરકારે કોઇપણ બસનું ભાડું હોય અને જે બસનું ભાડું થાય, જમવાનું ખર્ચ થાય તેના ૫૦ ટકા રાજય સરકાર ભોગવશે. એના માટે ચાર કરોડની આ બજેટમાં જોગવાઇ રાખી છે. સંત નગરી એ ઐતિહાસિક જીવનનો માર્ગ છે. આ રાજ્ય સરકારે સંતોની નગરી માટે પણ સાબરકાંઠાના વડાલી તાલુકાના મોર ડેમ પાસે ૧૭૨ હેક્ટર જમીનમાં ૨૨ કરોડ જેવી માતબર રકમની ફાળવણી કરી છે. ગુજરાતમાં આવેલ સમગ્ર વિશ્વ અને ભારતના વિખ્યાત અને આસ્થાનું સ્થાન ધરાવતા દેવસ્થાન જેવા કે, અંબાજી, ચાર ધામ પૈકીનું એક દ્વારકા, પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ, ડાકોર, ગિરનાર, પાલિતાણા, શામળાજી, પાવાગઢ એવી સંત નગરીઓના વિકાસ માટે આ રાજ્ય સરકારે એક પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ કાર્યરત કર્યું છે. કારણ કે, આ દેવી–દેવતાઓની આપણે સારી રીતે સંભાળ રાખીએ તો એ આપણી સંભાળ રાખે એના માટે આ બોર્ડ બનાવ્યું છે. શામળાજી, બહુચરાજી, ઉનાવ તેમજ રૂપાલ જેવા મોટા દેવસ્થાનોમાં વિકાસની કામગીરી કરવા માટે રાજ્ય સરકારે આ બજેટની અંદર ખૂબ જ મોટું યોગદાન આપ્યું છે. અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠનું નિર્માણ કર્યુ. કોઇએ અંબાજી તરફ જોયું નહિ હોય જ્યારે આ સરકારે ૫૧ શક્તિપીઠનું નિર્માણ કર્યા પછી પરિક્રમા તથા ગબ્બર વિસ્તૃતીકરણ, સોલાર લાઇટ, શૌચાલય, એમ્યુઝમેન્ટ પાર્ક, પ્રદર્શન માટે ડીઝીટલ મુવી શૉ વગેરે માટે રૂ.૨૫૯.૨૫ કરોડની જોગવાઇ આ રાજ્ય સરકારે કરેલ છે. સોમનાથ મંદિર ખાતે પરિસર વિકાસ, ત્રિવેણી સંગમ અને હરિહર વન વગેરે માટે રૂ.૩૮.૮૮ કરોડના કામો કરવામાં આવેલ છે. સોમનાથ સાયન્સ શૉ માટે, ભાલકાતીર્થ માટે આ સરકારે ૩૦ કરોડની રકમની જોગવાઇ કરેલ છે. સોમનાથ વિકાસ માટે ૨૬૨ કરોડનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ભારત સરકારના આયોજન માટે મૂકવામાં આવેલ છે. આ જ રીતે ગોમતીઘાટની ૫૬ દુકાનો સાથેનો વિશાળ શોપિંગ કોમ્પલેક્ષ, વિશાળ પાર્કીંગ, ટોયલેટ, ગાર્ડન, બાળકોને રમવા માટેના સાધન માટે ૧૯.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. ડાકોર ખાતે મુંડન એરીયા, વિકાસ ઘાટ ઉપર ટોયલેટ બ્લોકનું રીનોવેશન, સ્નાન ઘાટનું રીનોવેશન, ઇલેક્ટ્રીક રૂમ વગેરે માટે ૧૩.૯૨ લાખનો ખર્ચ કરેલ છે. યાત્રા તીર્થ માટે પગપાળા વિહાર કરતા સંતો, મુનિવરો તેમજ પદયાત્રીઓ માટે પગદંડી બનાવવાના આયોજન માટે આ બજેટમાં જોગવાઇ કરેલ છે. જુનાગઢ એ આપણું મોટું આસ્થાનું સ્થાન છે. આ જુનાગઢમાં રોપ–વે લગાવવા માટેનું કામ વર્ષોથી કેન્દ્ર સરકાર પાસે વન વિભાગમાં એન.ઓ.સી. બાકી હતું. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન તરીકે ગયા એટલે વન પર્યાવરણની મંજૂરી આપી અને આ રોપ–વે તાત્કાલિક જુનાગઢ ઉપર લગાવવામાં આવશે અને જુનાગઢ દેશનું નામ રોશન કરશે. રાજ્યના દલિત સમાજમાં ગુરૂ ગાદીઓ છે આ ગાદીઓના વિકાસ માટે પણ આ સરકારે વિવિધ યોજના શરૂ કરી છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત (ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને રાજ્યના નાણામંત્રીશ્રી ૨૦૧૭–૧૮નું બજેટ લઇને આવ્યા છે એ બજેટમાં મારા વિચારો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને

આજે મને કહેતા આનંદ થાય છે કે, જ્યારથી હું આ ગૃહનો સભ્ય બન્યો ત્યારથી મેં ક્યારેય ''આદિવાસી, આદિવાસી'' એવો શબ્દ સાંભળ્યો નથી. આજે આખું ગૃહ આદિવાસી, આદિવાસી, આદિવાસી એવા વિચાર સાથે સામેલ છે. પાંચ વર્ષ દરમિયાન તો માત્રને માત્ર ક્યાંક વનવાસી, ક્યાંક વનબંધુના નામે આદિવાસીઓની ઘોરખોદી હતી અને માત્રને માત્ર ૨૦૧૭ની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે આદિવાસી યાદ આવ્યા છે અને માટે આદિવાસી ગૌરવ યાત્રા લઇને આ સરકાર નીકળી પડી છે. આદિવાસી ગૌરવ યાત્રા કંઇ ખોટી નથી. વિકાસ કરવો હોય એનો ગૌરવ માનવો જોઇએ પણ આદિવાસી ગૌરવ યાત્રાનું પુનાથી પ્રસ્થાન થયું અને ત્યારે જે બોર્ડ અને બેનરો લગાડ્યા હતા એમાં કદાચ અમારા આદિવાસી નેતા એક માત્ર ગણપણભાઇ વસાવા સાહેબનો ફોટો આપ્યો હોત તો અમને આનંદ થાત કે અમારા નેતાનો એમાં સમાવેશ થયેલો છે.

એમાં આદિવાસીનું નામોનિશાન ભૂલાવી દીધું હતું. અમે પોતે ટ્વીટર પર ટ્વીટ કર્યું અને ત્યાર પછી વ્યારાથી જે આદિવાસી વિકાસ યાત્રાનું વાહન હતું એમાં એમનો ફોટો સામેલ કરવો પડ્યો. આ છે આ સરકાર. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી એટલે શું? આદિવાસી એટલે આદિકાળથી આદિ માનવમાંથી વિકસીત થતાં થતાં આજે વિકાસને સર કરતો કરતો આદિવાસી માનવી. આદિવાસી એટલે માત્રને માત્ર આદિવાસી નહીં. માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવામાં આવે છે કે, ઇંટકા જવાબ પથ્થર સે દૂંગા, પણ આદિવાસી એ ઇંટકા જવાબ પથ્થરસે નહીં, આદિવાસી એ લોખંડથી પથ્થરને ટકરાવીને ચિનગારી ઉત્પન્ન કરીને એના ઉપર પોતાનું રસોડું જલાવીને અહીયાં સુધી આવ્યા છે, એ આદિવાસીઓ છે. આજદિન સુધી કદાચ કોઇએ સાંભળ્યું નહીં હોય કે આદિવાસી વિસ્તારમાં ક્યાંક બેટીને દૂધ પીતી કરી હશે. આદિવાસી વિસ્તારોમાં ક્યાંક સતી થવાની પ્રથાનો અમલ થયો હશે. ભલે, અમે આદિવાસી રહ્યા, ભલે અમે બીજી ઉચ્ચ જાતિઓ કરતાં નીચા રહ્યા, અમે ઓછા શિક્ષિત રહ્યા પણ આ આદિવાસીઓના માબાપને ક્યારેય પણ વૃધ્ધાશ્રમમાં મૂક્યા નથી એ છે આદિવાસીનું ગૌરવ.

માનનીય અધ્યક્ષશ્રી, અમે અહીં સાંભળ્યું અને અમારા આદિવાસી મંત્રીશ્રીએ જવાબ પણ આપ્યો કે, નિરંતર આદિવાસી કાઉન્સીલની મિટિંગો બોલાવવામાં આવે છે. સાંભળો, હું પણ આ સભાગૃહના સભ્યશ્રીના નાતે એ કાઉન્સીલનો સભ્ય છું. આ ગૃહના તત્કાલિન મુખ્ય મંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા એમના સમય દરમિયાન ફક્ત એક વખત આદિવાસી કાઉન્સીલની મિટિંગ બોલાલવામાં આવી હતી. ત્યાર પછી માનનીય શ્રીમતી આનંદીબહેન મુખ્ય મંત્રી તરીકે રહ્યા ત્યારે એક વખત આદિવાસી કાઉન્સીલની મિટિંગ બોલાવવામાં આવી હતી. આદિવાસીઓની ચિંતા હોય તો આમાં નિયમ છે કે દર ત્રણ મહિને આદિવાસી કાઉન્સીલની મિટિંગ બોલાવવી જોઇએ તેમ છતાં આજે પાંચ વર્ષ પૂરાં થવા આવ્યાં તો પણ બે વખત આદિવાસી કાઉન્સીલની મિટિંગ બોલાવવામાં આવી છે તો શું આદિવાસીઓના વિચારોની ચર્ચા થાય? શું વિશ્લેષણ થાય? આ કરવા માટે આ ભાજપની સરકાર બેઠી છે.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, શરીર માટે જે રીતે તંદૂરસ્તી મહત્વની છે. એ જ રીતે રાજયની સમૃદ્ધિ માટે, સ્વસ્થતા માટે રાજયની નાણાકીય તંદૂરસ્તી એટલી જ મહત્વની છે. મને જણાવતા આનંદ થાય છે કે માનનીય નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરેલ બજેટ રાજયની સુદ્રઢ નાણાકીય તંદૂરસ્તી છતી કરતું આ બજેટ છે. વર્ષ ૨૦૧૬-૧૭ના ગત વર્ષના અંદાજ કરતા પણ ૨૦,૩૨૭.૩૧ કરોડ રૂપિયા વધુ એટલે ગત વર્ષ કરતા વધારે. એટલે આના ઉપરથી અંદાજ આવે છે કે એક તંદૂરસ્ત ગવર્નમેન્ટ, તંદૂરસ્ત રાજય તેના કારણે જ ફલિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં શહેરોને સ્વચ્છ બનાવવાની વાત છે. ગામડાંને સમૃદ્ધ બનાવવાની વાત, આદિવાસી વિસ્તાર હોય, દરિયાઇ પટ્ટીના વિસ્તાર હોય, ખેડૂત, વિદ્યાર્થી, શ્રમજીવી હોય, સાહસિકો હોય, મહિલાઓ હોય, સમાજજીવનના તમામ અંગોને કોઇને કોઇ રીતે તેના વિકાસ માટે સ્પશર્તું આ બજેટ માનનીય નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ લઇને આવ્યા છે. માનનીય વિજયભાઇ રૂપાણીની આગેવાનીવાળું આ બજેટ અભિનંદનને પાત્ર છે. ગુજરાતની પ્રગતિને નવી દિશા આપવાવાળું બજેટ છે એટલા માટે તેને આવકારું છું અને અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડીમોનીટાઇઝેશનના કેટલાક તબક્કાની અંદર એક નવો વર્ડઝ આવ્યો એ બન્યો ડીમોનીટાઇઝ નામનો વર્ડઝ. દુનિયાભરની અંદર આર્થિક જગતના વિદ્વાનોએ આ પગલાંને ભારત માટે સોનેરી સવાર ઉઘાડનાર પગલાં તરીકે લીધું. દા.ત. વર્લ્ડ બેંકના સી.ઇ.ઓ. ક્રિષ્ના લિનાનીએ કહ્યું '' Demonetization may have caused some hardships to the people living in cash economy. But in the long run the move will help to become a clean digital economy. What India has done should be studied by other countries. '' એટલે દુનિયાએ પણ આ પરથી એક અભ્યાસ કરવો પડે એવી આ ઘટના હિંદુસ્તાનના આવનારા સમયના ઉજ્જ્વળ ભવિષ્ય માટેની વર્લ્ડ બેંકના આટલા મોટા વ્યક્તિએ કહી અને એવા જ પરિપ્રેક્ષ્યમાં ગુજરાતનું બજેટ આવ્યું હોય ત્યારે બન્ને બાબતોનું ધ્યાન રાખ્યું છે. કોમ્પ્યુટરમાં જેમ હાર્ડવેર અને સોફ્ટવેર બન્ને હોય છે, એ જ પ્રમાણે આપણાં બજેટમાં પણ ઇન્ફ્રાસ્ટ્રકચર છે હાર્ડવેર છે અને હ્યુમન રિસોર્સ એ સોફ્ટવેર છે. એટલે ડેવલપ કરવા માટે આ બન્ને બાબતોને આવરી લેવામાં આવી છે. શિક્ષણમાં જે પ્રમાણે માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે તેના ઉપરથી લાગે છે કે હ્યુમનપાર્ટ જે કહેવાય તેને એક આગવી પદ્ધતિ પ્રમાણે આગળ લીધું છે. એટલે ડેવલપમેન્ટ કરવું હોય તો વિજયભાઇ રૂપાણીના નેતૃત્વવાળી આ રાજય સરકારે શિક્ષણ માટે સૌથી વધારે ભાર મૂકવો પડે અને સૌથી વધારે ભાર શિક્ષણમાં મુકયો. ૨૫,૦૦૦ કરોડ જેટલી શિક્ષણમાં વ્યવસ્થા કરી. ૮૮૦૦ કરોડની જોગવાઇ આરોગ્યમાં, કૃષિમાં ૬૪૦૦ કરોડ એ જ પ્રમાણે શ્રમ અને રોજગારમાં ૧૬૫૦ કરોડ. આમ અલગ અલગ સેકટરમાં જોઇએ તો શહેરી વિકાસમાં ૧૧,૫૦૦ કરોડની જોગવાઇ, આદિજાતિ માટે ૧૨,૫૬૦ કરોડની જોગવાઇ, એ જ પ્રમાણે સામાજીક ન્યાય માટે ૨૮૫૭ કરોડની જોગવાઇ અને સાયન્સ એન્ડ ટેકનોલોજી જેવા નવા ઉઘડતા એટલે આર. એન્ડ ડી. પણ થઇ શકે અને આવનારું ભવિષ્ય જેના આધાર ઉપર અવલંબે છે તેવા સાયન્સ એન્ડ ટેકનોલોજી માટે ૪૫૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. કોઇએ પણ આ બજેટને વખાણવું જ પડે તેવું તેમાં રહેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જે સૌથી સારું લાગ્યું છે એ બાબત જોઇએ તો ડ્રીપ ઈરીગેશન માટેની છે. તેના માટે ૩૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજયનો કુલ વિસ્તાર છે તેમાંથી ૧૪ ટકા જેટલા વિસ્તારમાં ડ્રીપ અને સ્પ્રીંકલર વડે ઈરીગેશન થઇ રહ્યું છે. એટલે રાજ્યની અંદર પાણીનો જથ્થો અવેઇલેબલ છે. એ પાણીનું સપ્રમાણ વિતરણ થાય તો આવનારા

સમયમાં પાણીની જે ક્રાઇસીસ થવાની છે એની સામે ગુજરાતને બચાવવા માટે અને એગ્રીકલ્ચર ગ્રોથ ઇઝ રીયલ ગ્રોથ આ રીયલ ગ્રોથમાં હજુ વધારે આગળ લઇ જવા માટે એક ઉદાહરણરૂપ કામ થશે. ૭૦ ટકા જેટલી જોગવાઇ સામાન્ય ખેડૂત માટે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના ખેડૂત હોય તો એના માટે ૮૦ ટકા કરતાં વધારે સબસિડી માટે જોગવાઇ આ બજેટમાં કરી છે. આ બધી જોગવાઇ સ્પ્રિંકલર અને ખેતીના કામ માટે રાખીને ગુજરાતની કૃષિને આવનારા દિવસોમાં નવી દિશા મળશે. બીજું કામ સાથે સાથે એ પણ કરવામાં આવ્યું છે કે ખેતી ઉપર જે ધિરાણ આપવામાં આવે છે એ ધિરાણ ઉપર ૧૪–૧૪ ટકા જેટલું વ્યાજ હતું અને દર વખતે છેલ્લા દસ–પંદર વર્ષથી ઘટાડતા ઘટાડતા રાજ્ય સરકારે પોતે એની અંદર મદદ કરીને આ વખતે ખેતીના પાક માટે ધિરાણ લેવા માટે એક ટકા વ્યાજના દરે કૃષિ ધિરાણ આપવાનો ઐતિહાસિક નિર્ણય ગુજરાતના ખેડૂતો માટે કર્યો છે એ એક ઐતિહાસિક ઘટના છે. ખેડૂત પોતે ધિરાણ લે તો ચૌદ ટકા પંદર–પંદર ટકાના દરે મળતું હતું. એને સરકાર કંઇક આપે આવા વ્યાજમાં ઘટાડો થઇ શકે, અગાઉ આવો કોઇ વિચાર આવ્યો ન હતો અને આવો કોઇ વિચાર થતો નહોતો. કૃષિ માટે પણ એક નવું બળ આપનારું આ બજેટ સાબિત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર યોજનાની વાત આવે ત્યારે કોઇપણ સામાન્ય માણસને એના ઉપરથી આશા ઉઠી ગઇ હતી. અનેક લોકો કહેતા અમારા જીવતે જીવ નર્મદા આવશે કે કેમ? અમારી ધરતી ઉપર આવશે કે કેમ? ૫૦–૬૦ વર્ષથી નર્મદા યોજનાનું જ્યારથી ખાતમુહૂર્ત થયું ત્યારથી કાગડોળે રાહ જોતા અનેક લોકો સ્વર્ગે સિધાવી ગયા. અમારે જીવતે જીવ નર્મદાનું પાણી ક્યાંથી પહોંચશે, એ કચ્છ હોય, સૌરાષ્ટ્રનો વિસ્તાર હોય, ઉત્તર ગુજરાતનો વિસ્તાર હોય. લોકો રાહ જોઇને બેઠા હતા. કાગડોળે રાહ જોતા હતા. નર્મદાની વાત આવે ત્યારે એવી વાત થાય કે મેઘા પાટકર અને બાકીના બધા એની અંદર અડચણ કરે છે અને નર્મદા જાણે ચૂંટણી માટેનો મુદ્દો બની ગયો હતો. નર્મદાની વાત કરે એટલે જાણે ચૂંટણી આવી હોય અને ચૂંટણી પૂરી થાય એટલે આખો વિષય પૂરો થયો. હું રાજનીતિમાં પહેલી વખત આવ્યો ત્યારે એવું બોર્ડ મૂકેલું– '' નર્મદાનું પાણી બાપુ લાવશે તાણી'' આ પ્રમાણેનું બાપુ સ્લોગન ત્યાં બા ઇલેક્શન વખતે મૂકાયેલું. આ ચૂંટણી માટેનો મુદ્દો– જીતી જાય એટલે પૂરું થયું. પછી નર્મદા હતી ત્યાંને ત્યાં. નર્મદાની કોઇ વ્યવસ્થા ન હોય. ન એના માટે કોઇ કેનાલની વ્યવસ્થા થાય, ન ડેમની વ્યવસ્થા થાય. નર્મદાની રાહ લોકો જોયા કરે. હું ગૌરવ સાથે કહી શકું કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે છેક કેવડિયા કોલોનીથી લઇને રાજસ્થાનની બોર્ડર સુધી, કચ્છ સુધી નર્મદાની નહેરોના કામ, મેઇન કેનાલના કામ પૂરા કરવાનું કામ આ દસ વર્ષની અંદર કર્યું અને એની અંદર આ જાહેર સ્ટેજ ઉપર કહેવા માગું છું. આમાંથી જો કોઇએ કોંગ્રેસના સમયની અંદર એક પાવડો ભરીને માટી અંદરથી ઉપાડી હોય તો બતાવો. છેક મેઇન કેનાલનું કામ વડોદરાથી માંડીને છેક રાજસ્થાન સુધી અને કચ્છ સુધીનું કામ પૂરું કર્યું. કેટલીય નદીઓ, કેટલીય વ્યવસ્થા. માનનીય શ્રી ગોવાભાઇ, મારે એટલા માટે કહેવું પડે કે વિકાસ થતો હોય ત્યારે આપણે એવી વાત કદાચ કરી શકીએ, એવી વાત ચોક્કસ કહી શકાય કે આટલી આટલી ત્રૂટી રહી ગઇ. પરંતુ આ પક્ષે નથી કર્યું. અમે કર્યું છે તો પ્રજા એના માટે અલગ પ્રકારે વિચારતી હોય છે. નેતાજીઓ, પ્રજા આપણા માટે શું વિચારે છે એની વાત કરું છું! તમે અહીંયાં આવતા હોય ત્યારે લોકશાહીની અંદર વિરોધપક્ષની એક મોટી ભૂમિકા હોય છે. અમારા માટે તમે અહીંયાં અવાજ ઉઠાવશો, શ્રી નટવરસિંહભાઇ, અમારા માટે આપ અવાજ ઉઠાવશો એવું આપના વિસ્તારની પ્રજા ઇચ્છે છે. પરંતુ તમે અહીં આવીને ભારતીય જનતા પાર્ટીને ગાળો બોલવાનું કામ કરો છો. એટલે પ્રજા ત્યાં એ પણ વિચારતી હોય છે. પ્રજા શું બોલે છે '' જો જો રે મોટાના બોલ, ઉજ્જડ ખેડે વાગ્યું ઢોલ, અંધ અંધ અંધારે મળ્યા, જેમ તલમાં કોદરા ભળ્યા, ન થાય ઘેંસ કે ન થાય ધાણી કહે અખો આ વાત અમે જાણી.'' બાપુ, આપણી આવી જ સ્થિતિ થાય છે. એટલા માટે આપને મારી વિનંતી હતી કે અહીંયાં આવ્યા પછી આપ પ્રજાનો અવાજ ઉઠાવશે. આપ બેઠા બેઠા બોલશો તો મારા મનમાંથી આવું આવશે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) હવે લોકોને ભૂલ સમજાણી છે એટલે આમાંથી પણ સંખ્યા ઘટશે. અહીં આગળ બજેટની અંદર જે પ્રમાણેની જોગવાઇ કરવામાં આવી છે. ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૧૭૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી એ વધારીને ૨૦૧૭–૧૮ની અંદર માનનીય નીતિનભાઇ પટેલે આ વખતે ૧ લાખ ૭૨ હજાર કરોડની કરી એટલે કેટલી મોટી રકમ થઇ અને ઘણી વખત વિરોધ પક્ષના કેટલાક મિત્રો એમાં ક્રીટીસાઇઝ કરતા હોય છે કે તમે આ ન કર્યુ અને તમે આ ન કર્યુ. મારે ફીગર આપવા છે. ૧ લાખ ૭૨ હજાર કરોડનું આ બજેટ માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે. હું બેઠો બેઠો વિચાર કરતો હતો કે આ વીસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે અને ક્રીટીસાઇઝ કરે છે ત્યારે મારે આ ફીગર આપવા છે. ૧૯૯૦ના વર્ષની અંદર બજેટ કેટલું હતું? આ બજેટ બતાવે છે કે પ્રજા માટે તમે કેટલા પૈસા વાપરતા હતા. ટોટલ પૈસા જે વાપરતા હતા એ બજેટની જોગવાઇ ૪૨૧૫ કરોડ રૂપિયા. આ વખતે ૧, ૭૨,૧૭૯ કરોડ આના ઉપરથી અંદાજ આવશે હું આકડા બોલું છું અને જાહેર સ્ટેજ ઉપરથી હું બોલુ છું, આદિવાસી ભાઇઓ અને પ્રજાના વિકાસ માટેની યોજનાની વાત કરે પણ યોજનામાં શું હોય? ૫૦૦ રૂપિયાની મુર્ગી આપવાની. ૫૦૦ રૂપિયાની મુર્ગી આપીને આદિવાસીઓનું ઉત્થાન કઇ રીતે કરી શકાય? એને જોઇએ પાણીની વ્યવસ્થા, એને જોઇએ આવાસની વ્યવસ્થા, એને જોઇએ શિક્ષણની વ્યવસ્થા, એને જોઇએ આરોગ્યની વ્યવસ્થા પણ આવી ચિંતા નહીં કરવાની બસ એક મુર્ગી. અને મુર્ગી આપવી હોય તો એના ઉદઘાટનમાં ગયેલાના છાપાની અંદર કટીંગ એ વખતે આવ્યા હોય કે આને ૫ મુર્ગી આપી હતી તો એ વખતના કોઇ માનનીય નેતાજી ઉદઘાટનમાં ગયા અને ઉદઘાટનમાં શું થયું હોય એ તો સમજી શકાય એમ છે. બીજું મારે એ પણ બાબત વિધાનસભાની અંદર જણાવવી છે કે વિકાસ માટેની શરૂઆત જો થઇ હોય, ડબલ આકડાની બજેટની અંદર જો જોગવાઇ થઇ હોય તો ૧૯૯૫–૯૬ના વર્ષથી શરૂઆત થઇ. ૪હજાર કરોડમાંથી વધારીને ભારતીય જનતા પાર્ટીની સરકાર પહેલી વખત

આવી અને ૧૯૯૫ના વર્ષમાં ૧૧,૧૦૮ કરોડની જોગવાઇ પહેલી વખત થઇ એટલે બે આકડામાં આવવાનું કામ પ્રથમ વખત ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી થયું. આવાસની વાત, માનનીય શૈલેષભાઇ હોશિયાર ધારાસભ્યશ્રી છે, પ્રજા માટે એ સતત પ્રશ્ન ઉઠાવતા રહેતા હોય છે પરંતુ એક વાતની જાણકારી આપવી છે, ઘરના ઘરની પણ વાત કરી હતી, ૫૦–૬૦ વર્ષ સુધી શાસન કર્યુ, ઘરનું ઘર શું ગરીબોને આપવા માટેની આપણી જવાબદારી નહોતી? અને આપવાનું થાય તો કેવી યોજના હતી? હું ૧૯૯૮માં પહેલી વખત ધારાસભ્ય બન્યો ત્યારે પહેલી વખત સુધારો કરીને મકાન માટે કહ્યું કે ગામડાંની અંદર મળતા મકાન માટે કંઇક વધારો કરો તો કેટલો વધારો કર્યો? ૧૪ હજારમાંથી ૧૮ હજાર રૂપિયા કર્યા. એક મકાન માટે ૧૮ હજાર રૂપિયા, હું એ વખતે વિચારતો હતો કે ૧૪ હજાર રૂપિયાની અંદર મકાન કઇ રીતે બનતું હશે એ સમજાવે? ૧૪ હજાર રૂપિયામાં આવાસ કઇ રીતે મળે? એમાંથી ઉપરના પતરા લાવવા, સિમેન્ટ લાવવી, ઇંટ લાવવી અને એકેએક તાલુકાની અંદર માત્રને માત્ર ૧૦–૧૫ મકાનોની ત્યાં આગળ જોગવાઇ હોય. ત્યાં ટી.ડી.ઓ. વાત કરે ૧૫ નો કોટા હતો પૂરો થઇ ગયો. ૨–૫ મકાન જો કોઇ સરપંચ લઇ ગયો હોય તો એ ચૂંટણી માટેનો એજન્ડા બનતો કે ૧૫ જેટલા આવાસો આપ્યા. આજે ગૌરવ સાથે કહી શકાય નટવરસિંહભાઇ સત્ય કડવું ચોકકસ હોય છે પરંતુ સત્ય સ્વીકારવું જ પડે. ભાષણ માટે તમારે જે ગમે તે કહેવું હોય એ કહી શકો પરંતુ આ સત્યને તમારે સ્વીકાર્યા વગર છૂટકો જ નથી. આ સત્ય છે આ વાસ્તવિકતા છે. આજે ૧૪ હજાર રૂપિયાની રકમ વધારીને આવાસ માટે ૧ લાખ ૨૦ હજાર રૂપિયા ગામડાંના ગરીબોને આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ. આ વર્ષોમાં જે ૫ કે ૧૦ આપતા હતા એના બદલે વિપુલ પ્રમાણમાં શહેરી વિસ્તારમાં ૪ લાખ કરતા વધારે ગરીબ વ્યક્તિઓને સબસિડી તરીકે, વ્યાજ રિબેટ તરીકે આપવાની વાત હોય અને ૫ લાખથી વધારે મકાનો શહેરી વિસ્તારમાં કરી બતાવ્યા છે. આવતા વર્ષોમાં નવું આયોજન કરવા જઇ રહ્યા છીએ. ૫૦ વર્ષના આંકડા તમે બતાવો. શા માટે ગામડાંમાંથી લોકો માઇગ્રેટ થઇને શહેરમાં આવ્યા? ગામડાંમાં વીજળી, મકાન, શિક્ષણની વ્યવસ્થા ન હોવાથી ગામડાંમાંથી દોડતા દોડતા રોજગારી માટે શહેરમાં આવે અને એના કારણે શહેરોમાં ઝુંપડપટ્ટીઓ વધતી ગઇ. ૫૦ વર્ષ સુધી ન એના આવાસની વ્યવસ્થા, ન એના પાણીની વ્યવસ્થા, ન એના શિક્ષણની વ્યવસ્થા, બેરોજગારોની ફોજ ત્યાં વધતી જાય અને ધીમે ધીમે ત્યાં ઝુંપડપટ્ટીનો વિસ્તાર વધતો ગયો. શહેરોમાં પણ કોઇ સુવિધા ન હોય એટલે માણસને ક્યાં જવું? ગામડું છોડી અને શહેરમાં આવ્યો પણ શહેરમાં પણ વ્યવસ્થા ન થાય તો માનવી કરે શું? આના માટેનો કોઇ દિવસ વિચાર કરવો જોઇતો હતો એ ન કરી શક્યા. આ સરકારે એનો કાયમી ઉકેલ કરવા માટેની વ્યવસ્થા હાથ ઉપર લીધી છે. રોજગારી આપવાની બાબતમાં પણ પહેલા રોજગારી આપવી એ જાણે સરકારનું કામ જ ન હતું. આ વર્ડ જાણે પાછળથી આવ્યો. સરકારી નોકરી સિવાય બાકી કોઇ વ્યવસ્થા જ ન હોય અને સરકારી નોકરીમાં પણ કોઇ નોર્મ્સ નહીં, વ્યવસ્થાઓ નહીં. હું ગૌરવ સાથે અને આંકડા સાથે કહું કે ૨૦૦૨માં ૧ લાખ ૫૩ હજાર લોકોને આખા દેશમાં રોજગારી આપી એમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૭૦,૭૦૦ જેટલી રોજગારી ગુજરાતની અંદર આપીને ૪૬ ટકા નોકરી આપવાનું કામ કર્યું. આ હું આંકડાઓ આપું છું એ મારી ગુજરાત સરકારના નથી. આ આંકડા એ વખતે યુ.પી.એ.ની સરકાર જ્યારે હતી એ વખતે કોંગ્રેસની સરકારે આપેલા આંકડા છે એના આધારે હું રેકર્ડ ઉપર મૂકું છું. આપની કોંગ્રેસ સરકારે એ વખતે આપણા ગુજરાતને શું કહ્યું ખબર છે? અગાઉ આખા દેશમાં કાંઇ થતું નથી, આખા દેશમાં ૨૦૧૦માં ૫ લાખ ૯ હજાર ૬૦૦ માંથી ૨ લાખ ૭ હજાર ૫૮૬ નોકરીઓ ગુજરાત એકલું આપે છે એટલે ૪૧ ટકા નોકરી માત્ર ગુજરાત આપે છે, આવો આંકડો તમારી કોંગ્રેસની સરકાર હતી ત્યારે તમે આપ્યો. ૨૦૧૧ ની અંદર એ આંકડો સુધારીને કહ્યું કે દેશ આખાની અંદર જે રોજગારી આપવામાં આવી છે એની અંદર ૪૮ ટકા નોકરી માત્ર ગુજરાતે આપી છે. ૨૦૧૨માં ૫૮ ટકા અને ૨૦૧૩માં જે આંકડા આપ્યા એ ૭૮ ટકા. એટલે કે આખા હિન્દુસ્તાનમાં ૧૦૦ માંથી ૭૮ લોકોને ગુજરાતે નોકરી આપી છે. આ પ્રમાણેનું કામ ગુજરાતે કર્યું અને ૨૦૧૪ માં ૮૬ ટકા નોકરી આપી છે. આ કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર યુવાનો માટે બેરોજગારીની સામે રોજગારી આપવાનું કામ કરી રહી છે. હમણાં જ અમારા મંત્રીશ્રી દિલીપસિંહભાઇ અને એમના વિભાગે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની દ્રઢ રાજકીય ઇચ્છાશક્તિ કે ગુજરાતના યુવાનોને રોજગારી મળે, અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની યુવાનો પ્રત્યેની લાગણી અને એના આધાર ઉપર ૧૩૦૭ ભરતીમેળાઓ યોજવામાં આવ્યા જેમાં મેળવેલ ખાલી જગ્યાની સંખ્યા હતી એમાં કુલ ૩ લાખ ૭૭ હજાર ૯૮૬ ઉમેદવારો હાજર રહ્યા એમાંથી ૨ લાખ ૩૮ હજાર ૮૪૦ ઉમેદવારોને ત્યાં સ્થળ ઉપર જ નોકરી અપાવવાનું ઐતિહાસિક કામ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું. આ વખતે એની અંદર નાણાકીય જોગવાઇ કરીને પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. મા યોજના અને મા વાત્સલ્ય યોજના, ગરીબ કે મિડલ ક્લાસ એના માટે મુશ્કેલીના સમયમાં એના આરોગ્યની સુવિધા થાય, મારે એ પણ વાત કહેવી છે કે આ યોજના જાહેર થઇ એ પહેલા કેટલાય લોકો મૃત્યુ પામ્યા હશે. શું એમને બચાવવાની જવાબદારી એ વખતની સરકારોની ન હતી? કે જેણે ૫૦ વર્ષ સુધી શાસન કર્યુ. શું ગરીબનો એ અધિકાર ના હોય કે એને સારવાર મળી શકે. પૈસાદાર સેવા કરતો હોય એવી સેવા ક્યાં આગળ હતી એ તો ડોક્ટર સમજાવો? તમે તો ડોક્ટર હતા. તમારે ત્યાં ના ડોક્ટર, ના વ્યવસ્થા, નહીં દવાખાના અને ટોટલ બજેટ તમારું આરોગ્યનું હતું, તમે હતા ત્યારે શું સ્થિતિ હતી? કેટકેટલા લોકો મૃત્યુ પામ્યા? અને એને બચાવવાનું કામ અને મૃત્યુ પામતો હોય તો ભગવાન ભરોસે છોડી દેવામાં આવે અને બોલે હશે એના કિસ્મત ઉપર. અરે કિડની, કેન્સરની બિમારી થઇ હોય તો શું આપણી કોઇની જવાબદારી નહોતી? એ વખતની કોંગ્રેસની સરકારની સંવેદના ન હતી. કોંગ્રેસની સરકારમાં જો સંવેદના હોત તો ડોક્ટર કંઇ ને કંઇ યોજના મૂકી હોત. પરંતુ મને લાગે છે કે આપણે કાંઇ સંવેદના ત્યાં આગળ લેવાની હતી નહિ. (અંતરાય)

## તા. ૯મી માર્ચ, ૨૦૧૭
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો પ્લીઝ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : સાહેબ, તાવની માત્ર દવા આપે અને પેરાસિટામોલ સિવાયની વ્યવસ્થા ન હતી. મેં આ આખી ત્યાં આગળ દવાઓ માટેની વ્યવસ્થા જોઇ તેના ઉપરથી અંદાજ આવે છે કે એ વખતે શું હતું? ડોક્ટર સાહેબ એવું ના હોય તો કાંઇ વાંધો નહિ. માત્ર મારી એક વાત સાંભળો. એ વખતે કેટલીક બાબતો (અંતરાય) સાહેબ, આ કરમશીભાઇ ભ્રષ્ટાચારની વાતો કરે છે. સાહેબ, એ વખતની સરકાર ઉપરની કવિતા હતી. એ વખતે કવિએ લખ્યું છે કે–

''મળે ના ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું અને
શ્રીમંતોની કબરો ઉપર ઘીના દીવા થાય છે,
મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે?
મળે ના કામધેનુંને સૂકું એક તણખલું અને
લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે
મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે? ''

માનનીય અધ્યશ્રી, એ વખતે કવિએ શું કામ લખવું પડ્યું હશે? કવિએ આવી કવિતા શેના માટે રચી હશે? એ વખતની વ્યવસ્થા હતી એના કારણે થતું હતું. આના કારણે વ્યવસ્થા એવી થતી હતી નટવરસિંહભાઇ, તે વખતનો વ્યવહાર એવો હશે એના કારણે અને દારૂની વાતો કરીએ. એ વખતે દારૂ નહિ, સાહેબ, તમારી સરકારના મંત્રીઓ પોતે પોતાની ગાડીની અંદર એકે–૪૬ રાયફલ જેવા હથિયારો લઇને મહંમ્મદ સુરતી જેવા ત્યાં આગળ જતા હતા ત્યારે શરમ આવવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ બાબત પણ કહેવી હતી કે રાજ્ય સરકારે દીન દયાળ ઔષધ યોજના અંતગર્ત ગરીબોને સસ્તા દરે દવા મળી રહે. મારે કાંઇ પોલિટિકલી નહોતું કહેવું પણ કારણ વગર તમે પોલિટિકલી ઇશ્યુ ઊભા કર્યા, ડોકટર. મને ડિસ્ટર્બ કરશો એટલે થશે. બાકી મારો સ્વભાવ નથી. (અંતરાય) હા, પણ દેખાય છે તમે સળી કરશો તો એનો જવાબ મળે. તમે વ્યવસ્થા કરો એટલે મળશે અને હજુય તમે ચાલુ રાખશો તો મળશે મારી પાસે ખજાનો નથી એવું નથી હું તો આપીશ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો પ્લીઝ. સાંભળો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : મહેરબાની કરીને હવે વ્યવસ્થા સમયસર પેલું કરો નહિતર પબ્લિક એવું બોલે છે અને અત્યારે તો કોંગ્રેસના નાના નાના કાર્યકરો એવું કહે છે કે –

''કોણ ભલાને પૂછે છે અહીં કોણ બૂરાને પૂછે છે
મતલબ તણી આ દુનિયા છે કોણ સારાને પૂછે છે
સુગંધને નીચોવીને પછી ફૂલોની દશાને કોણ પૂછે છે
સાહેબ આ તો ઝૂકાવે છે નહિ તો કોણ ખૂદાને પૂછે છે.''

આવી નાના નાના કાર્યકરો ત્યાં આગળ રજૂઆતો કરતા થઇ ગયા છે કે આપણું તો ત્યાં આગળ કાંઇ આવવાનું નથી અને અહીંયા આગળ જેને જેને મૂકીએ છીએ એમાંથી ભાગ્યે ૧૦% એવા લોકો છે કે વિધિવત અને મુદ્દાસરની વાત કરે છે અને સરકારની પાસે જવાબ દેવાનું કરે છે અને બાકીનું •(×××) એવું પબ્લિક અને કોંગ્રેસના કાર્યકર્તાઓ પણ કરી રહ્યાં છે અને ૧૦% સારું કરે છે એમને બધાને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. (અંતરાય)

### પોઇન્ટ ઓફ ઓર્ડર
### બિનસંસદીય શબ્દ દૂર કરવા અંગે

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે માનનીય મંત્રીશ્રી *(×××) એવા શબ્દો બોલ્યાં છે. *(×××) તો તેઓ પણ આવી જાય અને અમેય આવી જઇએ અને સાહેબ, આ બિનસંસદીય શબ્દ છે એટલે રેકર્ડ ઉપરથી રદ થાય અને ફરીથી મંત્રીશ્રી આવો શબ્દ પ્રયોગ ના કરે એની સૂચના આપો.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : શબ્દ પ્રયોગ તો રદ કરીએ. મેં પહેલા પણ કહ્યું એક વખત કહ્યું છે. પહેલી ટર્મના ધારાસભ્યોએ માત્ર મત વિસ્તારની વાત કરાય, જ્યાંથી આવે છે ત્યાંની વાત કરીએ. આપણે અહીં તો પહેલીથી છેલ્લે જે આવે છે એ સીધો ચાલુ થઇ જાય છે. અરે ભાઇ ક્યાંના છો એની વાત કરો ને. એટલે બધા થોડું માપે રહો છો કાંઇ આનું સ્તર જળવાય. જે સિનિયર માણસો છે એ બોલ્યા કરશે, નવા માણસો છો તો તમે તમારા મત વિસ્તારની વાત કરો, તમારી માગણી કરો. માનનીય મંત્રીશ્રી.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે રાઘવજીભાઇ મોડા આવ્યા અને રાઘવજીભાઇ કાયદાની વાત કરે છે એટલે. પહેલાં પણ મેં વાત કરી (અંતરાય) ડોકટર પહેલાં, હું સૈદ્ધાંતિક રીતે પણ માનું છું કે, આ ફોરમને આપણે રાજનીતિની ચર્ચા કરવા માટેની સભા ન જ બનાવીએ. પણ જો આપણે અહીંયા આગળથી સામેથી આ પ્રમાણેનું કહીએ અને સામે અપેક્ષા આપણે શું રાખીએ? આપણે પથરા ફેંકવાના અને સામેથી ફૂલ આવે તો એવી અપેક્ષા મને લાગે છે કે, વધારે પડતી કહેવાય ડોકટર. એના માટે પછી આપણે જેવું કરીએ એવી વ્યવસ્થા થાય.(અંતરાય) રાજકીય મુદ્દાઓ આપવા માટેની ઘણી સભાઓ હોય છે, અહીંયા ન કરીએ. અહીંયા તો માત્ર ને માત્ર ગુજરાત માટે આપણે શું કર્યું, ગુજરાતની પ્રજા માટે આપણે શું કર્યું તે જ વાત કરીએ તો વધારે સારું.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસ માટેની જે જોગવાઇ કરવામાં આવી છે, ૨૦૧૭ થી ૨૦૨૨ માટેનું જે પ્લાનીંગ કર્યું છે, આ વખતે નાણાકીય જોગવાઇ કરી છે. એ જોગવાઇમાં ૨૦૧૭-૧૮ના વર્ષની અંદર ૭૦,૬૫૭ આવાસો, ૨૦૧૮-૧૯માં ૧,૦૪,૩૨૭, ૨૦૧૯-૨૦૨૦માં ૨૨,૧૧૭ , ૨૦૨૦-૨૧ની અંદર ૮૨,૧૧૭ અને કુલ જે બાકી રહ્યા છે એ ૪,૩૬,૨૩૮ આવાસ માટેનું એક દર વખતે બજેટની અંદર જોગવાઇ કરી, ગુજરાતની અંદર એક પણ વ્યક્તિ ખુલ્લા આકાશ નીચે રહેતો ના હોય તે પ્રમાણેની આ રાજ્ય સરકારની જે પ્રતિબદ્ધતા છે, તે દિશાની અંદર અમે આગળ વધી રહ્યા છીએ. આવાસ માટેની જે સહાય હતી એની અંદર પણ વધારો કરીને, મેં હમણાં ગામડાંની વાત કરી એ પ્રમાણે શહેરી વિસ્તારની અંદર પણ ૪,૨૩,૪૫૨ રૂપિયાની સહાય એક-એક મકાન દીઠ એમને મળી શકે તે પ્રમાણેની જોગવાઇ પણ ભારત સરકાર અને રાજ્ય સરકાર બંનેના માધ્યમથી આ વખતે કરવામાં આવી છે. ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગુજરાતનો વિદ્યાર્થી પણ જેમ દુનિયાની અંદર સૌથી સારું શિક્ષણ પ્રાપ્ત થતું હોય એ પ્રમાણેનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે એ માટે વર્ચ્યુઅલ રિયાલિટી અને બાકીની ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રથમ વખત ગામડાંની અંદર બેઠેલા વિદ્યાર્થીને પણ ટેકનોલોજીના આધાર ઉપર સ્માર્ટ ડેસ્ક બોર્ડ અને બાકીની ટેકનોલોજીનો ઉપયોગ કરીને ત્યાં સ્માર્ટ ક્લાસ થાય જે મુંબઇની અંદર કે દિલ્હીની અંદર જે કરોડપતિનો બાળક ભણતો હોય એવું જ શિક્ષણ એ સિલેબસ સાથે ગુજરાતનો વિદ્યાર્થી ભણી શકે તે પ્રમાણેની નાણાકીય જોગવાઇ કરી અને એનો ઉલ્લેખ રાજ્ય સરકારે બજેટમાં કર્યો છે. આવનારા સમયની અંદર એક સ્માર્ટ એજ્યુકેશનના આધાર ઉપર ગુજરાતનું આવતી કાલનું ભવિષ્ય એ આગળ વધશે, ચોક્કસ એના આધારે કહી શકાય છે. ડિઝીટલ ઇનીશ્યેટીવ, બીજું ગુજરાતનો યુવાન એ બાકીની જગ્યાઓ ઉપર અગ્ર હરોળમાં આગળ વધી શકે એટલા માટે આ વખતે ટેબલેટ આપીને ગુજરાતનો યુવાન પોતે ટેકનોલોજીનો સહારો લઇ, જ્ઞાન અને માહિતી, ઇન્ફર્મેશન અને નોલેજ બંને પાર્ટ અલગ અલગ છે, નોલેજ અલગ હશે પરંતુ ઇન્ફર્મેશન એ તો આપણા હાથવગું હોવું જોઇએ. એટલે દુનિયાની માહિતી અત્યારે નેટ ઉપર જે પ્રમાણે વેદની વ્યવસ્થા છે એજ પ્રમાણે નેટ ઉપર બધી વ્યવસ્થા ઉપલબ્ધ છે ત્યારે ગુજરાતનો બારમું ધોરણ પાસ કરીને જે યુવાન કોલેજમાં જાય તો કોલેજની અંદર એને નોમીનલ ચાર્જીસથી એક હજાર રૂપિયાના ખર્ચે ટેબલેટ મળી જાય તો એ પણ દુનિયાની સામે હરિફાઇમાં આગળ વધી શકે એને પણ જે માહિતી જોઇએ છે એ ત્યાંથી મેળવી શકે, એની પણ જોગવાઇ કરવામાં આવી છે. મા યોજના અને મા વાત્સલ્ય યોજનાની અંદર ૫૦૦ કરોડની જોગવાઇ આ વખતે કરી છે. એ પણ હું માનું છું કે, હવે ગુજરાતમાં બાકીની વ્યવસ્થા જે માળખાગત છે, એ તો છે જ પરંતુ વધારાની આ જોગવાઇ કરીને ૧,૫૦,૦૦૦ની આવક સુધીના મા વાત્સલ્ય યોજનાની અંદર એટલી આવક સુધીના લોકોને પણ આવરી લેવાનું કામ કર્યું છે એટલે મિડલ ક્લાસ ગરીબ, લોઅર મિડલ ક્લાસ જે કહેવાય એ લોઅર મિડલ ક્લાસ સુધીના લોકોને આનો લાભ મળશે. કોઇને એવું નહીં લાગે કે હું નોંધારો છું, મારી સાથે કોઇ નથી, સરકાર એમના પડખે ઉભી છે. દરેકને એવું લાગશે કે મારી સાથે મા છે. તો આ મા કાર્ડ હશે, મા વાત્સલ્ય કાર્ડ હશે તો એના કારણે આરોગ્યની ચિંતા એને નહીં રહે. માનનીય અધ્યક્ષશ્રી, અમે નવું કામ જે હાથ પર લીધું છે જેનરીક મેડીસીનનું . જેનરીક મેડીસીન એવી છે કે આઝાદીના આટલા વર્ષો નીકળી ગયા પરંતુ બ્રાન્ડેડ દવા વાપરવાનું

કામ આપણો દેશ કરે અને અમેરિકા જેવો દેશ એ ત્યાં આગળ જેનરીક દવા વાપરે અને અહીંયા આગળ હિન્દુસ્તાન જેવો આપણો ગરીબ દેશ પ્રમાણમાં કહેવાતો હતો એ દેશે વર્ષો સુધી ૫૦-૬૦ વર્ષ સુધી બ્રાન્ડેડ દવા વાપરીને કરોડો, કરોડો રૂપિયા ખર્ચીને મોટી મોટી કંપનીઓ સુધી પહોંચી ગયા. રાજય સરકારે ઈનીશીયેટીવ લીધું પ્રધાનમંત્રી જનઔષધિના માધ્યમથી આપણા મુખ્યમંત્રીશ્રીએ એ વાત કરી કે ગુજરાત આખા દેશની અંદર સૌથી વધારે જેનરીક મેડિકલ સ્ટોર ખોલશે. બાવન જેટલા મેડિકલ સ્ટોર ચાલુ કર્યા અને અત્યારે હાલ નવા ૨૫૦ જેટલા સ્ટોર ચાલુ કરવા જઇ રહ્યા છીએ. ૫૦૦ જેટલા મેડિકલ સ્ટોર ખોલીને જે દવા ૧૦૦૦૦માં મળતી હોય એ દવા ૧૫૦૦ કે ૨૦૦૦ રૂપિયામાં મળે એટલે ૫૦ ટકા, ૩૦ ટકા, ૨૦ ટકાની કિંમતે દવા એને મળતી થાય તો કરોડો રૂપિયા જે કંપનીઓ પાસે પહોંચી  જતા હતા એ બચી રહે અને ગુજરાતની પ્રજાને કામ આવે એટલા માટે આ વખતે ૧૫ કરોડ જેટલી જોગવાઇ કરીને જનઔષધિના માધ્યમથી માત્ર સરકાર જ સબસિડી આપવાની છે એવું નહીં  આ તો માત્ર સ્ટોર અને બાકીની વ્યવસ્થા કરવા માટે પરંતુ મોંઘા ભાવની દવા સસ્તી કિંમતે મળે તે પ્રમાણેની જોગવાઇ પણ અમે કરી છે. હું માનું છું કે આના કારણે વર્ષો સુધી જેણે દવાના કારણે શોષણનો ભોગ બનવું પડયું હતું એવા અનેક લોકોને મદદરૂપ થશે. બજેટની જોગવાઇના કારણે ગુજરાત ગ્રોથ એન્જીન બન્યું છે. એ આવનારા સમયમાં પૂરપાટ દોડીને ગુજરાતની પ્રગતિની  ગાડી ઓર ગતિથી આગળ વધશે આટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું અને માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

સભાગૃહનું કામકાજ  સાંજના ૫-૧૨ વાગ્યે પુરું થતાં,  અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ મંગળવાર, તા. ૭મી માર્ચ, ૨૦૧૭ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ફાલ્ગુન ૧૬, ૧૯૩૮ શાકે

## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

મંગળવાર, ૭મી માર્ચ, ૨૦૧૭

ફાલ્ગુન ૧૬, ૧૯૩૮ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : (વિરોધપક્ષના નેતાશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, માનનીય ધારાસભ્યશ્રી સી.કે. રાઉલજી, મેરામણભાઇ આહીર, અમીત ચાવડા, શક્તિસિંહભાઇ એ બધા અને બાકીના અનેક મિત્રો ઉપર રવિ પૂજારીના નામથી જાનથી મારી નાંખવાના ફોન આવે અને દસ કરોડ રૂપિયાની ખંડણી આપો એમ કહે છે, એટલે સલામતીનો બહુ મોટો પ્રશ્નો ઉભો થયો છે તો આ પ્રશ્ન કલાક સસ્પેન્ડ કરીને માનનીય ધારાસભ્યો માટેની વાત છે તેથી આ પક્ષે હોય કે પેલા પક્ષે હોય તે અંગે ચર્ચા કરવા માટે અમારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : ગૃહ શરૂ થાય તે પહેલાં ઘણા બધા માનનીય ધારાસભ્યશ્રીઓ મને ચેમ્બરમાં મળ્યા છે, એમણે પોતાની લાગણી વ્યક્ત કરી છે અને હું પણ માનું છું કે આ કોઇ પક્ષીય સવાલ નથી, ધારાસભ્યશ્રીઓનો પોતાનો સવાલ છે એટલે એને મેં પણ ગંભીરતાથી લીધું છે, માનનીય બલવંતસિંહ અને બાકીના બધાને ખબર છે. એ.સી.એસ. મિસ્ટર ડાગુર સાથે પણ મારે ચર્ચા થઇ છે, માનનીય મંત્રીશ્રી સાથે પણ ચર્ચા થઇ છે કે સરકારે જે કંઇ કરવું હશે તે ચોક્કસ કરશે, એટલે મારી વિનંતી માત્ર એટલી જ છે કે આપણી વિધાનસભાની જે પરંપરાઓ છે એ પ્રમાણે પ્રશ્નોત્તરીનો કાળ શાંતિથી પૂરો કરીએ અને તે પછી હું તમારી વાત હાથ ઉપર લઇશ એવી માનનીય બલવંતસિંહજીને પણ મેં વિનંતી કરી છે.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે વાત કરી અને આપના દ્વારા પણ આ ચિંતા વ્યક્ત કરવામાં આવી. આ સમગ્ર ઘટનાને રાજ્ય સરકારે ગંભીરતાથી લીધી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક મિનિટ મારું એ કહેવાનું છે કે એમને અત્યારે જે ચર્ચા કરવી હતી એની મેં ના પાડી છે એટલે આપ પણ અત્યારે જવાબ ના આપો હમણાં ચર્ચા થાય તે વખતે આપો તો વધારે સારું રહેશે. પ્લીઝ મારી વિનંતી છે.

### તારાંકિત પ્રશ્નો

### આંગણવાડીઓમાં બાળકોને પૌષ્ટિક આહાર

* ૨૭૩૯૬ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને અપાતા પૌષ્ટિક ગરમ આહાર બાળકદીઠ કેટલો આપવામાં આવે છે,

(૨) ઉકત પૌષ્ટિક આહારની બાળકદીઠ કિંમત અંદાજવામાં આવેલ છે, અને

(૩) ઉકત અંદાજવામાં આવેલ કિંમતના દર ક્યારથી અમલમાં છે ?

**જવાબ**

(૧) નીચે મુજબ

સવારનો અને બપોરનો ગરમ પૂરક પોષણ આહાર

રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં માતૃમંડળ દ્વારા અપાતો સવારનો ગરમ પૂરક પોષણ આહાર લાભાર્થી દીઠ પ્રતિ દિવસ ૫૦ ગ્રામ પ્રમાણે અને બપોરનો ગરમ પૂરક પોષણ આહાર લાભાર્થી દીઠ પ્રતિ દિવસ ૮૦ ગ્રામ પ્રમાણે અઠવાડિયાના છ દિવસ આપવામાં આવે છે.

(૨) નીચે મુજબ અંદાજવામાં આવેલ છે.

| લાભાર્થી વર્ગ | સુધારેલ દર (પ્રતિ લાભાર્થી પ્રતિ દિન) |
|---|---|
| બાળકો (૬ થી ૭૨ માસ) | રૂ. ૬.૦૦ |
| અતિશય ઓછા વજનવાળા બાળકો (૬ થી ૭૨ માસ) | રૂ. ૯.૦૦ |

(૩) ભારત સરકારશ્રીના તા. ૨૬–૧૨–૨૦૧૨ના પરિપત્ર મુજબ અમલમાં છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નંબર વનના દાવાઓ વચ્ચે ૨૦૧૫–૧૬માં આરોગ્ય અને જીવનશૈલી અંગે જે હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્સ બહાર આવ્યો એમાં સમગ્ર દેશમાં ગુજરાત અગિયારમા ક્રમે જતું રહ્યું છે અને આર્થિક સર્વેક્ષણના રિપોર્ટ પ્રમાણે એક હજારે એકતાલીસ નવજાત શિશુઓના મૃત્યુ થાય છે અને ૧૦૦માંથી ૩૭.૨ ટકા બાળકો એ ઉમરના પ્રમાણમાં નાના દરના છે. આ ખૂબજ ગંભીર અને ચિંતાનો વિષય છે. આંગણવાડીના બાળકો માટે

પ્રિ–મિક્સ પાવડરના પડીકા તૈયાર કરીને આપવામાં આવે છે એ ભાવે નહિ તેવું હોય છે, એ ઢોર પણ ના ખાય એવો એનો સ્વાદ હોય છે એ કોન્ટ્રાકટ પદ્ધતિથી આપવામાં આવે છે એના માટે હાઇકોર્ટમાં પણ વારંવાર કેસો થયેલા છે અને એની ગુણવત્તાની ફરિયાદો પણ અવારનવાર ઉઠી છે. તો પછી આ ગુજરાતમાં ૪૫ ટકા બાળકો કુપોષિત જ રહેને? પોષણ આપવાના બદલે આપણે એના માટે સરવે કરાવીએ છીએ. એના માટે બે કરોડ અને પાંચ લાખ રૂપિયા હૈદરાબાદ અને મુંબઇની સરવે એજન્સીઓને આપ્યા. તો બે કરોડ અને પાંચ લાખ રૂપિયા જો સરવેમાં ખર્ચ્યા એના કરતાં જે ભાવ આમાં લખ્યો છે છ રૂપિયા એમાં ઉમેરો કરીને જો બાળકોને આપણે પોષણ આપ્યું હોત તો ૩૩,૩૩,૩૩૩ બાળકોને આપણે પોષણયુક્ત આહાર આપી શક્યા હોત અને આ સરવે તો આપણે આપણી વાહ વાહ કરાવવા માટે કરીએ છીએ એ સૌ કોઇ જાણે છે. જવાબમાં આપે લખ્યું છે કે પચાસ ગ્રામ ખાવાનું આપીએ છીએ તો મારું કહેવાનું એ છે કે પચાસ ગ્રામમાં સુખડીનો એક ટૂકડો પણ ન આવે અને એમાં તમે પેલેટેબલ એટલે હાઇ પ્રોટીન અને વધારે આયર્ન અને વિટામીનવાળી વસ્તુ ઉમેરીને વધારે પ્રોટીન આપીને જો એ બાળકને આપવામાં આવે તો ફાયદો થાય એવું કરવા માગો છો કે કેમ અને છ રૂપિયા લખ્યા છે તો એમાં લોલીપોપ પણ ના આવે, ચા પણ નથી મળતી, અત્યારે એક લિટર દૂધનો ભાવ બાવન રૂપિયા છે તો એ હિસાબે પોણો કપ એટલે કે ૧૧૫ એમ.એલ. દૂધ પણ માંડ થાય ત્યારે તમે આ છ રૂપિયામાં શું શું આપો છો? કેટલી કેલેરી આપો છો? એમાં તમે હાઇ પ્રોટીન આયર્ન વિટામીન નાંખી આપવા માગો છો કે કેમ અને મારો છેલ્લો પ્રશ્ન છે કે આ ગતિશીલ ગુજરાતમાં મોંઘવારી જે ગતિએ વધે છે ત્યારે તમે ૨૦૧૨ના પરિપત્ર પ્રમાણે લખ્યું છે એટલે કે પાંચ પાંચ વરસ થઇ ગયા, ગુજરાત તો વિકાસ મૉડેલ છે એમાં બાળકો માટે રાજકારણ ના કરી અને આ રકમમાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ એટલું મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે.

અધ્યક્ષશ્રી : સાડા પાંચ મિનિટ માત્ર જો તમે પ્રશ્ન પુછવામાં કરો તો ક્યારેય પ્રશ્નોત્તરીનો કાળ ચાલે નહિ જેટલી જરૂરી છે તેટલી સામાન્ય માહિતી ૩૦ સેકન્ડમાં આપીને પૂરું કરો મંત્રીશ્રી. બેનના પ્રશ્નમાં એવી કોઇ માહિતી નથી કે જે એમને આપવી પડે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આવતીકાલે જે ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોઇ અને રાજયની, દેશની અને વિશ્વની તમામ મહિલાઓને હું શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી તરીકે હું રાજયની તમામ મહિલાઓ અને બાળકોના સારા સ્વાસ્થ્ય અને સુખાકારી માટે હ્રદયથી કામના કરું છું. તેમણે માહિતી આપી કે ૨૦૧૨ પછી તો આ યોજના અંતર્ગત પોષ્ટીક પોષણ આપવામાં આવે છે એ ફક્ત પૂરક પોષણ છે કમ્પલીટ ભોજન નથી. અને નાના નાના બાળકો છે તેને ફક્ત બે થી ત્રણ ચમચી આપવામાં આવે છે અને ગેહુ ૨ રૂપિયા કિલો, ચોખા ૩ રૂપિયા કિલો તે ગુજરાતનું અન્ન વિભાગ આપે છે. દૂધ અને ફળનો ખર્ચ જુદો હોય છે અને આ ઉપરાંત જે ખર્ચાની વાત કરું ૬ રૂપિયા અને ૯ રૂપિયા તો આ ઉપરાંત રાજય સરકાર જે લોકોની અને બાળકો અને મહિલાઓ માટે સંવેદનશીલ છે એ રાજયને બાળકોનો પોષણ દર સુધારવા માટે સો ટકા રાજય સરકારના ખર્ચે નીચે મુજબની બધી યોજનાઓ અમલમાં મૂકેલી છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે તે પ્રતિ લાભાર્થી દીઠ ૨.૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. બીજુ દૂધ સંજીવની યોજના અંતર્ગત છ વર્ષના બાળકોને અઠવાડિયામાં પાંચ દિવસ સુધી ૧૦૦ એમ.એલ. ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે તેનો પ્રતિદિન ૩.૭૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. બીજુ, જે નાના બાળકો છે ઓછાં વજનવાળા તેને ત્રીજા ભોજન તરીકે આપણે કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ બનાવીને આપવામાં આવે છે જેનો જુદો ખર્ચ ૩ રૂપિયા હોય છે. એમ ફળ, ફ્લેવર્ડ મિલ્ક, દૂધ અને પૌષ્ટિક ભોજન એકસ્ટ્રા આપવામાં આવે છે. તેમણે ૪૫ ટકા બાળકો કુપોષિત છે એમ કહ્યું તો ૨૦૦૯–૧૦માં અને ૨૦૧૦–૧૧ની વાત કરું તો ત્યારે ૪૮ ટકા અતિ ઓછાં વજનના બાળકો હતા જે આજના ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના આંકડાઓ છે તે પ્રમાણે ૪.૧ ટકા છે અને ૪.૮ ટકા છે. બીજી જે બહેને વાત કરી રાશન માટે કે સુપ્રીમ કોર્ટની માહિતી મુજબ એને આપેલા ઓર્ડર મુજબ આપણે અત્યારે બે વર્ષની મંજૂરી, તે ૩૧–૮–૧૬ના રોજ પૂર્ણ થયેલી છે છતાંય આપણે જે PHR પ્રમાણે standardization હોવું જોઇએ hygienic હોવું જોઇએ ફૂડની nutritive value સચવાય એવો સુપ્રીમ કોર્ટનો આદેશ છે એ પ્રમાણે અત્યારે જે સપ્લાય છે તેને ૩ માસની ICDS યોજનાના પૂરક પોષણ કાર્યક્રમ અંતર્ગત અમલીકરણ અન્વયે premix ઉત્પાદક પાસેથી ૩ મહિનાનો હોવા છતાં બીજા ૩ મહિના માટે આપણે કરાર કરેલા છે.

### નવસારી જિલ્લામાં વૃધ્ધોને પેન્શન

* ૨૯૨૭૭ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૭૮૦ |

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | નવસારી(શહેર) | ૩૯ |
| ૨ | નવસારી | ૭૫ |

| | | |
|---|---|---|
| ૩ | જલાલપોર | ૧૧૮ |
| ૪ | ગણદેવી | ૧૪૭ |
| ૫ | ચીખલી | ૧૫૩ |
| ૬ | ખેરગામ | ૨૩ |
| ૭ | વાંસદા | ૨૨૫ |
| કુલ | | ૭૮૦ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી,

(૨) ૭૦૭

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી |
|---|---|---|
| ૧ | નવસારી(શહેર) | ૩૪ |
| ૨ | નવસારી (ગ્રામ્ય) | ૬૪ |
| ૩ | જલાલપોર | ૯૪ |
| ૪ | ગણદેવી | ૧૨૧ |
| ૫ | ચીખલી | ૧૫૧ |
| ૬ | ખેરગામ | ૨૩ |
| ૭ | વાંસદા | ૨૨૦ |
| કુલ | | ૭૦૭ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, અને

(૩) ૫૧

| ક્રમ | તાલુકાનું નામ | નામંજૂર અરજી |
|---|---|---|
| ૧ | નવસારી(શહેર) | ૫ |
| ૨ | નવસારી (ગ્રામ્ય) | ૨ |
| ૩ | જલાલપોર | ૧૬ |
| ૪ | ગણદેવી | ૨૧ |
| ૫ | ચીખલી | ૨ |
| ૬ | ખેરગામ | ૦ |
| ૭ | વાંસદા | ૫ |
| કુલ | | ૫૧ |

(૪) ઉકત અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શા છે ?

(૪) નામંજુરીના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| નિયત આવક કરતા આવક વધુ હોવાથી | ૭ |
| પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૧૧ |
| ઉંમર ઓછી હોવાથી | ૧૩ |
| સ્થળે રહેતા ન હોવાથી | ૦૧ |
| અવસાન થવાથી | ૦૫ |
| પુરાવા રજુ કરેલ ન હોવાથી | ૧૪ |
| કુલ | ૫૧ |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના કાર્યક્ષમ મુખ્યમંત્રી અને અમારા નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇના નેતૃત્વમાં પછી તે બજેટ હોય કે યોજના હોય તે સમાજના તમામ વર્ગો માટે એ સુખાકારી માટેનું કામ કરી રહ્યાં છે ત્યારે મારો પ્રશ્ન એ છે કે, સમાજના તમામ વર્ગો માટે ૬૦ વર્ષથી ઉપરનાં તમામ જે વૃદ્ધો છે તેમને માટેની આ સહાય યોજના છે ત્યારે મારા નવસારી જિલ્લાની અંદર તાલુકાવાઇઝ કેટલી રકમની ચૂકવણી થઇ?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં ૭ તાલુકાઓ છે. આ ૭ તાલુકાઓમાં જે પ્રમાણે અરજીઓ આવી છે એમાં નવસારી શહેરમાં ૩૯ અરજીઓ આવી જેમાંથી ૩૫ મંજૂર થઇ અને ૫ નામંજૂર કરવામાં આવી અને એક પણ અરજી પડતર નથી. એમાં ૩૪ લાભાર્થીઓને ૫૦,૦૦૦ રૂપિયા જેવી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી. એ જ રીતે નવસારી ગ્રામ્ય વિસ્તારમાં ૭૫ અરજીઓ આવી જેમાંથી ૬૪ મંજૂર કરવામાં આવી અને ૨,૦૪,૮૦૦ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી. જલાલપોરમાં ૧૧૮ અરજીઓ આવી જેમાંથી ૯૪ મંજૂર થઇ અને તેમાં ૩,૧૫,૮૪૦ રૂપિયા જેટલી રકમ

ચૂકવવામાં આવી છે. ગણદેવી તાલુકામાં ૧૪૭ અરજીઓ આવી એ પૈકી ૧૨૧ મંજૂર થઇ અને એમાં ૯૧,૨૦૦ રૂપિયા જેટલી રકમ ચૂકવવામાં આવી. ચીખલીમાં ૧૫૩ અરજીઓ આવી જેમાંથી ૧૫૧ મંજૂર કરી અને ૩,૦૭,૬૦૦ રૂપિયા જેટલી રકમ ચૂકવવામાં આવી. ખેરગામ તાલુકામાં ૨૩ અરજીઓ આવી અને ૨૩ અરજીઓ મંજૂર કરવામાં આવી. જેમાં ૭૩,૬૦૦ રૂપિયા જેટલી રકમ ચૂકવવામાં આવી. વાંસદામાં ૨૨૫ અરજીઓ આવી અને ૨૨૫ અરજીઓ મંજૂર કરી જેમાં ૬,૧૪,૮૦૦ની રકમ ચૂકવવામાં આવી. આમ, કુલ લાભાર્થીઓ ૨૫૧ છે. જેમાં ૧૬,૫૭,૮૪૦ રૂપિયાની ચૂકવણી અંગેના બિલ તિજોરીમાં દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, રાજ્યની નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં પતિ–પત્ની બંનેને લાભ મળવાપાત્ર છે કે કેમ?

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ વૃદ્ધો માટેની સહાય યોજના છે એટલે પતિ–પત્ની બંને વૃદ્ધ હશે, મોટાભાગે હોય જ છે તો બંનેને સહાય આપવામાં આવે છે. ક્યારેક એવું બને કે પતિની ઉમર બે–પાંચ વર્ષ વધુ હોય તો પત્નીની ઉમર ૬૦ વર્ષ થાય પછી તેને સહાય મળે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યની નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં સહાય કેવી રીતે આપવામાં આવે છે?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે નિયમ છે એ પ્રમાણે ૬૦ વર્ષથી વધુ ઉમરની વ્યક્તિ અને અપંગોને ખાસ કિસ્સામાં ૪૫ વર્ષથી વધુ ઉમર હોય અને અપંગતાની ટકાવારી ૭૫ ટકા હોય તો તેને આ લાભ માટેની પાત્રતામાં ગણી શકાય. અરજદાર છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાતમાં રહેતો હોવો જોઇએ અને એમને પુખ્ત વયનો પુત્ર ન હોવો જોઇએ અને જો પુખ્ત વયનો પુત્ર હોય અને એ શારીરિક રીતે અપંગ હોય અથવા અસ્થિર મગજનો હોય કે કેન્સર, ટી.બી. જેવી ગંભીર માંદગીમાં પીડાતો હોય અને કમાવા માટે સક્ષમ ન હોય તો એમને પણ આ સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ અરજી મંજૂર–નામંજૂર કરવાની સત્તા મામલતદારશ્રીને છે.

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં નવી આંગણવાડીઓ

* ૨૭૨૭૯ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧૫–૧–૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડી કાર્યરત છે, અને

જવાબ

(૧) તા. ૧૫–૧–૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ૧૧૮૨ અને વડોદરા જિલ્લામાં ૧૮૫૩ આંગણવાડીઓ કાર્યરત છે. જે બન્ને જિલ્લાઓની તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબ છે.

(૧) છોટાઉદેપુર જિલ્લો :–

| ક્રમ | તાલુકાનુંનામ | કાર્યરત આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૧૫ |
| ૨ | પાવી–જેતપુર | ૨૩૫ |
| ૩ | સંખેડા | ૧૯૪ |
| ૪ | નસવાડી | ૨૨૪ |
| ૫ | ક્વાંટ | ૨૧૪ |
| | કુલ | ૧૧૮૨ |

(૨) વડોદરા જિલ્લો :–

| ક્રમ | તાલુકાનુંનામ | કાર્યરત આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડભોઈ | ૧૯૯ |
| ૨ | બાલાસિનોર | ૮૭ |
| ૩ | કરજણ | ૧૫૫ |
| ૪ | સાવલી | ૨૭૨ |
| ૫ | પાદરા | ૨૬૧ |
| ૬ | વઘોડીયા | ૧૭૫ |
| ૭ | વડોદરા (ગ્રામ્ય અને અર્બન) | ૭૦૪ |

| | કુલ | ૧૮૫૩ |
|---|---|---|

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી આંગણવાડી શરૂ કરવા સરકારને કેટલી દરખાસ્ત મળેલ છે, અને તે અન્વયે શું આયોજન કરેલ છે ?

(૨) તા. ૧૫-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી આંગણવાડી શરૂ કરવાની કોઈ દરખાસ્ત મળેલ નથી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં છોટા ઉદેપુર જિલ્લામાં ૧૧૮૨ આંગણવાડી હાલ ચાલુ છે અને છેલ્લા બે વર્ષમાં આંગણવાડી શરૂ કરવા માટે કેટલી દરખાસ્ત સરકારને મળી. તેનો જવાબ છે કે, આંગણવાડી શરૂ કરવા માટેની કોઇ દરખાસ્ત સરકારને મળી નથી. મારે એટલું જ જાણવું છે કે આંગણવાડી શરૂ કરવા માટે ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં અમે જે દરખાસ્તો કરી હતી. છોટા ઉદેપુર, કવાંટ, નસવાડી, પાવી-જેતપુર, સંખેડા, બોડેલી તાલુકાની ૪૪૩ આંગણવાડીઓ શરૂ કરવા માટેની દરખાસ્ત ગુજરાત સરકારને કરી હતી અને ગુજરાત સરકારે તા. ૧૨-૨-૨૦૧૪, તા. ૧૬-૬-૨૦૧૪ કુલ ૫૯૭ આંગણવાડી કેન્દ્રો શરૂ કરવા માટે ભારત સરકારને દરખાસ્ત મોકલી હતી પણ તેની મંજૂરી મળી નહીં. હવે છેલ્લી પરિસ્થિતિ એવી છે કે, ભારત સરકારે ૮૬૬ આંગણવાડી કેન્દ્રોમાંથી છોટા ઉદેપુર જિલ્લામાં કુલ ૧૦૭ આંગણવાડી કેન્દ્રો મંજૂર કરેલ છે તો મારી એટલી જ માગણી છે કે, ૨૯૦ આંગણવાડી કેન્દ્રોની મંજૂરી ભારત સરકાર પાસે માગી છે તો એ મંજૂરી કેટલા સમયમાં મળશે?

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં કોઇ નવી માગણી નથી કરવામાં આવી, પણ એના પહેલાં જે માગણી કરવામાં આવી હતી એ અંતર્ગત તા. ૧૫-૧-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૨૪ નવા આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યાં અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૧૬ નવા આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યાં હતાં અને વડોદરા શહેરમાં ૭૩ જેટલા નવા આંગણવાડી કેન્દ્રો મળીને કુલ ૧૭૯ જેટલાં આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યાં છે અને એમની જે રજૂઆત બીજા આંગણવાડીની છે તો ભારત સરકારનો લક્ષ્યાંક જે આંગણવાડીનો છે એ પૂરો થયેલો છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ આંગણવાડી કેન્દ્રોમાં શું પ્રવૃત્તિ કરવામાં આવે છે?

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, બીજા જે મિનિસ્ટરો છે એ જયારે ચર્ચા કરે છે ત્યારે ૧૯૯૦-૧૯૯૫ સુધી પહોંચવું પડે છે પણ મારે તો એ કહેવું છે કે ૨૦૦૦ પહેલાં અમારો કોઇ વિભાગ જુદો હતો જ નહીં. ગુજરાતમાં માત્ર ૧૫ વર્ષનો મારો વિભાગ છે છતાંય એ કેટલી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે એ અંગેની હું માહિતી આપું તો, પૂરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, માતાઓને આરોગ્ય અને પોષણ શિક્ષણ આપવાની કામગીરી, સંદર્ભ સેવાઓની કામગીરી, રસીકરણ કામગીરી, બાળકો અને માતાઓની આરોગ્યની તપાસ, મમતા દિવસની કામગીરી, વાલી જાગૃતિ અભિયાન, પોષણ જાગૃતિ અભિયાન, અને વાનગી નિર્દેશન, રસોઇ શો, બાળ દિવસ, વાત્સલ્ય દિવસ અને કિશોરી દિવસ ઉજવણી એમ કરીને લોકોને અમે માહિતી પૂરી કરીએ છીએ તેવી રીતે પોષણ અને એનું સ્વાસ્થ્ય જળવાય અને એના માટે જુદી જુદી પ્રવૃત્તિઓ કરીએ છીએ.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, મારા મત વિસ્તાર સંખેડા તાલુકામાં ૧૯૭ આંગણવાડીની ઘટ છે. બોડેલીમાં ૮૭ અને નસવાડીમાં ૪૦ આ દરખાસ્ત ભારત સરકારમાં મોકલ્યા પછી ફકત ૪૦ આંગણવાડી મંજૂર કરી છે. એમાં વસતિનું ધોરણ જોઇએ તો ૮૦૦ ઉપરની વસતિવાળા ગામોમાં આજે પણ આંગણવાડી ખોલવાની દરખાસ્ત ભારત સરકારમાં મોકલી છે તો એ કેટલા સમયમાં મંજૂર થઇને આવશે અને મંજૂર કર્યા પછી ગુજરાત સરકાર કયારે શરૂ કરશે અને બીજો મારો સવાલ એ છે કે, આંગણવાડીની બહેનોની પગાર માટેની જે હડતાલો ચાલે છે તો એમાં કોઇ પગાર વધારવા માગે છે કે કેમ? (અંતરાય) સાહેબ, મારો પ્રશ્ન જ એ છે કે છોટાઉદેપુર જિલ્લો વડોદરા જિલ્લામાંથી છૂટા થયા પછી મારા મત વિસ્તારમાં આંગણવાડીની ટોટલી જગ્યાઓ ખાલી છે અને આંગણવાડીઓ પણ નથી અને બીજો પ્રશ્ન એવો છે કે જેમ માનનીય નીતિનભાઇએ બજેટમાં મંજૂર કર્યુ કે, પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશ તો આંગણવાડીમાં જે બાળકો અભ્યાસ કરે છે એ બાળકોને ગણવેશ આપવા માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ વાત કરી કે, આંગણવાડી બનાવવા માટેનો કેન્દ્ર સરકારનો જે લક્ષ્યાંક છે એ પૂર્ણ થયેલ છે છતાંય છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં જે કામગીરી થઇ છે એની માહિતી મારી પાસે તાલુકાવાઇઝ નથી પણ એ માહિતી હું આપું છું કે, જમીન ઉપલબ્ધ થવાની કેન્દ્રોની સંખ્યા છોટા ઉદેપુરમાં ૨૫૧, વડોદરામાં ૨૬૫ અને ટેન્ડર મંજૂરી ૨૫૧ અને વડોદરામાં ૧૨૯ વડોદરામાં ૧૨૯ અને વહીવટી મંજૂરી ૧૫૧. કુલ બાંધકામ પૂર્ણ થઇ ગયેલ છે એ જોઇએ તો છોટાઉદેપુરમાં ૧૪૩ અને વડોદરામાં ૧૫૨. કામ પ્રગતિ હેઠળ જોઇએ તો છોટાઉદેપુર જિલ્લામાં ૪૭ અને વડોદરામાં ૧ છે. ઓનૅરેરીયમની વાત કરીએ તો ૧૫ ટકા વધારો આપી દીધો છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : મીની આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવામાં આવે છે એ કયા ધારાધોરણ અનુસાર આપવામાં આવે છે. વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં મંજૂર કરેલ મીની આંગણવાડી કેન્દ્રો ઘટક વાઇઝ કેટલા છે?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : સૌ પહેલા ધારાધોરણ જોઇએ તો ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે ૧૫૦ થી ૪૦૦ની

વસતિએ એક મીની આંગણવાડી કેન્દ્ર આપવામાં આવે છે. આદિજાતિ વિસ્તાર હોય, ખાણ વિસ્તાર હોય, જંગલ વિસ્તાર હોય, રણ વિસ્તાર હોય, પર્વતીય વિસ્તાર હોય ત્યાં ૧૫૦ થી ૩૦૦ની વસતિએ મીની આંગણવાડી આપવામાં આવે છે. છોટાઉદેપુર તાલુકામાં મીની આંગણવાડીની સંખ્યા ૧૦૩ છે, કવાંટ ૧૮, જેતપુર પાવીમાં ૨, નસવાડીમાં ૨૨ અને સંખેડામાં ૫૧ એમ કુલ મળીને ૧૯૬ મીની આંગણવાડીની સંખ્યા મંજૂર કરવામાં આવેલ છે અને ૧૯૬ કાર્યાન્વિત છે. એ જ રીતે વડોદરા જિલ્લામાં ડભોઇ તાલુકામાં ૮, પાદરા-૧માં ૧૨, પાદરા-૨માં ૨૦, સાવલી ૫, સાવલી-૨માં ૭, વડોદરા ગ્રામ્યમાં ૮, વડોદરા ગ્રામ્ય-૨માં ૧૩, અને વાઘોડીયામાં ૧૭ એમ કુલ મળીને ૯૦ મંજૂર કરવામાં આવેલ છે અને ૯૦ હાલમાં કાર્યાન્વિત છે.

ભિલોડા અને મેઘરજ તાલુકામાં માનવ ગરીમા યોજના

* ૩૦૦૭૭ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગને માનવ ગરીમાં યોજના હેઠળ શા લાભો આપવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને તાલુકાવાર, વર્ષવાર અને ઉકત કેટેગરીવાર છેલ્લા બે વર્ષમાં લાભો મળ્યા, અને

(૩) તે પાછળ ઉકત તાલુકાવાર, વર્ષવાર અને કેટેગરીવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) અને (૨) : તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જીલ્લાના ભીલોડા અને મેઘરજ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર અનુસૂચિત જાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગને માનવ ગરીમા યોજના હેઠળ જુદા જુદા ધંધા/ રોજગાર માટે નીચે મુજબ કુલ કિટસ /સાધનો આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકા | લાભાર્થીઓની સંખ્યા ૨૦૧૫-૧૬ | લાભાર્થીઓની સંખ્યા ૨૦૧૬-૧૭ | લાભાર્થીઓની સંખ્યા કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભિલોડા (અનુ.જાતિ) | ૫૦ | ૬૫ | ૧૧૫ |
| | ભિલોડા (સા.અને.શૈ.) | ૧૦૦ | ૧૧૫ | ૨૧૫ |
| ૨ | મેઘરજ (અનુ.જાતિ.) | ૨૦ | ૩૨ | ૫૨ |
| | મેઘરજ (સા.અને.શૈ.) | ૧૦૬ | ૧૦૦ | ૨૦૬ |
| | કુલ | ૨૭૬ | ૩૧૨ | ૫૮૮ |

(૩)

| ક્રમ | તાલુકા | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભિલોડા (અનુ.જાતિ) | ૧,૭૮,૨૫૯ | ૨,૧૧,૭૭૮ | ૩,૯૦,૦૩૭ |
| | ભિલોડા (સા.અને.શૈ.) | ૫,૨૮,૨૫૦ | ૪,૪૮,૯૭૬ | ૯,૭૭,૨૨૬ |
| ૨ | મેઘરજ (અનુ.જાતિ.) | ૭૮,૧૫૨ | ૧,૧૪,૧૨૫ | ૧,૯૨,૨૭૭ |
| | મેઘરજ (સા.અને.શૈ.) | ૫,૫૩,૪૯૫ | ૪,૮૦,૧૬૯ | ૧૦,૩૩,૬૬૪ |
| | કુલ | ૧૩,૩૮,૧૫૬ | ૧૨,૫૫,૦૪૮ | ૨૫,૯૩,૨૦૪ |

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરિમા યોજના એ ગરીબ માણસો માટેની છે જેના લીધે એમનું આર્થિક પાસુ સદ્ધર થાય એના માટે આ યોજના છે ત્યારે ભીલોડા અને મેઘરજ તાલુકામાં લાભાર્થીઓની સંખ્યા બતાવવામાં આવી છે એ મશ્કરી સમાન છે. માણસો, લાભાર્થીઓ આ યોજનાનો લાભ લેવા માટે તાલુકા મથકે ધક્કા ખાઇને પાછા જાય છે અને આ યોજના મંજૂર કરવામાં આવતી નથી. તો મારો પ્રશ્ન એ છે કે આ માનવ ગરિમા યોજનાનો ભીલોડા અને મેઘરજ તાલુકાનો લક્ષ્યાંક શું હતો, કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી રકમ મંજૂર કરવામાં આવી હતી અને કેટલી વાપરવામાં આવી?

શ્રી આત્મારામ મ. પરમાર : આ પ્રશ્ન અરવલ્લી જિલ્લાના ભીલોડા અને મેઘરજ તાલુકાનો છે. માનવ ગરિમા યોજના હેઠળની માનનીય સભ્યશ્રીએ માહિતી માગી છે. એમાં લક્ષ્યાંક અને સિદ્ધિની વિગતો છે. સન ૨૦૧૫-૧૬માં અનુસૂચિત જાતિ

માટે ૨૫૦, વિકસતિ જાતિ માટે ૬૧૬, એમ કુલ મળીને ૮૬૬ જયારે સન ૨૦૧૬-૧૭ માં અનુસૂચિત જાતિ માટે ૩૪૦ અને વિકસતી જાતિ માટે ૬૨૫ એમ કુલ મળીને ૯૬૫ છે. કુલ લક્ષ્યાંક ૫૯૦ વિકસિત જાતિનો ૧૨૪૧ કુલ લક્ષ્યાંક ૧૮૩૧ એની સામે સિદ્ધિ છે એ ૨૪૨ અને ૬૧૬. સન ૨૦૧૫-૧૬માં ૮૫૮. સન ૨૦૧૬-૧૭ માં ૯૬૫ અને ૧૮૩૧ના લક્ષ્યાંક સામે ૧૮૨૩ની સિદ્ધિ મળવેલ છે. અરવલ્લી જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ સન ૨૦૧૫-૧૬ અને સન ૨૦૧૬-૧૭માં કોઇ અરજી પડતર નથી.આ જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ મંજૂર કરેલ લાભાર્થીઓને કોઇ ટુલકિટસ વિતરણ કરવાનું પણ બાકી નથી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરિમા યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી હતી? તેમાંથી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો? તાલુકાવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ તાલુકા ૬ છે. તેમાં અનુસૂચિત જાતિ માટે ૨૦૧૫-૧૬માં મોડાસા તાલુકામાં ૩૫ અરજીઓ આવી. ૨૦૧૬-૧૭માં ૩૫. બાયડ તાલુકામાં ૨૦૧૫-૧૬માં ૨૮ અને ૨૦૧૬-૧૭માં ૩૩, કુલ અરજીઓ ૬૧. ભીલોડા તાલુકામાં ૨૦૧૫-૧૬માં ૪૫ અને ૨૦૧૬-૧૭માં ૫૦, કુલ અરજીઓ ૯૫. ધનસુરા તાલુકામાં ૨૦૧૫-૧૬માં ૧૦ અને ૨૦૧૬-૧૭માં ૧૩, મેઘરજ તાલુકામાં ૨૦૧૫-૧૬માં ૨૭ અને ૨૦૧૬-૧૭માં ૧૨, કુલ ૩૯. માલપુર તાલુકામાં ૨૦૧૫-૧૬માં ૧૨ અને ૨૦૧૬-૧૭માં ૪૭ મળીને ૫૯. અનુસૂચિત જાતિની ૬ તાલુકાની કુલ અરજી ૨૦૧૫-૧૬માં ૧૫૭ અને ૨૦૧૬-૧૭માં ૧૯૦. વિકસતી જાતિના હું આખા જિલ્લાના આંકડા આપી દઉં. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કુલ અરજીની સંખ્યાનો સરવાળો ૩૪૭ થાય છે. તેની સામે તેમણે ખર્ચની રકમ પણ માગી છે ત્યારે મોડાસા તાલુકામાં ૧૧,૯૨,૯૪૧, બાયડ તાલુકામાં ૧૦,૦૮,૭૮૯, ભીલોડા તાલુકામાં ૯,૭૭,૨૨૬, ધનસુરા તાલુકામાં ૮,૬૧,૩૨૯, મેઘરજ તાલુકામાં ૧૦,૩૩,૬૬૪, માલપુર તાલુકામાં ૮,૨૭,૧૫૨. કુલ મળીને ૨૦૧૫-૧૬ની અરજીઓની કુલ ખર્ચની રકમ થાય છે ૫૯,૦૧,૧૦૧.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ યોજનાની પાત્રતા શું છે? અરવલ્લી જિલ્લામાં સમાજકલ્યાણ નિરીક્ષકોની ૬ તાલુકામાં કેટલી ભરતી કરી છે અને કેટલા બાકી છે અને કયાં સુધીમાં ભરવામાં આવશે?

શ્રી આત્મારામ મ. પરમાર : ભરતીના પ્રશ્ન માટે અલગથી નોટિસ આપજો. આમાંથી ઉપસ્થિત થતો નથી. પહેલાં પ્રશ્નનો જવાબ આપી દઉં. તેના માટેની પાત્રતા છે તેમાં ગુજરાત રાજયમાં અનુસૂચિત જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ તથા લઘુમતી જાતિની વ્યક્તિઓને રોજગારી પૂરી પાડીને આર્થિક રીતે પગભર બનાવવા માટેનો આનો હેતુ છે. તેની આવક મર્યાદા છે, માનવ ગરિમા યોજના માટે ગ્રામ્ય વિસ્તાર માટેની આવક મર્યાદા ૪૭,૦૦૦ છે. શહેરી વિસ્તાર માટેની આવક મર્યાદા ૬૮,૦૦૦ છે. આ સિવાય પણ અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિઓ, વિચરતી-વિમુક્ત જાતિઓ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત પૈકી અતિ પછાત જાતિઓ માટે કોઇ આવક મર્યાદા નથી. આનો લાભ એક કુટુંબના એક જ સભ્યને મળવાપાત્ર છે. અગાઉ આ યોજનાનો લાભ લીધો હોય તો બીજી વાર આ લાભ મળતો નથી અને એ અંગેના જે જરૂરી દાખલાઓ, પ્રમાણપત્ર, રેશનકાર્ડ, ઉંમરના પુરાવા એ બધી વિગત હું વાંચતો નથી પણ આ બધાની સાથે તમે અરજી કરો તો તમને માનવ ગરિમા યોજનાની આ સહાય મળે છે.

### વલસાડ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

* ૨૭૩૮૫ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કેટલી અરજીઓ આવી, | (૧) એક વર્ષમાં ૩૨,૧૯૭ અરજીઓ મળી. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર થઈ, અને | (૨) ૩૨,૧૯૭ અરજીઓ મંજૂર થઈ. |
| (૩) તે અન્વયે કેટલી રકમની ચુકવણી થઈ ? | (૩) રૂ. ૯૬,૫૯,૧૦૦/- ની ચુકવણી થઈ. |

શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વિકસતી જાતિના વિદ્યાર્થીઓ ધરમપુર અને કપરાડા તાલુકામાં કેટલી અરજીઓ કરી? તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી? એક વિદ્યાર્થીદીઠ કેટલી સહાય ચૂકવી? ગણવેશ સહાય માટે કઇ કઇ જાતિના વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, દિયોદર વિસ્તારની પ્રજાના આશીર્વાદ અને ભગવાનની કૃપાથી મને આ સન્માનનીય ગૃહ સમક્ષ મંત્રી તરીકે પ્રશ્નનો જવાબ આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ પ્રસંગે આપના આશીર્વાદ અને સન્માનનીય સભાગૃહની શુભેચ્છા ઇચ્છું છું. ધરમપુર તાલુકામાં ૮૧૩ અરજીઓ મળી છે અને બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને એમાં રૂ.૨,૪૩,૯૦૦/અની સહાય ચૂકવવામાં આવી છે. કપરાડા તાલુકામાં ૭૩૧ અરજીઓ મળી છે અને બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને રૂ.૨,૧૯,૩૦૦/-ની સહાય ચૂકવવામાં આવી છે. ગણવેશ સહાય પેટે રૂ.૩૦૦/- આપવામાં આવે છે. એમાં જાતિ, ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વગર તમામ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય ચૂકવવામાં આવે છે.

## તા. ૭મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ગણવેશ સહાયની વાત થઇ. બિન પછાત સવર્ણ જાતિના વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવે છે કે કેમ અને એના માટે કોઇ આવક મર્યાદા છે કે કેમ?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટી સૌનો સાથ સૌનો વિકાસ એ મંત્રને વરેલી સરકાર છે. ગણવેશ સહાયમાં કોઇપણ જાતિ કે ધર્મના ભેદભાવ વગર બધા જ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય ચૂકવવામાં આવે છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વાવલંબન યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬થી વાર્ષિક આવક મર્યાદાના ધોરણો નાબૂદ કરવામાં આવેલ છે અને તમામ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરવામાં આવી અને તાલુકાવાર કેટલી સહાય મંજૂર કરવામાં આવી?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં તાલુકાવાર ગણવેશ સહાયની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | ચૂકવવામાં આવેલ રકમ રૂ.માં |
|---|---|---|---|
| વલસાડ | ૧૦૨૨૮ | ૧૦૨૨૮ | ૩૦,૬૮,૪૦૦/- |
| પારડી | ૨૭૦૧ | ૨૭૦૧ | ૮,૧૦,૩૦૦/- |
| વાપી | ૮૨૩૯ | ૮૨૩૯ | ૨૪,૭૧,૭૦૦/- |
| ઉમરગામ | ૯૪૮૫ | ૯૪૮૫ | ૨૮,૪૫,૫૦૦/- |
| ધરમપુર | ૮૧૩ | ૮૧૩ | ૨,૪૩,૯૦૦/- |
| કપરાડા | ૭૩૧ | ૭૩૧ | ૨,૧૯,૩૦૦/- |

માનનીય અધ્યક્ષશ્રી, આમ વલસાડ જિલ્લામાં કુલ ૩૨૧૯૭ અરજીઓ મળી છે અને તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને રૂ.૯૬,૫૯,૧૦૦/- સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સૌનો સાથ અને સૌના વિકાસની વાત કરી અને આપણે જયારે સામાજીક સમરસતાની વાત કરતા હોઇએ ત્યારે વાયબ્રંટ ગુજરાતમાં ગાલા ડીનરમાં એક ટંકના એક ડીશના ૬૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે અને આ ગુજરાતનો બક્ષીપંચ સમાજનો ગરીબ વિદ્યાર્થી જે આખું વર્ષ આ યુનિફોર્મ પહેરે છે એ આખા વર્ષ માટે આપણે ફકત ૩૦૦ રૂપિયા આપીએ છીએ. માનનીય મંત્રીશ્રી પણ બક્ષીપંચ સમાજમાંથી આવે છે ત્યારે એમને આપના મારફત પૂછવા માગુ છું કે ગાલા ડીનરમાં ૬૦૦૦ની ડીશ માટે જો આપણે પૈસા ખર્ચતા હોઇએ તો ૩૦૦ રૂપિયામાં વધારો કરીને ૬૦૦ રૂપિયા કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ગણવેશનો છે અને ગાલા ડીનરની વાત કરવામાં આવે છે? એ ખોટું છે. જયારે ગાલા ડીનરનો પ્રશ્ન આવ્યો હતો ત્યારે મેં આ ફલોર ઉપર એનો જવાબ પણ આપેલો છે. ગાલા ડીનરનો મેં જવાબ આપેલો છે અને તમારો અંદાજ સાવ ખોટો છે. તમારો અંદાજ ઘરનો અંદાજ છે. આ આક્ષેપો ખોટા છે. બીનપાયાદાર છે. આ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. ગણવેશના સવાલમાં ગાલા ડીનર કેવી રીતે આવે? (અંતરાય) સમય પસાર કરવો હોય તો આવી રીતે ખોટા આક્ષેપ કરીને ના કરાય.

### વલસાડ જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૨૯૨૭૩ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૨૪ |

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૬૯ |
| ૨ | પારડી | ૭૪ |
| ૩ | વાપી | ૨ |
| ૪ | ધરમપુર | ૨૦ |
| ૫ | કપરાડા | ૩૫ |
| ૬ | ઉમરગામ | ૨૪ |
| | કુલ | ૨૨૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, | (૨) ૧૨૨ |

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૪૮ |
| ૨ | પારડી | ૨૭ |
| ૩ | વાપી | ૨ |

| | | |
|---|---|---|
| ૪ | ધરમપુર | ૧૦ |
| ૫ | કપરાડા | ૨૪ |
| ૬ | ઉમરગામ | ૧૧ |
| કુલ | | ૧૨૨ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, અને

(૩) ૩૭

| ક્રમ | તાલુકાનું નામ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૫ |
| ૨ | પારડી | ૨૩ |
| ૩ | વાપી | ૦ |
| ૪ | ધરમપુર | ૩ |
| ૫ | કપરાડા | ૬ |
| ૬ | ઉમરગામ | ૦ |
| કુલ | | ૩૭ |

(૪) ઉકત અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શા છે ?

(૪) નામંજૂરીના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| બી.પી.એલ. યાદીમાં સામેલ ન હોવાથી | ૨૫ |
| મૃત્યુ પામનાર વ્યકિતની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ થી વધુ હોવાથી | ૦૨ |
| કુટુંબ તરફથી બીજી વ્યક્તિની અરજી થવાથી | ૦૧ |
| અરજી સાથે જરૂરી પુરાવા રજુ કરેલ ન હોવાથી | ૦૨ |
| બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી | ૦૭ |
| કુલ | ૩૭ |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સંકટ મોચન યોજનામાં કયારે કયારે સહાયની રકમમાં વધારો કરેલ છે?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સંકટ મોચનની આ યોજના બી.પી.એલ. પરિવારમાં ૦ થી ૧૬ સુધીના સ્કોરમાં સમાવિષ્ટ કુટુંબના મુખ્ય કમાનાર વ્યકિતનું અકસ્માત કે કુદરતી મૃત્યુ થતા કુટુંબના વારસદારોને આ સહાય મળે છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે તબકકાવાર કેટલી કેટલી રકમ વધારવામાં આવી તો રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના સંકટ મોચન યોજનામાં ૧૫-૮-૯૫એ કુદરતી મૃત્યુના કિસ્સામાં આ રકમ રૂપિયા ૫ હજારની હતી. પછી એમાં અકસ્માત મૃત્યુ થાય તો પણ એ પરિવારની મુખ્ય કમાનાર વ્યકિત હતી એટલે એના પરિવારને સહાય આપવાના ઉદ્દેશથી અકસ્માત મૃત્યુનો પણ એમાં સમાવેશ કરીને રકમ વધારીને ૧૦હજાર રૂપિયા કરવામાં આવી. મૃત્યુના કિસ્સામાં અને અકસ્માત મૃત્યુના બંન્ને કિસ્સામાં આ રકમ ૧૦હજાર થી વધારીને હવે આ રકમ ૨૦હજારની કરવામાં આવી છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના સંકટ મોચન યોજના હેઠળ આવક મર્યાદાનું ધોરણ શું છે?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આના માટેની જે પાત્રતા છે એ મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આમાં આવક મર્યાદા કોઇ નથી પણ અરજદાર બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ હોવા જોઇએ.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના સંકટ મોચન યોજના હેઠળ સહાય કેવી રીતે ચૂકવવવામાં આવે છે?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની સહાય રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના સંકટ મોચન યોજના હેઠળ સીધી લાભાર્થીઓને મળે એ માટે ચેક દ્વારા એનું ચૂકવણું કરવામાં આવે છે.

રાજયમાં વૃદ્ધોને દરમાસે નિયમીત પેન્શન

* ૨૮૮૦૭ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ રાજયમાં વૃદ્ધોને સમયસર દર માસે પેન્શન નિયમીત ચુકવાતું નથી તે હકીકત સાચી છે કે કેમ, અને

જવાબ

(૧) ના, જી.

(૨) જો હા, તો વૃદ્ધોને દર માસે પેન્શન સમયસર નહી ચૂકવવાના કારણો શા છે, અને તે અન્વયે નિયમીત પેન્શન મળે તે માટે સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો છે કે, વૃદ્ધા પેન્શન કાયમ ચુકવાય છે પણ ૬ મહિના સુધી ચુકવાતું નથી અને જો દર મહિને ચૂકવતા હોય તો ટેબલ ઉપર મૂકે કે અમે મહિને મહિને ચૂકવીએ છીએ. ૬–૬ મહિનાથી બિચારા ધક્કા ખાય છે. બહુ વયોવૃદ્ધ છે અને પથારીવશ છે એમને તો લેવા જવામાં પણ મુશ્કેલી પડે છે તો એમને ઘરે પેન્શન પહોંચાડવા માગો છો? અને મહિને મહિને પેન્શન ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સવાલ પૂછ્યો છે એટલે મેં જવાબ આપ્યો છે. એમણે વાત કરી છે કે ચૂકવણીમાં લેઈટ થાય છે. શરૂઆતના દિવસોમાં સમસ્યા હોઈ શકે પણ માનનીય વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારે ગુજરાતમાં ચાર્જ લીધા પછી બે પ્રકારની યોજનાઓ છે એમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળના લાભાર્થીઓને ભારત સરકારની સૂચના મુજબ તા.૫–૧૦–૨૦૧૬થી માનનીય સભ્યશ્રી, ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર એટલે કે લાભાર્થીના બેંક એકાઉન્ટમાં સીધી રકમ જમા કરીને ચૂકવવામાં આવે છે. આ ચૂકવણી માટે એન.એસ.ઇ. પોર્ટલ ઉપર લાભાર્થીઓની તમામ પ્રકારની વિગતો સાથે ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે તેમજ પબ્લિક ફાયનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમના પોર્ટલ મારફત ચૂકવણી કરવામાં આવે છે. આ જે આખી સિસ્ટમ નવી ડેવલપમેન્ટ કરી છે એના લીધે ચકાસણીમાં થોડા લાભાર્થીઓના સાચા નામ, સરનામા, બેંક એકાઉન્ટ, બેંક, આઇ.એ.એફ.સી. કોડ, આધાર નંબર, ઉમર, જન્મ તારીખ વિગેરેની સંપૂર્ણ વિગતો સાથે P.F.M.S. portal માં લાભાર્થીએ રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. જે લાભાર્થીઓએ આ વિગત રજૂ ના કરી હોય તેમને પણ સહાય તો ચૂકવવામાં આવે છે પણ સીધી બેંક એકાઉન્ટ મારફતે સીધી ચૂકવવામાં આવતી નથી અને અગાઉની જે સિસ્ટમ છે એ પ્રમાણે કલેક્ટર મારફતે ચૂકવવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થશે કે, ૪ લાખ ૬૫ હજાર જેટલા લાભાર્થીઓમાંથી ૩ લાખ ૯૮ હજાર પાંચસો જેટલા લાભાર્થીઓના P .F .M.S . પર રજિસ્ટ્રેશન કરાવામાં આવ્યાં છે બાકીના જે ખાતા બાકી રહ્યાં છે એના પોસ્ટ એકાઉન્ટ પણ આ વખતે ચૂકવણીની પ્રક્રિયામાં સામેલ થયા છે. અત્યાર સુધી પોસ્ટ ઓફિસના એકાઉન્ટથી ચૂકવણી થઇ શકતી ન હતી. જે ૨૦૧૭ના જાન્યુઆરીના પેમેન્ટથી ચૂકવણી શરૂ કરવામાં આવેલ છે અને બાકીના જે કાંઇ લાભાર્થીઓનું અમારે ક્રોસ વેરિફિકેશન બાકી છે એ પૂર્ણ થાય એટલે તમામ લાભાર્થીઓને આ રીતે સીધી ચૂકવણી કરવામાં આવશે એટલે માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન હવે આવનાર ભવિષ્યમાં રહેશે નહિ.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોઇએ છીએ અને એને કારણે ઓફિસ ચલાવતા હોઇએ તો વૃદ્ધ લોકો રજૂઆત માટે આવતા હોય છે કે અમને મળ્યું નથી અને સંકલનમાં પૂછીએ છીએ તો એનો જવાબ મળતો હોય છે કે બે–ત્રણ મહિના સુધી હજુ આપી શક્યા નથી એવો સંકલનમાં પણ જવાબ મળતો હોય છે તો એવા સંજોગોમાં સરકાર એવી સિસ્ટમ ઉભી કરવા માગે છે કે દર મહિને મળ્યાનું આપને જ બધી જગ્યાનું સ્ટેટમેન્ટ મળી જાય તો આ પ્રશ્ન પતી જાય એવો છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મેં અગાઉ પણ કહ્યું એ પ્રમાણે આ વૃદ્ધોના પેન્શન માટેની યોજના લાગણી સાથે સંબંધ ધરાવતી યોજના છે અને સંવેદનશીલતા સાથે પણ સંબંધ ધરાવતી યોજના છે અને જે ક્યાંક મોડું થતું હતું. પહેલા આ યોજનાની અમલવારી ગુજરાત રાજ્ય કક્ષાએથી કલેક્ટર અને કલેક્ટર કક્ષાએથી મામલતદાર અને ત્યાંથી પોસ્ટમાં આ ત્રણ સ્ટેજ પર જતી હતી એટલે ક્યાંક ને ક્યાંક આવા બનાવો બનતા હતા એની અમે ના નથી પાડતા પણ એમાં સુધારો કરવા માટે જ મેં કહ્યું એ પ્રમાણે તા.૫–૧૦–૨૦૧૬ થી D .B .T . એટલે લાભાર્થીના ખાતામાં હવે સીધી રકમ પહેલી તારીખે જમા થઇ જશે અને માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ પણ થાય છે કે, મોટાભાગના જે નિરાધાર વૃદ્ધ પેન્શન યોજનામાં, ઇંદિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં જાન્યુઆરી, ૨૦૧૭ સુધીનું ચૂકવણું થયું છે. રાજ્ય સરકારની જે યોજના છે એમાં ક્યાંક હજુ ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફરમાં એ જોડાયા નથી એટલે એમાં આગામી દિવસોમાં એને જોડીને એને પણ આ લાભ સીધો મળે એવા અમારા પ્રયત્નો રહેશે. આ ડી.બી.ટી.(ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર) દાખલ કરવાનો વિચાર એમાંથી આવે છે કે, આપણા ખાતામાં (અંતરાય) તમારી સાથે સંમત છું અને તમારા પ્રશ્ન સાથે પણ સંમત છું અને એટલા માટે બાકીના જે બાકી રહ્યા છે લાભાર્થીઓ એને પણ અમે ડી.બી.ટી.માં તાત્કાલિક જોડવા માગીએ છીએ.

### મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૭૪૦૩ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહિસાગર જીલ્લામાં ૧૩૧૬ અને પંચમહાલ જીલ્લામાં ૨૦૦૦ આંગણવાડીઓ કાર્યરત છે. |
| (૨) તે અન્વયે ઉકત જિલ્લાવાર કેટલી | (૨) તે અન્વયે મહિસાગર જીલ્લામાં ૧૧૫૨ અને |

આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

પંચમહાલ જીલ્લામાં ૧૭૩૯ આંગણવાડીઓને પોતાના મકાનો છે મહિસાગર જીલ્લામાં ૧૬૪ અને પંચમહાલ જીલ્લામાં ૨૬૧ આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૩) ઉકત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાન સત્વરે આપવા સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

(૩) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાન સત્વરે આપવા જરૂરી જમીન અંગે ગ્રામ પંચાયતના ઠરાવ સાથેની જરૂરી દરખાસ્ત મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ મહિસાગર જિલ્લામાં ૯૪ મકાન બાંધકામ હેઠળ છે.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લામાં અને પંચમહાલ જિલ્લામાં જે આંગણવાડી મંજૂર થયેલી છે તે પૈકી મહીસાગર જિલ્લામાં ૧,૧૫૨ અને પંચમહાલ જિલ્લામાં ૧,૭૩૯ આંગણવાડીઓને પોતાના મકાન છે. મહીસાગર જિલ્લામાં ૧૬૪ અને પંચમહાલ જિલ્લામાં ૨૬૧ આંગણવાડીઓને પોતાના મકાન નથી. એ પૈકી મહીસાગર જિલ્લામાં ૯૪ આંગણવાડીઓના મકાનનું બાંધકામ પ્રગતિમાં છે એવું જણાવેલ છે અને ૭૦ આંગણવાડીઓનું કામ હાથ ધરવામાં આવેલ નથી. ત્યારે આપના મારફતે સરકારને હું એ પુછવા માગુ છું કે, કેટલીક જગ્યાઓ એવી છે કે, ત્યાં જમીન નથી. સરકારી પડતર જમીન નથી, ખરાબાની જમીન નથી, ગામતળની જમીન નથી અને સ્વેચ્છાએ કોઇ જમીન આપવા તૈયાર નથી, તો તેવા સ્થાનો ઉપર સરકારશ્રી જમીન એક્વાયર કરીને આંગણવાડીનું મકાન બનાવવા માગે છે કે કેમ?

મારો બીજો પ્રશ્ન એ છે કે, આ જે બાંધકામ પ્રગતિમાં છે એમાં કેટલા કામો એવા છે કે, જે સમય મર્યાદા પૂર્ણ થઇ હોવા છતાં બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ નથી અને આવા કામો કે જેમણે સમય મર્યાદામાં ઈજારદારે પુરા કર્યા નથી એવા કામો એમના ખર્ચે અને જોખમે સરકારશ્રી બીજા ઈજારદાર મારફતે કરવા માગે છે કે કેમ?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું બીજા પ્રશ્નનો પહેલાં જવાબ આપીશ, એમણે જેવી રીતે કહ્યું કે, આંગણવાડીઓનું બાંધકામ અંગે, તો ગયા બે વર્ષમાં જે પંચમહાલ અને મહીસાગરમાં કુલ ૨૦ જેટલી આંગણવાડીઓનું બાંધકામ અત્યારે પ્રગતિમાં છે અને પહેલો જે એમનો પ્રશ્ન છે એ એમનું સુચન છે.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી બહુ સ્પષ્ટ વાત છે કે, જ્યાં જમીન નથી, સરકારી પડતર પણ નથી, ખરાબાની પણ નથી, ગામતળ પણ નથી, હવે જો જમીન એક્વાયર ન કરે તો આંગણવાડીનું મકાન થઇ શકે જ નહીં એટલે એ કામ સરકાર કરવા માગે છે કે કેમ ? અને બીજો પ્રશ્ન મારો બહુ સીધો પ્રશ્ન છે

અધ્યક્ષશ્રી : હીરાભાઇ, તમારો બિલકુલ સીધો પ્રશ્ન છે પણ ચાર મિનિટ સુધી પ્રશ્નમાં જ ગુંચવાયા રહ્યા એટલે સામેવાળો પણ ગોટે ચડી જાય, તમે તો અનુભવી માણસો છો. બિલકુલ પોઇન્ટેડ કહો એટલે એ પ્રમાણે જવાબ આપે.

પ્રો હીરાભાઇ હ. પટેલ : જે મકાનોનું બાંધકામ અત્યારે ચાલી રહ્યું છે એમ કહેવામાં આવે છે તો એ સમય મર્યાદાની અંદર ઈજારદારે નથી કર્યું તો એની સામે શું પગલા લેવા માગે છે સરકાર?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : એમાં આપણા પોતાના સરકારી મકાનો નથી તો આમાં બીજા સરકારી મકાનો જેવા કે, પંચાયત ઘર હોય કે કોઇ સ્કુલ હોય, શાળા હોય કે, કોમ્યુનિટી હોલ હોય અને ક્યાંક ક્યાંક તો આંગણવાડી બહેનો પોતાના ઘરમાં પણ ચલાવે છે, આમાં આપણે કોઇ ભાડુ ચૂકવતા નથી અને બાળકોને પૂર્ણ લાભો આપીએ છીએ.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આંગણવાડી બાંધકામ માટેની છેલ્લા પાંચ વર્ષની શું વિગત છે?

અધ્યક્ષશ્રી : બે વર્ષ સુધી ઠીક છે. પાંચ વર્ષ બહુ લાંબુ થઇ જાય.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લામાં પાંચ જેટલી આંગણવાડીઓ અને પંચમહાલ જિલ્લામાં ૧૫ જેટલી આંગણવાડીઓનું બાંધકામ પ્રગતિમાં છે.

## રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓ

* ૨૯૧૭૦ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે, | (૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓની સંખ્યા હાલના તબક્કે પર્યાપ્ત છે. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૧૭૨૩ આંગણવાડીઓ કાર્યરત છે. જે તાલુકાવાર નીચે દર્શાવેલ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | લોધિકા | ૫૫ |
| ૨ | જસદણ | ૨૨૯ |
| ૩ | રાજકોટ (ગ્રામ્ય અને અર્બન) | ૫૧૮ |
| ૪ | જામકંડોરણા | ૯૨ |
| ૫ | પડધરી | ૯૨ |
| ૬ | ઉપલેટા | ૧૫૭ |
| ૭ | ગોંડલ | ૨૧૫ |
| ૮ | જેતપુર | ૧૫૨ |
| ૯ | ધોરાજી | ૧૨૪ |
| ૧૦ | કોટડા સાંગાણી | ૮૯ |
| | કુલ | ૧૭૨૩ |

(૩) કેટલી આંગણવાડીની ઘટ છે, અને

(૩) આંગણવાડીઓની સંખ્યા પર્યાપ્ત હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉકત સ્થિતિએ બાકી આંગણવાડીઓ શરૂ કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ૧૭૨૩ આંગણવાડીઓ કાર્યરત છે એ ૧૭૨૩ છે એમાં વીજળીકરણ તેમજ સેનીટિશન અને પાણીની અત્યારે હાલમાં શુંવ્યવસ્થા છે અને પાણીની જે વ્યવસ્થા છે એમાં કેટલી આંગણવાડીઓમાં આર.ઓ. સિસ્ટમ કાર્યરત છે?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૩૩૬ જેટલા ઘટકો છે અને રાજકોટમાં જિલ્લામાં ૧૦ અને અર્બનમાં બે એમ કરીને કુલ ૧૨ ઘટક છે તો ઘટક પ્રમાણે જે લોધીકા ઘટક છે એમાં મંજૂર કરેલા કેન્દ્રો ૫૫, વીજળીકરણની વ્યવસ્થા ૫૫, પાણીની વ્યવસ્થા ૫૫, સેનીટિશનની વ્યવસ્થા ૫૫, જસદણ ઘટકમાં મંજૂર કરેલા કેન્દ્રો ૨૨૯, વીજળીકરણની વ્યવસ્થા ૨૨૯, પાણીની વ્યવસ્થા ૨૨૯, સેનીટિશનની વ્યવસ્થા ૨૨૯, રાજકોટ ગ્રામ્ય મંજૂર કરેલા કેન્દ્રો ૧૬૮, વીજળીની વ્યવસ્થા ૧૬૮, પાણીની વ્યવસ્થા ૧૬૮, સેનીટિશનની વ્યવસ્થા ૧૬૮, જામકંડોરણામાં મંજૂર કરેલા ૯૨, પાણીની વ્યવસ્થા ૯૨, વીજળીની વ્યવસ્થા ૯૨, સેનીટિશનની વ્યવસ્થા ૯૨, પડધરીમાં મંજૂર કરેલા ૯૨, વીજળીની વ્યવસ્થા ૯૨, પાણીની વ્યવસ્થા ૯૨, સેનીટિશનની વ્યવસ્થા ૯૨, ઉપલેટામાં મંજૂર કરેલા ૧૫૭, વીજળીની વ્યવસ્થા ૧૫૭, પાણીની વ્યવસ્થા ૧૫૭, સેનીટિશનની વ્યવસ્થા ૧૫૭, ગોંડલમાં મંજૂર કરેલા ૨૧૫, વીજળીની વ્યવસ્થા ૨૧૫, પાણીની વ્યવસ્થા ૨૧૫, સેનીટિશનની વ્યવસ્થા ૨૧૫, જેતપુરમાં મંજૂર કરેલા ૧૫૨, વીજળીની વ્યવસ્થા ૧૫૨, પાણીની વ્યવસ્થા ૧૫૨, સેનીટિશનની વ્યવસ્થા ૧૫૨, ધોરાજીમાં મંજૂર કરેલા ૧૨૪, વીજળીની વ્યવસ્થા ૧૨૪, પાણીની વ્યવસ્થા ૧૨૪, સેનીટિશનની વ્યવસ્થા ૧૨૪, કોટડાસાંગાણીમાં મંજૂર કરેલા ૯૮, વીજળીની વ્યવસ્થા, ૯૮, પાણીની વ્યવસ્થા ૯૮, સેનીટિશનની વ્યવસ્થા ૯૮, એમ કરીને કુલ ૧૩૭૩ અને બધામાં વીજળી, પાણી અને સેનીટિશનની વ્યવસ્થા છે. એમ કરીને રાજકોટ એરીયામાં રાજકોટ અર્બન–૧માં મંજૂર કરેલા ૧૮૪ આમાં વીજળી, પાણી અને સેનીટિશનની બધામાં, ૧૮૪માં વ્યવસ્થા છે. રાજકોટ અર્બન–૨માં મંજૂર કરેલા ૧૬૬, આમાં વીજળી, પાણી, સેનીટિશન બધામાં, ૧૬૬માં વ્યવસ્થા કરેલ છે. એમ કુલ અર્બન એરીયામાં ગણીએ તો ૩૫૦માં વીજળી, પાણી અને સેનીટિશનની વ્યવસ્થા છે. તમામ કુલ એકમો છે ૧૭૨૩ એમાં વીજળી, પાણી અને સેનીટિશનની વ્યવસ્થા છે જ. સો ટકા વ્યવસ્થા કરેલ છે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં વસતિના ધોરણે પૂરતા પ્રમાણમાં આંગણવાડી કેન્દ્રો છે પણ ગ્રામ્ય વિસ્તારમાં પેટા પરા જે ગામથી એક કે દોઢ કિલોમીટર નવા પરા વિસ્તાર બન્યા હોય ત્યાં આ સરકાર નવા આંગણવાડી કેન્દ્રો શરૂ કરવા માગે છે કે કેમ?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં નવી આંગણવાડી કેન્દ્રો સાથે મીની આંગણવાડી કેન્દ્રોની રચના કરવામાં આવી છે એનું કામ મંજૂર કરેલ છે. એમાં લોધીકામાં મંજૂર કરેલા–૨, કાર્યાન્વિત–૨, જસદણમાં–૭, કાર્યાન્વિત–૭, રાજકોટ ગ્રામ્યમાં મંજૂર–૪, કાર્યાન્વિત–૪, પડધરીમાં મંજૂર–૩, કાર્યાન્વિત–૩, ગોંડલમાં મંજૂર–૭, કાર્યાન્વિત–૭, જેતપુરમાં મંજૂર–૯, કાર્યાન્વિત–૯, ધોરાજીમાં મંજૂર–૧, કાર્યાન્વિત–૧, કોટડાસાંગાણીમાં મંજૂર–૨, કાર્યાન્વિત–૨, એમ કરીને કુલ ૩૫ મંજૂર અને ૩૫ કાર્યાન્વિત એમ

તારાંકિત પ્રશ્નો

અર્બન ક્ષેત્રમાં રાજકોટ અર્બન-૧માં મંજૂર-૧, કાર્યાન્વિત-૧, રાજકોટ અર્બન-૨ માં મંજૂર-૧ મીની આંગણવાડી, કાર્યાન્વિત ૧ મીની આંગણવાડી એમ કરીને કુલ ૨ મંજૂર અને ૨ કાર્યાન્વિત અને તમામ કુલ મંજૂર ૩૭ અને કાર્યાન્વિત ૩૭.

બહુચરાજી યાત્રાધામ શિખરની ઉંચાઈ

* ૨૮૧૮૨ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બહુચરાજી યાત્રાધામના શિખરની ઉંચાઈ તેની નિયત કરેલ ઉંચાઈથી ઓછી વધારવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકારે આ ઉંચાઈ વધારવા માટે શું આયોજન કરેલ છે ? | (૨) હાલમાં મંદિરના શિખરની ઉંચાઈ ૪૯ ફૂટ.૭ ઇંચ છે જેને વધારી ૫૬ ફૂટ કરવા વિચારણા હેઠળ છે. |

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે જૂના મંદિરની શિખર એ ઓલરેડી ૫૭ ફૂટ હતી. નવો કોન્ટ્રાક્ટ આપ્યો એમાં ૪૯ ફૂટ થઇ. એટલે ૭ ફૂટ ઘટી. જેના કારણે સમગ્ર હિન્દુ સમાજની લાગણી દુભાતી હતી. આ અંગે બધાએ રજૂઆત કરી અને સરકારે હકારાત્મક વાત કરી છે, ત્યારે ગઇ પ્રશ્નોત્તરીમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો આમાં તૈયાર છીએ અને કરી દેવાના છીએ. આજે વર્ષ થયું છે. આમાં રાજકીય સિવાય હું એટલું જ કહેવા માગું છું કે જે ૫૭ ફૂટ સરકાર ચોક્કસ સમયમાં અને કેટલા ખર્ચમાં કરવા માગે છે? ભૂતકાળમાં ભૂલ થઇ છે એના માટે કોઇ પગલાં લેવાં માગે છે કે કેમ?

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : સૌ પ્રથમ તો આપણી સૌની જગતજનની અને આસ્થાવાળી બહુચર માતાજીની જય. સરકાર યાત્રાધામ માટે ખૂબ જાગૃત છે. આપે જાગૃત ધારાસભ્ય તરીકે માતાજીનો પ્રશ્ન પૂછ્યો છે, એમાં એક ક્ષતિ થઇ છે તે આપણે પહેલાં સુધારી લઇએ છીએ. ક્ષતિ થાય એ સ્વાભાવિક છે. ૫૭ ફૂટ નહિ, પણ ૫૬ ફૂટનો ભૂતકાળનો જવાબ છે. આવા બાંધકામમાં ક્ષતિ થઇ હોય, પણ કામ નિષ્ણાતોને આપવામાં આવેલ છે. કોઇ રાજકીય રીતે જવાબ નથી. આ સરકાર હંમેશા હકારાત્મક રહી છે. હું ૪૦ વર્ષથી વકીલ તરીકે પ્રશ્ન પૂછવા ટેવાયેલ છું. આજે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને ડેપ્યુટી ચીફ મિનિસ્ટરે ટ્રેઝરી બેન્ચમાં મૂક્યો એમનો આભાર માનું છું. આ ૫૬ નો પ્રશ્ન છે અને સરકાર ૫૬ સ્વીકારીને ચાલે છે. આ ૫૬ ની છાતીવાળી સરકાર છે. સરકાર હકારાત્મક રીતે ૫૬ ફૂટ કરવા માગે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કેટલા સમયમાં અને કેટલા ખર્ચે? ૧ વર્ષ થઇ ગયું છે?

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : આમાં ટેકનિકલ બાબત રહેલી છે કે ટ્રસ્ટ તરફથી જે દરખાસ્ત સર્વાનુમતિ અથવા બહુમતિથી મંજૂર થઇને આવવી જોઇએ એ આવી નથી. એ આવી જાય એટલે તાત્કાલિક અમલમાં મૂકીશું.

અધ્યક્ષશ્રી : લાગણી સાથે સંકળાયેલ વિષય છે, જે ઝડપથી પૂરો થાય એવી અપેક્ષા.

દ્વારકા તીર્થસ્થાનનો વિકાસ

* ૨૯૧૭૨ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દ્વારકા તીર્થસ્થાનના વિકાસ અર્થે રાજ્ય સરકારે શી કામગીરી કરેલ છે, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દ્વારકા તીર્થસ્થાનના વિકાસ અર્થે ગોમતીઘાટ ઉપર સુદામાસેતુ બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ માટે તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૨) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રૂપિયા ૩,૭૨,૮૬,૫૫૬/- નો ખર્ચ કરવામાં આવેલ છે. |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે જામનગરથી ગાંધીનગર બાજુ આવતા હોઇએ ત્યારે દ્વારકા કાળિયા ઠાકોરને માથું ટેકવવા માટે લાખોની સંખ્યામાં જનમેદની જોવા મળે છે. મારો પ્રશ્ન તીર્થયાત્રા માટેનો છે. મારા જવાબમાં આપેલ છે કે ગોમતી ઘાટ ઉપર સુદામાસેતુ બાંધકામ પૂર્ણ કર્યુ તો મારે જાણવું છે કે આ સિવાયનાં બીજાં કામ કયા કયા લેવામાં આવેલ છે એની વિગતવાર માહિતી આપો?

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ ધર્મના પ્રશ્નનો બીજી વાર જવાબ આપવા માટે ઊભું થવું પડ્યું છે તેનો મને આનંદ છે. મેં પ્રથમથી જ કહ્યું કે આદરણીય મોદીજી વખતથી ધર્મની બાબતમાં આ સરકાર આગળ રહે છે. જે બીજાં વિકાસનાં કામો પૂછ્યાં એમાં ૬૫ કરોડ અને ૭૨ લાખનાં કામો આપણે કુલ ૫ પૅકેજ યોજનામાં કર્યા. એમાં એક પૅકેજમાં પાર્કિંગ માટેની વ્યવસ્થા કરી, પુરુષ અને સ્ત્રી માટેના ટોઇલેટ બ્લોકની વ્યવસ્થા કરી, ડ્રાઇવરો માટેની બેઠક વ્યવસ્થા કરી. દુકાનો, ચોરી ચપાટી ન થાય તે માટે સિક્યોરિટી કેબિન, પ્રવેશ દ્વાર, ઓફિસ બિલ્ડિંગ, પાથ-વે, ઇલેક્ટ્રિફિકેશન અને કમ્પાઉન્ડ વોલ એ પહેલા ફેઇઝમાં અને સેકન્ડ પૅકેજમાં ૧૯ કરોડના ખર્ચે જૂનું ગોમતી ઘાટનું નવીનીકરણ કર્યુ. લોકલ રૂમ રાખ્યા. ટ્રાફિક

પોલીસ કેબિન બનાવી, ચેઈન્જ રૂમ જરૂરી હોય છે. પાથ–વે, સીટિંગ માટેની પગથિયાની વ્યવસ્થા..

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

ભરૂચ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૯૨૭૯ શ્રી અરુણસિંહ રણા (વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ ખાતે કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૯૬૧૪ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપી ? | (૨) ૩૦૬૩૬ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પોતાના મકાનમાં આંગણવાડીઓ

* ૨૮૮૨૧ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) અરવલ્લી જિલ્લામાં ૧૪૫૧ અને સાબરકાંઠા જિલ્લામાં ૧૯૨૧ |
| (૨) આ પૈકી કુલ કેટલી આંગણવાડીઓ સરકારી મકાનમાં ચાલે છે, અને કેટલી ભાડાના મકાનમાં ચાલે છે. અને | (૨) અરવલ્લી જિલ્લામાં ૧૨૩૮ અને સાબરકાંઠા જિલ્લામાં ૧૫૯૫ આંગણવાડીઓ સરકારી મકાનમાં ચાલે છે. અને અરવલ્લી જિલ્લામાં ૧૦૭ તથા સાબરકાંઠા જિલ્લામાં ૨૦૫ આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે, અને |
| (૩) ઉકત સ્થિતિએ ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ માટે સરકારી મકાન કેટલા સમયમાં ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે ? | (૩) ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ માટે અરવલ્લી જિલ્લામાં ૧૦૭ આંગણવાડીઓ માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે અને સાબરકાંઠા જિલ્લામાં ૧૧૪ મકાનોના બાંધકામ પ્રગતિમાં છે. બાકીના આંગણવાડી કેન્દ્રો માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે. જે અંગે તબક્કાવાર આયોજન કરવામાં આવશે. |

---------

અમદાવાદ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૨૯૧૫૫ શ્રી લાલજીભાઈ કોળીપટેલ (ધંધુકા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને | (૧) ૨૧ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમા અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૨૫૫૬૪ |

---------

બનાસકાંઠા જિલ્લામાં સબલા યોજના

* ૨૯૧૫૮ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજીવ ગાંધી સ્કિમ ફોર એમ્પાવરમેન્ટ ઓફ એડોલસન્ટ ગર્લ્સ (સબલા) યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા લાભાર્થીઓએ લાભ લીધો,

(૨) ઉકત યોજના માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૧,૦૦,૨૭૦ |
| ૨૦૧૬–૧૭ | ૯૯,૮૭૪ |

(૨)

વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ કેટલી રકમ મળી, અને

| વર્ષ | રકમ રૂ. |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૦.૦૦ |
| ૨૦૧૬-૧૭ | ૧૬,૧૫,૦૦૦ |

(૩) ઉકત યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલો ખર્ચ થયો ?

(૩)

| વર્ષ | ખર્ચ | |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | પૂરક પોષણ | ૧૬,૮૪,૫૩,૬૦૦ |
| | તાલીમ | ૭,૩૪,૧૫૭ |
| | કુલ | ૧૬,૯૧,૮૭,૭૫૭ |
| ૨૦૧૬-૧૭ | પૂરક પોષણ | ૧૦,૪૮,૬૭,૭૦૦ |
| | તાલીમ | ૩૩,૬૧૧ |

---------

વલસાડ જિલ્લામાં વિધવા સહાય

* ૨૯૧૫૦ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે,

(૧) ૭૭૯

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨) ૬૩૦ મંજૂર અને ૩૭ નામંજૂર

(૩) ઉકત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩) નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.
(૧) પુખ્ત વયનો પુત્ર હોવાથી.
(૨) અરજી સાથે પુરાવા રજુ કરેલ ન હોવાથી
(૩) વાર્ષિક આવક વધુ હોવાથી
(૪) અન્ય કારણોસર

---------

મોરબી જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૨૯૧૬૭ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન છે,

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | ગેસ કનેકશન ધરાવતી આંગણ વાડીની સંખ્યા | બાકી ગેસ કનેકશન |
|---|---|---|---|
| ૧ | વાંકાનેર | ૨૨૭ | ૩ |
| ૨ | મોરબી | ૨૨૪ | ૩ |
| ૩ | ટંકારા | ૭૫ | ૦ |
| ૪ | માળીયા મીયાણા | ૯૩ | ૦ |
| ૫ | હળવદ | ૧૩૨ | ૩ |
| | કુલ | ૭૫૧ | ૯ |

(૨) ઉકત સ્થિતિએ ગેસ કનેકશન ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) ૯

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

અતારાંકિત પ્રશ્નો

---------

મહેમદાવાદ અને ખેડા તાલુકામાં છાત્રાલયો

* ૨૭૯૬૩ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કુમાર અને કન્યા છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૨) ઉકત સ્થિતિએ ઉકત છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉકત સ્થિતિએ વસ્તીના ધોરણે નવા છાત્રાલયો શરૂ કરવા સરકારે શું આયોજન કરેલ છે?

જવાબ

(૧) અને (૨) ખેડા જિલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં કુમાર/કન્યા છાત્રાલયની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | છાત્રાલયની સંખ્યા | | | છાત્રોની માન્ય સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | વિદ્યાર્થીઓ (કુમાર) | વિદ્યાર્થીનીઓ (કન્યા) | કુલ |
| ૧ | મહેમદાવાદ | ૬ | ૦ | ૬ | ૨૪૭ | ૦ | ૨૪૭ |
| ૨ | ખેડા | ૫ | ૧ | ૬ | ૨૫૫ | ૩૫ | ૨૯૦ |
| | કુલ | ૧૧ | ૧ | ૧૨ | ૫૦૨ | ૩૫ | ૫૩૭ |

(૩) હાલમાં કોઈ આયોજન નથી.

---------

ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓમાં ખાલી જગ્યાઓ

* ૨૭૮૦૩ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર–તેડાગર અને મુખ્ય સેવિકાઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આંગણવાડી કાર્યકરોની ૮(આઠ), તેડાગરોની ૧૫ (પંદર) જગ્યાઓ અને મુખ્ય સેવિકાની ૭ (સાત) જગ્યાઓ ખાલી છે.

| ક્રમ | તાલુકાનું નામ | આંગણવાડી કાર્યકરની ખાલી જગ્યાઓ | તેડાગરની ખાલી જગ્યાઓ | મુખ્ય સેવિકાની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | દહેગામ | ૦ | ૪ | ૦ |
| ૨ | કલોલ | ૧ | ૨ | ૬ |
| ૩ | માણસા | ૫ | ૬ | ૧ |
| ૪ | ગાંધીનગર | ૨ | ૩ | ૦ |
| | કુલ | ૮ | ૧૫ | ૭ |

(૨) આંગણવાડી કાર્યકર તથા તેડાગરની ખાલી જગ્યાઓ ભરવા માટે ટૂંક સમયમાં જાહેરાત આપી તાત્કાલિક ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

જ્યારે મુખ્ય સેવિકાની કુલ ૭ (સાત) જગ્યાઓ ખાલી છે જેમાંથી એક જગ્યા નોમીનેશન/બઢતીથી ભરવાની થાય છે તે જગ્યા ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે જ્યારે ૬ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે. જે ગુજરાત પંચાયત સેવા પંસદગી બોર્ડ અમદાવાદ દ્વારા જાહેરાત આપવામાં આવેલ છે અને જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી પ્રગતિમાં છે.

પત્રક–અ મુજબ સામેલ છે.

પત્રક–અ

| અનુ.નં | તાલુકાનું | સંવર્ગ | ક્યારથી જગ્યા ખાલી |
|---|---|---|---|

| | નામ | | છે |
|---|---|---|---|
| ૧ | દહેગામ | તેડાગર | ૧ ઓગસ્ટ ૧૬ થી |
| ૨ | | | ૨ નવેમ્બર ૧૬ થી |
| ૩ | | | ૧ ઓક્ટો ૧૬ થી |
| ૪ | કલોલ | આં.કાર્યકર | ૧ જગ્યા ૩–૧૨–૧૬ થી |
| ૬ | | તેડાગર | ૧ જગ્યા ૧–૬–૨૦૧૫ થી ૧ જગ્યા ૧૮–૬–૨૦૧૬ થી |
| | | મુખ્ય સેવિકા | ૪ જગ્યા ૫–૭–૧૬ થી<br>૨ જગ્યા ૨૫–૧–૨૦૧૭ થી |
| ૭ | માણસા | કાર્યકર | ૫ જગ્યા તા.૧૬–૮–૨૦૧૬ થી |
| | | તેડાગર | ૬ જગ્યા તા.૧૬–૮–૨૦૧૬ થી |
| | | મુખ્ય સેવિકા | ૧ જગ્યા તા.૧૬–૮–૨૦૧૬ થી |
| ૮ | ગાંધીનગર | તેડાગર | ૩ જગ્યા ખાલી છેલ્લા બે માસ થી |
| | | કાર્યકર | ૨ જગ્યા છેલ્લા બે માસ થી ખાલી |

---------

રાજ્યમાં આર.ટી.ઓ કચેરીઓમાં ખાલી જગ્યાઓ

* ૨૯૭૨૩ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની અને મોટર વાહન નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે અને તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે,

(૨) ઉકત સ્થિતિએ ખાલી રહેલી જગ્યાના કારણે વહીવટી કામગીરી ખોરંભે પડે છે તે હકીકત ખરી છે કે કેમ, અને

(૩) જો હા, તો સરકાર દ્વારા ક્યાં સુધીમાં ઉકત ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની અને મોટર વાહન નિરીક્ષકની મંજૂર થયેલી અને તે પૈકી ભરેલી અને ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| અ.નં | સંવર્ગનું નામ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૧૪ | ૦૨ | ૧૨ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૩૦૦ | ૮૮ | ૨૧૨ |

(૨) નાજી. પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની તથા મોટર વાહન નિરીક્ષક ખાલી જગ્યાઓ બાબતે આંતરીક વ્યવસ્થાથી અન્યને વધારાની કામગીરી સોપી કામગીરી લેવામાં આવે છે.

(૩) જગ્યાઓ ખાલી થવાની પ્રક્રિયા તથા ભરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. તેથી ભરતી પ્રક્રિયા અનુસાર તથા વહીવટી અનુકૂળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે

---------

## તા. ૭મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### મહેસાણા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી

* ૨૯૮૪૮ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમોમાં તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત જિલ્લાના ક્યા એકમોએ સ્થાનિક બેરોજગારોને રોજગાર આપવાના નિયમોનું ઉલ્લઘંન કરેલ છે, અને

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં ક્યા એકમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં સ્થાનિક બેરોજગારોને આપવામાં આવેલ રોજગારીની વિગત.

| વર્ષ | રોજગારી |
|---|---|
| ડિસેમ્બર, ૨૦૧૫ અંતિત સ્થિતિ | ૩૪૦૫૦ |
| ડિસેમ્બર, ૨૦૧૬ અંતિત સ્થિતિ | ૩૫૩૪૨ |

(૨) છેલ્લામાં બે વર્ષમાં સ્થાનિક બેરોજગારોને રોજગાર આપવાના નિયમોનું ઉલ્લંઘન કરનાર એકમોની યાદી.

<u>ડિસેમ્બર–૨૦૧૫ અંતિત</u>

૧.ઓ.એન.જી.સી. મહેસાણા

૨.સેરા સેનેટરી વેર લી, કડી

૩.રત્નેશ મેટલ ઈન્ડસ્ટ્રીઝ, મુ.રણાસણ તા.વિજાપુર

૪.ડીમરોલ ટેક લી, મુ.ગણેશપુરા તા.કડી

<u>ડિસેમ્બર–૨૦૧૬ અંતિત</u>

૧.ઓ.એન.જી.સી. મહેસાણા

૨.સેરા સેનેટરી વેર લી, કડી

૩.રત્નેશ મેટલ ઈન્ડસ્ટ્રીઝ, મુ.રણાસણ તા.વિજાપુર

૪.સ્વસ્તિક સેરકોન લી.યુનિટ–૩, મુ.નંદાસણ તા.કડી

૫.સ્વસ્તિક સેરકોન લી.યુનિટ–૨, મુ.સોભાસણ તા.મહેસાણા

૬.ડીમરોલ ટેક લી, મુ.ગણેશપુરા તા.કડી

(૩) <u>ઉકત તમામ એકમો સાથે કરેલ કાર્યવાહીની વિગતો</u>

- તમામ એકમોનું સરકારશ્રીના તા.૩૧–૦૩–૧૯૯૫ના ઠરાવની જોગવાઇઓ તરફ ધ્યાન દોરેલ છે.
- તમામ એકમો સાથે સ્થાનિક સતાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.
- સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની વિગતો જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાને ઘટીત કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવેલ છે. યોજનાકીય સહાય મેળવતા તમામ પ્રોત્સાહીત એકમો રોજગારીની શરતોનું પાલન કરતા હોય છે. તેમ છતાં, આવા એકમોનું વર્ષમાં ૧ વખત રૂબરૂ સ્થળ મુલાકાત લઇ અહેવાલ મેળવવામાં આવે છે.

---------

### સુરત અને તાપી જિલ્લામાં આંગણવાડીઓ

* ૨૭૪૫૩ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડી કાર્યરત છે અને કેટલી આંગણવાડીની ઘટ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ સુરત અને તાપી જિલ્લામાં આંગણવાડીઓની સંખ્યા પર્યાપ્ત છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં ૨૮૨૫ અને તાપી જિલ્લામાં ૧૦૪૯ આંગણવાડીઓ કાર્યરત

છે.
આંગણવાડીની સંખ્યા સુરત અને તાપી જિલ્લામાં પર્યાપ્ત છે. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉકત સ્થિતિએ ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં શ્રમિકોના કલ્યાણ માટે સેસ પેટે જમા રકમ

* ૨૮૭૯૬ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ શ્રમિકોના સેસના કાયદા પ્રમાણે વેલફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) કુલ : રૂ.૧૫૨૪.૩૬/– કરોડ

(૨) દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે નીચે મુજબની રકમ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લા | વાપરવામાં આવેલ રકમ(રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫ | દાહોદ | ૦.૧૦ |
| | પંચમહાલ | ૦ |
| ૨૦૧૬ | દાહોદ | ૬૨.૨૩ |

---------

વડોદરા જિલ્લામાં કિશોરી શકિત યોજના

* ૨૯૧૫૯ શ્રીમતી મનીષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કિશોરી શકિત યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉકત યોજના હેઠળ ઉકત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી છે, અને

(૩) ઉકત સ્થિતિએ તે હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ૩૭૬૯૨ લાભાર્થીઓ.

(૨) ૬૨૧૦ લોકોને તાલીમ આપવામાં આવેલ છે.

(૩) રૂા. ૧૧,૧૦,૧૧૦/– ખર્ચ કરવામાં આવેલ છે.

---------

સુરત જિલ્લામાં સમરસ છાત્રાલયો

* ૨૯૨૬૨ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કેટલા સમરસ છાત્રાલયો છે,

(૨) ઉકત છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે,

(૩) તે અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ ના શૈક્ષણિક વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને

(૪) આ છાત્રાલયોમાં મુખ્યત્વે શી સગવડતાઓ આપવામાં આવે છે ?

જવાબ

(૧) ૧(એક) કુમાર અને ૧(એક) કન્યા

(૨) ૧૦૦૦ કુમાર અને ૧૦૦૦ કન્યા, કુલ ૨૦૦૦

(૩) ૪૫૮ વિદ્યાર્થીઓને અને ૫૭૨ વિદ્યાર્થીનીઓને

(૪) વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને મુખ્યત્વે વિના મૂલ્યે રહેવા-જમવાની સગવડ, વાંચનાલય,

તા. ૭મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

વિઝીટીંગ રૂમની સગવડ આપવામાં આવે છે.

---------

મહેસાણા જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૨૯૨૭૬ શ્રી રજનીકાન્ત પટેલ (બેચરાજી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી,

(૩) કેટલી અરજીઓ નામંજુર કરી, અને

(૪) ઉકત અરજીઓ નામંજુર થવાના મુખ્યત્વે

જવાબ

(૧) ૧૨૪૩

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૩૪૭ |
| ૨ | કડી | ૧૦૮ |
| ૩ | જોટાણા | ૧૯ |
| ૪ | બેચરાજી | ૪૪ |
| ૫ | ઉંઝા | ૫૦ |
| ૬ | ખેરાલુ | ૯૪ |
| ૭ | વિસનગર | ૧૮૭ |
| ૮ | વિજાપુર | ૧૬૭ |
| ૯ | વડનગર | ૩૬ |
| ૧૦ | સતલાસણા | ૧૯૧ |
| | કુલ | ૧૨૪૩ |

(૨) ૯૮૩

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૮૯ |
| ૨ | કડી | ૭૦ |
| ૩ | જોટાણા | ૧૨ |
| ૪ | બેચરાજી | ૪૨ |
| ૫ | ઉંઝા | ૪૨ |
| ૬ | ખેરાલુ | ૭૭ |
| ૭ | વિસનગર | ૧૮૫ |
| ૮ | વિજાપુર | ૧૪૮ |
| ૯ | વડનગર | ૨૯ |
| ૧૦ | સતલાસણા | ૧૮૯ |
| | કુલ | ૯૮૩ |

(૩) ૨૧૭

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૩૭ |
| ૨ | કડી | ૨૯ |
| ૩ | જોટાણા | ૦૩ |
| ૪ | બેચરાજી | ૦૨ |
| ૫ | ઉંઝા | ૦૩ |
| ૬ | ખેરાલુ | ૧૭ |
| ૭ | વિસનગર | ૦૨ |
| ૮ | વિજાપુર | ૧૯ |
| ૯ | વડનગર | ૦૩ |
| ૧૦ | સતલાસણા | ૦૨ |
| | કુલ | ૨૧૭ |

(૪) નામંજુરીના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

કારણો શાં છે ?

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી?

(૩) ૫૩૦

| ક્રમ | તાલુકાનું નામ | નામંજૂર અરજી |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૭ |
| ૨ | વાગરા | ૧૬ |
| ૩ | અંકલેશ્વર | ૪૬ |
| ૪ | હાંસોટ | ૯ |
| ૫ | ઝઘડીયા | ૨૨ |
| ૬ | વાલીયા | ૦ |
| ૭ | નેત્રંગ | ૩૨ |
| ૮ | જંબુસર | ૨૯૦ |
| ૯ | આમોદ | ૧૦૮ |
| કુલ | | ૫૩૦ |

---------

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટો પર ઓવરલોડ વાહનો

* ૨૯૪૦૬ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટો ઉપર ઓવરલોડ વાહન ચાલકો પાસેથી વર્ષવાર કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો?

જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટો ઉપર ઓવરલોડ વાહન ચાલકો પાસેથી વર્ષવાર નીચે મુજબ દંડ વસુલ કરવામાં આવેલ છે.

| ચેકપોસ્ટો નું નામ | ઓવરલોડ દંડ ની વસુલાત (રૂપિયામાં) | |
|---|---|---|
| | ૦૧/૦૨/૧૫ થી ૩૧/૦૧/૧૬ | ૦૧/૦૨/૧૬ થી ૩૧/૦૧/૧૭ |
| શામળાજી | ૪૨૮૬૮૪૦૦ | ૧૭૧૨૬૧૦૦ |
| અંબાજી | ૧૮૦૭૬૦૦ | ૩૭૦૧૦૦ |
| અમીરગઢ | ૩૫૧૨૨૩૦૦ | ૧૭૫૫૨૨૦૦ |
| ગુંદરી | ૩૧૪૦૪૨૦૦ | ૨૧૪૬૭૮૦૦ |
| થાવર | ૫૫૫૮૬૦૦ | ૮૩૧૯૯૦૦ |
| થરાદ(ખોડા) | ૪૬૮૯૬૩૦૦ | ૪૭૮૨૯૦૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત

(૨) ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા

ચેકપોસ્ટો ઉપર ક્યા પ્રકારની ગેરરીતીઓ સંદર્ભે સરકારને કેટલી ફરિયાદો મળી, અને

જિલ્લાની ચેકપોસ્ટો ખાતે નીચે મુજબની ગેરરીતીની ફરીયાદો મળેલ છે.

| જિલ્લાનું નામ | ચેકપોસ્ટો નું નામ | ફરિયાદ હેઠળની ગેરરીતી | મળેલ ફરીયાદની સંખ્યા |
|---|---|---|---|
| સાબરકાંઠા | શામળાજી | લાંચ લેવા બાબત | ૨ |
| | | ખાનગી માણસો દ્વારા ભ્રષ્ટાચાર આચરવા બાબત | ૧ |
| બનાસકાંઠા | ગુંદરી | લાંચ લેવા બાબત | ૧ |
| | | ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી ન થવા બાબત | ૧ |
| | અમીરગઢ | ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી ન થવા બાબત | ૨ |
| | ખોડા (થરાદ) અને થાવર | ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી ન | ૧ |

(૩) ઉક્ત મળેલ ફરિયાદો સંદર્ભે મુખ્યત્વે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) ઉક્ત મળેલ ફરિયાદો બાબતે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સાબરકાંઠા જિલ્લો

(૧) સાબરકાંઠા જિલ્લામાં શામળાજી ચેકપોસ્ટ ખાતે લાંચ લેવા બાબતની મળેલ બે (૨) ફરીયાદ પૈકી એક ફરીયાદમાં એ.સી.બી.એ અરવલ્લી પોલીસ સ્ટેશન મોડાસામાં તારીખ ૧૮/૦૯/૨૦૧૫ ના રોજ એક સ.મો.વા.નિ.શ્રી સામે ફરીયાદ નોંધેલ છે. અત્રેની કચેરી દ્વારા સદર સ.મો.વા.નિ.શ્રીને અત્રેની કચેરી કા.આ.નં. ૬૩૩/૨૦૧૬ તારીખ ૨૯/૦૭/૨૦૧૬ થી કરાર આધારીત નિમણૂંકનો અંત લાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) જ્યારે અન્ય બીજી ફરીયાદમાં શામળાજી ચેકપોસ્ટ ખાતે ફરજ બજાવતા જુનીયર કલાર્ક સામે લાંચ લેવા બાબતે અરવલ્લી પોલીસ સ્ટેશન મોડાસામાં એ.સી.બી દ્વારા તારીખ ૦૬/૦૪/૧૬ ના રોજ ફરીયાદ નોંધેલ છેં

જે બાબતે અત્રેની કચેરીના કા.આ.નં૨૯૯/૨૦૧૬ તારીખ ૦૪/૦૫/૨૦૧૬ થી ફરજ મોકુફ પર રાખવામાં આવેલ છે.

(૩) શામળાજી ચેકપોસ્ટ ઉપર ખાનગી માણસો અને અધિકારી દ્વારા આચરતા ભ્રષ્ટાચાર બાબતે મળેલ ફરીયાદની પ્રાથમિક તપાસ ચાલુ છે.

બનાસકાંઠા જિલ્લો

બનાસકાંઠા જિલ્લાની ગુંદરી ચેકપોસ્ટો ખાતે લાંચ લેવા બાબતની મળેલ એક (૧) ફરીયાદમાં એ.સી.બી.એ પાલનપુર પોલીસ સ્ટેશનમાં તારીખ ૨૬/૦૬/૨૦૧૬ થી એક મો.વા.નિ.શ્રી તથા એક સ.મો.વા.નિ.શ્રી સામે ફરીયાદ નોંધેલ છે.

ગુંદરી ચેકપોસ્ટ ખાતેથી પસાર થતા ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી ન થવા બાબત એક ફરીયાદ મળેલ છે જેની પ્રાથમિક તપાસ ચાલુ છે.

અમીરગઢ ચેકપોસ્ટો ખાતેથી પસાર થતા ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી ન થવા બાબત બે ફરીયાદ મળેલ છે જેની પ્રાથમિક તપાસ ચાલુ છે.

ખોડા (થરાદ) અને થાવર ચેકપોસ્ટ ખાતેથી પસાર થતા ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી ન થવા બાબત એક ફરીયાદ મળેલ હતી જેની તપાસ કરાવતાં અરજદારની રજુઆત તથ્ય વગરની જણાવેલ છે.

---------

પંચમહાલ જિલ્લામાં કુપોષિત બાળકો

* ૨૭૨૭૩ શ્રી સી.કે.રાઉલજી (ગોધરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) તે અન્વયે ઉક્ત કુપોષણ દુર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કર્યો?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકો | અતિ ઓછા વજનવાળા બાળકો | કુલ કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૧૩૫૧ | ૧૮૯ | ૧૫૪૦ |
| ૨ | શહેરા | ૧૧૦૧ | ૧૫૨ | ૧૨૫૩ |
| ૩ | મોરવા (હ.) | ૧૨૭૭ | ૮૪ | ૧૩૬૧ |
| ૪ | કાલોલ | ૫૪૮ | ૧૨૬ | ૬૭૪ |
| ૫ | હાલોલ | ૭૮૦ | ૮૮ | ૮૬૮ |
| ૬ | ઘોઘંબા | ૧૪૧૯ | ૧૮૨ | ૧૬૦૧ |
| ૭ | જાંબુઘોડા | ૨૨૭ | ૨૨ | ૨૪૯ |
| | કુલ | ૬૭૦૩ | ૮૪૩ | ૭૫૪૬ |

(૨) કુપોષણ દુર કરવા સરકારશ્રી દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂ. ૨,૩૩,૭૧,૯૨૯/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

જામનગર જિલ્લામાં વૃધ્ધોને પેન્શન

* ૨૯૨૭૮ શ્રીમતિ વસુબેન ત્રિવેદી (જામનગર દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક

જવાબ

(૧) ૧૯૨૦

વર્ષમાં જામનગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | જામનગર(શહેર) | ૧૩૮૮ |
| ૨ | જામનગર(ગ્રામ્ય) | ૭૮ |
| ૩ | ધ્રોલ | ૧૧૪ |
| ૪ | જોડીયા | ૧૯ |
| ૫ | કાલાવડ | ૧૭૯ |
| ૬ | લાલપુર | ૧૮ |
| ૭ | જામજોધપુર | ૧૨૪ |
| કુલ | | ૧૯૨૦ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી,

(૨)૬૧૩

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી |
|---|---|---|
| ૧ | જામનગર(શહેર) | ૪૧૦ |
| ૨ | જામનગર(ગ્રામ્ય) | ૪૩ |
| ૩ | ધ્રોલ | ૬૯ |
| ૪ | જોડીયા | ૫ |
| ૫ | કાલાવાડ | ૫૮ |
| ૬ | લાલપુર | ૮ |
| ૭ | જામજોધપુર | ૨૦ |
| કુલ | | ૬૧૩ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી,અને

(૩) ૧૧૨૧

| ક્રમ | તાલુકાનું નામ | નામંજૂર અરજી |
|---|---|---|
| ૧ | જામનગર(શહેર) | ૮૭૫ |
| ૨ | જામનગર(ગ્રામ્ય) | ૨૬ |
| ૩ | ધ્રોલ | ૪૨ |
| ૪ | જોડીયા | ૧૩ |
| ૫ | કાલાવડ | ૧૧૪ |
| ૬ | લાલપુર | ૧૦ |
| ૭ | જામજોધપુર | ૪૧ |
| કુલ | | ૧૧૨૧ |

(૪) ઉક્ત અરજીઓ નામંજુર થવાના મુખ્યત્વે કારણો શા છે?

(૪) નામંજુર થવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી | ૬૧૭ |
| બી.પી.એલ. યાદી ૦ થી ૧૬ નો સ્કોર ધરાવતાં ન હોવાથી | ૪૪૬ |
| સ્થળે રહેતા ન હોવાથી | ૦૨ |
| અવસાન થવાથી | ૨ |
| પૂરાવા રજૂ કરેલ ન હોવાથી | ૫૪ |
| કુલ | ૧૧૨૧ |

---------

રાજકોટ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૯૨૮૪ શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજકોટ-દક્ષિણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) જિલ્લા રોજગાર કચેરી, રાજકોટ ખાતે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

(૧) ૨૬૧૫૧

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૬૨૩૩

---------

## તાપી જિલ્લામાં કિશોરી શક્તિ યોજના

* ૨૯૧૬૦ શ્રી કાંતીલાલભાઇ ગામીત (નિઝર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કિશોરી શક્તિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.? | ૧૩૩૬૪ |

---------

## અમરેલી જિલ્લામાં તાલીમાર્થીઓને ટેબલેટ

* ૩૦૦૪૧ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આઈ.ટી.આઈ.ના છ માસથી કે તેથી વધુ સમયમાં કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે, | (૧) હાજી. |
| (૨) જો હા, તો ઉક્ત જાહેરાત ક્યારે કરી, | (૨) તા.૩૦/૦૮/૨૦૧૪ |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ, અને | (૩) તાલુકાવાર ટેબલેટ આપેલ તાલીમાર્થીઓની સંખ્યા |

| તાલુકો | સંખ્યા | તાલુકો | સંખ્યા |
|---|---|---|---|
| અમરેલી | ૫૩ | લાઠી | ૩૧ |
| બાબરા | ૦૦ | કુંકાવાવ | ૨૦ |
| રાજુલા | ૧૪ | સાવરકુંડલા | ૧૦ |
| લીલીયા | ૧૫ | વડીયા | ૦૦ |
| ધારી | ૦૦ | ખાંભા | ૧૨ |
| બગસરા | ૦૦ | જાફરાબાદ | ૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) ઉક્ત ટેબલેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે? | (૪) ૧. લીનોવો<br>૨. સેમસંગ<br>કિંમત રૂ. ૯૦૦૦/– ની મર્યાદામાં |

---------

## નર્મદા જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય

* ૨૯૨૫૮ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધોને સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૩૭૩ |

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૧૪૯ |
| ૨ | ગરૂડેશ્વર | ૦૦ |
| ૩ | તિલકવાડા | ૩૩ |
| ૪ | દેડીયાપાડા | ૧૪ |
| ૫ | સાગબારા | ૧૭૩ |
| કુલ | | ૩૭૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, | (૨) ૨૫૧ |

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૧૪૯ |
| ૨ | ગરૂડેશ્વર | ૦૦ |

| | | |
|---|---|---|
| ૩ | તિલકવાડા | ૩૦ |
| ૪ | દેડીયાપાડા | ૧૪ |
| ૫ | સાગબારા | ૮૫ |
| કુલ | | ૨૫૧ |

(૩) કેટલી અરજીઓને નામંજૂર કરી, અને

(૩) ૧૦૪

| ક્રમ | તાલુકાનું નામ | નામંજૂર અરજી |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૦૦ |
| ૨ | ગરૂડેશ્વર | ૦૦ |
| ૩ | તિલકવાડા | ૦૩ |
| ૪ | દેડીયાપાડા | ૦૪ |
| ૫ | સાગબારા | ૯૭ |
| કુલ | | ૧૦૪ |

(૪) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શા છે?

(૪) મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| પુખ્ત ઉંમરનો પુત્ર હોવાથી | ૮૪ |
| ઉંમર ઓછી હોવાથી | ૧૫ |
| અવસાન થવાથી | ૦૪ |
| પુરાવા રજૂ કરેલ ન હોવાથી | ૦૧ |
| કુલ | ૧૦૪ |

---------

અમદાવાદ અને વલસાડમાં નારી સંરક્ષણ ગૃહોમાંથી નાસી ગયેલ મહિલાઓ

* ૨૭૩૯૮ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ અને વલસાડ ખાતે આવેલ નારી સંરક્ષણ ગૃહોમાંથી નાસી ગયેલ મહિલાઓ/નારીઓ ભાગી/નાસી જવાના બનાવો તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા બનેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બનાવોમાં કેટલી મહિલાઓ/નારીઓ ભાગી/નાસી ગયેલ છે, અને

(૩) ભવિષ્યમાં આ પ્રકારના બનવો ન બને તે માટે શું આયોજન કરેલ છે?

જવાબ

(૧) અમદાવાદ નારી સંરક્ષણ ગૃહોમાં મહિલા/નારીઓ ભાગી/નાસી જવાના બનાવો તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બે બનાવો બનેલ છે.

વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ એક પણ નારી ગૃહ હયાત નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બનાવોમાં કુલ ૦૩ મહિલાઓ નાસી ગયેલ છે.

(૩) નારી સંરક્ષણ ગૃહોમાં ઉક્ત પ્રકારના બનવો ન બને તે માટે નીચે મુજબનુ આયોજન થયેલ છે.

- ૨૪ કલાક હોમ ગાર્ડની સેવાઓ ઉપલબ્ધ કરાવેલ છે.
- નારી ગૃહો અદ્યતન બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.
- નારીગૃહોને જરૂરી તમામ સગવડો મળી રહે તેવું આયોજન કરેલ છે.

---------

છોટા ઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજના

* ૨૭૨૮૦ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૧૭ની સ્થિતિએ ભારત સરકારની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને કેટલી સહાય મળી,

જવાબ

(૧) રૂ.૧૬,૫૨,૩૮,૦૦૦/- સહાય મળી.

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ સહાય પૈકી છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી અને કુલ કેટલી સહાય ચૂકવી, અને

(૨) મળેલ અરજી–૬૧૦, મંજૂર અરજી–૩૬૫, ચૂકવેલ સહાય– રૂ.૫૫,૪૦,૦૦૦/–

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજૂર અરજી | ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૭ | ૧૧ | ૨૨૦૦૦૦ |
| ૨ | જેતપુરપાવી | ૮૦ | ૩૩ | ૪૬૦૦૦૦ |
| ૩ | કવાંટ | ૯૦ | ૪૩ | ૮૬૦૦૦૦ |
| ૪ | બોડેલી | ૧૭૩ | ૧૦૭ | ૧૮૦૦૦૦૦ |
| ૫ | સંખેડા | ૧૯૪ | ૧૪૩ | ૧૮૪૦૦૦૦ |
| ૬ | નસવાડી | ૫૬ | ૨૮ | ૩૬૦૦૦૦ |
| | કુલ | ૬૧૦ | ૩૬૫ | ૫૫૪૦૦૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને સહાય ચુકવવાની બાકી છે અને બાકી રહેવાના મુખ્યત્વે શા કારણો છે ?

(૩) ઉક્ત સ્થિતિએ ૮૮ બાકી લાભાર્થીઓને હાલમાં સહાય ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે.

---------

ભિલોડા અને મેઘરજ તાલુકામાં આંબેડકર આવાસ યોજના

* ૩૦૦૭૮ ડૉ. અનિલ જોષિયારા (ભિલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧/૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં આંબેડકર આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજુર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, તાલુકાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને પ્રથમ, બીજો અને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવ્યો, અને

(૩) આની પાછળ વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ આવાસોના બાંધકામ માટે લાભાર્થીઓને ત્રણ હપ્તામાં આર્થિક સહાય આપવામાં આવે છે.

(૨) સામેલ પત્રક–અ, બ અને ક મુજબ

(૩) ખંડ–૨ મુજબ

પત્રક–અ

તા.૦૧/૦૨/૨૦૧૫ થી ૩૧/૦૧/૨૦૧૬ સુધીમાં

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | ફક્ત પ્રથમ હપ્તો ચૂકવેલ હોય તેવા | | ફક્ત પ્રથમ અને બીજો હપ્તો ચૂકવેલ હોય તેવા | | ત્રણેય હપ્તા ચૂકવેલ હોય તેવા | | કુલ ચૂકવેલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | લાભાર્થીઓની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીઓની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીઓની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીઓની સંખ્યા | રકમ રૂ. |
| ૧ | ભિલોડા | ૧૩ | ૦૬ | ૧,૦૫,૦૦૦ | ૦૫ | ૨,૯૭,૫૦૦ | ૦૨ | ૧,૪૦,૦૦૦ | ૧૩ | ૫,૪૨,૫૦૦ |
| ૨ | મેઘરજ | ૦૨ | ૦૨ | ૩૫,૦૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૩૫,૦૦૦ |
| | કુલ | ૧૫ | ૦૮ | ૧,૪૦,૦૦૦ | ૦૫ | ૨,૯૭,૫૦૦ | ૦૨ | ૧,૪૦,૦૦૦ | ૧૫ | ૫,૭૭,૫૦૦ |

પત્રક–બ

તા.૦૧/૦૨/૨૦૧૬ થી ૩૧/૦૧/૨૦૧૭ સુધીમાં

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | ફક્ત પ્રથમ હપ્તો ચૂકવેલ હોય તેવા | | ફક્ત પ્રથમ અને બીજો હપ્તો ચૂકવેલ હોય તેવા | | ત્રણેય હપ્તા ચૂકવેલ હોય તેવા | | કુલ ચૂકવેલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | લાભાર્થીઓની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીઓની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીઓની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીઓની સંખ્યા | રકમ રૂ. |
| ૧ | ભિલોડા | ૧૫ | ૧૪ | ૨,૪૫,૦૦૦ | ૦૧ | ૫૯,૫૦૦ | ૦૦ | ૦ | ૧૫ | ૩,૦૪,૫૦૦ |
| ૨ | મેઘરજ | ૦૫ | ૦૫ | ૮૭,૫૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦ | ૦૫ | ૮૭,૫૦૦ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| કુલ | ૨૦ | ૧૯ | ૩,૩૨,૫૦૦ | ૦૧ | ૫૯,૫૦૦ | ૦૦ | ૦ | ૨૦ | ૩,૯૨,૦૦૦ |

પત્રક–ક

તા.૦૧/૦૨/૨૦૧૫ થી ૩૧/૦૧/૨૦૧૭ સુધીમાં

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | ફક્ત પ્રથમ હપ્તો ચૂકવેલ હોય તેવા | | ફક્ત પ્રથમ અને બીજો હપ્તો ચૂકવેલ હોય તેવા | | ત્રણેય હપ્તા ચૂકવેલ હોય તેવા | | કુલ ચૂકવેલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | લાભાર્થીઓ ની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીઓ ની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીઓ ની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીઓ ની સંખ્યા | રકમ રૂ. |
| ૧ | ભિલોડા | ૨૮ | ૨૦ | ૩,૫૦,૦૦૦ | ૦૬ | ૩,૫૭,૦૦૦ | ૦૨ | ૧,૪૦,૦૦૦ | ૨૮ | ૮,૪૭,૦૦૦ |
| ૨ | મેઘરજ | ૦૭ | ૦૭ | ૧,૨૨,૫૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૭ | ૧,૨૨,૫૦૦ |
| | કુલ | ૩૫ | ૨૭ | ૪,૭૨,૫૦૦ | ૦૬ | ૩,૫૭,૦૦૦ | ૦૨ | ૧,૪૦,૦૦૦ | ૩૫ | ૯,૬૯,૫૦૦ |

---------

## વલસાડ જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને સહાય

* ૨૭૩૮૬ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવાઈ, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) ૧૬૧૫

| ક્રમ | તાલુકાનું નામ | કુલ મળેલ અરજી |
|---|---|---|
| ૧ | વલસાડ | ૬૫૫ |
| ૨ | પારડી | ૨૯૮ |
| ૩ | વાપી | ૧૨૪ |
| ૪ | ધરમપુર | ૨૦૪ |
| ૫ | કપરાડા | ૦૭ |
| ૬ | ઉમરગામ | ૩૨૭ |
| | કુલ | ૧૬૧૫ |

(૨) મંજૂર અરજી–૧૪૨૯ ચૂકવેલ સહાય–૩.૫૯,૫૬,૨૦૦/–

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ માં મંજૂર અરજી | તા.૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ માં મંજૂર અરજી | કુલ મંજૂર અરજી | મંજૂર અરજીની ચૂકવેલ સહાય |
|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૩૨૯ | ૨૮૩ | ૬૧૨ | ૨૮૨૪૪૦૦ |
| ૨ | પારડી | ૧૨૯ | ૧૩૦ | ૨૫૯ | ૬૫૫૨૦૦ |
| ૩ | વાપી | ૬૦ | ૫૬ | ૧૧૬ | ૩૫૬૦૦ |
| ૪ | ધરમપુર | ૮૯ | ૯૭ | ૧૮૬ | ૯૯૫૪૦૦ |
| ૫ | કપરાડા | ૦૦ | ૦૩ | ૦૩ | ૧૪૪૦૦ |
| ૬ | ઉમરગામ | ૧૬૮ | ૮૫ | ૨૫૩ | ૧૪૩૧૨૦૦ |
| | કુલ | ૭૭૫ | ૬૫૪ | ૧૪૨૯ | ૫૯૫૬૨૦૦ |

(૩) બનતી ત્વરાએ

---------

## રાજ્યમાં આવેલ કારખાનાઓમાં સ્થાનિકોને રોજગારી

* ૨૮૮૦૮ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૧૬ની સ્થિતિએ રાજ્યમાં આવેલ

જવાબ

(૧) નાજી.

કારખાનાઓમાં સ્થાનિક યુવાનોને રોજગારી આપવામાં આવતી નથી તે ફરિયાદ સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો સ્થાનિકોને નિયમોનુંસાર રોજગારી મળે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી

* ૨૭૪૦૪ પ્રો. હિરાભાઇ પટેલ (લુણાવાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી ?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહીસાગર | ૧૧૬૦૫ |
| ૨ | પંચમહાલ | ૧૨૮૭૭ |

(૨)

| ક્રમ | જિલ્લા/તાલુકાનું નામ | વર્ષઃ૨૦૧૫ | વર્ષઃ૨૦૧૬ |
|---|---|---|---|
| (એ) | મહીસાગર જિલ્લો | | |
| ૧ | લુણાવાડા | ૩૧૧ | ૦૦ |
| ૨ | સંતરામપુર | ૮૨ | ૦૦ |
| ૩ | કડાણા | ૫૦ | ૦૦ |
| ૪ | બાલાશિનોર | ૦૦ | ૦૦ |
| ૫ | વીરપુર | ૦૦ | ૦૦ |
| ૬ | ખાનપુર | ૨૯ | ૦૦ |
| | કુલ | ૪૭૨ | ૦૦ |
| (બી) | પંચમહાલ જિલ્લો | | |
| ૧ | ગોધરા | ૪૦૭ | ૦૦ |
| ૨ | કાલોલ | ૧૫૩ | ૦૦ |
| ૩ | હાલોલ | ૨૧૯ | ૦૦ |
| ૪ | જાંબુઘોડા | ૦૭ | ૦૦ |
| ૫ | ઘોઘંબા | ૧૫૭ | ૦૦ |
| ૬ | શહેરા | ૧૭૨ | ૦૦ |
| ૭ | મોરવા | ૦૬ | ૦૦ |
| | કુલ | ૧૧૨૧ | ૦૦ |

---------

વિદેશમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓને સહાય

* ૨૮૧૭૯ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વિદેશમાં અભ્યાસ કરવા માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની વર્ષ તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મજૂંર કરી સહાય ચુકવવામાં આવી, અને

જવાબ

(૧)

| વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|
| તા.૧-૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ | ૧૬૯ |
| તા.૧-૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ | ૧૬૬ |

(૨)

| સમયગાળો | અરજી | સહાયની રકમ |
|---|---|---|

| | | (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| તા.૧-૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ | ૧૫૦ | ૨૨૪૫ |
| તા.૧-૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ | ૮૯ | ૧૩૩૦ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેના ક્યાં સુધીમાં નિકાલ કરી સહાય ચુકવવામાં આવશે?

(૩) ૭૭
ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી

* ૨૮૮૨૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૧)

| ક્રમ | જિલ્લા/તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| (એ) | (અરવલ્લી જિલ્લો) | |
| ૧ | બાયડ | ૧૪૨૪ |
| ૨ | ભીલોડા | ૨૮૬૮ |
| ૩ | ધનસુરા | ૯૯૬ |
| ૪ | માલપુર | ૯૨૮ |
| ૫ | મેઘરજ | ૧૭૧૫ |
| ૬ | મોડાસા | ૨૬૫૧ |
| કુલ | | ૧૦૫૮૨ |
| | (સાબરકાંઠા જિલ્લો) | |
| ૧ | હિંમતનગર | ૫૭૧૦ |
| ૨ | ઈડર | ૩૮૩૦ |
| ૩ | વડાલી | ૭૪૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૩૦૮ |
| ૫ | પોશીના | ૨૨૦ |
| ૬ | વિજયનગર | ૧૫૫૭ |
| ૭ | મોડાસા | ૧૯૫૫ |
| ૮ | તલોદ | ૧૭૯૫ |
| કુલ | | ૧૭૧૧૯ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લામાં તાલુકાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી ?

(૨)

| ક્રમ | છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ સરકારી નોકરી | | | |
|---|---|---|---|---|
| | જિલ્લા/તાલુકાનું નામ | વર્ષઃ૨૦૧૫ | વર્ષઃ૨૦૧૬ | કુલ |
| (એ) | અરવલ્લી જિલ્લો | | | |
| ૧ | બાયડ | ૧૭ | ૨૪ | ૪૧ |
| ૨ | ભીલોડા | ૬૧ | ૩૦ | ૯૧ |
| ૩ | ધનસુરા | ૫૪ | ૫ | ૫૯ |
| ૪ | માલપુર | ૨૫ | ૧૨ | ૩૭ |
| ૫ | મેઘરજ | ૨૪૨ | ૧૦ | ૨૫૨ |
| ૬ | મોડાસા | ૨૯ | ૧૮ | ૪૭ |
| | કુલ | ૪૨૮ | ૯૯ | ૫૨૭ |
| (બી) | સાબરકાંઠા | વર્ષઃ૨૦૧૫ | વર્ષઃ૨૦૧૬ | કુલ |

| | જિલ્લો | | | |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૯૪ | ૪૩ | ૧૩૭ |
| ૨ | ઇડર | ૭૫ | ૨૯ | ૧૦૪ |
| ૩ | વડાલી | ૩૮ | ૮ | ૪૬ |
| ૪ | ખેડબ્રહ્મા | ૫૨ | ૨ | ૫૪ |
| ૫ | પોશીના | ૧૩ | ૧ | ૧૪ |
| ૬ | વિજયનગર | ૯૮ | ૧૪ | ૧૧૨ |
| ૭ | મોડાસા | ૩૮ | ૯ | ૪૭ |
| ૮ | તલોદ | ૫૧ | ૪ | ૫૫ |
| | કુલ | ૪૫૯ | ૧૧૦ | ૫૬૯ |

---------

મહેમદાવાદ અને ખેડા તાલુકામાં મુક્ત થયેલ બાળમજૂરો

* ૨૭૯૬૪ શ્રી ગૌતમભાઇ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના મહેમદાવાદ અને ખેડા તાલુકામાં બાળમજૂરી કરાવતા કેટલા દુકાન માલિકો કે એકમોની તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી બાળમજૂરી કરતા કેટલા બાળકોને મુક્ત કરાયા,

(૩) ઉક્ત બાળમજૂરોના પુનઃસ્થાપન માટે સરકારે ઉક્ત સ્થિતિએ શાં પગલા લીધા, અને

(૪) તે અન્વયે બાળમજૂરી કરાવતા એકમો કે દુકાનદારો સામે કેવા પ્રકારની દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) ખેડા જિલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં નીચે મુજબના દુકાન માલિકો કે એકમોની તપાસ કરવામાં આવી.

| વર્ષ | મહેમદાવાદ | ખેડા |
|---|---|---|
| ૨૦૧૫ | ૬૦ | ૧૧૭ |
| ૨૦૧૬ | ૭૭ | ૧૭૮ |

(૨) કોઇ બાળમજૂર માલૂમ પડેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજકોટ અને બોટાદ જિલ્લામાં નોંધાયેલ વાહનો અને ઈસ્યુ થયેલ આર.સી. બુક

* ૨૯૭૨૯ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને બોટાદ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧–૨૦૧૭ના સમય દરમ્યાન માસવાર ટુ–વ્હીલર, થ્રી–વ્હીલર, ફોર વ્હીલર અને સીકસ વ્હીલરના કેટલા નવા તથા જુના વાહનો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા વાહનોની આર.સી. બુકો ઈસ્યુ કરવામાં આવી અને કેટલા વાહનોની આર.સી. બુક ઈસ્યુ કરવી બાકી છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં વાહન ધારકોને નોંધણીના સાત દિવસમાં સ્પીડ પોસ્ટથી આર.સી.બુક ઈસ્યુ કરવાની જોગવાઈનો અમલ થાય છે કે કેમ, અને જો ના, તો તેના કારણો શા છે ?

જવાબ

(૧) રાજકોટ આરટીઓ કચેરીની તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧–૨૦૧૭ના સમય દરમ્યાન માસવાર નવા તથા જુના નોંધાયેલ વાહનો.

(૨) તે પૈકી રાજકોટ આરટીઓ કચેરીમાંથી વાહનોની ૧,૬૫,૬૨૦ આર.સી.બુક ઈસ્યુ કરવામાં આવી અને ૧૦૦૨ આર.સી.બુક ઈસ્યુ કરવાની બાકી છે.
તે પૈકી બોટાદ એઆરટીઓ કચેરીમાં તમામ વાહનોની આર.સીબુક ઈસ્યુ કરવામાં આવી છે. કોઈ જ વાહનોની આર.સી.બુક ઈસ્યુ કરવાની બાકી નથી.

(૩) હા, જી.

| મહિનો | ટુ–વ્હીલર | | થ્રી–વ્હીલર | | ફોર–વ્હીલર | | સીકસ–વ્હીલર | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | નવા | જુના | નવા | જુના | નવા | જુના | નવા | જુના | |
| જાન્યુઆરી–૧૬ | ૯૨૦૦ | ૧૭૮૩ | ૨૮૦ | ૨૧૦ | ૧૨૪૮ | ૬૯૮ | ૮૩ | ૧૯૦ | ૧૩૬૯૨ |
| ફેબ્રુઆરી–૧૬ | ૭૨૪૧ | ૧૮૨૦ | ૨૨૫ | ૧૯૦ | ૨૪૮૨ | ૫૭૦ | ૮૯ | ૧૭૫ | ૧૨૭૯૨ |
| માર્ચ–૧૬ | ૭૫૬૬ | ૧૮૯૫ | ૨૮૨ | ૧૮૮ | ૧૬૦૪ | ૫૦૨ | ૧૨૩ | ૧૬૦ | ૧૨૩૨૦ |
| એપ્રિલ–૧૬ | ૬૩૫૫ | ૨૦૨૧ | ૧૬૬ | ૨૨૮ | ૧૮૫૦ | ૭૦૪ | ૧૮૯ | ૧૬૫ | ૧૧૬૭૮ |
| મે–૧૬ | ૬૭૪૯ | ૨૧૯૬ | ૧૧૧ | ૨૨૭ | ૧૨૫૬ | ૬૭૩ | ૧૦૨ | ૧૪૭ | ૧૧૪૬૧ |
| જુન–૧૬ | ૭૮૫૯ | ૨૧૭૧ | ૨૩૭ | ૨૦૬ | ૧૮૪૦ | ૬૨૪ | ૧૩૧ | ૧૭૨ | ૧૩૨૪૦ |
| જુલાઈ–૧૬ | ૧૦૫૬૯ | ૧૬૮૩ | ૨૦૨ | ૨૪૮ | ૧૪૩૪ | ૬૩૭ | ૬૬ | ૧૬૧ | ૧૫૦૦૦ |
| ઓગષ્ટ–૧૬ | ૬૪૨૦ | ૧૮૯૧ | ૧૫૭ | ૨૩૭ | ૧૨૭૬ | ૭૭૫ | ૭૨ | ૧૩૪ | ૧૦૯૬૨ |
| સપ્ટેમ્બર–૧૬ | ૭૭૧૦ | ૧૮૬૯ | ૧૬૬ | ૨૬૧ | ૧૦૧૭ | ૬૪૯ | ૮૩ | ૧૩૮ | ૧૧૮૯૩ |
| ઓકટોબર–૧૬ | ૧૦૧૭૫ | ૨૦૧૮ | ૨૫૫ | ૧૮૯ | ૩૨૦૫ | ૫૬૩ | ૧૧૬ | ૧૪૫ | ૧૬૬૬૬ |
| નવેમ્બર–૧૬ | ૬૩૧૫ | ૧૨૦૦ | ૧૭૭ | ૧૬૭ | ૧૮૯૨ | ૩૧૫ | ૮૪ | ૧૨૨ | ૧૦૨૭૨ |
| ડીસેમ્બર–૧૬ | ૧૩૭૩૫ | ૧૩૧૧ | ૧૪૪ | ૧૭૫ | ૧૩૮૯ | ૪૬૨ | ૫૨ | ૧૧૮ | ૧૭૩૮૬ |
| જાન્યુઆરી–૧૭ | ૪૬૭૧ | ૧૫૮૮ | ૫૨૦ | ૧૭૭ | ૧૬૧૭ | ૪૭૦ | ૯૧ | ૧૨૬ | ૯૨૬૦ |
| કુલ | ૧૦૪૫૬૫ | ૨૩૪૪૬ | ૨૯૨૨ | ૨૭૦૩ | ૨૨૧૧૦ | ૭૬૪૨ | ૧૨૮૧ | ૧૯૫૩ | ૧૬૬૬૨૨ |

બોટાદ આરટીઓ કચેરીની તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧–૨૦૧૭ના સમય દરમ્યાન માસવાર નવા તથા જુના નોંધાયેલ વાહનો

| મહિનો | ટુ–વ્હીલર | | થ્રી–વ્હીલર | | ફોર–વ્હીલર | | સીકસ–વ્હીલર | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | નવા | જુના | નવા | જુના | નવા | જુના | નવા | જુના | |
| જાન્યુઆરી–૧૬ | ૩૬૪ | ૩૨૬ | ૫૮ | ૧૨ | ૨૫૩ | ૧૮ | ૧૭ | ૫ | ૧૦૫૩ |
| ફેબ્રુઆરી–૧૬ | ૪૧૮ | ૩૫૨ | ૮ | ૧૧ | ૨૧૨ | ૨૨ | ૨ | ૭ | ૧૦૩૨ |
| માર્ચ–૧૬ | ૪૫૯ | ૩૬૧ | ૫ | ૧૪ | ૧૩૩ | ૨૩ | ૨ | ૯ | ૧૦૦૬ |
| એપ્રિલ–૧૬ | ૨૮૫ | ૩૨૯ | ૯ | ૧૨ | ૨૨૭ | ૨૧ | ૪ | ૭ | ૮૯૪ |
| મે–૧૬ | ૫૩૮ | ૩૯૬ | ૨૦ | ૧૪ | ૧૬૩ | ૧૮ | ૩ | ૪ | ૧૧૫૬ |
| જુન–૧૬ | ૪૮૪ | ૩૯૮ | ૨૪ | ૧૩ | ૧૩૦ | ૧૭ | ૧૦ | ૫ | ૧૦૮૧ |
| જુલાઈ–૧૬ | ૪૮૦ | ૩૮૦ | ૨૬ | ૧૨ | ૧૦૪ | ૧૮ | ૧૦ | ૬ | ૧૦૩૬ |
| ઓગષ્ટ–૧૬ | ૨૯૬ | ૩૩૦ | ૯ | ૧૪ | ૧૦૩ | ૨૩ | ૯૪ | ૭ | ૮૭૬ |
| સપ્ટેમ્બર–૧૬ | ૩૪૩ | ૨૪૯ | ૧૭ | ૧૨ | ૯૪ | ૧૯ | ૪ | ૪ | ૭૪૨ |
| ઓકટોબર–૧૬ | ૫૬૭ | ૩૨૦ | ૧૬ | ૧૭ | ૨૧૩ | ૧૩ | ૬ | ૫ | ૧૧૫૭ |
| નવેમ્બર–૧૬ | ૪૪૦ | ૨૧૦ | ૧૫ | ૧૩ | ૨૨૦ | ૧૧ | ૪ | ૪ | ૯૧૭ |
| ડીસેમ્બર–૧૬ | ૨૯૫ | ૩૦૩ | ૧૨ | ૧૪ | ૧૩૬ | ૧૨ | ૫ | ૭ | ૭૮૪ |
| જાન્યુઆરી–૧૭ | ૧૬૬ | ૨૫૧ | ૧૬ | ૧૨ | ૧૦૪ | ૯ | ૯ | ૪ | ૫૭૧ |
| કુલ | ૫૧૩૫ | ૪૨૦૫ | ૨૩૫ | ૧૭૦ | ૨૦૯૨ | ૨૨૪ | ૧૭૦ | ૭૪ | ૧૨૩૦૫ |

તા. ૭મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

---------

મહેસાણા જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૨૯૮૪૯ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૧) ૫૦૧

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૨૧૮ |
| ૨ | કડી | ૧૮ |
| ૩ | જોટાણા | ૭ |
| ૪ | બેચરાજી | ૨ |
| ૫ | ઉંઝા | ૧૧ |
| ૬ | ખેરાલુ | ૩૬ |
| ૭ | વિસનગર | ૫૮ |
| ૮ | વિજાપુર | ૮૮ |
| ૯ | વડનગર | ૧૧ |
| ૧૦ | સતલાસણા | ૫૨ |
| | કુલ | ૫૦૧ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી ?

(૨) મંજૂર–૩૦૧ અને નામંજૂર–૧૮૧

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી | નામંજૂર અરજી |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૪૫ | ૬૩ |
| ૨ | કડી | ૨ | ૧૬ |
| ૩ | જોટાણા | ૨ | ૩ |
| ૪ | બેચરાજી | ૨ | ૦ |
| ૫ | ઉંઝા | ૮ | ૩ |
| ૬ | ખેરાલુ | ૧૯ | ૧૩ |
| ૭ | વિસનગર | ૫૧ | ૭ |
| ૮ | વિજાપુર | ૩૭ | ૪૮ |
| ૯ | વડનગર | ૮ | ૩ |
| ૧૦ | સતલાસણા | ૨૭ | ૨૫ |
| | કુલ | ૩૦૧ | ૧૮૧ |

---------

સુરત અને તાપી જિલ્લામાં ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૭૪૫૪ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં ૧૭૩૩ અને તાપી જિલ્લામાં ૧૦૪૯ આંગણવાડીઓ કાર્યરત છે.

(૨) ઉકત પૈકી કુલ કેટલી આંગણવાડીઓ સરકારી મકાનમાં ચાલે છે અને કેટલી ભાડાના મકાનમાં ચાલે છે, અને

(૨) ઉકત પૈકી સુરત જિલ્લામાં ૧૫૭૧ અને તાપી જિલ્લામાં ૧૦૦૩ આંગણવાડીઓ સરકારી મકાનમાં ચાલે છે અને સુરત જિલ્લામાં ૧૬૨ ભાડાના મકાનમાં ચાલે છે, તથા તાપી જિલ્લામાં એકપણ કેન્દ્ર ભાડાના મકાનમાં ચાલતા નથી.

(૩) ઉકત સ્થિતિએ ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ માટે સરકારી મકાન કેટલા સમયમાં ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ.

---------

## અતારાંકિત પ્રશ્નો

### આઈટીઆઈ પોરબંદરના આચાર્ય સામે ફરીયાદો અન્વયે નાણાકીય નુકશાન

* ૨૮૭૯૮ ડૉ. મિતેશભાઈ ગરાસિયા (ઝાલોદ) : તા.૨૯-૦૨-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૬૫૯ (અગ્રતા-૧૩૪) ના અનુસંધાને માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પોરબંદરના આચાર્ય સામે મળેલ ફરીયાદો અન્વયે નિયામકશ્રીની કચેરી દ્વારા ૬ ફરીયાદો અન્વયે પ્રાથમિક તપાસ અહેવાલ તેમજ તેઓ દ્વારા થયેલ ક્ષતિઓમાં ગંભીર પ્રકારનું નાણાકીય નુકશાન થયેલ જણાતું ન હોઈ પ્રકરણ દફતરે કરેલ છે. તેમાં ફરીયાદવાર કેટલી રકમનું નાણાકીય નુકશાન થયેલ જણાઈ આવેલ હતું ? | (૧) આઈટીઆઈ પોરબંદરના તાલીમાર્થીઓની તા.૨૯-૩-૧૪ની રજુઆત.<br>(૨) આઈટીઆઈ સ્ટાફ ગણ પોરબંદર રાણાવાવ, કુતિયાણાની તા.૧૦-૩-૧૪ ની અરજી.<br>(૩) આઈટીઆઈ સ્ટાફગણ, પોરબંદરની તા.૧૨-૩-૧૪ ની અરજી.<br>(૪) એક ભારતીય નાગરીકની તા.૧૯-૩-૧૪ની રજુઆત.<br>(૫) કુ.એલ.એચ. મોઢવાડીયા, સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર, આઈટીઆઈ પોરબંદરને તા.૧૨-૩-૧૪ ની રજુઆત.<br>(૬) આઈટીઆઈ પોરબંદરના સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરના સ્ટાફની અરજી<br>ઉકત છ (૬) ફરીયાદો અન્વયે કોઈ નાણાકીય નુકશાન અંગેની ફરીયાદ થયેલ ન હોઈ, નાણાકીય નુકશાન જણાઈ આવેલ નથી. |

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શ્રમિકોને કૌશલ્ય તાલીમ

* ૨૯૪૨૨ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ બાંધકામ શ્રમિકોને કડીયાકામ, સુથારી કામ, પ્લમ્બિંગ કામની ઉચ્ચ કૌશલ્ય તાલીમ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકોને આપવામાં આવી, અને | (૧) કોઈપણ બાંધકામ શ્રમિકને તાલીમ આપવામાં આવેલ નથી. |
| (૨) ઉકત જિલ્લાઓમાં ઉકત તાલીમ માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### જામનગર જિલ્લામાં દુષ્કર્મ પિડીત મહિલાઓને વળતર

* ૩૦૦૮૯ શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નામદાર સુપ્રિમ કોર્ટે દિલ્હી ડોમેસ્ટીક વર્કીંગ વુમનના કેસોમાં મહિલાઓ સાથે થતા દુષ્કર્મની ઘટનાઓમાં આર્થિક વળતર આપવાના ચુકાદા અન્વયે જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દુષ્કર્મ પિડીત કેટલી મહિલાઓને વળતર ચુકવવાનું બાકી છે, | (૧) ૦૧ (એક). |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત વળતર ચુકવવાનું બાકી રહેવાના શા કારણો છે, અને | (૨) વળતર ચુકવણી માટે ઘણા પ્રયત્નો કરવા છતાં ભોગ બનનાર મહિલા કે તેઓના વાલીનો સંપર્ક નહીં થતા પ્રસ્તુત કેસ પડતર રહેલ છે. |
| (૩) ઉકત બાકી રહેલ તમામ કિસ્સાઓમાં વળતર ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

## તા. ૭મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વૃધ્ધોને પેન્શન

* ૨૯૨૪૩ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

જવાબ

(૧) નીચે મુજબ અરજીઓ મળી

| ક્રમ | જિલ્લાનું નામ | તા ૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં મળેલ અરજી | તા ૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ સુધીમાં મળેલ અરજી | કુલ મળેલ અરજી |
|---|---|---|---|---|
| ૧ | મહીસાગર | ૨૭૮૫ | ૧૭૧૪ | ૪૪૯૯ |
| ૨ | પંચમહાલ | ૮૦૪૬ | ૪૭૦૨ | ૧૨૭૪૮ |
| | કુલ | ૧૦૮૩૧ | ૬૪૧૬ | ૧૭૨૪૭ |

(૨) નીચે મુજબ અરજીઓ મંજૂર કરી

| ક્રમ | જિલ્લાનું નામ | તા ૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં મંજૂર અરજી | તા ૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ સુધીમાં મંજૂર અરજી | કુલ મંજૂર અરજી |
|---|---|---|---|---|
| ૧ | મહીસાગર | ૨૨૨૫ | ૧૩૨૩ | ૩૫૪૮ |
| ૨ | પંચમહાલ | ૬૮૯૩ | ૪૨૭૩ | ૧૧૧૬૬ |
| | કુલ | ૯૧૧૮ | ૫૫૯૬ | ૧૪૭૧૪ |

(૩) નીચે મુજબ અરજીઓ નામંજૂર કરી

| ક્રમ | જિલ્લાનું નામ | તા ૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં નામંજૂર અરજી | તા ૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ સુધીમાં નામંજૂર અરજી | કુલ નામંજૂર અરજી |
|---|---|---|---|---|
| ૧ | મહીસાગર | ૪૬૨ | ૨૯૮ | ૭૬૦ |
| ૨ | પંચમહાલ | ૧૧૦૬ | ૪૧૧ | ૧૫૧૭ |
| | કુલ | ૧૫૬૮ | ૭૦૯ | ૨૨૭૭ |

---------

### શામળાજી ચેકપોસ્ટ પર ઓટોમેટિક સિસ્ટમ

* ૩૦૧૮૩ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અરવલ્લી જિલ્લાના શામળાજી ચેકપોસ્ટ ઉપર ઓટોમેટિક લેન્સ અને વેઈટના આધારે દંડ કરવાનું તા ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ ડીઝીટાઈઝેશન થયેલ છે કે કેમ,

(૨) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ટ્રકોની કામગીરી ઓટોમેટિકના બદલે મેન્યુઅલી કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી

(૨) આ કામગીરી પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આઈ.ટી. સાધનો અને સોફ્ટવેર પાછળ રૂ. ૩૪૧.૭૮ લાખ તેમજ ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન પાછળ રૂ. ૨૮૯.૬૧ લાખનો ખર્ચ થયેલ છે. આમ કુલ રૂ. ૬૩૧.૩૯ નો ખર્ચ થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ૧૦,૨૭૭ ટ્રકોની કામગીરી ઓટોમેટિકના બદલે મેન્યુઅલી કરવામાં આવેલ છે.

## અતારાંકિત પ્રશ્નો

---------

### ધારી ખાતેના ગળધરા ખોડિયાર મંદિરનો યાત્રાધામ વિકાસ

* ૨૯૮૮૯ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ધારી ખાતે ગળધરા ખોડિયાર મંદિરનો યાત્રાધામ તરીકે વિકાસ કરવાનું સરકારનું શું આયોજન છે ?

જવાબ

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ધારી ખાતે ગળધરા ખોડિયાર મંદિરનો યાત્રાધામ તરીકે વિકાસ કરવાનું નક્કી કરવામાં આવેલ છે અને આ અંગે રૂા. ૧૩૨.૦૦ લાખના વિકાસના કામ જીલ્લા પ્રવાસન કમીટીએ મંજુર કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | રકમ (લાખમાં) |
|---|---|---|
| ૧ | ટોઈલેટની સુવિધા | ૧૦.૦૦ |
| ૨ | બોર, સંમ્પ, પંપ, પાણીની ટાંકી, પાણી રૂમ અને આરો સીસ્ટમ | ૫.૦૦ |
| ૩ | ગાર્ડનીંગ તથા લાઈટીંગ | ૧૦.૦૦ |
| ૪ | એપ્રોચ રોડ | ૪૦.૦૦ |
| ૫ | પાર્કીંગ સુવિધા | ૫.૦૦ |
| ૬ | યાત્રિકો માટે રૂમ–૩ તથા હોલ–૧ (તમામમાં ટોઈલેટ તથા બાથરૂમની સુવિધા સાથે) | ૬૦.૦૦ |
| ૭ | સાઈન બોર્ડ | ૨.૦૦ |
| | કુલ રકમ | ૧૩૨.૦૦ |

મંદિર નજીક કરવાના થતા કામો જંગલ વિસ્તારમાં આવતા હોઈ ગુજરાત વન સંરક્ષણ ધારા–૧૯૮૦ની જોગવાઈ અનુસાર જરૂરી મંજૂરી મળ્યા બાદ મંદિરના વિકાસ કામો કરવામાં આવશે.

---------

### આણંદ જિલ્લામાં બાળકોની સ્વાસ્થ્ય ચકાસણી

* ૨૯૮૬૯ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મીશન બલમ સુખમ યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં તાલુકાવાર કોઈ બાળકની ગંભીર બીમાર/ખામી ધ્યાન પર આવેલ છે કે કેમ, અને

(૨) ઉક્ત બાબતે ઉક્ત સ્થિતિએ શા પગલા ભરવામાં આવ્યા ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગંભીર બીમારી/ખામીવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાત | ૨૪ |
| ૨ | પેટલાદ | ૧૦ |
| ૩ | સોજીત્રા | ૬ |
| ૪ | બોરસદ | ૦ |
| ૫ | આંકલાવ | ૧ |
| ૬ | ઉમરેઠ | ૫ |
| ૭ | તારાપુર | ૧૧ |
| ૮ | આણંદ | ૫ |
| | કુલ | ૬૨ |

(૨) ૪૧ બાળકોની સારવાર ચાલુ છે. ૮ બાળકોના ઓપરેશન માટેની સંદર્ભસેવા મેળવેલ છે. આમ ઉક્ત સમયગાળામાં મિશન બલમ સુખમ યોજના અંતર્ગત બાળકોની ગંભીર બીમારી/ખામી ધ્યાન પર આવતા આ બાળકોને પી.એચ.સી./સી.એચ.સી./સી.એમ.ટી.સી./એન.આર.સી.

દ્વારા આરોગ્ય તપાસ અને આયુર્વેદિક સારવાર આપવામાં આવી છે જેથી બાળકોના આરોગ્યમાં સુધારો થયેલ છે. તેમજ સારવાર તથા પોષણ યુક્ત ખોરાક આપવામાં આવેલ છે અને બાળકોને નિયમિત આંગણવાડી કેન્દ્ર પર બોલાવી આંગણવાડીના નાસ્તાના સમય પત્રક મુજબ પ્રમાણસર માત્રામાં નાસ્તો આપવામાં આવેલ છે તથા સુપરવાઈઝર તેમજ આંગણવાડી વર્કરબેન દ્વારા આવા બાળકોને આરોગ્ય પોષણ શિક્ષણ આપવા સહિતનાં વિવિધ પગલાઓ લેવામાં આવ્યા છે.

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં યાત્રાધામ વિકાસ

* ૨૭૯૨૮ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કયા યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ વણવપરાયેલ રહી ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| જિલ્લાનું નામ | યાત્રાધામનું નામ | ફાળવેલ રકમ (રૂપિયા લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| સાબરકાંઠા | –– | –– | –– |
| અરવલ્લી | શામળાજી | ૫૦૦.૦૦ | ૨૦૫.૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વપરાયેલ અને વણવપરાયેલ રકમ નીચે મુજબ છે. (રૂપિયા લાખમાં)

| જિલ્લાનું નામ | વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| સાબરકાંઠા | ૨૦૧૫ | –– | –– |
| | ૨૦૧૬ | –– | –– |
| અરવલ્લી | ૨૦૧૫ | ૧૪૮.૭૪ | ૩૫૧.૨૬ |
| | ૨૦૧૬ | ૬.૫૦ | ૧૯૮.૫૦ |

---------

## તાપી અને વલસાડ જિલ્લામાં ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૭૨૮૬ શ્રી પુનાભાઈ ગામિત (વ્યારા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) ઉક્ત પૈકી કુલ કેટલી આંગણવાડીઓ સરકારી મકાનમાં ચાલે છે અને કેટલી ભાડાના મકાન ચાલે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ માટે સરકારી મકાન કેટલા સમયમાં ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં ૧૦૪૯ અને વલસાડ જિલ્લામાં ૧૮૯૯ આંગણવાડીઓ કાર્યરત છે.

(૨) ઉક્ત પૈકી તાપી જિલ્લામાં ૧૦૦૩ અને વલસાડ જિલ્લામાં ૧૫૬૬ આંગણવાડીઓ સરકારી મકાનમાં ચાલે છે અને તાપી તથા વલસાડ જિલ્લામાં કોઈ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં ચાલતા નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## બનાસકાંઠા જિલ્લામાં યાત્રાધામ વિકાસ

* ૩૦૦૪૫ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ

વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લા કયા સ્થળને યાત્રાધામ તરીકે વિકસાવવાની દરખાસ્ત થયેલ છે,

દરમ્યાન બનાસકાંઠા જીલ્લાના નીચે જણાવેલ સ્થળોને યાત્રાધામ તરીકે વિકસાવવાની દરખાસ્તો મળેલ છે.
(૧) ધરણીધર મંદિર, મુ.ઢીમા
(૨) જાળેશ્વર મહાદેવ મંદિર, મુ. સાગોસણા
(૩) શ્રી સિધ્ધાંબિકા માતા મંદિર, મુ. વડાવળ
(૪) માણેકનાથ મંદિર, મુ. લોટોલ

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કયા સ્થળની દરખાસ્ત મંજૂર થઈ તથા મંજૂરી હેઠળના સ્થળે યાત્રાધામ વિકાસની કામગીરી ક્યાં સુધીમાં શરૂ કરાવવામાં આવશે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ધરણીધર મંદિર, મુ. ઢીમાની દરખાસ્ત મંજૂર થયેલ છે અને નકશા/અંદાજો તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાની પડતર દરખાસ્તોને ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) ઉક્ત સ્થિતિએ પડતર દરખાસ્તો પરત્વે પુર્તતા મળ્યેથી કાર્યવાહી કરવામાં આવશે.

---------

## દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં દુષ્કર્મ પીડીત મહિલાઓને વળતર

* ૩૦૧૦૩ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય મહિલા અને બાળ ક્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નામદાર સુપ્રિમ કોર્ટે દિલ્હી ડોમેસ્ટીક વર્કીંગ વુમનના કેસોમાં મહિલાઓ સાથે થતા દુષ્કર્મની ઘટનાઓમાં આર્થિક વળતર આપવાના ચુકાદા અન્વયે દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દુષ્કર્મ પિડીત કેટલી મહિલાઓને વળતર ચુકવાનું બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વળતર ચુકવવાનું બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત બાકી રહેલ તમામ કિસ્સાઓમાં વળતર ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં દુષ્કર્મ પિડીત મહિલાઓને સહાય ચુકવવાની બાકી નથી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી

* ૨૮૫૮૩ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી ?

જવાબ

(૧)

| ક્રમ | જીલ્લો | તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨૧૯૭૧ |
| ૨ | પાટણ | ૧૫૨૬૮ |

(૨) છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ સરકારી નોકરી

| ક્રમ | જીલ્લો | વર્ષઃ૨૦૧૫ | વર્ષઃ૨૦૧૬ |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૩૯૧ | ૮૪૮ |
| ૨ | પાટણ | ૪૯૧ | ૩૫૮ |

---------

## રાજ્યમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોના વેતનમાં વધારો

* ૨૯૪૧૧ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ કેટલું માસિક વેતન ચુકવવામાં આવે છે,

જવાબ

(૧) રાજ્યમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ નીચે દર્શાવ્યા અનુસાર માસિક વેતન (માનદવેતન) ચુકવવામાં આવે છે.

- આંગણવાડી કાર્યકરો માસિક રૂ. ૪૭૫૦/-
- મીની આંગણવાડી કાર્યકરો માસિક રૂ. ૨૮૦૦/-
- તેડાગરો (મદદનીશ હેલ્પરો)માસિક રૂ. ૨૪૦૦/-

(૨) ઉક્ત વેતનમાં વધારા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ/માંગણીઓ સરકારને મળી, અને

(૨) ઉક્ત વેતનમાં વધારા માટે છેલ્લા બે વર્ષમાં કુલ- ૨૨ (બાવીસ) અરજીઓ/માંગણીઓ મળેલ છે.

(૩) ઉક્ત બાબતે સરકારે શાં પગલાં લીધા ?

(૩) વિચારણા હેઠળ છે.

---------

રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો

* ૨૯૭૦૦ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂ (રાજકોટ પૂર્વ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ શહેર અને જીલ્લામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૩) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાન આપવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ શહેરમાં ૩૫૦ જે પૈકી ૬ મોબાઈલ આંગણવાડી અને રાજકોટ જીલ્લામાં ગ્રામ્ય કક્ષાએ ૧૧૭૨ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

(૨) તે અન્વયે રાજકોટ શહેરમાં ૨૩૩ અને રાજકોટ જીલ્લામાં ગ્રામ્ય કક્ષાએ ૧૦૨૧ આંગણવાડીઓને પોતાના મકાનો છે અને રાજકોટ શહેરમાં ૧૧૧ તથા રાજકોટ જીલ્લામાં ગ્રામ્ય કક્ષાએ ૧૫૧ આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૩) રાજકોટ શહેરમાં ૧૧૧ પૈકીના ૯૭ મકાનો બનાવવાની વહીવટી પ્રક્રિયા ચાલુમાં છે જ્યારે ૧૪ આં.વા.કેન્દ્ર માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે. રાજકોટ જીલ્લામાં ગ્રામ્ય કક્ષાએ ૧૫૧ પૈકી છેલ્લા બે વર્ષમાં ૭૪ મકાનો મંજુર થયેલ છે જે પૈકી ૩૪ મકાનોના કામો ચાલુ છે અને ૧૯ મકાનોના કામો પુર્ણ થયેલ છે જ્યારે ૯ મકાનો ચાલુ કરવાના બાકી છે તેમજ ૧૨ મકાનો માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે.

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં યાત્રાધામ વિકાસ

* ૨૭૨૯૧ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કયા યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ, અને

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. (રૂપિયા લાખમાં)

| જિલ્લાનું નામ | યાત્રાધામનું નામ | ફાળવેલ રકમ | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| અમદાવાદ | કેમ્પ હનુમાન મંદિર, ગણેશપુરા મંદિર, ધોળકા અને પરપોટીયા મહાદેવ | --- | ૧૫૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | તા. ધોળકા | | |
| ગાંધીનગર | વરદાયીની માતા દેવસ્થાન, મુ.રૂપાલ | --- | ૫૦૦.૦૦ |
| | પાનસુરી માતાજી મંદિર, મુ. પાનસર તા.કલોલ | --- | ૩.૬૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ વણવપરાયેલ રહી?

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વપરાયેલ અને વણવપરાયેલ રકમ નીચે મુજબ છે. (રૂપિયા લાખમાં)

| જિલ્લાનું નામ | વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૧૫ | --- | --- |
| | ૨૦૧૬ | --- | ૧૫૦.૦૦ |
| ગાંધીનગર | ૨૦૧૫ | --- | --- |

---------

બનાસકાંઠા જિલ્લામાં દુષ્કર્મ પિડીત મહિલાઓને વળતર

* ૩૦૦૯૭ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નામદાર સુપ્રિમ કોર્ટે દિલ્હી ડોમેસ્ટીક વર્કીંગ વુમનના કેસોમાં મહિલાઓ સાથે થતા દુષ્કર્મની ઘટનાઓમાં આર્થિક વળતર આપવાના ચુકાદા અન્વયે બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દુષ્કર્મ પિડીત કેટલી મહિલાઓને વળતર ચુકવવાનું બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વળતર ચુકવવાનું બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત બાકી રહેલ તમામ કિસ્સાઓમાં વળતર ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે?

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં દુષ્કર્મ પિડીત મહિલાઓને સહાય ચુકવવાની બાકી નથી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આણંદ એ.આર.ટી.ઓ.માં આવક

* ૨૮૨૦૧ શ્રી નિરંજન ભગત (પેટલાદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ એ.આર.ટી.ઓ. કચેરી, આણંદને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઇ?

જવાબ

આવક રૂ. કરોડ

તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ૬૭.૫૯

તા.૩૧/૧૨/૨૦૧૫ની સ્થિતિએ ૫૪.૪૨

કુલ ૩.૧૨૨.૦૧

કરોડ

---------

જૂનાગઢ જિલ્લામાં દુષ્કર્મ પિડીત મહિલાઓને વળતર

* ૩૦૧૦૮ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નામદાર સુપ્રિમ કોર્ટે દિલ્હી ડોમેસ્ટીક વર્કીંગ વુમનના કેસોમાં મહિલાઓ સાથે થતા દુષ્કર્મની ઘટનાઓમાં આર્થિક વળતર આપવાના ચુકાદા અન્વયે જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દુષ્કર્મ પિડીત કેટલી મહિલાઓને વળતર

જવાબ

(૧) ૦૬.

ચુકવવાનું બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વળતર ચુકવવાનું બાકી રહેવાના શા કારણો છે, અને

(૨) જરૂરી કાગળો તેમજ અભિપ્રાયો ન મળવાના કારણે.

(૩) ઉક્ત બાકી રહેલ તમામ વળતર ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે?

(૩) બનતી ત્વરાએ.

---------

સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર પાસે બાળકો દત્તક લેવાની પડતર અરજીઓ

* ૨૭૩૪૯ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર પાસે બાળકો દત્તક લેવા માંગતા હોય તેવા દંપતીઓની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાળકો દત્તક આપવાના હુકમો કર્યા પછી પણ બાળકો દત્તક ન અપાયા હોય તેવી સંસ્થાઓ કઈ છે, અને

(૩) આ બાળકની સોંપણી નહીં કરનાર સંસ્થાઓ સામે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ કાયદાકીય શા પગલાં લીધા?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દત્તક લેવા માંગતા હોય તેવા દંપતીઓની અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | સમય ગાળો | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૦ થી ૨ માસ | ૯૦ |
| ૨ | ૨ થી ૪ માસ | ૩૪ |
| ૩ | ૪ થી ૬ માસ | ૭૫ |
| ૪ | ૬ થી ૧૨ માસ | ૨૧૬ |
| ૫ | ૧ વર્ષથી વધુ | ૬૦ |
| કુલ પડતર અરજીઓ | | ૪૭૫ |

(૨) એક પણ નહી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી

* ૨૯૪૩૧ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૮૯૫૮ |
| ૨ | જૂનાગઢ | ૨૧૨૨૭ |

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | આપવામાં આવેલ સરકારી નોકરી | | |
|---|---|---|---|---|
| | | વર્ષ: ૨૦૧૫ | વર્ષ: ૨૦૧૬ | કુલ |
| ૧ | ગીર સોમનાથ | ૦ | ૨ | ૨ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં ડ્રાઈવીંગ લાયસન્સમાં ગેરરીતી

* ૩૦૦૪૭ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં ડ્રાઈવીંગ લાયસન્સમાં કયા પ્રકારની ગેરરીતિ અંગે સરકારશ્રીને કેટલી ફરીયાદ મળી, અને

**જવાબ**

(૧) તા. તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક પર ટેસ્ટ આપ્યા સિવાય ડ્રાઈવીંગ લાયસન્સ બનાવ્યાની એક(૧) ફરિયાદ અને ગાંધીનગર જીલ્લામાં અરજદારે સ્માર્ટચીપ કંપનીના કોમ્પ્યુટર ઓપરેટર સાથે મળી ગેરરીતી આચરી ડ્રાઈવીંગ લાયસન્સ ઇસ્યુ કર્યા અંગે એક(૧) ફરિયાદ મળેલ છે.

**પ્રશ્ન**

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી થઈ?

**જવાબ**

(૨) ઉક્ત ફરિયાદો અંગે બનાસકાંઠા જિલ્લામાં ડ્રાઈવીંગ લાયસન્સ અંગે પોલીસ ફરિયાદ(એફ.આઇ.આર) થયેલ છે અને ગાંધીનગર જિલ્લામાં કચેરી દ્વારા સત્તાની રૂએ સદર લાયસન્સ રદ કરેલ છે.

---------

### ખેડા અને આણંદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ

* ૨૭૨૮૯ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં કયા યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ, અને

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| જિલ્લાનું નામ | યાત્રાધામનું નામ | ફાળવેલ રકમ (રૂપિયા લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ખેડા | ડાકોર | ૧૩૦૦.૦૦ | ૨૦૦.૦૦ |
| | ઉત્કંઠેશ્વર | ૫૦૦.૦૦ | ૨૫૦.૦૦ |
| | ગલતેશ્વર | ૫૦૦.૦૦ | ૫૦.૦૦ |
| આણંદ | આશાપુરી માતા મંદિર, પીપળવાવ | ૨૮૫.૦૦ | --- |
| | ક્ષેમકલ્યાણી મંદિર, સોજીત્રા | ૧૧૫.૦૦ | --- |
| | શિકોતર માતા, રાલજ | ૩૦૦.૦૦ | --- |
| | જાગનાથ મહાદેવ, આણંદ | ૩૦૦.૦૦ | --- |
| | વૈજનાથ મહાદેવ, ભાણપુરા અને સોમનાથ મહાદેવ, | --- | ૨૦૦.૦૦ |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ વણવપરાયેલ રહી?

**જવાબ**

(૨) તે અન્વયે વપરાયેલ અને વણવપરાયેલ રકમ નીચે મુજબ છે. (રૂપિયા લાખમાં)

| જિલ્લાનું નામ | વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ખેડા | ૨૦૧૫ | ૧૪૬૫.૬૯ | ૮૩૪.૩૧ |
| | ૨૦૧૬ | ૫૦૦.૦૦ | --- |
| આણંદ | ૨૦૧૫ | ૫૮૦.૦૦ | ૪૨૦.૦૦ |

તા. ૭મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

---------

જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

* ૨૮૧૯૬ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષવાર કેટલા શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારો નોંધાયા,

જવાબ

(૧)

| ક્રમ | છેલ્લા બે વર્ષમાં નોંધાયેલ બેરોજગારો | | |
|---|---|---|---|
| | શિક્ષિત/ અશિક્ષિત | વર્ષ: ૨૦૧૫ | વર્ષ: ૨૦૧૬ |
| ૧ | શિક્ષિત | ૫૬૯૯ | ૪૪૦૮ |
| ૨ | અશિક્ષિત | ૧૦૦૯ | ૩૪૩ |

(૨) તે પૈકી કેટલા શિક્ષિત અને અશિક્ષિત નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | નોંધાયેલ પૈકી અપાયેલ રોજગારી | | |
|---|---|---|---|
| | શિક્ષિત/ અશિક્ષિત | વર્ષ: ૨૦૧૫ | વર્ષ: ૨૦૧૬ |
| ૧ | શિક્ષિત | ૪૮૪ | ૯૮૦ |
| ૨ | અશિક્ષિત | ૮૪૯ | ૮૩૦ |

(૩) તે પૈકી સરકારી નોકરી કેટલાને મળી?

(૩)

| ક્રમ | અપાયેલ રોજગારી પૈકી મળેલ સરકારી નોકરી | | |
|---|---|---|---|
| | શિક્ષિત/ અશિક્ષિત | વર્ષ: ૨૦૧૫ | વર્ષ: ૨૦૧૬ |
| ૧ | શિક્ષિત | ૦૨ | ૦૪ |
| ૨ | અશિક્ષિત | ૦૦ | ૦૦ |

---------

ડાંગ જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો

* ૨૯૭૩૯ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

જવાબ

(૧)

| અ. નં | તાલુકાનું નામ | પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રની સંખ્યા | પોતાના મકાન ન ધરાવતા આંગણવાડી કેન્દ્રની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આહવા | ૧૭૦ | ૧૩ |
| ૨ | વઘઈ | ૧૧૫ | ૧૦ |
| ૩ | સુબીર | ૧૨૩ | ૧૦ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં પોતાના મકાનો નથી તેવી આંગણવાડીઓને કેટલા સમયમાં મકાન આપવામાં આવશે?

(૨) બનતી ત્વરાએ.

---------

ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના યાત્રાધામોમાં આવક અને ખર્ચ

* ૨૯૪૦૭ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં યાત્રાધામોના વિકાસ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે. (રૂપિયા લાખમાં)

| જિલ્લાનું નામ | ક્રમ | યાત્રાધામનું નામ | ખર્ચ | વર્ષ |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ૧ | વરદાયીની માતા દેવસ્થાન, મુ.રૂપાલ | ૫૦૦.૦૦ | ૨૦૧૬ |
| | ૨ | પાનસુરી માતાજી મંદિર, મુ.પાનસર તા.કલોલ | ૩.૬૦ | ૨૦૧૬ |
| મહેસાણા | ૧ | શ્રી અંબાજી માતાજી મંદિર, મુ.કમાણા | ૧૬.૩ | ૨૦૧૫ |
| | ૨ | શ્રી નિલકંઠેશ્વર મહાદેવ, આમૂઢ | ૫૪.૦૯ | ૨૦૧૬ |
| | ૩ | શ્રી સુલેશ્વરી માતા મંદિર, મુ.વાલમ, તા.વિસનગર | ૨.૩૨ | ૨૦૧૬ |
| | ૪ | શ્રી બહુચરાજી માતાજી મંદિર, મુ.બેચરાજી | ૫૧.૧૨ | ૨૦૧૬ |
| | ૫ | શ્રી સિદ્ધેશ્વરી માતાજી મંદિર, મુ.ગિલોસણ | ૨૪.૦૧ | ૨૦૧૬ |

(૨) ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાંથી ઉક્ત સ્થિતિએ વર્ષવાર જીલ્લાઓના કયા યાત્રાધામોમાં કેટલી આવક સરકારને પ્રાપ્ત થઈ ?

(૨) આ યાત્રાધામોની આવક જે તે યાત્રાધામના ટ્રસ્ટની આવક હોય તે સરકારી તિજોરીમાં જમા થતી નથી.

---------

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં અટલ પેન્શન યોજના

* ૨૭૨૮૧ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ શ્રમિકો માટે અટલ પેન્શન યોજના ક્યારથી અમલમાં આવી,

(૨) ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં કેટલા શ્રમિકોને પેન્શન હેઠળ આવરી લીધેલ છે, અને

(૩) છોટા ઉદેપુર જિલ્લામાંથી કેટલા શ્રમિકોની કેટલી રકમની પેન્શનની ચૂકવણી કરી, કેટલા શ્રમિકોને પેન્શન ચૂકવણી કરવાની બાકી છે?

જવાબ

(૧) બાંધકામ શ્રમિકો માટેની અટલ પેન્શન સહાય અંગેની યોજના તા.૨૩–૦૪–૨૦૧૫થી અમલમાં આવી.

(૨)

| જિલ્લો | સંખ્યા |
|---|---|
| વડોદરા | ૦૨ |
| છોટા ઉદેપુર | ૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ટ્રાયબલ સબપ્લાન હેઠળ નવી બસોની ખરીદી

* ૩૦૦૭૯ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ વાહન

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં

વ્યવહાર પ્રભાગ દ્વારા છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી બસો ખરીદવામાં આવી,

કુલ ૨૧૫૨ બસો ખરીદવામાં આવેલ છે. જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

- વર્ષ ૨૦૧૫ : ૧૧૦૨ બસો
- વર્ષ ૨૦૧૬ : ૧૦૫૦ બસો

(૨) તે અન્વયે ટ્રાયબલ સબપ્લાન હેઠળ રાજ્યના આદિજાતિ વિસ્તાર માટે કેટલી નવી બસો ઉક્ત સ્થિતિએ વર્ષવાર ખરીદવામાં આવી, અને

(૨) ટ્રાયબલ સબપ્લાન હેઠળ રાજ્યના આદિજાતિ વિસ્તાર માટે છેલ્લાં બે વર્ષમાં ૮૯૯ બસો ખરીદવામાં આવેલ છે. જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

- વર્ષ ૨૦૧૫ : ૫૧૬ બસો
- વર્ષ ૨૦૧૬ : ૩૮૩ બસો

(૩) તે પાછળ ઉક્ત વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) તે પાછળ વર્ષવાર નીચે મુજબ કુલ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | કુલ ખર્ચ (કરોડમાં) | કુલ ખર્ચ પૈકી આદિજાતિ વિસ્તારની બસોનો ખર્ચ (કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૫ | ૨૦૪ | ૯૫ |
| ૨૦૧૬ | ૨૦૫ | ૭૭ |

---------

વલસાડ જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૨૭૩૮૭ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર સંકટ મોચન યોજના હેઠળ છેલ્લાં એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૧) ૨૨૪

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | વલસાડ | ૬૯ |
| ૨ | પારડી | ૭૪ |
| ૩ | વાપી | ૦૨ |
| ૪ | ધરમપુર | ૨૦ |
| ૫ | કપરાડા | ૩૫ |
| ૬ | ઉમરગામ | ૨૪ |
| | કુલ | ૨૨૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) ૧૨૨

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | વલસાડ | ૪૮ |
| ૨ | પારડી | ૨૭ |
| ૩ | વાપી | ૦૨ |
| ૪ | ધરમપુર | ૧૦ |
| ૫ | કપરાડા | ૨૪ |
| ૬ | ઉમરગામ | ૧૧ |
| | કુલ | ૧૨૨ |

(૩) કેટલી અરજીઓ મુખ્યત્વે શાં કારણોસર નામંજૂર કરી?

(૩) ૩૭

| કારણો | નામંજૂર અરજી |
|---|---|
| બી.પી.એલ. યાદીમાં સામેલ ન હોવાથી | ૨૫ |
| મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ થી વધુ હોવાથી | ૦૨ |
| કુટુંબ તરફથી બીજી વ્યક્તિની અરજી થવાથી | ૦૧ |

| | |
|---|---|
| અરજી સાથે જરૂરી પુરાવા રજૂ કરેલ ન હોવાથી | ૦૨ |
| બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી | ૦૭ |

રાજ્યમાં આંગણવાડી વર્કર અને હેલ્પરોનું વેતન

* ૨૮૮૧૬ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડીમાં ફરજ બજાવતા વર્કર અને હેલ્પરોને કેટલું વેતન દર મહીને ચુકવવામાં આવે છે, અને

(૨) ઉક્ત વેતનમાં વધારો કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલા લીધા?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ફરજ બજાવતા વર્કરો અને હેલ્પરોને નીચે દર્શાવ્યા અનુસાર માનદ વેતન ચુકવવામાં આવે છે.

- આંગણવાડી કાર્યકરો માસિક રૂ.૭૫૦/–
- મીની આંગણવાડી કાર્યકરો માસિક રૂ.૨૮૦૦/–
- તેડાગરો(મદદનીશ હેલ્પરો) માસિક રૂ.૨૪૦૦/–

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોમાં ફરજ બજાવતા વર્કરો અને હેલ્પરોના વેતનમાં કોઈ વધારો કરવામાં આવેલ નથી.

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વૃધ્ધોને પેન્શન

* ૨૭૪૦૫ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) ૧૭૨૪૭

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં મળેલ અરજીઓ | તા.૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ સુધીમાં મળેલ અરજીઓ | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | મહીસાગર | ૨૭૮૫ | ૧૭૧૪ | ૪૪૯૯ |
| ૨ | પંચમહાલ | ૮૦૪૬ | ૪૭૦૨ | ૧૨૭૪૮ |
| | કુલ | ૧૦૮૩૧ | ૬૪૧૬ | ૧૭૨૪૭ |

(૨) તે પૈકી ઉક્ત જીલ્લાવાર, વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૧૪૭૧૪

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં મંજૂર અરજીઓ | તા.૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ સુધીમાં મંજૂર અરજીઓ | કુલ મંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | મહીસાગર | ૨૨૨૫ | ૧૩૨૩ | ૩૫૪૮ |
| ૨ | પંચમહાલ | ૬૮૯૩ | ૪૨૭૩ | ૧૧૧૬૬ |
| | કુલ | ૯૧૧૮ | ૫૫૯૬ | ૧૪૭૧૪ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

(૩) ૨૨૭૭

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં | તા.૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ સુધીમાં | કુલ નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|

| | | નામંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ | |
|---|---|---|---|---|
| ૧ | મહીસાગર | ૪૬૨ | ૨૯૮ | ૭૬૦ |
| ૨ | પંચમહાલ | ૧૧૦૬ | ૪૧૧ | ૧૫૧૭ |
| | કુલ | ૧૫૬૮ | ૭૦૯ | ૨૨૭૭ |

---------

લઘુમતિ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે કેન્દ્રીય ગ્રાન્ટ

* ૨૮૧૮૦ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) લઘુમતીઓના વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) અને (૩) (રૂ. લાખમાં)

| વર્ષ | ફાળવેલ રકમ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૫ | ૫૨૯૬.૦૦ | ૫૨૯૬.૦૦ |
| ૨૦૧૬ | ૩૪૨૭.૫૦ | ૩૪૨૭.૫૦ |
| કુલ | ૮૭૨૩.૫૦ | ૮૭૨૩.૫૦ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડીઓ

* ૨૮૮૨૩ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડી કાર્યરત છે અને કેટલી આંગણવાડીની ઘટ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઘટતી આંગણવાડીઓ ક્યા સુધીમાં બનાવવામાં આવશે ?

જવાબ

(૧) ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પર્યાપ્ત આંગણવાડીઓ છે.

(૨)
- તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ૧૪૫૧ અને સાબરકાંઠા જિલ્લામાં ૧૯૨૧ આંગણવાડીઓ કાર્યરત છે.
- આંગણવાડીઓ પર્યાપ્ત હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહેમદાવાદ અને ખેડા તાલુકામાં આઈ.ટી.આઈ

* ૨૭૯૬૫ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં કેટલી આઈ.ટી.આઈ. આવેલ છે,

(૨) તે પૈકી કેટલી સરકારી અને કેટલી ગ્રાન્ટ–ઈન–એઈડ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત સિવાય નવીન આઈ.ટી.આઈ.નું બાંધકામ સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમની ફાળવણી નવીન આઈ.ટી.આઈ.ના બાંધકામ માટે કરેલ છે ?

જવાબ

(૧) ૦૪.

(૨) સરકારી – ૦૨
ગ્રાન્ટ–ઈન–એઈડ–૦૨.

(૩) નાજી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજકોટ અને બોટાદ જિલ્લામાં નોંધાયેલ વાહનોમાં એચ.એસ.આર.પી. નંબર પ્લેટ

* ૨૯૭૩૦ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ રાજકોટ અને બોટાદ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં સને ૨૦૧૫–૧૬ તથા સને ૨૦૧૬–૧૭ ના વર્ષ દરમિયાન નોંધાયેલા કેટલા વાહનો પૈકી કેટલાં વાહનોમાં હાઈસીક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવામાં આવી અને કેટલા વાહનોમાં નંબર પ્લેટ ફીટ કરવી બાકી છે તથા બાકીની નંબર પ્લેટો કયાં સુધીમાં ફીટ કરવામાં આવશે,

જવાબ

(૧) રાજકોટ અને બોટાદ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ સને ૨૦૧૫–૧૬ તથા સને ૨૦૧૬–૧૭ ના વર્ષ દરમિયાન નોંધાયેલા નીચે મુજબના વાહનો પૈકી કેટલાં વાહનોમાં હાઈસીક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવામાં આવી અને કેટલા વાહનોમાં નંબર પ્લેટ ફીટ કરવાની બાકી છે તેની વિગત નીચે મુજબ છે.

| ૦૧–૦૪–૨૦૧૫ થી૩૧–૦૩–૨૦૧૬ | | | |
|---|---|---|---|
| આર.ટીઓ. | એપ્રુવલ રેકોર્ડ | ફીટેડ | ફીટમેન્ટ પેન્ડન્સી |
| રાજકોટ | ૧૧૮૩૫૯ | ૧૧૮૩૦૪ | ૫૫ |
| બોટાદ | ૬૩૧૬ | ૬૩૧૧ | ૫ |
| ૦૧–૦૪–૨૦૧૬ થી ૩૧–૦૧–૨૦૧૭ | | | |
| આર.ટીઓ. | એપ્રુવલ રેકોર્ડ | ફીટેડ | ફીટમેન્ટ પેન્ડન્સી |
| રાજકોટ | ૯૭૧૧૦ | ૯૩૬૮૯ | ૩૪૨૧ |
| બોટાદ | ૫૯૪૨ | ૫૭૯૭ | ૧૪૫ |

બાકીની નંબર પ્લેટ વાહન ધારક જેમ જેમ વાહન લઈને આવશે તેમ તેમ HSRP નંબર પ્લેટ ફીટ કરી આપવામાં આવશે.

(૨) ઉકત જિલ્લાવાર હાઈસીક્યુરીટી નંબર પ્લેટની ગુણવત્તા હલકી કક્ષાની હોવા અંગેની ફરિયાદ સરકારને ઉકત સમયગાળામાં કેટલી મળી, અને

(૨) રાજકોટ જિલ્લામાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટની ગુણવત્તા હલકી કક્ષાની હોવા અંગેની ૪(ચાર) ફરીયાદ મળેલ છે.

બોટાદ જિલ્લામાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટની ગુણવત્તા હલકી કક્ષાની હોવા અંગેની કોઈ જ ફરીયાદ મળેલ નથી.

(૩) તે પરત્વે જવાબદાર એજન્સી સામે સરકારે શું પગલાં લીધા ?

(૩) હાઈસિક્યુરીટી નંબર પ્લેટની ગુણવત્તા હલકી કક્ષાની હોવા અંગેની ફરિયાદ અંગે એજન્સીને નોટીસ આપવામાં આવેલ છે.

---------

મહેસાણા જિલ્લામાં સ્કીલ ડેવલપમેન્ટ અભ્યાસક્રમો

* ૨૯૮૫૦ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ''સ્કીલ ડેવલપમેન્ટ'' હેઠળના વિવિધ અભ્યાસક્રમો માટે રાજ્ય સરકારે કેટલી સંસ્થાઓને મંજૂરી આપી,

જવાબ

(૧) ૧૩.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત અભ્યાસક્રમમાં તાલુકા કક્ષાએ કઈ સંસ્થામાં કેટલા તાલીમાર્થી જોડાયા છે,

(૨)

| ક્રમ | સંસ્થાનું નામ | તાલીમાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૧૫–૧૬ | ૧૬–૧૭ |
| ૧ | સરદાર પટેલ ટ્રસ્ટ, વિસનગર | ૦૦ | ૦૦ |
| ૨ | સીઈડી, ખેરાલુ | ૦૦ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | નવજીવન, મહેસાણા | ૦૦ | ૪૦ |
| ૪ | રીબર્થ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, મહેસાણા | ૦૦ | ૨૨ |
| ૫ | સોસાયટી ફોર એજ્યુકેશન એન્ડ સોશીયલ એકટીવીટી, મહેસાણા | ૦૦ | ૦૦ |
| ૬ | શ્રી વાસુદેવભાઈ એન્ડ કાંતિભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જી., કડી | ૦૦ | ૯૮ |
| ૭ | ઓમશાંતી સ્કીલ ડેવલપમેન્ટ, મહેસાણા | ૦૦ | ૦૦ |
| ૮ | કુટુંબ અને બાળ કલ્યાણ સમીતી, સિદ્ધાર્થ સોસાયટી, સોમનાથ રોડ, મહેસાણા | ૦૦ | ૦૦ |
| ૯ | કુટુંબ અને બાળ કલ્યાણ સમીતી, સેતુભવન, હૈદરી ચોક, મહેસાણા | ૦૦ | ૦૦ |
| ૧૦ | એપેલો ઈન્ફ્રાટેક પ્રા.લી. મહેસાણા | ૦૦ | ૩૨ |
| ૧૧ | વિશાલ એન્ટરપ્રાઈઝ, મહેસાણા | ૦૦ | ૨૦ |
| ૧૨ | સ્ટારલાઈન પ્રા.લી. મહેસાણા | ૦૦ | ૨૦ |
| ૧૩ | હીટાચી હોમ એન્ડ લાઈફ સોલ્યુશન, કડી | ૨૦ | ૧૮ |
| | કુલ | ૨૦ | ૨૫૦ |

ક્રમ નં.૧ થી ૦૯ MES યોજના હેઠળ અને ક્રમ નં. ૧૦ થી ૧૩ i –KVK યોજના હેઠળ રજીસ્ટ્રેશન થયેલ છે.

(૩) ઉકત સ્થિતિએ આ અભ્યાસક્રમો માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર કોઈ સહાય આપે છે, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો ઉકત સ્થિતિએ કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે વર્ષવાર કેટલી સહાય આપી ?

(૪)

| વર્ષ | કેન્દ્ર સરકારે આપેલ સહાય | રાજ્ય સરકારે આપેલ સહાય |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ૦૦ | ૧.૭૫ લાખ |
| ૨૦૧૬–૧૭ | ૦૦ | ૦૦ |

---------

## સુરત અને તાપી જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી

* ૨૭૪૫૫ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૧)

| ક્રમ | જિલ્લો | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | સુરત | ૩૫૯૨૮ |
| ૨ | તાપી | ૧૦૧૪૭ |

(૨) તે પૈકી ઉકત જિલ્લાઓમાં તાલુકાવાર ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી ?

(૨)

| ક્રમ | જિલ્લો/તાલુકાનું નામ | અપાયેલ સરકારી નોકરી | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ | કુલ |
| (એ) | સુરત જિલ્લો | | | |
| ૧ | સુરત સીટી | ૩ | ૯ | ૧૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ચોર્યાસી | ૩ | ૦ | ૩ |
| ૩ | બારડોલી | ૦ | ૦ | ૦ |
| ૪ | ઓલપાડ | ૦ | ૧ | ૧ |
| ૫ | મહુવા | ૦ | ૧ | ૧ |
| ૬ | માંડવી | ૧૪૬ | ૨ | ૧૪૮ |
| ૭ | કામરેજ | ૦ | ૦ | ૦ |
| ૮ | પલસાણા | ૦ | ૦ | ૦ |
| ૯ | ઉમરપાડા | ૦ | ૦ | ૦ |
| ૧૦ | માંગરોળ | ૨ | ૦ | ૨ |
| | કુલ | ૧૫૪ | ૧૩ | ૧૬૭ |
| (બી) | તાપી જિલ્લો | | | |
| ૧ | માંડવી | ૮૧ | ૦ | ૮૧ |
| ૨ | વાલોડ | ૫૮ | ૦ | ૫૮ |
| ૩ | સોનગઢ | ૯૧ | ૦ | ૯૧ |
| ૪ | ઉચ્છલ | ૫ | ૦ | ૫ |
| ૫ | નિઝર | ૩ | ૦ | ૩ |
| ૬ | ડોલરણ | ૨૯ | ૦ | ૨૯ |
| ૭ | કુકરમુંડા | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨૬૭ | ૦ | ૨૬૭ |

---------

જામનગર શહેર અને જિલ્લામાં ધનવંતરી યોજના

* ૨૯૪૨૩ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર શહેર અને જિલ્લામાં બાંધકામ શ્રમયોગી અને તેમના પરિવારજનોના આરોગ્યની ચકાસણી માટે ધનવંતરી રથ તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ક્યારે શરૂ કરવામાં આવ્યો, | (૧) જામનગર સહિત રાજ્યના આઠ મહાનગરપાલિકા વિસ્તારોમાં તા.૨૬-૧૨-૨૦૧૫ થી ધનવંતરી રથ શરૂ કરવામાં આવ્યો. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર શહેર અને જિલ્લામાં કેટલાં બાંધકામ શ્રમિકો અને તેના પરિવારજનોની આરોગ્ય તપાસણી કરી, અને | (૨) જામનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ ૨૦,૫૯૨ બાંધકામ શ્રમિકો તથા તેમના પરિવારજનોની આરોગ્ય તપાસણી કરવામાં આવી. |
| (૩) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ રૂ.૪૦.૭૮/- લાખ. |

---------

નિયામકશ્રી, વિકસતિ જાતિની જુદી જુદી યોજનાઓમાં આવક મર્યાદા

* ૩૦૦૯૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષથી નિયામક, વિકસતી જાતિ મારફતે પુરી પાડવામાં આવતી સહાયની જુદી જુદી યોજનામાં યોજનાવાર લાભાર્થીની આવકની મર્યાદા અલગ અલગ છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના નિરાકરણ માટે શી કાર્યવાહી હાથ ધરાઈ છે ? | (૨) યોજના અને લાભાર્થી જૂથને ધ્યાને રાખી આવક મર્યાદા નક્કી થાય છે, તેથી નિરાકરણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## તા. ૭મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓ

* ૨૭૯૨૯ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૩) ઉકત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાન સત્વરે આપવા સરકારે શા પગલાં લીધાં ?

જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં ૧૯૨૧ અને મહેસાણા જિલ્લામાં ૧૯૧૩.

(૨) સાબરકાંઠા જિલ્લામાં ૧૫૯૫ અને મહેસાણા જિલ્લામાં ૧૭૬૮ આંગણવાડીઓને પોતાના મકાનો છે અને સાબરકાંઠા જિલ્લામાં ૩૨૬ તથા મહેસાણા જિલ્લામાં ૧૪૫ આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૩) મહેસાણા જિલ્લો

૨૧ આંગણવાડીઓના મકાન બાંધકામ હેઠળ તથા પુર્ણતાના આરે છે અને ૨૦ આંગણવાડીઓના મકાન બાંધકામ માટેની જગ્યા ઉપલબ્ધ થયેલ છે જેની બાંધકામની કાર્યવાહી ચાલુમાં છે. તેમજ ૨૬ ગ્રામ્ય તથા ૭૮ નગરપાલિકા વિસ્તારની એમ કુલ ૧૦૪ આંગણવાડીઓ માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે.

સાબરકાંઠા જિલ્લો

૧૧૪ મકાનોના બાંધકામ પ્રગતિમાં છે. બાકીના આંગણવાડી કેન્દ્રો માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે. જે અંગે તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

---------

### તાપી અને સુરત જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી

* ૨૭૨૮૭ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૨) તે પૈકી ઉકત જિલ્લાઓમાં તાલુકાવાર ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી ?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લો | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | તાપી | ૧૦૧૪૭ |
| ૨ | સુરત | ૩૫૯૨૮ |

(૨)

| ક્રમ | જિલ્લો/તાલુકાનું નામ | અપાયેલ સરકારી નોકરી | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ | કુલ |
| (એ) | તાપી જિલ્લો | | | |
| ૧ | વ્યારા | ૮૧ | ૦ | ૮૧ |
| ૨ | વાલોડ | ૫૮ | ૦ | ૫૮ |
| ૩ | સોનગઢ | ૯૧ | ૦ | ૯૧ |
| ૪ | ઉચ્છલ | ૫ | ૦ | ૫ |
| ૫ | નિઝર | ૩ | ૦ | ૩ |
| ૬ | ડોલરણ | ૨૯ | ૦ | ૨૯ |
| ૭ | કુકરમુંડા | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨૬૭ | ૦ | ૨૬૭ |
| (બી) | સુરત જિલ્લો | | | |
| ૧ | સુરત સીટી | ૩ | ૯ | ૧૨ |
| ૨ | ચોર્યાસી | ૩ | ૦ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | બારડોલી | ૦ | ૦ | ૦ |
| ૪ | ઓલપાડ | ૦ | ૧ | ૧ |
| ૫ | મહુવા | ૦ | ૧ | ૧ |
| ૬ | માંડવી | ૧૪૬ | ૨ | ૧૪૮ |
| ૭ | કામરેજ | ૦ | ૦ | ૦ |
| ૮ | પલસાણા | ૦ | ૦ | ૦ |
| ૯ | ઉમરપાડા | ૦ | ૦ | ૦ |
| ૧૦ | માંગરોળ | ૨ | ૦ | ૨ |
| | કુલ | ૧૫૪ | ૧૩ | ૧૬૭ |

---------

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આંગણવાડીઓ

* ૨૮૫૮૪ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે ઉકત જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૩) ઉકત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાન સત્વરે આપવા સરકારે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૩૩૬૪ અને પાટણ જિલ્લામાં ૧૪૨૭.

(૨) બનાસકાંઠા જિલ્લામાં ૨૯૪૮ અને પાટણ જિલ્લામાં ૧૨૬૧ આંગણવાડીઓને પોતાના મકાનો છે અને બનાસકાંઠા જિલ્લામાં ૪૧૭ તથા પાટણ જિલ્લામાં ૧૬૬ આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૩) બનાસકાંઠા જિલ્લામાં ૧૬૩ આંગણવાડીના મકાન બાંધકામ ચાલુમાં છે, ૧૩૦ આંગણવાડી કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ થયેલ છે. ૧૨૪ આંગણવાડી કેન્દ્રો માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે. તથા પાટણ જિલ્લામાં ૧૬૬ પૈકી સરકારી મકાનમાં ૧૬ આં.વા. કેન્દ્રો ચાલે છે શહેરી કક્ષાએ ૮૩ આં.વા. કેન્દ્ર માટે જમીન મેળવવા અંગેના પ્રયત્નો ચાલુમાં છે. તેમજ ગ્રામ્ય કક્ષાએ ૫૨ આંગણવાડી કેન્દ્ર માટે જમીન મેળવવા અંગેના પ્રયત્નો ચાલુમાં છે. મનરેગા હેઠળ ૧૫ ગ્રામ્ય કક્ષાએ આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટે ટેન્ડરીંગ કરવામાં આવેલ છે જે કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થશે. જમીન ઉપલબ્ધ થયેથી મકાન બાંધકામની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

---------

બનાસકાંઠા જિલ્લામાં કન્યાઓને સાયકલ

* ૨૯૪૧૨ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિની કન્યાઓને સાયકલ સહાય અન્વયે ક્યા તાલુકાની કેટલી કન્યાઓને સાયકલ આપવાની બાકી છે,

(૨) તેના કારણો શા છે, અને

(૩) ઉકત બાકી કન્યાઓને ક્યારે સાયકલ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) શૂન્ય. (૦).

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓ

* ૨૯૭૦૧ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ (રાજકોટ પૂર્વ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા. ૭મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડી કાર્યરત છે અને કેટલી આંગણવાડીઓની ઘટ છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

જવાબ

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ રાજકોટ શહેર અને જિલ્લામાં આંગણવાડીઓની સંખ્યા હાલના તબક્કે પર્યાપ્ત છે.

(૨)

- તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જિલ્લાવાર (સમગ્ર જિલ્લાની) ૧૭૨૩ આંગણવાડીઓ કાર્યરત છે.
- આંગણવાડીઓની સંખ્યા પર્યાપ્ત હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની આર.ટી.ઓ.માં ખાલી જગ્યાઓ

* ૨૭૨૯૨ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર , સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત સામેલ પત્રક ૨ મુજબ છે.

(૩) જગ્યાઓ ખાલી થવાની પ્રક્રીયા તથા ભરવાની પ્રક્રીયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રીયા છે. તેથી ભરતી પ્રક્રીયા અનુસાર તથા વહીવટી અનુકુળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે.

પત્રક-૧

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | | |
|---|---|---|---|---|
| | | આર.ટી.ઓ. અમદાવાદ (સુભાષબ્રીજ) | આરટીઓ અમદાવાદ (પૂર્વ)/(વસ્ત્રાલ) | એઆરટીઓ ગાંધીનગર |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | -- | -- |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ | ૦૧ | ૦૧ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ | -- | -- |
| ૪ | મામલતદાર | ૦૧ | -- | -- |
| ૫ | વહીવટી અધિકારી | ૦૧ | -- | -- |
| ૬ | હિસાબી અધિકારી | ૦૧ | -- | -- |
| ૭ | મોટર વાહન નિરીક્ષક | ૧૫ | ૧૦ | ૦૪ |
| ૮ | સહાય મોટર વાહન નિરીક્ષક | ૧૯ | ૦૭ | ૦૯ |
| ૯ | જનસંપર્ક અધિકારી | ૦૩ | ૦૧ | ૦૧ |
| ૧૦ | હેડ ક્લાર્ક | ૧૦ | ૦૪ | ૦૨ |
| ૧૧ | સીનીયર ક્લાર્ક | ૨૨ | ૦૬ | ૦૬ |
| ૧૨ | જુનીયર ક્લાર્ક | ૧૧૬ | ૧૫ | ૧૦ |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ-૨ | ૦૧ | -- | -- |
| ૧૪ | હિસાબનીશ | ૦૨ | -- | -- |
| ૧૫ | સબ ઓડીટર | ૦૬ | ૦૨ | -- |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | સર્કલ ઓફીસર | ૦૩ | ૦૧ | -- |
| ૧૭ | સંશોધન મદદનીશ | ૦૧ | -- | -- |
| ૧૮ | આંકડા મદદનીશ | ૦૩ | ૦૧ | ૦૧ |
| ૧૯ | ડ્રાઈવર | ૦૩ | ૦૧ | ૦૧ |
| ૨૦ | નાયક | ૦૪ | -- | -- |
| ૨૧ | પટાવાળા | ૨૦ | ૦૫ | ૦૪ |
| ૨૨ | વોચમેન | ૦૧ | -- | -- |
| | કુલ :- | ૨૩૭ | ૫૪ | ૩૯ |

પત્રક-૨

| અ.નં. | સંવર્ગનું નામ | આર.ટી.ઓ. અમદાવાદ (સુભાષબ્રીજ) | | આરટીઓ અમદાવાદ (પૂર્વ)/(વસ્ત્રાલ) | | એઆરટીઓ ગાંધીનગર | |
|---|---|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | -- | -- | -- | -- | -- |
| ૨ | સહા. પ્રા. વા. વ્ય. અધિકારી | ૦૧ | ૦૨ | -- | ૦૧ | -- | ૦૧ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | -- | ૦૧ | -- | -- | -- | -- |
| ૪ | મામલતદાર | -- | ૦૧ | -- | -- | -- | -- |
| ૫ | વહીવટી અધિકારી | -- | ૦૧ | -- | -- | -- | -- |
| ૬ | હિસાબી અધિકારી | -- | ૦૧ | -- | -- | -- | -- |
| ૭ | મોટર વાહન નિરીક્ષક | ૦૫ | ૧૦ | ૦૪ | ૦૬ | ૦૨ | ૦૨ |
| ૮ | સહા. મોટર વાહન નિરીક્ષક | ૧૩ | ૦૬ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૪ |
| ૯ | જનસંપર્ક અધિકારી | ૦૧ | ૦૨ | ૦૧ | -- | -- | ૦૧ |
| ૧૦ | હેડ કલાર્ક | ૦૯ | ૦૧ | ૦૪ | -- | ૦૨ | -- |
| ૧૧ | સીનીયર કલાર્ક | ૧૪ | ૦૮ | ૦૪ | ૦૨ | ૦૬ | -- |
| ૧૨ | જુનીયર કલાર્ક | ૬૫ | ૫૧ | ૧૧ | ૦૪ | ૦૯ | ૦૧ |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ-૨ | ૦૧ | -- | -- | -- | -- | -- |
| ૧૪ | હિસાબનીશ | ૦૨ | -- | -- | -- | -- | -- |
| ૧૫ | સબ ઓડીટર | ૦૪ | ૦૨ | -- | ૦૨ | -- | -- |
| ૧૬ | સર્કલ ઓફીસર | -- | ૦૩ | -- | ૦૧ | -- | -- |
| ૧૭ | સંશોધન મદદનીશ | ૦૧ | -- | -- | -- | -- | -- |
| ૧૮ | આંકડા મદદનીશ | ૦૧ | ૦૨ | -- | ૦૧ | ૦૧ | -- |
| ૧૯ | ડ્રાઈવર | -- | ૦૩ | -- | ૦૧ | -- | ૦૧ |
| ૨૦ | નાયક | ૦૧ | ૦૩ | -- | -- | -- | -- |
| ૨૧ | પટાવાળા | ૧૬ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૪ | -- |
| ૨૨ | વોચમેન | -- | ૦૧ | -- | -- | -- | -- |
| | કુલ :- | ૧૩૫ | ૧૦૨ | ૩૧ | ૨૩ | ૨૯ | ૧૦ |

---------

નિયામકશ્રી, વિકસતી જાતિની જુદી જુદી યોજનાઓમાં આવક મર્યાદા

* ૩૦૧૦૯ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષથી નિયામક, વિકસતી જાતિ મારફતે પુરી પાડવામાં આવતી સહાયની જુદી જુદી યોજનામાં યોજનાવાર લાભાર્થીની આવકની મર્યાદા અલગ અલગ છે તે હકીકત | (૧) હા, જી. |

સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના નિરાકરણ માટે શી કાર્યવાહી હાથ ધરાઈ છે ?

(૨) યોજના અને લાભાર્થી જૂથને ધ્યાને રાખી આવક મર્યાદા નક્કી થાય છે, તેથી નિરાકણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નેશનલ મિશન ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન માટે કેન્દ્રિય સહાય

* ૨૭૩૫૦ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્ટેટ રિસોર્સ સેન્ટર એન્ડ નેશનલ મિશન ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા જી.

(૨)

| વર્ષ | મળેલ રકમ (રકમ રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૦૦ |
| ૨૦૧૬–૧૭ | ૧૩.૫૧ |

(૩)

| વર્ષ | કરેલ ખર્ચ (રકમ રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૧૨.૫૬ |
| ૨૦૧૬–૧૭ | ૧૦.૦૪ |

---------

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સેસ પેટે જમા રકમ

* ૨૯૪૩૨ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ રાજયમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા પ્રમાણે વેલફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) કુલ રૂ. ૧૫૨૪.૩૬/– કરોડ.

(૨) ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે નીચે મુજબની રકમ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લા | વાપરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫ | ગીર સોમનાથ | ૯.૧૦ |
| | જૂનાગઢ | ૩૦.૨૦ |
| ૨૦૧૬ | ગીર સોમનાથ | ૧૨.૭૨ |
| | જૂનાગઢ | ૫૨.૦૯ |

---------

કચ્છ જિલ્લામાં એટ્રોસિટી ફરિયાદો અન્વયે સહાય

* ૩૦૦૪૮ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં એટ્રોસીટીના કેટલા કીસ્સાઓ નોંધાયા, અને

(૨) ઉક્ત પૈકી તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ કેટલા કીસ્સામાં સહાય આપવામાં આવી છે અને ઉક્ત સ્થિતિએ કેટલા અસરગ્રસ્તોને સહાય આપવાની બાકી છે ?

જવાબ

(૧) ૧૮૪.

(૨) ૧૭૪ કિસ્સામાં સહાય આપવામાં આવેલ છે.
૧૦ અસરગ્રસ્તોને સહાય આપવાની બાકી છે.

---------

ફાલ્ગુન ૧૬, ૧૯૩૮ શાકે

## અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

સભ્યશ્રીઓ ઉપર આવતા ધમકીભર્યા ફોન તથા મેસેજ અંગે

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપ આ ગૃહના, આ સંકુલના માલિક છો. વિધાનસભાની કાર્યવાહી કેમ ચલાવવી તે આપના હાથમાં હોય છે. બીટવીન ધી લાઇન્સ આપે બધું વાંચીને અમલમાં મૂકવાનું હોય છે પણ ઐતિહાસિક ચુકાદાઓમાં કેટલાય અધ્યક્ષશ્રીઓના નામ રેકર્ડ પર રહેતા હોય છે. પ્રશ્ન કલાકમાં, પ્રશ્ન વખતે સસ્પેન્ડ કરાય, ન કરાય. દેશની સૌથી મોટી લોકસભામાં ઘણી વખતે મહત્વનો પ્રશ્ન હોય તો પ્રશ્નકાલ સ્થગિત કરતા હોય છે. દસ પંદર મિનિટ આપે આની પ્રાથમિકતા આપી હોત તો કંઇ ખોટું નથી. તેના સિવાય ઘણી પ્રણાલિકામાં ફરક કરવાની જરૂર છે તે હું આપને વ્યક્તિગત વાત કરીશ. કારણ કે સ્ટીરીયો ટાઇપ રૂટિન અને આ સભ્યો છે, આમાં પક્ષ નથી હોતા. સભ્યોને પણ રેડીમેઇડ પ્રશ્ન લેખિત પૂછવામાં આવે. આ પૂછવાનું, આ નહીં પૂછવાનું ઘણું બધું છે તે હું આપને મળીને વાત કરીશ. છેલ્લું સત્ર છે અને ઐતિહાસિક ચુકાદામાં આપનું નામ રેકર્ડ પર આવે તો અમને ગમશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજ સવારે માનનીય સભ્યશ્રી સી.કે.રાઉલજી ઉપર અહીં ઓફિસમાં જ ફોન આવ્યા. તેના પરથી અમને લાગ્યું કે કેટલા મિત્રોને આ પ્રમાણે આવા મારી નાખવાની ધમકીના ફોન વિગેરે વિગેરે. દોઢેક મહિના પહેલાં અમારા ગુરુદાસ કામત મુંબઇથી અહીં આવેલા. તેમના ઘેર મુંબઇથી ફોન આવ્યો. મારી હાજરીમાં હું બેઠો હતો અને તેમના શ્રીમતીજીએ કહ્યું કે આવો રવિ પુજારી નામનો ફોન અને તેમણે ફોન નંબર પણ આપ્યો, તેમણે કહ્યું કે આ ફોન નંબર સાચો છે તમે લખી લો, રેકર્ડ કરો. મારી હાજરીમાં સી.પી. મુંબઇને તેમણે કહ્યું કે આની તપાસ કરો. તેમના છોકરાને મારી નાંખવાની ધમકીનો પહેલો ફોન દોઢેક મહિના પહેલાં હતો. તેના પછી શક્તિસિંહભાઇ બે દિવસ પહેલાં અહીં હતા અને મને કહ્યું કે કોઇને કહેતા નહીં કે મારા ઉપર ધમકીભર્યો રવિ પુજારીનો ફોન આવ્યો. પેનીક ન થાય માટે હું ચર્ચામાં લેવા માગતો નથી. તેવું સી.કે.રાઉલજી ઉપર, અમિતભાઇ ચાવડા ઉપર લગભગ દોઢેક મહિના પહેલાં ફાયરીંગ થયું, ધમાલ થઇ તેના આપણે સાક્ષી છીએ. મેરામણભાઇ મને કહે કે મારા છોકરા ઉપર દોઢ–બે મહિના પહેલાં આવા ફોન આવ્યા. કમિશ્નર હતા તેમની પાસે તેમણે રિવોલ્વરનું લાઇસન્સ પણ માગ્યું. તેવી જ રીતે આ આખી વિધિ જે છે તેમાં અત્યાર સુધીમાં બીજા મિત્રો ઉપર ફોન આવ્યા તેમાં હીરાભાઇ પટેલ, ગોવાભાઇ રબારી, પીરઝાદા સાહેબ, ચંદ્રિકાબેન બારીયા ઉપર આવ્યા. આ તો ઠીક છે, સામેથી કોઇના ઉપર આવ્યા હોય તો રેકર્ડ પર મૂકવું જોઇએ. નથીંગ રોંગ ઇન ઇટ. આમાં કંઇ પ્રોબ્લેમ ન થાય. સલામતીનો સવાલ છે. દેશના વડાપ્રધાન જયારે ગુજરાતના હોય, ગુજરાતમાં આવતા હોય તેવા વખતે આવા ફોન આવે તેની વિશેષ ચિંતા કરવી જોઇએ. સવિશેષ ફોન અમેરિકાથી, લાઓસ, અલ્જિરીયા, લીબીયા, થાઇલેન્ડ, ક્રોએશિયા, ભૂતાન, પાકિસ્તાન, તુર્કી. આ બધા ઇન્ટરનેશનલ ફોન હોય તે ટ્રેસ કરવા ન કરવા પણ ભારત સરકાર પોતાની એમ્બેસીઝને એકટીવ કરે. આ કોઇ ફકત મુંબઇ કે ગુજરાત પૂરતું મર્યાદિત નહીં હોય. કદાચ ડોન લોકોએ પોતાની એક રેપ્યુટેશન ધાક બેસાડવા માટેના આ ધંધા કરતા હોય, પણ આપણી એમ્બેસીઝ થ્રુ જેમાં ઓસ્ટ્રેલિયા, અમેરિકા, લંડન હોય કે ઇવન પાકિસ્તાન, બેંગકોક કે થાઇલેન્ડ હોય વિગેરે વિગેરે ત્યાં સ્પેશ્યલ માણસ અહીંથી મોકલીને તેની ચિંતા કરવી જોઇએ. આ કોઇ આ પક્ષના કે પેલા પક્ષના એવું નથી. આ તો લગભગ દશેક કન્ટ્રી છે. બીજા ઘણા કન્ટ્રી હશે. આ જે મેસેજ આવે છે તે બહુ ભયંકર હોય છે. માણસ વાંચીને હલી જાય. આપણા ઉપર થોડીવાર માટે કોઇએ કહ્યું હોય કે તને જોઇ લઇશું તો આપણને ઉંઘ નથી આવતી. ત્યારે આમાં તો દસ કરોડ દે નહીં તો કાઉન્સિલર પ્રજ્ઞેશ પટેલ કો જૈસા મારા હૈ ના, મૈંરે લોગોને ગોલી માર દીયા હૈ, વૈસા હી તેરે કો ભી માર દીયા જાયેગા ડોન રવિ પુજારી. ઔર સેઇમ ડે ફ્રાઇડે કો ડેઢ બજે આતા હૈ ઔર દૂસરે ફ્રાઇડે કો ગ્યારહ બજે. મતલબ એક હી દિન મે સેઇમ એસએમએસ દોબારા રીપીટ હોતા હૈ ઇસકા મતલબ. એટલી ગંભીરતા છે કે માણસ આ વાંચીને હલી જાય. દસ કરોડ સી.કે. કયાંથી લાવે કે કોઇપણ કયાંથી લાવે. એટલા માટે આપના માધ્યમથી હું ભારત સરકારને વિનંતી કરવા માગુ છું કે, વિદેશમાંથી આવતા આવા ટેલિફોન કે જે રેકર્ડ પર નંબર હોય તેનું વેરીફીકેશન કરે અને લગભગ અવાજ માટે અમિત ચાવડાએ કહ્યું કે આ રવિ પુજારીનો જ અવાજ છે. ટેલિફોન ઉપર હોય તે તેણે ટ્રેસ કરેલો છે. ટેકનોલોજી એવી છે કે આજે હું આ બોલતો હોઉં અને મારા નામે ગમે તે અવાજ હોય તો લેબ પણ પુરવાર ન કરે કે આ અવાજ બીજાનો છે. તે ઘણું ટેકનોલોજીમાં ડેવલપ થયેલ છે. આ ખોટું હોઇ શકે પરંતુ સભ્યશ્રીઓની આ સલામતી તે ન ફકત અહીં કે ત્યાં કોઇપણ હોય તેના માટે આપ વિશેષ ચિંતા કરીને ભારત સરકારને વિનંતી કરો. આવા ટેલિફોન જે આવે છે એ ટ્રેસ કરે અને કયાંય પણ કોઇ હોય તો લોકેટ કરે કે આ માણસો છે. આપણી આટલી મોટી એજન્સી, સીક્રેટ એજન્સી અને બીજી ઘણી બધી આપણી સંસ્થાઓ રો વગેરે વગેરે છે એના માધ્યમથી આપ ચિંતા કરીને પ્રધાનમંત્રીશ્રીને અહીં પધારે ત્યારે આપ મળીને કહેજો કે આવું ઘ્યાન અમે આકર્ષિત કરીએ છીએ આપના માધ્યમથી જેથી કરીને સભ્યોને હાશ થાય. આ અંગે વધુ કોઇને અનુભવ થયો હોય તો જરૂર આપની અનુમતિથી કહી શકે. આ તો મને જે ઉપલખ ખબર છે એ પૂરતું આપનું ધ્યાન દોરું છું. આપે ચર્ચાને અનુમતિ આપી એ બદલ આપનો આભાર.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત બહુ ગંભીર છે અને ડોન તરીકે ભૂતકાળમાં દાઉદ ઇબ્રાહીમ વગેરે નામ હતા પણ હવે આ જે ડોન રવિ પુજારી ડોન તરીકે કેવી રીતે આવ્યો એ પ્રશ્નાર્થ છે. પર્ટીક્યુલર મારે દુઃખ સાથે કહેવું પડશે કે વિધાનસભાનું સત્ર ચાલુ છે, અવાર–નવાર સરકારની સાચી દિશામાં નિષ્ફળતા હોય કે સફળતા હોય એની આ સભાગૃહમાં ચર્ચા થતી હોય અને ઘણી વખત અમને પણ લાગે કે આ સરકાર બરાબર કામ કરતી નથી તો સ્વાભાવિક અમે સરકારને પૂરેપૂરું આ કામ થયું નથી એવી વાત કરતા હોઇએ છીએ. જ્યારે ૨૬મી જાન્યુઆરીનો ધ્વજવંદનનો કાર્યક્રમ હતો તે

વખતે આણંદ મૂકામે માનનીય અમિતભાઇ ચાવડાને આ ડોન રવિનો ટેલિફોન આવ્યો ત્યારે મારે વાતચીત થયા મુજબ એમને ફોન પર એમ કહેવામાં આવ્યું હતું કે, તમને ટી.વી.મિડિયામા ફોટા પડાવવાનો બહુ શોખ છે તો તને જોઇ લઇશ. જ્યારે મારે ગયા શુક્રવારે તા.૩.૩.૨૦૧૭ના રોજ ૧૧.૦૭ મિનિટે ચાલુ વિધાનસભા ગૃહમાં હું હતો ત્યારે મેસેજ આવ્યો એટલે ચાલુ વિધાનસભા દરમ્યાન સ્વાભાવિક છે કે મેસેજ અમે ન વાંચી શકીએ અને એ મેસેજ જે પ્રમાણે બાપુશ્રીએ કહ્યું એ પ્રમાણે ૧૧.૦૭ મિનિટે આજ રીતનો મારા મોબાઇલ ઉપર મેસેજ હતો કે ૧૦ કરોડ દે નહીં તો કાઉન્સિલર પ્રજ્ઞેશ પટેલ કો જૈસે હમારે લોગોને માર દીયા હૈ વૈસે હી તેરે કો ગોલી માર કે માર દીયા જાયેગા. "ડોન રવિ પુજારી" ત્યાર બાદ સભાગૃહ શુક્રવારે પૂરું થયા પછી લગભગ ૧.૨૯ મિનિટે આજ પ્રકારનો મેસેજ મારા ફોન ઉપર આવ્યો ત્યાર પછી સ્વાભાવિક છે કે મેં જોયો નહીં એટલે મેસેજ નહીં જોવાના કારણે ફરીથી ફોન આવ્યો અને ફોન જે આવ્યો એ નો કોલરઆઇડી તરીકે આવ્યો એટલે મેં રીસીવ ન કર્યો ત્યાર પછી થાઇલેન્ડથી ફોન આવ્યો એનો નંબર છે ૬૬૬૬૫૫૯૩૭૨ મને કહ્યું કે, મારો મેસેજ મળ્યો? મેં કહ્યું કે શાનો મેસેજ ? તો કહે ૧૦ કરોડ રૂપિયાનો. મારા અંદાજ મુજબ મને એમ કે ઘણી વખત કંપનીઓ આવા ફોન નફાની લાલચ આપીને કરતી હોય છે એટલે મેં કહ્યું કે તારી સાથે વાત કરવા માગતો નથી એમ કરીને મેં ફોન કટ કરી નાંખ્યો. ત્યાર પછી ફરીથી ભુતાનથી ફોન આવ્યો, ફોન નં. ૯૭૯૩૨૯૯૯૭૯ પરથી ફોન આવ્યો ત્યારે પણ મેં કહ્યું કે મારે તારી સાથે વાત નથી કરવી. ત્યાર પછી થાઇલેન્ડ, ક્રેટા અને બોલિવિયાથી ફોન આવ્યા પણ મેં ફોન રીસીવ કર્યા નહીં કારણ કે આવા લોફર માણસો સાથે વાત કરવાનો કોઇ મતલબ ન હતો તેમ છતાં શુક્રવારનો દિવસ હોય હું મારા વતનમાં સાજે ૫–૦૦ વાગ્યે પહોંચ્યા પછી મેં મારા પુત્રને કહ્યું કે આવી ધમકી ભર્યા ફોન આવે છે તો તું પોલીસ ખાતાને જાણ કરી દે. શનિ–રવિની રજાના કાર્યક્રમો હોવાના કારણે મેં મેસેજ જોયા ન હતા પણ ગઇ કાલે ૫–૦૦ વાગ્યા પછી હું મારા રૂમ પર ગયો ત્યારે મને એમ થયું કે આ ત્રણ ચાર દિવસના જે કોઇ મેસેજ છે તો હું જોઇ લઉં તો ત્યારે આજ પ્રકારનો મેસેજ ફરીથી મેં જોયો ત્યારે હું સજાગ ગઇ ગયો કે ખરેખર આ ડોને આ પ્રકારની ધમકી અમિતભાઇને પણ આપી હતી અને મને પણ મેસેજથી આવી ધમકી આપતા હોય ત્યારે આ વાત વાજબી નથી. તો માનનીય અધ્યક્ષશ્રી, મારા વતનમાં મેં પોલીસ ખાતાને મારા પુત્ર દ્વારા આની જાણ કરી અને જાણ કર્યા પછી ટી.વી.મિડિયાને બધા રાત્રે ૧૦ થી ૧૦.૩૦ વાગ્યે મારે ત્યાં આવ્યા અને મને ધમકી બાબતના મેસેજના અનુસંધાનમાં એમણે સમાચાર રીતે કર્યા. હું મિડિયાનો આભાર માનીશ કે આ બાબતમાં સજાગતાના ભાગરૂપે સમાચાર રીતે કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, આ રવિ પુજારી મારા એકલાને નહીં પણ મારા જેવા બીજા દસ ધારાસભ્યશ્રીઓને અને અમારા ઓબ્ઝર્વર કામતસાહેબને પણ જો આ પ્રકારની ધમકી આપતા હોય તો અમારી સલામતીનું શું અને અમને એમ થાય છે કે, અમે વિધાનસભામાં ન બોલીએ, સરકારની સાચી વાત અમે ના કહીએ, અગર સરકારની નિષ્ફળતાની જે સાચી વાત હોય તે અમે ન કરીએ તે બાબતે આવા રવિ પૂજારી જેવા કોઇ એજન્સી મારફતે, આ બાબતમાં મારે સરકારને સ્પષ્ટ કહેવું છે કે, અમારી સલામતીનો સવાલ નથી, પણ લોકશાહીમાં આ ગૃહમાં સાચી વાત કહેવાનો અમને હક્ક છે. આ રવિ પૂજારી અમારા કોંગ્રેસના જ ધારાસભ્યશ્રીઓ અને અમારા કોંગ્રેસના જ નેતાઓ ઉપર આ પ્રકારના ધમકીભર્યા ફોન કરે અને એમ કહેવામાં આવે કે તમે બહુ બોલો છો, તમને ફોટા પડાવવાનો બહુ શોખ છે એટલે તમને જોઇ લઇશું, આ પ્રકારના મેસેજ આવે એ ખરેખર બહુ દુઃખની વાત છે. અમે અમારી પોતાની સલામતી માટે વિચારીએ પણ જ્યારે અમે આ ગૃહની અંદર બેઠા હોઇએ અને આવા મેસેજ આવે, ગૃહમાં આજે હું આવતો હતો ત્યારે લગભગ ત્રણ થી ચાર ફોન મારા મોબાઇલ ઉપર આવ્યા, હું જ્યારે મારી ગાડીમાં બેસીને અહીંયા વિધાનસભામાં આવતો હતો ત્યારે ૧૦–૫૨ કલાકે ફોન આવ્યો ૩૮૫૮૨૪૩૬૪૩ નંબર ઉપરથી અને પુછ્યું કે વોટ એબાઉટ માય ટેન કરોર રૂપીસ, મેં કહ્યું કે તારે દસ કરોડ રૂપિયા જોઇતા હોય તો તું ક્યાં છે, કઇ જગ્યાએ છું અને તારે ગોળી મારવી હોય તો તું મારી સામે આવ, એમ કહીને મેં ટેલિફોન કટ કરી નાંખ્યો. ત્યારપછી નો કોલર પર ફોન આવ્યો એ મેં સ્વીકાર્યો નહિ ત્યારપછી ભૂતાનથી ફોન આવ્યો એ પણ ૧૦–૫૯ કલાકે હું અમારી ઓફિસની અંદર અહીંયા બેઠો હતો ત્યારે એ પણ ફોન મેં સ્વીકાર્યો નહિ, ત્યારપછી ચોથો ફોન અલ્જિરિયાથી આવ્યો. આ પ્રકારના ફોન વારંવાર આવવાથી અમારી માનસિક સ્થિતિ, અમારી તો ઠીક, આજે છેલ્લાં પચીસ વરસથી રાજકારણમાં છીએ અને અમે કોઇનાથી બીતા નથી, અમે કોઇનું ખોટું કર્યું નથી. જે વસ્તુ વાસ્તવિકતા હોય અમે સમાજમાં એક કાર્યકર્તા તરીકે કાર્ય કરીએ છીએ આ પક્ષમાં હોય કે પેલા પક્ષમાં હોય, અમારા સિવાય અમારા કુટુંબીજનોને મુશ્કેલી થઇ શકે છે. આજે એક ધારાસભ્યનો સવાલ નથી દસ દસ ધારાસભ્યશ્રીઓનો સવાલ જો હોય તો આ બાબત બહુ ગંભીર કહેવાય. આ બાબતે મારે કહેવાનું કે આ જે રવિ પૂજારી છે એનું લોકેશન સરકારની જે કંઇ એજન્સીઓ હોય એમના મારફતે એની સ્પષ્ટતા થવી જોઇએ અને કોઇપણ ભોગે એક અઠવાડિયાની અંદર એનો નિર્ણય થાય અને એને શોધી કાઢવામાં આવે એવી અમે આપની સમક્ષ અપેક્ષા રાખીએ છીએ.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે ઘટના બની છે એની ચર્ચા અહીંયા થઇ છે એમાં મારો પણ ઉલ્લેખ થયો છે ત્યારે હું કહેવા માગું છું કે ગત બાર જાન્યુઆરીની આજુબાજુ બોરસદના એક કાઉન્સીલર ઉપર જાહેરમાં ફાયરીંગ કરવામાં આવ્યું હતું અને આ બનાવ બન્યા પછી સેઇમ ડે ટી.વી. મિડિયાના માધ્યમથી મારો સંપર્ક કરવામાં આવ્યો અને એ બનાવના અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને ગુનેગારોને તાત્કાલિક પકડવા જોઇએ તે બાબતનો ઇન્ટરવ્યુ ટી.વી. માં મેં આપ્યો હતો. ત્યારપછી બે દિવસ પછી એટલે કે ૧૪મી જાન્યુઆરીના રોજ સામાજિક પ્રસંગથી હું ગાંધીનગરમાં હતો બપોરે લગભગ ત્રણ ચાર કોલ્સ આવા ઇન્ટરનેશનલ નંબર ઉપરથી આવ્યા હતા પણ મેં રિસિવ કર્યા નહોતા. સાંજે પાંચ વાગ્યે પહેલીવાર આવો કોલ આવ્યો ત્યારે એવું કહેવામાં આવ્યું હતું કે તને ટી.વી. મિડિયામાં ઇન્ટરવ્યુ

આપવાનો બહુ શોખ છે, બોરસદના બનાવ અંગે જે ઇન્ટરવ્યુ આપ્યો છે અને સરકાર વિરુદ્ધ વાત કરી છે એ બંધ નહિ કરે તો પ્રજ્ઞેશ પટેલ પછી તારો નંબર છે, મેં પહેલીવાર ફોન હતો એટલે સહજતાથી ફોન કટ કરી દીધો. ત્યારપછી બીજીવાર ફોન આવ્યો. સેઇમ આવો ધમકીભર્યો ફોન હતો એટલે ત્યારપછી મેં અમારા જિલ્લાના એસ.પી.ને મેં મૌખિક જાણ કરી, રેન્જ આઇ.જી. બ્રહ્મભટ્ટ સાહેબ હતા એમને પણ વાત કરી પછી પોલીસ ફરિયાદ પણ આપી. સરકારમાં રજૂઆત થતાં એમણે એ કેસ એ.ટી.એસ.માં ટ્રાન્સફર કર્યો. શરૂઆતમાં અમે પણ એવું માનતા હતા કે કોઇએ મિસ્ચીફ કરી છે અને ખાલી મજાક માટે આવો કોઇ ફોન કર્યો હશે. કાંતો બોરસદની જે ફાયરીંગની ઘટના હતી તેની તપાસને અવળેપાટે લઇ જવા માટે પ્રયત્ન કર્યો હશે. પણ તપાસ પછી એ.ટી.એસ. એ જે લોકોને પકડ્યા એ શૂટરોનું કંઇકને કંઇક અંશે કનેક્શન રવિ પૂજારીની ગેંગ સાથે હોવાનું પોલીસ કહી રહી છે. અત્યારે ઘણા બધા લોકોને મુંબઇથી પકડ્યા, સુરતથી પકડ્યા, કોઇને થાઇલેન્ડથી લઇ આવ્યા અને ત્યારપછી આ ધારાસભ્યશ્રીઓ ઉપર જે ફોન આવ્યા, ત્યારપછી બાપુશ્રીએ કહ્યું તેમ અમારા ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામતજી ઉપર જે ફોન આવ્યો હતો. અને તે અનુસંધાને જયારે બોરસદના કિસ્સામાં શૂટરો પકડાયા ત્યારે મહારાષ્ટ્ર પોલીસની ટીમ પણ અહીંયા આણંદ તપાસ કરવા આવી હતી અને તેમણે પણ જે તપાસ કરી અને તેમના પછી ઓફ ધ રેકર્ડ તેમના કહેવા મુજબ ગુજરાત એ.ટી.એસ.અને મહારાષ્ટ્ર પોલીસનું કહેવું એમ છે કે આ જે વોઇઝ સેમ્પલ હતા એ ખરેખર રવિ પૂજારીના વોઇઝ સેમ્પલ સાથે મેચ થાય છે. એટલે કોઇએ ખાલી કરવા પૂરતો ફોન કરવાના બદલે ખરેખર કોઇક સીસ્ટમથી આખું અહીંયા ગુજરાતમાં રવિ પૂજારી કદાચ પોતાનું નેટવર્ક ઉભું કરવા માગતો હોય કાં તો પછી રવિ પૂજારીના નામે એક દહેશત ફેલાવીને ઘણાં લોકોને દબાવવાનો પ્રયત્ન થતો હોય. હમણાં બે દિવસ પહેલાં મેં ટી.વી.માં જોયું કે જે રાજકોટમાં શૂટરો પકડાયાં એમાં પણ જે લોકોએ આ માણસો પૂરાં પાડયા હતા એ લોકોનું કનેકશન પણ રવિ પૂજારી ગેન્ગ સાથે હોવાનું આપણી પોલીસે જણાવ્યું. ત્યારે આ તમામ બનાવોને સાંકળીને ભવિષ્યમાં ગુજરાતમાં કેટલાંક લોકોને દબાવવાનો, બિવડાવવાનો પ્રયત્ન થઇ રહ્યો હોય કાં તો પછી રવિ પૂજારી તેનું ગુજરાતમાં નેટવર્ક વધારી રહ્યો હોય કાં તો એના નામે બીજો કોઇ પ્રયત્ન કરતો હોય તો મારી તો સરકારને ખાસ નમ્ર વિનંતી છે કે, આ તમામ જેના પણ ફોન નંબરો છે તે તમામની ડિટેઇલ લઇ અમે પણ ભૂતકાળમાં નંબરો આપ્યા છે, રાઉલજી સાહેબે પણ આપ્યા છે અને બીજા ઘણાં બધા મિત્રો ઉપર ફોન આવ્યાં છે કે જેમણે રીસીવ નથી કર્યા તે તમામ નંબરોની તપાસ થવી જોઇએ. ફૉરેનના નંબરો આવે છે પણ અત્યારે ટેકનોલોજી છે, સોફ્ટવેર છે અહીં બેસીને પણ આપણે ફોન કરીએ તો વિદેશના નંબરો ડિસ્પ્લે થાય છે. જો અહીં બેઠા બેઠા થતું હોય તો આઇ.પી.એડ્રેસોને ટ્રેસ કરીને આપણે તેની પણ તપાસ કરવી જોઇએ. અને ખરેખર અહીંથી કોઇ નેટવર્ક ચાલતું હોય તો એના ઉપર કડક રીતે કાર્યવાહી કરવી જોઇએ અને જો ઇન્ટરનેશનલ લેવલે ખરેખર રવિ પૂજારીના નામથી આવુ નેટવર્ક ચાલતું હોય તો એને પણ આપણી કેન્દ્ર સરકારનો ઉપયોગ કરીને તેની સામે કાર્યવાહી કરવી જોઇએ એવી ખાસ વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (ગૃહ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતા માનનીય શંકરસિંહજીએ રવિ પૂજારી ગેંગ દ્વારા જે જુદા જુદા ફોન આવે છે તેના સંદર્ભમાં સભાગૃહનું આપના માધ્યમથી જે ધ્યાન દોર્યું તેના સંદર્ભમાં સૌથી પ્રથમ માનનીય અધ્યક્ષશ્રી તરીકે આપે મારું અને માનનીય મુખ્યમંત્રીશ્રીનું તાકીદે ધ્યાન દોર્યુ હતું અને એટલા માટે અમે અમારા એડિશનલ ચીફ સેક્રેટરી હોમને તાત્કાલિક સભાગૃહ શરૂ થાય તે પહેલાં આપની પાસે મોકલવામાં આવ્યાં હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ તેમના ધ્યાન ઉપર આવ્યું એટલે એમણે તાકીદે આ ઘટનાના સંદર્ભમાં ડીજીપીને સૂચના આપી હતી અને મને પણ સૂચના આપી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણેના આ ફોન આવે છે અને જે માનનીય સી. કે. રાઉલજી, શકિતસિંહભાઇ, અમીતભાઇ ગઇકાલે મેરામણભાઇ પણ મારી પાસે આવ્યા હતા કે ત્યાં પણ સુરતની અંદર આ પ્રમાણે તો મેરામણભાઇની હાજરીમાં જ મેં પોલીસ કમિશ્નરશ્રીને અને ત્યારબાદ એટીએસને તેના સંદર્ભમાં જાણકારી આપી હતી. નવસારીમાં પણ અમારા ભારતીય જનતા પાર્ટીના આગેવાન ઉપર આ પ્રમાણેના ફોન આવ્યાં હતાં અને તે ફોનના સંદર્ભમાં અમારી નવસારી રેન્જ, સુરત રેન્જ અને સંયુકત રીતે કરવાના કારણે અમે બે આરોપીઓને પકડી પાડયાં છે અને અમને અપેક્ષા છે કે આ નેટવર્ક સાથે સંકળાયેલો જે મૂળ વ્યકિત છે તેને પણ અમે નજીકના દિવસોમાં પકડી પાડીશું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારથી જે વાત કરી પ્રજ્ઞેશ પટેલના સંદર્ભમાં તેના ઉપર થયા પછી ત્યારથી આપણે એકદમ આખું પોલીસ તંત્ર વીજીલન્ટ કરી દીધું છે અને પ્રજ્ઞેશ પટેલના સંદર્ભમાં થાઇલેન્ડ આપણે પોલીસ મોકલી અને આ ઘટનાક્રમ સાથે સંકળાયેલા તમામ લોકો આપણે પકડયા છે અને તેમાં પણ પ્રાથમિક જે આવે છે કદાચ આમાં હજુ આગળની તપાસ ચાલુ છે પરંતુ આરોપીઓની પૂછપરછમાં અને જે સીડીઆર ડિટેઇલ જોતાં તેની અંદર રવિ પૂજારી આ લોકો સાથે સંકળાયેલો નથી પણ રવિ પૂજરીની જે માનસિકતા છે કે કયાંક આ પ્રમાણેની ધમકીઓ આપીને, ભય ફેલાવીને તેને જો રૂપિયા એકત્રિત કરવા હોય તો તેના માટેનું આ એક છે. પણ અમિતભાઇના ઉપર જયારે આ પ્રમાણેનું થયુ પણ તેમની મારી સાથે વાત નહોતી થઇ પરંતુ મારા ધ્યાન ઉપર આવ્યું ત્યારે તે વખતના એસ.પી.અને રેન્જ સાથે મેં વાત કરી હતી અને ઘટનાને માત્ર જિલ્લા પૂરતી સીમિત નહોતી રાખી અમે રાજયકક્ષાની ઘટના ગણીને તેના સંદર્ભમાં પણ અમે પ્રયાસો કર્યા છે. આખી ઘટના એ એટીએસ સ્ટેટ સી.આઇ.ડી.ક્રાઇમ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ અને તેના સંયુકત લેવલે છેલ્લાં ઘણાં દિવસોથી આના સંદર્ભમાં પોલીસ તંત્ર કામે લાગેલું છે. અને એમાં પ્રાથમિક તપાસમાં એવું જણાય છે કે, આવા ધમકીઓના ફોન વૉઇસ ઓવર ઇન્ટરનેટ પ્રોટોકોલ (V OI P ) દ્વારા કરવામાં આવે છે. અમિતભાઇએ જે વાત કરી એ પ્રમાણે સોફ્ટવેરના માધ્યમથી એ ગમે ત્યાં બેઠા

હોય પરંતુ અલગ અલગ દેશના સીમકાર્ડના નંબર આપણા ઉપર રીફ્લેક્ટ થાય એના માધ્યમથી કરી શકે અને ઘણા સીમકાર્ડ ક્લોનિંગ કરીને પણ આ પ્રમાણેનું ભયનું વાતાવરણ ફેલાવી શકે. ગુજરાતની પોલીસ, ગુજરાતના સમગ્ર ઉચ્ચ કક્ષાના અધિકારીઓ આમાં કામે લાગેલ છે. આપ સૌની ચિંતા છે એ પ્રમાણે અમે કેન્દ્ર સરકારની પણ જુદી – જુદી બધી જ એજન્સીઓના સંપર્કમાં છીએ અને એમની મદદ પણ આ કેસની અંદર અમે લઇ રહ્યા છીએ. મહારાષ્ટ્રની અંદર પણ જે ઉલ્લેખ થયા એ પ્રમાણે આવી ઘટનાઓ ધ્યાનમાં આવી છે. આના સંદર્ભમાં રેડ કોર્નર નોટીસ પણ ઇશ્યુ કરવામાં આવી છે. એટલે સમગ્ર ઘટનાને પૂરતી ગંભીરતાથી લીધી છે. આ સન્માનનીય સભાગૃહના કોઇપણ ધારાસભ્ય હોય, તેટલા પૂરતું નહિ પરંતુ ગુજરાતની પ્રજામાં ક્યાંય પણ આ પ્રમાણેની ગેંગના માધ્યમથી ભય ફેલાવીને ખંડણી એકત્રિત કરવાનો કોઇપણ કિસ્સો આપણે કામિયાબ નહિ થવા દઇએ. એના માટે આપણે ચિંતીત છીએ, માત્ર ચિંતીત નહિ પણ આપ સૌએ જોયું હશે કે, અનીશની ગેંગના લોકો હમણા જ્યારે જામનગરમાં અસ્ફાક ખત્રીની હત્યા કરવા માટેનો એનો પ્લાન કરી રહ્યા હતા એમાં પણ આપણી સચેતતાના કારણે એ મોટી હોનારત પણ નિવારી શક્યા છીએ. આમ, માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે ચિંતા ઊભી કરી છે એમાં આપની ચિંતા છે, માનનીય મુખ્યમંત્રીશ્રીની ચિંતા છે, સમગ્ર સભાગૃહની ચિંતા છે. આ ઘટનાને સંપૂર્ણપણે ગંભીરતાથી લઇને આની અંદર ગુજરાતનું પોલીસ તંત્ર કેન્દ્રની એજન્સીઓના માધ્યમથી પૂરેપૂરી તાકાતથી ગુનેગારોને કોઇપણ હિસાબે પકડવા માટે અને આ પ્રકારનું ભયનું વાતાવરણ ફેલાવવામાં સફળ ન થાય એના માટે કામે લાગેલ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને ક્યાંય જો સલામતીની ઇચ્છા હોય અને આપના માધ્યમથી ગૃહ વિભાગ મારફત સલામતીનું જો આયોજન થાય તો જેની ઇચ્છા હોય એને મળે. એ સિવાય પણ બે મુદ્દા છે જો આપની અનુમતિ હોય તો કહું નહિ તો આપ બોલી લો પછી કહું.

અધ્યક્ષશ્રી : હા, કહો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતે માનનીય પ્રદિપસિંહજીનો આભાર કે એમણે રસ લઇને ઘણી માહિતી એકઠી કરી છે. જે મુદ્દાઓ આપની કસ્ટડીમાં છે. એમાં અમારા બે માનનીય ધારાસભ્યશ્રીઓને આપે સસ્પેન્ડ કર્યા છે તો ભલે એ સસ્પેન્ડ થયા. મારે બીજો આગ્રહ બાકીના બે મિત્રો માટે છે. એટલે હાઉસ સારું ચાલે એમાં અમારી વાત આપ સમજીને સારો પ્રતિભાવ આપો તો સારી વાત છે. બાકી રૂટિન તો જે છે એ છે જ. એટલે મારા બે સભ્યોને અન્યાય ન થાય અને બીજા બે સભ્યોને ન્યાય મળ્યો છે એમને અન્યાય કરવાની આપની ઇચ્છા હોય તો એ કરીશું અને બીજો મુદ્દો જે આપની કસ્ટડીમાં છે કે, માનનીય હાઇકોર્ટને મુખ્યમંત્રીશ્રી અથવા ગૃહમંત્રીશ્રી ટેલિફોન કરીને નલિયાકાંડ માટે વિનંતી કરે. જો પત્ર ન લખો તો ફોન ઉપર વાત કરો અને ગુજરાત હાઇકોર્ટ ના પાડે તો પછી જે આપણી વાત થઇ છે એ પ્રમાણે જો હાઇકોર્ટના નિવૃત્ત જજ કે જે કાંઇ પણ ન્યાયિક પ્રક્રિયા છે એ કરવા માટે જો આપ કહેતા હોય તો સારી વાત છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરસિંહ ભાઇ જે પ્રમાણેની વાત કરે છે એ પ્રમાણે હોય તો એના રક્ષણ માટેની આવશ્યકતા હશે તો સરકાર એને રક્ષણ આપવા માટે તૈયાર છે. એમણે જે બીજી વાત કરી કે, નલિયાકાંડના સંદર્ભમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી હતી એના આધાર ઉપર સભાગૃહમાં જે કહ્યું હતું કે, અમે ન્યાયિક તપાસની દિશામાં આગળ પ્રક્રિયા હાથ ધરીશું તો એની અંદર પણ આજે મુખ્યમંત્રીશ્રી અત્યારે ઉપસ્થિત નથી પણ હું એમની સાથે વાત કરીને વહેલામાં વહેલી જાણ કરીશ.

અધ્યક્ષશ્રી : એમને એમાં પ્રગતિ જાણવી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હું એમને બપોર સુધીમાં રૂબરૂ મળીને એમને અવગત કરાવીશ.

શ્રી સી. કે. રાઉલજી : સલામતીની વાત તો બરાબર છે પણ આ ૧૦ કરોડની રકમ માગે છે. એમાં શું કરવાનું?

અધ્યક્ષશ્રી : એ પણ પૂછવું પડશે. સભાગૃહની શરૂઆત થતાં પહેલાં કોંગ્રેસના માનનીય સભ્યશ્રીઓ મને મળ્યા હતા અને એ જ વખતે કોઇપણ પ્રકારના પક્ષાપક્ષીવાળુ નહીં, ફલાણા ધારાસભ્યશ્રી અને ફલાણા ધારાસભ્યશ્રી એમ નહીં, આખો અતિ મહત્વનો મુદ્દો છે અને એટલા માટે જ એ જ વખતે મુખ્ય દંડકશ્રી માનનીય બલવંતસિંહને મેં કહ્યું હતું કે, જેવો પ્રશ્નોત્તરીનો કાળ પૂરો થઇ જાય એટલે હું તમને સમય ફાળવીશ અને એ પ્રમાણે આપણે ચર્ચા કરી. આ ગૃહમાં કોઇ પણ સભ્યને સરકારની તરફેણમાં, વિરુદધમાં અથવા તમારા ટીકા ટીપ્પણ, સજેશન જે પણ કંઇ કરવા હોય એના માટેની છૂટ હોય છે એના કારણે આપણું વાતાવરણ કંઇ બગડે એવું આપણે માનવાની કોઇ જરૂરિયાત નથી. માનનીય પ્રદિપસિંહજીએ અને એમના વિભાગે મારે આ સ્થાન ઉપરથી એમને અભિનંદન આપવા પડે કે, મેં જે પ્રમાણેની અપેક્ષા રાખી હતી એ પ્રમાણેનો એમણે પ્રતિભાવ આપ્યો છે અને એટલા માટે એમનો પણ હું આભાર માનું છું. બે ધારાસભ્યશ્રીઓ માટેની ગઇ કાલે માનનીય ભુપેન્દ્રસિંહજી, માનનીય નીતિનભાઇ અને અમે લોકો બેઠા હતા ગઇકાલે જ ચર્ચા થઇ ગઇ કદાચ આજે પણ અમારું બેસવાનું થશે એટલે પોઝીટીવલી રાજય સરકાર એ દિશામાં આગળ વધી રહી છે એવું હું આપને આશ્વાસન આપું છું અને આજનો જે મુદ્દો છે એમાં મહત્વનું મારી દ્રષ્ટિએ એ છે કે, ધારાસભ્ય નહીં, માનનીય પ્રદિપસિંહએ કહ્યું કે ગુજરાતના કોઇપણ નાગરિક માટેનો આવો કિસ્સો ઉભો થાય તો રાજય સરકાર જયાં પણ જરૂરિયાત ઉભી થાય ત્યાં કેન્દ્ર સરકારનો સહયોગ લઇને ગુજરાતની શાંતિ અને સલામતી જળવાય એ દિશામાં સરકાર કામગીરી કરી રહી છે, વધારે તીવ્રતાથી કામગીરી કરે એવી અપેક્ષા સાથે આપણે આ વાતને અહીંયા પૂર્ણ કરીએ છીએ.

સચિવશ્રીઃ બાબત ક્રમાંક–૨, વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત..

ફાલ્ગુન ૧૬, ૧૯૩૮ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી,..

અધ્યક્ષશ્રીઃ હા, બોલો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીની બૂકમાં થોડીક ભૂલ છે એના તરફ હું આપશ્રીનું ધ્યાન દોરવા માગું છું એટલા માટે કે, સુધારા માટે અને ભવિષ્યમાં આવું ન થાય. પ્રશ્ન નંબર-૧૨૪ એ માનનીય સભ્યશ્રી નિરંજનભાઇ પટેલનો છે એમાં નિરંજનભાઇ પટેલની જગ્યાએ નિરંજન ભગત લખવામાં આવ્યું છે અને જે શુધ્ધિપત્રક છે એમાં પણ શુધ્ધિકરણ કરવામાં આવ્યું નથી કે બતાવવામાં આવ્યું નથી એટલે આ બાબતે આપશ્રીનું હું ધ્યાન દોરું છું.

અધ્યક્ષશ્રી : ઇટ ઇઝ ઓ.કે. નેકસ્ટ.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના અહેવાલ

શ્રી રમણલાલ ના. પાટકર ( સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કરું છું.

ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કરવામાં આવ્યા.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એ બજેટ જયારે મેં પ્રથમ દ્રષ્ટિથી હાથમાં પકડ્યું ત્યારે મને એમ લાગ્યું કે, એક લાખ બોત્તેર હજાર રૂપિયાનું આટલું મોટું બજેટ ગુજરાત સરકાર લઇને આવી છે તો ચોક્કસપણે આમાં ઘણી બધી વસ્તુઓ અને ઘણું બધુ સારૂ સારૂ હશે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગું છું કે, છેલ્લા ૨૦૧૩-૧૪ અને ૨૦૧૭-૧૮ એ બેના વચ્ચે કંઇ બજેટ વધે તો લોકોને ખરેખર એનો ફાયદો થવો જોઇએ. વિકાસલક્ષી માટે જો ખર્ચ કદાચ વધાર્યો હોત તો જબરજસ્ત આનંદ થાત.

આ ગુજરાતનું બજેટ ભૂલભૂલામણી જેવું અને કાગળના વાઘ જેવું છે. સન ૨૦૧૪-૧૫માં વિકાસલક્ષી ખર્ચ જોઇએ તો ૭૦.૯ ટકા હતો એ આ વખતના બજેટમાં ૬૦ ટકા કરી દીધો છે. એકબાજુ આપણને એમ લાગે કે આવડું મોટુ બજેટ છે પરંતુ એમાં વિકાસલક્ષી ખર્ચ વધારે હશે, કામો પાછળ વધારે પૈસા ફાળવાશે અને જો એમ હોત તો અમને ચોક્કસ આનંદ થાત. પરંતુ દર વર્ષે વિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો થતો જાય છે અને વહીવટી ખર્ચમાં વધારો થતો જાય છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દર વર્ષે વહીવટી ખર્ચ વધારતી જાય છે અને વિકાસલક્ષી ખર્ચ ઘટાડતી જાય છે. ખર્ચ શેમાં કરે છે એ જોઇએ તો વ્યાજની ચૂકવણીમાં વધારે ખર્ચ થઇ રહ્યો છે, પેન્શનની ચૂકવણી પાછળ વધારે ખર્ચ વધી રહ્યો છે એના લીધે વિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો થઇ રહ્યો છે. તમે સન ૨૦૧૬-૧૭ અને સન ૨૦૧૭-૧૮નું બજેટ જુઓ એમાં કેટલો ડિફરન્સ છે એક વખત તમે નક્કી કરો છો કે અમારે લોકોના હિતમાં આટલા પૈસા વાપરવા છે પરંતુ હકીકતમાં જયારે તમે પૈસા વાપરો છો ત્યારે એમાં ઘણો મોટો ઘટાડો જણાય છે. આર્થિક સેવાઓમાં ૩૧.૩૩ ટકા ઘટ્યા, ગ્રામ વિકાસમાં એક હજાર કરોડનો ઘટાડો થયો, ઉર્જામાં પણ ઘટાડો થયો છે, આરોગ્ય અને પરિવાર કલ્યાણમાં પણ ઘટાડો થયો છે. ખાસ કરીને સામાન્ય સેવાઓ છે એમાં ખૂબ મોટો ઘટાડો કરવામાં આવ્યો છે જે દુઃખદ બાબત છે. સન ૨૦૧૬-૧૭માં શિક્ષણ, માહિતી, શ્રમ અને રોજગાર, મજૂર કલ્યાણમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

ખર્ચ શેમાં વધ્યો એ જોઇએ તો વહીવટી ખર્ચમાં ખૂબ મોટો વધારો થયો છે તેમ છતાં કર્મચારીઓને ટાઇમસર પગાર મળતો નથી અને મોટા ભાગના કર્મચારીઓ ફિકસ પગાર ઉપર રાખવામાં આવેલ છે. આ રીતે જોઇએ તો૧૫૯૧ રૂપિયા વહીવટી ખર્ચમાં સન ૨૦૧૬-૧૭માં વધ્યો છે. એ જ રીતે વ્યાજની ચૂકવણી પાછળ ૪૫૧ કરોડ રૂપિયા, પેન્શનની ચૂકવણી પાછળ ૮૦૦ કરોડ રૂપિયા તેમજ જાહેર દેવાની ચૂકવણી પાછળ ૪૮૧૨ કરોડ, લોન અને કૃષિમાં ૫૧૧ કરોડ એમ કુલ આશરે આઠ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ વધ્યો છે. તેથી સરકારે આ બાબતમાં ચિંતા કરવાની જરૂર છે કારણ કે નહિતર એક દિવસ એવો આવશે કે અત્યારે જે ૬૦ ટકા વિકાસલક્ષી ખર્ચ છે એ ધીમે ધીમે ૫૦ ટકા થશે, પછી ૪૫ ટકા એમ ઘટતો જશે.

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

આજે મને આનંદ છે કે માનનીય વડાપ્રધાનશ્રી ગુજરાતમાં આવી રહ્યા છે. માનનીય સી.એમ. સાહેબ અને માનનીય નીતિનભાઇ તમે સૌ એમને ભોજન સમારંભમાં મળવાના છો. આજે તેઓ નર્મદા નદી ઉપરના પુલનું ઉદ્ઘાટન કરવા જઇ રહ્યા છે ત્યારે મારે માનનીય અહેમદભાઇ પટેલને ધન્યવાદ આપવા છે. માનનીય અહેમદભાઇ પટેલની રજૂઆતથી કેન્દ્ર સરકારના પૈસાથી આ પુલ બન્યો છે અને એનું ઉદ્ઘાટન માનનીય પી.એમ.સાહેબ કરવા જઇ રહ્યા છે. આ પુલનું ખાતમૂહુર્ત અને પાયો અમારી સરકારે નાખ્યો હતો અને એનાથી આગળ કહું તો (અંતરાય) માનનીય નીતિનભાઇ, આપ બોલતા હોય ત્યારે હું વચ્ચે નથી બોલતો. તમે એનો જવાબ આપજોને? પછી અમે ડિસ્ટર્બ કરીશું આપના વખતે. તમે બિલકૂલ ધ્યાન રાખજો. હું બોલતો નથી પર્સનલી, પણ પછી હું ઉભો થઇને બોલીશ. હું વ્યવહારિક વાત કરું છું તેના કરતાં આગળ હું વાત કરું કે આજે ગુજરાતમાં વડાપ્રધાન એવું કંઇક લઇને આવે.(અંતરાય) એની જ વાત કરું છું. કેન્દ્રમાં જે અન્યાય, થપ્પડો પડે છે એના ઉપર આવું છું. આ ગુજરાત સરકારના મુદ્દાઓ છે. જયારે વડાપ્રધાનશ્રી આવતા હોય ત્યારે કેન્દ્રના પૈસા જે ગુજરાત સરકારને મળવા જોઇએ

તેમાં કેટલો મોટો ઘટાડો? આ ગુજરાતને કેટલો મોટો અન્યાય? હું ફીગર સાથે કહું. નીતિનભાઇ સાહેબને કહું કે હું ફીગર બોલું છું. એક ફીગર ખોટો નીકળે તો નીતિનભાઇ તેના માટે જે સજા કરે તેના માટે હું તૈયાર છું.

માનનીય અધ્યક્ષશ્રી, આયોજન બહારની આપણી જે ગ્રાન્ટ છે ૭૮૪ કરોડ રૂપિયા ઘટાડવામાં આવ્યા. કેન્દ્ર આયોજનની આપણી જે ગ્રાન્ટ છે તેમાં ૫૯ કરોડ રૂપિયા ઘટાડવામાં આવ્યા. ખાસ કરીને કેન્દ્રના વેચાણવેરાના ૫૦૦ કરોડ રૂપિયા છે, બિલકૂલ કાઢી નાખ્યા. આદિ પેટાજાતિ. આદિવાસી સમાજની મોટી વાત થાય તેમાં કેન્દ્ર સરકારે આપવાને બદલે ૧૧૮ કરોડ રૂપિયા ઘટાડો કર્યો છે. સરહદી વિકાસ માટે ઘટાડો કર્યો છે. સાચા શબ્દોમાં એમ કહું કે અમે તો નર્મદા માટે હંમેશા પક્ષાપક્ષી ભૂલીને ટેકો કરીએ છીએ. તેમાં આપણને ક્યાંય દેખાતું નથી કે કેન્દ્રમાંથી એક પણ પૈસો મળવાનો છે. રાષ્ટ્રીય સુરક્ષા માટે ૧૬૫ કરોડ રૂપિયા ઘટાડો કરવામાં આવ્યો. આપણી સૂક્ષ્મ સિંચાઇ છે તેમાં ૨૬ કરોડ રૂપિયા ઘટાડો કરવામાં આવ્યો. રાષ્ટ્રીય પશુ નિયંત્રણમાં ૨૧ કરોડ રૂપિયા ઘટાડો કરવામાં આવ્યો. ૧૨મા નાણાપંચમાં જે આપણી ભલામણો હતી તેમાં ૫૮૭ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટે ૪૯ કરોડ રૂપિયા ઘટાડ્યા છે. સામાજીક કલ્યાણ માટે ઘટાડ્યા છે. અનેક સેવાઓ આપણે જોઇએ તો આજે દિનપ્રતિદિન કેન્દ્ર સરકારની અંદર ગુજરાત સરકારને માત્રને માત્ર અન્યાય સિવાય કંઇ થતું નથી. પેલી કહેવત બધા મને કહેતા હતા કે માં પીરસનાર અને મોસાળમાં લગન. આ જોતાં અમને તો નવાઇ લાગે છે કે ગુજરાતના વિકાસ મોડલને ઉપર લઇ જઇને આપણે કહ્યું અને ત્યાં આગળ ગયા. ખાલી ગ્રાન્ટોમાં ગુજરાતને કયા પ્રકારના અન્યાય થઇ રહ્યા છે એ આપણને સ્પષ્ટ દેખાય છે. માનનીય નીતિનભાઇ સાહેબ, બીજી એક વાત યાદ કરાવવા માગું છું કે કેન્દ્રના પ્રશ્નો હતા. અમારા વખતે પણ હતા અને આપના વખતે પણ હતા. અહીં બેસીને કહેવામાં આવતું હતું કે તમારા પ્રશ્નો ઉકલી જાત તો આપણે ગુજરાતમાં ઘણી બધી પ્રગતિ કરી શક્યા હોત અને એની વાત થાય, પણ આજે આપણા જે મહત્વના પ્રશ્નો છે એ કેટલા મોટા છે? આજે નર્મદા યોજનાના પૈસા. મહારાષ્ટ્ર સરકારની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર, ૧૨૮૧ કરોડ રૂપિયા બાકી છે. કોણ ના પાડે છે? એક ફોન અહીંથી કરો. આપણાં બે મોટા સાહેબો ત્યાં આગળ છે. તરત ૧૨૮૧ કરોડ રૂપિયા આવી જાય. મધ્યપ્રદેશમાં આપની જ સરકાર. ત્યાં આગળ ૩૭૯૮ કરોડ રૂપિયા આજે પણ બાકી છે. રાજસ્થાનમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ૫૫૮ કરોડ રૂપિયા બાકી છે. આપણને એમ થાય કે ગુજરાતને ફાયદો થઇ રહ્યો છે. ગુજરાતના લોકો ગૌરવ લે અને એમ કહે કે અમારા પી.એમ. સાહેબ બેઠાં છે. ઘણી વખત અહીં એમ કહેવામાં આવે કે ભારતીય જનતા પાર્ટીના, આપણાં અહીંના સદસ્ય છે, અમિત શાહ સાહેબ ત્યાં આગળ બેઠાં હોય અને છતાં આ રાજ્યો આપણને ગાંઠે નહીં? અમારે આવું હોય તો મિનિટોમાં લાવી દઇએ. આ સ્થિતિ કેવી રીતે ચલાવી લેવાય એ આજે ખ્યાલ આવતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી વિનંતી છે. આત્મારામભાઇ, જે સાચું છે એ સાચું છે. મેં પહેલાં પણ કહ્યું. મારી વાત સાંભળો. આ પૈસા છે એ આપણા પૈસા છે એનાથી આગળ વધીને આપને કહું કે ભૂતકાળની અંદર, શ્રી સૌરભભાઇ સાહેબ નથી પણ ગેસનું એટલું જોશથી બોલતા કે ઘણી વખત મને એમ થાય કે એમને તકલીફ ન પડી જાય એટલી તાકાતથી એ બોલતા હતા. એ એમ કહે કે ગુજરાતની સરકારને કેન્દ્ર સરકાર અન્યાય કરી રહી છે અને એના કારણે આપણો ૨૦૦૦ મેગાવોટ પાવર પ્રોજેક્ટ બિલકુલ પડી રહ્યો છે. આજે અઢી વર્ષ થયા, શી ખબર સાહેબ તો બોલી બોલીને પેલી પરિસ્થિતિ થઇ ગઇ કે શું? આજે અઢી વર્ષ થયા પણ આપણે ગેસ લાવી શકતા નથી. એ સૌથી મોટો આપણને અન્યાય થઇ રહ્યો છે. એનાથી આગળ વધીને કહું કે ક્રૂડની જે રોયલ્ટી છે એ આજે રૂ.૨૦૦૦/- કરોડથી ઉપર છે. આ પેમેન્ટની આપણને તાત્કાલિક ચૂકવણી થાય. આજે સેલ્સ ટેક્ષના પેટા વિભાગ પાસે રૂ.૪૬૦૦/- કરોડ બાકી છે. ભૂલી ન જાઉં એટલા માટે પહેલા કહી દઉં નર્મદા માટે પહેલાથી માંડીને છેલ્લા દિવસ અમે ટેકો આપ્યો છે. હું ૨૦૦૨થી કોંગ્રેસમાં આવ્યો અને નર્મદાનું ઓપનીંગ થયું ત્યારથી આજ દિન સુધી અમે ટેકો આપ્યો છે. અમારી ઇચ્છા છે કે નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરો. એમાં જ્યાં જરૂર પડતી હોય ત્યાં અમે પણ સહકાર આપવા માટે તૈયાર છીએ. કોણ રોકે છે? ૧૭ દિવસની અંદર દરવાજાની મંજૂરીની વાત થતી હોય તો રાષ્ટ્રીય યોજના જાહેર કરો. ઓટોમેટિક બધા કામ થઇ જશે. એનાથી આગળ વધીને કહું કે શ્રી આત્મારામભાઇ, મારી વાત સાંભળો, આપણે અહીંથી એમ કહેતા હોઇએને કે બે અમારા છે અને અહીંયાં સંયુક્ત સભા કરીને કહ્યું હતું કે ગુજરાતના પ્રાણ પ્રશ્નો ઉકેલીશું. દિલ્હીમાં જઇને ભૂલી ગયા કે શું? અથવા તમારું ચાલતું નથી. આ બેમાંથી એક વાત નક્કી છે. એ ભૂલી ગયા છે કે તમારું કાંઇ ચાલતું નથી. હું આ બધી વાતો જે કરું છું એમાં અમે નથી કર્યું તો તમે તો કરો ! અઢી વર્ષ થયા, હવે તો કરો. એનાથી એ આગળ વધીને આપણું અમદાવાદનું વેસ્ટર્ન રેલવેનું વડુ મથક બનાવવાની વાત હતી. આપણે એમ કહેતા હતા કે આપણી સરકાર કેન્દ્રમાં આવશે. વચનો તો કેટલા બધા આપ્યા હતા એની મોટી ચોપડી છે. પણ આજની તારીખમાં ન કરી શક્યા. ખાસ કરીને મારી એક વિનંતી છે, મારા મત વિસ્તારની અંદર સરસ્વતી તાલુકાની એક જીઆઇડીસી છે. જેમાં આઠ-દસ હજાર લોકોને રોજગારી પ્રાપ્ત થાય એવી છે. આ સરકારે જીઆઇડીસી મંજૂર કર્યા પછી ત્યાંની જે જમીન છે એ સરકાર ફાળવણી કરે એવી મારી વિનંતી છે. સરસ્વતી નદીમાં આપણે કેટલુંય મોટું ૨૦૦૫માં ફંકશન કરીને કરોડો રૂપિયા ખર્ચ્યા. આ સરસ્વતી નદીમાં ૧૨ ફેઝથી વધારે પાણી નખાયું નથી અને એનાથીય આગળ વધીને મારા મત વિસ્તારની અંદર એક જ શ્રી નીતિનભાઇ સાહેબને વિનંતી કરું છું કે આપ ઉત્તર ગુજરાતના છો. સિંચાઇનો પ્રશ્ન એવો છે કે આવનાર સમયમાં ૨૦ વર્ષ પછી અમારા વિસ્તારના એવા કેટલાય ગામડાંઓ અને કેટલાય શહેરો છે જેના લોકોને પાણીના અભાવે હિજરત કરવી પડશે. એકપણ યોજનાની અંદર અમારો સમાવેશ થતો નથી. તો એ બાબતે ચિંતા કરે એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

ફાલ્ગુન ૧૬, ૧૯૩૮ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા બજેટની અંદર જે પ્રકારે વિવિધ વિભાગ માટે વિવિધ વિસ્તાર માટે જે પ્રકારની જોગવાઇ કરવામાં આવી છે એના કારણે સમગ્ર ગુજરાતના લોકો આ બજેટના કારણે ખુશ છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી જ્ઞાતિ, જાતિ, ધર્મથી ઉપર ઉઠીને વિકાસની રાજનીતિ કરવાનું શરૂ કરેલ છે અને એના કારણે આ વખતના બજેટની અંદર જે પ્રકારે જોગવાઇ કરવામાં આવી છે એના કારણે આ ગુજરાતના ખેડૂતો પણ ખૂબ આનંદની લાગણી અનુભવી રહ્યા છે. વર્ષ ૨૦૦૦ની સાલમાં ગુજરાતની અંદર ૩૮ લાખ હેકટર જમીનની અંદર સિંચાઇની વ્યવસ્થા હતી. આજે ગુજરાત સરકારની કામગીરીને કારણે, બજેટમાં કરેલી વિવિધ જોગવાઇઓને કારણે સમગ્ર ગુજરાતમાં ૬૨ લાખ કરતા પણ વધારે હેકટર જમીનમાં સિંચાઇની વ્યવસ્થાનું આયોજન થઇ શકયું છે અને આ વખતે સરકાર દ્વારા ગયા વર્ષમાં જે જોગવાઇ હતી એ જોગવાઇમાં ૪૭૯ કરોડનો વધારો કરીને ૫૭૪૫ કરોડ રૂપિયાની જોગવાઇ આ સિંચાઇનું સુદ્રઢીકરણ અને વધારાના નેટવર્કનું વિસ્તરણ કરવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. મારો વિસ્તાર એ દરિયાકિનારે આવેલો વિસ્તાર છે. એક હજાર ફૂટથી વધુ ઉંડો બોર કરવામાં આવે છતાં પણ મીઠું પાણી ન મળે એ વિસ્તાર અને કાલે જ આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબે જે વાત કરી કે છેવાડાનો વિસ્તાર હોવાને કારણે આજે દરિયાનું પાણી જે ભરતીના કારણે છેક ઉંડાણના વિસ્તાર સુધી પહોંચે એના કારણે વિસ્તારમાં ખારાશ વધતી જાય. સાથે સાથે નહેરનું ટેલ હોય એનું મીઠું પાણી દરિયામાં વહે એના કારણે આટલા વર્ષો સુધી આજે જે દરિયાકિનારાના જે ગામો છે એમાં સિંચાઇની કોઇ વ્યવસ્થા ન હોવાને કારણે ફકત વરસાદ આધારીત ખેતી હતી. એને ઉપર આકાશ અને નીચે ધરતી કોઇ પ્રકારની બીજી વ્યવસ્થા નહીં અને ખેડૂતોની પરિસ્થિતિ એ પ્રકારની આ ૧૯૯૫ પહેલાંની વાત કરું તો આમાં ગોવાભાઇ કહે છે ને કે અમારી ખેડૂતોની પરિસ્થિતિ એ બધી વાત આમાં જોડી દો કારણ કે મારે વધુ સમય નથી બગાડવો પણ તે જે પ્રકારની ખેડૂતોની વાત કરે છે એ પ્રકારની પરિસ્થિતિ આજે અમારા વિસ્તારના ખેડૂતોની ૧૯૯૫ પહેલા હતી. આજે અમારા વિસ્તારના ખેડૂતો આ દુર્દશામાંથી બહાર નીકળવા માટે વર્ષોથી રાહ જોઇને બેઠા હતા અને ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને એમણે જોયું કે આ જે પરિસ્થિતિ દરિયાકિનારાની છે એમાં ચેકડેમ બનાવવાનું સરકારે નકકી કર્યુ અને ત્રણ મોટા ચેકડેમો આજે અમારા વિસ્તારની અંદર બનાવવામાં આવ્યા એ તરખપુર, નવાગામ બારા અને ચોરખાડી ચેકડેમ બનવાને કારણે એ વિસ્તારના લગભગ ૧૫-૨૦ જેટલા ગામો અને હજારો હેકટર જમીન આજે એનો અમારા વિસ્તારના ખેડૂતોને લાભ થયો. ફકત વરસાદ આધારીત ખેતી હતી. આખા વર્ષમાં એક વખત ખેડૂત ખેતી કરતો હતો એના બદલે આજે અમારા વિસ્તારના ખેડૂતો ત્રણ સીઝનનો પાક લેતા થયા છે. એનું એકમાત્ર જો કોઇ કારણ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારની કામગીરી છે. પાણીની સગવડ થઇ પણ અમારા વિસ્તારના ખેડૂતોમાંથી કોઇ કઠોળ વાવતુ, કોઇ બાજરી વાવતુ એના સિવાય બીજા કોઇ પાકની ખબર પણ નહોતી આજે કૃષિ મહોત્સવની અંદર એમણે જઇને આજે બીજા કયા પ્રકારના પાકો વાવી શકાય, એ સિવાય સોઇલ ટેસ્ટીંગ કરાવીને આ જમીનની અંદર બીજા કયા પ્રકારના પાકો વાવી શકાય એની માહિતી ખેડૂતોએ મેળવી છે અને આપણને બધાને ખબર છે કે એ માહિતી મેળવવાને લીધે આજે જે જગ્યાએ કઠોળ નહોતું પાકતું ત્યાં અમારા ખેડૂતો આજે જીરું પકવે છે અને ઉંઝાના બજારમાં વેચે છે એ પ્રકારનું કામ થયું છે. આજે હું તમને કહેવા માગુ છું મારા વિસ્તારના એક તળા તલાવ અને તરગપુર એ દરિયાકિનારાના બે ગામો છે અને પરિસ્થિતિ ગોવાભાઇ કહે છે એ પ્રકારની છે અને જે પ્રકારે આ સરકારે વ્યવસ્થા કરી અને આજે હું કહુ કે ૨૦૦૦ પહેલા આખા ગામમાં એક મકાન પાકુ નહોતું આજે આ સરકારની યોજના, ચેકડેમ બન્યો, ખેડૂતો ત્રણ સીઝન લેતા થયા, આજે એ બંન્ને ગામોની અંદર એક પણ મકાન કાચું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય પણ આજે પશુપાલન ઉદ્યોગ પણ ત્રણ સિઝનના કારણે અને ઘાસચારાના કારણે ખૂબ સારી રીતે વિકસ્યો છે અને પશુપાલન ખૂબ સારું એ વિસ્તારમાં થાય છે. સાથે સાથે ખૂબ મોટા ૫-૭ કિલો મીટરના વિસ્તારમાં મીઠું પાણી ભરાય છે એના લીધે આજે મત્સ્ય ઉદ્યોગનો પણ ખૂબ સારો વિકાસ આ વિસ્તારની અંદર થયો હતો. આ સિવાય પણ આજે વર્ષોથી કડાણા નહેર આધારિત સિંચાઇની વ્યવસ્થા હતી. અમારો વિસ્તાર છેવાડાનો હોવાના કારણે આજે પાણી પહોંચે, ના પહોંચે સારો વરસાદ હોય તો પહોંચી ગયું હોય બાકી મને ખબર છે કે કોંગ્રેસના આગેવાનો ઉપવાસ પર બેસે અને રજૂઆત કરે કે, અમારા વિસ્તારની અંદર પાણી આવવું જોઇએ. હું પણ ધારાસભ્ય બન્યો એ પહેલા શિરીષભાઇ હતા એ વખતે રજૂઆત કરી કે, અમારા છેવાડાના વિસ્તારમાં પાણી પહોંચાડવું હોય તો તમારે નહેરો પાકી કરવી પડશે અને સરકારે એ વાત સ્વીકારી અને આજે એ વિસ્તારની તમામ નહેરો પાકી કરવાનું આયોજન કર્યું અને આ વખતે પણ મહી જમણા કાંઠા નહેરની આખી યોજના છે એમાં ૫૮૧ કિલો મીટર નહેરનું માળખું સૃદઢ કરવા માટે ૧૩૩ કરોડ રૂપિયાની જોગવાઇ આ સરકાર દ્વારા કરવામાં આવી છે. બાકી ૧૯૭૪ની અંદર નહેરો ખોદાઇ. અમારો વિસ્તાર જે દરિયાનો છેવાડાનો વિસ્તાર હતો એ જગ્યાએ પોતાની કિંમતી જમીનના બે ભાગ થયા. જમીનની અંદર ખાડા પડ્યાં. ખેડૂત રાહ જોઇને બેસી રહ્યો હતો કે અમારે હવે અમારી નહેરો આવી ગઇ છે. અમારા ખેતરોમાં હવે પાણી આવશે. અમારા ઘરે સમૃદ્ધિ આવશે. આજે ૧૯૭૪થી ચૂંટણી આવે ને નેતાઓ આવે અને કહે કે ભાઇ, હવે આ વર્ષે નહિ આવતા વર્ષે આવશે. આ ચૂંટણીએ નહિ આવતી ચૂંટણીએ આવશે. ખેડૂત રાહ જોઇને થાક્યો. સદનસીબે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આજે હું તમને વિધાનસભાના ફ્લોર ઉપર કહેવા માગુ છું કે

૧૯૭૪માં નહેર ખોદાઇ હતી. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી એ જગ્યાએ પાણી પહોંચાડવાનું કામ આ સરકારે કર્યું છે અને આજે એના લીધે એ વિસ્તારના લોકોને પાક લેવામાં ખૂબ ફાયદો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પણ એક બાબત છે કે, આજે ખેડૂત પાણી આવશે, પાણી આવશે એમ કરીને ખર્ચો કરે. પોતાનો પાક તૈયાર કરવા માટે ખર્ચો કર્યો હોય પણ પાણી ના આવે. ખાતર માટે પણ આપણને બધાને ખબર છે કે આજે ખેડૂતને ખાતરની જરૂર પડે. આજે મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પૂછવું છે કે વર્ષોથી ખેડૂતોની માગણી હતી તો એ સબસિડીવાળું ખાતર જ્યારે ખેડૂતોની પાસે પહોંચતું ના હતું અને ક્યાં જતું હતું? અને મારે એ પણ પૂછવું છે કે, આ વખતે નરેન્દ્રભાઇએ જે પ્રકારે જોગવાઇ કરી, નીમ કોટેડ કર્યું.. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : સંજયભાઇ, એક મિનિટ બાકી છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : ખાતરના વેપારીઓ ઉપર સર્જિકલ સ્ટ્રાઇક કરી આજે એમને સબસિડીવાળું ખાતર બહાર જતું અટકાવ્યું. મારે પૂછવું છે કે તમને આ ખેડૂતની વાત કરતા કોણે રોક્યા હતા? અને આજે પૂરતું ખાતર મળે, પાણી મળે એના લીધે ખૂબ સારું કામ ખેડૂતો માટે આ સરકારે કર્યું છે. અમારે કોઇના પ્રમાણપત્રોની જરૂર નથી. ખેડૂતને ખબર છે કે અમારાં સાચા હમદર્દી કોણ છે. કોણ અમારું સારું કામ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય પણ આજે ચેકડેમ બનવાના કારણે કેટલાક રસ્તા પણ ડુબાણમાં ગયા હતા. ખેડૂતોએ પોતે એની ખૂબ મુશ્કેલી વેઠી કે બે કિલો મીટર અંતર હોય એના બદલે ૧૮ કિલો મીટર જવું પડે પણ આજે એમને પાણીનો ફાયદો થતો હતો એના કારણે સહન કરતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાનુભાઇ વાનાણી સાહેબને હું અભિનંદન આપું છું કે ડુબાણમાં જે રસ્તો ગયો હતો એને પાકો કરવા માટે ૮ કરોડ રૂપિયા ફાળવ્યાં. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : મોહનસિંહભાઇ..

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૭-૧૮ નું ૧૭૨૧૭૯ કરોડનું બજેટ આ ગૃહમાં લઇને આવ્યાં છે. તે પ્રસંગે મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં તો વર્ષોથી બેસવાનો મને મોકો મળ્યો છે અને મેં પણ ઘણા બજેટો જોયા છે. માનનીય મંત્રીશ્રી અને માનનીય બીજા મંત્રીશ્રીઓ અને માનનીય આદરણીય સૌ સભ્યોએ આ બજેટના ઘણા વખાણ કર્યા છે. આ બજેટની અંદર ઘણા વખાણ કર્યા છે અને આ બજેટથી ગુજરાતના ગરીબોનું અને ગુજરાતના ખેડૂતોનું કલ્યાણ થશે તેવી વાતો પણ કરી છે, હું પણ તેમાં સંમત છું. પરંતુ મારી લાગણી એટલી જ છે કે, આ ૧,૭૨,૧૭૯ કરોડની રકમ સમગ્ર ગુજરાતના ૧૮,૩૭૨ જેટલા ગામોના ખેડૂતોને એ શિક્ષણના ક્ષેત્ર હોય, શ્રમ અને રોજગાર, માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, પાણી પુરવઠો, શહેરી વિકાસ, આદિજાતિ વિકાસ, મહેસૂલ અને સરદાર સરોવર આ બધા વિભાગોમાં સો એ સો ટકા રકમ વપરાય જાય તો મને લાગે છે કે, આદિવાસી વિસ્તારમાં ૧૨,૫૬૦ કરોડ રૂપિયાની ફાળવણી થઇ છે એ આદિવાસી વિસ્તારના ૫,૮૮૪ જેટલા ગામોની એક કરોડ જેટલી પ્રજાનો આનાથી વિકાસ સો ટકા થશે એમાં મને કોઇ શંકા નથી.

માનનીય ચૌધરી સાહેબ કાલે કહેતા હતા કે, નર્મદા યોજના ૧૯૬૦માં ખાતમુહૂર્ત કરેલું તેના પછી આ અમારી સરકારે આ નર્મદા યોજના બનાવી. મને પણ એટલી ખબર છે કે, વિધાનસભાના સભ્ય તરીકે હું પણ હતો, તે વખતે નર્મદા યોજના કોઇ પણ ભોગે ન બને તે માટે બાબા આમ્ટે અને મેધા પાટકર એમની આખી કંપની આ મધ્યપ્રદેશના અલીરાજપુરની બોર્ડર ઉપર કોઇ પણ ભોગે આ નર્મદા યોજના બનવી નહીં જોઇએ તેના વિરોધ માટે બેઠા હતા અને તે વખતે સ્વ.શ્રી ચીમનભાઇ પટેલે મને અને શ્રી દિનશા પટેલને એ જવાબદારી સોંપેલી કે છોટાઉદેપુરના ફેરકુવા ગામે પાંચ હજાર જેટલા માણસોને લઇને એક મહિના સુધી અમે બેસીને આ નર્મદા યોજના કોઇ પણ ભોગે ચાલુ થાય એટલા માટે એક મહિના સુધી સ્વામિનારાયણના સંતોએ ખીચડી અને કઢી ખવડાવીને એક મહિના સુધી પાંચ હજાર લોકોએ અમે આનો વિરોધ કરેલો અને તેના પછી સ્વ.શ્રી અમરસિંહ ચૌધરી, સ્વ.શ્રી ચીમનભાઇ પટેલ અને શ્રી માધવસિંહ સોલંકી એ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે નર્મદા યોજના કોઇ પણ ભોગે ચાલુ કરવા માટેના કાર્યક્રમો શરૂ કરીને ૮૫ મીટર સુધીનું ડેમનું બાંધકામ એ સ્વ. શ્રી બાબુભાઇ જશભાઇ પટેલના વખતમાં થયું હતું અને જે મુખ્ય કેનાલો એ કેવડિયાથી સૌરાષ્ટ્રના જેતપુર સુધી ગઇ એનો હું સાક્ષી છું. એટલે સ્વાભાવિક રીતે આ નર્મદાનો બંધ બાંધીને ગુજરાતની પ્રજા ફાલમ ફૂલા અને તુંબમ તુંબા બને એમાં સૌનો સાથ-સહકાર હતો. તે વખતે બજેટ ભલે ચાર હજાર, પાંચ હજાર કે દસ હજાર કરોડનું હતું પરંતુ ૧૯૬૦-૬૧માં વસતિ ગણતરી થઇ ત્યારે ગુજરાતની વસતિ એક કરોડ, સાઠ લાખની હતી. આજે ગુજરાતની વસતિ ૨૦૧૧ પ્રમાણે છ કરોડ, ચાર લાખની છે. એટલે ઘણા લોકો એમ કહે કે, તમારી સરકારોમાં શું કરેલું ? પણ મને એવું લાગે છે કે, ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાતની સ્થાપના થઇ તે પછી ગુજરાતની સરકારો તે વખતે જે મુખ્યમંત્રીઓ હતા, તે વખતના મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્ર દેસાઇ સાથે મેં પણ કામ કરેલું અને તેના પછીના અનેક ગુજરાતના મુખ્યમંત્રીઓ ગુજરાતમાં થયા તેમની સાથે પણ કામ કરેલું પણ આઇ.એ.એસ., આઇ.પી.એસ., આઇ.એફ.એસ., કલાસ-વન, કલાસ-ટુ, કલાસ-થ્રી અને કલાસ-ફોરના તમામ કર્મચારીઓ તે વખતના પ્રધાન મંડળોમાં તમામ જગ્યાએ મેં જોયા છે એટલે એ કર્મચારીઓ વગેર જો શિક્ષણ લીધું જ ન હોય તો તે વખતે કલેકટર, મામલતદાર, ટી.ડી.ઓ, ડેપ્યુટી એન્જિનિયર, કાર્યપાલક ઇજનેર એ બધા ક્યાંથી બન્યા હશે? એ સરકારોમાં પણ આ તમામ વિભાગોમાં જગ્યાઓ પુરેપુરી ભરાયેલી હતી અને તે વખતની પરિસ્થિતિ એવી હતી કે, એક આનામાં ચ્હા મળે, ચાર આના મજૂરી મળે. મેં પણ ચાર આનામાં મજૂરી કરી છે. ૧૯૫૦૦ રૂપિયામાં જીવનધારાના કૂવા બને. સમગ્ર ગુજરાતમાં જીવનધારાનો

કૂવો ૧૯૫૦૦માં બને અને ગુજરાતના લાખો ખેડૂતોએ જીવનધારાના કૂવા કર્યા અને એ કૂવા પછી આ સરકારે જે કૂવા બનાવવાની રકમો મંજૂર કરી એ ૩૪૬૦૦૦ રૂપિયા. એ ૩૪૬૦૦૦ માં કૂવાઓ બન્યા, કારણ કે હું વર્ષોથી એનો સાક્ષી છું એટલે આ જે કૂવાઓ ૩૪૬૦૦૦માં બન્યા એ જીવનધારાના કૂવામાં જ આ કૂવાઓ કરી નાખ્યા. એમાં પણ ઘણી ગેરરીતિઓ થઇ છે એમ કહું તો પણ ખોટું નથી. ગુજરાતમાં જે સરકારોએ કામ કર્યું છે મારા છોટાઉદેપુર જિલ્લાની વાત કરું તો ૧૧ સિંચાઇ તળાવો, છોટા ઉદેપુર જિલ્લામાં વર્ષો પહેલા આજે ૫૦ વર્ષ થયા અને છોટાઉદેપુર જિલ્લાના ૧૧ તળાવોમાં લગભગ ૪૩૬૧ હેક્ટર પિયતની સુવિધા મળે એવા આ તળાવો બનાવેલા પણ એ તળાવો સદંતર પુરાઇ ગયા છે. એ તળાવોને બનાવવા માટે આર.આર. તૈયાર કરીને આખી દરખાસ્ત તૈયાર કરી, ૧૭,૩૦,૪૪,૦૦૦ ની દરખાસ્ત સરકારમાં તૈયાર કરીને આપી છે આટલી રકમ મળે તો ૧૧ તળાવો બિલકુલ સારા, રિપેર થઇ જાય અને તાત્કાલીક કામ ચાલુ થાય એના માટે પૈસા પણ કેટલા બધા છે.

શ્રી મોતીલાલ પુ. વસાવા(દેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત અને ગરીબોના વ્યાપક વિકાસ સાથે સમાજના દરેક ભાગ અને રાજયના દરેક ખૂણા સુધીનો વિકાસ કરવા માટે અમારા આદરણીય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શન હેઠળ અને નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલસાહેબ પ્રતિબદ્ધતા સાથે ૧૭૨૧૫૯ કરોડનું જે અંદાજપત્ર લઇને આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું. કાલે થોડા મિત્રોની વાતો આ હાઉસમાં સાંભળી હતી. આદિવાસી વિસ્તાર, વન વિસ્તાર માટે. અમારા માંડવીના ધારાસભ્ય છે હમણા જ બેઠા હતા આનંદભાઇ, વાત એવી કરે કે ૧૫૦૦૦ કરોડ વનબંધુ પેકેજમાં કયાંય કામ થયું નથી. બીજું પેકેજ ચાલીસ હજાર કરોડનું ત્યાંય કામ દેખાતું નથી એટલે આ પ્રકારની હાઉસમાં વાતો કરે મારે એમને પૂછવું હતું કે વિધાનસભામાં આવતા પહેલા તમે તાલુકા પંચાયતના પ્રમુખ હતા તો પ્રમુખને કામ કરવા માટે, તાલુકા પંચાયતને અઢી વર્ષમાં એ પ્રમુખ હતા ત્યારે બાવન કરોડ રૂપિયા આપણી સરકારે વિકાસ કરવા માટે ગુજરાત વનબંધુ પેકેજમાંથી એમને આપ્યા હતા તો મારે એમને પૂછવું છે કે તમે પ્રમુખ હતા, તમને અઢી વર્ષ માટે બાવન કરોડ રૂપિયા આપ્યા, જો ખર્ચ તમે કર્યો ન હોય તો તમે હાઉસમાં બીજીવાર જવાબ આપજો કે પૈસા અમે ખર્ચ્યા નથી તો એ પૈસા તમે કયાં વાપર્યા એટલું જ નહીં એમની તાલુકા પંચાયતને રસ્તા માટે પણ ૪૫ કરોડ રૂપિયા વનબંધુ યોજનામાંથી આપ્યા હતા. તેઓ અહીંયા હોત તો એમને ખ્યાલ આવ્યો હોત. જંગલની જમીન આદિવાસીઓને આપવામાં આવતી નથી. વારંવાર આ હાઉસમાં વાત કરવામાં આવે છે. હું આ ત્રીજીવાર જંગલની જમીન બાબતે સામે પક્ષે કરેલા આક્ષેપોનો જવાબ આપું છું. એમને ત્યારે પણ મેં હાઉસમાં કહ્યું હતું કે કોંગ્રેસે દેશ આઝાદ થયા પછી, આજની તારીખ સુધી, છેલ્લે તમારી જ્યાં સુધી સરકાર રહી હોય, ત્યાં સુધી તમે કોઇ જંગલની જમીન આપી હતી? હું કાયમ ચેલેન્જ કરું છું. તમે મને બતાવજો? મોહનસિંહભાઇ હમણા જ બહાર ગયા. તમે બધા મોહનસિંહભાઇ પાસે સલાહ લેજો. એમની પાસે સ્પષ્ટતા કરજો. જંગલની જમીન આદિવાસીઓને કયારથી આપવાનું ચાલુ કર્યુ? જ્યારે ૧૯૭૮-૭૯ માં બાબુભાઇ જશભાઇ પટેલ અને ભાગીદારીવાળી જનતા મોરચાની સરકાર ગુજરાતમાં હતી. જનસંઘમાંથી ચૂંટાયેલા લોકો સરકાર જોડે ભાગીદારીમાં હતા, ત્યારે મોહનસિંહ રાઠવા આદિજાતિ વન મંત્રી હતા. ત્યારે પણ કોંગ્રેસની સરકાર નહોતી. જનતા મોરચાની સરકાર હતી. અને ત્યારે જંગલની જમીન આદિવાસીઓને આપવાનું ચાલુ કરેલું અને આ ગુજરાતમાં પહેલું પગલું હતું. બીજી વાર, જ્યારે ફરી જંગલની જમીન ૧૯૯૦ માં શરૂઆત કરી. ૧૦ વર્ષ સુધી ૧૯૭૦ થી ૧૯૮૦ સુધી *(×××) કે જમીન તો શું એનું પાંદડું પણ આદિવાસી એના ઘરેથી ના લાવી શકે.( અંતરાય) *(×××) ૧૯૯૦ માં ફરીવાર ભારતીય જનતા પાર્ટી અને જનતા પક્ષની સરકાર બની અને ત્યારે ફરી મોહનસિંહભાઇ અમારા વનમંત્રી હતા. કાનજીભાઇ પટેલ ભાજપના રાજ્ય કક્ષાના વન મંત્રી તરીકે એમના સહયોગી હતા, ત્યારે પણ કોંગ્રેસ નહોતી. અને અમારો મૂળ મુદો હતો કે જંગલની જમીન આદિવાસીઓને મળવી જોઇએ અને ૧૯૯૦ ની અંદર પહેલી માર્ચ વિધાનસભા સત્રમાં ૨૫-૧૦-૧૯૮૦ પહેલાં જેટલા લોકો ખેડતા હોય એમને જંગલની જમીન આપવી. એમ કરીને ૨૧,૦૮૨ હેક્ટર જંગલની જમીન આપેલી. ત્યારે ભાજપ અને જનતાદળની સરકાર સંયુક્ત હતી, ત્યારે પણ કોંગ્રેસ નહોતી. તેથી હું કોંગ્રેસના મિત્રોને કહું છું કે આદરણીય મોહનસિંહભાઇ જોડે ચર્ચા કરી લેજો. તેથી આપી નથી, આપી નથી તેવો પ્રશ્ન તમારા મનમાં ઉપસ્થિત ન થાય. પાછા એમ કહે છે કે ૨૦૦૬ માં કાયદો લાવ્યા. ભૂલો છો. ૨૦૦૩ માં અટલબિહારી વાજપાઇ દિલ્હીમાં વડાપ્રધાન હતા, ત્યારે જાહેરનામું બહાર પાડી જંગલની જમીન આપવાની વાત કરી હતી. અમારી કેન્દ્રની સરકાર ૨૦૦૪ માં જતી રહી. કોંગ્રેસના લોકો ચૂંટાઇને આવ્યા. મનમાં દ્વિધા ઊભી થઇ અને વિચારવા માંડ્યા. જંગલની જમીન આપવાનો વાજપાઇજી તો કાયદો પસાર કરીને ગયા છે અને આપીશું તો ભાજપની વાહવાહ થશે. તેથી થોડો ફેરફાર કરીને ૨૦૦૬ માં વન અધિકાર કાયદો ગણીને મહેસૂલ, પંચાયત, આદિજાતિ એવા એવા ૪-૫ વિભાગોને ભેગા કરીને જંગલની જમીન આપવનો તે વખતે કાયદો બનાવ્યો. ત્યારથી આજદિન સુધી ૮૦,૦૦૦ લોકોને ૧,૧૬,૦૦૦ હેક્ટર જમીન ખેતી માટે આપી. હજુ આ સરકાર આવેલી અરજી ઉપર વિચાર કરી રહી છે. આવનાર દિવસોમાં આપવાના છે. ફકત જમીન નહિ, પણ ૭/૧૨ નો ઉતારો મળે, બેન્કમાં લોન મળે, કોર્ટ કચેરીમાં જામીન રહી શકે, જમીનમાં કૂવો કરી શકે, લાઇટ લઇ શકે એવા સુધારા સાથે જંગલની જમીન આપી છે અને એની સાથે સામૂહિક વિકાસમાં સ્કૂલના ઓરડા, સ્કૂલની બિલ્ડિંગ, દવાખાનાં, રસ્તા આ બધુ બનાવવા

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માટે ૧૧ લાખ હેક્ટર જગ્યા ૪૦૦૦ કામો માટે આ ભાજપની સરકારે આપી છે અને એની સાથે માળખાગત સુવિધા માટે ૭૬૮ હેક્ટર જગ્યા એ પણ ભાજપે આપી છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ગુજરાતની ગતિ વધારતું, સુરક્ષા વધારતું, વિકાસને વેગવંતુ બનાવતું સર્વ સમાજનું ઉત્થાન કરવા માટે જે બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ગૃહ વિભાગ અને તેમાંય ૫ હજાર કરોડની જોગવાઇ કરી છે. અમારા ગૃહમંત્રી માનનીય પ્રદિપસિંહજી જાડેજા પોતે ક્ષત્રિય સમાજમાંથી આવે છે અને મને ક્ષત્રિય સમાજ ઉપર ચોકકસ ભરોસો છે કે આ ગુજરાતની જનતાની સુરક્ષા અને તેમની સુખાકારી માટે જેટલું યોગદાન આપવું હોય તેટલું પ્રદિપસિંહ આપશે. વહીવટી વિભાગની વાત હોય, પોલીસને મોર્ડન બનાવવાની વાત હોય, નવી કચેરીઓ બનાવવાની વાત હોય, નવા નવા પોલીસ સ્ટેશનો બનાવવાની વાત હોય, ગુનાઓ અને તે અંગેના કેસો માટે હકારાત્મક કાર્યવાહી કરવાની વાત હોય, ગુજરાત રાજયના પોલીસ આવાસોની કામગીરી હોય, સાઇબર ક્રાઇમ સેલ અને મહિલાઓનો સેલ હોય, સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા સુરક્ષાની વાત હોય, નશાબંધીની વાત હોય, લાંચ રુશ્વત વિરોધી બ્યુરોની વાત હોય કે ફોરેન્સિક લેબની વાત હોય. તેમાં ૨૦૧૬–૧૭માં ૧૮૨૧૭ પોલીસ કર્મચારીઓની ભરતી આ સરકાર કરવા જઇ રહી છે ત્યારે તેમાં ખાસ કરીને મહિલાઓની ભાગીદારી થાય તેના માટે ૩૩ ટકા અનામતની જોગવાઇ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. પોલીસ ગમે તેવી તંદૂરસ્ત હોય પણ તેને ઝડપી પહોંચવા માટે વાહનોને વ્યવસ્થા ન હોય, કોઇપણ ગુનો બને તો તે જગ્યા ઉપર પહોંચવા માટે અને ગુનેગારોને પકડવા માટે હાઇસ્પીડ વાહનોની જરૂરિયાત હોય છે. તેના માટે ૮૦૫૭ વાહનોની ખરીદી કરવામાં આવી છે. નવી ૨૪ કચેરીઓના આધુનિકીકરણની જોગવાઇ કરવામાં આવી છે. ૧૬૫ જેટલા પોલીસ સ્ટેશનો આ સરકાર આવ્યા પછી ૨૦૧૫–૧૬માં ખોલવામાં આવ્યા છે. છેલ્લા પંદર વર્ષના ગાળામાં રહેણાંક માટે ૨૯૮૧૧ જેટલા આવાસ આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. ૨૦૧૭–૧૮માં પોલીસ હાઉસિંગ બોર્ડ મારફતે ૧૩૦ કરોડના ખર્ચે ૩૩૮૦ રહેણાંકના મકાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગતિશીલ ગુજરાત તથા મહિલાઓ માટે ખાસ સંવેદનશીલ સરકારે જિલ્લા કક્ષાની અત્યાચાર નિવારણ માટે સમિતિઓ બનાવી છે. તેમાં જિલ્લા કક્ષાએ ૩૭ સમિતિઓ, તાલુકા કક્ષાએ ૧૦૭ અને ગ્રામ્ય કક્ષાએ ૫૬૫૬ સમિતિઓની રચના કરવામાં આવી છે. ખાસ કરીને તમામ જિલ્લાઓમાં અને શહેરોમાં ૧૮૧ વુમન હેલ્પ લાઇન કાર્યરત આ સરકાર દ્વારા કરવામાં આવી છે. લાંચ રુશ્વતની વાત કરીએ તો ઘણાબધા કહે છે કે અહીં લાંચ લેવાય છે, અહીં આ થાય છે, પણ ભૂતકાળમાં કોઇએ ન કર્યુ પણ આ સરકારે ૧૦૬૫ ટોલ ફ્રી નંબર ડીકલેર કરી કોઇપણ વ્યક્તિ લાંચ માગે તો તમે તેના પર ફોન કરો તો તેના ઉપર તરત જ પગલાં લેવાય તેવી વ્યવસ્થા આ સરકારે કરી છે. સીસીટીવી કેમેરાની વાત કરું તો અમારી આ સરકાર પારદર્શક છે. કોઇપણ વ્યક્તિ હોય, કોઇની પણ શેહશરમ રાખ્યા વિના સીસીટીવી કેમેરામાં જે વ્યક્તિ દેખાઇ હોય તેને ચોકકસપણે મેમો આપે છે તેનો મારો ખુદનો અનુભવ આપશ્રી સમક્ષ મૂકવા માગુ છું. રોજ સવારે ઉઠયા પછી હું બધા જ પેપર જોઇ તેમાં અમારા વિસ્તારમાંથી જે લોકો સ્વધામ ગયા હોય અને તેમની જે બેસણાની નોંધ આવી હોય તેના ફોટોગ્રાફસ મારા મોબાઇલમાં લઇને આવા દુઃખી પરિવારોને સાંત્વના આપવા માટે જે દિવસે બેસણું હોય ત્યારે મારા વિસ્તારમાં દરરોજ જાઉં છું. લગભગ દરરોજ ચાર થી પાંચ આવા બેસણામાં જવાનો મેં પ્રયત્ન કર્યો છે ત્યારે એક દિવસે ઉતાવળમાં હું ઘરેથી નીકળ્યો અને એક સર્કલ ઉપર હું ગાડી ચલાવતો હતો અને મારા મોબાઇલની રીંગ વાગી એટલે મેં બોલાઇલ રીસીવ કર્યો તો એનો પણ એક મેમો મારા ઘરે આવ્યો છે. એટલે આ સરકાર કોઇની પણ શેહશરમ નહીં, પારદર્શક વહીવટ આ પક્ષ કે પેલો પક્ષ નહીં બધાને એક જ નજરે જુએ છે. આ સરકારે નશાબંધી માટે ભૂતકાળમાં જે બધા લોકો વાતો કરતા હતા નશાની બાબતમાં ત્યારે આ સરકાર કડક કાયદો લાવી, વેચે તો પણ કડક કાયદો, પીવે તો પણ એને કડક કાયદો, પીવડાવે એને માટે પણ કડક કાયદો, જોડે બેસે એને પણ દંડ અને સંગ્રહ કરે એને પણ દંડ આવી કડકમાં કડક જોગવાઇઓ આ ગતિશીલ ગુજરાત અને જેનું મનોમળ મક્કમ છે એવી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવા કાયદાઓ લઇને આવે છે. બીજી વાત કરું તો ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે જયારે ગ્રામ્ય વિસ્તારમાં જવાનું થાય છે ત્યારે હું જોઉં છું કે લોકો એણે જે કામ કર્યા હોય એની પોતાની વાહવાહી કરે છે પણ હું મારા વિસ્તારમાં જાઉં તો ચોક્કસપણે મેં કરેલા કામની યાદી નહીં પણ લોકો એની સુખાકારી માટે, વ્યસન મુક્તિમાંથી બહાર આવે, તમાકુ, ગુટકા, સિગરેટ, દારુ આવું વ્યસન ન કરે એના માટે હું જયાં પણ જાઉં નાની મિટિંગ હોય કે મોટી સભા હોય એમાં ચોકક્સપણે આ મારી કલ્પના લોકોની આગળ મૂકીને ગુણાકાર–ભાગાકાર, દારુ નહીં પીવાથી કેટલા પૈસા બચશે, શું થશે એ બધી માહિતી હું આપતો રહું છું. ગાંધીનગરમાં કરાઇ ખાતેનું ટ્રેનિંગ સેન્ટર છે એ પણ આપણા વિસ્તારમાં આવેલું છે, ફોરેન્સીક લેબોરેટરી અને એની યુનિવરર્સિટી પણ અહીંયા આવેલી છે. ગાંધીનગરના પોલીસની વાત કરું તો સી.સી.કેમેરા દ્વારા ૧,૮૯,૩૭,૨૨૫ રૂપિયાનો એનો દંડ વસુલ કરવામાં આવ્યો છે. વિદેશી દારુ માટે વાત કરું તો ૨,૮૫,૪૯,૧૯૫ રૂપિયાનો દારુ પણ પકડવામાં આવ્યો છે. મારે ખાસ કરીને એક વાત કરવી છે કે, આ ગૃહના અધ્યક્ષ પણ મારા જિલ્લાના હોય, આ ગૃહના ઉપાધ્યક્ષ પણ મારા જિલ્લાના હોય, આ ગૃહના વિપક્ષના નેતા પણ મારા જિલ્લાના હોય અને આ ગૃહના ગૃહ પ્રધાન ક્ષત્રિય હોય પછી ગાંધીનગરની પ્રજાએ કાયદો અને વ્યવસ્થાની ચિંતા કરવાની ક્યાંય જરૂર નથી. આખો ગાંધીનગર જિલ્લો આવા વ્યક્તિઓ બેઠા હોય ત્યારે સુરક્ષિત અને સલામત છે.

ફાલ્ગુન ૧૬, ૧૯૩૮ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

ડૉ. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ૨૦૧૭-૧૮નું ૧,૭૨,૧૭૯.૨૪ કરોડનું આઉટકમ બજેટ લઇને આવ્યા છે. આઉટકમ બજેટ પહેલી વખત આવ્યું છે. આઉટકમ બજેટમાં લક્ષ્યાંક અને સિદ્ધિઓ અને કેટલા સમયમાં આ કામ પૂરું કરવાનું એનો ટાર્ગેટ હોય છે અને બીજી બાબત એ છે કે એમાં પ્લાન અને નોન પ્લાન કાઢી નાંખ્યા છે અને જરૂરિયાત પ્રમાણેનું બજેટ લાવવાનો પ્રયત્ન કર્યો છે પરંતુ એમાં સોશિયલ સેક્ટર જે પછાત વર્ગો છે જેમણે વસતિના ધોરણે જે બજેટ મળતું હોય છે એ ભુલાતું હોય એવું દેખાય રહ્યું છે. એમાં ખાસ કરીને અનુસૂચિત જનજાતિ વર્ગોનું જે બજેટ છે એ બજેટ લમસમ બજેટ મૂકવામાં આવે છે. અત્યારે પણ જે બજેટ મૂક્યું છે એમાં ન્યુ ગુજરાત પેટર્નમાં ૨૦૦૦ કરોડનું બજેટ મૂકયું છે અને બીજું જે બજેટ છે ટોટલ બજેટ ૧૨,૫૫૬ કરોડ રૂપિયા એમાંથી ૧૦,૫૫૬ કરોડ રૂપિયાનું લમ્પ્સમ બજેટ છે. આ બજેટના આખા ચોપડા હું જોઇ ગયો છું, કોઇ પણ યોજના હોય એની સામે કોઇ રકમ નથી. જિલ્લાઓનું વિભાજન થયું, તાલુકાઓનું વિભાજન થયું આજે આટલો બધો સમય થયો છતાં બજેટમાં અમારા અરવલ્લી જિલ્લાનું નામ શુધ્ધા નથી તો પછી વિકાસની તો વાત આવતી જ નથી. ટ્રાયબલ વિભાગની વિકાસની વાત કોઇ કરે, કોઇ માગણી કરે તો એને ઘરે બેસવું પડે છે એવા દાખલા આ ગૃહમાં બન્યા છે અને કેન્દ્રમાં પણ બન્યા છે. કેન્દ્રમાં જે મંત્રી હતા મનસુખભાઇ વસાવા સાહેબ એમણે આદિવાસી વિસ્તારોમાં વિકાસ નથી થતો માટે માગણી કરી તો એમણે ઘરે જવું પડ્યું. અહીંયા પણ જ્યારે મંત્રીશ્રી કાંતિભાઇ હતા, મને વિશ્વાસ હતો કે આ કાંતિભાઇ આદિજાતિ વિભાગના મંત્રી છે અને એમને સમાજની લાગણી છે એટલે કંઇક કરશે એમ હતું પણ એમના વિસ્તારની એમના સમાજની વાત કરે એટલે સીધું ઘરે બેસવું પડે છે. આ સરકારમાં મોંઘવારી એટલી બધી વધી ગઇ છે કે જનતા આખી મોંઘવારીમાં પીડાઇ રહી છે. નોટબંધીના લીધે પણ ખૂબ મોટી અસર થઇ છે. ત્યારે આ સરકારનું કરવેરાનું જે ભારણ છે એ ખૂબ મોટું છે. વેટ અને વેટ સિવાયની આવકો જે ટોટલ છે એ ૭૬૫૫૩ કરોડ અને ૪૪ લાખ રૂપિયા છે, તે સિવાય સરકાર જે આવકો મેળવવાની છે તે દેવું કરીને મેળવવાની છે અને જે દેવું છે એ ૩૩૬૭૮ કરોડ અને ૭૯ લાખ રૂપિયા જેવું દેવું કરીને આવક મેળવવાની છે. પણ એમાં દેવાનું વ્યાજ અને એનું મુદ્દલ ચૂકવવામાં જે રકમ જાય છે એ ઘણી બધી વધારે છે એ ૩૫૧૩૭ કરોડ અને ૧૯ લાખ રૂપિયા જેટલી છે એના લીધે પરિસ્થિતિ એ થાય છે કે આપણે દેવામાં ઉતરતા જ જઇએ છીએ ઉતરતા જ જઇએ છીએ. આખું રાજ્ય દેવાળું ફૂંકતું જતું હોય તેમ દેખાય છે. આ વિકાસલક્ષી બજેટ છે ને દર વરસે કમ્પેરેટીવલી ઘટતું જ જાય છે, કમ્પેરેટીવલી ભલે એમ લાગતું હોય કે આ બજેટ વધારે છે પરંતુ જે આંકડા જોઇએ પર્સન્ટેજમાં એ ૨૦૦૯-૧૦માં ૬૫ ટકા હતા, આજે એ આંકડા ૬૦.૫ ટકા થઇ ગયા છે, એનાથી આર્થિક અને સામાજિક વિકાસની ખૂબ મોટી અસર થવાની છે. તત્કાલિન સી.એમ. અને આજના વડાપ્રધાનનું એક સપનું હતું અને એમણે એક વાત કરી હતી કે આદિવાસી વિસ્તારના વિકાસ માટે તમને એક પેકેજ આપું છું અને એના માટે એમણે કહ્યું હતું ગામડે ગામડે બારમાસી પાકા ફળિયાઓ થશે. સિંચાઇની સગવડ થશે, શિક્ષણ સુધરશે આવી ખૂબ મોટી મોટી વાતો જરૂર કરી હતી એ તો વડાપ્રધાન થઇ ગયા. પણ આજે પણ રસ્તાઓની જે વાત કરી હતી, ગામ ફળિયાની વાત કરી હતી એમાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓમાં આજે કોઇ ફેરફાર નથી થયો. શરૂઆત જરૂર કરી કે ગામ ફળિયામાં રસ્તો જરૂર મળશે. શરૂઆત જરૂર કરી. એક કિલોમીટર, દોઢ કિલોમીટર એવી શરૂઆત કરી. પણ એ આખા ગામને જે રસ્તો મળવો જોઇએ જે કનેક્ટિવિટી મળવી જોઇએ એ ન થયું એના લીધે આદિવાસી વિસ્તારમાં રસ્તાઓની ખૂબજ મોટી મુશ્કેલી છે અને મુશ્કેલી એ થાય છે કે જે બજેટ છે, આમ તો ૧૦૫૦ કરોડ જેટલું માર્ગ અને મકાનનું બજેટ છે આ બજેટ જાય છે ક્યાં? આ ૪૩ તાલુકાઓમાં નહિ, મોટા મોટા પ્રોજેક્ટ જે નોન ટ્રાયબલ વિસ્તારના મોટા રસ્તાઓ છે જે ફોરલેન કરવાના હોય એવા રસ્તાઓમાં અમારું બજેટ વપરાઇ જતું હોય છે. માનનીય મંત્રીશ્રી આમાં ધ્યાન આપે અને દરેકદરેક હેડનો અભ્યાસ કરો અને આ બજેટ બીજે વપરાય છે એના માટે થોડીક ચિંતા કરો. માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇનું પણ એવું છે, છેલ્લાં પંદર વરસમાં અમારા વિસ્તારમાં સિંચાઇની કોઇ સુવિધા થઇ નથી. કહેવામાં આવે છે કે સિંચાઇની સુવિધા મળશે. આજે પણ કોઇ સગવડ મળી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું, આરોગ્ય માટે જે દવાખાનાઓ છે એમાં આજે પરિસ્થિતિ એવી છે કે સરકારને એ દવાખાનાઓ પ્રાઇવેટ કંપનીને આપવા પડે છે અમારું શામળાજીનું દવાખાનું આજે પી.પી.પી. ધોરણે પ્રાઇવેટ કંપનીને આપ્યું છે એના લીધે ત્યાં પરિસ્થિતિ એ છે કે કેસ કાઢવાના પૈસા, લેબોરેટરીના પૈસા, એક્સ-રે ના પૈસા, આદિવાસી વિસ્તારમાં દવાખાના સરકારે ચલાવવા જોઇએ. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ પાછું લઇ લેવામાં આવે. આ પ્રાઇવેટ કંપનીને આપ્યું છે એના લીધે આદિવાસી વિસ્તારમાં ખૂબ શોષણ થઇ રહ્યું છે અને આવું ન થાય એના માટે પ્રયત્ન કરો.

શિક્ષણ બાબતમાં વાત કરીને મારી વાત પૂરી કરું છું. આદિવાસી, પછાત વિસ્તારોમાં શિક્ષણ ખરેખર ખૂબ નબળું પડ્યું છે. એટલા માટે કે ત્યાં શિક્ષણનો જે ડ્રોપ આઉટ રેટ છે એ પણ વધારે છે. આજે તમે જે ડ્રોપ આઉટ રેટ કહો છો એ બે ટકા છે એ એકથી ચાર ધોરણમાં છે. એકથી ચાર ધોરણમાં કોઇ બાળક કોઇપણ રીતે સક્ષમ થઇ જતું નથી. કુટુંબનો મોભી બનવા માટે, આવકનો સોર્સ ઉભો કરવા માટે શિક્ષણમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધી જવું જ પડે છે આજે ૫૭ ટકા જેટલો રેટ છે એટલે સાહેબ એમાં માનનીય મંત્રીશ્રી ચિંતા કરે અને અમારા વિસ્તારમાં કોલેજ કરવામાં આવે એવી પણ મારી વિનંતી છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રી અને આપણાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યાં છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

## તા. ૭મી માર્ચ, ૨૦૧૭

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એક ખેતીપ્રધાન દેશ છે અને આપણો દેશ એ ગામડાંનો બનેલો દેશ છે. તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમને કહેલું કે " સૌનો સાથ, સૌનો વિકાસ " આ મંત્ર લઇને આદરણીય મોદીસાહેબે ખેડૂતોના વિકાસ માટે, કૃષિ માટે ઘણી યોજનાઓ સરકારની મૂકેલી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી અને નીતિનભાઇ પટેલ સાહેબે ચાલુ વર્ષે પણ બજેટમાં અનેક યોજનાઓ ખેડૂતો માટે મૂકી છે. ખેડૂતોમાં લોકપ્રિય બનેલા પાણી, વીજળી અને ખાતર બચાવતી અને વધુ ઉત્પાદન આપતી ટપક સિંચાઇ યોજનાને વધુ વ્યાપક બનાવવા ટપક સિંચાઇ યોજનામાં અપાતી સહાયમાં વધારો કરવાનું અમારી સરકારે નક્કી કર્યુ છે. નાના સીમાંત ખેડૂતો સામાન્ય ખેડૂતોની સબસિડી વધારીને ૫૦ ટકાને બદલે ૭૦ ટકા અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે ૭૫ ટકાથી વધારીને ૮૫ ટકા કરી છે તેને લીધે રાજયના ૧ લાખ ખેડૂતોને સીધો લાભ મળવાનો છે. આ વર્ષના બજેટમાં નીતિનભાઇ પટેલ સાહેબે ૩૧૩ કરોડની જોગવાઇ આ માટે કરી છે. ખેડૂતોએ ભારે મહેનતથી ઉગાડેલાં પાકને ભૂંડ, રોઝ અને ગાય જેવા પ્રાણીઓ નુકસાન ના કરે તેનાથી બચવા કૃષિ પાકનું રક્ષણ કરવા સરકારે ખેડૂતોને ખેતરમાં ફરતી તારની વાડ કરવા માટે પણ વધારો કર્યો છે અને સરકારે ૨૦૦ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પાક લોનની સમયસર ચૂકવણી પર ૩ ટકા વ્યાજ સહાય અને ગ્રામીણ સરકારી ધિરાણ હેઠળ મેળવેલા પાક લોનમાં ૨ ટકા વ્યાજ સહાય કરી છે પરિણામે ૧૪ લાખ ખેડૂતોને ૧ ટકા વ્યાજ લેખે તેનો લાભ મળવાનો છે. મને ખબર છે કે હું એક નાના ગામમાંથી આવું છું ૧૯૮૫–૯૦ની અંદર અમારા ગામની અંદર એક ખેડૂત ટ્રેકટર લાવેલ અને અમો બધા તે ટ્રેકટર જોવા માટે જતાં હતા. ગામડાંમાંથી જયારે ખેડૂત અમારે ત્યાં આવતો હતો તો સાયકલ ઉપર આવતો હતો પણ આદરણીય મોદીસાહેબે જયારે આ ગુજરાતની ગાદી સંભાળી અને ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પછી ૧૯૯૦ પછી ખેડૂતોએ જે પ્રગતિ કરી છે આજે મારા ગામની અંદર ૫૦ ટ્રેકટર ખેડૂતોના છે. પાંચ વિઘા જમીનવાળો ખેડૂત આજે પોતાના ઘરે બે મોટર સાયકલ રાખે છે, પાંચ એકર જમીનવાળો ખેડૂત આજે પોતાના ખેતરમાં ગાડી લઇને ખેતરમાં જાય છે તો આ શું બતાવે છે ? આ સરકાર એ ખેડૂતોની સરકાર છે. ઘણી બધી યોજનાઓ સરકારે મૂકી છે, ઘણાં બધા ફાયદાઓ ખેડૂતોને થવાના છે. રાજયના ખેડૂતોને રાજયના ખેડૂતના હિતના એક સરવે નંબરમાં બીજું કૃષિ વિષયક જોડાણ આપવા માટે એક વિઝન, એક વીજ જોડાણ એકથી વધુ મોટર ચલાવવા જે ખેડૂતોના ખેતરમાં વધુ દબાણવાળી લાઇનનાં થાંભલા કે ટાવર ઉભાં કરવાના થાય તેમને અગ્રતાક્રમે બીજુ વીજ જોડાણ એક જ ખેતરમાં આપવાનું આ અમારી સરકારે નક્કી કર્યુ છે. આવી અનેક યોજનાઓ આ સરકારે મૂકી છે. ખેડૂતોને સીધો લાભ મળે અને ગામડાંનો ગરીબ ખેડૂત અનુસૂચિત જાતિનો હોય, મધ્યમ વર્ગનો હોય કે લઘુમતિ હોય દરેકને પૂરતો ન્યાય મળે તેના માટે સરકારે આ બજેટમાં ઘણી યોજનાઓ મૂકી છે. ખેડૂતોના લોકપ્રિય બનેલા પાણી, વીજળી અને ખાતર બચાવતી અને ઉત્પાદન આપતી એવી ટપક સિંચાઇ યોજનાને વધુ વ્યાપક બનાવવા ટપક સિંચાઇ યોજનાને અપાતી સહાયમાં વધારો કરવાનું અમારી સરકારે નક્કી કર્યુ છે. નાના સીમાંત ખેડૂતો હોય,

ઉપાધ્યક્ષશ્રી : અરવિંદસિંહ, આપનું પ્રવચન ચાલુ રહેશે વિરામનો સમય થયો છે ગૃહ ફરીથી બપોરના ૩–૧૫ કલાકે મળશે.

( વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫ )

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ વિશે વાત કરતો હતો. અમારા નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબે આ વર્ષના બજેટમાં ખેડૂત માટે અનેક યોજનાઓ મૂકી છે. તળાવો ઉંડા કરવા માટે અને ચેકડેમો બનાવવા માટે સુજલામ–સુફલામ યોજના હેઠળ આ રાજયની અંદર અનેક ચેકડેમો બન્યા છે. પાણી જતું રહેતું હતું એના બદલે આજે ખેતરોમાં અને નદીઓમાં ચેકડેમો બનાવીને ખેડૂતોના કૂવામાં જળસંચય થાય એના માટે અનેક કાર્યક્રમો આપ્યા છે. ‘‘ખેડ, ખાતર અને પાણી, નસીબને લાવે તાણી.’’ ગુજરાતનો ખેડૂત મહેનતુ છે. અમારી નજીકમાં એક ગામ છે. માત્ર ૨૦૦૦ની વસતિવાળું એ ગામ છે. ત્યાં ખેડૂતો નીચે ફ્લાવર અને કોબીજ અને ઉપર તારવાળી વાડ કરી એની ઉપર કારેલા, કંકોડા અને ગિલોડા જેવી ખેતી કરે છે. આજે ખેડૂત ખેતરમાંથી ત્રણ–ત્રણ પાક લે છે. આજે ખેડૂતનું જીવન–ધોરણ ઊંચું આવ્યું છે. ખાતર, બીજ અને કૃષિ પેદાશો માટે સંગ્રહ ક્ષમતા માટે ૬૩,૦૦૦ મેટ્રિક ટનનો વધારો કરવા માટે ૧૨૬ કરોડની જોગવાઇ અમારી સરકારે કરી છે. લગભગ ૧૦,૦૦૦ જળસંગ્રહ માળખાના બાંધકામ દ્વારા ૩૩,૨૦૮ હેક્ટર જમીનમાં પાણીનો સંગ્રહ કરવા માટે સરકારે અનેક યોજનાઓ મૂકી છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શન હેઠળ આ રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સન ૨૦૧૭–૧૮ના વર્ષનું જે બજેટ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે અને એના વિશે જે હકીકતલક્ષી વાત છે એ વાત કરવા માટે હું આ ગૃહમાં ઉપસ્થિત થયો છું. આ બજેટમાં આ રાજયના તમામ પ્રજાજન માટે પછી તે ખેડૂત હોય, ગરીબ વર્ગ હોય, મજૂર વર્ગ હોય, શ્રમિક હોય, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિચરતી જાતિ, શિક્ષણનું ક્ષેત્ર હોય કે પછી આરોગ્ય ક્ષેત્ર હોય તમામ પ્રજાની સુખાકારી માટે કલ્યાણરૂપી યોજનાવાળું બજેટ લઇને આવ્યા છે. ત્યારે ફરીથી આ રાજય સરકારને મારે અભિનંદન આપવા છે. આ રાજયની સરકાર આ વર્ષે ૧,૭૨,૧૭૯ કરોડ કરતાં પણ વધારે રકમનું બજેટ લઇને આવી છે. એમાં જુદા–જુદા તમામ

ક્ષેત્રોમાં શિક્ષણમાં ૨૫,૦૦૦ કરોડ જેમાં ગયા વર્ષ કરતાં ૧૧૮૫ કરોડનો વધારો બતાવ્યો છે. તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન વસે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં ૮૮૦૦ કરોડ, કૃષિ અને સહકાર વિભાગમાં ૬૪૦૦ કરોડ અને ગયા વર્ષ કરતાં ૬૦૮ કરોડનો વધારો, સિંચાઇ અને જળ સંશોધન વિભાગમાં ૫૭૭૫ કરોડ, સરદાર સરોવર યોજનામાં ૫૧૦૦ કરોડ અને ઉર્જા અને પેટ્રો કેમીકલ્સ વિભાગમાં ૮૧૦૦ કરોડ, ગયા વર્ષ કરતાં ૩૦૦ કરોડ વધારેનું બજેટ લઇને આવી છે. બલવંતસિંહ કહેતા હતા કે, ઘણા બધાં ક્ષેત્રોમાં ઘટાડો કર્યો છે. હું એમ કહું કે, ખેડૂતો માટેની વાત કરું તો સિંચાઇમાં પણ ખેડૂત આવે, ઉર્જામાં પણ ખેડૂત આવે, કૃષિમાં પણ ખેડૂત આવે. આ બધા જ ક્ષેત્રોમાં બજેટનો જે વધારો કર્યો છે એ માટે મારા મિત્રોને યાદ કરાવું. હું સરખામણી નથી કરતો. માનનીય ગોવાભાઇ, હું કોઇ રાજકીય અવલોકન કરવા માગતો નથી, પણ માનનીય ગોવાભાઇને અને માનનીય બલવંતસિંહજીને પણ યાદ કરાવું કે, લાયબ્રેરીમાં જઇને જૂના બજેટો ઉખેળીએ, જૂનું કંઇક વાંચીએ, જૂનાં પ્રવચનો વાંચીએ, તો આદરણીય ગોવાભાઇ યાદ આવે કે, આપના વખતમાં કોંગ્રેસની સરકારમાં શું કર્યું? હું ૧૯૮૫થી ૧૯૯૦માં કોંગ્રેસમાં હતો. એ વખતના બજેટની વાત કરવા માગું છું. ૧૯૮૫ થી ૯૦માં રાજયના ખેડૂતોને, સાહેબ, હું બજેટની વાત નથી કરતો, પણ ૨૦ હજાર કૂવાઓનું વીજળીકરણ કરવાની જોગવાઇ સરકાર તે વખતે કરે, પણ આ સરકાર એક લાખ કૂવાઓનું વીજળીકરણ કરે અને એ વખતે વીસ હજાર કૂવાઓનું વીજળીકરણ અને આદિવાસી વિસ્તારમાં ૮૦૦ કૂવા, આ વિકાસની વાતો? અરે, મારા સાહેબ, હું ગરીબોની વાત કરું તો ગરીબ આવાસ યોજનામાં ૧૯૯૦-૯૧ની સાલમાં તે વખતની કોંગ્રેસની સરકારે ગરીબ લાભાર્થીઓને બધા જ પ્રકારના આવાસો મળીને ૨૦ હજાર આવાસોની ફાળવણી કરી હતી. મારા ભાઇઓ, કંઇક તો વિચારો. જુઓ તો ખરા કે તે વખતે શું હતું? તાલુકામાં મારા ભાગે ૩૫ મકાનો આવતાં હતાં. એ મારે કોને આપવાં? એક તાલુકામાં ૩૫ મકાનો ભાગે આવતાં હતાં. આ પહેલી સરકાર માનનીય નરેન્દ્રભાઇ મોદીના શાસન પછી આ દેશના અત્યારના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી કે જે એમ કહે કે, રાજયમાં કોઇ ઘર વ્યક્તિ રહે નહીં. ટાર્ગેટ નહીં, એક મારા તાલુકામાં એક વર્ષમાં ૧૬૦૦ આવાસો થાય. આ કામ આ સરકારે કર્યું છે. હું યાદ મારા મિત્રો એટલા માટે કરાવું છું કે, ખેડૂતોની વાત એટલા માટે કરું છું કે, અમે ત્યારે પણ કહેતા હતા કે કંઇક આપો પણ કરતા ન હતા. માનનીય અધ્યક્ષશ્રી, હવે બીજું પણ યાદ કરાવું કે, માનનીય બલવંતસિંહજી હમણાં નર્મદાની વાત કરતા હતા, બજેટમાં એ વખતે કહ્યું છે એની વાત કરું, બજેટમાં એ વખતે એવું કહ્યું ૧૯૮૫-૮૬માં શરૂઆતમાં, મિત્રો કહે છે કે અમે કામ કર્યું, નર્મદા ઉપરના બંધ તથા નદી પટના વીજળીમથક બન્ને માટે ટેન્ડરો મંગાવવાની કામગીરીનો પ્રારંભ કરાવેલ છે. ક્યારે તો એ ૧૯૮૫-૮૬માં કરેલ અને ખાતમુહર્ત ૧૯૬૦માં, ટેન્ડરો મંગાવવાની કાર્યવાહી ચાલુ કરી, આવતા થોડા મહિનામાં આ કામના કોન્ટ્રાક્ટ અપાશે દરમિયાન બંધના હેતુ માટે નદીનો પ્રવાહ બદલવા જેવાં તમામ પ્રારંભિક કામો પૂરાં કરવામાં આવે જેથી કોન્ટ્રાક્ટરને લગતી પ્રાથમિક વિધિઓ પૂરી થાય કે તરત જ બંધ તથા વીજમથકનું કામકાજ પૂરી ઝડપથી આગળ થઇ શકે પણ એમને વિચાર વ્યક્ત કર્યો હતો પણ કર્યું ન હતું. માનનીય મોહનસિંહ કહેતા હતા ત્યારે મને ફીલ થતું હતું કે બાબા આમ્ટે, મેઘા પાટકર એમના માટે પાંચ -પાંચ હજાર માણસોની માનવ સાંકળ ઉભી કરી આપી, ચોક્કસ માનનીય ચીમનભાઇ પટેલની દ્રઢ ઇચ્છાશક્તિ ખરી, પણ રાજય સરકારની ઇચ્છા શક્તિ ન હતી એટલા માટે મેં પેલું દોહરાવ્યું, એટલા માટે કહું છું કે રાજય સરકારની ઇચ્છાશક્તિ ન હતી પણ આ રાજય સરકારની માનનીય નરેન્દ્રભાઇ મોદીની દ્રઢ ઇચ્છા શક્તિને લીધે આ કામ થયું છે.

મારે બીજા વિભાગની વાત ઉપર જવું છે કે, ૧૯૮૫ સુધી આ જ ગૃહના વ્યક્તિ સમગ્ર ઉત્તર ગુજરાત કડાણા હાઇ લેવલનું પાણી માગે, પણ કોંગ્રેસની જે તે વખતની સરકારે આ વાત સાંભળી ન હતી. સમગ્ર ઉત્તર ગુજરાત, સમાજના આગેવાનો, ધારાસભ્યો બધા થાકી ગયા હતા માનનીય નટવરસિંહજી, પ્રજા ભૂલી ગઇ હતી, આગેવાનો ભૂલી ગયા હતા, પણ ઉત્તર ગુજરાતનો ભડવીર નરેન્દ્રભાઇ મોદીએ આ રાજયનું સુકાન સંભાળ્યું અને સુઝલામ સુફલામ આપી અને તેને લીધે આ પાણી ત્યાં સુધી પહોંચ્યું જેના લીધે તળાવો ભરવાની વાત થાય છે, અને જનયોજના જેવા કાર્યક્રમ કર્યાં, ૪૫-૪૫ વર્ષના શાસનમાં કંઇ આપ્યું નથી અને હવે મિત્રો વાત કરે છે તો કંઇક તો યાદ રાખો.

હવે સાહેબ, મારે ઉર્જાની વાત કરવી છે, ઉર્જા વિભાગમાં આ રાજયની સરકારે ૮૧૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમની ફાળવણી કરી છે. રાજયની વીજ ઉત્પાદન ક્ષમતા ૨૫,૨૫૬ મેગાવોટ આજની તારીખમાં છે. ગુજરાત વિદ્યુત ક્ષેત્રમાં સરપ્લસ થયું છે. જે તે વખતે વીજ ઉત્પાદન માત્ર કેટલું થાય? આપણું ઉત્પાદન ૬૧૬૫ મેગાવોટ હતું એની સામે જરૂરિયાત ૮હજાર મેગાવોટની હતી. જેટલી જરૂરિયાત હતી એટલું પણ આપણે ઉત્પાદન કરી શકતા નહોતા એના બદલે આજે આપણું રાજય વીજળી બાબતમાં સરપ્લસ છે. અગાઉ મેં વીજ જોડાણની પણ વાત કરી હતી અને છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા કનેકશનો આપવાના છે એની પણ વાત કરી હતી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમા મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

અહીંયા રાજય સરકાર ખૂબ ચિંતા કરે છે તેવું સામેના પક્ષના સભ્યશ્રીઓ દ્વારા કહેવામાં આવ્યું. આદિવાસીઓની ચિંતા કરે છે, આદિવાસી ખેડૂતોની ચિંતા કરે છે એની પણ વાતો કરવામાં આવી પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જે રીતે બજેટમાં આદિવાસીભાઇઓ માટે જોગવાઇ કરવામાં આવી છે ત્યાં સુધી મામાએ ભાણીયાને સાથે રાખ્યો નથી એવું મને દેખાય છે. કપરાડા, તાપી અને માંગરોળ વિસ્તારના ખેડૂતો માટે પમ્પીંગ સ્ટેશન ઉભું કરીને ખેડૂતોને પાણી આપવાની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી હોત તો મને ચોક્કસ આનંદ થાત. ગયા વર્ષે ઉકાઇ મેઇન કેનાલમાંથી કોસવાડા કેનાલમાં પાણી

નાખીને સોનગઢ તાલુકાના ૪૨ ગામો, ડોલવાડા અને વ્યારા તાલુકાના ૪૦ ગામો કે જેમાં હાલ આકાશી ખેતી થાય છે ત્યાં પિયતની કોઇ સગવડ જ નથી લોકો વરસાદી ખેતી ઉપર નભે છે ત્યારે આ ખેડૂતોને પાણી મળી શકે એમ છે. ૪૦ થી ૪૫ કિલોમીટર લાંબી પાઇપ લાઇન નાખીને ખેડૂતોને પાણી આપવાની વાત માનનીય મંત્રીશ્રી બાબુભાઇને કરી હતી અને મેં લેખિતમાં પણ રજૂઆત કરી છે. અમારા પ્રભારી મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીને પણ વાત કરી છે અને એમણે મને આશ્વાસન આપ્યું હતું કે આપણે કંઇક કરીશું પરંતુ આ બજેટમાં આનો કોઇ ઉલ્લેખ સુદ્ધા થયેલ નથી. તમે એકબાજુ ખેડૂતોની ચિંતા કરવાની વાત કરો છો, એના હામી હોવાની વાતો કરો છો પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે અમારા ભાણીયાએ જે વસ્તુ કરવી જોઇતી હતી એ કરી નથી. તમારે અહીંયા સન ૨૦૧૭માં જો પગ મૂકવો હોય આવનાર દિવસોમાં પગ મૂકવો હોય કે ચાન્સ લેવો હોય તો તમે આના અંગે વિચારો તો તમને ચાન્સ મળશે પરંતુ મને આશા નથી કે તમે પગ મૂકી શકો.

આ તકે હું માર્ગ અને મકાન વિભાગની પણ વાત કરવા માગું છું. અમારી કોંગ્રેસ સરકારમાં વ્યારાથી સરા ગામની બસ ચાલતી હતી. માનનીય નીતિનભાઇએ રજૂઆત કરી એટલે ૧૮ કિલોમીટરનો રસ્તો જે વન વિભાગનો રસ્તો છે એ રસ્તો અને પુલ પણ બની ગયો છે એ બદલે એમનો હું આભાર માનું છું પરંતુ જંગલ વિસ્તારનો ૩ કિલોમીટરનો રસ્તો બાકી છે એ મંજૂર થઇ ગયો છે પરંતુ અમારા ભાણીયા ગણપતભાઇના વિભાગમાં આવે છે આ વન વિભાગવાળા કરવા દેતા નથી તેથી આ રસ્તો બનાવવાની મંજૂરી આપવામાં આવે એવી મારી વિનંતી છે.

હમણાં અમારા આદિવાસી વિસ્તારમાં ભાજપની સરકારે રથયાત્રા કાઢી હતી. અમને એમ કે અમારા આદિવાસીભાઇઓ માટે પેસાનો કાયદો લઇને નીકળ્યા હશે. જો એનો વ્યારામાંથી નીકળ્યા હોત તો અમે જરૂર સ્વાગત કરત. મેં અમારા કેટલાક મિત્રોને પૂછ્યું કે રથમાં શું શું લઇને આવે છે. કહે છે કે કશું નથી એકલા માનનીય ગણપતભાઇ જ બેઠા છે એટલે મારી ઇચ્છા એવી હતી કે ચાલો હું રથ નજીક તો જાઉં, પરંતુ તેમાં કશું હતું નહિ એટલે આ વસ્તુ કરવી જોઇતી હતી.

પ્રો વસુબહેન ન. ત્રિવેદી(જામનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષના આઉટકમ બજેટનો અભિગમ અપનાવી અનેક સર્વાંગી વિકાસ કાર્યક્રમોલક્ષી રાજય સરકારના બજેટને હું મારું સમર્થન આપવા ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને પણ ખૂબ અભિનંદન પાઠવું છું. આખા અંદાજપત્ર ઉપરની ચર્ચા મેં ધ્યાનથી સાંભળી છે. મને એમ હતું કે જે કંઇ બજેટ રાજય સરકારે રજૂ કર્યું હોય અને એ વિષયોને લઇને ટીકા–ટિપ્પણ થાય અને કંઇક સારું હોય તો એમાં ઉમેરી શકાય. પરંતુ એકબીજા પર આક્ષેપો કરવા સિવાય કોંગ્રેસના મિત્રોએ જે ટીકા–ટિપ્પણ કરી છે તેમાં કોઇ સંમત ન થાય આ પ્રકારની ટીકાઓ છે. સમગ્ર ગુજરાતમાં રજાના દિવસોમાં અમે બહાર ગયા ત્યારે કોઇએ પણ ટીકા ન કરી અને બજેટને આવકાર્યું છે. સમાજમાં કયાંય બજેટની માઠી અસર હોય એવું દેખાયું નથી. એટલા માટે મને કહેવાનું મન થાય કે મારી પાર્ટીની વિચારધારા 'લોકઃસમસ્ત સુખિનઃભવન્તુ.' સમગ્ર વર્ગના લોકો સુખી થાય એના આધાર ઉપર પંચનિષ્ઠાનું પાલન કરી પંચામૃત યોજનાઓ બની અને પંચામૃત યોજનાના માધ્યમથી કામ કરતી મારી સરકાર છે અને એની પ્રતીતિ આ બજેટમાં થાય છે એવું સમગ્ર લોકોનું માનવાનું થાય છે. પંડિત દિનદયાળજીની વિચારધારાના અમે પથિકો છીએ. તેમણે કહ્યું છે કે હું રાજનીતિમાં રાજનીતિ માટે નહીં પરંતુ સમાજનીતિ માટે છું અને મારી સરકારના મારા સૌ સાથીઓ એ સમાજનીતિના આધાર ઉપર કામ કરતા કરતા આ બજેટને આવકારે એ સાચી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌના સહિયારા પ્રયાસથી ગુજરાતનો વિકાસ થયો છે. એક વખત એવું બન્યું કે રાજકીય પાર્ટીમાંથી લોકોનો વિશ્વાસ ઉઠી ગયો અને જયારે ઉઠી ગયો ત્યારે ભારતીય જનતા પાર્ટી પર લોકોનો વિશ્વાસ વધ્યો. ઇશ્વરીય કાર્ય કરવાનો અવસર અમને મળ્યો છે એમ અમે માનીએ છીએ. આખા અંદાજપત્રની ચર્ચા હું સાંભળતી હતી. આખું વિશ્વ અને આખો દેશ આપણાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇની ભારત વિશ્વગુરુ બને, આપણો દેશ પરમ વૈભવના શિખરે પહોંચે તેના માટે જે કામ કરી રહ્યા હોય તેના માટેની ટીકા અહીંયા બેઠેલાં કોઇ કરે, મને લાગે છે કે આ સર્ટિફિકેટની આપણે જરૂર નથી. અમે અમારો જે રાહ નક્કી કરેલો છે, જે દિશા અમારી નક્કી છે એ દિશા પર કામ કરનારા લોકો છીએ. એક સરસ વાત મને યાદ આવતી હતી. કવિતાની થોડીક પંક્તિઓ કહેવાનું મન છે.

જીસ ધરતી કા રસ પિયે ઔર જીયે, ઉસ ધરતી કો બદનામ કરેં?
ભારત માં કો ખંડિત કરને વાલે બાહર ભારત કા ભક્ત બને. ભીતર કૈંચી કા કામ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માનસિકતા મેં મારા શબ્દોમાં, કાર્યોમાં કહ્યું છે. કયાં હતા તમે? અત્યારે કયાં છો? કયાં હતા અમે અને અત્યારે અમે કયાં છીએ? સૌની આંખો જૂએ છે. ગુજરાતની બહાર રહેતા વિશ્વના લોકો પણ જૂએ છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ' આ ઉક્તિને લોકોએ સ્વીકારી છે. દિલથી સ્વીકાર્યો છે વિકાસને અને એટલે જ તો અમારા વિકાસમાં લોકો ભાગીદાર બન્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહાર વિષે મારે મારા વિચારો વ્યક્ત કરવાના છે. વાહનવ્યવહાર માટે ૧૪૦૦ કરોડની જોગવાઇ કરી છે તેને હું ખૂબ ખૂબ બિરદાવું છું. રાજયનો વાહનવ્યવહાર, રોડ–રસ્તા, ટોલટેક્સ, બસસ્ટેન્ડ, આર.ટી.ઓ. આ બધું જ એકબીજા સાથે સંકળાયેલું છે અને સંકળાયેલા તમામ વિભાગોનો સમરસ વિકાસ થયો છે એવું જણાય છે. રસ્તા સારા બન્યા. વાહનો સારા હોય, સ્વાભાવિક છે. કેવું હતું તેમના શાસનમાં? ચલ ચાર, ધક્કા માર. આ પ્રકારની બસો હતી અને

ધક્કા જ મારવા પડતા હતા. સમયસર પહોંચાય નહીં. સમયસર કામ થાય નહીં. આ ધક્કામાર જેવી બસોને હટાવીને મારી સરકારે જી.એસ.આર.ટી.સી. મારફતે ૧૬૦૦ નવી બસો મૂકવાનો નિર્ણય કર્યો છે. તેના કારણે અંતરિયાળ ગામોમાં જવા માટે ૩૫ર નવા શીડ્યુલ બનશે ત્યારે ગુજરાત આખું એક બનશે તેમાં શંકાને કોઇ સ્થાન નથી. ગુજરાતના બસસ્ટેન્ડના નવિનીકરણ અને આધુનિકરણ માટે ૧૫૦ કરોડ રૂપિયા આ અંદાજપત્રમાં ફાળવ્યા છે. મારા જામનગર શહેરનું બસ સ્ટેન્ડ નવું બનવાનું છે. વડોદરા, અમદાવાદ અને એવા કેટલાય શહેરોના બસ સ્ટેન્ડ નવા બન્યા છે જેને એરપોર્ટની કક્ષામાં મૂકી શકાય. શહેરોના વિકાસને ધ્યાનમાં રાખીને શહેરી વિસ્તારોમાં નવી બસો જે ગામની અંદર ફરી શકે, ઓછા પૈસાથી, ઓછા ભાડાથી ફરી શકે આ પ્રકારની સીટી બસો પણ આ રાજ્ય સરકારે રાજ્યના શહેરો અને ગામડાંઓને આપી છે. સુવિધાયુક્ત વ્યવસ્થાઓને કારણે આખુ ગુજરાત પ્રવાસનનું કેન્દ્ર બન્યું છે. સરકારની ગતિ અને પ્રગતિ – અહીંયાં ગતિ અને પ્રગતિ કાંઇ દેખાતું જ નથી. એમના રસ્તા સારા થયા છે એ એમને દેખાતા નથી. ૧ર લાખ જેટલા લાયસન્સ દર વર્ષે અપાય છે ત્યારે વાહન ચાલકોને તકલીફ ન પડે. સમગ્ર આર.ટી.ઓ., એ.આર.ટી.ઓ. કચેરીમાંથી સ્માર્ટ કાર્ડ અને ડ્રાઇવીંગ લાયસન્સ સ્પીડ પોસ્ટ દ્વારા નાગરિકોને ઘરે પહોંચાડવામાં આવે છે. ડ્રાઇવીંગ લાયસન્સનો ટેસ્ટ ઓટોમેટીક ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક ઉપર કરી શકાય એ આ રાજ્ય સરકાર કરી શકી છે. ટીમવાન પ્રોજેક્ટ દ્વારા માર્ગની સલામતી જાળવવા માટે કંઇક વિચાર કરવો જોઇએ. નાગરિકોને ટ્રાફિક વિશેનું શિક્ષણ મળે એના માટે આ એજ્યુકેશન અવેરનેસ મોબાઇલવાન દ્વારા કુલ ૧૧ જિલ્લામાં કાર્યરત કર્યું છે. આવું દરેક વિભાગ કરે છે. છતાં આંખમાં ફૂલું દેખાય તો અમે શું કરીએ. મને કહેવાનું મન થાય. મેં એક કવિતા વાંચી હતી. '' કલ કલ કરતે આજ હાથ સે નિકલ ગયે સારે, ભૂત ભવિષ્ય કી ચિંતા મેં વર્તમાન કી બાજી હારે, બહેરા કોઇ કામ ન આયા, જીવન બિત ચલા.'' મિત્રો જીવન વીતી ન જાય અને સાથે મળીને ગુજરાતનો વિકાસ થાય એના માટેની વાત કરીશું તો આ ગૃહની શોભા વધશે અને ગૃહ એક મંદિર તરીકે એસ્ટાબ્લિશ થશે. માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસ રજા હતી. હું જામનગર ગઇ હતી. કેટલાક કાર્યક્રમોમાં ગઇ. કેટલાક લોકોએ મને કહ્યું કે •(×××) મેં કહ્યું ધંધો છે ને, ધંધો છે, કેવો ધંધો છે? મેં કહ્યું કે ટીકાઓ કેમ કરી શકાય, *(×××)

અધ્યક્ષશ્રી : એ શબ્દો રદ કરવામાં આવે છે.

પ્રો વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગની સલામતી નીતિના અમલ માટે જુદી જુદી એજન્સીઓ વચ્ચે અસરકારક સંકલન માટે આ સરકાર કામ કરી રહી છે. (અંતરાય) બહેનશ્રી, એ સાંભળવું પડે. ગુજરાત માર્ગ સલામતી સોસાયટીની રચના મારી સરકારે કરવાનો નિર્ણય કર્યો છે. નવા જિલ્લા બન્યા. વહીવટી સરળીકરણ માટે નવરચિત જિલ્લાઓની અંદર લોકોને દૂર દૂર સુધી જવું ન પડે એ માટે તમામ જિલ્લાઓમાં આર.ટી.ઓ. કચેરી સ્થાપવાનું મારી સરકારે નક્કી કર્યું છે. એવું બન્યું છે કે આપણા હેલ્થના સર્ટિફિકેટ, હેલ્થ માટેના સેન્ટરો, વ્હિકલ ફિટનેશ સેન્ટરોનું નિર્માણ આ મારી સરકારે કર્યું છે. એ કોંગ્રેસ શાસીત રાજયમાં જઇને કરાવો. તમામ માર્ગોના ડેવલપમેન્ટની સાથે મેન પાવર તૈયાર કરવાનું કામ પણ મારી સરકારે કર્યું છે.

શ્રી પંકજ અ. મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની આદરણીય વિજયભાઇના નેતૃત્વવાળી સરકાર, રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને નાણા વિભાગની જવાબદારી જેમની છે એવા આદરણીય નીતિનભાઇ જે વર્ષ ૨૦૧૭–૧૮નું બજેટ લઇને આવ્યા છે જેનું કદ રૂ.૧.૭ર લાખ કરોડનું છે. આ બજેટને હું સમર્થન આપવા માટે, આ બજેટને આવકારવા માટે અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર અનેક ક્ષેત્ર માટે ગુજરાતના છેવાડાના માનવી સુધી, ગુજરાતના તમામે તમામ સ્થળોએ ઉન્નતિ થાય, પ્રગતિ થાય એ પ્રકારે આ બજેટની અંદર પ્રાવધાન કરવામાં આવ્યા છે. પરંતુ મારા કચ્છ જિલ્લાને લાગે વળગે છે ત્યાં સુધી હિન્દુસ્તાનના સૌથી મોટા વિશાળ એ જિલ્લા માટે આ બજેટની અંદર જે પ્રાવધાન કરવામાં આવ્યું છે એનો ઉલ્લેખ કરીને આ બજેટને હું આવકારવા માગું છું. કચ્છ, વલ્લભીપુર અને ગઢશીશા પેટા કેનાલના વિસ્તરણ માટે આ બજેટની અંદર રૂ.૭૯૧/– કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે. કચ્છ જિલ્લાની અંદર કુલ નર્મદાનું ૩ મિલિયન એકર ફિટ પૈકી એક મિલિયન એકર ફીટ પાણી ભારતીય જનતા પાર્ટીની સરકારે ફાળવ્યું છે. વન મીલીયન એકર ફીટ પાણી એટલે દસ લાખ એકર જમીનની અંદર એક ફૂટ પાણી ભરો અને જેટલું થાય એવડો મોટો જથ્થો ફાળવ્યો છે અને એની સાથે સાથે ક્ષારના નિવારણ માટેના જળસંચયના કામો માટે આ બજેટની અંદર ૭૬ કરોડ રૂપિયા જેવી રકમ ફાળવવામાં આવી છે એને હું આવકારું છું. એજ રીતે નર્મદા નહેરના પાણીમાંથી અમારા અંજારની બાજુમાં આવેલો ટપર ડેમ કે જેના આધાર ઉપર ગાંધીધામ શહેર, અંજાર શહેર અને એની આજુબાજુના વિસ્તારોના ખેડૂતોની પીવાના પાણીની સમસ્યા જેનાથી દૂર થવાની છે એ ડેમ ભરવા માટે પણ આ બજેટની અંદર ૧૬૦ કરોડ જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે. કચ્છ જિલ્લાની અંદર ધરતીકંપ સમયે એમ કહેવાતું કે આ જિલ્લો કેવી રીતે ટકશે? પીવાના પાણીના તળ ઉંડા ઉતરી રહ્યા હતા પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારે નર્મદાનું પીવાનું પાણી છેક અબડાસા સુધી, બોર્ડરના ગામો સુધી, બી.એસ.એફ.ની ચોકીઓ સુધી પહોંચાડયું એના કારણે આજે કચ્છ એ વિકાસ પામતો જિલ્લો આખા રાજયની અંદર બન્યો છે એની અંદર કયાંય તકલીફ ન પડે એટલા માટે આગોતરી રીતે રાજય સરકારે કચ્છ શાખા નહેરનું જે કામ ભચાઉ સુધીમાં બે મહિનાની અંદર પૂર્ણ થવાનું છે ત્યાંથી

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હાલ જે નર્મદાના પીવાના પાણીની પાઇપલાઇન છે ત્યાં સુધી ૩૫ કરોડ રૂપિયાના ખર્ચે ઇમરજન્સી એક પાઇપલાઇન નાખી અને પાણીનો જથ્થો જળવાઇ રહે એના માટે ૩૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે એના માટે સમગ્ર કચ્છની જનતા વતી, મારા મતવિસ્તારની જનતા વતી આ રાજ્ય સરકારનો હું રૂણ સ્વીકાર કરુ છું. કોઇપણ સરકાર, કોઇપણ સંગઠન, કોઇપણ સંસ્થા વર્ષોથી પરંપરાગત પદ્ધતિથી ચાલતી હોય પરંતુ ૨૦૦૨ના વર્ષની અંદર આ સરકારે જે એક નવો અભિગમ અપનાવીને વૈજ્ઞાનિક રીતે ટેકનોલોજીનો ઉપયોગ કરી અને કાર્ય કરવા માટેનો અભિગમ સ્વીકાર્યો અને એટલે જ ૨૦૦૨ની સાલની અંદર વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિભાગ સરકારે શરૂ કર્યો અને એના સુંદર પરિણામ આપણા સૌની સામે આવી રહ્યા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના કારણે આ સાયન્સ અને ટેકનોલોજીના વિભાગનો ઉપયોગ કરીને અનેક ક્ષેત્રની અંદર લોકોને સેવા વધુ સારી સેવા કેવી રીતે મળી શકે, નીચે સુધી સારી રીતે સેવા કેમ મળી શકે, ઉદાહરણ રીતે કહુ તો કોઇ એક યોજના માટે કોઇને રાપરથી ભુજ જવું હોય તો ૧૩૫ કિલોમીટરનું અંતર કાપીને જવું જોઇએ એનો આખો દિવસ થાય એન જગ્યાએ આ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઘેરબેઠા રાપરની મામલતદાર કચેરીની અંદર એ.ટી.વી.ટી. વિભાગની અંદર પોતાની એક અરજી આપી અને ત્યાં જ એ સર્ટીફીકેટ વગેરે મેળવી શકે આ પ્રકારનો મહત્તમ વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરી અને પ્રજાને સરળતા થાય, વહિવટમાં સરળતા થાય, સમયનો બચાવ થાય આ પ્રકારના કાર્યો કરવા માટે વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની અંદર આ વર્ષના બજેટની અંદર ૪૫૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમની જોગવાઇ કરી અને પ્રજાને નીચે સુધી એ પ્રકારની સેવાઓ ઉપલબ્ધ થાય એ દિશામાં ખૂબ મહત્વનું આવકારદાયક પગલું ઉઠાવ્યું છે એને માટે હું ખૂબ હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. એની અંદર અનેક ઇન્ફ્રાસ્ટ્રકચરો ઉભા કરવા માટે પ્લાઉડ ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ, નગરપાલિકામાં નાગરિકોને ઇન્ટરનેટ જોડાણ માટે ૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ, રોકાણકારોને પણ પ્રોત્સાહન પૂરું પાડવા માટે ૫૫ કરોડ રૂપિયાની જોગવાઇ અને વિજ્ઞાન અને પ્રાદ્યોગિકીના બાકીના ક્ષેત્ર માટે અમારા શિક્ષણ, સંશોધન, વિકાસ અને વાણિજયના વપરાશોને આવરી લઇ અને એની એક નીતિ ઘડવા માટે પણ ૫ કરોડ રૂપિયાની જોગવાઇ અને એની સાથેસાથે સાયન્સસીટીના વિકાસના બીજા તબકકામાં રોબેટીક અને એકવેટીક લાઇટ સાયન્સની ગેલેરીઓ સ્થાપવામાં આવશે જે માટે રુ.૮૫કરોડની ફાળવણી કરેલ છે તે જ રીતે રાજકોટ, કચ્છ, પાટણ, ભાવનગર અને વડોદરા શહેરની અંદર પ્રાદેશિક વિજ્ઞાન સંગ્રહાલયો સ્થાપવા માટે ૪૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે જેને હું હૃદયપૂર્વક આવકારુ છું. અમારો વિસ્તાર કચ્છ એટલે ભૂકંપ પ્રભાવિત વિસ્તાર છે. સીસ્મીક ઝોન-૫ની અંદર આવતો વિસ્તાર છે. સમગ્ર ગુજરાતની અંદર જયારે ધરતીકંપ આવે, ભૂકંપ આવે એનાથી પહેલા એડવાન્સમાં આપણને માહિતી મળી જાય એ પ્રકારની આ વિભાગ દ્ધારા ઉત્તમ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જે આવકારદાયક છે. અનેક વાતો થઇ શકે પણ આ સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને એજયુકેશનની અંદર પણ ગુજરાત એક વિશેષ સગવડ સાથેના ડીઝીટલ કલાસ, સ્માર્ટ કલાસ આપણે આપી શકીએ એટલે શિક્ષણ વિભાગ અને આ બંન્ને વિભાગોએ સાથે મળીને ઉત્તમ કાર્ય કર્યુ છે જેને હું હૃદયપૂર્વક આવકારુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કોઇ પોલિટિકલ અવલોકન નથી કરવું પણ મારી એક વાત સાથે સંપન્ન કરીશ. એક હાથ લાંબો અને એક હાથ ટૂંકો. એક હાથ લાંબો એટલે સરકારનો હાથ લાંબો અને એક હાથ ટૂંકો બેનો કરો સરવાળો તો ચોક્કસ ઉગે આંબો. આપણને સૌને પ્રજાએ આંબા ઉગાડવા માટે, પ્રજાની સુખાકારી માટે મૂક્યા છે ત્યારે સાથે મળીને ગુજરાતની પ્રજાની અંદર આંબા ઉગાડવાનું કામ કરીએ તેવી વાત સાથે એક નાનકડું સૂચન કે, આપણને બધાને ધારાસભ્યોને જે દરેક વિભાગમાંથી સાહિત્ય આપવામાં આવે છે તો આ સાહિત્યની અંદર જો ડિજિટલાઇઝેશન કરીને એ કોમ્પ્યુટરના માધ્યમથી જોઇ શકાય એવી વ્યવસ્થાઉભી કરવામાં આવે તો મને લાગે છે કે ઘણા બધા કાગળ બચશે અને કાગળ બચશે તો પર્યાવરણની જાળવણી થશે એવી વિનંતી સાથે સરકારને ફરી ફરીને અભિનંદન સાથે આભાર.

અધ્યક્ષશ્રીની જાહેરાત

નલિયા કાંડ અંગે પંચ નીમવા બાબત

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવી છે કે, આપ બધા જાણો છો તેમ નલિયાની ઘટના બાબતે મારી ચેમ્બરની અંદર આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી, આદરણીય વિરોધપક્ષના નેતાશ્રી અને અન્ય મહાનુભવોની હાજરીમાં ચર્ચા થયેલી હતી અને એ ચર્ચાના અનુસંધાનમાં આજે પ્રશ્નોત્તરીના કાળ પછી વિરોધપક્ષના આદરણીય નેતાશ્રી શંકરસિંહજીએ વાત કરી હતી. તેના અનુસંધાનમાં નલિયા કાંડ બાબતે નામદાર હાઇકોર્ટના પૂર્વ ન્યાયધીશનું પંચ નીમવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. વિરોધપક્ષના નેતાએ કહ્યું અને તરત જ આપે વાત ઝીલી સકારાત્મક લીધી એ માટે રાજ્ય સરકારને અભિનંદન આપું છું અને આવું જ કામ વિરોધપક્ષની વાતને ધ્યાનમાં લઇને આગામી દિવસમાં પણ તમે કરશો એવી અપેક્ષા પણ રાખું છું.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૧૦૦૭૨૦૦૦૧૭૯.૨૪ કરોડનું બજેટ લઇને આવ્યા છે. આંકડો મોટો છે આ વર્ષે ૨૦ હજાર સમથિંગ વધારે જોગવાઇ કરી છે. પરંતુ ગુજરાતના તમામ તિજોરીના પૈસામાં ગુજરાતની જનતાનો સરખો હિસ્સો છે. જે કાંઇ આવે છે એનો વેટ હોય કે ટેક્સની જે આવક છે એમાં ગુજરાતની તમામ જનતાનો એના પર અધિકાર છે. પરંતુ જે બજેટના ચોપડા છે એની અંદર ફાળવણી જોઇએ તો ઘણી બધી ભેદભાવભરી ફાળવણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લાની જ વાત કરું તો મહેસાણા અને બનાસકાંઠા જુઓ તો ૯૦ : ૧૦ થશે. ૯૦% અહીંયા અને ૧૦% અહીંયા, શું માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાની જનતાનો આની ગ્રાન્ટ પર અધિકાર અને હક નથી? જે

કાંઇ પૈસા છે એ જરૂરીયાત છે ત્યાં ફાળવો. આજે ઘણી જગ્યાએ એમણે ઓવર બ્રીજ અને પૂલો બનાવી દીધા, આ બનાવી દીધા પણ મારે ત્યાં એક નાનો કોઝ–વે બનાવે માલગઢ થી ડીસા તો ખુશ થાત કે એક કોઝ–વે બનાવ્યો પણ એવું કશું જ નથી. દરેક ક્ષેત્રે ભેદભાવભર્યું બજેટ રાખ્યું છે એ ના હોવું જોઇએ. ગુજરાતની જનતા આમ સૌના સાથની વાત કરો છો અને ફાળવણી બધી એકબાજુ કરો છો તે આ ચોપડો કહે છે, હું મારી રીતે નથી કહેતો. ખેડૂતોની વાત કરું. ખેડૂતોનું નામ બદલી નાખ્યું ખેડૂત કલ્યાણ વિભાગ. એનાથી શું ફાયદો થયો? વિભાગને ફાયદો થયો કે વિભાગનું નામ થયું. એમાં આપે ખેડૂતને વધારે શું આપ્યું? આ વિભાગ કે નામ અલગ કરવાથી પ હજાર, ૧૦ હજાર કરોડ રૂપિયા ખેડૂતના ઉત્કર્ષ માટે આપીએ છીએ. જે ખેડૂતનો પાક પાકે છે અને ગમે તે સંજોગોમાં જ્યારે નથી વેચાતો એની નથી ઘરાકી ત્યારે ખેડૂત પાસેથી સરકાર ખરીદી લેશે એના માટે ૧૦ હજાર કરોડની ફાળવણી છે તો કાંઇક ખેડૂત કહેત કે મારા માટે કાંઇક છે. આજે મારા વિસ્તારની વાત કરું તો ખેડૂત બટાકા પાક છે એના કારણે ખેડૂત મરી રહ્યો છે. ૫૦ રૂપિયાના ભાવમાં કોઇ લેતું નથી. રવિવારે હું ખેતરે ખેતરે ફર્યો છું. એને ઢગલામાંથી કોથળા ભરવા છે પણ પ હજાર કોથળા લાવવા પેલો ઉધાર નથી આપતો કે રોકડા રૂપિયા લાવો. બેંકવાળો લોન નથી આપતો. એને લોન રિન્યુ કરવી છે તો ખોટો ખોટો સરવે ચાલે છે એમાં એની નોંધ નથી પડતી. ચારેબાજુથી ખેડૂત મરી રહ્યો છે પણ સરકારના પેટનું પાણી હલતું નથી એમાં પાંચવાર તો હું કહી ગયો. સાહેબ, આ ખેડૂત મરી જશે એના માટે વિચારો. તમે મગફળી ખરીદી છે તો સાપરિયા સાહેબ સરવાળો મારજો એક રૂપિયો તમને નુકસાન નહિ જાય અને ખેડૂત બચી ગયો. જેને ફાયદો થયો એને, ભલે વેપારીને ફાયદો થયો એને થયો તો ખરો. તમને નુકસાન જતું નથી તો પછી બટાકા ખરીદોને તમને નુકસાન નહિ જાય. તમે કોલ્ડ સ્ટોરેજમાં ભરી નાખો અને ચાર મહિને પૂરા પૈસા ઉભા થશે અને ખેડૂત બચી જશે તો તો ખેડૂતનો વિભાગ બદલ્યો અને નામ બદલ્યું એ બરાબર છે. કશુંય કરવું નહિ અને નામ બદલવાના! એનાથી શું ફાયદો? (અંતરાય)

અધ્યક્ષશ્રી : ગોવાભાઇ બે મિનિટ બાકી છે ગોવાભાઇ.

શ્રી ગોવાભાઇ હ. રબારી : સાહેબ, મને એક મિનિટ આપો.

અધ્યક્ષશ્રી : બે મિનિટ આપી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : પરબતભાઇ વાત કરતા હતા કે નર્મદાની જે વાત છે, નર્મદાનો જે કમાન્ડ એરિયા છે. પહેલાથી જ, જે દિવસે નર્મદાનો પાયો ખોદ્યો અને સરવે કર્યું ત્યારથી મારા વિસ્તારની અને પરબતભાઇના વિસ્તારની જ વાત કરું, તો આજે પણ સાહેબ સિત્તેર ટકાને એને પાણી નથી મળતું. મશીનથી ચાર–ચાર કિલોમીટર પાણી લઇ જાય છે. એના ઢાળિયા નથી અને બે–ચાર પેલી કેનાલો બનાવી છે, તમે પણ વાંચતા હશો રોજ તૂટી જાય. કેનાલમાં પાણી નાખ્યું નથી અને તૂટ્યું નથી. એ તો તૂટે પણ આજુબાજુ જે ખેતરો છે એ પણ સાફ થઇ જાય, તો એની પણ સરકારની જવાબદારી છે. જે તે કોન્ટ્રાકટર પાસેથી એના પર કેસ કરો, ખેડૂતને જે નુકસાન થયું છે એની પાસેથી વળતર અપાવો. તો તો ખેડૂતની વાત સાચી છે, પચાસ વખત કેનાલ તૂટી ગઇ, તમામ બ્રાંચ કેનાલો તૂટી ગઇ. એક પણ એવી કેનાલ મને બતાવો કે નથી તૂટી. છતાં પણ કોઇક ખેડૂત માટે કાંઇક કર્યું છે. કોઇ કોન્ટ્રાકટર સામે પગલા લેતા નથી. એ ખેડૂત રિપેર કરે જાતે જઇને માટી નાખે, તો પણ હજી એની એજ વાત કરો છો નર્મદા–નર્મદા? નર્મદાનું ડીસાનું પાણી પરબતભાઇના વિસ્તારમાં આજે ચાળીસ વર્ષથી જાય છે પાઇપલાઇનથી સો કિલોમીટર. હવે તો નર્મદાની યોજના આવી ગઇ, એની સ્કીમો થઇ ગઇ, યોજનાઓ બની ગઇ, હવે તો મારા બોર બંધ કરાવો. હવે તો એનું પાણી પીવાનું ચોખ્ખું આવતું હોત તો પણ ડાયરેકટર કેનાલમાંથી પીવડાવે છે, નથી પીતા. એમના વિસ્તારમાં પાણી નથી પીતા નર્મદાનું, કાયમ ડહોળું અને ઢોર મરેલું કેનાલમાં પડે એ પાણી સીધુ આપે છે અને તમને કાગળોમાં કહે કે હા, ટોટલ રિફાઇન્ડ આપું છું, આ જાતની પરિસ્થિતિ છે. એટલે દરેક ક્ષેત્રે એસ.ટી.ની વાત કરું તો ગામે ગામે જુની વાત કહેતા હતા બીજા કોઇ મારા ભાઇ, એસ.ટી. કેટલા ગામોમાં નાઇટ રહેતી હતી અમારા વખતમાં કેટલા એના રૂટ હતા એનો સરવાળો ગણીને કહેજો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ, આ જે પ્રજાલક્ષી બજેટ લઇને આવ્યા છે તે બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ બજેટ ખેડૂતલક્ષી, વિદ્યાર્થીલક્ષી, યુવાલક્ષી, મહિલાલક્ષી અને ઉદ્યોગલક્ષી એવું શ્રી નીતિનભાઇ નીતિવાળું બજેટ લઇને આવ્યા છે એને અમે ખૂબ ખૂબ આવકારીએ છીએ.

આ વિકાસલક્ષી બજેટને આવકારવા અને મત્સ્યોદ્યોગ વિભાગની જોગવાઇ અને કામગીરીથી હું આ સન્માનનીય ગૃહને વાકેફ કરવા માટે અહીંયા ઉભો થયો છું. ગુજરાતની અંદર સમગ્ર ભારત દેશની અંદર એક આ ગુજરાત એવું રાજ્ય છે કે જેની પાસે ૧,૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો આવેલો છે. આ દરિયા કિનારાની અંદર ખારાપાટવાળી જમીન લગભગ ૩,૭૬,૦૦૦ હેકટર જેવી આવેલી છે. એમાં લગભગ એ૧,૨૯,૦૦૦ હેકટરની અંદર મીઠાના ઉદ્યોગો આવેલા છે અને આ ભાંભરા પાણીના ઝિંગા જે ખારા પાણીથી ઝિંગા ઉત્પન્ન થાય એના માટે ગુજરાતમાં ૧,૯૫,૦૦૦ હેકટર જમીન એવી છે કે, આનું ઉત્પાદન આપણે કરી શકીએ. હાલ આખા ગુજરાતની અંદર ૧૧,૬૬૦ હેકટર જ જગ્યા આ ઉદ્યોગ માટે ફળવાઇ છે એટલે લગભગ ૫ ટકા કરતાં પણ ઓછી આના માટે જમીન ફળવાઇ છે. ગત વર્ષની વાત કરીએ તો ગુજરાતની અંદર લગભગ ૫૩,૦૦૦ ટન ઝિંગાનું ઉત્પાદન થયું અને લગભગ ૨,૧૦૦ કરોડ રૂપિયા જેવી મૂડી આ ઉદ્યોગ થકી કમાયા છીએ. એમાં હું

મારા ઓલપાડ તાલુકાની વાત કરું તો મારા તાલુકાની અંદર ગત વખતે ૬,૫૦૦ મે.ટન ઝિંગાનું ઉત્પાદન ઓલપાડ તાલુકામાંથી કરવામાં આવ્યું અને આ ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારની અંદર ૩૦૦ કરોડ રૂપિયા જેવો ધંધો અંદર થયો છે.

મને કહેતા આનંદ થાય કે, છેલ્લા સાત–આઠ વર્ષથી ઓલપાડ તાલુકાની અંદર ઝિંગાનો ઉદ્યોગ ચાલે છે. મારા ઓલપાડ તાલુકાની અંદર ઝિંગા પ્રોસેસ થઇ યુરોપ, ઇંગ્લેન્ડ અને અમેરિકામાં જાય, એ ફેકટરી પણ મારા ઓલપાડ તાલુકાની અંદર સ્થપાઇ છે. હમણાં થોડા સમય પહેલાં જ મારા અમેરિકાથી એક મિત્ર આવ્યા હતા અને એ કહેતા હતા કે, અમેરિકાની બજારની અંદર "મેઇડ ઇન ઇન્ડિયા" અને નીચે લખેલું હતું, સ્થળ હતું, તે "ઓલપાડ વેસ્ટ કોસ્ટ ઝિંગા ફેકટરી" ત્યાં અંદર જોયું તો આ ઓલપાડના ઝિંગા. મારો ઓલપાડનો વ્યક્તિ અમેરિકામાં જાય અને અમેરિકામાં ઓલપાડની બ્રાન્ડના ઝિંગા ત્યાં મળતા હોય તો એનાથી મોટી ખુશી કઇ હોય. આ ઝિંગાનું નામ લઇએ એટલે સામાવાળા વિરોધપક્ષના મોં માં પાણી પણ આવી ગયા. આ ઝીંગાની અંદર એવું છે કે ઝીંગાનો તમે સુપ ખાઇને બી–૧૨ની બિમારી, પગ દુખવાની બિમારી પણ સારી થઇ જાય. આંધ્રપ્રદેશની અંદર આ ઉદ્યોગને કૃષિનો દરજ્જો આપ્યો છે. આપના થકી હું સરકારને વિનંતી કરું છું કે ગુજરાતની અંદર મત્સ્યોદ્યોગને કૃષિનો દરજ્જો મળે એના માટે પણ હું એમને વિનંતી કરું છું. અમારા કાંઠા વિસ્તારના ગામો જે દરિયા ઉપર જીવતા હતા, દરિયાનું પાણી ધીરેધીરે અંદર ચાલ્યું ગયું એટલે રોજીરોટીનું બીજું કોઇ સાધન નહોતું એટલે લોકો ગામડાં છોડીને શહેરમાં ચાલ્યા ગયા પણ જયારથી આ ઝીંગાનો ઉદ્યોગ શરૂ થયો છે ત્યારથી એ લોકો શહેર તરફથી ગામડાં તરફ વળવા માંડયા છે અને આજે ઘણાબધા લોકો, ઘણા ગામડાંઓ સમૃદ્ધ થયા છે. સાથેસાથે ખાસ કરીને ગામડાંની અંદર જે બેકારી હતી એ બેકારીને કારણે યુવાન મિત્રો દારૂના, જુગારના રવાડે ચડતા હતા પણ આ તળાવ કરવાથી મારા યુવાનો બદી છોડીને વિકાસમાં લાગ્યા છે. મારા ઓલપાડ તાલુકાની વાત કરું તો ૧૦૯૦૦ લોકોએ ઝીંગાની ટ્રેનીંગ લીધી હતી અને ખાલી ૧૨૦૦ લોકોને જ આ તળાવ ફાળવવામાં આવ્યા છે. જો કદાચ આ બધા લોકોને તળાવ ફાળવવામાં આવે અને સરકારને પણ દર વર્ષે ૧૭૦૦ લાખ રૂપિયાની રેવન્યુ ઇન્કમ થાય. ગામડાંને સમૃદ્ધ કરવું હોય, યુવાનોને બીજા વ્યસનોમાંથી બહાર કાઢવા હોય તો જે તે ગામની અંદર, સાહેબ આ ગામો દરિયાકાંઠે આવેલા છે એ ગામોના લોકોને તળાવ ફાળવાય એકેએકને તળાવ ફાળવાય તો આપણે એને આરામથી રોજીરોટી આપી શકીએ. ઘણી જગ્યાએ એવું બને છે તળાવ બીજો ભાડેથી લઇ જાય અને ગામવાળાને ભાડેથી આપે અને પેલો બેઠોબેઠો કમાય. આમાં પણ ધ્યાન આપવા જેવું છે. હાલમાં ગુજરાતની વાત કરીએ તો ગુજરાતની અંદર ૫૦૦૦ હેકટરમાં આ ખેતી થાય છે અને ૪૦૦૦ તળાવો આવેલા છે. સીધી મજૂરી, સીધી રોજગારી. ૧૨૮૦૦૦ લોકોને સીધી મજૂરી આ તળાવ થકી આપણે આપીએ અને સાથે સાથે જેવા કે શાકભાજીવાળો, બરફવાળો, ટ્રેકટરવાળો એના થકી ૨૫૬૦૦૦ લોકોને આપણે રોજગારી આપી શકીએ છીએ. આ તળાવની ઉપર ૧૧૨૦૦૦ કુટુંબો નભે છે. ૧૯૦૦૦૦ હેકટર જગ્યા અત્યારે પડી છે એમાંથી ૮૦૦૦૦ હેકટર જગ્યા આપણે ફાળવીએ તો ૬૪૦૦૦ તળાવ ગુજરાતમાં બને ૨૦૪૮૦૦૦ લોકોને સીધી મજૂરી મળે. સાથેસાથે ૪૦૯૬૦૦૦ લોકોને સંલગ્ન મજૂરી મળે. સાથેસાથે ૧૭૯૨૦૦૦ કુટુંબોને સીધી રોજગારી આપી શકીએ આટલો પ્રોટેન્શલવાળો બિઝનેસ કયાંય કોઇ નથી તો આપ થકી હું વિનંતી કરું છું કે આને પણ આપણે કૃષિ સાથે જોડીને આ ઉદ્યોગને પણ આપણે આગળ વધારીએ. અત્યારે ઝીંગા પ્રોસેસીંગ પ્લાન્ટ મારા ઓલપાડમાં આવેલો છે. એક મરોલીની અંદર આવેલો છે અને એક નવસારીની અંદર આવેલો છે તો આની અંદર ઓલપાડમાં ટૂંક સમયમાં ઝીંગાનો બીજો કોઇ પ્રોસેસીંગ પ્લાન્ટ નખાઇ રહયો છે એટલે આનું ઉત્પાદન કેટલું બધું છે એ આ પ્લાન્ટ ઉપરથી ખબર પડે અનેએપ્લાન્ટની અંદર જે મહિલાઓ લોકોના ઘેર કામ કરવા જતી હતી એ મહિલાઓ આજે ઝીંગા ફેકટરીમાં કામ કરે છે અને સ્વમાનભેર રોજીરોટી મેળવે છે.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, જૂઠથી તુટે વેપાર અને જુલમથી તુટે રાજ. (અંતરાય) જુઠ બોલો પણ જોરથી બોલો. અમારા ખેડૂતભાઇઓ પાણીની માગણી કરવા અહીં આગળ આવ્યા તો એમના ઉપર જુલમ કર્યો. પેલા બાળસેવિકાઓ ઉપર જુલમ કર્યો, જુલમ ના કરો. એની સાથે સીધી રીતે તમે વાત કરો. વાત કરવાનો તમને ટાઇમ નથી? ખેડૂતો બેહાલ છે. છેલ્લા વર્ષોથી ઉત્પાદનનો ખર્ચ ખેડૂતને મળતો નથી. લાગે છે તમને ખેતી કરો તો ખબર પડે કે ખેતી કેવી રીતે થાય છે? સરકારનો વિકાસ એ ઉદ્યોગપતિનો વિકાસ છે. સરકાર ઉદ્યોગપતિઓને સબસિડી આપે છે. અમારા ખેડૂત ભાઇઓને આશ્વાસન આપે છે. ખેડૂતોને નકલી બિયારણ આપે છે. ખેડૂતનું વર્ષ ફેઇલ જાય છે. આ નકલી બિયારણને બરાબર કરો ભાઇ. ખેડૂત ખાતર ખરીદે એના ઉપર સરકારનો ટેક્સ છે. સરકાર ખેડૂતોને વીજળી ટાઇમે આપતી નથી. ઘણીવાર વીજળી ડૂલ થઇ જાય છે. ૮ કલાક પણ વીજળી આપતી નથી. રાત્રે આપે છે. ખેડૂતોને ટપક સિંચાઇ પદ્ધતિમાં ગુજરાતમાં મોટા પાયે કૌભાંડ થયા છે. કૌભાંડ પકડી શકતા નથી. નોટબંધીના કારણે ખેડૂતોને બેન્કમાંથી રૂપિયા મળતા નથી. ખેડૂતો કાળાં નાણાં નથી ધરાવતા. આ સરકાર કેન્દ્રમાં આ અંગે રજૂઆત કરતી નથી. વાઇબ્રન્ટ ગુજરાત, તમાશા, ઉત્સવો, વાઇબ્રન્ટના નામે કરોડો રૂપિયાનું પાણી કર્યુ. ગુજરાત બેકાર, યુવાનો બેકાર. ગુજરાતમાં બેરોજગારી છે. યુવકોને નોકરી મળતી નથી. ઉદ્યોગોને કરોડો રૂપિયાની સબસિડી આપે છે. ખેડૂતોને સબસિડી આપતી નથી. સરકાર યુવાનોને બેકારી ભથ્થું આપવાનું વિચારતી નથી. આ બજેટમાં સરકાર બેકાર યુવાનોને કાયમી બેકારી ભથ્થું આપવા માગે છે કે કેમ? શિક્ષણનું વેપારીકરણ. શિક્ષણ એ વેપાર, ઉદ્યોગ બની રહ્યું છે. સરકાર રજિસ્ટ્રેશન કરાવી ખોટા નામે ટ્રસ્ટો ઊભા કરી ખાનગી શાળા, કૅાલેજોને માન્યતા આપી લાખો રૂપિયા, કરોડો રૂપિયાનું શિક્ષણનું વ્યાપારીકરણ કરેલ છે. વાલીઓને કરોડો રૂપિયા ખાનગી સેલ્ફ ફાઇનાન્સ કૅાલેજોમાં ફી પેટે ભરવા પડે છે. ખાનગી સેલ્ફ ફાઇનાન્સ કૅાલેજો અને શાળાઓ ગુણોત્સવના નામે શિક્ષકોને માનસિક ત્રાસ આપે છે.

શિક્ષકોને તેના માટે ટ્રેનિંગ આપો. બોગસ કૉલેજો ચાલી રહી છે. સરકાર આના માટે કઇ વિચારતી નથી. ચુડાસમા બાપુના વિસ્તારમાં રાય યુનિવર્સિટી છે, એમાં એગ્રીકલ્ચરના ક્લાસ બોગસ ચાલે છે. કેટલાય વિદ્યાર્થીઓને સાચું સર્ટી નહિ મળે તો શી દશા આવશે? લાખ લાખ રૂપિયા ડોનેશન લે છે એનું કઇક કરો. બી.એસ.સી. એગ્રીનો ક્લાસ ચાલે છે તે સાચો ચાલે છે કે ખોટો ચાલે છે તે જુઓ. પારૂલમાં જુઓ. પેલા મનસખુભાઇની યુનિવર્સિટીમાં જુઓ. કરોડો રૂપિયાનું મનસુખભાઇએ કરી નાખ્યું એ તો કરો. સરકાર ચૂંટણી આવતા પ્રજાને યાદ કરે છે. છેલ્લાં ૫ વર્ષમાં કેટલા પ્રશ્નોનો નિકાલ કર્યો તેનો હિસાબ આપો. સરકાર પ્રજાના પ્રશ્નોના નિવારણ માટે સંપૂર્ણ નિષ્ફળ છે. મામલતદાર કચેરીઓમાં ખેડૂતોની જમીન, ભૂમાફિયા અધિકારીઓ મીલીભગત કરીને બોગસ દસ્તાવેજો બનાવીને માથાભારે તત્વો, અસામાજિક તત્વો કબ્જો લઇ લે છે. ૧૫ વર્ષથી આવું ચાલી રહ્યું છે. સરકારને રજૂઆત કરતા કશું કરતી નથી. મહિલા સલામત નથી. બળાત્કાર, છેડતી આ બધા બનાવો બને છે. તમે મહિલાઓનું તો જરા વિચારો. નહિતર સરકાર ડૂબી જશે ત્યારે ખબર પડશે. નર્મદાની નહેરો હજુ બાકી છે. એ કામ કરો. ખેડૂતોને નર્મદાનું પાણી ખેતી માટે પીવા માટે આપો.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થયું.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

શૈક્ષણિક પછાત વર્ગ વિશે મારા વિચારો રજૂ કરું છું. ૨૦૦૨ પહેલાં ૬૯૧ યુગલોને ૩૪.૫૫ લાખ રૂપિયા આપવામાં આવેલા અને ૨૦૦૧ થી ૨૦૧૬ સુધી સમૂહ લગ્ન પેટે ૧૨ હજાર યુગલોને ૧૦.૩૩ કરોડની સહાય આ સરકારે આપેલી છે. ધોરણ ૮માં ભણતી કન્યાઓને ૨૦૦૦ની સાલ સુધીમાં ૬૪૬૧૧ સાઇકલો પેટે ૭.૫૮ કરોડ રૂપિયા સહાય ચુકવેલી હતી. ૨૦૦૧ થી ૨૦૧૬ સુધીમાં ૭ લાખ ૪૬ હજાર સાઇકલો આપવામાં આવેલી છે અને તેના માટેની કુલ રકમ ૧.૬૩ કરોડ જેટલી ચુકવવામાં આવેલ છે. મારા મત વિસ્તારની વાત કરું તો ઠાકોર કોળી નિગમ દ્વારા મારા મત વિસ્તારનો વિદ્યાર્થી અજયકુમાર રાજેશભાઇ રાઠોડને ઉદેપુર આર.આર.એસ. ડેન્ટલ કોલૅજની અંદર ભણવા માટે આ સરકારે ૬.૫ લાખ રૂપિયાની લોન આપી ડૉક્ટર બનાવવા માટે સહાય કરેલી છે. મારા મત વિસ્તારમાં પી.એચ.સી. અને સી.એસ.સી.માં વસોમાં ૩ કરોડ ૫૫ લાખ રૂપિયા, સંધાણાની અંદર ૧ કરોડ ૧૭ લાખ રૂપિયા, ભલાળાની અંદર ૧ કરોડ ૧૭ લાખ રૂપિયાના પી.એસ.સી. મંજૂર કરેલા છે. કોંગ્રેસના મિત્રો એવું કહે છે કે હજુ સરકારે કોઇ વિકાસ કર્યો જ નથી. વસો તાલુકા પંચાયતમાં પ્રજાને વધુ સરળતા મળે તેના માટે નવી કચેરી બનાવવા માટે ૧૧ કરોડનો ખર્ચ કર્યો છે. લીંબાસી પશુ આરોગ્ય કેન્દ્ર માટે ૩૮ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે. વિજ્ઞાન પ્રવાહ સ્કૂલ ૨ કરોડ ૭૮ લાખના ખર્ચે બનાવેલ છે. ખેડા તાલુકાની નવીન પ્રાંત કચેરી માટે ૧૩ કરોડ ૯૯ લાખના ખર્ચે હાલ બની રહી છે. ખેડા શહેર માટે નવું બસ સ્ટેન્ડ ૨ કરોડ ૫૫ લાખના ખર્ચે બનાવવાનું કામ પ્રગતિમાં છે. પરિએજ જૂથ યોજનાની અંદર નવીન પાઇપ લાઇન નાંખવા માટે આ સરકારે ૨૫ કરોડ રૂપિયા ફાળવેલ છે અને હાલ આ કામ પ્રગતિમાં છે. મારા મત વિસ્તારમાં નાની માઇનોર જે હાલ કાચી હતી તે આર.સી.સી. કરવા માટે ૩૩ કરોડના ખર્ચે કામ ચાલુ છે. ૨૦૧૪–૧૫ની સાલથી મને ધારાસભ્ય બન્યે ૨૯ મહિના જેટલો સમય થયેલો છે. તેમાં ૨૦૧૪–૧૫ ની અંદર ૨૩ રોડ ૧૧ કરોડ ૩૫ લાખના મંજૂર કરેલા છે. ૨૦૧૫–૧૬ની વાત કરું તો ૧૮ રોડ પેટે ૨૦ કરોડ ૩૨ લાખ મંજૂર કરેલા છે. ૨૦૧૬–૧૭ની વાત કરું તો ૫૩ રોડ મંજૂર કરેલા છે અને તેના માટે ૩૮ કરોડ ૬૩ લાખની ફાળવણી કરવામાં આવી છે. કોંગ્રેસના મિત્રો એવું કહે કે હજુ કઇ વિકાસ થયો નથી તો હું નિરંજનકાકા, પૂનમકાકા અને સંજયભાઇને એવું કહેવા માગું છું કે તમે આણંદ થઇને આવ્યા કરતાં મારા મત વિસ્તાર તારાપુરથી લીંબાસી થઇને ગાંધીનગર આવવાનું પસંદ કરો તો તમને ખબર પડશે કે આ સરકારે કેટલો વિકાસ કર્યો છે. અસ્તુ.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નીતિનભાઇ પટેલ જે પ્લાન અને નોન પ્લાનનું બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. એવું કહેવામાં આવે છે કે સર્વ જન સુખાય, સર્વ જન હિતાય. કોઇપણ સરકાર હોય તે સરકારની નજર સમક્ષ હંમેશા પ્રજા રહેલી હોય છે. પ્રજાની સાથે સાથે તમામનો વિકાસ થાય તે પ્રકારની તેની ખાસ નજર રહેલી હોય છે. આની અંદર શિક્ષણ હોય, આરોગ્ય હોય, કૃષિ હોય, ઉદ્યોગો હોય, રોજગારીની વાત હોય તે તમામની અંદર સરકાર સાર્વજનિક રીતે વિકાસ થાય તે પ્રકારની બજેટની વ્યવસ્થા કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાલી શિક્ષણની વાત કરું તો ગઇ વખત કરતા આ વખતે ૧૧૮૫ કરોડ શિક્ષણમાં સરકારે વધુ ફાળવ્યા છે પણ એની સામે આજે પણ દૂરદરાજ ગામડાંમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર એટલું બધું નબળું છે કે, ૭માં ધોરણમાં ભણતા વિદ્યાર્થીને પણ પોતાનું નામ લખતા વાંચતા આવડતું નથી. આજે પણ એ સ્કૂલોમાં પૂરતા પ્રમાણમાં જે શિક્ષકો હોવા જોઇએ એ શિક્ષકો નથી. બીજી કોઇ વાત ન કરું તો ખેલકૂદની નીતિ લાવી અને ખેલ મહાકુંભની વાતો કરતી આ સરકાર કેટલાય વખતથી પ્રાથમિક શાળા, હાઇસ્કૂલની અંદર વ્યાયામના શિક્ષકોની પણ ભરતી કરતી નથી. ટાટ અને ટેટમાં વ્યાયમના વિષયને દાખલ કરવા માટે અથવા વ્યાયમના શિક્ષકો માટેની જોગવાઇ કરવી જોઇએ એ પણ કરતી નથી. બીજું હેટ, હેટ એટલે આચાર્ય જે પ્રાથમિક શાળામાં આચાર્ય મૂકી દીધા હેટ પાસ કરી પણ એની નીતિ વિષયક બાબતો શું છે એ પણ આ સરકારશ્રીએ હજુ નક્કી કરી શકી નથી અને એ એચ.ટાટ થયેલા શિક્ષકો બિન અનુભવી શિક્ષકો ફાવે એ રીતે વહીવટ કરતા હોય છે. શિક્ષકોને શિક્ષણ સિવાયના અન્ય કાર્યોમાં જોતરાવતા શિક્ષણનું કાર્ય બગડે છે અને શિક્ષણનું સ્તર ઉંચું આવવું જોઇએ એ આવ્યું નથી. અગાઉ ૨૦૧૪–૧૫માં સરકારે વાત કરી હતી કે, ૨૦ સ્માર્ટ સ્કૂલો કરીશું. માનનીય શિક્ષણ મંત્રીશ્રીને હું પૂછવા

માગુ છું કે કઇ જગ્યાએ સ્માર્ટ સ્કૂલો થઇ? એનો પાયો ખોદાયો કે નહીં ખોદાયો? શિક્ષણને સુધારવા માગતા હોય તો આ સ્માર્ટ સ્કૂલો ગામડાંના ઇન્ટીરીયર વિસ્તારમાં, ગરીબ વિસ્તારમાં, દૂરના વિસ્તારમાં ખોલો. મેં ગઇ વખતે પણ કહ્યું હતું કે શિક્ષણની અંદર આપણા ગામડાંના છોકરાઓ પણ શહેરના છોકરાઓ સમકક્ષ બને એટલા માટે દરેક પ્રાથમિક શાળામાં એક ઇંગ્લીશ મિડિયમનો ક્લાસ શરૂ કરો. જ્યાં સુધી ઇંગ્લીશ નહીં આવડે, ગણિત નહીં આવડે, વિજ્ઞાન નહીં આવડે તો ગામડાંનાં છોકરા દિન પ્રતિદિન નબળા થતા જશે અને શહેરના છોકરાનાં પ્રમાણમાં સ્થાન લઇ નહીં શકે. મારા તાલુકાની, મારા મત વિસ્તારની વાત કરું તો માનનીય ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સાહેબનો અને મારો એક વિસ્તાર લગભગ ખૂણા ઉપર આવે છે એની વાત કરું તો વટવાનું પ્રદૂષિત પાણી ખારીકટ કેનાલમાં જાય છે અને એ માટે અમારા ખેડૂતોને ખૂબ મુશ્કેલી પડે છે તો સરકાર એ પ્રદૂષિત પાણીનો પાઇપ લાઇન નાંખીને નિકાલ કરી ખેડૂતો માટે, લોકોની સુખાકારી માટે કાંઇક વિચારે એવી વિનંતી. બીજું નરોડાથી છેક એમના મત વિસ્તાર અને મારા કલોલ સુધી સાબરમતીનું પાણી આવીને સીધું ગામડાંમાં ઘૂસી જાય છે અને એની દરખાસ્ત પણ તૈયાર થઇ છે પણ એ કામ કઇ જગ્યાએ પડ્યું છે અને એના અમલીકરણ માટે શું થયું છે એની કાંઇ ખબર પડતી નથી. અમારા વિસ્તારની નહેર શેઢી સિંચાઇ દ્વારા અમદાવાદ શહેરને પાણી પૂરું પાડવામાં આવે છે પણ છેવાડાના દૂર દૂરના વિસ્તારમાં શેઢી શાખાની જે નહેરો તૂટી જાય છે અને પાણી જે દૂર સુધી જવું જોઇએ એ ગયું નથી. ૨૦૦૫માં પૂર આવ્યું અને જે નહેરો તૂટી નેનપુર હોય કે વરસોલા હોય એ નહેરો આજ દિન સુધી રીપેરીંગ થઇ નથી. અવાર નવાર મહુધાની આજુ બાજુ આ શેઢી સિંચાઇની જે નહેર, મુખ્ય કેનાલ તૂટી જાય છે પણ સરકારને અનેક વખત અમે વિનંતી કરીએ છીએ તેમ છતાં આ નહેરો માટે જે જોગવાઇ થવી જોઇએ એ થઇ નથી. વધારાનું તો કાંઇ નહીં પણ જે શેઢી સિંચાઇમાં કાર્યપાલક ઇજનેર અને એનાથી નીચેના ઇજનેરો કે બીજા જે કોઇ સ્ટાફ હોય એ સ્ટાફ પણ નથી. માનનીય સિંચાઇ મંત્રીશ્રી આજે પણ જે કાર્યપાલક ઇજનેર છે એ મહેમદાવાદના એસ.ઓ. એ કાર્યપાલક ઇજનેર છે એ પરિસ્થિતિ છે. ચોકીદાર નથી, કામ કરનાર માણસો નથી, એન્જિનિયરો નથી અને તમારી પાસે ખેડા જિલ્લાની અમારી ઘણી બધી દરખાસ્તો આવીને પડી છે તો અમારા જિલ્લા માટે થોડી હમદર્દી રાખી લોકોને ટાઇમસર પાણી મળે એ માટે અમદાવાદવાળી મુખ્ય કેનાલ છે એને રીપેરીંગ કરો. ૧૧૦૦ કયુસેક અમારા વિસ્તારમાં પાણી આવતું હતું એ ૮૦૦ થઇ ગયું છે ત્યારે તમે આ રીપેરીંગનું કામ કરો તો લોકોને પાણી મળે, લોકોની સમૃદ્ધિ વધે, લોકોની સુખાકારી વધે જેથી લોકો સરકારના યશગાન ગાય. આ બધું કરશો તો સારી વાત છે.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ પટેલ અંદાજપત્ર લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ અંદાજપત્રમાં સારી એવી વાતો કરવામાં આવી છે પણ એમાં ખૂટતી જે કડી છે એમાં જ્યારે ટ્રાયબલની વાત આવે ત્યારે ટ્રાયબલ વિસ્તારમાં મોડેલ સ્કૂલો હોય, ઇ.જી.આર.એસ. સ્કૂલ અને ઇ.એમ.આર.એસ. સ્કૂલો જે ચાલે છે એ ૨૦૦૮ની સાલથી ચાલે છે, હમણાં જ થોડા દિવસ પહેલાં જ મંત્રી સાહેબે કહ્યું કે ૭૦૦ શિક્ષકોની જગ્યા અમે ભરવાના છીએ. પણ આ બજેટમાં એની ક્યાંય જોગવાઇ નહિ. ૭૦૦ શિક્ષકોને લેવા હોય તો એના માટે બજેટમાં જોગવાઇ કરવી જોઇએ, પણ આ બજેટ વાંચતા મને ખબર પડી કે આમાં ખાલી વાત કરવામાં આવી છે. બજેટમાં જોગવાઇ કરી હોત તો ૧૦૦ ટકા સાચું થાત. એવી જ પરિસ્થિતિ ટ્રાયબલની જે થઇ છે એમાં ટ્રાયબલ વિસ્તારમાં બાજુમાં બેઠેલા અમારા ખેડૂતોના મંત્રીશ્રીને કહેવાનું કે આમાં ઘણી બધી જોગવાઇ થઇ છે હમણાં જ એવું કહ્યું કે અમે બટાટા ખરીદવાના છીએ, અમે તુવેર ખરીદવાના છીએ પણ હમણાં જ મારા વિસ્તારના બે ચાર સેન્ટરો પરથી ફોન આવ્યા કે એક જ દિવસ બારદાન આવ્યા અને પછી ખલાસ થઇ ગયા, ખેડૂતો પંદર દિવસથી રાહ જૂએ છે પણ હજી આજે પણ બારદાન નથી આવ્યા. નસવાડીમાં હજી માર્કેટ કમિટી કોંગ્રેસના હાથમાં છે એટલે એક પણ કિલો તુવેર ખરીદી નથી. કારણ કે કોંગ્રેસના હાથમાં છે એટલા માટે. હું એવું વિચારું છું કે ટ્રાયબલ વિસ્તારના ૨૧૮ ગામોનો એક તાલુકો બન્યો હોય અને તમે એક પણ કિલો તુવેર ના ખરીદો તો આથી બીજી વાત શું કરવાની? એથી પણ આગળ જઇને વાત કહુ છું કે ઘણી બધી અહીંયા ચર્ચાઓ કરી છે, હું માનું છું કે ગુજરાતનું સારું થાય અને સારા રસ્તાઓ બને અને સારી સુવિધાઓ મળે. નર્મદાના પાણીની જ્યારે વાત કરતા હતા ત્યારે હમણાં જ નર્મદાના પાણી માટે જે પાયાની સુવિધા છે કાલે મંત્રીશ્રી શંકરભાઇ બોલતા હતા કે કોણે પાવડો માર્યો છે? હું આજે છાતી કાઢીને કહુ છું કે નર્મદાના અસરગ્રસ્તોને જમીન જ્યારે જરૂર હતી ત્યારે મારી પોતાની ૧૪ એકર જમીન નજીવા ભાવે આપી હતી. હું આજે પણ આ વાત દાવા સાથે કહુ છું. સ્વર્ગસ્થ ચીમનભાઇ પટેલ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે એમણે એવી વાત કરી હતી કે અસરગ્રસ્તોને જમીનો આપવી પડશે. ત્યારે માત્ર ત્રણ હજાર રૂપિયાના ભાવે ૧૪ એકર જમીન મેં આપેલી છે. અમે ક્યારેય એવું કહેતા નથી કે નર્મદા અમે બનાવી દીધી પણ જ્યારે આટલી બધી વાત હદ ઉપર આવી જાય કે કોણે પાવડો માર્યો હતો, પાવડો મારવાવાળા પણ અમે છીએ અને ભોગ આપવાવાળા પણ અમે જ છીએ. હું આજે પણ કહુ છું કે મારા ગામમાં ચાર વસાહતો છે પીવાનું એક ટીપું પાણી નર્મદાનું અમને નથી મળતું. આ એક શરમજનક વાત છે, મંત્રીશ્રીઓ બેઠા છે, અમારા બાપુશ્રી બેઠાં છે એમને ખબર છે કે હમણાં જ નર્મદાના અસરગ્રસ્તો આપની પાસે આવ્યા હતા, ગણપતભાઇ સાહેબની પાસે પણ આવ્યા હતા. એનું કંઇ વિચારવાનું જ નહિ. શું એ ગરીબ માણસ છે એટલે એને ગરીબ જ રહેવા દેવાનો છે. આ કયા પ્રકારની વાત થાય છે. આ બજેટની અંદર ઘણુ બધું આપ્યું છે પણ મારે વધારે કંઇ કહેવું નથી. હું ચોક્કસ કહીશ કે અમારા આદિવાસી વિસ્તારમાં પેસા એકટનો કાયદો પસાર થઇ ગયો છે એવું કહેવામાં આવે છે અને પેસાના કાયદાનો બધાને લાભ મળશે એવું કહેવામાં આવે છે, અમારી આખી ઓરસંગ નદી ખોદાઇને જતી રહી. આ કાયદો ક્યારથી લાવવાની જરૂર હતી? વીસ વરસથી આપણી સરકાર હતી. તમે એમ કહો છો કે કાયદો પસાર કર્યો પણ એનું બિલ હજી આવ્યું નથી. ખાલી વાતો જ થયા

કરે છે, વિધાનસભામાં એનું બિલ આવવું જોઇએ એ જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી એ કાયદાનો કોણ અમલ કરશે? ખાલી કહેવા માટે જ અમે આદિવાસીઓ માટે પેસાનો કાયદો પસાર કરી દીધો? હજી વિધાનસભામાં બિલ નથી આવ્યું ત્યાર પહેલાં ગામડાંમાં જઇને, આદિવાસી વિસ્તારોમાં જઇને તમારી તરફેણમાં કાયદો કરી દીધો છે અને તમને આ કાયદો આપી દીધો છે પણ એ કાયદાનો એક પણ અમલ થયો નથી અને થવાનો નથી કારણ કે જ્યાં સુધી એનું બિલ નહિ આવે ત્યાં સુધી અમારા આદિવાસીઓને આ જ રીતે અન્યાય થવાનો છે. એટલા માટે મારી ખાસ વિનંતી છે કે ટ્રાયબલ વિસ્તારના જેટલા જેટલા જિલ્લા છે એમાં પીવાના પાણી માટે પહેલી પ્રાયોરિટિ આપો તો જ તમારી પાસે ટ્રાયબલ વિસ્તારનું તમે સારું કર્યું કહેવાશે નહિ તો આવતા દિવસોમાં કોઇ ટ્રાયબલ વિસ્તાર આપની પાસે રહેશે નહિ આ સરકારની પાસે જ નહિ રહે. કારણકે ખાલી વાતો જ કરવાની, ટ્રાયબલમાં બધું જ બનાવ્યું છે એવું કહો છો અને ૭૧ ડેમ બનાવ્યા છે એવું કહો છો તો તે કોણે બનાવ્યા છે? એ બધા કોંગ્રેસના શાસનમાં બનાવ્યા છે અને ત્યારપછી એક ડેમ તમે બનાવ્યો હોય તો કહો? એથી આગળ જઇને વાત કરું છું. વાહન વ્યવહારની વ્યવસ્થાઓ જે ટ્રાયબલ વિસ્તારમાં, ઉંડાણવાળા વિસ્તારમાં કોંગ્રેસના શાસનમાં જે એસ.ટી.ના રૂટો ચાલતા હતા એ એકપણ રૂટ આજે ચાલતો નથી ટ્રાયબલ વિસ્તારમાં એસ.ટી.નું તંત્ર ટોટલી ખાડે ગયું છે. એથી આગળ ઘણી બધી વાતો મારે કરવી છે પણ સમયના અભાવે હું કહી શકતો નથી.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર માનનીય નાણામંત્રીશ્રી સને ૨૦૧૭–૧૮નું બજેટ લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કરીને આપના દ્વારા ગૃહમાં એક વાત ધ્યાને મૂકવી છે. સાહેબ માછીમારી કરતાં હોય તેને માછીમાર, વેપાર કરતાં હોય તેને વેપારી, ઉદ્યોગો સ્થાપે તેને ઉદ્યોગપતિ તો ખેતી કરે તેને આપણે ખેડૂત કહીએ પરંતુ આજ સુધી કૃષિ સહકાર અને પશુપાલન, કૃષિ સહકાર અને મત્સ્યોદ્યોગ પણ આ એક સ્વમાન મળે, આ રાજયના ૫૦ હજારથી પણ વધારે ખેડૂતોને પોતાને સ્વમાન મળે કે રાજય સરકારની અંદર સરકારમાં પણ અમારા એક કલ્યાણકારી વિભાગનું નામ રાખવામાં આવ્યું છે, સ્વમાન આપવામાં આવ્યું છે કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ પ્રથમ વખત. અભિનંદન આપવા પડે કૃષિ મંત્રીને, નાણામંત્રીશ્રીને હમણાં આ ગૃહમાં મને સાંભળવા મળ્યું છે કે ખેડૂતો માટેની કલ્યાણકારી યોજનાઓના ૨ હજાર કરોડ, ૫ હજાર કે એક હજાર કરોડ ફાળવ્યા હોય તો આ વિભાગનું નામ રૂડું લાગે. આ ખેડૂત ખાતેદાર અકસ્માત વીમો આ રાજયની અંદર કઇ સાલથી શરૂ થયો છે ? મા અમૃતમ યોજના હેઠળ મા અમૃતમ વાત્સલ્ય યોજના ખેડૂતોના ધીરાણમાં ૧ ટકો વ્યાજ સમગ્ર દેશની અંદર આ ગુજરાત રાજયની અંદર પ્રથમ વખત મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં ૧ હજાર કરોડથી પણ વધારેનું પેકેજ વધારે કરીને ગામડાંઓનાં ખેડૂતોને લાભ મળશે. માનનીય મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના દસ હજાર કરોડથી પણ વધારેની ત્રણ વર્ષમાં કાર્યાન્વિત થનારી ગ્રામ્ય માર્ગો માટે ખેડૂતોની કલ્યાણકારી આ યોજના કહી શકાય. સવા લખાથી વધારે ચેકડેમો એક સામટા પાણી ભરવા લાયક મરામતનું કામ આ ખેડૂત કલ્યાણ વિભાગમાં પ્રથમ વખત આ વર્ષ જ લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજનામાં ૧૧૫ જેટલાં સૌરાષ્ટ્રના મોટાં ડેમ અને તળાવો ભરીને આ ખેડૂતોની કલ્યાણકારી યોજનાઓમાં કેટલાં કરોડ રૂપિયાની કામગીરી થઇ રહી છે. જયોતિ ગ્રામ યોજના વિશેષમાં મારે આ વિભાગના કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગમાં ખાસ કરીને બાગાયતની જે ખેતી આપણાં ગુજરાતની અંદર છે તેની મારે વાત કરવી છે. આ બાગાયતની ખેતી ખાસ કરીને છેલ્લાં ૧૫ વર્ષની અંદર આ બાગાયતના ઉત્પાદનમાં ગુજરાતમાં ત્રણ ગણો વધારો થયો છે, આ શેના કારણે ? બાગાયતના પાકોના ઉત્પાદનમાં ગુજરાતમાં આખા દેશમાં આ ગુજરાતનો ૬ ટકા હિસ્સો છે. ગુજરાત રાજયના કુલ વાવેતરમાં બાગાયત વિસ્તાર આપણો ૧૪ ટકા આવેલો છે. બાગાયતી પાકોમાં દેશમાં ગુજરાતનો હિસ્સો ફળ પાકની અંદર ૮ ટકા, શાકભાજીમાં ૭ ટકા, ફૂલ પાકમાં ૮ ટકા અને મસાલા પાકની અંદર ૧૬ ટકા ગુજરાતનો ફાળો રહ્યો છે. આ ગુજરાતનું ગૌરવ કહી શકાય એવા વલસાડી ચીકુ જે નવી દિલ્હીની બજારોમાં આ ગુજરાતના વલસાડી ચીકુએ પોતાની મોનોપોલી આજસુધી જાળવી રાખી છે. કચ્છી ખારેક સમગ્ર ગુજરાતમાં ખારેકના ઉત્પાદનનું કયારેય કોઇએ નામ નહીં સાંભળ્યું હોય. કચ્છની ખારેકે રાજયની આખી આગવી ઓળખ ઉભી કરી છે, કચ્છની અંદર ખારેક પાકવા લાગી છે. અને ગીરની કેસર કેરીએ સમગ્ર દેશ નહિ વિદેશોમાં પણ પોતાની નામના મેળવીને ખૂબ જ સારું સ્ટેટસ મેળવ્યું છે. ગુજરાત રાજ્ય ડુંગળીનું ઉત્પાદન હું માનું છું ત્યાં સુધી આખા દેશની અંદર બીજા ક્રમનું ઉત્પાદન કરે છે. એમાં હેક્ટર દીઠ ૨૫ મેટ્રીક ટનનું ઉત્પાદન થાય છે. કેળાનું એક હેક્ટરમાં ૬૪ મેટ્રીક ટન જેટલું ઉત્પાદન આ ગુજરાતમાં લેવાઇ રહ્યું છે. બટાટાનું એક હેક્ટરમાં ૩૧ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન થાય છે અને સમગ્ર દેશની અંદર હેક્ટર દીઠ વધારેમાં વધારે ઉત્પાદન મેળવવામાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. મસાલા પાકની અંદર પણ ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. જીરૂનું દેશમાં સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે. ઇસબગુલ પ્રોસેસિંગ તથા નિકાસ બંનેમાં ગુજરાત અગ્રેસર છે. વરિયાળી દેશના ઉત્પાદનના ૯૦ ટકા ગુજરાતમાં થાય છે. પપૈયા અને જીરૂના ઉત્પાદનમાં આખા દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. કેળા, ચીકુ અને ભીંડા બીજા સ્થાને છે. દાડમ, ટામેટા અને રીંગણના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં ગુજરાત ત્રીજા સ્થાને છે. બાગાયતી પાકોમાં પપૈયા પ્રથમ સ્થાને, ભીંડા બીજા સ્થાને, દાડમ ત્રીજા સ્થાને છે. દાડમની ખેતી કરતાં દિવ્યાંગ ગેનાભાઇ પટેલ, લાખણીના, જિ.બનાસકાંઠાના સમગ્ર દેશની અંદર ગુજરાતને ખેડૂત તરીકે ગૌરવ અપાવ્યું છે. વિકલાંગ ખેડૂત ગેનાભાઇને પદ્મશ્રી એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. બાગાયતી ખેતી પાકોમાં માળખાકીય સુવિધાઓ જે આ રાજ્યની અંદર સરકાર દ્વારા ઊભી કરવામાં આવી છે એમાં ફળ પાકો માટે ૧૧૬૪ જેટલા પેક હાઉસ કાર્યરત છે. સામાન્ય કોલ્ડ સ્ટોરેજની આખી સીરીઝ છે. સમગ્ર રાજ્યની અંદર ૫૬૦થી પણ વધારે કૉલ્ડ

સ્ટૉરેજ પ્રસ્થાપિત થયેલા છે. મહુવા સહિત આ રાજ્યની અંદર ૫ હાઇ કૉલ્ડ સ્ટૉરેજ સ્થાપવામાં આવ્યા છે. આ રાજ્ય સરકારે બાગાયતી પાકોને પ્રોત્સાહન આપવા માટે ૫૧ હાઇટેક નર્સરીઓ, ૧૬૧ શોર્ટીંગ, પેકીંગ યુનિટ અને ૨૦ જેટલી ટીસ્યુ કલ્ચરની લેબૉરેટરીની સ્થાપના કરી છે. આ રાજ્ય સરકારે બાગાયતને પ્રોત્સાહન આપવા માટે વૈવિધ્ય પૂર્ણ અને ઉચ્ચ ગુણવત્તા યુક્ત રેફ્રીજરેટર વાહન, પ્રી–કુલીંગ યુનિટ, ૨૬૯૭ જેટલા ગ્રીન હાઉસ, ૩૬૩૭ જેટલા નેટ હાઉસ પણ વિકસાવ્યા છે. વાવણીના સમયે વાવણીની સામગ્રીની સહાય આ રાજ્યની અંદર ૫૦ ટકા આપવામાં આવતી હતી તે આ ચાલુ બજેટની અંદર ૯૦ ટકા સહાય આપીને આખા દેશમાં અગ્રસ્થાન મેળવ્યું છે. પાણી, વીજળી, અને ખાતરની બચત અને વધુ ઉત્પાદન આપતી ટપક સિંચાઇ યોજનાનો વ્યાપ વધારવા માટે ટપક સિંચાઇ યોજનામાં ભાજપની સરકારે વધારો કરેલ છે. સીમાંત અને સામાન્ય ખેડૂતની સબસિડી ૫૦ ટકાથી વધારીને ૭૦ ટકા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે ૭૫ ટકાથી વધારીને ૮૫ ટકા સુધીનો લાભ આપવાની આ બજેટમાં જોગવાઇ કરીને ૩૧૩ કરોડથી પણ વધારે આ બજેટ હેઠળ જોગવાઇ કરવામાં આવી છે. બાગાયતના વધારે પાકો અને બાગાયતી ફળો વધારેમાં વધારે ઉત્પાદન થાય છે. વિશેષમાં ગુજરાતની અંદર થતાં ગોલા બોર આપણા ગુજરાતમાં અને ગુજરાતની બહાર પણ તેની નિકાસ પણ કરે છે. એવી જ રીતે આમળાની ખેતી, નાળિયેરની ખેતી, કેળની ખેતી વગેરેમાં પણ ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. એવી જ રીતે ડુંગળીનું ઉત્પાદન સમગ્ર રાજ્યની અંદર ભાવનગર, તળાજા, જેસર, મહુવા, પાલિતાણા, રાજુલા, સાવરકુંડલા, બગસરા, ધોરાજી, ઉપલેટા, જેતપુર, માણાવદર, કુતિયાણા, રાણાવાવ, પોરબંદર, જુનાગઢ અને સુરેન્દ્રનગર તાલુકાના હળવદ મોરબી અને ગોંડલમાં થાય છે. દરરોજ સરેરાશ સીઝનની અંદર ૩ લાખથી પણ વધારે થેલીઓ ડુંગળીની આવક ગોંડલ, ભાવનગર, તળાજા અને મહુવાના યાર્ડની અંદર થાય છે. આનું દર વર્ષે એટલું બધું ઉત્પાદન થાય છે કે, એની સંગ્રહ શક્તિ વધારવા અને એમાંય ખાસ કરીને મહુવા ખાતે આ ડુંગળીને ડીહાઇડ્રેટ કરીને સ્ટૉરેજ કરવા માટે ૧૩૦ જેટલા યુનીટ કાર્યરત છે અને હજી પણ આ વર્ષે ૩૦ જેટલા નવા કાર્યરત થવાની તૈયારીમાં છે કે જે વીજળીના કનેક્શનની વેઇટીંગમાં છે. આ એક લાખ ટનથી પણ વધારે સંગ્રહ શક્તિના ૩૦ કોલ્ડ સ્ટૉરેજ મહુવાની અંદર કાર્યરત છે અને નવા દસ કોલ્ડ સ્ટૉરેજ ચાલુ વર્ષ ઉભા થઇ રહ્યા છે. (અંતરાય) આ ડુંગળીનો સ્ટોક આખું વર્ષ ન રહી શકે એટલે એને ડીહાઇડ્રેડ કરવામાં આવે તો એક વર્ષ સુધી એની ગુણવત્તા જળવાઇ રહે છે.

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા ( કૃષિ અને ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ગુજરાતની વિકાસ યાત્રાને માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં આગળ વધારવા માટે સર્વાંગી વિકાસલક્ષી બજેટ રજૂ કર્યું છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજની બજેટ ચર્ચામાં માનનીય સભ્યશ્રી સંજયભાઇ પટેલ, માનનીય મોતીભાઇ, શ્રી અશોકભાઇ, પ્રો. વસુબેન, શ્રી અરવિંદભાઇ, શ્રી પરબતભાઇ, શ્રી પંકજભાઇ, શ્રી મુકેશભાઇ, શ્રી કેસરીસિંહ અને શ્રી શિવાભાઇ જેવા અનેક સભ્યશ્રીઓએ આ બજેટને સમર્થન આપ્યું છે, જયારે વિપક્ષના અન્ય મિત્રોમાં માનનીય બલવંતસિંહ હોય, શ્રી અનિલભાઇ હોય, શ્રી પુનાજીભાઇ હોય, શ્રી ગોવાભાઇ હોય, શ્રી નટવરસિંહભાઇ હોય અને શ્રી ગૌતમભાઇ જેવા સભ્યશ્રીઓએ ક્યાંકને ક્યાંક બજેટને ડાયરેક્ટ– ઇનડાયરેક્ટ સમર્થન આપ્યું છે અને ક્યાંક ટીકા પણ કરી છે ત્યારે મારે ચોક્કસ એટલું કહેવું છે કે, ભારત આદિકાળ કૃષિપ્રધાન દેશ છે. દેશની પ્રજા મોટે ભાગે ગામડાંમાં વસે છે. ભારતીય જનતા પાર્ટી અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર ખેડૂતોને રોકાણની સામે વળતર મળી રહે એના માટે ખૂબ મોટો પરિશ્રમ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોના સર્વાંગી વિકાસની માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલી વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટેનું કામ કરી રહી છે.

કૃષિ મહોત્સવના પ્રણેતા તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી અને કરોડો ભારતવાસીઓના હ્રદયસમ્રાટ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ મહોત્સવ– ૨૦૦૫માં જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાંથી કૃષિ મહોત્સવની શરૂઆત કરેલી અને એ વખતની અંદર તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ સાથે આ કૃષિ મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. એ વખતે રાજયની અંદર ખેડૂતોની લગભગ ૯૦૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક આવક હતી અને એ આવક બમણી કરવાના લક્ષ સાથે આ કૃષિ મહોત્સવની અંદર રાજયના કૃષિ યુનિવર્સિટીની અંદર કામ કરતા વૈજ્ઞાનિકો, કૃષિ નિષ્ણાતોને ગામડે– ગામડે મોકલી અને ખેડૂતોને માર્ગદર્શન આપી અને કૃષિ ઉત્પાદન વધારવા માટેનો પ્રયાસ કર્યો. આજે મને કહેતાં આનંદ અને ગૌરવ થાય છે કે, રાજયની અંદર કૃષિ મહોત્સવને સતત આધુનિક અને ટેકનોલોજીથી ખેડૂત ખેતી કરતો થાય અને એના માટે સરકારનો જે અભિગમ હતો અને એના પરિણામે આજે રાજયની અંદર ૧ લાખ ૨૬ હજાર કરોડથી પણ વધુ કૃષિ ઉત્પાદન કરતું જો કોઇ રાજય હોય તો એ ગુજરાત રાજય છે. આમ, કૃષિ મહોત્સવના કારણે રાજયનો વિકાસ દર પણ ખૂબ સારી રીતે જળવાઇ રહ્યો છે. આજે રાજયની અંદર ડબલ ડિજિટની અંદર જો વિકાસ દર હોય તો એટલું ચોક્કસ કહી શકાય કે, કૃષિના કારણે આપણો વિકાસ જળવાઇ રહ્યો છે. ખેડૂતોનો સર્વાંગી વિકાસ થાય તે થકી રાજયના વિકાસ અને તે થકી રાષ્ટ્ર વિકાસ કરવાની સરકારની નેમ છે. ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે. સરદાર વલ્લભભાઇ પટેલે ખેડૂતો વિશે ઉચ્ચારેલા શબ્દો મારા મનમાં સતત ગુંજે છે. સરદાર સાહેબ કહ્યું હતું કે અનાજ પકવનાર ખેડૂતોને મોજ છે. આમ ખેડૂતો સૌનું પોષણ કરે છે. આ ધરતી ઉપર ચાલવાનો અધિકાર ફકત ધાન્ય પકવનાર ખેડૂતોને જ છે.

આ રીતે સૌનો સાથ અને સૌનો વિકાસ થકી ખેડૂત પરિવારોનો વિકાસ થાય એ માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર કટિબદ્ધ છે. આમ કિસાન કલ્યાણ માટે આ સરકારે અનેકવિધ નિર્ણયો કર્યા છે, યોજનાઓ પણ અમલમાં મૂકી છે. રાજયના લાખો ખેડૂતોને સબંધિત કૃષિ વિભાગનું નામ સરકારે ચાલુ વર્ષના બજેટમાં નામાભિધાન કરીને કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ કરવામાં આવ્યું છે એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો ગુજરાતના ખેડૂતો વતિ ખૂબ ખૂબ આભાર માનું છું.

કૃષિ વિભાગની જો વાત કરીએ તો ચાલુ વર્ષે રાજયની અંદર મોટા પ્રમાણમાં મગફળીનું ઉત્પાદન થયેલું અને એ ઉત્પાદનને ધ્યાનમાં રાખીને લગભગ માર્કેટની અંદર દિવાળીની આસપાસ કેન્દ્ર સરકારે જે ટેકાના ભાવ નક્કી કર્યા હતા એની આસપાસ હતા. હજી મગફળીની શરૂઆત પણ થઇ ન હોવા છતાં ટેકાના ભાવની આસપાસ હોય અને વધુ આવક શરું થાય તો ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળે એના માટે રાજય સરકારે અને કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગે જુદી જુદી નૉડેલ એજન્સીઓ સાથે મિટિંગો રાખીને, વિભાગમાં મિટિંગો રાખીને ટેકાના ભાવથી મગફળીની ખરીદી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. મને કહેતા આનંદ અને ગૌરવ થાય છે કે દિવાળી પછી મગફળીની આવક શરું થતી હોય અને એવા સમયે પાંચમના દિવસથી ટેકાના ભાવથી મગફળી ખરીદવાની શરૂઆત કરી, આજે લગભગ રાજયની અંદર ૮૭ કેન્દ્રો શરુ કરીને ૨ લાખ ૧૦ હજાર મેટ્રીક ટન મગફળી રૂપિયા ૮૯૦ કરોડના ખર્ચે ખરીદીને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે એના માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

એ જ રીતે રાજયની અંદર તુવેરની વાત કરીએ તો તુવેરના એમ.એસ.પી. ૧૦૧૦ રૂપિયા છે એનો માર્કેટ રેઇટ ઓછો હોવાને કારણે તુવેરની પણ વિભાગ દ્વારા ખરીદી થાય એટલા માટે અમે એનું પણ આયોજન કર્યું. તા.૧૭-૧-૨૦૧૭થી એની શરૂઆત કરી અને રૂપિયા ૧૦૧૦ના ટેકાના ભાવથી તુવેરની ખરીદી કુલ ૮૧ કેન્દ્રોથી શરુ કરવામાં આવી અને આજે લગભગ ૪૯ કેન્દ્રો ઉપરથી ખરીદી કરવાનું ચાલુ છે. મારા સાથી ધારાસભ્ય ભાઇશ્રી ધીરુભાઇ હમણાં કહેતા હતા કે અમારા એપીએમસી કોંગ્રેસ શાસિત હોવાના કારણે આ સરકાર આ માર્કેટની અંદર ખરીદી ન થાય તેવું ઇચ્છે છે. મારે માનનીય ધીરુભાઇને કહેવું છે કે આ સરકારે હંમેશા સૌનો સાથ અને સૌનો વિકાસ એ સૂત્ર કે મંત્રને પ્રાયોરિટીમાં રાખીને કામ કર્યું છે. સરકારની કોઇપણ યોજના હોય તો ધારાસભ્યો ભાજપના છે એના વિસ્તારમાં યોજના હોય અને કોંગ્રેસના ધારાસભ્ય હોય ત્યાં ન હોય તેવું કયારેય આયોજન કર્યું નથી. અમે આયોજન માત્રને માત્ર ગુજરાતના ખેડૂતોને ધ્યાનમાં રાખીને કરીએ છીએ. (અંતરાય) હું આ તકે આંકડા આપવા માગું છું. એમ.એસ.પી.થી તુવેરની ખરીદી કરવાની મંજૂરી મળી એ મળ્યા પછી નાફેડ દ્વારા બારદાનની વ્યવસ્થા થતી હોય છે એ બારદાન છેક કલકત્તાથી આવતા હોય છે એટલે એમાં ઓછામાં ઓછો ૧૨ થી ૧૪ દિવસનો સમય ટ્રાન્સપોર્ટમાં થતો હોય સમયસર ખરીદી કરવામાં કયાંકને કયાંક મુશ્કેલી પડે છે. આમ છતાં રાજયની અંદર ૫૪,૦૦૦ મેટ્રીક ટન આજ દિવસ સુધી ખરીદી કરવામાં આવી છે. ૧,૦૦,૦૦૦ મેટ્રીક ટન ખરીદી કરવા માટેનો સરકારે નિર્ણય કર્યો છે અને ધીરુભાઇના વિસ્તારની વાત કરું તો નવસારી કલડીયા ખાતે તુવેરનું કેન્દ્ર ચાલુ છે. ગ્રોફેડ દ્વારા ખરીદી કરવામાં આવે છે. આજની તારીખ સુધીમાં ૫,૩૫૨ ક્વિન્ટલ એટલે કે ૫૩૫ મેટ્રીક ટન તુવેરની ખરીદી કરવામાં આવી છે અને ધીરુભાઇના વિસ્તારની નજીક બંદરપુર-સંખેડા ખાતે ૩,૮૭૨ ક્વિન્ટલ એટલે કે ૮૭ મેટ્રીક ટન ખરીદી થઇ છે. (અંતરાય) ધીરુભાઇ, તમારી વાતમાં હું એગ્રી. ગઇ કાલે પણ બારદાન આવ્યા, આજે પણ બારદાન ઓન ધ વે છે અને બારદાન આવે એટલે અમારા વિભાગને સૂચના આપી છે. સપ્રમાણમાં બધા જ કેન્દ્રોમાં બારદાન મળે એવી વ્યવસ્થા કરવી, જેના પરિણામે તમામ ખેડૂતને તેનો લાભ મળે એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા પૂર્વના વક્તાઓ ભાઇશ્રી ગોવાભાઇ રબારી એમની સ્પીચમાં એમ કહેતા હતા કે ચાલુ વર્ષે બટાકાનું ઉત્પાદન વધુ થવાના કારણે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી, ત્યારે આપના માધ્યમથી મારે ગોવાભાઇને જણાવવું છે કે રાજય સરકારે બટાકાની આવક શરૂ થઇ એ પહેલાં વધુ ઉત્પાદન હતું એવી રજૂઆત અમારા માનનીય આરોગ્ય મંત્રી શંકરભાઇ ચૌધરી અને અન્ય આગેવાનો મારા સમક્ષ કરી અને તરત જ માનનીય મુખ્યમંત્રી અને નાણામંત્રીને વિનંતી કરી કે ભૂતકાળમાં જે રીતે આપણે બટાકામાં વાહતુક સબસિડી આપી હતી એવી ચાલુ વર્ષે આપવાની જરૂર પડશે. ચાલુ વર્ષે વધારે ઉત્પાદન છે અને ખેડૂતોને ભાવ મળી રહે તેના માટે રજૂઆત કરી અને તરત જ માનનીય મુખ્યમંત્રીએ એ વાતનો સ્વીકાર કર્યો. આજે મને કહેતા આનંદ અને ગૌરવ થાય કે અમારા વિભાગે નાણાં વિભાગને કરેલી દરખાસ્તમાં કોઇ પણ ખેડૂત રાજય બહાર ટ્રાન્સપોર્ટ દ્વારા બટાકાની નિકાસ કરશે તો પ્રતિ મેટ્રીક ટન ૭૫૦ રૂપિયા અને રેલવે મારફત (અંતરાય) આ સાંભળો, સરકારે મદદ કરી એ તો સાંભળો. રેલવે મારફત રાજય બહાર કોઇ નિકાસ કરે તો રેલવેમાં ૧૦૦ ટકા સહાય આપવા માટેનો નિર્ણય કર્યો છે. વિદેશમાં જો નિકાસ કરવામાં આવે તો કુલ નૂરના ૨૫ ટકા ૧૦ લાખની મર્યાદાની અંદર સબસિડી આપવા માટેનો અમારા વિભાગ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. રાજયના લાખો ખેડૂતોને વધારેમાં વધારે જુદા જુદા પાકની અંદર વીમાનું કવચ, વીમાનું રક્ષણ મળી રહે એટલા માટે આપણાં તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના જાહેર કરી અને આ ફસલ વીમા યોજનામાં માત્ર ખરીફ ઋતુમાં બે ટકા પ્રિમિયમ અને ઉનાળુ ઋતુમાં માત્ર દોઢ ટકાના પ્રિમિયમ સાથે વીમાનું કવચ પૂરુ પાડવા માટેનો નિર્ણય કર્યો અને બાગાયતી પાક હોય કે કેળ જેવા પાક હોય તેમાં પાંચ ટકાના પ્રિમિયમ સાથે ખેડૂતોને વીમાનું કવચ પૂરુ પાડવા માટેનો નિર્ણય કર્યો. મિત્રો, મને કહેતા આનંદ અને ગૌરવ થાય કે રાજય સરકાર દ્વારા તત્કાલિન મુખ્યમંત્રીએ આવા કોમર્શિયલ

પાકની અંદર વધુ ત્રણ ટકા સબસિડી આપી અને ખેડૂતોને તમામ પાકની અંદર દોઢ ટકો અને બે ટકાના પ્રિમિયમથી પાક વીમાની રકમ મળે તેના માટે ૬.૨૭ લાખ ખેડૂતોને ૧૩૫.૫૭ કરોડનું પ્રિમિયમ જાહેર કર્યું છે અને તેનો લાભ ખેડૂતોને મળ્યો છે. ચાલુ વર્ષે ખરીફ ઋતુમાં અંદાજીત ૧૧.૯૧ લાખ ખેડૂત દ્વારા લગભગ ૨૫.૫ હેક્ટર વિસ્તાર નવી પાક વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યો છે. રવિ અને ઉનાળુ ઋતુમાં હાલની સ્થિતિએ ૧.૧૪ લાખ ખેડૂતનની ૨.૩૯ લાખ હેક્ટર જમીનને વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવી છે અને રાજ્ય સરકારને રૂ.૧૧૪૨.૨૪ કરોડ વીમાના પ્રિમિયમ તરીકે રકમ ભરવાની થશે. કેન્દ્ર સરકારના રૂ.૯૭૨.૫૮ કરોડ અને કુલ રૂ.૨૧૧૪.૮૨ કરોડની રકમ આ વીમાના પ્રિમિયમ તરીકે ચૂકવણી કરવાની થશે. મને કહેતા આનંદ અને ગૌરવ થાય છે કે વર્ષ ૨૦૧૫–૧૬ની અંદર રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના હેઠળ રાજ્યના કપાસ અને મગફળી પકવતા ખેડૂતોને રૂ.૧૭૯૫/– કરોડના વીમાની રકમની ચૂકવણી કરવામાં આવેલ અને જેનો લાભ રાજ્યના ૩ લાખ ૬૧ હજાર ખેડૂતોને આપવામાં આવ્યો છે. આપણે ખેડૂતોની ચિંતા કરતા હોય ત્યારે હું એક ખેડૂત પ્રતિનિધિ તરીકે વર્ષોથી આ ગૃહની અંદર બેસું છું. મિત્રો, રાજ્યનો કોઇપણ ખેડૂત અકસ્માતે મૃત્યુ પામે તો ભૂતકાળની અંદર આપના શાસનની અંદર કોઇ એવી યોજના નહતી કે જેમાં ખેડૂતને કોઇ સહાય મળે. પણ કોઇ લઠ્ઠો પીતા મૃત્યુ પામે તો રૂ.૨/– લાખ સહાય આપવા માટેની જોગવાઇ હતી. આ રાજ્યના ખેડૂત માટે સામે બેઠેલા જ્યારે શાસનની અંદર હતા ત્યારે કોઇ યોજના ન હતી. આજે મને કહેતા આનંદ અને ગૌરવ થાય કે શ્રી કેશુભાઇ પટેલના નેતૃત્વની અંદર ૧૯૯૬માં એ વખતે અકસ્માત વીમા યોજના અમલમાં આવી અને ૨૦૧૨ની અંદર એ અકસ્માત યોજનામાં સુધારો કરી અને એનો પુત્ર હોય કે પુત્રી હોય એ વારસદારનો એમાં સમાવવા માટેનો નિર્ણય કર્યો. ત્યારબાદ ૨૦૧૬–૧૭ની અંદર વધુ એક સુધારો કર્યો અને એમાં એના પ્રથમ વારસદારમાં પુત્ર હોય, પુત્રી હોય કે ખેડૂતના પત્ની અથવા પતિ હોય તો પણ એને વારસદાર તરીકે ગણી અને સહાય આપવી. જેના માટે રૂ.૩૦.૫૦ કરોડ વીમા પ્રિમિયમની રકમ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવી છે. જેના પરિણામે અનેક એવા વારસદારોને પણ આ યોજનાથી લાભ થશે. છેલ્લા દસ વર્ષમાં સરકાર દ્વારા લાભાર્થી વારસદારને રૂ.૧૩૬.૯૮ કરોડની સહાયનો લાભ આપવામાં આવ્યો છે. ખેડૂત અભણ હોય, અજ્ઞાન હોય અને આવા લાભાર્થીને આવા અકસ્માત બને તો લાભાર્થીએ ૯૦ દિવસની અંદર અરજી કરવાની હોય અને એના માટે અમારા વિભાગ દ્વારા હકારાત્મક નિર્ણય કરીને ૧૫૦ દિવસનો સમય વધારી આપ્યો. જેના કારણે કોઇપણ આવો અકસ્માત બને તો લાભાર્થી વીમાથી વંચિત ન રહે. અમારા વિભાગની અંદર લાખો ખેડૂત પોતે કૃષિના વ્યવસાય સાથે જોડાયેલા છે અને એ ખેડૂતને જ્યારે નાણાની જરૂરિયાત હોય ત્યારે સહકારી બેંકો કે રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી ધિરાણ મેળવી અને કૃષિનો વ્યવસાય કરતા હોય છે. એના માટે રાજ્ય સરકારે માત્ર એક ટકાના વ્યાજે તે ખેડૂતને ધિરાણ મળી રહે એના માટેની જોગવાઇ કરવામાં આવી છે અને જેના પરિણામે રાજ્યના ૧૪ લાખ ખેડૂતોને એનો સીધો લાભ મળનાર છે. હમણાં જ શ્રી ગોવાભાઇ કહેતા હતા, એમને જણાવું કે રાજ્યની અંદર આવું શાકભાજી પકવતા કોઇપણ ખેડૂત હોય અને એ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે એના માટે શહેરી વિસ્તારની અંદર રવિવારના દિવસે શાળાઓ બંધ હોય તો સીધો જ ખેડૂત એ શાળાની અંદર પોતાના માલનું વેચાણ કરવા જાય તો ખેડૂતને પણ સીધો વધારે ફાયદો મળે, ગ્રાહકને વ્યાજબી રકમથી શાકભાજી મળી રહે અને રાજ્યની અંદર આવા નિર્ણયના કારણે એના પરિણામો ખૂબ સારા મળ્યા છે અને એમાં ખૂબ સારી સફળતા મળી છે. શરૂઆતની અંદર એક મહિના માટે આવી જોગવાઇ કરવામાં આવી હતી અને એની સફળતાના કારણે આવી લગભગ છ મહિના માટેની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા વિપક્ષના મિત્રોને મારે  મારે જણાવવું છે કે રાજયની અંદર ગ્રીન રીવોલ્યુએશન કંપની જી.જી.આર.સી. મારફત વર્ષ ૨૦૦૫ થી અત્યાર સુધી જે ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન સિસ્ટમ આપવામાં આવે છે એમાં ૫૦ ટકાની સબસિડી હતી અને ચાલુ વર્ષમાં એમાં વધારો કરી અને ૭૦ ટકા કરવામાં આવી છે અને આદિજાતિ વિસ્તારની અંદર ૭૫ ટકા હતી એમાં ૮૫ ટકા કરવામાં આવી જેના પરિણામે રાજયના લાખો ખેડૂતોને આવી ડ્રીપ ઈરીગેશન પદ્ધતિથી સિંચાઇ કરવાનો લાભ મળનાર છે.  આપના માધ્યમથી આ સન્માનનીય ગૃહને મારે જણાવવું છે કે નર્મદા યોજનાનું ૧૯૬૦માં ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ૧૯૬૦થી અત્યાર સુધી કોઇને કોઇ કારણોસર આ યોજના ખોરંભે પડેલ અને જેના પરિણામે ગુજરાતના ખેડૂતોને સમયસર જે પાણી મળવું જોઇતું હતું એ પાણી મળી શકયું નથી પણ સદનસીબે રાજયના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળ આ નર્મદા યોજનાને આગળ ધપાવવા માટે ખૂબ મોટું કામ કર્યુ અને જેના પરિણામે આજે નર્મદા યોજનાનું કામ આપણે મોટા ભાગે પૂર્ણ કરવા જઇ રહ્યા છીએ અને એવા સમયે સૌરાષ્ટ્ર અને જુદાજુદા વિસ્તારની અંદર ચોમાસા દરમિયાન વધારાનું જે પાણી લઇ જવા માટેની યોજના અમલમાં હતી એમાં ઉત્તર ગુજરાત માટે સુજલામ સુફલામ યોજના ૧ લાખ મીલીયન ઘનફૂટ પાણી અને એ જ રીતે સૌરાષ્ટ્રને આપવા માટે સૌની યોજના નરેન્દ્રભાઇએ અમલમાં મૂકી અને સૌરાષ્ટ્રની અંદર સૌની યોજનાના માધ્યમથી સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ અને ૮૫ નદીની અંદર આ પાણી જવાના કારણે ખેડૂતોને અને સૌરાષ્ટ્રની પ્રજાને ખૂબ મોટો લાભ મળનાર છે.  આવનારા દિવસોની અંદર એમ કહેવું હોય તો કહી શકાય કે ખેડૂતની કાયાપલટ કરવા માટેની યોજના એટલે સૌની યોજના.  સૌની યોજનાના લાભાર્થી ખેડૂત ભાઇઓ નરેન્દ્રભાઇ મોદીને જેટલા અભિનંદન પાઠવે એટલા ઓછા.  મારા ઉર્જા વિભાગની પણ આ તકે હું વાત કરું તો રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીનો ગુજરાતના ખેડૂત વતી મારે આભાર માનવો છે કે આ રાજયની અંદર પ્રથમ વખત કૃષિ અને ઉર્જા વિભાગની કોઇ એક મંત્રીને જવાબદારી સોંપી હોય તો પહેલી વખત સોંપી છે અને વિજયભાઇ રૂપાણીએ આ જવાબદારી સોંપી છે ત્યારે ખેડૂતોના હિત માટે, ખેડૂતોના કલ્યાણ માટેના અનેક પ્રશ્નો, ગુજરાત વિદ્યુત બોર્ડની અંદર જે આપણા  પેન્ડીંગ પ્રશ્નો

હતા, Discomની અંદર રજૂઆતો હતી અને એ રજૂઆતો મુજબ નિરાકરણ લાવવા માટેનો મારા વિભાગ દ્વારા પ્રયત્ન કર્યો. રાજયની અંદર જયારે જરૂરીયાત હતી, શરૂઆતમાં વરસાદની અનિયમિતતા હતી, રાજયની અંદર આઠ કલાક વીજળી આપવા માટેની આપણી વ્યવસ્થા છે અને ખેડૂતોની માગણી આવતા આઠ કલાકમાં વધુ બે કલાકનો વધારો કરવાની રજૂઆત હતી અને તરત જ નિર્ણય કર્યો જેના પરિણામે દસ કલાક વીજળીને કારણે ખેડૂત પોતાના પાકની અંદર સમયસર પિયત આપી શકયા અને એના પરિણામે રાજયની અંદર વધુ કૃષિ ઉત્પાદન રાજયનો ખેડૂત મેળવી શકયો છે. એટલું જ નહીં રાજયની અંદર જુદા જુદા સમયે આઠ કલાકને બદલે દસ કલાક વીજળી આપવા માટેની વાત હોય તો જીરૂ પકવતો એક ચોકકસ પેકેજ છે એમાં આઠ કલાકની જગ્યાએ દસ કલાક વીજળી આપવા માટેની રજૂઆત આવી અને એમને પણ સીઝન દરમિયાન વધુ બે કલાક વીજળી આપી અને મદદરૂપ થવા માટેનો પ્રયત્ન કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી સન્માનનીય સભાગૃહને જણાવવું છે કે, રાજ્યની અંદર રાજ્યનો કોઇપણ ખેડૂત હોય તો અત્યાર સુધી જુદી જુદી કંપનીની અંદર એકજ સરવે નંબરની અંદર એક જ વીજળી કનેકશન આપવામાં આવતું હતું જેના પરિણામે મોટો ખેડૂત હોય, મોટો સરવે નંબર હોય અને વીજળી પૂરી ના થતી હોય અને એવા સમયે એ ખેડૂતને ક્યાંક ને ક્યાંક પોતાનો પાક બચાવવા માટે વીજળીની ચોરી કરવાના પ્રસંગો ઉભા થતા હતા એના પરિણામે અનેક ખેડૂત આ વીજળીના ચેકિંગના કારણે મોટી રકમના વીજ બિલ ભરવાનો ભોગ બનતા હતા. આવી અનેક રજૂઆતો અમારા સમક્ષ આવી અને એ રજૂઆતને ધ્યાનમાં લઇ તા.૧૮-૧૦-૨૦૧૬થી અમે વિભાગ દ્વારા નિર્ણય કર્યો કે એકજ સરવે નંબર ૮ એકરથી વધારે હોય અને કોઇ ખેડૂત બીજું વીજળીનું કનેકશન માગે તો બીજું વીજળીનું કનેકશન આપવું અને જેના પરિણામે આગામી દિવસોની અંદર ખેડૂત પોતાની ખેતી સારી રીતે કરી શકશે અને ચોરીનો સામનો કરવો નહિ પડે. એ જ રીતે રાજ્યના અનેક ખેડૂત આપણે સૌ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમક્ષ રજૂઆત કરતા હશે કે આપણું કરારીત વીજભારનું કનેકશન હોય અને એ કનેકશનની અંદર ઉદ્યોગને એક કરતા વધુ મોટર વાપરવા માટેની છૂટ મળતી હોય તો ખેડૂતોને શા માટે છૂટ નથી આપવામાં આવતી? અને જો ખેડૂતોને આની છૂટ આપવામાં આવે તો જ્યારે જ્યારે કૂવાની અંદર એક કનેકશન હોય, પાણીની ઘટ હોય અને બાજુની અંદર બોર કરવામાં આવે તો આવી બીજી એ કરારીત વીજભારની મર્યાદામાં મોટર લગાવવામાં આવે તો એ ગેરકાયદેસર ગણવામાં આવતું હતું એને પણ અમારા વિભાગ દ્વારા એક કનેકશનની અંદર બે મોટર ચલાવવા માટેનો નિર્ણય કર્યો અને જેનો લાભ રાજ્યના લાખો ખેડૂતોને મળનાર છે. રાજ્યની અંદર નદી અને કોતરની અંદર થઇને દરિયામાં પાણી વહી જતું હોય અને એ પાણીના ઉપયોગ માટે ખેડૂતને વીજળીનું કનેકશન આપવામાં આવતું હતું પણ એમાં એક મર્યાદા હતી કે નદી અને કોતરની બાજુમાં જ સરવે નંબર ખેતીનો હોય એવા જ ખેડૂતને વીજળીના કનેકશનનો લાભ મળી શકતો હતો. ભરૂચ વિસ્તારના આગેવાનોએ અને ખેડૂતોએ મારા સમક્ષ રજૂઆત કરી કે નદી કોતરની બાજુનો સરવે નંબર હોય કે દૂરનો સરવે નંબર હોય પણ અમને જો કનેકશન આપવામાં આવે તો મીઠું પાણી જે દરિયામાં વહી જતું રહે છે એના બદલે અમારું કૃષિ ઉત્પાદન મેળવી શકીએ આવી જે વિષમતા હતી એ વિષમતાની અંદર પણ અમારા વિભાગ દ્વારા સુધારો કરીને વીજળીનું કનેકશન આપવા માટેનો નિર્ણય કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર સારી ગુણવત્તાવાળો વીજ પુરવઠો મળી રહે એને માટે ૬૬ કે.વી. સબસ્ટેશન, ૧૩૨ કે.વી. સબસ્ટેશન, ૨૨૦ કે.વી. સબસ્ટેશન, ૪૦૦ કે.વી. સબસ્ટેશન સ્થાપવાની જરૂરિયાત રહે અને એ સબસ્ટેશનને ડબલ સરકિટથી જોડવા માટે ખેડૂતોના ખેતરની અંદર મોટા પોલ આવતા હોય અને એવા પોલનું વળતર જેટકો કંપની દ્વારા નિયત થયેલ છે એ મુજબ વળતર આપવામાં આવે છે પણ અમારા વિભાગ દ્વારા વિશેષ નિર્ણય કરવામાં આવ્યો કે આવી કોઇપણ ખેડૂતના ખેતરમાંથી આવી લાઇન પસાર થતી હોય અને વીજળીનું કનેકશન ના હોય અને વીજળીનું કનેકશન માગે તો એવા ખેડૂતોને પ્રાયોરિટીમાં વીજળીનું કનેકશન મળી રહે એના માટે તા.૩૦-૧૨-૨૦૧૬ના પરિપત્રથી નિર્ણય કરવામાં આવ્યો છે. એ જ રીતે મિત્રો રાજ્યની અંદર જુદી જુદી કંપનીની અંદર ખેડૂત પિયત મંડળી બનાવી અને એ પાણી મેળવીને પોતાના પાક પકવતા હોય અને અત્યાર સુધી કોઇપણ પિયત મંડળી અને એ પિયત મંડળીનું કનેકશન મેળવવું હોય તો એ પિયત મંડળીના જેટલા લાભાર્થી હોય અને એ લાભાર્થીના વ્યક્તિગત વીજળીના કનેકશન હોય એ વીજળીના કનેકશન રદ કરવામાં આવે અને પછી જ આવી પિયત મંડળીને કનેકશન આપવામાં આવતું હતું. અમારા વિભાગે હકારાત્મક નિર્ણય લઇ કોઇપણ આવી મંડળી પોતાના ગ્રાહકો હોય, સભાસદ હોય અને વ્યક્તિગત કનેકશન હોય અને આમ છતાં એ મંડળીનું કનેકશન માગશે તો મંડળીનું કનેકશન આપવાનું રહશે અને આવું કોઇ વ્યક્તિગત કનેકશન રદ કરવામાં આવશે નહિ. જેના પરિણામે ખેડૂતને પોતાના ખેતરની અંદર પાણી હોય તો કૃષિ ઉત્પાદન મેળવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો ખૂબ અગત્યનો નિર્ણય કે, જ્યોતિ ગ્રામ યોજનાના માધ્યમથી દરેક ગામને ચોવીસ કલાક વીજળી આપવામાં આવતી હતી. ગામની બાજુમાં પરુ હોય અને એ પરાની અંદર એ કોઇ પણ લાભાર્થી વસવાટ કરતા હોય અને બિનખેતી ન હોવાના કારણે આવા પરાની અંદર ચોવીસ કલાક વીજળીનો લાભ આપવામાં આવતો નહતો. એ પરા વિસ્તારની અંદર ખેતીવાડીનો વીજ પાવર આપવામાં આવતો હતો અને જેના પરિણામે એ લાભાર્થીને ગુણવત્તાવાળો પાવર નહીં મળવાના કારણે ખૂબ મોટી મુશ્કેલીનો સામનો કરતા હતા અને એવા ખેડૂતોએ, લાભાર્થીઓએ મારી સમક્ષ રજૂઆત કરી એટલે મેં ઊર્જા વિભાગ તરફથી નિર્ણય કર્યો કે, દસ ટ્રાયબલ વિસ્તારની અંદર વસવાટ કરતા લાભાર્થી હોય તો એને ચોવીસ કલાક વીજળી આપવી અને સામાન્ય લાભાર્થી પંદર કરતા વધારે પરિવાર હોય તો એને ચોવીસ કલાકનો સીધો પાવર સપ્લાય

જે. જી. વાય.નો આપવો, આવો ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે. એજ રીતે રાજ્યની અંદર લાખ્ખો ખેડૂતો પોતાના ખેતરની અંદર એગ્રો બેઇઝ ઇન્ડસ્ટ્રી સ્થાપવી હોય તો સૌ પ્રથમ એને બિનખેતી કરવી પડે અને બિનખેતી કર્યા પછી એને ચોવીસ કલાક વીજળીનો પાવર સપ્લાય મળતો હોય. મેં અમારા વિભાગમાંથી નિર્ણય કર્યો કે, રાજ્યનો કોઇ પણ ખેડૂત એ એગ્રો બેઇઝ ઇન્ડસ્ટ્રી પોતાના ખેતરની અંદર સ્થાપે અને બિનખેતી ન કરે તો પણ ચોવીસ કલાક વીજ પુરવઠો આપવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે અને આ નિર્ણયની સાથે સાથે શૈક્ષણિક સંસ્થાઓ હોય, છાત્રાલયો હોય, ઔદ્યોગિક કે વાણિજ્ય એગ્રો બેઇઝ ઇન્ડસ્ટ્રીના એકમો, તબેલા, નોંધાયેલા કેટલ શેડ, ગૌ શાળા, તમાકુ ખડી, મોબાઇલ ટાવર, મિલ્ક ચિલિંગ પ્લાન્ટ, મેન્ગો રાઇપનીંગ ચિલિંગ પ્લાન્ટ, આશ્રમશાળા વગેરે જેવી સંસ્થાઓને પણ ચોવીસ કલાક વીજળી આપવા માટેનો નિર્ણય કર્યો અને જેનો લાભ ખૂબ મોટા પ્રમાણની અંદર મળનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે સન્માનનીય ગૃહને જણાવવું છે કે, રાજ્યની અંદર ગ્રાહક કોઇ પણ હોય જુદી જુદી કંપનીની અંદર એ ફેકટરીનો ગ્રાહક હોય, એગ્રીકલ્ચરનો ગ્રાહક હોય કે ઘર વપરાશનો ગ્રાહક હોય, આવા ગ્રાહક જ્યારે એ હાઉસનું વેચાણ કરતા હોય, એગ્રીકલ્ચરનું વેચાણ કરતા હોય અને ઉદ્યોગનું વેચાણ કરતા હોય ત્યારે નામ ફેર કરવો હોય તો ખૂબ લાંબી મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. જેને એકદમ સરળ કરવા માટેનું કામ આપણે કર્યું છે. ભૂતકાળની અંદર આવા ઘણા બધા માલિકો ચેઇન્જ થયા પરંતુ કંપનીની અંદર એમના નામ આજની તારીખે જુના ચાલે છે અને એ જુના ચાલતા હોય તો એના કારણો, એની ટ્રાન્સફર કરવાની જે પ્રક્રિયા ખૂબ લેન્ધી હતી, આંટીઘૂંટી વાળી હતી અને જેના કારણે સમયસર આવા નામ ટ્રાન્સફર ન થતા હતા. એ સરળતાથી નામ ટ્રાન્સફર થાય એના માટે તા.૯–૨–૨૦૧૭થી આપણે નિર્ણય કર્યો છે, ખેડૂતે માત્ર આઇ.ડી. પ્રુફ અને ૭/૧૨ નો ઉતારો અથવા તો વારસાઇ અને વેચાણની નોંધવાળું કોઇ પણ છ નંબરનું હક્ક આપશે તો પણ આવા નામ ટ્રાન્સફર થઇ શકશે અને જેના કારણે ખેડૂત હોય કે કોઇ પણ વ્યક્તિ હોય તો મુશ્કેલીનો સામનો કરવો પડશે નહીં. આપના માધ્યમથી મારે સન્માનનીય ગૃહને જણાવવું છે કે, રાજ્યની અંદર એગ્રીકલ્ચરના કનેકશન ખેડૂતોને સમયસર મળી રહે એના માટે રાજ્યના ઊર્જા વિભાગ દ્વારા ૨૦૧૧થી એક ઝુંબેશના રૂપમાં વીજળીના કનેકશન આપવા માટેની યોજના અમલમાં મૂકી અને ૨૦૧૧–૧૨ની અંદર ૬૮,૯૪૧ કનેકશનો આપવામાં આવ્યા. ૨૦૧૨–૧૩ની અંદર ૯૭,૪૫૯ કનેકશનો આપવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩–૧૪ની અંદર ૯૫૩૧૨ વીજળીના કનેકશન આપવામાં આવ્યા. ૨૦૧૪–૧૫માં ૧૦૦૨૫૦ વીજળીના કનેકશન આપવામાં આવ્યા. ૨૦૧૬–૧૭ની અંદર ડિસેમ્બર અંતમાં ૮૨૮૮૫ વીજળીના કનેકશન આપવામાં આવ્યા છે અને માર્ચના અંત સુધીમાં લગભગ એક લાખ જેટલા વીજળીના કનેકશન આપવા માટેનું આયોજન છે. આપના માધ્યમથી મારે વિપક્ષના મિત્રોના ધ્યાન ઉપર મૂકવું છે કે ઘણી વખત એમ કહેતા હોય કે આ સરકાર ખેડૂત વિરોધી છે, ખેડૂતોને અન્યાય કરી રહી છે ત્યારે મારે આપના ધ્યાન ઉપર મૂકવું છે કે રાજયની અંદર ખેતીવાડીના કનેકશનની જો મારે વાત કરવી હોય તો ૧૯૬૦ થી ૧૯૯૫, ૩૫ વર્ષની અંદર ૪૮૮૨૪૭ વીજળીના કનેકશન આપના શાસન દ્વારા આપવામાં આવ્યા હતા. ૧૯૯૬ થી ૨૦૦૧, ૬ વર્ષની અંદર ૯૩૨૪૭ કનેકશન આપવામાં આવ્યા હતા. ૨૦૦૨ થી ૨૦૧૬ એટલે કે ૧૫ વર્ષની અંદર ૭૧૯૮૭૪ વીજળીના કનેકશન આપવામાં આવ્યા. તમે જે ૪૨ વર્ષમાં આપ્યું એના કરતા અનેક ગણું વધારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે. ૨૦૧૬–૧૭ ની અંદર ૮૨૮૮૫ અત્યાર સુધીમાં કનેકશન આપવામાં આવ્યા છે. રાજયના ખેડૂતોને સૌર ઉર્જાથી વીજળીના પમ્પ મળે એના માટે વર્ષ ૨૦૧૪–૧૫ની અંદર રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી અને ૧૫૭૯ આવા પમ્પો આપવામાં આવ્યા. ૨૦૧૫–૧૬ની અંદર ૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી અને ૨૧૬૩ અની ભૌતિક સિદ્ધિ હાંસલ કરી. ૨૦૧૬–૧૭ની અંદર આવા ૪૦૦૦ પમ્પ આપવા માટેનો લક્ષ્યાંક નકકી કરવામાં આવ્યો હતો એમાંથી ૩૫૭૭ કનેકશન આપવામાં આવ્યા છે. ચાલુ વર્ષે પણ ૨૦૦ કરોડની જોગવાઇ કરી અને ખેડૂતોને વધુમાં વધુ સોલાર પમ્પ ઉપલબ્ધ થાય એના માટેની વ્યવસ્થા કરી. રાજયની અંદર ત્રણ હોર્સ પાવરનો કોઇ ખેડૂત સોલાર પમ્પ ખરીદે તો પમ્પની ખરીદ કિંમત ૨૭૮૦૦૦ છે. લાભાર્થીનો ફાળો માત્ર ૫૦૦૦ એટલે કે ૧૫૦૦૦ રૂપિયા આપી અને ખેડૂતોને ૩૫ ટકા એમ.એન.આર.ઇ. ની સબસિડી ૬૦ ટકા રાજય સરકારની સબસિડી અને એ જ રીતે પાંચ હોર્સ પાવરનો પમ્પ માત્ર એક હોર્સ પાવરદીઠ ૨૫૦૦૦ ભરવાથી એમને વીજળીનો સોલાર પમ્પ આપવામાં આવે છે. એ જ રીતે રાજયની અંદર ઉર્જા હોમલાઇટ પણ અમલમાં મૂકવામાં આવી છે. રાજયની અંદર દુર્ગમ વિસ્તાર હોય અને દુર્ગમ વિસ્તારની અંદર વીજળી પહોંચી શકે તેમ ન હોય એવા વિસ્તારની અંદર વર્ષ ૨૦૧૫–૧૬માં ૫૦ કરોડની જોગવાઇ કરી અને ૧૧૧૧૦ ઘરની અંદર આવા દુર્ગમ વિસ્તારની અંદર સોલાર લાઇટ આપવામાં આવી. ૨૦૧૬–૧૭ ની અંદર ૬૭.૨૦ કરોડની જોગવાઇ કરી ૧૧૮૨૫ જેટલા વીજળીના કનેકશન આપવામાં આવ્યા. સોલાર રૂફ ટોપની વાત કરીએ તો સોલાર રૂફ ટોપની પોલીસી પણ રાજયની અંદર અમલમાં મૂકવામાં આવી છે અને આગામી દિવસોની અંદર પોતાના મકાન ઉપર સોલાર પ્લેટ લગાવી અને પોતાની જરૂરિયાત મુજબની વીજળીનો એ ઉપયોગ કરી શકે એના માટે પણ સોલાર પોલીસી અમલી કરી છે અને એનો લાભ આગામી દિવસોની અંદર પણ ખૂબ મોટા પ્રમાણની અંદર લોકો ઉઠાવે. આપણા રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજયની અંદર એલ.ઇ.ડી. લેમ્પ દેશની અંદર વધુમાં વધુ વિતરણ થાય. તો ઓછા વોલ્ટેજથી વીજળીનો પ્રકાશ મળી રહે અને બિલની અંદર રાહત થાય અને પોલ્યુશનમાં રાહત થાય અને એને ધ્યાનમાં રાખીને આખા દેશની અંદર આ યોજનાની શરૂઆત કરી અને આજે મને કહેતા આનંદ અને ગૌરવ થાય કે રાજ્યની અંદર ૩ કરોડ ૬ લાખથી વધારે આવા એલ.ઇ.ડી. લેમ્પનું

વેચાણ થયું છે. મને કહેતા આનંદ અને ગૌરવ થાય છે કે આપણા રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જ્યારે આણંદ ખાતે રાષ્ટ્રીય તહેવારની ઉજવણી હતી એના આગલા દિવસે ૨૫મી તારીખે ખેડૂત સંમેલન હતું. એ સંમેલનની અંદર રાજ્યના આવા વીજ વપરાશ ગ્રાહકોને જે માર્કેટની અંદર ૧૮ વોલ્ટની ટ્યૂબલાઇટ ૭૦૦ થી ૮૦૦ રૂપિયામાં મળે છે એ માત્ર ૨૧૦ રૂપિયામાં અને જો તે હપ્તેથી ખરીદવી હોય તો ૨૩૦ રૂપિયામાં ટ્યૂબલાઇટ આપવાનો નિર્ણય કરેલ છે. એ રીતે એનર્જી એફિસિયન્સ પંખા જે ફાઇવ સ્ટાર રેન્કના આવે છે. સામાન્ય રીતે ઘરની અંદર પંખો ૮૦ થી ૯૦ વોલ્ટનો ઉપયોગ કરતા હોઇએ છીએ. હાઇ રેન્કનો ૫૦ વોલ્ટનો આ પંખો વાપરવામાં આવે છે. એ પંખો માત્ર ૧૧૫૦ રૂપિયામાં આપવા માટેનો નિર્ણય કર્યો છે અને એનું વેચાણ ખૂબ સારું છે. ત્યારે વિશેષ વાત ન કરતા નાયબ મુખ્યમંત્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે, તેને હું મારું સમર્થન આપી વિરમું છું.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૨ વાગ્યે પૂરું થતા સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા ૮મી માર્ચ, ૨૦૧૬ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા. ૮મી માર્ચ, ૨૦૧૭

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

બુધવાર, ૮મી માર્ચ, ૨૦૧૭

ફાલ્ગુન ૧૭, ૨૦૩૮ શાકે

સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું

સભાપતિ શ્રીમતી નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

સભાપતિશ્રી : ઓર્ડર, ઓર્ડર.. Happy Womens' Day for everybody. If women are happy, everybody is happy.

ભાવનગર જિલ્લામાં મુખ્ય ખનિજની અરજીઓ

* ૩૦૩૬૪ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાની મુખ્ય ખનીજની કુલ કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે ? | ૦૬. |

શ્રી કેશુભાઈ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માંગુ છું કે, ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ભાવનગર જિલ્લાના ગારિયાધાર, મહુવા અને જેસર તાલુકામાંથી કયા કયા ખનિજ માટેની કેટલી અરજીઓ મળેલી છે ? અને મળેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલી છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિન નિમિત્તે હું ગૃહની તમામ મારી બહેનોને અને ગુજરાતની તમામ બહેનોને ગુજરાત સરકાર તરફથી અભિનંદન આપું છું અને આપને પણ વિશેષ અભિનંદન આપું છું અને માનનીય અધ્યક્ષશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ અભિનંદન આપું છું કે આજે આખું દિવસભરનું તંત્ર તે મહિલાઓના હાથમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં કુલ ૬ અરજીઓ મળી છે. એમાં ૩ છે નિરમા લિમિટેડ, limes ની ત્રણ અરજી છે જેનો કુલ વિસ્તાર ૧૬૨૬ હેકટર થાય છે. બીજી ૩ છે તે અલ્ટ્રા સિમેન્ટની છે તેની પણ ૩ છે અને એનો કુલ વિસ્તાર ૧૩૫૭ છે. આમ, કુલ મળીને ૨૯૮૩ હેકટર વિસ્તારમાં આ ખાણ અને ખનિજ પ્રાપ્ત થયા છે. તેમણે તેમના વિસ્તારનું પૂછયું છે તો ગારિયાધારમાં ગૌણ ખનિજ black trap ૭ લીઝ છે અને ૧ લાખ ૩૪ હજાર ૫૬૩ મે.ટનનું ઉત્પાદન થયુ છે અને ૨૦૧૬માં ૪૦.૧૧ લાખની આવક થઇ છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે મારી તમામ બહેનોને હું ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું અને આપને પણ વિશેષ શુભેચ્છા પાઠવું છું. મુખ્ય ખનિજની લીઝો કઇ રીતે મંજૂર કરવામાં આવે છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫થી આ પદ્ધતિ બદલાઇ છે. ૨૦૧૫ પહેલાં વહેલાં તે પહેલાંના ધોરણે પસંદગીના ક્ષેત્રોને અને સંસ્થાઓને આપી શકવાની પદ્ધતિ હતી. જેના કારણે એક મોટું કૌભાંડ થયુ અને સી.એ.જી.ના રિપોર્ટમાં માર્ચ–૨૦૧૨માં, ૨૦૦૪ થી ૨૦૦૯ સુધીમાં ૧ લાખ ૮૬ હજાર રૂપિયાનું દેશને નુકસાન થયુ. પછી નેરન્દ્રભાઇ મોદીએ ૨૦–૧૨–૧૫ના રોજ એક નવો કાયદો કર્યો અને તે કાયદામાં પૂરી પારદર્શકતા હોય અને સ્પર્ધા હોય કે જેથી કરીને કોઇ લાગવગથી કે સગાં–વહાલાંને કોઇ આપી ના શકે અને તેમાં કોઇ આઘું પાછું ના કરી શકે એટલા માટે અને ૧૨–૧–૧૫થી આ કાયદો આખા દેશમાં લાગુ પડયો છે. આ કાયદો લાગુ પડયો તે પહેલાંની તમામ અરજીઓ તે અપાત્ર ઠેરવેલ છે અને તારીખ ૧૧–૧–૧૭ સુધી આ જેમણે પણ અગાઉ કર્યુ હશે અને LOI રાજ્ય કેન્દ્ર સરકારે આપી હશે તો તેને અમલીકરણમાં લેવામાં આવશે.

ડો. ટી. ડી. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે ભૂપેન્દ્રભાઇએ અને ભાવના બહેને જે શુભેચ્છાઓ પાઠવી તેમાં હું મારો સૂર પૂરાવું છું અને વિશ્વ મહિલા દિનની શુભેચ્છાઓ પાઠવું છું. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ખાણ–ખનિજ વિભાગમાં પારદર્શક, ઝડપી અને ચોક્કસાઇ પૂર્વકનો વહીવટ કરી રહી છે ત્યારે હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, રાજ્યમાં ક્યા–કયા મુખ્ય ખનિજ મળી આવે છે અને મુખ્ય ખનિજ અને ગૌણ ખનિજની કેટલી લીઝ આપેલ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ જિલ્લાનો છે પરંતુ મારી પાસે માહિતી છે એટલે જવાબ આપું છું. ગુજરાતમાં બૉક્સાઇટ, લિગ્નાઇટ, લાઇમ સ્ટોન, મેંગેનીઝ, ફ્લોરસ્પાર જેવા મુખ્ય ખનિજો મળી આવે છે અને ખનિજ બે પ્રકારના હોય છે. મુખ્ય ખનિજ અને ગૌણ ખનિજ. મુખ્ય ખનિજની ૪૮૪ અને ગૌણ ખનિજની ૭૨૦૪ એમ કુલ મળીને ૭૬૮૮ લીઝ અસ્તિત્વમાં છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આ લીઝ મંજૂર થયા પછી કેટલા સમયમાં એ ડીલ કરી આપવામાં આવે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એના નિયમો પ્રમાણે ઓછામાં ઓછા ૩ થી ૬ મહિનાનો સમય લાગે છે.

### રાજ્યના માછીમારોને પાકિસ્તાન કબજામાંથી મુક્ત કરાવવા બાબત

* ૨૯૮૯૨ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાકિસ્તાન સત્તાવાળા ધ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કેટલા માછીમારોને પકડવામાં આવ્યા, | (૧) પાકિસ્તાન સત્તાવાળા ધ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કુલ–૭૪૭ માછીમારોને પકડવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પકડાયેલ માછીમારોને મુક્ત કરાવવા માટે રાજ્ય સરકાર ધ્વારા શા પ્રયત્નો કર્યા, અને | (૨) પાકિસ્તાન સત્તાવાળા દ્વારા પકડવામાં આવેલ માછીમારોને મુક્ત કરાવવા માટે ભારતીય નાગરીકતાના રાષ્ટ્રીયતા ખરાઈની વિગત ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયને મોકલી માછીમારો અને બોટોને મુક્ત કરાવવા રજુઆત કરવામાં આવે છે.<br>તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૨૩ રજુઆત કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા માછીમારોને મુક્ત કરવામાં આવ્યા ? | (૩) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૮૫૮ માછીમારોને મુક્ત કરવામાં આવેલ છે. |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. સાથે સાથે ગુજરાતનો અને ભરૂચનો સૌથી મોટો પ્રશ્ન એટલે કેબલ બ્રિજના લોકાર્પણ પ્રસંગે ગઇકાલે દેશના વડાપ્રધાન પધાર્યા હતા એ માટે ભરૂચની જનતા વતી તેમનો જેટલો આભાર માનુ એટલો ઓછો છે અને સાથે સાથે મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારનો હું ખરેખર આભાર વ્યક્ત કરું છું અને અભિનંદન આપું છું. પાકિસ્તાન સત્તાવાળા દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કેટલા માછીમારોને પકડવામાં આવ્યા અને કેટલા માછીમારો ક્યા – ક્યા વિસ્તારના હતા? હજી કેટલા માછીમારોને છોડાવવાના બાકી છે અને માલ–સામાન અને બોટ પાછી મળી છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે માછીમારોને પકડવામાં આવે છે એ બોટ વેરાવળ, માંગરોળ અને પોરબંદરની હોય છે અને માછીમારો ખાસ કરીને પોરબંદર, વેરાવળ, દક્ષિણ ગુજરાતના અને દીવના પણ હોય છે. આની અંદર જો બોટની અને માછીમારોની વાત કરું તો ૨૦૦૪–૦૫થી અત્યાર સુધીમાં કુલ જેટલા માછીમારો પકડાયા હતા એમાંથી ૨૦૭ માછીમારો સિવાયના બધા જ માછીમારોને છોડી મૂકવામાં આવેલ છે અને ૯૩૯ ફિશીંગ બોટ પાકિસ્તાનના કબજામાં છે. જો ૧૯૯૪–૯૫ થી ગણીએ તો ૧૯૯૮–૯૯ સુધીમાં ૫૫ બોટ પકડવામાં આવેલ અને એમાંથી માત્ર ૫ બોટ મુક્ત કરવામાં આવી. એ જ રીતે ૧૯૯૮–૯૯ થી ૨૦૦૪–૦૫ સુધીમાં કુલ ૨૦૮૪ માછીમારો પકડાયા હતા અને ૩૮૬ બોટ પકડવામાં આવી હતી. એમાંથી ૧૭૬ બોટ બાકી રહી હતી અને ૨૧૦ બોટને છોડી મૂકવામાં આવી હતી તથા ૨૨૨૩ માછીમારોને છોડવામાં આવેલ હતા. ૨૦૦૫ થી ૨૦૧૩–૧૪ સુધી કુલ ૨૭૫૦ માછીમારોને પકડવામાં આવેલ અને ૨૭૧૨ માછીમારોને છોડાવવામાં આવ્યા છે. આ સમય દરમિયાન ૫૭૨ બોટ પકડવામાં આવી હતી જેમાંથી એક પણ બોટ છોડાવવામાં આવેલ નથી. ૨૦૧૩–૧૪ થી ૨૦૧૬–૧૭ દરમિયાન ૧૧૪૦ માછીમારોને પકડવામાં આવેલ હતા જેમાંથી ૧૨૬૬ માછીમારોને છોડાવવામાં આવેલ છે તથા ૫૭ બોટને મુક્ત કરવામાં આવેલ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો વિશ્વ મહિલા દિનની તમામ બહેનોને શુભેચ્છા પાઠવું છું. માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણે કહ્યું કે, આપણા માછીમાર ભાઇઓની પાકિસ્તાનની અંદર છૂટવાની જે સંખ્યા છે એ કદાચ આપણને લાગે, પણ સૌથી મોટું નુકસાન છે. આપે ૯૩૯ બોટ કહી એમાંથી એક પણ બોટ પાછી નથી આપતા તો એ લોકો બોટ પાછી આપે એના માટે ખરેખર તો ગુજરાતમાં અને કેન્દ્રમાં પણ આપણી સરકાર છે. આપણી એટલે આપણી જ છેને સાહેબ, ત્યાંની સરકાર આપણી જ કહેવાય સરકારમાં છીએ એટલે (અંતરાય) ઘણી વખતે આપણે ત્યાં આગળ ઓચિંતા પાકિસ્તાન જતા હોઇએ છીએ. ત્યારે ગુજરાતની અંદર જે ૯૩૯ બોટો છે એ બોટો ખરેખર લાખો રૂપિયાની આવતી હોય છે. તો એના માટે સરકાર ખરેખર રજૂઆત કરીને પાછી લાવે અને ન લાવે તો ગુજરાત સરકાર આ ૯૩૯ બોટો એમને આપવા માગે છે કે કેમ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તો મેં શરૂઆતમાં જ વર્ષવાર આંકડા આપેલા. ૧૯૯૪–૯૫ થી ૧૯૯૮–૯૯ ત્યાં સુધીમાં જે ૫૫ બોટો પકડાઇ હતી એમાંથી માત્ર ૫ જ બોટોને મુકત કરવામાં આવી હતી. એ પછીનો ગાળો ૧૯૯૮–૯૯થી ૨૦૦૪–૦૫ એ ગાળામાં ૩૮૬ બોટો પકડવામાં આવી હતી અને એમાંથી ૨૧૦ બોટો મુકત કરવામાં આવી હતી. એ પછી ૨૦૦૫ થી ૨૦૧૩–૧૪ના ગાળામાં ૫૭૨ બોટો પકડવામાં આવેલી એક પણ બોટો છોડવામાં નહોતી આવી, આ કહેવાનો મતલબ એ છે કે એ ૧૦ વર્ષના ગાળામાં જે પ્રયાસો કરીને બોટો છોડાવવી જોઇએ એ છોડાવી ન હતી એટલા માટે મોટા જથ્થામાં ૯૩૯ જેટલી બોટો પડતર છે. આપણે ૨૦૧૩–૧૪થી ૨૦૧૬–૧૭ની ગણતરી કરીએ તો એની અંદર જયારે બોટો છોડવાનું નકકી થયું ત્યારે આપણે ત્યાંથી ડેલીગેશન ગયું હતું અને એ ડેલીગેશનને કહ્યું માત્ર અત્યાર સુધી જે બોટો પકડાઇ હતી એમાંથી ૫૭ બોટો હાજર છે બાકીની બોટોનો પાકિસ્તાન સરકારે ત્યાં નિકાલ કરી દીધો હતો, એટલે ૫૭ જે બોટો હતી એ ભારત સરકારના પ્રયાસોથી છૂટી ગઇ હતી, બીજી બોટોનો એ લોકોએ નિકાલ કરી દીધો હતો. પછી અત્યારના ગાળામાં જે બોટો પકડાઇ છે એના માટે રાજય સરકારે કેન્દ્ર સરકારને અહીંયાથી પત્રો લખેલા છે, અત્યારે છેલ્લા બે વર્ષમાં ૨૩ જેટલા પત્રો લખેલા છે અને કુલ ૨૦૦૪–૦૫થી ગણીએ તો ૧૭૦ જેટલા પત્રો રાજય સરકાર તરફથી કેન્દ્ર સરકારને આ બોટો– માછીમારો છોડાવવા માટે અવારનવાર રજૂઆતો કરી છે અને આપણા વડાપ્રધાનશ્રીની જે રીતે ઇમેજ છે અને આવતા દિવસોમાં જે ફરીથી આ ૫૭ જેવી બોટો જે છૂટી છે અને બાકીની બોટો છોડવા માટેના પ્રયાસો કરશે અને એ આપણા માછીમાર ભાઇઓને મળી જશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એ બોટો ના મળે તો ગુજરાત સરકાર વળતર આપવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદર, ઓખા, દ્વારકા અને વેરાવળમાંથી જે ખલાસી તરીકે જાય છે એમાંથી વધારેમાં વધારે ઉમરગામ તાલુકામાંથી ચાલીસેક હજાર જેટલા ખલાસીઓ જાય છે. મારે ત્યાં ગઇ વખતે ઘટના એવી બની હતી કે, મોહનભાઇ વિઠ્ઠલભાઇ નામના એક ખલાસી ભાઇનું પાકિસ્તાન જેલની અંદર મૃત્યુ થયું, ત્યાર બાદ સરકારની જે પ્રણાલિ હતી કે, ડેડ બોડીને ઘરે સોંપવામાં આવી છે, પણ એને સરકારશ્રી દ્વારા કોઇ પણ જાતની રાહત આપવામાં આવી ન હતી તો સ્પેશિયલ પેકેજમાં કોઇ રાહત આપવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આપણે જયારેથી પણ પાકિસ્તાન દ્વારા આપણા માછીમારો પકડાય છે ત્યારે પહેલાં આપણે એને દૈનિક ૫૦ રૂપિયા ભથ્થુ ૨૦૦૫ના ઠરાવથી આપતા હતા, એના પછી ૨૦૧૩–૧૪ના ઠરાવથી દરરોજનું ૨૦૦ રૂપિયા લેખે એના કુટુંબને આપણે સીધેસીધું ડાયરેક્ટ ચૂકવી આપીએ છીએ અને આ પૈસા હું માનું છું કે મળી ગયા છે જો ન મળ્યા હોય તો એને તાત્કાલિક મળી જાય એવી વ્યવસ્થા કરાવીશું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, દર વખતે આ માછીમાર ભાઇઓનો સવાલ સતત આવતો રહે છે અને સરકાર એક જ પ્રકારનો છાપેલો જવાબ દર વખતે આપે છે. માનનીય રમણભાઇ પાટકરે અહીંયા જે વાત કરી કે, જે માછીમારને પાકિસ્તાન પકડીને લઇ જાય છે અને એ પાકિસ્તાનની જેલમાં એનું મૃત્યુ થાય છે. મૃત્યુ થયા પછી એના વારસદારોને આજીવિકાનું સાધન મળી રહે એના માટે સમયાંતરે આખા રાજયમાંથી વારંવાર રજૂઆતો થતી આવી છે કે, અકસ્માત થાય તો એને આપણે વળતર ચૂકવીએ છીએ, જાહેરાત તાત્કાલિક કરી દઇએ છીએ. હમણાં તાજેતરમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ક્યાંક અકસ્માત થયો હતો એટલે તાત્કાલિક ચાર લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. તો આ તો પાકિસ્તાન સત્તાવાળા આપણને દબાવીને લઇ જાય છે તો જે મૃત્યુ પામે છે એના વારસદારોને જે લોકોએ માગણી કરી છે અત્યાર સુધીમાં પાકિસ્તાનની જેલમાં રાજયના જેટલા માછીમારો મૃત્યુ પામ્યા છે તેના સીધી લીટીના વારસદારોને રાજય સરકાર દ્વારા પાંચ લાખ રૂપિયા આપવા માગે છે કે કેમ?

મારો બીજો સવાલ છે કે ગઇ વિધાનસભામાં પણ મેં સવાલ કર્યો હતો કે મારા વિસ્તારના જામવાળા ગામનો યુવાન પડી ગયો હતો અને એને પાકિસ્તાનવાળા પકડી ગયા હતા અને આજે એ લાદી જેલમાં હયાત છે. હજી સુધી એને છોડાવવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા નથી. ગઇ વખતે આશ્વાસન આપ્યું હતું કે સરકાર પ્રયત્ન કરશે પરંતુ હજી સુધી એ પોઝિટિવ થયું નથી તો આ અંગે સરકાર શું કહેવા માગે છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માછીમારોઓ પાકિસ્તાનની જેલમાં પકડાઇ ગયા હતા એનો જવાબ પહેલા આપું તો કાળુભાઇ નવઘણ ગોહેલ અંગે માનનીય સભ્યશ્રીએ મને કાગળ લખેલો અને મેં તપાસ પણ કરાવેલ. એ માછીમાર બોટમાંથી નથી પકડાયો પરંતુ એ બોટમાંથી પડી ગયા પછી તરતા તરતા પાકિસ્તાન સરહદમાં દાખલ થઇ ગયેલ એટલે એ ત્યાં પકડાઇ ગયેલ હતો. આપણે એની માછીમાર તરીકેની ઓળખનો કાગળ મોકલી આપેલ હતો એમાં પણ પોઝિટિવ થાય એના માટેના પ્રયત્નો રાજય કેન્દ્ર સરકાર મારફતે કરાવશે. બીજું અકસ્માત વીમા યોજના છે એમાં પહેલા એક લાખ રૂપિયા હતા એના બદલે હવે આપણે બે લાખ રૂપિયા આપીએ છીએ. પાકિસ્તાની જેલમાં મૃત્યુ પામે એના માટે કોઇ યોજના નથી, માનનીય સભ્યશ્રીએ વાત કરી એ સૂચન છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : આપણે કરોડો રૂપિયાનો ખર્ચ કરીએ છીએ, અલગ અલગ ઉત્સવો પાછળ કરોડો રૂપિયા વાપરીએ છીએ. રણોત્સવ પાછળ કરીએ છીએ, વાયબ્રાન્ટ પાછળ કરીએ છીએ ત્યારે આ માછીમારોને આપવામાં શું વાંધો છે?

## તારાંકિત પ્રશ્નો

હું માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ રીતે મૃત્યુ પામેલના વારસદારોને સહાય આપવા માગો છો કે કેમ?

શ્રી છત્રસિંહજી પૂં. મોરી : આજે મહિલા દિન છે ત્યારે વિશ્વની મહિલાઓને અને આ ગૃહની મહિલાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માછીમારો દરિયામાં માછીમારી કરવા માટે જાય છે ત્યારે એ પકડાઇ જાય છે. તો એ પાકિસ્તાનની હદમાં ભૂલથી જતાં રહેવાના કારણે આ માછીમારોને એમની બોટ સાથે લઇ જાય છે. આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નવી ટેકનોલોજીના આધારે દરિયામાં આ માછીમારો વધારે પડતા ન પકડાય એના માટે સુરક્ષાની કોઇ જોગવાઇ કરવામાં આવી છે કે કેમ? છેલ્લા બે વર્ષમાં પકડાયા છે એમાંથી કેટલા પાકિસ્તાનની જેલમાં છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : આપણી માછીમારોની બોટો છે એમાં આઇ.એમ.બી.એલ.સી.ક્રોસ ન કરે એના માટે જીપીએસ સિસ્ટમ આપીએ છીએ. અત્યાર સુધીમાં ૧૧૪૭૬ બોટોમાં જીપીએસ સિસ્ટમ આપી દીધી છે. બીજી ડીએટી સિસ્ટમ છે એમાં માછીમારને તકલીફ પડે તો એ એક બટન દબાવે તો એની કોસ્ટગાર્ડને જાણ થઇ જાય એવી ડીએટી સિસ્ટમ ૧૬૩૭ બોટોમાં લગાડી દીધી છે. હમણાં છેલ્લે બોટો પકડાઇ એના સિવાયની પરિસ્થિતિ જોઇએ તો કુલ ૨૦૭ માછીમારો અને ૯૩૯ બોટો પાકિસ્તાનના કબજામાં છે.

### સુરત શહેર અને પોરબંદર જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૫૫૭ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત–પુર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેર અને પોરબંદર જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેરના કુલ–૨૭ પોલીસ સ્ટેશનો અને પોરબંદર જિલ્લાના કુલ–૧૧ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર અને જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને | (૨) કોઈ નહિ. |
| (૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે હેતુસર આ સીસીટીવી કેમેરા પોલીસ સ્ટેશનમાં લગાડવામાં આવ્યા હતા તે પૈકીના કોઇ ઉડીને આંખે વળગે તેવું આ સીસીટીવી કેમેરાના માધ્યમથી જાણવા મળ્યું છે ખરું? અત્યાર સુધીમાં કેટલા સીસીટીવી કેમેરા લગાડ્યા, કયા પ્રકારના લગાડ્યા અને કયા કયા સ્થાન ઉપર લગાડવામાં આવ્યા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે. એ દિન નિમિત્તે ખાસ કરીને ગુજરાતમાં મહાત્મા મંદિર ખાતે દેશભરની છ હજાર કરતા વધારે મહિલા સરપંચોનો ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાનની ઉપસ્થિતિમાં એક ઐતિહાસિક કાર્યક્રમ થવાનો છે. તે બદલ સૌને હ્રદયપૂર્વકની હાર્દિક શુભકામનાઓ વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રણજીતભાઇ ગીલીટવાલા દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, સભાગૃહને જણાવતા મને આનંદ થાય છે કે ગુજરાતની સરકાર દ્વારા સમગ્ર ભારતની અંદર સૌ પ્રથમ વખત રાજયના ૬૧૦ પોલીસ સ્ટેશનમાં ૭,૨૩૭ સી.સી.ટી.વી. કેમેરા લગાડીને રૂ. ૬૨ કરોડના ખર્ચે આખા દેશમાં પ્રથમ વખત આપણને સફળતા મળી છે. સી.સી. ટી.વી. કેમેરાથી આપણને અનેક ફાયદા થાય છે. સી.સી.ટી.વી.ના માધ્યમથી અને ખાસ કરીને પોલીસ સ્ટેશનમાં લગાડવાથી કસ્ટોડિયન ટોર્ચર ઉપર નિયંત્રણ આવે છે. પોલીસ કર્મચારીઓની જાહેર જનતા સાથેની વર્તણૂંકમાં મહદ્અંશે સુધારો થઇ શકે છે. પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મચારીઓની હાજરી અને વર્તણૂંક અંગેની બાબતોની પણ ચકાસણી કરી શકાય છે અને જાહેર જનતાની ફરિયાદો અંગેની બાબત પોલીસના તટસ્થતા અને દસ્તાવેજી પુરાવા આધારિત તપાસ હાથ ધરી શકાય છે. ખાસ કરીને સુરતની તેમણે વાત કરી તો સુરતમાં ૨૭ પોલીસ સ્ટેશનમાં બધા જ પોલીસ સ્ટેશનમાં કયાંક ૧૫ કેમેરા, કયાંક ૯ કેમેરા એમ ૩૭૭ જેમાં ડોમ ટાઇપના ૨૨૭ કેમેરા છે, બુલેટ ટાઇપના ૧૨૩ કેમેરા છે. જેમાં પાનટીલ્ટ અને ઝૂમ કક્ષાની કેપેસિટી છે ૨૭ પ્રકારના કેમેરા છે. આ કેમેરા રાજયની જુદી જુદી જગ્યાએ લગાડેલા છે તેનાથી ઘણાં કેસોમાં સફળતા મળેલી છે. આમ સી.સી.ટી.વી. કેમેરાના માધ્યમથી અત્યંત ફાયદા થાય છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ દેશની પ્રગતિ માટે દેશના આર્થિક, રાજનૈતિક અને સામાજીક ક્ષેત્રોમાં મહિલાઓની ભૂમિકા જરૂરી છે. જેન્ડર ઇનઇક્વાલિટીને ખતમ કરવા માટે અને સમગ્ર વિશ્વમાં મહિલાઓને સન્માન આપવા માટે વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે. જર્મનીની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીના ઓફિસ લીડર બેનશ્રી Shirpser Clara એ ૧૯૦૮માં વિશ્વ મહિલા દિનની શરૂઆત કરાવેલી, તેના માટે તેમને પણ ખૂબ ખૂબ અભિનંદન અને આ સભાગૃહની તમામ બહેનોને વિશ્વ મહિલા દિન નિમિત્તે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સી.સી.

ટી.વી. કેમેરાની વાત હોય તો સમગ્ર ગુજરાત રાજયમાં અમે સુરતના લોકો ગર્વ કરીએ છીએ કે સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ સી.સી. ટી.વી. કેમેરાના પી.પી.પી. ધોરણે પ્રોજેક્ટનું સુરતમાં અમલીકરણ કરવામાં આવ્યું હતું. ગુનાખોરીનું પ્રમાણ ઘટાડવા માટે સી.સી.ટી.વી. કેમેરા અનિવાર્ય છે ત્યારે આપના મધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હાલ શહેરોમાં સરકારી ગ્રાન્ટની મદદથી કે પી.પી.પી. મોડ પર કયા શહેરોમાં સી.સી.ટી.વી. કવરેજ થયેલા છે? તેની પ્રોજેક્ટ કોસ્ટ શું છે? તેમાં સરકારે કેટલા નાણાં આપ્યા છે અને પી.પી.પી. મોડથી કેટલા નાણાં મળ્યા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સી.સી. ટી.વી. કેમેરા એ રાજયની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે આવનારા દિવસોમાં ઉત્તમ પ્રકારના સાધન તરીકે ઉપયોગી છે. રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આ વખતના બજેટમાં ૨૦૦ કરોડ રૂપિયાની માતબર ફાળવણી કરી છે. માત્ર ૨૦૦ કરોડ નહીં પરંતુ પી.પી.પી.ના મોડેલથી સમગ્ર રાજયમાં સી.સી.ટી.વી.નું નેટવર્ક સમગ્ર રાજયના જિલ્લા સ્થાનો ઉપર હોય, મહાનગરના સ્થાનો ઉપર હોય તેના માટે ૫૦૦ કરોડ સુધીનો આ લક્ષ્યાંક રાખીને સમગ્ર રાજયમાં સી.સી.ટી.વી.ના નેટવર્ક માટે રાજય સરકાર કટિબદ્ધ છે. તેમના કહેવા પ્રમાણે મોરબી શહેરમાં ૪૬ લોકેશન ઉપર પી.પી.પી. મોડથી ૧૪૦ કેમેરા લગાવવામાં આવ્યા છે. અને જેની પ્રોજેક્ટ કોસ્ટ રૂ.૩.૯૬ કરોડ છે. એવી જ રીતે ભાવનગર શહેરની અંદર પીપીપી ધોરણે ૫૯ લોકેશન ઉપર ૧૫૬ કેમેરા લગાવ્યા છે. જેની પ્રોજેક્ટ કોસ્ટ રૂ.૨.૭૭ કરોડ છે. સુરતમાં પણ પીપીપી ધોરણે ૧૩૪ લોકેશન ઉપર ૫૯૫ કેમેરા લગાવ્યા છે જેની પ્રોજેક્ટ કોસ્ટ રૂ.૪૦.૨૭ કરોડ છે. સીસીટીવીની આધુનિક ટેકનોલોજીનો અભ્યાસ કરીને આ પાઇલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ શહેર, વડોદરા શહેર અને ગાંધીનગર શહેર એમ ૩ શહેરોમાં મળી સેઇફ એન્ડ સીક્યોર ગુજરાત હેઠળ રાજય સરકારના બજેટમાં રૂ.૭૫/– કરોડના ખર્ચે ૭૮ સ્થાનો ઉપર ૨૯૨ કેમેરા લગાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આમ રાજ્ય સરકાર અને પીપીપીના ધોરણે ઉત્તમ પ્રકારની કામગીરી પૂર્ણ થઇ છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મારી તમામ બહેનોને શુભ કામનાઓ પાઠવું છું. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે પોલીસ સ્ટેશનમાં અને શહેરોમાં સીસીટીવી કેમેરા લગાવવાથી ગુન્હા શોધવામાં અને ટ્રાફિકની સમસ્યામાં એ મદદરૂપ થાય છે કે કેમ અને આ અંગે સરકારની શું જોગવાઇ છે?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કસ્ટોડિયલ ડેથ હોય, પોલીસની વર્તણૂક હોય અને ડિસિપ્લીન મેઇન્ટેન કરવાની દિશામાં આ સીસીટીવી કેમેરા મદદરૂપ થાય છે. આજના સમયની અંદર દિન–પ્રતિદિન શહેરોની અંદર, મહાનગરોની અંદર જે રીતે ટ્રાફિકની સમસ્યા થાય છે એમાં ગુન્હાને શોધવાની પ્રક્રિયામાં આ અત્યંત ઉપયોગી થાય છે. સીસીટીવી ટેકનોલોજીના માધ્યમથી જુદા જુદા પ્રાઇમ લોકેશન ઉપર ટ્રાફિક મેનેજમેન્ટ થાય. ઘણી વખતે રસ્તા ઉપર થતા હિટ એન્ડ રનના એક્સીડન્ટ થાય છે. આપણી પાસે સીસીટીવી કેમેરા અવેઇલેબલ હોય તો એના ઉપરથી વાહનની નંબર પ્લેટ ઉપરથી એ કોણ કરીને ભાગી ગયું છે એ આપણે શોધી શકીએ છીએ. એવી રીતે કોઇ બહેનની ચેઇન સ્નેચીંગ થાય તો એ સીસીટીવીમાં આવી જાય છે. ઘણી વખત મોડી રાત્રે ઘરફોડ ચોરીઓ થતી હોય ત્યારે ઘરફોડ ચોરીના સમયના આધારે સીસીટીવીના ફૂટેજ ઉપરથી એવી ચોરીઓ પકડી શકીએ છીએ. આમ રાજ્યની અંદર ક્રાઇમ ડીટેક્શન રેઇટ ઉચ્ચ પ્રકારનો હાંસલ કરવા માટે આ સીસીટીવી કેમેરા ખૂબ જ મદદરૂપ થાય છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જે પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવ્યા છે એમાં પોલીસોની વર્તણૂક જોઇ શકાય છે. જેમાં કસ્ટોડિયલ ડેથના કેસ ઉકેલવાની અનુકૂળતા વધી છે. એવા કોઇ પોલીસ સ્ટેશનના કોઇ સ્ટાફ સામે ફરિયાદ થઇ છે કે કેમ અને થઇ હોય તો એમની વર્તણૂકમાં સુધારો થયો છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સીસીટીવીના ફૂટેજનું રેકોર્ડીંગ ૩૦ દિવસ સુધી પોલીસ સ્ટેશનમાં આપણે મેઇન્ટેન કરીએ છીએ અને એથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓ એ રેકોર્ડીંગથી વાકેફ હોય છે. આગામી દિવસોમાં હાર્ડવેરના માધ્યમથી આ તમામ સીસીટીવીનું કનેક્શન એના જિલ્લાની એસ.પી. કચેરીમાં અને મહાનગરમાં પોલીસ કમિશ્નરની ઓફિસમાં કનેક્ટ કરવાના છીએ. જેના કારણે પોલીસ કમિશ્નર પોતે પોતાની હકુમત હેઠળના જેટલા પોલીસ સ્ટેશન હોય તેમાં હાલ ક્યા પોલીસવાળા શું કરી રહ્યા છે એ જોઇ શકશે અને નિરીક્ષણ કરી શકશે. આપને સૌને ખ્યાલ છે કે અવારનવાર જુદા જુદા ગુન્હાઓમાં પોલીસની સંડોવણી છે એ પ્રમાણેના કસ્ટોડિયલ ડેથના આક્ષેપો થતા હતા. એમાં સુરતમાં પાંડેસરાની અંદર જે ગુન્હો બન્યો હતો. એ પાંડેસરાના પોલીસ સ્ટેશનમાં અકસ્માતના મોતના કેસ નં.૨૬૫/૨૦૧૬માં અને સીઆરપીસીની કલમ ૧૭૪ ના કામે લોકઅપમાં લગાડેલ સીસીટીવીના ફૂટેજ આધારે મરણ પામનારે પોલીસ લોકઅપમાં કરેલ આત્મહત્યાના કેસની અંદર આ મદદરૂપ થયા હતા. સામાન્ય રીતે પોલીસ સ્ટેશનની અંદર લોકઅપની અંદર કોઇ આત્મહત્યા કરે તો પણ પોલીસે મારી નાખ્યા છે એ પ્રમાણેની વાત થતી હતી એમાં આની ઉપયોગીતા થઇ. એ રીતે પોરબંદર જિલ્લાના કમલબાગ પોલીસ સ્ટેશનના અકસ્માત મોત કેસ નંબર. ૨૨/૧૬ અને બગોદર પોલીસ સ્ટેશનના અકસ્માત મોત કેસ નંબર ૨૨/૧૬ની ૧૭૪ના કેસોમાં સીસીટીવીના ફૂટેજના માધ્યમથી મદદરૂપ થવાયુ છે.

ભિલોડા અને મેઘરજ તાલુકામાં પશુદવાખાના

* ૨૮૭૮૧ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાનાં ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં કેટલા પશુ દવાખાનાઓ છે, | (૧) ભિલોડા – ૬ (છ)<br>મેઘરજ – ૫ (પાંચ) |
| (૨) ઉક્ત દવાખાનાઓમાં ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર તાલુકાવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, અને | (૨) પત્રક-૧ મુજબ |

પત્રક-૧

| અ.નં. | સંવર્ગની વિગત | ભિલોડા તાલુકામાં મંજુર થયેલ મહેકમ | મેઘરજ તાલુકામાં મંજુર થયેલ મહેકમ |
|---|---|---|---|
| ૧ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ૦૮ | ૦૮ |
| ૨ | પશુધન નિરીક્ષક, વર્ગ-૩ | ૦૩ | ૦૪ |
| ૩ | ડ્રેસર/પટાવાળા, વર્ગ-૪ | ૧૧ | ૧૩ |
| કુલ | | ૨૨ | ૨૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત મંજૂર થયેલ મહેકમ સામે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ? | (૩) પત્રક-૨ મુજબ |

પત્રક-૨

| અ. નં. | સંવર્ગની વિગત | ભિલોડા તાલુકો | | | મેઘરજ તાલુકો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ૦૮ | ૦૪ | ૦૪ | ૦૮ | ૦૩ | ૦૫ |
| ૨ | પશુધન નિરીક્ષક, વર્ગ-૩ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૪ | ૦૩ | ૦૧ |
| ૩ | ડ્રેસર/પટાવાળા, વર્ગ-૪ | ૧૧ | ૦૩ | ૦૮ | ૧૩ | ૦૫ | ૦૮ |
| કુલ | | ૨૨ | ૦૯ | ૧૩ | ૨૫ | ૧૧ | ૧૪ |

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે તમામ મહિલાઓને મારી શુભકામના પાઠવું છું. આપણે એટલા ગતિશીલ અને એટલા પ્રગતિશીલ થઇ ગયા કે ગ્રામ્ય વિસ્તારમાં માણસોના ડોકટર હોય કે પશુઓના ડોકટર હોય તમામ જગ્યાએ ૫૦ થી ૬૦ ટકા જગ્યાઓ ખાલી છે. ખાસ કરીને પશુઓની સારવાર કરવામાં આવતી હોય ત્યારે ડ્રેસર અને પટાવાળાની ખાસ જરૂરિયાત હોય છે. એ એટલા માટે જરૂરિયાત હોય છે કે પશુની લાત કઇ બાજુ વાગે એ નકકી નથી હોતું અને જયારે લાત વાગે ત્યારે એમણે માણસોના ડોકટર પાસે જવું પડતું હોય છે. એમાંય ખાસ કરીને વર્ગ-૪ની લગભગ ૭૦ ટકા જગ્યાઓ ખાલી છે. આ સરકારને પટાવાળા વર્ગ-૪ની જગ્યા ભરવામાં પણ રસ નથી અથવા તો મળતા નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે વર્ગ-૨ના પશુ ચિકિત્સક અને પશુધન નીરિક્ષકની ૫૦ ટકા થી ૬૦ ટકા જગ્યાઓ ખાલી છે એ કેટલા સમયથી ખાલી છે અને આપ કયાં સુધીમાં આ જગ્યાઓ ભરવા માગો છો અને વર્ગ-૪ની ૭૦ ટકા જગ્યાઓ ખાલી છે એ કયાં સુધી ભરવા માગો છો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અરવલ્લી જિલ્લાના એમના વિધાનસભા ક્ષેત્રના મેઘરજ અને ભિલોડા તાલુકાની પશુના ડોકટર, ડ્રેસર અને પટાવાળાની જગ્યાઓ માટે ચિંતા કરી છે એમાં પશુ ચિકિત્સા અધિકારીની જગ્યાઓ ભિલોડાની અંદર એક મંજૂર થયેલી હતી અને એક ભરેલી પણ છે. શામળાજીની અંદર એક જગ્યા મંજૂર થયેલી છે એક જગ્યા ખાલી છે. ડ્રેસરની પણ એક જગ્યા મંજૂર થયેલી હતી એક જગ્યા ખાલી છે. બીજું કેટલા સમય સુધીમાં ભરવા માગો છો તો રાજય સરકાર મુંગા પશુઓ માટે કે મનુષ્ય માટે ડોકટર, પટાવાળા કે ડ્રેસર હોય એ ભરવાની રાજય સરકારની પૂરેપૂરી તૈયારી છે. માનનીય સભ્યશ્રીને મારે જણાવવાનું કે પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ની અનુસૂચિત જાતિની બેકલોગની જગ્યાઓ છે એ ભરવા માટે ખાતાની તા. ૨૦-૬-૨૦૧૫ની દરખાસ્તથી સરકારમાં માગણાપત્રક રજુ કરેલા છે જેના અનુસંધાને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૨૪ પશુ ચિકિત્સા અધિકારીઓ માટે તા. ૧-૮-૨૦૧૬ના રોજ જાહેરાત પ્રસિદ્ધ

કરેલી છે અને ૮–૧–૨૦૧૭ના રોજ એના માટેની પરીક્ષા પણ લેવામાં આવેલી છે. દસ વર્ષીય ભરતી કેલેન્ડર અન્વયે ૧૨૦ પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ની જગ્યાઓ ભરવા માટે ખાતાના તા.૫–૨–૧૬ની દરખાસ્તથી સરકારમાં જાહેર સેવા આયોગ દ્વારા ૧૨૦ પશુ ચિકિત્સા અધિકારીઓ માટે તા.૧–૮–૨૦૧૬ના રોજ પ્રસિદ્ધ કરેલ છે અને હમણાં જ તા. ૪–૩–૨૦૧૭ના રોજ એની પરીક્ષા લેવાઇ ગયેલી છે અને એ જગ્યાઓ આ પરીક્ષાનું પરિણામ આવ્યા પછી તાત્કાલિક અસરથી એની નિમણૂક આપવામાં આવશે અને કેલેન્ડર સિવાય પણ પશુ ચિકિત્સા અધિકારીઓની સીધી ભરતી કરવા માટે દસ વર્ષીય કેલેન્ડરને ધ્યાને લીધા સિવાય પણ કુલ ૩૧૩ જગ્યાઓ ભરવા માટે પણ રાજ્ય સરકારે તા. ૨૧–૨–૧૭ના રોજ સરકારશ્રીમાં માગણા રજૂ કરેલ છે અને જિલ્લા પંચાયતના પણ પશુધન નિરીક્ષકો અને ડ્રેસર અને પટાવાળાની જગ્યાઓ ભરવા માટે પણ તા.૨૬–૨–૨૦૧૬માં પંચાયત સેવા પસંદગી મંડળને માગણા રજૂ કરેલ છે આની મંજૂરી મળ્યેથી તાત્કાલિક એની ભરતી કરવામાં આવશે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા દિવસ નિમિત્તે ગુજરાત, દેશ અને મારા વિસ્તારની તેમજ આ સભાગૃહની સૌ બહેનોને મારી શુભકામનાઓ પાઠવું છું. ડો. કુરિયને શ્વેત ક્રાંતિ માટે જે સ્વપ્ન જોયું હતું એના પગલે આજે ગુજરાત શ્વેત ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે રાજ્યમાં ૧૦ ગામ દીઠ એક મોબાઇલ પશુ દવાખાનુ આપવાની યોજના શું છે અને તે યોજનાથી ખેડૂતો અને પશુપાલકોને શું શું લાભ થાય છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય સભ્યશ્રીએ વાત કરી તે મુજબ માત્ર સામૂહિક નહીં પણ આવનારા દિવસોમાં સમગ્ર ગુજરાતમાં જે ૧૮૦ લાખ પશુધન છે એના માટે ૩૩ જિલ્લાઓ, ૨૪૯ તાલુકાઓ અને ૧૮૨૨૫ ગામોને આવરી લેવા માટે વિચાર કરવામાં આવેલ છે. ડો. સ્વામિનાથનના અધ્યક્ષસ્થાને રચાયેલા નેશનલ એગ્રીકલ્ચર કમિશનના ધોરણો મુજબ ૫ હજાર પશુધને એક પશુ દવાખાનું હોવું જોઇએ. તેના અનુસંધાને રાજ્ય સરકારે ૧૮૨૨૫ ગામોની અંદર ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનુ સ્થાપવાની યોજના અમલમાં મૂકેલ છે. આ માટે ૧૮૨૫ દવાખાનાઓ સામે ૬૭૫ દવાખાનાઓ હયાત છે અને આ યોજના હેઠળ દર વર્ષે ૨૩૦ લેખે કુલ ૧૧૫૦ નવા પશુ દવાખાના સ્થાપવાના છે. તેની સામે વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૧૫ મોબાઇલ પશુ દવાખાના અને વર્ષ ૨૦૧૬–૧૭માં ૨૩૦ મોબાઇલ પશુ દવાખાના ચાલુ કરવાની યોજના મંજૂરી હેઠળ છે અને આજે પણ અમુક ગામોમાં આ રીતના પશુ દવાખાનાઓ થવાથી ત્યાં સારવાર આપવામાં આવી રહી છે અને પશુપાલકોને ઘેર બેઠા વિનામૂલ્યે સારવાર મળે એના માટેની આ યોજના છે. આના કારણે પશુઓની તંદૂરસ્તી વધશે અને એના દૂધમાં વધારો આવશે અને ખેડૂતો સુખી થાય એના માટેની રાજ્ય સરકારની આ યોજના છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે તમામ બહેનોને મારી શુભેચ્છાઓ પાઠવું છું. અરવલ્લી જિલ્લો ટ્રાયબલ અને પછાત વિસ્તારમાં આવેલ છે. મોટાભાગના લોકો પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા છે. અહીંયા છેલ્લા ઘણા સમયથી પોલી કિલનિક અને લેબોરેટરીની સુવિધા આ જિલ્લામાં નથી ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગુ છું કે, આ સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ એમનું સૂચન છે. આ નવી સુવિધા છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે સમગ્ર બહેનોને ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છાઓ. બીજું, ગઇ કાલે જે નેશનલ હાઇવે માટે બ્રુહદ સાબરકાંઠાના ધનસુરા અને મોડાસાના રસ્તાનો સમાવેશ કરવા બદલ આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો સાબરકાંઠા વતીથી ખૂબ ખૂબ આભાર માનું છું. આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પશુપાલન ખાતાની પશુ ચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા અંગે રાજ્ય સરકારનું શું આયોજન છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય સભ્યશ્રીએ પશુપાલન વિભાગના પશુ ચિકિત્સા અધિકારીની જગ્યાઓ ભરવા માટેના આયોજન વિશે વાત કરી છે. મેં અગાઉ કહ્યું તેમ રાજ્ય સરકારે પૂરતી ચિંતા કરી છે. અનેક તારીખવાર એના માગણા રજૂ કર્યા છે અને રાજ્ય સરકારે બેકલોગની ૨૪ જગ્યાઓ હતી એના માટેની પરીક્ષા લઇ લીધી છે અને ૧૦ વર્ષીય કેલેન્ડરના અનુસંધાને ૧૨૦ જગ્યાઓ માટેની પરીક્ષા પણ તા. ૪–૩–૨૦૧૭ના રોજ લેવામાં આવી છે. પરીક્ષાનું પરિણામ આવ્યેથી તાત્કાલિક નિમણૂક આપવામાં આવશે. ૧૦ વર્ષીય કેલેન્ડર સિવાય સીધી ભરતી કરવા માટેની ૩૧૩ જગ્યાઓ ભરવા માટે તા. ૨૧–૨–૨૦૧૭ના રોજ માગણાપત્રક રજૂ કરેલ છે. ડ્રેસર, પટ્ટાવાળા, પશુધન નિરીક્ષક વગેરે માટે જિલ્લા કક્ષાએ ભરતી કરવા માટે તા. ૨૬–૨–૨૦૧૬થી શુભારંભ કરેલ છે. ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાના થકી આખા ગુજરાતના કોઇપણ પશુપાલકને એનું પશુધન સારવારથી વંચિત ન રહે એના માટેની અમે વ્યવસ્થા કરી છે. એ સિવાય પણ પશુમેળાઓ કરીને એના રસીકરણ સહિતની સારવાર માટે સમગ્ર ગુજરાતમાં વ્યવસ્થા કરેલ છે.

## સુરત જિલ્લામાં એકમોને વ્યાજ સહાય

* ૩૦૪૭૨ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

ફાલ્ગુન ૧૭, ૨૦૩૮ શાકે

તારાંકિત પ્રશ્નો

ઔદ્યોગિક નીતિ–૨૦૧૫ હેઠળ તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા એકમોને વ્યાજ સહાય મંજુર કરવામાં આવી ? ૬૭૨૫.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે સર્વે ગુજરાતની મહિલાઓને શુભેચ્છા પાઠવું છું. સાથે સાથે આ સન્માનનીય ગૃહમાં બિરાજમાન સર્વે મહિલાઓને શુભેચ્છા પાઠવું છું અને સાથે સાથે આજે મહાત્મા મંદિર ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્ત્વ હેઠળ અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની ઉપસ્થિતિમાં દેશના અનેક રાજ્યોમાંથી આવેલી મહિલા સરપંચોનો સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો છે એના માટે હું ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. સાથે સાથે હું આપના મારફત મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું કે ઔદ્યોગિક નીતિ–૨૦૧૫ હેઠળ વ્યાજ સહાય યોજના અન્વયે સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મહિલા ઉદ્યોગ સાહસિકોને મંજૂરી મળી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન તો વર્ષોથી ઉજવાય છે. મહિલાને પુરુષ સમોવડી ગણવી એની વર્ષોથી વાત ચાલે છે. આ વાતને ચરિતાર્થ કરી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. વિધાનસભાની આજની વ્યવસ્થા એનો પુરાવો છે અને મહાત્મા મંદિર ખાતે આખા દેશની સરપંચ મહિલાઓને વડાપ્રધાનશ્રી ઉદ્‌બોદન કરે એ પણ એનો પુરાવો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજથી ૧૦ વર્ષ પહેલા માનનીય મુખ્યમંત્રી અને પહેલા મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પણ ભાજપના જ બન્યા હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર..

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એની તમે શું કામ ચિંતા કરો છો? એ અમારી આંતરિક બાબત છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી જવાબ આપી રહ્યાં છે, સાંભળો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એમની ઉંમરના કારણે પોતે સ્વૈચ્છિક (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠાં બેઠાં ) : તમે ૮૨ વર્ષવાળા શીલાબેન દિક્ષિતને મૂક્યા હતા.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય વડાપ્રધાનશ્રીએ કહ્યું કે જેમની ઉંમર ૭૫ વર્ષની થઇ હોય એમણે સ્વૈચ્છિક પદ ત્યાગ કરવાનો એટલે સૈદ્ધાંતિક રીતે આનંદીબેને રાજીનામું આપ્યું છે અને તમે શીલાબેન દિક્ષિતને ૮૨ વર્ષે ચલાવી લ્યો છો. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇની આ નીતિના કારણે રાજ્યમાં મહિલાઓને ખૂબ પ્રોત્સાહન મળ્યું છે. ૧૦ વર્ષ પહેલા કોઇપણ મિલકતના દસ્તાવેજ મહિલાના નામે થાય તો એને એના સ્ટેમ્પમાંથી મુક્તિ એ ધીરે ધીરે નિર્ણયની અસર તમે જુઓ મહિલામાં એક પ્રકારની સાહસિક વૃત્તિ જાગી છે અને રાજ્ય સરકારની નીતિ માનનીય સૌરભભાઇ હતા એ વખતે એમણે જે ઉદ્યોગ નીતિ કરી એના કારણે એસ.એમ.એસ.ઇ. સ્મોલ અને મધ્યમ કક્ષાના સૂક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગ એમાં બધાને એવરેજ વ્યાજ સહાય મળે કોરપોરેશનમાં ૫% અને કોરપોરેશન સિવાયના વિસ્તારને ૭% મળે, એનાથી વધારે કોઇ યુવાન હોય તો એને ૧% અને મહિલા હોય તો એને પણ ૧% . મારી બહેને પૂછ્યું છે એમાં સુરતમાં ૧૫૭૯ એકમો મંજૂર થયા છે. મારે સુરતની મહિલાઓને અહીંયાથી અભિનંદન આપવા છે કે આખા રાજ્યમાં ૧૮૫૨ છે એમાં સુરતમાં ૧૫૦૦ છે. મૂડીરોકાણ ૧,૦૦,૦૩,૦૦,૯૦૨/– અને ૧૪૩૯૨ મહિલાઓને માત્ર સુરતમાં રોજગારી મળી છે અને આ પ્રકારે આગળ વધીને સાણંદમાં પણ એક મહિલા જી.આઇ.ડી.સી. છે. મારો કહેવાનો મતલબ એ છે કે ભારતીય જનતા પાર્ટી માત્ર વાતો નહિ પણ અમલ કરીને બતાવે છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, ઔદ્યોગિક નીતિ–૨૦૧૫ હેઠળ વ્યાજ સહાય યોજના અન્વયે સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલું મૂડીરોકાણ આવ્યું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કુલ મળીને ૬,૮૮૮.૩, એમાં સૂક્ષ્મમાં ૨૮૯.૫૬, લઘુ ઉદ્યોગમાં ૫,૮૨૧ અને મધ્યમ ઉદ્યોગમાં ૭૭૭.૪. કુલ મળીને સુરત શહેર અને નવ તાલુકા થઇને એ પ્રમાણે ૬,૮૮૮.૩ મૂડી રોકાણ થયું છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપને મહિલા અધ્યક્ષ તરીકે ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપું છું અને વિશ્વ મહિલા દિવસે સૌ મહિલા સભ્યો, ભાઇઓ અને વિશ્વની મહિલાઓને શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, સાણંદ મહિલા જી.આઇ.ડી.સી.માં કેટલી મહિલાઓને પ્લોટોની ફાળવણી કરવામાં આવી?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં રાજ્ય સરકારની ઇચ્છા શક્તિ માટે ઉદાહરણ આપ્યું છે, નીતિ બતાવી છે. સવાલ માત્ર સુરતનો છે.

અરવલ્લી જિલ્લામાંથી મળેલ ખનીજો

* ૩૦૪૫૦ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭
## તારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કઈ ખનીજો તાલુકાવાર મળેલ છે,

(૨) તે પૈકી બાયડ તાલુકામાંથી કઈ ખનિજો મળે છે, અને

(૩) આ ખનિજો પૈકી વર્ષવાર સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં કેટલી આવક થયેલ છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ ખનિજ |
|---|---|
| ધનસુરા<br>બાયડ | બ્લેક ટ્રેપ, હાર્ડ મુરમ, સાદી માટી રેતી, કંકર તથા બોકસાઇટ |
| માલપુર, મેઘરજ, મોડાસા તથા ભિલોડા | ક્વાર્ટઝાઇટ, હાર્ડ મુરમ, સાદી માટી રેતી, કંકર, ગ્રેવલ, સોફ્ટસ્ટોન, ક્વાર્ટઝ તથા ફેલ્સ્પાર |

(૨) બ્લેક ટ્રેપ, હાર્ડ મુરમ, સાદી માટી રેતી, કંકર તથા બોકસાઇટ.

(૩)

| વર્ષ | થયેલ આવક રૂ. લાખમાં |
|---|---|
| ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ | રૂ. ૨૭૦૨.૪૯ |
| ૧-૨-૧૬ થી ૩૧-૧-૧૭ | રૂ. ૩૫૪૧.૦૩ |

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો વિશ્વ મહિલા દિને સમગ્ર ગુજરાતની મારી મહિલાઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપું છું. હમણાં જ સરપંચ સંમેલનની વાત કરી, આજના સરપંચ સંમેલનમાં શુભેચ્છા ત્યારે જ યોગ્ય ગણાશે કે, જ્યારે જેટલી સરપંચ મહિલા આપણી બહેનો હોય ત્યાં ફરજિયાત વહેલામાં વહેલી તકે તલાટી મહિલાઓ મૂકવામાં આવે તો સાચી શુભેચ્છા ગણાશે. આવી કાંઇક કાર્યવાહી કરવામાં આવે એવી મારી વિનંતી છે.

બીજું, દુષ્યંતભાઇએ હમણાં વાત કરી, પી.એમ.સાહેબે ઉદ્ઘાટન કર્યું પુલનું પરંતુ જેણે પાયો નાખ્યો હોય એને પણ યાદ કરવા જોઇએ. ગુજરાતના પનોતા પુત્ર શ્રી અહેમદભાઇ પટેલે આ ગુજરાતના પ્રશ્નોની ચિંતા કરી હતી અને પાયાની શરૂઆત કરી હતી, એમને પણ યાદ કર્યા હોત તો સારું પણ એમને પણ ગુજરાતની પ્રજા વતી અભિનંદન તો આપવા પડશે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં કેટલી આવક, કઇ કઇ ખનિજ અલગ અલગ તાલુકામાંથી મળી છે એ જાણવા માગુ છું. બીજુ કે, આવક થાય એ સારી વાત છે, આવક થવી જોઇએ પરંતુ દસ ટકા પણ આવક થતી નથી, મોટા પાયે ખનિજ ચોરી થાય છે એમાં સરકાર શું કાર્યવાહી કરવા માગે છે? એટલા માટે કે, તાલુકો આર્થિક રીતે પછાત અને ગરીબ તાલુકો છે. અમે કાર્યવાહી કરવાની વાત કરીએ તો નાનો ખેડૂત એસ.ટી. હોય કે એસ.સી. એ પોતાનું ટ્રેક્ટર લઇ પોતાનું ઘર બનાવવા જતો હોય ત્યારે જ એને પકડવામાં આવે છે અને ટ્રેક્ટર સાઇડમાં મૂકી દેવામાં આવે છે, આવી વ્યવસ્થા સરકારે કરી છે ત્યારે એ દિશામાં ચિંતા કરીને યોગ્ય ઉકેલ આવે એવી મારી વિનંતી છે.

બીજો મારો પ્રશ્ન, ત્યાં આગળ બ્લેક ટ્રેપ મળે છે, મોટા પાયે બ્લાસ્ટીંગ થાય છે, વેગન બ્લાસ્ટીંગ કરવામાં આવે છે અને સાદુ બ્લાસ્ટીંગ કરતા હોય છે. પરિસ્થિતિ એવી થાય છે કે, ધ્યાન ન રાખવાના કારણે ગામતળની નજીક બ્લાસ્ટીંગ થાય છે, એના કારણે ત્યાં ધરતીકંપ થયો હોય એવી પરિસ્થિતિ થાય છે, એવો ધ્રુજારો અનુભવતા હોય છે. ગામડાંના માણસોના ઘરોમાં તિરાડો પડી જાય છે અને રાત્રે ઘરના વાસણો પડી જતા હોય છે, તો આ અંગે આપ કાર્યવાહી કરવા માગો છો કે કેમ અને જે ઘરને નુકસાન થયું હોય એને કાંઇક સહાય કે રાહત આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પુલની વાત કરી, અગાઉ જે એજન્સીને કામ આપવામાં આવ્યું હતું અડધું કામ મૂકીને એ એજન્સી ભાગી ગઇ. શ્રી નરેન્દ્રભાઇએ બીજી એજન્સી નક્કી કરી અને અગાઉના ભાવ કરતાં ઓછા ભાવમાં અને સમય કરતાં પણ વહેલા આ કામગીરી કરી બતાવી છે.

માનનીય સભ્યશ્રીએ બ્લાસ્ટ દરમિયાન થતી મુશ્કેલીની જે વાત છે, એમાં પુરી કાળજી લેવામાં આવે છે અને માની લો કે, બ્લાસ્ટ દરમિયાન કાંઇ પણ નુકસાન થશે અને ધ્યાન ઉપર આવશે તો અમે યોગ્ય કાર્યવાહી ચોક્કસ કરીશું.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મહિલા દિન નિમિત્તે ગુજરાતની બહેનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. અરવલ્લી જિલ્લાનો પ્રશ્ન છે ત્યારે વર્ષ ૨૦૧૫ તથા વર્ષ ૨૦૧૬ની મુખ્ય ખનિજ તથા ગૌણ ખનિજની આવક કેટલી થઇ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં મુખ્ય ખનિજ ૨૦૧૫માં ૫૩.૮૪ લાખ તથા ૨૦૧૬માં ૫૮.૨૫ લાખની આવક થઇ છે જયારે ગૌણ ખનિજમાં ૨૦૧૫માં ૨૫૬૪.૯૪ લાખ તથા ૨૦૧૬માં ૩૩૯૮.૭૦ લાખની આવક થઇ છે.

## ફાલ્ગુન ૧૭, ૨૦૩૮ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે સર્વે સભ્યોને મારી શુભેચ્છાઓ. હમણા જ માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ જે વાત કરી કે ઓવર બ્લાસ્ટીંગના કારણે, મારા વિસ્તારમાંથી સાબરમતી નદી નીકળે છે ત્યાં રેતીનું ગેરકાયદેસર ખનન થાય છે જયારે આવા ગેરકાયદેસર ખનનના કારણે પવિત્ર યાત્રાધામો હોય એની બાજુમાં ઉંડુ ખોદાણ થાય અને એ વખતે પવિત્ર યાત્રાધામના દિવસોએ જે યાત્રિકો નદીએ જાય એવો જ બનાવ રક્ષાબંધનના પવિત્ર દિવસે મારા રાસલોડ ગામના ૬ યુવાનો ગલતેશ્વર મહાદેવે ગયેલા અને ત્યાં ઉંડા ખોદાણના કારણે આ છ એ છ યુવાનો પાંચ પાટીદાર અને એક બ્રાહ્મણ યુવાન ડૂબી ગયા. આ બાબતે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ હું ડેલીગેશન લઇને મળેલો. માનનીય ભુપેન્દ્રસિંહ સાહેબ, આપને પણ મળ્યો હતો, આપે પોઝીટીવ વાત કરેલી પણ હજુ સુધી આ યુવાનોને કોઇ સહાય ચૂકવવામાં આવી નથી. જયારે આવા બનાવો બને ત્યારે તંત્રની બેદરકારી હોય ત્યારે તંત્ર દ્વારા કોઇ સહાય ચૂકવવામાં આવે છે કે કેમ? અને આ કેસમાં સહાય ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા એમણે વાત કરી કે ગેરકાયદેસર ખનન, મેં મારા પહેલા પ્રશ્નના જવાબમાં કહ્યું કે ભૂતકાળમાં ગેરકાયદેસર ખનન થતું હતું કારણ કે વહેલા તે પહેલા અથવા તો પસંદગીની એજન્સી કે વ્યક્તિઓને આપવામાં આવતું એના કારણે પણ હવે એમાં ફેરફાર કરીને એ ઓકશન કરીને નવી નીતિ પ્રમાણે કરવામાં આવે છે એટલે એમાં સ્પર્ધા થાય છે, પારદર્શક રીતે થાય છે એટલે પહેલા પ્રશ્નના જવાબમાં તમે ઉલ્લેખ કર્યો કે ગેરકાયદેસર, તો એ ગેરકાયદેસરનો ભૂતકાળમાં જે અમલ થતો હતો એને અમે રોકયો છે અને હવે ગેરકાયદેસર નહીં થાય, હવે સ્પર્ધાત્મક થશે એના કારણે રાજયને, કેન્દ્રને ફાયદો થશે અને બીજું એમનું સૂચન છે, એમણે કહ્યું છે કે યુવાનો ડૂબી ગયા છે, તો એ એમનું સૂચન છે. ભવિષ્યમાં યોગ્ય લાગશે તો સરકાર વિચાર કરશે.

### સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૨૯૩૦૮ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૬ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૭. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૮,૨૫૮. |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧,૦૦,૩૦૨. |

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન નિમિત્તે બહેનોને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું અને આપ પણ અધ્યક્ષ તરીકે બેઠા છો એટલા માટે આપને પણ શુભેચ્છા પાઠવું છું. માનનીય મંત્રીશ્રી પાસેથી કૃષિ મહોત્સવ ૨૦૧૬ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં યોજવામાં આવેલ પશુ આરોગ્ય મેળાની સારવાર, ખસીકરણ તથા કૃત્રિમ બીજદાનની કામગીરી જાણવા માગું છું.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સારવાર, કૃત્રિમ બીજદાન અને ખસીકરણની માહિતી માગી છે એના અનુસંધાને મારે જણાવવાનું કે સુરેન્દ્રનગર જિલ્લાની અંદર ૨૦૧૬ની અંદર ૭ જેટલા પશુ આરોગ્ય મેળા, કૃષિ મેળા થયા હતા. એમાં વઢવાણની અંદર–૧, ચોટીલામાં–૪ અને મૂળીની અંદર–૨ એમ કુલ મળીને સાત કર્યા હતા એમાં વઢવાણ તાલુકાની અંદર તબીબી સારવારમાં ૮૩ પશુઓને શસ્ત્રક્રિયાની –૪, જાતિ આરોગ્યની ૨૮૦, કૃમિનાશક દવા પીવડાવવાની ૮૨૧, કુલ ૧૧૮૮ પશુઓને સારવાર કરવામાં આવી હતી અને ખાસીકરણ બેને અને કૃત્રિમ બીજદાન ૮૬ને એમ ચોટીલા તાલુકાના ચાર મેળાની અંદર તબીબી માટેની ૯૮ તબીબી સારવાર, શસ્ત્રક્રિયાની ૧૩ અને જાતિ આરોગ્યની ૧૩૮ સારવાર આપવામાં આવી હતી અને કૃષિ દવા પીવડાવવાની ૭૮૬ દવા એમ કુલ મળીને ૧૦૩૫ પશુઓને સારવાર કરી હતી. ખસીકરણ ૨૦ પશુઓને કરવામાં આવ્યું હતું. કૃત્રિમ બીજદાન ૬૦ પશુઓને કરવામાં આવ્યું હતું. મૂળી તાલુકામાં ૨ મેળા કર્યા હતા. એમાં તબીબી સારવાર ૨૦૬ પશુઓને આપવામાં આવી હતી. શસ્ત્રક્રિયા ૧૨ પશુઓને અને જાતિ આરોગ્યની સારવાર ૧૫૭ પશુઓને અને કૃમિ નાશક દવા ૫,૬૬૦ પશુઓને પીવડાવી એમ કુલ ૬,૦૩૫ પશુઓને સારવાર કરવામાં આવી હતી. ખસીકરણ ૨૨ પશુઓને અને કૃત્રિમ બીજદાન ૨૪૭ ને કરવામાં આવ્યું હતું. કુલ મળીને જિલ્લાની અંદર તબીબી સારવાર ૩૮૭ પશુઓને અને શસ્ત્રક્રિયાની ૨૨૯ પશુઓને અને જાતિ આરોગ્યની સારવાર ૫૭૫ પશુઓને અને કૃમિ નાશક દવા ૭,૨૬૭ ને પીવડાવી. આમ કુલ ૮,૨૫૮ પશુઓને સારવાર કરવામાં આવી હતી. ખસીકરણની ૭૪ અને કૃત્રિમ બીજદાનની ૧,૫૭૯ પશુઓને મેળાની અંદર સારવાર કરવામાં આવી હતી.

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા શક્તિ એ જગતની સૌથી મોટી શક્તિ છે અને વિશ્વમાં પ્રતિભા અને ક્ષમતાઓનો સ્ત્રોત જ્યારે મહિલાઓમાં રહેલો છે, ત્યારે આજે મહિલા દિનના દિવસે મારા વિશ્વની તમામ બહેનોને અને વિશેષ આ ગૃહની સન્માનનીય બહેનોને વિશ્વ મહિલા દિન નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કૃષિ મેળો ૨૦૧૬ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં જેમ કૃષિ મેળામાં ખેડૂતોને વિગતો આપવામાં આવે છે અને વિશેષ જાણકારી આપવામાં આવે છે એ પ્રમાણે પશુપાલકોને પણ જે માહિતી આપવામાં આવે છે, એમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલાં પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું?

શ્રી બચુભાઇ મ. ખાબડ : પશુ આરોગ્ય મેળામાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, તેમાં ૧૦ તાલુકાઓની અંદર ગાય વર્ગને ૪૪,૩૬૨ ને રસીકરણ કરવામાં આવ્યું છે. ભેંસ વર્ગને ૪૫,૮૫૫ પશુવર્ગને રસીકરણ કરવામાં આવ્યું છે. ઘેંટાવર્ગને ૩,૭૮૩ ને રસીકરણ કરવામાં આવ્યું છે. બકરા વર્ગને ૬,૩૦૨ ને રસીકરણ કરવામાં આવ્યું છે. કુલ મળીને ૧,૦૦,૩૦૨ પશુઓને રસીકરણની સારવાર આ મેળાની અંદર આપવામાં આવી છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો વિશ્વ મહિલા દિન નિમિત્તે આ સભાગૃહની તમામ બહેનો તથા ગુજરાતની અને દેશની તમામ બહેનોને મારી શુભકામના. દેશ અને ગુજરાતને આ બહેનો આગળ વધારે તેવી મારી પ્રભુને પ્રાર્થના. હું જાણવા માગું છું કે આ કેમ્પમાં પશુઓને વ્યંધત્વ નિવારણ માટે કેટલી સારવાર કરવામાં આવી અને તેમાંથી કેટલાં પશુઓ ગાભણ થયાં તેની વિગત આપવા વિનંતી?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ મેળાની અંદર વ્યંધત્વ નિવારણ માટેનાં કોઇ પશુઓ આવ્યાં નથી, એટલે એની સારવાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિનની બધા બહેનોને શુભેચ્છા આપું છું. સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી સંસ્થાઓ આવા કેમ્પ કરે છે? બીજું, આ કૃષિ મહોત્સવ મેળામાં સારામાં સારું કામ આ કેમ્પનું થાય છે અને તે મારો જાત અનુભવ પણ છે. માણસને અલગ અલગ રોગ થયા એમ ઢોરને થતાં હોય. નવાં રોગ થયાં હશે એવાં કેટલાં પશુઓનું આ કેમ્પથી કન્ટ્રોલ થયું એ મંત્રીશ્રી જાણ કરે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : એમાં સંસ્થાઓમાં વેટરનરી પોલિટેકનિક ૧ છે. પશુ દવાખાનાં ૨૫ છે. પશુ શાખા દવાખાનાં ૩ છે. ૧૦ ગામ દીઠના ૮ છે. અને પ્રાથમિક સારવાર કેન્દ્રો કુલ ૧૪ છે. કુલ ૫૧ સંસ્થાઓ છે. જે પણ રોગો આવે છે તે તમામ રોગોની અદ્યતન સારવાર કરવામાં આવે છે. એના આંખના ઓપરેશન હોય તો માણસને કરીએ છીએ એવી સર્જરી કરીએ છીએ. અદ્યતન સાધનોથી પશુઓનું નિરીક્ષણ કરીને જે પણ રોગ હોય એની પૂરતી કાળજી રાખીને સારવાર કરવામાં આવે છે.

સભાપતિશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થાય છે.

### અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### બનાસકાંઠા જિલ્લામાં કોગ્નીઝેબલ ગુન્હાની ફરીયાદ

* ૩૦૨૯૫ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લામાં પોલીસ સ્ટેશનને કોગ્નીઝેબલ ગુન્હાની લેખિત ફરિયાદ મળવા છતાં એફ.આઈ.આર. નહી નોંધવાની જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને લેખિત રજુઆત અપાયા છતાં પણ એફ.આઈ.આર. ન નોંધાતા તા. ૩૧–૧૨–૨૧૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ સ્ટેશન દીઠ કોર્ટમાં કેટલી ફરિયાદો થઈ ?

**જવાબ**

| પોલીસ સ્ટેશન | ફરીયાદ |
|---|---|
| અમીરગઢ | ૦૧ |
| ડીસા શહેર ઉત્તર | ૦૨ |

---------

### દાહોદ જિલ્લામાં પશુઓને રસીકરણ

* ૨૯૩૧૪ શ્રી વિંછીયાભાઈ ભુરિયા (લીમખેડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૮,૧૮,૨૫૯. |
| (૨) તે અન્વયે કયા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) એચ.એસ.બી.ક્યુ,એફ.એમ.ડી., આંત્રવિષજવર, એ.આર.વી., પી.પી.આર. વિગેરે |

ફાલ્ગુન ૧૭, ૨૦૩૮ શાકે

## અતારાંકિત પ્રશ્નો

---------

### જામનગર જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ તાલીમ

* ૩૦૫૨૩ શ્રીમતી વસુબેન ત્રિવેદી (જામનગર દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત રાજ્યમાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ તાલીમ આપવામાં આવેલ છે, અને | (૨) ૨૨૦૩. |
| (૩) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓ તાલીમાર્થીઓ હતા ? | (૩) ૧૦૩૦ પુરૂષો અને ૧૧૭૩ મહિલાઓ. |

---------

### વલસાડ જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ

* ૨૯૩૦૯ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૧૧. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૨૯,૪૯૬. |

---------

### રાજ્યની એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યો/કેન્દ્રને તપાસમાં મદદ

* ૩૦૫૫૪ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા દેશના અન્ય રાજ્યોની પોલીસ તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓને ગુન્હાના ઉકેલ માટે મદદ પુરી પાડવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કેસોમાં અન્ય રાજ્યોની પોલીસ તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓને ગુન્હાના ઉકેલ માટે મદદ પુરી પાડવામાં આવેલ છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા દેશના અન્ય રાજ્યોની પોલીસને કુલ–૨૨૫ કેસોમાં તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓને કુલ–૫૦૯ કેસોમાં ગુન્હાના ઉકેલ માટે મદદ પુરી પાડવામાં આવેલ છે. |

---------

### વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ માં યોજાયેલ બી ટુ જી મીટીંગ

* ૩૦૨૬૩ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ દરમિયાન કેટલી B 2G મીટીંગ યોજાયેલ હતી, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ દરમિયાન ૪૦૦ થી વધુ B 2G મીટીંગ યોજાયેલ હતી. |
| (૨) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ દરમિયાન B 2G મીટીંગમાં કુલ કેટલા એમ.ઓ.યુ. થયા | (૨) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં ભાગ લેતા ઉદ્યોગ જગતના વ્યવસાયિકો તેમજ ઉદ્યોગ સાહસિકોને ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં રોકાણ માટેની |

હતા?

નીતિઓ, તકો અને સરકારની પ્રોત્સાહન યોજનાઓ બાબતે સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે વાર્તાલાપ થઈ શકે અને મૂંઝવણોના નિરાકરણ થઈ શકે તે ઉદ્દેશયથી B 2G મીટીંગનું આયોજન કરવામાં આવે છે.

B 2G મીટીગમાં થયેલ એમઓયુની અલગથી માહિતી રાખવામાં આવતી નથી. પરંતુ, વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ દરમિયાન ૨૧,૩૦૪ જેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન અને ૧,૨૨૫ જેટલા સ્ટ્રેટીજીક પાર્ટનરશીપ મંજૂર થયા હતાં.

---------

## પાટણ જિલ્લામાં પશુઓને રસીકરણ

* ૨૯૩૧૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૧,૬૦,૧૭૮. |
| (૨) તે અન્વયે ક્યા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) એચ.એસ., એફ.એમ.ડી., આંત્રવિષજવર, એ.આર.વી., શીપપોક્ષ, પી.પી.આર. વિગેરે.. |

---------

## સુરત જિલ્લામાં ખનીજ ચોરી સામે પગલાં

* ૩૦૩૬૯ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ખનીજ ચોરી અટકાવવા સરકારે શું પગલા લીધેલ છે ? | (૧) મોજે. ચોર્યાસી, તા.કામરેજના નેશનલ હાઈવે નં.૮ ખાતે ટોલ પ્લાઝા નજીક ચેકપોસ્ટ ઉભી કરવામાં આવેલ છે.<br>(૨) રાજ્ય કક્ષાએ રાખવામાં આવેલ ફલાઈંગ સ્કવોડ દ્વારા જરૂરિયાત મુજબ આકસ્મિક ચેકિંગ કરવામાં આવે છે.<br>(૩) જિલ્લા કક્ષાએ ટાસ્ક ફોર્સ તથા ગ્રીવન્સ રીડ્રેસલ કમિટી અસ્તિત્વમાં છે.<br>(૪) જિલ્લા કચેરી દ્વારા નિયમિત તેમજ આકસ્મિક ચેકીંગ હાથ ધરી ખનીજ ખોદકામ/વહન/સંગ્રહની ચકાસણી કરી અનધિકૃત જણાતા સ્થળ તપાસ કરી કસુરદારો પાસેથી દંડ વસુલવામાં આવે છે. |

---------

## કચ્છ જિલ્લામાં પાતાળ કુવાનું શારકામ

* ૨૯૩૦૭ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ માં કચ્છ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા કુલ કેટલા પાતાળ કુવાઓ શારવાનું મંજૂર કરેલ, અને | (૧) ૭૦ પાતાળકુવા. |
| (૨) તે પૈકી કેટલા પાતાળ કુવાઓના કામો પુર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવ્યો ? | (૨) ૫૬ પાતાળકુવા. |

## અતારાંકિત પ્રશ્નો

### ગીર સોમનાથ જિલ્લામાં માછીમાર કુટુંબને સહાય

* ૨૯૮૯૫ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાકિસ્તાન સતાવાળાઓ દ્વારા પકડાયેલ માછીમારોના કુટુંબને જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી દૈનિક આર્થિક સહાય આપવામાં આવે છે, અને | (૨) પાકિસ્તાન સતાવાળા દ્વારા રાજ્યના માછીમાર જે તારીખે પકડાય તે તારીખથી પાકિસ્તાન જેલમાંથી મુકત થાય તે તારીખ સુધી રાજ્ય સરકાર દ્વારા માછીમારના કુટુંબીજનોને આર્થિક સહાય પેટે દૈનિક રૂ.૧૫૦/– ચુકવવામાં આવે છે. |
| (૩) ગીર સોમનાથ જિલ્લામાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા માછીમાર કુટુંબને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ગીર સોમનાથ જિલ્લામાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૫૭ માછીમાર કુટુંબને રૂ.૩,૩૬,૯૨,૧૦૦/– પુરાની આર્થિક સહાય ચુકવવામાં આવી. |

---------

### તાપી અને વલસાડ જિલ્લામાં ખાણ–લીઝનું ચેકીંગ

* ૨૭૮૨૭ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને વલસાડ જિલ્લામાં ફલાઈંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| જિલ્લો | વર્ષ | ચેકીંગ તારીખ |
|---|---|---|
| તાપી | ૨૦૧૫ | (૧) તા.૨૦–૧–૧૫<br>(૨) તા.૯–૧૦–૧૫ |
| | ૨૦૧૬ | (૧) ૨૦–૧–૧૬<br>(૨) તા.૨૧–૧–૧૬<br>(૩) તા.૧૫–૩–૧૬ |
| વલસાડ | ૨૦૧૫ | કોઈ ચેકીંગ થયેલ નથી. |

(૨) ઉકત ચેકીંગ દરમ્યાન ઉકત જિલ્લાવાર વર્ષવાર કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ પકડાઈ,

(૨)

| જિલ્લો | વર્ષ | ગેરરીતિનો પ્રકાર | ખનિજ ચોરી (રૂ.લાખ) |
|---|---|---|---|
| તાપી | ૨૦૧૫ | કોઈ ગેરરીતિ ધ્યાને આવેલ નથી. | શૂન્ય |
| | ૨૦૧૬ | બિન અધિકૃત ખનન અને કરારખત શરતભંગ | ૧.૨૭ |
| વલસાડ | ૨૦૧૫ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |
| | ૨૦૧૬ | પ્રશ્ન ઉપસ્થિત થતો | |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) (૧) ૦૧ ઈસમ પાસેથી બિન અધિકૃત ખનન બદલ રૂ.૧.૨૭ લાખ તથા કરારખત શરતભંગના રૂ.૦.૦૫ લાખ મળીને કુલ રૂ.૧.૩૨ લાખની વસુલાત કરેલ છે.

(૨) ૧૨ ઈસમો પાસેથી કરારખત શરતભંગ બદલ રૂ.૦.૬૦ લાખની વસુલાત કરેલ છે.

(૪) ઉકત ખનીજ ચોરી અન્વયે ઉકત જિલ્લાવાર કેટલી પોલીસ ફરીયાદો દાખલ કરવામાં આવી ?

(૪) શૂન્ય.

---------

પંચમહાલ જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

* ૩૦૫૬૮ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત રાજયમાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ તાલીમ આપવામાં આવેલ છે, અને | (૨) ૨૮૫૬. |
| (૩) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓ તાલીમાર્થીઓ હતા ? | (૩) ૧૪૩૨ પુરૂષો અને ૧૪૨૪ મહિલાઓ. |

---------

રાજ્યના માછીમારોને પાકિસ્તાનના કબજામાંથી મુકત કરાવવા બાબત

* ૨૯૮૯૦ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાકિસ્તાન સતાવાળા દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કેટલા માછીમારોને પકડવામાં આવ્યા, | (૧) પાકિસ્તાન સતાવાળા દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કુલ ૭૪૭ માછીમારોને પકડવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પકડાયેલ માછીમારોને મુક્ત કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા શા પ્રયત્નો કર્યા, અને | (૨) પાકિસ્તાન સત્તાવાળા દ્વારા પકડવામાં આવેલ માછીમારોને મુકત કરાવવા માટે ભારતીય નાગરીકતાના રાષ્ટ્રીયતા ખરાઈની વિગત ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયને મોકલી માછીમારો અને બોટોને મુકત કરાવવા રજુઆત કરવામાં આવે છે.<br>તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૨૩ રજુઆત કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા માછીમારોને મુકત કરવામાં આવ્યા ? | (૩) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૫૮ માછીમારોને મુકત કરવામાં આવેલ છે. |

---------

સાબરકાંઠા જિલ્લામાં ઘાસચારા બિયારણ કીટ

* ૨૯૩૧૧ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

પશુપાલન ખાતા દ્વારા વર્ષઃ૨૦૧૬-૧૭ દરમિયાન તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ખરીફ ઋતુ તથા રવિ ઋતુ દરમિયાન કયા પ્રકારના અને કેટલી સંખ્યામાં ઘાસચારાની મીની બિયારણ કીટ પુરી પાડવામાં આવી ?

જવાબ

| ઋતુ | યોજનાનું નામ | કિટની સંખ્યા | પાકનું નામ | પ્રતિ કીટ જથ્થો (કી.ગ્રા.) | કુલ જથ્થો (કી.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ખરીફ ઋતુ | (૧) એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૭૦ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૪૯૦ કિ.ગ્રા. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | (૨) આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૮૭ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૬૦૯ કિ.ગ્રા. |
| | (૩) અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના (હેલ્થ પેકેજ) | ૨૩૮ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૧૬૬૬ કિ.ગ્રા. |
| રવિ ઋતુ | (૧) એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૨૯ | ઓટ કેન્ટ | ૧૦ કિ.ગ્રા. | ૨૯૦ કિ.ગ્રા. |
| | (૨) આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૩૬ | ઓટ કેન્ટ | ૧૦ કિ.ગ્રા. | ૩૬૦ કિ.ગ્રા. |

---------

બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડઝના પગાર/ભથ્થા ચૂકવણી બાબત

* ૩૦૧૦૦ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ફરજ બજાવતાં હોમગાર્ડ જવાનોને તા.૩૧/૧/૨૦૧૭ ની સ્થિતિએ ચાર માસથી વેતન તથા મળવાપાત્ર ભથ્થાની ચુકવણી કરવામાં આવી નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા,તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાકી રહેલ તમામ ચુકવણી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બનાસકાંઠા જિલ્લામાં પોલીસ મહેકમ

* ૩૦૧૮૭ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ પોલીસનું સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, અને

જવાબ

(૧), (૨) અને (૩) પત્રક–અ મુજબ.

પત્રક–અ

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરાયેલ | ખાલી | ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી રહેલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પો.ઈ. | ૧૬ | ૧૨ | ૦૪ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | મહિલા પો.ઈ. | ૧ | ૦ | ૧ | ૧ |
| ૩ | બિ.હ.પોસઇ(મહિલા સહિત) | ૬૨ | ૪૮ | ૧૪ | ૦ |
| ૪ | હથિયારી પો.સ.ઇ. | ૮ | ૫ | ૩ | ૧ |
| ૫ | બિ.હ.એએસઆઇ | ૨૪૫ | ૨૨૭ | ૧૮ | ૦ |
| ૬ | હથિ. એએસઆઈ | ૬૪ | ૫૩ | ૧૧ | ૦ |
| ૭ | મહિલા એએસઆઈ | ૧૫ | ૧૨ | ૩ | ૦ |
| ૮ | બિ.હ.હે.કો. | ૨૬૩ | ૧૭૪ | ૮૯ | ૩૫ |
| ૯ | હથિ. હે.કો. | ૧૩૪ | ૧૧૨ | ૨૨ | ૮ |
| ૧૦ | મહિલા હે.કો. | ૪૯ | ૨૦ | ૨૯ | ૨૪ |
| ૧૧ | બિ.હ.પો.કો. | ૬૮૫ | ૪૭૪ | ૨૧૧ | ૧૦૭ |
| ૧૨ | હથિ. પો.કો. | ૬૫૩ | ૪૭૨ | ૧૮૧ | ૧૧૦ |
| ૧૩ | મહિલા પો.કો. | ૧૧૩ | ૮૯ | ૨૪ | ૨૪ |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યા સુધી ભરવામાં આવશે ?

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે સરકાર દ્વારા અલગ ભરતી બોર્ડ રચેલ છે, અને ભરતી બોર્ડ દ્વારા ભરતી પ્રક્રીયા ચાલુ છે. જ્યારે બઢતીથી ભરવાની થતી જગ્યાઓ બઢતી અંગેની નિયત પ્રક્રીયા હાથ ધરી ભરવામાં આવતી હોય છે.

---------

## મહેસાણા જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી

* ૩૦૩૬૭ શ્રી નારાયણભાઇ પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સાદી રેતી ખનિજની કેટલા બ્લોકની હરાજી કરવામાં આવી, અને | (૧) ૨૩. |
| (૨) ઉક્ત હરાજીથી સરકારને કેટલી આવક થયેલ છે ? | (૨) શૂન્ય. |

---------

## પંચમહાલ જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજના

* ૨૯૩૦૬ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા–હડફ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ મા પંચમહાલ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજનાના કામો મંજુર કરવામાં આવ્યા, | (૧) અને (૨)<br>૫૩ મીની પાણી પુરવઠા યોજનાના કામો મંજુર કરવામાં આવ્યાં તે તમામ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલી મીની યોજના પૂર્ણ કરવામાં આવી, અને | |
| (૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કામો કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૭૮૬૪ શ્રી કરમશીભાઇ પટેલ (સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

અતારાંકિત પ્રશ્નો

તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર ચોરી, લૂંટ, ધાડ, અપહરણ, બળાત્કાર, ખૂન, આપઘાત, ચેઈન સ્નેચીંગ અને વાહનચોરીના કેટલા ગુનાઓ નોંધાયા ?

પત્રક મુજબ

પત્રક

| અમદાવાદ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| તા. ૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | | | | | | | | |
| ચોરી | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહનચોરી |
| ૨૬૨૦ | ૧૪૫ | ૧૬ | ૪૧૨ | ૧૧૮ | ૧૨૮ | ૭૫૫ | ૨૦૭ | ૧૭૫૩ |
| તા. ૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | | | | | | |
| ચોરી | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહનચોરી |
| ૨૭૭૦ | ૧૪૪ | ૨૨ | ૪૪૭ | ૧૩૧ | ૧૩૧ | ૮૮૩ | ૨૨૧ | ૧૭૮૭ |
| ગાંધીનગર | | | | | | | | |
| તા. ૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | | | | | | | | |
| ચોરી | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહનચોરી |
| ૨૨૭ | ૨૮ | ૯ | ૯૦ | ૧૧ | ૩૦ | ૧૭૬ | ૫૧ | ૨૨૨ |
| તા. ૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | | | | | | |
| ચોરી | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહનચોરી |
| ૧૭૬ | ૨૭ | ૧૩ | ૮૯ | ૧૧ | ૧૯ | ૧૮૨ | ૨૬ | ૨૧૯ |

---------

સામાન્ય વહીવટ વિભાગમાં સંવર્ગવાર મહેકમ

* ૨૮૪૮૫ શ્રી ભોળાભાઇ ગોહેલ (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી( સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનાં સામાન્ય વહીવટ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલુ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર તે પૈકી કેટલી જગ્યા ભરેલી અને કેટલી જગ્યા ખાલી છે ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનાં સામાન્ય વહીવટ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગતો સામેલ પત્રક મુજબ છે.

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર તે પૈકી ભરેલી અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ પત્રક મુજબ છે.

પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | મુખ્ય સચિવ/અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/ સચિવ | આઇએએસ વર્ગ–૧ | ૭ | ૪ | ૩ |
| ૨ | અધિક સચિવ | વર્ગ–૧ | ૩ | ૩ | ૦ |
| ૩ | સંયુક્ત સચિવ | વર્ગ–૧ | ૯ | ૮ | ૧ |
| ૪ | નાયબ સચિવ | વર્ગ–૧ | ૧૨ | ૧૧ | ૧ |
| ૫ | ઉપસચિવ | વર્ગ–૧ | ૨૯ | ૨૫ | ૪ |
| ૬ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૧ | વર્ગ–૧ | ૩ | ૩ | ૦ |
| ૭ | નાયબ નિયામક(હિસાબ) | વર્ગ–૧ | ૧ | ૦ | ૧ |
| ૮ | નાયબ નિયામક(આંકડા) | વર્ગ–૧ | ૧ | ૧ | ૦ |

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૯ | નાયબ કલેક્ટર | વર્ગ–૧ | ૩ | ૨ | ૧ |
| ૧૦ | ખાસ ફરજ પરનાં અધિકારી | વર્ગ–૧ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | હિસાબી અધિકારી | વર્ગ–૧ | ૨ | ૨ | ૦ |
| ૧૨ | ટેકનિકલ અધિકારી | વર્ગ–૧ | ૧ | ૦ | ૧ |
| ૧૩ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૧ | વર્ગ–૨ | ૧૩ | ૧૧ | ૨ |
| ૧૪ | હિસાબી અધિકારી | વર્ગ–૨ | ૧ | ૧ | ૦ |
| ૧૫ | સેકશન અધિકારી | વર્ગ–૨ | ૭૧ | ૪૩ | ૨૮ |
| ૧૬ | નાયબ સેકશન અધિકારી | વર્ગ–૩ | ૧૮૧ | ૧૩૫ | ૪૬ |
| ૧૭ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨ | વર્ગ–૩ | ૨૩ | ૧૨ | ૧૧ |
| ૧૮ | સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૩ | વર્ગ–૩ | ૫ | ૦ | ૫ |
| ૧૯ | નાયબ હિસાબનીશ | વર્ગ–૩ | ૨ | ૦ | ૨ |
| ૨૦ | કારકૂન | વર્ગ–૩ | ૧૨ | ૧૨ | ૦ |
| ૨૧ | ઓફિસ આસીસ્ટન્ટ | વર્ગ–૩ | ૫૩ | ૫ | ૪૮ |
| ૨૨ | ટાઈપીસ્ટ | વર્ગ–૩ | ૩ | ૩ | ૦ |
| ૨૩ | ડ્રાઈવર | વર્ગ–૩ | ૧૩ | ૧૩ | ૦ |
| ૨૪ | ટેલેક્ષ ઓપરેટર | વર્ગ–૩ | ૪ | ૧ | ૩ |
| ૨૫ | આસી. લાયબ્રેરીયન | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ |
| ૨૬ | સબ એડીટર | વર્ગ–૩ | ૧ | ૦ | ૧ |
| ૨૭ | આંકડા મદદનીશ | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ |
| ૨૮ | રોનીયો ઓપરેટર | વર્ગ–૪ | ૩ | ૦ | ૩ |
| ૨૯ | પટાવાળા/હવાલદાર/ હમાલ/નાયક/મેસેન્જર | વર્ગ–૪ | ૯૭ | ૨૨ | ૭૫ |
| | | કુલ | ૫૫૬ | ૩૧૯ | ૨૩૭ |

---------

ગાંધીનગર જિલ્લામાં બેટરી ઓપરેટેડ વ્હીકલ યોજનાના લાભાર્થી

* ૩૦૨૭૦ શ્રી અશોક કુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (કલાઈમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતએ સરકારની બેટરી ઓપરેટેડ વ્હીકલ યોજના ક્યારથી અમલમાં આવી, અને

(૨) તે અન્વયે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તારીખ:૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય આપી?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ થી અમલમાં આવી.

(૨)

| વર્ષ | લાભાર્થી સંખ્યા | ચુકવેલ સહાય (`) |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ૫૪૯ | ૫૪.૯૦ લાખ |
| ૨૦૧૬–૧૭ (૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૮૩૩ | ૮૩.૩૦ લાખ |
| કુલ | ૧૩૮૨ | ૧૩૮.૨૦ લાખ |

---------

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૭ પાછળ ખર્ચ

* ૨૯૮૬૩ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં જાન્યુઆરી–૧૭માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ

જવાબ

જાન્યુઆરી માસમાં મહાત્મા મંદિર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–૨૦૧૭ માટે તા.૩૧–

| | |
|---|---|
| સમિટમાં ઉદ્યોગ પ્રભાગ દ્વારા કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | ૦૧-૨૦૧૭ સુધીમાં ઉદ્યોગ પ્રભાગ દ્વારા રૂા.૩૩,૯૦,૫૦,૫૪૬.૦૦નું ચૂકવણુ કરવામાં આવ્યું છે. |

---------

## રાજ્યમાં આઈ.એ.એસ.નું મંજુર મહેકમ

* ૩૦૪૨૨ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા આઈ.એ.એસ. અધિકારીઓની જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૨૯૭. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૫૪. |
| (૩) ઉક્ત સ્થિતિએ ગુજરાતમાંથી કેટલા અધિકારીઓ દિલ્હી ખાતે ભારત સરકારની સેવામાં છે? | (૩) ૧૬. |

---------

## સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતને રેતી આવકમાંથી ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવેલ રકમ

* ૩૦૩૬૩ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રેતીની આવક, સંબધિત જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની રેતીની ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ જિલ્લા પંચાયતને ફાળવવામાં આવેલ છે? | (૨) રૂ.૧૪૫૭.૫૧ લાખ. |

---------

## જૂનાગઢ જિલ્લા હોમગાર્ડઝના પગાર / ભથ્થા ચૂકવણી બાબત

* ૩૦૧૧૦ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં ફરજ બજાવતાં હોમગાર્ડ જવાનોને તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ચાર માસથી વેતન તથા મળવાપાત્ર ભથ્થાની ચૂકવણી કરવામાં આવી નથી તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) ઉક્ત બાકી રહેલ તમામ ચૂકવણી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજકોટ જિલ્લામાં મંજૂર સ્પિનીંગ એકમો

* ૩૦૪૭૬ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ)) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી-૨૦૧૨ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા સ્પિનીંગ એકમો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૩. |
| (૨) આ સ્પિનીંગ એકમોમાં કેટલું મુડીરોકાણ કરવામાં આવેલ છે, | (૨) રૂ.૮૬૩.૭૫ કરોડ. |
| (૩) આ સ્પિનીંગ એકમોમાં કેટલી સ્પીન્ડલ્સ સ્થાપિત થયેલ છે, અને | (૩) ૨,૭૨,૪૬૯. |
| (૪) આ સ્પિનીંગ એકમોમાં કેટલી સહાય ચુકવવામાં | (૪) રૂ.૪૦.૭૧ કરોડ. |

આવી છે?

---------

પ્રાંતિજ તાલુકામાં સાબરમતી નદી પટમાં લીઝ ધારકો દ્વારા ગેરકાયદેસર ખોદકામ

* ૩૦૩૮૪ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકામાં સાબરમતી નદી પટમાં લીઝ/બ્લોક ધારકો દ્વારા ગેરકાયદેસર ઉંડુ ખોદકામ કરવાના કારણે યુવાનો નદીમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હોવા બાબતની તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારને કેટલી ફરીયાદો મળેલ છે, અને | (૧) ૦૧. |
| (૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે કેટલા ઈસમો સામે સરકારે શા પગલાં લીધા? | (૨) લીઝ ધારક દ્વારા નિયમાનુસાર ખોદકામ કરેલ હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ધોલેરા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની મંજુરી

* ૨૯૨૯૨ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ કાર્યરત કરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૨) અમદાવાદ જિલ્લાના ધોલેરા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના કરવા સંબધે ન્યાયાધીશ સહિત સહાયક મહેકમની કુલ ૧૬ જગ્યાઓ ગુજરાત સરકાર, કાયદા વિભાગના ઠરાવ ક્રમાંક-સીસીએ-૧૦૨૦૧૪-૧૧૧૨-ડ, તા.૦૧-૦૫-૨૦૧૫ના રોજથી ઉભી કરવામાં આવેલ છે. અને વડી અદાલત સાથે સૂચિત કોર્ટ કાર્યરત કરવા માટે પરામર્શ ચાલુ છે. |
| (૩) આ કોર્ટથી શા ફાયદા થનાર છે ? | (૩) ભવિષ્યમાં કોર્ટ કાર્યરત થશે તો અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાની પ્રજાને ઘરઆંગણે સસ્તો અને ઝડપી ન્યાય મળી રહેશે અને પ્રજાનો સમય અને ખર્ચનો વ્યય થતો અટકશે. |

---------

આણંદ જિલ્લામાં ગામની આંતરિક પેયજળ યોજના

* ૨૮૨૦૭ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ વાસ્મો આધારિત ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે આણંદ જિલ્લામાં તાલુકાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી,

(૨) મંજુર કરેલ ઉક્ત યોજનાઓની અંદાજીત કિંમત કેટલી છે, અને

જવાબ

(૧) અને (૨) તાલુકાવાર નીચેની વિગતે

| તાલુકો | મંજૂર યોજના | અંદાજીત કિંમત રૂ. લાખમાં |
|---|---|---|
| આણંદ | ૦૨ | ૩૪.૩૩ |
| ઉમરેઠ | ૦૪ | ૪૭.૯૪ |
| આંકલાવ | ૦૪ | ૧૨૭.૬૮ |
| પેટલાદ | ૦૩ | ૬૭.૨૨ |

| | | |
|---|---|---|
| બોરસદ | ૦૨ | ૪૧.૬૫ |
| કુલ | ૧૫ | ૩૧૮.૮૨ |

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) મંજુર થયેલ ઉક્ત ૧૫ યોજનાઓ સંબધિત પાણી સમિતિ મારફત વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

આણંદ અને સાબરકાંઠા જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૫૪૧ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને સાબરકાંઠા જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે કે કેમ, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના કુલ–૨૧ પોલીસ સ્ટેશન અને સાબરકાંઠા જિલ્લાના ૧૪ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને | (૨) કોઈ નહિ. |
| (૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યમાં ઈન્ટીગ્રેટેડ પોલીસ કોમ્યુનીકેશન નેટવર્ક સીસ્ટમ

* ૨૮૭૯૯ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ગુનેગારોની હીલચાલ–આંતકવાદી સંગઠનો અને વ્યક્તિઓની ઈન્ટરપોલના ગુન્હાઓની માહિતી મેળવવા મદદરૂપ થતી ઈન્ટીગ્રેટેડ પોલીસ કોમ્યુનીકેશન નેટવર્ક સીસ્ટમની જાહેરાત ક્યારે કરવામાં આવી, | (૧), (૨) અને (૩) આવી કોઈ જાહેરાત કરવામાં આવેલ ના હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી કયા તબક્કે છે, અને | |
| (૩) ઉક્ત કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | |

---------

ગીર સોમનાથ જિલ્લામાં માછીમાર કુટુંબને સહાય

* ૨૯૮૯૪ શ્રી ગોવિંદભાઈ પરમાર (તાલાલા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાકિસ્તાન સત્તાવાળાઓ દ્બારા પકડાયેલ માછીમારોના કુટુંબને જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્બારા કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી દૈનિક આર્થિક સહાય આપવામાં આવે છે, અને | (૨) પાકિસ્તાન સત્તાવાળા દ્બારા રાજ્યના માછીમાર જે તારીખે પકડાય તે તારીખથી પાકિસ્તાન જેલમાંથી મુક્ત થાય તે તારીખ સુધી રાજ્ય સરકાર દ્બારા માછીમારના કુટુંબીજનોને આર્થિક સહાય પેટે દૈનિક રૂા.૧૫૦/– ચુકવવામાં આવે છે. |
| (૩) ગીર સોમનાથ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા માછીમાર કુટુંબને કેટલી સહાય ચુકવવામાં આવી? | (૩) ગીર સોમનાથ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૫૭ માછીમાર કુટુંબને રૂા.૩,૩૬,૯૨,૧૦૦/– પુરાની આર્થિક સહાય ચુકવવામાં આવી. |

---------

હિંમતનગર ખાતે વિભાગીય પોલીસ અધિકારી કચેરી/મહિલા પોલીસ સ્ટેશનનું બાંધકામ બાબત

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

* ૩૦૩૧૯ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર મુકામે વિભાગીય પોલીસ અધિકારીની કચેરી અને મહિલા પોલીસ સ્ટેશનના મકાનનું બાંધકામ તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) વિભાગીય પોલીસ અધિકારી કચેરી અને મહિલા પોલીસ સ્ટેશનના બાંધકામ અંગેનું ટેન્ડર મંજુર કરી તેનો સ્વીકૃતિ હુકમ આપવામાં આવેલ છે. |
| (૨) આ બાંધકામનો ખર્ચ કઈ ગ્રાન્ટમાંથી કરવામાં આવનાર છે? | (૨) આ બાંધકામનો ખર્ચ પોલીસ વિભાગના બિનરહેણાંકના મકાનો માટેની ગ્રાન્ટમાંથી કરવામાં આવનાર છે. |

---------

### વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫નાં મેગા એક્ઝિબિશનમાં મુલાકાતીઓ

* ૩૦૨૬૮ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં થયેલ મેગા એક્ઝિબિશનમાં કુલ કેટલી કંપનીઓએ ભાગ લીધો, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં થયેલ મેગા એક્ઝિબિશનમાં કુલ ૧,૨૫૦ કંપનીઓએ ભાગ લીધો હતો. |
| (૨) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં થયેલ મેગા એક્ઝિબિશનમાં કુલ કેટલા મુલાકાતી આવ્યા હતા? | (૨) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં થયેલ મેગા એક્ઝિબિશનમાં આશરે ૧૦ લાખ મુલાકાતી આવ્યા હતાં. |

---------

### ગાંધીનગર જિલ્લામાં કલોલ સબજેલનું મકાન

* ૩૦૨૮૭ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કલોલ સબજેલનું મકાન ક્યારથી બિનવપરાશી છે, અને | (૧) ૨૦૦૧ થી. |
| (૨) ઉકત સબજેલનું નવિન મકાન બનાવવાનું શું આયોજન છે ? | (૨) હાલ કોઈ આયોજન નથી. |

---------

### રાજ્યના માછીમારોને પાકિસ્તાનના કબજામાંથી મુકત કરાવવા બાબત

* ૨૯૮૯૩ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સંયાજીગંજ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાકિસ્તાન સતાવાળા દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કેટલા માછીમારોને પકડવામાં આવ્યા, | (૧) પાકિસ્તાન સતાવાળા દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કુલ ૭૪૭ માછીમારોને પકડવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પકડાયેલ માછીમારોને મુકત કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા શા પ્રયત્નો કર્યા, અને | (૨) પાકિસ્તાન સત્તાવાળા દ્વારા પકડવામાં આવેલ માછીમારોને મુકત કરાવવા માટે ભારતીય નાગરીકતાના રાષ્ટ્રીયતા ખરાઈની વિગત ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયને મોકલી માછીમારો અને બોટોને મુકત કરાવવા રજુઆત કરવામાં આવે છે. |

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૨૩ રજુઆત કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૩) ઉકત સ્થિતિએ કેટલા માછીમારોને મુકત કરવામાં આવ્યા ? | (૩) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૫૮ માછીમારોને મુકત કરવામાં આવેલ છે. |

---------

## અમરેલી જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ તાલીમ

* ૩૦૫૩૦ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત રાજ્યમાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ તાલીમ આપવામાં આવેલ છે, અને | (૨) ૩૩૨૩. |
| (૩) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓ તાલીમાર્થીઓ હતા ? | (૩) ૧૬૭૮ પુરૂષો અને ૧૬૪૫ મહિલાઓ. |

---------

## રાજકોટ જિલ્લામાં લોકક્ષક ભરતી પરીક્ષામાં ગેરરીતિ

* ૩૦૪૨૬ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ લોકરક્ષકની ભરતી માટે રાજકોટ કેન્દ્રમાં લેવાયેલ પરીક્ષાઓમાં ક્યા પ્રકારની ગેરરીતિની કેટલી ફરીયાદો છેલ્લા એક વર્ષમાં સરકારને મળી, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ લોકરક્ષકની ભરતી માટે રાજકોટ જિલ્લાના ૧૩૨ કેન્દ્ર ખાતે તા.૨૩–૧૦–૨૦૧૬ ના રોજ લેખિત પરીક્ષા યોજવામાં આવેલ હતી. જે પરીક્ષા દરમિયાન ૧ ઉમેદવાર કોપી કેસ કરતા પકડાયેલ. |
| (૨) ઉકત મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને<br>(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) અને (૩) લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા કોપી કેસમાં પકડાયેલ ઉમેદવારને લેખિત પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવેલ છે. |

---------

## વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ માં યોજાયેલ બી ટુ જી મીટીંગ

* ૩૦૨૬૨ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ દરમિયાન કેટલી B 2G મીટીંગ યોજાયેલ હતી, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ દરમિયાન ૪૦૦ થી વધુ B 2G મીટીંગ યોજાયેલ હતી. |
| (૨) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ દરમિયાન B 2G મીટીંગમાં કુલ કેટલા એમ.ઓ.યુ. થયા હતા? | (૨) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં ભાગ લેતા ઉદ્યોગ જગતના વ્યવસાયિકો તેમજ ઉદ્યોગ સાહસિકોને ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં રોકાણ માટેની નીતિઓ, તકો અને સરકારની પ્રોત્સાહન યોજનાઓ બાબતે સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે વાર્તાલાપ થઈ શકે અને મૂંઝવણોના નિરાકરણ થઈ શકે તે ઉદ્દેશયથી B 2G મીટીંગનું આયોજન કરવામાં આવે છે. |

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

B 2G મીટીંગમાં થયેલ એમઓયુની અલગથી માહિતી રાખવામાં આવતી નથી. પરંતુ, વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ દરમિયાન ૨૧,૩૦૪ જેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન અને ૧,૨૨૫ જેટલા સ્ટ્રેટીજીક પાર્ટનરશીપ મંજૂર થયા હતાં.

---------

### વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫નાં મેગા એક્ઝિબિશનમાં મુલાકાતીઓ

* ૩૦૨૬૭ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં થયેલ મેગા એક્ઝિબિશનમાં કુલ કેટલી કંપનીઓએ ભાગ લીધો, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં થયેલ મેગા એક્ઝિબિશનમાં કુલ ૧,૨૫૦ કંપનીઓએ ભાગ લીધો હતો. |
| (૨) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં થયેલ મેગા એક્ઝિબિશનમાં કુલ કેટલા મુલાકાતી આવ્યા હતા? | (૨) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં થયેલ મેગા એક્ઝિબિશનમાં આશરે ૧૦ લાખ મુલાકાતી આવ્યા હતાં. |

---------

### સુરત જિલ્લામાં મત્સ્યબીજ ઉત્પાદન

* ૨૯૮૯૬ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) **:** માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગ ખાતા હસ્તકના મત્સ્યબીજ ઉત્પાદન કેન્દ્રમાંથી કેટલું મત્સ્યબીજ ઉત્પાદન થયેલ છે, અને | (૧) સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગ ખાતા હસ્તકના મત્સ્યબીજ ઉત્પાદન કેન્દ્રમાંથી વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૯૬૧ લાખ સ્પોન મત્સ્યબીજ અને વર્ષ ૨૦૧૫–૧૬ માં ૨૯૪૯ લાખ સ્પોન મત્સ્યબીજ ઉત્પાદન થયેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કઈ જાતના મત્સ્યબીજનું ઉત્પાદન થયેલ છે ? | (૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કટલા, રોહુ, મ્રીગલ જાતના મત્સ્યબીજનું ઉત્પાદન થયેલ છે. |

---------

### દેવભૂમિ–દ્વારકા જિલ્લા હોમગાર્ડ પગાર/ભથ્થા ચૂકવણી બાબત

* ૩૦૧૦૪ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાનોને તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ ચાર માસથી વેતન તથા મળવાપાત્ર ભથ્થાની ચૂકવણી કરવામાં આવી નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત બાકી રહેલ તમામ ચુકવણી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### મહેસાણા જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૩૦૪૧૬ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧–૧–૧૬ થી તા.૩૧–૧૨–૧૬ સુધીમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમનો દારૂ પકડવામાં આવ્યો, અને

જવાબ

(૧)

| તાલુકા | પકડાયેલ દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|
| મહેસાણા | ૭૪,૨૩,૩૩૧ |

| | |
|---|---|
| કડી | ૮૨,૦૪,૨૭૦ |
| બેચરાજી | ૩,૨૦,૦૯૦ |
| વિસનગર | ૮,૦૭,૩૬૦ |
| વિજાપુર | ૧૨,૨૫,૫૨૦ |
| ઉંઝા | ૬,૪૭,૬૪૩ |
| ખેરાલુ | ૪,૫૧,૧૩૫ |
| વડનગર | ૪,૧૯,૧૭૨ |
| સતલાસણા | ૧૧,૬૮,૮૬૦ |

(૨) તે અન્વયે ઉકત સમયગાળામાં કેટલા ઈસમો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) ૪૮૪૩ પકડાયેલ ઈસમો સામે ગુજરાત પ્રોહિબીશન એકટ-૧૯૪૯ હેઠળ ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે. તથા ૮૦૩ ઈસમો સામે પ્રોહી-૯૩ અને ૦૭ ઈસમો સામે પાસા અન્વયે અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

---------

અરવલ્લી જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૯૨૯૧ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કમર્ચારી-અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૫ માં ૩૫૩<br>વર્ષ ૨૦૧૬ માં ૧૩૯૭. |

---------

વડોદરા શહેરમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

* ૩૦૫૨૮ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના સોસાયટી અંતર્ગત રાજ્યમાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આ તાલીમ આપવામાં આવેલ છે, અને તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓ તાલીમાર્થીઓ હતા, અને | (૨) ૬૫૫૬. |
| (૩) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓ તાલીમાર્થીઓ હતા ? | (૩) ૩૨૭૮ પુરૂષો અને ૩૨૭૮ મહિલાઓ. |

---------

નર્મદા જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ

* ૨૯૩૧૦ શ્રી મોતીલાલ વસાવા (ડેડિયાપાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૬૨. |

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૮૩૭૮.

---------

મહિસાગર જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૯૨૯૦ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કમર્ચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૫ માં ૪૫૫<br>વર્ષ ૨૦૧૬ માં ૩૭૭. |

---------

બનાસકાંઠા જિલ્લામાં ઘાસચારા બિયારણ કીટ

* ૨૯૩૧૨ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

પશુપાલન ખાતા દ્વારા વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ખરીફ ઋતુ તથા રવિ ઋતુ દરમિયાન ક્યા પ્રકારના અને કેટલી સંખ્યામાં ઘાસચારાની મીની બિયારણ કીટ પુરી પાડવામાં આવી ?

જવાબ

| ઋતુ | યોજનાનું નામ | કિટની સંખ્યા | પાકનું નામ | પ્રતિ કીટ જથ્થો (કિ.ગ્રા.) | કુલ જથ્થો (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ખરીફ ઋતુ | (૧)એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૧૪૮ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૧૦૩૬ કિ.ગ્રા. |
| | (૨)આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૮૦ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૫૬૦ કિ.ગ્રા. |
| | (૩) અનુસૂચિત જાતિ પેટા વિકાસ યોજના (હેલ્થ પેકેજ) | ૭૨૮ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૫૦૯૬ કિ.ગ્રા. |
| રવિ ઋતુ | (૧) એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૬૨ | ઓટ કેન્ટ | ૧૦ કિ.ગ્રા. | ૬૨૦ કિ.ગ્રા. |
| | (૨) આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૩૩ | ઓટ કેન્ટ | ૧૦ કિ.ગ્રા. | ૩૩૦ કિ.ગ્રા. |

---------

વલસાડ જિલ્લા પંચાયતને રેતી આવકમાંથી ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવેલ રકમ

* ૩૦૩૬૫ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રેતીની આવક સંબંધિત જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા,તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાની રેતીની ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ જિલ્લા પંચાયતને ફાળવવામાં આવેલ છે ? | (૨) રૂ.૧૫૯.૦૯ લાખ. |

---------

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૧ વિમેન્સ સેઝમાં એમ.ઓ.યુ.

ફાલ્ગુન ૧૭, ૨૦૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નો

* ૨૮૪૫૭ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૧ ની વાયબ્રન્ટ સમિટમાં ૩૦૦ કરોડથી વધુના એમ.ઓ.યુ. વિમેન્સ સેઝ માટે થયા હતા તે હકીકત સાચી છે, અને | (૧) ના. |
| (૨) જો હા, તો આ વિમેન્સ સેઝની કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

નવસારી જિલ્લા પંચાયતને રેતી આવકમાંથી ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવેલ રકમ

* ૩૦૩૬૬ શ્રી પિયૂષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રેતીની આવક સંબંધિત જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા,તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લાની રેતીની ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ જિલ્લા પંચાયતને ફાળવવામાં આવેલ છે ? | (૨) રૂ.૭૭૯.૯૩ લાખ. |

---------

સુરત જિલ્લામાં મત્સ્યબીજ ઉત્પાદન

* ૨૯૮૯૭ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગ ખાતા હસ્તકના મત્સ્યબીજ ઉત્પાદન કેન્દ્રમાંથી કેટલું મત્સ્યબીજ ઉત્પાદન થયેલ છે, અને | (૧) સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગ ખાતા હસ્તકના મત્સ્યબીજ ઉત્પાદન કેન્દ્રમાંથી વર્ષ ૨૦૧૪-૧૫ માં ૨૯૬૧ લાખ સ્પોન મત્સ્યબીજ અને વર્ષ ૨૦૧૫-૧૬ માં ૨૯૪૯ લાખ સ્પોન મત્સ્યબીજ ઉત્પાદન થયેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કઈ જાતના મત્સ્યબીજનું ઉત્પાદન થયેલ છે ? | (૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કટલા, રોહુ, મ્રીગલ જાતના મત્સ્યબીજનું ઉત્પાદન થયેલ છે. |

---------

ગુજકોસ્ટ દ્વારા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ

* ૨૯૩૦૦ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજકોસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૬ માં યોજાયેલ રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસમાં કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે, | (૧) ૧૮,૦૦૦. |
| (૨) તેમાં રાજ્ય કક્ષાએ કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે, અને | (૨) ૩૬૨. |
| (૩) રાષ્ટ્રીય કક્ષાએ કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે? | (૩) ૨૮. |

---------

મહેસાણા જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૯૮૫૧ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, ધાડ, બળાત્કાર, ચોરી અને અપહરણના કેટલા બનાવો નોંધાયા,

(૧)

| તાલુકા | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી | અપહરણ |
|---|---|---|---|---|---|---|
| મહેસાણા | ૧૯ | ૮૧ | ૨૮ | ૧૩ | ૬૨૭ | ૭૧ |
| કડી | ૧૬ | ૧૩ | ૧૫ | ૫ | ૨૩૯ | ૩૨ |
| બેચરાજી | ૧૦ | ૬ | ૩ | ૧ | ૬૪ | ૩ |
| વિસનગર | ૭ | ૨૬ | ૧૬ | ૯ | ૨૭૬ | ૨૪ |
| વિજાપુર | ૮ | ૧૯ | ૩ | ૨ | ૧૭૨ | ૩૪ |
| ઉંઝા | ૩ | ૧૫ | ૧૧ | ૪ | ૧૫૮ | ૨૮ |
| ખેરાલુ | ૨ | ૭ | ૦ | ૩ | ૫૨ | ૭ |
| વડનગર | ૧ | ૮ | ૦ | ૪ | ૬૧ | ૨૨ |
| સતલાસણા | ૩ | ૦ | ૦ | ૧ | ૩૩ | ૪ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી, અને

(૨) ૨૨૨૭.

(૩) ઉક્ત જિલ્લામાં ઉક્ત સમયગાળામાં ગુનાખોરી અટકાવવા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) આવા બનાવો રોકવા સારૂ સોસાયટી, મોલ, બજાર, રહેઠાણ, બાગ-બગીચાવાળી જગ્યાઓ ઉપર સઘન પેટ્રોલીંગ, વાહન ચેકીંગ કરવામાં આવેલ છે. મિલ્કત સંબંધી/શરીર સંબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપીઓ ઉપર સી.આર.પી.સી.ની જોગવાઈ મુજબ અસરકારક અટકાયતી પગલાં લેવામાં આવેલ છે તેમજ રાત્રીના સમયે નાઈટ રાઉન્ડ અસરકારક બનાવવા કોમ્બીંગ નાઈટોનું આયોજન કરી રાત્રી દરમ્યાન શહેરમાં પ્રવેશવાના-બહાર નિકળવાના તમામ નકશાઓ ઉપર તમામ બ્રીજના છેડાઓ ઉપર, રેલ્વે સ્ટેશનો, બસ સ્ટેશનો, અગત્યના પોઈન્ટો ઉપર સઘન ચેકીંગ કરવામાં આવે છે. ઉપરોક્ત ગંભીર પ્રકારના બનાવો અટકાવવા સંબંધે જાહેર જનતામાં મહોલ્લા સમિતિ તથા લોક દરબાર યોજી સમજ કરી લોકોમાં જાગૃતી લાવવા અંગે સમજ કરવામાં આવે છે.

સુરક્ષા સેતુ સોસાયટી મારફત લોક સંપર્ક વધારવામાં આવે છે. ભાડુઆતો અને ઘરઘાટીની નોંધણી કરવામાં આવે છે. જાહેર સ્થળે CCTV લગાડવામાં આવે છે. મહોલ્લા/ સોસાયટીમાં CCTV લગાડવા પ્રોત્સાહન આપવામાં આવે છે.

---------

### પાટણ જિલ્લામાં પીવાના પાણીના બોર

* ૩૦૧૫૬ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પીવાના પાણીના બોર બનાવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૮૦ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૮ અરજીઓ. |
| (૩) ઉક્ત સ્થિતિએ એક બોર બનાવવા પાછળનો અંદાજિત ખર્ચ કેટલો ? | (૩) રૂ. ૧૪.૫૦ લાખ. |

---------

### સુરત અને તાપી જિલ્લામાં પશુ દવાખાના/સારવાર કેન્દ્ર

* ૨૭૮૫૮ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત અને | (૧) પત્રક-૧ મુજબ |

| | |
|---|---|
| તાપી જીલ્લામાં પશુદવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | |
| (૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પત્રક–૧ મુજબ |
| (૩) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) શક્ય તેટલું ઝડપથી |

પત્રક–૧

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં પશુદવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગત અને તે અન્વયે ઉકત જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગત દર્શાવતું પત્રક.

| | | સુરત જિલ્લો | | | તાપી જિલ્લો | | |
|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | સંવર્ગની વિગત | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ | ૧૫ | ૭ | ૮ | ૮ | ૫ | ૩ |
| ૨ | પશુધન નિરીક્ષક વર્ગ–૩ | ૨૫ | ૧૪ | ૧૧ | ૨૨ | ૧૦ | ૧૨ |
| ૩ | ડ્રેસર/પટાવાળા વર્ગ–૪ | ૫૩ | ૨૨ | ૩૧ | ૩૦ | ૧૩ | ૧૭ |
| | કુલ | ૯૩ | ૪૩ | ૫૦ | ૬૦ | ૨૮ | ૩૨ |

---------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પકડાયેલ ગૌમાંસ

* ૨૮૪૭૯ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કેટલો ગૌમાંસનો જથ્થો પકડાયો, અને | (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬ દરમ્યાન ૪૪,૬૮૫ કિ.ગ્રા. ગૌમાંસ પકડાયેલ છે. જ્યારે મહીસાગર જિલ્લામાં આ સમયગાળા દરમ્યાન કોઈ ગૌમાંસ પકડાયેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ગૌહત્યા અટકાવવા સરકારે શા પગલા લીધા ? | (૨) આવા બનાવો બનતા અટકાવવા માટે શહેર/ જિલ્લાઓમાં સરકારશ્રી તરફથી આપવામાં આવેલ સુચનાનો અમલ કરી, ગૌવંશની હત્યા અંગેના બનેલ બનાવોવાળી જગ્યાએ સતત વોચ, અવારનાર ચેકીંગ, ગૌવંશની હત્યા કરવાની પ્રવૃત્તિ અંગે ભુતકાળમાં પકડાયેલ ઈસમોની પ્રવૃત્તિ પર સઘન વોચ રાખી ચેકીંગ, ગૌવંશની ગેરકાયદેસર હેરાફેરી થવાની શક્યતાવાળા માર્ગો પર નાકાબંધી, અચાનક ચેકિંગ અને ચેકપોસ્ટો પણ કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ અટકાયતી પગલાં લેવામાં આવે છે. |

---------

ખેડા જિલ્લા પોલીસનાં બિનરહેણાંક મકાન બાબત

* ૨૯૨૮૮ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જીલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭માં તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં પોલીસ ખાતા માટે કેટલાં બિનરહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને | (૧) ૨૫ બિનરહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૨૮૫૦.૦૬ લાખ. |

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

---------

### રાજ્યમાં બોકસાઈટ માઈનીંગ લીઝ

* ૨૯૨૯૫ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બોક્સાઈટ ખનીજ કયા જિલ્લામાં મળી આવે છે, અને | (૧) દેવભૂમિ દ્વારકા, કચ્છ, અમરેલી, અરવલ્લી, સાબરકાંઠા, ખેડા અને પોરબંદર. |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં બોક્સાઈટ ખનીજની કેટલી માઈનીંગ લીઝો અસ્તિત્વમાં છે ? | (૨) ૧૪૯. |

---------

### કેન્દ્ર સરકારની મુખ્ય ખનીજોને ગૌણ ખનીજ તરીકે જાહેરાત

* ૩૦૩૬૮ શ્રી કાંતીલાલ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી મુખ્ય ખનીજોને ગૌણ ખનીજો તરીકે જાહેર કરેલ છે, અને | (૧) ૩૧. |
| (૨) મોરબી જિલ્લામાં અસ્તિત્વ ધરાવતી લીઝોમાંથી ઉક્ત ખનીજોની ઉક્ત સમયમાં સરકારને રોયલ્ટીની કેટલી આવક થઈ ? | (૨) રૂ. ૧૧૧.૮૫ લાખ. |

---------

### વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭માં આમંત્રિતો પાછળ ખર્ચ

* ૨૯૪૩૩ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી, ૨૦૧૭ માસમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સિમિટમાં તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૧) જાન્યુઆરી માસમાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૭ પાછળ તા. ૩૧-૦૧-૨૦૧૭ સુધીમાં કુલ રૂ. ૩૩,૯૦,૫૦,૫૪૬.૦૦ નું ચૂકવણું કરવામાં આવ્યું છે. |
| (૨) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ પૈકી ગાલા ડીનર, હોટલોમાં રોકાણ અને ટ્રાન્સપોર્ટેશન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) આ સમિટમાં ઉપસ્થિત મહાનુભાવોના સન્માનમાં અને તેઓના હોદ્દાને અનુરૂપ તેમજ રાજ્યની ગરિમા, દેશના આતિથ્ય ભાવ તેમજ વૈશ્વિક સમિટના ઉપલક્ષ્યમાં છાજે એવા ડિનરનું આયોજન કરેલ હતું. ડિનર પેટે સરકાર તરફથી કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી. કારણ કે સદર ડિનર દેના બેન્ક ધ્વારા સ્પોન્સર કરેલ હતું.<br>વધુમાં હોટલોમાં રોકાણ અને ટ્રાન્સપોર્ટેશન માટે તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ રૂ. ૧,૬૧,૬૨,૦૪૮.૦૦ નું ચૂકવણું કરવામાં આવ્યું છે. |
| (૩) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ બજેટના કયા હેડે ઉધારવામાં આવ્યો ? | (૩) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના આઈ.એન.ડી.-૫, ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો બજેટ સદર હેઠળ ઉધારવામાં આવશે. |

---------

### વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ પાછળ ખર્ચ

* ૩૦૩૬૦ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## અતારાંકિત પ્રશ્નો

તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટ જાન્યુઆરી-૨૦૧૭ પાછળ સરકાર દ્વારા કઈ બાબતોમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જાન્યુઆરી-૨૦૧૭ માસમાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટ માટે તા. ૩૧-૦૧-૨૦૧૭ સુધીમાં સરકાર દ્વારા કુલ રૂ. ૩૩,૯૦,૫૦,૫૪૬.૦૦નું ચૂકવણું કરવામાં આવ્યું છે, સમિટ માટે કરવામાં આવેલ ખર્ચ હજુ આખરી થયેલ નથી, પરંતુ મુખ્યત્વે સમિટના આયોજન માટે વિવિધ સાહિત્ય તૈયાર કરવું, વિવિધ સેમિનારનું આયોજન, વેબસાઈટ બનાવવી અને નિભાવણી, ઈવેન્ટ મેનેજમેન્ટ, વહીવટી બાબતો વિગેરે માટે કરવામાં આવ્યો છે.

---------

### વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫માં પાર્ટનર દેશ

* ૩૦૨૬૫ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫માં પાર્ટનર દેશ તરીકે કેટલા અને કયા દેશો જોડાયા હતા ?

જવાબ

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫માં પાર્ટનર દેશ તરીકે ૦૮ દેશો જોડાયા હતા. જેમાં (૧) ઓસ્ટ્રેલિયા, (૨) કેનેડા, (૩) યુ. કે., (૪) નેધરલેન્ડ, (૫) જાપાન, (૬) દક્ષિણ આફ્રિકા, (૭) સિંગાપોર, (૮) યુ.એસ.એ.નો સમાવેશ થાય છે.

---------

### ખેડા અને આણંદ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૭૮૨૪ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર ચોરી, લૂંટ, ધાડ, અપહરણ, બળાત્કાર, ખૂન, આપઘાત, ચેઈન સ્નેચીંગ અને વાહનચોરીના કેટલા ગુનાઓ નોંધાયા?

જવાબ

પત્રક મુજબ

પત્રક

| ખેડા | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | | | | | | | | |
| ચોરી | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહનચોરી |
| ૧૭૫ | ૫ | ૫ | ૮૩ | ૯ | ૪૦ | ૫૦ | ૩ | ૧૧૩ |
| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | | | | | | |
| ચોરી | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહનચોરી |
| ૧૬૦ | ૩ | ૬ | ૫૯ | ૧૧ | ૩૫ | ૫૯ | ૨ | ૯૭ |
| આણંદ | | | | | | | | |
| તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | | | | | | | | |
| ચોરી | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહનચોરી |
| ૩૨૮ | ૨૬ | ૧૧ | ૧૦૮ | ૨૩ | ૩૨ | ૯૧ | ૧ | ૨૧૨ |
| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | | | | | | |
| ચોરી | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહનચોરી |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯૭ | ૪૮ | ૨૫ | ૧૧૭ | ૧૪ | ૧૯ | ૧૪૬ | ૧ | ૧૫૨ |

---------

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં સ્વાતંત્ર્ય સેનાની તથા આશ્રિતોને પેન્શન

* ૨૭૮૨૦ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી(સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તારીખ: ૧૫-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં સ્વાતંત્ર્ય સેનાની અને તેમના આશ્રિતોની જિલ્લાવાર કેટલી સંખ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેમને માસિક પેન્શન કેટલું આપવામાં આવે છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા સ્વાતંત્ર્ય સેનાની અને તેમના આશ્રિતોને પેન્શન આપવાનું કેટલા સમયથી બાકી છે, અને

(૪) બાકી પેન્શન કેટલા સમયમાં ચુકવવામાં આવશે?

જવાબ

(૧)

| જિલ્લો | સ્વાતંત્ર્ય સેનાનીની સંખ્યા | સ્વાતંત્ર્ય સેનાનીના આશ્રિતોની સંખ્યા | કુલ |
|---|---|---|---|
| છોટાઉદેપુર | - | ૧ | ૧ |
| વડોદરા | ૧૨ | ૧૬ | ૨૮ |

(૨) સ્વાતંત્ર્ય સેનાનીને માસિક રૂપિયા ૧૦,૦૦૦/- અને તેમના આશ્રિતોને માસિક રૂપિયા ૭,૦૦૦/- પેન્શન આપવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ કોઈપણ સ્વાતંત્ર્ય સેનાની/તેમના આશ્રિતને પેન્શન આપવાનું બાકી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ભરૂચ જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

* ૩૦૫૨૫ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત રાજ્યમાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ તાલીમ આપવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓ તાલીમાર્થીઓ હતા?

જવાબ

(૧) હા, જી.

(૨) ૩૭૯૨.

(૩) ૧૯૦૧ પુરૂષો અને
૧૮૯૧ મહિલાઓ.

---------

અરવલ્લી જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૫૧૯ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના કુલ-૧૧ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે.

(૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વાયબ્રન્ટ સમિટ – ૨૦૧૫માં પાર્ટનર દેશ

* ૩૦૨૬૪ શ્રી કાન્તીભાઈ ગામીત (નિઝર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫માં પાર્ટનર દેશ તરીકે કેટલા અને કયા દેશો જોડાયા હતા?

જવાબ

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫માં પાર્ટનર દેશ તરીકે ૦૮ દેશો જોડાયા હતા. જેમાં (૧) ઓસ્ટ્રેલિયા, (૨) કેનેડા (૩) યુ.કે. (૪) નેધરલેન્ડ (૫) જાપાન (૬) દક્ષિણ આફ્રિકા (૭) સિંગાપોર (૮) યુ.એસ.એ. નો સમાવેશ થાય છે.

---------

રાજકોટ શહેર/જિલ્લાંમાં હત્યાના બનાવો

* ૨૯૬૯૩ શ્રી ઈન્દ્રનીલભાઇ રાજ્યગુરૂ (રાજકોટ–પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૧૫–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં રાજકોટ શહેર અને જિલ્લાંમાં હત્યાના કેટલા બનાવો નોંધાયા, | (૧) ૧૭. |
| (૨) તે અન્વયે કેટલા કેસોમાં પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ સામેલ હતા અને તેમની સામે ક્યારે એફ.આઇ.આર.નોંધવામાં આવી, અને | (૨) ૦૧ કેસમાં સામેલ હોવાનું જણાતા તા.૦૪–૦૧–૨૦૧૭ ના રોજ એફ.આઇ.આર. નોંધવામાં આવી |
| (૩) તે અન્વયે જવાબદારોને સખ્ત શિક્ષા મળે તે માટે સરકારે શા પગલાં લીધા અને કઇ કઇ કલમો લગાવાઇ? | (૩) ફરજ મોકૂફ કરી, તેઓ સામે ભારતીય દંડ સહિતા ૩૦૨, ૧૨૦બી, ૧૯૫, ૨૦૧, ૧૧૪ની કલમ લગાડેલ છે. |

---------

કચ્છ જિલ્લામાં પોલીસનાં બિનરહેણાંક મકાન બાબત

* ૨૯૨૮૭ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭માં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૬ સુધીમાં પોલીસ ખાતા માટે કેટલાં બિનરહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને | (૧) ૩૫ બિનરહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ.૩૦૧૨.૬૩ લાખ. |

---------

મહુવા તાલુકામાં કાર્યરત હેન્ડપંપ

* ૨૯૩૦૪ શ્રી મોહનભાઇ ઢોડીયા (મહુવા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લાના મહુવા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાણી પુરવઠા વિભાગ હસ્તકના કુલ કેટલા હેન્ડપંપ કાર્યરત છે, અને | (૧) ૩૫૨૭ હેન્ડપંપ. |
| (૨) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં ઉક્ત સ્થિતિએ | (૨) ૭૦૫ હેન્ડપંપ રીપેર કરવામાં આવેલ છે. |

મહુવા તાલુકામાં કુલ કેટલા હેન્ડપંપ રીપેર કરવામાં આવેલ છે?

---------

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૨૯૩૧૫ શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ ૨૦૧૬ દરમ્યાન દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યુ, | (૧) ૨ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૪,૧૧૮ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૩) ૪૫,૩૯૪ |

---------

## રાજ્યની એફ.એસ.એલ.માં સાયબર ક્રાઇમ વિરૂધ્ધ ટેકનોલોજી

* ૩૦૫૫૩ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સાયબર ક્રાઇમના ઉકેલ માટે રાજ્યની એફ.એસ.એલ.માં સાયબર ક્રાઇમ સંદર્ભમાં ટેકનોલોજી વસાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એફ.એસ.એલ.માં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ ક્યા ક્યા પ્રકારની ટેકનોલોજી વસાવવામાં આવેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ટેકનોલોજી વસાવવામાં આવેલ છે.<br>(૧) માલવેરના પૃથ્થકરણ માટેની સીસ્ટમ.<br>(૨) પાસવર્ડ રીકવરી કરવાની ટેકનોલોજી.<br>(૩) મોબાઇલ ફોનના પૃથ્થકરણ માટેની સીસ્ટમ.<br>(૪) ઇન્ટરનેટના માધ્યમથી આચરેલ ગુન્હાના ઉકેલ માટેની સીસ્ટમ.<br>(૫) સી.ડી.–ડી.વી.ડી.ના પૃથ્થકરણ માટેની સીસ્ટમ.<br>(૬) વિવિધ પ્રકારના કોમ્પ્યુટર સ્ટૉરેજ ઉપકરણનું પૃથ્થકરણ કરવા માટેની ટેકનોલાજી.<br>(૭) વીડીયો ફૂટેજ એન્હેસ કરવા માટેની સીસ્ટમ. |

---------

## પોલીસ તંત્રમાં આધુનિકીકરણ માટે કેન્દ્ર સરકાર સમક્ષ ગ્રાન્ટની માંગણી

* ૨૮૫૩૯ શ્રી શૈલેષ પરમાર (દાણી લીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પોલીસતંત્રના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે પૂરા થયેલ નાણાંકીય વર્ષમાં વર્ષવાર પોલીસતંત્રના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની ગ્રાન્ટની માંગણી કરવામાં આવી.<br>વર્ષ – ૨૦૧૪–૧૫ રૂ. ૭૨.૭૨ કરોડ<br>વર્ષ – ૨૦૧૫–૧૬ રૂ. ૨૮.૪૬ કરોડ |
| (૨) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૨) તે પૈકી ઉક્ત વર્ષવાર નીચે મુજબની રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી. |

વર્ષ – ૨૦૧૪–૧૫ રૂ. ૭૨.૬૫ કરોડ
વર્ષ – ૨૦૧૫–૧૬ રૂ. ૨૨.૪૭ કરોડ

(૩) ઉક્ત મળેલ ગ્રાન્ટ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૩) ઉક્ત મળેલ ગ્રાન્ટ પૈકી વર્ષવાર નીચે મુજબની રકમ ખર્ચ કરવામાં આવી.
વર્ષ – ૨૦૧૪–૧૫ રૂ. ૭૨.૬૫ કરોડ
વર્ષ – ૨૦૧૫–૧૬ રૂ. ૧૩.૬૦ કરોડ

---------

જુનાગઢ જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ તાલીમ

* ૩૦૫૬૨ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત રાજ્યમાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ તાલીમ આપવામાં આવેલ છે, અને | (૨) ૩૦૨૭ |
| (૩) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓ તાલીમાર્થીઓ હતા ? | (૩) ૧૫૭૪ પુરૂષો અને ૧૪૫૩ મહિલાઓ |

---------

મહેસાણા અને અમરેલી જિલ્લા પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા

* ૩૦૫૩૬ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને અમરેલી જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના કુલ–૨૧ પોલીસ સ્ટેશન અને અમરેલી જિલ્લાના કુલ–૨૧ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે. |
| (૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સસોઈ જૂથ પાણી પુરવઠા યોજના

* ૩૦૦૯૨ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સસોઈ ડેમ આધારીત સસોઈ જુથ પાણી પુરવઠા યોજનાના છેવાડાના ૯ ગામો અને પરા વિસ્તાર માટે હનસુમરા–મસીતીયા જુથ પાણી પુરવઠા યોજનાને તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાંત્રિક ચકાસણી સમિતિ દ્વારા બહાલી આપવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાના કામો તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) યોજનાની સ્થળ પરિસ્થિતિ પ્રમાણે તાંત્રિક ચકાસણી સમિતિ દ્વારા તા. ૪–૨–૨૦૧૭ના રોજ સુધારેલ મંજુરી આપવામાં આવેલ છે, જે મુજબની સુધારેલ વહીવટી |

મંજુરીની દરખાસ્ત ચકાસણી હેઠળ છે.

(૩) તે ક્યાં સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે ?

(૩) વહીવટી મંજુરી મળેથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

---------

## દાહોદ જિલ્લામાં મારામારીની ફરિયાદ

* ૨૯૭૫૧ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ડાંકણ–વહેમ જેવી અંધશ્રધ્ધાના કારણે મારામારીની કેટલી ફરિયાદો નોંધવામાં આવી, અને | (૧) ૧૦૬ |
| (૨) ઉક્ત અપરાધો રોકવા સરકારે ઉક્ત સમયગાળામાં શા પગલા લીધા ? | (૨) જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ગામના હોદ્દેદારોની હાજરીમાં સુરક્ષા સેતુ અંતર્ગત નાટકો યોજી આવી અફવાઓમાં લોકો દોરવાઈ ના જાય તે માટે યોગ્ય માર્ગદર્શન આપી જાગૃત કરવામાં આવે છે. તેમજ લોકોને આવી બાબતોથી દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે. |

---------

## બોટાદ જિલ્લામાં મંજુર જીનીંગ એકમ

* ૩૦૪૭૫ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી–૨૦૧૨ અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં કેટલા જીનીંગ એકમો મંજુર કરવામાં આવ્યા, અને | (૧) ૩૫ |
| (૨) આ જીનીંગ એકમોમાં કેટલું મુડીરોકાણ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૨૧.૬૬ કરોડ |

---------

## ખાંભા અને બગસરા તાલુકાને પીવાનું પાણી

* ૨૯૮૮૬ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખાંભા અને બગસરા તાલુકાને મહીપરીએજ યોજના હેઠળ પીવાનું પાણી આપવા કોઈ યોજના છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અન્વયે કેટલો ખર્ચ અંદાજેલ છે, અને | (૨) ખાંભા અને બગસરા તાલુકાને મહિ પરિએજ પાઈપ યોજના આધારિત પીવાનું પાણી આપવા માટેની ગૃપ યોજનાની તાલુકાવાર વિગત નીચે મુજબ છે. |

| તાલુકો | મરીપરીએજ પાઈપ યોજના આધારીત ગૃપ યોજના | ગૃપ યોજનાનો અંદાજેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ખાંભા | રાયડી સુધારણા યોજના | ૮૪૯.૨૨ |
| | ખાંભા ગૃપ યોજના | ૧૩૫૦.૨૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને

(૪) ભરતી પ્રક્રિયા ચાલુ છે.

(૫) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

(૫) શક્ય તેટલું ઝડપથી.

---------

રાજ્યના દરીયા કિનારે શીપ બિલ્ડીંગ પાર્ક/યાર્ડ વિકસાવવા મંજુરી

* ૩૦૧૫૯ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના દરિયા કિનારે શીપ બિલ્ડીંગ પાર્ક કે યાર્ડ વિકસાવવાની મંજુરી છેલ્લા બે વર્ષમાં ક્યારે કોને આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિ સુધીમાં ઉક્ત પાર્ક કે યાર્ડ વિકસાવવા જમીન ફાળવણી કરવા માટે કોને કેટલી જમીન માટે એન.ઓ.સી. આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) રાજ્યના દરિયા કિનારે શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવા છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે મંજુરી આપવામાં આવી છે.

| કંપનીનું નામ | મંજૂરીની તારીખ |
|---|---|
| ગુજરાત ઈન્ટીગ્રેટેડ મેરીટાઇમ કોમ્પ્લેક્સ પ્રાઈવેટ લીમીટેડ | ૧૦–૧૧–૨૦૧૫ |

(૨) ઉક્ત યાર્ડ વિકસાવવા જમીન ફાળવણી માટે એન.ઓ.સી. આપવામાં આવેલ નથી.

સુરત અને તાપી જિલ્લામાં ખાણ–લીઝનું ચેકીંગ

* ૨૭૮૬૦ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને તાપી જીલ્લામાં ફ્લાઈંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

જવાબ

(૧)

| જીલ્લો | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ |
|---|---|---|
| સુરત | (૧) તા. ૧૨–૫–૧૫,<br>(૨) તા. ૧૩–૫–૧૫,<br>(૩) તા. ૨૫–૫–૧૫,<br>(૪) તા. ૮–૯–૧૫ | (૧) તા. ૧૯–૨–૧૬,<br>(૨) તા. ૨૦–૨–૧૬,<br>(૩) તા. ૨૫–૪–૧૬ |
| તાપી | (૧) તા. ૨૦–૧–૧૫,<br>(૨) તા. ૯–૧૦–૧૫ | (૧) તા. ૨૦–૧–૧૬,<br>(૨) તા. ૨૧–૧–૧૬,<br>(૩) તા. ૧૫–૩–૧૬ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જીલ્લાવાર વર્ષવાર કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ પકડાઈ,

(૨)

| જીલ્લો | વર્ષ | ગેરરીતિનો પ્રકાર | ખનિજચોરી (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| સુરત | ૨૦૧૫ | બિન અધિકૃત ખનન | ૩૦૭૦.૪૬ |
| | ૨૦૧૬ | બિન અધિકૃત ખનન | ૦.૯૭ |
| તાપી | ૨૦૧૫ | કોઈ ગેરરીતિ જોવા મળેલ નથી. | શૂન્ય |
| | ૨૦૧૬ | બિન અધિકૃત ખનન અને | ૧.૨૭ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) (૧) સુરત જિલ્લામાં ૦૨ ઈસમો પાસેથી રૂ. ૪.૨૫ લાખની વસુલાત કરવામાં આવેલ છે તથા ૦૫ ઈસમોને રૂ. ૩૦૬૭.૧૭ લાખ ભરપાઈ કરવા નોટીસ આપેલ છે.

(૨) તાપી જીલ્લામાં ૧૩ ઈસમો પાસેથી રૂ. ૧.૯૨ લાખની વસુલાત કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જીલ્લાવાર કેટલી પોલીસ ફરીયાદો દાખલ કરવામાં આવી ?

(૪) શૂન્ય

---------

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૮૪૭૮ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ચોરી, લૂંટ, ધાડ, અપહરણ, બળાત્કાર, ખૂન, આપઘાત, ચેઈન સ્નેચીંગ અને વાહનચોરીના કેટલા ગુનાઓ નોંધાયા ?

પત્રક સામેલ છે.

પત્રક

તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫

| જિલ્લો | ચોરી | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહનચોરી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મહીસાગર | ૧૦ | ૧ | ૩ | ૨૨ | ૬ | ૧૯ | ૧૦ | ૦ | ૧૫ |
| પંચમહાલ | ૪૭ | ૧૫ | ૫ | ૮૦ | ૧૭ | ૩૮ | ૧૧૩ | ૦ | ૧૦૮ |
| તા. ૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | | | | | | | | | |
| જિલ્લો | ચોરી | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહનચોરી |
| મહીસાગર | ૨૭ | ૪ | ૧ | ૨૯ | ૮ | ૧૯ | ૧૩ | ૨ | ૩૩ |
| પંચમહાલ | ૩૫ | ૮ | ૫ | ૬૮ | ૧૯ | ૨૯ | ૯૫ | ૦ | ૯૭ |

---------

## મોરબી જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૫૯૨ શ્રી કાંતીભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાના ૯ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને

(૨) કોઈ નહીં.

(૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજ્યની નાણાકીય ગેરરીતિ સંબંધે એમ.બી.શાહ તપાસ પંચ

* ૨૯૪૩૫ શ્રી પુંજાબાઈ વંશ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) રાજ્યની નાણાકીય બાબતની ગેરરીતિઓ સબબ એમ.બી. શાહ તપાસ પંચની નિમણૂક તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ક્યારે કરવામાં આવી, | (૧) તા. ૧૬-૦૮-૨૦૧૧ના રોજ |
| (૨) ઉક્ત સ્થિતિએ એમ. બી. શાહ કમીશન દ્વારા કેટલા મુદ્દાઓની ચકાસણી કરી ક્યારે અહેવાલ સરકારને આપવામાં આવ્યો, અને | (૨) ૦૯ મુદ્દાઓ પરત્વેનો અંતરિમ અહેવાલ તા. ૨૭-૦૯-૨૦૧૨ના રોજ અને બાકીના ૦૬ મુદ્દાઓનો અહેવાલ તા. ૦૬-૧૧-૨૦૧૩ના રોજ |
| (૩) ઉક્ત સ્થિતિએ એમ. બી. શાહ તપાસ પંચ અન્વયે રાજ્ય સરકારને કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ. ૧,૭૧,૧૨,૧૬૯/- |

---------

### કચ્છ (પૂર્વ)-ગાંધીધામ જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૫૮૫ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ (પૂર્વ)-ગાંધીધામ જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ (પૂર્વ)-ગાંધીધામ જિલ્લાના કુલ-૧૪ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને | (૨) કોઈ નહિં. |
| (૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### તાપી અને અમદાવાદ જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૫૫૯ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને અમદાવાદ જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૨-વર્ષમાં તાપી જીલ્લાના કુલ-૦૯ અને અમદાવાદ જિલ્લામાં અમદાવાદ શહેરના કુલ-૪૪ અને અમદાવાદ ગ્રામ્યના કુલ-૨૩ પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને | (૨) તાપીમાં કોઈ પોલીસ સ્ટેશનોમાં કેમેરા લગાવવાના બાકી નથી. જ્યારે અમદાવાદ શહેરના ૪-પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે. |
| (૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે ? | (૩) અમદાવાદ શહેરના બાકી રહેતા ૪-પોલીસ સ્ટેશનોમાં ટૂંક સમયમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવશે. |

---------

### ગુજરાત મેગેઝીનનું સરકારી પ્રેસમાં છાપકામ

* ૨૮૫૪૧ શ્રી શૈલેશ પરમાર (દાણી-લીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ માહિતી કમિશનરશ્રી દ્વારા પ્રકાશિત થતું "ગુજરાત" મેગેઝીન સરકારી પ્રેસમાં છાપવામાં આવે છે કે ખાનગી પ્રેસમાં, | (૧) ખાનગી પ્રેસમાં. |
| (૨) જો સદર મેગેઝીન ખાનગી પ્રેસમાં છપાવવામાં | (૨) સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ |

આવતું હોય તો ઉક્ત સ્થિતિએ કયા ખાનગી પ્રેસમાં છાપવામાં આવે છે, અને

(૩) ઉક્ત મેગેઝીન માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) (૧) તા. ૧–૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધી–રૂ. ૧૦,૯૯,૨૭,૬૧૭/–
(૨) તા. ૧–૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધી–રૂ. ૭,૮૪,૪૬,૩૫૫/–

---------

જામનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા

* ૩૦૦૯૪ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં કેટલા પોલીસ સ્ટેશનોમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલા સી.સી.ટી.વી. કેમેરા છે, અને

(૨) ઉકત સ્થિતિએ બાકી પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા કયારે મુકવામાં આવનાર છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લાના ૧૬ પોલીસ સ્ટેશનોમાં ૧૫૭–સી.સી.ટી.વી. કેમેરા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

દાહોદ જિલ્લામાં પોલીસ મહેકમ

* ૨૯૭૫૩ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર પોલીસ સ્ટેશનોમાં મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉકત તમામ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) સામેલ *પત્રક–અ મુજબ.

(૨) ઉકત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે સરકાર દ્વારા અલગ ભરતી બોર્ડ રચેલ છે, અને ભરતી બોર્ડ દ્વારા ભરતી પ્રક્રીયા ચાલુ છે. જ્યારે બઢતીથી ભરવાની થતી જગ્યાઓ બઢતી અંગેની નિયત પ્રક્રીયા હાથ ધરી ભરવામાં આવતી હોય છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજ્યની એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યો/કેન્દ્રને તપાસમાં મદદ

* ૩૦૫૧૭ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા દેશના અન્ય રાજ્યોની પોલીસ તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓને ગુન્હાના ઉકેલ માટે મદદ પુરી પાડવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કેસોમાં અન્ય રાજ્યોની પોલીસ તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓને ગુન્હાના ઉકેલ માટે મદદ પુરી પાડવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા દેશના અન્ય રાજ્યોની પોલીસને કુલ–૨૨૫ કેસોમાં તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓને કુલ–૫૦૯ કેસોમાં ગુન્હાના ઉકેલ માટે મદદ પુરી પાડવામાં આવેલ છે.

---------

# તા. ૮મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલ ગૌમાંસ

* ૨૮૮૨૦ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલો ગોમાંસનો જથ્થો પકડાયો, અને

(૨) ઉકત સ્થિતિએ ગૌ હત્યા અટકાવવા સરકારે શા પગલાં લીધાં ?

જવાબ

(૧) અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬ માં ગૌમાંસનો ૨૦૦ કિ.ગ્રા. જથ્થો પકડાયો છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬ માં પણ ૨૦૦ કિ.ગ્રા. ગૌમાંસ પકડાયેલ છે.

(૨) આવા બનાવો બનતા અટકાવવા માટે શહેર/ જિલ્લાઓમાં સરકારશ્રી તરફથી આપવામાં આવેલ સુચનાનો અમલ કરી, ગૌવંશની હત્યા અંગેના બનેલ બનાવોવાળી જગ્યાએ સતત વોચ, અવારનવાર ચેકિંગ, ગૌવંશની હત્યા કરવાની પ્રવૃત્તિ અંગે ભુતકાળમાં પકડાયેલ ઈસમોની પ્રવૃત્તિ પર સઘન વોચ રાખી ચેકીંગ, ગૌવંશની ગેરકાયદેસર હેરાફેરી થવાની શકયતાવાળા માર્ગો પર નાકાબંધી, અચાનક ચેકિંગ અને ચેકપોસ્ટો પણ કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ અટકાયતી પગલાં લેવામાં આવે છે.

---------

### જૂનાગઢ અને ગીરસોમનાથ માંથી પકડાયેલ દારૂ

* ૩૦૧૨૮ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

10

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેટલો વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂ પકડાયો, અને

(૨) ઉપરોકત વિદેશી દારૂ, બિયર તથા દેશી દારૂની વર્ષવાર શું કિંમત થાય છે ?

જવાબ

(૧)

| | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
|---|---|---|---|
| જુનાગઢ | ૩૨,૪૩૯ | ૫,૭૯૫ | ૩૨,૩૫૩ |
| ગીરસોમનાથ | ૧,૦૪,૭૭૪ | ૧૮,૪૧૬ | ૧૯,૮૬૦ |

(૨)

| વર્ષ | વિદેશી દારૂની કિંમત (રૂપિયામાં) | બિયરની કિંમત (રૂપિયામાં) | દેશી દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | ૬૨,૬૫,૫૧૫ | ૧૦,૪૨,૫૪૦ | ૪,૫૨,૧૫૫ |
| તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | ૧,૧૯,૭૧,૯૨૦ | ૧૪,૪૧,૧૦૦ | ૬,૧૦,૭૩૦ |

---------

### બનાસકાંઠા જિલ્લામાં પેયજળ કાર્યક્રમ

* ૨૮૪૮૪ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અન્વયે ઘરે–ઘરે પાણી પુરુ પાડવામાં આવ્યું, અને

જવાબ

(૧) તાલુકાવાર નીચેની વિગતો

| ક્રમ | તાલુકો | યોજના પુર્ણ કરી પાણી પુરવઠો ચાલુ કરેલ ગામો |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૩૮ |
| ૨ | ભાભર | ૦૫ |
| ૩ | દાંતા | ૯૯ |
| ૪ | દાંતીવાડા | ૧૮ |
| ૫ | ડીસા | ૫૬ |
| ૬ | દિયોદર | ૧૫ |
| ૭ | ધાનેરા | ૧૮ |
| ૮ | કાંકરેજ | ૨૧ |
| ૯ | લાખણી | ૨૨ |

| | | |
|---|---|---|
| ૧૦ | પાલનપુર | ૦૯ |
| ૧૧ | સુઇગામ | ૧૦ |
| ૧૨ | થરાદ | ૧૯ |
| ૧૩ | વડગામ | ૧૦ |
| ૧૪ | વાવ | ૨૫ |
| | કુલ | ૩૬૫ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ ફાળવાઈ અને કેટલો ખર્ચ થયો ?

(૨)

| વર્ષ | ફાળવેલ ફંડ (રૂ.લાખમાં) | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫ (તા.૧-૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫) | ૨૦૯૭.૫૭ | ૧૩૪૫.૩૦ |
| ૨૦૧૬ (તા.૧-૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬) | ૧૨૦૬.૫૭ | ૧૭૭૫.૮૪ |
| કુલ | ૩૩૦૪.૧૪ | ૩૧૨૧.૧૪ |

---------

## વલસાડ જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

* ૩૦૫૬૦ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત રાજ્યમાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ તાલીમ આપવામાં આવેલ છે, અને | (૨) ૨૬૨૮ |
| (૩) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓ તાલીમાર્થીઓ હતા ? | (૩) ૧૩૧૨ પુરૂષો અને ૧૩૧૫ મહિલાઓ. |

---------

## મહેસાણા અને પાટણ જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૫૫૮ શ્રી રજનીકાન્ત પટેલ (બેચરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને પાટણ જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના કુલ-૨૧ અને પાટણ જિલ્લાના કુલ-૧૬ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને | (૨) કોઈ નહિં. |
| (૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વાયબ્રન્ટ સમિટ-૨૦૧૩ અન્વયે ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગ

* ૨૭૮૫૭ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં કેટલી કંપનીઓએ કેટલી રકમના કુલ કેટલા એમ.ઓ.યુ. કર્યા, અને | (૧) વર્ષ-૨૦૧૩ માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં કુલ ૧૭,૭૧૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયેલ હતા. આ સમીટમાં મૂડીરોકાણની વિગતો ધ્યાને લેવામાં આવેલ ન હતી. |
| (૨) ઉકત એમ.ઓ.યુ. પૈકી તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ? | (૨) ઉકત ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ૧૦,૭૧૭ પ્રોજેક્ટ્સ કમિશન્ડ થયેલ છે. |

---------

# તા. ૮મી માર્ચ, ૨૦૧૮
## વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છા
વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છા

સભાપતિશ્રીઃ આજે વિશ્વ મહિલા દિન છે અને આપણે સૌ જાણીએ છીએ તેમ વર્ષમાં એકવાર એટલે કે ૮મી માર્ચના રોજ વિશ્વ મહિલા દિન મનાવીએ છીએ. આ વખતે યુનોએ મહિલાઓ માટે એક થીમ આપી છે બી બોલ્ડ . ગયા વર્ષની થીમ સ્ટેપ અહેડ એટલે કે આગળ વધો એવી હતી. આ વખતે થીમ આપી છે બી બોલ્ડ . આપણે સૌ જાણીએ છીએ કે, મહિલા સશક્તિકરણ તે આપણો સૌથી મહત્વનો વિષય છે. તે માત્ર આપણા રાજય માટે નહીં પણ વિશ્વ માટે છે. એ દૃષ્ટિથી મહિલાઓને સશકત કરવા માટે અનેક કાર્યક્રમો આપણી રાજય સરકારે મૂકેલા છે. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ અહીંયાં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પછી તથા માનનીય આનંદીબેન મુખ્યમંત્રી બન્યા પછી અનેક યોજનાઓ મહિલા ગૌરવ માટેની મૂકી હતી. આજે આપણે જાણીએ છીએ કે, આજનો આ દિવસ આપણે સર્વશ્રેષ્ઠ રીતે મનાવી રહ્યા છીએ. દેશની છ હજાર મહિલા સરપંચોનું એક સંમેલન આપણે સમગ્ર દેશનું અહીં કરી રહ્યા છીએ. તેને આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ સંબોધન કરવાના છે. મહિલાઓને આપણે પંચાયતમાં ૫૦ ટકા રિઝર્વેશન આપ્યું છે. તેના ખૂબ સારા પરિણામ આપણને પ્રાપ્ત થયા છે. તે જ રીતે મહિલાઓની ૩૩ ટકા ભરતી પોલીસમાં કરવાથી ખૂબ સારા પરિણામ મળ્યા છે. તે જ પ્રમાણે આપણા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ કહ્યું તેમ બહેનોને પ્રોપર્ટીના માલિક બનાવવા માટે, તેના રાઇટસ માટે રજીસ્ટ્રેશન ફી ફ્રી કરવામાં આવી. જેથી પુરુષો બહેનોના નામે પ્રોપર્ટી લેતા થયા છે. પહેલાં પુરુષો એવું કહેતા હતા કે આ તારું ઘર નથી તુ જા, પણ હવે બહેનોના નામે પ્રોપર્ટી થઇ છે તે સૌથી મોટી ક્રાંતિની શરૂઆત આપણા ગુજરાતથી શરૂ થઇ છે. બહેનોને શૈક્ષણિક રીતે આગળ લાવવી અને સાથે સાથે બહેનોને આર્થિક રીતે પગભર કરવી તે સૌથી મોટો વિષય બન્યો છે ત્યારે અનેક યોજનાઓ આપણે કરી છે. જે રીતે બહેનોની સુરક્ષાનો વિષય છે તો તેના માટે તે ક્ષેત્રમાં સમય પ્રમાણે અનેક યોજનાઓ આવી છે. હવે મહિલા હેલ્પલાઇન ૧૮૧ શરૂ કરવામાં આવી છે. જે ખૂબ આશિર્વાદરૂપ થઇ છે. વધુને વધુ મહિલાઓ આ હેલ્પલાઇન એટલે કે અભયમ હેલ્પ લાઇનનો ઉપયોગ કરે તો ખરેખર સાચા અર્થની અંદર મહિલાઓ ઉપર જે અત્યાચારો થાય છે તેને ખૂબ સારી રીતે રોકી શકીશું. એટલા જ માટે આ વખતે વિશ્વની અંદર યુનોએ જે થીમ આપી છે કે બી બોલ્ડ . જે જે કાયદાઓ મહિલાઓ માટે બન્યા છે તેનો ઉપયોગ બહેનો કરતી થાય. આત્મવિશ્વાસથી તેની અંદર આગળ વધે તે મહત્વનો વિષય બન્યો છે ત્યારે હું આપને કહીશ કે આ વખતે આપણા દેશની અંદર પ્રસુતિની સુરક્ષા માટે બહેનો માટે ૬ હજાર રૂપિયાની યોજના મૂકવામાં આવી છે તે પણ ખૂબ ઉપયોગી થવાની છે. મહિલા સુરક્ષા માટે જે યોજનાઓ છે તેમાં સુરક્ષા સેતુ દ્વારા મહિલાઓને કરાટે શીખવવામાં આવે છે. બહેનોને સશકત બનાવવામાં આવે છે. બહેનોને જયારે કોઇ તકલીફ પડે ત્યારે તે તેનો સામનો કરી શકે તે પણ ખૂબ સારી રીતે આગળ ચલાવવું છે. તેમાં આપણે વધુને વધુ આગળ વધીએ તે પણ એક વિષય છે. હું આપને કહીશ કે બાલજનની શિશુ સુરક્ષા યોજના મૂકવામાં આવી છે તે પણ ખૂબ ઉપયોગી થવાની છે. કારણકે મહિલા માટે સૌથી અગત્યનો વિષય હોય તો તે પોતાનો પરિવાર છે. પારંપારિક રીતે આપણી સંસ્કૃતિમાં જે રીતે મહિલાઓને પરિવારની પાલન પોષણની જવાબદારી સોંપવામાં આવી છે તે જ રીતે હેપ્પી વુમન્સ ડે તે માત્ર મહિલાઓ માટે નથી પણ સમસ્ત સમાજ માટે છે. મહિલાઓ ખુશ હશે, મહિલાઓ સશકત હશે તો આખો સમાજ સશકત હશે. તો આખો સમાજ સશક્ત હશે અને ઘર-પરિવાર બધા જ સુખી થશે એટલે એ રીતે આવી અનેક યોજનાઓ મહિલાઓ માટે મૂકી છે. ઘણાં બધા સભ્યોને આના વિશે વાત કરવી છે, ખૂબ વિચારો બધાના પ્રદર્શીત થવાના છે અહીંયા ત્યારે હું માત્ર એટલું જ કહીશ કે બી બોલ્ડની થિયરીને બધી મહિલાઓ સ્વીકારે અને એની અંદર આગળ વધીએ અને આપણે પોતે જે જાગૃત મહિલાઓ છે એ બીજી મહિલાઓને પણ આની અંદર તૈયાર કરી અને હિંમત આપે અને તમામ રીતે એને મદદ કરે એ જ આજના દિવસનો સૌથી મોટો સંદેશો છે. ફરી વખત તમામ મહિલા જગતને મારા તરફથી હૃદયપૂર્વકની શુભેચ્છા આપુ છું કે, વર્ષનો આ એક દિવસ મહિલાઓને આખા વર્ષની શક્તિ પૂરી પડતું હોય છે તો એ રીતે આગળ વધીએ. અસ્તુ.

શ્રી વિજયકુમાર ર.રૂપાણી ( મુખ્યમંત્રીશ્રી : ) માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન નીમિતે સૌ પ્રથમ ગુજરાતની અને વિશ્વની તમામ મહિલાઓને રાજય સરકાર વતી, આપણા ગૃહ વતી ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. ખરા અર્થમાં મહિલા એમનું સશક્તિકરણ બી બોલ્ડ આપે જે હમણા કહ્યું તેમ અને સમાનતા પ્રાપ્ત થાય અને દુનિયાની, દેશની, રાજયની સંપૂર્ણ વ્યવસ્થામાં એ પણ એટલી જ સહભાગી બને અને જવાબદારી ઉઠાવીને આ બધી વ્યવસ્થામાં મહિલાઓ આગળ વધે તેવી અંતરથી શુભકામના પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન યુનો ઉજવે છે પરંતુ આપણી સંસ્કૃતિ, આપણી પરંપરા એ હંમેશા મહિલાઓનો આદર કર્યો છે. હું એમ માનુ છું કે, બીજી બધી ધાર્મિક વ્યવસ્થામાં "એજ એ ગોડ" ભગવાન એ સ્વરૂપે મહિલાને સ્થાન નથી. માત્રને માત્ર આપણી સંસ્કૃતિમાં એ સ્તરે આપણે મહિલાઓને સ્થાન આપ્યું છે અને આપણે એટલે જ નારીને શક્તિનું સ્વરુપ ગણીને આપણે હંમેશા માં દુર્ગાથી લઇ, માં જગદમ્બા, માં ભગવતી, માં સરસ્વતિ, માં લક્ષ્મી આ બધા સ્વરૂપે મહિલાને એ પ્રકારનું આદરનું સ્થાન આપણે આપ્યું છે. આપણે એમની ઉપાસના કરીએ છીએ, શક્તિની ઉપસના એટલે નારીની ઉપાસના અને એ દૃષ્ટિથી મહિલાઓને આપણે એક ખૂબ ઉંચું સ્થાન આપ્યું છે અને એટલે જ નારી શબ્દમાં નરનો સમાવેશ થાય છે, વુમેન શબ્દમાં મેનનો સમાવેશ થાય છે, ફીમેલમાં પણ મેલનો સમાવેશ થાય છે એટલે જ નારી પછી નર છે. વુમેન પછી મેન છે અને ફીમેલ પછી મેલ આવે છે. એટલે નારીને એ પ્રકારનું આગળનું સ્થાન આપ્યું છે અને એટલે જ આપણે ત્યાં સીતા-રામ બોલાય છે રામ-સીતા નથી બોલાતું, આપણે ત્યાં રાધા-ક્રિષ્ન બોલાય છે ક્રિષ્ન-રાધા નથી બોલાતું અને એ

રીતે નારીને આપણે હંમેશા આ સ્થાન અપાયું છે. સ્ત્રી એ ગૃહની લક્ષ્મી છે અને એટલે જ આપણે એમ કહીએ છીએ કે, ઘરની આખી વ્યવસ્થા એ સ્ત્રી સંભાળે છે. આજના છાપાઓમાં ટાઇટલ છે કે, ૮૫ ટકા ઘરમાં સ્ત્રી જ નિર્ણયો કરે છે અને એટલે જ પુરુષોને ટોણા મારીએ છીએ કે ભાઇ, ઘરમાં કાંઇ હાલતું નથી ને બહાર શું મગજમારી કરો છો? તો આ સ્ત્રીના સ્થાનનને એ પ્રકારે આપણે વ્યવસ્થામાં જોડ્યું છે અને એટલે જ આપણે રસોડાની રાણી એ પણ સ્ત્રીને ગણી છે અને અન્નપુર્ણાનું સ્વરુપ એ સ્ત્રીને આપ્યું છે અને ડોશી વૈદ્ય એમ કહીએ છીએ આપણે, ડોશી વૈદુ એટલે કે વડીલ ઘરની બહેન કહે એ પ્રમાણે તું તારી સારવાર કરાવ તો તને સારું થઇ જશે. ત્યાં પણ ડોશી વૈદ કહીને આપણે એમને સ્થાન આપ્યું છે. મુળ વાત એ છે કે સ્ત્રી એનું ભગવદ્ ગૌમંડળમાં જે સ્થાન છે ‘સતધરી’ એ સ્ત્રીને કહેવામાં આવી છે ‘સત’ની વ્યાખ્યા આપવામાં આવી છે. સત્ય એટલે સાચું અને સતના આધારે એ આખી વ્યવસ્થા કરતી હોય છે અને એટલે જ આપણે ત્યાં મહિલા વિશ્વ દિન યુનોએ સ્વીકાર્યા પહેલેથી, સૈકાઓથી આપણી સંસ્કૃતિમાં સ્થાન છે અને મને આનંદ છે કે સમય જતા જતા, સ્ત્રીઓને આગળ કરતાં કરતાં, આજે સ્ત્રીઓની સમાનતા આપણે દરેક ક્ષેત્રમાં લાવી રહ્યા છીએ. કલા, કૌશલ્ય, સંગીત, જ્ઞાન, વિજ્ઞાન, અવકાશ, શૌર્ય, દેશભક્તિ, નેતૃત્વ આ બધામાં સ્ત્રીઓને આપણે પૂરતું સ્થાન આપ્યું છે અને આપતા જઇએ છીએ અને હું એમ માનું છું કે, સરકારે પણ આદરણીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારથી આજદિન સુધીમાં જે કાર્યક્રમો લીધા એમાં પણ સ્ત્રીને મહત્વ આપ્યું છે, આપે પણ ઉલ્લેખ કર્યો છે બેટી બચાવો હોય, કન્યા કેળવણી હોય, પોલીસમાં ૩૩ ટકા મહિલાઓને નોકરી હોય, ૫૦ ટકા સ્થાનિક સ્વરાજ્યમાં એમનું કોન્ટ્રીબ્યુશન હોય, સ્પોર્ટ્સમાં એમને મહત્વ આપવાનું હોય, મેડિકલમાં તમામ વિદ્યાર્થીનીને ફ્રી શિક્ષણ હોય, પ્રસૂતિની લીવમાં પણ વધારો કરવામાં આવ્યો છે, પહેલાં જેટલા અઠવાડિયા આપતા હતા એના કરતાં અત્યારે વધારે અઠવાડિયા આપવામાં આવે છે, અભયમ્ અને અન્ય હેલ્પલાઇન દ્વારા પણ એમની સુરક્ષાની ચિંતા કરવામાં આવી છે, પણ મુળ વાત એ છે કે, હજી સમાનતાની માનસિકતા એ સમગ્ર વિશ્વ સ્વીકારે, આ ગુજરાતમાં પણ ભાઇઓની જવાબદારી છે કે સમાનતાની માનસિકતામાં આપણે એ બહેનોને આગળ કરીએ અને હું એમ માનું છું કે, ત્રણ વસ્તુ કર્તુત્વ, નેતૃત્વ અને માતૃત્વ આ જોડાયેલું છે. રિઝર્વેશનથી બહેનો સ્થાન પ્રાપ્ત કરે એના બદલે કર્તુત્વથી સ્થાન પ્રાપ્ત કરે એ મહત્વનું છે અને એના માટે સક્ષમ બને અને એ માટેની આખી વ્યવસ્થા આપણે બનાવીએ અને નેતૃત્વ એના આધારે ખીલે તે જરૂરી છે. હું એમ માનું છું કે ઇન્દિરા ગાંધી કે આનંદીબેન પટેલ એ રિઝર્વેશનના કારણે બન્યા નહોતા, પણ એના પોતાના કર્તૃત્વના કારણે એમણે નેતૃત્વ પ્રાપ્ત કર્યું હતું. એવી જ રીતે માતૃત્વ એ તો બહેનોનો જ અધિકાર છે, માતૃત્વ એ એક સૌથી મોટી દૈવીશક્તિ છે અને એ શક્તિના આધાર ઉપર આ બહેનોનું સ્થાન આજે થયું છે. એટલે હું એમ માનું છું કે આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે આપણા બધા વતી, આજે હાઉસનું પણ આ દૃશ્ય ખૂબ આનંદદાયક છે કે અહીંયા પણ બહેનો છે ત્યાં પણ બહેનો છે ઉપર પણ બહેનો છે, બધી જગ્યાએ બહેનોનું સ્થાન પૂરતું છે. હાઉસમાં પણ આપણે ત્યાં ૧૩-૧૪ ધારાસભ્ય બહેનો છે ત્યારે આપણા બધાના માટે આનંદની વાત છે. આ બધી બહેનોને ખૂબ ખૂબ શુભેચ્છા અને આ માતૃશક્તિ ખૂબ ખીલે એવી હું આપ સૌ વતી શુભેચ્છા પાઠવું છું, ધન્યવાદ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા દિન નિમિત્તે બહેનોને અને સવિશેષ ભાઇઓને મારી શુભેચ્છા છે. જેથી કરીને કમસેકમ શાબ્દિક એક માન આપવાની વાત એ કહેવી પડતી હોય છે. આપ તો પ્રોટેમ સ્પીકર હતા, નહિ તો સ્પીકર હોત તો સાચા અર્થમાં મહિલા દિન કહેવાત. વિજયભાઇ, આપની જગ્યાએ આનંદીબહેન હોત તો અમને પણ આનંદ થાત. આપણા બંધારણમાં લેટર ઇન એ સ્પીરીટ એ બે શબ્દો છે, એનો અર્થ કે કહેવું અને સમજવું એમાં બહુ મોટો ફરક હોય છે. મહિલાદિન નિમિત્તે ક્રિયાકાંડ, કર્મકાંડ જે કહેવાય આજના દિવસ પૂરતું તે તો ઠીક છે પણ તેને સાચા અર્થમાં દિલથી રિગાર્ડ થાય એવું કરવું જોઇએ અને સૌથી વધારે તો કમસેકમ પ્રચારકોને પરણાવો ને તો ય મહિલા સન્માન આપણું સારી રીતે કહેવાશે. જેથી જનરેશન આગળ ચાલે. (અંતરાય) એમાં ખોટું નથી, બાજપાઇ સાહેબનો તો હું સાક્ષી છું અને અનામત તો બંધારણમાં સ્પેશ્યલી વ્યવસ્થા કરવા માટે મહિલાઓ જે પચાસ ટકા ભાગીદાર છે એક અલગ આપણે એમને અબળા કહેતા હોઇએ છીએ પણ હકીકતમાં એ અબળા નથી હોતા. પોતાની રીતે જે સ્થાન મેળવે એ તો ઇતિહાસમાં ઘણાં બધા દાખલા કહી શકાય પરંતુ લોકશાહીમાં બહેનોને અનામતની વ્યવસ્થા કરવી પડે છે તે પણ બહુ દુઃખદ કહેવાય, by regard હોવું જોઇએ, અંદરથી હોવું જોઇએ અને એ રીતે આજે ફક્ત શબ્દો પૂરતું ન રહેવું સ્પીરીટથી પણ તેને સમજવું જોઇએ અને કમસે કમ પાવર, સત્તા, સુરક્ષા, સલામતી તે જો મારા હાથમાં હોય, મારી સરકારના હાથમાં હોય કમસે કમ આજના દિવસે તમે પ્રણ કરો અમે પણ કરીએ કે કમ સે કમ આપણે ત્યાં કોઇ બહેન દુઃખી નહીં થાય, કોઇ બહેન ઉપર બળાત્કાર નહીં થાય બળાત્કાર કરે તેને જાહેરમાં ઉભો રાખીને તેને ફાંસી આપવાની થાય તો ફાંસી આપો આ સ્પીરીટ સાથે જો આપણે ચાલીશું અને જયાં જયાં બહેન કેપેબલ હોય કે ના હોય તો પણ તેમને સાથે રાખીને જો સાચા અર્થમાં કોશિષ કરીશું તો એ મહિલાઓ માટેનું માન કહેવાશે. એકાદ પૂરતું ટેકનિકલ એ તો આજનો દિવસ પૂરો થશે અને કાલે, મહિલા કાયમ માટે છે ત્યારે કાયમ માટે તેમનું માન-સન્માન જળવાય એવા અંદરથી વ્યક્તિ પોતાની રીતે આ કંઇ કાયદો ના હોઇ શકે, regard એ અંદરથી હોવું જોઇએ. કોઇ જતું હોય અને મહિલાઓ હોય તો લિફ્ટમાં પહેલાં જગ્યા આપીએ, ખુરશી હોય, પ્લેનમાં હોય, બસમાં હોય, રેલવેમાં હોય તો એમને પહેલાં જગ્યા આપીએ. આજે regard અંદરનું હોવું જોઇએ એ જો હોય તો હું માનું છું ત્યાં સુધી આજના દિવસનો કોઇ મતલબ રહેશે એટલે આ કોઇ ક્રિયાકાંડ પૂરતું ના રહે, સ્પીરીટથી વ્યક્તિગત જાહેર જીવનમાં પડયાં છીએ ત્યારે એ માન માટે પ્રયત્ન થાય એવો પ્રણ કમસે કમ આજના દિવસથી આપણે લઇએ અને બહેનો અહીં બોલતાં હોય કે

બહેનો ત્યાં બોલતાં હોય કમસે કમ ભાઇઓ જે સભ્યો છે તે ડિસ્ટર્બ તેમને ના કરે એટલો તો આ હાઉસમાં આપણે નિર્ણય લઇએ તો હું માનું છું ત્યાં સુધી આજનો દિવસ લેખે લાગશે. ધન્યવાદ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્ય મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના વિશ્વ મહિલા દિન નિમિત્તે હું દેશની, દુનિયાની અને રાજયની અને આ ગૃહની તમામ બહેનોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ સારી રીતે ભારતીય સંસ્કૃતિને હિંદુ ધર્મને આવરી લઇને નારીની જે શકિત છે તેને બિરદાવી છે તે આજે આખી દુનિયા બિરદાવી રહી છે ત્યારે આપણે પણ તેમાં સહયોગ આપીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે વધારે વાત કરવી નથી પણ ગઇકાલે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને આવ્યાં હતા. અમારા પક્ષના ધારાસભ્યો, સંસદ સભ્યો, હોદેદારો બધાની મિટિંગ હતી. તે મિટિંગ પૂર્ણ થયા પછી અમારા ભારતીય જનતા પક્ષની બધી મહિલા બહેનોએ મને એમ કહ્યું કે તમે અમને શું ભેટ આપશો ? એટલે અમારી સરકાર વતી ભાજપની અને કોંગ્રેસની તમામ બહેનોને મારા માર્ગ અને મકાન વિભાગ તરફથી વધારાના એક એક કરોડ રૂપિયાના જોબ નંબર અમે આપીશું એવી અમારી સરકાર તરફથી હું જાહેરાત કરી અને બહેનોનું એમના વિસ્તારમાં ગૌરવ વધે, પ્રજાકીય કામ કરી શકે અને લોકોને એમ લાગે કે આ બહેન અમારા માટે વધારાની કામગીરી મંજૂર કરાવીને લાવ્યાં તે પ્રમાણેનું અમારી સરકાર તરફથી બધી બહેનોને ઇનામ આપું છું.

સભાપતિશ્રી : ખૂબ સરસ, થેંકયુ. હું પણ આની અંદર આવી જાઉં છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ આવી જાવ, પુરુષોના દિવસે પુરુષોનું વિચારીશું.

પ્રો વસુબહેન ન. ત્રિવેદી(જામનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલાઓ માટે ગૌરવવંતો દિવસ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. આ દિવસ નિમિત્તે હું રાજયની, દેશની અને વિશ્વની તમામ બહેનોને શુભેચ્છા આપું છું સાથે સાથે બહેનો e mp o w e r e d બને, બહેનો અગ્રેસર બને અને તેના માટે જે ભાઇઓનો સહકાર અમને મળે છે તે બદલ સમગ્ર ગૃહના ભાઇઓને પણ હું ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની બહેનોનું એક સદનસીબ છે. ગુજરાતના ગૌરવવંતા આપણાં નરેન્દ્રભાઇ, આપણાં દેશના વડાપ્રધાન આજે દેશની તમામ સરપંચ બહેનોના સન્માન માટે એમને શુભેચ્છાઓ પાઠવવા માટે ગુજરાતમાં મહાત્મા મંદિર ખાતે આવી રહ્યા છે ત્યારે અહીંયા બેઠેલા સૌ વતી આદરણીય નરેન્દ્રભાઇ આપણા વડાપ્રધાનશ્રીને પણ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે ગુજરાતની બહેનોની ચિંતા કરી. માતૃ ગૌરવની મહિમાને ઉજાગર કરવા માટેની કટિબદ્ધતા દર્શાવી. શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા, સ્વાવલંબનના કાર્યોમાં પણ ગુજરાત ‘ઓન ફાસ્ટ ટ્રેક’ પર આગળ લઇ રહ્યા છે. હું એમને પણ શુભેચ્છા આપુ છું અને એમનો ખૂબ ખૂબ આભાર માનુ છું. નીતિનભાઇનો પણ આભાર માનુ છું કે, એમણે બહેનોનું સન્માન કરીને એમના માટે એક-એક કરોડની ગ્રાન્ટ જાહેર કરી છે. માનનીય પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેને મા વાત્સલ્ય, ચિરંજીવ યોજના, બહેનોને થતા કેન્સરની યોજનાઓ તથા ગુજરાતના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ આપી. ૧ લી ઓગષ્ટથી ૧૫ મી ઓગષ્ટ સુધી બહેનોના empower માટેના કાર્યક્રમ ૧૫ દિવસ સુધી કરીને બહેનોને શુભેચ્છા આપવાનું કામ કર્યું છે. અમે સૌ બહેનો રાજ્ય સરકારની ઋણી છે અને ગુજરાત પ્રગતિ કરે ત્યારે એમાં બહેનો મોખરે હોય. આપણે જોઇએ તો સ્વતંત્રતાથી માંડીને તમામ પ્રકારના આંદોલનોમાં બહેનોની વિશેષ ભૂમિકા રહી છે અને આજે બહેનો સશક્ત અને સમર્થ બને, માતૃત્વ, નેતૃત્વ અને કર્તુત્વની ધણી એવી ગુજરાતની અને દેશની બહેનો સૌ કાર્યમાં અગ્રેસર રહે એવી પ્રભુ એમને શકિત આપે એવી પ્રાર્થના કરું છું. સૌનો આભાર.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૮ મી માર્ચ, વિશ્વ મહિલા દિન નિમિત્તે આપ સર્વ મહિલા ધારાસભ્યો, ભાઇઓ અને વિશ્વની મહિલાઓને શુભેચ્છા પાઠવું છું. હું એમ કહું છું કે, મહિલા દિવસ કેમ? મહિલા વર્ષ કેમ નહિ? મહિલાઓને કાયમ માન-સન્માન મળે તો આપણે સાચા અર્થમાં મહિલા દિન ઉજવ્યો ગણાય. એટલે બારેમાસ મહિલાઓને માન-સન્માન આપવું જોઇએ. આપણા પુરૂષ પ્રધાન દેશમાં મહિલાઓ પુરૂષ સમોવડી બનવા માટે સતત પ્રયત્નશીલ હોય છે પણ એ સાબિત કરવાની જરૂર નથી કારણ કે, પુરૂષ કરતાં મહિલાઓ આગળ છે જ. સંસારના સર્જનની જવાબદારી મહિલાના શીરે છે. મહિલાઓમાં શકિત, સૌમ્યતા, સમજદારી, સાલસતા અને સંવેદના બધું જ છે. મને એમ કહેતા ગૌરવ થાય છે કે, સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધી જે પાર્ટીના હતા એ પાર્ટીના અમે મહિલા ધારાસભ્ય છીએ અને એ.આઇ.સી.સી.ના વડા શ્રીમતી સોનિયા ગાંધીની પાર્ટીના અમે ધારાસભ્ય છીએ. મને એમ કહેતા ગૌરવ થાય છે કે, ડૉ.બાબાસાહેબ આંબેડકરે મહિલાઓને અધિકાર માટે કાયદારૂપી કવચ આપ્યું અને એમણે કહ્યું કે, સ્ત્રીઓ એ સમાજનું આભૂષણ છે અને કોઇપણ સમાજની પારાશીશી જોવી હોય અને એના ઉત્થાનનું માપ કાઢવું હોય તો એ સમાજમાં સ્ત્રીઓનું શું સ્થાન છે એના પરથી નક્કી થાય છે. આપે હમણાં જ કહ્યું કે, Be Bold. યુનોમાં પણ આજે એવી Theme નક્કી થઇ છે ત્યારે boldly મારે કહેવું છે કે, આજે જ્યારે વડાપ્રધાનશ્રી ગુજરાતમાં આવે છે ત્યારે અમારી ત્રણ મહિલા ધારાસભ્યો વતી આ ત્રણ રાખડીઓ આપી અને માનનીય વડાપ્રધાનશ્રીને વિનંતી કરવી છે કે, આજે જ્યારે મહિલા સરપંચો મહાત્મા મંદિરમાં આવે છે ત્યારે દસ-દસ લાખ રૂપિયાની ગ્રાન્ટ એમને વધારે આપો કે જેથી એમનું સારું દેખાય અને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં ૫૦ ટકા મહિલા

પ્રમુખ છે ત્યારે એમના જે અધિકારો સરકારે લીધા છે એ એમને પાછા આપો. આજે બહુ દુ:ખ સાથે મારે કહેવું પડે છે કે, ગુજરાતમાં મહિલાઓનું બજેટ ખોરવાઇ ગયું છે.

સભાપતિશ્રી : આજે મહિલા દિન નિમિત્તે સારી વાતો કરો. ફરિયાદો કરવા માટે તો ઘણા દિવસો મળે છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા હેલ્પ લાઇનની વાત કરું તો ૧૮૧ નંબર પર બે વર્ષમાં બે લાખ મહિલાઓએ ફોન કર્યા છે. જે બહુ મોટી ચિંતાનો વિષય છે. આપણે મહિલાઓએ જ ચિંતા કરવી પડશે અને તમે તો સરકારમાં બેઠા છો ત્યારે મહિલાઓની ચિંતા કરવાની તમારી વિશેષ જવાબદારી છે. દરવખતે સારું સારું જ કહીએ પણ જે તકલીફ છે એના માટે પણ વિચાર કરવો જોઇએ. પણ આપણી જે તકલીફો છે એ પણ આપણે વિચારવું જોઇએ.

સભાપતિશ્રી : બોલવાની ઘણી તક મળે છે પણ આજે મહિલા દિન નિમિત્તે સારો સંદેશો મહિલાઓને આપો તો સારૂ રહેશે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઋગ્વેદની રૂચાઓમાં પણ અને રચનાઓમાં પણ સ્ત્રી સહભાગી થતી હતી, અથર્વ વેદમાં પણ ઉલ્લેખ છે કે, વિદ્યા પ્રાપ્તિ કરવાનો સ્ત્રીનો અધિકાર હતો અને વેદોનું અધ્યયન, વેદગાન અને યજ્ઞ પણ તેઓ કરી શકતી. એટલે આ વર્ષોની પરંપરા છે અને ખાસ તો મારે એ કહેવાનું છે કે, આપણા પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ એ પણ કોંગ્રેસ પક્ષે આપ્યા છે એનું પણ મને ગૌરવ છે. લોકસભાના પ્રથમ મહિલા સ્પીકર આદરણીય મીરાકુમાર એ પણ કોંગ્રેસે આપ્યા એનું પણ મને ગૌરવ છે. દિલ્હીના ત્રણ ત્રણ વખત મુખ્ય મંત્રી તરીકે રહ્યા એવા શિલા દિક્ષિતજી માટે પણ મને ગૌરવ છે અને જે ગુજરાતના રાજયપાલ પ્રથમ મહિલા ડોક્ટર કમલાબેન બેનીવાલ જે આપ્યા એનું પણ મને ગૌરવ છે. આપણા મુખ્ય મંત્રીશ્રી મહિલા પ્રથમ શ્રીમતી આનંદીબહેન પટેલ હતા એનું પણ મને ગૌરવ છે અને આજે મહિલા વિશ્વ દિને હું મહિલાઓને ખૂખ ખૂબ શુભેચ્છા આપું છું, અને આજ ખાસ તમને વિનંતી કરૂં છું કે, મહિલાઓ ઉપર જે અત્યાચાર અને બળાત્કાર થાય છે એના માટે અને જે ડ્રોપ્સ, જે નશીલી દવાઓ જે પ્રતિબંધિત દવાઓ મળે છે એ ન મળે એના માટે ખાસ વિનંતી કરું છું.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(સંસદીય સચિવશ્રી) : આજના મહિલા વિશ્વ દિન નિમિત્તે ગુજરાતના પ્રથમ મહિલા સંસદીય સચિવ તરીકે આજે હું સભાગૃહમાં ઉપસ્થિત છું એ બાબતે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું અને આજના દિવસે અગાઉની કોઇ સરકારે ન કર્યું હોય એવું ગૃહની અંદર અધ્યક્ષપણ મહિલા હોય, સચિવો મહિલા હોય, સાર્જન્ટ પણ એક મહિલા હોય અને ગૃહની અંદર પંદર જેટલી મહિલા સભ્યો અનામત વગર ઉપસ્થિત હોય એવી આ સરકાર દ્વારા જે વ્યવસ્થા છે એને હું આજે આવકારું છું અને આ ગૃહની રાજયની રાષ્ટ્રની અને દેશની સાથે સાથે ગૃહમાં ઉપસ્થિત ભાઇઓના પરિવારજનોને પણ લાગણીસભર, સંવેદનાસભર અને સન્માનસભર એક શુભેચ્છા પાઠવું છું અને આ ગૃહને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે બધી જ બહુ સરસ વાતો થઇ છે અને પોઝીટીવ વાત કરતાં કરતાં મારે કોંગ્રેસના સભ્યશ્રીઓને કોઇ જવાબ નથી આપવો કારણ કે આજના દિવસે મહિલાનું ગૌરવ જાળવવું છે. મહિલાઓ માટેની ગૌરવની વાત કરવી છે અને મને ગૌરવ એટલા માટે છે કે, અત્યારે દેશની કોઇપણ જગ્યાએ જેન્ડર બજેટ આપવામાં આવ્યું હોય તો માત્રને માત્ર ગુજરાત સરકાર તરફથી આપવામાં આવ્યું છે. મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જે પરંપરા શરૂ કરી આજે પુરુષ ભાઇ મુખ્યમંત્રી છે છતાંય એમણે એ પરંપરા ચાલુ રાખી અને મહિલા જેન્ડર બજેટ આપી અને સૌથી વધારે રકમ બજેટની અંદર મહિલાઓ માટે ફાળવી છે એનો હું આનંદ વ્યક્ત કરું છું. બધા જ કહે છે કે, ભારતીય સંસ્કૃતિ એવી સંસ્કૃતિ છે કે, જયાં ૩૬૫ દિવસ મહિલાઓ માટેની સન્માનની બાબત છે. આપણે જોઇએ તો અર્ધ નારેશ્વરની જો વાત કરીએ તો શંકર ભગવાન દેવાધિદેવ મહાદેવે પણ એવું સાબિત કરી દીધું છે કે, મહિલાના સન્માન વગર ક્યારેય કોઇ પુરુષ સન્માનિત નહીં થઇ શકે. અર્ધ નારેશ્વરની રીતે પણ કહ્યું છે અને વિવેકાનંદજી હોય કે ગાર્ગી અને ભારતીદેવી કે જેણે શંકરાચાર્યને વાદવિવાદની અંદર હરાવી દીધા હતા એવા ભારતીદેવી જેવી મહિલા પણ આપણા વેદો અને પુરાણોની અંદર એક ઉચ્ચ પ્રતિભા ધરાવે છે. ઘણું બધું કહી શકાય એમ છે પણ મારે આજના દિવસે બધી જ મહિલાઓને ભાઇઓના પરિવારને ફરી વખત શુભેચ્છા પાઠવું છું અને વિપક્ષની મારી બહેનોને એટલું કહું કે, ગુજરાતને બદનામ કરવાનું, ગુજરાતની મહિલાઓ કોઇ પણ રીતે બદનામ થાય એવું ન થાય એવું આજના દિવસે નક્કી કરો અને સાથે સાથે ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિવાદીના વાડાથી ઉપર ઉઠી અને લઘુમતીની મારી બહેનોને ત્રણ તલાકમાંથી મુક્તિ મળે એવી શુભેચ્છા સાથે મારી વાત હું પૂરી કરું છું.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### પાકિસ્તાન મરીન દ્વારા પકડવામાં આવતા માછીમારોને છોડાવવા અંગે

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સબંધી નિવેદન કરવા વિનંતી કરું છું.

'' તાજેતરમાં જખૌ પાસેના દરિયાઇ વિસ્તારમાંથી પાકિસ્તાન મરીન સિકયોરીટી દ્વારા સૌરાષ્ટ્રના ૨૪ માછીમારોનુ અપહરણ કરાતા માછીમારોમાં વ્યાપેલ આક્રોશ અને ભય દૂર કરવા રાજય સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં.''

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી <p a g e 326/p a g e >બાબુભાઇ ભી. બોખીરીયા (મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં સમાચારપત્રમાં પ્રસિદ્ધ થયેલા સમાચાર મુજબ સૌરાષ્ટ્રના ૨૪ માછીમારોનું અપહરણ કરવામાં આવેલ છે તે અંગે કોઇ સત્તાવાર વિગતો ભારત સરકારશ્રી કે પાકિસ્તાન સત્તાવાળા તરફથી મળેલ નથી. પરંતુ ખાતાની જિલ્લા કચેરી તરફથી મેળવેલ માહિતી મુજબ બે ફિશીંગ બોટો અને ૧૦ માછીમારોનું અપહરણ કરવામાં આવેલ છે.

વિશેષમાં આ બાબતે ભારત સરકારશ્રી દ્વારા કેટલા માછીમારો પકડાયેલ છે તેની ખરાઇ પાકિસ્તાન સત્તાવાળા દ્વારા મેળવવામાં આવશે.

દરિયાઇ સીમા અંકિત ન હોવાથી આંતરરાષ્ટ્રીય જળસીમા ભંગના બનાવો અવારનવાર બને છે. અને આંતરરાષ્ટ્રીય જળસીમાની આજુબાજુ માછીમારી કરતી બોટોને તથા માછીમારોને પાકિસ્તાન મરીન સિક્યોરિટી એજન્સી દ્વારા પકડવામાં આવે છે.

માછીમારો દ્વારા આંતરરાષ્ટ્રીય જળસીમા ઓળંગવાના કિસ્સાઓ ન બને તે માટે ગુજરાત રાજયના અગત્યના બંદરો પર વિવિધ એજન્સીઓ જેવી કે કોસ્ટગાર્ડ, મરીન પોલીસ, નેવી વગેરેના સહકારથી બેઠકો યોજી માછીમારો, બોટ માલિકો, માછીમાર આગેવાનો તથા બોટ એસોસીએશનને સમજણ આપવા/સજાગ કરવા માટે જાગૃત્તિ કાર્યક્રમો જેવા કે શિબિર, શેરી નાટકો યોજવામાં આવે છે. રાજય સરકાર દ્વારા સને ૨૦૦૪-૦૫ થી સન ૨૦૧૬-૧૭ સુધી કુલ ૯૪૨ અવેરનેસ ક્રાયક્રમો યોજવામાં આવેલ છે.

માછીમારો દરિયાઇ જળ સીમા ના ઓળંગે તે માટે તેઓને રાહતદરે જી.પી.એસ. પૂરા પાડવામાં આવેલ હતા. જી.પી.એસ. પર સહાયની યોજના અમલમાં છે. તેમજ માછીમારોની દરિયામાં સલામતી માટે ડીસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમીટર (ડીએટી)ની ખરીદી પર સહાય ચૂકવવામાં આવે છે.

દરિયાઇ સુરક્ષાના સંદર્ભમાં ભારતીય તટરક્ષક દળ દ્વારા રાજયની દરિયાઇ સરહદ નજીક માછીમારોની સુરક્ષા માટે અને માછીમારો આઇ.એમ.બી.એલ. ઇન્ટરનેશનલ મેરીટાઇમ બોર્ડર લાઇન ક્રોસ ન કરે તે માટે પણ સઘન પેટ્રોલીંગ દરિયામાં કરવામાં આવે છે. અને તટરક્ષક દળ (કોસ્ટગાર્ડ) દ્વારા આંતરરાષ્ટ્રીય જળ સીમા નજીક માછીમારી કરતા માછીમારોને ચેતવણી આપી ભારતીય સરહદની અંદર પરત મોકલવામાં આવે છે. જે ફિશીંગ બોટો ''નો ફિશીંગ ઝોન'' વિસ્તારમાં આઇ.એમ.બી.એલ. એટલે કે ઇન્ટરનેશનલ મેરીટાઇમ બોર્ડર લાઇન ક્રોસ કરી માછીમારી કરતા જણાય તે અંગેનો રિપોર્ટ કોસ્ટગાર્ડ તરફથી સબંધિત જિલ્લા કચેરીને કરવામાં આવે છે. આવી ફિશીંગ બોટોના માછીમારી માટેના લાઇસન્સ તથા ડીઝલ કાર્ડ મોકૂફ કરવામાં આવે છે.

૧-૩-૨૦૧૭ના રોજ પાકિસ્તાન મરીન સિકયુરિટી દ્વારા પકડાયેલ બોટ તથા માછીમારોના નામની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | બોટ પકડાયા તારીખ | બોટ માલિકનું નામ | બોટનું નામ | બોટના રજી.નં. | માછીમારનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧-૩-૧૭ | હોદાર દામા કાના મું.માંગરોળ | જગસાગર-૪ | ind-GJ-11_ 912 | ૧.બાંભણીયા જગદીશ રામજી |
| | | | | | ૨. બાંભણીયા શીવજી મંગળ |
| | | | | | ૩. રાજનાથ વીંદ |
| | | | | | ૪.રાજેશકુમાર રામ અવધ |
| | | | | | ૫. અજયકુમાર લાલ બહાદુર |
| ૨. | ૧-૩-૧૭ | સુશીલાબેન અશોક સોનેરી મું. પોરબંદર | અશોકચક્ર | IND-GJ-25-MM3284 | ૧. શીવજી પ્રેમજી ચાવડા<br>૨. ભીખુ પરસોત્તમ પટેલ<br>૩. હરી ધીરુ વાઢેર<br>૪. રાયસીંગ કાળા સોલંકી<br>૫. પ્રેમજી ઉકરડા ચાવડા |
| | | | | | |

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, સતત પાકિસ્તાન મરીન દ્વારા નાપાક હરકતો કરીને આપણા ગુજરાતના માછીમારોને પકડવામાં આવી રહ્યા છે. મંત્રીશ્રીએ નિવેદનમાં જણાવ્યું એમ સૌરાષ્ટ્રના ૨૪ માછીમારોનું સમાચારોમાં પ્રસિદ્ધ થયા મુજબ અપહરણ કરવામાં આવેલ છે પણ મંત્રીશ્રીએ જણાવ્યા પ્રમાણે ભારત સરકાર કે પાકિસ્તાન સતાવાળા તરફથી જાણવા મળેલ નથી. પરંતુ ખાતાની જિલ્લાની કચેરી પાસેથી મેળવેલ માહિતી મુજબ બે ફિશિંગ બોટો અને દસ માછીમારોના અપહરણ કરવામાં આવેલ છે તેવું જણાવ્યું છે. આ રેકર્ડ ઉપર આવ્યા પહેલા એટલે આ જ અઠવાડિયાની અંદર

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

ફરી પાકિસ્તાનવાળાએ દસ બોટો અને ૭૦ જેટલા માછીમારોને પકડયા છે ત્યારે આજે પણ માછીમારો દહેશતમાં છે કે ખરેખર કેટલા માછીમારો અને કેટલી બોટો છે. અને કાયમી માટે આપણે કહેતા આવ્યા છીએ કે તમામ સમસ્યાઓનું સમાધાન શકય છે. અને સમાધાન જો શકય હોય તો માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે સાગર ખેડૂ સંમેલન સોમનાથની અદર તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવેલ ત્યારે વારંવાર કહેવામાં આવેલ છે કે કેન્દ્ર સરકાર પ્રબળ ઇચ્છા શકિત ધરાવતું હોય તો નાપાક પાકિસ્તાન હરકત બંધ કરે. અઢી વર્ષથી નરેન્દ્રભાઇ સત્તા પર છે, ચોકીદારની વાત કરી છે અને ચોકીદારી કરતા હોય.

સભાપતિશ્રી : માનનીય પૂંજાભાઇ ફકત આપ પ્રશ્ન પૂછો. અગાઉ મહિલા દિન નિમિત્તે ખૂબ સમય લીધો છે એટલે સીધા પ્રશ્ન ઉપર આવો હજી અંદાજપત્ર પરની ચર્ચા બાકી છે એટલે ઝડપ કરો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : ચોકીદારની વાત કરીએ છીએ જો ચોકીદારી દરિયાઇ પટ્ટીની કરવામાં આવી હોત તો પાકિસ્તાન નાપાક હરકત ન કરત. ત્યારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આજની તારીખે સત્તાવાર ખરેખર કેટલા માછીમારો પકડાયા છે અને કેટલી બોટો પકડાઇ છે એ આજદિન સુધી હજી સુધી સરકાર પાસે સત્તાવાર માહિતી શા માટે આવી નથી એ મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું, અને ત્યારપછી છેલ્લા ફકરામાં જણાવ્યું છે કે ઝોન જે આંતરરાષ્ટ્રીય જળસીમા છે એને ઓળંગવામાં આવે, ફિશીંગ ઝોન વિસ્તારમાંથી ઓળંગવામાં આવે એવું માછીમારો તરફથી જણાય તો કોસ્ટગાર્ડ તરફથી રિપોર્ટ કરવામાં આવે છે અને માછીમારોના લાઇસન્સ રદ કરવામાં આવે છે તો અત્યાર સુધીમાં કેટલાએ જળસીમા ક્રોસ કરી અને કેટલાના લાઇસન્સ રદ કરવામાં આવ્યા. આ સતત ચાલતી પ્રક્રિયાને કાયમી માટે બંધ કરવા માગો છો કે કેમ કારણ કે લવ લેટર લખવાની વાત બંધ કરી છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : મેં મારા નિવેદનમાં બતાવ્યું છે કે બે બોટો અને દસ માછીમારો ૧–૩–૧૭ પકડાયા હતા, મારી પાસે અહીંયા અમારી કચેરી દ્વારા નામો આવી ગયા છે, બોટોના નામો આવી ગયા છે. એ પછી ૪–૩–૧૭ ના રોજ ૧૩ બોટો અને ૭૮ માછીમારો એના પણ મારી પાસે બોટોના નામ અને માછીમારોના નામ આવી ગયા છે. મેં નિવેદનમાં એટલા માટે જણાવ્યું કે પાકિસ્તાનને ભારતીય દૂતાવાસ મારફતે મોકલાવીને ખરાઇ કરાવવી પડે એટલે સ્ટેટમેન્ટ આપેલ છે. કેન્દ્ર સરકારની અને વડાપ્રધાનની વાત કરી મારે કહેવું છે કે ૭૦ વર્ષમાંથી ૫૫ વર્ષ સુધી જે લોકો સત્તા ઉપર રહ્યા એણે ૫૫ વર્ષમાં શું કર્યું? આ ૫૫ વર્ષમાં પાકિસ્તાનીઓ જ હતા જે આપણા માછીમારોને પકડી જતા હતા. મેં જવાબમાં રિપોર્ટ આપ્યો ૧૯૯૪–૯૫ થી ૧૯૯૮–૯૯ સુધીમાં ૫૫ બોટો પકડાઇ હતી એમાંથી પાંચ જ બોટો છોડી હતી અને એ ચાર વર્ષના ગાળામાં ૩૧૯ માછીમારો પકડાયા હતા. તેમાંથી માત્ર ૨૧૩ બોટોને છોડવામાં આવી હતી. ૧૯૯૮–૯૯ થી ૨૦૦૪ સુધીમાં ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. અમારા અગ્રણી અટલજી ત્યારે વડાપ્રધાન હતા અને ત્યારે જે ૩૮૬ બોટો પકડાઇ હતી એમાંથી ૨૧૦ બોટ આપણે પાછી લઇ આવ્યા હતા. તેના પછીના ૨૦૦૫થી ૨૦૧૪ના ગાળામાં જે ૫૭૨ બોટો પકડાઇ તેમાંથી એક પણ બોટ તમે ૧૦ વર્ષમાં પછી લઇ આવી શક્યા નથી. તેના પછી જયારે અમારી સરકાર આવી ત્યારે ત્રણ વર્ષના ગાળામાં જૂની બોટો પકડાઇ હતી તેમાંથી પણ અમે ૫૭ બોટો પાછી લઇ આવ્યા છીએ અને માછીમારો..(અંતરાય)

સભાપતિશ્રી : આપણે રાજકીય અવલોકન કરીએ તો સાંભળવું પડે ને? (અંતરાય) પ્લીઝ, જવાબ સાંભળો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : તેમણે રાજકીય રીતે વાત કરી તો મારે રાજકીય રીતે જવાબ આપવો પડે. તેના પછી આ છેલ્લા બે વર્ષમાં ૭૪૭ માછીમારો પકડાયા તેની સામે અમે પાછા લઇ આવેલા છીએ એ ૮૫૮ માછીમારો છે. એટલે બે વર્ષમાં પકડાયા તેના કરતા વધારે માછીમારો પાછા આવ્યા છે. અગાઉના તમારા સમયમાં કયારેય નહોતા આવ્યા. બીજી વસ્તુ એ કે જયારે સર્જીકલ સ્ટ્રાઇક કરવામાં આવી ત્યારે આ જ લોકો ત્યાં આપણી પાસે પુરાવા માગતા હતા. એટલે દેશનું જે સૈન્ય છે તેનું પણ મોરલ ડાઉન કરવાનું કામ તમે કરો છો અને પછી તમે અહીં આવી વાત કરો છો. (અંતરાય)

સભાપતિશ્રી : આપણે જવાબ જ આપીએ. માનનીય મંત્રીશ્રી, આપ માત્ર જવાબ જ આપો. (અંતરાય)

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય વડાપ્રધાનને જયારે પણ યોગ્ય સમય આવશે એમ જે રીતે સર્જીકલ સ્ટ્રાઇક કરીને જવાબ આપ્યો છે (અંતરાય) એમ પાછો તેનો જવાબ આપશે.

સભાપતિશ્રી : ક્રોસ ટોક ન કરીએ. માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળીએ. પ્લીઝ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મારા પ્રશ્નનો જવાબ જ નથી મળ્યો. કેટલી ફીશીંગ બોટોના લાયસન્સ તમે રદ કર્યા? તેમના નિવેદનની અંદરથી જે હકીકત પ્રસ્થાપિત થઇ છે તેનો જવાબ તો આપે. મૂળ પ્રશ્નનો જવાબ શા માટે ઉડાડી દેવામાં આવે છે? (અંતરાય)

સભાપતિશ્રી : પુંજાભાઇ, આપ બેસો. મંત્રીશ્રી જવાબ આપે છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : તેમાં જયારે પહેલી વખત પકડાય છે ત્યારે આપણે વરસ દિવસ માટે તેના લાયસન્સ સ્થગિત કરી અને તેને ડિઝલ પર જે વેટની રાહત આપતા એ નથી આપતા, પણ અમારી પાસે માનવતાની રીતે રજૂઆત આવે કે અમે હવે ફરીથી ભૂલ નહીં કરીએ અને અમારી બોટો શરૂ કરવા દો. વેટની રાહત તમે ન આપો તો કંઇ નહીં. ત્યારે પણ રાજય સરકાર પોઝીટીવલી વિચારીને તેને મદદ કરે. એટલે આ જે પ્રક્રિયા છે સ્થગિત કરવાની એ પ્રક્રિયા ચાલુ છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : આપણાં માછીમારોની બોટોને વારંવાર પાકિસ્તાનવાળા પકડી જાય છે.

સભાપતિશ્રી : રાઘવજીભાઇ, આપ સીધા પ્રશ્ન પૂછો. કારણ કે સમય બહુ ઓછો છે. પ્લીઝ.

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મારો પ્રશ્ન પણ બહુ સીધો છે કે આ જે બોટો પકડાઇ જાય છે એમાં જે માણસો કામ કરતા હોય છે એ છ મહિના પાકિસ્તાનની જેલમાં રહે છે. એ તો બહુ ગરીબ માણસ હોય છે. કારણ કે માલિક પણ જુદો હોય અને કામ કરતા માણસો પણ જુદા હોય. ત્યારે આવા ગરીબ માછીમારોના પરિવારની આજીવિકા માટે સરકારે કોઇ જોગવાઇ કરી છે? કરી હોય તો કઇ જાતની જોગવાઇ છે? કરવા માગે છે કે કેમ? આ એક પ્રશ્નનો જવાબ આપે અને બીજો પ્રશ્ન પાકિસ્તાનવાળા જયારે આપણી બોટો પકડી જાય છે તો આપણને એ બોટો જયારે પાછી મળે છે ત્યારે ખાલી હાડપિંજર હોય છે. બધો મરી–મસાલો કાઢી લે છે. તમે તો પોરબંદરના છો એટલે તમને વધારે માહિતી હશે. તેના પરિણામે બોટનું ખાલી માળખું પાછું આવે છે. તો એ બોટને જે નુકસાન થયું હોય અથવા તો એમાંથી જે કંઇ ચોરાઇ ગયું હોય અને આર્થિક રીતે એ બોટને જે નુકસાન થયું હોય એના માટે આ સરકાર એ બોટના માલિકને કોઇ સહાય કરવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે તા. ૧૧–૨–૨૦૦૫ના ઠરાવથી જે માછીમારોને પાકિસ્તાની મરીન સિક્યોરિટી પકડી જતા હતા તેને ૫૦ રૂપિયા લેખે પ્રતિદિન ભથ્થું આપવામાં આવતું અને ૨૦૦૪–૦૫થી ૨૦૧૨–૧૩ સુધીમાં ૪૩૫૩ માછીમાર કુટુંબને ૪.૪૯ કરોડની સહાય ચૂકવવામાં આવેલી. ત્યાર બાદ આપણે જે ૫૦ રૂપિયા આપતા એની અંદર તા.૧૮–૯–૨૦૧૨થી નવો ઠરાવ કરીને એમને રૂ.૧૫૦/– દૈનિક ભથ્થુ આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. એ અંતર્ગત ૧૬૧૭ માછીમારી કુટુંબને રૂ.૪.૨૪ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. આ સિવાય બોટ પકડાઇને જાય છે ત્યારે પાકિસ્તાનના સત્તાવાળાઓ એને છોડવાનો નિર્ણય કરીને ભારત સરકારને જાણ કરે છે. ત્યારે અહીંથી આપણું ડેલીગેશન જાય છે. એમાં મિકેનીકલ સાથેની ટીમ હોય છે અને ત્યાં બધી બોટોને ચેક કરે છે, રિપેર કરે છે અને રિપેર કરવાનો ખર્ચ કેન્દ્ર સરકાર આપે છે. હમણાં આપણે ૫૭ બોટો લઇ આવ્યા એમાં પણ રૂ.૧.૨૮ કરોડનો ખર્ચ કેન્દ્ર સરકારે કર્યો હતો. માછીમારો પાછા આવે છે એમને ઘર સુધી પહોંચાડવાનો બધો ખર્ચ રાજ્ય સરકાર કરે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારા એક સવાલનો જવાબ મળ્યો નથી. મારી મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આનો કાયમી સમાધાનનો રસ્તો કરવો જોઇએ.(અંતરાય)

સભાપતિશ્રી : પ્લીઝ, પ્લીઝ ક્રોસ ટોક બંધ કરો.

### વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

### બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના ઓગણીસમા અહેવાલની રજૂઆત

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : (બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ઓગણીસમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

### બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : ( બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ઓગણીસમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

### અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર–ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આજના મહિલા દિન નિમિત્તે સમસ્ત વિશ્વની, આ દેશની અને આ ગુજરાત રાજ્યની મહિલાઓને હું મારી હૃદયપૂર્વકની શુભેચ્છા પાઠવું છું. સન ૨૦૧૭–૧૮ના વર્ષનું અંદાજપત્ર માનનીય નાણા મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ભારત દેશને અને ગુજરાત રાજ્યને કૃષિ પ્રધાન કહી શકાય. ગુજરાત ખેતીમાં અગ્રેસર છે. ખેડૂતોએ ખૂબ મહેનત કરીને સારી પ્રગતિ કરી છે. પણ ખેડૂતોને સરકાર તરફથી મદદ મળવી જોઇએ, પ્રોત્સાહન મળવું જોઇએ એ યોગ્ય રીતે આપવામાં આવતું નથી અને એના પરિણામે રાજ્યના ખેડૂતો પુષ્કળ ઉત્પાદન કરે છે. પણ એ ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળતા નથી. રાજ્ય સરકારે એના માટે યોગ્ય ભંડોળ ઉભું કરીને સમયસર ખરીદી થાય અને ખેડૂતોને મગફળીના ભાવમાં નુકસાન ન જાય એવી કોઇ જ વ્યવસ્થા રાજ્ય સરકારે કરી નથી. મગફળી માત્ર રૂ.૮૦૦/–ના ભાવે ખરીદી કરે છે. પણ એ તો નુકસાનનો ભાવ છે. એનો પડતર ભાવ જ રૂ.૧૦૦૦/– હોય ત્યારે રૂ.૮૦૦/–ના ભાવે ખરીદી કરી ખેડૂતોને કેવી મદદ કરે છે એ સમજી શકાય છે. એમની મગફળી રૂ.૧૨૦૦/– ના ભાવે ખરીદવામાં આવે તો જ એમને પોષણક્ષમ ભાવ મળ્યા એમ કહી શકાય. એવી રીતે કપાસનું પણ છે, કઠોળનું છે, બટાટા અને ડુંગળીમાં પણ એમને પોષણક્ષમ ભાવ મળતા નથી. બીજી વસ્તુ એ છે કે ખેડૂતો માલનું ખૂબ ઉત્પાદન કરે છે. ત્યારે બજારમાં ભાવ ન હોય તો એને સંગ્રહ કરવા માટે જે સ્ટોરેજ વ્યવસ્થા જોઇએ એનું પણ પૂરતું આયોજન આ રાજય સરકાર કરી શકતી નથી, એના પરિણામે બટાટા, ડુંગળી જેવો ૧૫–૨૦ ટકા માલ તો એમને એમ બગડી જાય એટલે એક તો પોષણક્ષમ ભાવો મળે એની પૂરતી વ્યવસ્થા અંદાજપત્રમાં કયાંય મેં જોઇ નથી સાથોસાથ આ ખેત ઉત્પાદક માલની સંગ્રહની વ્યવસ્થા કરવા માટે પણ રાજય

સરકારની ઉદાસીનતા નજરે પડે છે. ગત નાણાકીય વર્ષમાં સંગ્રહ માટે ૩૫૪.૫૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી હતી એની સામે આ વખતે માત્ર ૧૨૬ કરોડની ફાળવણી કરી છે. બજેટનું કદ વધ્યું પણ આમાં અડધી રકમ કરી નાખી છે એટલે આ દર્શાવે છે કે રાજ્ય સરકાર ખેડૂતોના પ્રશ્ને કેવી ઉદાસીન છે. અનાજ, કઠોળ અને શાકભાજીની ન્યૂનતમ કિંમતો ખેડૂતોને મળી રહે એના માટે સ્ટેબીલીટી ફંડ ઉભું કરવાની વાત કરે છે. પ્રાઇઝ સ્ટેબીલીટી ફંડ પણ આ ફંડમાં કેટલી રકમ છે, કેવી રીતે એનું અમલીકરણ થશે, એનો પણ આ બજેટમાં કોઇ ઉલ્લેખ નથી. ટપક સિંચાઇ પદ્ધતિ એ ખેડૂતો માટે બહુ આશીર્વાદરૂપ છે. ઓછા પાણીએ એમાં વધુ ખેતી થાય. ગત વર્ષે એમાં ૭૬૫ કરોડની જોગવાઇ કરી હતી અને ૩ લાખ હેક્ટર વિસ્તાર અને ૧ લાખ ખેડૂતોને લાભાર્થી બનાવવાનું આયોજન કરેલ જયારે આ વર્ષે એમાં ૬૦ ટકા જેટલો ઘટાડો કરી ૧,૭૦,૫૧૫ હેક્ટર વિસ્તારમાં જ ખેડૂતોને આ પદ્ધતિનો લાભ મળે એવું આયોજન આ સરકારે કરી અને ખેડૂતોને બહુ મોટું નુકસાન પહોંચાડયું છે. નોટબંધીના કારણે આ રાજયનો ખેડૂત હેરાન થયો. એક બાજુ મગફળી, કપાસ અને ખેતપેદાશોનો ભાવ, માલ બજારમાં આવ્યો, બીજી બાજુ નોટબંધી થઇ, વેપારીઓ પાસે રોકડા પૈસા નહોતા, ખેડૂતો ચેકથી પેમેન્ટ લેવા તૈયાર નહોતા. ખેડૂતોને ખાતર, બિયારણ, દવા ખરીદવી હતી, ખેડૂતોને લગ્ન કે સગાઇના પ્રસંગો ઉજવવા હતા. ખેડૂતોને મજૂરોને રોજી ચૂકવવી હતી. પૈસાના અભાવે માલ વેચાય નહીં, ખેડૂત પાસે પૈસા નહીં, ૧૫-૧૫ દિવસ સુધી માર્કેટીંગ યાર્ડો સમગ્ર રાજયના બંધ રહ્યા, ખેડૂતોનો માલ વેચાણો નહીં, લેવાલ નહોતો એટલે ભાવ ઘટયા અને એના પરિણામે ખેડૂતોની આખી સીઝન ફેલ ગઇ અને ખેડૂતોને બહુ મોટી નાણાકીય નુકસાની આમાં ગઇ, એટલું જ નહીં સ્ટેમ્પ ડયૂટીની ૨૦૧૫-૧૬ની ૭૯૪ કરોડની આવક હતી એ ૧૦ ટકા ઘટી અને ૭૧૮ની થઇ ગઇ. જમીન મકાનના ધંધા મંદીમાં સપડાણા, નાના ઉદ્યોગો બાંધકામ આ બધું ઠપ થયું. માત્રને માત્ર નાણાબંધીને કારણે આપણા રાજયના અર્થતંત્રને બહુ મોટું નુકસાન થયું. જી.એસ.ટી.નો અમલ ૧લી જુલાઇ ૨૦૧૭થી શરૂ થશે એમ આ અંદાજપત્રના પ્રવચનમાં નાણામંત્રીએ જણાવ્યું છે પણ એના માટે કોઇ તૈયારી કરી હોય, એના માટે કોઇ માળખું બનાવ્યું હોય, એના કર વ્યવસ્થાને અનુરૂપ એનું વહીવટી આયોજન તૈયાર કરવાની કોઇ પ્રક્રિયા આજે રાજય સરકારે કરી નથી એવા સંજોગોમાં કોઇ ગંભીરતા આ સરકારને હોય એવું મને લાગતું નથી. અત્યાર સુધી આપણા બજેટનો શીરસ્તો રહ્યો છે કે બજેટમાં પ્લાનનો ખર્ચ અને નોન પ્લાન બે અલગ દર્શાવવામાં આવે છે. આ વર્ષથી પ્લાન અને નોનપ્લાન બેય એક જ હેડે દર્શાવ્યા છે, અલગ દર્શાવ્યા નથી એટલે હવે આમાં પ્લાન હેડમાં કેટલો ખર્ચ થાય, નોન પ્લાનના હેડે કેટલો ખર્ચ થાય આ પ્રશ્ન પણ વિચારણા માગી લે એવો છે. રાજયમાં ૩૧મી માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ ૨૫૮૬૬.૭૮ કરોડના કરવેરાની જંગી વસુલાત કરવાની બાકી હતી આમાં ૧૫૮૯૭.૫૩ કરોડના કરવેરા એ કોર્ટની વસુલાતના કારણે અટકયા છે એ આપણે સમજી શકીએ પણ ૯૯૬૯.૨૫ કરોડ રૂપિયા એટલે કે આશરે ૧૦હજાર કરોડ રૂપિયાની કરવેરાની રકમ વસુલ કરવા આડેનો કોઇ અંતરાય નથી. છતાં સરકાર એને વસુલવા માટે કેમ કોઇ કાર્યવાહી કરતી નથી એ એક મોટો પ્રશ્ન છે. કેન્દ્રમાં અત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને અત્યાર સુધી તો મારા સન્માનનીય સત્તાધારી પાર્ટીના મિત્રો એમ કહેતા હતા કે કેન્દ્ર સરકાર અન્યાય કરે છે, આપણું કાંઇ ઉપજતું નથી. અત્યારે પણ આપણી કેન્દ્ર પાસે ૬૪૯૭.૧૨ કરોડની વેચાણવેરાની વસુલાત બાકી છે. જો આ વસુલાત આવી જાય તો પણ રાજયની તિજોરીમાં નાણાકીય વ્યવસ્થામાં આપણને એટલો ફાયદો થાય. આવા જ પ્રશ્નો સૌર ઉર્જામાં છે . સૌર ઉર્જા ઉત્પાદિત વીજળી ખરીદવા માટે યુનિટ દીઠ સરેરાર ૪.૫૦ થી ૫ રૂપિયા વચ્ચે ભારતના મોટાભાગના રાજ્યોમાં ભાવ નક્કી થયા છે. પણ આપણી સરકારે બે વર્ષમાં ૬૧ કંપનીઓ પાસેથી ૧૬૬૫ લાખ મિલિયન યુનિટ વીજળીની ખરીદી કરેલ છે. ૬૧ માંથી ૩૮ કંપનીઓ પાસેથી નવી પોલિસીના નામે ૧૫ રૂપિયાની કિંમત ચૂકવી અને રાજયની તિજોરી ઉપર એક હજાર કરોડનું ભારણ વધાર્યુ છે. આ સરકારે પોતાની માનીતી કંપનીઓને ફાયદો કરાવવા માટે પોલિસીમાં ફેરફાર કરી ૩૮ કંપનીઓ પાસેથી ૧૫ રૂપિયાના ભાવે, ૧૭ કંપનીઓ પાસેથી ૯.૯૮ રૂપિયાના ભાવે અને ૬ કંપનીઓ પાસેથી ૯.૧૪ રૂપિયાના ભાવે સોલાર પાવર ખરીદ્યો છે. આમાં પણ રાજયને મોટું નાણાકીય નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોની વાત કરીએ તો ઉદ્યોગમાં એવું છે કે, *(xxx) એવી વાત કરી છે. બહારથી મોટા ઉદ્યોગપતિઓને આવકારી વાયબ્રન્ટ સમિટ કરે.

સભાપતિશ્રી : આપના *(xxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોટા મોટા ઉદ્યોગપતિઓને આવકારે એનો વાંધો નથી. પણ એની સામે લઘુ અને મધ્યમવર્ગના ઉદ્યોગો માટે જે કાંઇ કરવું જોઇએ એના માટે ૨૦૧૬-૧૭ના ફાળવાયેલ ૪૯૮ કરોડના બજેટમાંથી માત્ર ૨૫૮ કરોડનો ખર્ચ કર્યો છે. સમયસરના સરકારી પ્રોત્સાહનના અભાવે મધ્યમવર્ગના ઉદ્યોગના સેકટરમાં ગુજરાત કરતા યુ.પી. અને પશ્ચિમ બંગાળ આગળ નીકળી ગયા છે. ગુજરાત આમાં પાંચમા નંબરે આવી ગયું છે. એક બાજુ સરકાર નંબર વનની વાતો કરે અને બીજી બાજુ દરેક ક્ષેત્રે ગુજરાત પાછળ પડતું જાય છે ત્યારે હું માનનીય નાણામંત્રીશ્રીને પૂછવા માગું છું કે, શું તમારા બજેટથી પ્રાથમિક શિક્ષણનું સ્તર ઉંચું આવશે? ૬૬ હજાર જેટલા બેરોજગાર યુવાનોને નોકરીઓ મળશે? મહિલાઓ ઉપર બળાત્કારો બંધ થઇ જશે? અપહરણ થયેલા બાળકો પાછા મળી જશે? દારૂ વેચાતો બંધ થઇ જશે?

* આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

શિક્ષણમાં ડોનેશન પ્રથા બંધ થશે? શું ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળશે? શું આંગણવાડી બહેનો, આશા વર્કરો, હેલ્પરોનો પગાર વધારો થશે? ફીક્સ પગાર ધારકોને પગાર ધોરણ મુજબનો પગાર ચૂકવાશે? આના માટે તો માત્ર એક શેર કહેવાનું મન થાય કે, ''લહરો કો ખામોશ દેખકર યહ ના સમજના કી સમંદર મેં રવાની નહીં હૈ, હમ જબ ભી ઉઠેંગે, તુફાન બન કર ઉઠેંગે, બસ ઉઠને કી અભી ઠાની નહીં હૈ.''

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલા તરીકે મને બોલવાનું સૌભાગ્ય મળ્યું છે એ માટે અમારા દંડકશ્રી પંકજભાઇના આયોજન માટે હું એમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રાજ્યના સર્વાંગી વિકાસ માટે રજૂ કરેલ બજેટને આવકારું છું. ૨૦૧૩-૧૪માં મેં મારા વિચારો શ્રમ અને રોજગાર ઉપર રજૂ કરેલા અને એ વખતે રૂપિયા ૧૦૫૩ કરોડનું બજેટ શ્રમ અને રોજગારને ફાળવેલ હતું. પરંતુ આજે ગૌરવ સાથે કહેવું છે કે બે વર્ષના ટૂંકા ગાળામાં આ વર્ષના શ્રમ અને રોજગારને ૧૬૧૫ કરોડનું બજેટ ફાળવ્યું છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વિશ્વ ગુરૂ સમાન ભારત દેશ આજે યુવા દેશ તરીકે ઉભરી રહ્યો છે ત્યારે વિશ્વમાં સૌથી વધુ યુવાધન ભારતદેશ પાસે છે. આવા તરવરિયા યુવાન-યુવતિઓની ક્ષમતા મુજબ સમયસર કામ આપવાનું આયોજન આપણી સરકારે કરેલ છે. અને ''હર ઘર મેં હુન્નર ઔર હર હાથ કો કામ'' એવો શ્રી રૂપાણી સરકારનો અભિગમ રહ્યો છે ત્યારે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા દર બે વર્ષે વાયબ્રન્ટ સમિટ થવાના કારણે વિશ્વના ખૂણે ખૂણેથી અનેક ઔદ્યોગિક એકમોની સ્થાપના થઇ છે. ગુજરાત એક આંતરરાષ્ટ્રીય ઇન્ડસ્ટ્રીયલ હબ તરીકે સ્થાપિત થઇ ચૂક્યું છે ત્યારે આપણા યુવાનો માટે વિપુલ રોજગારીની તકો ઉભી થઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪થી ભરતી મેળાની શરૂઆત થઇ. ઓન ધ સ્પોટ રોજગારીનો ઓર્ડર યુવાનો, યુવતીઓને આપવાની શરૂઆત કરીને વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬ની અંદર ઘણી બધી ભરતીઓ આપણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. પરંતુ માત્ર એક જ અઠવાડિયાના સમયમાં એટલે કે તા.૧૧-૧૨-૨૦૧૭ થી તા.૧૭-૨-૨૦૧૭ના ૧૨ જગ્યાએ મેગા જોબ ફેરનું આયોજન કરી મારી સરકારે એક જમ્પ લગાવ્યો છે. ૧૦૯૫૨૦ યુવાનોને રોજગારી આપી છે જેમાં ૧૪૪ દિવ્યાંગોને પણ નોકરી મળી છે. મોરબી અને સુરેન્દ્રનગરમાં એક ક્લસ્ટર બનાવીને યોજેલ મેગા જોબ ફેરમાં સુરેન્દ્રનગરમાંથી ૨૭૯૭ જગ્યા ઉપર ૨૩૫૦ લોકોને આપણે હાથો હાથ કામ પર જવાનો ઓર્ડર આપ્યો છે. એમાં કહું તો હેલ્પર, લેબર માટે ૧૦૬૦ જગ્યા, ક્લેરિકલની અંદર ૧૩૦, સેલ્સ એન્ડ માર્કેટિંગમાં ૨૧૬ લોકોને, ટેકનીકલમાં ૧૯૩ને અને અન્ય જગ્યા પર ૭૫૧ આમ કુલ ૨૩૫૦ પસંદગી પામેલ ઉમેદવારને રોજગારી પૂરી પાડેલ છે જે માટે હું રાજ્ય સરકારનો આભાર માનું છું. રાજ્યમાં કુલ હાલ ૭૭૧ આઇ.ટી.આઇ. કાર્યરત છે ૧૯૪૫૭૦ બેઠકો સાથે તમામ તાલીમ સુવિધા સાથે આ આઇ.ટી.આઇ. ઉપલબ્ધ છે ત્યારે યુવાનો માટે એક આશાનું કિરણ બન્યું છે. મારા વિસ્તારમાં પણ એક ગ્રાન્ટેડ આઇ.ટી.આઇ. છે અને એક મહિલા આઇ.ટી.આઇ. પણ આવેલી છે. પહેલાના વખતમાં આ આઇ.ટી.આઇ.ની અંદર જવા માટેનો કોઇ એટલો બધો રસ વિદ્યાર્થીને ન હતો અને અવેરનેસ પણ ન હતી. પરંતુ આજે આઇ.ટી.આઇ.માં એડમિશન લેવું હોય તો પણ તકલીફ પડે છે અને એટલા માટે મારે કહેવું છે કે રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગે એક દસકામાં મારી દ્રષ્ટિએ ખૂબ શ્રમ કરીને આ વિભાગને ધબકતો કર્યો છે. નિરંતર બદલાતી જતી ટેકનોલોજીને અનુરૂપ પ્રતિભાશાળી માનવ બળ પૂરું પાડવા માટે.. (અંતરાય)

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : સ્કિલ્ડ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. રાજ્યનું યુવાધન જે ગામડાંમાં વસે છે તેમને ગ્રામ્ય કક્ષાએ ઘર આંગણે તાલીમ મળી રહે તે માટે ૫૦૦ જેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. એમાં મારા વિસ્તાર ખોડુંમાં ચાલતા કૌશલ્ય વર્ધન કેન્દ્રમાં ૮૪૦ જેટલા યુવક-યુવતીઓએ ટ્રેનિંગ લીધેલી છે. આ ઉપરાંત માનનીય દિલીપસિંહભાઇનો મારે આભાર માનવો છે કે હજુ બે વધારે કે.વી.કે. મારા વિસ્તારમાં એમણે મંજૂર કર્યા છે. આ વિભાગે પહેલી વખત લોકોના ઘર બનાવી આપતા તનતોડ મહેનત કરતા બાંધકામ શ્રમિકોના કલ્યાણ માટે રૂપિયા ૭૦ કરોડની જોગવાઇ કરી પહેલી વખત શ્રમિક અન્નપૂર્ણા યોજના જાહેર કરી છે એ માટે નાણામંત્રીશ્રીને ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત સંગઠિત અને અસંગઠિત શ્રમયોગીઓનો દેશ વિકાસમાં ખૂબ મહત્વનો ફાળો છે ત્યારે આ શ્રમયોગીઓની શક્ય તેટલી સેવા કરવી જોઇએ તેવું મારી સરકાર માને છે અને મારી સરકાર માને છે એટલા માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓથી લાભાંનવિત પણ કરેલ છે. શ્રમયોગીઓની નોંધણી કરી ૯ લાખ ૨૦ હજાર શ્રમિકોને યુ વીન કાર્ડ આપીને આરોગ્ય વિભાગની જેમજ મા-કાર્ડના ધોરણે ગંભીર બિમારી સામે રૂપિયા બે લાખની સહાય આપવાનું જ્યારે આયોજન કર્યું છે ત્યારે વિઝનરી એવા મુખ્યમંત્રીશ્રી અને સરકારના અથાગ પ્રયત્નથી સાચા અર્થમાં છેવાડાના યુવાન માટે રાજ્ય સરકારે જે વિવિધ તકો ઉભી કરી છે ત્યારે ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં રોજગારી આપવામાં પ્રથમ હરોળમાં છે ત્યારે ખૂબ ખૂબ અભિનંદન સાથે માનનીય નાણામંત્રીશ્રી શ્રમ અને રોજગાર માટે જે બૅજેટ લઇને આવ્યા છે તેમને મારું હાર્દિક અભિવાદન અને સમર્થન આપું છું.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિતે તમામ દેશની મહિલાઓને મારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને આ ગૃહની તમામ બહેનોને અભિનંદન

પાઠવું છું. આજે મહિલા દિન નિમિતે આ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને નાણા પ્રધાન વર્ષ ૨૦૧૭–૧૮ નું બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે બહેનોની વાત થઇ છે ત્યારે હું ગૌરવની લાગણી અનુભવું છું કારણ કે, સ્ત્રીઓમાં સદા સહનશીલતા, ત્યાગ અને બલિદાનનું જે કાર્ય કર્યું છે અને ભારતની નારી એ પતિ અને કુટુંબને (અંતરાય)

સભાપતિશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૧૧–૦૦ કલાકે મળશે. ચંદ્રિકાબેનનું પ્રવચન ચાલુ રહેશે.

( વિરામ સવારના ૧૦–૩૦થી ૧૧–૦૦ )

(સભાપતિ શ્રીમતી નીમાબેન આચાર્ય, અધ્યક્ષસ્થાને )

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : (ક્રમશ:) :માનનીય અધ્યક્ષશ્રી, આજે હું મહિલા દિન નિમિત્તે બોલતી હતી ત્યારે સ્ત્રીઓએ સદા સ્નેહ, સહનશીલતા અને બલિદાનનું જ કાર્ય કર્યું છે. ભારતની નારીએ પોતાના પતિ અને કુટુંબને ધર્મ ગણ્યો છે. તે કુટુંબ, સમાજ અને દેશના હિત ખાતર ધુપસળીની જેમ સળગીને સુવાસ ફેલાવે છે અને એમાં પોતાનું ગૌરવ અનુભવે છે. આજે માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભી થઇ છું.

આ સરકાર શબ્દોની માયાજાળ રચવામાં માહેર છે. સમગ્ર રાજ્યનો સમતુલિત વિકાસ કરવા માટે સમય મળ્યો હોવા છતાં રાજ્યના દરેક વિસ્તારોનો સરખો વિકાસ થતો નથી. આજે હું મારા મત વિસ્તારની વાત કરું તો હું એક આદિવાસી વિસ્તારમાંથી આવું છું. આજે આ હોળી–ધૂળેટીના પર્વ નિમિત્તે જ્યારે બોલી રહી છું ત્યારે આ સરકાર એવું બોલ્યા કરે છે કે, આદિવાસી વિસ્તારોનો વિકાસ થયો છે. શું ગતિશીલ ગુજરાત એને કહેવાય ? કારણ કે, આજે મારા વિસ્તારના મજૂરો બીજા જિલ્લાઓમાં સ્થળાંતર કરે છે ત્યારે આજે હોળી–ધૂળેટીના તહેવારોમાં એને વતન સુધી લાવવા માટે સરકાર દ્વારા કેમ વધારે ગાડીઓ મૂકવામાં આવી? આજે જો આદિવાસીઓનો વિકાસ થયો હોય તો આ ગાડીઓ મૂકવાનું કારણ શું હતું, એનું મને દુ:ખ થાય છે? દર હોળી–ધૂળેટીનો તહેવાર હોય, દિવાળીનો તહેવાર હોય ત્યારે મારા આદિવાસી વિસ્તારના ભાઇઓને એમના ઘર સુધી પહોંચાડવાના હોય, ત્યારે સરકારને ત્રણ કરોડ, ચાર કરોડની આવક કરવા માટે આ ગાડીઓ મૂકવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, મારા વિસ્તારમાં સિંચાઇની સુવિધા નથી, ખેતી માટે પાણીની સુવિધા નથી, એ સરકારે અત્યાર સુધી કર્યું નથી. હું આ ગૃહમાં નવ વર્ષથી સિંચાઇની સુવિધા માટે અને પીવાના પાણી માટે મારો રોષ અહીંયા ઠાલવું છું પણ અત્યાર સુધી આ સરકારે મારા આદિવાસી વિસ્તારમાં હજી કાંઇ કર્યું નથી, એનું મને દુ:ખ છે. એક મહિલા ધારાસભ્ય તરીકે આજે મને કહેતાં આનંદ થાય છે કે, કેન્દ્ર સરકાર જ્યારે અમારી હતી ત્યારે અમને ટ્રાયબલના જે નાણા મળતા હતા. એ નાણામાંથી અમને જીવનધારાના કુવા મળતા હતા, અમને જે ગાડાની લોન મળતી હતી, જે દુકાનની લોન મળતી હતી, જે ગાડીઓની લોન મળતી હતી, તમામ હેન્ડ પંપો પણ થવાના હતા અને ખાલી અમારા આદિવાસી ભાઇ–બહેનો માટે લગ્ન કરવાની જ લોન નહતી મળતી. ત્યારે હું આ ગૃહમાં કહેવા માગુ છું કે, લાખ્ખો અને કરોડોના ખર્ચાઓ કરીને આ સરકાર ઉત્સવોમાં પડી છે. વાયબ્રન્ટ ગુજરાત, પતંગોત્સવ, રમતગમત ઉત્સવ, ખેલ મહાકુંભ, કચ્છમાં રણોત્સવ અને કચ્છમાં કયા ઉત્સવો ઉજવાયા એ બધાને ખબર છે. બાકી હતું તો બીજા ઉત્સવોમાં વધારો કર્યો, નલિયા કાંડમાં •(×××), હવે કયો ઉત્સવ બાકી છે? સરકારને શરમ આવવી જોઇએ.

સભાપતિશ્રી : બહેન આજે નલિયા કાંડને રહેવા દો, બધા દિવસો પડ્યા જ છે. અત્યારે સારી વાત કરો, મહિલાઓના ગૌરવની વાત કરો, કચ્છના ગૌરવની વાત કરો.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરવા જાઉ છું ત્યારે શિક્ષકોએ ગુજરાતની ઘોર ખોદી નાખી છે. ખાનગી યુનિવર્સિટી સુમનદીપની વાત કરીએ તો આ કોના રહેમરાહ હેઠળ કરવામાં આવ્યું છે અને વિદ્યાર્થી દીઠ ૯૭ લાખના કોરા ચેકો લેવામાં આવ્યા છે. આ લોકોનાં નામ જાહેર કરો અને સુમનદીપ સાથે કોણ કોણ નેતા જોડાયેલા છે એનો જવાબ આપો. ગતિશીલ ગુજરાતમાં આપણે આજે મહિલાઓનો ઉત્સવ ઉજવી રહ્યા છીએ.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મારી તમામ બહેનોને આ તકે શુભેચ્છા પાઠવું છું અને આખા દેશમાંથી જે મહિલા સરપંચો છે એવી ૬૦૦૦ બહેનોને આજે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી એને સંબોધન કરવાના છે અને એમનું સન્માન કરવાના છે ત્યારે આ તકે માનનીય વડાપ્રધાનશ્રીને ખૂબ ખૂબ શુભેચ્છા અને આભાર વ્યકત કરું છું. માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મહિલા અને બાળ કલ્યાણ વિશે મારા વિચારો વ્યકત કરું છું. યા દેવી સર્વ ભૂતેષુ નારી રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ જયાં નારીનું સન્માન થાય છે ત્યાં જ દેવતાઓનો વાસ છે. આદિકાળથી ભારતીય સંસ્કૃતિમાં નારીનું આગવું સ્થાન રહ્યું છે. વૈદિક કાળથી અપાલા, ઘોષા અને ગાર્ગી જેવી વિદુષી નારીઓથી લઇને ૨૧ મી સદીમાં અવકાશને આંબનારી કલ્પના ચાવલા જેવી સેંકડો નારીઓએ ભારતીય સંસ્કૃતિની યશોગાથાને ચિરંજીવી રાખી છે. મારે ખૂબ દુ:ખ સાથે કહેવું પડે છે કે સમાજમાં ૫૦ ટકા હિસ્સો મહિલાઓ અને બાળકોનો છે. ૧૯૬૦ માં ગુજરાત રાજય સ્થપાયું ત્યારથી લઇને ૨૦૦૧ સુધી મહિલાઓ અને બાળકોનો કોઇ વિભાગ જ અસ્તિત્વમાં નહોતો.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

જયારે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું અને મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ શાસન સંભાળ્યું ત્યારથી લઇને ૨૦૦૧માં મહિલા અને બાળ વિકાસ વિભાગ અલગ શરૂ કરવામાં આવ્યો અને આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલને ત્યારે મહિલા અને બાળ વિકાસ વિભાગ સોંપવામાં આવ્યો. અનેકવિધ યોજનાઓ મહિલાઓ અને બાળ કલ્યાણ માટે આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે બનાવી. બાળકો, કિશોરીઓ, સગર્ભા, ધાત્રી માતાઓના પોષણ અને તંદુરસ્તી અને સ્વાસ્થ્ય ક્ષેત્રમાં નવતર શરૂઆત કરીને ગુજરાતે અન્ય રાજયને નવો રાહ ચિંધ્યો છે. આજે બહેનો સમાજમાં પોતાનું આગવું સ્થાન, આગવી ઓળખ ઉભી કરે એ માટે સમાજના જે કાર્યો છે એમાં સહભાગી થાય એ માટે બહેનો માટે આજે ૩૩ ટકામાંથી ૫૦ ટકા અનામત રાખવામાં આવી છે. આજે સરકારે જાહેરાત કરી છે કે કોઇપણ ક્ષેત્રની ભરતીમાં , કોઇપણ વિભાગની ભરતીમાં બહેનો માટે ૩૩ ટકા અનામત રાખવામાં આવી છે. બહેનો માટે અલગ હેલ્પલાઇન ૧૮૧ મહિલા હેલ્પલાઇન પણ શરૂ કરવામાં આવી છે. જેનાથી બહેનો સંકટ સમયે આનો લાભ લઇ શકે. હું અંદાજપત્રને મારું સમર્થન આપું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના મહિલા દિન નિમિત્તે માનનીય નીતિનભાઇએ અમને એક કરોડની વધારાની ગ્રાન્ટ આપી એના માટે આભાર માનું છું પરંતુ એક ખેડૂતની દીકરી તરીકે બજેટની બાબતની વાત કરું તો ગીફ્ટ અંદર જૂની હોય અને પેકીંગ બદલી નાખીએ, રેપર બદલાઇ જાય તો ખેડૂતોને છેતરાયાનો અહેસાસ થાય. વિભાગોના નામ બદલી નાખવાથી ખેડૂતોનું કલ્યાણ થઇ જતું નથી. માનસિકતા બદલવી જોઇએ, આપેલા વચનો પૂરા કરવા જોઇએ. ૨૦૧૭–૧૮માં મંત્રીશ્રીએ અંદાજપત્રના પ્રવચનમાં કહ્યું કે કૃષિ અને સહકાર વિભાગનું નામ હવે કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ થશે. પરંતુ વિભાગના નામને બદલે ખેડૂતોને વધારે રાહત મળી હોત તો આનંદ થાત. ૨૦૦૪–૦૫ માં નાણામંત્રીશ્રીએ કહેલ ખેડૂતલક્ષી નીતિ એટલે વિમાની મથકે શાકભાજી, ફળ ફુલોના નિકાસ માટે કોલ્ડ સ્ટોરેજ, ડીસામાં બટેટાની વાનગીઓ માટે મોટા પ્રોજેકટ, એગ્રો એક્ષપોર્ટ ઝોન માટે સ્થાપના કરીશું. એરંડાના સંશોધન માટેની કામગીરી કરીશું અને એની વૃદ્ધિ માટે પ્રયત્ન કરીશું, પરંતુ થયું શું? બટાટા પકવતા ખેડૂતોને તેની ઓરિજનલ કિંમત પણ મળતી નથી, એટલે ખેડૂતોએ બટેટા રોડ ઉપર નાખી દેવા પડે છે. ૨૦૧૩–૧૪ માં નાણામંત્રીશ્રીએ અંદાજપત્રમાં કહેલ કે કૃષિ વિકાસ અને કિસાન કલ્યાણ તે અંતર્ગત કૃષિના ઉત્પાદનમાં વધારો થશે અને ખેતી મૂલ્યવર્ધિત થશે અને ફાર્મ સેકટરમાં આધુનીકરણ થાય એનો અભ્યાસ કરી નીતિઓના ઘડતર માટે સરકાર ગુજરાત એગ્રી કલ્ચર કમિશન બનાવશે અને કૃષિ પંચની રચના કરશે. પણ આમાનું શું થયું? સરકારે ખૂદ પ્રશ્નના જવાબમાં કબૂલ્યું કે કૃષિ પંચ બનાવવાનું પડતું મૂક્યું છે. ૨૦૧૪–૧૫ માં નાણામંત્રીશ્રીએ અંદાજપત્રમાં કહેલ કે કૃષિ વિકાસ વર્ષ ઊજવવાનું નક્કી કર્યુ. તે અન્વયે ગ્રામ ક્ષેત્રે પાકનો સંગ્રહ કરવા માટે ખેડૂતોને ગોડાઉન બનાવવા માટે ૬ ટકાના દરે લોન અને ૩ વર્ષની વ્યાજ સહાય યોજનાની જાહેરાત કરી. એમાં કેટલી અરજીઓ મળી? તો ૫૯૧. અને સહાય કેટલાને ચુકવી? તો કોઇને નહીં. ગૌ માતાના નામે તમે રાજનીતિ બહુ કરો છો, પણ ગૌશાળાઓ માટે, ઘાસચારા માટે સબસિડી આપવામાં આવતી નથી. કૃષિ અને સહકાર વિભાગનું નામ તમે કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ રાખવાની વાત કરો છો. એથી કઇ ખેડૂતોનું કલ્યાણ થઇ જતું નથી. ૨૦૧૬–૧૭ માં નાણામંત્રીશ્રીએ અંદાજપત્ર પરના પ્રવચનમાં કહેલ કે કૃષિ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને ઉત્તેજન આપવું, એટલે કે ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવાની જાહેરાત કરેલી. આજે હું પૂછવા માગું છું કે એનું કોઇ જોડે એડ્રેસ હોય તો મને આપે. કારણ કે હાઇબ્રીડ ખાઇને તો ખૂબ મોટા રોગો થાય છે, પણ આજની તારીખમાં એ યુનિવર્સિટીનું એડ્રેસ મળતું નથી. ૨૦૧૭–૧૮ ની વાત કરું તો નાણામંત્રીશ્રીના પ્રવચન મુજબ ખેડૂતોએ પરસેવો પાડ્યો, લોહી સીંચ્યુ, ખૂબ મહેનત કરી અને ઊભા પાકને રોઝ અને ભૂંડ જેવા પ્રાણીઓથી બચાવવા માટે ફરતી તાર કરવા માટે કફ્ત ૨૦૦ કરોડની જોગવાઇ કરી. વાઇબ્રન્ટના શમિયાણા હોય અને એ શણગારવાના હોય અને ઉત્સવોમાં કરોડો રૂપિયાનો ધૂમાડો કરવાનો હોય તો તારની વાડ કરવાની અરજીઓ ૧૮,૦૦૦ આવી છે, ત્યારે ફકત ૨,૭૦૦ ને જ મંજૂરી મળી છે. આ રકમ પણ વધારવી જોઇએ. વીરમગામના તાલુકાના ૧૪ ગામો, સાણંદ તાલુકાના ૧૦ ગામો અને બાવળા તાલુકાના ૮ ગામોમાં સિંચાઇનું પાણી મળતું નથી. તો મત વિસ્તારની આપણે વાત કરવાની કહી તો મારા એ ગામોને પાણી મળતું નથી. અમે વારંવાર મામલતદાર, કલેકટરને આવેદન પત્ર આપ્યું છે. અને લોકસંવાદ સેતુમા તો માનનીય નીતિનભાઇને જ રજૂઆત કરેલી, છતાય આ ખેડૂતોએ રેલી કાઢવી પડે અને હજુ પાણી ન મળતા એમને દંડા મળે તો ખૂબ અન્યાય થઇ રહ્યો છે. અને ૨૦૦૩–૦૪ માં નાણામંત્રીશ્રીએ અંદાજપત્રમાં કહેલ કે સંસ્કૃતિની ધરોહર એવું વીરમગામનું મુનસર તળાવ એને પ્રવાસન માટે જાહેર કરી અને વિકસાવવાની વાત કરેલી. પણ આજ સુધી કઇ થયું નથી અને વીરમગામ ખાતે ભોજવા ફાટક એ લાંબો સમય બંધ રહેવાના કારણે દર્દીઓને પારાવાર મુશ્કલી પડે છે અને મૃત્યુ પણ થાય છે તો ઓવરબ્રીજ જલ્દી બનાવવા વિનંતી છે. ભલે સરકાર એવું કહેતી કે અત્યારે ગુજરાતમાં લોકોની આવક વધી છે, પણ જી.એસ.ડી.પી.માં ૨૦૧૬–૧૭ માં ૧૩.૨ ટકાનો વધારો થવાનો અંદાજ મૂક્યો છે, પણ ફુગાવો ૫ ટકાનો હોઇ, ૮ ટકાના દરે જ એ વધ્યું છે, એટલે ખરેખર એ વાત સાચી નથી. નાણા પ્રધાન ભલે એમ કહેતા હોય કે બજેટ પુરાંતવાળું છે, પણ ખરેખર મહેસૂલી, મૂડી અને જાહેર હિસાબ એ ત્રણેયની વાત કરીએ તો મહેસૂલી પુરાંતના આધારે એ લોકો એવું કહેતા હોય છે. પણ ખરેખર તો મૂડી ખાતે ૧૧,૪૦૧ કરોડની ખોટ જવાનો અંદાજ મૂકાયો છે. એટલે ખરેખર આ વાત ખોટી છે. ખાસ તો નોટબંધીના પરિણામે ખેડૂતો અને નાના અને મધ્યમવર્ગના ઉદ્યોગકારોને નુકસાન થયું છે. તો એમાં સરકાર એમને જે લોન લીધી હોય એ લોનમાં અને વ્યાજમાં રાહત આપે અને ખેડૂતોને લોનમાં રાહત આપે તેવી વિનંતી કરું છું.

## ફાલ્ગુન ૧૭, ૨૦૩૮ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શહેરી વિકાસ વિભાગની સામાન્ય ચર્ચામાં મારા વિચારો રજૂ કરતાં આનંદ અનુભવું છું. ગુજરાત રાજયના ગ્રોથ એન્જિન જેવા ૮ મહાનગર અને ૧૬૨ નગરપાલિકાની સને ૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા પ્રમાણે કુલ વસ્તીના ૪૨ ટકા એટલે કે ૨.૫૭ કરોડ જેટલી વસતિ આ શહેરી વિસ્તારોમાં રહે છે. ત્યારે તેઓને સુવિદ્યાપૂર્ણ સગવડો અને શ્રેષ્ઠતમ સુવિદ્યાઓ પૂરી પાડવા, પ્રજાનું જીવન ધોરણ ઉંચુ લાવવા તથા નિર્મળ, સક્ષમ, સુંદર, હરિયાળા તથા ધબકતા શહેરના નિર્માણની પ્રક્રિયાને સફળતાપૂર્વક અમલમાં મૂકનાર શહેરી વિકાસ વિભાગને હું અભિનંદન આપું છું. ગુજરાતના બધા જ મહાનગરો અને નગરોના સર્વાંગી વિકાસની વાત કરવા માટે અને તેના દાખલારૂપ સુરત શહેરમાં થયેલી કામગીરી આપની સંમતિ સાથે મૂકવાનો પ્રયત્ન કરું છું. ભગવાન સૂર્યનારાયણની પુત્રી તાપી નદીના બંને કિનારે સુરત શહેર વસેલું છે ત્યારે આપ કામરેજથી સુરત તરફ પ્રવેશો છો ત્યારે સુરતના વિકાસની વાઇબ્રન્સી તમારી કારના એરકન્ડીશનમાંથી તમને ફીલ થતી હોય છે. યુ કેન ફીલ ઓલ્સો સ્લીપીંગ ઇન ધી બસ સુરતમાં તમે કામરેજથી અંદર દાખલ થશો ત્યારે યુ કેન ફાઇન્ડ સમથીંગ ડીફરન્સ. એટલે વાઇબ્રન્સી ઓફ ડેવલપમેન્ટ દેખાશે. ઉંઘમાં હશો તો તમને ખબર પડશે કે અમે સુરતમાં આવી ગયા છીએ. તે જાણવા માટે તમારે અમારા કામરેજ ચાર રસ્તાથી સુરતમાં આવશો ત્યારે તમને અવશ્ય ખબર પડશે. મેડમ, યુ કેન ફીલ ધી વાઇબ્રન્સી ઓફ ડેવલપમેન્ટ ઇન સુરત. અંદર આવશો એટલે અમારો વરાછા રોડ અને વરાછા ઝોન આવશે. વરાછા રોડ અને વરાછા ઝોન વિસ્તાર એટલે હીરા ઉદ્યોગ અને એમ્બ્રોઇડરી ઉદ્યોગથી ધમધમતો વિસ્તાર. હજારો રત્ન કલાકારો અને રાજય બહારથી એટલે અન્ય રાજયોમાંથી માઇગ્રેટ થયેલા કારીગરોને ભરપૂર રોજીરોટી આપનારો વિસ્તાર એટલે અમારા સુરત શહેરનો વરાછા ઝોન અને વરાછા વિસ્તાર. આમ તો સુરતના સાત દરવાજા છે. તમે સાત બાજુથી પ્રવેશી શકો છો. તમે કોઇપણ બાજુથી આવો તમને વાઇબ્રન્સી લાગશે. કામરેજથી સુરત રેલવે સ્ટેશન સુધી સીકસ લેન રોડ અને તેના ઉપર લાંબા લાંબા ફલાયઓવર બ્રીજ. તેનું આકર્ષક બસ સ્ટેન્ડ .

સભાપતિશ્રીઃ એક મિનિટમાં પૂરું કરો.

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા : મેડમ, હજુ ત્રણ મિનિટ નથી થઇ ને એક મિનિટમાં શું થશે. અહીં અમારો સમય વિશ્વ મહિલા દિવસે ફાળવ્યો છે પણ જેટલો બાકીનો છે તેટલો તો અમને આપો. મેડમ, કોઇપણ વિધાનસભામાં મારો કોઇપણ ધારાસભ્ય વાત કરતો હશે ત્યારે તેણે તેની પાછળ પાંચ-સાત-દસ કલાક બગાડેલા હોય છે. કેન યુ નોટ એલાઉ અસ.

સભાપતિશ્રીઃ એક મિનિટમાં પૂરું કરો.

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા : નથીંગ યુ આર ડીસ્ટર્બીંગ મી. આઇ કુડ નોટ સે. આ છે ત્યારે બીજી કોઇ વાત ન કરતાં એક મિનિટમાં પૂરું કરીશ. સુરત તરફ આવતા ફલાયઓવર, આકર્ષક બસ સ્ટેન્ડ સાથે બી.આર.ટી.એસ. રૂટ, લાઇટીંગ સાથેના આકર્ષક પુલોને ફૂલછોડના શણગારથી શણગારવામાં આવેલ સુરત મહાનગરપાલિકા અને શહેરી વિકાસ મંત્રાલયે તથા માર્ગ મકાન વિભાગે તેમાં કોઇ કસર છોડી નથી. તમે વરાછા રોડ ઉપર આવશો તો તમને લાગશે કે તમે વિદેશના કોઇ મોટા શહેરમાં ફરી રહ્યા છો. અમારો આ વરાછા વિસ્તાર એટલે મહાજનોનો વિસ્તાર છે. અમારા આ વરાછા વિસ્તારમાં પ્રેગનન્સીની શરૂઆતથી બાળકના જન્મ સુધી મફત સારવાર આપવામાં આવે છે. સરકારની પ્રાથમિક શાળાઓ દત્તક લેનારા દાનવીરો અહીંયાં છે. રત્ન કલાકારોના બાળકોને મફત શિક્ષણ અને શિષ્યવૃત્તિ આપનારા દાનવીરો અહીં છે. રત્ન કલાકારોને દિવાળીની ભેટમાં મોટરકાર આપનાર દાનવીર અહીંયાં છે. ધન્યવાસ સાથે હું મારું પ્રવચન પૂરું કરીશ.

સભાપતિશ્રીઃ માનનીય હસમુખભાઇ પટેલ.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય નાયબ મુખ્ય મંત્રી માનનીય નીતિનભાઇ પટેલ ગુજરાતના ઇતિહાસનું સૌથી મોટું બજેટ ૧ કરોડ, ૭૨ લાખ ૧૭૯ હજાર કરોડનું બજેટ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપુ છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજની શાંતિ અને સલામતી, કાયદો અને વ્યવસ્થા જાળવવી હોય તો ગુનાહીત માનસિકતા વાળા, ગુનાહીત પ્રવૃત્તિ કરતા લોકોને સજા આપવી પડે અને સજાના અમલ માટે જેલોની પણ આવશ્યકતા છે. ભૂતકાળનો વિચાર કરીએ તો જેલની વાત કરીએ તો મગજમાં આવે કે, કેદીને જેલની કાળ કોટરીમાં પૂરી દેવા. પરંતુ વર્તમાનમાં જેલોનું કામ માત્ર સજા આપવાનું નહીં પણ સજાની સાથે સાથે કેદીની સુધારણા અને એના પુનર્વસનની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયમાં હાલમાં ૪ મધ્યસ્થ જેલ, ૭ જિલ્લા જેલ, ૧૧ સબ જેલ, ૨ ખાસ જેલ, ૨ ઓપન જેલ અને ૧ મહિલાઓ માટેની સ્પેશિયલ જેલ એમ કુલ મળીને ૨૭ જેલો આવેલી છે. ભૂતકાળમાં જેલોની સ્થિતિ જોઇએ તો ઓવર ક્રાઉડેડ હતી એની વ્યવસ્થા કરતા વધુ કેદીઓ જેલમાં રાખવા પડતા હતા પરિણામે જેલોની વ્યવસ્થા અને કેદીઓની સુવિધા સચવાતી ન હતી આ સમસ્યાને દૂર કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લા ૧૦ વરસમાં લાજપોરની મધ્યસ્થ જેલ, મહેસાણા જિલ્લા જેલ, અમરેલી જિલ્લા જેલ, પાટણ સબ જેલ, રાજપીપળા જિલ્લા જેલ, અમદાવાદ મધ્યસ્થ જેલમાં ૨૦૦ સેલનો હાઇ સિક્યોરીટી વિભાગ, વડોદરા મધ્યસ્થ જેલ ખાતે ૨૧૦ની ક્ષમતાવાળી અલગ મહિલા જેલ, ગોંડલ સબ જેલ અને કચ્છ જિલ્લામાં ગાંધીધામ નજીક એ જિલ્લા જેલ આમ જેલોનું વિસ્તરણ અને નવીનીકરણ કરીને કેદીઓને સમાવવાની વ્યવસ્થા કરી છે, પરિણામે જે પહેલા ઓવર ક્રાઉડેડ હતી જેલો આજે ૧૨૩૯૨ની ક્ષમતા સામે કેદીઓની સંખ્યા ૧૨૨૪૩ રહી છે એટલે કે ઓવર ક્રાઉડેડ નહીં પરંતુ ક્ષમતા વધારે છે. કેદીઓની સજા પૂરી થાય એ પછી કેદીઓ પોતાનું બાકીનું જીવન શાંતિથી જીવી શકે, એમનું પુનઃવસન સમાજમાં સારી રીતે થઇ શકે એવા ઉમદા હેતુથી કેદીઓને વિવિધ રોજગારલક્ષી

તાલિમ આપવામાં આવે છે. વણાટકામ, બેકરી, સુથારી કામ, દરજી કામ, પ્રિન્ટીંગ, કેમિકલ, ચર્મ ઉદ્યોગ, પશુપાલન આવી વિવિધ રોજગારલક્ષી તાલિમ આપવામાં આવે છે અને તાલિમની સાથે સાથે એમને માનદ વેતન પણ આપવામાં આવે છે. અમદાવાદ જેલની વાત કરું તો અમદાવાદ જેલમાં કેદીઓ દ્વારા બનાવવામાં આવતા ભજીય ખાવા માટે ખૂબ મોટી લાઇન લાગે છે જેલની બહાર અને અનેક લોકો એ સ્વાદિષ્ટ ભજીયાનો લાભ લેતા હોય છે. મેં કહ્યું તેમ જેલ ખાતાનું મુખ્ય કામ માત્ર સજાનું નહીં પણ સજાની સાથે સાથે કેદીઓની સલામતી, કેદીઓનું સકારાત્મક માનસ પરિવર્તન, એમની જે ગુનાહીત માનસિકતા હોય એમાં બદલાવ આવે એવા અનેકવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. કેદીઓના માનવ અધિકારનું રક્ષણ થાય, કેદીઓ પણ આખરે માનવ છે એમના અધિકારો પણ જળવાઇ અને કેદીઓને રોજગારલક્ષી તાલિમ મળી રહે એવું સુંદર આયોજન જેલ વિભાગ દ્વારા કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં એવું બનતું હતું કે જેલની અંદર રહેલા કેદીઓ જે વિષયની તાલિમ લે કે રોજગારલક્ષી તાલિમ આપવામાં આવે એનું પ્રમાણ પત્ર જયારે આપવામાં આવે ત્યારે એ પ્રમાણ પત્ર પર એનો કેદી નંબર લખવામાં આવતો હતો પરિણામે એ પ્રમાણ પત્ર લઇને એ કેદી જયારે સમાજમાં જાય ત્યારે એને નોકરી મેળવવામાં તકલીફ પડતી હતી. આ સરકારે સુંદર નિર્ણય કર્યો કે જે કેદીઓએ આવી તાલિમ લીધી હોય એ કેદીઓને જે પ્રમાણ પત્ર આપવામાં આવશે એ પ્રમાણ પત્રમાં કેદી નંબરનો કોઇ ઉલ્લેખ કરવામાં નહીં આવે જેથી એનું સમાજમાં પુનઃવસન સરળતાથી થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, સાક્ષરતા અભિયાન અને ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરવાના અભિયાન અંતર્ગત ગુજરાત રાજયની જેલોમાં રહેલા કેદીઓ પૈકી અંદાજે ૧૯ હજારથી વધારે કેદીઓને સાક્ષર કરવામાં આવ્યા છે અને કેદીઓના વાચન માટે સાંસ્કૃતિકસભર એવા ૧,૭૦,૪૨૯ પૂસ્તકો અને ૧૧૦૦૦ મેગેઝિનોથી જેલની લાયબ્રેરીઓ સમૃદ્ધ બનાવવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે, ગુજરાતના કેદીઓથી રચિત કાવ્ય સંગ્રહ "કારાગૃહમાં કલરવ" ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી પ્રકાશિત કરવામાં આવે છે. એથી પણ એક મહત્વની વાત ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીનું કેન્દ્ર જે માત્ર અમદાવાદ હતું, આજે ગુજરાતની તમામ જેલોમાં કેદીઓને ઉચ્ચ શિક્ષણનો લાભ મળી રહે એ માટે બધી જ જેલોમાં ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીનું કેન્દ્ર ખોલવાનો પ્રયાસ થઇ રહ્યો છે. એજ રીતે જેલમાં રહેલા કેદીઓ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપી શકે એ માટે આ સરકારે એક નવું કામ શરૂ કર્યું છે અને અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓની પરીક્ષાનું કેન્દ્ર શરૂ કર્યું છે આ રીતે ગુજરાત સરકાર દ્વારા જેલ વિભાગ માટે ખૂબ જ સુંદર કામગીરી કરી છે ત્યારે જેલ વિભાગને અભિનંદનની સાથે સાથે માનનીય નીતિનભાઇ જે અંદાજ પત્ર લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપુ છું.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું. ગુજરાત રાજ્યની કુલ વસતિના ૫૮ ટકા વસતિ આપણા ગામડાંમાં વસે છે. કોઇપણ રાજ્યનો વિકાસ માપવો હોય તો એ રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લઇએ, એ ગામડાંમાં માળખાગત સુવિધાઓ હોય, શિક્ષણ હોય, આરોગ્યની સુવિધા હોય, રોજગારીની શું સુવિધા છે એનો જો અભ્યાસ કરવામાં આવે તો એ રાજ્યનો વિકાસ આપણે માપી શકીએ છીએ. ભારતીય જનતા પાર્ટીની ગામડાં પ્રત્યેની ઉદાસીન નીતિના કારણે છેલ્લાં વરસોમાં ગામડાં ભાંગી રહ્યા છે અને લોકોની શહેર તરફની દોટ વધી છે આ રાજ્યમાં ૧૮૫૮૪ ગામડાંની ૧૪૦૧૭ જેટલી ગ્રામ પંચાયતોનો વિકાસ, એની પ્રગતિ માટે પંચાયત વિભાગ જે કામ કરે છે, એના બજેટની વાત કરીએ તો ગત વર્ષની સરખામણીમાં આ વર્ષના બજેટમાં ૨૯.૪૨ કરોડ જેટલી રકમનો ઘટાડો કરવામાં આવ્યો છે. સરકાર બજેટમાં જોગવાઇઓ કરે, લોભામણા આંકડાઓ આપે, લલચામણી યોજનાઓના નામ આપે, પણ વાસ્તવિકતા અહીંયા જુદી જોવા મળે છે, તત્કાલિન મુખ્યમંત્રી અને આજે દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇના શાસનમાં વર્ષ ૨૦૦૯-૧૦માં રર્બન પ્રોજેક્ટના નામે યોજના લાવવામાં આવી, ત્યારે ખૂબ ઢોલ વગાડીને કહેવામાં આવ્યું કે આત્મા ગામડાંનો સુવિધા શહેરની, પણ મારે દુઃખ સાથે કહેવું પડે કે વાયબ્રન્ટ ગુજરાતની સરકારમાં શરૂ થયેલી આ યોજના, ગતિશીલ સરકારમાંથી પસાર થઇ અને આજે પ્રગતિશીલ સરકારમાં જાણે યોજનાનું બાળમરણ થયું હોય એવું લાગે છે, ૨૨૫ ગામોમાં આ પ્રોજેક્ટ હેઠળ ગામડાંમાં શહેરો જેવી સુવિધા આપવાની વાત થઇ હતી. પણ ૨૦૧૬-૧૭ના વર્ષની જોગવાઇની વાત કરીએ તો ૨૨૩.૭૫ કરોડ રૂપિયાની જોગવાઇ ૨૦૧૬-૧૭ના વર્ષમાં હતી જે માનનીય નીતિનભાઇએ ઘટાડીને ચાલુ વર્ષમાં ફક્ત ૫૪ કરોડની જોગવાઇ કરી છે એટલે ૧૬૯.૭૫ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપે કે ૨૨૫ ગામો માટેની આ યોજના ૨૦૦૯-૧૦ના વર્ષમાં શરૂ કરી હતી, આજે આટલા વર્ષો પછી કેટલા ગામોમાં આનું કામ પૂર્ણ થયું એનો જવાબ આપશે તો આનંદ થશે. બીજી એક યોજનાની ગતિશીલ સરકારમાં જાહેરાત કરવામાં આવી હતી સ્માર્ટ વિલેજ યોજનાની અને આખા રાષ્ટ્રીય કક્ષાએ એની જાહેરાત કરવામાં આવી કે આખા દેશમાં સ્માર્ટ વિલેજ બનાવવામાં આવશે અને ગુજરાત એનું પહેલું રાજ્ય હશે. એની વાત કરીએ તો ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૩૦૦ ગામોને સ્માર્ટ વિલેજ બનાવવા ૧૮૫ કરોડ રૂપિયાની જોગવાઇ હતી અને ચાલુ વર્ષના બજેટ સુધી એક પણ રૂપિયો વપરાયો નહિ આ ૧૮૫ કરોડ રૂપિયામાંથી અને ચાલુ વર્ષના બજેટમાં માનનીય નીતિનભાઇએ ૧૮૫ કરોડમાંથી ઘટાડીને ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે, એટલે હું માનું છું કે ગતિશીલ સરકારની જે યોજના હતી એનું પણ પ્રગતિશીલ સરકારમાં બાળમરણ થતું હોય તેવું લાગે છે. ગામડાંના વિકાસની વાત કરીએ ગ્રામ પંચાયતોને સીડ મનીના નામે પૈસા આપવાની વાત થઇ હતી ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૪.૨૬ કરોડ રૂપિયાની જોગવાઇ થઇ, આખા વર્ષમાં એક પણ રૂપિયાનો ખર્ચ આમાંથી થયો નથી. બીજી યોજનામાં ગરીબોના, વંચિતોના વિકાસ માટેની વાત કરવામાં આવી. ગરીબ, બી.પી.એલ.

પરિવારને ૧૦૦ ચોરસવારનો પ્લોટ આપવાની યોજના છે જે ગામોમાં સમતળ જમીન ના હોય એ સમતળ કરવા માટે આપણે એક યોજના લાવ્યા. જમીન વિકાસ યોજના. ૨૦૧૬-૧૭ના વર્ષમાં એક કરોડ રૂપિયાની જોગવાઇ હતી આજે વર્ષ પૂરું થયું તેમ છતાં એકપણ રૂપિયો ખર્ચ કરવામાં આવ્યો નથી. મારા જ વિસ્તારની વાત કરું એકસો જેટલા દેવીપૂજક સમાજના પરિવારોના આણંદ તાલુકાના નાપાડ તડપદ ગામમાં એક વર્ષથી પ્લોટ મંજૂર થયા છે, તેમ છતાં જમીન સમતળ નહિ હોવાના કારણે એમને પ્લોટ મળી શકતા નથી એટલે એકબાજુ પૈસા ન વપરાય અને બીજીબાજુ ગરીબને એનો અધિકાર ના મળે. યોજનાનો લાભ ના મળે. યોજનાનો લાભ ના મળે એવી આ બજેટની વાસ્તવિકતા છે. બીજી યોજનાઓ લાવ્યા સરસ મજાના નામથી તીર્થ ગામ, પાવન ગામ, ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૫૦ લાખની જોગવાઇ ખર્ચ થયો માત્ર ૧૯ લાખ. ત્રીજી યોજના લાવ્યા પંચવટી યોજના ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૫૩ કરોડની જોગવાઇ અને ખર્ચ થયો ફક્ત દોઢ કરોડ રૂપિયા. (અંતરાય) તમે જવાબ આપજો, ૧૮ હજાર ગામડાંમાંથી ફક્ત ૫૭૦૦ ગામમાં પંચવટી યોજનાનો લાભ મળ્યો અને તેમ છતાં ૫૩ કરોડની જોગવાઇમાંથી ફક્ત દોઢ કરોડ રૂપિયાનો જ ખર્ચો થયો. માનનીય ભૂપેન્દ્રસિંહજી અહીંયા બેઠાં છે મારા નોલેજ મુજબ ઇ-ગ્રામ માટેની ગવર્નીંગ બોડીના તે અત્યારે ચેરમેન છે. ઇ-ગ્રામ, વિશ્વ ગ્રામના નામે આખા વિશ્વમાં આપણે જાહેરાતો કરી કે ગુજરાતનું એકે એક ગામ કોમ્પ્યુટરથી જોડવામાં આવશે અને ટેકનોલોજીનો લોકોને લાભ આપશે. પણ આ ઇ-ગ્રામ, વિશ્વ ગ્રામના નામ હેઠળ જે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે તેની મારે થોડી વાત કરવી છે. આપણે ગામ અને ગ્રામ સોફ્ટવેરની ખરીદી અને સર્વિસ માટે જે વ્યવસ્થાઓ ઉભી કરી, જે એજન્સીઓને કોન્ટ્રાકટ આપ્યો મારો સ્પષ્ટ આક્ષેપ છે કે તેમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. માનનીય મંત્રીશ્રી આની તપાસ કરાવે કે ગત વર્ષે ટેન્ડર કરવામાં આવ્યાં માનીતી ત્રણ એજન્સીઓ રિપિટ થાય એટલા માટે ટેન્ડરની શરતોમાં ઉચ્ચકક્ષાએ ફેરફાર કરવામાં આવ્યો. ટેન્ડર ટેકનોલાજી બદલાતો યુગ છે તે ટૂંકી મુદતનું હોવું જોઇએ તેના બદલે પાંચ વર્ષની શરત કેમ રાખવામાં આવી ? ગવર્નીંગ બોડી નિયમિત ના મળે અને પાશ્ચ્યાત અસરથી તેની મંજૂરીના ઠરાવો મૂકવામાં આવે.

સભાપતિશ્રી : આપ એક મિનિટમાં પૂરું કરો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ઇ-ગ્રામ યોજનામાં જે જનરલ મેનેજરની પોસ્ટ હોય તે કેમ રેગ્યુલર નથી ભરાતી ? કેમ ચાર્જમાં ચલાવવામાં આવે છે ? એક એચ.સી.એલ. નામની કંપની છે તેના સ્ટેટ લેવલના એક્ઝીક્યુટીવ રાજ્ય સરકારમાંથી પણ પગાર લે અને તેની કંપનીમાંથી પણ પગાર લે આવો વહીવટ ચાલે છે ત્યારે આની તપાસ થવી જોઇએ અને ભ્રષ્ટાચારમાંથી નાબૂદી થવી જોઇએ. વાયબ્રન્ટ ગુજરાત સરકાર આવી,ગતિશીલ સરકાર આવી, પ્રગતિશીલ સરકાર આવી પણ કેટલાક મુદ્દાઓ હજુ ત્યાંને ત્યાંજ છે, કેટલી યોજનાઓ હજુ ત્યાંની ત્યાંજ છે તેની હું વાત કરવા માગુ છું. અમારે વાસદ બગોદરા રોડ સૌરાષ્ટ્રથી દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાતને જોડતો મહત્વનો રોડ ૨૦૧૧માં શરૂઆત થઇ અને આજે પાંચ વર્ષ પછી પણ તે રોડનું ૩૦ ટકા કામ પૂર્ણ થયુ નથી. હજારો લોકો એકસીડન્ટમાં ઘાયલ થયા, હજારોની સંખ્યામાં લોકોના મૃત્યુ થયા અને લોકો હાલાકી ભોગવી રહ્યાં છે. ૨૦૦૬ના વર્ષમાં આનંદીબહેન મહેસૂલ મંત્રી હતા.

શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન છે ત્યારે આ પ્રસંગે આપને તથા આ સભાગૃહની અંદર બેઠેલાં સૌ બહેનોને અભિનંદન આપું છું. સાથે સાથે દેશની મહિલાઓ, દેશની બહેનોને અભિનંદન આપું છું અને માતાઓને હૃદયપૂર્વકના વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે આ સભાગૃહની સમક્ષ ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર રજૂ કર્યુ છે અને તેની વિચારણાં માટેની જયારે ચર્ચાઓ ચાલી રહી છે તેને હું આવકારું છું અને તેના સમર્થનમાં બે-ચાર વાતો કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો સૌથી ઉંચો પર્વત ગીરનાર પર્વત. તે ધાર્મિક સ્થાનોથી આરક્ષિત પર્વત છે. આ પર્વત ઉપર વૃદ્ધ લોકો માટે, અશકત લોકો માટે, બહેનો માટે યાત્રા કરવા માટેની રોપ-વેની યોજના ૧૯૮૦માં તેમની દરખાસ્ત થયેલી હતી. કમનસીબે દસ વર્ષ સુધી તે ફાઇલ આગળ વધી નહોતી. હું ૧૯૯૦માં પ્રથમ વખત આ હાઉસમાં આવ્યો ત્યારે આ બાબતની મેં રજૂઆત કરી અને માનનીય કેશુભાઇ પટેલની સરકારમાં આનો સૈદ્ધાંતિક સ્વીકાર થયો. આજે મને કહેતા આનંદ થાય છે કે, ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારે આ મહત્વાકાંક્ષી યોજનાને મંજૂર કરી છે અને આવતા દિવસોની અંદર આ યોજના સાકાર થતા દેશ-વિદેશમાંથી આવતા લાખો યાત્રાળુઓ, પ્રવાસીઓ આ યોજનાનો લાભ લેશે અને ગુજરાતની આવકમાં વધારો થશે. રાજ્ય સરકારે યાત્રાધામ વિકાસ માટે ખૂબ સારી કામગીરી કરી છે અને ઘણું ફંડ આપ્યું છે. જૂનાગઢ યાત્રા મથક છે. દર વર્ષે લાખો યાત્રાળુ જૂનાગઢમાં યાત્રાએ આવે છે ત્યારે પવિત્ર દામોદર કુંડ, નરસિંહ મહેતાનો ચોરો અને એવા અનેક ધર્મ સ્થાનોના વિકાસ માટે રાજ્ય સરકાર પૂરતી ગ્રાન્ટ આપે છે જેના માટે હું રાજ્ય સરકારને અભિનંદન આપુ છું. સાથે સાથે જૂનાગઢને આ બજેટની અંદર પ્રથમ ફ્લાય ઓવર બ્રિજની પણ જોગવાઇ સૂચવી છે. જૂનાગઢમાં નરસિંહ મહેતા યુનિવર્સિટીની સ્થાપના કરી તથા મેડીકલ કોલેજ અને પોલિટેકનિક કોલેજ આપી છે ત્યારે રાજ્ય સરકારની આ કામગીરીને હું બિરદાવું છું. મારે પર્યાવરણ અંગે પણ ચર્ચા કરવાની છે. આ બજેટની અંદર વન અને પર્યાવરણ વિભાગ માટે માનનીય મંત્રીશ્રીએ ૧૨૨૬ કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવી છે. મને એ વાતનો આનંદ છે કે, જ્યારે પ્રદૂષિત વાતાવરણ ઊભું થયું છે અને પર્યાવરણને જાળવવું ખૂબ જરૂરી છે ત્યારે રાજ્ય સરકારે આ દિશામાં બજેટમાં સારી એવી રકમની જોગવાઇ કરી છે. સતત વધતી જતી વસતી તથા વધતા જતા ઔદ્યોગિકરણને કારણે પ્રદૂષણનો વ્યાપ વધ્યો છે. જ્યારે જ્યારે પર્યાવરણની સમતુલા

ખોરવાય છે ત્યારે સમગ્ર જીવસૃષ્ટિને ખૂબ સહન કરવું પડતું હોય છે. એક બાજુ વૃક્ષો ઘટતા જાય છે ત્યારે બીજી બાજુ ઉદ્યોગો વધતા જાય છે. આંતર રાષ્ટ્રીય વન નીતિ પ્રમાણે જમીનના ક્ષેત્રફળ પ્રમાણે ૩૨.૩૩ ટકા વૃક્ષ આચ્છાદિત વન હોવા જોઇએ. કમનસીબે આ રેશિયો જળવાયો નથી. આજે ગુજરાતમાં માત્ર ૮ ટકા જ વૃક્ષ આચ્છાદિત વન છે. આમ જ્યારે જ્યારે પર્યાવરણ સંતુલન ગુમાવે છે ત્યારે ઉદ્યોગોમાંથી નીકળતો કચરો, Plastic waste, ઝેરી ગેસ, પ્રદૂષિત પાણી આ બધાને કારણે પર્યાવરણ જોખમાય છે. મારે આનંદ વ્યક્ત કરવો છે કે, રાજ્ય સરકાર એક બાજુ વિકાસ અને બીજી બાજુ પર્યાવરણની આવશ્યકતા આ બંનેને સાથે રાખીને ચાલી રહી છે. બેરોજગારી દૂર કરવા માટે ઉદ્યોગો સ્થાપવા જરૂરી છે પરંતુ સાથે-સાથે રાજ્ય સરકારે આ બેલેન્સ જાળવવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે પર્યાવરણ વિભાગ દ્વારા અનેક નિયંત્રણો લાવીને પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે રાજ્ય સરકાર કામ કરી રહી છે. રાજય સરકાર ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન (ગીર), ગુજરાત પર્યાવરણ મેનેજમેન્ટ સંસ્થાન (ગેમી), ગુજરાત ઇકોલોજી કમિશન (જી.ઇ.સી.), પર્યાવરણ માહિતી કેન્દ્રો, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર, નેશનલએર મોનીટરીંગ પ્રોગ્રામ (એન.એ.એમ.પી.), સ્ટેટ એર મોનીટરીંગ પ્રોગ્રામ (એસ.એ.એમ.પી.) દ્વારા પર્યાવરણ જાળવવાના પૂરા પ્રયત્નો કરી રહી છે ત્યારે હું રાજ્ય સરકારને અભિનંદન આપું છું અને આ બજેટને આવકારું છું.

શ્રી કાંતિભાઇ રે. ગામીત(નિઝર) : માનનીય અધ્યક્ષશ્રી, આજના મહિલા દિન નિમિત્તે તમામ હિંદુ અને હિંદુસ્તાનની તમામ બહેનોને શુભેચ્છા પાઠવું છું માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતના છેક છેવાડાનો હું માનવી છું. મારો મત વિસ્તાર તાપી જિલ્લાના ૧૭૨ નિઝર મત વિસ્તાર મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્ર રાજયનો બોર્ડર અડીને મારો મત વિસ્તાર આવેલ છે. તેના કારણો સમજી શકાય તેમ છે. મારો મત વિસ્તાર કેવો હશે? મારા મતવિસ્તારમાં અભણ અને અદભૂત આદિવાસીઓ રહે છે. અમે નસીબદાર છીએ કે, ગુજરાતના પનોતા પુત્ર અને સમગ્ર દેશના તેજ, તમન્ના અને તાકાતના એક માત્ર પ્રતિનિધિ એવા હાલના આપણા વડાપ્રધાન અને પૂર્વ મુખ્ય મંત્રી આદરણીય માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા પછી કાયાપલટ થઇ અને મારા મત વિસ્તારમાં રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ, પશુપાલન જેવા પ્રગતિના કામો થયાં. તેમના અગાઉની સરકારમાં કોર્ટ કચેરી સરકારી કામકાજ અર્થે જવું હોય તો જિલ્લા મથક સુરત જવું પડતું હતું. સુરત જવા માટે અમારે ૧૯૫ કિલોમીટર જવું પડે અને ત્યાં કોઇની ઓળખાણ ના હોવાથી સ્ટેશન પર અથવા બસ સ્ટેશન પર રાત્રિ રોકાણ કરવું પડતું હતું, બીજા દિવસે કોર્ટ કચેરી કે ઓફિસના સમયે હાજર થઇ સાંજે બસ પકડાય તો રસ્તાના અભાવે કે બસ બગડે તો રસ્તામાં રાત્રિ રોકાણ રહેવું પડતું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭માં માનનીય આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબશ્રીએ તાપી જિલ્લો જાહેર કર્યો તેના કારણે તાપી જિલ્લામાં તમામ ઓફિસો વ્યારા વડુ મથક બનાવવામાં આવ્યું, જેના કારણે તાપી જિલ્લાના આદિવાસીઓને ઓફિસો થવાથી ખૂબ જ સરળતા અને ફાયદો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછીના ગતિશીલ ગુજરાતના પ્રણેતા આદરણીય શ્રીમતી આનંદીબહેન પટેલ સાહેબશ્રી આવ્યા પછી તાપી જિલ્લામાં ડોલવાણ તાલુકો, મારા મત વિસ્તારમાં કુકરમુંડા તાલુકો બનાવ્યો, તેમનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, પ્રગતિશીલ અને સંવેદનશીલ હાલના આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબશ્રી તથા માનનીય આદરણીય નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબશ્રીના નેતૃત્વમાં સંવેદનશીલ અને પ્રગતિશીલ ગુજરાતમાં છેવાડાના માનવીને સમર્પિત એક અનેરો અભિગમ છે.

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે, જેના અનુસંધાને માનનીય અધ્યક્ષશ્રી, મને સવિશેષ જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાત રાજયની ભારતીય જનતા પાર્ટીની આ સરકારે ખરેખર સાચા અર્થમાં સૌના વિકાસની અને સૌના સ્વપનાઓ સાકાર કરવાની દિશામાં લઇ જનારું બજેટ રજૂ કર્યું છે. આ તબક્કે મારા આદિજાતિ સમાજની વાત કરું તો રાજયના ૧૪ જેટલા આદિજાતિ જિલ્લાઓમાં વસતા ૯૦ લાખ આદિવાસી બાંધવોના વિકાસની ચિંતા જો કોઇએ કરી હોય તો આપણી ભારતીય જનતા પાર્ટીની આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના ચાલુ વર્ષના બજેટની વાત કરું તો વર્ષ ૨૦૧૬-૧૭માં બજેટ જોગવાઇ રૂપિયા એક હજાર બસો અડસઠ કરોડની હતી. માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના પ્રેરક અને સંવેદનશીલ નેતૃત્વ હેઠળ આ રાજયના આદિવાસીઓને અનેક વિવિધ લાભો આપીને વિકાસ તરફ સતત પ્રગતિશીલ રાખવા ૨૦૧૭-૧૮ના વર્ષ માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રૂપિયા બાર હજાર પાંચસો સાઇઠ કરોડ જેટલી રકમની જોગવાઇ કરવામાં આવી છે. જે ગત વર્ષ કરતાં અંદાજે રૂપિયા ચૌદસો પાંસઠ કરોડ વધારે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં રાજ્ય સરકારે આદિવાસી સમાજના સર્વાંગી વિકાસની નાનામાં નાની જરૂરિયાતોને ધ્યાનમાં લઇને ખૂબ મોટી રકમની ફાળવણી કરી છે. ૨૦૦૭માં માનનીય તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને આપણા આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી હતી અને પાંચ વર્ષ માટે રૂપિયા પંદર હજાર કરોડનું પેકેજ જાહેર કર્યું હતું. પાંચ વર્ષ પૂરાં થયાં અને જયારે સરવાળો કરવામાં આવ્યો ત્યારે રૂપિયા સત્તર હજાર બસો સુડતાલીસ કરોડનો ખર્ચ આ રાજય સરકારે કર્યો હતો. વનબંધુ કલ્યાણ યોજનાની સફળતાની વાત કરીએ તો આ યોજના એટલી બધી સફળ થઇ છે કે, ભારત સરકારે વનબંધુ કલ્યાણ યોજના વર્ષ ૨૦૧૪-૧૫થી સમગ્ર દેશમાં લાગુ કરેલ છે. વનબંધુ કલ્યાણ યોજનાના અભ્યાસ માટે અત્યાર સુધીમાં કેન્દ્ર સરકારના વિવિધ અધિકારીઓ તથા ગોવા, મહારાષ્ટ્ર,

આંધ્રપ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા અને રાજસ્થાનના રાજયમાંથી અનેક ટીમો ગુજરાતમાં આવીને આ વનબંધુ કલ્યાણ યોજનાનો અભ્યાસ કરીને તેઓના રાજયમાં આ જ પ્રકારના સફળ પ્રયાસો હાથ ધરવા પ્રેરિત થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આદિવાસીની વાત કરીએ ઉંમરગામથી લઇને અંબાજી સુધીની પૂર્વ પટ્ટીમાં રાજયના ૧૪ આદિવાસી જિલ્લાઓના ૪૯ તાલુકાઓમાં મોટા ભાગનો આદિવાસી સમાજ વસે છે એટલે કે દર ૭ ગુજરાતીએ ૧ આદિવાસી છે.

શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અંદાજપત્ર લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

આ સરકારે ગરીબો, આદિવાસીઓ, દલિતો અને ઓ.બી.સી.ની ચિંતા આ બજેટમાં કરી નથી. જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે આદિવાસીઓ હોય, દલિતો હોય એને રોજગારી મળી શકે એના માટે જી.આઇ. ડી.સી.માં પ્લોટો અનામત રાખવામાં આવતા હતા. વિવિધ નિગમો અને કોરપોરેશનોમાં પણ એના માટે જોગવાઇ કરવામાં આવતી હતી. પરંતુ આ સરકારે ગરીબ વર્ગની બિલકુલ ચિંતા કરી નથી.

આ સચિવાલયની વાત કરીએ તો સિચવાલય અને વિધાનસભાની અંદર પણ આપણા ગરીબ વર્ગના માણસો જે પટાવાળા તરીકે નોકરી હતા હતા પરંતુ આ સરકાર આવ્યા પછી આ ગરીબ માણસોની પણ ચિંતા કરી નથી. સચિવાલય હોય કે વિધાનસભા હોય એમાં પટાવાળા રાખવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવે છે. જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે પટાવાળા તરીકે કાયમી નોકરીએ રાખવામાં આવતા હતા. જયારે આ સરકારમાં પટાવાળા તરીકે કાયમી નોકરી મળતી નથી. એના માટે કોન્ટ્રાકટ આપવામાં આવે છે અને એ કોન્ટ્રાકટર દ્વારા ઓછા પૈસામાં નોકરીએ રાખવામાં આવે છે.

મારા મત વિસ્તારની વાત કરું તો ધનશાળી કરીને ગામ છે. ખેડબ્રહમા તાલુકાનું આ ધનશાળી ગામ રેવન્યુ વિલેજ છે. એને હજી સુધી રસ્તો મળ્યો નથી. તેથી મારી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે તમે છેલ્લા ૨૦ વર્ષથી સરકારમાં છો ત્યારે આ રસ્તાથી વંચિત ગામ છે એને રસ્તો મળે એવી મારી વિનંતી છે.

મારા મત વિસ્તારમાં વિજયનગર એ પણ તાલુકા મથક છે. અગાઉ આ મત વિસ્તારના ધારાસભ્ય તરીકે અમરસિંહભાઇ ચૌધરી પણ ચૂંટાયેલા હતા. એ કહેતા કે હું એસ.ટી. ડેપો બનાવીશ અને મંજૂર પણ કર્યો હતો પરંતુ તે વખતે એ થઇ શકયો નહોતો. તો આ સરકારને મારી વિનંતી છે કે તાત્કાલિક વિજયનગરને એસ.ટી. ડેપો મળે.

આપણે બધા દલિતોની વાત કરીએ છીએ. વિધાનસભામાં પ્રશ્ન પૂછયો હતો કે આજે વર્ષ પૂરું થવા આવ્યા છતાં અમારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ગરીબ બાળકો જે ૧ થી ૮માં ધોરણમાં ભણે છે એમને હજી સુધી સ્કોલરશીપ આપવામાં આવી નથી આ દુઃખની બાબત છે.

આ તકે એક દુઃખની બાબત આ ગૃહને જણાવીશ કે બજેટમાં આદિવાસી બાળકો હોય કે દલિતોના બાળકો હોય કે ઓ.બી.સી.ના બાળકો હોય અને જે વિદ્યાર્થિનીઓ છે એમને ભગવા કલરની સાઇકલો આપવામાં આવે છે એ બંધ કરવી જોઇએ. કારણ કે એ બાળકો એ સાઇકલ બજારમાં લઇ જઇ શકતા નથી. આપે ભગવા કલરની સાઇકલ કેમ આપવી પડે છે? ભારત દેશની કોઇપણ સાઇકલ બનાવતી કંપની હોય પછી એ હીરો કંપની હોય અન્ય બીજી કંપની હોય એ ભગવા કલરની સાઇકલ બનાવતી નથી. માણસ સ્વમાનભેર જીવી શકે એટલા માટે આ ભગવા કલરની સાઇકલ બંધ કરવી જોઇએ.

આ તબક્કે બીજી એક વાત કરવા માગું છું કે અહીંયા જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી બોલતા હતા ત્યારે એમણે જણાવ્યું કે આદિવાસીભાઇઓ માટે વનબંધુ કલ્યાણ યોજનામાં ૪૨,૭૦૦ કરોડ રૂપિયા વાપરવામાં આવ્યા છે. હું એમને પૂછવા માગું છું કે ઉંમરગામથી અંબાજી સુધીની તમે આદિવાસી કલ્યાણ યાત્રા કાઢી એમાં વનબંધુને બદલે આદિવાસી યાત્રા એવું નામ આપ્યું એ નામ અમને ગમ્યું. અહીંયા એમ જણાવવામાં આવ્યું કે ૪૨૭૦૦ કરોડ રૂપિયા આદિવાસીઓ માટે વાપર્યા છે એવું કહો છો પરંતુ ખરેખર જો એમના માટે આ પૈસા વાપર્યા હોત તો એકે એક આદિવાસીના ઘરના નળીયા સોનાના થઇ જાત તેવી પરિસ્થિતિ બનત પરંતુ અહીંયા ૪૨૭૦૦ કરોડ બતાવવામાં આવ્યા છે એમાં ફકત કોમ્પ્યુટરની કરામત બતાવવામાં આવી હોય એમ લાગે છે. આવી રીતના ખોટા આંકડા નહિ બતાવવા જોઇએ.

બીજું બિરસા મૂંડા ભવનની વાત કરું તો આદિવાસીભાઇઓનું ભવન છેક એકબાજુ બનાવવામાં આવ્યું છે. પહેલા એનું પ્લાનિંગ અલગ પ્રકારનું હતું, ગુજરાતના આદિવાસીઓ ત્યાં રહે, ત્યાં છાત્રાલય તરીકે એનો ઉપયોગ કરવાનો હતો એના બદલે આજે ત્યાં કમિશ્નરની કચેરી બેસે છે. બીજા બધા વિભાગોના કમિશ્નરો સચિવાલયમાં બેસે છે, સ્વર્ણિમ સંકુલમાં બેસે છે ત્યારે આદિવાસીના કમિશ્નર માટે બિરસા મૂંડા ભવનમાં અલગ ફાળવણી કરવામાં આવી છે.

શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : 'ધરધીંગા ધરમાધુરા, હાથધીંગા હથિયાર, ભલો મારો વિસ્તાર વઢીયાર.' માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે બહેનોને મારે અભિનંદન આપવા છે. જે મારાથી મોટી હોય એ મારી માં બરાબર. મારા બરાબર હોય એ મારી બેન અને મારાથી જે નાની હોય એ દીકરી બરાબર. તમામે વિભાગમાં, તલાટીમાં હોય, પોલીસ ખાતામાં હોય કે ધારાસભ્યમાં હોય. તમામે વિભાગમાં મારી બહેનો આ ગુજરાતનું નામ રોશન કરે અને પ્રગતિ કરે એવા મારા આશીર્વાદ અને શુભેચ્છા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સરકારનો આભાર માનવો છે. અભિનંદન આપવા છે. આપણાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ સાહેબે આજ સુધી મારા વિસ્તારમાં ૧૫૬ કરોડના રસ્તા

આપ્યા છે એટલે આજે મારે આ સરકારનો આભાર માનવો છે. એટલું નહીં, મારા વિસ્તારમાં વડવાવાળી માં ખોડિયારનો મોટો મેળો ભરાય છે અને ખૂબ ટ્રાફિકના હિસાબે મેં નીતિનભાઇને વાત કરી કે મારે ત્યાં એક બાયપાસ રસ્તો બનાવો. તો એ બાયપાસ રસ્તો બનાવીને આ પ્રશ્નનો હલ કર્યો તેના માટે પણ આભાર માનું છું. તાજેતરમાં ત્રણ રસ્તાનો સમાવેશ કર્યો છે તેમાં અગેચાનો રસ્તો છે. ૧૫ કરોડથી વધારે રકમનો આ રસ્તો છે તેમાં એક અગેચાનો રસ્તો જોડ્યો છે. ગોતનાથી ગોજાણા–માજન રોડ.

મુખ્ય એ વાત છે કે જયારે મૂંગા જાનવરની વાત સાંભળીને તેના માટે આમાં સમાવેશ કરતા હોય તો એના માટે પણ આભાર માનું છું. મારે આપને કહેવું છે. મારા બેનશ્રી જતા રહ્યા. આજ તો આપણે બહેનોનો વિરોધ ન કરાય. તેજશ્રીબેને એટલું જ વાંચ્યું પણ આગળ થોડુંક વાંચ્યું હોત તો ૫,૫૫૬ કરોડનું આ બજેટ છે. આ બજેટને મારું સમર્થન આપું છું. આ બજેટને આવકારું છું. આ બજેટ ખેડૂતલક્ષી છે એટલે હું પણ ખેડૂત છું. આપમાંથી ઘણા બધા ખેડૂત હશો. કદાચ ખેતી નહીં કરતા હો પણ ખેતીપુત્ર તો છો જ. એટલે મારે આપને કહેવું છે કે વારંવાર અમારા સામેવાળા બોલે. ખેડૂતને યાદ કરે. ખેડૂતની વાત કરે તો આજે મારે કહેવું છે કે મામાનું ઘર કેટલે, તો દીવો બળે એટલે. જો ખેડૂતનું હિત માનતા હોય, ખેડૂતની દયા આવતી હોય તો આજે આ બજેટને આપ બધા સમર્થન આપો, આ બજેટને આવકારો એવું મારે કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઇ ધાનાણી અહીં નથી. મારે વાત યાદ કરાવવી છે. એ વારંવાર બોલે. બિચારો અને બાપડો. આ દેશ તો ખેતી પ્રધાન છે, તેના ખેડૂતને બિચારો–બાપડો ન કહેવાય. કારણ કે એ અનાજ પકવે, આખા દેશમાં રોજી–રોટી આપનારો મારો ખેડૂત છે. જગતનો તાત. કપાસ પેદા કરીને દેશની આબરૂ ઢાંકનાર મારો ખેડૂત છે અને તેને એમ કહે કે બિચારો–બાપડો. કેન્દ્રની સરકાર, ગુજરાતની સરકાર જયારે માં અને બાપ થઇને બેઠી હોય તેને બિચારો ન કહેવાય. બિચારો તો એને કહેવાય, કોઇ આધાર ન હોય. કોઇ એની સાથે ન હોય. તો આજની તારીખમાં બિચારી તો કોંગ્રેસ કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત કહીને મારી વાત પૂરી કરીશ. દીકરાએ માંને કહ્યું કે માં, મામા આવે. આવવા દે બેટા, મામાને. મામા તારા છે. ભાઇ મારા છે. ૨૦૧૭માં વાટ જોઇને બેઠી છું. આવવા દે કોઇ ચિંતા ન કરીશ.આપને સ્વપ્ન આવે છે ! શેના માટે આપ થનગનાટ કરો છો? સ્વપ્નમાં પણ વિચારવાનું નહીં. કોંગ્રેસે ૪૦ વર્ષ રાજ કર્યું છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર ૮૦ વર્ષ રાજ કરશે. આ બજેટને હું ખૂબ ખૂબ આવકારું છું અને સમર્થન આપું છું. ભારત માતા કી જય.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિને તમામ મહિલાઓને શુભેચ્છા પાઠવું છું અને અભિનંદન આપું છું. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ૨૦૧૭–૧૮ના બજેટમાં રૂ.૨૦૩૨૭.૩૧ કરોડના વધારા સાથે આ વિકાસલક્ષી બજેટ ગુજરાતને આપ્યું. એ બદલ હૃદયથી અભિનંદન પાઠવું છું અને શુભેચ્છા પાઠવું છું અને બજેટમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સંવેદનશીલ સરકાર, પારદર્શક વહીવટ, તત્કાલ નિર્ણયથી મારા ડભોઇ વિસ્તારની અંદર સેવા સેતુના ૨૩ જેટલા કાર્યક્રમ કરવામાં આવ્યા. જેની અંદર ૪૪૩૪૦ લાભાર્થીઓને લાભ મળ્યો છે અને એનો તત્કાળ નિર્ણય કર્યો છે. આ સંવેદનશીલ સરકારની અંદર આ પ્રગતિનો કાર્યક્રમ થયો છે. સરકારશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. ૯૬ ટકા અરજીઓનો તત્કાળ નિર્ણય કરવામાં આવ્યો છે. આદરણીય આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારને અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું. શ્રી મોદી સાહેબના કેબિનેટ મંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી અરૂણભાઇ જેટલીજીએ મારા ડભોઇ વિસ્તારની અંદર કરનાળી અને ચાંદોદને દત્તક લઇને રૂ.૧૬૫/– કરોડ જેવી માતબર રકમ અમારા વિસ્તારના વિકાસ માટે આપી છે. રૂ.૧૬૫/– કરોડની રકમના વિકાસની સાથે સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે પણ ખૂબ ઉમદા સહયોગ મારા વિસ્તારમાં આપેલો છે. નાણામંત્રીશ્રી અરૂણભાઇ જેટલીજીએ મારા વિસ્તારમાં વિકાસમાં ચાર ચાંદ લગાવ્યા છે. વધુમાં કહું તો શ્રી જેટલીજીના આશીર્વાદથી જનતાને લાભ મળેલ છે. કરનાળી–મુજેઠા રોડ, કરનાળીથી સ્પોર્ટ સ્ટેડિયમ, કરનાળી રીંગ રોડ, કરનાળી ગામના નાગરિકોના તમામ વિકાસના કામો, કરનાળી ગામે સંગમ સુધીનો રોડ અને રસ્તા, કરનાળીથી ચાંદોદ, હોરસંગ નદી ઉપરનો બ્રિજ, કરનાળીથી ચાંદોદ –માંડવા સુધી ફોર લેનનો રોડ, ચાંદોદ નંદેજા ગામ વચ્ચે નાનો બ્રિજ, ચાંદોદના યાત્રાળુઓ માટે પાર્કીંગ ઝોન, ચાંદોદ કરનાળી વચ્ચે નર્મદા નદીના ઘાટ, ચાંદોદના સંપૂર્ણ વિકાસ માટે, યાત્રાધામના વિકાસ માટે રૂ.૪૫/– કરોડ જેવી માતબર રકમ ફાળવી છે. ચાંદોદ ડભોઇ રોડ માટે રૂ.૩૦/– કરોડ, ચાંદોદથી ઉજેડા ફોર લેન રોડ માટે રૂ.૪૦/– કરોડ. એમ નાણા મંત્રીશ્રી અરૂણભાઇ જેટલીજીએ રૂ.૧૬૫/– કરોડ જેવી માતબર રકમ અમારા ડભોઇ વિસ્તારને આપીને ખૂબ સુંદર રીતે ડભોઇના વિકાસની કામગીરી કરી છે. ગુજરાત સરકારે રૂ.૬૫૦/– કરોડ ઉપરની ગ્રાન્ટ આપીને મારા વિસ્તારની અંદર અસંખ્ય નવા રોડ બનાવ્યા છે એ બદલ ગુજરાત સરકારને પણ જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. પશુઓના આરોગ્ય અને સંભાળ તથા ગૌસંવર્ધન માટે ગુજરાત સરકારે બજેટમાં રૂ.૧૨૦/– કરોડ, તમામ સરકારી પશુ દવાખાનામાં નિઃશૂલ્ક દવાઓ, ૧૧૫ મોબાઇલ એનિમલ હેલ્થ કેર યુનિટ, ૧૦૮ આપાતકાલિન સેવાની જેમ કરૂણા એનિમલ ઇમરજન્સી કેર ૧૯૬૨ હેઠળ અગ્રિમતાના ધોરણે આપાતકાલિન પશુ સારવાર માટે રાજ્યમાં પ્રથમ વખત આઠ એમ્બ્યુલન્સ આપી છે. ડભોઇ વિસ્તારનો ખૂબ સુંદર રીતે આ ભારતીય જનતા પાર્ટીના શાસનની અંદર વિકાસ થયો છે. અને આ વિકાસ બદલ જેટલી પણ શુભેચ્છા પાઠવું, અભિનંદન પાઠવું એટલું ઓછું છે. આ નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલને આભારી છે. મારા વિસ્તારના લગભગ તમામ રોડો ફોર લાઇન

થયા છે અને આ સરકારશ્રીની ખુબ સુંદર રીતે કામગીરી થઇ છે એટલે આ બજેટને હું આવકારું છું અને શુભેચ્છા પાઠવું છું અને અભિનંદન પાઠવું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર ઉપર હું મારા વિચારો રજૂ કરવા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. સાડા છ કરોડની વસ્તીમાં દસ ટકા લઘુમતિ સમાજની વસ્તી એ દસ ટકાની લઘુમતિ સમાજની વસ્તી જયારે વિકાસની ઝંખના કરવા બેઠી હતી એમને એમ હતું કે અંદાજપત્રની અંદર યોગ્ય ફાળવણી કરવામાં આવશે પરંતુ મારે બહુ દુઃખ સાથે કહેવું પડે કે રાજયના ૨૦૧૭-૧૮ના ૧.૭૨ લાખ કરોડના બજેટમાંથી ફકત માઇનોરીટી સમાજ માટે ફકત ૪૮.૬૭ કરોડની ફાળવણી એટલે કે ફકત ૦.૦૩ ટકા રકમની ફાળવણી કરવામાં આવી છે. એક તરફ જૈન સમાજને આપણે લઘુમતિ સમાજનો દરજજો આપ્યો. જૈન સમાજને આપણે લઘુમતિનો દરજજો આપી તેઓ વિકાસની અંદર સહભાગી થાય, એમને પણ લઘુમતિની જે ગ્રાંટ ફાળવણી છે એના લાભ મળે તો એ મળવાની જગ્યાએ જયારે ગ્રાંટ વધારવાની જરૂર હતી કે જયારે એક સમાજનો ઉમેરો કરવામાં આવ્યો પરંતુ મારે બહુ દુઃખ સાથે કહેવું છે કે ૨૦૧૫-૧૬ની અંદર ૧૧૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા એ ૦.૦૮ટકા હતું. ૨૦૧૬-૧૭ની અંદર ૯૮.૧૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા જે ૦.૦૬ ટકા હતું પરંતુ ૨૦૧૭-૧૮માં જયારે ૨૦૧૬ની અંદર આપણે જયારે લઘુમતિ સમાજનો દરજજો જૈન સમાજને આપ્યો એ પછીની પરિસ્થિતિ આપને કહું તો એ બજેટ ઘટાડીને ૪૮.૬૭ ટકા કરવામાં આવ્યું, એની ટકાવારી બજેટની જો જોવી હોય તો ૦.૦૩ ટકાછે. ૨૦૧૫-૧૬ની સરખામણીએ ૨૦૧૭-૧૮માં રાજય સરકારમાં ૪૦ ટકા જ બજેટ ફાળવ્યું છે એટલે કે ૬૦ ટકા જેટલી રકમો ઘટી. ભા.જ.પ. સરકારનું આ સાચું સ્વરૂપ છે. ૨૦૧૧માં મુસ્લિમોની સંખ્યા ૫૮.૪૮લાખ હતી તે વધીને ૬૨.૯૧લાખ જેટલી થઇ છે. રાજયની દસ ટકા જેટલી વસ્તી માટે ૦.૦૩ ટકા વ્યકિતદીઠ વિકાસનું આપ્યું છે એ ઘણું ઓછું છે. ૨૬,૫૩૮નું બજેટ અને લઘુમતિઓના વિકાસ માટે પ્રતિ વ્યકિતદીઠ વાર્ષિક રુ. ૭૮નું જ બજેટ. ભાજપ સરકાર ચૂંટણી સમયે સબકા સાથ, સબકા વિકાસની વાતો કરી હતી, આજે એ વચનનું પાલન ન થતા મુસ્લિમ સમાજમાં ઘણી નિરાશા છે. મુસ્લિમ સમાજની સ્થિતિ, લઘુમતિ સમાજની સ્થિતિ ઘણી નબળી પડી છે. લઘુમતિ સમાજની વસ્તી પ્રમાણે સરકારે બજેટ ફાળવવું જોઇએ પરંત ભા.જ.પ. સરકાર તે ફાળવતી નથી તેના પરિણામે આજે આપણે જોઇએ તો લઘુમતિ સમાજની અંદર ૫ ટકાથી વધુ લોકો બેકાર છે. રાજયની લઘુમતિ સમાજની વસ્તી પૈકી ૫૬.૫ ટકા મહિલાઓ અને બાળકો એનીમીયાથી પીડાય છે. ભા.જ.પ. સરકારે દર વર્ષે ૨૫-૩૦હજાર કરોડનું દેવું કરે છે તે ગરીબો,વંચીતો, લઘુમતિઓના કલ્યાણ માટે નહીં પરંતુ પાંચ ઉદ્યોગપતિઓના વિકાસ માટે કરે છે. લઘુમતિની વાત કરવાથી લઘુમતિનું તૃષ્ટિકરણ થાય છે. તૃષ્ટિકરણ નહીં લઘુમતિ સમાજનું શોષણ થયું છે શોષણ અને જયારે આ સરકાર આવી, અમે અપેક્ષા પણ નથી રાખતા આ સરકારથી. • (×××).

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સભ્યશ્રીજે વાત કરે છે *(×××) એ સદંતર ખોટું છે. મારો જવાબ સાંભળજો એટલે તમને બધી માહિતી મળી જશે. એ શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરવા જોઇએ.(અંતરાય)

સભાપતિશ્રી : શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : (અંતરાય) *(×××). બંધારણે અધિકાર આપ્યો છે એટલે ચૂંટાયા છીએ. તમારું જો ચાલે ને તો અમે એક પણ ના ચૂંટાઇએ. અમે નહીં પછાતો પણ એક પણ ના ચૂંટાય, ઠાકોર, દલિત અને આદિવાસીઓની અનામત છે એટલે એ ચૂંટાય છે. અમે તો બે છીએ પણ પછાતો તો એક પણ ના ચૂંટાય. (અંતરાય) તમે ગરીબ, પછાત અને દલિત ..(અંતરાય)

સભાપતિશ્રી : આપ આપની વાત ચાલુ રાખો. ક્રોસ ટોક ના કરો. આ બાજુ આપ વાત કરો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : તમારા હિતની વાત કરું છું.

જયારે પ્રિ-મેટ્રિક સ્કોલરશીપ આપવાની વાત આવી ત્યારે સરકાર હાઇકોર્ટમાં ગઇ. હાઇકોર્ટે આદેશ કર્યો કે એમને મળવી જોઇએ. હાઇકોર્ટનો આદેશ હોવા છતાં હાઇકોર્ટના આદેશનો અનાદર કરી સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઇ અને સુપ્રીમ કોર્ટમાં સ્ટે લેવાનો પ્રયાસ કર્યો. પરંતુ ત્યાં પણ સ્ટે મળ્યો નહીં. દરેક રીતે આ લઘુમતિ સમાજને રોકવો એ માટેના જ આ પ્રયાસો છે. આમ તો પ્રધાનમંત્રીશ્રી કહે છે કે, 'કબ્રસ્તાન બનતા હૈ તો સ્મશાન ક્યૂં નહીં બનના ચાહીએ?' મારે દુઃખ સાથે કહેવું છે કે ગુજરાતની અંદર એક રૂપિયાની ગ્રાન્ટ વકફ બોર્ડને ફાળવવામાં આવી નથી કે જે કબ્રસ્તાન બનાવવાનું કામ કરે છે. મારે એક જ વાત કરવી છે કે જ્યારે જ્યારે લઘુમતિ સમાજની વાત આવે તમે કડવા વેણ બોલવા સિવાય કશું બોલતા નથી. તમે કંઇ આપતા નથી છતાં અમે તમને એવી વિનંતી કરીએ કે તમે કંઇ ન આપો પણ ઓછામાં ઓછું કડવા વેણ તો ન બોલો. જ્યારે જોઇએ ત્યારે કઇ રીતે *(×××) એ જ તમારો હંમેશાનો આધાર રહેલ છે. માઇનોરિટી ફાયનાન્સ કોર્પોરેશનની વાત કરું તો એની અંદર પણ ગ્રાન્ટ ઘટાડવામાં આવી છે. દોઢ કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે.

• આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશ અનુસાર કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આજના મહિલા દિન નિમિત્તે આપ સહિત સૌ મહિલાઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું અને માનનીય નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે તેમને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા જે કામગીરી થયેલ છે તેના તરફ હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ભયંકર ભૂકંપ આવ્યો અને એ હોનારતમાં ૧૩,૮૦૫ જેટલા લોકો મૃત્યુ પામ્યા હતા. આવી આપત્તિઓને નિવારવા માટે ગુજરાત સરકારે એક મહાયાત્રાનો આરંભ કર્યો અને રાજયમાં આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ પસાર કર્યો અને આવું કામ કરવાની પહેલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું. આપણા રાજ્યમાં ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકિનારો છે. ત્યાં તોફાનને રોકવા માટે એકશન પ્લાન ફોર ન્યૂક્લિયર એન્ડ રેડિયોલોજી ઇમરજન્સી પ્લાન ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યો. આવી અભૂતપૂર્વ કામગીરી માટે ગુજરાત સરકારને આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય અનેક એવોર્ડો પ્રાપ્ત થયેલા છે. મારા વિસ્તારની વાત કરું તો ઓરંગા નદીમાં ગયા વર્ષ ભયંકર પૂર આવ્યું હતું અને ગામ અને શહેરમાં ૫ થી ૧૦ ફૂટ પાણી ભરાયા હતા અને લગભગ ૨૦૦ થી ૩૦૦ વ્યક્તિઓ ત્યાં ફસાઇ ગઇ હતી. આવા સંકટના પ્રસંગે ડિઝાસ્ટર વિભાગ દ્વારા કલેકટરની આગેવાની હેઠળ વહીવટી તંત્રે ખૂબ સારી કામગીરી કરી છે અને આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે એસ.ડી.આર.એફ., એન.ડી.આર.એફ. અને એસ.આર.પી.ની ટીમ બોલાવીને લોકોને બચાવવામાં આવ્યા છે. આ પૂર સંકટમાં ૨૦ વ્યક્તિઓ એવી હતી કે ઝાડ ઉપર લટકતા હતા તેવા સમયે કલેકટરશ્રી અને અમારા દ્વારા ગુજરાત સરકારને રજૂઆત કરતાં હેલિકોપ્ટર મગાવીને આ ૨૦ વ્યક્તિઓના પ્રાણ બચાવવામાં આવ્યા હતા. આ વિભાગે સુંદર કામગીરી કરીને રોગચાળાથી બચાવવા માટે શહેર અને ગામડાંઓને સ્વચ્છ કર્યું અને પૂરપીડિતોને તંત્ર દ્વારા અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા ભોજનની વ્યવસ્થા પણ પૂરી પાડી હતી. ગુજરાત સરકારની ભારતીય જનતા પાર્ટીને અભિનંદન આપવા જોઇએ કે રેલ રાહતમાં શહેરો અને ગામડાંમાં જે નુકસાન થયું એનો વહીવટી તંત્ર દ્વારા સરવે કરાવીને જેમના ઘરવખરી અને મકાનો નષ્ટ થયા હોય એવા દરેક કુટુંબને ૪ થી ૫ હજારની રોકડ સહાય સરકાર દ્વારા આપવામાં આવી છે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકારની વાત કરીએ તો આવી પરિસ્થિતિમાં પરિવારોને ફકત ૧૦૦ કે ૨૦૦ રૂપિયા અને પાંઉ વડાના ફુડ પેકેટ આપતા હતા જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે વલસાડ ખાતે કુલ રૂપિયા ૧ કરોડ અને ૭૬ લાખની સહાય આપીને મદદ કરી છે. જેમના મકાનો નષ્ટ થયા છે એમને મકાનો બાંધી આપ્યા છે અને સેવા સેતુના કાર્યક્રમમાં જે હજુ રહી ગયા હોય એને લાભ આપવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે શરૂ કરેલ આ સેવા સેતુ કાર્યક્રમની મારા મિત્રો ટીકા કરે છે. આ કાર્યક્રમમાં એક પ્રસંગ બનેલો એ હું કહેવા માગું છું. વલસાડ તાલુકામાં જે ૧૦ ગામોનો ધરાસણા ગામમાં સેવા સેતુ કાર્યક્રમ થઇ રહ્યો હતો. ત્યાં એક હજારથી દોઢ હજાર લાભાર્થીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મા અમૃત્તમ કાર્ડની લાઇનમાં પાંચથી સાત વ્યક્તિ કોંગ્રેસી મિત્રો હતા. એ કોંગ્રેસી કાર્યકર્તાઓ પણ આ લાઇનમાં ઉભા હતા ત્યારે એ કોંગ્રેસી મિત્રો મારા પણ મિત્રો હતા. મેં તેમને પૂછ્યું કે, તમારે સરકારી યોજનાનો લાભ લેવો છે? તો તેમણે કહ્યું કે, હા. અમારે મા અમૃત્તમ કાર્ડ લેવા છે તો અમે એમને કહ્યું કે તમે ગુજરાત સરકારની યોજનાઓની ટીકા કરો છો. ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય સામે આ યોજનાનો લાભ લેવાની તમને શરમ લાગે છે. ઓફિસમાં જવાની શરમ લાગે છે. સરકારની ટીકા કરે છે ત્યારે આ મિત્રોએ કબૂલ કર્યું કે, ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકારે મા અમૃત્તમ કાર્ડ અને મા અમૃત્તમ વાત્સલ્ય કાર્ડની યોજના જાહેર કરી છે એ ખરેખર લાખો લોકોને લાભદાયી થઇ છે. ત્યાર પછી મેં પૂછ્યું કે, તમારી સરકાર દ્વારા આવી કોઇ યોજના બહાર પાડવામાં આવી છે કે કેમ? તો કહે કે યોજના તો બહાર પાડી છે ઘરનું ઘર. મિત્રો, આ ઘરનું ઘર માટે ૧૦૦ રૂપિયા ઉઘરાવીને લાખો ફોર્મ ભરીને લાખો રૂપિયાના ફોર્મ ભર્યા. કોણ જાણે આ ઘરનું ઘર ક્યાં ગયું અને એના પૈસા ક્યાં ગયાં?

સભાપતિશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : મારા વિસ્તારની એક મહિલાએ ઘરના ઘરના ફોટાને એક મોટું લેમિનેશન કરીને, હજારો ફોર્મ ભરીને લાખો રૂપિયા એ ગરીબોના પૈસા હડપ કરી ગયા આવી હતી કોંગ્રેસની ગરીબો માટેની યોજના, જેનો જવાબ કોંગ્રેસ આપી શકતી નથી. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ ભવ્ય મકાનો બનાવી પારદર્શકતા સાથે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મકાન ફાળવી રહી છે. આપત્તિના સમયે જે વિવિધ તાલીમ કાર્યક્રમ યોજીને ૩,૦૬,૮૦૨ અધિકારીઓ અને વોલિટિયર્સને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે અને ૬૦૨ મોક ડીલ પણ યોજવામાં આવી હતી. એટલે આ તબક્કે માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમને હું સમર્થન આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના વિકાસ અને પ્રગતિ માટે અને ગુજરાતના સર્વે નાગરિકોને તમામ પ્રકારની સુવિધાઓ, સગવડો અને રાજ્ય સરકારની આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી, રસ્તા, વીજળી, ઘર આવી તમામ પ્રકારની માનવ જીવનને જેની જેની જરૂરિયાત છે એવી તમામ જરૂરિયાતો પૂરી કરવા માટે આ વર્ષ ૨૦૧૭–૧૮નું બજેટ મેં સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરેલું અને એનું કદ ૧,૭૨,૧૭૯ કરોડ રૂપિયા આપણે નિર્ધારિત કર્યું છે. જે ગયા વર્ષ કરતા પણ વધારે છે અને આ બજેટ ઉપર જે ચર્ચા ચાલી એમાં મને આનંદ છે કે, માનનીય વિરોધપક્ષના નેતાથી શરૂ કરીને આ ગૃહમાં બેઠેલા શાસક પક્ષના અમારા સાથીઓ અને વિપક્ષના સૌ સાથીઓએ પોત પોતાના વિચારો રજૂ કરીને બજેટ અંગે પ્રતિભાવ આપ્યા છે.

## ફાલ્ગુન ૧૭, ૨૦૩૮ શાકે
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જે મેં બજેટ રજૂ કર્યું એ બૂક ફક્ત ૩૫ પાનની છે મારી બધા જ સભ્યશ્રીઓને વિનંતી છે ખાસ કરીને વિપક્ષના સભ્યશ્રીઓને કે ભલે આપે રાજકીય ટીકા–ટિપ્પણ કરી હોય આપની જવાબદારી છે અમારું ધ્યાન દોરવાની પણ સમય કાઢીને આ હોળી–ધુળેટીની રજાઓમાં આ પુસ્તક તમે જરૂર વાંચજો. (અંતરાય) ના, થોડું થોડું વાંચ્યું હોય. સૌ સૌને બલવંતસિંહે બોલવાનું જે આપ્યું હોય એટલું વાંચ્યું હોય. એટલે તમે વાંચશો એટલે આપને બધાને ખ્યાલ આવી જશે કે ''સૌનો સાથ, સૌનો વિકાસ'' એ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું સૂત્ર સાર્થક કરવાનું કામ વિજયભાઇ રૂપાણીની અમારી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા દરેક વિભાગોને ધ્યાનમાં રાખી અને અમે કેવી રીતે મૂક્યું છે. રાજ્યની આવક હોય તો જ રાજ્યનો ખર્ચો થાય. આ અંદાજપત્ર છે. માનનીય સભ્યશ્રીઓએ ઘણા લોકોએ ટીકાઓ કરી છે કે, ગયા વર્ષે આટલા ફાળવ્યા અને આટલો ખર્ચો થયો. સાચું પણ હોઇ શકે એના વાજબી કારણો હોય એની પુરતી જોગવાઇ કરી હોય પણ જુદા જુદા સંજોગોના કારણે કદાચ ખર્ચ ન પણ થયો હોય એવું બની શકે. પણ આ જે ખર્ચ કર્યો છે ગુજરાતની છ કરોડની જનતાના વિકાસ માટે બધાને ફાયદો થાય એવું કામ કરવા માટે અમારા દરેક વિભાગના મંત્રીશ્રીઓ, એ હજુ તો વિભાગવાર માગણી આપણે આપણા સૌનાથી શરૂ કરીને ચર્ચા કરવાના છીએ, આ બજેટની જનરલ ચર્ચા છે. એટલે વિભાગોની માગણીઓ અંગે અને વિભાગોની મંજૂર થયેલી યોજનાઓ અંગે હું બહું સમય નહીં લઉં પણ જે મોટી મોટી ટીકાઓ, ટીપ્પણી, સુચનો કે એનું જે સમર્થન થયું છે એના વિશે હું ચોક્કસ વાત કરીશ. ગુજરાત રાજ્ય એ દેશના પાંચ વિકસીત રાજ્યો પૈકીનું પ્રથમ હરોળનું રાજ્ય છે. ગુજરાતનો વેપાર, ઉદ્યોગ, ધંધા, ગુજરાતીઓની કુશળતા અને આખી દુનિયામાં ફેલાયેલા ગુજરાતીઓનું જે સામર્થ્ય છે એ સામર્થ્યને તો આખો દેશ અને આખી દુનિયા સ્વીકારે છે. અગાઉ ઓબામા હતા તો પણ એમના મંત્રી મંડળમાં ભારતીયો હતા અને અત્યારે નવા પ્રેસિડન્ટ આવ્યા તો પણ ભારતીયો છે. આ જે આપણી શક્તિ છે ગુજરાતીઓની અને ભારતીયોની એનો લાભ આપણને મોટા પ્રમાણમાં મળી રહ્યો છે.

રાજ્યને પોતાને કરની આવક હોય, ભારત સરકારની મદદ મળતી હોય અને ભારત સરકારની ઇન્કમ ટ્રેક્સ, એક્સાઇઝ અને કસ્ટમ આ જે આવક છે એમાંથી રાજ્યોને જે ફાળે પડતી રકમ આવતી હોય એનો ભાગ આપણને મળતો હોય છે અને એ પ્રમાણે આપણી જે આવકો છે એ આવકોના અનુસંધાનમાં આપણે ખર્ચ કરતા હોઇએ છીએ. માનનીય શંકરસિંહજી વિપક્ષના નેતાશ્રીએ જે ટીપ્પણીઓ કરેલી એના ઉપર જવાબ આપવો એ મારી જવાબદારી છે અને એ પ્રમાણે માનનીય શંકરસિંહજીએ જે ટીકાઓ કરી છે કે, જે અવલોકનો કર્યા છે એના વિશે મારે સન્માનનીય ગૃહને અને માનનીય વિપક્ષના નેતાશ્રી ઉપસ્થિત છે, એમણે પ્રોટોકોલ નિભાવ્યો છે. હું એમનો આભાર માનું છું કે, એ પોતે બોલ્યા છે તો સાંભળવા માટે પણ વિપક્ષના નેતા તરીકે ઉપસ્થિત રહ્યા છે એટલી નૈતિકતા એમણે પ્રોટોકોલની રાખી છે એ બદલ હું એમનો આભાર માનું છું. માનનીય શંકરસિંહજીએ જે વાત કરેલી કે, ગુજરાતમાં દેવું વધતું જાય છે, ગુજરાતનું ઉત્પાદન ઓછું થતું જાય છે, ગુજરાતમાં ઔદ્યોગિક વપરાશ માટેની વીજળીની ઉપયોગીતા અને વપરાશ ઘટતો જાય છે. નર્મદાની તમે વાત કરો છો પણ કોઇ કામ આગળ વધ્યું નથી, શક્તિસિંહજી એવું બોલેલા કે, ભારત સરકાર તમારી થઇ. મને આનંદ છે, સવારે તો માનનીય બલવંતસિંહજીએ એમ કહ્યું એક ગુજરાતી તરીકે એમને ગર્વ છે કે, કેન્દ્રની સરકાર આપણી સરકાર છે, વાત સાચી છે. આપણે દિલ્હીમાં જઇએ તો ભા.જ.પ. અને કોંગ્રેસ ના રહે. છ કરોડ ગુજરાતીઓ માટે આપણે વિચારતા હોઇએ એ ભાવનાથી જ્યારે એમણે વાત કરી છે ત્યારે હું માનનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગુ છું કે, અમારી સરકાર આવ્યા પછી પડતર પ્રશ્નોની જે ચર્ચા આપે કરેલી, કેટલાક સભ્યોએ લિસ્ટ વાંચ્યું કે આ કાઢી નાખ્યું, આ કાઢી નાખ્યું, વાત સાચી છે. કોઇની પાસે કોઇ રૂપિયા વેપારી માગતો હોય, પચીસ હજાર રૂપિયાનું કરિયાણું લઇ આવ્યા હોય પછી એ વ્યક્તિ આવી અને વીસ હજાર રૂપિયા જમા કરાવી જાય તો એ વીસ હજાર રૂપિયા ચોપડામાં જમા થાય પછી એ વીસ હજાર રૂપિયાની ઉઘરાણી ગામડાંનો કરિયાણાનો નાનો વેપારી પણ કરતો નથી. પહેલાંની કોંગ્રેસની યુ.પી.એ. સરકાર વખતે ગુજરાતને અન્યાયોની પરંપરા, અબજો અબજો રૂપિયાનું નુકસાન થાય એ પ્રકારની ચાલતી હતી પણ આપણે બધા સદભાગી છીએ કે, માનનીય શ્રી નરેન્દ્રભાઇની સરકાર આવી અને સટાસટ જે બધું લ્હેણું હતું અને જે માગણીઓ હતી એ વન બાય વન જે મંજૂર થવા માંડી એના કારણે માગણીઓની યાદી ઓછી થઇ ગઇ. અને મને આનંદ છે કે ઓછી માગણીવાળું અમે પ્રજામાં લઇને જઇએ છીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, એ યાદી ગૃહને આપશો તો અમે આપના આભારી થઇશું. જે કન્ટીન્યુઇટી સેન્ટ્રલ ગવર્મેન્ટની હતી અને જે બ્રેકપોઇન્ટ તમે કર્યું કે આ પ્રશ્નો પતી ગયા છે એ પતી ગયેલા પ્રશ્નોની યાદી આપ હાઉસમાં મુકશો તો ગમશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હું નાની વાતોમાં તો નહીં પડું ૧૭૨૦૦૦ કરોડનું બજેટ છે.(અંતરાય) એ જ કહું છું શૈલેષભાઇ, હું આડીઅવળી વાતમાં જતો જ નથી . હું ટુ ધી પોઇન્ટ અને મોટી જ વાત કરું છું. સાહેબ, આપને માહિતી આપું, નર્મદા યોજના તો વર્ષોથી આપણે ચલાવીએ છીએ. ૧૯૬૦માં સ્વર્ગસ્થ વડાપ્રધાન માનનીય જવાહરલાલ નહેરૂએ ૧૯૬૦–૬૧માં એનો પાયો નાખેલો એ પછી એની શું સ્થિતિ થઇ અને કયારે ચાલુ થયું, આજે દરવાજા મુકાવાની અને હવે તો પાણી ભરવાની સ્થિતિએ માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન આવ્યા એટલે આપણે કરી શકયા છીએ જો કદાચ અમારી કેન્દ્રની સરકાર ન આવી હોત તો હજુ દરવાજા મુકાવાની કોઇ કામગીરી થઇ ન હોત એની અમને, ગુજરાતની પ્રજાને સંપૂર્ણ ખાતરી છે. નર્મદા યોજનાની કેનાલોની વાત કરું. ભારત સરકારની એ.આઇ.બી.પી. (Accelerated Irrigation Benefit Programme) છે. ભારત સરકાર રાજ્યોને સિંચાઇ યોજનાઓ માટે નાણાકીય મદદ કરે છે એમાં નર્મદા યોજના માટે અને

## તા. ૮મી માર્ચ, ૨૦૧૭

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

દેશના બીજા રાજયો માટે જે વ્યાખ્યા હતી એમાં ડી.પી.એ.પી. એટલે drought prone area programme એના નીચે કેન્દ્ર સરકાર ૭૫ ટકા કેનાલો બનાવવા માટે ૭૫ ટકા ગ્રાન્ટ ફાળવતી હતી અને ૨૫ ટકા રાજયોને ફાળવવા પડતા હતા અને રણ વિસ્તાર જે છે એમાં કેન્દ્ર ફકત ૨૫ ટકા સહાય આપતી હતી અને ૭૫ ટકા રાજય સરકારને ફાળવવા પડતા હતા. આપણા ગુજરાતમાં ઉત્તર ગુજરાત આખું, સુરેન્દ્રનગર જિલ્લો આખો, બનાસકાંઠા જિલ્લો આખો અને કચ્છ આ બધો રણ જેવો અને રણથી લાગુ પડતો ભૌગોલિક વિસ્તાર છે. વર્ષોથી ભારતીય જનતા પક્ષની અમારી સરકારોમાં અમે કેન્દ્ર સરકારમાં માગણી કરેલી. આપને રેકર્ડ જોઇતું હોય તો મેળવી લેજો. આપણે એવું કહેતા હતા કે આ ડી.પી.એ.પી. પ્રોગ્રામ જે છે એમાં ૭૫ ટકા તમે અમને સહાય આપો કેનાલો બનાવવા માટે અને ૨૫ ટકા જ રાજય સરકાર ભોગવે. સાહેબ, તમને નહીં ગમે પણ જયાં સુધી કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી, આ માગણી સ્વીકારવામાં આવી નહોતી. મને આ સન્માનનીય ગૃહને જણાવતા અને મીડીયા મારફત ગુજરાતની પ્રજાને જણાવતા આનંદ થાય છે કે નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા, ભા.જ.પ.ની સરકાર દિલ્હીમાં આવી, આપણને આનંદ થાય કે જે ૭૫ ટકા ભારત સરકાર આપતી હતી અને બીજામાં ૨૫ ટકા આપતી હતી એનો રેશીયો સુધારી અને ૭૫ ટકા કર્યો અને ગુજરાતના હિસ્સામાં એના કારણે જે રકમ પહેલા ૩૮ ટકા આવતી હતી કેન્દ્રમાંથી એ ૫૭ ટકા થઇ અને ગુજરાતને મોદીસાહેબના એક જ નિર્ણયથી જે તમારી સરકારે વર્ષો સુધી નહોતો કર્યો, કેનાલો બનાવવાના નર્મદા કામમાં ૧૫૦૦ કરોડ રૂપિયા વધારાના કેન્દ્ર સરકાર તરફથી મંજૂર થયા. આ ફાયદો નહીં તો શું? હવે આને લિસ્ટમાંથી કાઢી નાખવાનું કે ચાલુ રાખવાનું? કાઢી જ નાખવાનું હોય સાહેબ.(અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : કેટલી કેનાલો આગળ વધારી એનો રેકર્ડ મૂકજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ પછી મુકીશું સાહેબ, હજુ નર્મદાની ચર્ચા કરીશુંને? ઓ.એન.જી.સી. બાબતે અહીંયા માનનીય સભ્યશ્રીઓએ ચર્ચા કરેલી. તમારી સરકારે અઢી વર્ષ થયા શું કર્યુ? હિસાબ માગો એ સ્વાભાવિક છે. અમારે ત્યાં એક છોકરો છે , પરાણે ૪૦ ટકા આવેલા. એ ચાલીસ ટકા આવેલો છોકરો એક વિદ્યાર્થીને એના પડોશીને ૯૫ ટકા આવ્યા, મેડિકલમાં એડમિશન મળી ગયું. એ ૪૦ ટકાવાળો પેલા ૯૫ ટકાવાળાને સલાહ આપે કે તેં થોડી વધારે મહેનત કરી હોત તો બોર્ડમાં તારો વધારે નંબર આવી જાત. પોતાને ૪૦ ટકા આવ્યા છે, પરાણે પરાણે ગ્રેસીંગ માર્કથી પાસ થયો છે એ પેલા ૯૫ ટકાવાળાને સલાહ આપે છે કે તેં આમ કર્યું હોત, તેં આમ કર્યું હોત. હવે સાહેબ, દુનિયાદારી વહેવાર શું છે? ૪૦ ટકા વાળાએ ૪૫ ટકા લાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. ૪૫ ટકા વાળાએ ૫૦ આવે એવો પ્રયત્ન કરવો જોઇએ. પોતે અમલ કરતા નથી અને જે સફળ છે, જેને પ્રજાનું સમર્થન છે. ૨૦–૨૦ વર્ષથી જે ભારતીય જનતા પક્ષ આ વિધાનસભા ગૃહમાં અને ગુજરાતના સચિવાલયમાં બેસી અમારા મંત્રીઓ, અમારા ધારાસભ્યો ગુજરાતની પ્રજાની સેવા કરે છે. એમને આ નપાસ થયેલા લોકો સલાહ આપે છે કે તમે આમ કર્યુ હોત તો સારું હતું અને તમે તેમ કર્યુ હોત તો સારું હતું. સાહેબ, હું નમ્રતાથી કહું છું આ બધું જો તમે ૫૦ વર્ષમાં કર્યુ હોત તો અમારે કયાં કશું કરવાનું હતું? નર્મદા પણ આવી ગઇ હોત, બધુ આવી ગયું હોત, અમારે કશું કરવાનું ન રહે. તમે નથી કર્યુ એટલે અમારે કરવું પડે છે. હવે અન્યાયનો મુદ્દા નંબર ર. અન્યાયની પરંપરા કેવી હતી? ગુજરાતમાં મોટા પ્રમાણમાં ઓ.એન.જી.સી. ક્રૂડ ઓઇલનું ઉત્પાદન કરે છે. મને આનંદ છે કે હું મહેસાણા જિલ્લાનો છું. આખા ભારતની અંદર સૌ સભ્યોની જાણકારી માટે કહું કે આખા ભારતની અંદર ઓ.એન.જી.સી. જે તેલનું ઉત્પાદન કરે છે એમાં મહેસાણા ફીલ્ડ આજે દેશમાં પહેલો નંબર છે. એટલું મોટું ક્રૂડ ઓઇલનું ઉત્પાદન કરે છે. આ કેન્દ્રની અગાઉની સરકારની ગુજરાત ઉપર નજર લાગી. કોઇકે જઇને ચાવી ટાઇટ કરી કે આ રોયલ્ટી ઓછી થાય તેવું કઇક કરો. એકબાજુ આસામ હતું એકબાજુ ગુજરાત હતું. (અંતરાય) હા, ચાવી મારી. ભાઇ નિરંજનભાઇ એ બોલશે. તમે ચાવી શું કામ મારો છો. શાંતિ રાખોને? એ વખતની કેન્દ્રની સરકારે જે દાયકાઓથી માનનીય શંકરસિંહજી મુખ્યમંત્રી હતા, ત્યારે પણ જે ફોર્મ્યુલાથી રોયલ્ટી આપણને મળતી હતી, તે ફ઼ોર્મ્યુલા બદલી નાખી અને ગુજરાતને નુકસાન થાય એવી ફ઼ોર્મ્યુલા મૂકી. ગુજરાતને રોયલ્ટીની આવક ઓછી થઇ એટલે આપણે હાઇકોર્ટમાં ગયા. લડત કરી. પહેલા તો રજૂઆતો કરી, પણ ઉપર કઇ સંભળાયું નહિ. બધુ હવામાં ગયું. અને હવામાં કાઢવા માટે ઉપર ત્યાં બધા બેઠા હતા. અમે બધુ કહ્યું, સમજાવ્યું ના માન્યા. ના છુટકે ગુજરાત સરકારે કોઇ વ્યક્તિ દ્વારા કોઇએ ગુજરાતના શુભેચ્છકે પી.આઇ.એલ. કરી. ગુજરાત હાઇકોર્ટે ચુકાદો આપ્યો. ગુજરાત સરકારની માગણી સાચી છે. કેન્દ્ર સરકારે ક્રૂડ ઓઇલની રોયલ્ટી આપવા માટે જે ફ઼ોર્મ્યુલા બનાવી છે, તે રદ કરવી જોઇએ. રદ કરવાનો સુપ્રીમ કોર્ટે ઓર્ડર કર્યો. ગુજરાત સરકાર જીતી ગઇ. પેલા લોકોને આ બધુ પચતું નહોતું. ગુજરાતમાં એક રૂપિયો વધારાનો ન આવવો જોઇએ. ગુજરાત સરકારને પૈસા ન મળવા જોઇએ. આવી લાગણીથી પ્રેરાઇને બધુ ચાલતું હતું. એટલે ઓ.એન.જી.સી. ને સૂચના અપાઇ કે એ વખતની કેન્દ્ર સરકાર તરફથી તમે સુપ્રીમમાં સ્ટે માગો. સુપ્રીમમાં અરજી દાખલ થઇ અને જ્યુડીશિયલના નિયમો પ્રમાણે સુપ્રીમે પ્રથમ કક્ષાનો સ્ટે આપ્યો. આપણે કેસ લડ્યા. આપણને આનંદ છે કે સુપ્રીમ કોર્ટે આપણી લાગણી સ્વીકારી અને એમ કહ્યું કે અત્યારે અમે સ્ટે આપીએ છીએ. પહેલાની બધી રકમ ગુજરાત સરકારને ચુકવી દો. ફ઼ોર્મ્યુલા અંગે અમે જજમેન્ટ પછી આપીશું. આપણા સાડા દસ હજાર કરોડથી અગિયાર હજાર કરોડ રૂપિયા આ સ્ટેના કારણે સુપ્રીમ કોર્ટ પાસે લેવાના બાકી પડ્યા હતા. અગિયાર હજાર કરોડ રૂપિયા. વિચારો. ભારત સરકારને અગાઉ રજૂઆત કરી. અહીયા બધા કહે છે કે તમે કહો તો અમે જોડે આવીએ. પણ ઘણા લોકો એવા હોય છે અમારી જોડે કોઇ પ્રતિનિધિ મંડળ આવે તો એમ કહે કે આમનું કામ કરવાનું પછી પેલો જાય પછી પાછા ફરી આવે કે જોજો કરતા, આ તો ખાલી દેખાવ કરવા માટે આવવું પડે એટલે હું આવ્યો છું. એવી રીતે ઘણા કાર્યકરો કરતા હોય છે. એટલે કેન્દ્ર સરકારમાં આ વાત થઇ. સાહેબ, મને આનંદ છે કેન્દ્રની યુ.પી.એ.

સરકારે જે મદદ નહોતી કરી, જે પૈસા અટકાવ્યા હતા. ઓ.એન.જી.સી. દ્વારા સ્ટે લાવ્યા હતા. ગુજરાતમાં સરકારની રજૂઆતો ધ્યાનમાં રાખી માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન થયા. અમારા મુખ્યમંત્રી, અમારું ડેલિગેશન મુખ્યમંત્રીશ્રીએ આખો કેસ રજૂ કર્યો અને કહ્યું કે સુપ્રીમમાંથી જો ઓ.એન.જી.સી. સ્ટે ઉપાડી લેવા માટે કાર્યવાહી કરે તો ગુજરાત સરકારને મોટી રકમની આવક થાય. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇએ પેટ્રોલિયમ વિભાગના મંત્રીશ્રી તથા ઓ.એન.જી.સી. સાથે ચર્ચા વિચારણા કરી સૂચના આપી, મીટિંગો કરી આપણો ગુજરાતનો અધિકાર હતો તે સ્વીકાર્યો અને સુપ્રીમ કોર્ટમાં ઓ.એન.જી.સી.એ ગયા દસ દિવસ પહેલાં એફિડેવિટ કરીને કહ્યું કે અમે ગુજરાત સરકારને બાકી પડતી રકમ નવી ફોર્મ્યુલા પ્રમાણે આપવા માટે તૈયાર છીએ. કેટલી રકમ સાહેબ તો ૮૩૯૨ કરોડ રૂપિયા ઓ.એન.જી.સી. તરફથી અગાઉ કેન્દ્રની કોંગ્રેસની યુ.પી.એ. સરકારે જે ફોર્મ્યુલા બદલીને ગુજરાતને દસ-અગિયાર હજાર કરોડ રૂપિયાનું નુકસાન કરાવ્યું હતું તે હવે પૂર્ણ થતા થતા મોદી સાહેબના હસ્તક્ષેપ અને તેમના માર્ગદર્શનથી ઓ.એન.જી.સી.એ સ્વીકાર્યુ છે. એમાં એમ નકકી થયું છે કે ૩૧-૩-૨૦૧૭ એટલે કે આ મહિનો પૂરો થાય એ પહેલાં આપણને તે રકમો પ્રાપ્ત થઇ જાય. આવતા વર્ષે બીજા તબકકાની રકમ પ્રાપ્ત થાય તે રીતે લગભગ સાડા આઠ હજાર કરોડ રૂપિયા કેન્દ્રની સરકારની મદદથી આ ભાજપની ગુજરાતની વિજયભાઇની સરકારને ઓ.એન.જી.સી. આપશે. હવે મારે લીસ્ટમાં તે અગાઉ હતું કે ઓ.એન.જી.સી.ની બાકી લ્હેણાંની ચુકવણી. હવે તમે મને કહો કે તે ચાલુ રાખવાનું કે કાઢી નાંખવાનું? તમે સભ્યો નકકી કરો. કાઢી જ નાંખવાનું હોય. આ બે મોટા મુદ્દા હતા. નર્મદા યોજનામાં બંધના દરવાજા મૂકી ઉંચાઇ વધારવાની, હું રાજકીય ટીકા નથી કરતો બલવંતસિંહજી હકીકત કહું છું. આપને પણ આર.ટી.આઇ.માં કોઇ માહિતી લેવી હોય તો લેજો. જેમ બધી લો છો તેમ લઇ લેજો. તમારી સરકારે છ થી સાત વર્ષ નર્મદાની બધી કામગીરી પૂરી થઇ ગયેલી છતાં દરવાજા ચડાવવાની મંજૂરી ન્હોતી આપી. નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા અને સત્તર દિવસની અંદર મંજૂરી આપી તો તે મુદ્દો મારે ચાલુ રાખવાનો કે કાઢી નાંખવાનો?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ટેકનિકલી નર્મદા કંટ્રોલ ઓથોરિટી કરે છે. આ સરકાર કે પેલી સરકાર નહીં. નર્મદા કંટ્રોલ ઓથોરિટી કરે છે. સુપ્રીમે હમણાં તમને લપડાક મારી કે આ જુના પુનર્વસનનું ઠીક કરો. તેનું ઠેકાણું નથી પડ્યું. તમે દરવાજા ચડાવ્યા. દરવાજાની ટેકનિકલી જાહેરાત કરવાની બાકી હતી. ઈલેકશન કોડ લાગ્યો એટલે જાહેરાત ન કરી. માની લો કે ત્રણ વર્ષથી આ દરવાજા આવ્યા, શું કર્યુ તમે દરવાજા આવ્યા પછી. દરવાજાને પાણી સાથે સંબંધ નથી. આમાં નર્મદા કંટ્રોલ ઓથોરિટી બધુ કંટ્રોલ કરે છે. આ પાર્ટી કે પેલી પાર્ટી નહીં આટલું આપણે જરા ધ્યાન રાખીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નહીં નહીં સાહેબ, બાપુ આપણા સૌના વડીલ છે. કેન્દ્રમાં મંત્રી રહી ચૂક્યા છે અને અનેક હોદ્દાઓ શોભાયમાન કરી ચૂક્યા છે. માફ કરજો બાપુ આપની આ વાત સાચી નથી. તે કમિટી જે છે તેમાં હું ઇતિહાસ કહીશ તો લાંબો સમય જશે અને આપને વધુ દુઃખ થશે. સૈફુદ્દીન સોઝ કોંગ્રેસની સરકારના દિલ્હીમાં મંત્રી હતા. સિંચાઇમંત્રી આ કમિટીના ચેરમેન હોય છે. સૈફુદ્દીન સોઝ તે આ કમિટીના ચેરમેન હતા. તે લોકોએ આ મિટીંગો ન્હોતી બોલાવી. વારંવાર મિટીંગો બોલાવીને મુલતવી રાખે. નર્મદા પુનર્વસન માટે ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના હાઇકોર્ટના જજશ્રીઓની કમિટી છે તેમણે રિપોર્ટ આપી દીધેલો કે પુન:સ્થાપનની કામગીરી આ કક્ષાએ પૂરી થઇ છે. હજું કહું કે આપણી માગણી એવી હતી કે, આ દરવાજા ચડાવતાં બે થી ત્રણ વર્ષ થાય માટે અમને દરવાજા ચડાવવાની પરવાનગી આપો. તે પછી સુપ્રીમ કોર્ટ કે ભારત સરકાર હા કહેશે એટલે અમે દરવાજા બંધ કરીશું. સાહેબ પહેલાં તો દરવાજા ચડાવવાની પરવાનગી જ ન્હોતા આપતા. અમારા મુખ્યમંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું છે કે સેંકડો ટન વજનના ૩૦ કરતાં વધુ દરવાજા વર્ષોથી બનાવેલા પડયા હતા. તે દરવાજા બનાવવાના ન્હોતા. તે બનાવેલા જ હતા. તે દરવાજા બનાવેલા હતા નિરંજનભાઇ સારુ તમને યાદ છે તે સારુ છે. બાબુભાઇ જશભાઇ અને બીજા બધા વખતે અને તે કોંગ્રેસની સરકારની નિષ્ફળતાને કારણે, ખાસ કરીને દિલ્હીમાં એવી સરકારો હતી કે ગુજરાતને અન્યાય અન્યાય ને અન્યાય કરે એટલા માટે પરવાનગી ન્હોતી મળતી. હવે ન્યાય, ન્યાય અને ન્યાય અને મદદ, મદદ ને મદદ તે સરકાર આવી છે એટલે આ બધુ અમે કરી શકીએ છીએ. તેની પરવાનગી આપણને મળી છે. બધુ તૈયાર છે. આ ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, કાલે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ ભરૂચ આવ્યા. એરપોર્ટ ઉપર હું એમનું સ્વાગત કરવા ગયો. આ ગૃહ માટે, ગુજરાત માટે અને ખેડૂતો માટે સાહેબની લાગણી જુઓ. હેલીપેડથી ઉતરતાં જ સ્વાગત કરતાં મને પહેલો પ્રશ્ન પૂછયો અને મારી જોડે અમારા સાથી મંત્રીઓ હતા. સાહેબે પૂછ્યું કે નીતિનભાઇ નર્મદાનું બધું તૈયાર છે ને? ચોમાસામાં પાણી ભરી શકાય એવી વ્યવસ્થા છે ને? મેં કહ્યું સાહેબ, થોડી ઔપચારિકતા બાકી છે એ પૂરી થાય એટલે પતી જશે. આ વડા પ્રધાન ગુજરાતની ધરતી ઉપર આવી પહેલો પ્રશ્ન નર્મદા યોજનાનો પૂછે છે. બાકી અત્યાર સુધી દસ વરસ સુધી કયા વડા પ્રધાને નર્મદા માટે એક લકીરભરની ચિંતા વ્યકત કરી હતી? એ તમે મને કહો તો ખરા.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, થોડું સત્ય બોલીએ. દેશના વડા પ્રધાન જામીન થયા હતા એ ભૂલી ન જઇએ એનું નામ ડો. મનમોહનસિંહ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હજુ જૂનું કહું સૈફુદીન સૌઝ વખતનું તો ફરી દુઃખ થશે. નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી થયા ત્યાં સુધી ૧૨૧ મિટરની બંધની ઉંચાઇની મંજૂરી આપી ન હતી, નરેન્દ્રભાઇને ગુજરાતમાં અહીંયા ઉપવાસ ઉપર ઉતરવું પડ્યું હતું એ પછી તમે મંજૂરી આપી હતી એ ભૂલી ન જશો. આ તો મને થોડું યાદ છે, વીસ વરસથી અહીંયા બેઠો છું એટલે આ બધું જોયેલું, અનુભવેલું, ભાગ લીધો છે, મને ખબર છે બાકી રેકોર્ડ જોવો હોય તો જોઇ લેજો મોદી સાહેબ ઉપવાસ

ઉપર ઉતર્યા એ પછી કેન્દ્રની સરકાર હચમચી ગઇ અને ૧૨૧ મિટરની ઉંચાઇ સુધી બાંધકામ કરવાની પરવાનગી આપવી પડી હતી નહીં તો એ પણ નહોતા આપતા માટે રહેવા દો આપણે સાથે મળીને કામ કરીએ એ વધારે સારું છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેવાની વાત કરી, દેવામાં તો માનનીય વજુભાઇ જેમણે સૌથી વધુ બજેટો ગુજરાતમાં રજૂ કર્યા છે એમની વાત હું અહીં નહીં કરું કેમ કે, એ એમના અંગત વિચારો હતા. વજુભાઇ સાહેબ તો એમ કહેતા કે, જેની ગામમાં આબરુ હોય એને કોઇ દેવું આપે બાકી કોને કોઇ પૈસા આપે? પણ એમ હું નહીં કહું. માનનીય વજુભાઇ સાહેબ જેઓ અત્યારે માનનીય રાજ્યપાલશ્રી છે તે એવું કહેતા હતા કે, આપણા પુરાણોમાં લખ્યું છે કે, દેવું કરીને ઘી પીઓ પણ તાજા રહો, પણ હું એવું પણ નથી કહેવા માગતો. હું તો બિલકૂલ ઇકોનોમીક્સની રીતે આપને ભારત સરકાર રીઝર્વ બેન્ક, આયોજન પંચ જે હવે નીતિ આયોગ છે એના નિયમો પ્રમાણે સમજાવવા માગુ છું, વારંવાર સમજાવ્યું છે પણ ફરી સમજાવું મહેનત કરવામાં મને કોઇ વાંધો નથી. ૧૩મું નાણાં પંચ જે કોંગ્રેસની સરકાર વખતે બનેલું એ ૧૩માં નાણાં પંચે રાજ્યો કેટલું દેવું કરી શકે, કેટલી લોનો લઇ શકે? એના માટેના નિયમો આખા દેશ માટે નક્કી કર્યા છે એ પ્રમાણે ટૂંકમાં કહું તો ગુજરાતને જે પોતાની જી.એસ.ટી.પી.ની આવક છે એના ૨૭.૧૦ ટકા સુધી આપણે લોનો લઇ શકીએ પરંતુ અમારી ગુજરાત સરકાર ૨૭.૧૦ ટકા નહીં પણ ૧૮.૧૮ ટકા એટલે આપણી સત્તા છે એના કરતા ૭ ટકા ઓછી લોનો લઇએ છીએ અને બધી ભારત સરકારની મંજૂરી પછી નાબાર્ડ દ્વારા, હુડકો દ્વારા કે વર્લ્ડ બેન્ક દ્વારા આપણને ભારત સરકારની મંજૂરીથી આ બધી લોનો મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, પણ અમે એનાથી વધુ આગળ વધવા માગીએ છીએ, ત્રણ ટકાની જે આપણી ખાદ્ય હતી એ ઘટાડી અને અમે ૨.૩૧ ટકા અને ગયા વર્ષે જે અંદાજ સુધાર્યો અને ૧.૮૦ ટકા કરી છે એટલે રાજયના દેવામાં સતત આપણે ઘટાડો કરતા જઇએ એ પ્રમાણે આપણું આયોજન છે. વારંવાર કહેવાયું છે, છેલ્લા ૧૨-૧૩ વરસમાં ગુજરાત સરકારને એક પૈસાનો ઓવર ડ્રાફ્ટ કે કોઇ વધારાની મંજૂરી લેવી પડી નથી. મારે બે રાજયો જોડે દેવામાં સરખામણી કરવી છે તો બધાને ખ્યાલ આવે થોડો કે આપણું ગુજરાત કઇ કક્ષાએ છે. કર્ણાટક જ્યાં અત્યારે કોંગ્રેસ પક્ષની સરકાર છે. કર્ણાટકનું જે દેવું છે એ દેવાની ફોર્મ્યુલા પ્રમાણે જો ટકાવારી ગણીએ તો ૨૦૧૫-૧૬ના આંકડા પ્રમાણે કર્ણાટકનું દેવું ૨૩.૬૨ ટકા હતું, આપણું ૧૮ ટકાથી નીચે હતું. એટલે આપણા કરતા ૫ ટકા વધુ, આ ટકાવારી એટલે પાછું રકમમાં ગણીએ તો કરોડોમાં થાય. પણ એ અત્યારે નહિ કહું. એ રીતે વધુ છે. પશ્ચિમ બંગાળ જ્યાં સામ્યવાદીઓ હતા અને હવે ત્યાં મમતાબેન આવ્યા છે, ત્યાં દેવું કેટલું છે એ છે ૩૨.૫૮ ટકા. આ તો બે ત્રણ રાજ્યોની જ મેં સરખામણી કરાવી છે. બીજું અહીંયા ગોવાની અને ઉત્તરાખંડની માનનીય સભ્યશ્રીઓએ વાત કરી. ગોવા રાજ્ય એ આપણા વડોદરા શહેરથી પણ નાનું રાજ્ય છે એમ કહીએ તો ચાલે વસતિની દૃષ્ટિએ. એટલે એની કોઇ સરખામણી ગુજરાત જોડે ન થાય. ઉત્તરાખંડ એ પણ ખૂબ નાનું અને ઓછી વસતિ ધરાવતું રાજ્ય છે. એટલે એની પણ આપણી સાથે સરખામણી ન થાય. છતાં ભારતના પાંચ જે વિકસીત રાજ્યો છે એની માનનીય બાપુશ્રીએ જે માહિતી આપી હતી એમાં હું થોડીક સ્પષ્ટતા કરી દઉં. બાપુએ એટલા ચાબખા માર્યા હતાને એટલે મારે બધું શોધીશોધીને જવાબ આપવો પડે છે. (અંતરાય) સાચું સાચું જ છે રેકર્ડ ઉપર છે. આ કંઇ નીતિનભાઇના ઘરના આંકડા નથી. ગુજરાત સરકારના એકાઉન્ટના આંકડા છે આ તો. ગુજરાત સરકારનું દેવું ભારત સરકારની નિશ્ચિત ફોર્મ્યુલા કરતાં અનેકગણું ઓછું છે. અહીંયા નાણાં પ્રજાના વિકાસ માટે વપરાય છે. માનનીય શંકરસિંહજીએ અને બીજા સભ્યશ્રીએ એમ વાત કરેલી કે વિકાસ કરતાં ખર્ચ વધારે છે. બલવંતસિંહજીએ કહેલું કે ૫૫ ટકા કરતાં વધુ, પ્રજામાંથી જે કરવેરાની આવક આવે છે એ અમે પ્રજાના વિકાસ માટે વાપરીએ છીએ. રોડ, રસ્તા,વીજળી, પીવાનું પાણી, સિંચાઇ યોજનાઓ, નર્મદા આ બધું આપણે પાટલીઓ થપથપાવો છોને બધા એ ૫૫ ટકા પૈસા વાપરીએ છીએ અને બાકી પગાર તો કરવો પડે કે ના કરવો પડે? સાતમું પગારપંચ, આખા દેશમાં ભાગ્યે જ કોઇ એવું રાજ્ય છે કે સાતમા પગારપંચનો અમલ કર્યો હોય. એ અમલ ગુજરાતની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે અને એના કારણે સેંકડો કરોડ રૂપિયાનો જે બોજો આવ્યો એ બોજો અમારી સરકારે ઉપાડી લીધો. બીજું ફિક્સ પગારના કર્મચારીઓ, અહીંયા બધા વાત કરે છે અમે એનો પણ અમલ કર્યો છે અને એમાં લગભગ ૧૪૫૦ કરોડ રૂપિયાનો બોજો આવ્યો. આંગણવાડીની બહેનો, એમાં હું કહું કે ભારત સરકારના નિયમો પ્રમાણે તેઓ માનદ વેતનથી કામ કરે છે. ભારત સરકાર એમાં જે રકમ આપે છે, યુ.પી.એ. ની સરકાર પણ જે આપતી હતી તે એમાં ગુજરાત સરકારે આપણા બજેટમાંથી ઉમેરો કરીને આપ્યા છે અને પહેલાં મધ્યાહ્નન ભોજનના સંચાલકોના વેતનમાં વધારો કર્યો અને પછી આંગણવાડીની બહેનોના પગારમાં પણ અમે વધારો કર્યો છે. હું ગૃહ મારફતે બધાને કહેવા માગું છું કે અમારી જવાબદારી ગુજરાતની છ કરોડની જનતા પ્રત્યે છે. બધું લુંટાવા માટે, આપી દેવા માટે અમે અહીંયા નથી બેઠાં. ગુજરાતની પ્રજાનું કલ્યાણ થાય, ગુજરાતનો વિકાસ થાય, ગરીબનું ઘર બને, ગરીબને રોજગારી મળે, ગરીબને શિક્ષણ મળે, ગરીબનું આરોગ્ય જળવાય આ બધું અમારે કરવાનું છે. અમે ખાલી પગારો કરવા માટે અહીંયા નથી બેઠા. અમને પણ આવડે છે કે અમે કોઇકનો પગાર વધારીએ તો બીજા દિવસે આવીને ફુલહાર કરે, છાપામાં ફોટા આવે, ઇન્ટરવ્યુ લેવાય, વાહ વાહ કરાવીએ અમને પણ આ આવડે છે પણ પ્રજાના પૈસે વાહ વાહ કરાવવામાં અમે માનતા નથી. જેટલું વાજબી હોય, સાચું હોય, યોગ્ય હોય, જરૂરી હોય એટલું અમે કરીએ છીએ નહિતર પેલી જુની કહેવત છે એમ બાપુને અને બધાને યાદ જ હશે. કે તગારે, નગારે અને પગારે. પહેલાં મોગલો હતા એ બધા તગારે ગયા, પછી નગારે આવ્યું અને હવે પગારે. આ પગારે, તગારે અને નગારે દેશને અમારે બરબાદ નથી કરવાનો. અમારે તો પ્રજાલક્ષી વહીવટ કરવાનો છે, કર્મચારીઓ અમારા હાથ-પગ છે, છ લાખ કર્મચારીઓ અમારી ગુજરાત સરકારની ટીમ છે તેમને જયારે જયારે જોઇએ ત્યારે અમે બધીજ રીતે મદદ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, વીજળીના વપરાશમાં પણ માનનીય શંકરસિંહજીએ જે વાત કરેલી તે મારે એમને ટૂંકમાં એટલું

કહેવું છે કે આપની પાસે જે આંકડા હોય ગુજરાતમાં વીજળીનો વપરાશ ઉદ્યોગોમાં, કૃષિમાં અને ઘર વપરાશમાં વધ્યો છે. ત્રણે ક્ષેત્રમાં ગુજરાતમાં વીજળીનો વપરાશ તે અનેકગણો વધ્યો છે. માનનીય શંકરસિંહજીને ટૂંકમાં જો હું આંકડા આપી દઉં કે રાજયની અંદર ૨૦૦૧માં ૧૫,૪૬૭ એમ.યુ.એસ.વીજળીનો વપરાશ કૃષિ ક્ષેત્રમાં જે વખતે થતો હતો તે પછી બધોજ વપરાશ ઉદ્યોગોનો અને કૃષિ ક્ષેત્રનો જે વધ્યો છે ૯૧૫૪ એમ.યુ.એસ.ની સામે ૨૦૧૫-૧૬માં ૧૭,૫૨૪ એમ.યુ.એસ.એટલે કે લગભગ ડબલની નજીક ૧૫ વર્ષની અંદર ગુજરાતમાં વીજળીનો વપરાશ વધ્યો છે. અને સાહેબ મને જે થોડું યાદ છે તે પ્રમાણે હું એકઝેટ નહીં કહું કે માથાદીઠ વીજળીના વપરાશમાં આપણું ગુજરાત રાજય આજે પહેલો નંબર છે અમારી ભાજપની સરકાર છે કે ૨૪ કલાક ગામડાંમાં, આદિવાસી ગામડાંમાં, કચ્છના ગામડાંમાં અમારી ભાજપની સરકારે જયોતિ ગ્રામમાં વીજળી આપી છે. હમણાં યુ.પી.ની ચૂંટણી ચાલતી હતી. શું ચૂંટણી ઢંઢેરો બહાર પાડયો તમે જેના ઉપર ફરો તે સાયકલ ઉપર તેણે કે અમારી સરકાર આવશે તો હવે અમે કાનપુરમાં, લખનૌમાં, અલ્હાબાદમાં વધારે વીજળી આપીશું. હજુ તો આવડા મોટાં શહેરમાં વધારે વીજળી આપવાની તમારી કોંગ્રેસ જન ભાગીદારી કરતી હતી. ૨૭ વર્ષ પાણીમાં ગયા, એમ કરી વિરોધ કર્યો અને ખાટલાં લઇ લઇને ફર્યા. લોકો ખાટલાં પણ લઇ ગયા વળી પાછું બન્નેને નક્કી થયું કે બન્ને ભેગાં બેસીએ નહીંતર ખોવાઇ જઇશું અને પાછાં ભેગાં થઇ ગયા. મને વાંધો નથી પણ આવી રીતે ના થાય આ ગુજરાત એ વિકાસ માટે છે એટલે મારે ઘણું બધું કહેવાનું છે હું તો એટલું જ કહીશ હું એક જ દાખલો આપી દઉં ખેતીવાડીના ઉત્પાદનની વિગતો કારણ કે ખેડૂતોએ આપણે બધાએ ઘણી કરી છે. ગુજરાતમાં ખેતીનું ઉત્પાદન અમારી સરકાર આવ્યા પછી જે જંગી વધારો થયો છે તેના આંકડા જો હું આ સન્માનનીય સભાગૃહને આપું તો આપણને જાણીને આનંદ થશે કે ખેડૂતોના વીજળી કનેકશનની વાત થઇ છે અમે દર વર્ષે છેલ્લાં ૩ વર્ષમાં દર વર્ષે એક એક લાખ કનેકશનો એવરેજ આપ્યાં. આ વખતે અમે ખેડૂતોની, ધારાસભ્યોની રજૂઆતને ધ્યાનમાં રાખી સવા લાખ કર્યા. મારે ગૃહના નમ્રતાપૂર્વક ધ્યાન ઉપર મૂકવું છે કે, કનેકશન આપવાથી વાત નથી પૂરી થતી. એક ખેડૂતને એક વીજળીનું કનેકશન આપવા જે વીજળીની લાઇન નાંખવાની હોય, ટ્રાન્સફોર્મર ઉભું કરવાનું હોય કે જે બીજો ખર્ચો કરવાનો હોય તે એવરેજ એક કનેકશન દીઠ ૧ લાખ ૭૫ હજાર રૂપિયા ગુજરાત સરકારે એક એક ખેડૂત માટે ખર્ચ્યા છે, વાપરે છે તે રીતે ૧.૭૫ આપી અને સવા લાખ કનેકશન અમે કરવાના છીએ. આ કંઇ સ્વીચ પાડી અને ખેડૂતનો બોર ચાલુ થઇ ગયો એવું બલવંતસિંહ ભાઇ ના માનતા પણ આપણે કનેકશન આપવું પડે. મારા ખેડૂતોના ઉત્પાદનના આંકડા આપીને એમાં ખેડૂતલક્ષી જવાબ આપું છું. એમાં વિજળી આવી ગઇ, સિંચાઇ આવી ગઇ, કૃષિ મેળા આવી ગયા, યુનિવર્સિટી આવી ગઇ. ૨૦૦૦-૦૧માં ગુજરાતમાં કપાસનું ઉત્પાદન ૧૧,૬૧,૪૦૦ મેટ્રિક ટન હતું એની સામે ૨૦૧૬-૧૭માં ૮૪,૭૧,૦૦૦ મેટ્રિક ટન થયું. એટલે જો ટકાવારીમાં કહું તો ૧૫ વર્ષની અંદર આ ભાજપ સરકારના રાજમાં કપાસના ઉત્પાદનમાં ૬૨૯ ટકાનો વધારો થયો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આમાં સરકારનું શું Contribution છે?.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પાણી આપ્યું, વિજળી આપી, ખાતર આપ્યું, સારું બિયારણ આપ્યું, ખેડૂતોને રક્ષણ આપ્યું, રોઝડા ઓછા કર્યા બધું જ Contribution આપ્યું. હવે મગફળીની વાત આવી. ૨૦૦૦-૦૧માં મગફળીનું ઉત્પાદન ૬,૮૮,૨૦૦ મેટ્રિક ટન હતું. ગયા વર્ષે ૩૭,૩૬,૦૦૦ મેટ્રિક ટન ઉત્પાદન થયું. એટલે ૧૫ વર્ષમાં મગફળીના ઉત્પાદનમાં ૪૪૩ ટકાનો વધારો થયો. ઘઉંનું ઉત્પાદન ૬,૪૯,૦૦૦ મેટ્રિક ટન હતું જે વધીને ૨૮,૭૯,૦૦૦ મેટ્રિક ટન થયું. એટલે કે ૩૪૩ ટકાનો વધારો થયો. ડાંગરનું ઉત્પાદન ૪,૮૩,૦૦૦ મેટ્રિક ટન હતું એ ૧૭,૪૫,૦૦૦ થયું. એટલે કે ૨૬૧ ટકાનો વધારો થયો. એ જ રીતે દિવેલા જે મોટાભાગે અમારા અને બલવંત સિંહજીના વિસ્તાર ઉત્તર ગુજરાતનું ઉત્પાદન છે. તેનું ઉત્પાદન ૬,૩૮,૮૦૦ હતું એ વધીને ૧૪,૨૦,૦૦૦ થયું. એટલે કે ૧૨૨ ટકાનો વધારો થયો. એ વર્ષોમાં ગુજરાતના ખેડૂતોનું ઉત્પાદન ૧૦,૦૦૦ કરોડનું હતું. કોઇ પણ ઉત્પાદનની આવક હોય પછી તે ફળફળાદિ, એરંડિયા, કપાસ કે તેલીબિયાં હોય ૧૦,૦૦૦ કરોડ ખેડૂતના ખિસ્સામાં જતા હતા. હું Exact આંકડો નથી કહેતો પણ ગયા વર્ષે સવા લાખ કરોડ રૂપિયાનું ઉત્પાદન ગુજરાતના ખેડૂતે કર્યુ છે. જેથી ખેડૂતની આવક વધી છે. જોઇતા ભાઇ છે અને ગોવા ભાઇ હાજર નથી નહિ તો મારે એમને કહેવું હતું કે, એક પણ માર્કેટ યાર્ડમાં માલ રાખવા માટે જગ્યા નથી એટલું બધું ખેડૂતોએ મહેનત કરી અને સરકારની મદદથી ઉત્પાદન કર્યુ છે. વિશેષ કાંઇ નહિ કહું પણ આ બજેટ સર્વાંગી અને પ્રજાલક્ષી બજેટ છે અને એમાંથી અનેકગણો લાભ આપણે પ્રજાને આપ્યો છે. છેલ્લે એક વાત કહીને મારી વાત પૂરી કરું છું. અહીંયા મારા પર ભ્રષ્ટાચાર અને કૌભાંડના આક્ષેપો થયા હતા.

સભાપતિશ્રી : આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મે થોડી તપાસ કરાવી. અમારા માનનીય વિભાવરી બહેનને કહ્યું કે, થોડો સમય કાઢી ભારત આઝાદ થયું એ પછી અત્યાર સુધી ભારત સરકારના કેટલા કૌભાંડો થયા છે તેની માહિતી એકઠી કરો. તે દિવસે તેજશ્રી બેનને મેં કહ્યું હતું કે, ડૉક્ટર છો પણ આંકડો ના લખી શકો એટલી રકમ છે. ૧૯૪૭માં આપણે આઝાદ થયા અને ૧૯૪૮માં આ ચાલુ થઇ ગયું. ૧૯૪૮માં તો હું જનમ્યો પણ નહોતો. કદાચ નરોત્તમ ભાઇ કે મંગુભાઇ જેવા મારા વડીલો જનમ્યા હશે. •(×××). એટલે હજુ કહું છું કે, અમે જે કામો કરીએ છીએ એમાં સહકાર આપો, સહભાગી થાઓ. ગરીબ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કલ્યાણ મેળા, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશ ઉત્સવ, આ બધુ જ જે અમે કરીએ છીએ એ ગરીબો માટે, મધ્યમ વર્ગ માટે અમે કરીએ છીએ એમાં સહયોગ આપો એવી આપ સૌને વિનંતી અને આપ સૌએ જે આક્ષેપો કર્યા છે ગુજરાત સરકારના બજેટ માટે એને કોઇપણ રીતે વજૂદ નથી એ હકીકત મેં મૂકી છે. એ સાથે માનનીય સભાગૃહનો હું આભાર માનું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, Narmada Control Authority ૧૯૮૦માં બની એના ચેરમેન સેક્રેટરી હોય છે મિનિસ્ટર નહીં. એનું આ ટેબલ પર મૂકું છું, અને વીજળીનો વપરાશ ઓછો અને અનાજનું ઉત્પાદન જે ઓછું થયું છે ઘઉં અને તેલીબિયાં એ રેકર્ડ પર પછી હું આપને મોકલાવું છું. આપે સારૂ હોમવર્ક કર્યું છે અને આંકડાઓના ચક્કરમાં નહીં પડવું જોઇએ એ પડો એટલે ગરબડ થાય છે અને આક્ષેપબાજી કરતાં જે કંઇ ભૂતકાળમાં થયું હોય એના કરતાં સારૂ કર્યું છે કારણ કે એમાં ૭૭ થી ૮૦માં આપણે પણ આવી ગયા, તે વખતના અને માનનીય વાજપાઇ સાહેબ પણ આવી ગયા એટલે બધો સરવાળો સારો નહીં પણ તમે સારૂ હોમવર્ક કરીને બધાયને સમજાવ્યા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના આશીર્વાદ બદલ આભાર, આપની લાગણી છે, એ બદલ શુભેચ્છા અને અમે આપને એક માર્ગદર્શક તરીકે જોઇએ છીએ, ક્યાંય અમારી ભૂલ થતી હોય તો ચોક્કસ આપશ્રી ટકોર કરજો, આપનો અમારા ઉપર અધિકાર છે અને આપની લાગણી ગુજરાત માટેની, અમારી સરકાર માટેની છે એનો અમે ચોક્કસ જે શક્ય હશે, વાજબી હશે ત્યાં અમે ઉપયોગ કરીશું, માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇના ઉપર વ્યક્તિગત આક્ષેપ ભૂતકાળમાંય નહોતો કર્યો અને આજેય પણ નથી કર્યા, મેં તો ભૂતકાળની વાત કરી છે અને આંકડા આપ્યા છે અને નાણા મંત્રી છું એટલે આંકડા તો આપવા જ પડે. આંકડા આપવાનું જ કામ મારું છે.

સભાપતિશ્રી : અંદાજપત્રની સામાન્ય ચર્ચા પૂરી થાય છે. આજના આ દિવસે સૌ સભ્યશ્રીઓએ શિસ્તબધ્ધ રીતે અને સભ્યતાપૂર્વક ગૃહ ચલાવીને મહિલા દિનને ગૌરવવંતો બનાવ્યો છે તે માટે સૌ સભ્યશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

" સભાગૃહનું કામકાજ બપોરના ૧૨.૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૯-૩-૨૦૧૭ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું. ''

ફાલ્ગુન ૧૮, ૨૦૩૮ શાકે
તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
ગુરુવાર, તા. ૯ મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૧૮, ૧૯૩૪ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી રમણલાલ વૉરા અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો
વલસાડ જિલ્લાની વેટની આવક

* ૨૯૧૪૩ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ તા.૧-૪-૧૬ થી તા.૩૧-૧-૧૭ દરમિયાન વલસાડ જિલ્લામાંથી રાજ્ય સરકારને વેટની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૮૭૮.૧૭ કરોડ |
| (૨) ઉક્ત સ્થિતિએ વલસાડ જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટી કઇ છે? | (૨) (૧) કેમીકલ<br>(૨) પેપર<br>(૩) ઑટોમોબાઇલ<br>(૪) લ્યુબ્રીકેન્ટ એન્ડ ઑઇલ<br>(૫) યાર્ન |

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, વલસાડ જિલ્લામાં નોટબંધીના કારણે નોટબંધી બાદ વેટની આવકમાં ઘટાડો થયેલ છે કે કેમ અને તે વિગતો માસવાર જાણવા માગુ છું.

શ્રી રોહિતભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નોટબંધીના કારણે આવકના ઘટાડાનો પ્રશ્ન છે એમાં મારે Demonetisation બાબતે આ સભાગૃહના સભ્યોનું થોડું ધ્યાન દોરવું છે. બાહ્ય અને આંતરિક પડકારોને પહોંચી વળવાની દરેક સરકારની મૂળભૂત ફરજ છે. બાહ્ય પડકારને External aggression કહે છે અને હવે એક નવું aggression આવ્યું Economic aggression. એવી જ રીતે સામાજિક ન્યાય આંતરિક પડકાર છે અને આ પડકારને પહોંચી વળવા માટે ખૂબ મજબૂત અર્થવ્યવસ્થા હોવી જરૂરી છે અને તો જ ગરીબ અને તવંગર વચ્ચેનો living standardનો તફાવત ઘટાડી શકાય, વિકાસ કરી શકાય અને આ માટે ખૂબ જરૂરી મહત્વનું પગલું હતું Demonetisation. જે નરેન્દ્રભાઇ મોદીએ ખૂબ હિંમતપૂર્વક, ગણતરી પૂર્વક અને બુદ્ધિ પૂર્વક લીધું છે. એ માટે એમને લાખ-લાખ અભિનંદન સાથે વંદન કરું છું. આ Demonetisationને વિચારશીલ લોકો, ચિંતકો even યુવાન વર્ગે, અભણ હોય પણ ઘડાયેલ હોય એવા લોકોએ પણ આને second surgical strikeનું નામ આપ્યું છે. Surgical એટલે શું?

અધ્યક્ષશ્રી : રોહિત ભાઇ મુદ્દા ઉપર આવો.

શ્રી રોહિતભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દા ઉપર જ આવું છું. ૫ મિનિટ લઇશ. વધારે સમય નહિ લઉ. આ લોકોના હિત માટે બહુ જરૂરી વાત છે.

અધ્યક્ષશ્રી : બહુ શ્રેષ્ઠતમ વાત છે પણ મારી મર્યાદાઓ છે. મહેરબાની કરીને મુદ્દા ઉપર આવી જાવ.

શ્રી રોહિતભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ પ્રકારના કાળા નાણા આપણા અર્થતંત્રને કોરી ખાય છે. એક તો નકલી નોટ. જે સૌથી ભયંકર કાળું નાણું છે. બીજું કાળું નાણું એ ભ્રષ્ટ નાણું છે જે ભ્રષ્ટાચારથી ઊભું થાય છે પણ એમાં currency સાચી વપરાતી હોય છે અને ત્રીજું Black નાણું જે સખત પરિશ્રમથી માણસ પૈસો પેદા કરે છે પણ ટેક્ષ ભરતો નથી. આ નાણાની ગંભીરતા બીજા કરતાં ઓછી હોય છે. આવું નાણું બીજા બધા નાણાને પકડવા માટે તથા avoid કરવા માટે ઉપયોગી છે. જેના માટે Demonetisation કરવામાં આવ્યું. વિદેશમાં ૫૦૦, ૧૦૦૦ની નોટ છે જ નહિ. ૧૦૦-૧૦૦ની નોટ પણ લોકો ગાળી-ગાળીને લેતા હોય છે. *(×××)

અધ્યક્ષશ્રી : તમે મુદ્દા ઉપર આવી જાવ. તમારો જવાબ પ્રશ્નને સુસંગત નથી. (અંતરાય)

શ્રી રોહિતભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહેને જે પ્રશ્ન પૂછયો છે એ એક બીકથી પૂછયો છે કે, Demonetisationના કારણે Income ઘટી ગઇ હશે પણ Income વધી છે.

અધ્યક્ષશ્રી : કેટલી વધી છે? આંકડા બોલો.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશ અનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી રોહિતભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપું છું. ૨૦૧૬-૧૭ના એપ્રિલ મહિનામાં એ જિલ્લાની Income ૮૨.૦૩ કરોડ હતી જ્યારે ૨૦૧૫-૧૬ના એપ્રિલ મહિનાની Income ૮૦.૫૮ કરોડ હતી. ૨૦૧૫-૧૬ના મે મહિનાની Income ૭૬.૧૦ કરોડ હતી જ્યારે ૨૦૧૬-૧૭ના મે મહિનાની Income ૮૦.૨ કરોડ હતી. ૨૦૧૫-૧૬ના જૂન મહિનાની Income ૭૪.૫ હતી અને ૨૦૧૬-૧૭ના જૂન મહિનાની Income ૮૭.૫૮ હતી. I am coming to the point directly. ઓકટોબર, ૨૦૧૫-૧૬માં ૭૬.૭૨ કરોડ અને ૨૦૧૬-૧૭માં ૮૯.૮૮ કરોડ, નવેમ્બરમાં ડીમોનેટાઇઝેશન થયું તો નવેમ્બરમાં ૨૦૧૫-૧૬માં ૭૨.૮૧ કરોડ જયારે ૨૦૧૬-૧૭માં ૯૪.૯૯ કરોડ રૂપિયાની આવક વલસાડ જિલ્લામાં થઇ છે. એવી જ રીતે ડીસેમ્બર, ૨૦૧૫-૧૬માં ૬૯.૫૩ જયારે ૨૦૧૬-૧૭માં ૮૬.૫૨ કરોડની આવક થઇ છે. તો ડીમોનેટાઇઝેશન એ દેશના હિત માટે થયું છે. ડોકટર હોવા છતાં રૂપિયા ના એ ના કરી શકાય, એ આપણા નરેન્દ્રભાઇ મોદી ખાલી પોલિટીક્સના સ્નાતક છે એમણે કરી બતાવ્યું છે એ માટે હું એમને ખાસ ખાસ અભિનંદન આપું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપીશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ગુજરાતના પનોતા પુત્ર અને આ દેશના વડાપ્રધાને આ ક્રાંતિકારી મહત્વનું નોટબંધીનું પગલું લીધું છે. સાહેબ, દલિત હોય, શોષિત હોય, સમાજના તમામ વર્ગોને ઉપયોગી એવું આ પગલું લીધું છે એના માટે અમને તમામને ગૌરવ છે. મારો પ્રશ્ન એ છે કે, વલસાડ જિલ્લામાં આ નોટબંધીના કારણે જે પાંચ કોમોડીટીની વાત કરી છે કેમીકલ, પેપર, ઓટોમોબાઇલ્સ, લ્યુબ્રીકેન્ટ એન્ડ ઓઇલ હોય કે ચાર્ન હોય એ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ની વચ્ચે એમાં આવકમાં ઘટાડો થયો છે કે કેમ?

શ્રી રોહિતભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ પાંચેય કોમોડીટીના આવકના આંકડા આ મુજબ છે. કેમિકલ્સમાં એપ્રિલ, ૨૦૧૫-૧૬માં ૮.૧૨ કરોડ રૂપિયા. એપ્રિલ, ૨૦૧૬-૧૭માં ૧૦.૪ કરોડ. પેપરમાં એપ્રિલ, ૨૦૧૫-૧૬માં ૩.૮૪ કરોડ, એપ્રિલ ૨૦૧૬-૧૭માં ૬.૩૧ કરોડ. ઓટોમોબાઇલ્સમાં એપ્રિલ, ૨૦૧૫-૧૬માં ૩.૯૩ કરોડ, એપ્રિલ ૨૦૧૬-૧૭માં ૩.૮૩ કરોડ એમાં થોડોક ઘટાડો દશ લાખ રૂપિયાનો છે. લ્યુબ્રીકેન્ટમાં એપ્રિલ, ૨૦૧૫-૧૬માં ૩.૧૨ કરોડ, એપ્રિલ ૨૦૧૬-૧૭માં ૩.૫૨ કરોડ. યાર્નમાં એપ્રિલ, ૨૦૧૫-૧૬માં ૧.૮૪ કરોડ અને એપ્રિલ, ૨૦૧૬-૧૭માં ૨.૬૮ કરોડ રૂપિયા થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પાંચે પાંચ કોમોડીટીમાં મહદઅંશે વધારો થયો છે. મે, જુન, જુલાઇ આ બધા જ મહિનાઓનું વાંચીશ તો અર્ધા કલાકના સમયની જરૂર પડશે.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં વાંચતા, પણ છેલ્લો આંકડો આપી દો.

શ્રી રોહિતભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લો આંકડો જોઇએ તો કેમિકલ્સમાં આખા વર્ષમાં ૧૧૩.૪૬ને બદલે ૧૨૨ કરોડ, પેપરમાં ૫૨ના બદલે ૬૬ કરોડ, ઓટોમોબાઇલ્સમાં ૫૩.૬૧ના બદલે ૪૧.૩૯ કરોડ એમાં આખા વર્ષમાં થોડોક ઘટાડો થયો છે. લ્યુબ્રીકેન્ટમાં ૩૨.૪૪ના બદલે ૩૪.૨૭ કરોડ અને યાર્નમાં ૧૯.૬૭ના બદલે ૨૬.૫૭ કરોડ રૂપિયાનો વધારો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી મંત્રીશ્રી માનનીય રોહિતભાઇએ જે પાંચસો અને બે હજારની નોટ માટે વિચાર વ્યકત કર્યા છે ત્યારે હું સન્માનનીય સભાગૃહ સમક્ષ સ્પષ્ટતા કરું છું કે, એ એમના અંગત વિચાર છે. આ અમારી સરકારના કોઇ વિચાર નથી અને કઇ નોટો છાપવી, કયું ચલણ અમલમાં રાખવું એ બધાનો નિર્ણય ભારત સરકાર અને રિઝર્વ બેંક લે છે એ રાજય સરકારનો વિષય નથી એટલે આપણે એમાં કંઇ કહેવાનું રહેતું નથી. ભારત સરકાર દેશના હિતમાં જે રીતે નિર્ણય કરે, રિઝર્વ બેંક દેશના હિતમાં જે નિર્ણય કરે એ રાજય સરકાર અમલ કરે છે. એ એમનું અંગત મંતવ્ય હતું, સરકારનું મંતવ્ય નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : નોટબંધીનો વિષય જ નથી. જુનિયર મંત્રીશ્રી હોમવર્ક કરીને આવે તો સારું. બાકી તમારે સ્પષ્ટીકરણ કરવાની જરૂર જ ન પડે. નોટબંધી ન હોય એમાં ક્રેડીટની વાત કરે એના બદલે હોમવર્ક કરીને અહીંયા મોકલવામાં આવે તો સારુ. આ છેલ્લુ સત્ર છે એમાં જુનિયર મંત્રીશ્રી અહીંયા હાઉસમાં આવી વાત કરે અને પછી તમારે કહેવું પડે કે આ એમના અંગત વિચારો છે એ રેકર્ડ ઉપર આવે એ સારું નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીએ જવાબ આપવામાં ઘણો બધો સમય લીધો છે એમાં એમણે આખા ભારતની વાત કરી છે. વિશ્વના લોકોએ નોટબંધીના લીધે શું થયું એમાં પડવું નથી. કેટલા લોકોનો કયા પ્રકારનો રિપોર્ટ છે એ દેશ જોઇ રહ્યો છે. ભારતમાં કેટલા લોકો મરી ગયા અને કેટલું નુકસાન થયું એમાં આપણે પડવું નથી. પણ મારે ખાસ માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે વેટની આવકની વાત થતી હતી. આપણી સરકારની આ નોટબંધીની પછીની સ્થિતિ થઇ. વલસાડની અંદર હોય કે સમગ્ર ગુજરાતમાં જે રીફંડ આપવું જોઇએ એ રીફંડના પૈસા સરકાર માત્ર પરિપત્રથી વધારે નહિ દોઢસો દોઢસો દિવસ સુધી નથી આપતા. જેના કારણે પત્રકારોથી માડીને મિડિયાથી માંડીને સમગ્ર વેપારી આલમે રજૂઆત કરવી પડી અને સરકારને એમ કહેવું પડ્યું કે અમારી આવક ઓછી થઇ ગઇ છે એટલે અત્યારે પૈસા નથી આપી શકતા. તેથી મારે મંત્રીશ્રીને પૂછવું છે કે વલસાડની અંદર રીફંડ આપવાના કેટલા બાકી છે અને જે વ્યાજ માત્ર છ ટકા જ મળે છે માનનીય નીતિનભાઇ સાહેબને વિનંતી છે કે ૩૦ દિવસ કે ૪૫ દિવસે આપવા જોઇએ એના બદલે એનાથી વધારે દિવસ થતા હોય તો ૧૨ ટકા કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સૌથી પહેલા તો આમાંથી ઉભો થતો આ પ્રશ્ન જ નથી. આ વેટની આવકનો પ્રશ્ન છે. તમે તો મોટા ઉદ્યોગપતિ છે. આમાં રીફંડનો પ્રશ્ન જ નથી. ફકત વલસાડ જિલ્લામાં વેટની કેટલી આવક થઇ એવો માનનીય

સભ્યશ્રીનો પ્રશ્ન છે, છતાં મારે કહેવું છે કે ગુજરાતના નાણા વિભાગ તરફથી અમારી કમિશ્નર કચેરી તરફથી દરેક રીફંડો સમયસર આપવાનો પૂરેપૂરો પ્રયત્ન કરવામાં આવે છે અને અમારી નાણાકીય લીકવીડીટી સહેજપણ ઓછી થઇ નથી, ઘટી નથી એટલે ગુજરાતના છ લાખ કર્મચારીઓના પગાર પણ આ ભાજપની સરકાર સાતમું પગાર પંચ આપ્યા પછી મહિનાની શરૂઆતમાં તારીખ ટુ તારીખ આપેલ છે. એટલે ગુજરાત સરકારની નાણાકીય સદ્ધરતા આખા દેશમાં સૌથી સારી છે. તમે ચિંતા કરતા નહિ અમે બધું ગુજરાતનું સારું કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : જે રીતે વલસાડના પ્રશ્નમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો અને માનનીય નીતિનભાઇ પટેલે ખુલાસો કર્યો. રાજ્યના *(×××). જો રેડી ન હોય તો એમણે પોતે ઉભા થઇને આ હાઉસને કહેવું જોઇએ કે હું મારા બોલેલા શબ્દો પાછા ખેંચું છું. આ વાત રેકર્ડ ઉપર આવેલ છે એટલા માટે કહું છું.

અધ્યક્ષશ્રી : ના, ના, ના. માનનીય કેબીનેટ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ખુલાસો કર્યો છે એટલે કંઇ કહેવાનું રહેતું નથી.

વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ અંતર્ગત પર્યાવરણ ક્ષેત્રે એમ.ઓ.યુ.

***** ૨૯૧૦૦ શ્રી નરોત્તમભાઇ પટેલ (ઉધના) **:** માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ અંતર્ગત પર્યાવરણ ક્ષેત્રમાં કુલ કેટલા એમ.ઓ.યુ. થયેલ છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ પ્રકારવાર (સેક્ટરવાર) આ એમ.ઓ.યુ.ની સંખ્યા કેટલી છે? | (૧) અને (૨)<br>વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ દરમ્યાન એમ.ઓ.યુ. કરવામાં આવેલ નથી. પરંતુ ૨૬૧ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન અને ૧૪ સ્ટ્રેટજીક પાર્ટનરશીપ કરવામાં આવેલ છે. |

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે અને એમાં મારે એક પૂરક પ્રશ્ન પૂછવો છે કે વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૭માં પર્યાવરણ ક્ષેત્રે ૨૬૧ મૂડી રોકાણના ઈરાદાઓ જાહેર કરવામાં આવ્યા છે. તો એ કયા કયા હેતુ માટે છે, અને કેટલા થયા અને તેના લીધે આપણને શું શું ફાયદા થવાના છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૬૧ જેટલા ઈરાદાઓ વાયબ્રન્ટ સમિટ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. તેમાં સંયુક્ત શુદ્ધિકરણ પ્લાન્ટ, હયાત પ્લાન્ટમાં સુધારા કરવા માટે, જોખમી કચરાનો અંતિમ નિકાલ કરવા તેમજ ઘરગથ્થુ ઘન કચરો, ઇલેકટ્રોનિકસ કચરો, બાયોમેડિકલ કચરો વગેરેના નિકાલની સંયુક્ત વ્યવસ્થા માટેના અલગ અલગ ઈરાદાઓ જાહેર કરવામાં આવ્યા છે. કયા ક્ષેત્રમાં કેટલા? તો સંયુક્ત શુદ્ધિકરણ પ્લાન્ટ માટેના ૧૦ જેટલા ઈરાદાઓ, c o mmo n incinerator - ૨, multiple effect evaporator - ૭, હીટ રીકવરી યોજનાના -૩, spin acid management - ૮. કુલ ઈરાદાઓ બોલું તો આખી લાંબી યાદી થશે. આ ઉપરાંત પર્યાવરણની માળખાકીય સુવિધા માટેના આધુનિકીકરણ માટેના ૧૬૬ જેટલા મૂડીરોકાણના ઈરાદાઓ જાહેર કરવામાં આવ્યા છે. તેની શું અસરો થશે તો હું કહી શકું કે આપણી કેટલીક લીવીંગ હેબીટ બદલાઇ છે તેના કારણે પણ પર્યાવરણની કેટલીક સમસ્યાઓ બની છે. દા.ત. પહેલાં મોબાઇલ કે કોમ્પ્યુટરની વ્યવસ્થા નહોતી. અત્યારે પાંચ-દસ વર્ષે મોબાઇલ કે કોમ્પ્યુટર જયારે વેસ્ટમાં જતાં હોય તો તેનું પ્લાસ્ટીક અને બાકીનું જે મટિરિયલ હોય એ પર્યાવરણને નુકસાન કરવાવાળું છે. ગમે ત્યાં તેનું ડમ્પીંગ થતું હોય છે. તો વેસ્ટમાંથી રીસાઇકલ કરી શકાય અથવા તો તેમાંથી કેટલીક વસ્તુઓ કાઢીને તેનો રીયુઝ કરી શકાય તે માટેના પ્લાન્ટ્સ પણ કરવામાં આવે છે. એક બાજુ ડેવલપમેન્ટ થતું હોય તો બીજી બાજુ તેના કારણે જો કોઇ પર્યાવરણની સમસ્યા બનતી હોય તો તેના ઉકેલ માટે પણ આવા પ્રોજેકટો થતાં હોય છે જેના કારણે ખૂબ ફાયદો થાય. હવે તો નવી ટેક્નોલોજીના માધ્યમથી મોબાઇલ કે કોમ્પ્યુટરમાં કેટલીક ધાતુઓ પણ રહેલી હોય છે. દા.ત. તેમાં ગોલ્ડ, કોપર, સિલ્વર આ ટાઇપના કેટલાક પાર્ટ હોય છે. કેટલાક એવા પ્લાન્ટ થયા છે કે તેમાંથી સોનું, ચાંદી કે તાંબુ અલગ કરી આપે છે તો તેનો રીયુઝ કરી શકાય. આ રીતે વેસ્ટમાંથી બેસ્ટ કરવા માટેના સારા ફાયદાઓ આના કારણે થાય છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે વાયબ્રન્ટ સમિટ થતી હોય છે અને પર્યાવરણ જેવી વૈશ્વિક સમસ્યા જયારે ચાલી રહી છે ત્યારે પર્યાવરણના વિશિષ્ટ પ્રકારના એમ.ઓ.યુ. થયા છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે પર્યાવરણ ક્ષેત્રે અગાઉની વાયબ્રન્ટ સમિટમાં કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતા? તેમાં કટલું રોકાણ કરવામાં આવેલ હતું અને વર્ષ ૨૦૧૭માં કેટલા મૂડી રોકાણના ઈરાદા જાહેર કરવામાં આવ્યા છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જે ઓમ.ઓ.યુ. હતા તેમાં ઈરાદો આવો એક શબ્દ છે એટલે બન્ને પરિપ્રેક્ષ્યને હું અલગ અલગ લઉં છું. વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૧ અંતર્ગત પર્યાવરણ ક્ષેત્રે કુલ ૪,૧૦૦ કરોડનું સૂચિત મૂડીરોકાણ ધરાવતા ૫૫ એમ.ઓ.યુ. કરવામાં આવેલ. ૨૦૧૫માં ૨૩,૦૦૦ કરોડનું રોકાણ ધરાવતા ૧૭૪ એમ.ઓ.યુ. કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૩માં ૫૬ સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ માટેના કરારો અને વર્ષ ૨૦૧૫માં ૩૧ સ્ટ્રેટેજીક

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશ અનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પાર્ટનરશીપ માટેના કરારો કરવામાં આવ્યા. આ સ્ટ્રેટેજીક પાર્ટનરશીપનો વિષય એ છે કે દુનિયામાં કેટલીક યુનિવર્સિટી, કેટલાક આર. એન્ડ ડી., કેટલાક રીસર્ચ સેન્ટરો છે તે લોકોએ પર્યાવરણની સમસ્યાઓના ઉકેલ કરવા સામે નવું નવું સંશોધન કર્યું છે. તો તેની ટેક્નોલોજીનું આદાનપ્રદાન કરી શકાય તે પ્રમાણેના છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૭માં જે મૂડીરોકાણના ઈરાદાઓ જાહેર કરવામાં આવ્યા તેમાં અંદાજીત રોકાણ તેની રકમ કહેવું હોય તો પણ કહી શકાય એવું છે એટલે હું માનું છું કે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો તેનો જવાબ આ પ્રમાણે છે.

શ્રી જોઈતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણને લગતો પ્રશ્ન છે. આખા ગુજરાતમાં ખાસ કરીને તાલુકા મથક હોય, જિલ્લા મથક હોય કચરાના લીધે પર્યાવરણ દિવસે દિવસે વધારે ગંદું થતું જાય છે. આરોગ્ય ખાતુ પણ માનનીય મંત્રીશ્રી સંભાળે છે અને એના લીધે આરોગ્ય ઉપર પણ અસરો પડે છે અને સ્વચ્છ ભારત અભિયાન પણ ચાલે છે. છતાં પણ જે પર્યાવરણ બગડે છે એના ઉપર ઠોસ પગલા સરકાર ક્યા લેવા માગે છે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોઇતાભાઇએ જે વાત કરી એમાં રૂરલ એરિયાની અંદર પણ આ પ્રકારની સમસ્યાઓ છે. આપણી લીવીંગ હેબિટ, આપણી જીવન પદ્ધતિઓ બદલાઇ છે. માત્ર ઈન્ડસ્ટ્રીઝના કારણે નહીં પરંતુ આપણી દરેક બાબતની અંદર પણ પ્રદૂષણ થાય છે. આપણે પ્લાસ્ટિકનો વધુ ઉપયોગ કરીએ છીએ. તો પ્લાસ્ટીક આપણા ખેતરો સુધી પહોંચી ગયું છે. શ્રી જોઇતાભાઇ ખેડૂત છે. કેટલોક એગ્રો વેસ્ટ કહેવાય છે એની અંદર પણ એનો રિયુઝ કરીને એનો ઉપયોગ કરી શકાય તો એનો ફાયદો થઇ શકે. દા.ત. પશુપાલનની બાબત હોય તો શ્રી જોઇતાભાઇને ત્યાં ભેંસો અને ગાયો વધારે છે. તો એના જે પોદળા હોય છે એટલે કે જે છાણ કહેવાય છે. એમાંથી પણ ગેસ બનાવવાની પ્રક્રિયા કરી શકાય તો બાયો ફર્ટિલાઇઝર અને બાયો ગેસ બન્નેનો ઉપયોગ થઇ શકે. એટલે ઓલ અવર કોઇ એક પદ્ધતિની અંદર નહીં પરંતુ આપણા ઘરના આંગણાથી કરીને પોતે પોતાના કોઇ વ્યવસાયમાં હોઇએ ત્યાં હવે નવી નવી ટેકનોલોજી અનેક પ્રકારની આવી છે. હવો ધીમે ધીમે એને સ્વીકારવાનું કામ છે. આપણે વૈશ્વિક ટેકનોલોજીનો સ્વીકાર કર્યો એવી રીતે આપણે પર્યાવરણને બચાવવાનું કામ કરી રહ્યા છીએ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટ્રેટજીક પાર્ટનરશીપ શું છે અને પર્યાવરણ ક્ષેત્રે આ પાર્ટનરશીપ કરવાનો ઉદ્દેશ શું છે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટ્રેટજીક પાર્ટનરશીપ કે જે સામાન્ય રીતે વ્યૂહાત્મક ભાગીદારી એમ ગુજરાતીમાં કહી શકાય. પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી અગ્રેસર કહી શકાય એવી શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓના અભ્યાસ, પર્યાવરણનો અભ્યાસ અને જ્ઞાનનું આદાન પ્રદાન કરવા એકબીજાની સાથે કરેલો કરાર હોય એને સ્ટ્રેટજીક પાર્ટનરશીપ કહેવામાં આવે છે. આ પ્રકારની સમજૂતીના ઉદ્ધેશ અને પોલ્યૂશનના નિયંત્રણની ટેકનોલોજીનું આદાન–પ્રદાન, પર્યાવરણ ક્ષેત્રના હિત ધારકોની ક્ષમતામાં સ્ટ્રેન્ધનીંગ કરવું, તેમજ ઉત્તમ પદ્ધતિઓનું આદાન–પ્રદાન કરવું, નીતિવિષયક બાબતો, અર્થવ્યવસ્થાઓ તેમજ પુનઃચક્રિત વ્યવસ્થાઓ અને તેનું અનુકરણ જેવા વિષયોમાં પરસ્પર સંમતિપૂર્વક આર્થિક ભારણની જવાબદારી સિવાય કામગીરી કરવાનો હોય છે. ૨૦૧૭ની અંદર સ્ટ્રેટજીક પાર્ટરનરશીપ કરવા આવ્યા એમાં કેટલીક વૈશ્વિક કક્ષાની સંસ્થાઓ જોડાઇ એમાં ઇન્ડિયન કેમિકલ કાઉન્સીલ, સેન્ટર ફોર એન્વાર્યમેન્ટ એજ્યુકેશન, ગુજરાત લો યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, નેધરલેન્ડ એમ્બેસી, જાપાનની લો કંપની માત્સુડા એન્ડ પાર્ટનરર્સ તથા નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓક્યુપેશનલ હેલ્થ જેવી ગણનાપાત્ર સંસ્થાઓની સાથે સ્ટ્રેટજીક પાર્ટનરશીપ કરવામાં આવી છે.

### ગાંધીનગર જિલ્લામાં આશા વર્કર બહેનોના વેતન

* ૨૭૮૧૧ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં આશા વર્કર બહેનોને કેટલુ માનદ વેતન આપવામાં આવે છે, અને | (૧) આશાને કોઇ પણ પ્રકારનું માનદ વેતન આપવામાં આવતું નથી. પરંતુ તેણીએ કરેલ કામગીરીના આધારે ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ નિયત કરેલ પ્રોત્સાહક રકમ (ઇન્સેન્ટીવ ) આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત માનદ વેતનમાં છેલ્લે કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કાલે વિશ્વ મહિલા દિન હતો. એ દિન નિમિત્તે આ ગૃહની અંદર મહિલાઓના માન અને સન્માનની વાત કરવામાં આવી. ખરેખર ખૂબ ગર્વ થયો કે સરકારે મહિલાઓના માન સન્માનની વાત કરી. સાથે આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે એક કરોડ રૂપિયાની ગ્રાન્ટની પણ વાત કરી એટલે ઘણી ખુશી થઇ કે સરકારે મહિલાઓના માન અને સન્માનની વિચારણા કરી છે. સાથે મારે આપનું ધ્યાન દોરવું છે કે કાલે વિશ્વ મહિલા દિન નિમિત્તે માંડવીની દીકરી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આવતા હતા અને એના ઉપર જે અત્યાચાર બન્યો હતો એની વાત કરવા માટે એ જ્યારે આવી ત્યારે એની શું હાલત કરી? એની ટીંગાટોળી કરીને એને કરાઇ જેલની અંદર પૂરી દેવામાં આવી. બીજું મારે આપનું ધ્યાન દોરવું છે કે પ્રાઇવેટ પ્રિમાઇસીસની અંદર અમારી

અતારાંકિત પ્રશ્નો

મહિલા બહેનો બેઠી હતી અને મહિલા બહેનોને ઉપાડી ટીંગાટોળી કરીને કાલે પોલીસ તંત્ર દ્વારા એમને ડીએસપી કચેરી અને કરાઇ જેલની અંદર લઇ જવામાં આવી. શું આ તમે વિશ્વ મહિલા દિન ઉજવ્યો? મારે આપનું બીજું ધ્યાન દોરવું છે કે કાલે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આવતા હતા ત્યારે શાલિનીસિંહ સરપંચ પોતાના ગામના વિકાસની ગ્રામ પંચાયતની વિકાસની ફાઇલ લઇને આવી હતી અને કહ્યું કે મારી ગ્રામ પંચાયતનો વિકાસ થયો નથી. એ રજૂઆત કરવા ગઇ એનું શું કર્યુ? (અંતરાય) (સતત સુત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : બહેન પ્રશ્ન પૂછો.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : ભાઇ, સાચી વાત છે, બેસી જાવ. મહિલાઓના સન્માનની વાત કરો છો તો બેસી જાવ. બેસો બેસો. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે..(અંતરાય) ભાઇ, બેસી જાવ. (સતત સુત્રોચ્ચાર )(અંતરાય )

અધ્યક્ષશ્રી: પ્રશ્ન ક્રમાંક-૨૬૭૮૭, માનનીય સભ્યશ્રી પુંજાભાઇ..માનનીય સભ્યશ્રી પુંજાભાઇ... (અંતરાય) તમારે જે કરવું હોય એ કરવાની છૂટ છે સાંભળો, પ્લીઝ, પ્લીઝ, (સતત સુત્રોચ્ચાર) પ્લીઝ, બધાની મર્યાદા હોય છે.

( માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશે તેમનો પ્રશ્ન રજૂ ન કરતાં )

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૨૯૦૭૮, માનનીય સભ્યશ્રી ગોવિંદભાઇ પરમાર, તલાલા (અંતરાય)- (માનનીય સભ્યશ્રી ગેરહાજર.)

પ્રશ્ન ક્રમાંક-૮(૨૯૦૯૮)

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે રેફરલ સારવાર શું છે? તેમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય છે? અમદાવાદ જિલ્લામાં ૨૦૧૬-૧૭ના વર્ષમાં કેટલા બાળકોને કયા રોગો માટે સારવાર આપવામાં આવી? (અંતરાય)

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યશ્રી, વિધાનસભાની અંદર આ જે ફલોર છે તેમાં પ્રજાના પ્રશ્નોની વાચા આપવા માટેનું ખુબ સારું ઉત્તમ સાધન કહેવાય એવું કહી શકાય. આજે રાજયની આશા વર્કર બહેનો માટેનો સારો પ્રશ્ન હતો તેની સામે માનનીય ધારાસભ્યશ્રીએ પોલીટીકલી અવલોકન કરીને એને માત્ર રાજનીતિક ઇરાદાથી જે પ્રશ્નનો જવાબ એમણે ન મેળવ્યો મને લાગે છે આ પદ્ધતિ કંઇ ઠીક ના કહી શકાય નહીં તો આ પ્રશ્ન પણ પૂછી શકાયો હોત અને એનો જવાબ પણ સારી રીતે મળી શકે. (અંતરાય) એટલે આના ઉપરથી એવું લાગે છે કે પ્રજાના પ્રશ્નોના ઉકેલમાં રસ નથી તેના કરતા પોલીટીકલી એજન્ડા એમનો ઠીક કરવો હોય એવો ઇરાદો આના ઉપરથી લાગે છે.

(આ તબકકે શ્રીમતી કામીનીબા ભૂ રાઠોડ વેલમાં બેસી ગયા અને શ્રીમતી ચંદ્રિકાબહેન બારીયા વેલમાં આવી ગયા.)

અધ્યક્ષશ્રી : સાર્જન્ટશ્રી, બંને બહેનોને સભાગૃહની બહાર લઇ જાવ.

(આ તબકકે સાર્જન્ટશ્રી દ્વારા માનનીય સભ્ય શ્રીમતી કામીનીબા ભૂ રાઠોડ અને શ્રીમતી ચંદ્રિકા બહેન બારીયાને બહાર લઇ જવામાં આવ્યા.) સતત સુત્રોચ્ચર ચાલુ.

અધ્યક્ષશ્રી : સભાગૃહને અડધા કલાક માટે મોકુફ રાખવામાં આવે છે. ( સમય - ૧૨-૨૯ )

(મુલતવી રહેલ સભાગૃહ ફરીથી બપોરના ૧-૦૦ કલાકે મળ્યું)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

જામનગરની જી.જી. હોસ્પિટલમાં કેન્સર વિભાગનુ આધુનિકરણ

* ૨૮૪૭૧ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગરમાં આવેલ ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલમાં કેન્સર વિભાગને આધુનિક બનાવવાની કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગરમાં આવેલ ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલમાં કેન્સર વિભાગને આધુનિક બનાવવાની કામગીરી અંતર્ગત આ નવા બિલ્ડીંગની પ્રથમ તબક્કાની કામગીરી તા.૦૭-૦૨-૧૫ના રોજ પૂર્ણ થઇ ગયેલ છે અને બીજા તબક્કાની કામગીરી હાલ પ્રગતિમાં છે. |
| (૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં અને કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે? | (૨) ઉક્ત નવા બિલ્ડીંગની કામગીરી માહે જાન્યુઆરી-૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે અને ઉક્ત બાંધકામ અંદાજિત |

રૂ.૬૦૬૭.૬૦ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે.

---------

મોરબી જિલ્લામાં તબીબી અધિકારી વર્ગ-૨ વગરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૯૦૮૭ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે. તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યા ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકાર દ્વારા શું પગલા ભરવામાં આવેલ છે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં કુલ ૨૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ ૨૭ જગ્યાઓ મંજુર થયેલ છે. તે પૈકી ઉક્ત સ્થિતિએ ૨ (બે) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ-૨ જગ્યા ખાલી છે

(૩) ઉક્ત બંન્ને ખાલી જગ્યાઓ હાલની સ્થિતિએ ભરી દેવામાં આવેલ છે.

---------

સુક્ષ્મ સ્તરની સિંચાઇ યોજનાઓ માટે ભારત સરકાર તરફથી રાજ્યને મળેલ રકમ

* ૨૬૭૮૭ શ્રી પુંજાભાઇ વંશ (ઉના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુક્ષ્મ (Micro) સ્તરની સિંચાઇ યોજનાઓ (ટપક/ફુવારા પધ્ધતિને સબસીડી) માટે ભારત સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) હા જી, તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુક્ષ્મ (Micro) સિંચાઇ યોજના (ટપક/ફુવારા પધ્ધતિને સબસીડી) માટે ભારત સરકાર તરફથી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીને રૂ. ૫૦૮.૧૩ કરોડ મળેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ રકમની વર્ષવાર વિગતો * 'પત્રક-૧ સામેલ છે..

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કરેલ ખર્ચની વિગતો *પત્રક-૧માં સામેલ છે..

પત્રક-૧

ભારત સરકાર દ્વારા સુક્ષ્મ સિંચાઇ યોજના (ટપક/ફુવારા પધ્ધતી) અન્વયે ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીને મળેલ રકમ અને ખર્ચની વર્ષવાર માહિતી

| અનુ.નં | વર્ષ | | સહાય માટે મળેલ રકમ (રૂ. કરોડમાં) | ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | | ૧૩૨.૫૩ | *૧૩૭.૦૬ |
| ૨ | ૨૦૧૫-૧૬ | સુક્ષ્મ સિંચાઇ યોજના | ૨૦૪.૧૦ | *૨૦૮.૪૧ |
| | | ડીસ્ટ્રીક્ટ ઈરીગેશન પ્લાન | ૩.૩૦ | ૧.૦૨ |
| ૩ | ૨૦૧૬-૧૭(૩૧.૧૨.૨૦૧૬ અંતિત) | | ૧૬૮.૨૦ | ૧૯૦.૭૭ |
| | | કુલ | ૫૦૮.૧૩ | ૫૩૭.૨૬ |

* ખર્ચમાં ગત વર્ષનું વ્યાજ અને વણવપરાયેલ ગ્રાન્ટનો સમાવેશ થાય છે.

---------

જુનાગઢ જિલ્લામાં તબીબી અધિકારી વર્ગ-૨ વગરના સામુહિક આરોગ્ય કેન્દ્રો

ફાલ્ગુન ૧૮, ૨૦૩૮ શાકે

## અતારાંકિત પ્રશ્નો

* ૨૯૦૭૮ શ્રી ગોવિંદભાઇ પરમાર (તાલાલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કુલ ૧૦(દસ) સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે. |
| (૨) ઉક્ત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ઉપલબ્ધ નથી, અને | (૨) તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ઉપલબ્ધ છે. |
| (૩) ઉક્ત જગ્યાએ ઉક્ત સ્થિતિએ તબીબી અધિકારી વર્ગ–૨ની સેવા ઉપલબ્ધ કરવા શું પગલા ભરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૨૯૦૯૮ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી,

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબ બાળકોની તપાસ કરવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | તપાસેલ બાળકો | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૧ | બાવળા | ૪૬૨૬૧ | ૪૮૦૮૪ |
| ૨ | ધોળકા | ૬૯૫૦૩ | ૭૦૫૪૮ |
| ૩ | દસ્ક્રોઇ | ૮૬૯૪૬ | ૮૩૫૮૫ |
| ૪ | ધંધુકા | ૩૭૩૫૫ | ૪૦૪૬૯ |
| ૫ | બરવાળા | ૧૯૫૦૪ | બરવાળા તાલુકાનો સમાવેશ નવા બોટાદ જિલ્લામાં થયેલ છે. |
| ૬ | સાણંદ | ૬૬૯૦૩ | ૬૭૨૫૭ |
| ૭ | દેત્રોજ | ૨૨૫૯૦ | ૨૦૨૫૨ |
| ૮ | વિરમગામ | ૫૨૬૦૭ | ૫૨૪૭૬ |
| ૯ | માંડલ | ૧૮૪૭૨ | ૧૭૫૬૩ |
| ૧૦ | રાણપુર | ૨૫૮૯૨ | રાણપુર તાલુકાનો સમાવેશ નવા બોટાદ જિલ્લામાં થયેલ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી, અને

(૨)

| અ.નં. | વર્ષ | રેફરલ અને તજજ્ઞ સારવાર આપેલ બાળકો |
|---|---|---|
| ૧. | ૨૦૧૫ | ૨૮૯૮ |
| ૨. | ૨૦૧૬ | ૧૫૧૦ |
| કુલ | | ૪૪૦૮ |

(૩) ઉક્ત પૈકી કેટલા બાળકોને હ્દયરોગની સારાવાર આપવામાં આવી?

(૩) ઉક્ત પૈકી નીચે મુજબના બાળકોને હ્દયરોગની સારાવાર આપવામાં આવી.

| અ.નં. | વર્ષ | હ્દયરોગની સારાવાર આપેલ બાળકો |
|---|---|---|
| ૧. | ૨૦૧૫ | ૮૨ |

| | | |
|---|---|---|
| ૨. | ૨૦૧૬ | ૩૨ |
| કુલ | | ૧૧૪ |

---------

જુનાગઢ જિલ્લાની નગરપાલિકાઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ

* ૩૦૪૩૪ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં નગરપાલિકાઓવાર પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) નગરપાલિકા — ફાળવેલ રકમ(રૂ)<br>માણાવદર — ૫૦,૦૦૦<br>વિસાવદર — ૫૦,૦૦૦<br>વંથલી — ૫૦,૦૦૦<br>કુલ રકમ — ૧,૫૦,૦૦૦ |
| (૨) જુનાગઢ જિલ્લામાં ઉક્ત સમય ગાળામાં કોઇ નગરપાલિકામાં કોઇ રકમ ન ફાળવવામાં આવી હાય તો તેના કારણો શા છે, અને | (૨)<br>૧. ચોરવાડ નગરપાલિકામાં રૂ.૧૦.૭૯ કરોડ જમા હોવાથી.<br>૨. માંગરોળ,બાંટવા અને કેશોદ નગરપાલિકાની ગ્રાન્ટ ઉગવવામાં વિલંબ થયેલ હોવાથી. |
| (૩) ઉક્ત નગરપાલિકાઓમાં ઉક્ત યોજના અન્વયે રકમ કયારે ફાળવવામાં આવશે? | (૩) સત્વરે. |

---------

દાહોદ જિલ્લામાં મંજુર નવા પ્રાથમિક આરાગ્ય કેન્દ્રો

* ૨૯૦૯૦ શ્રી વિછીયાભાઇ ભુરીયા (લીમખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) ૨૪. |
| (૨) ઉક્ત જિલ્લામાં વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે અને તેની સામે ઉક્ત સ્થિતિએ કેટલા મંજૂર કરવામાં આવ્યા અને કેટલી ઘટ છે, અને | (૨) મળવાપાત્ર – ૯૭<br>મંજૂર – ૮૯<br>ઘટ – ૦૮ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ પૂરી કરવા માટે સરકારનું શું આયોજન છે? | (૩) રાજ્યના આદિજાતિ વિસ્તાર માટે નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના સ્થળો નક્કી કરતાં સમયે આ બાબતે પણ વિચારણા કરવામાં આવશે. |

---------

વડોદરા જિલ્લાનો કરજણ–વેમાર–સાધલી રોડ પહોળો કરવા બાબત

* ૨૯૧૧૦ શ્રી સતીષભાઇ પટેલ (કરજણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા જિલ્લાના કરજણ–વેમાર–સાધલી રસ્તાને ૭ મી. પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ,<br>(૨) જો હા, તો ઉક્ત રસ્તાને કેટલો પહોળો કરવામાં આવશે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાની કામગીરી માટે કેટલી રકમ અંદાજવામાં આવેલ છે? | (૧) (૨) અને (૩) હા, જી આ રસ્તાને ૭ મી. પહોળો કરવા માટે રૂ.૧૭૦૦ લાખની રકમ અંદાજેલ છે. |

---------

અમરેલી અને રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

## અતારાંકિત પ્રશ્નો

* ૨૯૦૯૬ શ્રી બાવનજીભાઇ મેતલીયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ દરમ્યાન અમરેલી અને રાજકોટ જિલ્લાના કેટલા બાળકો રોગગ્રસ્ત જણાયા,

(૨) ઉક્ત બાળકોને મુખ્યત્વે ક્યા રોગ હતા, અને

(૩) ઉક્ત રોગગ્રસ્ત બાળકોની સારવાર માટે સરકારે શી કાર્યવાહી કરી?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ દરમ્યાન અમરેલી અને રાજકોટ જિલ્લાના રોગગ્રસ્ત બાળકોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જીલ્લાનું નામ | રોગગ્રસ્ત બાળકો |
|---|---|---|
| ૧ | અમરેલી | ૨૨,૮૭૭ |
| ૨ | રાજકોટ | ૧૯,૯૫૪ |

(૨) આ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, હદય, કેન્સર, અને કિડનીના રોગ હતાં.

(૩) ઉક્ત રોગની સારવાર માટે સરકારે નીચે પ્રમાણે કાર્યવાહી કરેલ છે.

(૧) સ્થળ પર સારવાર

(૨) વધુ બિમારીવાળા બાળકોને સામુહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લા હોસ્પીટલ ખાતે સંદર્ભ સેવા

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હદયરોગ | યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઇન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

### અમરેલી અને રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૨૯૦૯૭ શ્રી કેશુભાઇ નાકરાણી (ગારીયાધાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ દરમ્યાન અમરેલી અને રાજકોટ જિલ્લાના કેટલા બાળકો રોગગ્રસ્ત જણાયા,

(૨) ઉક્ત બાળકોને મુખ્યત્વે ક્યા રોગ હતા, અને

(૩) ઉક્ત રોગગ્રસ્ત બાળકોની સારવાર માટે સરકારે શી કાર્યવાહી કરી?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ દરમ્યાન અમરેલી અને રાજકોટ જિલ્લાના રોગગ્રસ્ત બાળકોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જીલ્લાનું નામ | રોગગ્રસ્ત બાળકો |
|---|---|---|
| ૧ | અમરેલી | ૨૨,૮૭૭ |
| ૨ | રાજકોટ | ૧૯,૯૫૪ |

(૨) આ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, હદય, કેન્સર, અને કિડનીના રોગ હતાં.

(૩) ઉક્ત રોગની સારવાર માટે સરકારે નીચે પ્રમાણે કાર્યવાહી કરેલ છે.

(૧) સ્થળ પર સારવાર

(૨) વધુ બિમારીવાળા બાળકોને સામુહિક આરોગ્ય

કેન્દ્ર/જિલ્લા હોસ્પીટલ ખાતે સંદર્ભ સેવા

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

નર્મદા યોજનાના કામ માટે કેન્દ્ર સમક્ષ રકમની માંગણી

* ૨૮૫૪૨ શ્રી શૈલેષભાઇ પરમાર (દાણીલીમડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્રારા નર્મદા યોજનાના કામ માટે કેન્દ્ર સરકાર પાસે કેટલી રકમની માંગણી કે દરખાસ્ત કરવામાં આવી, | (૧) સરદાર સરોવર યોજના માટે વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ દરમિયાન અનુક્રમે રૂ.૧૪૭૧.૭૩૭ કરોડ અને રૂ.૧૯૪૪.૮૫૯ કરોડ રકમ ની દરખાસ્ત કરવામાં આવી, જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન રૂ.૨૩૬૮.૧૪૬ કરોડ રકમ ની દરખાસ્ત કરવામાં આવી. |
| (૨) ઉક્ત માંગણી કે દરખાસ્ત પૈકી કેન્દ્ર સરકાર દ્રારા વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને ફાળવવામાં આવી, અને | (૨) કેન્દ્ર સરકાર દ્રારા વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ દરમિયાન અનુક્રમે રૂ.૧૦૩૩.૯૩૮ કરોડ અને રૂ.૪૮૨.૭૨૧ કરોડની રકમ ફાળવવામાં આવી. જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ડિસેમ્બર-૨૦૧૬ સુધીમાં રૂ.૧૦૫૫.૫૩૪ કરોડની રકમ રાજ્ય સરકાર ને ફાળવવામાં આવી. |
| (૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી? | (૩) ઉક્ત રકમ પૈકી રાજ્ય સરકારના ફાળા સહિત સરદાર સરોવર યોજના માટે વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ દરમિયાન અનુક્રમે રૂ.૨૪૩૧.૮૮૭ કરોડ અને રૂ.૩૩૦૫.૯૯૮ કરોડ રકમ ખર્ચ કરવામાં આવેલ છે, જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ડિસેમ્બર-૨૦૧૬ સુધી રૂ.૨૩૩૫.૮૫૯ કરોડ રકમ ખર્ચ કરવામાં આવી. |

વઢવાણ તાલુકાના મુળચંદ દુધરેજ રોડનું બાંધકામ

* ૨૯૧૨૫ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં વઢવાણ તાલુકાના મુળચંદ દુધરેજ નોનપ્લાન રોડનું બાંધકામ સરકાર કરવા માગે છે કે કેમ, | (૧) હા જી, |
| (૨) જો હા, તો ઉક્ત કામ પેટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૬૧૧.૦૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ ક્યા તબક્કે છે? | (૩) નકશા અંદાજોની પ્રક્રિયામાં |

---------

બોટાદ-સાળંગપુર રસ્તાની નવી ડામર સપાટી

અતારાંકિત પ્રશ્નો

* ૨૯૧૧૧ ડૉ. ટી.ડી.માણીયા (બોટાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના બોટાદ–સાળંગપુર રસ્તાની ડામર સપાટી નવી બનાવવાની જરૂરીયાત છે. તે હકીકત સાચી છે કે કેમ,<br>(૨) જો હા, તો ઉક્ત રસ્તાની ડામર સપાટી સુધારણા માટે સરકારનું શું આયોજન છે,અને<br>(૩) ઉક્ત કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કામાં છે? | (૧), (૨) અને (૩) રૂ.૩૫૦.૦૦ લાખનું કામ મંજુર થયેલ છે. જે હાલમાં ટેન્ડર તબક્કે છે. |

---------

આણંદ જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

* ૨૯૮૭૧ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ ચિરંજીવી યોજના હેઠળ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા કાર્ડ રીન્યુ કરવામાં આવ્યા? | ચિરંજીવી યોજના અંતર્ગત કોઇ કાર્ડ આપવામાં આવતા નથી તેથી કાર્ડ રીન્યુઅલનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

છોટા ઉદેપુર જિલ્લામાં સરદાર સરોવર યોજનાના વિસ્થાપિતો માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૩૦૩૫૧ શ્રી ધીરૂભાઇ ભીલ (સંખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં નર્મદા યોજનાના વિસ્થાપિતોની વસાહતો માટે છેલ્લા બે વર્ષમાં રસ્તાઓ, આરોગ્ય, શિક્ષણ, સિંચાઇ, પીવાના પાણી માટે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) નર્મદા યોજનાના વિસ્થાપિતોની નવ(૯) જિલ્લામાં આવેલ વસાહતો માટે રસ્તાઓ, આરોગ્ય, શિક્ષણ, સિંચાઇ, પીવાના પાણી માટે જિલ્લાવાર અલગ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. નવ(૯) જિલ્લાઓમાં વસાહતો માટે છેલ્લા બે વર્ષમાં ફાળવેલ કુલ ગ્રાન્ટ નીચે મુજબ છે.<br>વર્ષ ૨૦૧૫–૧૬ રૂ.૧૭,૧૭,૮૫,૧૫૩/–<br>વર્ષ ૨૦૧૬–૧૭ રૂ. ૮,૮૬,૪૮,૦૧૩/– |
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને | (૨) છોટા ઉદેપુર જિલ્લામાં આવેલ વસાહતો માટે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.<br>વર્ષ ૨૦૧૫–૧૬ રૂ.૧૧,૧૧,૭૮,૫૪૬/–<br>વર્ષ ૨૦૧૬–૧૭ રૂ. ૧,૨૩,૩૦,૯૭૮/– |
| (૩) ઉક્ત સ્થિતિએ જો ગ્રાન્ટની બચત રહેતી હોય તો તેના શા કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યમાં એઇમ્સ શરૂ કરવાની દરખાસ્ત

* ૨૮૪૬૧ ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે રાજ્યમાં એઇમ્સ શરૂ કરવા યોગ્ય સ્થળની પસંદગી કરીને કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવા જણાવેલ હતુ. તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાચી છે, | (૧) હા,જી |
| (૨) જો હા તો, રાજ્ય સરકારે ક્યારે અને ક્યા જિલ્લામાં એઇમ્સ શરૂ કરવા દરખાસ્ત કરી, અને | (૨) રાજ્ય સરકારે તા.૦૬–૦૮–૨૦૧૪ના પત્રથી રાજકોટ અથવા વડોદરા જિલ્લામાં એઇમ્સ શરૂ કરવા દરખાસ્ત કરેલ હતી. |
| (૩) ઉક્ત સ્થિતિએ એઇમ્સની મંજૂરી રાજ્ય સરકારને આપવામાં આવી છે કે કેમ? | (૩) ના, જી. |

તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

---------

રાષ્ટ્રીય કક્ષાએ મેડલ વિનર ખેલાડીઓ

* ૨૯૭૩૧ શ્રી ભોળાભાઇ ગોહેલ (જસદણ) : માનનીય રમતગમત મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય કક્ષાએ મેડલ વિનર થનાર રાજ્યના કેટલા ખેલાડીઓને રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમ પુરસ્કૃત કરવામાં આવી, અને | (૧) મેડલ વિનર ખેલાડીઓ – ૭૦૪ પુરસ્કૃત કરવામાં આવેલ રકમ રૂ.૧,૬૭,૬૪,૦૦૦/– |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેલાડીઓને કેટલી રકમ ચૂકવવાની બાકી છે? | (૨) કોઇ ખેલાડીને રકમ ચૂકવવાની બાકી નથી. |

---------

મહેસાણા જિલ્લાના ઝાલોડાથી બપૈયારા રોડને જોબ નંબર આપવા બાબત

* ૩૦૨૮૬ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ઝાલોડાથી બપૈયારા રોડને ક્યારે જોબ નંબર આપવામાં આવ્યો, | (૧) તા. ૨૪/૦૩/૨૦૧૫ના રોજ |
| (૨)ઉક્ત સ્થિતિએ ઉક્ત રોડ માટે ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવ્યા અને મંજૂર થયેલ કોન્ટ્રાક્ટરને વર્કઓર્ડર આપવામાં આવેલ છે કે કેમ,<br>(૩) જો હા, તો ઉક્ત રોડનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને<br>(૪) ઉક્ત સ્થિતિએ કામ શરૂ નહી થવાના કારણો શા છે? | (૨), (૩) અને (૪) ટેન્ડર બહાર પાડવામાં આવેલ પરંતુ સદર રસ્તાની સપાટી સારી છે તેવી રજૂઆત આવતાં ચકાસણી કરતાં જરૂરી જણાતું ન હોઇ હાલ કામ મુલત્વી રાખેલ છે. |

---------

ડેરોલ–સણસોલી–કલ્યાણા રોડને મજબુત કરવાનું આયોજન

* ૨૯૧૨૨ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ કાલોલ તાલુકાના ડેરોલ–સણસોલી–કલ્યાણા રોડમાં ૧૦/૦ થી ૧૫/૮૦ લંબાઇમાં રસ્તો મજબુત કરવા વર્ષ ૨૦૧૬–૧૭માં આયોજન છે કે કેમ, | (૧) હા, જી |
| (૨)જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ. ૩૦૦.૦૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ કામ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ |

---------

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોકલીયર ઇમ્પ્લાન્ટના ઓપરેશન

* ૨૯૦૮૦ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ શાળા આરોગ્ય કાર્યક્રમમાં જન્મ જાત બધીરતાવાળા બાળકોની સારવાર માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ જન્મજાત બધીરતાવાળા બાળકોની જીએમઇઆર સોસાયટી હસ્તકની હોસ્પિટલ, ગાંધીનગરમાં તા.૧૮/૧/૨૦૧૬ થી કોકલીયર ઇમ્પ્લાન્ટની સર્જરીની |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કેટલા બાળકોને કોકલીયર ઇમ્પ્લાન્ટના ઓપરેશન કરવામાં આવ્યા?

સારવાર શરૂ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વિગતે તા. ૧૮/૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં જીએમઇઆરએસ હોસ્પિટલ, ગાંધીનગરમાં કુલ-૧૦૫ બાળકોના કોકલીયર ઇમ્પ્લાન્ટના ઓપરેશન કરવામાં આવેલ છે.

---------

નવસારી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ

* ૨૯૦૮૩ શ્રી પિયુષ દેસાઇ (નવસારી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે.

(૨) ઉક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યા ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકાર દ્વારા શું પગલા ભરવામાં આવેલ છે?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કુલ-૪૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે

(૨) કુલ-૪૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સામે તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ-૬૬ જગ્યા મંજુર થયેલ છે. તે પૈકી ૫૭ જગ્યા ભરેલી છે. ઉક્ત સ્થિતિએ ૯ (નવ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ ની કુલ-૯ જગ્યા ખાલી છે.

(૩) (૧) રાજ્ય સરકારશ્રી હસ્તકની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી બોન્ડેડ તબીબોને તબીબી અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવ છે.

(૨) ઇન્ટર્નશીપ પૂર્ણ કરેલ તબીબોને બોન્ડેડ તરીકે કમિશ્નરશ્રી કક્ષાએથી નિમણુંક આપવા જણાવતા બોન્ડેડ તબીબ પાસેથી પસંદગીના સ્થળ મેળવી સ્થળ ઉપર જ નિમણુંક આદેશો આપી દેવાની કાર્યવાહી હાથ ધરીને તાત્કાલિક તબીબ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

(૩) કમિશ્નરશ્રી (આરોગ્ય) ગાંધીનગરની કચેરી ખાતે દર સપ્તાહે એડહોક વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. તે ઇન્ટરવ્યુમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા તબીબોને ઇન્ટરવ્યુ લઇને તેઓની પસંદગી કરીને કરારના ધોરણે નિમણૂંક આપવામાં આવે છે.

(૪) ૧૧ માસ કરારના ધોરણે નિમણુંક આપવાની સત્તા કમિશ્નરશ્રી કચેરીને ગત વર્ષે આપવામાં આવેલ છે. તે મુજબ હાલ દર મંગળવારે ઉપસ્થિત રહેતા તબીબોની પસંદગીનું સ્થળ મેળવીને શક્યતઃ પસંદગીના સ્થળે નિમણુંક આપતા આદેશ ઇન્ટરવ્યુના દિવસે જ રૂબરૂમાં આપવામાં આવે છે. આમ કરવાના કારણે નિમણૂંક આપતા તબીબો ફરજના સ્થળે હાજર થવાની સંખ્યા ઘણી સારી રહેલ છે. જેના કારણે છેલ્લા એક વર્ષમાં ખાલી જગ્યાની સંખ્યામાં ઘણો ઘટાડો થવા પામેલ છે.

---------

ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ કિડની ટ્રાન્સપ્લાન્ટની મંજૂરી

* ૨૮૪૯૪ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક

જવાબ

(૧) ૬૬૧ મંજૂરીઓ.

વર્ષમાં રાજ્યમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ ઓથોરાઇઝ કમિટી દ્બારા કેટલી કિડની ટ્રાન્સપ્લાન્ટની મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી માંગણીઓ પડતર છે?

(૨) કોઇ માંગણી પડતર નથી.

---------

ડાંગ જિલ્લામાં મંજૂર સી.એચ.સી.

* ૨૯૦૯૫ શ્રી મુકેશ પટેલ (ઓલપાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કુલ–૩ (ત્રણ) સામુહીક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે |
| (૨) ઉક્ત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની સેવા ઉપલબ્ધ નથી, અને | (૨) ઉક્ત જિલ્લામાં તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની સેવા ઉપલબ્ધ છે. |
| (૩) ઉક્ત જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારી વર્ગ–૨ની સેવા ઉપલબ્ધ કરવા શું પગલા ભરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ખેડા જિલ્લામાં તબીબી અધિકારી વર્ગ–૨ વગરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૯૦૮૪ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કુલ–૫૨(બાવન) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, |
| (૨) ઉક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની જગ્યા ખાલી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની કુલ–૫૨(બાવન) જગ્યા મંજુર થયેલ છે.<br>ઉક્ત સ્થિતિએ એક પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની જગ્યા ખાલી નથી. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકાર ધ્વારા શું પગલા ભરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ખંભાલીયા ખાતેની જનરલ હોસ્પિટલમાં ડોક્ટરોની ખાલી જગ્યાઓ

* ૩૦૮૬૦ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : તા. ૧૦–૩–૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૪૪૮૨ (અગ્રતા ૨૩)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્બારકા જિલ્લાની ખંભાલીયા ખાતેની જનરલ હોસ્પિટલમાં તજજ્ઞ વર્ગ–૧ની ૧૪, ડોક્ટર વર્ગ–૨ની ૪ તથા પેરા મેડીકલ સ્ટાફની ૪૯ જગ્યાઓ ખાલી હતી તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત ખાલી રહેલ જગ્યાઓ ભરવા | (૨) *પત્રક મુજબ. |

માટે તા. ૩૧-૧૨-૧૫ થી તા. ૩૧-૧-૨૦૧૭ સુધીમાં સરકારે શા પ્રયત્નો કર્યા છે, અને

(૩) ઉક્ત તમામ ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે ખાસ કોઈ આયોજન કરેલ હોય તો તેની વિગતો શી છે ?

(૩) – તજજ્ઞ વર્ગ-૧ની જગ્યાઓ ભરવા માટે દર સોમવારે અને તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક-ઈન-ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.
– વર્ગ-૩ની નર્સીંગ, પેરામેડીકલ, ટેકનીકલ તેમજ અન્ય વહીવટી સંવર્ગની જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ભરવા અંગેની કાર્યવાહી ચાલુમાં છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

તાપી જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

* ૨૯૧૪૭ શ્રી કાંતીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ટી.બી.ના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

(૨) છેલ્લા એક વર્ષમાં ઉક્ત જીલ્લામાં તાલુકાવાર ટીબીના દર્દીઓ સારવાર હેઠળ નીચે મુજબ નોંધાયેલ છે.

| તાલુકા | નોંધાયેલ દર્દીઓ |
|---|---|
| નિઝર | ૧૧૮ |
| સોનગઢ | ૩૭૫ |
| ઉચ્છલ | ૧૭૯ |
| વાલોડ | ૧૯૩ |
| વ્યારા | ૩૯૨ |
| ડોલવણ | ૧૦૨ |
| કુકરમુંડા | ૭૫ |
| કુલ | ૧૪૩૪ |

(૩) ઉક્ત ટી.બી. ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા ઉક્ત સ્થિતિએ સરકારે શી વ્યવસ્થા કરી છે ?

(૩) ઉક્ત ટીબી ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા તાપી જીલ્લામાં જીલ્લા ક્ષય કેન્દ્ર, ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર અને નોન ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર ખાતે નિદાન અને સારવાર પુરી પાડવામાં આવે છે. તાલીમ બધ્ધ લેબ. ટેકનીશ્યન ધ્વારા ગળફાની તપાસ કરવામાં આવે છે. ઉપરાંત તાલીમ બધ્ધ ડોટસ પ્રોવાઈડર (આશા) ધ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકુળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મુલ્યે પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

---------

વલસાડ જિલ્લામાં સરકારી આયુર્વેદ દવાખાના

* ૨૮૫૦૨ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા સરકારી આયુર્વેદ

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુલ-૧૮ સરકારી આયુર્વેદ દવાખાનાઓ કાર્યરત છે. અને કોઈ દવાખાનું બંધ નથી.

દવાખાનાઓ કાર્યરત છે અને કેટલા દવાખાના બંધ છે,

(૨) ઉક્ત દવાખાનાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત દવાખાનાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | તાલુકો | મંજૂર મહેકમ | ખાલી જગ્યા | ક્યારથી જગ્યા ખાલી છે. |
|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર (આયુર્વેદ) વર્ગ-૨ | વલસાડ | ૭ | ૩ | ૨ વર્ષ |
| | | કપરાડા | ૨ | ૦ | |
| | | ધરમપુર | ૩ | ૧ | ૨ વર્ષ |
| | | ઉમરગામ | ૩ | ૧ | ૨ વર્ષ |
| | | પારડી | ૩ | ૩ | ૨ વર્ષ |
| ૨ | કમ્પાઉન્ડર વર્ગ-૩ | વલસાડ | ૪ | ૨ | ૨ વર્ષ |
| | | કપરાડા | ૧ | ૧ | ૨ વર્ષ |
| | | ધરમપુર | ૧ | ૧ | ૨ વર્ષ |
| | | ઉમરગામ | ૨ | ૨ | ૨ વર્ષ |
| | | પારડી | ૧ | ૧ | ૨ વર્ષ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) જે તે જગ્યા માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરવામાં આવશે.

---------

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપરગોટાથી અલિન્દ્રાના રસ્તાનું કામ

* ૩૦૮૮૬ શ્રીમતી ચંદ્રિકાબેન બારીઆ (ગરબાડા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપરગોટા ગામેથી અલીન્દ્રાનું ખટાળ બોર્ડર સુધીના રસ્તાનું કામ સને ૨૦૧૫-૧૬માં મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત રસ્તાની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે અને ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ શરૂ નહી કરવાના કારણો શા છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ડાંગ જિલ્લામાં તાલુકાવાર મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રસ્તાઓ

* ૩૦૯૩૧ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં તાલુકાવાર મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કેટલા રસ્તાઓની દરખાસ્ત સરકારને મળી, અને | (૧) આહવા ૪૩, વઘઈ ૨૫ અને સુબિર ૩૮ |
| (૨) તે અન્વયે કેટલી દરખાસ્ત મંજુર થઈ અને ઉક્ત બાકી દરખાસ્તોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) ૩૯ દરખાસ્ત મંજુર કરવામાં આવેલ છે. ૬૭ દરખાસ્તોનું હાલમાં આયોજન નથી. |

---------

અખિલ ભારતીય ગીરનાર અરોહણ-અવરોહણ સ્પર્ધા

## અતારાંકિત પ્રશ્નો

* ૨૯૧૧૪ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય રમત-ગમત યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અખિલ ભારત ગીરનાર અરોહણ-અવરોહણ સ્પર્ધામાં કેટલા યુવક-યુવતીઓએ ભાગ લીધો, અને | (૧) ૭૯૩ |
| (૨) તે અન્વયે વર્ષ ૧૫-૧૬ અને વર્ષ ૧૬-૧૭માં ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૨૨.૭૬ લાખ |

---------

### અરવલ્લી જિલ્લામાં પીએચસી/સીએચસી તાલુકાવાર મંજુર મહેકમ

* ૩૦૯૩૯ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાવાર મંજુર મહેકમ કેટલું છે, અને<br>(૨) ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે ? | (૧) અને (૨) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર મહેકમ અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું *પત્રક-અ, સામુહિક આરોગ્ય કેન્દ્રોની તાલુકાવાર મંજુર મહેકમ અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું *પત્રક-બ સામેલ છે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ

* ૨૯૧૦૧ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા-૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, | (૧) ૧,૫૦,૧૧૫ કાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) ઉક્ત જિલ્લામાં ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થી દાવાઓ મંજુર કરવામાં આવ્યા, અને | (૨) ૨,૪૯૩ દાવાઓ મંજુર કર્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં પ્રીમીયમ પેટે કેટલી રકમ ચૂકવેલ છે ? | (૩) રૂ. ૨,૯૪,૫૮,૬૦૧/- ચૂકવેલ છે. |

---------

### રાજ્યમાંથી આંતર રાજ્ય કક્ષાએ નકલી દવાનું રેકેટ

* ૨૯૪૩૯ શ્રી કિશોર કાનાણી (વરાછા રોડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં રાજ્યમાંથી આંતર રાજ્ય કક્ષાએ નકલી દવા અંગેનું રેકેટ પકડી પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) છેલ્લા છ માસમાં રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મે.એસ.આર.એન્ટરપ્રાઈઝ, સરખેજ, અમદાવાદ તથા મે.શ્રધ્ધા હેલ્થ કેર, શાહીબાગ, અમદાવાદ ખાતે નકલી દવાઓ બાબતે દરોડા પાડેલ અને આ નકલી |

દવાઓ અન્વયે સને ૧૯૪૦ નો ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારા હેઠળ દવાઓના નમૂનાઓ લીધેલ અને અન્ય બાકી રહેલ દવાઓનો જથ્થો જપ્ત કરેલ છે. જેની અંદાજિત કિંમત આશરે રૂ.૫૧.૦૦ લાખ થાય છે. આ અંગે બંન્ને પેઢીઓ સામે જે તે હદની પોલીસ સ્ટેશનમાં F .I .R . દાખલ કરવામાં આવેલ છે.

તપાસમાં આ નકલી દવાઓની ખરીદી મે. યોગીની ફાર્મા, ગ્વાલીયર, મધ્યપ્રદેશ ખાતેથી કરેલ છે તેવું ધ્યાને આવતાં ડ્રગ કંટ્રોલર મધ્યપ્રદેશને વધુ તપાસ અર્થે જાણ કરવામાં આવેલ છે. તેમજ સમગ્ર કાર્યવાહીની જાણ ડ્રગ કંટ્રોલર જનરલ ઈન્ડિયા, નવી દિલ્હીને જાણ કરેલ છે.

### રાજકોટ મહાનગરપાલિકાને જકાતની અવેજીમાં ફાળવવાની રકમ

* ૨૯૬૯૬ શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુ (રાજકોટ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ મહાનગરપાલિકાને જકાતની અવેજીમાં કેટલી રકમ ફાળવવાની થતી હતી. | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નીચે મુજબ રકમની ફાળવણી કરવાની થતી હતી.<br>તા.૦૧.૦૧.૨૦૧૫ થી તા.૩૧.૧૨.૨૦૧૫ — રૂ. ૧૨૯,૨૦,૦૦,૦૦૦<br>તા.૦૧.૦૧.૨૦૧૬ થી તા.૩૧.૧૨.૨૦૧૬ — રૂ. ૧,૨૧,૯૬,૦૪,૬૩૧ |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ ઉક્ત સ્થિતિએ ફાળવવામાં આવી, અને | (૨) વર્ષવાર નીચે મુજબની રકમની ફાળવણી કરવામાં આવી છે.<br>તા.૦૧.૦૧.૨૦૧૫ થી તા.૩૧.૧૨.૨૦૧૫ — રૂ. ૧૨૯,૨૦,૦૦,૦૦૦<br>તા.૦૧.૦૧.૨૦૧૬ થી તા.૩૧.૧૨.૨૦૧૬ — રૂ. ૧,૨૧,૯૬,૦૪,૬૩૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ કોઈ રકમ ફાળવવાની બાકી હોય તો કેટલી રકમ ફાળવવાની બાકી છે, અને તે ક્યાં સુધીમાં ફાળવી આપવામાં આવશે ? | (૩) ઉક્ત સ્થિતિએ કોઈ રકમ ફાળવવાની બાકી નથી. |

---------

### અરવલ્લી જિલ્લાના સીએચસી કેન્દ્રોમાં ફીઝીયોથેરાપીસ્ટની ઉપલબ્ધ સારવાર

* ૨૯૧૦૪ શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં છેલ્લા એક વર્ષમાં ફીઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઉક્ત સ્થિતિએ આ સારવાર ઉપલબ્ધ છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ૧૦ સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકી ૮ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ફીઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ છે. |

---------

ફાલ્ગુન ૧૮, ૨૦૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નો

કે.જી. બેઝિનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન

* ૨૮૫૦૭ શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કે.જી. બેઝિનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ થયું નથી, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે ? | (૨) ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ નહિ થવાના મુખ્ય કારણો નીચે મુજબ છેઃ–<br><br>(૧) કે.જી. બેઝિન એ ડીપ. સી(Deep Sea) બ્લોક છે. જે એન્જિનિયરિંગ દ્રષ્ટિએ ખુબ જ મુશ્કેલ ભર્યુ (Complicate) અને સાથે ઉચ્ચ તાપમાન તથા દબાણ ધરાવે છે. લગભગ ૪૦૦ ડીગ્રી ફેરનહીટ–F અને ૧૨૦૦૦ Psi-દબાણવાળો બ્લોક હોવાથી– ઈજનેરી કામગીરી કરવામાં પણ ઘણો સમય લાગતો હોય છે. જે એક મુખ્ય કારણ છે.<br><br>(૨) આ ઉપરાંત મધ્ય દરીયે (ડીપ.સી) ઓફશોર ફીલ્ડ હોવાથી વાતાવરણ અને અન્ય ભૌગોલિક પરિબળોના કારણે પણ કામગીરી કરવામાં વધારે સમય લાગે છે. |

---------

નવસારી જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ ખર્ચ

* ૨૯૧૩૬ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા, | (૧) ૬૨,૭૨૮ કાર્ડ કાઢવામાં આવ્યા. |
| (૨) ઉક્ત જીલ્લામાં ઉક્ત સ્થિતિએ કેટલા દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને | (૨) ૬,૫૧૩ દાવાઓ મંજુર કર્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લામાં ઉક્ત યોજનાના દાવા પેટે કેટલા રૂપિયા મંજુર કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૧૩,૭૭,૪૬,૧૨૬/– ચુકવેલ છે. |

---------

ભિલોડા અને વિજયનગર તાલુકાને જોડતો વિરપુરનો એમ.ડી.આર રસ્તાનું પેવરકામ

* ૩૦૩૨૪ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ ભિલોડાથી વિરપુરનો એમ.ડી.આર. રસ્તો જે ભિલોડા અને વિજયનગર તાલુકાઓને જોડતા રસ્તાને વાઇડનીંગ અને પેવરકામ માટેની કેટલી દરખાસ્ત સરકારને મળી, | (૧) એક (૧). |
| (૨) ઉક્ત સમયગાળામાં ઉક્ત રસ્તો પેવર ન થવાના કારણો શા છે, અને<br>(૩) ઉક્ત રસ્તાને પેવર કરવા માટે સરકારનું શું આયોજન છે? | (૨) અને (૩)<br>રસ્તાની કી.મી.૦/૦ થી ૧/૭૦૦ની પેવર કામગીરી પૂર્ણ કરેલ છે. જ્યારે કી.મી. ૧/૭૦૦ થી ૯/૮૦૦ વચ્ચેની વાઇડનીંગ તથા પેવરની કામગીરી રૂ.૩૬૫ લાખના ખર્ચે મંજુર કરેલ છે. |

---------

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રીકાર્પેટ કરાયેલ રસ્તાઓ

* ૩૦૭૭૬ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર કેટલા પ્લાન અને નોન પ્લાન રસ્તાઓને રીકાર્પેટ કરવામાં આવ્યા, | (૧) |

| | તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | |
|---|---|---|---|---|
| તાલુકો | પ્લાન | નોન પ્લાન | પ્લાન | નોન પ્લાન |
| હિંમતનગર | ૨૩ | – | ૪ | – |
| ઈડર | ૨૩ | – | ૪ | – |
| વડાલી | ૧૧ | – | ૨ | – |
| પ્રાંતિજ | ૧૭ | ૨ | ૨ | – |
| તલોદ | ૯ | ૩ | ૪ | – |
| ખેડબ્રહ્મા | ૮ | ૬ | – | – |
| પોશીના | – | – | – | – |
| વિજયનગર | ૩ | – | – | – |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉકત સ્થિતિએ કેટલા રસ્તા રીકાર્પેટ કરવાના બાકી છે, અને | (૨) ૮૩ (ત્યાંસી) રસ્તાઓ પ્રગતિમાં/ટેન્ડરના વિવિધ તબક્કે. |
| (૩) બાકી રસ્તાઓને ક્યાં સુધીમાં રીકાર્પેટ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

### મહેસાણા જિલ્લાના સીએચસી કેન્દ્રોમાં ફીઝીયોથેરાપીસ્ટની ઉપલબ્ધ સારવાર

* ૨૯૧૦૬ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં છેલ્લા એક વર્ષમાં ફીઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઉકત સ્થિતિએ આ સારવાર ઉપલબ્ધ છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ૧૪ સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકી ૧૩ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ફીઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ છે. |

---------

### થરાદ તાલુકાના જેતડા રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૯૧૩૮ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૬–૧૭ વર્ષમાં થરાદ તાલુકાના રાહ જેતડા રોડ (એમ.ડી.આર.) ને પહોળો કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત રસ્તો બનાવવાનો કેટલો ખર્ચ થશે? | (૨) રૂ.૮૨૦.૦૦ લાખ. |

---------

લુણાવાડા અને ખાનપુર તાલુકામાં રીકાર્પેટીંગ વગરના રસ્તાઓ

* ૨૮૪૭૯ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં છેલ્લા સાત વર્ષથી રીકાર્પેટીંગ ન થયા હોય તેવા કેટલા અને ક્યા રસ્તાઓ છે, અને | (૧) *પરિશિષ્ટ મુજબ. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉકત રસ્તાઓનું રીકાર્પેટીંગ કરવા શી કાર્યવાહી કરી છે ? | (૨) ૧૦ રસ્તાની કામગીરી પ્રગતિ હેઠળ, ૧૩ રસ્તાની કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ અને ૬૩ રસ્તાને વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજ્યનું કુલ જાહેર દેવું

* ૩૦૧૭૨ શ્રી મહમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનું કુલ જાહેર કેટલું દેવું છે, અને

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

(૨) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં રાજ્ય સરકારે વર્ષવાર કેટલી રકમ વ્યાજ પેટે ચુકવી ?

(૨)

| નાણાકીય વર્ષ | વ્યાજની ચુકવણી (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૪૪૯૫ |
| ૨૦૧૬–૧૭ | એ.જી. કચેરી દ્વારા સન ૨૦૧૬–૧૭ ના આખરી હિસાબો મળેલ ન હોવાથી આ અંગેની માહિતી ઉપલબ્ધ નથી. |

---------

સમી તાલુકાના સમી–નાની ચંદુર કુંવર રોડને મંજુરી

* ૨૯૧૩૭ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૬–૧૭ વર્ષમાં સમી તાલુકાના સમી નાની ચંદુર કુંવર રોડ મંજુર કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત રોડ બનાવવા માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થશે ? | (૨) રૂ. ૨૫૦૦.૦૦ લાખ. |

---------

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

### રાજ્યમાં શાળાના બાળકોના ગંભીર બિમારીના સારવારનો ખર્ચ

* ૨૯૦૯૪ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન ગંભીર બિમારી ધરાવતા બાળકોને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવાર (દવાઓ સાથે) નો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકિકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સારવાર દરમ્યાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે કે કેમ ? | (૨) ના, જી. |

---------

### સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૨૯૦૯૯ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા વિદ્યાર્થીઓની તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય તપાસણી કરવામાં આવી,

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની વિગતે વિદ્યાર્થીઓની તપાસણી કરવામાં આવી.

| અ.નં. | વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૫ | ૨,૮૯,૨૨૬ |
| ૨ | ૨૦૧૬ | ૨,૭૪,૩૮૨ |
| | કુલ | ૫,૬૩,૬૦૮ |

(૨) ઉક્ત પૈકી કેટલા વિદ્યાર્થીઓને ક્યા પ્રકારની બિમારીઓ જણાઈ,

(૨) આ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, હૃદય, કેન્સર અને કિડનીની બિમારીઓ જણાઈ.

(૩) ઉકત વિદ્યાર્થીઓની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી, અને

(૩) ઉક્ત વિદ્યાર્થીઓની સારવાર માટે સરકારે નીચે પ્રમાણે વ્યવસ્થા કરેલ છે.

(૧) સ્થળ પર સારવાર

(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર/ જિલ્લા હોસ્પીટલ ખાતે સંદર્ભ સેવા.

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ. |

(૪) ઉકત પૈકી કેટલા બાળકોને કિડની ટ્રાન્સપ્લાન્ટ સારવાર આપવામાં આવી ?

(૪) કુલ–૨(બે) બાળકોને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર આપવામાં આવી.

---------

## ફાલ્ગુન ૧૮, ૨૦૩૮ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### અમદાવાદ-ગાંધીનગર જિલ્લામાં પેવર વગરના રસ્તાઓ

* ૨૮૫૧૮ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૧૪ વર્ષથી પેવર ન થયા હોય તેવા નોન-પ્લાન રસ્તાઓ કેટલા છે, અને | (૧) જિલ્લા - રસ્તાની સંખ્યા<br>અમદાવાદ - ૧<br>ગાંધીનગર - ૦ |
| (૨) ઉક્ત રસ્તાઓ ક્યારે અને કેટલા સમયમાં પેવર કરવામાં આવશે ? | (૨) અમદાવાદ જિલ્લાનો ૧(એક) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય હોઈ હાલ આયોજન નથી. |

---------

### વિજાપુર શહેર અને તાલુકામાં આયુર્વેદ દવાખાનાઓ

* ૩૦૪૧૫ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ વિજાપુર શહેર અને તાલુકામાં કેટલા આયુર્વેદ દવાખાનાઓ કાર્યરત છે ? | વિજાપુર શહેરમાં આયુર્વેદ દવાખાનું મંજૂર થયેલ નથી, અને તાલુકામાં ગેરીતા અને હિરપરા ખાતે એક એક એમ કુલ-૨ (બે) આયુર્વેદ દવાખાનાઓ કાર્યરત છે. |

---------

### કચ્છ જિલ્લામાં મંજૂર નવા પેટા આરોગ્ય કેન્દ્રો

* ૨૯૦૯૧ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે, | (૧) ૧૫૦ |
| (૨) ઉક્ત જિલ્લામાં વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા પેટા કેન્દ્રો મળવાપાત્ર છે તથા તેની સામે ઉક્ત સ્થિતિએ કેટલા મંજૂર કરવામાં આવ્યા, અને કેટલી ઘટ છે, અને | (૨) મળવાપાત્ર - ૪૫૫<br>મંજૂર - ૪૩૫<br>ઘટ - ૨૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) નવા પેટા આરોગ્ય કેન્દ્રોના સ્થળો નક્કી કરતાં સમયે આ બાબતે પણ વિચારણા કરવામાં આવશે. |

---------

### ફતેપુરા તાલુકાના સાગડાપાડા-આફવા રોડને પહોળો કરવા બાબત

* ૨૯૧૨૧ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સાગડાપાડા આફવા રોડને પહોળો કરવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે ૨૦૧૬-૧૭ના વર્ષમાં કેટલી રકમ ઉક્ત સ્થિતિએ મંજુર કરેલ છે, અને | (૨) ૮.૦૦ કિ.મી. લંબાઈ માટે રૂા. ૩૬૦.૦૦ લાખ મંજૂર |
| (૩) ઉક્ત સ્થિતિએ કામ કયા તબક્કે છે ? | (૩) પ્રગતિ હેઠળ. |

---------

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

### જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના નોનપ્લાન રસ્તાઓ

* ૩૦૮૬૩ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : તા. ૨–૩–૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્નક્રમાંકઃ ૨૨૯૮૨ (અગ્રતા ૨૩) ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના અનુક્રમે વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫માં ૧૯ તથા ૧૦ દરખાસ્તો નોનપ્લાન રસ્તાઓ કે ગ્રામ્ય માર્ગોને પેવર સપાટીના બનાવવાની સરકાર કક્ષાએ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પડતર હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત દરખાસ્તો પૈકી કેટલી દરખાસ્તો તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ મંજુર કરવાની બાકી છે અને તેના શા કારણો છે, અને

(૩) ઉક્ત તમામ દરખાસ્તો ક્યાં સુધીમાં મંજુર કરી ઉક્ત રસ્તાઓ ડામર સપાટીના બનાવવામાં આવશે ?

જવાબ

(૧) ના, જી.

(૨) અને (૩) : ૨૯ રસ્તાની ૧૩ દરખાસ્ત મળેલ જે પૈકી મંજુર પાંચ રસ્તાઓ બનતી ત્વરાએ અને બાકીના ૨૪ રસ્તાઓ તાંત્રિક જરૂરીયાત, અગ્રતાક્રમ અને બજેટ જોગવાઈ અનુસાર.

---------

### વલસાડ જિલ્લામાં રસ્તાઓને જોબ નંબર આપવા

* ૩૦૪૫૭ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ધરમપુર સબ ડીવીઝનમાં સમાવિષ્ટ ધરમપુર અને કપરાડા તાલુકામાં તાલુકાવાર કઈ યોજના અંતર્ગત કેટલા રસ્તાઓને જોબ નંબર આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા રસ્તાના કામ પુર્ણ થયેલ છે અને કેટલાના બાકી છે ?

જવાબ

(૧) ધરમપુર તાલુકો

| યોજના | જોબ નંબરની સંખ્યા |
|---|---|
| નોર્મલ બજેટ | ૧ |
| ટ્રાયબલ બજેટ | ૨૮ |
| સી.આર.એફ. | ૧ |
| ખાસ મરામત | ૧૩ |

(૨) કપરાડા તાલુકો

| યોજના | જોબ નંબરની સંખ્યા |
|---|---|
| ટ્રાયબલ બજેટ | ૩૩ |
| ખાસ મરામત | ૧૦ |
| કિસાનપથ | ૧ |

ધરમપુર તાલુકામાં ૨૩ કામો પુર્ણ, ૪ કામો પ્રગતિમાં, ૧૧ કામ ટેન્ડર તબક્કે, ૧ કામ ડીટીપી તબક્કે, ૪ કામ નકશા અંદાજ તબક્કે છે. કપરાડા તાલુકામાં ૧૫ કામ પુર્ણ, ૧૯ કામો પ્રગતિમાં, ૨ કામ ટેન્ડર તબક્કે, ૩ કામ વર્ક ઓર્ડર તબક્કે અને ૫ કામ નકશા અંદાજ તબક્કે છે.

---------

### નડીયાદ સિવિલ હોસ્પીટલમાં આરોગ્ય તપાસના સાધનો

* ૩૦૪૦૨ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ નડીયાદ સિવિલ હોસ્પીટલમાં આરોગ્ય વિષયક તપાસના કેટલા સાધનો

જવાબ

(૧) (૧) નડીયાદ સિવિલ હોસ્પીટલમાં આરોગ્ય વિષયક તપાસના તમામ સાધનો ચાલુ હાલતમાં છે.

અને કેટલા સોનોગ્રાફી મશીનો બંધ હાલતમાં છે, અને

(૨) સોનોગ્રાફી મશીન કુલ–૩ છે. જેમાંથી બે મશીન ચાલુ હાલતમાં છે તથા એક મશીન બંધ હાલતમાં છે.

(૨) કેટલા સમયમાં ઉક્ત સાધનોની મરામત કામગીરી પુર્ણ કરી પુનઃ કાર્યરત કરવામાં આવશે ?

(૨) બંધ સોનોગ્રાફી મશીનની રીપેરીંગ અંગેની કાર્યવાહી જી.એમ.એસ.સી.એલ., ગાંધીનગર દ્વારા ચાલુ છે. જે પુર્ણ થયેથી પુનઃ કાર્યરત કરવામાં આવશે.

---------

બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફની ઘટ

* ૩૦૧૮૪ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કયા સ્ટાફની સંવર્ગવાર કેટલા સમયથી ઘટ છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર ઘટ અંગેની વિગત દર્શાવતું *પત્રક–અ સામેલ છે. |
| (૨) ઉક્ત ઘટ પુરાવા ઉક્ત સ્થિતિએ શા પગલા લેવામાં આવ્યા છે, અને | (૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૨ની જગ્યાઓ ભરવા માટે દર અઠવાડિયે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. ડ્રાઈવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ માટે આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવે છે. |
| (૩) ઉક્ત ઘટ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) જે તે સંવર્ગ માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ધોળકા તાલુકાનો ચલોડાથી ચંડીસર રસ્તો પહોળો કરવા બાબત

* ૨૯૧૨૦ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૬–૧૭ ધોળકા તાલુકાના ચલોડાથી ચંડીસર રસ્તાને પહોળો કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) અંદાજ બનાવવાની પ્રક્રિયા હેઠળ |
| (૩) ઉક્ત કામ માટે કેટલો ખર્ચ થશે ? | (૩) અંદાજીત રૂા. ૧૫૬.૦૦ લાખ |

---------

હિંમતનગર–ઈડર–ખેડબ્રહ્મા–અંબાજી–આબુરોડને ચાર માર્ગીય કરવાનું આયોજન

* ૨૯૧૨૮ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ હિંમતનગર–ઈડર–ખેડબ્રહ્મા–અંબાજી–આબુરોડ રસ્તો કિ.મી. ૭૯–૩ થી ૧૦૩–૦ (ખેરેજ–અંબાજી) ને ચાર માર્ગીય કરવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) હા જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો ઉક્ત કામ માટે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૬૧.૯૦ કરોડ |

---------

રાજ્યમાં સ્ટેટ એક્ષપર્ટ એપ્રેઝલ કમિટી દ્વારા એન્વાયરમેન્ટ ક્લીયરન્સની અરજીઓ

* ૨૯૧૦૨ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧–૦૧–૨૦૧૬ થી ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬ દરમ્યાન રાજ્યમાં સ્ટેટ એક્ષપર્ટ એપ્રેઝલ કમિટી દ્વારા એન્વાયરમેન્ટ ક્લીયરન્સની કેટલી અરજી સ્ટેટ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટીને ચકાસણી કરી ભલામણ માટે મોકલવામાં આવી, અને | (૧) ૫૫૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ સ્ટેટ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી દ્વારા ઉક્ત પૈકી કેટલી અરજીઓનો વર્ષ ૨૦૧૬ દરમ્યાન નિકાલ કરવામાં આવ્યો ? | (૨) ૫૩૦ |

---------

ખોરાક પ્રયોગશાળા દ્વારા ખોરાકના નમૂનાઓની ચકાસણી

* ૨૯૪૪૩ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હસ્તકની ખોરાક પ્રયોગશાળા દ્વારા અને સને ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ખોરાકના કેટલા નમુનાઓની ચકાસણી કરવામાં આવી, | (૧) કુલ–૯૯૫૪ નમૂનાઓ. |
| (૨) ઉકત પૈકી ૨૦૧૬ના વર્ષ દરમિયાન કેટલા નમુનાઓ અનસેફ માલુમ પડ્યા, અને | (૨) ૫૦ નમૂનાઓ. |
| (૩) સન ૨૦૧૬ના વર્ષમાં અનસેફ/સબસ્ટાન્ડર્ડ/ મીસબ્રાન્ડેડ નમુનાઓમાં શું કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ૧. અનસેફ થયેલા નમુનાઓમાં કોર્ટ રાહે કાર્યવાહી કરવામાં આવી છે.<br>૨. સબસ્ટાન્ડર્ડ અને મીસબ્રાન્ડેડના કિસ્સામાં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, ૨૦૦૬ હેઠળ એડજ્યુડીકેટીંગ અરજી કરવામાં આવી છે. |

---------

સાવલી તાલુકાના ચાંપાનેર–કંબોલા ઘંટીયાળ રોડની રીસરફેસ કરવા બાબત

* ૨૯૧૨૪ શ્રી કેતન ઈનામદાર (સાવલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સાવલી તાલુકાના ચાંપાનેર કંબોલા ઘંટીયાળ આદલવાડા ધનોરા રોડને રીસરફેસ કરવાનું સરકારનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૨૦૧૬–૧૭ના વર્ષમાં ઉકત કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૨૧૧.૨૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કામ ક્યા તબક્કે છે ? | (૩) વર્ક ઓર્ડર તબક્કે. |

---------

વ્યારા તાલુકામાં લખાણી–વડપાડા–રાણીઆંબા કોતરો પર પુલ બનાવવા બાબત

અતારાંકિત પ્રશ્નો

* ૨૮૫૦૪ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ વ્યારા તાલુકાના લખાણી–વડપાડા–રાણીઆંબા કોતરો પર પુલ બનાવવા સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી દરખાસ્ત મળી, અને<br>(૨) ઉકત પુલ બનાવવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૧) અને (૨) દરખાસ્ત મળેલ નથી અને હયાત કોઝવે હોઈ પુલ બનાવવા માટે હાલ આયોજન નથી. |

---------

અમદાવાદ શહેર અને જિલ્લામાં ચાયનીઝ/સીન્થેટીક/કાચ મિશ્રીત દોરી અને તુક્કલના ઉપયોગ પર પ્રતિબંધ

* ૨૮૯૫૫ શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં પતંગ માટે વપરાતી ચાઈનિઝ પ્રકાર/સીંન્થેટીક/કાચપાવડર મિશ્રીતદોરી અને તુક્કલના ઉત્પાદન/ખરીદવેચાણ અને ઉપયોગ કરવા પર વન અને પર્યાવરણ વિભાગે સને ૨૦૧૦ થી કાનૂની પ્રતિબંધ મુક્યો છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી.<br>વન અને પર્યાવરણ વિભાગ દ્વારા પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ–૫ હેઠળ તા.૧૬–૧૨–૨૦૧૦, તા.૨૧–૧૦–૨૦૧૧, તા.૨૯–૧૨–૨૦૧૬ ના રોજ દરેક મ્યુનિ.કમિશ્નરશ્રીઓ અને દરેક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓને પાકકાદોરા, કે જે પ્લાસ્ટીક અથવા આ પ્રકારના સિન્થેટીક મટીરીયલમાંથી બનાવવામાં આવે છે, જેને સામાન્યતઃ ચાઈનિઝ દોરીના નામે ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ અટકાવવા માટે જરૂરી આદેશો કરવામાં આવેલ છે.<br>જયારે તુક્કલથી થતા આગ જન્ય, સ્વાસ્થય તથા પર્યાવરણ સબંધિત સમસ્યાઓને ધ્યાને લઈ તુક્કલનો ઉપયોગ અટકાવવા દરેક પોલિસ કમિશ્નરશ્રીઓ, મ્યુનિ.કમિશ્નરશ્રીઓ અને જિલ્લા કલેકટરશ્રીઓને તા.૦૨–૦૭–૨૦૧૫ ના રોજ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ–૫ હેઠળ જરૂરી આદેશો કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તે અન્વયે અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલી ચાયનીઝ પ્રકાર/સીન્થેટીક/કાચપાવડર મિશ્રીતદોરી તથા તુક્કલો પકડી પાડવામાં આવ્યા અને તે અન્વયે કેટલા સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી ? | (૨) અમદાવાદ શહેર અને જિલ્લામાં ચાઈનીઝ પ્રકાર/ સિન્થેટીક/કાચ પાઉડર મિક્ષીત દોરી તથા ટુક્કલો પોલીસ દ્વારા પકડવામાં આવેલ છે જે સંદર્ભે કુલ ૯૫ કેસો કરવામાં આવેલ છે. જેમાં ૯૪ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ છે અને ૧ આરોપી વિરૂધ્ધ જી.પી.એકટની કલમ ૧૧૩, ૧૧૭ અને ૧૩૧ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. જે વિદિત થવા વિનંતી છે. |

---------

પાદરા તાલુકાનો લતીપુર–રેણુ–સાધી રોડ પહોળો કરવા બાબત

* ૨૯૧૦૩ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ પાદરા તાલુકાના લતીપુર–રેણુ–સાધી રોડ સરકાર પહોળો કરવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમ ઉકત કામ માટે મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૪૦૫.૦૦ લાખ. |

(૩) ઉકત સ્થિતિએ કામ કયા તબક્કે છે ?

(૩) વર્ક ઓર્ડર તબક્કે.

---------

રાજ્યમાં ''ચાઈના ઈમ્પોટેડ પ્લાસ્ટિક રાઈસ'' બાબત

* ૨૮૧૧૯ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ચાઈના ઈમ્પોટેડ પ્લાસ્ટિક રાઈસ પકડાયાના કેટલા કિસ્સા નોંધાયા, અને

(૨) સદર કિસ્સાઓમાં કેટલા કસૂરવાર સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) કોઈ કિસ્સા નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

છોટા ઉદેપુર જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી

* ૨૯૧૦૯ શ્રી મોતીલાલ વસાવા (ડેડિયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં વર્ષ ૨૦૧૧ ની વસ્તી પ્રમાણે કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે તથા તેની સામે કેટલા મંજુર કરવામાં આવ્યા, અને કેટલી ઘટ છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૫ (પાંચ) નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

(૨) છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૧ ની વસ્તી પ્રમાણે મળવાપાત્ર, મંજૂર અને ઘટની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| મળવાપાત્ર સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૧૩ |
| મંજૂર સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૧૨ |
| ઘટ | ૧ |

ઘટવાળા છોટાઉદેપુર તાલુકામાં ૧ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ આવેલ હોવાથી સામુહિક આરોગ્ય કેન્દ્રની ઘટ રહેતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહીસાગર જિલ્લામાં મહી નદીનો કડાણા સરસવાને જોડતો બ્રીજ

* ૨૯૬૮૭ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં સંતરામપુરથી કડાણા અને સરસવાને જોડતા રસ્તા ઉપર મહી નદીમાં કડાણા પાસે બ્રિજ બાંધવાનું કામ ચાલુ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો ઉકત બ્રિજ બાંધવાની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી અને કેટલા સમયમાં પુરી કરવાની શરતે કઈ એજન્સીને કામ આપવામાં આવેલ છે,

(૩) જો સમય મર્યાદામાં ઉકત કામ થતું ન હોય તો શાં પગલાં લીધાં, અને

(૪) ઉકત બ્રિજ બાંધવા પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) તા.૮-૩-૨૦૧૬ના આ કામનો વર્ક ઓર્ડર આશિષ કન્સ્ટ્રકશન કંપની, અમદાવાદને આપેલ છે. કામની સમય મર્યાદા ૧૮ માસ છે.

(૩) ઈજારદારના કારણોસર થયેલ ધીમી પ્રગતિ માટે નોટીસ આપેલ છે.

(૪) અંદાજે રૂ.૩૫૫૨.૦૮ લાખ.

---------

ફાલ્ગુન ૧૮, ૨૦૩૮ શાકે

# અતારાંકિત પ્રશ્નો

## કલ્પસર યોજના

* ૨૮૫૪૫ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજના બનાવવા અંગેનો નિર્ણય સરકારે ક્યારે લીધેલ છે, | (૧) કલ્પસર યોજનાના શકયતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરીને સરકારે તા.૨૨–૦૧–૨૦૦૩ ના રોજ વહીવટી મંજુરી આપેલ છે. |
| (૨) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ ઉકત યોજના પાછળ કુલ થયેલ ખર્ચ કેટલો છે, અને | (૨) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ ઉકત યોજના પાછળ યોજનાના શકયતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી પાછળ કુલ રૂ.૯૪.૨૬ કરોડનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ યોજના ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) યોજના માટેના શકયતાદર્શી અહેવાલ તૈયાર કરાવવા માટેના જરૂરી અભ્યાસો, પરિક્ષણો પૂર્ણ થયેથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી શક્ય તેટલી જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## રાજ્યમાં શાળાના બાળકોના ગંભીર બીમારીના સારવારનો ખર્ચ

* ૨૯૦૯૩ શ્રી ભૂષણ ભટ્ટ (ખાડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન ગંભીર બિમારી ધરાવતા બાળકોને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવાર (દવાઓ સાથે) નો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સારવાર દરમ્યાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે કે કેમ ? | (૨) ના, જી. |

## રાજ્યમાં મેડીકલ પોસ્ટ ગ્રેજ્યુએટની બેઠક

*૨૮૮૦૨ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં મેડીકલની પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી)ની કેટલી બેઠકો છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં મેડીકલની પોસ્ટ ગ્રેજ્યુટ (પીજી)ની કુલ–૧૫૪૯ બેઠકો છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી બેઠકો વધારવામાં આવી ? | (૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ બેઠકોમાં વધારો થયેલ છે. |

| શૈક્ષણિક વર્ષ | વધારવામાં આવેલ બેઠકો |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૨૬ |
| ૨૦૧૬–૧૭ | ૩૮ |

---------

## વડોદરા જિલ્લાની નગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ગ્રાન્ટ

* ૨૯૧૪૨ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ દરમ્યાન કેટલી ગ્રાન્ટ વર્ષવાર ફાળવવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન રૂ. ૧૨.૫૦ કરોડ અને વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન રૂ. ૮.૫૦ કરોડ ફાળવેલ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અન્વયે કેટલા કામો મંજુર થયેલ છે અને કેટલા કામો પુર્ણ થયેલ છે ?

(૨) – વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૪૬ કામો મંજૂર અને ૧૧૯ કામો પૂર્ણ થયેલ છે.
– વર્ષ ૨૦૧૬–૧૭માં ૪૧ કામો મંજૂર અને ૨૭ કામો પૂર્ણ થયેલ છે.

---------

દેવભૂમિ દ્વારકા જીલ્લાના સીએચસી કેન્દ્રોમાં ફીઝીયોથેરાપીસ્ટની ઉપલબ્ધ સારવાર

* ૨૯૧૦૫ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જીલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં છેલ્લા એક વર્ષમાં ફિઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઉક્ત સ્થિતિએ આ સારવાર ઉપલબ્ધ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જીલ્લાના તમામ ૪ (ચાર) સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ફિઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ છે.

---------

વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

* ૨૯૧૪૮ શ્રીમતી મનીષાબેન વકીલ (વડોદરા–શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ટી.બી.ના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

(૩) ઉક્ત ટી.બી. ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) છેલ્લા એક વર્ષમાં ઉક્ત જીલ્લામાં તાલુકાવાર ટીબીના દર્દીઓ સારવાર હેઠળ નીચે મુજબ નોંધાયેલ છે.

| તાલુકા | નોંધાયેલ દર્દીઓ |
|---|---|
| વડોદરા | ૫૩૦ |
| ડભોઈ | ૩૪૨ |
| પાદરા | ૩૮૩ |
| કરજણ | ૨૫૬ |
| શિનોર | ૧૦૩ |
| સાવલી | ૩૬૧ |
| ડેસર | ૧૫૮ |
| વાઘોડીયા | ૩૨૭ |
| કુલ | ૨૪૬૦ |

(૩) ઉક્ત ટીબી ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા વડોદરા જીલ્લામાં જીલ્લા ક્ષય કેન્દ્ર, મેડીકલ કોલેજ, ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર અને નોન ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર ખાતે નિદાન અને સારવાર પુરી પાડવામાં આવે છે. તાલીમબધ્ધ લેબ. ટેકનીશ્યન ધ્વારા ગળફાની તપાસ કરવામાં આવે છે. ઉપરાંત તાલીમબધ્ધ ડોટસ પ્રોવાઈડર (આશા) ધ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકુળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મુલ્યે પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

ફાલ્ગુન ૧૮, ૨૦૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નો

---------

ખેડા તાલુકા સેવા સદન નવા બાંધકામ માટે મંજુરી

* ૨૯૧૨૭ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૫–૧–૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લાના ખેડા ખાતે તાલુકા સેવા સદનના નવીન મકાનના બાંધકામ માટે મંજુરી મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત અન્વયે કેટલી રકમની મંજુરી મળેલ છે ? | (૨) રૂ. ૧૩૯૭.૦૦ લાખ |

---------

કપડવંજ અંતિસર ખડોલ રસ્તાનું ડામરકામ

* ૨૮૫૧૪ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ અંતિસર ખડોલ રસ્તાનું ડામર કામ છેલ્લે ક્યારે કરવામાં આવ્યું, અને | (૧) વર્ષ ૨૦૦૪–૦૫ માં |
| (૨) ઉક્ત રસ્તાને ઉક્ત સ્થિતિએ ડામરનું પેવર કામ કરવા માટે છેલ્લા એક વર્ષમાં સરકારને કેટલી દરખાસ્તો/માંગણીઓ મળી અને તે અન્વયે સરકારે શા પગલા લીધા ? | (૨) ઉક્ત રસ્તાને પહોળો કરી ડામર કરવા ૧ (એક) દરખાસ્ત મળેલ, હયાત ડામર સપાટી વાહન વ્યવહાર યોગ્ય હોઈ હાલ કોઈ આયોજન નથી. |

---------

ખોરાક પ્રયોગશાળા દ્વારા ખોરાકના નમૂનાઓની ચકાસણી

* ૨૯૪૪૪ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હસ્તકની ખોરાક પ્રયોગશાળા દ્વારા અને સને ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ખોરાકના કેટલા નમુનાઓની ચકાસણી કરવામાં આવી, | (૧) ૯૩૩૫ નમૂનાઓ |
| (૨) ઉક્ત પૈકી ૨૦૧૬ના વર્ષ દરમિયાન કેટલા નમુનાઓ અનસેફ માલુમ પડ્યા, અને | (૨) ૫૦ નમૂનાઓ |
| (૩) સન ૨૦૧૬ના વર્ષમાં અનસેફ/સબસ્ટાન્ડર્ડ/ મીસબ્રાન્ડેડ નમુનાઓમાં શું કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ૧. અનસેફ થયેલા નમુનાઓમાં કોર્ટ રાહે કાર્યવાહી કરવામાં આવી છે.<br>૨. સબસ્ટાન્ડર્ડ અને મીસ બ્રાન્ડેડના કિસ્સામાં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, ૨૦૦૬ હેઠળ એડજ્યુડીકેટીંગ અરજી કરવામાં આવી છે. |

---------

પંચમહાલ જીલ્લામાં સીએચસી કેન્દ્રોમાં ફીઝીયોથેરાપીસ્ટની ઉપલબ્ધ સારવાર

* ૨૯૧૦૮ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જીલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં છેલ્લા એક વર્ષમાં ફિઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો ઉક્ત જીલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઉક્ત સ્થિતિએ આ સારવાર ઉપલબ્ધ છે ?

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જીલ્લાના ૧૩ સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકી ૮ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ફિઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ છે.

---------

### વલસાડના ફલધરા ગામનો સીમેન્ટ કોંક્રીટનો રસ્તો

* ૨૯૧૨૩ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ તાલુકાના ફલધરા ગામમાં સીમેન્ટ કોંક્રીટ રસ્તો બનાવવા વર્ષ ૨૦૧૬-૧૭માં આયોજન હાથ ધરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજુર કરેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂા. ૧૦૦.૦૦ લાખ

---------

### પાલનપુર તાલુકામાં નિકાસલક્ષી ઔધ્યોગિક એકમોને વેટના નાણાનું રીફંડ

* ૩૦૮૫૬ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં આવેલ નિકાસલક્ષી ઔધ્યોગિક એકમો પૈકી કેટલા એકમોને તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ કયા વર્ષના વેટના નાણાનું કેટલું રીફંડ ચૂકવવાનું બાકી છે ?

જવાબ

૩ (ત્રણ) એકમોને વર્ષ ૨૦૧૬-૧૭નું રૂ. ૧૧.૧૭ કરોડનું રીફંડ ચૂકવવાનું બાકી છે.

---------

### ભાવનગર જિલ્લામાં તબીબી અધિકારી વર્ગ-૨ વગરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૯૦૮૫ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે,

(૨) ઉકત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ ની જગ્યા ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ભરવા સરકાર દ્વારા શું પગલાં ભરવામાં આવેલા છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ-૪૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે.

(૨) ઉકત સ્થિતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ ની કુલ-૪૪ જગ્યા મંજુર થયેલ છે.

ઉકત સ્થિતિએ એકપણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ ની જગ્યા ખાલી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### મહેસાણા જિલ્લાના તબીબી અધિકારી વર્ગ-૨ વગરના આરોગ્ય કેન્દ્રો

* ૨૯૦૮૮ શ્રી નારાયણભાઈ પટેલ (વિસનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કુલ-૧૪ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે. *પત્રક સામેલ છે.)

પ ત્ર ક

| તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મંજુર અને કાર્યવિંત સામુહિક આરોગ્ય કેન્દ્રોની માહિતી | | | |
|---|---|---|---|
| જિલ્લો | તાલુકા | ક્રમ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું |

| | | | નામ |
|---|---|---|---|
| મહેસાણા | બેચરાજી | ૧ | બેચરાજી |
| | જોટાણા | ૨ | જોટાણા |
| | કડી | ૩ | કડી |
| | | ૪ | કલ્યાણપુરા |
| | | ૫ | નંદાસણ |
| | | ૬ | થોળ |
| | ખેરાલુ | ૭ | ખેરાલુ |
| | મહેસાણા | ૮ | લાંઘણજ |
| | સતલાસણા | ૯ | સતલાસણા |
| | ઉંઝા | ૧૦ | કહોડા |
| | વિજાપુર | ૧૧ | વિજાપુર |
| | | ૧૨ | કોલવડા |
| | | ૧૩ | કુકરવાડા |
| | વિસનગર | ૧૪ | ઉદલપુર |

(૨) ઉકત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ની સેવા ઉપલબ્ધ નથી, અને

(૨) મહેસાણા જિલ્લાના તમામ–૧૪ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે તબીબી અધિકારી વર્ગ–૨ ની સેવાઓ ઉપલબ્ધ છે.

(૩) ઉકત સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી આધિકારી વર્ગ–૨ ની સેવા ઉપલબ્ધ કરવા શું પગલા ભરવામાં આવેલ છે ?

(૩) તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે તબીબી અધિકારી વર્ગ–૨ ની સેવાઓ ઉપલબ્ધ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમ છતાંય રાજ્યમાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે નીચે મુજબનાં પગલાં ભરવામાં આવે છે.

(૧) રાજ્ય સરકારશ્રી હસ્તકની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી બોન્ડેડ તબીબોને તબીબી અધિકારી વર્ગ–૨ ની ખાલી જગા ઉપર નિમણુંક આપવામાં આવે છે.

(૨) ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ તબીબોને બોન્ડેડ તરીકે કમિશ્નરશ્રી, કક્ષાએથી નિમણૂંક આપવા જણાવતા બોન્ડેડ તબીબ પાસેથી પસંદગીના સ્થળ મેળવી સ્થળ ઉપર જ નિમણુંક આદેશો આપી દેવાની કાર્યવાહી હાથ ધરીને તાત્કાલીક તબીબ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

(૩) કમિશ્નરશ્રી (આરોગ્ય) ગાંધીનગરની કચેરી ખાતે દર સપ્તાહે એડહોક વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે તે ઈન્યરવ્યુમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા તબીબોને ઈન્ટરવ્યુ લઈને તેઓની પસંદગી કરીને કરારના ધોરણે નિમણૂંક આપવામાં આવે છે.

(૪) ૧૧ માસ કરારના ધોરણે નિમણૂંક આપવાની સત્તા કમિશ્નરશ્રી કચેરીને ગત વર્ષે આપવામાં આવેલ છે. તે મુજબ હાલ દર મંગળવારે ઉપસ્થિત રહેતા તબીબોની પસંદગીનું સ્થળ મેળવીને શકયતઃ પસંદગીના સ્થળે નિમણૂંક આપતા આદેશ ઈન્ટરવ્યુના દિવસે જ રૂબરૂમાં આપવામાં આવે છે. આમ કરવાના કારણે નિમણૂંક આપતા તબીબો ફરજના સ્થળે હાજર થવાની સંખ્યા ઘણી સારી રહેલ છે. જેના કારણે છેલ્લા એક વર્ષમાં ખાલી જગ્યાની સંખ્યામાં ઘણો ઘટાડો થવા પામેલ

તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

છે.

---------

છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાએ જવાના રસ્તાઓ

* ૨૭૦૬૫ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૧–૨૦૧૭ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં ગામતળથી પ્રાથમિક શાળાએ જવાના રસ્તા બનાવવા માટેની તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી આવી, | (૧), (૨) અને (૩) છોટાઉદેપુર તાલુકાની–૬૯, કવાંટ તાલુકાની–૧૬ માંગણી મળેલ જે ચકાસણી અર્થે ક્ષેત્રિય કચેરીમાં પરત કરેલ છે. જે આવ્યેથી આંતરીક અગ્રતાક્રમ, સ્થળસ્થિતિની જરૂરીયાત અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર. |
| (૨) ઉકત પૈકી કેટલી માંગણીઓ મંજુર કરવામાં આવી, અને | |
| (૩) મંજુર થયેલ ઉકત માંગણીઓ અન્વયે કામગીરી ક્યારે શરૂ થશે ? | |

---------

સુરત જિલ્લાની તરસાડી નગરપાલિકામાં નાણાકીય થયેલ ઉચાપત બાબત

* ૩૦૮૯૨ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લાની તરસાડી નગરપાલિકામાં નાણાકીય ઉચાપત અને હિસાબોમાં અનિયમિતતાની કેટલી ફરીયાદો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી, અને | (૧) ચાર. |
| (૨) ઉકત મળેલ ફરીયાદ અન્વયે સરકારે કેટલા જવાબદારો સામે શા પગલા લીધા ? | (૨) આ ચાર અરજીઓ સંદર્ભે તપાસની કામગીરી પ્રાંત અધિકારી, માંડવીને સોંપવામાં આવેલ છે. જેઓના તપાસ અહેવાલ આધારે કાર્યવાહી કરવામાં આવશે. |

---------

રાજકોટ જિલ્લામાં તબીબી અધિકારી વર્ગ–૨ વગરના સામુહિંક આરોગ્ય કેન્દ્રો

* ૨૯૦૮૯ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ–૧૩ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે. |
| (૨) ઉકત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની સેવા ઉપલબ્ધ નથી, અને | (૨) ૧ (એક). |
| (૩) ઉકત જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની સેવાઓ ઉપલબ્ધ કરવા શું પગલા ભરવામાં આવેલ છે ? | (૩) સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની સેવાઓ ઉપલબ્ધ કરવા માટે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પસંદ થયેથી નિમણૂંક આપી તેમની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. |

---------

દસક્રોઈ તાલુકાના મહીજડા–ઘરોડા રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૯૧૩૯ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૬-૧૭ ના વર્ષમાં દસક્રોઈ તાલુકાના મહીજડા વસઈ રોડથી મહીજડા-ઘરોડા રસ્તાને પહોળો કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હયાત કાચા રસ્તાને ડામર સપાટીનો કરવા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૨૪૧.૫૦ લાખ મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત પ્રક્રિયા કયા તબક્કે છે ? | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

## આશા વર્કર બહેનોને માસિક વેતન

* ૩૦૭૯૪ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ આરોગ્ય કાર્યક્રમ હેઠળ કામ કરતી આશા વર્કર બહેનોને માસિક કેટલું વેતન આપવામાં આવે છે, અને | (૧) આશાને કોઈપણ પ્રકારનું વેતન આપવામાં આવતુ નથી. પરંતુ તેણે કરેલ કામગીરીના આધારે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ નિયત કરેલ પ્રોત્સાહક રકમ (ઈન્સેન્ટીવ) આપવામાં આવે છે. |
| (૨) ઉકત માસિક વેતનમાં વધારો કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## પેટ્રોલીયમ પેદાશોની રોયલ્ટી

* ૩૦૩૮૭ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાંથી નિકળતા પેટ્રોલીયમના બદલામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રોયલ્ટી કેન્દ્ર સરકાર તરફથી મળવાપાત્ર થાય છે, | (૧) રોયલ્ટી ચુકવવાની જવાબદારી જે તે કંપનીની રહે છે. કેન્દ્ર સરકાર તરફથી રોયલ્ટી ચુકવવામાં આવતી નથી. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી રોયલ્ટી મળેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત બાકી નિકળતી રોયલ્ટીની રકમ સત્વરે મળે તે માટે રાજ્ય સરકારે શા પ્રયાસો કર્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## ખેડા અને આણંદ જિલ્લાના સામુહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજુર મહેકમ

* ૨૮૫૧૭ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,<br>(૨) તે પૈકી ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આવેલ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ખેડાની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું *પત્રક-અ અને ખેડા જિલ્લામાં આવેલ નડિયાદની ડિસ્ટ્રીકટ હોસ્પિટલ તથા આણંદ જિલ્લામાં આવેલ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ પેટલાદની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું *પત્રક-અ-૧ સામેલ છે.<br>ખેડા તથા આણંદ જિલ્લામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું *પત્રક-બ સામેલ છે. |

## અતારાંકિત પ્રશ્નો

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમ દર્શાવતું *પત્રક-ક સામેલ છે.

(૩) ઉકત સ્થિતિએ ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જે તે સંવર્ગવાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### રાજ્યમાં કાર્યરત ફીઝીયોથેરાપીસ્ટ કોલેજો

* ૨૯૧૪૪ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ફીજીયોથેરાપીસ્ટ કોલેજો કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી ફીઝીયોથેરાપીસ્ટ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ રાજ્યમાં ફીઝીયોથેરાપીસ્ટ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ૭૫ ફિઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ નવી ફિઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી.

| ક્રમ | શૈક્ષણિક વર્ષ | મંજુર થયેલ કોલેજોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૫-૧૬ | ૨૦ |
| ૨ | ૨૦૧૬-૧૭ | ૨૩ |

(૩) ઉકત સ્થિતિએ રાજ્યમાં ફિઝ્યોથેરાપીસ્ટ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ નીચે મુજબ સીટોમાં વધારો થયો.

| ક્રમ | શૈક્ષણિક વર્ષ | વધેલ સીટોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૫-૧૬ | ૧૦૧૦ |
| ૨ | ૨૦૧૬-૧૭ | ૧૩૩૦ |

---------

### સાબરકાંઠા જિલ્લામાં તબીબી અધિકારી વર્ગ-૨ વગરના સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૯૦૭૯ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર-ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ ઉપલબ્ધ નથી, અને

(૩) ઉક્ત જગ્યાએ ઉક્ત સ્થિતિએ તબીબી અધિકારી વર્ગ-૨ની સેવા ઉપલબ્ધ કરવા શું પગલા ભરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કુલ-૧૪ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે.

(૨) તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ ઉપલબ્ધ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

* ૨૯૧૪૯ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ટી.બી.ના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

જવાબ

(૧) હા, જી.

(૨) છેલ્લા એક વર્ષમાં ઉક્ત જીલ્લામાં તાલુકાવાર ટી.બી.ના દર્દીઓ સારવાર હેઠળ નીચે મુજબ નોંધાયેલ છે.

| તાલુકા | નોંધાયેલ દર્દીઓ |
|---|---|

| | |
|---|---|
| પડધરી | ૮૮ |
| લોધીકા | ૧૧૮ |
| જસદણ | ૨૧૯ |
| વિંછીયા | ૧૪૭ |
| ધોરાજી | ૨૫૭ |
| જામકંડોરણા | ૭૫ |
| રાજકોટ ગ્રામ્ય | ૨૪૮ |
| કોટડાસાંગાણી | ૧૮૫ |
| ગોંડલ | ૨૭૦ |
| જેતપુર | ૩૨૭ |
| ઉપલેટા | ૧૯૮ |
| કુલ | ૨૧૩૨ |

(૩) ઉક્ત ટી.બી. ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા ઉક્ત સ્થિતિએ સરકારે શી વ્યવસ્થા કરી છે?

(૩) ઉક્ત ટી.બી. ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા રાજકોટ જિલ્લામાં જીલ્લા ક્ષય કેન્દ્ર, મેડીકલ કોલેજ, ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડેઝીગ્નેટેડ માઇક્રોસ્કોપી સેન્ટર અને નોન ડેઝીગ્નેટેડ માઇક્રોસ્કોપી સેન્ટર ખાતે નિદાન અને સારવાર પુરી પાડવામાં આવે છે. તાલીમબધ્ધ લેબ.ટેક્નીશ્યન દ્વારા ગળફાની તપાસ કરવામાં આવે છે. ઉપરાંત તાલીમબધ્ધ ડોટસ પ્રોવાઈડર (આશા) દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકુળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મુલ્યે પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

---------

## પાટણ જિલ્લાના સીએચસી કેન્દ્રોમાં ફીઝીયોથેરાપીસ્ટની ઉપલબ્ધ સારવાર

* ૨૯૧૦૭ શ્રી રજનીકાન્ત પટેલ (બેચરાજી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં છેલ્લા એક વર્ષમાં ફીઝીયોથેરા-પીસ્ટની સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત જીલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઉક્ત સ્થિતિએ આ સારવાર ઉપલબ્ધ છે ? | (૨) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લાના ૧૫ સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકી ૧૩ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ફીઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ છે. |

---------

## મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ પાકા ડામર રસ્તાઓથી ન જોડાયેલા ગામો

* ૨૯૮૫૪ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ પાકા ડામર રસ્તાઓથી ન જોડાયેલા ૫૦૦ કરતાં વધારે વસ્તીવાળા ગામોની સંખ્યા કેટલી છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામોને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાથી જોડવાનુ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત ગામોને ડામરના રસ્તાથી જોડવા માટે કોરવેર વર્કમાં સમાવેશ | (૧), (૨) અને (૩)મહેસાણા જિલ્લામાં ૫૦૦ કરતા વધારે વસ્તી વાળા ગામો પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાથી જોડવાના બાકી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

કરાવવા સરકારે શાં પગલા લીધા?

---------

બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ

* ૨૮૪૯૮ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા–૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કુટુંબને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ અપાયો, અને

(૨) તે અન્વયે કેટલા લાભાર્થીઓને ઉક્ત લાભ આપવાનો બાકી છે ?

જવાબ

(૧)

| તાલુકા | લાભ આપેલ કુટુંબની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૧૨,૨૭૫ |
| ભાભર | ૭,૧૨૦ |
| દાંતા | ૨૩,૦૨૮ |
| દાંતીવાડા | ૮,૪૪૪ |
| ડીસા | ૨૬,૧૯૩ |
| દીઓદર | ૯,૫૧૮ |
| ધાનેરા | ૭,૨૬૪ |
| કાંકરેજ | ૧૬,૯૯૨ |
| પાલનપુર | ૨૪,૧૩૦ |
| થરાદ | ૧૨,૯૨૧ |
| વડગામ | ૨૧,૭૧૯ |
| વાવ | ૧૩,૩૯૦ |
| કુલ | ૧,૮૨,૯૯૪ |

(૨) નોંધણી કરાવવા આવેલ તમામ પાત્રતા ધરાવતા બી.પી.એલ. લાભાર્થીને લાભ આપેલ છે. કોઈ બાકી નથી.

---------

રાજ્યમાં કાર્યરત ડેન્ટલ કોલેજો

*૨૯૧૪૫ શ્રી રણજીત ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ડેન્ટલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં ડેન્ટલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ૧૩ ડેન્ટલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી.

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં ડેન્ટલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ સીટોમાં વધારો થયેલ નથી.

---------

મોરબી ધુળકોટ બાણગંગા–કોચલી રોડ ઉપરના નાળાનું બાંધકામ

* ૨૯૧૨૬ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં મોરબી તાલુકામાં મોરબી ધુળકોટ બાણગંગા–કોચલી રોડમાં ખૂટતા નાળા નું બાંધકામ સરકાર કરવા માગે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત કામ પેટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ કયા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૨૫૦.૦૦ લાખ

(૩) નકશા અંદાજોની પ્રક્રિયામાં

## અતારાંકિત પ્રશ્નો

### જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર મહેકમ

* ૩૦૧૨૧ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વીસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં નીચે મુજબ સંવર્ગવાર કુલ–૪૦૧નું મહેકમ મંજુર કરવામાં આવેલ છે.

| સંવર્ગ | મંજુર થયેલ જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૨૦ |
| વર્ગ–૨ | ૪૦ |
| વર્ગ–૩ | ૧૮૮ |
| વર્ગ–૪ | ૧૫૩ |
| કુલ | ૪૦૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે. અને કેટલી જગાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) તે પૈકી કૂલ–૨૦૨ જગ્યાઓ ભરાયેલ છે. તે અંગેનું સંવર્ગવાર *પત્રક–અ આ સાથે સામેલ છે. અને ૧૯૯ જગ્યાઓ ખાલી છે. ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તે અંગેનું સંવર્ગવાર *પત્રક–૧ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) જનરલ હોસ્પિટલ જુનાગઢ અગાઉ તબીબી સેવાઓ હસ્તક હતી અને તબીબી સેવાઓ દ્વારા હોસ્પિટલ ખાતે મહેકમ મંજુર કરવામાં આવેલ હતું. આ હોસ્પિટલને જીએમઈઆરએસના નિયમ–૩ હેઠળ તબદીલ કરી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તરીકે ફેરવવામાં આવેલ હોવાથી તેમજ એમસીઆઈ. ના ધારાધોરણો પ્રમાણે મંજુર કરવામાં આવેલ જગ્યાઓ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, જુનાગઢ ખાતે ભરવાની હોવાથી તબીબી વિભાગની સિવિલ હોસ્પિટલ, જુનાગઢની જગ્યાઓ હવે ભરવાની રહેતી નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### રાજ્યનું જાહેર દેવું

* ૩૦૮૧૪ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, અને

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દેવા પેટે કેટલી મુદ્દલ રકમ ચુકવવાની બાકી છે અને કેટલુ વ્યાજ ચુકવવાનું થાય છે?

(૨)

| નાણાકીય વર્ષ | જાહેર દેવા પેટે ચૂકવવાની બાકી મુદ્દલ રકમ (રૂ. કરોડમાં) | જાહેર દેવા પેટે ચૂકવવાનું વ્યાજ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ | ૧૪૪૯૫ |

---------

### કાલાવાડ–વંથલી–ફલ્લા રોડને પહોળો કરવા બાબત

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

* ૨૯૧૨૯ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ જામનગર જિલ્લાના કાલાવાડ–વંથલી–ફલ્લા રસ્તાની કિ.મી.૧૨/૦ થી કિ.મી.૩૮/૪ ની ૨૬.૦૪ કિ.મી. લંબાઈમાં રસ્તાને પહોળો કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત કામ માટે અંદાજીત કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) હાજી

(૨) રૂ.૧૭૫૦.૦૦ લાખ.

---------

ભાવનગર જિલ્લામાં સરકારી દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ

* ૩૦૯૫૦ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર થયેલ સંવર્ગવાર કુલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત જગ્યાએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ મહુવાની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–અ અને સરકારી હોસ્પિટલ પાલીતાણાની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–અ–૧, સામુહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–બ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–ક સામેલ છે.

(૩) જે તે સંવર્ગની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

દાહોદ જિલ્લાનો માંડાવાવા–ટાંડા સ્ટેટ હાઈવે

* ૨૯૭૪૧ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના માંડાવાવા–ટાંડા સ્ટેટ હાઈવે જર્જરીત હાલતમાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત રોડની મરામત કામગીરી કરવા સરકારે છેલ્લે ક્યારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) : ના જી.

આ રસ્તાની કિ.મી. ૦/૦ થી ૦/૫ની લંબાઈ દાહોદ નગરપાલિકા હસ્તક છે. જ્યારે માર્ગ અને મકાન વિભાગ હસ્તકની લંબાઈમાં થયેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

| ચેઈનેજ | અદ્યતન પરિસ્થિતિ |
|---|---|
| કિ.મી. ૦/૫૦૦ થી ૨/૦૮ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ |
| કિ.મી. ૨/૦૮ થી ૪/૧૨૦ | વર્ષ ૨૦૧૨–૧૩માં કામગીરી પૂર્ણ |
| કિ.મી. ૪/૧૨૦ થી ૬/૨૦૦ | વર્ષ ૨૦૧૩–૧૪માં કામગીરી પૂર્ણ |
| કિ.મી. ૬/૨૦૦ થી ૮/૦૦ | વર્ષ ૨૦૧૫–૧૬માં કામગીરી પૂર્ણ |
| કિ.મી. ૮/૦૦ થી ૧૦/૫૦૦ | વર્ષ ૨૦૧૫–૧૬માં કામગીરી પૂર્ણ |
| કિ.મી. ૧૦/૫૦૦ થી | કામ પ્રગતિમાં |

| | |
|---|---|
| ૧૩/૫૦૦ | |
| કિ.મી. ૨/૦૮૦ થી ૬/૨૦૦ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ |
| કિ.મી. ૧૩/૫૦૦ થી ૨૨/૦૦ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ |

---------

## કચ્છ જિલ્લામાં મંજૂર નવા પેટા આરોગ્ય કેન્દ્રો

* ૨૯૦૯૨ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે, | (૧) ૧૫૦ |
| (૨) ઉક્ત જિલ્લામાં વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા પેટા કેન્દ્રો મળવાપાત્ર છે તથા તેની સામે ઉક્ત સ્થિતિએ કેટલા મંજૂર કરવામાં આવ્યા, અને કેટલી ઘટ છે, અને | (૨) મળવા પાત્ર – ૪૫૫<br>મંજૂર – ૪૩૫<br>ઘટ – ૨૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) નવા પેટા આરોગ્ય કેન્દ્રોના સ્થળો નક્કી કરતાં સમયે આ બાબતે પણ વિચારણા કરવામાં આવશે. |

---------

## સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યાઓ

* ૨૯૦૮૨ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ–૫૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે. |
| (૨) ઉક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે, | (૨) ઉક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની કુલ–૯૧ જગ્યાઓ મંજુર થયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એમ.બી.બી.એસ. તબીબો ઉપલબ્ધ ન હોય તેવા કેટલા કેન્દ્રો છે, અને | (૩) ઉક્ત સ્થિતિએ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એમ.બી.બી.એસ. તબીબ ઉપલબ્ધ છે. |
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકાર દ્વારા શું પગલાં ભરવામાં આવેલ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી લેણી રકમ

* ૩૦૧૬૧ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત કયા રાજ્યો પાસેથી રાજ્ય સરકારે કેટલી રકમો લેણી છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન પાસેથી નીચે મુજબની રકમ લેણી છે જેમાં વિવાદિત અને બિનવિવાદિત બન્ને રકમોનો સમાવેશ થાય છે. |

(રકમ રૂા. કરોડમાં)

| રાજ્ય | તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત સરકારે લેવાની થતી રકમ |
|---|---|
| મધ્યપ્રદેશ | ૩૭૯૮.૧૭ |
| મહારાષ્ટ્ર | ૧૨૮૧.૦૨ |
| રાજસ્થાન | ૫૫૮.૩૭ |
| કુલ રકમ | ૫૬૩૭.૫૬ |

## અતારાંકિત પ્રશ્નો

(૨) ઉક્ત પૈકી વિવાદિત અને બિનવિવાદિત પેટેની કુલ કેટલી રકમ લેવાની થાય છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કુલ રૂા. ૫૬૩૭.૫૬ કરોડ રકમ ભાગીદારી રાજ્યો પાસેથી લેવાની બાકી નીકળે છે તે રકમ પૈકી વિવાદિત અને બિન વિવાદિત પેટેની લેવાની રકમ નીચે મુજબ છે.

(રકમ રૂા. કરોડમાં)

| રાજ્ય | વિવાદીત રકમ | બિનવિવાદીત રકમ |
|---|---|---|
| મધ્યપ્રદેશ | ૨૭૦૪.૩૮ | ૧૦૯૩.૭૯ |
| મહારાષ્ટ્ર | ૧૨૮૧.૦૨ | --- |
| રાજસ્થાન | ૪૮૩.૮૭ | ૭૪.૫૦ |
| કુલ રકમ | ૪૪૬૯.૨૭ | ૧૧૬૮.૨૯ |

(૩) ઉક્ત બાકી નીકળતી રકમ મેળવવા માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લે બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ઉક્ત બાકી નીકળતી રકમ મેળવવા માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- સસનનિલિ દ્વારા ભાગીદાર રાજ્યોના સંબંધિત વિભાગો/કચેરીઓને નિયમિતપણે બાકી રકમની ચુકવણી કરવા દર માસના અંતે પત્રો લખવામાં આવે છે તેમજ ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) દ્વારા મહારાષ્ટ્ર તેમજ મધ્યપ્રદેશ રાજ્યના અધિક મુખ્ય સચિવશ્રીઓને તા. ૦૮-૦૯-૨૦૧૫ તથા તા. ૨૯-૦૨-૨૦૧૬થી તથા રાજસ્થાન રાજ્યના અગ્ર સચિવશ્રીને તા. ૨૯-૨-૨૦૧૬થી બાકી રહેલા ફાળાની રકમ જમા કરાવવા માટે પત્રો લખવામાં આવેલ છે.
- તાજેતરમાં, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) દ્વારા મહારાષ્ટ્ર તેમજ મધ્યપ્રદેશ રાજ્યના અધિક મુખ્ય સચિવશ્રીઓને તથા રાજસ્થાન રાજ્યના અગ્ર સચિવને તા. ૧૫-૦૨-૨૦૧૭ના રોજ બાકી રહેલા ફાળાની રકમ જમા કરાવવા માટે પત્ર લખવામાં આવેલ છે.
- સરદાર સરોવર કન્સ્ટ્રકશન એડવાઈઝરી કમિટિની મિટિંગ નં. ૮૩ અને ૮૪મી બેઠકોમાં આ સંદર્ભમાં જરૂરી રજુઆતો કરવામાં આવેલ હતી.
- પુનઃસ્થાપન અને પુનઃવસવાટ ખર્ચના વિવાદ નિવારણ અંગે ગુજરાત સરકાર દ્વારા સદરહુ બાબતે ભારત સરકારશ્રીના એર્ટની જનરલ સમક્ષ રજુઆત કરવા અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

---------

### રાજ્યમાં ઉત્પાદિત સિમેન્ટનું આંતર રાજ્ય વેચાણ દ્વારા થતી વેટની આવક

* ૨૯૪૩૬ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યમાં સિમેન્ટ ઉદ્યોગ દ્વારા અન્ય રાજ્યોમાં બ્રાંચ ટ્રાન્સફર અને આંતર રાજ્ય વેચાણ દ્વારા થતા વેચાણથી રાજ્યની વેટની આવકો ઓછી થાય છે તે હકીકત

(૧) સિમેન્ટ ઉદ્યોગ દ્વારા ઉત્પાદિત થતા માલ પૈકી તમામ માલનો વપરાશ ગુજરાત રાજ્યમાં થતો ન હોઈ ઉદ્યોગ દ્વારા અન્ય રાજ્યમાં પરપ્રાંત વેચાણ દ્વારા તેમજ

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સાચી છે કે કેમ, અને

પરપ્રાંતમાં પોતાની બ્રાંચ કે એજન્ટને બ્રાંચ ટ્રાન્સફરથી માલ તબદીલ કરવામાં આવે છે, જે કાયદાની જોગવાઇઓ અનુસાર છે.

(૨) નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં સિમેન્ટ ઉદ્યોગ દ્વારા આંતર રાજ્ય વેચાણ તેમજ બ્રાંચ ટ્રાન્સફરની વિગતે રાજ્યની વેટની આવક ઓછી થતી અટકાવવા રાજ્ય સરકારે કઈ સિમેન્ટ કંપની સામે શી કાર્યવાહી કરી ?

(૨) પરપ્રાંત વેચાણ તથા બ્રાંચ ટ્રાન્સફરના વ્યવહારોની માલની મૂવમેન્ટ, મેળવેલ ધારાકીય ફોર્મ્સ, પેમેન્ટના પુરાવા વગેરેની ચકાસણી કરવામાં આવે છે.

---------

જુનાગઢ જીલ્લામાં આવેલ સરકારી મેડીકલ કોલેજોમાં મંજુર થયેલ સીટો

* ૩૦૪૩૫ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં આવેલ સરકારી મેડીકલ કોલેજમાં કેટલી બેઠકો મંજુર થયેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં આવેલ જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, જુનાગઢમાં ૧૫૦ બેઠકો મંજુર થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મેડીકલ કોલેજમાં બેઠકો વધારવા માટે રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે કે પગલાં લીધેલ છે, અને | (૨) ના, જી. હાલના તબક્કે આયોજન થયેલ નથી પરંતુ ભવિષ્યમાં સર્વગ્રાહી વિચારણા સમયે આ બાબત ધ્યાને લેવામાં આવશે. |
| (૩) જો હા, તો કેટલી સીટો ક્યારથી વધારવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમદાવાદ શહેરના વિકાસ માટે ગ્રાન્ટની ફાળવણી

* ૨૮૫૪૪ શ્રી શૈલેશ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરના વિકાસ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૬૩૫ કરોડ તથા વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૪૯૯.૯૬ કરોડની ગ્રાન્ટ મળી કુલ રૂ. ૧૧૩૪.૯૬ કરોડ અમદાવાદ શહેરના વિકાસ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલી રકમ વણવપરાયેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૫૧૩.૮૨ કરોડનો ખર્ચ થયેલ જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૮૩.૯૪ કરોડનો ખર્ચ થયેલ છે.<br>- વર્ષ ૨૦૧૫-૧૬માં વણવપરાયેલ રકમ રૂ. ૧૨૧.૧૮ કરોડ<br>- વર્ષ ૨૦૧૬-૧૭માં વણવપરાયેલ રકમ રૂ. ૩૯૬.૨૧ કરોડ |
| (૩) ઉક્ત ફાળવેલ રકમ વણવપરાયેલ રહી હોય તો તેના શા કારણો છે ? | (૩) - વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૧૨૧.૧૮ કરોડ વણવપરાયેલ છે, જે રૂ. ૨૨૬.૫૪ કરોડના કામો પ્રગતિમાં છે તે પેટે ખર્ચ થનાર છે.<br>- વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૩૯૬.૨૧ કરોડ વણવપરાયેલ છે. જે પૈકી રૂ. ૩૮૪.૨૧ કરોડના કામો પ્રગતિમાં છે તે પેટે ખર્ચ થનાર છે. જ્યારે બાકી રહેતી રકમ "સરખેજ-રોપડા તળાવના કામ" માટે ખર્ચ થનાર છે જેનું પઝેશન અમદાવાદ મહાનગરપાલિકા હસ્તક લેવા માટેની કાર્યવાહી પ્રગતિમાં |

---------

ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો

* ૨૯૯૧૩ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જીલ્લામાં કુલ ૭ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ મુખ્ય તાલુકાઓમાં આવેલ છે.

- ભાવનગર – ૪ સીએનજી સ્ટેશનો
- તળાજા – ૧ સીએનજી સ્ટેશન
- ઘોઘા – ૧ સીએનજી સ્ટેશન
- શિહોર – ૧ સીએનજી સ્ટેશન

તે ઉપરાંત વર્ષ ૨૦૧૬–૧૭માં ભાવનગર જીલ્લાના પાલિતાણા ખાતે ૧ સીએનજી સ્ટેશન બાંધકામ હેઠળ છે. આગામી વર્ષ ૨૦૧૭–૧૮માં ભાવનગર જીલ્લામાં ભાવનગર શહેર, મહુવા, ગારિયાધાર તેમજ ઉમરાલા ખાતે વધુ નવા ૬ સીએનજી સ્ટેશન ઊભા કરવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જીલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ભાવનગર વિસ્તારમાં વરતેજ, ચિત્રા દુઃખી શ્યામ સર્કલ, વર્તેજ, ભાવનગર રોડ, તળાજા, ઘોઘા વિસ્તારમાં માસ્મા, શિહોર શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

આણંદ જિલ્લામાં તાલુકાવાર ચિરંજીવી યોજનાના બી.પી.એલ તથા એ.પી.એલ. લાભાર્થીઓ

* ૨૯૮૭૨ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ચિરંજીવી યોજના અંતર્ગત વર્ષવાર કેટલા બી.પી.એલ. તથા એ.પી.એલ. લાભાર્થીઓને કેટલો લાભ મળ્યો, અને

જવાબ

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ચિરંજીવી યોજના અંતર્ગત એકપણ એ.પી.એલ. લાભાર્થીને લાભ મળેલ નથી. બી.પી.એલ. લાભાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ૧–૨–૧૫ થી ૩૧–૧–૧૬ | ૧–૨–૧૬ થી ૩૧–૧–૧૭ |
|---|---|---|
| આણંદ | ૧૭૪ | ૨૬૩ |
| આંકલાવ | ૦ | ૦ |
| બોરસદ | ૦ | ૦ |
| ખંભાત | ૭૦ | ૧૧૩ |
| તારાપુર | ૦ | ૦ |
| પેટલાદ | ૦ | ૧૮ |
| સોજીત્રા | ૦ | ૦ |
| ઉમરેઠ | ૪૩ | ૦ |
| કુલ | ૨૮૭ | ૩૯૪ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સહાય ચુકવાઈ અને કેટલી રકમ ચુકવવાની બાકી છે ?

(૨) ચિરંજીવી યોજના અંતર્ગત એકપણ એ.પી.એલ. લાભાર્થીને લાભ મળેલ નથી. તેથી સહાયનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બી.પી.એલ. લાભાર્થીઓને છેલ્લા બે વર્ષમાં ચુકવાયેલ રકમની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ચુકવેલ રકમ | | ચુકવવાની બાકી રકમ |
|---|---|---|---|
| | ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ | ૧-૨-૧૬ થી ૩૧-૧-૧૭ | ૧-૨-૧૬ થી ૩૧-૧-૧૭ |
| આણંદ | ૬૬૧૨૦૦ | ૯૯૯૪૦૦ | ૦ |
| આંકલાવ | ૦ | ૦ | ૦ |
| બોરસદ | ૦ | ૨૫૭૬૦૦૦ | ૦ |
| ખંભાત | ૨૬૬૦૦૦ | ૪૨૯૪૦૦ | ૦ |
| તારાપુર | ૦ | ૦ | ૦ |
| પેટલાદ | ૦ | ૬૮૪૦૦ | આ સ્થિતિએ ચુકવવાની બાકી રકમ રૂ.૨,૨૮,૦૦૦/- માહે ફેબ્રુઆરી ૨૦૧૭માં ચુકવાઈ ગયેલ છે. |
| સોજીત્રા | ૦ | ૦ | |
| ઉમરેઠ | ૧૪૮૪૦૦ | ૦ | |

---------

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

### રાસાયણિક ખાતર પર લેવાતો વેટ

* ૩૦૩૫૨ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર ઉપર કેટલો વેટ લેવામાં આવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર વેટ પેટે સરકારને કેટલી આવક થઈ ?

જવાબ

(૧)

| વિગત | વેટ |
|---|---|
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪% + ૧% વધારાનો વેરો |
| રાસાયણિક ખાતર (પુનઃ વેચાણ) | માફી |

(૨)

| વર્ષ | રકમ રૂ.કરોડમાં |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૧૧૬.૬૪ |
| તા.૧–૪–૨૦૧૬ થી તા.૩૧–૧–૨૦૧૭ | ૮૨.૮૬ |

---------

### નર્મદા યોજના અન્વયે રાજ્યો પાસેથી બાકી લેણાની રકમ

* ૨૮૪૬૨ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા યોજના અન્વયે ક્યા રાજ્યો પાસેથી રાજ્ય સરકારે કેટલી રકમ લેવાની થાય છે,

(૨) તે પૈકી વિવાદિત અને બિનવિવાદિત લેણાં પેટેની કુલ કેટલી રકમ છે, અને

(૩) ઉકત બાકી નીકળતી રકમ મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા ઉકત સ્થિતિએ છેલ્લે બે વર્ષમાં શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન પાસેથી નીચે મુજબની રકમ લેવાની થાય છે જેમાં વિવાદિત અને બિનવિવાદિત બન્ને રકમોનો સમાવેશ થાય છે.

(રકમ રૂ.કરોડમાં)

| રાજ્ય | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત સરકારે લેવાની થતી રકમ |
|---|---|
| મધ્યપ્રદેશ | ૩૭૯૮.૧૭ |
| મહારાષ્ટ્ર | ૧૨૮૧.૦૨ |
| રાજસ્થાન | ૫૫૮.૩૭ |
| કુલ રકમ | ૫૬૩૭.૫૬ |

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કુલ રૂ.૫૬૩૭.૫૬ કરોડ રકમ ભાગીદાર રાજ્યો પાસેથી લેવાની બાકી નીકળે છે તે રકમ પૈકી વિવાદિત અને બિન વિવાદિત લેણા પેટેની રકમ નીચે મુજબ છે.

(રકમ રૂ.કરોડમાં)

| રાજ્ય | વિવાદીત રકમ | બિન વિવાદીત રકમ |
|---|---|---|
| મધ્યપ્રદેશ | ૨૭૦૪.૩૮ | ૧૦૯૩.૭૯ |
| મહારાષ્ટ્ર | ૧૨૮૧.૦૨ | –– |
| રાજસ્થાન | ૪૮૩.૮૭ | ૭૪.૫૦ |
| કુલ રકમ | ૪૪૬૯.૨૭ | ૧૧૬૮.૨૯ |

(૩) ઉકત બાકી નીકળતી રકમ મેળવવા માટે સરકાર દ્વારા ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- સસનનિલિ દ્વારા ભાગીદાર રાજ્યોના સંબંધિત

વિભાગો/કચેરીઓને નિયમિતપણે બાકી રકમની ચુકવણી કરવા દર માસના અંતે પત્રો લખવામાં આવે છે તેમજ ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) દ્વારા મહારાષ્ટ્ર તેમજ મધ્યપ્રદેશ રાજ્યના અધિક મુખ્ય સચિવશ્રીઓને તા.૦૮-૦૯-૨૦૧૫ તથા તા.૨૯-૦૨-૨૦૧૬ થી તથા રાજસ્થાન રાજ્યના અગ્ર સચિવશ્રીને તા.૨૯-૦૨-૨૦૧૬ થી બાકી રહેલા ફાળાની રકમ જમા કરાવવા માટે પત્રો લખવામાં આવેલ છે.

- તાજેતરમાં, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) દ્વારા મહારાષ્ટ્ર તેમજ મધ્યપ્રદેશ રાજ્યના અધિક મુખ્ય સચિવશ્રીઓને તથા રાજસ્થાન રાજ્યના અગ્ર સચિવને તા.૧૫-૦૨-૨૦૧૭ ના રોજ બાકી રહેલા ફાળાની રકમ જમા કરાવવા માટે પત્ર લખવામાં આવેલ છે.
- સરદાર સરોવર કન્સ્ટ્રકશન એડવાઈઝરી કમિટિની મિટિંગ નં.૮૩ અને ૮૪મી બેઠકોમાં આ સંદર્ભમાં જરૂરી રજુઆતો કરવામાં આવેલ હતી.
- પુનઃસ્થાપન અને પુનઃવસવાટ ખર્ચના વિવાદ નિવારણ અંગે ગુજરાત સરકાર દ્વારા સદરહું બાબતે ભારત સરકારશ્રીના એર્ટની જનરલ સમક્ષ રજુઆત કરવા અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

---------

ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ

* ૨૯૧૩૫ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, | (૧) ૧,૨૭,૧૭૧ કાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) ઉકત જિલ્લામાં ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજુર કરવામાં આવ્યા, અને | (૨) ૨,૨૮૩ દાવાઓ મંજુર કર્યા. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં પ્રીમીયમ પેટે કેટલી રકમ ચુકવેલ છે ? | (૩) રૂ.૨,૫૦,૩૧,૦૫૮/- ચુકવેલ છે. |

---------

રાજ્યમાં ખેલ મહાકૂંભ પાછળ ખર્ચ

* ૨૮૪૯૬ શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેલમહાકૂંભ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉકત સ્થિતિએ કેટલા ખેલાડીઓએ ઉકત ખેલ મહાકૂંભમાં ભાગ લીધો ?

જવાબ

(૧) અને (૨)

| ક્રમ | થયેલ ખર્ચ (રૂપિયા) | ભાગ લીધેલ ખેલાડીઓ |
|---|---|---|
| ખેલ મહાકુંભ-૨૦૧૫ | ૫૯,૫૫,૬૮,૭૧૯/- | ૨૪,૬૪,૦૮૩ |
| ખેલ મહાકુંભ-૨૦૧૬ | ૫૧,૧૩,૪૮,૩૩૬/- | ૩૦,૬૪,૩૨૯ |

---------

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### રાજ્યમાંથી આંતર રાજ્ય કક્ષાએ નકલી દવાનું રેકેટ

* ૨૯૪૪૦ શ્રી મુકેશ પટેલ (ઓલપાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં રાજ્યમાંથી આંતરરાજ્ય કક્ષાએ નકલી દવા અંગેનું રેકેટ પકડી પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ આ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) છેલ્લા છ માસમાં રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મે.એસ.આર.એન્ટરપ્રાઈઝ, સરખેજ, અમદાવાદ તથા મે.શ્રધ્ધા હેલ્થ કેર, શાહીબાગ, અમદાવાદ ખાતે નકલી દવાઓ બાબતે દરોડા પાડેલ અને આ નકલી દવાઓ અન્વયે સને ૧૯૪૦ નો ઔષધ અને સૌદર્ય પ્રસાધન ધારા હેઠળ દવાઓના નમૂનાઓ લીધેલ અને અન્ય બાકી રહેલ દવાઓનો જથ્થો જપ્ત કરેલ છે. જેની અંદાજિત કિંમત આશરે રૂ.૫૧.૦૦ લાખ થાય છે. આ અંગે બન્ને પેઢીઓ સામે જે તે હદની પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. દાખલ કરવામાં આવેલ છે.<br>તપાસમાં આ નકલી દવાઓની ખરીદી મે.યોગિની ફાર્મા, ગ્લાલીયર, મધ્યપ્રદેશ ખાતેથી કરેલ છે તેવું ધ્યાને આવતાં ડ્રગ કંટ્રોલર મધ્યપ્રદેશને વધુ તપાસ અર્થે જાણ કરવામાં આવેલ છે. તેમજ સમગ્ર કાર્યવાહીની જાણ ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઈન્ડિયા, નવી દિલ્હીને કરેલ છે. |

---------

### ખંભાળિયા તાલુકાના રસ્તાઓને ડામર કરવા બાબત

* ૩૦૮૬૧ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : તા.૧૦–૩–૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૪૪૮૩ (અગ્રતા–૧૩૪) ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ–દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના લાલપરડા થી લાલુકા અને લાલપરડા થી રેંટા કાલાવડના રસ્તા તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાડામાર્ગ હતા તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો અનુક્રમે ઉકત એક ગામથી બીજા ગામને તથા એક તાલુકાથી બીજા તાલુકાને જોડતો ગાડા માર્ગને ડામર સપાટીના પાકા કરવા તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સરકારે કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, | (૨), (૩) અને (૪) હાલમાં કોઈ આયોજન નથી. |
| (૩) જો હા, તો ઉકત કામગીરી ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | |
| (૪) તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે ? | |

---------

### રાજ્યમાં સ્ટેટ ફુડ સેફટી એપેલેટ ટ્રીબ્યુનલની સ્થાપના

* ૨૯૪૪૨ શ્રી કાંતીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## અતારાંકિત પ્રશ્નો

(૧) રાજ્યમાં 'સ્ટેટ ફુડ સેફટી એપેલેટ ટ્રીબ્યુનલ' સ્થાપવામાં આવેલ છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો તે ક્યા ક્યા સ્થળોએ આવેલી છે, અને

(૨) ફુડ સેફટી એપેલેટ ટ્રીબ્યુનલ, બ્લોક નં.૮, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે એક જ સ્થળે આવેલી છે.

(૩) સન ૨૦૧૬માં વર્ષમાં આ ટ્રીબ્યુનલમાં કેટલી અપીલો થયેલ છે ?

(૩) ૧૪૫

---------

### ધરમપુર નગરપાલિકાના ભૂગર્ભ ગટર યોજનાના કામો

* ૨૮૫૦૩ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વલસાડ જિલ્લાની ધરમપુર નગરપાલિકામાં છેલ્લા બે વર્ષમાં ભુગર્ભ ગટર યોજના ક્યારે મંજૂર કરી,

(૧) છેલ્લા બે વર્ષ અગાઉ ભુગર્ભ ગટર યોજના મંજૂર કરેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉકત સ્થિતિએ ઉકત કાર્યવાહી ક્યા તબક્કે છે અને કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૨) ભુગર્ભ ગટર યોજના અંતર્ગત ભાગ–૧ સ્યૂચર કલેકટીંગ સિસ્ટમ તથા આનુંસાંગિક કામો તા.૩૧–૧૨–૧૬ના રોજ પૂર્ણ થયેલ છે અને ભાગ–૨ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)ની કામગીરી શરૂ થયેથી બે વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

### દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પાનમથી ઝોલીયા ફળિયા રસ્તાનું કામ

* ૩૦૮૮૭ શ્રીમતી ચંદ્રિકાબેન બારીઆ (ગરબાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પાનમ ગામેથી ઝોલીયા ફળીયા બોર્ડર સુધી રસ્તાનું કામ સને ૨૦૧૫–૨૦૧૬ માં મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત રસ્તાનું કામ શરૂ કરવામાં આવેલ નથી તેના કારણો શાં છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### સાપુતારા ખાતે આવેલ રમત–ગમત સંકુલ

* ૩૦૯૩૩ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય રમત–ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે આવેલ રમતગમત સંકુલના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવી, અને

(૧)

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | રૂ.૨૪૫.૧૨ |
| ૨૦૧૬–૧૭ | રૂ.૩૮૫.૦૦ |

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | રૂ. ૩.૭૦ |
| ૨૦૧૬–૧૭ (જાન્યુઆરી–૨૦૧૭ સુધી) | રૂ.૧૪૬.૪૦ |

---------

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### અમદાવાદ–રાજકોટ રસ્તાને સિકસ લેન કરવા બાબત

***** ૨૯૬૯૭ શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુ (રાજકોટ) **:** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ–રાજકોટ રસ્તાને સિકસ લેન કરવાનો છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત કાર્યવાહી ક્યા તબક્કે છે, અને<br>(૩) કેટલા ખર્ચે અને ક્યા સુધીમાં ઉકત કામગીરી પૂર્ણ કરવામાં આવશે ? | (૨) અને (૩) ડી.પી.આર.ની કામગીરી પૂર્ણ થયેલ છે. રૂ.૩૪૮૮.૫૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. કામ વહેલી તકે ચાલુ કરવા માટેની કાર્યવાહી ચાલી રહી છે. |

–––––––––

### અમદાવાદ શહેરની પડતર ટી.પી. સ્કીમો

***** ૨૮૫૦૯ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) **:** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ટાઉન પ્લાન (ટી.પી.) સ્કીમોની મંજુરી માટેની અમદાવાદ શહેરની કેટલી દરખાસ્તો સરકારમાં પડતર છે, | (૧) ૯૧ |
| (૨) ઉકત પડતર દરખાસ્તો પૈકી કેટલી દરખાસ્તો ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને | (૨) ૧૦ |
| (૩) ઉકત દરખાસ્તોની મંજુરી નહી આપવાના કારણો શા છે અને કેટલા સમયમાં ઉકત મંજુરીઓ આપવામાં આવશે? | (૩) કુલ–૯૧ નગર રચના યોજનાઓ પૈકી ૪૩ મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ, ૪૨ પ્રારંભિક નગર રચના યોજનાઓ અને ૬ અંતિમ નગર રચના યોજનાઓ પડતર છે જેમાં,<br>(અ) ૪૩ મુસદ્દારૂપ નગર રચના યોજનાઓની મંજૂરી નહીં આપી શકવાના કારણો નીચે મુજબ છેઃ–<br>(૧) સત્તામંડળ દ્વારા હયાત બાંધકામમાં રીઝર્વેશન દર્શાવેલ હોવાથી અમલીકરણમાં બાધારૂપ હોઈ, સત્તામંડળની સ્પષ્ટતા મંગાવવાથી.<br>(૨) કપાતનું ધોરણ એકસમાન ન રાખેલ હોય તેવા કિસ્સામાં સત્તામંડળ પાસેથી વિગતો મંગાવવાની હોવાથી.<br>(૩) રજૂઆતો અન્વયે સત્તામંડળ પાસેથી અભિપ્રાય મંગાવવાને લીધે.<br>(૪) હયાત નદી, નાળાં, રસ્તાની જગ્યામાં અન્યને અંતિમખંડની જમીન ફાળવેલ હોવાથી સત્તામંડળની સ્પષ્ટતા માંગવાને લીધે.<br>(બ) ૪૨ પ્રારંભિક નગર રચનાઓની મંજૂરી નહીં આપી શકવાના કારણો નીચે મુજબ છેઃ–<br>(૧) નગર રચના અધિકારીશ્રી દ્વારા લીધેલ નિર્ણયોથી નારાજ થઈ મળેલ રજૂઆતો અન્વયે નગર રચના અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવવાથી.<br>(૨) મુસદ્દારૂપ નગર રચના યોજના કરતાં, મૂળખંડની કપાતની ટકાવારીમાં મહત્વનો ફેરફાર કરેલ હોય અને અંતિમખંડની ફાળવણીમાં સ્થાનફેર કરેલ હોય, રસ્તારેષામાં ફેરફાર કરેલ હોય તે બાબતોમાં અભિપ્રાય મેળવવામાં સમય પસાર થાય છે. |

(૩) ક્ષેત્રફળમાં વિસંગતતા હોય તેમાં અભિપ્રાય મેળવવા સમય પસાર થાય છે.

(૪) જમીન સંપાદનની વિગતોમાં વિસંગતતા હોઈ, પૂરતી માહિતી/રેકર્ડ ન હોઈ, સમય વ્યતિત થાય છે.

(ક) ૬ અંતિમ નગર રચના યોજનાઓ સરકારશ્રીની વિચારણા હેઠળ રજુ કરેલ છે.

નગર રચના યોજનાઓની મંજૂરીઓ બનતી ત્વરાએ આપવામાં આવશે.

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં દૂધની નકલી બનાવટોનું ઉત્પાદન અને વેચાણ

* ૩૦૭૭૭ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન નકલી દૂધ, નકલી ઘી, નકલી માખણ, નકલી માવો, નકલી પનીરના ઉત્પાદન અને વેચાણ અંગેના કૂલ કેટલા કેસો નોંધાયેલા છે, | (૧) કોઈ કેસો નોંધાયેલ નથી. |
| (૨) તે અન્વયે કૂલ કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત પ્રવૃત્તિને રોકવા ઉકત સમયગાળામાં સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

મહીસાગર જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૮૪૮૦ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં નવા આરોગ્ય કેન્દ્રો ખોલવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં ક્યા સ્થળોએ નવા આરોગ્ય કેન્દ્રો ખોલવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબના નવા આરોગ્ય કેન્દ્રો ખોલવામાં આવેલ છે.

| અ.નં. | આરોગ્ય કેન્દ્રની વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૦૩ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૦૪ |
| | કુલ | ૦૭ |

(૨) સને ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં ૦૧ અને સંતરામપુર તાલુકામાં ૦૧ સામુહિક આરોગ્ય કેન્દ્રની ઘટ છે પરંતુ ઉપરોકત બંન્ને તાલુકામાં સબડીસ્ટ્રીકટ હોસ્પિટલ આવેલ હોવાથી સા.આ. કેન્દ્ર મળવાપાત્ર રહેતુ નથી.

બાલાશીનોર તાલુકામાં ૦૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઘટ છે.

ખાનપુર તાલુકામાં ૦૩ અને વીરપુર તાલુકામાં ૦૧ પેટા આરોગ્ય કેન્દ્રની ઘટ છે.

નવા આરોગ્ય કેન્દ્રોના સ્થળો નક્કી કરતાં સમયે આ બાબતે પણ વિચારણા કરવામાં આવશે.

---------

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### ઈન્ટીગ્રેટેડ ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ સીસ્ટમ બાબતે ફરીયાદો

* ૩૦૧૭૩ શ્રી મહમદ જાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને ઈન્ટીગ્રેટેડ ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ સીસ્ટમ સંબધમાં કેટલી ફરિયાદો/રજૂઆતો મળી,

(૨) ઉકત રજૂઆતો/ફરિયાદો અન્વયે રાજ્ય સરકારે લીધેલા પગલાંની વિગતો શી છે, અને

(૩) તે અન્વયે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ઉકત સ્થિતિએ ટી.સી.એસ. કંપનીને કેટલી રકમ ચુકવી ?

જવાબ

(૧)

| વર્ષ | ફરિયાદો/રજૂઆતોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૫ | ૧૩૧૨ |
| ૨૦૧૬ | ૭૧૬ |

(૨) ઈન્ટીગ્રેટેડ ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ સીસ્ટમનો સર્વગ્રાહી વાર્ષિક જાળવણી કરાર મે.ટી.સી.એસ. કંપનીને સોંપવામાં આવેલ છે જેના ભાગરૂપે મે.ટી.સી.એસ. કંપની દ્વારા આવી તકનીકી રજુઆતો/મુશ્કેલીઓનું નિવારણ કરવામાં આવે છે.

(૩) આવી રજુઆતો/મુશ્કેલીઓનું નિવારણ મે.ટી.સી. એસ. કંપની દ્વારા સર્વગ્રાહી વાર્ષિક જાળવણી કરારના ભાગરૂપે કરવામાં આવતુ હોય, અલગથી આ અન્વયે કોઈ ચુકવણું કરવામાં આવતું નથી.

---------

### અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વેટ અને સેસની આવક

* ૨૮૫૧૯ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેટ અને સેસ વસુલવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી આવક થઈ ?

જવાબ

(૧)

| વિગત | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૪% | ૪% |
| ડીઝલ | ૨૪% | ૪% |
| સી.એન.જી. | ૧૨.૫%+૨.૫% વધારાનો વેરો | – |
| પી.એન.જી. | ૧૨.૫%+૨.૫% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪%+૧% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર (પુનઃ વેચાણ) | માફી | – |

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | અમદાવાદ | | ગાંધીનગર | |
|---|---|---|---|---|
| | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૧૬ સુધી) | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૧૬ સુધી) |
| પેટ્રોલ | ૧૫૮૬.૨૭ | ૧૪૯૮.૪૪ | ૫.૭૯ | ૫.૭૮ |
| ડીઝલ | ૩૪૭૮.૧૪ | ૩૨૮૬.૭૫ | ૦.૮૨ | ૪.૨૮ |
| સી.એન.જી. | ૮૩.૩૦ | ૫૦.૭૦ | ૬૧૧.૩૫ | ૪૨૧.૯૦ |
| પી.એન.જી. | ૯૨.૯૦ | ૪૨.૨૫ | ૪૦૭.૫૭ | ૨૮૧.૨૭ |
| રાસાયણિક ખાતર | ૩૩.૧૫ | ૨૦.૮૨ | ૪૨.૧૦ | ૨૯.૯૮ |

ફાલ્ગુન ૧૮, ૨૦૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નો

---------

જુનાગઢ જનરલ હોસ્પિટલમાં મંજુર થયેલ મહેકમ

* ૩૦૮૬૪ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : તા.૧૦-૩-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૪૪૮૮ (અગ્રતા-૪૬) ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જુનાગઢ જનરલ હોસ્પિટલને તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ જીએમઈઆરએસના નિયંત્રણ હેઠળ તબદીલ કરી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તરીકે ફેરવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ એમ.સી.આઈ. ના ધારા ધોરણ પ્રમાણે મંજુર કરવામાં આવેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, | (૨) તા.૩૧-૧-૨૦૧૭ સ્થિતિએ એમ.સી.આઈ. ના ધારા ધોરણ પ્રમાણે વર્ગ-૧ થી વર્ગ-૪ ની કૂલ-૧૦૦૩ જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે. મંજુર કરવામાં આવેલ જગ્યાઓ પૈકી, ભરેલી જગ્યાઓ અને ક્યારથી જગ્યાઓ ખાલી છે. તેની વિગતો *પત્રક-અ, *પત્રક-બ અને *પત્રક-ક માં આપેલ છે. |
| (૩) આ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને | (૩) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે તથા અન્ય વહીવટી કારણોસર. |
| (૪) તે ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ? | (૪) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ધરમપુર અને કપરાડા તાલુકામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

* ૩૦૪૫૮ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર સબ ડીવીઝનમાં સમાવિષ્ટ ધરમપુર અને કપરાડા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કેટલા સ્ટ્રકચર મંજુર થયેલ છે, | (૧) ધરમપુર તાલુકામાં ૧૧ અને કપરાડા તાલુકામાં ૧૮ મળી કુલ-૨૯. |
| (૨) ઉકત મંજુર થયેલ કામોની ગુણવત્તા સંબધમાં મળેલ ફરીયાદોને ધ્યાને લઈ તેની કવોલીટી કન્ટ્રોલ દ્વારા તપાસ થયેલ છે કે કેમ, અને | (૨) અને (૩) ફરીયાદ મળેલ નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો તે અન્વયે કઈ ખામીઓ જણાઈ આવી ? | |

---------

નડીયાદ સિવિલ હોસ્પિટલનું મંજુર મહેકમ

* ૩૦૪૦૩ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ નડીયાદ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧) *પત્રક મુજબ.

(૨) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

બનાસકાંઠા જિલ્લાના રસ્તાઓનું વાઈડનીંગ કામ

* ૩૦૧૮૬ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રસ્તાઓ વાઈડનીંગ કરવા મંજૂર કરવામાં આવ્યા,

(૧) ૧૬ (સોળ).

(૨) ઉકત પૈકી ઉકત સ્થિતિએ રસ્તાઓનું વાઈડનીંગ શરૂ કરવામાં આવ્યું અને તે ક્યા તબક્કે છે, અને

(૨) ૩ (ત્રણ) રસ્તા પૂર્ણ તથા ૨ (બે) રસ્તા પ્રગતિ હેઠળ.

(૩) ઉકત સ્થિતિએ કેટલા રસ્તા મંજૂર થયા બાદ પણ વાઈડનીંગનું કામ શરૂ કરવામાં આવ્યું નથી અને તેના કારણો શાં છે ?

(૩) ૧૧ વહીવટી પ્રક્રિયા હેઠળ.

---------

બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો

* ૨૯૮૯૯ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જિલ્લામાં કુલ ૫ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.

- બોટાદ – ૩ સીએનજી સ્ટેશનો
- ગઢડા – ૧ સીએનજી સ્ટેશનો
- બરવાળા – ૧ સીએનજી સ્ટેશનો

આગામી વર્ષ ૨૦૧૭-૧૮માં બોટાદ જિલ્લામાં ઢસા ખાતે વધુ એક નવું સીએનજી સ્ટેશન ઊભુ કરવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા બોટાદ વિસ્તારમાં સામઢિયાળા, બોટાદ પાળિયાદ રોડ, બોટાદ સારંગપુર રોડ, ગઢડા, બરવાળા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

વડોદરા પ્રયોગશાળા દ્વારા ઔષધના નમૂનાઓની ચકાસણી

* ૨૯૪૯૧ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ વડોદરા પ્રયોગશાળા દ્વારા સને ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ઔષધના કેટલા નમુનાઓની ચકાસણી કરવામાં આવેલ છે, | (૧) ૧૦૭૨૫ નમુનાઓ |
| (૨) ઉક્ત પૈકી કેટલા નમુનાઓ પ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, | (૨) ૧૦૨૭૪ નમુનાઓ |
| (૩) ઉક્ત પૈકી કેટલા નમુનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને | (૩) ૪૫૧ નમુનાઓ |
| (૪) ઉક્ત સ્થિતિએ સન ૨૦૧૬ના વર્ષમાં અપ્રમાણસર દવાના કિસ્સામાં શું પગલાં લેવામાં આવ્યા ? | (૪) સને ૨૦૧૬ ના વર્ષ દરમિયાન અપ્રમાણસર જાહેર થયેલ દવાના કિસ્સામાં લેવામાં આવેલા પગલાંની વિગતો નીચે મુજબ છે.<br>➢ ૨૪ કિસ્સામાં ઉત્પાદકના પરવાના સ્થગિત કરવામાં આવ્યા.<br>➢ ૧૩૩ કિસ્સામાં પેઢીને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે.<br>➢ અન્ય રાજ્યના ઉત્પાદકોની અપ્રમાણસર દવાના ૨૯૪ કિસ્સાઓમાં જે તે રાજ્યના ઔષધ નિયંત્રકને પગલા લેવા માટે રીફર કરવામાં આવેલ છે. |

---------

વ્યારા તાલુકાના પાકા ડામરના રસ્તાઓ

* ૨૮૫૦૫ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વ્યારા તાલુકાના માર્ગ મકાનના પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ આવેલ છે, અને | (૧) ૬૮ રસ્તાઓ |
| (૨) તે અન્વયે કેટલા રસ્તાઓ પાકા ડામરના બનેલ છે? અને ઉક્ત પૈકી છ વર્ષથી વધુ સમયથી પેવર કામ બાકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલા લીધા? | (૨) ૬૭ ડામર સપાટીના બનેલ છે. છ વર્ષથી વધુ સમયથી રીસરફેસ બાકી હોય તેવા ૩૮ રસ્તાઓ પૈકી ૮ રસ્તાને રીસરફેસીંગ માટે અને ૨ રસ્તાને પહોળા કરી સપાટી સુધારણાના કામો મંજુર કરેલ છે. બાકીના રસ્તા વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. |

---------

સિક્કા નગરપાલિકામાં પાણી પુરૂ પાડવાની યોજના

* ૩૦૮૫૩ શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાની સિક્કા નગરપાલિકા વિસ્તારમાં પાણી પુરૂ પાડવાની બીજા ફેઈઝની બાકીના વિસ્તારોની યોજના તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ સરકારમાં પડતર છે તે હકીકત સાચી છે, | (૧) જામનગર જિલ્લાની સિક્કા નગરપાલિકા વિસ્તારમાં પાણી પુરૂ પાડવાની કોઈ યોજના તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ સરકારમાં પડતર નથી. |
| (૨) જો હા, તો ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યાં તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) ઉક્ત કામગીરી ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

---------

નર્મદા પ્રોજેક્ટ અંતર્ગત મુખ્ય કેનાલ, માઈનોર કેનાલ અને સબ માઈનોર કેનાલ બનાવવાનુ આયોજન

* ૩૦૪૧૮ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ નર્મદા પ્રોજેક્ટ અંતર્ગત કુલ કેટલી લંબાઈની મુખ્ય કેનાલ, માઈનોર, સબ માઈનોર કેનાલ બનાવવાનુ આયોજન છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી ક્યા પ્રકારની કેટલી લંબાઈની કેનાલ બનાવવાનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલું કામ બાકી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ નર્મદા પ્રોજેક્ટ અંતર્ગત મુખ્ય કેનાલ ૪૫૮.૩૨ કી.મી. તથા માઈનોર કેનાલ ૧૫૬૬૯.૯૪ કી.મી. અને સબ માઈનોર કેનાલ ૪૮૩૧૯.૯૪ કી.મી. અંદાજીત લંબાઈમાં બનાવવાનું આયોજન છે.

- મુખ્ય કેનાલના સંપૂર્ણ ૪૫૮.૩૨ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે.
- માઈનોર કેનાલના ૧૨૨૫૦.૪૬ કી.મી. લંબાઈમાં પૂર્ણ થયેલ છે અને અંદાજીત ૩૪૧૯.૪૮ કી.મી. લંબાઈમાં બાકી છે.
- સબ માઈનોર કેનાલના ૨૫૭૪૨.૫૯ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે અને અંદાજીત ૨૨૫૭૭.૩૫ કી.મી. લંબાઈમાં બાકી છે.

---------

સંતરામપુર અને કડાણા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૯૬૮૮ શ્રી ગેંદાલભાઇ ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે,

(૨) ઉક્ત પૈકી ક્યા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પોતાના મકાન છે અને ક્યા કેન્દ્રો પોતાના મકાન સિવાયના મકાનમાં ચાલે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકામાં પોતાના મકાનો નથી તેવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પોતાના મકાનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે?

**જવાબ**

(૧) કુલ-૧૮ (અઢાર) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે.

(૨) જે અંગેની વિગત દર્શાવતું *પત્રક-અ અને *પત્રક-બ સામેલ છે.

(૩) ઉક્ત તાલુકામાં પોતાના મકાનો નથી તેવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ થયેથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શ્રી ગેંદાલભાઇ ડામોર

| પત્રક-અ | | | |
|---|---|---|---|
| મહીસાગર જિલ્લામાં સંતરામપુર અને કડાણા તાલુકામાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પોતાના મકાનની વિગત દર્શાવતુ પત્રક | | | |
| અ.નં. | તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું નામ | મકાનની વિગત |
| ૧ | સંતરામપુર | ચિતવા | પોતાનું મકાન છે. |
| ૨ | સંતરામપુર | ડોળી | પોતાનું મકાન છે. |
| ૩ | સંતરામપુર | ખેડાપા | પોતાનું મકાન છે. |
| ૪ | સંતરામપુર | ચુથાના મુવાડા | પોતાનું મકાન છે. |
| ૫ | સંતરામપુર | ગોઠીબ | પોતાનું મકાન છે. |
| ૬ | સંતરામપુર | સરસણ | પોતાનું મકાન છે. |
| ૭ | સંતરામપુર | ઉખરેલી | પોતાનું મકાન છે. |
| અ.નં. | તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું નામ | મકાનની વિગત |
| ૮ | સંતરામપુર | વાંકડી | પોતાનું મકાન છે. |
| ૯ | સંતરામપુર | ગાડીયા | પોતાનું મકાન છે. |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | સંતરામપુર | બટકવાડા | પોતાનું મકાન છે. |
| ૧૧ | કડાણા | મુનપુર | પોતાનું મકાન છે. |
| ૧૨ | કડાણા | અમથાણી | પોતાનું મકાન છે. |
| ૧૩ | કડાણા | માલવણ | પોતાનું મકાન છે. |
| ૧૪ | કડાણા | ડીટવાસ | પોતાનું મકાન છે. |

પત્રક-બ

મહીસાગર જિલ્લામાં સંતરામપુર અને કડાણા તાલુકામાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પોતાના મકાન નથી તેની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | મકાનની વિગત |
|---|---|---|---|
| ૧ | સંતરામપુર | ઉંબેર | સમાજઘરના મકાનમાં બેસીને સેવાઓ આપે છે. |
| ૨ | સંતરામપુર | રામભેમના મુવાડા | ખાનગી મકાનમાં બેસીને સેવાઓ આપે છે. |
| ૩ | કડાણા | સંઘરી | સબ સેન્ટરના મકાનમાં બેસીને સેવાઓ આપે છે. |
| ૪ | કડાણા | સરસ્વા ઉત્તર | રેન બસેરાના મકાનમાં બેસીને સેવાઓ આપે છે. |

---------

બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો

* ૨૯૯૦૦ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર-ખાડિયા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧)તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જિલ્લામાં કુલ ૫ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.

- બોટાદ – ૩ સીએનજી સ્ટેશનો
- ગઢડા – ૧ સીએનજી સ્ટેશનો
- બરવાળા – ૧ સીએનજી સ્ટેશનો

આગમી વર્ષ ૨૦૧૭-૧૮માં બોટાદ જિલ્લામાં ઢસા ખાતે વધુ એક નવું સીએનજી સ્ટેશન ઊભુ કરવાનું આયોજન છે.

પ્રશ્ન

(૨) ઉક્ત સ્થિતિએ બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે?

જવાબ

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા બોટાદ વિસ્તારમાં સામઢિયાળા, બોટાદ પાળિયાદ રોડ, બોટાદ સારંગપુર રોડ, ગઢડા, બરવાળા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

નાણા વિભાગમાં અધિકારીઓ/ કર્મચારીઓની નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંક

* ૨૮૮૦૪ ડૉ. મિતેશભાઇ ગરાસીયા (ઝાલોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ નાણા વિભાગમાં કેટલા અધિકારીઓ અને કર્મચારીઓ નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંક અન્વયે કેટલા સમયથી ફરજો બજાવે છે, અને

જવાબ

(૧) પત્રક મુજબ

પત્રક

| ક્રમ | નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંકનો સમયગાળો | અધિકારીની સંખ્યા | કર્મચારીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૫ વર્ષ કે તેથી વધુ | ૩ | ૦ |
| ૨ | ૪ વર્ષ થી ૫ વર્ષ | ૦ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ૩ વર્ષ થી ૪ વર્ષ | ૧ | ૦ |
| ૪ | ૨ વર્ષ થી ૩ વર્ષ | ૨ | ૪ |
| ૫ | ૧ વર્ષ થી ૨ વર્ષ | ૨ | ૪ |
| ૬ | ૧ વર્ષ થી ઓછો સમય | ૨ | ૪ |
| | કુલ સંખ્યા | ૧૦ | ૧૩ |

(૨) ઉકત સ્થિતિએ ઉકત જગ્યાઓ કાયમી અધિકારી/કર્મચારીથી નહીં ભરવાના શા કારણો છે?

(૨) નિવૃત્તીને કારણે ખાલી રહેતી મુખ્ય જગ્યાઓ પર મર્યાદિત સમયગાળા માટે યોગ્ય અધિકારી / કર્મચારીની ઉપલબ્ધી થાય ત્યાં સુધી નિવૃત્તી બાદ કરાર આધારીત નિમણૂંક આપવામાં આવે છે.

---------

વડોદરા પ્રયોગશાળા દ્વારા ઔષધના નમૂનાઓની ચકાસણી

* ૨૯૪૯૨ શ્રી બાલકૃષ્ણભાઇ પટેલ (ડભોઇ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા પ્રયોગશાળા દ્વારા ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ઔષધના કેટલા નમૂનાઓની ચકાસણી કરવામાં આવી, | (૧) ૧૦૭૨૫ નમુનાઓ |
| (૨) ઉકત પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, | (૨) ૧૦૨૭૪ નમુનાઓ |
| (૩) ઉકત પૈકી કેટલા નમૂનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને | (૩) ૪૫૧ નમુનાઓ |
| (૪) ઉકત સ્થિતિએ સન ૨૦૧૬ના વર્ષમાં અપ્રમાણસર દવાના કિસ્સામાં શું પગલાં લેવામાં આવ્યા? | (૪) સને ૨૦૧૬ ના વર્ષ દરમ્યાન અપ્રમાણસર જાહેર થયેલ દવાના કિસ્સામાં લેવામાં આવેલા પગલાંની વિગતો નીચે મુજબ છે.<br>➢ ૨૪ કિસ્સામાં ઉત્પાદકના પરવાના સ્થગિત કરવામાં આવ્યા.<br>➢ ૧૩૩ કિસ્સામાં પેઢીને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે.<br>➢ અન્ય રાજ્યના ઉત્પાદકોની અપ્રમાણસર દવાના ૨૯૪ કિસ્સાઓમાં જે તે રાજ્યના ઔષધ નિયંત્રકને પગલા લેવા માટે રીફર કરવામાં આવેલ છે. |

---------

કપડવંજ તાલુકામાં વઘાસથી ગેરીખના મુવાડા વચ્ચે નદી પર પુલ બાંધવા રજુઆત

* ૨૮૫૧૫ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના વઘાસથી ગેરીખના મુવાડા વચ્ચે આવેલ નદી પર પુલ બાંધવા સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી દર્ખાસ્તો મળી, અને | (૧) એક –૧ |
| (૨) ઉકત મળેલ દરખાસ્તો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી? | (૨) પુલનું કામ મંજુર કરી રૂા. ૪૦૦.૦૦ લાખ મંજુર કરેલ છે. |

---------

પાલનપુર ખાતે મેડીકલ કોલેજ શરૂ કરવા

## અતારાંકિત પ્રશ્નો

* ૩૦૮૫૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા. ૨-૩-૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૨૫૦૩ (અગ્રતા ૧૧૬)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૫-૧૬ના વર્ષના બજેટમાં પાલનપુર ખાતે મેડીકલ કોલેજ શરૂ કરવા જિલ્લા હોસ્પીટલને પ્રથમ તબક્કે અપગ્રેડ કરી ૩૦૦ પથારીઓની સુવિધા ઉપલબ્ધ કરાવવાની હતી તે હકિકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, આ પ્રક્રિયા પૂર્ણ કરી મેડીકલ કોલેજ સ્થાપવાની કાર્યવાહી તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) કેન્દ્ર સરકારની સ્કીમ ફોર એસ્ટાબ્લિશમેન્ટ ઓફ ન્યુ મેડીકલ કોલેજીસ અટેચ્ડ વિથ એક્ઝીસ્ટીંગ ડિસ્ટ્રીક્ટ/રેફરલ હોસ્પિટલ અંતર્ગત રાજ્યમાં પાલનપુર, નડીયાદ અને અમરેલી ત્રણ જિલ્લાઓમાં જિલ્લા હોસ્પિટલોને અપગ્રેડ કરીને નવી મેડીકલ કોલેજ સ્થાપવા તા. ૭-૧૧-૨૦૧૪ થી કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરી મેડીકલ કોલેજ શરૂ કરવામાં આવનાર છે ? | (૩) દરખાસ્ત કેન્દ્ર સરકારની મંજુરીની રાહમાં છે. |

---------

### છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં મમતા કીટસનું વિતરણ

* ૩૦૩૦૨ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ પ્રસુતા મહીલાઓને આપવાની મમતા કીટસ આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર પ્રસુતા મહિલાઓને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી કીટ્સ આપવામાં આવી અને કેટલી કીટ્સ આપવાની બાકી છે, અને | (૨) |

- મમતા કીટની ખરીદવાની પ્રક્રિયા ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લીમીટેડ દ્વારા ચાલુ છે જેથી છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કોઈને મમત્તા કીટ્સ આપવામાં આવેલ નથી.
- જ્યારે નર્મદા જિલ્લામાં સ્થાનિક કક્ષાએથી મમતા કીટ્સની ખરીદી કરીને તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ મમતા કીટ્સ આપવામાં આવેલ છે કોઈને કીટ્સ આપવાની બાકી નથી.

| તાલુકાનું નામ | તા. ૧-૨-૨૦૧૫થી તા. ૩૧-૧-૨૦૧૬ આપવામાં આવેલ કીટ્સની સંખ્યા | તા. ૧-૨-૨૦૧૬થી તા. ૩૧-૧-૨૦૧૭ આપવામાં આવેલ કીટ્સની સંખ્યા |
|---|---|---|
| નાંદોદ | ૪૨૨ | ૬૨૧ |
| તિલકવાડા | ૪૩૨ | ૨૩૮ |
| ગરૂડેશ્વર | ૨૪ | ૧૬૫ |
| ડેડીયાપાડા | ૨૦૫ | ૦ |
| સાગબારા | ૦ | ૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત કીટ્સ બાકી રહેવાના કારણો શા છે તે કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો

* ૨૯૯૧૦ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા પંચમહાલ જીલ્લામાં કુલ ૬ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.<br>● હાલોલ – ૨ સીએનજી સ્ટેશનો<br>● કાલોલ – ૧ સીએનજી સ્ટેશનો<br>● ગોધરા – ૩ સીએનજી સ્ટેશનો<br>આગામી વર્ષ ૨૦૧૭–૧૮માં પંચમહાલ જીલ્લામાં ઘોઘંબા તથા ગોધરા ખાતે વધુ નવા ૨ સીએનજી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા પંચમહાલ જીલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા હાલોલ, કાલોલ, ગોધરા વિસ્તારના શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે. |

---------

### સાબરકાંઠા જિલ્લાના સિરામિક ઉદ્યોગો દ્વારા ફેલાતું પ્રદુષણ

* ૩૦૩૮૯ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જીલ્લામાં આવેલ સિરામિક ઔદ્યોગિક એકમો દ્વારા હવામાં પ્રદૂષણ ફેલાતું હોવા બાબતની<br>તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળેલ છે, અને | (૧) ૨ (બે) |
| (૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે રાજ્ય સરકારે શા પગલાં લીધા ? | (૨) (૧) પ્રથમ ફરીયાદ અન્વયે બે એકમોને ઉદ્યોગ બંધ કરવા તથા એક એકમને નોટીસ ઓફ ડાયરેકશન પાઠવેલ છે.<br>(૨) બીજી ફરીયાદ અન્વયે એક એકમને નોટીસ ઓફ ડાયરેશન તથા એક એકમને કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |

---------

### તા. ૦૧–૦૧–૨૦૧૬ પછી નિવૃત્ત થયેલ કર્મચારીઓ/અધિકારીઓને પેન્શનમાં સાતમાં પગાર પંચનો લાભ આપવા

* ૩૦૩૨૨ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૭–૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારના વર્તમાન કર્મચારીઓને તેમજ તા. ૩૧–૧૨–૨૦૧૫ પહેલા નિવૃત્ત થયેલા કર્મચારીઓને પગાર/પેન્શન સાતમા પગાર પંચ મુજબ ચુકવવામાં આવે છે પરંતુ તા. ૧–૧–૨૦૧૬ પછી નિવૃત્ત થયા હોય તેમને પગાર કે પેન્શનમાં સાતમા પગાર પંચ અન્વયેનો નાણાંકીય લાભ આપવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, | (૧) હા, સાચી છે. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) તા. ૧–૧–૨૦૧૬ પછી નિવૃત્ત થયેલ હોય તેવા કર્મચારીઓની સાતમા પગાર પંચ મુજબની પગાર |

બાંધણીની ચકાસણી થયા બાદ અને સરકાર દ્વારા નીમવામાં આવેલ અધિકારીશ્રીઓની સમિતિ અને મંત્રીમંડળની પેટા સમિતિ દ્વારા પગાર અને પેન્શન તફાવતની રકમ ચૂકવવા અંગે ભલામણ કરવામાં આવે ત્યાર બાદ તે ભલામણો પરત્વે રાજ્ય સરકાર દ્વારા જે નિર્ણય લેવામાં આવે તે અનુસાર પગાર અને પેન્શન તફાવતની રકમ ચૂકવવાની રહેશે.

(૩) ક્યાં સુધીમાં ઉક્ત લાભ આપવામાં આવશે ?

(૩) ઉપર મુજબ.

---------

બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો

* ૨૮૪૯૯ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્વાઈનફ્લુના કેટલા કેસો નોંધાયા અને તે અન્વયે કેટલા ઈસમોના મૃત્યુ થયા, અને

(૨) ઉક્ત જિલ્લામાં સ્વાઈનફ્લુ અટકાવવા ઉક્ત સ્થિતિએ સરકારે શાં પગલાં લીધા ?

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વાઈન ફ્લુના કેસો અને મૃત્યુ પામેલાં ઈસમોના નોંધાયેલ કેસોની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | કેસ | મૃત્યુ |
|---|---|---|
| ૨૦૧૫ | ૨૨૪ | ૧૦ |
| ૨૦૧૬ | ૪ | ૩ |

(૨) રાજ્ય સરકારે સ્વાઈન ફ્લુને અટકાવવા માટે નીચે મુજબના પગલાં લીધા.

૧. વિશ્વ આરોગ્ય સંસ્થા અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નિયત કરેલ નિદાન અને સારવાર માટેની માર્ગદર્શિકા અને ભલામણની અમલવારી કરવામાં આવી છે.

૨. રોગનું સતત સર્વેલન્સ (મોજણી) કરવામાં આવી છે અને સંકલીત રોગ સર્વેલન્સ કાર્યક્રમ દ્વારા સાપ્તાહિક ધોરણે દર્દીના સમૂહને શોધવામાં આવે છે.

૩. અઠવાડીક ધોરણે રિપોર્ટ બનાવી તેનું વિશ્લેષણ કરવામાં આવે છે અને સંલગ્ન રિપોર્ટના આધારે જે તે યુનિટને આગળની કાર્યવાહી માટે પ્રતિભાવ આપવામાં આવે છે.

૪. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગૃપ (કટોકટી વ્યવસ્થાપન ગૃપ)ની રચના કરવામાં આવી, પરિસ્થિતિ અનુસાર સલાહ–સૂચન તેમજ જરૂરી પગલાં માટે સચિવશ્રી (આરોગ્ય)ના ચેરમેનશીપ હેઠળ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગ્રુપ (કટોકટી વ્યવસ્થાપન ગ્રુપ) અને અધિક નિયામકશ્રી (જા.આ.)ના અધ્યક્ષ સ્થાને એક્ઝીક્યુટીવ કમીટીની મીટીંગ યોજવામાં આવે છે.

૫. સ્વાઈન ફ્લુના દર્દીને તાત્કાલીક સારવાર મળી રહે તે માટે અલગ ઓ.પી.ડી. તમામ જીલ્લા કક્ષા અને સીવીલ હોસ્પિટલમાં શરૂ કરવામાં આવેલ.

૬. મેડીકલ કોલેજના નિષ્ણાંત ડોકટરો દ્વારા ખાનગી

દવાખાનાઓ કે જ્યા સ્વાઈન ફ્લુના કેસોની તપાસ થતી હોય ત્યાં નિરીક્ષણ કરી ગાઈડલાઈન મુજબની જરૂરીયાત મુજબ વ્યવસ્થા કરવામાં આવી.

૭. પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વ્યક્તિગત સ્વચ્છતા, હાથ ધોવાની સાચી રીત તથા સ્વાઈન ફ્લુ અને અન્ય હવાથી ફેલાતાં રોગ અટકાવવા માટેની અગમચેતીના પગલાંઓ અંગેની જાણકારી માટે સેટેલાઈટ કોમ્યુનિકેશન કોન્ફરન્સ (સેટકોમ) કરવામાં આવી.

૮. રાજ્ય કક્ષાએથી આરોગ્ય કાર્યકર્તાઓ જેવા કે (ફીમેલ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ સુપરવાઈઝર અને આશા) સ્વાઈન ફ્લુના કેસોનો કોન્ટેક્ટ સર્વે તથા ગાઈડલાઈન મુજબ જરૂરી સારવાર આપવા માટે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું.

૯. રાજ્યમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે ઘરે મુલાકાત લઈ બહોળા પ્રમાણમાં લોકજાગૃતિ ઉભી કરવામાં આવી.

૧૦. જનજાગૃતિ માટે આકાશવાણી અને એફ.એમ. રેડીયોમાં જાહેરાત આપવામાં આવી તથા સમાચાર ચેનલો પર L-Band, સ્ક્રોલ તથા જાહેરાતો પ્રસારીત કરવામાં આવી અને નિષ્ણાંતો દ્વારા રેડીયો અને ટેલીવીઝન પર જરૂરી વાર્તાલાપ પણ કરવામાં આવ્યો અને દૈનિક અખબારોમાં જાહેરાત આપવામાં આવી.

૧૧. તમામ જીલ્લાઓ અને કોર્પોરેશનમાં સ્વાઈન ફ્લુના લક્ષણો અને સારવાર માટેના હોર્ડીંગ્સ અનુ ફ્લેક્ષ બેનરો જાહેર સ્થળો જેવા કે (૧) હોસ્પિટલ (૨) દૂધ ડેરી (૩) સ્કૂલ (૪) કોલેજો (૫) રેલ્વે સ્ટેશન (૬) બસ સ્ટેશનોમાં મૂકવામાં આવ્યા.

૧૨. ઈન્ડીયન મેડીકલ એસોસીએશન દ્વારા ઈન્ડીયન ફીજીશીયન એસોસીએશન તથા કોમ્યુનિટી મેડીશીન દ્વારા જીલ્લા તથા તાલુકા કક્ષાએ કાર્યરત તમામ પ્રાઈવેટ પ્રેક્ટીશનર અને મેડીકલ ઓફીસરને સ્વાઈન ફ્લુ અંગે વર્કશોપ કરવામાં આવ્યો.

૧૩. સ્વાઈન ફ્લુના દર્દીના નજીકના સગાઓને નિરીક્ષણ કરી જરૂર જણાયે રોગ ન થાય તે માટેની ૧૦ દિવસ સુધી દવાઓ આપવામાં આવી.

૧૪. રાજ્યમાં પ્રા.આ.કેન્દ્ર, સબ સેન્ટર, સા.આ.કેન્દ્ર, ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ તથા મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં દવાઓનો તથા સાધન–સામગ્રીનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવેલ.

૧૫. સ્વાઈન ફ્લુની સારવાર સાથે સંકળાયેલ ૨૦૦૦ જેટલા સ્ટાફને ઈન્ફ્લુએન્ઝા–એ (એચ૧એન૧)ની રસીથી રક્ષિત કરવામાં આવેલ છે.

૧૬. વેબસાઈટ www.guihealth.gov.in

ઉપર ઈન્ફ્લુએન્ઝા અંગેનું માહિતી પુસ્તિકા મૂકવામાં આવેલ છે.

૧૭. ૧૦૮ હેલ્પ લાઈન દ્વારા કોઈપણ સ્વાઈન ફ્લુ જેવી બિમારી ધરાવતાં વ્યક્તિઓને મદદ થઈ શકે તથા નજીકના દવાખાનાથી ઝડપી સારવાર મળી શકે અને નજીકના મેડીકલ સ્ટોરમાંથી દવાઓ મળી શકે તે માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ.

૧૮. એડવાન્સ rtPCR મશીન, ડીપ ફ્રીઝ(–૧૦,–૭૦) રેફ્રીજરેટર, માઈક્રોસેન્ટ્રીફ્યુઝ સીવીલ હોસ્પિટલમાં આપવામાં આવેલ છે.

---------

જામનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો

* ૨૯૯૦૧ શ્રી કાંતીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જામનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા જામનગર જીલ્લામાં કુલ ૬ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.

- જામનગર – ૪ સીએનજી સ્ટેશનો
- ધ્રોલ – ૧ સીએનજી સ્ટેશન
- જોડિયા – ૧ સીએનજી સ્ટેશન

આગામી વર્ષ ૨૦૧૭–૧૮માં જામનગર જીલ્લામાં જામનગર શહેરમાં વધુ નવા ૨ સીએનજી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા જામનગર જીલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા જામનગર વિસ્તારમાં ચેલા, સાપર, હાપા, જામનગર બાયપાસ, ધ્રોલ, જોડિયા શહેરો/ ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

જૂનાગઢ જિલ્લામાં ખેલ મહાકુંભ પાછળ ખર્ચ

* ૩૦૧૨૨ શ્રી હર્ષદભાઈ રાબડીયા (વિસાવદર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં ખેલ મહાકુંભ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત જિલ્લામાં વર્ષવાર કેટલા ખેલાડીઓએ ભાગ લીધો ?

જવાબ

(૧) અને (૨) : વર્ષવાર થયેલ ખર્ચ તથા ભાગ લીધેલ ખેલાડીઓ

| વર્ષ | ખર્ચ રૂા. | ભાગ લીધેલ ખેલાડીઓ |
|---|---|---|
| ૨૦૧૫ | ૧૧,૩૯,૩૦૦ | ૭૦,૨૮૬ |
| ૨૦૧૬ | ૧૨,૯૦,૭૦૦ | ૧,૦૨,૭૬૬ |

---------

અમરેલી સિવિલ કેમ્પસનું નવિનીકરણ

* ૩૦૮૨૧ શ્રી પરેશભાઈ ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી

| | |
|---|---|
| સિવિલ કેમ્પસમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન નવીનીકરણ મજબુતીકરણ અને સમારકામ સહિતનાં કયા કામો અંદાજીત કેટલી રકમના ખર્ચ અંગે જરૂરી સૈધ્ધાંતિક અને વહીવટી મંજુરીઓ ક્યારે આપવામાં આવેલ છે, અને | સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં છેલ્લા બે વર્ષ દરમિયાન નીચે મુજબના અંદાજીત રકમના કામોને સૈધ્ધાંતિક અને વહીવટી મંજૂરી આપેલ છે.<br>વર્ષ ૨૦૧૫-૧૬<br>૧. વિભાગના તા. ૮-૫-૧૫ના ઠરાવ ક્રમાંકઃ હસપ/૧૨/૨૦૧૫/ન.બા.૧૧/અ, થી અમરેલી ખાતે ૬ પથારીની સુવિધા ધરાવતા બર્ન્સ વોર્ડનું બાંધકામ કરવા રૂા. ૩૦.૦૦ લાખના અંદાજિત રકમને વહીવટી મંજૂરી આપેલ છે.<br>૨. વિભાગના તા. ૮-૬-૧૫ના ઠરાવ ક્રમાંકઃ હસપ / ૧૨/ ૨૦૧૫/ન.બા.૦૬/અ થી અમરેલી હિમોડાયાલીસીસ યુનિટ શરૂ કરવા બાંધકામ સંબંધિત સુવિધા ઉભી કરવા રૂા. ૧૫.૦૦ લાખની અંદાજીત રકમને વહીવટી મંજૂરી આપેલ છે.<br>૩. વિભાગના તા. ૪-૫-૧૫ના ઠરાવ ક્રમાંકઃ એમસીજી/૨૦૧૫/ન.બા./૮/જ થી નવી મેડીકલ કોલેજની સ્થાપના માટે સુસંગત ૩૦૦ પથારી ઉપસ્થિત કરવા જીલ્લા હોસ્પિટલ, પાલનપુર, નડિયાદ અને અમરેલીને અપગ્રેડ કરવા રૂા. ૧૦.૦૦ કરોડની રકમને વહીવટી મંજૂરી આપેલ છે. જે પી. પી. પી. ધોરણે કામ કરવાનું આયોજન થયેલ છે.<br>વર્ષ ૨૦૧૬-૧૭<br>૧. વિભાગના તા. ૨-૫-૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ રઅસ/૧૦૧૫/૮૨૪/ઘ, થી અમરેલી ખાતે જિલ્લા તાલીમ કેન્દ્રના રિનોવેશન કરવા રૂા. ૬.૦૦ લાખની અંદાજીત રકમને વહીવટી મંજૂરી આપેલ છે. |
| (૨) ઉપરોક્ત મંજુર કામો કેટલા સમયમાં પૂર્ણ કરાવવાનું આયોજન છે ? | (૨) વર્ષ ૨૦૧૫-૧૬<br>૧. અમરેલી સિવિલ હોસ્પટલ ખાતે બર્ન્સ વોર્ડનું બાંધકામ કરવા માટેની માંગણી તારીખ ૨૧-૨-૨૦૧૭ના રોજ થઈ આવેલ હોઈ ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે સત્વરે કામ શરૂ કરવાનું આયોજન છે.<br>૨. અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે હિમોડાયાલીસીસ યુનીટ શરૂ કરવા બાંધકામ સંબંધિત સુવિધા ઉભી કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.<br>૩. મેડીકલ કોલેજની સ્થાપના માટે સુસંગત ૩૦૦ પથારીની સુવિધા ઉભી કરવાનું પી પી પી ધોરણે કરાવવાનું આયોજન થયેલ હોઈ હાલ આ કામ વિભાગ મારફતે કરવાનું રહેતું નથી.<br>વર્ષ ૨૦૧૬-૧૭<br>૪. અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે જીલ્લા તાલીમ કેન્દ્રના રીનોવેશન કરવા વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

ભાવનગર જિલ્લામાં પેવર ન થયેલ નોન-પ્લાન રસ્તાઓ

* ૩૦૯૫૧ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ૧૪ વર્ષથી પેવર ન થયા હોય તેવા નોન-પ્લાન રસ્તાઓ કેટલા છે, અને | (૧) ૧૩ – રસ્તાઓ |
| (૨) ઉક્ત નોન-પ્લાન રસ્તાઓ ક્યારે અને કેટલા સમયમાં પેવર કરવામાં આવશે ? | (૨) ૧૧ રસ્તાઓનું કામ મંજુર થયેલ હોઈ બનતી ત્વરાએ, બાકી-૨ – રસ્તાનું હાલ આયોજન નથી. |

---------

તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

દાહોદ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય સ્વાસ્થય સુરક્ષા વીમા યોજના હેઠળ રજિસ્ટર થયેલ હોસ્પિટલો

* ૨૯૭૪૩ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાષ્ટ્રીય સ્વાસ્થય સુરક્ષા વિમા યોજના હેઠળ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કઈ હોસ્પીટલો રજીસ્ટર થયેલ છે, | (૧) અને (૨) પત્રક–અ મુજબ. |
| (૨) તે અન્વયે સરકારી અને ખાનગી હોસ્પિટલો કઈ છે, અને | |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત યોજનામાં કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ. ૪,૭૫,૮૬,૪૫૮/– |

| પ ત્ર ક –અ | | |
|---|---|---|
| હોસ્પિટલોનું નામ | | |
| તાલુકાનું નામ | ખાનગી | સરકારી |
| ગરબડા | રાધે સર્જીકલ મેટરનીટી હોમ | સી.એચ.સી. ગરબડા |
| | | પી.એચ.સી. ગાગરડી |
| ઝાલોદ | સુંદરમ સર્જીકલ હોસ્પિટલ | સી.એચ.સી. લીમડી |
| | | સી.એચ.સી. પેથાપુર |
| | | સી.એચ.સી. ઝાલોદ |
| | | પી.એચ.સી. સંજલી |
| દાહોદ | અમરદીપ હોસ્પિટલ | સી.એચ.સી. કટવારા |
| | અંકિત હોસ્પિટલ | જનરલ હોસ્પિટલ દાહોદ |
| | દ્રષ્ટિ નેત્રાલય | પી.એચ.સી. બોરડી |
| | હડા ઓર્થોપેડીક હોસ્પિટલ | |
| | હામિલ્ટોન મેકલેરી હોસ્પિટલ દાહોદ | |
| | જાનકી આઈ હોસ્પિટલ | |
| | કે.કે. સર્જીકલ હોસ્પિટલ | |
| | મહેર હોસ્પિટલ | |
| | માલ્લવ ઓર્થોપેડીક જોઈન્ટ રીપ્લેસમેન્ટ સેન્ટર | |
| | મહેતા કિલનિક આઈ નેન્ટ હોસ્પિટલ | |
| | સમીર ઓર્થોપેડીક હોસ્પિટલ એન્ડ ટ્રોમાં સેન્ટર | |
| | સંતોકભાઈ હોસ્પિટલ | |
| | શૈલેષ સર્જીકલ એન્ડ લેપ્રોસ્કોપી હોસ્પિટલ | |
| | સોની હોસ્પિટલ | |
| | વાસુદેવ સર્જીકલ હોસ્પિટલ | |
| | જૈનબ નર્સિંગ હોમ | |
| દેવગઢબારીયા | પ્રમુખ હોસ્પિટલ | સી.એચ.સી. દેવગઢબારીયા |
| | સંજીવની હોસ્પિટલ | સી.એચ.સી. પિપલોદ |
| ફતેપુર | વરદાન જનરલ હોસ્પિટલ પ્રસુતિગૃહ | સી.એચ.સી. ફતેપુર |
| | | સી.એચ.સી. સુખસરા |
| લીમખેડા | નીલ જનરલ હોસ્પિટલ મેટરનીટીહોમ | સી.એચ.સી. લીમખેડા |
| | પૂજા મેટરનીટી હોમ જનરલ હોસ્પિટલ | સી.એચ.સી. સિંગ્વાડા |
| ધાનપુર | નીલ | સી.એચ.સી. ધાનપુર |

## અતારાંકિત પ્રશ્નો

| | | પી.એચ.સી. અગસ્વાની |
|---|---|---|

---------

### રાજ્યમાં સ્ટેટ ફુડ સેફ્ટી એપેલેટ ટ્રીબ્યુનલની સ્થાપના

* ૨૯૪૪૧ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ''સ્ટેટ ફુડ સેફ્ટી એપેલેટ ટ્રીબ્યુનલ'' સ્થાપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો તે ક્યા ક્યા સ્થળોએ આવેલી છે, અને | (૨) ફુટ સેફ્ટી એપેલેટ ટ્રીબ્યુનલ, બ્લોક નં.૮, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે એક જ સ્થળે આવેલી છે. |
| (૩) સન ૨૦૧૬ માં વર્ષમાં આ ટ્રીબ્યુનલમાં કેટલી અપીલો થયેલ છે ? | (૩) ૧૪૫ |

---------

### રાજ્ય સરકારે બજારમાંથી લીધેલ લોન

* ૩૦૧૬૩ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની લોન લીધી, અને

જવાબ

(૧)

| નાણાકીય વર્ષ | જાહેર બજારમાંથી ભારતીય રિઝર્વ બેંક મારફત મેળવેલ લોન (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૪૯૨૦ |
| ૨૦૧૫–૧૬ | ૧૬૨૬૦ |

(૨) ઉકત મેળવેલ લોન કેટલા વર્ષની મુદત માટે અને કેટલા ટકા વ્યાજના દરે મેળવેલ છે ?

(૨)

| નાણાકીય વર્ષ | લોનની મુદત (વર્ષમાં) | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૦ વર્ષ | ૮.૦૫ થી ૯.૦૧ સુધી |
| ૨૦૧૫–૧૬ | ૧૦ અને ૧૫ વર્ષ | ૭.૯૬ થી ૮.૪૬ સુધી |

---------

### રાજ્ય સરકારની વેટની આવકમાં થયેલ વધારો

* ૨૯૪૩૮ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને વેટની આવકમાં કેટલા ટકા વધારો નોંધાયો, અને

જવાબ

(૧)

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૭.૫૮% વધારો |
| ૨૦૧૫–૧૬ | ૦.૫૪% ઘટાડો |

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર રાજ્યને વેટની કુલ કેટલી આવક થઈ ?

(૨)

| નાણાકીય વર્ષ | વેટની આવક (રકમ રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૪૭૫૯૮.૪૬ |
| ૨૦૧૫–૧૬ | ૪૭૩૪૩.૩૨ |

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

---------

### ક્રુડ ઓઈલની રોયલ્ટીની લેણી રકમ

* ૨૮૪૬૩ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ક્રુડ ઓઈલની રોયલ્ટીની લેણી રકમ ઓ.એન.જી.સી. પાસેથી સત્વરે મળે તે માટે કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ક્યારે દરખાસ્ત કરી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ક્રુડ ઓઈલની રોયલ્ટીની લેણી રકમ ઓ.એન.જી.સી. પાસેથી સત્વરે મળે તે માટે કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકારે તેમના તા.૨૫–૦૩–૨૦૧૫, તા.૧૭–૦૪–૨૦૧૫ અને તા.૦૫–૦૪–૨૦૧૬ના પત્રો દ્વારા રજુઆત કરવામાં આવેલ છે. |
| (૨) ઉકત દરખાસ્તોનો કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો, અને | (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫ માં જુની બાકી રકમ પૈકી રૂ.૧૬૪૪ કરોડ રાજ્ય સરકારને મળેલ છે. |
| (૩) ઉકત લેણીની રકમ કેટલાં સમયમાં રાજ્ય સરકારને મળશે ? | (૩) બાકી લેણી રકમ રાજ્ય સરકારની ધારણા પ્રમાણે નજીકના ભવિષ્યમાં મળશે. |

---------

### ક્રુડ ઓઈલની રોયલ્ટીની રકમ

* ૩૧૩૧૫ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યને ક્રુડ ઓઈલ રોયલ્ટી પેટે કેટલી રકમ મળી ? | તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યને ક્રુડ ઓઈલની રોયલ્ટી પેટે મળેલ રકમની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | વર્ષ | રોયલ્ટી રકમ (રૂ.કરોડ) |
|---|---|---|
| (૧) | ફેબ્રુઆરી–૨૦૧૫ થી જાન્યુઆરી–૨૦૧૬ | ૩૧૦૨.૬૧૦ |
| (૨) | ફેબ્રુઆરી–૨૦૧૬ થી જાન્યુઆરી–૨૦૧૭ | ૧૨૩૬.૫૫૬ |

---------

### ખંભાલિયા ખાતે જિલ્લા રમત–ગમત સંકુલનું નિર્માણ

* ૩૦૮૬૨ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : તા.૨૮–૩–૧૬ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૬૫૮૪ (અગ્રતા ૩) ના અનુસંધાને માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાલિયા ખાતે જિલ્લા રમત ગમત સંકુલના નિર્માણ માટે ૧૫ થી ૨૦ એકર જમીન ફાળવવા માટે કલેકટરશ્રી દેવભૂમિ દ્વારકાને જણાવવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ ઉકત જમીન ફાળવવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો ઉકત રમત ગમતનું સંકુલ ક્યા સુધીમાં કાર્યરત થનાર છે ? | (૩) જમીન ફાળવાયા બાદ તબક્કાવાર કામગીરી હાથ ધરાશે. |

---------

### ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો

* ૨૯૮૯૮ શ્રી કાંતીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ક્યાં તબક્કે છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ જિલ્લામાં કુલ ૧૭ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ મુખ્ય તાલુકાઓમાં આવેલ છે.

- ભરૂચ – ૬ સીએનજી સ્ટેશનો
- અંકલેશ્વર – ૬ સીએનજી સ્ટેશનો
- જંબુસર – ૨ સીએનજી સ્ટેશનો
- વાલીયા – ૧ સીએનજી સ્ટેશન
- ઝગડીયા – ૧ સીએનજી સ્ટેશન
- વાગરા (દહેજ) – ૧ સીએનજી સ્ટેશન

તે ઉપરાંત વર્ષ ૨૦૧૬-૧૭ માં ભરૂચ જિલ્લાના શેરપુરા, વાલિયા તેમજ નેત્રંગ ખાતે નવા ૩ સીએનજી સ્ટેશન બાંધકામ હેઠળ છે.

આગામી વર્ષ ૨૦૧૭-૧૮ માં ભરૂચ જિલ્લામાં હિંગાલા, ઉમલ્લા તેમજ ભરૂચ ખાતે વધુ નવા ૩ સીએનજી સ્ટેશનો ઉભા કરવાનું આયોજન છે.

(૨) ઉકત સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યાં શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે ?

(૨) ઉકત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ભરૂચ વિસ્તારમાં ભરૂચ, કેલોદ, ઝાડેશ્વર, પાલેજ, અંકલેશ્વર વિસ્તારમાં અંકલેશ્વર, સજોદ, પાનોલી, જંબુસર, વાલીયા વિસ્તારમાં વટેરીયા, ઝગડીયા, વાગરા વિસ્તારમાં દહેજ શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેંદ્રોમાં કરાર આધારિત ફરજ બજાવતાં કર્મચારીઓ

* ૩૦૮૮૮ શ્રીમતી ચંદ્રીકાબેન બારીઆ (ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કરાર આધારીત ફરજ બજાવતાં કર્મચારીઓની સંખ્યા કેટલી છે,

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કરાર આધારિત ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા નીચે મુજબ છે.

| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | સામુહિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|
| ૩૯૨ | ૨૪ |

તાલુકાવાર પ્રા.આ.કે. માં ફરજ બજાવતા કર્મચારીઓની વિગત દર્શાવતું *પત્રક-અ અને સા.આ.કે. માં ફરજ બજાવતા કર્મચારીઓની વિગતો દર્શાવતું *પત્રક-અ-૧ સામેલ છે.

(૨) તે અન્વયે તેઓને માસિક માનદ વેતન પ્રમાણે કેટલી રકમ ચુકવવામાં આવે છે, અને

(૨) માનદ વેતન પ્રમાણે ચુકવવામાં આવતી રકમનું *પત્રક-બ આ સાથે સામેલ છે.

(૩) ઉકત કર્મચારીઓના માનદ વેતનમાં વધારો કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

(૩) નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ગાઈડ લાઈન અને ભારત સરકારમાંથી મંજુર થઈ આવેલ પ્રોજેકટ ઈમ્પલીમેન્ટેશન પ્લાન મુજબ સદર કર્મચારીઓના માનદ વેતનમાં ૫% વધારો કરવામાં આવે છે. અને પરફોર્મન્સ

બેઝના આધારે ૭, ૯ અને ૧૨.૫ ટકા સુધીનો વધારો છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ છે. ટેકનીકલ સંવર્ગ કર્મચારીઓને સ્લેબ નક્કી કરીને પગાર વધારાના પરિપત્રો વખતો વખત છેલ્લા બે વર્ષમાં થયેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ડાંગ જિલ્લાના વઘઈ ખાતે રમત-ગમતનું મેદાન

* ૩૦૯૩૨ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય રમત-ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લાના વઘઈ ખાતે રમતગમતના મેદાન માટેની માંગણી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) કોઈ માંગણી કરવામાં આવેલ નથી. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્ય સરકારે બજારમાંથી લીધેલ લોન

* ૨૮૫૧૦ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની લોન કોની પાસેથી લીધી, અને

(૧)

| નાણાકીય વર્ષ | જાહેર બજારમાંથી ભારતીય રીઝર્વ બેંક મારફત મેળવેલ લોન (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૪૯૨૦ |
| ૨૦૧૫-૧૬ | ૧૬૨૬૦ |

(૨) ઉક્ત મેળવેલ લોન કેટલા વર્ષની મુદત માટે અને કેટલા ટકા વ્યાજના દરે મેળવેલ છે ?

(૨)

| નાણાકીય વર્ષ | લોનની મુદત (વર્ષમાં) | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૦ વર્ષ | ૮.૦૫ થી ૯.૦૧ સુધી |
| ૨૦૧૫-૧૬ | ૧૦ અને ૧૫ વર્ષ | ૭.૯૬ થી ૮.૪૬ સુધી |

---------

બાલીશીનોર-લુણાવાડા રોડ ઉપર મહીસાગર નદી ઉપર લો લેવલ બ્રીજ

* ૨૮૪૮૧ પ્રો.હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના બાલાશીનોર-લુણાવાડા, રાજ્ય ધોરી માર્ગ ઉપર હાડોડ ખાતે મહી નદી ઉપર આવેલ લો લેવલ બ્રીજની જગ્યાએ સરકાર હાઇ લેવલ બ્રીજ બનાવવા માગે છે કે કેમ, અને | (૧) અને (૨)<br>હાઇ લેવલ બ્રીજના એપ્રોચીસ માટેની જરૂરી ખાનગી જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેથી ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

---------

## અતારાંકિત પ્રશ્નો

### શ્રવણયંત્ર એક જ વાર આપવા બાબત

* ૩૦૧૭૪ શ્રી મહમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્ય સરકારના તબીબી સારવારના નિયમ–૨૦૧૫ માં કર્મચારી/ પેન્શનરને સાંભળવાનું મશીન (શ્રવણયંત્ર) જિંદગીમાં એક જ વાર મળશે તેવી જોગવાઇ કરેલ છે તેમાં સરકારનું કોઇ સુધારો કરવાનું આયોજન છે, અને | (૧) હાલના તબક્કે સુધારો કરવાનું આયોજન નથી. |
| (૨) ઉક્ત નિયમમાં કર્મચારી/પેન્શનરના કુટુંબીનો સમાવેશ થાય છે અને જો ના, તો તેના કારણો શા છે ? | (૨) ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, ૨૦૧૫ ના નિયમ–(૨.૨) માં કરવામાં આવેલ જોગવાઇ અનુસાર કુટુંબની વ્યાખ્યામાં આવતા કુટુંબીનો સમાવેશ થાય છે. |

---------

### જુનાગઢ–મેંદરડા વાયા ઇવનગર માર્ગને રાજ્ય ધોરી માર્ગ બનાવવા

* ૩૦૮૬૫ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જુનાગઢ થી મેંદરડા વાયા ઇવનગર મુખ્ય જિલ્લા માર્ગને અપગ્રેડ કરી રાજ્ય ધોરી માર્ગ બનાવવા સરકારને કોઇ દરખાસ્ત તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મળી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત દરખાસ્ત તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત રસ્તાને રાજ્ય ધોરી માર્ગ જાહેર કરવા માટે સરકારનું શું આયોજન છે ? | |

---------

### વલસાડ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓની સાઇડો

* ૩૦૪૫૯ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાની સાઇડો પર જંગલ કટીંગ તથા રસ્તાની સાઇટ સફાઇ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૧૦.૬૫ લાખ. |

---------

### નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતેનું નવી હોસ્ટેલનું બાંધકામ

* ૩૦૪૪૬ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ (મરીડા ભાગોળ) ખાતે નવી હોસ્ટેલ બાંધકામ થઇ રહેલ છે તેમાં ટેન્ડરોને આધીન બાંધકામ થતુ નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે ક્યારે શા પગલા લેવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### રાજ્ય સરકારનું જાહેર દેવું

* ૨૮૫૦૬ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્ય સરકારનું છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલું જાહેર દેવું છે, અને

(૨) ઉક્ત જાહેર દેવા ઉપર રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ કેટલુ વ્યાજ ઉક્ત વર્ષવાર ચુકવ્યું છે ?

જવાબ

(૧)

| નાણાકીય વર્ષ | વર્ષવાર જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૬૩૪૫૧ |
| ૨૦૧૫-૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

(૨)

| નાણાકીય વર્ષ | જાહેર દેવા ઉપર વર્ષવાર વ્યાજ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૩૦૬૧ |
| ૨૦૧૫-૧૬ (સુ.અ.) | ૧૪૪૯૫ |

### આણંદ-વડોદરા જિલ્લાને જોડતો ઉપેટા-સિંઘરોટ બ્રીજ

* ૩૦૪૨૧ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

11

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ આણંદ-વડોદરા જિલ્લાને જોડતો ઉપેટા-સિંઘરોટ બ્રીજ ક્યા વર્ષમાં બનાવવામાં આવેલ,

(૨) તે અન્વયે સદર બ્રીજનું આયુષ્ય કેટલું નક્કી કરેલ,

(૩) ઉક્ત સ્થિતિએ સદર બ્રીજમાં ગાબડા પડેલ છે તે હકીકત સાચી છે, અને

(૪) જો હા, તો ઉક્ત સમારકામ માટે શું કાર્યવાહી ઉક્ત સ્થિતિએ કરવામાં આવી ?

જવાબ

(૧) સને ૧૯૯૧ માં.

(૨) પુલનું આયુષ્ય સ્ટ્રક્ચરલ સીસ્ટમ, ડીઝાઇનમાં ગણવામાં આવેલ ભારવહન ક્ષમતા, બાંધકામમાં વાપરેલ માલસામાન, હવામાનના વિવિધ પરિબળો, ખરેખ પસાર થતાં વાહનોનો ભાર, પુલના બાંધકામનો સમયગાળો વિગેરે પરિબળો ઉપર આધારીત હોય છે.

(૩) અને (૪)
બ્રીજના વેરીંગ કોટને નુકશાન થયેલ જેની મરામતની કામગીરી પૂર્ણ કરેલ છે.

### મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં રમત ગમત પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા ફાળવાયેલ રકમ

* ૨૯૬૮૯ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય રમત-ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રમત-ગમત પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) અને (૨)

| | | રૂ.લાખમાં | |
|---|---|---|---|
| વર્ષ | જિલ્લો | ફાળવેલ રકમ | ખર્ચ |
| ૨૦૧૫ | પંચમહાલ | ૧૦૬.૭૮ | ૯૨.૭૮ |
| ૨૦૧૬ | પંચમહાલ | ૩૧૭.૨૩ | ૨૭૭.૨૯ |
| ૨૦૧૫ | મહીસાગર | ૩૬.૩૮ | ૨૭.૫૬ |
| ૨૦૧૬ | મહીસાગર | ૫૬.૩૦ | ૪૫.૯૮ |

### છોટાઉદેપુર જનરલ હોસ્પિટલમાં દર્દીઓ માટે પથારીની સુવિધા

* ૩૦૩૦૩ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છોટાઉદેપુરમાં આવેલ સરકારી જનરલ હોસ્પિટલમાં દર્દીઓ માટે કેટલી પથારીઓની સુવિધા છે, અને

(૨) ઉક્ત હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષમાં કેટલી નવી

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છોટાઉદેપુરમાં આવેલ સરકારી જનરલ હોસ્પિટલમાં ૧૦૦ પથારીની સુવિધા છે.

(૨) છેલ્લા બે વર્ષમાં કોઇ નવી પથારીની સુવિધા મંજુર

| | |
|---|---|
| પથારીઓની સુવિધા મંજૂર કરવામાં આવી છે ? | કરવામાં આવી નથી. |

## રાજ્યનું જાહેર દેવું

*** ૨૯૮૫૬ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) :** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યનું કુલ કેટલું જાહેર દેવું છે, અને | (૧) |

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યના જાહેર દેવામાં છેલ્લા બે વર્ષ દરમિયાન વર્ષવાર કેટલી રકમનો વધારો થયો ? | (૨) |

| નાણાકીય વર્ષ | જાહેર દેવામાં થયેલ વર્ષવાર વધારો (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૩૯૪૫ |
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૬૪૭ |

## ડીસામાં નવા મંજૂર રસ્તાઓ

*** ૨૮૫૦૦ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) :** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ડીસામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૨૯ (ઓગણત્રીસ) |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાઓના કામો પૂર્ણ થયા અને કેટલાના કામો પ્રગતિમાં છે ? | (૨) ૧ (એક) – પૂર્ણ,<br>૮ (આઠ) – પ્રગતિમાં,<br>૧૯ (ઓગણીસ) – ટેન્ડર તબક્કે,<br>૧ (એક) સુધારેલ જોબનંબર તબક્કે. |

## અમરેલી જિલ્લામાં તાલુકાવાર સી.એન.જી. સ્ટેશન સ્થાપવા

*** ૩૦૮૨૪ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) :** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર સીએનજી સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે તે હકીત સાચી છે, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા અમરેલી જિલ્લામાં ૧ સીએનજી સ્ટેશન કાર્યરત છે જે અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં લોથપુર ખાતે આવેલ છે.<br>તે ઉપરાંત નવા સીએનજી સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરેલ છે જેની વિગતો નીચે મુજબ છે. |
| (૨) જો હા, તો ક્યા સ્થળે અને ક્યારે ઉક્ત સ્ટેશનો ચાલુ કરવામાં આવશે, અને | (૨) વર્ષ ૨૦૧૬–૧૭ ના આયોજન હેઠળ વધુ નવા ૨ સીએનજી સ્ટેશનો જાફરાબાદ અને રાજુલા ખાતે ઉભા કરવામાં આવી રહ્યા છે જે માર્ચ ૨૦૧૭ સુધીમાં કાર્યરત થવાની સંભાવના છે.<br>તે ઉપરાંત આગામી વર્ષ ૨૦૧૭–૧૮ માં વિવિધ મંજૂરીઓને આધીન અમરેલી શહેર તથા અમરેલી જિલ્લામાં વધુ નવા ૩ સીએનજી સ્ટેશનો ઉભા કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત સીએનજી સ્ટેશનો શરૂ કરવા સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૩) છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં શહેરી ગેસ વિતરણ પ્રોજેક્ટની સ્થાપના કરવા માટે સતત પ્રયત્નો નીચે મુજબ કરવામાં આવ્યા છે.<br>• અમરેલી જિલ્લામાં શહેરી ગેસ વિતરણના અમલીકરણ માટે ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા પીએનજીઆરબી નવી દિલ્હીમાં EOI (Expressionof Interest) જમા કરાવેલ હતું.<br>• પીએનજીઆરબી નવી દિલ્હી દ્વારા વર્ષ ૨૦૧૫ માં |

અમરેલી જિલ્લા માટે સ્પાર્ધાત્મક બિડીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

- આ સ્પર્ધાત્મક બિડીંગ પ્રક્રિયામાં ગુજરાત સરકાર હસ્તકની ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.
- પીએનજીઆરબી નવી દિલ્હી દ્વારા મે–૨૦૧૬ માં પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં ગુજરાત સરકાર હસ્તકની ગુજરાત ગેસ લિમિટેડને અમરેલી જિલ્લામાં શહેરી ગેસ વિતરણ પ્રોજેક્ટની સ્થાપના કરવા માટેનું ઓથોરાઈઝેશન મળ્યું છે.
- આ ઓથોરાઈઝેશન અંતર્ગત ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા અમરેલી જિલ્લામાં શહેરી ગેસ વિતરણ પ્રોજેક્ટના અમલીકરણ કરવા માટેનું વિવિધ મંજૂરીઓને આધિન આયોજન હાથ ધરવામાં આવેલ છે.

## દાહોદ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ મેલેરીયા, ડેન્ગ્યુ અને સ્વાઇન ફ્લુના કેસો

* ૨૯૭૪૪ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મેલેરીયા, ડેન્ગ્યુ અને સ્વાઇન ફ્લુના કેટલા કેસો નોંધાયા, અને

(૨) ઉક્ત રોગોને ડામવા સરકારે ઉક્ત સમયગાળામાં શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં તાલુકાવાર મેલેરિયા, ડેન્ગ્યુ અને સ્વાઈનફ્લુના નોંધાયેલ કેસોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મેલેરિયાના કેસો | ડેન્ગ્યુના કેસો | સ્વાઈનફ્લુના કેસો |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૮૩૮ | ૫૮ | ૧૯ |
| ૨ | દે.બારીયા | ૭૬૧ | ૨ | ૨ |
| ૩ | ધાનપુર | ૫૯૯ | ૩ | ૧ |
| ૪ | ફતેપુરા | ૫૪૪ | ૫ | ૦ |
| ૫ | ગરબાડા | ૧૨૦૪ | ૨ | ૧ |
| ૬ | લીમખેડા | ૯૨૬ | ૫ | ૨ |
| ૭ | સંજેલી | ૬૮ | ૦ | ૦ |
| ૮ | ઝાલોદ | ૧૧૬૯ | ૨૧ | ૭ |
| | કુલ | ૭૧૦૯ | ૯૬ | ૩૨ |

(૨) ઉક્ત સમયગાળામાં ઉક્ત રોગોને ડામવા સરકારે નીચે મુજબના પગલાં લીધા.

- મેડિકલ કોલેજ સંલગ્ન તથા જિલ્લા કક્ષાની હોસ્પિટલો તથા ક્ષેત્રીય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ, ડેન્ગ્યુના નિદાન માટે લેબોરેટરી પરીક્ષણ અને યોગ્ય સારવાર કરવામાં આવી.
- મચ્છર ઉત્પત્તિ અટાકાયત કામગીરી કરવામાં આવી. નિદાન થયેલ કેસોના વિસ્તારના ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી કરવામાં આવી.
- આરોગ્યની સંસ્થાઓમાં શરદી ખાંસી અને તાવની તકલીફ ધરાવતા દર્દીઓ માટે અલાયદી ઓ.પી.ડી. કાર્યરત કરી સ્વાઇન ફ્લુના શંકાસ્પદ તથા કન્ફર્મ કેસોને સમયસરની સારવાર આપવામાં આવી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી કરવામાં આવી.

## ફાલ્ગુન ૧૮,૨૦૩૮ શાકે

## શોકદર્શક ઉલ્લેખ

### શોકદર્શક ઉલ્લેખ

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કનુભાઇ જીવરામભાઇ વસાવાનો શોકદર્શક ઉલ્લેખ

શ્રી વિજયકુમાર ર.રૂપાણી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કનુભાઇ જીવરામભાઇ વસાવાનું તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ ૮૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી વસાવાનો જન્મ ૧૦મી જુલાઇ, ૧૯૩૪ના રોજ તત્કાલીન વડોદરા જિલ્લાના તિલકવાડા તાલુકાના ફેરકુવા ગામે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હતા. સ્વર્ગસ્થશ્રી વસાવાએ આઠમી ગુજરાત વિધાનસભામાં નસવાડી મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જનપ્રતિનિધિ તરીકે પ્રજાહિતના કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સંનિષ્ઠ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વર્ગસ્થ કનુભાઇ જીવરામભાઇ વસાવાનો જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કનુભાઇ એક સામાન્ય ગરીબ પરિવારના સાચા અર્થમાં ટ્રાયબલ કહી શકાય એવા અને છતાં પણ મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. સ્વર્ગસ્થ ચીમનભાઇ પટેલ સાથે જનતા દળના ધારાસભ્ય હતા. બે ફેરકુવા છે એમાં એક ફેરકુવા જેમાં નર્મદા માટે ચીમનભાઇએ જે કરેલું અને આ બીજું ફેરકુવા તિલકવાડાનું છે. મને સમાચાર મળ્યા એ અંગે આ ગૃહના માધ્યમથી આપશ્રીનું ધ્યાન દોરું છું કે, એમની છેલ્લી ક્રિયા કરવી જોઇએ એમાં પણ આર્થિક સંકડામણ એટલી હતી કે બાકીના લોકોએ થોડી મદદ કરી ત્યારે અંતિમક્રિયા થઇ અને અગ્નિદાહની વિધિ થઇ. એ મદદ ન થઇ હોત તો પરિવારના માટે મોટો પ્રશ્ન હતો. આપના માધ્યમથી આવા ધારાસભ્યો જે આ ગૃહના સભ્ય રહ્યા હોય એમનો સરવે કરીને પેન્શન મળે એ મતનો નથી પણ પેન્શન જેવી વ્યવસ્થા, બીજા ઘણા પરિવારો જેમ કે, ભીખાભાઇ બનાસકાંઠામાં હતા એમની પણ આ પરિસ્થિતિ હતી. આવા બીજા ઘણા બધા સભ્યો હતા એમની પણ આ પરિસ્થિતિ હતી. આવા સભ્યો માટે સરકાર સ્પેશિયલ સરવે કરાવી માસિક એમને ઘેર મોકલી શકાય તો હું માનું છું કે, એમના પરિવારને છેલ્લા દિવસોમાં અંતિમક્રિયા માટે હાથ લાંબો કરવો ન પડે. આખી જિંદગી સેવા કરી હોય એમના માટે વિચાર થવો જોઇએ. આવા સાદા અને સરળ કનુભાઇ વસાવા ટ્રાયબલ સમાજ માટે, એમના શૈક્ષણિક ઉત્થાન માટે સક્રિય હતા . આજે એ આપણી વચ્ચે નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી છે એમાં મારો સૂર પુરાવું છું. એમના આત્માને મોક્ષ પ્રાપ્ત થાય અને આપના દ્વારા એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો જાય એવી વિનંતી કરું છું.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને વિરોક્ષપક્ષના નેતાશ્રીએ જે શોકદર્શક ઉલ્લેખ કર્યો છે એમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ નસવાડી વિધાનસભાના ધારાસભ્ય સ્વર્ગસ્થ કનુભાઇ જીવરામભાઇ એ મારા મત વિસ્તારમાં હતા અને તે વખતે વડોદરા જિલ્લામાં નસવાડી વિસ્તાર ક્ષેત્રમાં નસવાડી, તિલકવાડા અને કવાંટ એ ત્રણ તાલુકાઓના તે વખતના ધારાસભ્ય ૧૯૯૧માં હતા. એમણે એસ.એસ.સી. સુધી અભ્યાસ કરેલો અને એમણે જે કાર્યો કરેલા એમાં એ ગ્રામ સેવકની નોકરી કરતા હતા. નોકરી કરતા કરતા રાજકારણમાં ઝંપલાવવાનું થયું. એ પછી ૧૯૯૦માં એ વિધાનસભાના સભ્ય બન્યા ત્યારે ભીલ સમાજમાં અને આદિવાસી સમાજમાં રહેલા કુરિવાજોમાંથી સમાજને બહાર કાઢવા માટે એમણે પ્રયત્નો કરેલા અને ભીલ સમાજના પ્રમુખ પણ રહેલા. સારી એવી કામગીરી કરેલ. સાહેબ, આજે એમના જવાથી સ્વાભાવિક છે કે અમારો વડોદરા જિલ્લો હોય કે રાજપીપળા, નર્મદા જિલ્લો હોય એમના જવાથી અમને ઘણી મુશ્કેલી પડી છે ત્યારે સ્વ. કનુભાઇ વસાવાનું ૮૨ વર્ષની ઉંમરે અવસાન થવાથી અમારા વિસ્તારમાં એક શોકની લાગણી ફેલાય છે ત્યારે એમના પરિવારમાં આવેલી મુશ્કેલીઓને પ્રભુ સહન કરવાની શક્તિ આપે એવી પ્રભુને પ્રાર્થના અને વિધાનસભામાંથી એમના કુટુંબીજનોને અહીંયાથી દિલસોજીનો સંદેશો પાઠવીએ એવી વિનંતી કરું છું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રીએ શોકદર્શક ઉલ્લેખમાં જે સૂર પુરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું. ગુજરાત વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય માનનીય કનુભાઇ જમરામભાઇ વસાવાની જોડે મારે પણ ઘણો સંબંધ હતો. તેઓ ૧૯૯૦ થી ૧૯૯૫ સુધી ગુજરાત વિધાનસભામાં જનતાદળના સભ્ય તરીકે સેવાઓ બજાવતા હતા. એમનો જન્મ ૧૯૩૪માં ૧૦મી તારીખે તિલકવાડા તાલુકાના ફેરકુવા ગામમાં થતો હતો. તે વખતે એટલી બધી ગરીબ પરિસ્થિતિ હતી પણ તે વખતે શિક્ષણ હતું અને શિક્ષણના કારણે તેઓ એસ.એસ.સી. સુધી ભણી શક્યા. એસ.એસ.સી. સુધી ભણીને ગ્રામસેવકની નોકરી એમને મળી હતી. એક એકર જમીન ધરાવતા કનુભાઇ વસાવા ગ્રામસેવક તરીકે નોકરી કરતા હતા. એમણે ગ્રામ સેવકમાંથી રાજીનામું આપીને સ્વ. ચિમનભાઇ પટેલની સરકારમાં ૧૯૯૦ થી ૧૯૯૫ સુધી એ ગુજરાત વિધાનસભાના સભ્ય બન્યા. શિક્ષણ ક્ષેત્રે, ખેતીવાડી ક્ષેત્રે, સહકાર ક્ષેત્રે અને ઉર્જા ક્ષેત્રે ઘણા કામો એમણે કર્યા છે. તેઓ ૮૨ વર્ષની ઉંમરે આ ફાની દુનિયા છોડીને હંમેશાના માટે ગયા. બાપુએ જે વાત મૂકી કે આવા ગરીબ ધારાસભ્યોને કાંઇક મળવું જોઇએ એમાં હું પણ મારો સૂર પુરાવું છું. કારણ કે એમની અંતિમ વિધિમાં બધાએ ફાળો

કરીને એમની અંતિમ ક્રિયા કરી હતી. આ પ્રસંગે રાજ્યે એક સંનિષ્ઠ સેવક ગુમાવ્યો છે અને એમના કુટુંબીજનો પર આવી પડેલી આફત સહન કરવાની ભગવાન એમને શક્તિ આપે.

અધ્યક્ષશ્રી : ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી સ્વ. કનુભાઇ માટેનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ અને ભાઇશ્રી ધીરૂભાઇએ એમાં સમર્થન આપ્યું છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું. કનુભાઇનું જાહેર જીવન ખૂબ પ્રમાણિકતાપૂર્વકનું રહેલું છે અને એ પ્રમાણિકતાના કારણે છેલ્લા દિવસોમાં એમને તકલીફ પડી એ એમની પ્રમાણિકતાનું ઉદાહરણ આપણે બધાએ સ્વીકારવા જેવું છે અને એટલા માટે જ આ બધા સભ્યએ કહ્યું છે એની સાથે હું પણ મારો સૂર પુરાવું છું અને તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે પોતાના સ્થાન ઉપર ઉભા થઇને બે મિનિટ મૌન પાળીએ.

( બે મિનિટ મૌન)

અધ્યક્ષશ્રીની અનુમતિથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આપની અનુમતિ સિવાય આ પ્રશ્ન કલાકમાં જે બન્યું કે, માર્શલ મિત્રો બધાએ અંદર આવીને સભ્યો સાથે, આપે અનુમતિ આપી હોય ઈશારો કર્યો હોય તો મારું ધ્યાન નથી પણ આ ગૃહમાં માનનીય સભ્યશ્રીઓની મર્યાદા કમ સે કમ એમનું સંરક્ષણ એ આપની જવાબદારી છે અને એ આપના હુકમ સિવાય, વેલમાં કે સભ્યો સાથે કમ સે કમ માર્શલ ભાઇઓ કે બહેનો આવે એ સારું નહીં.

વિશેષ અત્યારે હું આપનું ધ્યાન દોરવા માગુ છું કે, બાર વાગ્યા પહેલા અમારા મિત્રો બધા મારી ઓફિસમાં મળ્યા હતા અને એમણે કહ્યું કે, અમે આ રજાઓમાં પોતાના મત વિસ્તારમાં જવાના છીએ. શ્રી ધારશીભાઇ ઉપર પણ છેલ્લે કાલે એક ફોન આવ્યો અને એમણે મને કહ્યું કે, મારા ઉપર પણ આવી ધમકી આવી છે. મને રાઉલજીએ પણ કહ્યું કે, દસેક મિનિટ સુધી રવિ પુજારીની એક કોઇ ટી.વી. સાથે લાઇવ, લાઇવમાં એણે કહ્યું કે, હા હું રવિ પુજારી બોલું છું અને આ મારો નંબર છે જે થાય તે કરી લો. એવા ઠેકાણે આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ચિંતા કરવી હોય તે કરીને, અહીંના હોમ સેક્રેટરી, ડી.જી.પી., બાકી જે કાંઇ હોય અને દિલ્હી સાથે સંપર્ક કરીને, આ ફક્ત આ બાજુ છે કે નહીં એ મને બહુ ખબર નથી, આમાં કાંઇ સંકોચ નહીં રાખવો જોઇએ. અમારા શક્તિસિંહજીભાઇએ મને ના પાડેલી કે, મારી વાત જાહેર ન કરતા તો પણ મારે કહેવું પડ્યું કે એમનું પણ એમાં હતું. એટલે આ એક બહુ મોટું ભય જેવું, જવું તો શું, જવું કે નહીં, અમારી સલામતીનું શું, આ ધમકી સાચી પડશે કે કેમ ? અને માની લો કે, કોઇ ધમકી સાચી પણ પડે તો આખા ગૃહની શરમ છે, સરકારની શરમ કહેવાય. એટલા માટે તાત્કાલિક દિલ્હી સાથે સંપર્ક કરી, ઈન્ટરનેશનલના જેટલા ફોન આવ્યા હોય જે અમે આપને આપ્યા છે અને જાહેર વસ્તુ છે આ અને આટલી હિંમત કરે માણસ ? લાઇવ ટી.વી. ઉપર વાત કરે દસ મિનિટ સુધી અને કોઇ ટ્રેસ ન કરી શકે? તો આપણી જે ઈન્ટર નેશનલ એજન્સી હોય એ અથવા તો ભારત સરકારે ચિંતા કરીને આવું જે કાંઇ રેકેટ હોય જે ઇલેક્ટેડ મેમ્બરને સીટ ખાલી કરવાની વાત કરે, પૈસાની વાત કરે તો સમજ્યા પણ પોલિટીકલી એને શું સંબંધ? એને લડવાનું હોય ત્યાં ધારશીભાઇની જગ્યાએ તો અમે કહીશું કે, ધારશીભાઇ તમે રહેવા દો અને એને લડવા દો પણ આવી રીતે પોલીટિકલી વાત કરે કે, સીટ ખાલી કરો અને આમ તેમ, તો એનો પુરો વિચાર થવો જોઇએ અને આપના માધ્યમથી દિલ્હી સુધી આ વાત જાય અને સભ્યોને આશ્વાસન, ખાતરી મળવી જોઇએ કે, તમારી સલામતીની ચિંતા નહીં કરતા. અત્યારે જવું કે નહીં એની રજા કે અમે શું કરીએ આ ધમકી સાચી પડે તો? એવું કાંઇ ન થાય એટલા માટે આપ ચિંતા કરીને મુખ્યમંત્રીશ્રી સાથે રાજ્યના તંત્ર સાથે. કારણ કે, ગુજરાતમાં આ બન્યું છે. મુંબઇમાં પણ બન્યું છે છતાં આપણે ત્યાં બન્યું છે તો આપણા સ્ટેટની આપણે ચિંતા કરીએ અને એમાં કાંઇ આપ મદદરૂપ થાવ એવી આપને વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય વિપક્ષના નેતા માનનીય શંકરસિંહજીએ આપના દ્વારા સભાગૃહનું જે ધ્યાન દોર્યું છે એના સંદર્ભમાં મેં તે દિવસે પણ કહ્યું હતું, આજે પણ કહું છું કે, ટેલિફોન દ્વારા ભયનું વાતાવરણ ઉભું કરીને ખંડણી માગવા માટેનો જે પ્રયાસ કરી રહ્યો છે એના સંદર્ભમાં રાજ્ય સરકારે ગંભીરતાથી પગલાં લીધા છે. આપણી રાજ્ય સરકારની એ.ટી.એસ., રાજ્ય સરકારની ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેરની સિટી ક્રાઇમ આ ત્રણેય સંયુક્ત એજન્સીઓએ વોઇસ ઓવર આઇ.પી.ના માધ્યમથી વિશ્વના કોઇ એક અંતરિયાળ ખૂણાના દેશમાં બેસીને છાશવારે આ પ્રમાણે ફોન ઉપર ધમકી આપવાવાળા તમામ સંદેશાઓ અને માનનીયશ્રી ધારશીભાઇનો ફોન આવ્યો ત્યારે શ્રી શૈલેષભાઇ મારી પાસે લઇને આવ્યા હતા, એનું પણ બધું જ એકત્રીત કર્યું છે. આમાંનો જે નવસારીની અંદર પ્રસંગ બન્યો હતો, એ નવસારીના પ્રસંગમાં અમારી પોલીસે ગઇ કાલે જ એમાંના બે લોકોને ગોવામાંથી ધરપકડ કરી છે અને ગોવામાંથી ધરપકડ કર્યા પછી એની પાસે જે ડિટેઇલ નીકળી છે એ ડિટેઇલનું ઈન્ટ્રોગેશન હાલ ચાલે છે. મને લાગે છે કે, આ જેને કાવર્ડ પ્રકારના વ્યક્તિત્વના માધ્યમથી ટેલિફોન દ્વારા ભયનું વાતાવરણ ફેલાવવા માટેનો પ્રયાસ કર્યો છે. રાજ્યનું પોલીસ તંત્ર, કેન્દ્ર સરકારની તમામ એજન્સીઓની સાથે હાઇએસ્ટ જે એજન્સીઓ છે, એ બધી એજન્સીઓના હું નામ અહીંયા લેવા નથી માગતો. એ ઘટનાને ગંભીરતાથી લઇ અને ડે ટુ ડે અને જેવા ઈનપુટ્સ આવે એ ઈનપુટ્સના માધ્યમથી ઈમિડેટલી એ લોકોની સાથે ઈન્ટ્રેક્શન કરીને એ લોકોની પાસે જે ઈનપુટ્સ આવે એ આપણે એનું તાત્કાલિક કરીએ છીએ. હમણાં જે કુવાડવા ઉપરથી બે લોકો જે જામનગરના અસફાક ખત્રી માટે આવ્યા હતા, એમાં પણ આપણને મહારાષ્ટ્ર પોલીસ દવારા ઈનપુટ્સ મળ્યા હતા. લોકો હતા એને પણ આપણે આ પ્રમાણે પકડવામાં સફળ રહ્યા છીએ. જે રીતે ધમકીઓ આવે છે એના માધ્યમથી સરકારે અત્યંત ગંભીરતાથી આ વાતને લીધી છે અને આવા લોકોને નશ્યત કરવા માટે સરકાર કડકાઇથી અને કેન્દ્ર સરકારની અને તમામ એજન્સીઓની મદદ લઇને

કોઇપણ રીતે મારી દ્રષ્ટિએ પ્રાથમિક રીતે ગભરાવાની કોઇ આવશ્યકતા નથી અને જયાં આવશ્યકતા હશે ત્યાં અમે વધારાની સુરક્ષાનો પણ ઇન્તજામ કરીશું એવું માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે આજે સવારે જ એમણે આખી ઘટનાક્રમનો રીવ્યૂ લીધો હતો અને એના આધાર ઉપર હું આપનું ધ્યાન દોરવા માગું છું.

અધ્યક્ષશ્રી : અપેક્ષા માત્ર એટલી જ છે કે અહીંથી ધારાસભ્ય એમના મત વિસ્તારમાં પોતાના ગામમાં જાય અને કંઇ અજુગતું ન બને એના માટેની ચિંતા છે અને એ વ્યાજબી પણ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે સંપૂર્ણ સુરક્ષા આપીશું અને થોડા દિવસની અંદર તો આ આખું જે નેટવર્ક છે એ નેટવર્કનો પર્દાફાશ થશે અને મને ગુજરાતના પોલીસ તંત્રના કામ પર પૂરી શ્રદ્ધા છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિરોધ પક્ષના નેતા બાપુશ્રીએ જે વાત કરી, આ પ્રશ્ન ગંભીર છે, જયારે આ પ્રશ્ન અમારા નેતાશ્રીએ ઉઠાવ્યો અને અમે પણ ઉઠાવ્યો ત્યારે આ પ્રકારની પ્રક્રિયા પછી તા. ૭ મીના રોજ વીટીવીના એડીટર ઇશુદાન ગઢવીએ એમની જોડે રવિ પૂજારી ડોન જોડે લગભગ ૯ મિનિટ સુધી લાઇવ વાર્તાલાપ કર્યો અને વાર્તાલાપમાં મેં પણ એમની કેસેટ એમના મારફતે સાંભળી ત્યારે મને બહુ દુઃખ થયું. રવિ પૂજારીએ એમ કહ્યું કે અમે ગંદકી દૂર કરવા માગીએ છીએ અને અમે, શક્તિસિંહ, સી.કે.રાઉલજી, અમિત ચાવડાને ફોન કર્યો છે અને હું ઓસ્ટ્રેલિયામાં છું. મારો આ ફોન નંબર છે. આવી ૯ મિનિટ સુધી લાઇવ વીટીવી ઉપર વાતચીત માનનીય ઇશુદાન ગઢવીએ કરી. એની કેસેટ પણ છે. મારો કહેવાનો મતલબ કે આ લોકશાહીમાં જયારે આવા ડોન લોકો વીટીવી પર એડીટરને આવી વાત કરતા હોય અને દુઃખ એ થાય છે કે આવી ગંભીર બાબત અને એમાં ભા.જ.પ.ના એક ધારાસભ્ય કોઇ ટીવી., ઇલેકટ્રીક ચેનલ ઉપર કે આ કોંગ્રેસવાળા જયારે આ વસ્તુને ઇરાદાપૂર્વક ઉપજાવી કાઢી છે કે માનનીય પ્રધાનમંત્રી અહીંયા આવે છે એટલે તો હું એટલા માટે કહેવા માગું છું કે ભા.જ.પ.ના ધારાસભ્યશ્રીએ જે વાત કરી એ ખૂબ દુઃખની વાત છે કે જેની પાસે આ વસ્તુના અનુસંધાનમાં એટલા માટે અમે અતિ ગંભીર કહીએ છીએ કે આ બનાવ બન્યા પછી, અમને ધમકી આપ્યા પછી અમારા વતનમાંથી લગભગ ૧૫૦ થી ૨૦૦ ફોન આવ્યા હશે. બીજા ફોન તો મેં રીસીવ નથી કર્યા અને અમને અત્યારે એ જાતની બીક છે અને એમાં એમ કહ્યું છે લાઇવ ટી.વી.માં કે આ લોકો દાઉદના માણસો જોડે કનેકટીંગ કરાચી અને અન્ય દેશોમાં સબંધ ધરાવે છે. આવો આક્ષેપ જો દાઉદ મતલબ કે રવિ પૂજારી કરતો હોય તો એ અતિ ગંભીર છે. મેં પણ પછી સાતમી તારીખે આઠ અને દસે વી.ટી.વી.ના લાઇવ ટી.વી.ના અનુસંધાનમાં પણ ઇન્ટરવ્યૂ આપ્યું અને અમે કહ્યું કે કોંગ્રેસના ધારાસભ્યો છીએ, અમે પ્રજાના સેવક છીએ, અમારા ટેલીફોનના જે રેકર્ડ છે અથવા તો અમારી ભૂતકાળની જે પ્રવૃત્તિ છે અગર ભૂતકાળની કોઇ કાર્યવાહી છે એમાં અમે જો કોઇ કરાચી કે દાઉદના લેવલે અમારી જો કનેકટીવીટી હોય તો અમને ફાંસીની સજા થાય તો પણ અમને વાંધો નથી. આ બાબતની વાત એટલા માટે ગંભીર છે કે રવિ પૂજારી વીટીવીના એડિટરને એમ કહે છે કે આ લોકો દાઉદના કનેકશનમાં છે એટલે અમે ગંદકી સાફ કરવા માગીએ છીએ. વ્યક્તિગત રીતે હું પોતે માનું છું કે આવી કોઇ એજન્સી પક્ષીય રીતે હું કોઇ પક્ષની વાત કરવા માગતો નથી પણ આ અતિ ગંભીર છે કે ૨૦૧૭ની ચૂંટણી આવી રહી છે એટલે અમારા કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો છીએ, સાચી વાત કરતા હોઇએ, અગર જે કંઇ વાસ્તવિકતાના અનુસંધાનમાં, અમે કોઇનાથી ડરતા નથી. આ રવિ પૂજારી જેવા ગમે તેટલા માણસો અમને ધમકી આપવા માગતા હોય પણ અમે ડરતા નથી અને મેં પણ કહ્યું કે અમારા એમ.એલ.એ. કવાર્ટરની અંદર અમારે કંઇ પોલીસ રક્ષણની જરૂર નથી પણ સવાલ એ છે કે અમારા કરતાં અમારા ફેમીલીમાં જે કોઇ વ્યક્તિઓ છે, મારા મિસિસને હાઇ બી.પી. છે. એણે એમ કહ્યું કે આજે મારો દીકરો બહાર જાય છે તો તમે ગમે તેમ કરીને સાંજે આવી જજો. પોલીસની મદદ ત્યાં મળી છે, પણ જ્યારે અમે વિધાનસભા ચાલુ હોય અને અમે અહીંયા હોઇએ અને કુટુંબની પરિસ્થિતિ શું છે તે અમે જાણી શકીએ છીએ. અમારા ધારાસભ્ય ધારશીભાઇ ખાનપુરા ખેડૂતના દીકરા છે, સામાન્ય વ્યક્તિ છે. એમને ડાયરેક્ટ ૩ થી ૪ દિવસ પહેલાં એમ કહ્યું હોય કે સીટ ખાલી કર દો. મારું વ્યક્તિગત માનવું છે કે આ રાજકીય રીતે રવિ પૂજારી વાત કરતો હોય તો ફરીથી વિનંતી છે કે સરકાર સજાગ થાય. આપણી સ્ટેટ ગવર્નમેન્ટથી ના બનતું હોય તો કેન્દ્ર સરકાર તમારી છે. અમારાં ફોન નંબરો લેખિતમાં આપ્યાં છે. તાત્કાલિક અઠવાડિયામાં એનું નિરાકરણ લાવી અમારામાં ભય પેદા થયો છે તે ભય દૂર કરવાનો સરકાર પ્રયત્ન કરે તેવી આપના મારફત વિનંતી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સી.કે.રાઉલજીએ કહ્યું એમાં એકલા કોંગ્રેસના ધારાસભ્ય ઉપર આ એણે આ પ્રમાણેનું કર્યુ એવું નથી. ભારતીય જનતા પાર્ટીના નવસારીના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ઉપર ધમકી આપી હતી. એના અનુસંધાનમાં અમારા મંગુભાઇ, આર.સી.પટેલ, પીયૂષભાઇ દેસાઇ મને મળ્યા હતા. એ વખતથી હું એ.ટી.એસ. અને ત્યાંના રેન્જ સાથે સતત સંપર્કમાં છું. આ જે નામ છે એ નામવાળું વ્યક્તિત્વ આપણા સૌની વચ્ચે રાજકીય વૈમનસ્ય ઊભું કરવા માટે આયોજનપૂર્વક કરી રહ્યા છે. હું આપ સૌને ખાતરી આપું છું કે બધી જ તપાસની વસ્તુઓ આ તબક્કે હાઉસના ફ્લોર ઉપર કહેવી એ મારી દ્રષ્ટીએ અયોગ્ય છે. તમામ પાસાઓનો ખુલાસો હું અહીંયા કરતો નથી. કેન્દ્ર સરકારની તમામ એજન્સી, રાજ્ય સરકારની તમામ એજન્સી અમારા ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ આ બધાને સમગ્રતયા આ કામની અંદર લગાડ્યા છે. આ કામને ગંભીરતાથી લેવામાં આવેલ છે. ટીવી ડિબેટમાં કોઇ ધારાસભ્યે આ ઘટનાના સંદર્ભમાં આ પ્રમાણેના ઉદગારો વ્યક્ત કર્યા હોય તો તે ઉદગારો અયોગ્ય છે. એના વતી હું હાઉસની અંદર દિલગીરી વ્યક્ત કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પ્રદીપસિંહજીની આટલી ખાતરી પછી આ ઘટનાને સૌએ ગંભીરતાથી લીધી છે, ત્યારે રાજકારણ, રાજકીય અવલોકન સાથે ન જોડવું જોઇએ. પ્રદીપસિંહે જે સિકવન્સથી વાત કરી છે. કારણ કે સરકારે, આજે સવારે

મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે. બાકી બધી વ્યવસ્થા કરી છે. એમણે ઘરે જવું હોય તો ખાતરી પણ આપી છે. આટલું મારું અવલોકન છે કે આને રાજકીય ન ગણીએ.

અધ્યક્ષશ્રીની જાહેરાત

વર્તમાન પત્રમાં માહિતી પ્રસિદ્ધ થવા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવી છે. તા. ૮-૩-૨૦૧૭ ના એક વર્તમાનપત્રમાં સમાચાર પ્રસિદ્ધ થયા છે કે મહિલા ધારાસભ્યો સાથે ગેરવર્તણૂક કરતા હર્ષ સંઘવી, ઇશ્વરભાઇ પટેલ, પીયૂષભાઇ દેસાઇ, અશોકભાઇ પટેલ, કિશોરભાઇ ચૌહાણ અને જનકભાઇ કાછડિયાની પાટલી બદલવી પડી છે. આ સમાચારો પ્રસિદ્ધ થયા છે જે ગેરમાર્ગે દોરનાર છે. કારણ કે વિધાનસભાના નિયમોના નિયમ ૮ અનુસાર સભાગૃહમાં સભ્યોની બેઠકની ફાળવણી અધ્યક્ષશ્રી કરે છે. બેઠક વ્યવસ્થામાં જરૂર જણાયે ફેરફાર કરવાનો પણ અધિકાર છે. વર્તમાન પત્રમાં જે ધારાસભ્યોનાં નામનાં ઉલ્લેખ થયાં છે, તે ધારાસભ્યોએ એમની બેઠક વ્યવસ્થા બદલવા માટે મને રજૂઆત કરેલ હતી. એમની બેઠક વ્યવસ્થા બદલવા અંગેની કોઇપણ મહિલા ધારાસભ્ય દ્વારા લેખિત, મૌખિક મને કોઇપણ પ્રકારની વાત નથી કરી. ત્યારે મેં એમની આ રજૂઆતનો સ્વીકાર કરી એમની બેઠકમાં ફેરફાર કર્યો છે. જેના કારણે કોઇએ કોઇપણ પ્રકારની ગેરસમજ નહિ કરવી જોઇએ. વધુમાં મારે એ બાબત ઉપર પત્રકાર મિત્રોનું ધ્યાન દોરવું છે કે બધા પોઝિટિવલી, હકારાત્મક રીતે સારી દિશામાં વિધાનસભાની કાર્યવાહી માટે જ્યારે સહયોગ કરી રહ્યા છે, તેવા સંજોગોમાં થોડી નાની સરખી વિગતો એમના ધ્યાન ઉપર મુકવા માગું છું. ગૃહની કાર્યવાહીના સંચાલન દરમ્યાન જે શબ્દપ્રયોગ અધ્યક્ષસ્થાનેથી ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે, તે શબ્દપ્રયોગ વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ થઇ શકતા નથી. છેલ્લા કેટલાક સમયથી તેનું પાલન થતું નથી, આથી મારી સર્વે પત્રકાર મિત્રોને વિનંતી છે કે કાર્યવાહીમાંથી દૂર થયેલા શબ્દપ્રયોગો વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ ન થાય તેનું ધ્યાન રાખવું. નેકસ્ટ.

[•]માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

સામાન્ય વહીવટ વિભાગ

માગણી ક્રમાંક-૩૦

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રુ.૫,૭૮,૪૨,૦૦૦/-ની માગણી ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૩૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રુ. ૩,૨૦,૧૬,૧૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.

---

[•] ભારતના બંધારણની કલમ ૨૦૩-૩ સાથે વાચતા તેની કલમ ૨૦૨ મુજબ પોતાને અપાયેલી સત્તાની રુએ ગુજરાતના રાજયપાલશ્રી આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટેની ગ્રાન્ટ અંગેની માગણીઓની વિચારણા કરવા ગુજરાત વિધાનસભાને ભલામણ કરે છે.

ફાલ્ગુન ૧૮,૨૦૩૮ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૩૩

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રુ.૧,૦૭,૪૨,૧૬,૦૦૦/–ની માગણી ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

માહિતી અને પ્રસારણ વિભાગ

માગણી ક્રમાંક–૫૪

શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( રા.ક.ના માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચાર સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રુ.૧,૧૬,૧૪,૩૫,૦૦૦/–ની માગણી ક્રમાંક–૫૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી

કૃષિ અને સહકાર વિભાગ

માગણી ક્રમાંક–૫

શ્રી ઇશ્વરસિંહ ઠા.પટેલ (રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂપિયા ૭,૫૩,૬૦,૦૩,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૯૬,૫૯,૦૧,૦૦૦ની માગણી ક્રમાંક–૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

# તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

સન ૨૦૧૭-૧૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા. ૯- ૩- ૨૦૧૭ (પહેલો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | સામાન્ય વહીવટ વિભાગ<br>માગણી નં. ૩૦ | |
| ૧ | ૨૦૧૩- મંત્રી પરીષદ<br>૧૦૧- મંત્રીઓ...પગાર<br>રૂ. ૫,૭૮,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૨૩ | ૧૦૦ | કેન્દ્ર સરકાર સમક્ષ રાજયના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત<br>(કાંતિભાઈ ખરાડી,<br>પ્રવિણભાઈ રાઠોડ) |
| ૨ | '' | ૧૦૦ | મંત્રી પરીષદ દ્વારા પ્રજાલક્ષી કામોની જાહેરાત બાદ તેના અમલમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર<br>(રમેશભાઈ ચાવડા) |
| ૩ | '' | ૧૦૦ | વિરોધપક્ષના ધારાસભ્યો દ્વારા પત્રો લખ્યા બાદ જ મંત્રી પરીષદ વિકાસના કામો મંજૂર કરે છે અને તેની જાણ સંબંધિત ધારાસભ્યને અગ્રતાથી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કરમશીભાઈ પટેલ<br>(સી. કે. રાઉલજી) |
| ૪ | '' | ૧૦૦ | સરકાર દ્વારા જાહેર કરાયેલ યોજનાઓને સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ<br>(ચંદ્રિકાબેન બારીયા) |
| ૫ | '' | ૧૦૦ | રાજ્ય સરકાર દ્વારા વિકાસના કામો સંદર્ભે કેન્દ્રીય મંત્રીશ્રીઓના પત્રોના જવાબ આપવા બાબતે તંત્રની ઉદાસીનતા. | શ્રી ગેંદાલભાઈ ડામોર<br>(ધર્મેન્દ્રસિંહ જાડેજા) |
| ૬ | '' | ૧૦૦ | મંત્રી પરીષદ દ્વારા આમ જનતાએ રજૂ કરેલ ફરિયાદોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ<br>(બાબુભાઈ વાજા) |
| ૭ | '' | ૧૦૦ | મંત્રી પરીષદના મંત્રીઓશ્રીઓને મળવા માટે ધારાસભ્યશ્રીઓ અને આમ જનતાને લાંબો સમય બેસી રહેવું પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગોવાભાઈ રબારી<br>(કામીનીબા રાઠોડ) |
| ૮ | '' | ૧૦૦ | મંત્રી પરીષદ દ્વારા નિમાયેલ તપાસ પંચોના અહેવાલો રાજ્ય સરકારને સુપ્રત કરાયા બાદ વર્ષો સુધી તેને જાહેર કરવામાં થતો વિલંબ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શૈલેષ પરમાર<br>(હીરાભાઈ પટેલ) |
| ૯ | ૨૦૧૩- મંત્રી પરીષદ<br>૧૦૧- મંત્રીઓ...પગાર<br>રૂ. ૫,૭૮,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૨૩ | ૧૦૦ | મંત્રી પરીષદના સભ્યો દ્વારા પ્રજાના પ્રતિનિધિઓની રજૂઆતોને ધ્યાને ન લઈ તેઓ સાથે થતાં ઉદ્ધતાઈભર્યા વર્તનને નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા<br>(પૂનમભાઈ પરમાર) |
| | | | માગણી નં. ૩૧ | |
| ૧૦ | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૧- ચૂંટણી પંચ<br>૦૧- રાજ્ય ચૂંટણી પંચ<br>રૂ. ૧૪,૫૫,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૩૨ અને ૩૩ | ૧૦૦ | મતદારોની વારંવારની લેખિત રજૂઆતો છતાં નજીકના સ્થળે મતદાન મથકો પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા<br>(નટવરસિંહ ઠાકોર) |
| ૧૧ | '' | ૧૦૦ | તટસ્થ મતદાન થઈ શકે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(ધારશીભાઈ ખાનપુરા) |
| | | | માગણી નં. ૩૩ | |
| ૧૨ | ૨૦૫૨- સચિવાલય...સેવાઓ<br>૦૯૦ - સચિવાલય<br>રૂ. ૬૫,૬૩,૭૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૫૨ થી ૫૭ | ૧૦૦ | સરકારી કાર્યક્રમોમાં સ્થાનિક ધારાસભ્યોની થતી અવગણના અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોઈતાભાઈ પટેલ<br>(પ્રહલાદભાઈ પટેલ) |
| ૧૩ | '' | ૧૦૦ | સચિવાલયના વિભાગોમાં ખાલી પડેલ જગ્યાઓને લીધે વહીવટ પર થતી અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ<br>(પુનાભાઈ ગામીત) |
| ૧૪ | '' | ૧૦૦ | વર્ગ-૩ની જગ્યાઓ લોન સેવાને બદલે બઢતીથી ભરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તેજશ્રીબેન પટેલ<br>(મેરામણભાઈ ગોરીયા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | " | ૧૦૦ | સચિવાલયમાં વર્ગ–૧ની જગ્યાઓ પર કાયમી નિમણુકો આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલભાઈ જોષીયારા (ધીરૂભાઈ ભીલ) |
| ૧૬ | " | ૧૦૦ | સચિવાલયની સેકશન અધિકારીની ખાલી રહેલ જગ્યાઓ બઢતીથી ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ (મહેન્દ્રસિંહ વાઘેલા) |
| *૧૭ | " | ૧૦૦ | સચિવાલયમાં સેકશન અધિકારીઓના સિનિયોરીટી લિસ્ટમાં થતી ગેરરીતિઓ અટકાવી તે સમયસર બહાર પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજી પટેલ (જીતુભાઈ ચૌધરી) |
| ૧૮ | " | ૧૦૦ | આઉટ સોર્સીંગથી ભરાયેલ જગ્યાઓ ઉપર ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી કરવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| | | માહિતી અને પ્રસારણ વિભાગ<br>માગણી નં. ૫૪ | | |
| ૧૯ | ૨૨૨૦– માહિતી અને પ્રચાર<br>૦૧– ચલચિત્રો<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – માહિતી .....કચેરી<br>રૂ. ૨૩,૧૦,૧૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૪<br>પાના નં. ૧૪ અને ૧૫ | ૧૦૦ | માહિતી નિયામકની કચેરી દ્વારા થતાં બિનજરૂરી ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ (મણીભાઈ વાઘેલા) |
| ૨૦ | ૨૨૨૦–માહિતી અને પ્રચાર<br>૬૦ – અન્ય<br>૧૧૦ – પ્રકાશનો<br>૦૧ – મુદ્રિત........ પ્રચાર<br>રૂ. ૪૭,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૪<br>પાના નં. ૧૮ થી ૨૩ | ૧૦૦ | જરૂરીયાત મુજબના જ પ્રકાશનો પ્રકાશિત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી (ઈન્દ્રનિલ રાજ્યગુરૂ) |
| ૨૧ | " | ૧૦૦ | કચેરી દ્વારા પ્રકાશિત સાહિત્યો સાદા ટપાલ ખર્ચથી મોકલી નાણા બચાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર (વજેસિંગભાઈ પણદા) |
| | | કૃષિ અને સહકાર વિભાગ<br>માગણી નં. ૫ | | |
| ૨૨ | ૨૪૨૫ – સહકાર<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧–COP –21 સહકારી...અધિકારી<br>રૂ.૧૦,૪૦,૭૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૧૯૫ અને ૧૯૬ | ૧૦૦ | ગ્રામીણ બેંકો દ્વારા સરળતાથી કૃષિ ધિરાણ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ જાવીદ પીરઝાદા (મહેશકુમાર પટેલ) |
| ૨૩ | " | ૧૦૦ | વ્યાજે નાણા આપતા શાહુકારોથી ખેડૂતોને રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. મિતેશભાઈ ગરાસીયા (મંગળભાઈ ગાવિત) |
| ૨૪ | " | ૧૦૦ | સહકારી બેંકોનું ઓડીટ સમયસર થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીતભાઈ ચૌધરી (છનાભાઈ ચૌધરી) |
| ૨૫ | " | ૧૦૦ | સહકારી પ્રવૃતિઓમાં થતો રાજકીય હસ્તક્ષેપ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગૌતમભાઈ ચૌહાણ (રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૨૬ | " | ૧૦૦ | શાહુકાર અધિનિયમનો અસરકારક અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ રાઠવા (આનંદભાઈ ચૌધરી) |
| ૨૭ | " | ૧૦૦ | સહકારી બેંકોને વિશ્વસનીય બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈશ્વરભાઈ પટેલ (હર્ષદકુમાર રીબડીયા) |

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

ડી. એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર મંત્રી મંડળના ખર્ચાઓ માટેની ૫ કરોડ ૭૮ લાખ ૪૨ હજારની જે માગણી લઇને આવી છે એના ઉપર પહેલાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. જ્યારે મંત્રીમંડળની રચના થાય છે ત્યારે મંત્રીશ્રીઓને શપથ લેવાના હોય છે માનનીય રાજયપાલશ્રીની હાજરીમાં અને સોગંદ લેતી વખતે મંત્રીશ્રીઓ કહે છે કે ‘સત્ય, નિષ્ઠા, પ્રમાણિકતા અને તટસ્થતાથી હું કામ કરીશ’ આટલી મોટી માગણી લઇને આવેલી સરકારના માનનીય મંત્રીશ્રીઓને હું કહેવા માગું છું કે આપ જ્યારે એક સોગંદ લઇને બેસો છો કે મંત્રી તરીકેની મારી ફરજ ભય કે પક્ષપાત વગરની રહેશે. અહીંયા દિલ પર હાથ મૂકીને આપણે એમ પુછીએ કે શું પક્ષપાત વગર કામ આપણે કરીએ છીએ ખરા? વિધાનસભા ગૃહમાં જ્યારે આપ એક મંત્રી તરીકે બેઠા હો છો ત્યારે અને એક મંત્રી તરીકે જ્યારે જવાબ આપો છો ત્યારે આપ ભારતીય જનતા પાર્ટીના પ્રતિનિધિ નથી. આપે સોગંદ લીધા છે તટસ્થ મંત્રી તરીકે કામ કરવાના, આપનો જવાબ ગુજરાત રાજ્યની જનતાના એક પ્રતિનિધિ તરીકે રાજકીય પક્ષાપક્ષીની ઉપર એક મંત્રી તરીકે આપે આપવાનો હોય છે. પૂજ્ય જી.વી. માવલંકર દાદાના આ બધા સંસ્કારો સાથેની ગુજરાતની વિધાનસભા અને એ ગુજરાતની વિધાનસભામાં મંત્રીમંડળ જ્યારે જવાબ આપતું ત્યારે આખા દેશમાં એક ઉચ્ચત્તમ પ્રણાલિકા માટે કોઇનો દાખલો દેવાતો હતો તો એ ગુજરાતની વિધાનસભાનો દાખલો આપવામાં આવતો હતો. એ ઇતિહાસ છે આપણો. આપણે કઇ દિશામાં જઇ રહ્યા છીએ? એક એક શબ્દ અહીંયા બોલાય તે એક એક શબ્દ વિધાનસભાના રેકોર્ડમાં લખાયેલો રહે છે ચિરંજીવી રહે છે. ભૂતકાળમાં માનનીય સ્વર્ગસ્થ અશોકભાઇ ભટ્ટ અહીંયાથી બોલ્યા હોય, માનનીય વજુભાઇ વાળા બોલ્યા હોય, માનનીય કેશુભાઇ બોલ્યા હોય વિરોધપક્ષમાં રહીને, એના કેટલાક ચોપડાઓ હું વાંચું છું આ વિધાનસભા ગૃહમાં આપના માધ્યમથી કેટલીક હકીકતો રજૂ કરવા માગું છું. આ ગૃહમાં હું તો એ પણ વિનંતી કરીશ કે આપ હંમેશા એમ કહો છોને તમે, તમે, તમે, તમે, તમે હું એમ કહું છું કે આપ ક્યારેક આ કાર્યવાહીને, કમસેકમ માનનીય મંત્રીશ્રીઓ વિધાનસભાની એ ઉચ્ચત્તમ પ્રણાલિકાઓની એ કાર્યવાહીને આપ વાંચો. સ્વર્ગસ્થ બાબુભાઇ જશભાઇ પટેલ આ ગૃહમાં જવાબ આપતા હોય, સ્વર્ગસ્થ બાબુભાઇ વાસણવાળાએ જવાબ આપ્યા હોય, ભાઇ દિનશા પટેલે જવાબ આપ્યા હોય. માનનીય મનોહરસિંહજી જાડેજાએ આપ્યા હોય, હરિસિંહ મહિડાએ આપ્યા હોય આ જવાબો અપાતા હતા તે જવાબો કેવા અપાતા હતાં તેના તરફ કયારેક તો જઇને નજર નાંખો કે આ ગૃહની કેવી પ્રણાલિકા હતી. હું અહીં બેસીને કહું છું એવુ નહીં સ્વ.છબિલદાસભાઇ મહેતાની કેબિનેટમાં મંત્રી તરીકે તો ૮ ડિપાર્ટમેન્ટ હતા પણ ૪ ડિપાર્ટમેન્ટ મુખ્યમંત્રીના હતા ૧૨ ડિપાર્ટમેન્ટના જવાબ મેં ત્યાં બેસીને આપ્યા છે. રોજે મારી પ્રશ્નોત્તરી આવતી હતી અને આ રેકોર્ડ તો વિધાનસભા તૈયાર કરે છે. મારી એ પ્રશ્નોત્તરી દરમિયાન રાજકીય આક્ષેપો, અવલોકનો કે લાંબી લાંબી વાત કરી હોય એવો દાખલો હોય તો આપ બતાવજો હું અહીંયા બેસીને આપના પાસેથી વાતનો આગ્રહ રાખું છું. ત્યાં બેસીને જયારે જવાબ મળે ત્યારે અગાઉથી મંત્રીશ્રી નક્કી કરે કે આજે બલવંતસિંહનો આ નંબરનો પ્રશ્ન નથી આવવા દેવો. શું આ વિધાનસભાની આપણી આવી પરંપરા છે ખરી ? આપની વાત બિલકૂલ સાચી છે અને આપને પણ સંચાલન કરવામાં તકલીફ પડે છે તેના માટે જવાબદાર કોણ ? આપણા વિધાનસભાના નિર્ણયોમાં મંત્રીશ્રીઓ પર વિશેષ જવાબદારી નંખાઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. નટવરલાલ શાહ સાહેબનું એ જજમેન્ટ આપ વાંચો કે સભ્ય કંઇ લાંબુ કરે ક્ષમ્ય છે સત્તાધારી પક્ષમાં મંત્રી થઇને બેઠેલો સભ્ય માગે, લાંબી વિગત માગે પણ તે મંત્રીની જવાબદારી છે કે સભ્યએ માગેલી વિગત લાંબી હોય તો મંત્રીશ્રીએ કહેવું જોઇએ કે માનનીય અધ્યક્ષશ્રી વિગત લાંબી છે અને ગૃહનો સમય બચાવવા માટે હું આ ટેબલ ઉપર રજૂ કરીશ. આવા એક નહીં અનેક દાખલ આપને જોવા મળશે. અહીં તો શું થાય દેખાય સ્પષ્ટ દેખાય, આખી ગેલેરી જોતી હોય, આપણે સૌ આપણું આત્મનિરીક્ષણ કરીએ તો સ્પષ્ટ રીતે દેખાય કે નર્મદાનો પ્રશ્ન છે તો એના બારણાં ચડાવતાં આપણને પોણાં ત્રણ વર્ષ થયા હોય અને બંધ કરવાની હજુ મંજૂરી નથી મળી આ વાતની ચર્ચા નથી થવા દેવી માટે હું નર્મદા વિભાગની માગણી ઉપર પ્રવચન આપતો હોઉં એમ બોલું અને પ્રશ્નોત્તરીમાં છું એ વાત ના સમજું આ શું વાજબી છે ખરું ?

માનનીય અધ્યક્ષશ્રી, મારે સામાન્ય વહીવટ વિભાગ અને માનનીય મંત્રી મંડળને કહેવું છે આપનો સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર છે કે ધારાસભ્યશ્રી પત્ર લખે આપનું કામ એ વિભાગને મોકલી આપો અને ધારાસભ્યને કહો કે મેં વિભાગને મોકલી આપ્યો છે તેનાથી આપનું કામ પૂરું થતું નથી. આપ આ ગૃહમાં રજૂ કરો કે કેટલાં ફાઇનલ જવાબ આપે આ પક્ષ કે આ પક્ષના ધારાસભ્યશ્રીઓને આપ્યા છે તે જણાવો તો ખરાં. આપનો પરિપત્ર છે કે ધારાસભ્યનો પત્ર મોકલાયા પછી તેનું મોનીટરીંગ કરવું જોઇએ, એનો આખરી જવાબ મળવો જોઇએ પહેલો તો વચગાળાનો જવાબ છે. અને જયારે આપણે આવું કરીએ ત્યારે એવું કહેવાય છે કે સારો ઘોડો હોય તે અસ્વારને ઓળખી જાય. જો અસ્વાર બરાબર હોય, ઉપરનો ઘોડેસવાર બરાબર હોય તો ઘોડો મસ્ત રેવાળ ચાલે અને જો અણઘડ અને ખોટો એવો બેઠો હોય તો એ ખદમાં ઘોડો ચાલે એવું અમારે ત્યાં સૌરાષ્ટ્રમાં કહેવાય છે. એમ જયારે મંત્રી મંડળમાં આવું હોય એટલે અધિકારીઓ તો આપણને ઓળખી જાય કે આને ધારાસભ્યની કિંમત નથી તો અમારે કેટલાં ટકા આપણે શું કામ ધારાસભ્યને ગણવા જોઇએ. અને પરિણામે આ સરકારમાં અધિકારીશાહી એટલી ચાલે છે શું આપને ખબર નથી કે કલેકટર કક્ષાએ બિન ખેતી કરવા માટેના શું ભાવ બોલાય છે ? આ શું આપના મંત્રી મંડળને ખબર નથી હોતી કે બિન ખેતી માટેના કલેકટર ઓફિસમાં શું ભાવ બોલાય છે. આપણે કઇ દિશામાં લઇ જવા માગીએ છીએ ? આપણે જો આ ગૃહના ચૂંટાયેલા સભ્યોનું સન્માન નહીં કરીએ, દિનશા પટેલ બાંધકામ વિભાગના મંત્રી હતા અને એના પાસે કોઇ જાય કે આ જોબ નંબર જોઇએ છે તો એ કહેતાં તે વિસ્તારના ધારાસભ્યનો કાગળ લઇ આવો અને

પછી એમ કહે કે એ તો સાહેબ ભારતીય જનતા પાર્ટીનો છે. કંઇ વાંધો નહીં પ્રજાને ગમ્યો છે અને ચૂંટાયેલો છે તેનો કાગળ નહીં હોય તો તમને જોબ નંબર નહિં આપું. અને આજે શું થાય ? મને મારા ધારાસભ્ય તરીકેના અધિકારનો જોબ નંબર હું માગુ અને તે જોબ નંબરનો કાગળ મને મળતાં પહેલાં એક જ રાજકીય પક્ષના ચાર હોદેદારોને એ કાગળ જાય, એને મળી જાય એ નક્કી થાય અને એને મળ્યાં પછી મને કાગળની કોપી મળે. સાહેબ આવુ બધું રાજકારણ અને હું અહીં બેસીને સારી સારી વાત કરું છું એમ નહીં કેટલાંક માનનીય મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓ એ વાતના સાક્ષી છે. હું મંત્રીમંડળમાં હતો. આજે કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓ હયાત છે. મારી આ પાટલીએ બેસનાર માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી છે જે આપના પક્ષના છે એને જઇને પૂછજો એ પરમાનંદભાઇ ખટ્ટર હોય, હરદતભાઇ ટેમુભાઇ હોય એ રણજિત સિંહ ઝાલા હોય, જયનારાયણ વ્યાસ હોય, એ ઉપરાંત આજે આપણી વચ્ચે નથી પણ સ્વર્ગસ્થ હરિશચંદ્ર ભાઇ પટેલ, સ્વર્ગસ્થ જીતુભાઇ આ મારી મિનિસ્ટરની એન્ટી ચેમ્બર એ એમનું મળવાનું ઠેકાણું રહેતું. એ કબજો રાખીને બેસતા અને એ સમયે ઇ-મેઇલનો જમાનો નહોતો. મારી ઓફિસમાંથી લીમડીમાં મારી વિરુદ્ધ કે અહિયા ડોક્ટર નથી અને આંદોલન કરવું છે એના ફેક્સ મિનિસ્ટર હેલ્થના ઓફિસમાં મારી ઓફિસમાંથી એમણે કરીને આંદોલન શરૂ કર્યુ. મે સામેથી જીતુ ભા ભાઇને ફોન કર્યો હતો. મેં કહ્યું હતું કે, તકલીફ કે ડોક્ટર નથી. બે ડોક્ટરની નિમણૂક કરી. કારણ કે, ડોક્ટર પાસે જનાર ભાજપ કે કોંગ્રેસ બધાના હોય છે. એ જનપ્રતિનિધિ હતો અને મારી ઓફિસનો કબજો રાખવાનો એમને અધિકાર હતો. અહિ આપની સાથે માનનીય મહેન્દ્રભાઇ મશરૂ બેઠા છે. પૂછી જુઓ એમને મારા કાર્યાલયમાં આવતા હતા અને જૂનાગઢની હોસ્પિટલના કોઇ કર્મચારીની ટ્રાન્સફરની પણ વાત હોય કે વિકાસની વાત હોય કે એન.જી.ઓ.ને જગ્યા આપવાની વાત હોય, મેં ક્યારેય પક્ષાપક્ષી કરી ન હતી. એ ચૂંટાયલા પ્રતિનિધિ છે અને એનું કામ કરવું એ જનતાનું કામ છે. આવી રીતે કામ કર્યુ છે. ત્યારે દિલ બળે છે. જ્યારે આપ પ્રશ્નોત્તરી દરમિયાન એ દિશામાં આખી વાત લઇ જવામાં આવે કે જ્યાં મારા પક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓને પ્રશ્નનો જવાબ મેળવવા માટે મથવું પડે અને બીજી તરફ આપણે કરોડો રૂપિયાની માગણીઓ લઇને આવ્યા છીએ. સ્વર્ગસ્થ અશોકભાઇ ભટ્ટે બીજી માર્ચ, ૧૯૯૩માં કેટલીક વાતો કરી હતી. ૧૯૯૨-૯૩ના વર્ષમાં ૨૪,૨૫,૦૦૦નો ખર્ચ મંત્રીમંડળે બતાવ્યો છે. આ ખૂબ મોટો ગણાય. આજે બજેટ વધ્યું હશે પણ આપ ટકાવારી કાઢો. તે દિવસે ૨૪ લાખનો ખર્ચ જોઇને માનનીય સ્વર્ગસ્થ અશોકભાઇએ કહ્યું હું એ વાતનો વિરોધી છું કે મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓ વિમાનમાં પ્રવાસ કરે. હું એ વાતનો વધારે વિરોધી છું કે પ્રાઇવેટ કંપનીના વિમાન લઇને મુખ્યમંત્રી જાય એનો હું સખત વિરોધી છું. એ પ્રાઇવેટ કંપનીવાળાઓ અધિકારીઓ ઉપર રોફ જમાવે કે તમારા મિનિસ્ટર અમારું પ્લેન લઇને જાય છે. એમણે કહ્યું હતું કે, ઇન્ડિયન એરલાઇન્સનું પ્લેન જાય છે. દિલ્હી જવું હોય તો એમાં જાવ. પ્રાઇવેટ વિમાન લઇને જવાની શું જરૂર છે. મારે આપને એ કહેવું છે કે, સ્વર્ગસ્થ અશોકભાઇ ભટ્ટના આત્માને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ ત્યારે આપી કહેવાશે જ્યારે આપણે આ બાબતની પરિસ્થિતિનું પાલન કરીશું. સંસદીય સચિવોની નિયુક્તિ થઇ છે. ૨૦૦૩માં આપની દિલ્હીમાં એન.ડી.એ.ની સરકાર માનનીય વાજપાયીજી વડાપ્રધાનશ્રીએ બંધારણીય સુધારો કર્યો અને એ બંધારણીય સુધારા મુજબ article ૧૬૪(a) Insert કર્યો કે ૧૫ ટકાથી વધારે મંત્રીમંડળ ન હોવું જોઇએ. આ બંધારણીય વાત થઇ અને એ પછી આપે એટલા બધા સંસદીય સચિવોની ફોજ ઊભી કરી. આપણા વિધાનસભાના નિયમોના નિયમની જોગવાઇમાં કોઇ દેશના કોઇ રાજ્યમાં આવું નથી. માત્ર ગુજરાત એવું રાજ્ય છે કે, જ્યાં આગળ સંસદીય સચિવો મિનિસ્ટરની વ્યાખ્યામાં Parlamentry secretaries are included અને એટલા માટે આપે સંસદીય સચિવો મૂક્યા છે એ ચોખ્ખે - ચોખ્ખો, સીધે-સીધો બંધારણનો ભંગ થાય છે એ મારે કહેવું છે.

માહિતી ખાતાની વાત લઇને અહિ આ સરકાર માગણીઓ લઇને આવી છે. માહિતી ખાતું એટલે શું? એક ગામમાં બેઠેલા સામાન્ય માણસને માહિતી પૂરી પાડવાનું કામ એ ખાતાનું છે નહિ કે પ્રધાનો અને ચીફ મિનિસ્ટરના ફોટાઓની ભરમાર કરવી. આ માહિતી ખાતાનું કામ નથી.

અધ્યક્ષશ્રી : બે મિનિટ બાકી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હાજી માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લી વાત એ પણ કરીશ કે પત્રકાર છે એ લોકશાહીના આધાર સ્તંભ પૈકીનો એક છે અને બધા જ પત્રકારોને એક દાંડીએ ન હાંકશો. મેં એવા પત્રકાર જોયા છે જે ફોટોગ્રાફર હોય, સારામાં સારું બાયલાઇન આપતો હોય અને એ કોઇનું પાણી પણ ન પીતો હોય. એવો તટસ્થ પત્રકાર ગુજરાતનું ગૌરવ છે. જ્યાં તમારી પોલીસ નથી પહોંચી શકતી એ ગેંગસ્ટર સુધી પત્રકાર પહોંચી શકે છે. તમારે સલામ એ પત્રકારને કરવી જોઇએ કે, જેની જાનનું જોખમ ખેલીને પણ આ વાત કરવાની તૈયારી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગમાં જગ્યાઓ કેટલી ખાલી? જેને બીજાનું ધ્યાન રાખવાનું છે એ જ વિભાગમાં મારી પાસે હમણાં આવેલી માહિતી પ્રમાણે કુલ જગ્યા ૫૫૬માંથી ૨૩૭ જગ્યા માહિતી ખાતામાં ખાલી છે. આપનું દસ વર્ષનું કેલેન્ડર ક્યારેય કામ નહીં લાગે કારણ કે ખાલી પડતી જગ્યાઓની સમીક્ષા અમે કરી છે. આપ કહેશો કે, પાંચ ટકા કે દસ ટકા કાપ, પણ એ દસ ટકા કાપ મૂક્યા પછી ૯૦ ટકા જગ્યાઓ ભરાય એની ચિંતા ભૂતકાળની સરકાર કરતી હતી આપે એ ચિંતા કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી વાત એક પ્રસ્થાન સાથે મારી વાત પૂરી કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, ખાનદાન પરિવારમાં પણ એકાદો તોફાની ટપૂડો થાય, અને એ બજારમાં-ચોકમાં તોફાન કરતો હોય અને આપના જેવા કોઇ સજ્જન નીકળે અને એને ખબર પડે કે, આ ખાનદાન કુટુંબનો દીકરો અહીં તોફાન કરે છે, એક ચડાવીને મારે, તું ખાનદાન કુટુંબનો છે, તોફાન ના કરાય. હવે પછી એ ટપૂડો એમ કહે કે, જો મને થપાટ મારી એટલે મારું આખું કુળ બદનામ થઇ ગયું, મારી જ્ઞાતિ

બદનામ થઇ ગઇ, મારો સમાજ બદનામ થઇ ગયો. અરે, ભાઇ સમાજ નહીં, તું તોફાન કરે છે તને થપાટ મારી છે. એમાં મંત્રીમંડળમાં એવું થાય છે. અમે વ્યક્તિગત કોઇને કહીએ તો એ તોફાને ચડે કે, મારા આખા સમાજને કર્યું છે, હું બદનામ થઇ ગયો, મારો આખો સમાજ બદનામ થઇ ગયો. ના, સાહેબ, શક્તિસિંહ ભૂલ કરે અને આપ એને ઠપકો આપો તો એમાં રાજપૂત સમાજ બદનામ ન થાય પણ મારે જોવું જોઇએ કે, હું મારું કુટુંબ બદનામ થાય એવું મારે ન કરવું જોઇએ કે જેથી માનનીય અધ્યક્ષશ્રીનો મને ઠપકો મળે. આ મંત્રી મંડળમાં માનનીય મંત્રીશ્રીઓ પાસેથી હું અપેક્ષા રાખું છું કે, આપ જન પ્રતિનિધિ તરીકે જાઓ ત્યારે સોગંધ ખાઇને તટસ્થ રહેવા જાઓ છો ત્યારે સરકારી ગાડી અને સરકારી કામકાજ લઇને જાઓ છો ત્યારે આપ કોંગ્રેસ – ભાજપ ના કરી શકો એ વાતનો ખ્યાલ રાખજો. આપને રાજકારણ કરવું હોય તો મંત્રી તરીકે ના જતા, પ્રાઇવેટ ગાડીમાં આપનો વહીવટ કરવા જાઓ મને કોઇ વાંધો નથી, પરંતુ એક મંત્રી તરીકે જયારે આપ નીકળતા હોવ ત્યારે આપની કેટલીક ફરજો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં ખાતમૂહૂર્ત થતા હતા, ખાતમૂહૂર્ત પાછળનો આશય એ કે, આજુબાજુની પબ્લીક જાણે કે ખાતમૂહૂર્ત થયું છે આ કામ થવાનું છે, આટલો ખર્ચ છે. પબ્લીકનું ઓડિટ થાય, મોનીટરિંગ રહે પણ હવે એક નવી સિસ્ટમ નીકળી છે લોકાર્પણની. માનનીય અધ્યક્ષશ્રી, હવે લોકો માટે લોકોના પૈસાથી ઉભી થયેલી અસ્કયામત જેમાં આપણી ફૂટી કોડીયે નથી, એ તૈયાર થઇ જાય, બીજી મિનિટે લોકોને અર્પણ હોય. એના લોકાર્પણ શા માટે કરવા જોઇએ આપણે? મને તો એ સમજાતું નથી અને આ લોકાર્પણ થવા જાય છે ત્યારે સરકારી ખર્ચે યોજાયેલો સમારંભ, શા માટે એમાં તમે રાજકીય ભાષણ કરો છો? આપની ફરજ નથી કે, ચૂંટાયેલા એ ધારાસભ્યને બોલાવીને બાજુમાં બેસાડો કે આ જનપ્રતિનિધિ છે, આ અમારો સાથી છે અને આ લોકાર્પણની શીલાલેખમાં એનું નામ અગ્રેસર લખાશે. કોઇ પણ રાજકીય પક્ષનો હોય, એનાથી કોઇ ભેદભાવ માનનીય અધ્યક્ષશ્રી ક્યારેય ન થઇ શકે.

માનનીય સ્વર્ગસ્થ અશોકભાઇ ભટ્ટ અને માનનીય કેશુભાઇ પટેલે અહીંયા કહ્યું હતું કે, મંત્રી મંડળના ખર્ચાઓમાં કાપ મૂકો. મને આનંદ થાત કે, આપે પાંચ કરોડ રૂપિયા ઉપરાંતના મંત્રી મંડળમાં કાપ મૂકીને ગઇ કાલે મહિલા દિન હતો, મારી આંગણવાડી કાર્યકર બહેનો, તેડાગર બહેનોને જો પૂરતો પગાર આપવાની જાહેરાત કરી હોત અને મંત્રી મંડળના ખર્ચામાં કાપ મૂક્યો હોત અને અમે કર્યું છે સાહેબ, ફાઇનાન્સમાં મંત્રી હતો ત્યારે કે, ચીફ મિનિસ્ટર સહિત કોઇ પણ મિનિસ્ટર દિલ્હી જશે, એ બીઝનેસ ક્લાસમાં નહીં જાય, ઇકોનોમિક ખર્ચથી જ જવું પડશે અને બિઝનેસ ક્લાસમાં જવું હોય તો તમારા ખિસ્સાના નાખીને જાઓ. સરકારી તિજોરી પરથી બિઝનેસ ક્લાસમાં ના જઇ શકે એ શબ્દો સાથે માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓ વધારે પડતી છે એનો વિરોધ કરીને વિરમું છું.

શ્રી પંકજભાઇ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિરામ બાદ ૩૫ મિનિટનો સમય માગણીઓ પર ચર્ચા કરવા વધુ ફાળવવામાં આવે અને ત્યાર બાદ બિન સરકારી વિધેયકો હાથ ધરવામાં આવે એવી હું દરખાસ્ત કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (દંડકશ્રી) : માનનીય મુખ્ય દંડકશ્રી જે દરખાસ્ત લઇને આવ્યા છે એમાં મારું સમર્થન છે.

અધ્યક્ષશ્રી : મંજૂર.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

સૌ પ્રથમ હું સામાન્ય વહીવટ વિભાગ ઉપર મારા કેટલાક વિચારો વ્યકત કરું છું. સામાન્ય વહીવટ વિભાગ એ સરકારનું હાર્ટ છે. કોઇપણ બાબતનો નીતિ વિષયક નિર્ણય, આયોજન કે અમલીકરણ એ તમામ બાબતોની વ્યવસ્થા આ વિભાગ મારફતે થતી હોય છે. સામાન્ય વહીવટ વિભાગ મારફતે અનેક પ્રકારની વ્યવસ્થાઓ પણ કરવામાં આવે છે.

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

અગાઉના સમયમાં રાષ્ટ્રીય તહેવારો ઉજવાતા હતા એમાં ખાસ કરીને ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગષ્ટ અને પહેલી મે, એની ફકત ગાંધીનગર અને અમદાવાદ ખાતે જ ઉજવણી થતી હતી. રાષ્ટ્રીય તહેવારોની ભાવના સમાજમાં જાગૃત થાય લોકો એમાં જોડાય અને સમાજ પણ એમાં ઇન્વોલ્વ થાય એ હેતુસર આજના પ્રધાનમંત્રી અને પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં એક નવી પદ્ધતિ શરુ કરી. ૧૫મી ઓગષ્ટ હોય, કે ૨૬મી જાન્યુઆરી હોય કે પછી પહેલી મે હોય એ તમામ તહેવારો માટે એક જિલ્લો સ્પેશ્યલ પસંદ કરવામાં આવે, દર વખતે જિલ્લો બદલાતો જાય. જે જિલ્લો બદલે અને જે જિલ્લામાં ઉજવણી થવાની હોય એ જિલ્લામાં જનાર મંત્રીશ્રી ખાલી હાથે જતા નથી. પોરબંદરની અંદર એક ગરીબ બ્રાહ્મણ તરીકે સુદામા રહેતા હતા ત્યારે એમની પત્નીએ કહ્યું કે તમારો મિત્ર કે જેઓ સાથે તમે સાંદીપની ઋષિના આશ્રમમાં ભણ્યા છો એ શ્રીકૃષ્ણ આજે દ્વારકાના રાજા છે એને તમે મળશો તો તમારું દાળદર ફીટશે. સુદામાને ત્યાં જવા માટે ખૂબ આગ્રહ કર્યો. તેઓ જવા તૈયાર થયા ત્યારે એક ગરીબ બાહ્મણ એના પંજીયાના છેડે બે મૂઠી તાંદૂલ બાંધીને જાય છે. એટલે એક ગરીબ બ્રાહ્મણ રાજાને મળવા જાય છે ત્યારે પણ ખાલી હાથે જતા નથી એમ આપણે કોઇપણ જિલ્લામાં આ પ્રકારના તહેવારો ઉજવીએ છીએ ત્યારે જિલ્લાને ટાર્ગેટ કરીને એની જરૂરિયાત એના વિકાસની યોજનાઓ લઇને જઇએ છીએ અને એના ખાતમૂહૂર્તો થાય છે, લોકાર્પણો થાય અને કરોડો રૂપિયાના ખર્ચે આ જિલ્લામાં વિકાસના કામો થાય છે. દર વર્ષે ત્રણ જિલ્લા થયા એટલે પાંચ વર્ષમાં ૧૫

જિલ્લાઓ વિકાસની દોટમાં ભાગીદાર બનતા હોય છે. આ ચીલો માનનીય નરેન્દ્રભાઈએ શરૂ કર્યો હતો અને આજે પણ આ સરકાર એને અનુસરી રહી છે.

આપણી પાસે અનેક પ્રકારની ફરિયાદો આવે છે. પછી એ ધારાસભ્યો હોય કે પ્રધાનો હોય કે મુખ્યમંત્રીશ્રી હોય, એ ફરિયાદોનું નિવારણ કરવાની જવાબદારી પણ આપણી છે. આ ફરિયાદોનું નિવારણ કેવી રીતે થાય છે. લોકોને ઓછામાં ઓછી હાલાકી પડે એની ફરિયાદો નિવારવા માટે કોઇ વ્યવસ્થા પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદી બહેનની સરકારે લોકસંવાદ સેતુ તાલુકા મથક ઉપર થાય એમાં લોકોના પ્રશ્નો સાંભળે. ૧૫ દિવસ પહેલા કે ૨૦ દિવસ પહેલા જાહેર નોટિસથી પ્રશ્નો લઇ લેવામાં આવે છે. એ પછી જે તે વિભાગમાં મોકલવામાં આવે, મંત્રીશ્રી અને પ્રભારી સચિવશ્રી જિલ્લાના તમામ અધિકારીશ્રીઓ અને ફરિયાદીઓની હાજરીમાં લોકદરબાર થાય અને મોટાભાગના પ્રશ્નોનું નિવારણ થતુ હતું એ જ રીતે આજે પણ કેટલીયે જગ્યાએથી પ્રશ્નો આવે છે. જે વ્યક્તિગત પ્રશ્નો હોય, કોઇને રેશનકાર્ડમાં નામ ઉમેરવું છે, કોઇને રેશનકાર્ડ બદલવું છે. જે પ્રકારે એક વ્યવસ્થા શરૂ થઇ છે લોકસંવાદ સેતુ દ્વારા. આજે આઠ-આઠ, દસ-દસ ગામનું ક્લસ્ટર બન્યું છે. વોર્ડ બન્યા છે અને વોર્ડ પ્રમાણેની જે વ્યવસ્થા થઇ, જેના કારણે વ્યક્તિગત પ્રશ્નો જે આજ દિવસ સુધી કોઇ સાંભળતું નહોતું એવા લાખો પ્રશ્નોનો આ સરકારના સંવાદસેતુ કાર્યક્રમ દ્વારા નિકાલ થયો છે. એવી જ એક વસ્તુ છે સાથી. જે રાજય સરકારના કર્મચારીઓ છે એ કર્મચારીઓનો તમામ પ્રકારનો ડેટા આજ દિવસ સુધી લેખિત સ્વરૂપમાં હતો, જેના કારણે ઘણીવાર તેને બઢતીમાં, પગારમાં, રજાઓમાં કયાંક કયાંક અન્યાય થતો હતો. હવે ડેટાબેઝ થતાં રોજેરોજની લખાય છે. મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે તેને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર મંત્રી જે માગણી લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

સહકારી માળખું કોઇ પણ સરકાર માટે ખૂબ મહત્વનું છે. ગુજરાત રાજયે સહકારી માળખામાં ઉંચું ધોરણ રાખ્યું છે. બીજાં રાજયના અગેવાનો, અધિકારી મિત્રો ગુજરાતમાં આવીને સહકારી માળખાનો અભ્યાસ કરતા હતા કે ગુજરાતમાં સહકારી માળખાને કારણે કેટલો વિકાસ થયો છે અને તે વિકાસ પાછળના શું કારણો છે. સહકારી માળખું હું માનું છું ત્યાં સુધી ગામડાંની અંદર ખેડૂત છે, પશુપાલક છે અને શિક્ષિત બેરોજગારને વધારેમાં વધારે અસર કરતું હોય છે. સહકારી માળખાની રચના કરી એ આગેવાનો એ સરદાર સાહેબ હોય કે ત્રિભુવનકાકા હોય કે કુરિયન સાહેબ હોય. તેમણે સહકારી માળખાને વધારેમાં વધારે ઉત્તેજન આપીને ગામડાંના ખેડૂતોને, પશુપાલકોને કેવી રીતે વધારેમાં વધારે રોજી-રોટી મળે, તેમનો કેવી રીતે વિકાસ થાય તેનો ખૂબ અભ્યાસ કરીને સહકારી માળખાને જે નાના ગામડાંથી શરૂ કરી મંડળીઓની રચના કરી. તેના કારણે ગામડાંમાં પશુપાલનનો ધંધો ખૂબ વિકસ્યો છે. એટલું ચોક્કસપણે કહીશ કે ગામડાંમાં નોટબંધીને કારણે સહકારી માળખાને ઘણું મોટું નુકસાન થયું. એક મહિના સુધી પેમેન્ટ ન મળ્યું. દૂધ ભરે પણ પૈસા ન મળે અને ખૂબ હેરાન થયા છે તેના માટે હું દુઃખની લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩૦-૩૫ વર્ષથી એક સહકારી આગેવાન તરીકે કામગીરી કરી રહ્યો છું તેનો અનુભવ રજૂ કરીશ. ટીકા-ટિપ્પણમાં પડવા માગતો નથી પણ એટલું ચોક્કસ કહીશ કે ગ્રામ્ય લેવલે જે ખેડૂતો છે, પશુપાલકો છે એ પશુપાલનનો ધંધો કરીને પોતાનું ઘર સારુ ચાલે, પોતાના બાળકોનું ભવિષ્ય સારુ બનાવવાનું કામ કરી શકે છે. સહકારી માળખાને કારણે ગામડાંનો વિકાસ થયો. આ સરકાર કે પેલી સરકાર. જો સહકારી માળખાને વધારેમાં વધારે મદદ થાય તો શિક્ષિત બેરોજગારોનો જે પ્રશ્ન છે તે હલ થઇ શકે તેમ છે. ગામડાંમાં ઓછું ભણેલા ખેડૂતો, તેમના દીકરાઓ પશુપાલનનો ધંધો કરે છે અને તેમને સારી રીતે રોજી-રોટી મળી શકે છે. પશુપાલનના વ્યવસાયમાં ગીરની ગાય જે અહીં પાંચ લિટર દૂધ આપતી હતી એ બ્રાઝીલમાં લઇ જઇને ૫૦ લિટર દૂધ આપે છે એવું ત્યાંની સરકારે કર્યું છે. ગીરગાયની બાબતમાં એટલું ચોક્કસપણે કહીશ કે ગીરગાયનું પ્યોર દૂધ આજની તારીખમાં મુંબઇમાં ૧ લિટરના ૨૦૦ રૂપિયે પણ લેનારા ગ્રાહકો છે. ગીરગાયનું ઘી આવે છે એ એક કિલોના ૫૦૦થી ૧૦૦૦ રૂપિયાનો ભાવ આપનારા છે. તેનું કારણ એ છે કે ગીરગાય એ પવિત્ર હોવાના કારણે, તેમાં સારા ગુણ હોવાના કારણે ગામડાંમાં જો શિક્ષિત બેરોજગારો પશુપાલનના ધંધાની બાજુ વળે તો તેમને સારામાં સારી રોજી-રોટી મળી શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરીશ કે સહકારી માળખાની અંદર વધારેમાં વધારે દૂધ મંડળી હોય, સેવા સહકારી મંડળી હોય, બેંકો હોય એની અંદર સ્ટાફ ઓછો હોવાના કારણે ૩ મહિને ઓડિટ થવું જોઇએ એ ઓડિટ થતું નથી. એને કારણે ઘણા પ્રશ્નો ઉપસ્થિત થયા છે. એમાં ઉચાપતો પણ થતી હોય છે અને ઘણી વખત નાછૂટકે મંડળીઓ બંધ થતી હોય છે એટલે માનનીય અધ્યક્ષશ્રી અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે વહેલામાં વહેલો સ્ટાફ મૂકીને એનું ઓડિટ કરાવો. માર્ચ મહિનાના અંતિમ દિવસો આવી રહ્યા છે. એના કારણે એમને સહન કરવું પડે છે. એક બીજી પણ મંત્રીશ્રીને વિનંતી કરીશ કે-ગામડાંની અંદર ખેડૂતો પોતાના ધંધાની દ્રષ્ટિએ ખેતી કરે છે પણ ખેતીની અંદર ન ફાવવાના કારણે જોડે પશુપાલનનો ધંધો કરે છે. એમાં સરકારે એક પરિપત્ર કાઢ્યો છે કે રેવન્યૂ વિલેજની અંદર એક જ દૂધ મંડળી આપવી જોઇએ બીજી આપવામાં આવશે નહીં. અત્યાર સુધી આવો કોઇ પરિપત્ર આવ્યો નથી. પણ સરકારે આ પરિપત્ર કેમ કાઢ્યો એની ખબર પડતી નથી. ગામડું હોય અને વસતિ હોય પણ જગ્યા ન હોવાના કારણે સીમ વિસ્તારની અંદર વસતિ ગઇ હોય, પોતાના ખેતરની અંદર મકાનો બાંધીને રહેતા હોય ત્યારે કિલોમીટર બે કિલોમીટર દૂધ ભરવા ગામડાંની અંદર આવવું એ બહેનો

માટે, દીકરીઓ માટે જોખમકારક હોય છે. એને કારણે પેટા પરાની અંદર પણ દૂધ મંડળી આપવી જોઇએ અને એનું રિજસ્ટ્રેશન થવું જોઇએ. પરિપત્ર એવો કાઢ્યો છે કે રેવન્યૂ વિલેજની અંદર એક જ મંડળી આપવાની છે બીજી મંડળી તમે આપી શકશો નહી. આની ઉપર વિચાર કરીને આ પરિપત્ર રદ કરો એવી મારી નમ્ર વિનંતી છે. કારણ કે પેટા પરાની અંદર મંડળીઓ ન આપવાથી એમનું દૂધ આવતું નથી એ પ્રાઇવેટવાળા લઇ જાય છે. પ્રાઇવેટવાળા બીજી સગવડ આપતા નથી, પોષણક્ષમ ભાવો આપતા નથી. એના કારણે પશુપાલનના વ્યવસાયને નુકસાન થતું હોય છે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ પરિપત્ર વહેલામાં વહેલી તકે રદ કરે એવી મારી નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે નવી ટેકનોલોજી આવી હોય ત્યારે હું પણ અમેરિકા અને કેનેડા બાજુ ગયો હતો. ત્યાં મારી ઇચ્છા હતી કે ત્યાંના ખેડૂતો છે, પશુપાલકો છે એ દૂધના ધંધાની અંદર કેવી રીતે વિકાસ કરી શકે એ જોવા માટે હું ગયો હતો. મેં કેનેડાની અંદર જોયું હતું, એની લેબની અંદર ગયો ત્યારે મેં જોયું કે ત્યાં પણ નર અને માદા જે જુદા પાડવાની એમની જોડે ટેકનોલોજી છે એના કારણે ઘણા ખેડૂતો ખૂબ સુખી છે. એ ધારે એ રીતે નર જ લાવી શકે અને ધારે તો માદા જ લાવી શકે. એના કારણે ખેડૂતો ત્યાંના ખૂબ સારા પ્રમાણમાં સુખી થયા છે એ મેં જોયું છે. એમના વિષય પ્રમાણે પોતાની જાતે ધંધો કરતા હોવાના કારણે હું માનું છું ત્યાં સુધી પરદેશની અંદર પણ દૂધનો ધંધો ખૂબ વિકસ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર મેં કહ્યું એ પ્રમાણે ઘણી દૂધ મંડળીઓ છે, સંઘો છે, મિલ્ક માર્કેટીંગ ફેડરેશન છે એની અંદર મારી નમ્ર વિનંતી છે કે આ સરકાર કે પેલી સરકાર નહીં ફક્ત ગામડાં અને શિક્ષિત બેરોજગારો કોઇ ધંધામાં ચાલતા હોય તો એ દૂધના ધંધામાં ચાલે છે. એની ઉપર રાજકારણનો કોઇ રંગ આપ્યા સિવાય સારી રીતે દૂધ મંડળીઓ ચાલે, તાલુકા સંઘ ચાલે અને જિલ્લા સંઘ પણ ચાલે અને સારો વહીવટ થશે તો શિક્ષિત બેરોજગારોની સંખ્યા ઓછી થશે. હું માનું છું ત્યાં સુધી મેં કહ્યું એ પ્રમાણે દૂધના ધંધાની અંદર શિક્ષિત બેરોજગારોને લોન આપીને એના પાસેથી દૂધ લઇને વધારેમાં વધારે એને પૈસા કેવી રીતે મળે એ જોવું જોઇએ. જિલ્લા સંઘો પણ સારી રીતે કામગીરી કરે છે. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન જે માર્કેટીંગની કામગીરી કરે છે એના સારા માર્કેટીંગના કારણે ધંધાનો વિકાસ થાય છે. અમુલ એ સારો લોગો છે એના કારણે એમને સારા પૈસા મળતા હોય છે અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે છે અને બાર મહિને એને બોનસની સારી રકમ મળે છે અને બીજી પણ સગવડ મળે છે અને એનો સારો વ્યવસાય ચાલે છે. મારો કહેવાનો ભાવાર્થ એવો છે કે શિક્ષિત બેરોજગારોને આપણે રોજગારી આપી શકતા ન હોય, એને ભથ્થુ આપી શકતા ન હોય તો હું માનું છું ત્યાં સુધી શિક્ષિત બેરોજગારોને, ગરીબ માણસોને લોન આપીને, એને સબસિડી આપીને આ જ ધંધાની બાજુમાં વાળવામાં આવે તો શિક્ષિત બેરોજગારોની સંખ્યા ઘણી ઓછી થઇ શકે એમ છે. સરકારી નોકરી મળવાની નથી. સરકારની નોકરીની અંદર ઉંચા ભાવ બોલાતા હોય છે. પાંચ લાખ રૂપિયા હોય અને દસ લાખ રૂપિયાનો ભાવ બોલાતો હોય છે. એ ગરીબ માણસ ન કરી શકે. એના માટે મારું સૂચન છે કે સરકારે આ કરવું જોઇએ. મેં કહ્યું એ પ્રમાણે ખેડૂતો છે એ જ પશુપાલકો છે એ ખેતી કરે છે એને આપણે લોન આપીએ છીએ અને લોનની અંદર વ્યાજ પણ ઓછું આપવા માટેની સરકાર હંમેશા જાહેરાત કરતી હોય છે. ખેડૂતોમાં પણ જે નાના ખેડૂતો છે એ પોતાની જમીન ઉપર કંઇકને કંઇક બેંકોની અંદરથી કે સેવા સહકારી મંડળીઓની અંદરથી એ લોન લે છે અને પોતાનું જીવન ચલાવવા માટે પ્રયત્ન કરે છે. આ સરકારને એક વિનંતી કરીશ કે સરકાર એમની જાણ પ્રમાણે ખૂબ કામગીરી કરે છે એવું કહે છે. બતાવે છે, તો હું વિનંતી કરીશ કે બીજા રાજયોની અંદર ખેડૂતોના દૂધના ભાવની અંદર સબસિડી આપે છે તો આ સરકારે અત્યાર સુધી દૂધના ભાવમાં સબસિડી આપી નથી તો એ સબસિડી આપે એવી હું વિનંતી કરીશ કારણ કે દૂધના ભાવની બાબતમાં કહીશ કે આજની તારીખમાં ભારતમાં દૂધ ઓછું છે. અમે સંઘો ચલાવીએ છીએ, સંઘોની અંદર પણ દૂધનું પ્રમાણ ઓછું છે. ખેડુતોને ઘાસચારો અને દાણની અંદર ભાવ વધારાને કારણે પોસાતુ નથી એવા સંજોગોમાં સરકારને ખેડૂતોને મદદ કરવા નમ્ર સૂચન કરુ છું અને માનનીય મંત્રીશ્રીને અગાઉ કહ્યા એ બંને સૂચનોનો વહેલામાં વહેલી તકે અમલ થાય એવી મારી વિનંતી છે.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ(લિંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માહિતી અને પ્રસારણ વિભાગની જે માગણી લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરુ છું. વણથંભી વિકાસ યાત્રાના ગુજરાત મોડલને દેશ અને દુનિયા સમક્ષ મૂકવામાં માહિતી ખાતાનો સિંહફાળો છે. ગુજરાતના વિકાસ મોડેલના પ્રણેતા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે શરૂ કરેલી વિકાસયાત્રાને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજી સફળતાપૂર્વક આગળ વધારી રહ્યા છે. ગુજરાતના વિકાસની નવી કેડી કંડારી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ પ્રગતિશીલ ગુજરાતનું સર્જન કર્યુ છે. પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક અને પ્રગતિશીલ આ રાજય સરકારે વિકાસની નવી ઉંચાઇઓ સર કરી દેશ અને દુનિયામાં આકર્ષણ જમાવ્યું છે. આજના યુગમાં સમય સાથે કદમ મિલાવીને દરેક ક્ષેત્રમાં આગળ જવા માટે માહિતી અને પ્રસારણ એ બંને અત્યંત મહત્વના પરિબળો છે. દેશ અને દુનિયામાં દરેક ક્ષેત્રમાં, તબીબી ક્ષેત્ર હોય, શૈક્ષણિક ક્ષેત્ર હોય, સામાજિક ક્ષેત્ર હોય કે પછી રાજકીય ક્ષેત્ર સહિત તમામ ક્ષેત્રમાં માહિતી મેળવી અને પ્રસારણ કરવું અત્યંત જરૂરી બન્યું છે. માહિતી અને પ્રસારણના કારણે આખું વિશ્વ સમેટાઇને નાનું થઇ ગયું છે અને એના કારણે સંબંધોમાં મજબૂતાઇ પણ આવી છે. કોઇપણ રાજ્ય કે દેશ એની પ્રગતિ માટે માહિતી પ્રસારણની વ્યવસ્થા મજબૂત રાખતા હોય છે. એ એના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે અને વડાપ્રધાન બન્યા પછી પણ આખા દેશના ગામોને નેટવર્કથી જોડવા માટેના સફળ પ્રયત્નો કર્યા છે જેના કારણે ખેડૂતો પણ પોતાની ખેતી અંગેના નિર્ણયની માહિતી મેળવીને પોતાન ખેતરમાં વધુ પાક લેવામાં સફળ

રહ્યા છે. માહિતી ખાતાના વિવિધ માધ્યમો દ્વારા અસરકારક પ્રચાર પ્રસિદ્ધિ કરી લોકોને માહિતગાર કરવામાં રાજયનું માહિતી ખાતુ ખૂબ સારી રીતે સફળ રહ્યું છે. ગરીબ કલ્યાણ મેળા હોય, શાળા પ્રવેશ ઉત્સવ હોય, સેવા સેતુ હોય, પ્રગતિ સેતુ હોય, મેગા જોબફેર હોય, મતદાતા જાગૃતિ અભિયાન હોય કે પછી વનબંધુ કલ્યાણ યોજના હોય, કૃષિ મહોત્સવ હોય અને બેટી બચાવ જેવા અભિયાન હોય. માહિતી ખાતાએ તે કાર્યક્રમને અનુલક્ષીને ખાસ મીડીયા પ્લાન અને તે મુજબના માઇક્રો પ્લાન કરીને પ્રચાર પ્રસારનું શ્રેષ્ઠતમ આયોજન કર્યુ છે. સરકારલક્ષી યોજનાઓ લોકો સુધી પહોંચાડવાનું કામ માહિતી અને પ્રસારણ વિભાગ કરે છે જેના કારણે સરકારે આયોજન કરેલા સેવાસેતુ કાર્યક્રમની મારે વાત કરવી છે. સુરત શહેરમાં મારા લિંબાયત વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ત્યારે અમે એનો ખૂબ પ્રચાર, પ્રસાર કરીને પેમ્પલટ છપાવીને, રીક્ષા ફેરવીને સાથે સાથે બેનરો પણ લગાવીને એનો પ્રચાર-પ્રસાર કર્યો હતો અને મને કહેતા આનંદ થાય છે કે આ જયારે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે પંદર હજાર થી સોળ હજાર જેટલા લોકોની સંખ્યા આ સેવાસેતુ કાર્યક્રમમાં એકત્ર થઇ હતી. એ દિવસે અમે મીડીયાને જાણ નહોતી કરી પણ મીડીયાને જાણ થઇ, મીડીયાને લોકો દ્વારા, સમાચાર દ્વારા જાણ થઇ કે લિંબાયત વિસ્તારમાં આટલી મોટી સંખ્યા થઇ છે ત્યારે ઇલેકટ્રોનિકસ મીડીયા કવરેજ કરવા માટે પહોંચી ગયા હતા. રાજય સરકારે પત્રકારોના હિતની હંમેશા રક્ષા કરી છે. પત્રકારત્વ એ લોકશાહીના પાયારૂપ છે એટલે રાજય સરકારે પત્રકારત્વ દ્વારા લોકશાહીને મજબૂત બનાવવા અનેકવિધ પગલા ભર્યા છે. આ બજેટમાં રાજય સરકારે જુથ વિમાની રકમ રૂપિયા ૫૦ હજારથી વધારીને ૫ લાખ કરવાનો નિર્ણય લીધો છે. પત્રકારોને સમાચાર કવરેજ માટે સુવિધા મળી રહે તે માટે વર્તમાનપત્રના તંત્રીશ્રીઓને, પત્રકારોને, વિજાણુ માધ્યમના પ્રતિનિધિઓ, કેમેરામેન અને પીઢ પત્રકારોને પ્રેસ એક્રેડિએશન કાર્ડ આપવામાં આવે છે. જેના માટે સરકાર અભિનંદનને પાત્ર છે. મને જણાવતા આનંદ થાય છે કે માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા માન્યતાપ્રાપ્ત પત્રકારોને અને તેમના પરિવારજનોને મા-વાત્સલ્ય કાર્ડ યોજનાનો લાભ આપવામાં આવનાર છે. ગુજરાતની આ વિકાસ યાત્રા કેન્દ્રમાં છે ત્યારે ગુજરાતની સાડા છ કરોડની જનતા અને રાજય સરકારને જોડવાની કડીરૂપ ભૂમિકા માહિતી ખાતુ અદા કરે છે. માહિતી ખાતાનું મુખ્ય કામ લોકો સુધી સરકારની યોજનાઓ, કલ્યાણકારી પ્રવૃત્તિઓ અને વિકાસની વાતનો સંદેશો લઇ જવાનું છે. આ માટે રાજ્યનું માહિતી ખાતુ સુપેરે આ કામગીરી નિભાવી રહ્યું છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે વાદ નહીં, વિવાદ નહીં પરંતુ વિકાસનો સંવાદ સતત ગુંજતો રહે છે અને એટલે અમારી સરકારનો કર્મમંત્ર છે, સૌનો સાથ, સૌનો વિકાસ. આ કર્મમંત્રને સાકાર કરવાના રાજ્ય સરકારના આ પુરુષાર્થમાં રાજ્યનો માહિતી વિભાગ ખભેખભા મિલાવીને અન્ય વિભાગો સાથે સતત દોડતો રહે છે. એટલે જ આપણું ગુજરાત રાજ્ય માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના કર્મઠ નેતૃત્વમાં પ્રગતિશીલ ગુજરાત તરીકે આગળ વધી રહ્યું છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપીને મંજૂર કરવાની વિનંતી કરું છું.

ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ માટે ૧૧૬ કરોડ અને ૧૪ લાખની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જનતાને ઉપયોગી માહિતી અને તેનું પ્રસારણ એટલે માહિતી અને પ્રસારણ. કરોડો રૂપિયાના મેગેઝીનો છપાય ત્યારે એમાં જનતાને ઉપયોગી માહિતી આપવાની હોય, એમાં જે કલ્યાણકારી યોજનાઓ હોય, જો કે તમે યોજનાઓના નામ બદલો છો તો એ યોજનાનો ઝીણવટપૂર્વક કેવી રીતે ઉપયોગ કરવો એના માટેની માહિતી આપવાની હોય. એના બદલે મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓના ફોટા અને ઉદઘાટનના ફોટા અને જાણે પોતાના પ્રચાર અને પ્રસારની વાત કરતા હોય એવું લાગી રહ્યું છે. રાજ્ય સરકારની આવી માનસિકતા? આનાથી ફાયદો કોને? આ જ સરકારને ફાયદો થવાનો છે. પ્રજાના ટેક્સના પૈસા છે એ પોતાના પ્રચાર અને પ્રસાર અર્થે, ભારતીય જનતા પાર્ટીના પ્રચાર અને પ્રસાર અર્થે ખર્ચી ન શકે. હું જ્યારે આ વિધાનસભા ગૃહમાં સભ્ય ન હતી ત્યારની વાત કરું તો હું ઘેર બેઠા બેઠા ચેનલ દ્વારા વિધાનસભાનું લાઇવ પ્રસારણ જોતી હતી. એમાં કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી હોય કે વિરોક્ષ પક્ષના નેતા તરીકે શક્તિસિંહભાઇ, અર્જુનભાઇ કે સિદ્ધાર્થભાઇ પટેલ હોય, ભારતીય જનતા પાર્ટીના અને કોંગ્રેસના બધા આગેવાનોનું લાઇવ પ્રસારણ મેં પોતે જોયેલું છે. એટલે જ તેના અનુભવે એટલું હું કહેવા માગું છું કે, એવી વ્યવસ્થા ફરી થાય. હું માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરવા માગું છું કે લોકોને, પ્રજાને ખબર પડે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ વિધાનસભામાં જઇને પોતાના પ્રશ્નોને રજૂ કરે છે, પોતાની વાત રજૂ કરે છે. સાચા અર્થમાં એને લોકશાહી કહેવાય. *(×××) અને બાકીની નહિ આપવાની આ લોકશાહી માટે હાનીકારક છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દો દૂર કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રીએ લીધેલો નિર્ણય છે. વિધાનસભામાં કોંગ્રેસે જે તોફાન કર્યુ એની શક્તિસિંહજીએ જ માગણી કરી હતી કે વિડિયો જાહેર થવા જોઇએ. પત્રકારોએ શ્રી રમણભાઇ વોરા સાહેબને રજૂઆત કરી હતી અને એના પછી અધ્યક્ષશ્રીએ નિર્ણય કરીને એ વિડિયો ફુટેજ છે એની આ ગૃહમાં ટીકા-ટિપ્પણ કરી શકાય નહિ એ માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે એમાં આપણે બોલી ના શકીએ જે બતાવ્યું એ જોવાનું.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશ અનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : ભૂતકાળમાં જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે પત્રકારોને રહેવા માટે પત્રકાર કોલોની બનાવી હતી. પત્રકારોમાં આર્થિક રીતે ઘણા નબળા લોકો હોય છે કે જે લોકશાહીને જીવંત રાખે છે અને લોકોને હકીકતથી વાકેફ કરે છે અને પ્રજાનો અવાજ એ લોકો રજૂ કરે છે. એ પોતાનો દેશપ્રેમ હોવાની ફરજ પૂરી કરે છે તો સરકારે પણ એ લોકોને પત્રકારોને પત્રકાર કોલોની બનાવી આપવી જોઇએ. પત્રકારોને પેન્શન આપવું જોઇએ અને મા–અમૃત્તમ યોજનાના લાભની બહેને વાત કરી એ જે લોકોને એક્રેડિશન કાર્ડ ના હોય એને લાભ મળતો નથી. મારું માનવું છે કે આ કાર્ડ બહુ જ ઓછા પત્રકારો પાસે છે. ૧૦૦ એ લગભગ ૨૦–૨૫ જણ જોડે માંડ આ કાર્ડ હોય છે તો એના માટે ઇન્ફર્મેશન ડિપાર્ટમેન્ટને કહીને એ લોકોને થોડા વધારે કાર્ડ મળે એવી પણ રજૂઆત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ આપની બાકી છે. એક મિનિટમાં પૂરું કરો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સોશ્યલ મિડિયામાં પણ સરકારની વાહ વાહીની જ વાત હોય છે. ગુજરાતમાં સામાન્ય વહીવટની વાત કરું તો એમ.બી.શાહ કમિશન નિમાણા પછી ૧ કરોડ ૧૭ લાખ રૂપિયા રાજ્ય સરકારે વાપર્યા પણ એનો રિપોર્ટ આજ સુધી ગૃહમાં મૂકવામાં આવ્યો નથી અને કોંગ્રેસે રાઇટ ટુ ઇન્ફર્મેશન એક્ટનો કાયદો આપ્યો એના માટે યુ.પી.એ.ની સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે કે ભ્રષ્ટાચાર બંધ કરવા માટે કાયદારૂપી હથિયાર પ્રજાના હાથમાં આપ્યું. સરકારે એના માટે ૫.૨૯ કરોડની જોગવાઇ કરી છે. પરંતુ એની માહિતી પણ પ્રજાને પૂરેપૂરી મળતી નથી તો એ મળે એ માટે રાજ્ય સરકારને વિનંતી કરું છું અને તહેવારોની ઉજવણીમાં સરકારે જે ૪.૫ કરોડ રૂપિયા ખર્ચ્યા એના બદલે શિક્ષણ, આરોગ્ય અને ખેડૂતો માટે સરકાર ખર્ચે તો વધારે આનંદ થાય. માનનીય અધ્યક્ષશ્રી, સેવા સેતુ કાર્યક્રમમાં ચૂંટાયેલા સભ્ય ના હોય એના પણ નામ હોય છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી સતીષભાઇ પટેલ..

શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી માગણી નંબર ૫ લઇને આવ્યા છે ત્યારે હું એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની સહકારી પ્રવૃત્તિ અંગે હમણાં જ આદરણીય રામસિંહભાઇએ કહ્યું કે, અન્ય રાજ્યના પણ સહકારી આગેવાનો અહીંયાની પ્રવૃત્તિ જોવા માટે ગુજરાતમાં આવતા હોય છે ત્યારે આપણે ત્યાં ગુજરાતની અંદર ૭૪ હજાર કરતા પણ વધુ સહકારી મંડળીઓ નોંધાયેલી છે. ૧ લાખ ૬૫ હજાર સભાસદો આની અંદર નોંધાયેલા છે. એટલે કે ગુજરાતની કુલ વસતિના ૧/૪ ભાગના વ્યક્તિઓ આ સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા છે, આમાં ૯ હજાર જેટલી પ્રાથમિક સહકારી મંડળીઓ પણ આની અંદર નોંધાયેલી છે અને આ મંડળીઓ ગામડાંઓના ખેડૂતો સાથે સીધેસીધો સંપર્ક ધરાવતી મંડળી હોય ત્યારે આ વિભાગ ખેડૂતો માટે કાયમ સાથે રહીને ખેડૂતોને મદદ કરતો વિભાગ છે. કુલ આખા રાજ્યની અંદર ૧૮ જિલ્લા મધ્યસ્થ બેંકો આપણે ત્યાં આવેલી છે અને એક રાજ્ય સહકારી બેંકની સાથે સાથે એક રાજ્ય કૃષિ અને ગ્રામિણ બેંક પણ આપણા રાજ્યની અંદર આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સહકાર વિભાગ સાથે ૭૦ ટકા જેટલા નાના, સિમાંત અને મધ્યમવર્ગના ખેડૂતો આની સાથે સીધે સીધા સંકળાયેલા છે. ગામડાંઓની સહકારી સંસ્થાઓ, મંડળીઓ જે મધ્યસ્થ બેન્ક સાથે સંકળાયેલી હોય છે અને એના દ્વારા ગામડાંઓના તમામ સભાસદોને ખેતી કરવા માટે મધ્યમ, લાંબાગાળાની અને ટૂંકાગાળાની એમ ત્રણ પ્રકારની લોનો આ મંડળીઓ દ્વારા આપવામાં આવતી હોય છે. ગામડાંના ખેડૂતો માટે ટૂંકાગાળાની લોન આપવામાં આવતી હોય છે એમાં ફક્ત સાત ટકાના ધોરણે ગામડાંઓની અંદર ખેડૂતોને લોન આપવામાં આવતી હોય છે. તેમાં ખાસ કરીને રાજ્ય સરકાર ત્રણ ટકા સહાય વ્યાજ પેટે અને ત્રણ ટકા સહાય કેન્દ્ર સરકારની એટલે કે, ફક્ત એક ટકાએ જ ધિરાણ આપણી મંડળીઓ ખેડૂતોને આપતી હોય છે. ઘણી જગ્યાએ તો ઘણી બેન્કો, જિલ્લા બેન્કો તો એક ટકો પણ પોતે ભોગવીને ગુજરાતની અંદર ઘણી બધી બેન્કો એવી છે કે, જેણે વિના મૂલ્યે ખેતીનું ધિરાણ આપ્યું હોય છે. પચાસ ટકા ઉપર કિસાન ક્રેડિટ દ્વારા આપણે ત્યાં ખેડૂતોને ધિરાણ આપવામાં આવતું હોય છે. આ બધી જ મંડળીઓ, રાજ્ય સહકારી બેન્કો અને મધ્યસ્થ બેન્કો આ બધા જ રિઝર્વ બેન્કે નક્કી કરેલા નિયમો અનુસાર આ સંસ્થાઓ કામ કરતી હોય છે. આની અંદર દરેક મંડળી હોય કે મધ્યસ્થ બેન્ક હોય આની અંદર શેર ફાળા તરીકે રકમ સભાસદો પાસેથી લેતા હોય છે પરંતુ એનું ધિરાણ વધારવા માટે, શેરનું ભંડોળ વધારવાની જરૂર હોય ત્યારે રાજ્ય સરકાર સહાય આપીને એને શેર ફાળા તરીકે રકમ આપીને આ બેન્કોને મજબૂત કરતા હોય છે ત્યારે એ મજબૂત થઇને બહાર આવે ત્યારે એને લોન પણ વધુ મળે અને ખેડૂતોને વધુને વધુ મદદ કરી શકતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વિપક્ષના આદરણીય શ્રી રામસિંહભાઇએ કહ્યું કે, દૂધ મંડળીઓની અંદર હમણાં નોટબંધીને કારણે ઘણી તકલીફો પડી અને કાપ દરખાસ્ત લાવ્યા. મારે શ્રી રામસિંહભાઇને કહેવું છે કે, ખરેખર નોટબંધીથી ઘણો મોટો ફાયદો થયો છે. કારણ કે, ભ્રષ્ટાચાર ઓછો થયો. મંડળીઓની અંદર મંત્રીશ્રીઓ કે અન્ય લોકો જે સીધે સીધા સભાસદોના નાણા વાપરતા હતા એ વાપરવાના બંધ થયા અને સીધા એમના ખાતામાં જ જમા થવાથી વચ્ચેનો બધો ભ્રષ્ટાચાર બંધ થયો. એટલે ખરેખર નોટબંધીથી સભાસદોને ફાયદો જ થયો છે. એ જ રીતે હમણાં વિપક્ષના ડો. તેજશ્રીબહેને પ્રચાર અને પ્રસારની વાત કરી, ત્યારે હું એટલું જ કહીશ કે, આ એકવીસમી સદીમાં આપણે જીવીએ છીએ. પહેલા બધા

ધારાસભ્યશ્રીઓ બસમાં આવતા હતા, હવે બધા ગાડીઓ લઇને આવે છે. એટલે કોઇ પણ વસ્તુના પ્રચાર પ્રસાર વગર હવે કોઇ પણ કામ કરવું હોય તો એ શક્ય નથી.

એજ રીતે આપણી સરકાર દ્વારા સહકાર વિભાગ દ્વારા એ.પી.એમ.સી. હોય એમાં ઘણા બધા ખેડૂતો પોતાનું ઉત્પાદન શાકભાજી કે અન્ય અનાજ લઇને આવતા હોય છે ત્યારે ઘણો બધો કચરો પણ પડતો હોય છે. ભારત સરકાર તરફથી જ્યારે સફાઇ અભિયાનનું કામ ચાલી રહ્યું હોય અને સફાઇ અભિયાન માટે આપણા ગુજરાતે પણ પહેલ કરી હોય ત્યારે આપણી સરકાર દ્વારા સારું મશીન એ.પી.એમ.સી. ખરીદે એના માટે એના ઇ-ટેન્ડર દ્વારા, નવી ટેકનોલોજી પ્રમાણે, નવી મશીનરી ખરીદવા માટે પણ આપણી સરકાર એમાં સહાય આપતી હોય છે.

ગોડાઉનો બનાવવા માટે મંડળી હોય, એ.પી.એમ.સી. હોય કે અન્ય સંસ્થાઓ હોય એને પણ આ સરકાર તરફથી સહાય આપવામાં આવે છે. જેના કારણો ખેડૂતો પોતાનો માલ મૂકી શકે અને જ્યારે વેચવો હોય ત્યારે કે ભાવ આવે ત્યારે એ ખેડૂત પોતાનો માલ વેચી શકે એવી સરકારે જ્યારે વ્યવસ્થા કરી હોય ત્યારે આ સરકાર દ્વારા જે માગણીઓ લઇને આવ્યા છે, એ માગણીઓ ખરેખર ખૂબ વાજબી હોઇ એને હું ટેકો આપું છું, એજ અભ્યર્થના સાથે વિરમું છું.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે ૩૦, ૩૧, ૩૩, ૫૪ અને ૫ એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. મંત્રી પરિષદની જે માગણી છે એમાં મારે કહેવું છે કે મંત્રીશ્રીઓની એક સમિતિ બને છે કે ધારાસભ્યશ્રીઓના પ્રશ્નનું નિરાકરણ થાય અને એ બે મહિને મળે એટલે એના પ્રશ્નો હોય એનું નિરાકરણ થઇ શકે એટલે જુદી જુદી સમિતિઓ મંત્રીશ્રીની અધ્યક્ષતા નીચે મળતી હોય છે પરંતુ મને બે વર્ષ થવા આવ્યા હજુ એક પણ મિટિંગ મળી નથી. આખા વર્ષમાં એક પણ મિટિંગ નહીં તો સમિતિ બનાવવાનો કોઇ મતલબ નહીં, અમે કાગળો બનાવીને બેસીએ કે સમિતિની મિટિંગ મળે તો આપણા પ્રશ્નોનું નિરાકરણ થાય પણ આખા વર્ષમાં એક પણ ન મળે તો ફરીથી મને કાગળ મળે સમિતિનો કે આ સમિતિ મળી છે તો એનો કોઇ મતલબ નથી એટલે ખરેખર સમિતિ બનાવો તો એનો જે હેતુ છે એ સરે કે ખરેખર બે મહિને મિટિંગ બોલાવો જેથી ધારાસભ્યો એની જે સમસ્યા છે એ તમારા સમક્ષ મૂકી શકે. ૩૧ નંબરની માગણી ચૂંટણીની છે. ચૂંટણીની વાત કરું તો મારા વિસ્તારની જ વાત કરું કે સરપંચોની ચૂંટણી થઇ એમાં જેરડા અને બીજા ત્રણ ચાર ગામોમાં એમના સભ્યોને જાહેર કર્યા. સભ્ય વાજતેગાજતે ઘરે ગયા અને ડેપ્યુટીની ચૂંટણી વખતે લિસ્ટ આવ્યું તો ચૂંટાયેલો હારી ગયો અને હારેલાનું જીતમાં નામ આવી ગયું. હવે કે આ તો નકકી થઇ ગયું. હવે કોર્ટમાં જાવ. હાઇકોર્ટમાં જાય એટલે એક લાખ રૂપિયા વકીલની ફી થાય. એક લાખ માટે પેલો પંચાયતનો સભ્ય કયાં જાય? એટલે કેટલાય નથી ગયા પણ આવું તંત્ર ચાલે છે . આ રેકર્ડ પ્રુફ છે મારા વિસ્તારની વાત કરું છું. જેરડા ગામ અને બીજા ત્રણ ગામ છે એ પણ હું ગામના નામ આપીશ કે ત્યાં આ જાતનો વહીવટ છે. સામાન્ય વહીવટ મોટી જવાબદારીવાળો વિભાગ છે પરંતુ એની અંદર પણ આપ જોશો તો ઘણુંબધું કેમ કરીને સરકારનું સારું લાગે એના સિવાય કોઇ બીજી વાત નથી. એની અંદર પણ ઘણીબધી ક્ષતિ હોય છે એમણે ખરેખર એક તટસ્થ અધિકારી તરીકે વહીવટની અંદર ૪-૪ તો મુખ્ય સચિવો છે અને એમના નીચે બધું ચાલતું હોય છે તો એમણે પણ તટસ્થ રીતે નિર્ણય લેવા જોઇએ. માત્ર સરકારને જ સારું લાગે, એ તરફ ન રહે તો સારું છે કારણ કે એમની એક મોટી જવાબદારી છે. માહિતી અને પ્રસારણની અંદર અગાઉ પણ કોઇ મિત્રોએ વાત કરી કે સમગ્ર ગુજરાતની અંદર સરકારનું સારું કામ થયેલું જાય પણ સાથેસાથે ભૂલ હોય એ પણ જાય. હમણા હું આ અઠવાડિયાની જ વાત કરું સોમવારે આપણી જે પ્રશ્નોત્તરી બતાવે છે એની અંદર એને શું કહે છે? ધબકારા, એ ધબકારાની અંદર મેં પહેલી વાર જ જોયું, કોઇ દિવસ ટાઇમસર હોતો નથી એ દિવસે ટાઇમસર ગયો તો જોયું. એમાં બધા પ્રશ્નો બતાવ્યા. વચ્ચે પાંચમા નંબરનો મારો પ્રશ્ન આવતો હતો, બિલકુલ કાપી નાખ્યો એના પછીના ત્રણથી ચાર પ્રશ્નો બતાવ્યા પણ આ કાપી નાખ્યો આ કઇ જાતનું પ્રસારણ છે? શું ધારાસભ્ય તરીકે અમારો કોઇ અધિકાર જ નથી વિરોધપક્ષનો? કોઇપણ પ્રશ્ન સરકારને સાચી વાત કરતો હોય તો ન બતાવો શું આ એમનું કામ છે અને હું સરકારને પૂછું છું કે આની તપાસ કરીને જે તે જવાબદાર સામે કંઇક તમે પગલાં લેશો? એનો ખુલાસો કરશો? તો તમે સાચા છો કે ખરેખર તમે ઇન્વોલ નથી. બાકી સરકારને તમે જ ના પાડો છો કે આ પ્રશ્ન ન બતાવતા. આ જ રીતે દરેક ક્ષેત્રે, એમની બુકો જુઓ, એમના પ્રચારના પોસ્ટરો જુઓ તો કયાંય પણ ખાલી વાહ, વાહ. સરકારના પ્રતિનિધિ તો અમે પણ છીએ. અમારી વાત પણ કયાંક મુકો જે સરકારની ભૂલો છે, જે લોકોની જરૂરિયાત છે અને નથી થતી એના માટે પણ મૂકો અને અમે પણ છીએ પણ એ કશું જ નથી તો એ પણ જે અધિકારી મિત્રો જવાબદાર છે, તમારી જવાબદારી અને ફરજ છે. વાહ, વાહ કરો પણ અમે ભૂલો કાઢીએ છીએ એ પણ સાઇડમાં મૂકો કે ખરેખર આ તમારી ભૂલો છે. સહકારની વાત કરી એમાં મારો સૂર પુરાવું છું અને વધુ એટલી જ વાત કરું છું કે આગળ મંત્રી હતા એટલે આગળની ભૂલો હાલ નહીં કહું, નવા મંત્રી સારા છે પણ કૃષિનો ૫૦ ટકા હિસ્સો પશુપાલન છે. ખેડૂતોની ૫૦ ટકા આવક પશુપાલન મારફત છે તો બજેટની અંદર પણ જોગવાઇ એ રીતે કરો. જે દૂધ ડેરી છે, દૂધ ડેરીની અંદર જે નાના નાના ગામો, જે પરા છે એની આવક ઓછી છે અને એનું મકાન નથી બનતું , એના ચિલીંગ સેન્ટર ના નાના બ્લોક આપવા જોઇએ એ નથી મળી શકતા એના આઠ-દસ લાખ રૂપિયા થાય એ એની પાસે નથી હોતા તો ખરેખર જો સરકાર ખેડૂતનું હિત ચાહતી હોય તો ગુજરાતની જે તમામ ડેરીઓ છે એને જે બ્લોક સેન્ટર આપે છે એ સોએ સો ટકામાં બધાને આપી દો જેથી દૂધ બગડે નહીં અને મંડળી સદ્ધર થાય અને ખેડૂતને લાભ થાય તો એ કરો તો પણ એમ થાય કે ખેડૂતની કંઇક વાત થઇ. આપણે પશુપાલનની વાત કરી. પશુપાલનમાં શેડ આપો છો, કીટ આપો છો, કીટથી ભલુ ન થાય, ૫૦૦૦, ૭૦૦૦ સબસિડી આપી, મોટી વાત કરી એમાં ખેડૂતનું ભલુ ન થાય.

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

ઉપધ્યક્ષશ્રી : ગોવાભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી બપોરે ૩–૧૫ કલાકે ફરી મળશે.

( વિરામ –૨–૩૦ થી ૩–૧૫)

( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગની માગણી લઇને આવ્યા હોય, ત્યારે રાજ્ય સરકાર અભૂતપૂર્વ નિર્ણય લઇને રાજ્યના ખેડૂતો, રાજ્યના પશુપાલકો આર્થિક રીતે પગભર થાય એ દ્રષ્ટીએ આગળ વધી રહી છે. આપણે સૌએ જોયું છે કે સમગ્ર દેશની અંદર ગુજરાત રાજ્યમાં જે સહકારી પ્રવૃત્તિઓ થઇ રહી છે, તેમાં એક મૉડેલ તરીકે ગુજરાતની સહકારી પ્રવૃત્તિ વખણાઇ રહી છે. આપણા રાજ્યની એક મૉડેલ રાજ્ય તરીકેની ગણના થાય છે, ત્યારે સહકારી પ્રવૃત્તિ વિવિધ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવે છે. રાજ્યમાં કુલ ૭૪,૮૪૦ જેટલી સહકારી મંડળીઓ આવેલી છે. સહકારી સંસ્થાઓ શહેરી વિસ્તારમાં અને ગ્રામ્ય વિસ્તારમાં એમ બંને વિસ્તારમાં અર્થતંત્રની મહત્વની કડીરૂપ છે. ગ્રામ્ય ક્ષેત્રે થતી આર્થિક પ્રવૃત્તિઓમાં સહકારિતા સંપૂર્ણ રીતે જોડાયેલી છે. તથા ગ્રામ્ય વિસ્તારના સભાસદો ઉપરાંત બિન સભાસદો આ વિકાસમાં સીધી કે આડકતરી રીતે ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. મને કહેતા આનંદ થાય છે કે આ સાડા છ કરોડ જનતામાંથી ૧ કરોડ ૬૫ લાખ જેટલા સભાસદો સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે. એટલે કે ચાર ગુજરાતીએ એક ગુજરાતી આ સહકારી સંસ્થાના સભ્ય તરીકે છે. આ રાજ્યની અંદર સહકારી ધિરાણ માળખું ત્રીસ્તરીય રીતે વિસ્તરેલ છે. રાજ્યમાં ટૂંકા અને મધ્યમ પ્રકારના ધિરાણ માળખા સાથે સંકળાયેલ રાજ્યની સહકારી બૅન્ક એક, જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્કો ૧૮ જેટલી અને પ્રાથમિક સહકારી મંડળીઓ ૯,૧૯૫ જેટલી આવેલ છે. આના દ્વારા સીમાંત ખેડૂત, અનુસૂચિત જાતિના ખેડૂત, અનુસૂચિત જનજાતિના ખેડૂતો અને નબળા વર્ગના ખાતેદારોને આ સહકારી મંડળી દ્વારા ધિરાણ પહોંચાડવામાં આવે છે. રાજ્યમાં કુલ ૪૬.૬૦ લાખ જેટલા ખેડૂત ખાતેદારો પૈકી ૨૭.૬૭ લાખ ખેડૂત સભાસદોને આ માળખા દ્વારા આવરી લેવામાં આવેલ છે. રાજ્યમાં કો–ઓપરેટિવ કિસાન ક્રેડિટ કાર્ડ ધરાવતા ખેડૂતોની સંખ્યા ૨૯.૪૧ લાખ છે, જે પૈકી ૧૪.૭૮ લાખને આ કો–ઓપરેટિવ કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવેલ છે. આમ, રાજ્યના ૫૦ ટકાથી પણ વધુ ખેડૂતોને સહકારી ધિરાણ માળખા દ્વારા કૃષિ ધિરાણ મળી રહ્યું છે. આ માળખા દ્વારા વધુને વધુ ખેડૂતોને કૃષિ ધિરાણ મળી રહે તે માટેના તમામ પ્રયત્નો આ સરકારશ્રીના રહ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે જાન્યુઆરી, ૨૦૧૭ ના અંત સુધીમાં ૧૧,૫૩૫ કરોડનું પાક ધિરાણ, ૧,૯૮૧ કરોડનું મધ્યમ અને લાંબા ગાળાનું ધિરાણ સહકારી ધિરાણ માળખા દ્વારા આપવામાં આવેલ છે. રાજ્ય સરકાર માત્ર ધિરાણ આપીને છટકી જવા માગતી નથી. આ રાજ્યનો ખેડૂત બાપડો બીચારો નહિ, પણ જનતાનો તાત બને એ દિશામાં આગળ વધે છે. એ માટે અનેક યોજનાઓ અમલમાં લાવ્યા છે. ખેડૂતોને વ્યાજમાં રાહત મળે તે માટેના અનેક પ્રયત્નો સરકારના રહ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે ભૂતકાળમાં ૧૮ થી ૨૦ ટકા જેટલું બૅન્કોને ઊંચું વ્યાજ આપવું પડતું હતું. અત્યારે જે રીતે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર દ્વારા, સહકારી બૅન્ક દ્વારા ૭ ટકા ધિરાણ આપવામાં આવે છે. એમાં ૩ ટકા કેન્દ્ર સરકાર આપે છે અને ૩ ટકા રાજ્ય સરકાર આપે છે. જો ૩ લાખ રૂપિયા સુધીનું ધિરાણ લીધું હોય તેને ૧ ટકામાં ધિરાણ મળે છે. અને મને કહેતા આનંદ થાય છે કે, સુરત ડિસ્ટ્રીક્ટ કો–ઓપરેટીવ બેન્ક, રાજકોટ ડિસ્ટ્રીક્ટ કો–ઓપરેટીવ બેન્ક અને ભરુચ ડિસ્ટ્રીક્ટ કો–ઓપરેટીવ બેન્ક જે એક ટકો ધીરાણ પર વ્યાજ ભરવાનું છે એમાં પણ આ ત્રણ બેન્કોએ માફી આપી છે અને ઝીરો ટકામાં ૩ લાખ સુધીનું ધિરાણ ખેડૂતોને પૂરું પાડવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે, સહકારી ધિરાણ માળખાના પાયા તરીકે પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ ગ્રામ્ય સ્તર સુધી વિકસેલ હોય ફાઇનાન્સીયલ ઇકવીઝનમાં તેમનો ફાળો મહત્વનો બની રહે છે. સંપૂર્ણ ફાઇનાન્સીયલ ઇકવીઝન ત્યારે જ શક્ય બને કે જયારે પાયાની એવી પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ પારદર્શક અને વિશ્વાસપાત્ર બને આ માટે તેઓને આધુનિક આઇ.સી.ટી. ટેકનોલોજીથી સાંકળી લેવામાં આવે તે જરૂરી છે. કોમન એકાઉન્ટીંગ સિસ્ટમ, મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ રાજય સરકારની વિવિધ યોજનાઓ માટેના ડેટા ઓડિટ ઇન્સ્પેકશન માટે સહાયરૂપ બને તે માટે આ મંડળીના હિસાબો અને અન્ય વ્યવહારો કોમ્પ્યુટર સોફ્ટવેર દ્વારા તૈયાર કરવામાં આવે અને તેને કોર બેન્કીંગ સોલ્યુશન મારફત જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક સાથે જોડવામાં આવે તો આ સંસ્થાઓની નાણાકીય અને વહીવટી સ્થિતિની સમયાન્તરે સમિક્ષા થઇ શકે, તેમજ તમામ આધુનિક બેન્કીંગ સુવિધાઓ ખેડૂતો, પશુપાલકો તેમજ ગ્રામ્ય સ્તરના સામાન્યમાં સામાન્ય માનવીના ઘર આંગણે પહોંચાડી શકાય. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૭–૧૮ના બજેટમાં નાબાર્ડ મારફતે દેશની ૬૩ હજાર જેટલી કાર્યરત પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ મંડળીઓને જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક સાથે કોમ્પ્યુટરાઇઝેશન કરીને કોર બેન્કીંગ સિસ્ટમથી ત્રણ વર્ષના સમયગાળામાં સાંકળવા માટે રુ. ૧૯૦૦ કરોડની જોગવાઇ કરેલ છે જેમાં રાજય સરકાર દ્વારા પણ નાણાકીય ફાળો ભોગવવાનો રહેશે. રાજયમાં કાર્યરત મંડળીઓની સંખ્યા જોતા પ્રથમ તબક્કે ૨૬૦૦ જેટલી મંડળીઓ આવરી લેવાનું થાય છે જેના માટે રાજય સરકાર તરફથી ૭૦ કરોડની જોગવાઇ ૨૦૧૭–૧૮ના બજેટમાં સૂચવેલ છે. આ યોજના પરિણામ સ્વરુપ ડિઝિટલ પદ્ધતિથી ઉદભવેલ લોન ઝડપથી મંજૂર થઇ શકે જેથી ખેડૂતોને ધિરાણ પણ ઝડપથી ઉપલબ્ધ થશે. રૂપે કાર્ડના ઉપયોગથી ખેડૂત તેની જરૂરિયાતના નાણા કોઇ પણ સ્થળે મેળવી શકશે અને લોન ભરપાઇ કરી શકશે જેથી વ્યાજનું ભારણ પણ ઘટશે. ખેડૂત તેના નાણાકીય વ્યવહારો જેવા કે બેલેન્સ, લોન ચૂકવણી માટેના રીમાઇન્ડર વગેરે માટે એસ.એમ.એસ. દ્વારા અવગત થશે, પાક વીમા પ્રિમિયમ ભરવામાં સરળતા થશે. આ ઉપરાંત સહકારી વિષયક ધિરાણ

માળખાને લગતી યોજનાઓ તૈયાર કરવામાં સરળતા થશે. ખેડૂતોની માહિતી સરળતાથી ઉપલબ્ધ થઇ શકશે, ઓડિટ કે ઇન્સ્પેકશન કરવા માટે પણ નાણાકીય પત્રકો અને ઠરાવો ઓનલાઇન તૈયાર કરી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ખેત પેદાશોની સંગ્રહ શકિત વધારવા માટે પણ આ રાજય સરકારે ગોડાઉનની યોજના અમલમાં મૂકી છે. કમોસમી વરસાદ પડે, કરા પડે, બજારમાં ભાવ ન મળે ત્યારે આવી સ્થિતિમાં ખેડૂતોની પાસે જો સ્ટોરેજ ગોડાઉન હોય તો એ પોતે પોતાનો પાક સંગ્રહ કરી શકે. વરસાદ પડે ત્યારે એનું રક્ષણ થઇ શકે એજ રીતે કરા પડે ત્યારે રક્ષણ થઇ શકે અને માર્કેટમાં એને પૂરતા ભાવ ન મળતા હોય ત્યારે એ એનો માલ ગોડાઉનમાં મૂકી રાખી શકે અને એને લઇને બેન્કમાંથી લોન જો જોઇતી હોય તો લોન પણ મેળવી શકે છે, આ રીતે ગોડાઉનની વ્યવસ્થા કરવામાં આવી છે. આજે બજાર સમિતિઓ દ્વારા ગોડાઉન બાંધવા, ખેડૂત સહકારી મંડળી હોય કે એ.પી.એમ.સી. હોય એ ખર્ચના ૨૫ ટકા મૂડી સહાય આ યોજના અંતર્ગત આપે છે અને છેલ્લા બે વર્ષમાં ૧૨૧ ગોડાઉન બાંધવામાં આવેલ છે. તેમજ ૨૦૨૩૦ મેટ્રિક ટન સગ્રહ શકિત પણ ઉભી કરાયેલ છે. એજ રીતે આ ગોડાઉનો બાંધવા ૭૩ ટકા પ્રમાણે મૂડી સહાય પણ આ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીને આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત પ્રતિ મેટ્રિક ટન મહત્તમ બાંધકામ ખર્ચના ૫૧૭૭ રૂપિયા આપવામાં આવે છે અને ઓછામાં ઓછા પ્રતિ મેટ્રિક ટનના રૂપિયા ૩૭૮૪ની સહાય આ રાજય સરકાર દ્વારા કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં રાજયના જુદા જુદા જિલ્લાઓમાં કુલ ૯૪૫ ગોડાઉનો બાંધવામાં આવેલ છે જેના દ્વારા આશરે ૧.૯૦ લાખ મેટ્રિક ટન સંગ્રહ શકિત ઉભી થયેલ છે જેના કારણે સડતો માલ અટકે છે અને ઓછા ભાવ મળતા હોય ત્યારે એનો માલ ગોડાઉનમાં સંગ્રહ કરી શકવાના કારણે માલની અછત થાય ત્યારે માલ વેચીને એના માલના ભાવ વધારે મેળવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજાર સમિતિઓની વાત કરું ત્યારે ખેડૂતોને પોતાના ખેત ઉત્પાદનના વધુ સારા ભાવ મળી રહે, ખેત ઉત્પાદનની ખુલ્લી હરાજી થાય, સાચો તોલ મળે, ખેડૂતોનું વેપારીઓ દ્વારા થતું શોષણ અટકાવવા માટે તેમજ ખેડૂતોને રોકડા નાણાં મળી રહે એ માટે રાજ્યમાં ૨૧૭ જેટલી બજાર સમિતિઓ આવેલી છે, આ બજાર સમિતિઓ પૈકી ૪૬ બજાર સમિતિઓ આદિવાસી વિસ્તારમાં આવેલી છે, આદિવાસી વિસ્તારમાં આવેલ ખેડૂતોને પોતાનો માલ બજાર સમિતિના મુખ્ય યાર્ડમાં લાવવા માટે પરિવહન ખર્ચ મોંઘો પડે છે, એને કારણે આદિવાસી વિસ્તારમાં આવેલ આ ખેડૂતો પરિવહન ખર્ચ ન પોષાતા ઓછો માલ લઇને ખેડૂતો આવે છે જેના માટે પ્રતિ ટને ૧૫૦ રૂપિયાની સહાય ચૂકવવાનું આયોજન આ રાજ્ય સરકારે કર્યું છે. ખેડૂતોને ખેત ઉત્પાદનના વધુ અને પોષણક્ષમ ભાવો મળી રહે એ માટે યુનિફાઇડ ઇ–માર્કેટીંગની વ્યવસ્થા માટે ભારત સરકાર દ્વારા નેશનલ એગ્રીકલ્ચર માર્કેટની પણ રચના કરવામાં આવેલી છે. ગુજરાતની ચાળીસ જેટલી બજાર સમિતિઓને ઇનામ સાથે જોડવામાં આવી છે, બીજા તબક્કામાં સાંઇઠ જેટલી આ સમિતિઓને જોડવામાં આવશે અને એના પછી તબક્કાવાર પચ્ચીસ જેટલી મંડળીઓને જોડવાની છે. મને કહેતા આનંદ થાય છે કે આને લીધે પહેલાં લિમિટેડ વેપારીઓ મળતા હતા પરંતુ આ નેશનલ એગ્રીકલ્ચરલ માર્કેટને કારણે સમગ્ર દેશના વેપારીઓ સાથે ઓનલાઇન પોતાના ઘઉં, જુવાર, તુવેર વગેરે પાકનું વેચાણ કરશે અને વેપારીઓ સાથે ઓનલાઇન વેચાણ કરવાના કારણે તેમજ વધારે વેપારીઓ મળવાના કારણે, તે ઉપરાંત હરિફાઇના કારણે ખેડૂતોને વધારે ભાવો ઉપલબ્ધ થઇ શકશે. એ જ રીતે ખેડૂત ગ્રાહક બજારની વાત કરું ત્યારે બીજી ડિસેમ્બરે આ રાજ્યમાં શહેરો વિસ્તારોમાં ખેડૂત ગ્રાહક બજારની સ્થાપના કરવામાં આવી. ખેડૂતોના શાકભાજી, ફળ સીધા ગ્રાહકોને વેચવાની યોજના અમલમાં મૂકેલ છે જેને કારણે ખેડૂતોને ખૂબ ફાયદો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રામસિંહભાઇ, શ્રી ગોવાભાઇ તથા શ્રી સતીષભાઇએ ખૂબ સારી રજૂઆત કરીને એમના સૂચનો પણ રજૂ કર્યા છે. માનસિંહભાઇએ જે વાત કરી કે જ્યારે આ નોટબંધી થઇ ત્યારે પશુપાલકોને ખૂબ તકલીફ પડી તે બાબતે જણાવું કે જ્યારે નોટબંધી હતી ત્યારે આર.બી.આઇ.ની સાથે લાયઝનમાં રહીને આ દૂધના જે પશુપાલકો હતા એમને પૂરતા પૈસા મળે એને માટે ૧૧૯૦ કરોડ રૂપિયા સૌપ્રથમ લાવીને પ્રથમ તબક્કામાં ખેડૂતોને પૈસા આપવામાં આવ્યા હતા. મને કહેતા આનંદ થાય છે કે જે ૨૩.૮૭ લાખ જેટલા દૂધ ઉત્પાદક સભાસદો છે એ પૈકી ૨૨.૪૩ લાખ જેટલાના ખાતાઓ ખોલ્યા છે અને તે રીતે લગભગ ૯૪ ટકાની આસપાસ ખાતા ખોલાઇ ગયા છે જેના લીધે સીધા પૈસા એના પોતાના ખાતામાં જમા થઇ જાય છે. એની સાથે સાથે ગોવાભાઇએ વાત કરી પરંતુ એ પશુપાલન વિભાગને લગતી છે. બીજી વાત રામસિંહભાઇએ ઓડિટ માટેની કરી. રાજ્યના તમામ દૂધ સંઘોનું જે ઓડિટ છે એ ૧૪–૧૫નું ઓડિટ પૂર્ણ થયેલું છે. ૧૬–૧૭નું ઓડિટ પણ શરૂ કરી દેવામાં આવેલ છે. નિયમીત કાર્યક્રમ મુજબ જ દૂધ મંડળીઓનું ઓડિટ કરવામાં આવે છે અને મને કહેતા આનંદ થાય છે કે ૨૧૭ નાગરિકો બેન્કો પૈકી ૧૯૮ બેન્કોનું ઓડિટ પૂર્ણ કરેલ છે. ૧૯ જે બાકી છે એની પણ ઓડિટની કામગીરી ચાલે છે. ત્યારે હવે વિશેષ કંઇ ન કહેતા સરકારે જે કામગીરી કરેલ છે તે જોઇને મારા મિત્રો જે કાપ દરખાસ્તો લઇને આવ્યા છે તે તમામ પરત ખેંચી લે તેવી વિનંતી કરીને હું વિરમું છું.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

સભ્યશ્રીઓનું સસ્પેન્શન પાછું ખેંચવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું એક દરખાસ્ત રજૂ કરું છું કે તારીખ ૨૩–૨–૨૦૧૭ના રોજ સભાગૃહની કાર્યવાહીમાંથી સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ થયેલ સભ્યશ્રી બળદેવજી ઠાકોર તથા શ્રી પરેશભાઇ ધાનાણીનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી સમાપ્ત કરવામાં આવે.

તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે દરખાસ્ત લઇને આવ્યાં છે તેમને હું ટેકો આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં જે બનાવો હતા તેનાથી આપણે બધા અવગત છીએ, જાણકાર છીએ અને નજરે જોયેલું છે એટલે તેના વિશે વધારે વાત નહીં કરું. પણ આ ગૃહના આપણાં સભ્યશ્રીઓ આપની અધ્યક્ષતામાં જે રીતે લોકશાહીના વિચારો અને સિદ્ધાંતો પ્રત્યે જે નિષ્ઠાથી જોઇ રહ્યાં છે તેમાં હું માનું છું કે અમારા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સુઓમોટો સામેથી જે દરખાસ્ત મૂકી છે અમે જે દરખાસ્ત મૂકેલી તેમને હાઉસમાંથી બહાર કાઢવા માટેની અને તે જ દરખાસ્તની સામે અમારા જ માનનીય મંત્રીશ્રી આજે લોકશાહીને વરેલી અમારી આ સરકાર, લોકશાહીના સિદ્ધાંતો ઉપર ચાલતી સરકાર આ દરખાસ્ત લઇને માનનીય મંત્રીશ્રી આવ્યાં છે ત્યારે મારે એકલા મંત્રીશ્રીનો નહીં આપનો પણ આભાર માનવો છે કે આપે પણ માનનીય વિપક્ષના નેતાશ્રીએ આ ગૃહમાં માનનીય શંકરસિંહજીએ બે થી ત્રણ વખત તેમની લાગણી વ્યકત કરી માનનીય બલવંતસિંહભાઇ, માનનીય શૈલેષભાઇ વગેરે સભ્યશ્રીઓએ આપને ત્યાં આવીને પણ છેલ્લાં બે દિવસમાં અને આજે પણ વિરામ દરમિયાન આપની બધાની સાથે ચર્ચા કરી અને તેમાં નિખાલસતાથી નિર્ણય કર્યો કે જેટલું થયુ એટલું પૂરતું છે હવે આ સભ્યો ગૃહમાં હોય, ગૃહના સભ્યો બહાર ના શોભે ગૃહના સભ્યો ગૃહની અંદર શોભે એવી શુભ લાગણીથી અમારા માનનીય મંત્રીશ્રીએ આ દરખાસ્ત મૂકી છે તેને હું પણ સમર્થન આપું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા જે દરખાસ્ત લઇને આવ્યાં અને અમારા દંડકશ્રીએ તેને સમર્થન આપ્યું છે તેને હું પણ મારું સમર્થન આપીને તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલો આભાર તો આપના માટે વ્યકત કરું છું કે આપે જૂની જે પરંપરાઓ હતી, જૂની આપણી જે વિધાનસભા ગૃહની પ્રણાલિકા હતી કે કોઇ વખત વિરોધ પક્ષ છે તેનામાં આક્રોશ રહેવાનો જ કારણ કે તેમનું સંખ્યાબળ ઓછું છે. અને જેમ નાનું બાળક માને ધ્યાન કેન્દ્રિત કરવા માટે વધારે અવાજ કરે, રડે, લડે બધુ જ કરે એ જ રીતે આપણી સંસદીય પ્રણાલિકાઓમાં વિરોધપક્ષના આક્રોશને ક્ષમ્ય ગણ્યો છે. ભૂતકાળની ઉચ્ચ પરંપરાઓ રહી કે જેમને આવી જ ઘટના કે જયાં કાગળો ફેંકીને મુખ્યમંત્રીશ્રીના મોઢાં ઉપર મારવાની ઘટનાના સંદર્ભમાં પણ  એ જ ઉદારતા જે તે વખતની સરકારે બતાવી, જે તે વખતના માનનીય અધ્યક્ષશ્રીની પણ એમાં જ મધ્યસ્થી અને ત્રણ જ દિવસમાં એ સભ્યશ્રીઓ પાછાં વિધાનસભા ગૃહમાં આવ્યાં હતા. " દેર આયે દુરસ્ત આયે "બન્ને માનનીય સભ્યશ્રીઓએ વિધાનસભા ગૃહમાં તેમની વાત કરી શકે તે માટે જે બાકીના દિવસો રહ્યાં છે તેમાં માનનીય નીતિનભાઇ લોકશાહીની વાત કરી છે માનનીય નીતિનભાઇને શબ્દોને, એમના મુખમાંથી સરેલી વાણીને હું હ્રદયપૂર્વક આવકારું છું અને તે વાણી અમલીકરણ સુધી પહોંચે.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ પરિવારમાં છોરૂ કછોરૂં માફ, માવતર કમાવતર નહીં માફ. એમ સત્તાધારી પક્ષ હવેના જે બાકીના દિવસો રહ્યાં છે એમાં હું અપેક્ષાઓ રાખું છું અને માનનીય નીતિનભાઇ બોલ્યાં છે ત્યારે મને ખૂબ વધારે અપેક્ષા છે કે ચોક્કસ પ્રકારે સત્તાધારી પક્ષનું વલણ અને હમણાં સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી જે રીતે પ્રત્યુત્તર આપતાં હતા તેમને પણ હું અભિનંદન આપું છું. સકારાત્મક વાત થશે સકારાત્મક સ્વીકાર થશે, નકારાત્મક વાતમાં નાની સંખ્યાબળમાં છીએ આક્રોશ વધવાનો છતાં પણ હું માનું છું કે આ ફલોર જે છે તે માનસિક લડાઇનું છે, સૈદ્ધાંતિક લડાઇનું છે, શારીરિક લડાઇ કે અપશબ્દોને કોઇ સ્થાન આ વિધાનસભા ગૃહમાં કયારેય હોઇ શકે નહીં ઉશ્કેરણીના કારણો, બાબતો તેમાં હું કયાંય નથી પડતો પરંતુ આપણે સૌ આત્મખોજ કરીએ તો કોઇ આ બે જ સભ્યશ્રીઓની ભૂલ હતી એવું આપણે નહીં કહી શકીએ. ત્યારે આવતાં દિવસોમાં સાથે મળીને જનહિતના પ્રશ્નો માટે સકારાત્મક વાતાવરણ જેના સર્જનનો સંપૂર્ણ યશ માનનીય અધ્યક્ષસ્થાને બેઠેલાં માનનીય શ્રી રમણભાઇને જાય છે. હું એમને ખૂબ હ્રદયપૂર્વક આવકારી અભિનંદન આપીને આવેલા પ્રસ્તાવને સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : હું પ્રસ્તાવ મત ઉપર મૂકું  એ પહેલાં મારે ગૃહને થોડી જાણકારી આપવાની છે. આપણે બધા જે ઘટના બની તેના સાક્ષી છીએ. પરંતુ એ ઘટના બન્યા પછી વિરોધપક્ષના માનનીય નેતાશ્રીની પણ લાગણી હતી અને આ કામની અંદર મને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, દંડકશ્રી બલવંતસિંહજી, શ્રી શૈલેષભાઇ અને આ બધા લોકોએ મને સહયોગ આપ્યો છે. બરાબર સમય છે એટલે કહેવામાં વાંધો નથી. માનનીય નીતિનભાઇ સાહેબ એક વખત ગૃહમાં કામિની બહેન રાઠોડ માટે કાંઇક બોલી ગયા હતા અને એ આખી રાત ઊંઘી ન શક્યા. એમને એમ હતું કે, એક બહેન માટે હું આવું બોલી ગયો અને એ વાત એમણે સાહજીકતાથી મને કરી અને કહ્યું કે, હું એમની માફી માગવા માગું છું. મેં કહ્યું કે, આના કરતા ઉત્તમ વિચાર બીજો કોઇ ના હોઇ શકે. અહિયા બેઠેલો દરેક વ્યક્તિ આપણા માટે સમાન છે. એ વાત આજે હું યાદ દેવડાવીશ. હવે પ્રસ્તાવ એ છે કે, સભ્યશ્રી બળદેવજી ઠાકોર અને શ્રી પરેશભાઇ ધાનાણીનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી સમાપ્ત કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (રાજયકક્ષાના માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ક્રમાંક – ૫૪ આજે રજૂ થઇ અને એ માગણી ઉપર સભ્યોએ પોતાના વિચારો પણ વ્યક્ત કર્યા. હું માગણી નં–૫૪ સર્વાનુમતે પસાર થાય એ માટે વિનંતી કરવા અને અમારા વિભાગની થોડી માહિતી આપવા માટે

ઉપસ્થિત થયો છું. લોકશાહી શાસન વ્યવસ્થામાં માહિતી વિભાગનો રોલ ખૂબ અગત્યનો હોય છે. કારણ કે, સરકાર પાસે જે નાણા આવે છે એ પ્રજાના આવે છે. પ્રજાના ટેક્ષરૂપી જે નાણાની આવક થઇ હોય એનો રાજ્ય સરકાર ખર્ચના રૂપમાં, વિવિધ યોજનાઓના રૂપમાં ખર્ચ કરતી હોય છે. જ્યારે નાણા પ્રજાના હોય ત્યારે એ નાણાનો યોગ્ય ઉપયોગ થાય છે કે કેમ એ નાણાનો છેવાડાના વ્યક્તિને લાભ મળે છે કે કેમ, સરકારે જે વિવિધ યોજનાઓ બનાવી હોય એ યોજના પ્રજાને સીધી સ્પર્શ કરે છે કે કેમ આ બધી જ બાબતો પ્રજાને જાણવાનો અધિકાર છે અને આ બાબતો જણાવવાની સરકારની ફરજ છે. માહિતી વિભાગ એ પ્રજા સુધી આ જાણકારી પહોંચાડવા માટેના માધ્યમ તરીકે કામ કરે છે. રાજ્ય સરકાર વિવિધ પ્રકાશનોના માધ્યમથી, વિવિધ મિડિયાના માધ્યમથી આ કામગીરી કરે છે. અને આ કામગીરી કંઇ આ સરકાર આવી છે ત્યારે જ થઇ છે એવું નથી, પણ આપણી જે પ્રાચીન પરંપરા છે એ પ્રાચીન પરંપરામાં પણ વિવિધ માધ્યમો દ્વારા પ્રજાને રાજાએ કરેલી કામગીરી, રાજાએ કરેલા નિર્ણયો જણાવવામાં આવતા હતા. જયારે ટી.વી. મીડીયા જેવા માધ્યમો ન હતા ત્યારે રાજાઓ પ્રજાની વચ્ચે ઢંઢેરો પીટાવીને જેને આપણે દાંડી પીટાવીને કહીએ છીએ, ઢોલ વગાડીને આવી વિવિધ માહિતીઓ આપતા હતા. જયારે આજે માહિતીનો યુગ છે ત્યારે ઢંઢેરો ગયો પછી ગેઝેટ આવ્યા પછી છાપકામ આવ્યું, એ પછી રેડિયો, ટેલીવીઝન, ફિલ્મ, ઇન્ટરનેટ અને આજે સોશીયલ મિડિયાના માધ્યમ દ્વારા સરકારની કામગીરી પ્રજા સુધી પહોંચાડાય છે. માત્ર સરકારની જ કામગીરી કેમ, પરંતુ રાજયની સામાજિક, સાંસ્કૃત્તિક અને ઐતિહાસિક વિરાસત જે છે એને ઉજાગર કરવાનું અને પ્રજા આગળ એને મૂળભૂત રીતે પ્રસ્થાપિત કરવાનું કામ પણ રાજ્ય સરકાર માહિતી વિભાગના માધ્યમ દ્વારા કરે છે. આ માટે ગુજરાત સરકાર પણ ખૂબ સક્રિય છે. ગુજરાત સરકાર દ્વારા વિવિધ પ્રકાશનોના માધ્યમથી આ કામ ખૂબ સારી રીતે કરી રહી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે ગૃહનું સંચાલન ટાઇમની બાબતમાં બહુ સ્પેસિફિક રહ્યું છે, માનનીય દંડકશ્રી, સત્તાધારી પક્ષ તરફથી ૩૫ મિનિટ સમય વધારવા માટેની દરખાસ્ત આવી હતી અને ૩૫ મિનિટની અહીંથી અમે સંમતિ આપી છે. ૩૫ મિનિટને અનુરૂપ ગણીએ તો સવા ત્રણથી ૩૫ મિનિટે માગણીઓ પરનું કામકાજ પૂરૂં થઇ જવું જોઇએ. માનનીય મંત્રીશ્રીઓ જવાબ જે આપે છે એમાં હજી મને લાગે છે કે, એક મંત્રીશ્રી બાકી છે. અમારા બાબતમાં સેકન્ડ ચાલે છે, તો આ બાબત પણ ૩૫ મિનિટે પૂર્ણ થાય. માનનીય અધ્યક્ષશ્રી, અમારા વખતે પણ વચ્ચે પોઇન્ટ ઓફ ઓર્ડર આવે છે, વચ્ચે જાહેરાતો આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી, વચ્ચે આ સસ્પેન્શનનું કામ આવી ગયું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એમાં એકાદ બે મિનિટ ગઇ હોય એટલું જ સાહેબ, પણ એનો લાભ લઇને એ જે સેકન્ડ ગઇ છે એટલી સેકન્ડ માટે સહમત. માનનીય નીતિનભાઇ બોલ્યા, હું બોલ્યો અને જે સેકન્ડ ગઇ એટલી સેકન્ડ સહમત. એ સિવાય આગળ નહીં.

અધ્યક્ષશ્રી : હા, આઠ મિનિટ ગઇ છે, આમાં તમારી જાણકારી માટે હા, એટલે એ મિનિટ ગઇ, અને હજી એક મંત્રીશ્રી બાકી છે, એ જેટલું ટૂંકાવશે એટલું ટૂંકાવશે, પરંતુ આપણે પૂરું કરી દઇશું. (અંતરાય) આપને ત્રણ મિનિટ મેં વધારે આપી છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર વિવિધ પ્રકાશનોના માધ્યમથી રાજ્ય સરકારે કરેલી પ્રજાલક્ષી કામગીરીની માહિતી પ્રજા સુધી પહોંચાડતી હોય છે. મારે થોડાક પ્રકાશનોની વાત કરવી છે કે મહેસૂલી પ્રશ્નોનું પારદર્શક અને ઝડપી નિરાકરણ, સશક્ત ખેડૂત, સશક્ત ગુજરાત, ગતિશીલ ગુજરાત, પર્યાપ્ત પાણી આવી બધી જ બાબતો રાજ્ય સરકાર એના વિવિધ પ્રકાશનો મારફત કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આ ગૃહના સભ્યશ્રી તેજશ્રીબેન વાત કરતા હતા કે, વિવિધ પ્રકાશનો થાય છે પણ એમાં અમારું ક્યાંય નામ કે ફોટા આવતા નથી, પણ બેન, મારે કોઇ ટીકાટીપ્પણ કરવી નથી પણ મારે તો ખાલી એટલી જાણકારી આપવી છે કે, હમણાં આ ગુજરાત સામાયિકનો અંક પ્રસિધ્ધ થયો છે. આ છેલ્લો અંક, અને આ છેલ્લા અંકની અંદર ટાઇટલ પેજ નંબર– ૨ ઉપર અને પેજ નંબર–૧૧ ઉપર તેજશ્રી બેન આપનો પણ ફોટો છે અને વિરોધપક્ષના મોટા ભાગના સભ્યોનો ફોટો છે એમાં પાના નંબર–૬, ૧૧, ૧૫ વિપક્ષના મોટા ભાગના સભ્યશ્રીઓના ફોટાઓ પણ છપાયેલા છે. એટલે આ રાજ્ય સરકાર આ લોકશાહી રાજ્ય વ્યવસ્થામાં, એટલે આ રાજ્ય સરકાર લોકશાહી રાજ્ય વ્યવસ્થામાં આ પક્ષ કે તે પક્ષ એવું રાખતી નથી. આ સામાયિક જેને જોવું હોય તે જોઇ શકે છે. માહિતી અને પ્રસારણ વિભાગની જે કામગીરી છે એ મેં ટૂંકમાં કહી છે. હું આ ગૃહના તમામ સભ્યશ્રીઓને ખાસ કરીને મારા સાથી પક્ષના સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે તેઓ તેમની કાપદરખાસ્તો પાછી ખેંચી લે અને પ્રજાના હિતમાં વિભાગ જે કામગીરી રહ્યો છે ત્યારે રજૂ થયેલ માગણીઓ વિના વિરોધે મંજૂર કરે તેવી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ લઇને આવ્યો છું. આ વિભાગમાં હું માનુ છું ત્યાં સુધી માનનીય શકિતસિંહભાઇ એમાં ચોક્કસ અનુમતિ આપશે કે જયારથી સરકારો બનતી થઇ ત્યારથી મુખ્યમંત્રીશ્રી પાસે જ આ સામાન્ય વહીવટ વિભાગ રહેતો હોય છે. કારણ કે એનું મહત્વ છે, એ આખા રાજયના વહીવટી તંત્રને ચલાવવા માટે સક્રિય રાખવા માટે અને રાજ્ય સરકારની તમામ કામગીરી, યોજનાઓનો લાભ બધી પ્રજાને સમયસર પહોંચાડવાનું કામ આ સરકારી તંત્ર દ્વારા કરવામાં આવે છે. એ કર્મચારીઓની તમામ બાબતનું જો હાર્દ જો કહીએ તો આ સામાન્ય વહીવટ વિભાગ છે. રાજયના તમામ આઇ.એ.એસ. અધિકારીઓથી માંડીને તમામ

અધિકારીઓ આ સામાન્ય વહીવટ વિભાગના નેજા નીચે કામ કરતા હોય ત્યારે એની કામગીરી પ્રજાલક્ષી થાય એ જોવાનું કામ સ્વાભાવિક પણે આપણા બધાનું છે.

આ વર્ષે ગયા વર્ષ કરતાં ડબલ જોગવાઇ કરી છે. એનુ મોટુ કારણ વિધાનસભાની ચૂંટણીઓ આવે છે તો આપણા બંધારણીય નિયમ પ્રમાણે ચૂંટણી ખર્ચ એ રાજય સરકારે કરવાનો હોય છે. એટલે એના માટેની જોગવાઇ આપણે આ બજેટમાં કરી છે.

આજે ગુજરાતનું વહીવટી તંત્ર એ હું માનુ છું કે આપણને એવા નેતાઓ મળ્યા છે એના માર્ગદર્શનથી ખૂબ સક્ષમ અને સક્રિય બન્યું છે.એમાં પણ માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા એ પછી ઘણા સિનિયર અધિકારીઓ સચિવ થયા પછી ઓફિસની બહાર નહોતા જતા તેઓને બહાર જતા જોયા. એમની કામ કરવાની પ્રેરણા, માર્ગદર્શન અને પ્રોત્સાહન અને એના માટેનું નિમિત્ત માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારની રચના પછી પહેલી વખત આવ્યું છે. માનનીય શકિતસિંહભાઇ તો બહુ વિદ્વાન છે, તેઓએ સૌરાષ્ટ્રની કહેવત કહી. ઘોડાની અને અસ્વારની વાત કરી. જેવો અસ્વાર હોય એવો ઘોડો દોડે. ફકત ઘોડાને દોડાવવો એટલું નહિ એને મજબૂત કરવાનું તાકાતવંતુ કરવાનું કામ માનનીય નરેન્દ્રભાઇએ કર્યું છે. તે સમયે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન હોય, શાળા પ્રવેશોત્સવ હોય, ગુણોત્સવ હોય એ ઉનાળાની ૪૨–૪૩ ડીગ્રીમાં સચિવો, કલેકટરો, ડી.ડી.ઓ. તથા ડી.એસ.પી.ઓ ગામડાંમાં જાય અને બાળકોને શાળામાં પ્રવેશ અપાવે. ગરીબ કલ્યાણ મેળામાં જાય એમાં ગરીબ માણસોને ચીજવસ્તુઓ હાથોહાથ ભાજપની સરકાર દ્વારા આપવામાં આવે. કૃષિ મહોત્સવ હોય એમાં ખેડૂતો વચ્ચે અધિકારીઓ જાય, આ એટલા માટે મોદીસાહેબ કર્યું કે પહેલા ગાંધીનગરનું સરકાર તંત્ર અધિકારી સચિવ બન્યા એટલે બંગલો અને સચિવાલયની ઓફિસ એ સિવાય બહાર જવાનું ઓછું થતુ હતું. ભાગ્યે જ મોટા સિનિયર ઓફિસર બહાર જતા હશે કોઇ સરકારી કાર્યક્રમ હોય અને જતા હતા પરંતુ આ તેજીલા તોખાર દોડતા કરવાનો જશ ગુજરાતની સ્થાપના પછી જો કોઇને મળ્યો હોય તો એ ૧૯૬૦થી જે સરકારો બની એમાં મુખ્ય સચિવથી માંડીને સચિવોથી માંડીને બધા અધિકારીઓ વિવિધ સરકારી કાર્યક્રમોમાં વર્ષમાં ઓછામાં ઓછા બે થી ત્રણ વખત ગામડાંમાં જતા હોય. આવું જો કોઇએ શરૂ કર્યું હોય તો નરેન્દ્રભાઇ મોદીની ભાજપ સરકારમાં શરુ કરેલું. એટલે કેવા અસવાર છે એ તો આપણે જાણીએ છીએ. આ અસવાર આજે ભારત સરકારમાં પણ જે સચિવો કદી ૧૦–૩૦થી ૬–૦૦ સુધી જે દિલ્હી સરકારની કેન્દ્રની ઓફિસોનો સમય હોય એના સિવાય કામ નહોતા કરતા. રાત્રે ૧૨–૦૦ વાગ્યા સુધી કામ કરવું પડે. એવું કામ કરાવવાનું શ્રેય આપણને મળ્યું છે. અમને આનંદ અને ગૌરવ છે કે એમના નેતૃત્વમાં, એમના માર્ગદર્શનમાં, એમના વડપણ નીચે અમે ઘડાયા છીએ. એમના કરેલા કામોથી અમે પણ પ્રજાની સેવા કરવાનું કામ કરી રહ્યા છીએ. એટલે વહીવટી તંત્રનું કામ આ છે. જે અમે કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો જે પ્રશ્ન વારંવાર આવે છે, જુદા જુદા વિભાગોમાં પણ આવશે કે કર્મચારીઓની અછત. હું પણ ૧૯૯૦થી આ ગૃહનો સભ્ય છું. વચ્ચે એક વખત પાંચ વર્ષનું વેકેશન પડ્યું. બાકી સળંગ અહીંયા છું. આ હું એટલા માટે કહું છું કે અમારા મિત્ર શક્તિસિંહજી વારંવાર એવું કહે છે કે અમારા વખતમાં, અમારા વખતમાં, અમારા વખતમાં. તો જાણે ૫૦ વર્ષ સુધી એ જ બેઠાં હોય એવી રીતે અમારા વખતમાં. (અંતરાય) ૫૦ વર્ષ કોંગ્રેસ એમ. એટલે આ બધી પરંપરા વિરોધપક્ષમાં બેઠાં હતા ત્યાં ૧૯૯૦થી ૯૫. આ રાઉલજી અને અમે બધા સાથે જ હતા. માનસિંહભાઇ અને જોષીયારા પણ હતા. અમારા પર શું શું વીતતું હતું, શું શું સાંભળવું પડતું હતું, કેટલીવાર બહાર કાઢી મૂકતા હતા. કેટલીવાર આ બધું થતું હતું. અમારા કામોના જોબ નંબર અપાઇ જતા હતા. અમારા પત્રોના કેવા સટાસટ જવાબ આવી જતા હતા. તમારી જૂના વખતની તખ્તીઓમાં, તમે કહ્યું કે તખ્તીઓમાં નામ હોવું જોઇએ. અમારી ભાજપની સરકાર આવી હોય એ પહેલાં કોંગ્રેસની જે સરકાર હતી તેની બે–પાંચ તખ્તી અમને બતાવજો કે જેમાં એ વખતના વિપક્ષના ધારાસભ્યોના નામ લખ્યા હોય. મને બતાવજો ને, તખ્તી તો જતી નહીં રહી હોય. તખ્તી પણ છે, હું છું અને તમે છો. મને પાંચ–પચ્ચીસ તખ્તી તો બતાવજો. ફોટા લાવજો. સારું. ફોટા લાવો, વોટ્સએપ કરો તો મને આનંદ થશે. એટલે આ બધું ના હોવાનું જ્ઞાન ઘણું હોય. મેં કાલ તો દાખલો આપ્યો છે એટલે વધારે નહીં કહું. પેલા ૯૫ ટકાવાળાને ૪૦ ટકા વાળો સલાહ આપે એવું ન કરતા. આ જોયેલું બધું અમે શીખ્યા છીએ. તમારા વખતે ઉદ્‌ઘાટનોમાં તખ્તીઓમાં અમારા નામ લખ્યા હોય, અમને મંચ ઉપર બેસાડતા હોય. સાહેબ, અમે મંચ ઉપર બેસાડવાનો પ્રયત્ન કરીએ છીએ પણ મંચ ઉપર આવવાના બદલે કાળા ઝંડા લઇને આવે છે. કાળા ઝંડા લઇને આવવાની શું જરૂર છે? તમે સન્માનનીય સભ્ય છો. અમે માનપૂર્વક કલેકટર દ્વારા, ટી.ડી.ઓ., મામલતદાર, પ્રાંત અધિકારી, એન્જિનિયર દ્વારા તમને સરસ પત્રિકા મોકલીએ છીએ. તમને તેડું મોકલીએ છીએ તો તમે એકલા નથી આવતા પણ પાછળ પાંચ ઝંડાવાળાને લઇને આવો. એટલે આ બધું ન કરવું જોઇએ. હું તો ઇચ્છું છું કે વિરોધપક્ષ તરીકે તમે સહયોગ કરો. અમે સતત તમને વિનંતી કરી છે. ‘ સૌનો સાથ સૌનો વિકાસ ’ એમાં તમે પણ આવી ગયા. પછી મંચ ઉપર ઉભા થઇ જાવ. હું એક વાર દહેગામ ગયેલો. મારો કાર્યક્રમ હતો. મંત્રીશ્રીઓ અને બધા હતા અને કામિનીબેન મંચ ઉપર આવ્યા અને પછી કાળા ઝંડા બતાવવા માંડ્યા. હવે મારે શું કરવાનું સાહેબ? કહો. આવું બધું નહીં કરવું જોઇએ. હજુ એક વર્ષ જેવું બાકી છે. હજુ બહુ જ ઉદ્‌ઘાટનો, બહુ જ લોકાર્પણો, બહુ જ ખાતમુહૂર્ત કરવાના છીએ. તમારા નેતા અહીં ઉભા થઇને કહી દે કે હવે અમે વિરોધ નહીં કરીએ, કાળા ઝંડા નહીં બતાવીએ તો પત્રિકામાં તમારું નામ લખવાની મુખ્યમંત્રીશ્રી વતી હું ખાતરી આપું છું, પણ પહેલાં તમે અહીંયા ઉભા થઇને કહો કે અમે આવું નહીં કરીએ તો ચોક્કસ તમારા નામ લખીશું. તમે અમારા મિત્રો છો. જાહેર જીવનના અગ્રણીઓ છો. આપણે સાથે જ શોભીએ પણ તમે બહાર ઉભા હો અને અમે ભાષણ કરતા હોઇએ, તમે કાળા ઝંડા લઇને ફરતા હો એ અમને પણ નથી

ગમતું. તમે આ બધું બંધ કરો. અહીં જાહેરાત કરો. માનનીય શંકરસિંહજી વાઘેલા, વિપક્ષના નેતાશ્રી કહે, પ્રમુખ ભરતસિંહજી અહીં આવી ગયા છે. એમને પૂછી લે કે આગામી સાત-આઠ મહિના ચૂંટણી આવે ત્યાં સુધી સરકારી કાર્યક્રમોમાં કોઇ વિરોધ નહીં કરે. એ સિવાય કરવાની છૂટ છે. તો અમે તમને પત્રિકામાં અમારા સાથી સભ્ય તરીકે બોલાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, અમે ૬૭,૦૦૦ ઉપર ભરતી કરી છે. હજારો ભરતીઓ કરી રહ્યા છીએ. અને ગુજરાતના વહિવટી તંત્રને ધબકતું, વાઇબ્રન્ટ, ચેતનવંતુ બનાવવાનું કામ અમે કર્યું છે અને આપ સૌ સર્વાનુમતે આ માગણીઓને મંજૂર કરો એવી વિનંતી છે.

કાપદરખાસ્ત ક્રમાંક -૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક- ૫, ૩૦, ૩૧,૩૩ અને ૫૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક -૨૦

ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૧૬.

જાહેર સાહસોમાંની જગાઓ પર નિમણૂક અંગે સ્ટાફની પસંદગી માટે કમિશન રચવાની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૧૬નું ગુજરાત જાહેર સેવા કમિશન વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ૨૬ જેટલા બોર્ડ, ૫૦ જેટલા કોર્પોરેશન અને પાંચેક જેટલી કંપનીઓ કુલ મળી ૮૧ જાહેર સાહસો અસ્તિત્વમાં છે ત્યારે ગુજરાત જાહેર સાહસો અને જાહેર સાહસોની નોકરીઓમાં જગાઓની નિમણૂક અંગે એના સ્ટાફની પસંદગી અંગે અને એના આનુષાંગિક બાબતો અંગે ગુજરાત જાહેર સેવા કમિશન હોવું જોઇએ અને આ કમિશનના માધ્યમથી ગુજરાતના તમામ જાહેર સાહસો કે જેમાં બોર્ડ, કોર્પોરેશન અને કંપનીઓમાં ભરતી અને બઢતી અંગેના નિયમો અને નિયમન હોવું જોઇએ. આપણે સૌ જાણીએ છીએ તેમ ગુજરાતમાં આવેલા જાહેર સાહસોના નીતિ-નિયમો અને રીતિ પ્રમાણે એનો વહીવટ થાય અને સાહસો આપખુદશાહીથી ન વર્તે તે માટે સૌ પ્રથમ એકાઉન્ટ જનરલ દ્વારા તેના હિસાબોની ચકાસણી કરવામાં આવે અને ચકાસણી દરમિયાન હિસાબોમાં ગેરરીતિ અને નિયમોનો ભંગ થયેલ હોય ત્યાં પેરા ઉપસ્થિત થાય. આ પેરા વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના માધ્યમથી તપાસવામાં આવે છે. ત્યારબાદ સમિતિ દ્વારા તેના અહેવાલો તૈયાર કરી વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવે છે. ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના માધ્યમથી તપાસ થાય, તેના અહેવાલો તૈયાર કરી તેમાં ગેરરીતિ, ભ્રષ્ટ્રાચાર અને જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવાની માત્ર ભલામણ થઇ શકે છે. રાજ્ય સરકારે જ્યારે પગલા લેવા માટેની ભલામણનો સ્વીકાર કરે ત્યારે ઘણો વિલંબ થઇ ચૂક્યો હોય છે. જવાબદાર અધિકારીઓ નિવૃત્ત થઇ ગયા હોય છે અથવા તો અવસાન પામેલા હોય છે. આથી આવી સમિતિઓની ભલામણ કે અંકુશની અસરકારકતા રહેતી નથી. તા.૩૦ સપ્ટેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના ૩૫ જાહેર સાહસોના એક વર્ષથી પાંચ વર્ષ સુધીના ૬૧ હિસાબો બાકી હતા. જાહેર સાહસો પૈકી મોટી ખોટ કરનારા ગુજરાત માર્ગ પરિવહન નિગમ, રૂ.૧૮૩.૫૮ કરોડ, ગુજરાત રાજ્ય ઉર્જા ઉત્પાદન લિ. રૂ.૧૩૦.૦૩ કરોડ, ગુજરાત નાણાકીય નિગમ રૂ.૯૪.૮૧ કરોડ અને ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિ. રૂ.૯૧.૩૭ કરોડ હતી. અન્ય સાહસો પણ ખોટ કરી રહ્યા છે. સી.એ.જી. ૨૦૧૫ના રિપોર્ટ જે ૨૦૧૬માં પ્રસિદ્ધ થયો તેના અહેવાલ મુજબ રાજ્યના જાહેર સાહસોની સંસ્થાઓના નાણાકીય હિતોનું રક્ષણ ન કરવાના કારણે પાંચ કિસ્સાઓમાં રૂ.૯૫૩.૯૦ કરોડનું નુકસાન, ખામીભર્યા અને અપર્યાપ્ત આયોજન અને સંચાલનમાં ઔચિત્ય, પારદર્શકતાને સ્પર્ધાત્મકતાના અભાવે એક કિસ્સામાં રૂ.૪૬૮.૫૪ કરોડનું નુકસાન અને ખામીભર્યા અને અપર્યાપ્ત આયોજનના કારણે અનેક કિસ્સાઓમાં રૂ.૧.૨૫ કરોડનું નુકસાન થયેલ છે. મેટ્રો લિંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર અને અમદાવાદ કંપની લિ. ઇન્દ્રોડા, મોટેરા અને ચિલોડાના સ્થળોના વિકાસ માટે અગાઉના તબક્કાઓના પરિવહન યોજનાની મંજૂરી મળ્યા વિના રૂ.૩૭૩.૬૨ કરોડનો ખર્ચ કર્યો છે. અને આ તબકકો પડતો મૂકવામાં આવ્યો હતો જેના કારણે ૩૭૩.૬૨ કરોડનો ખર્ચ નિરર્થક નિવડયો હતો. આ જાહેર સાહસોની સ્થિતિ જોતા લાગે છે કે આપણી અપેક્ષા મુજબ જે નિગમો નફો કરવાની ક્ષમતા ધરાવે છે તે અપેક્ષા મુજબ નફો કરતા નથી અને જે સાહસો ખોટ કરે છે તે નિવારી શકે છે. આ બધાના મૂળ જોઇએ તો બોર્ડ કોર્પોરેશનના મુખ્ય વ્યકિત આ બોર્ડ-કોર્પોરેશનોમાં થયેલી ભરતી અને બઢતીના નિયમોમાં કોઇ સ્પષ્ટ નીતિ કે જોગવાઇ ન હોવાને કારણે આ બોર્ડ કોર્પોરેશનો ખોટ તરફ જઇ રહ્યા છે અને ગેરરીતિ અને ભ્રષ્ટાચારનું માધ્યમ બની રહ્યા છે. આજે આ બોર્ડ કોર્પોરેશનમાં સ્ટાફની ભરતી અને બઢતી અંગે અને ભ્રષ્ટાચાર અંગે, સગા વહાલાઓની ભરતી અને સક્ષમ લાયકાત ધરાવનારાઓને પૂરતી તક નહીં આપવાની અનેક ફરીયાદ ઉભી થઇ છે. વધુમાં સ્ટાફની પસંદગીની રીત પણ

* વિધેયક તા. ૧૦મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પદ્ધતિસરની હોતી નથી. મારે એક જાહેર સાહસની કંપનીનું ઉદાહરણ આપવું છે. એ કંપનીના એમ.ડી. જે અત્યારે નિવૃત્ત થઇ ગયા છે એ કંપનીના એમ.ડી.ને એટલી સત્તાઓ કે એમના ડ્રાઇવરને એમણે પ્રોજેકટ મેનેજર બનાવી દીધો. આજે તમે જુઓ શિક્ષિત બેરોજગારો એટલા બધા છે કે આપણે તલાટી કે કારકુનની ભરતીમાં લોકો કેટલી પરીક્ષા આપવા તૈયારી કરતા હોય છે ત્યારે આવા જાહેર સાહસોમાં આવા લોકોને એટલા વાઇડ પાવર આવેલા હોય છે કે આ ચેરમેનો, એમ.ડી.ઓ એમની રીતે સ્વતંત્ર રીતે ભરતી કરતા હોય છે. આપણે આ રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારના જે જી.આર. છે એ જી.આર.ઓનું પણ અમલીકરણ થતું નથી.

ઉપાધ્યક્ષશ્રી : મણીભાઇ આપનો સમય પૂરો થાય છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૧૬ અંગે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. રાજયની અંદર ૮૦ જેટલા બોર્ડ-કોર્પોરેશન અને કંપની રાજય સરકારના નિયંત્રણ હેઠળ સ્થાપવામાં આવેલી છે. રાજયના અર્થતંત્રની અંદર જાહેર સાહસો એ અગત્યની ભૂમિકા ભજવતા હોય છે અને જુદાજુદા હેતુ માટે રાજય સરકારો પોતે કોર્પોરેશનો બનાવતી હોય છે. આપણે જાણીએ છીએ કે સૌથી મોટું કોર્પોરેશન એ વીજળી ઉત્પાદન અને વિતરણનું કામ કરે છે જેને છ જેટલી કંપનીમાં વિભાજીત કરવામાં આવ્યું છે. એવી જ રીતે ટ્રાન્સપોર્ટ માટે પણ એસ.ટી. નિગમ કાર્યરત છે. કૃષિ વિભાગ મારફતે પણ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ જમીન વિકાસ નિગમ, સીડ કોર્પોરેશન, ફીશરીઝ કોર્પોરેશન, શીપ એન્ડ વુલ કોર્પોરેશન વગેરે કોર્પોરેશનો કાર્યરત છે. ઔદ્યોગિક ક્ષેત્રે પણ જી.આઇ.ડી.સી., નાણા નિગમ અને ફર્ટીલાઇઝર બનાવતી કંપનીઓ પેટ્રોલીયમ કોર્પોરેશન, ગ્રીમકો, રૂરલ ટેકનોલોજી, મીનરલ કોર્પોરેશન વગેરે કાર્યરત છે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પણ ઘણા બધા નિગમો સ્થાપવામાં આવ્યા છે તેમાં ખાસ કરીને અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, કામદાર નિગમ, સફાઇ કામદાર નિગમ, એસ.સી. નિગમ સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ માટેનું નિગમ, કોળી અને ઠાકોર વિકાસનું નિગમ, ગોપાલક વિકાસ નિગમ, વિચરતી અને વિમુકત જાતિનું વિકાસ નિગમ, આંતર માળખાકીય વિકાસ માટે પણ વોટર સપ્લાય બોર્ડ, રોડ કોર્પોરેશન વગેરેની સ્થાપના કરી છે. લઘુમતિ નિગમ અને આદિવાસી વિકાસ નિગમ પણ કાર્યરત છે. એટલે જુદા જુદા હેતુઓ માટે જુદા જુદા પ્રકારના કોર્પોરેશનો જુદી જુદી કામગીરી બજાવતા હોય છે. રાજય સરકારના ભરતી નિયમો અને સર્વિસ નિયમો છે પણ સામાન્ય રીતે એનું પણ નિયંત્રણ નાણા વિભાગ મારફતે થતું હોય છે. મોટા ભાગના કોર્પોરેશનો પોતે ઓટોનોમસ હોવાને કારણે જે કોઇ ભરતી હોય છે એ પોતાના સ્વભંડોળ અને નફામાંથી કરતી હોય છે. માનનીય સભ્યશ્રીએ એ.જી.ની વાત કરી તો એકાઉટન્ટ જનરલ દ્વારા આ બધા નિગમો, કોર્પોરેશન અને કંપનીઓના હિસાબોની ચકાસણી એકાઉટન્ટ જનરલ મારફતે થતી હોય છે અને આ વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ મારફતે જે કોઇ અનિયમિતતા અને જે કોઇ ભ્રષ્ટાચારના પેરા બનતા હોય એની પણ ચકાસણી થઇને એનો રીપોર્ટ પણ આ સન્માનનીય વિધાનસભામાં રજૂ કરવામાં આવતો હોય છે. આ વિધેયકના કારણે અત્યારે જે વ્યવસ્થા છે, જેની અંદર ઝડપથી ભરતી કરવામાં આવે છે એ અટકી જશે અને વિલંબ થવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે. ૮૦ જેટલા કોર્પોરેશનો જુદા જુદા હેતુ માટે જ્યારે રચવામાં આવ્યા છે ત્યારે એક જ સેવા કમિશન મારફતે ભરતી થાય એ કોઇપણ સંજોગોમાં ઇચ્છનીય જણાતું નથી. જ્ઞાન, કૌશલ્ય અને સંબંધિત ક્ષેત્રની જાણકાર વ્યક્તિની ભરતી દરેક કોર્પોરેશન પોતાની રીતે કરતું હોય છે. જ્યારે એમણે સગાવાદની વાત કરી તો મને લાગે છે કે માનનીય મણીભાઇ કોંગ્રેસના સમયની વાત કરી રહ્યા હતા. જ્યારે કાકા-ભત્રીજા અને મામા-ફોઇના લોકોની નિમણૂક કરવામાં આવતી હતી. એ વખતની વાત કરી હોય એવું લાગે છે. હાલમાં ખૂબ જ પારદર્શક રીતે ભરતી થતી હોય છે. એન.આઇ.સી. મારફતે ઓજસ સોફ્ટવેર મારફતે ઓન લાઇન ભરતી થતી હોય છે. ખૂબ જ ટ્રાન્સપરન્ટ રીતે ઓ.એમ.આર. સિસ્ટમથી પરીક્ષાઓ લેવામાં આવે છે. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. એમણે જે સંભાવનાઓ બતાવી છે એ કાલ્પનિક છે અને હાલમાં જે વ્યવસ્થા છે એ વ્યવસ્થા ચાલુ રાખવામાં આવે એવુ મારું મંતવ્ય છે. ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક છે એનો હું આથી વિરોધ કરું છું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મણીભાઇ વાઘેલા જે ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન અંગેનું બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર સાહસોની જગ્યાઓ ઉપર નિમણૂક અંગે સ્ટાફની પસંદગી માટે કમિશન રચવાની અને તેની સાથે સંકળાયેલ અને આનુષંગિક બાબતો માટે જોગવાઇ કરવા બાબતનું આ વિધેયક છે. ગુજરાત સરકારમાં કોઇપણ વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરતી કરવી હોય તો ગુજરાત જાહેર સેવા આયોગ છે. એથી નીચેના વર્ગ-૩ની ભરતી કરવાની હોય તો ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ છે. કેન્દ્રમાં ભરતી કરવાની હોય તો ત્યારે સેન્ટ્રલ કમિશન એટલે કે યુ.પી.એસ.સી. છે. પરંતુ આ જાહેર સાહસો માટે ભરતી કરવા માટે કોઇ કમિશન નથી. જેના લીધે આ બોર્ડ કોર્પોરેશનોમાં જે ભરતી થાય છે એમાં નીતિ-નિયમો વગર ભરતી થાય છે. આમાં ભ્રષ્ટાચારની બૂ આવે છે. આના લીધે પરિસ્થિતિ એવી થાય છે કે જે કુશળ કર્મચારીઓ મળવા જોઇએ એ મળતા નથી અને સ્પર્ધાત્મકતા જળવાતી નથી. એવી પરિસ્થિતિ થાય છે કે આ બોર્ડ કોર્પોરેશનો ધીમે ધીમે ખોટ કરતા થઇ જાય છે અને એને બંધ કરવા પડે છે. આના લીધે આજે મોટાભાગના બોર્ડ કોર્પોરેશનો સરકારે બંધ કરવા પડ્યા છે. એનાથી વિશેષ કહું તો આ બોર્ડ કોર્પોરેશનો છે એમાં એસ.સી.,

એસ.ટી અને ઓ.બી.સી.ને અનામતનો બંધારણીય અધિકાર આપેલ છે એનું પણ પાલન કરવામાં આવતું નથી. કેન્દ્ર સરકારમાં જાહેર સાહસો માટે સ્પેશિયલ બોર્ડ છે. ભારત સરકારના જાહેર સાહસોમાં પબ્લિક એન્ટરપ્રાઇઝ સિલેકશન બોર્ડ છે. આ બોર્ડ દ્વારા એના એમ.ડી., જનરલ મેનેજર અને અન્ય વહીવટી સ્ટાફની ભરતી થાય છે. એમના ઇન્ટર્વ્યુ, એકઝામ, સર્વિસ રેકર્ડની ચકાસણી બાદ સક્ષમ અને લાયક ઉમેદવારની નિમણૂક કરવામાં આવે છે. ઘણા એવા સાહસો છે એમાં આ મુશ્કેલી જણાય છે પણ સાથે સરકારના સામાન્ય વહીવટ વિભાગના જે પરિપત્રો છે એમાં એવું છે કે કુદરતી આપત્તિ સિવાય કોઇપણ ભરતી ગમે તેટલા દિવસની કરવામાં આવે તો એમાં પણ અનામતની જોગવાઇ સાચવવામાં આવે છે. એમાં એસ.સી. અને એસ.ટી.ના અનામતના પૂરતા ધોરણો જાળવવામાં આવે છે. પરંતુ આ બોર્ડ કોર્પોરેશનો છે એમાં હમણાં આર.એમ.પટેલ વાત કરતા હતા મામા–ભત્રીજાની તો માનનીય પટેલ સાહેબ, તમારા શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં તપાસ કરો તો ખબર પડે કે કોની ભરતી કરવામાં આવી છે અને કયા માણસો લેવામાં આવ્યા છે અને એમાં અનામતનું ધોરણ જાળવવામાં આવ્યું છે કે નહીં એની તપાસ કરો. આવા માણસોની ભરતી કરતા હોય અને ગરીબ લોકો માટે કામ કરવાનું હોય ત્યારે એ કોણ કરતું હશે? એના લીધે શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં ૧૬૦૦ કરોડ પડ્યા છે પણ વપરાતા નથી એ એનું મૂળ કારણ છે. એટલે મારી વિનંતી છે કે આ બિલ પાસ કરો. ઘણી જગ્યાએ આઉટ સોર્સિંગથી માણસો લેવામાં આવે છે આઉટ સોર્સિંગના લીધે પણ અનામતનું ધોરણ જળવાતું નથી. એટલા માટે સાહેબ મારી વિનંતી છે કે આ સર્વાનુમતે આવા જે ૮૧ જેટલા બોર્ડ–કોરપોરેશન છે એમાં દરેક સમાજને ફાયદો થાય, સ્પર્ધાત્મકતા જળવાય, કુશળ કર્મચારીઓ મળે એના માટે આ એક કમિશન હોવું જોઇએ અને એના લીધે ખૂબ મોટો ફાયદો થશે એવું મારું માનવું છે. આટલી વાત કરીને અને સમર્થન આપીને વિરમું છું.

પ્રો વસુબહેન ન. ત્રિવેદી(જામનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મણીભાઇ વાઘેલા ગુજરાત જાહેર સેવા કમિશન વિધેયક લઇને આવ્યા છે એને હું સમર્થન કરતી નથી અને એ માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં એમના વિધેયકની બધી કલમો જોઇ છે અને એ જોઇને મને એવું લાગે છે કે આને સમર્થન કરી શકાય નહિ. કમિશનના અધ્યક્ષ તરીકે ૬૨ વર્ષની મર્યાદા લખી છે. ભૂતકાળમાં એવું થયું છે કે કેટલાક સ્વાયત બોર્ડોમાં, સંસ્થાઓમાં જે ૬૨ વર્ષની ઉંમર હોય અને એના આગલા દિવસે અધ્યક્ષ તરીકે નિમણૂક કરી દેવામાં આવે પછી એને બે ટર્મ સુધી ચાલુ રાખી શકાય. અહીંયા ૬૨ વર્ષની મર્યાદા પછી ૬૮ વર્ષ તરીકે અધ્યક્ષ તરીકેનું કામ કરી શકાય. એટલે એની કલમો પણ સ્વીકૃત્ત નથી. કલમ–૭ની અંદર કમિશનના વિધેયકમાં સુચવ્યું છે કે એમાં સેક્રેટરી સરકાર નીમે, પગાર સરકાર નક્કી કરે, શરતો સરકાર નક્કી કરે બધું જ સરકારના માથે હોય તો કમિશન કરીને વ્યવસ્થા માટેનો તોતિંગ ખર્ચ વધારવાની શું જરૂર? માનનીય અધ્યક્ષશ્રી, કોઇ રીતે આની સાથે સંમત થઇ શકાય તેમ નથી. ૧૯૬૦માં ગુજરાતની રચના થઇ ત્યારથી ગુજરાતીઓમાં રહેલા વિકાસલક્ષી વલણના પરિણામે રાજ્યનો ચૌમુખી વિકાસ પ્રગતિ કરતો ધીરે ધીરે થાય. આ વલણને ધ્યાનમાં રાખીને વાણિજ્યક પ્રકારની પ્રવૃત્તિ માટે જે તે સરકારોએ જે સમયે જાહેર ક્ષેત્રના આવા ઉપક્રમોની સ્થાપના કરી. હાલમાં ગુજરાતની અંદર ૮૦ જેટલા બોર્ડ–નિગમો છે. અલગ અલગ વહીવટના જે વિભાગો હોય એના નિયંત્રણમાં એ કામ કરતા હોય છે અને મુખ્ય હેતુ સમાજની સેવાનો એને ધ્યાનમાં રાખીને એ લોકો નિયંત્રિત કરીને કામ કરતા હોય છે. છેલ્લા ૨૦ વર્ષની અંદર રાજ્ય સરકારના લોકાભિમૂખ વહીવટ તેમજ રાજ્યના આર્થિક વિકાસ માટેના કાર્યક્રમો જેવા કે વાયબ્રન્ટ ગુજરાત, ઔદ્યોગિક મેળાઓ, ગરીબ કલ્યાણ મેળાઓ વગેરેના પરિણામે રાજ્યમાં બહુ મોટી સંખ્યામાં રોકાણો આવ્યા અને આથી રાજ્યના જાહેર સાહસોના વિકાસશીલ ફલક પર નાણાકીય, વૈધાનિક, કાયદાકીય અને વહીવટી જોગવાઇઓ મુજબ જાહેર સાહસોનું સૂચારું સંકલન થાય તેની જરૂર પડી અને એના માટે ગુજરાત સ્ટેટ બ્યુરો ઓફ પબ્લિક એન્ટરપ્રાઇઝની રચના નાણા વિભાગ હસ્તક તા. ૯મી ઓકટોબર ૧૯૭૯માં કરવામાં આવી હતી. એનું મુખ્ય કાર્ય શું રહ્યું? રાજ્યના વિવિધ જે જાહેર સાહસો છે એના ધ્યેય, હીતને પ્રાપ્ત કરવા માટે મદદ કરવાનું, જાહેર સાહસોમાં નાણાકીય અને વહીવટી શિસ્તનું પાલન. એટલે ફાયનાન્શિયલ ડિસિપ્લીનની વાત પણ એમણે જોવાની હતી. એના માટે સૂચનો આપવાના હતા. જરૂરી માનવ બળ ઉપલબ્ધ કરવા માટે ભરતી અને બઢતીના નિયમો રાજ્ય સરકારના કર્મચારીઓ સાથે સુસંગત હોય એવા નિયમો બનાવવાની સૂચના વખતો વખત આપવામાં આવે અને મંજૂર થયેલ મહેકમો પ્રમાણે નાણા વિભાગની સ્થાયી સૂચનાઓ મુજબ વહીવટી વિભાગની મંજૂરીથી બઢતીની જોગવાઇ કરવામાં આવે. એટલે સીધી ભરતીની જગ્યાઓ ભરતીના નિયમોથી સુસંગતતામાં સંબંધિત વિભાગ મારફતે નાણા વિભાગની પૂર્વ મંજૂરીથી જ આ ભરતીઓ કરવી આ પ્રકારની જોગવાઇ કરવામાં આવે. જાહેર સાહસો દ્વારા રોજગારીની તકો માટે પણ જાહેર સાહસોમાં રોજગારીની તકો ઉભી થતી હોય છે તો એના માટે પણ જરૂરી મહેકમ પ્રમાણે કામ કરતા કર્મચારી હોય એની સંખ્યામાં જરૂર પ્રમાણે આઉટ સોર્સથી કામ કરવાનું પણ થતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, જો કમિશન લવાય તો કર્મચારીની સેવાને લગતા કેટલાક પ્રશ્નો ઉભા થાય, ક્યાંક સંખ્યામાં ઘટાડો થાય એની અસરો નજર અંદાજ ના કરી શકાય અને તેથી કરીને આનાથી સંમત ના થઇ શકાય. દરેક બોર્ડ–કોરપોરેશનમાં એક સંચાલક મંડળ પણ હોય છે. એવું નથી કે સ્વાયત્ત બોર્ડ છે એટલે બધું એને સોંપી દીધું. એનું એક સંચાલક મંડળ હોય છે અને એમાં નાણા વિભાગના ઉચ્ચ અધિકારીઓની નિમણૂક સંચાલક મંડળના સભ્ય તરીકે કરવામાં આવી હોય છે. જે રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે ગર્વનીંગ બોડીની બેઠકોમાં હાજર રહીને સરકારની જે પ્રવર્તમાન નીતિ હોય, જે સુચનાઓ હોય એ પ્રમાણે કોરપોરેશનનું સુચારુ સંચાલન થાય એની દેખરેખ રાખે અને આવશ્યકતા જણાય તો એ સંચાલક એ બોર્ડ–કોરપોરેશનને માર્ગદર્શન પણ આપે.

તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૧૬.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વાત થઇ કે, ખોટમાં ગયા નિગમો, ખોટમાં જતા હતા નિગમો. મારે એના માટે કહેવું છે કે, જે જાહેર સાહસોએ મોટા પ્રમાણમાં એકત્રિત ખોટ કરી હોય તો એને નિવારવા માટે લાંબા ગાળાનું શું આયોજન કર્યું એના માટે કોઇ વિચાર કર્યો હતો કે કેમ અને ખોટ સરભર કરવા માટે જાહેર સાહસોના વહીવટમાં ક્યાંક ક્ષતિ જણાય એની પણ તપાસ કરીને એના ઉપર શું પગલા ભરવા એની વિગતો તૈયાર કરીને કામ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો આમાં થઇ શકે એમ છે. પરંતુ રાજ્ય સરકારના જાહેર સાહસોમાં નીતિ અને નિયમો અનુસાર બઢતી અને ભરતી કરવાની જોગવાઇ, સંસ્થાની સ્વાયત્તાને જાળવી રાખવા હાલની જે વ્યવસ્થાઓ છે એ ચોક્કસ કાર્યપદ્ધતિને કારણે એકદમ પારદર્શી છે. આવશ્યક કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓની પસંદગી કરવામાં આવે છે અને એટલે જાહેર ભરતી અંગેની પ્રવર્તમાન વ્યવસ્થાઓને ધ્યાને રાખીને આ સંજોગોમાં ગુજરાત જાહેર સાહસો સેવા કમિશનની રચનાની આવશ્યકતા બિલકુલ રહેતી નથી. આ વિધેયકની એક એક કલમ ઉપર ટીકા કરી શકાય એમ છે. હું માનનીય શ્રી મણીભાઇને વિનંતી કરું કે, આવા વિધેયક લાવવાને બદલે સાથે મળી, ચર્ચા કરી અને જાહેર સાહસો વધુ કેમ સુદ્રઢ બને એના માટેનો વિચાર કરીએ, હું વિધેયકને સમર્થન આપતી નથી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્નમાનીય સભ્યશ્રી મણીભાઇ વાઘેલા ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૧૬ લઇ આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલું તો આ વિધેયક લાવવાની જરૂર શું પડી એ મહત્વની બાબત છે. જાહેર સાહસો ગુજરાતના વિકાસ માટે કામ કરે, સમયસર કામ કરે અને ગુજરાત સરકાર જે ફંડ ફાળવે છે અથવા તો જે જાહેર સાહસોમાં ફંડ છે એનો સદુપયોગ થાય અને વિકાસના કામો થાય એના માટે કામ કરવાનું છે, એ કર્મચારીઓની નિમણૂક કરવાની છે એના માટે આ વિધેયક લાવવાની જરૂર પડી છે. આપણા જે અત્યારે અનેક સાહસો છે પણ આ સાહસોની અંદર કર્મચારીઓ કે અધિકારીઓની નિમણૂકો કરવા માટે કોઇ નિયમો નક્કી કરેલા નથી. દરેક અન્ડર ટેકીંગ પોત પોતાની રીતે નિમણૂકો કરે અને એમાં મુખ્યત્વે તો અધિકારી હોય કે પદાધિકારી હોય કે ચેરમેન હોય એમના મળતિયાઓને જ આમાં નિમણૂકો અપાતી હોય છે. આ બધાનું નિવારણ કરવું હોય, તટસ્થપણે ગુજરાતમાં શિક્ષિત યુવાનોને, બેરોજગાર યુવાનોને, યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને આમાં નોકરીની તકો આપવી હોય તો આ કમિશનની જરૂર છે અને એટલા માટે હું આ કમિશનને ટેકો જાહેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક સાહસો તો એવા છે કે, નાણા વિભાગે તા.૧-૭-૨૦૧૦નો પરિપત્ર કર્યો છે કે, તમે ઓડિટ કરાવો અને ઓડિટ અહેવાલ સમયસર સરકારશ્રીમાં રજૂ કરો પણ વર્ષો સુધી આવા અહેવાલો સરકારશ્રીમાં રજૂ થતા નથી. તો એના ઉપર પણ નિયંત્રણ લાવવું જોઇએ અને એના માટે પણ શિક્ષાની જોગવાઇ કરો અથવા તો કર્મચારીઓ જે બેદરકારી કરતા હોય એમને યોગ્ય શિક્ષા થાય એવું વાતાવરણ પણ ઉભું કરવું જોઇએ.

મારે આ તબક્કે આવા અન્ડર ટેકીંગ કે બોર્ડ-કોરપોરેશનમાં જે અધિકારીઓ કામ કરે છે એની ભૂમિકા શું હોય છે એના માટે એક ઉદાહરણ આપવું છે. ગુજરાત સરકારમાં વહીવટની જે મુખ્ય ભૂમિકા ભજવે છે એવી ઓલ ઇન્ડિયા સર્વિસ કેડર છે, ત્રણ પ્રકારની, એમાં બેઝીક તાલીમ આપવા માટેનું મસુરીની અંદર કેન્દ્ર છે. એ મસુરીની અંદર સરદાર પટેલ આપણા લોખંડી પુરુષ, આપણા પનોતા પુત્ર ગુજરાતના એમના જે શબ્દો છે એ હું વાંચુ છું. "We will not have a united India if we do not have a good All India Service, which has the independence to speak out its mind and which has a sense of security.

I need hardly emphasise that an efficient, disciplined and contended service, assured of its prospects as a result of diligent and honest work is the sine- quo- non of sound administration under a democratic regime even more than an authoritarian rule.

The service must be above party and we should ensure that political considerations either in its discipline, or in its control, are reduced to the minimum, if not eliminated together…" માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે આ સાહસોમાં જે કામ કરનાર અધિકારીઓ છે એ ઉચ્ચકક્ષાના અધિકારીઓ છે.

નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ કઇ બાબતની વાત કરવાની છે મારે કહો, મણીભાઇ તમારી કરવાની છે કે કોની કરવાની છે? જનરલ? સરકાર દ્વારા જે વ્યવસ્થાઓ કરવામાં આવે છે એ વ્યવસ્થાઓ લાંબાગાળાના અનુભવના આધારે, પરિપકવતાથી અને જરૂરિયાત પ્રમાણે કરવામાં આવે છે અત્યારે જે વ્યવસ્થા અસ્તિત્વમાં છે એ વ્યવસ્થા આપણે જાણીએ છીએ એ પ્રમાણે દરેક વર્ગ, દરેક લાયકાત ધરાવતા વ્યક્તિ, બધાને લાભ મળે એ માટે અમારા બંને સભ્યશ્રીઓએ જે અહીંયા વિગત મુકી છે માનનીય આર.એમ. પટેલ અને માનનીય વસુબહેને એ પ્રમાણે મારી દ્રષ્ટિએ એમાં બધી જ બાબતો આવી જાય છે એટલે અગાઉ પણ આ ગૃહમાં આ જ પ્રમાણેની ચર્ચા વિચારણા આવા જ ખાનગી બિલ દ્વારા કરવામાં આવી છે. એ જ પ્રમાણે સરકારનું સ્ટેન્ડ આજે પણ આપણે ચાલુ રાખીએ છીએ અને દરેક બોર્ડ, નિગમ, કોર્પોરેશન, સરકારના એકમો એ યોગ્ય રીતે કાર્યરત રહે, યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી થાય અને જે ખાસ કરીને ટીકાટીપ્પણ થઇ કે ઓળખાણવાળ, વગવાળા, જાણીતા એ બધાને મુકી દેવામાં આવે છે એવું અમારા માનનીય સભ્યશ્રીએ આર.એમ.પટેલે જે વાત કરી છે એમાં બધું આવી જાય છે. પારદર્શકતા, યોગ્યતા અને જરૂરિયાત એને ધ્યાનમાં

રાખી અને અમે નિશ્ચિત કરીએ છીએ એ પ્રમાણે હાલની વ્યવસ્થા ચાલુ રાખવાનું સરકારનું વલણ છે એટલે માનનીય સભ્યશ્રીને વિનંતી કરીશ કે આપનો પ્રસ્તાવ, બિલ આપ પાછું ખેંચો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવે છે અને વિધેયક નામંજૂર કરવામાં આવે છે.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૧૬

ગુજરાત સાગર ખેડુનો વિકાસ વિધેયક, ૨૦૧૬

સાગર ખેડૂના વિકાસ માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૧૩, સન ૨૦૧૬ના ગુજરાત સાગરખેડૂ વિકાસ વિધેયક, ૨૦૧૬નું પહેલું વાંચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સાગરખેડૂના વિકાસ માટેનું આ વિધેયક હું લઇને આવ્યો છું. આપ જાણો છો અને સભાગૃહ પણ જાણે છે તેમ ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિ.મી.નો લાંબો દરિયાકાંઠો ધરાવે છે. જે દેશના લગભગ ૩૪.૭૨ ટકા છે. સાગરખેડૂના વિકાસ માટેના ૧૩ જિલ્લા અને લગભગ ૩૩ તાલુકાઓ આવે છે. એ જિલ્લાના સર્વાંગી વિકાસ માટેનું આયોજન સરકારે કર્યુ છે. એ વાત સાચી છે કે દેશનો લગભગ ૩૪.૭૨ ટકા જેટલો વિસ્તાર જે ૨,૧૪,૦૦૦ ચોરસ કિલોમીટરનો એક્ઝિક્યુટિવ ઇકોનોમીક ઝોન ધરાવે છે. જે દેશનો લગભગ ૧૨ ટકા છે. રાજ્યમાં ૩,૪૮,૦૦૦ હેક્ટર જળ વિસ્તાર ધરાવતા જળાશયો, ૨૨,૦૦૦ હેક્ટર ગામતળાવો એ મત્સ્યોદ્યોગ, ફિશરીઝ  માટે ઉપલબ્ધ છે. એ ભાભરા પાણી એટલે કે છીછરો ભાગ હોય એમાં મત્સ્યોદ્યોગના વિકાસ માટે રાજ્યમાં ૮૯,૦૦૦ હેક્ટર જમીન ઉપલબ્ધ છે.  રાજ્ય પાસે મત્સ્યોદ્યોગ વિભાગ માટે દરિયાઇ ક્ષેત્રે બોટોની વાત કરીએ તો ૨૭,૫૦૦ જેટલી બોટો આવેલ છે.  રાજ્યના દરિયાઇ ક્ષેત્રે ૨૬૦ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે  ૭૧૬ અને એસયુએન ૮૨ મળીને ટોટલ ૧૦૫૮ થાય છે. આ એક વાત જાણવા જેવી એટલા માટે છે કે આપણો દરિયાકાંઠો છે એમાં રાજ્યના માછીમારોની કુલ વસતિ ૫,૫૮,૦૦૦ છે એમાંથી ૨,૧૮,૨૭૦ જેટલા સક્રીય માછીમારો કામ કરે છે. એટલે દરેક ઘરનો વંશપરંપરાગત ધંધો છે. તે કામ તમામ ઘરેથી થાય છે તેમ કહું તો ખોટું નથી. હવે આ દરિયાકાંઠા લોકોના આજીવિકાનું મુખ્ય સાધન જો કોઇ હોય તો તે મત્સ્યોદ્યોગ છે. તેઓ જાનના જોખમે વ્યવસાય કરી રહેલ છે. રાજ્ય સરકાર આજીવિકાની સલામતી, ધંધાના વિકાસ માટે વિચારે છે, પરંતુ આ સમાજના ઉત્થાન માટે વધુ ધ્યાન આપવું જરૂરી છે એમ કહું તો ખોટું નથી. હું વાત કરવા માગું છું અને મારી માગણી આ વિધેયકમાં છે. આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે દરિયાઇ ક્ષેત્રે માછીમારોને મત્સ્ય પકડવા માટે ૧૦૭ ઉત્તરાણ કેન્દ્રો છે જે નોટિફાઇડ થયેલ છે. આ મત્સ્ય બંદરોની સંખ્યા ફક્ત ૫ છે. ૧૮ મત્સ્ય ઉત્તરાણ કેન્દ્રો વિકસાવવામાં આવેલાં છે. જરૂરિયાત કરતા ખૂબ ઓછા પ્રમાણમાં આ બંદરો છે તેમ કહું તો ખોટું નથી. એ બંદરોનો જો વધુને વધુ વિકાસ થાય, વધારે બંદરોની સુવિધા થાય તો માનું છું કે આ ઉદ્યોગોને ખૂબ આગળ વધારી શકીએ. મારા દક્ષિણ ગુજરાતની વાત કરું તો  એ ભદેલી બંદર હોય, ઉંમરગામ હોય, ઉંમરશાલી હોય, ઓંજલ હોય એ બધા બંદરોનો વિકાસ થાય તો હું માનું છું કે આ ઉદ્યોગોને ખૂબ પ્રોત્સાહન આપી શકાય તેમ કહું તો ખોટું નથી. હવે ઉત્પાદન તરફ જઇએ તો ૨૦૧૫–૧૬ માં દરિયાઇ મત્સ્ય ઉત્પાદન ૬ લાખ ૯૭ હજાર મેટ્રિક ટન છે. તેની અંદર એક્ષપોર્ટની વાત કરીએ તો ૩૫૬૭ કરોડનું વિદેશી હૂંડિયામણ મળે છે. આ બંદરોનું આધુનિકીકરણ થાય તો હું માનું છું કે વધારે પ્રમાણમાં એક્ષપોર્ટ થઇ શકે છે.  મારે બીજી વાત એટલા માટે કરવી છે કે તાલીમ કેન્દ્રો છે.  આજે ખેત ઉદ્યોગને મહત્વ આપીએ છીએ. એમાં બી.એસ.સી. એગ્રીકલ્ચર, એમ.એસ.સી. એગ્રીકલ્ચર હોય તેમ ખેતી ઉદ્યોગ માટેના કોર્સીસ છે. આ મત્સ્યોદ્યોગ માટે ફિશરીઝના કોર્સ માટે તાલીમ કેન્દ્રો વધુમાં વધુ બને તો માછીમારોને વધુમાં વધુ પ્રોત્સાહન મળે. હું સરકારને બે બાબતમાં અભિનંદન આપું છું કે જૂનાગઢની એગ્રીકલ્ચર યુનિવર્સિટી, નવસારીની એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં ગયા વર્ષથી ફિશરીઝનો કોર્સ દાખલ કર્યો. આણંદ અને દાંતીવાડા એમ બે યુનિવર્સિટીમાં કોર્સ બાકી છે. તો આ બે યુનિવર્સિટીમાં માછીમારોનો કોર્સ દાખલ કરો તો હું માનું છું કે તમામને આ સુવિધા આપી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત નથી કરવી પણ એટલું જ કહેવું છે કે, મત્સ્ય ઉદ્યોગના નવા બંદરો આપણે આપી શકીએ તો એની સાથે ડ્રેજીંગની પ્રક્રિયા તો ચાલે જ છે પરંતુ જે જૂના બંદરો છે એમાં પણ ડ્રેજીંગની પ્રક્રિયા જો આગળ વધે તો વધુ સારું અને મારા ધોલાઇ બંદરમાં માનનીય મંત્રીશ્રી આ કામગીરી આપી છે ત્યારે મારે વિશેષ વાત નથી કરવી આ મારા ત્રણ ચાર મુદાઓ છે એ આ વિધેયકમાં સમાવેશ થાય એ જરૂરી છે અને માનનીય બાબુભાઇ જે મંત્રીશ્રી છે એ પોરબંદરના રહેવાસી છે, જમીન સાથે જોડાયેલા તો છે પરંતુ સાગર સાથે પણ જોડાયેલા છે ત્યારે એમ લાગે છે કે, મારી જે માગણી છે અને આ વિધેયક લાવવાની મારે જરૂરિયત પડી છે અને એમાં મારા જે મુદાઓ છે એ ચોક્કસ પ્રમાણમાં મંજૂર થશે માટે સભાગૃહને હું અનુરોધ કરું છું કે મારું આ વિધેયક મંજૂર કરે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ, સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૩–સન ૨૦૧૬નું ગુજરાત સાગરખેડુનો વિકાસ માટેની જોગવાઇ કરવા માટેનું વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

## તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

## ગુજરાત સાગર ખેડુનો વિકાસ વિધેયક, ૨૦૧૬

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં આ ગૃહમાં વાત કરી છે, સરકારને મારી વિનંતી છે કે સાગરખેડુ અને બોટ માલિકો આ બંનેની વ્યાખ્યા અલગ કરવામાં આવે. સાગરખેડુના નામે આપણે વાત કરીએ છીએ તો ખરેખર સાગરખેડુ કોને ગણવા? બોટ માલિક છે એ અલગ છે અને બોટ માલિક જે છે એ બીજા લોકોને માછીમારી કરવા માટે થઇને રાખે છે અને રાખ્યા પછી દરિયામાં આ માછીમારો મચ્છી મારવા માટે જતા હોય છે કે જેને ગુજરાતીમાં દેશી ભાષામાં ખલાસી ગણવામાં આવે છે. આ લોકો રાત દિવસ તડકો–ટાઢ વેઠીને માછીમારી કરે છે અને એ માછીમારીના વિકાસ માટે જે બિલ લઇને આવ્યા છે એમને હું હૃદયપૂર્વક અભિનંદન આપુ છું અને આવકારું છું. સવાલ એ છે કે, જયાં સુધી આ બંનેની વ્યાખ્યા અલગ કરવામાં નહીં આવે ત્યાં સુધી આપણે માછીમારને અન્યાય કરતા આવીએ છીએ એવું મને પોતાને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયામાં મારા વિસ્તારના બે બંદરો આવે છે નવા બંદર અને સઇજ રાજપરામાં મોટા ભાગના લોકો ફિશિંગ સાથે સંકળાયેલા છે અને ફિશિંગ સાથે સંકળાયેલા છે ત્યારે વર્ષમાં ૮ મહિનાની અંદર આ ખલાસીઓને ૫૦ હજારથી લઇને ૧.૫૦ લાખ રૂપિયા સુધીનું એને બોટ માલિકો તરફથી મહેનતાણું મળે છે. કેન્દ્ર સરકારની અને રાજય સરકારની જે યોજનાઓ છે એ યોજનાઓનો લાભ ખરેખર કોને મળે છે? એ યોજનાઓનો લાભ દાખલા તરીકે ડિઝલની સબસિડી આપીએ છીએ, બોટની જાળ માટે આપણે સબસિડી આપીએ છીએ, જાળ ખરીદવા માટે આપણે પૈસા આપીએ છીએ તો જાળ તો ખરીદવાનું કામ બોટ માલિક કરે છે ફિશરમેન નથી કરતો. માછીમારી કરવા જે દરિયામાં જાય છે એને બોટની જરૂરિયાત નથી, બોટ માલિકને બોટની જરૂરિયાત છે. ત્યાર પછી બોટની અંદરનો વાયારલેસ સેટ, જી.પી.એસ. સિસ્ટમ, ઇમ્પોનેટ આવાસ યોજના, ટોયલેટ વગેરેની સબસિડીઓ જે આપવામાં આવે છે એ ખરેખર બોટ માલિકોને મળે છે. માછીમારોને ખાલી ૮ મહિનાના મહેનતાણા સિવાય બીજું કાંઇ આપવામાં આવતું નથી. એનો વીમો જે ઉતારવામાં આવે છે એ વીમો પણ બોટ માલિકે ઉતારીને એમને જે મળવો જોઇએ એ પણ વ્યવસ્થિત રીતે થતું નથી ત્યારે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા આ લોકોના આજીવિકાના સાધન માટે જે સહાય આપવામાં આવે છે એ એમને મળે એના માટે આ બિલમાં જે જોગવાઇ છે એના માટે સરકાર વ્યવસ્થા કરે. માનનીય પિયુષભાઇના બિલની અંદર સહાય અને પરિવારની દેખભાળ નંબર ૫ માં જે જણાવ્યું છે કે, રાજય સરકાર માછીમારી દરમ્યાન ખોવાઇ ગયેલ અથવા અન્ય દેશ દ્વારા પકડાઇ ગયેલ અથવા મૃત્યુ પામેલ હોય એવા સાગરખેડુના પરિવારના સભ્યોના શિક્ષણ, તબીબી સારવાર, આશ્રય અને આજીવિકા માટે સહાય પૂરી પાડશે. જે વ્યક્તિ દરિયામાં લાપતા થાય છે, ગયા અઠવાડિયે મારા વિસ્તારના વાસોજ ગામના ઝીણાભાઇ લાખાભાઇ સોલંકી અને તેમના ભાઇ એ બંને ભાઇઓ છે નાનપણમાં તેમના માતા પિતા ગુજરી ગયા છે અને તેના કાકાએ આ બંને ભાઇઓનો ઉછેર કર્યો છે અને છેલ્લા ૮ વર્ષથી તેઓ આ માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે, આ ઝીણાભાઇના ૨૧મી જાન્યુઆરીએ લગ્ન થયા અને ૧૪મી ફેબ્રુઆરીએ પોરબંદર ફિશિંગ માટે જાય છે અને તા. ૧૭મી ફેબ્રુઆરીએ બોટમાંથી એ દરિયામાં પડી જાય છે આજની તારીખ સુધીમાં નથી એની ભાળ મળી, નથી એની ડેડ બોડી મળી કે નથી એમના કોઇ સગડ મળ્યા ત્યારે સરકારને મારે ધ્યાન એ દોરવું છે કે, લાપત્તા થઇ ગયા પછી સાત વર્ષ સુધી આપણે એને મૃત જાહેર કરી શકતા નથી અને મૃત જાહેર ન કરી શકવાના કારણે એમને બાકીની કોઇપણ વ્યવસ્થા, સરકારી લાભો, કોઇપણ જાતની સહાય એમને મળતી નથી. તો આમાં સમય આપણે ઘટાડવો જોઇએ અથવા મૃત જાહેર કરવામાં ન આવે ત્યાંસુધી વચગાળાની વ્યવસ્થા રાજ્ય સરકારે કરવી જોઇએ એમ નમ્રતાપૂર્વક આપના મારફતે માનનીય મંત્રીશ્રીનું અને સરકારનું હું ધ્યાન દોરવા માગું છું. જે મૃત્યુ પામે છે, પાકિસ્તાન દ્વારા પકડાય છે, ગઇકાલે પણ ચર્ચા થઇ છે, મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે, આજે ફરીથી–પુનઃ; હું વિનંતી કરું છું કે પિયુષભાઇના બિલની અંદર પણ આ જ હાર્દ છે કે આ લોકોના કુટુંબીજનોને તબીબી રીતે આપણે શું આપીએ છીએ? એમના બાળકોને ભણાવવા માટે, એમને શિક્ષણ આપવા માટે, એમના આરોગ્યની સુવિધા માટે, એમને મકાન સહાય માટે, અલગ અલગ બી.પી.એલ. યાદીમાં જે લોકોના નામો છે, એની અલગ અલગ યોજનાઓ છે તો આ માછીમાર લોકો માટેની યોજનાઓ આજસુધી કોઇ અલગ રીતે કરવામાં આવી હોય એવું હજીસુધી ધ્યાનમાં આવેલ નથી. આ પિયુષભાઇના બિલના માધ્યમ દ્વારા સરકારશ્રીને નમ્રતાપૂર્વક વિનંતી કરું છું કે બોટ માલિકોને અને જે લોકો દરિયામાં ફિશિંગ કરવા જાય છે એ ફિશરમેનોની વ્યાખ્યા અલગ કરીને બોટ માલિકોને જે લાભ મળે છે એ રાજ્ય સરકાર આપે એમાં વાંધો નથી પરંતુ માછીમારો જે દિવસરાત ટાઢ, તડકો વેઠીને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે, એમની સ્થિતિ દયાજનક છે, એમના વિકાસ માટે, ડેવલપમેન્ટ માટે, બાળકોના શિક્ષણ માટે, આરોગ્ય માટે, આવાસ માટેની તમામે તમામ વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા અલગ યોજનાઓ તૈયાર કરી અને આપવામાં આવે તો મને લાગે છે કે સાચા અર્થની અંદર માછીમારોને, ફિશરમેનોને આપણે મદદ કરી ગણાશે.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી,આ ગૃહના મારા સાથી સભ્ય પિયુષભાઇ કે જે ખૂબજ અનુભવી અને વરિષ્ઠ છે તેઓ માછીમારો અંગેનું જે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૩. સન ૨૦૧૬નું ગુજરાત સાગરખેડૂ વિકાસ વિધેયક – બિલ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા દોઢ લાખથી પણ વધારે લોકો આ મત્સ્યોદ્યોગ થકી રોજગારી મેળવે છે. એમની કુલ સંખ્યા એમના પરિવારો સહિત આ ગુજરાતની અંદર પાંચ સાડા પાંચ લાખ જેટલી છે. સમગ્ર ભારતનો જે મત્સ્યોદ્યોગ છે એમાં મોટાભાગે આપણે નિકાસ પણ કરીએ છીએ. ભારતના મત્સ્યોદ્યોગમાં કુલ જે નિકાસ થાય છે એના ૨૫ ટકા હિસ્સો એ ગુજરાતનો છે અને આ માછીમાર ઉદ્યોગ મહામૂલું વિ ેદેશી હુંડિયામણ પણ કમાવી લાવે છે. ગુજરાતમાં સલામત, આધુનિક અને નફાકારક મત્સ્યોદ્યોગના વિકાસ માટે

આ ગૃહના નાણામંત્રીશ્રીએ ૨૦૧૭-૧૮ના બજેટની અંદર પણ ૪૮૧ કરોડથી પણ વધારેની જોગવાઇ કરી છે એમાં ૯૫ કરોડ રૂપિયા જેટલો ફાળો કેન્દ્ર સરકારનો આપણને મળે તેમ છે. સને ૨૦૧૫-૧૬માં દરિયાઇ મત્સ્યોદ્યોગનું ઉત્પાદન સાત લાખ ટન અને મત્સ્યોદ્યોગનું આંતરદેશીય ઉત્પાદન એક લાખ ટનથી પણ વધારે હતું અને એમ કરીને કુલ મળીને આઠ લાખ ટનથી પણ વધારે ઉત્પાદન ૨૦૧૫-૧૬માં થયું છે. જેની કિંમત ૬૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધારે થવા જાય છે. ૨૦૧૫-૧૬માં બે લાખ ટનથી પણ વધારે નિકાસ ગુજરાતમાંથી પરદેશમાં કરીને ૩૫૬૭ કરોડ રૂપિયા જેટલું હુંડિયામણ આ ઉદ્યોગે ગુજરાતમાં લાવી આપ્યું છે. આ ઉદ્યોગનો વિકાસ થાય તો સાગરખેડૂને આપોઆપ એમાંથી ઉપાર્જન મળી શકે છે. મત્સ્ય બીજનું ઉત્પાદન ૨૦૧૬-૧૭ની અંદર ૮૮ કરોડથી પણ વધારેનું થયું છે અને ગુજરાતે આ મત્સ્ય બીજ ઉત્પાદનમાં સ્વનિર્ભરતા હાંસલ કરેલી છે. ખારલેન્ડરની જે બિન ઉપયોગી જમીનો જે ઝીંગા ઉછેર માટે આ જમીન લીઝ ઉપર રાજ્ય સરકાર આપે છે. જેમાં ૬૪૪૧ હેકટરથી વધારે જમીન જુદા જુદા ૧૧૫૦ જેટલાં લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવેલ છે તેમાંની આનુષાંગિક સવલતો પણ પૂરી પાડવામાં આવેલી છે. અને આ ઝીંગા ઉછેર ઉદ્યોગ થકી ૧૨ હજાર માણસોને સીધી રોજગારી પ્રાપ્ત થાય છે. વિશેષમાં ૨૭-૬-૨૦૦૯થી આ જે માછીમારી કરતી બોટો છે તેનું રજિસ્ટ્રેશન આ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યું અને તેને અમલમાં મૂકવાનું, અત્યાર સુધીમાં ૨૭,૩૦૫ બોટોનું રજિસ્ટ્રેશન આપણાં રાજ્યની અંદર થયેલું છે. ભારત ઇલેકટ્રોનિક લિમિટેડ કંપની તરફથી આ માછીમાર કુટુંબોને ૧ લાખ ૭૩ હજાર ૪૫૧ જેટલાં કાર્ડ...

ઉપાધ્યક્ષશ્રી : આપની એક મિનિટ બાકી છે.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ : બનાવેલાં છે અને તેમાંથી ૧ લાખ ૫૨ હજાર ૯૯૮ જેટલાં કાર્ડનું વિતરણ પણ કરવામાં આવેલું છે. બોટોની અવર-જવર માટે બોટ મુવમેન્ટની ટોકન પદ્ધતિ પણ વર્ષ ૨૦૦૯-૧૦થી ચાલુ કરી છે અને જે જે મુવમેન્ટની પદ્ધતિ આ દેશભરમાં ગુજરાતમાં સૌપ્રથમ અમલમાં આવી છે. તેમની કલ્યાણકારી યોજનાઓ પણ આ રાજ્ય સરકાર દ્વારા લગભગ ઘણી બધી આપવામાં આવે છે. આ મારો પારંપરિક મત્સ્યોદ્યોગનો દરિયાખેડૂનો જૂનો ધંધો. આપે સાંભળ્યું હશે કે પહેલાં જયારે યાંત્રિક બોટો કે વાહનો બહુ મોટા નહોતાં ત્યારે આ શઢવાળા વાહનોથી આ ગુજરાતના કાંઠાના દરિયા કિનારાના સરતાન પર અને મહુવાનું કતપર બંદર કે જેનું દુનિયા લેવલે નામ હતું. અમારે લગભગ અમારા પારિવારિક સંબંધો પણ દરિયાકાંઠાના જે ગામ છે, આ વિધેયકને હું સરકારની આટલી આટલી યોજનાઓ હોવાથી સહમત થઇ શકતો નથી.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીયશ્રી પીયુષભાઇ બિન સરકારી વિધેયક લઇને આવ્યાં છે તેના ઉપરની ચર્ચામાં સાગર ખેડૂતોના વિકાસ પર મારા મંતવ્યો રજૂ કરું છું.

આજે આ સાગર ખેડૂતોનો વધારેમાં વધારે જો કોઇ પ્રશ્ન હોય તો પાકિસ્તાનનો છે. અને આ પાકિસ્તાન સરહદ ઉપર માનનીય બોખીરીયા સાહેબને તો ઘણી વખત કહેલું છે અને તેમણે સહકાર આપેલો છે, દયા પણ રાખેલી છે હજુ પણ થોડીક દયા રાખો તો સારું. આ જે ખેડૂતો છે, સાગર ખેડૂતો તેનું જીવન નિર્વાહ જે મચ્છીમારી કરીને ચલાવે તો એમાં તો દસ કે પંદર હજાર જે પગાર આપે તેમાં પૂરું થઇ જાય. પણ લાંબા સમય સુધી જે પાકિસ્તાનમાં અપહરણ કરીને બોટો પણ લઇ જાય અને આ બોટોની સાથે પાંચથી સાત જે સાગર ખેડૂત યુવાનો છે તે યુવાનોને પણ પાકિસ્તાન જેલમાં સબડવું પડે. અને એને માટે લાંબો સમય સુધી આ લોકો જે રહે તો તેને માટે ખરેખર જો આ ૬ હજાર જેવુ જે હુંડિયામણ આપતો હોય અને તેમાં કોઇ રોકાણ નથી. બે ખેડૂત એવા છે સાગર ખેડૂત અને ખેડૂત તેનામાં કાંઇ રોકાણ થતું નથી તો આ સાગર ખેડૂત માટે ફકત તમે દસ કરોડની જો વાર્ષિક સહાય કરવાનું કરો તો ખરેખર તેના બાળકોનો, તેના કુટુંબનો, તેના આરોગ્ય માટે, તેના અભ્યાસ માટે, તેના વૃદ્ધ મા-બાપ હોય તો તેનું ભરણ-પોષણ, તેનું જીવન નિર્વાહ સારી રીતે ચાલી શકે તો એને જે આપણે થોડી ઘણી દયા તો કરી પણ થોડીક વધારે દયા કરો તો આ દસથી બાર હજાર જેવુ તમે તેને કરી દો તો ફકત દસ કરોડ જેવી રકમ ચૂકવવી પડે. અને તે જો રકમ ચૂકવાય તો આ ૬ હજાર હુંડિયામણ લઇ આવતો હોય તો એ સાગર ખેડૂત માટે કાંઇ ઓછું નથી.

બીજુ, મારા મત વિસ્તારમાં બે જેટીનું કામ છે એક ચોરવાડ જેટીનું કામ અને એક શેરીયાર્ડનું કામ. આ શેરીયાર્ડના કામના તો ટેન્ડર મંજૂર પણ કંઇક થઇ ગયેલા હતા અને તેના માટે બોખીરીયા સાહેબને મળેલ હતો અને તેણે ઉદારતાથી વાત કરેલી કે તમારું કામ છે તે ચાર કરોડ ઉપરનું છે. એક કરોડમાંથી ચાર કરોડનું કરી દીધું તો આ બે જેટીનું કામ વહેલામાં વહેલી તકે આપ દયાભાવ રાખીને કરો એવી પણ આશા રાખીએ.

બીજુ, જે દરિયા કિનારે ક્ષાર નિયંત્રણ કેનાલ છે તેમાં પણ બાબુભાઇને વાત કરેલી તો એને પણ સમતળ કરવા માટે.

ઉપાધ્યક્ષશ્રી : બાબુભાઇ આપની પાસે એક મિનિટ છે.

શ્રી બાબુભાઇ વાજા : સમતલ કરવા માટે પણ મંજૂરી આપેલ તો એને ઊંડી કરી આ કામગીરી આપ પોરબંદર સુધી પહોંચાડી દો એવી પણ આશા રાખીએ અને એક છેલ્લી વાત કરું કે આમાં જે કેનાલ છે એ કેનાલથી ખેડૂતોને પણ લાભ થાય એમ છે અને સાગરખેડુ કે જે માછીમારી કરનાર બંનેને લાભ થાય એમ છે. એની સાથે સાથે દરિયાકિનારે પીવાના પાણીની તકલીફ છે એ પણ પરિપૂર્ણ થાય છે તો એમાં આપશ્રી વધારેમાં વધારે રસ લઇ દયા રાખીને કામ આપો અને મદદ કરો એવી આશા સાથે જયહિંદ, જય ભારત.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્ય શ્રી પિયુષભાઇ સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૧૬નું ગુજરાત સાગરખેડુનો વિકાસ વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. પિયુષભાઇ કહેતા

હતા કે, ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી.નો દરિયા કિનારો આવેલ છે. હું પણ દરિયા કિનારે રહું છું એટલે હું પણ એ ૧૬૦૦ કિ.મી.માં આવી જાઉં છું. ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી.નો દરિયા કિનારો આવેલ છે એનું આપણને ગૌરવ છે કારણ કે એના થકી આપણે ઘણા લોકોને રોજી–રોટી પણ આપી શકીએ છીએ. ગુજરાત સરકારે મત્સ્યોદ્યોગના વિકાસ માટે તૂટક નહિ પણ સુસંગત વિકાસ થાય એના માટે વિચાર કરી દરિયા સંરક્ષણ માટે તથા પર્યાવરણની જાળવણી માટે મત્સ્યોદ્યોગના કાયદાની અમલવારી રાષ્ટ્રીય સલામતીને ધ્યાનમાં રાખીને ગુજરાત ફીશરીઝ એક્ટ – ૨૦૦૩ અમલી બનાવ્યો હતો. આ કાયદો ૧૫ ઓગષ્ટ, ૨૦૦૩થી અમલી બનાવતા મત્સ્યોદ્યોગ વિકાસ યોજના સીધી ખુલ્લી મૂકી છે. એના કારણે માછીમારોના રક્ષણ, નિયમન અને સંચાલન ઉપર દેખરેખ રાખતા માછીમારો ક્ષેત્રે વારંવાર આપત્તિનું નિવારણ શક્ય બનેલ છે. રાજ્યમાં દરિયામાં માછીમારોની સુરક્ષા માટે તેમજ આફતના સમયે મદદરૂપ થવા માટે પણ સરકાર દ્વારા પગલા લેવામાં આવ્યા છે. માછીમારીને બોર્ડ ઉપર સેફ્ટી માટે ડીસ્ટ્રીક્ટ એલર્ટ ટ્રાન્સમીટર નામના સાધનો પૂરા પાડવામાં આવે છે. આશરે ૧૬,૦૦૦ જેટલી કિંમતના યાંત્રિક બોટ જેવી કે થ્રોલર, ગીલનેટર, ડોલનેટર બોટ. માછીમારો આ બોટનો ઉપયોગ કરે છે. ભારત સરકારશ્રીની ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઇઝેશન સંસ્થાએ સેટેલાઇટ વીથ ડિસ્ટ્રીક્ટ એલર્ટ ટ્રાન્સમીટર દ્વારા આ માછીમારોની સુરક્ષાનું ધ્યાન આપે છે. આ સેટેલાઇટની કિંમત પણ આ સરકાર એમને ચૂકવે છે. બાબુભાઈ વાત કરતા હતા કે માછીમારોને પાકિસ્તાનવાળા લઈ જાય છે પણ હું કહેવા માગુ છું કે, ૨૦૦૪ થી ૨૦૧૪ સુધીમાં કોઇ માછીમારને કોઇ સરકારે છોડાવ્યા નહોતા. અમારા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી બેઠા ત્યારથી લગભગ અમારા મત્સ્યોદ્યોગની ૨૫ થી ૨૭ બોટ બાકી રહી છે બાકીની બધી જ બોટ છોડાવી દીધી છે. મધદરિયે માછીમારો, બોટ તથા જાનમાલને વિવિધ ઇમરજન્સી તેમજ કુદરતી આપત્તિથી બચાવવા માટે આ રાજ્ય સરકારે ડિસ્ટ્રીક્ટ એલર્ટ સિસ્ટમ નામના સાધન દ્વારા સહાય આપવાની યોજના પણ અમલમાં મૂકી છે અને આ બોટ માલિકોને ૯૦ ટકા જેટલી સહાય આ સરકાર પૂરી પાડે છે. ૨૦૧૨–૧૩થી આ યોજના અમલમાં છે અને કુલ ૧૬૩૭ ફિશીંગ બોટમાં આ સાધન ફીટ કરવામાં આવે છે. ગુજરાતના દરિયાકાંઠા ઉપર ચાર ગીલનેટર બોટ કાર્યરત છે. આ બોટ પ્રાદેશિક જળવિસ્તારમાં કાર્યરત થાય અને પરંપરાગત રીતે માછીમારો પોતાનો ધંધો કરી શકે એના માટે પણ આ સીસ્ટમ બહુ ઉપયોગી છે. માછીમારો પોતાના ખર્ચે આ સાધનો ખરીદવા સક્ષમ હોય, ઘણીવાર આ સાધન ખરીદવા માટે વેપારી પાસે લોન પણ લેવી પડતી હોય છે.

પણ એને વધુમાં વધુ સહાય મળે એ માટે લગભગ ૨૫ હજાર જેટલી સહાય આ સરકારમાંથી મળે છે. આ યોજના મારફત આ વર્ષે ૧૨૭૬ માછીમારોને લગભગ ૨૮૬.૫૬ લાખ રૂપિયાની સહાય આ સરકારે ચૂકવી છે. સને ૨૦૧૭ માટે આ ઘટકમાંથી લગભગ ૩૬૦ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે એટલે માનનીય સભ્યશ્રીને હું વિનંતી કરું છું કે, માછીમારો માટે આ સરકાર આટલી બધી ચિંતિત હોય, આટલી બધી યોજના અને એ લોકોની સુરક્ષા માટે અને એ લોકોના પરિવારની સુરક્ષા માટે જો આ સરકાર આટલી બધી ચિંતિત હોય તો માનનીય અધ્યક્ષી આપશ્રીના માધ્યમથી માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે, એમણે આ જે બિન સરકારી વિધેયક રજૂ કર્યું છે એ પાછું ખેંચી લે એવી મારી એમને વિનંતી છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા ( મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ હંમેશાં ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય, દરેક સમાજનો આર્થિક અને સામાજિક વિકાસ થાય એની ચિંતા કરી છે. જે રીતે આપણા પૂર્વ પટ્ટીના આદિવાસીભાઇઓ માટેની યોજના લઇને રાજ્ય સરકાર આવી હતી એ રીતે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત આ ૨૦૧૨–૧૩થી અત્યાર સુધીમાં ૧૧૯૫૯ કરોડ રૂપિયા કરતાં પણ વધારે રૂપિયાનો ખર્ચ કરીને આ બધા સાગર કિનારે રહેતા લોકો માટેની ચિંતા કરી છે. આમ તો માછીમારોની સ્પષ્ટ વ્યાખ્યા નથી. કોઇપણ સમાજમાંથી કોઇપણ વ્યક્તિ માછીમારીનો જો ધંધો કરવા માગતા હોય તો એના માટેની એ નોંધણી કરાવી દે તો આપણે એને માછીમાર તરીકે ગણીએ છીએ. આવા બે લાખ અઢાર હજાર કરતાં વધારે આજે માછીમારો રાજ્ય સરકારમાં નોંધાયેલા છે.

માનનીય સભ્યશ્રી મુકેશભાઇએ જે વાત કરી એ રીતે માછીમારીના ધંધા સાથે સંકળાયેલા લોકો છે એમના માટે દરિયાઇ રક્ષણ, અને સંરક્ષણ તથા પર્યાવરણ જાળવણી સાથે મત્સ્યોદ્યોગ સાથે સંકળાઇ શકે એટલા માટે ફીશરીઝ એક્ટ–૨૦૦૩ રાજ્ય સરકાર લાવી હતી અને એના આધારે આજે માછીમારી કરતા ભાઇઓને બધી જાતની સવલતો આપવામાં આવે છે.

માનનીય સભ્યશ્રી કિરીટભાઇએ તાલીમ માટેની વાત કરી, તો સાગરખેડૂ યોજના અંતર્ગત ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગ કરીને ઝીંગાનો જ ઉછેર કરે તેના માટેની પણ તાલીમ આપવામાં આવે છે. પોરબંદર ખાતે યુવાન માછીમારી ભાઇઓ અને બહેનોને મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિ માટેની તાલીમ આપવામાં આવે છે. રાજ્ય બહાર મત્સ્યોદ્યોગ વિકાસ અને અદ્યતન ટેકનોલોજી અંગેની તાલીમ માટે માછીમારોને અન્ય રાજ્યોમાં પણ લઇ જવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇએ જે વાત કરી કે આમાંના મોટાભાગના બોટ સિવાય ત્યાં માછીમારી કરતા હોય છે. આપણે ત્યાં બોટો બે પ્રકારની હોય છે, કુલ જે ૨૭૦૦૦ કરતાં વધારે છે એમાં ૧૭ હજાર કરતાં વધારે બોટો છે એ નાની બોટો છે એ નાની જે બોટો હોય એમાં સામાન્ય રીતે ઘરના સભ્યો જ માછીમારી કરવા જતા હોય છે અને મોટી બોટો હોય એમાં ઘરના સભ્યો સિવાય પણ વધારે ફીશરમેનોને લઇ જતા હોય છે. તો આના માટે જે અનેક પ્રકારની સહાય આપવામાં આવે છે ધારો કે માનનીય સભ્યશ્રીએ જે વાત કરેલી છે પોતાના બિલની અંદર ઇલેક્ટ્રીક સાધનો જેવા કે, ઇન્વર્ટર, ઇલેક્ટ્રીક

સગડી, ઈલેક્ટ્રીક વોટર પંપ, સીએલએફ ટ્યુબ, સોલાર ઈલેક્ટ્રીક લેન્ટર્ન જેવા સાધનો માટે કુલ રૂપિયા ૧૫,૦૦૦ જેટલી એને સહાય ચૂકવવામાં આવે છે અને દરિયામાં જયારે માછીમારી કરવા જતા હોય એની સલામતી માટે થઇને લાઇફ બોયા રીંગ્સ, લાઇફ સેવીંગ જેકેટ તથા ઇમરજન્સી લાઇટના માટે યુનિટ કોસ્ટના રૂપિયા ૪૦,૦૦૦ના ૫૦ ટકા લેખે એટલે કે ૨૦,૦૦૦ કરતાં પણ વધારે સહાય એને કોમ્પોનન્ટ માટે આપવામાં આવે છે. જીપીએસની ખરીદી કરે આજે જે પાકિસ્તાનની અંદર આપણા માછીમારો પકડાઇ જાય છે કારણ કે ત્યાં જે સરહદ છે એ આપણે જોઇ નથી શકતા એ અક્ષાંશ–રેખાંશના આધારે હોય છે. એની અંદર એ ન જાય એટલા માટે જી.પી.એસ.સિસ્ટમ જે ૪૦,૦૦૦ રૂપિયાની આવે છે એની અંદર પણ ૨૦,૦૦૦ કરતાં વધારે મહત્તમ સહાય ચૂકવામાં આવે છે. જે ગીલનેટ કરે છે એને માટે પણ ૨૫,૦૦૦ રૂપિયા જેવી સહાય ચૂકવવામાં આવે છે. સોલાર લાઇટની ખરીદી કરે તો એમાં પણ ૧૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. જનરેટર સેટ, ફ્લેશ લાઇટ આ બધી જો એ ખરીદી કરે તો એને ૪૦,૦૦૦ રૂપિયાની કુલ કિંમતના ૫૦ ટકા લેખે ૨૦,૦૦૦ રૂપિયા જેટલી સહાય ચૂકવવામાં આવે છે. નાના ખાસ કરીને પગડીયા કે જે નાની જાળ લઇને પગે ચાલીને જે ફીશીંગ કરવા જતા હોય દરિયા કાંઠા ઉપર એ પગડીયાના જે યુનિટ છે એને પણ ૮૦૦૦ની જુની કોસ્ટ અને એના ૯૦ ટકા એટલે કે ૭૨૦૦ રૂપિયા જેટલી એને સહાય ચૂકવવામાં આવે છે. મોટી બોટોમાં ટોયલેટ બ્લોક ફીટ કરવાના હોય તો પણ એને ૧૫ હજારની કિંમત છે એમાં દસ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. જે ફિશીંગ કરવા માટે જે લોકો એની સાથે વેચાણ સાથે સંકળાયેલા હોય તો એને ઇન્સ્યુલેટેડ બોક્ષ માટે યુનિટ કોસ્ટ રૂપિયા ૧૫ હજારની કિંમત ગણીને સાડાસાત હજાર જેવી ખરીદ કિંમત ઉપર સહાય આપવામાં આવે છે. આ રીતે દિવસે દિવસે કુદરતી માછીમારી ઘટતી જાય એટલે સમુદ્રમાં અને સી કેઝ કલ્ચર યુનિટ સ્થાપવું હોય તો એક કોસ્ટની પોણા બે લાખ રૂપિયા એના ૭૫ ટકા સહાય આપવામાં આવે છે. આખું યુનિટ ૭ .૫ લાખનું થાય એના ૭૫ ટકા સહાય ખરીદ કિંમત ઉપર આપવામાં આવે છે. મત્સ્યોદ્યોગ મંડળીઓ દ્વારા જો પ્રોસેસીંગ પ્લાન્ટ નાખવામાં આવે તો એની કોસ્ટમાં દસ કરોડના ખર્ચે થાય છે એમાં પાંચ કરોડ જેવી સહાય આપવામાં આવે છે. વેલ્યુએડેટ મશીનરી જે જૂનો પ્લાન્ટ હોય અને નવી મશીનરી ફીટ કરવી હોય તો એમાં એક કરોડ રૂપિયા જેટલી સહાય ચૂકવવામાં આવે છે. આ સિવાય જે માછલી બહાર ન જાય અને અહીંયા રહીને ડ્રાયફિશ કરવી હોય તો નાની સોલાર ડ્રાયર માટે યુનિટ કોસ્ટ રૂપિયા દોઢ લાખના ૫૦ ટકા ૭૫ હજારની સહાય અને મોટું લેવાનું હોય તો દસ લાખનું આવે એટલે પાંચ લાખ જેવી સહાય આપવામાં આવે છે. અત્યારે પોલીંગ બોટો જાય છે એના રોપ સ્ટીલના વાપરતા એમાં ગ્રીસીંગ કરવું પડતું હતું એની કવોલિટી બગડતી હતી એ ન બગડે એટલા માટે બદલે ફાઇબર રોપ માટે એક લાખ રૂપિયા એના ૫૦ ટકા જેવી સહાય આપવામાં આવે છે. હાઇજેનીક ફીશ માર્કેટ બનાવવી હોય તો નગરપાલિકા કે પંચાયતને સો એ સો ટકા સહાય આપે છે. આ સિવાય વેપારીઓ માટે ડીપ ફ્રીઝર રેફ્રીજરેટર અને જે છૂટક વેપારીઓ છે એને બે લાખની યુનિટ કોસ્ટ આવે એના ૫૦ ટકા એટલે એક લાખ જેવી સહાય આપવામાં આવે છે. આઇસ પ્લાન્ટ નાખવો હોય તો એની યુનિટ કોસ્ટ એક કરોડ એના ૫૦ ટકા એટલે કે ૫૦ લાખ સહાય આપવામાં આવે છે. નાના માછીમારો છે એની જે ખરીદ કિંમત એક લાખ અને ૨૦ લાખ મશીનની એના ૭૫ ટકા એટલે મહત્તમ ૯૦ હજારની સહાય આપવામાં આવે છે. એની ફિશીંગ કરવા જાય મોટી બોટમાં અને કોઇને તકલીફ થાય અને એને મદદની જરૂર પડે એના માટે મેસેજ ત્યાંથી આપી શકે એના માટે ડીએટી એની ૧૭ હજાર કિંમત છે એના ૯૦ ટકા સહાય રાજય સરકાર આપે છે. એ જ રીતે ઍરેટરની ખરીદી માટે જયાં જીગા ઉછેર થાય ત્યાં ઍરેટરની ૫૦ હજાર યુનિટ કોસ્ટ છે એના ૫૦ ટકા રાજય સરકાર સહાય આપે છે.નવા જીંગા તળાવના બાંધકામ માટે એક હેકટર માટે ૬૦ હજારની સહાય અને તળાવ સુધારણા માટે ૨૦ હજાર સહાય. પોલીથીન લાઇનરની ખરીદી માટે યુનિટ કોસ્ટના પાંચ લાખના ૨૫ ટકા એટલે ૧ લાખ ૨૫ હજાર જીંગાના તળાવ માટે આપવામાં આવે છે. બર્ડ ફેન્સીંગ અને ડોગ ફેન્સીંગ કરવું હોય તો એની અંદર યુનિટ કોસ્ટના ૫૦ ટકા જેવી સહાય આપવામાં આવે છે. પાકિસ્તાનની અંદર પકડાય જાય છે એ પકડાય અને પાછા ઘરે આવે એટલા દિવસ રોજના દોઢસો રૂપિયા આર્થિક સહાય કરવામાં આવે છે. માછીમારી કરતાં માછીમાર ભાઇઓ છે એ માછીમારી કરવા ગયા હોય અને અકસ્માતે મૃત્યુ થાય તો મૃત્યુના કિસ્સામાં બે લાખ અને આંશિક અપંગતામાં એક લાખ અને તબીબી સહાય માટે દસ હજાર જેવી સહાય કરવામાં આવે છે. આ રીતે રાજય સરકારની જે અનેક યોજનાઓ છે સાથે સાથે એ બધા માછીમારોની ચિંતા જે સક્રિય માછીમાર છે એને મકાન બાંધવુ હોય તો ૨૫ ચો.મી.ના બાંધકામ માટે એક લાખ ૨૦ હજારની સહાય આપવામાં આવે છે. ૨૦ આવાસોનું યુનિટ કરે તો એમાં ૫૦ હજારનો ટયુબવેલ એ સિવાય ૭૫ હજાર રૂપિયા કોમ્યુનિટી હોલ માટે સહાય આપવામાં આવે છે.

માનનીય સભ્યશ્રીએ નવા બંદરો માટે ચિંતા કરી. આ વખતે આપણે અનેક નવા બંદરો છે એમાં જૂના બંદરો છે એને યુરોપીયન યુનિયનના નોમ્સ મુજબ કરવા માટે થઇને આ વખતે આપણે માંગરોળ ફેઝ–૩, નવા બંદર, માઢવાડ, વેરાવળ, પોરબંદર–૨ સૂત્રાપાડા, ઓખા અને ભદ્રેશ્વર આમ કુલ આઠ બંદરો છે એમાં એક બંદર પાછળ આશરે દોઢસો કરોડ કરતાં વધારે ખર્ચ કરીને બંદરો બનાવવાના છીએ. આના સિવાયના નાના બંદરો છે જેને ફિશ લેન્ડીંગ કરવાના છીએ. તેને પણ અમે ૧૬ ફીશ લેન્ડીંગ સેન્ટર કરવાના છીએ. જયાં ૧૦૦ અથવા ૧૦૦ કરતા વધારે એસ.આર.પી.બોટ છે આ બધા બંદરો માટે ફીશ લેન્ડીંગ સેન્ટર કરવા માટેનું પણ રાજય સરકારનું આયોજન છે. આ સિવાય ડ્રેજીંગ માટે પણ પોરબંદર, વેરાવળ, માંગરોળ, ભલાઇ આ બધામાં ડ્રેજીંગની કામગીરી પણ આજે ચાલુ છે. આવતા દિવસોમાં નવા ડ્રેજીંગની કામગીરી પણ આપણે કરવાના છીએ. રાજય સરકારે આવી અનેક યોજનાઓ દાખલ કરી તેના લીધે ૨૦૦૧–૦૨માં જે વિદેશી હૂંડિયામણ ૬૨૫ કરોડનું હતું તેની સામે આજે ૨૦૧૫–૧૬માં ૩૫૬૭ કરોડ જેટલું વિદેશી હૂંડિયામણ મેળવી શકીએ છીએ. આ મત્સ્ય બીજનું જે ઉત્પાદન

છે એ ૨૦૦૧માં ૪૩. ૬૩ હતું એ વધીને ૨૦૧૬માં ૮૮.૪૩ કરોડ જેટલું થઇ ગયું છે. ૨૭,૪૩૯ બોટોનું ઓનલાઇન રજિસ્ટ્રેશન થઇ ગયું છે. ફીશરમેનોના લાભાર્થે રાજય સરકાર આવી અનેક યોજનાઓ લાવી છે તો માનનીય સભ્યશ્રી પિયુષભાઇ જે હેતુ સાથે વિધેયક લઇ આવ્યા છે એ પાછું ખેંચી લે એવી હું વિનંતી કરું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. એક તો ભૂતકાળમાં આપણાં ફીશરમેનને કયારેય પાકિસ્તાનની હદમાં જવું પડતું નહોતું. એ આવતા અને આપણે અહીં પકડતા. જે ઇન્ડસ્ટ્રીયલાઇઝેશન થયું છે તેના કારણે  આપણાં દરિયા કાંઠે એટલું પ્રદૂષણ થયું છે કે દુનિયાની બેસ્ટ માછલીઓ આપણે ત્યાં મળતી હતી એ હવે તકલીફ છે. તો આ પ્રદૂષણ અટકે તેના માટે વિભાગ સાથે કંઇ કામ કરવા માગીએ છીએ કે કેમ? બીજું, કચ્છની કોરીક્રીક અને એવી જે ક્રીક છે કે જયાં આગળ આપણાં માછીમારો જાય  તેના કારણે બે ફાયદા થતાં. એક તો એમને માછલીઓ પણ પૂરી મળતી અને બીજું, કોઇ પાકિસ્તાની આવતા હોય તો તેની ઇન્સર્મેશન પણ આપણાં આઇ.બી.ને આપણાં માછીમારો મારફત મળતી હતી. હમણાં છેલ્લા થોડા સમયથી સીરક્રીક, કોરીક્રીક એ તરફ જવામાં તેને રોકવામાં આવે છે તો આપ હોમ ડિપાર્ટમેન્ટ સાથે કંઇક કોઓર્ડિનેશન કરીને આપણાં માછીમારો સીરક્રીક અને કોરીક્રીક સુધી જઇ શકે તો માછીમારી કરી શકે તેના માટે કોઇ વ્યવસ્થા કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : સીરક્રીક અને કોરીક્રીક માટે એટલા માટે અત્યારે આપણે રોકીએ છીએ કે એ એરિયા છે ત્યાં માછલીઓ ઇંડા મૂકવા માટે જાય છે. એટલે ઇંડા મૂકાયા છે ત્યાંથી જઇએ તો મોટી માછલી છે તે મરી જાય છે અને આપણું ઉત્પાદન ઘટે. એટલા માટે અત્યારે ત્યાં બાન રાખેલો છે. બીજી વસ્તુ એ છે કે અત્યારે ત્યાં મરીન પોલીસ, કોસ્ટગાર્ડ, નેવી, આઇ.એમ.બી.એલ. છે તે સતત પેટ્રોલીંગ કરતી હોય છે. આપણાં માછીમારો પણ ભૂલથી જતાં હોય તો એને કહેતા હોય છે કે તમે એ બાજુ ન જાવ. ટ્રોલીંગની શરૂઆત થઇ, આપણે ત્યાં ત્રણ રીતે ફીશીંગ થાય છે. એક તો નાની એસ.આર.પી. બોટ છે તેના દ્વારા ફીશીંગ થાય છે પછી મોટી બોટ અને ગીલ નેટ. એ જાળ પાથરે અને એની મેળે જે માછલી ફસાઇ જાય એ. ત્રીજું ફીશીંગ છે એ આપણે ટ્રોલીંગ થાય છે. એમાં જાળ બાંધીને બોટ જતી રહે અને પછી જેટલી માછલી એમાં ખેંચાતી આવે. તો જે ટ્રોલીંગ થાય છે તેના લીધે નાની મોટી બધી માછલી આવી જાય છે. આપણાં માછીમાર ભાઇઓ આઇ.એમ.બી.એલ.ની નજીક એટલા માટે જાય છે કે પાકિસ્તાનની અંદર પંજાબમાં થઇને હિમાલયની નદીઓનું પાણી ત્યાં બારેમાસ ઠલવાય છે ત્યાં તેને પૂરતો ખોરાક મળે એટલે ત્યાં માછલીનું ઉત્પાદન વધારે છે એટલે આઇ.એમ.બી.એલ.ની નજીક વધારે માછલીઓ મળે. આ બધા કારણો છે અને એટલા માટે મેં જે વાત કરી કે સીકેજ એટલે કે કેજ કલ્ચર ઉપર જો માછીમાર ભાઇઓ જશે તો અહીંને અહીં બધું મળશે અને તેના માટે ૭૫ ટકા જેટલી સહાય  કેજ કલ્ચરઉપર જશે તો પણ આપણે આપીશું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૬નું ગુજરાત સાગરખેડૂનો વિકાસ વિધેયક મેં મૂક્યું હતું. તેમાં આ સભાગૃહના વિદ્વાન સભ્યો આદરણીય પૂંજાભાઇ, શિવાભાઇ ગોહિલ, બાબુભાઇ વાજા, શ્રી મુકેશભાઇ. તેમણે પોતાના ખૂબ જ અભ્યાસુ વિચારો સભાગૃહ આગળ મૂકયા તેને હું ખૂબ દિલથી આવકારું છું. રાજીપો વ્યકત કરું છું. માનનીય મંત્રીશ્રી જે સકારાત્મક વાત લઇને આવ્યા. મારી જે બંદરોની વાત હતી, તાલીમ કેન્દ્રોની વાત હતી તે તમામ બાબતોનો સમાવેશ થયો છે અને હું એમ માનું છું કે મારા સૂચનો પણ તેમણે ખૂબ ઘ્યાનમાં લીધા છે અને કાલે જયારે આદરણીય પ્રધાનમંત્રી આવ્યા. એમણે પણ નવા બંદરો માટે જાહેરાત કરી છે અને ગુજરાતના ૪૦ બંદરો છે એને રૂ.૪૫,૦૦૦/− કરોડના ખર્ચે વિકસાવવાના છે અને પોર્ટોને આધુનિક બનાવવાના છે હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક−૧૩ ગુજરાત સાગરખેડુનો વિકાસ વિધેયક, ૨૦૧૬ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક−૧૩ ગુજરાત સાગરખેડુનો વિકાસ વિધેયક, ૨૦૧૬ પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત
## રૂ.૫૦૦/− અને રૂ.૨૦૦૦/− નોટ રદ કરવા અંગે

અધ્યક્ષશ્રી : આજે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન અગ્રતા પ્રશ્ન ક્રમાંક−૫નો જવાબ આપતી વખતે રાજય કક્ષાના નાણા મંત્રીશ્રીએ રૂ.૫૦૦/− અને રૂ.૨૦૦૦/−ની નોટ *(×××)  અંગે કરેલા ઉચ્ચારણો માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સરકાર વતી કરેલી સ્પષ્ટતા જોતા ગૃહની કાર્યવાહીના રેકર્ડ ઉપરથી દૂર કરું છું

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશ અનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૧૮, ૨૦૩૮ શાકે

## ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે ( રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) વિધેયક, ૨૦૧૬.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક –૨૨

ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે ( રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) વિધેયક, ૨૦૧૬.

આર્થિક રીતે પછાત વર્ગો માટે રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૬નું ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે (રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરે એસ.ટી. અને એસ.સી. માટે અનામતની જોગવાઇ કરી સમાજની સમરસતાના ભાગ સમાજના બીજા ભાગો સાથે જોડાણ કરી શકે એના માટે અનામતની જોગવાઇ કરી. ત્યારબાદ ઓ.બી.સી. માટે ૨૭ ટકાની જોગવાઇ એ જ રીતે બંધારણના ભાગરૂપે કરવામાં આવી. છેલ્લા ૨૨ વર્ષથી આ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને ભારતીય જનતા પાર્ટીની સરકાર હોવાના નાતે છેલ્લા બે વર્ષથી ગુજરાતની અંદર અરાજકતા ફેલાઇ છે. એના કારણે મારે આ બિલ લાવવું પડ્યું છે. ૭ ટકા દલિત સમાજના, ૧૪ ટકા આદિવાસી સમાજના અને ૨૭ ટકા ઓ.બી.સી. સમાજના આમ ટોટલ ૪૯ ટકા માટે કોંગ્રેસ પાર્ટી કમિટેડ છે એને ટચ પણ ન કરે એના માટે બિલકુલ પરફેક્ટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લાવવાનો મારો મુખ્ય હેતુ એ છે કે છેલ્લા ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની આ સરકારના રાજમાં ફેલાયેલી અરાજકતાના કારણે જે પરિસ્થિતિ પેદા થઇ છે.

અધ્યક્ષશ્રી :શ્રી શૈલેષભાઇ, આપની છ મિનિટ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : આ તમારું લખેલું છે, હું ભણેલો છું, વાંચવામાં કોઇ તકલીફ નથી. આપ મુખ્ય વિષય ઉપર બોલી શકો એટલા માટે કહું છું. અનામતની સાથે જોડાયેલો વર્ગ અને બિન અનામત સાથે જોડાયેલો વર્ગ જેને એમ લાગ્યું કે અનામતનો લાભ લેનારા વર્ગને સૌથી વધુ લાભ મળે છે અને બિન અનામતને એના લાભ મળતા નથી. આ જ એક અનામત અને બિન અનામત વચ્ચેની જે રેખા ખેંચાઇ એ રેખાનું મુખ્ય કેન્દ્ર બિન્દુ એ ભારતીય જનતા પાર્ટીની ૨૨ વર્ષની સરકારના અણવહિવટનું કારણ છે. આ એટલા માટે કહું છું કે જે રીતે શૈક્ષણિક રીતે અનામતની વાત થઇ, રાજ્યમાં સરકાર એમ કહેતી હોય કે અમે પ્રવેશ મહોત્સવ કરીએ છીએ, ગુણોત્સવ કરીએ છીએ અને ડ્રોપ આઉટ રેશીયો ઘટયો છે એ ડ્રોપ આઉટ રેશીયો કદાચ ઘટયો હશે પણ દુઃખ સાથે કહેવું પડે કે રાજ્ય સરકારે એ પ્રાથમિક શાળાઓ હોય, એ માધ્યમિક શાળાઓ હોય, એ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ હોય, એ એન્જિનિયરીંગ લાઇન હોય કે મેડિકલની લાઇન હોય આ તમામ જગ્યાએ રાજ્ય સરકારે જે રીતે શિક્ષણનું વેપારીકરણ કર્યુ એમાંથી આ રેખા ખેંચાઇ અને વિધાનસભાના આંકડાઓ પણ કહે છે કે પ્રાથમિક શાળાઓ સરકારી હોય માધ્યમિક હોય કે કોલેજો હોય ૨૨ વર્ષમાં રાજ્ય સરકારે સરકારી કોલેજો હોય, સરકારી પ્રાથમિક શાળાઓ હોય, માધ્યમિક શાળાઓ હોય એને પ્રાધાન્ય નથી આપ્યું અને શૈક્ષણિક રીતે શાળા કોલેજોને વેપારીકરણના ભાગરૂપે લઇ રહી છે માટે મારે આ બિલ લઇને આવવાની જરૂર પડી છે. જે રીતનું શિક્ષણની અંદર વેપારીકરણ થયું અને એ વેપારીકરણના કારણે એ પારૂલ યુનિવર્સિટી હોય કે મનસુખ શાહ જેવા કૌભાંડકારો હોય એને પ્રોત્સાહન મળ્યું છે અને આનાથી અનામત મેળવતા લોકો છે એને નુકસાન થયું છે. સરકાર કહે છે કે અમે કેલેન્ડર બનાવ્યું છે. કયું કેલેન્ડર? મારે સરકારને આજે કહેવું છે, વિધાનસભાના એક જાગૃત ધારાસભ્ય તરીકે સરકારને મારે અપીલ કરવી છે કે આપે જે ભરતી કેલેન્ડર બહાર પાડયું છે એ ભરતી કેલેન્ડરની એક એક કોપી આ વિધાનસભાના દરેક સભ્યને મળે જેથી અમને પણ ખબર પડે કે કેલેન્ડરની રીત શું છે? આ એટલા માટે કહું છું કે અનામતથી એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ના લોકોને નોકરી મળે અને બિન અનામતને નોકરી નથી મળતી, એમને એમ લાગ્યું કે ડોકટર બાબા સાહેબ આંબેડકરે આપેલા બંધારણના ભાગરૂપે આ વર્ગને નોકરી મળી જાય છે અને અમને નોકરી મળતી નથી. મારે દુઃખ સાથે કહેવું પડે છે ૨૨–૨૨ વર્ષથી આવેલી આ સરકાર કે જે સરકારે વર્ગ–૩ હોય કે વર્ગ–૪ હોય એની અંદર અનામતનો જે લાભ ધરાવતા લોકો છે એને પણ એનો લાભ લેવા દીધો નથી આ સરકારનો અણવહીવટ છે. આ લોકોને નોકરી જોઇએ છે. *(×××). મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના. ૨૦૧૬–૧૭માં એક હજાર કરોડની યોજના અને ૨૦૧૭–૧૮માં અગિયારસો કરોડની યોજના. તમે આ યોજનાના ભાગરૂપે જોશો, પ્રાથમિક શાળા, ઉચ્ચતર પ્રાથમિક શાળા કે ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીની સંખ્યા તમે લખેલી છે. આપ જોવા જશો તો ૨૦૧૬–૧૭ની તમારી સંખ્યાના ભાગરૂપે એક વિદ્યાર્થીના ભાગે ૧૦૮૬ રૂપિયા આવે છે.

---

* વિધેયક તા. ૧૦મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે ( રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) વિધેયક, ૨૦૧૬.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સદસ્ય માનનીય શ્રી શૈલેષભાઇ પરમાર જે EBC અંગેનો પ્રસ્તાવ લઇને આવ્યા છે. પ્રસ્તાવ બે રીતે આવી શકે,એક દિલથી આવે એક દિમાગથી આવે. મને હતું કે શ્રી શૈલેષભાઇ દિલથી EBC નો પ્રસ્તાવ લઇને આવ્યા હશે પણ એમની આખી જે વાત છે એ ટોટલી રાજકીય હેતુસર આખી વાત હોય એવી વાત એમણે કરી છે. આ રાજ્ય સરકાર એમની લાગણી સાથે અને માગણી સાથે ભાવનાઓ સાથે, ભાગ્યેજ આ ગૃહમાં બેઠેલા માનનીય સભ્યશ્રી અસંમત હશે. જે લાગણીઓ છે, જે ભાવનાઓ છે એની સાથે આપણે સૌ જોડાયેલા છીએ. બાબા સાહેબ આંબેડકરે જ્યારે બંધારણ ઘડ્યું અને એમણે આઝાદી પહેલા જે અનુભવ્યું હતું અને એ અનુભવના આધારે આઝાદી મળ્યા પછી એમને એમ થયું કે જો ગાડું રસ્તા પર બરાબર દોડાવવું હશે તો ગાડાના બન્ને પૈડાં સરખા કરવા પડશે. એક ટ્રેક્ટરનું પૈડું અને એક જીપનું પૈડું રાખવાથી ગાડું બરાબર ચાલે નહીં. એટલા માટે એમણે જે પછાતવર્ગો છે, જે સમાજની અંદર કચડાયેલ વર્ગ છે એને સાથે જોડવા માટે સ્પેશિયલ જોગવાઇ કરી અને એ જોગવાઇના આધારે આજે આપણે જોઇએ છીએ કે સારો એવો ફાયદો પણ એ વર્ગને થયો છે. આ રાજ્ય સરકારનું મન ખુલ્લું છે અને એટલા માટે જે બંધારણ છે એને અનુસરવા આપણે સૌ બંધાયેલા છીએ. બાબા સાહેબ આંબેડકરે બંધારણ ઘડ્યું છે એની જોગવાઇ છે એ જોગવાઇમાં ૪૯ ટકાથી વધારે આગળ વધી શકતા નથી અને છતાં એ વખતના તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે એક તાત્કાલિક નિર્ણય કર્યો અને એક હજાર કરોડની યોજના, યુવા સ્વાવલંબન યોજના દ્વારા જે વિદ્યાર્થીઓને નુકસાન થતું હતું, જે એમના અન્યાયની વાત હતી એમને ન્યાય આપવાનો હકારાત્મક પ્રયાસ કર્યો અને એના દ્વારા આપણે જોઇએ છીએ કે તમામ સમાજના લોકોને એનાથી ફાયદો પણ થયો છે. ચાલુ વર્ષે ૧૧૦૦ કરોડની જોગવાઇ આના માટે કરવામાં આવી છે. આ રાજ્ય સરકારે તા. ૧૧-૩-૨૦૧૬ના રોજ ઈ.બી.સી. અંગેનો ૧૦ ટકાનો એક ઠરાવ બહાર પાડેલો. તા. ૩૦-૫-૨૦૧૬ના રોજ કેટલીક સંસ્થાઓએ હાઇકોર્ટમાં રીટ-પિટીશન દાખલ કરી અને જેના કારણે હાઇકોર્ટે સ્ટે કર્યો. આ ઠરાવ રદ કર્યો એની સામે આજે સુપ્રીમ કોર્ટમાં રાજ્ય સરકારે સ્પેશિયલ લીવ પિટીશન દાખલ કરીને ન્યાય માગ્યો છે. ૧૦ ટકા આર્થિક અનામતનો વટહૂકમ છે એને માન્ય રાખવા માટે સારામાં સારા વકીલોની ટીમ રોકીને સુપ્રીમ કોર્ટમાં આપણે પ્રયાસ કરી રહ્યા છીએ. આજે સુપ્રીમ કોર્ટમાં વાત વિચારાધીન પડી છે અને તાત્કાલિક જજમેન્ટ આવે એવી શક્યતા પણ છે. આ રીતે રાજ્ય સરકારનું જ્યારે હકારાત્મક વલણ હોય અને આજે પણ માનનીય વિજયભાઇ રૂપાણીની સરકારે જાહેરાત કરી કે તમે કહો કે કઇ રીતે અનામત આપી શકાય? તમે એનો વિચાર લાવો. જ્યારે આટલા ખુલ્લા મનથી રાજ્ય સરકાર કહેતી હોય, લાગણી સાથે, ભાવના સાથે જોડાયેલ હોય, એ લાગણીઓને પ્રાધાન્ય આપતી હોય ત્યારે આ પ્રકારનો રાજકીય પ્રસ્તાવ લઇ આવે અને આ રીતે વાત કરવી એ મને વાજબી લાગતું નથી. રાજ્ય સરકાર હકારાત્મક રીતે પ્રયાસ કરે છે. એના માટે સ્પેશિયલ જોગવાઇ કરી છે અને એ જોગવાઇને આનુષંગિક પરિપત્રો દ્વારા દરેક વિભાગને જાણકારી અપાઇ છે અને એનું અમલીકરણ પણ જ્યારે થતું હોય ત્યારે મારી દ્રષ્ટિથી રાજ્ય સરકારના હકારાત્મક પ્રયાસો છે અને દરેક વર્ગને લાભ મળે એ રાજ્ય સરકારનો અભિગમ છે એ ધ્યાને લઇને માનનીય શૈલેષભાઇને વિનંતી છે કે એમનો પ્રસ્તાવ પાછો ખેંચે.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૨ અમારા સાથી સભ્ય ભાઇશ્રી શૈલેષભાઇ બિન અનામત વર્ગ માટે ૨૦ ટકા અનામતની જે વાત લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષના એક ધારાસભ્ય તરીકે ગુજરાતમાં હાલની જે અનામતની વ્યવસ્થા છે, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. માટેની અનામત માટેની વ્યવસ્થા યથાવત રાખી, એમાં કોઇપણ જાતના ફેરફાર કર્યા સિવાય આ રાજ્યના બિન અનામત વર્ગના લોકો માટે ૨૦ ટકા અનામત આપવામાં આવે એ વાતનું અમારા પક્ષ તરફથી સમર્થન આપું છું. ગુજરાત રાજ્યના વિકાસ માટે જે પાટીદાર સમાજે સૌથી મોટું યોગદાન આપ્યું, જે પાટીદાર સમાજે ભારતીય જનતા પાર્ટીની સરકાર બનાવવામાં સૌથી મોટું સમર્થન આપ્યું, એ પાટીદાર સમાજના યુવાનો હાર્દિક પટેલના નેતૃત્વ હેઠળ પોતાના સમાજના પછાત વર્ગના લોકોની વાતને વાચા આપવા માટે અનામતની માગણી સાથે નીકળ્યાં. એ પાટીદાર સમાજના લોકો પોતાની વાતને શાંતિપૂર્વક રીતે રેલીના સ્વરૂપે, આવેદનપત્ર સાથે સભાના સ્વરૂપમાં લઇ જતા હતા ત્યારે આ સરકારે એમની વાત સાંભળવાના બદલે, એમની સાથે સંવાદ કરવાના બદલે એમની વાતને દબાવવાનો પ્રયત્ન કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, દુ:ખ સાથે કહેવું પડે કે શાંતિપૂર્વક રેલી કરનારા આ સમાજ, એની બહેન-દીકરીઓ ઉપર અત્યાચાર કરવામાં આવ્યો. એના ૧૪-૧૪ આશાસ્પદ યુવાનોને ગોળીએ દેવામાં આવ્યા. એની વાત સાંભળવાના બદલે, એની માગણી પર ધ્યાન આપીને યોગ્ય રીતે સરવે કરાવી, બોર્ડ બનાવી એને અમલમાં મૂકવાના બદલે એને દબાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇએ કીધું એમ આ રાજ્યમાં આવું આંદોલન કેમ થયું? છેલ્લા ૨૨ વર્ષથી રાજ્ય કરતી આ ભારતીય જનતા પાર્ટીની સરકારની નીતિઓને કારણે આ સ્થિતિનું નિર્માણ થયું. જે રીતે શિક્ષણનું વેપારીકરણ અને ખાગનીકરણ થયું એના કારણે મોંઘું શિક્ષણ લઇને ગરીબ સમાજના વિદ્યાર્થીઓ ભણી-ગણી ના શકે એવી સ્થિતિનું નિર્માણ થયું. અનામતને કારણે કોઇ વર્ગને પ્રવેશ મળે ત્યારે જે બિનઅનામત વર્ગને એવી લાગણી થઇ કે અમે હોશિંયાર હોવા છતાં પણ ઉંચી ફી નહિ આપી શકવાના કારણે, ડોનેશન નહિ આપી શકવાના કારણે અમારો બાળક ભણી શકતો નથી. મોંઘું શિક્ષણ મેળવી ભણી-ગણીને કોઇ યુવાન બહાર આવે અને સરકારમાં હજારોની સંખ્યામાં નોકરીઓ ખાલી હોય તેમ છતાં પણ એની ભરતી કરવામાં ના આવે અને

ભરતી થાય તો પણ એમાં લાંચ માગવામાં આવે ત્યારે આ યુવા વર્ગમાં એક આક્રોશ અને નિરાશાનું વાતાવરણ પેદા થયું. ગુજરાતમાં ૬૦ લાખ જેટલા શિક્ષિત બેકારો છે. આ કોઇ એક સમાજનો આક્રોશ નથી પણ સમગ્ર ગુજરાતના તમામ સમાજનો આક્રોશ એક પાટીદાર સમાજના આંદોલનરૂપે બહાર આવ્યો ત્યારે અમારા પક્ષ તરફથી પહેલા જ જાહેરાત કરવામાં આવી કે પાટીદાર સમાજ હોય, બ્રાહ્મણ સમાજ હોય, વણિક સમાજ હોય કે રાજપુત સમાજ હોય કે ગુજરાતનો કોઇપણ બિનઅનામત વર્ગનો સમાજ હોય એના યુવાનોને ન્યાય મળે, એના યુવાનોને શિક્ષણ અને નોકરીમાં અનામત મળે એ માટે ૨૦% અનામતની વાત લઇને કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો આજે ગૃહમાં આવ્યા છે. પહેલા પણ માનનીય આનંદીબેનની સરકાર હતી. આંદોલન થયા. માનનીય નીતિનભાઇ વટહુકમ નંબર ૧ ૨૦૧૬માં લઇને આવ્યા કે આ લોકોને માટે ૧૦% અનામત આપવી પડે પણ માનનીય અધ્યક્ષશ્રી, દુ:ખ સાથે કહેવું પડે કે પુરતી તૈયારી, પુરતા અભ્યાસ, સાયન્ટિફિક સરવે કરીને જો આ બિલ લાવવામાં આવ્યું હોત, વટહુકમ લાવવામાં આવ્યો હોત તો કદાચ કોર્ટમાં આપણે પાછા પડવાનો વારો આવ્યો ના હોત ત્યારે આજે હું ફરીથી સરકારને વિનંતી કરું કે તમારું ૧૦% વાળો અધુરો વટહુકમ હતો એના કારણે આપણે સ્વીકારી ના શકાયું. શૈલેષભાઇ જે બિલ લઇને આવ્યા છે એને પૂરી રીતે આપણે અભ્યાસ કરીને, સાયન્ટિફિક રીતે એનો સરવે થાય. એમાં જે રીતે સમિતિ બનાવવાની જોગવાઇ છે એવી નિષ્ણાતોની સમિતિ બને અને એ રીતે સમાજના બિનઅનામત વર્ગના લોકોનો સરવે થાય અને જે લોકોના આર્થિક માપદંડના આધારે અનામત આપવાની જરૂરિયાત છે એવા લોકો માટે ૨૦% અનામતની જોગવાઇ કરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, થોડા દિવસ પહેલા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ભાઇશ્રી જીતુભાઇ એમ કહેતા હતા કે કોંગ્રેસ આ સમાજોની લાગણી ઉશ્કેરે છે. કોંગ્રેસ જણાવે કે કઇ રીતે આમને અનામત આપવામાં આવશે? આજે અમારા પક્ષ તરફથી સ્પષ્ટ કહેવા માગુ છું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર રાજ્યમાં પણ છે અને કેન્દ્રમાં પણ છે. જો આપણે ગુજરાતના વડાપ્રધાન હોવાનું ગૌરવ લેતા હોય તો આપણે આ ગૃહમાંથી વિધેયકને પસાર કરીને દિલ્હી મોકલીએ. જરૂર પડે તો બંધારણમાં સુધારો લાવીએ. જે જગ્યાએ કોંગ્રેસ પક્ષના સમર્થનની જરૂરિયાત હશે એ વિધાનસભાનું આ ગૃહ હોય કે પાર્લામેન્ટનું ગૃહ હોય. દેશની કોઇપણ જગ્યાએ હોય તમામ જગ્યાએ આ બિનઅનામત વર્ગ માટે સમર્થન કરવાની વાતને કોંગ્રેસ સમર્થન આપશે. બીજા અનેક રાજ્યો એ તામીલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ હોય ત્યાં આવી જોગવાઇઓ છે. મારી તો નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે સરકાર અહીંયા પણ તમારી છે દિલ્હીમાં પણ તમારી છે. જો તમે ગુજરાતના બિનઅનામત વર્ગના યુવાનોની લાગણીને વાચા આપવા માગતા હોય, એમનું ઉજ્જ્વળ ભવિષ્ય થાય, એમના બાળકો ભણી-ગણી સારી નોકરીઓ મેળવી શકે એ માટે ચિંતિત હોય અને ખરેખર જો ગુજરાતીઓ માટેની તમને લાગણી હોય તો બીજા રાજ્યોની અનામત નીતિનો અભ્યાસ કરો. એ મુજબનો જે પણ અભ્યાસ કરી, સરવે કરીને જોગવાઇઓ કરવાની હોય એ આ ગૃહમાં લાવો અને આ બિલમાં કદાચ કાંઇ અધુરપ રહી ગઇ હોય તો એને પણ પુરી કરી અને આજે આપણે આ બિલનો સ્વીકાર કરીએ અને બંધારણમાં જે પણ જોગવાઇઓમાં ફેરફાર કરવાનો હોય તો એ દિશામાં પણ આગળ કાર્યવાહી કરી અને ગુજરાતના બિનઅનામત સંવર્ગના તમામ યુવાનોને આપણે વાચા આપીએ એ માટે સરકારે વિનંતી કરું છું. શ્રી શૈલેષભાઇ જે બિલ લઇને આવ્યા છે, ગુજરાતના બિનઅનામત વર્ગના લોકો માટે વીસ ટકા, શિક્ષણ અને નોકરીઓમાં અનામતની વાતને હું સમર્થન આપી મારી વાત પુરી કરું છું.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ સભ્યશ્રી શૈલેષભાઇ સન ૨૦૧૬નું ગુજરાતનું વિધેયક ક્રમાંક-૨૨, ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટો(રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

છેલ્લા બે દાયકાઓમાં ગુજરાતનો વિકાસ કૂદકે-ભૂસકે વધતો રહ્યો છે અને આ વિકાસની સાથે સાથે પ્રજાનું જીવન ધોરણ પણ ઊંચું થયું છે. આ ઊંચા જીવન ધોરણની સાથે સાથે આ સમાજના બિનઅનામત વર્ગના આર્થિક રીતે પછાત યુવાન અને યુવતીઓમાં અપેક્ષાઓ અને આકાંક્ષાઓ જાગી. એમનામાં એક લાગણી પેદા થઇ કે, આ વિકસતા ગુજરાતમાં અમને ક્યાંક ને ક્યાંક તક નથી મળી રહી. એમની આ લાગણી ધીરે ધીરે પીડા, હતાશા અને નિરાશામાં ફેરવાઇ અને એમણે સંગઠિત થઇને સરકારમાં રજૂઆત કરી. મને કહેતાં ગૌરવ થાય કે, ભારતીય જનતા પાર્ટીની આ સરકાર સંવેદનશીલ છે અને એણે આ બિનઅનામત વર્ગના આર્થિક રીતે પછાત વર્ગના યુવાનો અને યુવતીઓની વાતો સાંભળી. એનું નિરાકરણ કરવા માટે તા.૧૧-૩-૨૦૧૬ના રોજ એક મંત્રી મંડળની પેટા સમિતિની રચના કરી. આ પેટા સમિતિએ ખૂબ ગહન અભ્યાસ કર્યો, એમની વાતો સાંભળી, સમાજ જીવનનો અભ્યાસ કર્યો અને એમની એક અભ્યાસપૂર્ણ રજૂઆત કેબીનેટ સમક્ષ કરવામાં આવી. મને કહેતાં આનંદ થાય છે કે, તા.૧-૫-૨૦૧૬ના વટહુકમથી કેબીનેટમાં થયેલી ચર્ચાના ભાગરૂપે એક વટહુકમ બહાર પાડીને આર્થિક રીતે પછાત વર્ગોને, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની અનામતને સ્પર્શ કર્યા વિના વધારાના દસ ટકા અનામતની જોગવાઇ કરી. માત્ર જોગવાઇ કરી એટલું જ નહીં સરકારે જાહેર કર્યું અમે સાચા દિલથી આ જાહેરાત કરીએ છીએ અને માત્ર પાંચ જ દિવસમાં તા.૬-૫-૨૦૧૬ના રોજ દરેક વિભાગોમાં પરિપત્રો થઇ જાય, એનો અમલ થઇ જાય અને પ્રવેશ માટેના ફોર્મ પણ બહાર પડી જાય, મામલતદારનું પ્રમાણપત્ર કેવી રીતે મેળવવું

એનું ફોર્મેટ પણ બહાર આવી જાય. કમનસીબે એક રિટ–પીટીશન એસ.સી.એ. તા. ૩૦–૫ ના રોજ હાઇ કોર્ટમાં દાખલ થઇ, નામદાર હાઇ કોર્ટના તા.૪–૮–૨૦૧૬ના ચુકાદાથી આપણા આ વટહુકમને ગેરકાયદેસર જાહેર કર્યો. રાજ્ય સરકાર આટલેથી રોકાઇ નહીં અને સુપ્રિમ કોર્ટમાં રજૂઆત કરી અને ચુનંદા વકીલો ત્યાં રોક્યા અને સુપ્રિમ કોર્ટમાં તા.૯–૯–૨૦૧૬ના રોજ એક હુકમ મેળવ્યો. આ હુકમ હતો,

Quote:-

"...........Pending further orders, we direct that the admissions made to any educational institution prior to the pronouncement of the impugned order shall not be disturbed. We make it clear that since the impugned Ordinance has been struck down by the High Court, no further action towards implementation of the reservation made under the said Ordinance can be taken qua education and service matter.

Hearing expedited.

The appeals shall now be listed before a three judge Bench."

Unquote:-

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ વિધાનસભા ગૃહ એક ઐતિહાસિક ચર્ચાના આપણે બધા સાક્ષી બની રહ્યા છીએ અને મને આનંદ એ છે કે આપણે બધા નહીં, લોબીમાં બેઠેલા લોકો જે કયારના બધા રાહ જોઇ રહ્યા છે કે કયારે દ્રાક્ષ પડે અને ખાઇ જઇએ, કયારે કેરી પાકીને નીચે પડે અને રસ કાઢી લઇએ. એવા પાટીદારરૂપી અમૃતને ચૂસવા માટે પાટીદારરૂપી અમૃતના કેરીના રસને ચૂસવા માટે, ખાવા માટે જે લોકો તલસી રહ્યા છે અને અનેક પ્રકારની વ્યવસ્થાઓ દ્વારા જે લોકો પડદાની આગળ, પડદાની પછળ, વિધાનસભામાં, બહાર, રાજકીય રીતે, બિન રાજકીય રીતે, શોભે, ના શોભે, કાયદાની અનુકૂળતાવાળું, કાયદાના વિરોધવાળું બધું કરી રહ્યા છે એ બધા લોકો આજે ટાંપીને બેઠા છે. આ ચર્ચામાં ગુજરાત સરકાર અને અમારા મુખ્યમંત્રીશ્રી વતી હું એમનું સ્વાગત કરું છું કારણ કે લોકશાહી છે, આપણે બધા પરિપકવ છીએ ચર્ચા વિચારણાથી જ અમે તો વર્ષોથી કહીએ છીએ કે કોઇપણ વાતની વાટાઘાટથી, ચર્ચા વિચારણાથી, કાયદા દ્વારા, લોકશાહી પદ્ધતિથી નિરાકરણ કરવું જોઇએ. મારે થોડો ભૂતકાળ પણ આપણા સૌ સભ્યશ્રીઓ ખાસ કરીને જયેશભાઇ જેવા યુવાન સભ્યો હોય એમને થોડી જાણ કરવી છે. અમારા નવા નવા સભ્યો, બહેનો નવા છે. શૈલેષભાઇએ સાચી વાત કરી કે પૂજય ડો. બાબાસાહેબ આંબેડકરે અને આપણા બંધારણવિદોએ જે વ્યવસ્થા ગોઠવેલી એ પ્રમાણે આપણને એસ.ટી. અને એસ.સી.નો અનામતનો લાભ મળવાની બંધારણની યોજના પ્રમાણે જ વ્યવસ્થા શરૂ થઇ ચૂકેલી. ઓ.બી.સી. વર્ગ જેને દેશની પરિભાષામાં કહીએ તો મંડલ પંચ જેને કહેવાય, મંડલ કમિશન જેને કહીએ છીએ એ જ રીતે ઓળખાય છે. સાહેબ, અહીંયા બધા ઉત્સાહભેર પાટલીઓ થપથપાવતા હતા અમારા વિરોધ પક્ષના મિત્રો, સાહેબ, એમને મારે કહેવું છે કે ગુજરાતની અંદર પણ બક્ષીપંચનું પહેલું રીઝર્વેશન ૧૦ ટકા અમારા બાબુભાઇ જશભાઇની જનતા દળ પક્ષની સરકાર હતી એ વખતે અમે લાવેલા, નહીં કે કોંગ્રેસની સરકાર લાવેલી. ૧૯૬૦માં ગુજરાત અલગ બન્યું. ૧૯૬૦ થી ૧૯૭૮ સુધી ઓ.બી..સી.ના મિત્રો, સાંભળી લેજો. કોંગ્રેસના અને ભા.જ.પ.ના બંને ઓ.બી.સી.ની બક્ષીપંચની અનામત આપવાનું શ્રેય સ્વ. બાબુભાઇ જશભાઇ પટેલ જયારે મુખ્યમંત્રી હતા અને કેશુભાઇ અમારા સાથી મંત્રી હતા જનસંઘ એમાં ભાગીદાર સરકાર હતો એ વખતે ૧૯૭૮માં પહેલી આપણે બક્ષીપંચની ૧૦ ટકા અનામત આપવાની ગુજરાતમાં શરૂઆત થઇ એટલે એમાં તમારે કયાંય હરખાવાનું નથી. બીજી વાત સાંભળો. મંડલ કમિશન, લોકસભાનું રેકર્ડ છે જેમ આપણું રેકર્ડ હોય છે એમ. મંડલ કમિશનની રચના ભૂતકાળમાં થઇ ચૂકેલી. મંડલ કમિશને અહેવાલ વર્ષો પહેલાં આપી રાખેલો. મને કહેતા દુઃખ થાય છે કે કોંગ્રેસની કોઇ સરકારે મંડલ કમિશનના અહેવાલને હાથ નહોતો અડાડયો. આ તો વી.પી.સિંઘની સરકાર આવી કેન્દ્રમાં અને સરકાર પણ કયારે આવી કેન્દ્રમાં સરકાર બનાવવા માટે ભારતીય જનતા પક્ષે વી.પી.સિંઘજીને ટેકો કરેલો ત્યારે આવી હતી. એ વખતે વી. પી. સિંઘની સરકારમાંથી પછી અમે નીકળી ગયા, કારણ કે અયોધ્યાનું પ્રકરણ બન્યું, બાબરી ધ્વંસનો મામલો બન્યો. એ વખતે (અંતરાય) સાંભળો, અમે તમને બધાને સાંભળ્યા છે. થોડું જ્ઞાન વધશે તો ફાયદો થશે. કોઇ નુકસાન નથી આમાં વી.પી.સિંઘની સરકાર વખતે મંડલ કમિશનની રચના કરવામાં આવી, કોંગ્રેસે નહોતી કરી એટલે એમાં તમારે પાટલી થપથપાવવાનો કોઇ અધિકાર નથી. તમે કશું જ નથી કર્યું. આ બધું ભારતીય જનતા પક્ષની બાબુભાઇ સાથેની સરકાર અને કેન્દ્રમાં બાજપાઇજીની અમારી. હું માનું છું કે શંકરસિંહજી એ વખતે સંસદસભ્ય હશે એ વખતે આ નિર્ણય કરવામાં આવ્યા છે. આટલી વાત છે. હું પૂરું કરું છું. સમય નથી લેવો. અને તમે અમિતભાઇ, ચૌધરી સમાજ હોય કે ઠાકોર સમાજ હોય, પ્રજાપતિ સમાજ હોય કે બારોટ સમાજ હોય, પાટલી ન થપથપાવશો. કોંગ્રેસમાં બંધારણમાં ફક્ત એસ.સી. અને એસ.ટી. ને જ ફકત અનામત મળેલી. બાકીની અનામત બિન કોંગ્રેસી સરકારોએ આપી છે. કોંગ્રેસે નથી આપી. એ રેકોર્ડ ઉપર ચેક કરી લેજો. એ વાત પૂરી થાય છે. બીજી વાત કરવાની છે કે અહીયા શૈલેષભાઇ અને અમિતભાઇએ બહુ કડકાઇથી વાત કરી. ગુજરાતના યુવાનો, ગુજરાતના વિદ્યાર્થીઓ, ગુજરાતનું શિક્ષણ. સાહેબ, મનસુખભાઇ શાહનો દાખલો આપ્યો.(અંતરાય) સાંભળો, હીરાભાઇ ખબર પડે. તમે તો પ્રોફેસર છો. ગુજરાત સરકારે નોંધણી કરી હોય એવી તમામ મેડિકલ કોલેજોમાં અમારી ભાજપની

સરકારે નિયમોમાં જોગવાઇ કરી છે કે એડમિશન ગુજરાત સરકાર આપશે. ગુજરાત સરકારની કમિટી આપશે. મેરિટ પ્રમાણે આપશે. એમાં અનામતનો ઉપયોગ કરવો પડશે. સાહેબ, તમે જે પાટલી થપથપાવીને એ મનસુખભાઇની વાઘોડિયાની ડિમ્ડ યુનિવર્સિટી એની મંજૂરી કેન્દ્રની તમારી કોંગ્રેસની સરકાર વખતમાં અપાઇ છે. ભાજપની સરકારે નથી આપી. બે પ્રકારની યુનિવર્સિટીઓ હોય, ડિમ્ડ યુનિવર્સિટી, ગુજરાત સરકારે નોંધેલી યુનિવર્સિટી. ગુજરાત સરકારની યુનિવર્સિટીઓને હજુ પણ ચેક કરવાની. તમારે બીજી વાર આવો કોઇ પ્રસ્તાવ લાવવો હોય તો લાવજો. બીજી વાર નેતાઓને બોલાવજો. અમે ચર્ચા કરવા તૈયાર છીએ. તમારી કેન્દ્રની કોંગ્રેસ સરકારે આ ડિમ્ડ યુનિવર્સિટી નોંધેલી છે. ગુજરાત સરકારનો કોઇ મેરિટ લિસ્ટ, કોઇ પ્રવેશ, કોઇ ભરતી, કોઇ અનામત, કોઇ ક્વોટા જોવાની કાયદા મુજબ અમને સત્તા નથી. એટલે તમે અમારા ઉપર આરોપ ન કરી શકો. તેનો દોષ હોય તો સંપૂર્ણને સંપૂર્ણ કેન્દ્રની કોંગ્રેસ સરકારનો છે. આ જૂની વાતોમાંથી થોડા આગળ આવીએ. સાહેબ, અહીયા અમિતભાઇ બહુ ગળગળા થઇને બોલ્યા, આક્રોશમાં આવીને બોલ્યા. ૧૪-૧૪ પાટીદાર યુવાનોને ગોળીએ મારી દીધા. ઇતિહાસ કોઇની શરમ રાખતો નથી. દર્પણ ખોટું બોલતો નથી. ૧૯૭૩ માં આજે જે નેતાઓ તમારી સાથે પાટીદારની વાત કરીને ફરે છે. ૧૯૭૩ માં એ વખતના શાસનમાં કોંગ્રેસની આંતરિક લડાઇ હતી. મુખ્યમંત્રી તરીકે પાટીદારને કાઢવાની વાત કરો છો ને? પહેલા પાટીદાર મુખ્યમંત્રી ચીમનભાઇને તમે કાઢેલા છે.(અંતરાય) હવે ઊભા થઇ ગયા. ઊભા થઇ જાઓ છો. આપણે કોઇ ન બોલો. એમને કોઇ બહાનું નથી આપવાનું. સાહેબ, ચીમનભાઇની સરકાર વખતે ૧૯૭૩ માં નવનિર્માણનું આંદોલન થયું. ૧૦૪ યુવાનોને ગુજરાતની કોંગ્રેસની સરકારે ગોળી મારી હતી. ૧૦૪ યુવાનોને તમે ગોળી મારેલી. તમે શાના અમને સલાહ આપો છો? ૧૯૭૩ માં ૧૦૪ શહીદોને, ગુજરાતના યુવાનોને ગોળીઓ મારી. મહાગુજરાત આંદોલન વખતે કોંગ્રેસ ભવનની સામે ઇન્દુચાચાના નેતૃત્વમાં મહા ગુજરાતની જે લડત ચાલતી હતી ત્યારે કોંગ્રેસની સરકારે ગોળીઓ મારી હતી. આજે ત્યાં મહાગુજરાતના ચળવળની ખાંભી છે. એ કોંગ્રેસીઓએ ગોળી મારી હતી. જઇને જોઇ આવજો. તમે તો ગુજરાત આપવા તૈયાર નહોતા. આ તો ગુજરાત ઇન્દુચાચા જેવા નેતાઓના કારણે મળ્યું. કોંગ્રેસે તો ગોળીઓ ચલાવેલી. તમારે એ પણ બોલવાની જરૂરિયાત નથી. હવે આગળ જઉં.

અધ્યક્ષશ્રી : એક મિનિટ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના ના સાહેબ, ખોટો મારો ટાઇમ બગાડે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ સાંભળો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય પક્ષ પર કેવા આક્ષેપ થઇ શકે અને કેવા નહિ? આ અસંસદીય શબ્દો..(અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, શકિતસિંહ, પ્લીઝ, બિલકુલ ઓર્ડરમાં છે. પ્લીઝ. (અંતરાય) મને ખબર છે. મેં વાંચેલું છે. પ્લીઝ. માનનીય મંત્રીશ્રી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહ, મેં વાંચેલું છે. પ્લીઝ. મને નિયમની ખબર છે. પ્લીઝ. પ્લીઝ, શકિતસિંહજી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું કદી બોલું જ નહીં. કોઇ અસંસદીય છે જ નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૪ પછી ૧૯૮૪ આવ્યું અહીં ૧૪ પાટીદાર યુવાનોની જે વાત કરે છે ત્યારે કહેવું છે કે, ૧૯૮૫થી ગુજરાતમાં જુદા જુદા જે આંદોલનો થયા એ વખતે ગુજરાત રાજયના મુખ્ય મંત્રી તરીકે માનનીય માધવસિંહભાઇ હતા, માનનીય અમિતભાઇના દાદા થાય હું માનુ છું ત્યાં સુધી. એ આંદોલનમાં ૬૯ લોકોને ગોળીઓ મારવામાં આવેલી એ વખતે પ્રજા, એ વખતે નાગરિકો, એ વખતે યુવાનો નહોતા દેખાતા? અમદાવાદમાં જે હાહાકાર મચી ગયેલો પછી અનામત આંદોલનમાંથી કોમવાદી આંદોલન થયું, મુસ્લિમો સહિત, ગરીબો, હરિજનો, દલિતો બધાની જે મિલકતો હતી અબજો રૂપિયાની એ લૂંટાઇ અને ગુજરાત પાછળ પડી ગયું એ સ્થિતિ અનામતના કારણે તમારી કોંગ્રેસની સરકારો વખતે થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નજીકના ભૂતકાળમાં આપણા ગુજરાતમાં જે સવર્ણ જ્ઞાતિઓ હોય પટેલ, ક્ષત્રિય, બ્રાહ્મણ, સોની, લુહાણા, રાજપુત આ બધા સમાજોએ માગણી કરી, અમારી સંવેદનશીલ સરકારના એ વખતના મુખ્ય મત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તરત જ એક કમિટી બનાવી, મારા અધ્યક્ષ સ્થાને કમિટી બનાવી, અમે બધી જ્ઞાતિઓને બોલાવ્યા, બધાને સાંભળ્યા અને પછી જેટલું બંધારણીય રીતે, કાયદેસર રીતે, નિયમોની રીતે, સુપ્રિમ કોર્ટના જજમેન્ટની રીતે જેટલું વાજબી શક્ય છે એ અમે મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબનમાં લઇ લીધું એ આપણે સૌ જાણીએ જ છીએ એટલે એની ચર્ચા મારે નથી કરવી. એ પછી પણ અમારી સરકારે એક હિંમતભર્યો નિર્ણય કર્યો જે આખા દેશમાં કોઇએ નથી કર્યું પણ આપણું ગુજરાત દરેક બાબતમાં પહેલ કરે છે તો આપણે પહેલ કરીએ એમ નક્કી કરીને અમે ૧૦ ટકા આર્થિક અનામતનો વટહુકમ બહાર પાડ્યો, માનનીય રાજયપાલશ્રીએ મંજૂરી આપી અને એને અમે અમલમાં મૂક્યો. આજે માનનીય શૈલેષભાઇ જે પ્રસ્તાવ લાવ્યા છે એ એને લગતો જ છે એનાથી જુદું નવું કશું નથી. અમે ૧૦ ટકા આપ્યું છે આપ ૨૦ ટકાની દરખાસ્ત લઇને આવ્યા છો એનાથી વિશેષ કશું નથી. એટલે કોંગ્રેસ પક્ષ આજે જે વાત લાવે છે એ વાત તો અમારી ભારતીય જનતા પાર્ટીની અમારી સરકાર તરફથી અમે અમલમાં લાવી દીધેલું છે અને હું તો વારંવાર બોલ્યો છું આજે પણ કહું કે, અહીંયા તમે પ્રસ્તાવ લાવો છો પણ મેં વારંવાર

કહ્યું છે અને કોંગ્રેસના નેતાઓને મારી ચેલેન્જ છે કે તમારી જ્યાં રાજ્ય સરકાર ચાલે છે ભારતના કોઇ પણ રાજ્યની અંદર, સાહેબ, *(×××) ત્યારે કહેવું છે કે, તમારું કર્ણાટક રાજ્ય છે અને એવા બહુ ગણ્યા ગાઠ્યા રાજ્યો બાકી રહ્યા છે કોંગ્રેસ પાસે, કેમ કે મોદી સાહેબે બધું સાફ કરી દીધું છે, થોડું ઘણું રહ્યું છે. તમે કર્ણાટકમાં કરી બતાવો. માનનીય અમિતભાઇને મારે કહેવું છે કે, માનનીય શંકરસિંહજી વાઘેલા વિપક્ષના માનનીય નેતા છે, પૂર્વ મુખ્ય મંત્રી છે, અહીં બેઠેલા કોંગ્રેસના તમામ સભ્યથી વધુ સિનિયર, સૌથી અનુભવી અને સૌથી વધુ પરિપક્વ છે. માનનીય શૈલેષભાઇને તો ડ્રોમાં લાગ્યો હોય એટલે એ પ્રસ્તાવ રજૂ કરે એ તો બરાબર છે, પણ ટેકો કોણે આપ્યો? મારી સરકાર આવશે તો આમ કરીશું, કોંગ્રેસ આમ કરશે, વિપક્ષના નેતા શંકરસિંહજી વાઘેલા છે કે અમિતભાઇ ચાવડા છે? એ તો નક્કી કરો. માનનીય શંકરસિંહજીને જે બોલવાનું હોય માનનીય શંકરસિંહજી ના બોલ્યા અને અમિતભાઇ બોલવા માંડ્યા. માનનીય અધ્યક્ષશ્રી, ઐતિહાસિક ચર્ચાના આપણે સાક્ષી છીએ એટલે મને કોંગ્રેસમાં હવે થોડું પરિવર્તન દેખાઇ રહ્યું છે એટલે કદાચ શક્ય છે કે એમને કુબુદ્ધિ સૂઝે તો કોંગ્રેસમાં શંકરસિંહજીને આરામ આપે અને અમિતભાઇ જેવાને આગળ કરે. એટલે આ તો હું એમના ધ્યાન ઉપર મૂકું છું કે આવું ન કરતા, પરિપક્વ નેતાઓની, અનુભવી નેતાઓની બધા પક્ષમાં જરૂર છે. અમે અહીંયા ૩૦ વર્ષથી બેઠાં છીએ ત્યારે અહીંયા પહોંચ્યા છીએ. અમે ૧૦ ટકા અનામત લાવ્યા છીએ, ભા.જ.પ.ની અમારી સરકારે ઇ.બી.સી. અમલમાં મૂકી દીધેલ છે. સુપ્રિમ કોર્ટને યોગ્ય લાગ્યું એટલે સુપ્રિમ કોર્ટે સિનિયર બેચને, વધુ જજોની બેચને કેસ ટ્રાન્સફર કર્યો છે અને બધી રીતે ભારતીય જનતા પક્ષની સરકાર ગુજરાતનો સર્વાંગી વિકાસ, સૌનો સાથ, સૌનો વિકાસ એ કરવા અમે સંમત છીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એક વસ્તુ હું કહીશ કે જેને કન્ડેમ કરવું જોઇએ બાર કે ચૌદ મિત્રોના ગોળીબારમાં મૃત્યુ થયા એને ન્યાયિક ઠેરવવા માટે બાકીનું બધું આમણે કર્યું, આમણે કર્યું એનો અર્થ એ થયો કે આ બાર ચૌદ મિત્રોના મૃત્યુ જે પોલીસ ગોળીબારથી થયા એ નહિ થવું જોઇએ. અનામત જે છે એ મંડલ કમિશન હોય યા બક્ષીપંચ હોય એનું લોજિક છે, તર્ક છે, આર્થિક, સામાજિક, શૈક્ષણિક પછાત સમાજ માટે સરકારે જે વિચારવું જોઇએ, એ વિચારવામાં આ પક્ષ કે પેલો પક્ષ એના મુળમાં હું કાલે ત્યાં હતો, આજે અહીં છું. વી.પી.સિંહ કોંગ્રેસમાં હતા. એ વખતે મંડલ કમિશનનો નિર્ણય એમણે જ કરેલો. નટવરસિંહ સોલંકી કોંગ્રેસમાં હતા, બક્ષીપંચનો અમલ માધવસિંહ સોલંકીએ કર્યો અને એમણે એમનું મુખ્યમંત્રીપદ ગુમાવ્યું હતું. આ બધું પબ્લિક લાઇફમાં ચાલ્યા કરે. (અંતરાય) દસ તો અમલમાં આવ્યું જ નથી. બાબુભાઇ પણ કોંગ્રેસમાં હતા. એ તો ઠીક છે કે જનતા અને પેલું બેચ જુદું થયું એટલે આમ થયું. (અંતરાય) એ મહત્વનું નથી કે કોણ ક્યાં હતું અને ક્યાં નહિ. પણ ૧૦ ટકા અમલમાં આવ્યું જ નથી.

અધ્યક્ષશ્રી : જનતાદળની સરકાર હતી પહેલી એપ્રિલ, ૧૯૭૮માં. અને એ દિવસે બક્ષીપંચની દસ ટકા અનામત ચાલુ થઇ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : મારી વિનંતી એટલી જ છે કે જો તમે ૧૦ ટકા પ્રમાણિકતાથી લાવતા હોય તો આ ૨૦ ટકાનું આશ્વાસન આપો કે અમે ૨૦ ટકામાં સહમત છીએ. ઇન ટોટો બિલ જે છે એ સ્વીકારો અથવા તો જે કંઇ સુધારા વધારા કરવા હોય એ સાથે બેસીને કરી શકાય. પણ કોઝ સાફ હોય, નિયત સાફ હોય. લાભ પબ્લિકને થવાનો હોય. પોલિટીકલ લાભ જેને થવાનો હોય તેને થાય. પણ જો પ્રજાને લાભ થવાનો હોય તો હકારાત્મક વિચાર કરીને જો રિસ્પોન્સ સારો આપશો તો સારું રહેશે અમારી માગણી ૧૦ ના બદલે ૨૦ ટકાની છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ આપ તો આજે દરખાસ્ત લાવ્યા છો અમે તો અમલ કરી ચૂક્યા છીએ અને નામદાર સુપ્રિમ કોર્ટમાં આખી મેટર ચર્ચા ઉપર છે, પહેલી બેચમાં તો સુપ્રિમ કોર્ટને આપણે સમજાઇ શક્યા છીએ કે આ જરૂરી છે અને ઉપયોગી છે અને અમે પણ કહીએ છીએ અને અમારી સરકાર વતી પણ કહી દઉં કે જે ટકા એસ.સી. એસ.ટી. અને ઓ.બી.સી.ના કુલ ૪૯ ટકા જ છે એમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ના થાય એ અમારા ભારતીય જનતા પક્ષનું પણ કમિટમેન્ટ છે એટલે એ કમિટમેન્ટમાં અમે કોઇને નથી કહ્યું કે એમાં ફેરફાર કરો તમે નવું લાવ્યા, અમે કરીએ છીએ. સુપ્રિમ કોર્ટની આ વાત છે. એમાં સિદ્ધાંતનો સવાલ છે સુપ્રિમ કોર્ટમાં આપણે બધા જાણીએ છીએ કે અનેકવખતે અનેક પ્રકારના જજમેન્ટ આવી ચૂક્યા છે, હમણાં રાજસ્થાનનું આવ્યું, હરિયાણાનું આવ્યું, મહારાષ્ટ્રનું આવ્યું એ બધું આવ્યું છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારનો ૧૦ ટકાનો સિદ્ધાંત જો સ્વીકાર્ય થશે તો આખા દેશમાં એક નવી ક્રાંતિ થશે. એ ક્રાંતિનું સર્જક એ ગુજરાતની ભા.જ.પ.ની સરકાર હશે અને જો વધારે થશે તો અમે બધી રીતે આગળ ઉપર યોગ્ય વિચારણા કરીશું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ કહે છે કે ૧૦ ટકા અમે લાવ્યા છીએ અને ૨૦ ટકા લાવવાની તમે વાત કરો છો, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને એ પુછવું છે કે, સવાલ પોલિટીકલ પાર્ટીના પ્રેસીડેન્ટની ગંભીરતા ઉપર હોય મારા પક્ષના પ્રેસીડેન્ટ આજે પણ અમારી નાનામાં નાની કાર્યવાહી એટલા માટે નિહાળે કે એ ઇચ્છે છે, એમના દિલમાં પડ્યું છે કે આ આર્થિક પછાતને ૨૦ ટકા મળવું જોઇએ. •(×××) હું જાણું છું આપને ત્યાં, હું તો ઇચ્છતો હતો કે હું માનનીય નીતિનભાઇને મુખ્યમંત્રી તરીકે જોઉં.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશ અનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે ( રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) વિધેયક, ૨૦૧૬.

અધ્યક્ષશ્રી : શકિતસિંહજી આમાં પ્રદેશ અધ્યક્ષ નહિ આવી શકે પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : ના સાહેબ આ ગૃહના એ સભ્ય છે અને આ ગૃહમાં બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : સરકારની વાત નથી પ્લીઝ,

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સાહેબ એ ગૃહમાં બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : પ્રદેશ અધ્યક્ષ એક વિષય છે અને સરકાર એ બીજો વિષય છે અને એનો જવાબ શાસક પક્ષ નહિ આપી શકે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહીશ પ્રદેશ પ્રમુખ નહીં વાપરું પણ *(×××) (અંતરાય ) પંકજભાઇ અમે બેઠાં હતા અને કદાચ એમને નહીં બોલવું હોય તો દિલ્હીવાળાએ બોલાવ્યું હશે. એમનું ટાર્ગેટ નીતિનભાઇ છે અમે તો ઇચ્છીએ કે નીતિનભાઇ મુખ્યમંત્રી બને અમને વાંધો નથી. નીતિનભાઇ મુખ્યમંત્રી બને એક પાટીદાર મુખ્યમંત્રી બને પરંતુ એમણે બહુ રાજકારણની વાત કરી.

અધ્યક્ષશ્રી : મુદ્દા ઉપર આવી જાવ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે બહુ રાજકારણની વાતો કરી છે. હું પણ આ જ ઇતિહાસ કહું છું.

અધ્યક્ષશ્રી : હવે મુદ્દા ઉપર આવી જાવ હું ફરી કહું છું સમય આપણો પૂરો થયો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે રાહ જોઇને બેઠાં હતાં કે નીતિનભાઇને અભિનંદન કયારે આપીએ હમણાં મુખ્યમંત્રી થાય, હમણાં મુખ્યમંત્રી થાય અને છટકયું. અને એ છટકાવનાર માણસ આજે તમારી વિરુદ્ધ આ વાત બંધારણથી વિરુદ્ધની વાત છે.(અંતરાય) હું નરોત્તમભાઇની વાત નથી કરતો.

અધ્યક્ષશ્રી : ભાઇ, પ્લીઝ..પ્લીઝ મુદ્દા ઉપર આવી જાવ આપણી પાસે સમયની પાબંધી છે. આપણું ભાષણ લાંબુ થઇ ગયું મુદ્દા ઉપર આવી જાવ એટલે જવાબ આપીને પૂરું કરીએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ અમારી જે વાત છે ૨૦ ટકાની. એક તો માનનીય મંત્રીશ્રી એટલો ખુલાસો કરે મુખ્ય વાત કયાં આવી આપે ૧૦ ટકા આપી એમાં હાઇકોર્ટનું જજમેન્ટ એમ કહે છે..

અધ્યક્ષશ્રી : બાપુ, એમણે એવું કહ્યું તમે કયાંક કોક તમારી સરકારમાં ૨૦ ટકા તો કરો એવું એ બોલ્યાં. તે કહે તમે કયાંક કરો અને પછી કહો એવું એ બોલ્યાં.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ અમે ૨૦ ટકા કરીશું અને ગુજરાતમાં જ કરીશું. અમે ૨૦ ટકા કરીને બતાવીશું અને તે દિવસે માનનીય નીતિનભાઇને હું આજે પણ માનનીય નીતિનભાઇને અભિનંદન આપું છું કે કહે છે કે બંધારણ મુજબ અમારી વાત છે. *(×××)

અધ્યક્ષશ્રી : સમય પૂરો થાય છે, સમયની પાબંધી છે, આમાં બધું આવી ગયું છે. માનનીય નીતિનભાઇ મુદ્દાસર અને ટૂંકમાં કહો પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં મેં બે વાત કરી એક તો અમે લાવ્યાં છીએ તમે તો હવે વાત કરો છો અમે તો અમલ કરી દીધો છે. બીજા નંબરની વાત કરી કે ભારતમાં જયાં કોંગ્રેસની સરકારો હોય ત્યાં તમે લાવોને ? ત્યાં તો તમે લાવતાં નથી અહીં ગુજરાતમાં ચાવવાના જુદા અને બતાવવાનું જુદાં અને ભેંસ ભાગોળે અને છાસ છાગોળે અને ઘેર ધનાધન આ બધુ કોંગ્રેસમાં બધુ રમખાણ ચાલ્યું છે અને બધા ધોળા દિવસે તારા જોવા મળે છે. ગુજરાતની પ્રજા સમજુ છે, શાણી છે, બધુ જુએ છે, ભૂતકાળ, ભવિષ્યને અને વર્તમાન બધુ જોઇ અને નિર્ણય કરવાની છે અને બહુ પાછાં એ ના કરતાં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વિધાનસભા સત્રની અંદર જ આ બિલ અમે દાખલ કર્યુ હતું. બિલ દાખલ જયારે થાય ત્યાર ચર્ચામાં ના આવે તે બીજા સત્રમાં આવે. ગયા સત્રમાં આ દાખલ થયુ માનનીય નીતિનભાઇ અને આ વખતે ચર્ચામાં આવ્યું.

અધ્યક્ષશ્રી : સાચું છે તમારું હવે મુદ્દા ઉપર આવી જાવ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, દ્રાક્ષ, કેરી ચૂસવાની વાત કરો છો તો મા–બાપની હંમેશા ઇજ્જત થતી હોય કેશુબાપા તે આપણાં બાપા કહેવાય.

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ પાછું ખેંચવાના હો તો હા કહો તો આગળ જઉં, પ્લીઝ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમને સાઇડ ઉપર રાખીને, એમને ચૂસીને સત્તા ઉપર બેઠાં છો આવુ કોંગ્રેસ કોઇ દિવસ નથી કરતી. માનનીય અધ્યક્ષશ્રી, હું કોઇ સંજોગોમાં આ બિલ પાછું ખેંચવાનો નથી.

અધ્યક્ષશ્રી : નહીં જ ખેંચવું જોઇએ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : વિધેયક નામંજૂર કરવામાં આવે છે.

તા. ૯ મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે ( રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) વિધેયક, ૨૦૧૬.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૫૪ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૧૬ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| --- | --- | --- |
| અનિલ જોષિયારા | ભિલોડા અને મેઘરજ તાલુકામાં આંબેડકર આવાસ યોજના | ૧૭૬ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૧૫ |
| | ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૧૬. | ૪૪૩ |
| | ટ્રાયબલ સબપ્લાન હેઠળ નવી બસોની ખરીદી | ૧૯૩ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં પશુદવાખાના | ૨૩૬ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં માનવ ગરીમા યોજના | ૧૩૦ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં વાયબ્રન્ટ સમિટ અન્વયે ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગ | ૩૦૬ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિજાતિ પરીવારોને પીવાનું પાણી | ૨૭૫ |
| | ભિલોડા અને વિજયનગર તાલુકાને જોડતો વિરપુરનો એમ.ડી.આર રસ્તાનું પેવરકામ | ૩૬૫ |
| | શામળાજી ખાતે આવેલ એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલમાં શિક્ષકોની ભરતી બાબત | ૯૫ |
| | દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એકટ–૨૦૦૯ની જોગવાઈ | ૪૭ |
| | ભિલોડાને મેઘરજ તાલુકામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર લાઈન | ૮૦ |
| અમિત અ. ચાવડા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૩૪ |
| | અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૨૦૬ |
| | ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે ( રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) વિધેયક, ૨૦૧૬. | ૪૫૩ |
| | રાજ્યમાં આઈ.એ.એસ.નું મંજુર મહેકમ | ૨૫૧ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી. | ૨૮૩ |
| | આણંદ–વડોદરા જિલ્લાને જોડતો ઉપેટા–સિંઘરોટ બ્રીજ | ૪૧૮ |
| | નર્મદા પ્રોજેક્ટ અંતર્ગત મુખ્ય કેનાલ, માઈનોર કેનાલ અને સબ માઈનોર કેનાલ બનાવવાનુ આયોજન | ૪૦૨ |
| | રાજ્યમાં ‘‘ચાઈના ઈમ્પોટેડ પ્લાસ્ટિક રાઈસ’’ બાબત | ૩૭૪ |
| | રાજ્યમાં શિક્ષણ વિભાગને ફાળવેલ બજેટની રકમના મહત્તમ ઉપયોગ બાબત | ૪૬ |
| | વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫માં આણંદ અને વડોદરા જિલ્લામાં ઉદ્યોગોનાં એમ.ઓ.યુ. | ૩૦૯ |
| અરુણસિંહ રણા | ભરૂચ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૩૮ |
| | ભરૂચ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ હેઠળ કન્યાઓને સહાય | ૩૪ |
| | વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫નાં મેગા એક્ઝિબિશનમાં મુલાકાતીઓ | ૨૫૪ |
| અરવિંદકુમાર પટેલ | અમદાવાદ આર.ટી.ઓ. દ્વારા ડીટેઈન વાહનો | ૧૫૫ |
| | અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં સહાય | ૩ |
| | અમદાવાદ શહેરમાં અનાજ સંગ્રહ માટેના ગોડાઉનો અને તેની સંગ્રહ શક્તિ | ૫૨ |
| અરવિંદભાઈ લાડાણી | જુનાગઢ જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા | ૩૦૦ |
| | અખિલ ભારતીય ગીરનાર અરોહણ–અવરોહણ સ્પર્ધા | ૩૬૩ |

| | | |
|---|---|---|
| | જુનાગઢ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં હક્ક પત્રકની નોંધોનો નિકાલ | ૯૩ |
| | જૂનાગઢ જિલ્લામાં પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતો | ૩૫ |
| | જૂનાગઢ જિલ્લામાં વૃદ્ધોને પેન્શન | ૧૫૩ |
| | જુનાગઢ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય | ૭૫ |
| | જુનાગઢ જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ તાલીમ | ૨૬૭ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૧૫ |
| | ''મા અન્નપુર્ણા યોજના'' હેઠળ પંચમહાલ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૨૯ |
| | ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ | ૩૯૩ |
| | ડેરોલ–સણસોલી–કલ્યાણા રોડને મજબુત કરવાનું આયોજન | ૩૫૮ |
| | પંચમહાલ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં હક્ક પત્રકની નોંધોનો નિકાલ | ૯૦ |
| | પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૬૮ |
| | મહીસાગર જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા | ૨૮૭ |
| | લુણાવાડા અને શહેરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર | ૬૯ |
| | વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ માં યોજાયેલ બી ટુ જી મીટીંગ | ૨૫૫ |
| અશ્વિન કોટવાલ | રાજ્ય પંચાયત કાઉન્સીલની બેઠક | ૭૬ |
| | સાબરકાઠાં જિલ્લામાં ઔધોગિક વસાહતો | ૨૮૬ |
| | હિંમતનગર ખાતે વિભાગીય પોલીસ અધિકારી કચેરી/મહિલા પોલીસ સ્ટેશનનું બાંધકામ બાબત | ૨૫૪ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૩૭ |
| | જળ સ્ત્રાવ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ રકમ | ૯૩ |
| | શામળાજી ચેકપોસ્ટ પર ઓટોમેટિક સિસ્ટમ | ૧૮૪ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં દૂધની નકલી બનાવટોનું ઉત્પાદન અને વેચાણ | ૩૯૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય | ૧૪૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રીકાર્પેટ કરાયેલ રસ્તાઓ | ૩૬૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં સરકારી પડતર જમીન ઉપર દબાણ | ૩૬ |
| અશોક કુમાર પટેલ | ગાંધીનગર જિલ્લામાં બેટરી ઓપરેટેડ વ્હીકલ યોજનાના લાભાર્થી | ૨૫૦ |
| | ગાંધીનગર જિલ્લા પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા | ૨૮૩ |
| | ગાંધીનગર જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં હક્ક પત્રકની નોંધોનો નિકાલ | ૮૩ |
| | ગાંધીનગર જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૧૬૩ |
| | ગાંધીનગર શહેરમાં સીસીટીવી કેમેરા | ૩૦૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં તબીબી અધિકારી વર્ગ–૨ વગરના સામુહિક આરોગ્ય કેન્દ્રો | 382 |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | 214 |
| | ગાંધીનગર જિલ્લામાં પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતો | ૫૧ |
| આનંદભાઇ ચૌધરી | સુરત શહેર અને સુરત જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ બાળકોને પ્રવેશ | ૫૫ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૧૬ |

| | | |
|---|---|---|
| | સુરત અને તાપી જિલ્લામાં આંગણવાડીઓ | ૧૪૨ |
| | સુરત અને તાપી જિલ્લામાં ખાણ–લીઝનું ચેકીંગ | ૩૧૬ |
| | સુરત અને તાપી જિલ્લામાં ગામોમાં ગ્રામ પંચાયતોને ફાળવેલ કોમ્પ્યુટર | ૧૪ |
| | સુરત અને તાપી જિલ્લામાં પકડાયેલ દારૂ | ૨૯૪ |
| | સુરત અને તાપી જિલ્લામાં પશુ દવાખાના/સારવાર કેન્દ્ર | ૨૬૦ |
| | સુરત અને તાપી જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી | ૧૯૮ |
| | સુરત અને તાપી જિલ્લામાં ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓ | ૧૮૨ |
| | સુરત જિલ્લાની તરસાડી નગરપાલિકામાં નાણાકીય થયેલ ઉચાપત બાબત | ૩૮૦ |
| ઇન્દ્રનીલભાઇ રાજ્યગુરૂ | રાજકોટ અને જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને ફાળવેલ કોમ્પ્યુટરો | ૬૪ |
| | રાજકોટ શહેર/જિલ્લાંમાં હત્યાના બનાવો | ૨૬૫ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૧૫ |
| | અમદાવાદ–રાજકોટ રસ્તાને સિકસ લેન કરવા બાબત | ૩૯૬ |
| | રાજકોટ મહાનગરપાલિકાને જકાતની અવેજીમાં ફાળવવાની રકમ | ૩૬૪ |
| | અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય બનાવવા કેન્દ્રીય સહાય | ૧૫૭ |
| | રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓ | ૨૦૧ |
| | રાજકોટ જિલ્લામાં ગુણોત્સવવાર નબળી જણાયેલ શાળાઓ | ૨૩ |
| | રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડની ઘટ | ૮૭ |
| | રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો | ૧૮૮ |
| | રાજકોટ શહેર/જિલ્લામાંથી પકડાયેલ ગૌમાંસ | ૨૯૮ |
| ઈશ્વરભાઈ પટેલ | વલસાડ જિલ્લામાં સંકટ મોચન યોજના | ૧૯૪ |
| | ધરમપુર નગરપાલિકાના ભૂગર્ભ ગટર યોજનાના કામો | ૩૯૫ |
| | વલસાડ જિલ્લામાં કાર્યરત પ્રાથમિક શાળાઓ | ૮૯ |
| | વલસાડ જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને સહાય | ૧૭૭ |
| | વલસાડ જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ | ૨૪ |
| | વલસાડ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | ૧૩૧ |
| | વલસાડ જિલ્લામાં સરકારી આયુર્વેદ દવાખાના | ૩૬૧ |
| | જુનાગઢ અને સુરત જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા | ૨૮૮ |
| | વલસાડ જિલ્લામાં ગુણોત્સવ પાછળ થયેલ ખર્ચ | ૬૫ |
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | •માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૩૬ |
| | •માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૨૬ |
| ઈશ્વરભાઈ પરમાર | રાજ્યમાં સ્ટેટ ફુડ સેફટી એપેલેટ ટ્રીબ્યુનલની સ્થાપના | ૪૧૩ |
| | સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યાઓ | 387 |
| | સુરત જિલ્લામાં મત્સ્યબીજ ઉત્પાદન | ૨૫૬ |
| | સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજનામાં ટુલકીટ | ૩૫ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૧૫ |
| ઋષિકેશ પટેલ | મહેસાણા અને અમરેલી જિલ્લા પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા | ૨૬૭ |
| | મહેસાણા એ.આર.ટી.ઓ દ્વારા ડીટેઇન વાહનો | ૧૬૯ |

| | | |
|---|---|---|
| | મહેસાણા જિલ્લાના સીએચસી કેન્દ્રોમાં ફીઝીયોથેરાપીસ્ટની ઉપલબ્ધ સારવાર | ૩૬૬ |
| | મહેસાણા જિલ્લામાં ગણોતધારા હેઠળ જમીનની ખરીદની કિંમત | ૭૭ |
| | મહેસાણા જિલ્લામાં પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૮ |
| કેતન ઇનામદાર | વડોદરા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તોલમાપના સાધનોની ખરાઇ | ૬૨ |
| | સાવલી તાલુકાના ચાંપાનેર–કંબોલા ઘંટીયાળ રોડની રીસરફેસ કરવા બાબત | ૩૭૨ |
| | છોટાઉદેપુર જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ | ૨૭૦ |
| | વડોદરા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા | ૩૦૨ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૦૮ |
| | વડોદરા જિલ્લામાં જર્જરીત પંચાયત ઘરો | ૨૦ |
| | વડોદરા જિલ્લામાં વિધવા સહાય | ૧૪૭ |
| | વડોદરા પ્રયોગશાળા દ્વારા ઔષધના નમૂનાઓની ચકાસણી | ૪૦૦ |
| કનુભાઈ દેસાઈ | વલસાડ જિલ્લા પંચાયતને રેતી આવકમાંથી ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવેલ રકમ | ૨૫૮ |
| | વલસાડ જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા | ૨૯૦ |
| | વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા અને પારડી તાલુકામાં વ્યક્તિગત શૌચાલય | ૧૩ |
| | વલસાડ જિલ્લામાં શ્રી વાજપાઈ બેકેબલ યોજનામાં સહાય | ૫૫ |
| | વલસાડ જિલ્લામાં સંકટ મોચન યોજના | ૧૩૨ |
| કરમશીભાઇ પટેલ | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ગુનાહિત કૃત્ય | ૨૪૮ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જી.આઇ.ડી.સી. | ૨૮૨ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં લઘુતમ વેતન અને બાળ મજૂર ધારાનો ભંગ | ૧૫૯ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૧૩ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની આર.ટી.ઓ.માં ખાલી જગ્યાઓ | ૨૦૨ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં યાત્રાધામ વિકાસ | ૧૮૮ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વેટ અને સેસની આવક | ૩૯૮ |
| | અમદાવાદ જિલ્લામાં બનાવટી ખેડૂતો બનાવવાની ફરિયાદ બાબત | ૪૮ |
| | અમદાવાદ–ગાંધીનગર જિલ્લામાં પેવર વગરના રસ્તાઓ | ૩૬૯ |
| | સાણંદ અને બાવળા તાલુકામાં જમીનના બોજામાં કરાયેલ ગેરરીતિ | ૮૧ |
| | સાણંદ અને બાવળા તાલુકામાં જમીનની રી–સર્વેની રેકર્ડનું પ્રમોલગેશન | ૯૫ |
| કેશુભાઇ નાકરાણી | અમરેલી અને રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૩૫૫ |
| | ભાવનગર જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃતિ | ૧૬૭ |
| | રાજ્યની એફ.એસ.એલ.માં સાયબર ક્રાઇમ વિરુધ્ધ ટેકનોલોજી | ૨૭૫ |
| | ભાવનગર જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપમાં આચરવામાં આવતી ગેરરીતિ | ૭૭ |
| | ભાવનગર જિલ્લામાં મુખ્ય ખનિજની અરજીઓ | ૨૩૨ |
| | ભાવનગર જિલ્લામાં વિસ્તરણ અધિકારીની ખાલી જગ્યાઓ | ૩૯ |
| | ભાવનગર જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ તાલીમ | ૩૦૬ |
| કેસરીસિંહ જે. સોલંકી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૨૩ |

| | | |
|---|---|---|
| | માં અન્નપુર્ણા યોજના હેઠળ ખેડા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૮૨ |
| | ખેડા જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા | ૨૯૫ |
| | ખેડા જિલ્લા પોલીસનાં બિનરહેણાંક મકાન બાબત | ૨૬૧ |
| | ખેડા જિલ્લામાં પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતો | ૫૧ |
| | ખેડા જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તોલમાપના સાધનોની ખરાઈ | ૯૫ |
| | ખેડા તાલુકા સેવા સદન નવા બાંધકામ માટે મંજુરી | ૩૭૭ |
| કાંતિભાઇ ખરાડી | બનાસકાઠાં જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની જરૂરિયાત | ૫૯ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આંગણવાડીઓ | ૨૦૧ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી | ૧૮૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાદીપ વિમા યોજના | ૧૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં આવેલ સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ | ૮૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડીઓમાં વોટર પ્યુરીફાઈ મશીન | ૧૫૪ |
| કાંતિલાલ અમૃતિયા | મોરબી ધુળકોટ બાણગંગા–કોયલી રોડ ઉપરના નાળાનું બાંધકામ | ૩૮૪ |
| | રાજ્યની એફ.એસ.એલ. માં સાયકોલોજીકલ પરીક્ષણ | ૨૯૫ |
| | મોરબી જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા | ૩૧૭ |
| | કેન્દ્ર સરકારની મુખ્ય ખનીજોને ગૌણ ખનીજ તરીકે જાહેરાત | ૨૬૨ |
| | જામનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો | ૪૦૯ |
| | મોરબી જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૭ |
| | મોરબી જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં વારસાઇ હક્કની અરજી | ૫૩ |
| કાંતીલાલભાઇ ગામીત | તાપી જિલ્લામાં કિશોરી શકિત યોજના | ૧૭૪ |
| | તાપી જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ | ૩૬૧ |
| | ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો | ૪૧૪ |
| | રાજ્યમાં સ્ટેટ ફુડ સેફટી એપેલેટ ટ્રીબ્યુનલની સ્થાપના | ૩૯૪ |
| | વાયબ્રન્ટ સમિટ – ૨૦૧૫માં પાર્ટનર દેશ | ૨૬૫ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૩૬ |
| | તાપી જિલ્લામાં ગ્રામ પંચાયતને તાકીદનો ખર્ચ કરવા ફાળવેલ ગ્રાન્ટ | ૮૨ |
| | તાપી જિલ્લામાં ચેકડેમ અને વનતલાવડી | ૫૦ |
| | તાપી જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા | ૨૯૮ |
| કામિનીબા ભૂ. રાઠોડ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૧૧ |
| | ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓમાં ખાલી જગ્યાઓ | ૧૪૦ |
| | ગાંધીનગર જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં ચૂકવેલ સબસીડી | ૫૫ |
| | ગાંધીનગર જિલ્લામાં આશા વર્કર બહેનોના વેતન | ૩૫૦ |
| | ગાંધીનગરમાં નીલગાય–ભૂંડ દ્વારા ખેડૂતોના ઉભા પાકને નુકશાન | ૧૨ |
| કિરીટસિંહ રાણા | અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ | ૩૬૩ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ખાદી વણનાર કારીગરોને સહાય | ૩૪ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળા | ૨૪૧ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૪૫ |
| કિશોરભાઇ કાનાણી | રાજ્યમાંથી આંતર રાજ્ય કક્ષાએ નકલી દવાનું રેકેટ | ૩૬૩ |
| | સુરત જિલ્લામાં મત્સ્યબીજ ઉત્પાદન | ૨૭૨ |
| | સુરત જિલ્લામાં અભયમ હેલ્પલાઈન | ૧૫૧ |

| | | |
|---|---|---|
| | સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો | ૩૦ |
| | સુરત જિલ્લામાં વાજબી ભાવની દુકાનો અને આપેલ પરમીટ મુજબનો જથ્થો | ૭૦ |
| કિશોરસિંહ ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં વાજબી ભાવની દુકાન અને આપેલ પરમીટ મુજબનો જથ્થો | ૪૧ |
| | અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૩૫૩ |
| | મહિસાગર જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી | 258 |
| | સાબરકાંઠા જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ ક્રેડેટની તાલીમ | 290 |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | 116 |
| ગેંદાલભાઇ ડામોર | ઇન્દિરાગાંધી નેશનલ ટ્રાયબલ યુનિવર્સિટીનું પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવા બાબત | 65 |
| | થાનગઢ પોલીસ ફાયરીંગના અહેવાલ બાબત | 302 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં બંધ પાણી પુરવઠા યોજના | ૨૭૦ |
| | સંતરામપુર અને કડાણા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૪૦૨ |
| | ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૧૬. | ૪૪૪ |
| | અમદાવાદ અને નવસારી જિલ્લામાં નારી સંરક્ષણ ગૃહો | ૧૪૭ |
| | મહિસાગર અને દાહોદ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા | ૨૪ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરેંટી યોજના | ૮૮ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં રમત ગમત પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા ફાળવાયેલ રકમ | ૪૧૮ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વૃધ્ધોને પેન્શન | ૧૮૪ |
| | મહીસાગર જિલ્લામાં મહી નદીનો કડાણા સરસવાને જોડતો બ્રીજ | ૩૭૪ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ શહેર અને જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ | ૯૫ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ દરમ્યાન જણાયેલ નબળી શાળાઓ | ૮૧ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ | ૪૯ |
| | અમદાવાદ શહેરની પડતર ટી.પી. સ્કીમો | ૩૯૬ |
| | નેશનલ મિશન ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન માટે કેન્દ્રિય સહાય | ૨૦૪ |
| | રાજ્ય સરકારે બજારમાંથી લીધેલ લોન | ૪૧૬ |
| | રાજ્યમાં મહિલા સુરક્ષા સમિતિની બેઠક | ૨૭૪ |
| | લઘુમતિ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ માટે કેન્દ્રિય ગ્રાન્ટ | ૧૬૪ |
| | વાયબ્રન્ટ સમિટ-૨૦૧૩ અન્વયે ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગ | ૩૨૨ |
| | સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર પાસે બાળકો દત્તક લેવાની પડતર અરજીઓ | ૧૯૦ |
| | કે.જી. બેઝિનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન | ૩૬૫ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૩૯ |
| ગોવાભાઇ રબારી | બનાસકાંઠા જિલ્લામાં દુધ સંજીવની યોજના | ૧૬૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં સ્વરક્ષણ માટે રીવોલ્વર લાયસન્સ | ૨૭૨ |
| | રાજ્યમાં પ્રવાસનને વેગ મળે તે માટે જાહેરાત – પ્રચારનો વર્ષવાર ખર્ચ | ૫૩ |

| | | |
|---|---|---|
| | •માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૩૫ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૨૦ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૭ | ૧૦૧ |
| | ડીસામાં નવા મંજૂર રસ્તાઓ | ૪૧૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના | ૩૦૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં પેયજળ કાર્યક્રમ | ૩૨૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ | ૩૮૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો | ૪૦૭ |
| | બનાસકાંઠામાં જિલ્લા પંચાયતમાં આરોગ્ય કેડરની ખાલી જગ્યાઓ | ૬ |
| ગોવિંદભાઈ ઉ. પટેલ | •માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૩૧ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૦૯ |
| | ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે ( રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) વિધેયક, ૨૦૧૬. | ૪૫૨ |
| | રાજકોટ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૭૩ |
| | રાજ્યની એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યો/કેન્દ્રને તપાસમાં મદદ | ૨૮૪ |
| | ગીર ગઢડા ખાતે રહેણાંક મકાન | ૨૮૬ |
| | જુનાગઢ જિલ્લામાં તબીબી અધિકારી વર્ગ–૨ વગરના સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૩૫૩ |
| | રાજકોટ અને વાંકાનેરમાં રોપાનું વાવેતર | ૭૭ |
| | રાજકોટ જિલ્લામાં મંજૂર સ્પિનીંગ એકમો | ૨૫૧ |
| | રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ | ૩૮૨ |
| | રાજકોટ જિલ્લામાં વાજબી ભાવની દુકાનો અને આપેલ પરમીટ મુજબનો જથ્થો | ૩૮ |
| ગોવિંદભાઈ પરમાર | ગીર સોમનાથ જિલ્લામાં માછીમાર કુટુંબને સહાય | ૨૫૩ |
| | ગીર સોમનાથ જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વજનમાં ગેરરીતિ બાબતે થયેલ કાર્યવાહી | ૮૦ |
| | ગીર–સોમનાથ જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા | ૩૧૨ |
| | ગીર–સોમનાથ જિલ્લામાં પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતો | ૪૬ |
| ગૌતમભાઈ ચૌહાણ | મહેમદાવાદ અને ખેડા તાલુકામાં મુક્ત થયેલ બાળમજૂરો | ૧૮૦ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૨૩ |
| | ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટરો | ૩૬ |
| | મહેમદાવાદ અને ખેડા તાલુકામાં આઈ.ટી.આઈ | ૧૯૬ |
| | મહેમદાવાદ અને ખેડા તાલુકામાં છાત્રાલયો | ૧૪૦ |
| ચંદ્રિકાબેન બારીઆ | દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પાનમથી ઝોલીયા ફળિયા રસ્તાનું કામ | ૩૯૫ |
| | દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપરગોટાથી અલિન્દ્રાના રસ્તાનું કામ | ૩૬૨ |
| | ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધો. ૯ થી ૧૨ના પાઠ્યપુસ્તકો આપવાની યોજના અંતર્ગત | ૫૭ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૩૧ |

| | | |
|---|---|---|
| | દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેંદ્રોમાં કરાર આધારિત ફરજ બજાવતાં કર્મચારીઓ | ૪૧૫ |
| ચીમનભાઇ ધ.સાપરીયા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૨૬ |
| છત્રસિંહજી મોરી | ભરૂચ જિલ્લામાં ચેરના વાવેતર અંગે | ૮૦ |
| | ભરૂચ જિલ્લામાં મિટીંગો માટે થનાર સરભરા ખર્ચ | ૪૫ |
| | ભરૂચ જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃતિ | ૧૫૭ |
| | ભરૂચ જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ | ૨૬૪ |
| છનાભાઈ ચૌધરી | આશા વર્કર બહેનોને માસિક વેતન | ૩૮૧ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં જંગલી જાનવરો–ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાક રક્ષણ માટે સહાય | ૪૮ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા જમીન માંગણી દરખાસ્તો | ૮૧ |
| જગદીશભાઇ ઈ. પંચાલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૧૨ |
